श्री

लघु क्षेत्र समास ग्रन्थ

ગુજરાતી વિસ્તરાર્થ સહિત

संपादिका

પૂ.પાદ શાસન સમ્રાટશ્રીજીના
આજ્ઞાવર્તિની સ્વ. સા.શ્રી ચંપકશ્રીજી મ.ના
શિષ્યા સા. ચારિત્રશ્રીજી

॥ ॐ अर्हं नमः ॥

સુગૃહીતનામધેયસિધ્ધાન્તમહોદધિશ્રીમદ્રત્નશેખરસૂરિપુઙ્ગવપ્રણીત

શ્રી લઘુક્ષેત્ર સમાસ

[મૂળગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-વિસ્તરાર્થ-રંગબેરંગી ચિત્રો-
વિધવિધયન્ત્રો-વિશિષ્ટ ટિપ્પણીઓ-આકૃતિઓ-પ્રાન્તે
મૂળગાથાઓ તેમજ વર્તમાન જગત્ સંબંધી
ખાસ લખવામાં આવેલ વિસ્તૃત ઉપોદ્ઘાત
ઇત્યાદિ સંકલના યુક્ત—]

(જૈનભૂગોળ)

સંશોધક

પૂજ્યપાદ આચાર્ય મહારાજ ૧૦૦૮
શ્રીમદ્વિજયમોહનસૂરીશ્વરજીમહારાજના શિષ્યરત્ન
પ. પૂ. આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી. મ. સા. તથા
તેમના પટ્ટધર પ. પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. સાહેબ.

પ્રકાશક

કુમુદચંદ્ર જેસિંગભાઈ વોરા (એડવોકેટ)
૫ 1/A, પંકજ સોસાયટી,
સરખેજરોડ, અમદાવાદ ૭.

પ્રથમાવૃત્તિ
વિ. સં. ૧૯૯૦
વી. સં. ૨૪૬૦

મૂલ્ય પઠન-પાઠન નિદિધ્યાસન

પુન : સંસ્કરણ
વિ. સં. ૨૦૩૩
વી. સં. ૨૫૦૩

પ્રાપ્તિસ્થાન :

૧ કુમુદચંદ્ર જેસિંગભાઈ વકીલ
૫ ૧/A, પંકજ સોસાયટી
સરખેજરોડ અમદાવાદ-૭

૨ શ્રી મંજુલાબેન
C/o પાડા પોળ
બહેનોનો જૈન ઉપાશ્રય
પાડા પોળ, ગાંધીરોડ
અમદાવાદ.

पूज्य साधुसाध्वीजी म० तथा ज्ञानभंडारोने सबहुमान भेट.

સૂચના—મૂળ ગાથાઓને શુદ્ધિપત્રક પ્રમાણે શુદ્ધ કરીને વાંચવા વિનંતિ છે. અને આ પુસ્તકને શુદ્ધ બનાવવાની અમારી સંપૂર્ણ કાળજી રાખવા છતાં—દૃષ્ટિદોષ અને પ્રેસદોષથી રહી ગયેલી ભૂલોનું શુદ્ધિપત્રક છપાવ્યું છે, છતાં પણ કોઈ ક્ષતિ દૃષ્ટિપથમાં આવે તો સજ્જનો સુધારીને વાંચશો એવી અમો આશા રાખીએ છીએ.

: મુદ્રક :
રાજુભાઈ સી. શાહ,
મામુનાયકની પોળ,
અમદાવાદ.

પરમોપકારી પ્રાતઃસ્મરણીય પૂજ્ય ગુરુણીજી ચંપકશ્રીજી મ૦ સા૦ને
સવિનય સાદર સમર્પણ

*   *   *

સળગતા સંસારમાં સળગી રહેલા જીવોને સુખ અને સાંત્વન આપનારા, ભવાટવીમાં ભૂલા પડેલા
જીવોને સત્ય રાહ બતાવનારા, ભવ્ય જીવોના અંધકારને દૂર કરનારા **હે પૂજ્ય ગુરૂદેવ !**
આપશ્રીના કરકમલમાં સમર્પણના અમૃત પુષ્પો અર્પણ કરતાં હું ગૌરવ અનુભવું
છું. આપની પુનિત નિશ્રાએ મારા પ્રત્યે જ્ઞાનરૂપી-ગંગા વહેવડાવી જ્ઞાનામૃતનું પાન
કરાવી મુક્તિના મંગલ જીવનનુ ઘડતર કર્યું. **હે કરૂણાસિંધુ !** આપશ્રીના પ્રથમ દર્શને
સુધાભર્યા વચને અને વાત્સલ્યભર્યા હૃદયે સ્નેહસરિતા વહાવી મારૂં હૃદય પુલકિત
કર્યું છે. **હે સંયમદાતા !** આપશ્રીના સહવાસથી મારૂં જીવન સંયમી બન્યું.
આપનો હિતોપદેશ મારા જીવન માટે પરમાધાર બન્યો. **હે ઉપકારી ગુરૂદેવ !**
આપનો ઉપકાર આ જીવન પર્યન્ત તો શું ? પરંતુ ભવાન્તરમાં પણ નહિ
ભૂલું. **હે આત્મોદ્ધારક ગુરૂદેવ !** આપના અદ્વિતીય ગુણોનું સ્મરણ કરી
અહિંસા-સંયમ અને તપરૂપ સ્વસ્તિક વડે હૃદયમંદિરને શણગારી
દાન-શીલ-તપ અને ભાવનાથી ચારિત્રરૂપી ઉપવનને મઘમઘતો બનાવી
એજ સુરમ્યભાવ જીવનના છેલ્લા શ્વાસ સુધી ઝગમગતો રાખવાની
શક્તિ અર્પશો એજ તીવ્ર તમન્ના સાથે આ પ્રસંગે આપશ્રીના
અનંત ઉપકારોને યાદ કરીને આપ સાહેબની પાવન
પ્રેરણાનુસાર **ક્ષેત્રસમાસની** દ્વિતીય આવૃત્તિ તૈયાર કરાવી
આપશ્રીજીના પવિત્ર કરકમલમાં સમર્પણ કરીને
હું મારા આત્માને ધન્ય માનું છું.

—આપશ્રીજીના ચરણકિંકરી
સાધ્વી ચારિત્રશ્રીની
અનંતવંદનાવલી.

પ્રકાશકીય નિવેદન

જૈન દર્શનની પોતાની આગવી ભૂગોળ છે. એ ખૂબ વ્યવસ્થિત છે; યુક્તિયુક્ત છે. અને શાસ્ત્રીય છતાં બુદ્ધિગમ્ય પ્રમાણોથી સિદ્ધ છે.

આ જૈન-ભૂગોળની સુગ્રથિત સંકલના કરતો આ ગ્રંથ 'લઘુક્ષેત્રસમાસ' છે. એ મૂળ ગ્રંથ પરમ-પૂજ્ય સુગૃહીત નામધેય સૂરિપુરંદર શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજે પ્રાકૃત ભાષામાં રચેલો છે.

જિજ્ઞાસુ બાળજીવોને આ વિષયનું વિશદ જ્ઞાન થઈ શકે એ શુભ આશયથી કેટલાંક વર્ષો પૂર્વે પરમપૂજ્ય શાસન પ્રભાવક આચાર્ય શ્રી વિજય મોહનસૂરીશ્વરજી મ૦ના પટ્ટધર પ. પૂ. આચાર્ય શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મ૦ તથા તેમના પટ્ટધર પ. પૂ. આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.ની શુભ પ્રેરણાથી શિનોરવાળા પંડિત શ્રાવક ચંદુલાલ નાનચંદભાઈએ આ મહાનગ્રંથનું સરળ સુબોધ ગુજરાતી ભાષાંતર કરેલું; અને તે ઉપર્યુક્ત પૂ. આચાર્યમહારાજોની પ્રેરણાનુસાર વડોદરાની શ્રી મુક્તિ કમળ જૈન મોહન ગ્રંથમાળા તરફથી પ્રકાશિત થએલું. આ ગ્રંથમાં જિજ્ઞાસુની સરળતા માટે અનેક યંત્રો ને નકશાઓના વિવિધરંગી ચિત્રો પણ સમજૂતી સાથે મૂકવામાં આવેલા. પહેલાં અમારો વિચાર એવો હતો કે લઘુ ક્ષેત્રસમાસ ટૂંકા વિવેચન સાથે છપાવીએ, પણ જ્યારે આ વાત અમે પૂજ્યપાદ આચાર્યમહારાજશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજને જણાવી તો તેઓશ્રીએ જણાવ્યું કે ટૂંકું વિવેચન છપાવો છો ત્યારે જો બૃહત્ વિવેચન છપાવો તો તે વધારે ઉપયોગીને ઉપકારક થાય. અમે તે પરમોપકારી પૂજ્યશ્રીની આજ્ઞાને શીરે ચઢાવીને આ વિવેચન મુદ્રિત કરાવવાનો નિર્ણય કર્યો.

છેલ્લાં કેટલાક વર્ષોમાં આ સુંદર ગ્રંથ અભ્યાસીજીવોને અનુપલબ્ધ હતો અને અભ્યાસી વર્ગમાં તેની માંગ પણ ઘણી હતી.

વળી પૂજ્ય ગુરુણીજી મહારાજ વિદુષી સાધ્વીજી શ્રી ચારિત્રશ્રીજી મહારાજને પોતાના સ્વર્ગસ્થ ગુરુણીજી મહારાજ શ્રી ચંપકશ્રીજીની મહારાજશ્રીની પુણ્યસ્મૃતિ નિમિત્તે એક ઉપયોગી અને ઉપકારક પુસ્તકનું પ્રકાશન કરાવવાની ભાવના હતી.

આ સંયોગોમાં તેઓશ્રીને થયું કે 'લઘુક્ષેત્રસમાસ' ગ્રંથ ખરેખર આવશ્યક કાર્ય અને ઉપકારક સ્મારક થયું ગણાય (તેથી આ વિચાર પરમપૂજ્ય શાસનસમ્રાટ્ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજશ્રીને જણાવ્યો અને વિનંતિ કરી કે : 'આપ સાહેબ આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ તરફથી સંમતિ મંગાવી આપવા કૃપા કરો.

પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ મુંબઈ બિરાજમાન તે પૂજ્ય આચાર્ય મહારાજ તરફથી પુસ્તક પ્રકાશન અંગે જશવંતલાલ ગીરધરલાલ શાહ દ્વારા સંમતિ મંગાવી આપીને અમારા પર મોટી કૃપા કરી.

આ માટે પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય નંદનસૂરીશ્વરજી મ.ના તથા પૂજ્ય આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.ના પરમ ઉપકારનું અમે વન્દનાપૂર્વક સ્મરણ કરીએ છીએ.

આ પુસ્તકના આ પ્રકાશનમાં પંડિત શ્રાવક શ્રી રસિકભાઈ અને સુશ્રાવક બચુભાઈએ પોતાનો જરૂરી સહકાર આપ્યો છે તેથી તેમનો અમે આભાર માનીએ છીએ.

અંતમાં, અભ્યાસીવર્ગ આ મહાનગ્રંથનો વિશદ અભ્યાસ કરવા જૈન ભૂગોળનું પારમાર્થિક જ્ઞાન પ્રાપ્ત કરીને પરમસુખના ભાગી બને એ શુભકામના...!

નિવેદક

કુમુદચંદ્ર જેસિંગભાઈ વોરા

શાસનસમ્રાટ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ



પ. પૂ. શાસન સમ્રાટ આ. મ.
શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.

વયોવૃદ્ધા સ્વ. સા. પૂ. ચંપકશ્રીજી મહારાજ સાહેબ

પરોપકારી પ્રાતઃ સ્મરણીય પૂ. ગુરુણીશ્રી ચંપકશ્રીજી મ. સાહેબના જીવનનો ટૂંક પરિચય...!

આ ક્ષેત્રસમાસના પુસ્તકની દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન એક અમારા તરણતારણ મહાન પરમોપકારી ગુરુદેવના સ્મરણાર્થે થયેલું હોઈ તેમનો ટૂંક પરિચય આપવો તે અસ્થાને નહિ જ ગણાય એજ આશયથી પૂજ્યશ્રીના જીવનની કંઈક રૂપરેખા પ્રગટ કરીએ છીએ.

અમારા ગુરુદેવ (ચંપકશ્રીજી મ.)નું જન્મ સ્થાન જૈનધર્મની રાજધાની સમાન અમદાવાદ (રાજનગર)ના રીચીરોડ વિભાગમાં પાડાપોળ નામે પ્રસિદ્ધ પોળ છે. તેઓશ્રીનો જન્મ વીશા પોરવાડ જ્ઞાતિમાં વિ. સં. ૧૯૪૪નાં શ્રાવણ વદ ૧૪ના દિવસે થયો હતો. તેમના પિતાનું નામ ગોકળદાસ અને માતાનું નામ ધૂળીબેન હતું. તેમના પિતાશ્રી કે જેઓ તે સમયે અંગ્રેજી ભાષા ઉપર ખૂબ કાબૂ ધરાવતા હતા. બેરીસ્ટર, સોલીસીટર કે એડવોકેટને પણ શરમાવે તેવી અંગ્રેજી ભાષા બોલવાની તેમની છટા હતી, તેઓને ચાર દિકરા હતા. (૧) ચીમનભાઈ (૨) મણીભાઈ (૩) સારાભાઈ (૪) અમુભાઈ અને બે દીકરીઓ હતી. ચંપાબેન અને હીરાબેન. તેમાં સૌથી મોટા આ ચંપાબેન નાનીવયથી જ ધર્મરૂચિવાળા અને સંસાર વિરાગી હતા. પણ ભોગાવલી કર્મના ઉદયે ૧૩ વર્ષની લઘુવયમાં જ લગ્ન થયું અને કર્મસંયોગે ૧૪ વર્ષની વયે વૈધવ્ય પ્રાપ્ત થયું. વિધવા થયા બાદ તેમના ધર્મસંસ્કારોને લીધે તેમનું મન ધાર્મિક જ્ઞાનાભ્યાસમાં જોડાયું. એટલે ગૃહસ્થપણામાં જ પંચપ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્ સંગ્રહણી, ક્ષેત્રસમાસ, તત્ત્વાર્થસૂત્ર, વગેરે અર્થસહિત તથા સંસ્કૃતની બે બુક અને વ્યાકરણ વગેરેનો ખૂબ સુંદર અભ્યાસ કર્યો હતો. "**ज्ञानस्य फलं विरतिः**" એ પંક્તિ અનુસાર તેઓશ્રીની વૈરાગ્ય ભાવના ઘણી જ પ્રબળ બની, પરંતુ તેવામાં જ તેમના માતુશ્રી સ્વર્ગસ્થ થવાથી ઘરની જવાબદારી તેઓના ઉપર આવી પડવાથી તેમના વડિલોએ સંયમની અનુમતિ ન આપી, તેથી તેઓ ધર્મારાધના કરતાં નિરૂપાયે સંસારમાં રહ્યા, પછી અનુકૂળ સંજોગો પ્રાપ્ત થતાં પૂજ્યપાદ નવલશ્રીજી મ.ના પરિચયમાં આવતાં સંયમભાવના પ્રબલ બની એટલે સગાંસ્નેહીઓને જાણ કર્યા વિના જ શેરીસાતીર્થની નિકટના જ 'આદરજ' મુકામે જઈ વિ. સં. ૧૯૬૫ના માગસર સુદ પાંચમને દિવસે દીક્ષા ગ્રહણ કરી તેઓ સા. **ચંપકશ્રીજી** બન્યા અને પૂ. નવલશ્રીજી મહારાજના શિષ્યા બન્યા. પ્રવ્રજ્યા સ્વીકાર્યા બાદ ગુરુકુલવાસમાં રહી વિનય અને નમ્રતાનું સેવન કરી પોતાની આત્મભાવનાને તપ-ત્યાગ-જ્ઞાન-ધ્યાન અને વૈયાવચ્ચથી ભાવિત કરી સાધનાને ખૂબ જ વિકસાવી. નિરંતર શુભ ભાવથી વાસિત તેમની વૈરાગ્યમય જીવનચર્યાને જોઈને તેમના પિતાશ્રી ગોકળદાસભાઈને સંયમની ભાવના પ્રગટ થઈ એટલે તેમણે પણ વિ. સં. ૧૯૭૮ના આસો માસમાં ખંભાત મુકામે જઈ ઉપધાન તપ કરી, સંયમ ભાવનાને સાકાર કરી, દુઃખરૂપ દુઃખ ફલક દુઃખાનુબંધી સંસારની અસારતાને જાણી વિ. સં. ૧૯૭૯માં શાસન સમ્રાટ્ આચાર્ય મહારાજ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. સાહેબ પાસે દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી **સુભદ્રવિજયજી** બન્યા.

તેમની પ્રેરણાએ તેઓના નાના પુત્ર અમુભાઈને પણ દીક્ષા અંગીકાર કરવાની ભાવના થઈ અને તેઓએ પણ તે સ્વીકારી. આચાર્ય ભગવંત શ્રી વિજય નંદનસૂરીશ્વરજી મ. સાહેબના પ્રશિષ્ય મુનિ શ્રી **મોક્ષાનંદવિજયજી** બન્યા, તેમજ ડૉકટરની ડીગ્રીને પ્રાપ્ત કરેલા તેમના નાનાભાઈ ત્રિકમભાઈને અને તેમના ધર્મપત્ની રતનબેનને સજોડે સંયમ સ્વીકારવા ભાવના થઈ એટલે તેઓ પણ પૂ. નેમિસૂરીશ્વરજી

મ. સાહેબના શિષ્ય મુનિ શ્રી **રત્નપ્રભવિજયજી** બન્યા અને રતનબેન સંયમ સ્વીકારી સા. **રાજુલશ્રીજી** બન્યા. ત્યારબાદ ત્રિકમલાલભાઈના પુત્રવધુ લીલાવતીબેન સાસુ-સસરાના જીવનની અનુમોદના કરતાં પોતાના જીવનને ધન્ય બનાવવા તેઓ પણ દીક્ષા સ્વીકારી સા. **અરૂજાશ્રીજી** બન્યા છે. હાલમાં તેઓ જ્ઞાન, ધ્યાન અને તપની આરાધના કરવાપૂર્વક સંયમની સુંદર આરાધના કરી રહ્યા છે.

ચંપકશ્રીજી મ. ના કુટુંબનું ઉપર્યુક્ત કથન વાંચી ચોક્કસ એમ થાય છે કે અનંતી પુણ્યરાશી એકઠી થાય ત્યારે જ ભાગવતી પ્રવ્રજ્યા ઉદયમાં આવે છે. આ રીતે તેમના પિતૃપક્ષના કુટુંબમાંથી છ જણે દીક્ષા ગ્રહણ કરી, તે ખૂબ જ અનુમોદનીય અને પ્રશંસનીય છે. પરંતુ સા. અરૂજાશ્રીજી મ. સિવાય પાંચે વ્યક્તિ સંયમની સુંદર આરાધના કરી સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે.

આ પ્રસંગે અમારા પૂ. ચંપકશ્રીજી મ. સાહેબના આત્માના ગુણોનું વર્ણન કરવું તે ખૂબ જ ઉચિત અને યોગ્ય છે. ખરેખર ! તેઓશ્રીના જીવનમાં ત્યાગ-વૈરાગ્ય સાહજિક પ્રગટેલા હતા. તેમણે રસનેન્દ્રિય ઉપર સારો કાબૂ મેળવ્યો હતો. દીક્ષા લઈને જ ચા-દૂધનો સર્વથા ત્યાગ ! એટલે ત્યાગ ! દર્દ અસાધ્ય થાય ત્યારે ડૉક્ટરો શરીરના કારણે દૂધ ઉપર જ રહેવા કહેતા છતાં પ્રતિજ્ઞામાં બાંધ-છોડ કરી જ નથી. તેઓશ્રીને ત્રીશ વર્ષ સુધી અશાતાવેદનીય કર્મના ઉદયે ગેસનો, અલસરનો અને ડાયાબિટિશનો વ્યાધિ રહ્યો હતો; છતાં તેઓશ્રીએ કદાપિ દવાનો ઉપચાર કર્યો જ નથી. ના છૂટકે ફક્ત હોમિયોપેથિક દવાનો ઉપયોગ કરતા હતા આવી. અડગતા અંતિમ સમય સુધી જાળવી હતી, શરીરની ગમેતેવી બિમારી હોય તોય શું ? જીવનમાં તેલ-બામનો પણ ઉપયોગ કર્યો નથી.

પૂજ્યશ્રીએ સંયમજીવનમાં તીર્થયાત્રાઓમાં ખૂબ જ ભાવોલ્લાસ સાથે સિધ્ધાચલજી, ગિરનારજી અને તાલધ્વજગિરિની નવ્વાણુ યાત્રા કરી હતી. વળી ઘણી ઘણી તપશ્ચર્યા સાથે શરીર ચાલતું હતું ત્યાં સુધી એકાસણુ અને એકાસણાની ઉપરનું પચ્ચક્ખાણ અવિરત ચાલુ જ હતું. પછી વૃદ્ધાવસ્થા થયા બાદ પોરિસીનું પચ્ચક્ખાણ તો છોડયું જ નથી આ પ્રમાણે ઘણી ઘણી ટેકની સાથે ભાષા પણ મધુર, અપ્રમત્ત દશા અને ક્રિયામાં સતત જાગૃતી રાખતા, જ્ઞાનયોગ ભક્તિયોગ અને ક્રિયાયોગનો ત્રિવેણી સંગમ સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થતો હતો. તેમની નિદ્રા પણ પરિમિત હતી. પાછલી રાત્રે વહેલા જાગૃત થઈ નવસ્મરણ, ઋષિમંડલ, સ્વાધ્યાય અને જાપ વગેરેનું નિત્ય આરાધના કરતાં હતાં. આરાધના સાથે શિષ્યા-પ્રશિષ્યા પ્રત્યેનું વાત્સલ્ય પણ આદર્શરૂપ હતું.

આ બધા જ ગુણો સાથે ઉદારતા અદ્ભુત હતી અને લઘુતા એક શણગાર હતો. તેઓશ્રીનું ભાવઔદાર્ય પણ અનુકરણીય હતું કે જે થોડા પણ ઉપકારને ક્યારે પણ ભૂલતા નહીં. નાની વાતને પણ ક્ષણમાં સમજી કરવા યોગ્યની ઉપેક્ષા કરતા ન હતા. આ પ્રમાણે સદાને માટે તેમનું હૈયું ગુણાનુ-રાગથી જ પ્રસન્ન રહેતું. પૂજ્યો પ્રત્યે-પૂજ્યભાવ અને વિનય બહુમાન વગેરે પણ સુંદર હતા. નાનામાં નાની સાધ્વી હોવા છતાં વાત્સલ્યનો ઝરો એવો વહેતો કે તેમની પાસેથી ખસવાનું પણ મન ન થાય. આવો તેમનો પુણ્યપ્રકર્ષ ખૂબ અજબગજબનો હતો.

વળી તેઓનું શરીર સ્વસ્થ હતું, ત્યાં સુધી સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વિચર્યા હતા, પછી શરીર જર્જરિત થતાં અમદાવાદ અને સાબરમતી વચ્ચે છેલ્લા ૨૫ વર્ષ વિહરી કેટલાક જીવોને સર્વવિરતિ રૂપ ધર્મ અર્પણ કરાવી પોતાની ગુણવાસના દ્વારા ચારિત્રપાત્ર ભાવુકો તૈયાર કર્યા છે. જેના પ્રતિકરૂપે તેઓશ્રીના પરિવારમાં આજે પણ પૂજ્ય ચારિત્રશ્રીજીમ૦ તથા પૂજ્ય સરસ્વતિશ્રીજી મ. આદિ ૧૯ શિષ્યા-પ્રશિષ્યાઓ ચારિત્રગુણમાં આગળ વધી ક્ષમા આદિ યતિધર્મને ખીલવી ચારિત્ર યોગ્ય ક્રિયા રૂચિની અજોડ શ્રદ્ધા જગાવી મોક્ષ નગરીના પ્રયાણમાં આગળ વધી રહ્યા છે. ખરેખર ! આ ગુરૂદેવે અમારા

અવિનયાદિ અપરાધોને પણ અતિવાત્સલ્ય ભાવે નિભાવી અંતસુધી સંયમમાર્ગમાં આગળ વધવાની જે જે પ્રેરણા અને જે ઇચ્છાઓ વ્યક્ત કરી તેનું સ્મરણ કરતાં અમે ઋણમુકત થવાનો જે પ્રયાસ કર્યો છે તે અંશ માત્ર જ છે.

છેવટે તેઓશ્રીને તીવ્ર અશાતાના ઉદયથી ગેંગલીક (Gengalic) નામનો અસાધ્ય રોગ થતાં તેમનો એક પગ વજ્રશાલા સમાન અતિ ભારે બન્યો. અને પગનો થોડો ભાગ શ્યામ બનતાં દાઝયા જેવા મોટા મોટા ફોલ્લા થતાં એક મહિનો અસાધ્ય વેદના એવી અનુભવી કે દર્દને ભોગવનાર ગુરુદેવ જ જાણે આ વેદના કેવી છે! ડોકટરના કહેવા પ્રમાણે હિંદુસ્તાનમાં આવા કેસો બે-ચાર જ બન્યા હશે. આવા રોગને સમભાવે સહન કરી પોતાની નિત્ય નિયમની તમામ ક્રિયાઓ ઉપર ધ્યાન રાખી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં આત્મભાવમાં નિશ્ચલ રહી પોતાની અંતિમ પળે પણ ચારિત્રમાં ઉદ્યત રહી પ્રસન્નતાપૂર્વક તીવ્ર અસાતાવેદનીયને સમભાવે સહી આત્માના સ્વરૂપમાં ચિત્ત પરોવીને **एगो मे सासओ अप्पा नाणदंसण संजुओ** એ પવિત્ર વાકયને જીવનમંત્ર બનાવી. એકત્વ ભાવનામા સ્થિર થઈ, સર્વ મમત્વભાવને ત્યજીને નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં લીન રહી ૪૮ વર્ષનું નિર્મળ નિરતિચાર સંયમનું-પાલન કરી છેવટે **जातस्य हि ध्रुवं मृत्युः** એ ન્યાયે કુદરતના સંકેતપ્રમાણે જન્મ અને મરણ અમદાવાદમાં જ થયા, વિ. સં. ૨૦૨૨ના વૈશાખ શુદ બીજની સવારે ૧૧ ને ૧૦ મિનિટે તેઓશ્રીનો આત્મા આ વિનશ્વર દેહનો ત્યાગ કરી શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરવા વિશ્રાંતિરૂપે સ્વર્ગસ્થાનમાં સિધાવ્યો.

એટલું જ પર્યાપ્ત છે કે આ પ્રસંગે આપશ્રીના ગુણોનું યત્કિંચિત્ વર્ણન કરી અતીવ ગુરૂ ઋણમાંથી આંશિક મુક્ત થવાનો આ નમ્ર પ્રયાસ માત્ર છે. અંતમાં એજ લખવાનું કે...

એ પરમોપકારી ગુરુજીનાં ઉપકારોને સ્મરણ કરતાં અમે એ ઇચ્છીએ છીએ કે તેઓનો આત્મા ઉત્તરોત્તર પ્રભુશાસનને પામી સવિશેષ આરાધના કરતો અજરામર બને, અને અમને સર્વને પણ આરાધનામાં સહાય કરે. વંદન હો પરમ ઉપકારી ગુરૂદેવને!

લી. અમે છીએ આપશ્રીના ઉપકારના ઋણી
શિષ્યા-પ્રશિષ્યાઓ

પાછળથી આવેલી સહાયતા

૧૦૧ જયાબહેન રસિકલાલ ભાવનગર
૧૦૧ બાબુભાઈ ચુનીલાલ મહેતા અમદાવાદ
૧૦૧ રાગિનીબહેન ભરતકુમાર પાટણ

વિષયાનુક્રમ

વિષયનિર્દેશ.	ગાથાસંખ્યા.	પૃષ્ટસંખ્યા.
ગ્રન્થકર્તાનું મંગલાચરણ.	૧	૧
અનુબન્ધચતુષ્ટય.	૧	૩
તીર્ચ્છાલોકમાં દ્વીપસમુદ્રની સંખ્યા.	૨	૫
પલ્યોપમ સાગરોપમનું સવિસ્તર સ્વરૂપ.	૨	૬
પલ્યોપમ સાગરોપમનું ગાથાથી વર્ણન.	૩	૧૧
દ્વીપસમુદ્રનાં કેટલાક નામો.	૬	૧૩
આગળ આગળના દ્વીપસમુદ્રોનાં નામ જાણવાની રીત.	૮	૧૬
છેલ્લા પાંચ દ્વીપ તથા પાંચ સમુદ્રોનાં નામો.	૯	૧૮
સમુદ્રનાં નામ જાણવાનો પ્રકાર.	૧૦	૧૮
કેટલાક દ્વીપ સમુદ્રોનાં નામોનો કોઠો.	૧૦	૨૦
સમુદ્રોના પાણીનો સ્વાદ.	૧૧	૨૧
સર્વદ્વીપ સમુદ્રોનો વિસ્તાર જાણવાનો ઉપાય.	૧૨	૨૧
જંબુદ્વીપનો વ્યાસ–પરિધિ સંબંધી આકૃતિ.	૧૨	૨૨
લવણ સમુદ્રનો વ્યાસ (આકૃતિ)	૧૨	૨૩
દ્વીપ સમુદ્રને વીંટાઈને રહેલી જગતીનું સવિસ્તર સ્વરૂપ.	૧૩	૨૪
મૂલ તથા ગિરિવિષ્કંભ કરણ.	૧૩	૨૭
પદ્મવર વેદિકા વર્ણન.	૧૩	૩૦
જગતી ઉપર રહેલા વનખંડનું સ્વરૂપ,	૧૯	૩૫
અધિપતિ દેવોના નિવાસસ્થાનો.	૨૦	૩૬
જંબૂદ્વીપમાં રહેલા વર્ષધર પર્વતો તથા ક્ષેત્રોનું સ્વરૂપ.	૨૧	૩૭
૭ કુલગિરિનાં નામ.	૨૨	૩૮
સાત મહાક્ષેત્રના નામ.	૨૩	૩૦
સાત મહાક્ષેત્રનું ચિત્ર.	૨૩	૪૦
સાત ક્ષેત્રોના વર્ષધર પર્વતનું સ્વરૂપ.	૨૪	૪૧
વર્ષધર પર્વતોની ઊંચાઈ.	૨૫	૪૨
કુલગિરિ પર્વતોનો યંત્ર.	૨૫	૪૪
કુલગિરિની પહોળાઈ જાણવાનું કરણ.	૨૬	૪૫
વર્ષધર પર્વતોનું પ્રમાણ.	૨૭	૪૭
સાત મહાક્ષેત્રોનો વિસ્તાર જાણવાનું કરણ.	૨૯	૪૮
સાત મહાક્ષેત્રોનો વિસ્તાર.	૩૦	૫૦
સાત મહાક્ષેત્રોના પ્રમાણ વગેરેનો યંત્ર.	૩૦	૫૧
સાત મહાક્ષેત્રો અને ૭ વર્ષધર પર્વતો બન્નેનો વિસ્તાર ભેગો કરતાં એક લાખ જોજન વિસ્તાર થાય.	૩૨	૫૨

વિષય.	ગાથાસંખ્યા.	પૃષ્ટસંખ્યા
ઉત્તર દક્ષિણ ભરતનું પ્રમાણ.	૩૩	૫૩
વર્ષધર પર્વતો ઉપર રહેલા ૭ દ્રહોનું પ્રમાણ.	૩૪	૫૪
વર્ષધર પર્વતો ઉપર રહેલા દ્રહોનાં નામ.	૩૫	૫૫
દ્રહોમાં નિવાસ કરનારી દેવીઓનાં નામ.	૩૬	૫૬
પદ્મદ્રહમાં રત્નકમળ અને તેમાં દેવીનિવાસ.	૩૬	૫૭
રત્નકમળના જુદા જુદા અવયવો.	૩૬	૫૭
કમળની કર્ણિકા ઉપર શ્રી દેવીનું ભવન.	૩૬	૫૭
મૂળકમળને ફરતાં ૭ કમળવલયો.	૩૬	૫૯
કમળોની સર્વસંખ્યા ૧૨૦૫૦૧૨૦	૩૬	૫૯
૭ વલય તે ૭ જાતિના વલય.	૩૬	૫૯
સર્વકમળોનો દ્રહમાં સમાવેશ.	૩૬	૫૯
પદ્મદ્રહમાં અનેક વનસ્પતિ કમળો.	૩૬	૬૧
૭ મહાદ્રહોનો યંત્ર.	૩૬	૬૨
શ્રીદેવીના કમળનું વર્ણન.	૩૭	૬૩
કમળના અવયવો કયા કયા રત્નના બનેલા છે?	૩૮	૬૩
કમળની કર્ણિકા અને તે ઉપર રહેલ ભવનનું પ્રમાણ.	૩૯	૬૪
દ્રહદેવીના ભવનને ત્રણ દ્વાર તેમજ દ્રહદેવીની શય્યા.	૪૦	૬૫
દ્રહદેવીના આભૂષણ રાખવાના કમળોનું પ્રથમવલય.	૪૧	૬૬
મૂળકમળને ફરતું બીજું વલય.	૪૨	૬૭
મૂળકમળને ફરતું ત્રીજું વલય.	૪૪	૬૮
મૂળકમળને ફરતું ૪-૫-૬ ઠું વલય.	૪૫	૬૯
૭ મહાદ્રહોમાં નદીઓને નીકળવાના બે બે ત્રણ ત્રણ દ્વાર.	૪૬	૭૦
દ્રહોમાંથી નીકળતી નદીઓનાં નામ તથા પ્રવાહ.	૪૮	૭૨
ચાર બાહ્યનદીઓનો પર્વત ઉપર વક્ર પ્રવાહ.	૪૯	૭૩
જિવ્હિકામાંથી કુંડમાં પડતા નદીઓના ધોધ.	૪૯	૭૩
જિવ્હિકાઓનું પ્રમાણ.	૫૧	૭૭
પ્રપાતકુંડોમાંના દ્વીપનું સ્વરૂપ.	૫૨	૭૮
પ્રપાતકુંડનું વર્ણન.	૫૩	૭૯
૮૬ કુંડોમાં તફાવત.	૫૪	૮૦
જંબૂદ્વીપના ૯૦ કુંડ સંબંધી ત્રણ વિસ્તારનો કોઠો.	૫૪	૮૦
૯૦ કુંડોનો વિશાલ યંત્ર.	૫૪	૮૨
ચાર બાહ્ય નદીઓની ગતિ.	૫૪	૮૨
કુંડમાંથી નીકળી સમુદ્રમાં જતી ગંગા વિગેરે ૪ નદી	,,	૮૩
ચાર બાહ્ય નદીઓનો પ્રારંભથી પર્યન્ત સુધી વિસ્તાર તથા પ્રારંભથી પર્યંત સુધીની ઉંડાઈ.	૫૭	૮૫
પાંચ મહાક્ષેત્રની દશ મહાનદીઓની ગતિ	૫૮	૮૬

વિષય.	ગાથાસંખ્યા.	પૃષ્ઠસંખ્યા.
દશ મહાનદીઓનાં નામ તથા પ્રત્યેક મહાનદીઓને અન્ય નદીઓનો પરિવાર.	૬૦	૯૧
સીતા સીતોદામાં કઈ કઈ નદીઓ મળે છે ?	૬૩	૯૨
જંબૂદ્વીપમાં સર્વ નદીઓની સંખ્યા	૬૪	૯૪
જંબૂદ્વીપમાં નદીઓની ભિન્ન ભિન્ન ગણત્રી.	,,	૯૫
કુંડાદિકનું સમાન પ્રમાણ	,,	૯૫
૯૦ મુખ્ય નદીઓનો વિશાલ યંત્ર	,,	૯૬
ગિરિકૂટ તથા ભૂમિકૂટવર્ણનાધિકાર.	૬૫	૧૦૦
૪૬૭ ગિરિકૂટ તથા ૫૮ ભૂમિકૂટોનો યંત્ર.	,,	૧૦૨
સિદ્ધકૂટ વર્ણન.	૬૭	૧૧૬
શાશ્વત જિનભવનનું પ્રમાણ.	૬૮	૧૦૩
શાશ્વત જિનભવનનું કિંચિત્ સ્વરૂપ.	,,	૧૦૬
શાશ્વત જિનપ્રતિમાના જુદા જુદા રાત્નિક અવયવો.	,,	૧૦૬
શાશ્વત જિનપ્રતિમાજીની ચારે દિશામાં રત્નમય રચના.	,,	૧૦૭
દેવચ્છન્દામાં રહેલ સામગ્રી.	,,	૧૦૭
કૂટો ઉપર દેવપ્રાસાદોનું વર્ણન.	૬૯	૧૦૮
હજાર યોજન ઉંચાઈવાલા ૩ સહસ્રક કૂટ.	૭૦	૧૦૯
સહસ્રક કૂટનો અર્ધભાગ આકાશમાં નિરાધાર.	,,	૧૦૯
૩૪ દીર્ઘવૈતાઢ્ય ઉપરના નવ નવ કૂટોનું સ્વરૂપ.	૭૧	૧૧૦
કૂટ ઉપરના જિન પ્રાસાદ તથા દેવપ્રાસાદનું પ્રમાણ.	૭૨	૧૧૧
કૂટોનો વિસ્તાર.	૭૩	૧૧૨
૪૬૭ ગિરિકૂટ તથા ૫૮ ભૂમિકૂટના મધ્યવિસ્તારનું કરણ.	,,	૧૧૩
૧૬ તરૂકૂટ તથા ૩૪ ઋષભકૂટ વર્ણન.	૭૪	૧૧૪
તરૂકૂટનો મધ્ય વિસ્તાર.	,,	૧૧૫
૩૪ ઋષભકૂટનું સ્વરૂપ.	૭૫	૧૧૫
ઋષભકૂટ ઉપર ચક્રવર્ત્તિનાં નામ.	,,	૧૧૬
ઋષભકૂટના મધ્યવિસ્તારનું કરણ.	,,	૧૧૬
સર્વકૂટ ૫૨૫.	,,	૧૧૬
જંબૂદ્વીપવર્ત્તિ સર્વ કૂટોની સંખ્યા.	૭૬	૧૧૭
જંબૂદ્વીપમાં ૫૨૫ કૂટોનાં નામ.	,,	૧૧૭
જંબૂદ્વીપમાં શાશ્વત જિનભવનો.	૭૭	૧૧૯
શાશ્વત જિનભવનોના સ્થાન સંબંધી મતાંતર.	૭૮	૧૨૦
૩૪ દીર્ઘવૈતાઢ્યનું સવિસ્તર સ્વરૂપ.	૭૯	૧૨૨
વૈતાઢ્ય પર્વતોની ૪-૪ મેખલા.	,,	૧૨૩
વૈતાઢ્ય પર્વતોનું શિખરસ્થાન	,,	૧૨૬
૩૨ દીર્ઘવૈતાઢ્ય.	,,	૧૨૭
પ્રત્યેક વૈતાઢ્યમાં રહેલી તમિસ્રા-ખંડપ્રપાત ગુફાનું વર્ણન.	૮૩	૧૨૮
ઉન્મગ્ના-નિમગ્ના નદીઓનું વર્ણન.	૮૪	૧૨૯

વિષય.	ગાથાસંખ્યા	પૃષ્ટસંખ્યા
ગુફામાં ચક્રીએ કરેલા પ્રકાશમંડલોનું સ્વરૂપ.	૮૫	૧૩૦
વૈતાઢ્ય ગુફામાં ૪૯–૪૯ પ્રકાશમંડલો.	,,	૧૩૦
પ્રકારાન્તરે ૪૯ પ્રકાશમંડલો, પ્રકાશમંડલોનું લંબાઈ આદિ પ્રમાણ.	,,	૧૩૧
પ્રકાશમંડલો વિગેરેની સ્થિતિ.	,,	૧૩૩
દક્ષિણ ભરતના મધ્યભાગમાં અયોધ્યા નગરીનું પ્રમાણ	૮૮	૧૩૬
જંબૂદ્વીપમાં માગધ–વરદામ વિગેરે ૧૦૨ તીર્થ.	૮૯	૧૩૭
તીર્થ શબ્દનો અર્થ.	,,	૧૩૮
માગધાદિ તીર્થોમાં ચક્રવર્ત્તિનો દિગ્વિજય.	,,	૧૩૮
ભરત તથા ઐરવતમાં કાલચક્રનું સ્વરૂપ	૯૦	૧૩૯
૭ આરાનાં નામ.	૯૧	૧૪૦
૭ આરાનો શબ્દાર્થ	૯૧	૧૪૧
સાગરોપમનું સ્વરૂપ	૯૨	૧૪૧
છએ આરાનું કાળપ્રમાણ	૯૩	૧૪૩
પ્રથમના ત્રણ આરાના મનુષ્યોનું આહાર તથા પાંસળીઓનું પ્રમાણ.	૯૪	૧૪૪
પ્રથમના ત્રણ આરાના મનુષ્યોનું સ્વરૂપ	૯૫	૧૪૫
અવસ૦ ના પહેલા ત્રણ આરાના યુગલિક મનુષ્યો.	૯૫	૧૪૫
યુગલિકોમાં સંતતિ પાલનનો કાળ.	૯૫	૧૪૬
યુગલિક ક્ષેત્રમાં દશ પ્રકારના કલ્પવૃક્ષો.	૯૬	૧૪૭
કલ્પવૃક્ષો વનસ્પતિ પરિણામી છે.	૯૬	૧૫૦
કલ્પવૃક્ષ ઉપરાન્ત બીજા અનેક વૃક્ષો.	૯૬	૧૫૦
સર્વ આરામાં તિર્યંચપંચેન્દ્રિયનું આયુષ્ય પ્રમાણ કેટલું હોય ?	૯૮	૧૫૧
ત્રીજા આરાના પર્યન્તે ૧૫–૭ કુલકરની ઉત્પત્તિ	૯૯	૧૫૨
કુલકરોએ પ્રવર્તાવેલી ત્રણ પ્રકારની દંડનીતિ	,,	૧૫૨
પરિભાષણ આદિ ૪ પ્રકારની દંડનીતિ	,,	૧૫૨
ત્રીજા આરાના પર્યંતે જિનધર્માદિકની ઉત્પત્તિ.	,,	૧૫૩
ઉત્સર્પિણી તથા અવસર્પિણીના કયા આરામાં પહેલા અને છેલ્લા જિનેન્દ્રો જન્મે અને સિદ્ધિપદ પામે ?	૧૦૦	૧૫૪
અવસર્પિણીના ચતુર્થ આરાનું સ્વરૂપ.	૧૦૧	૧૫૫
૬૩ શલાકા પુરૂષોની ઉત્પત્તિ.	૧૦૧	૧૫૫
અવસ૦ ના પંચમઆરાનું સ્વરૂપ.	૧૦૨	૧૫૬
પાંચમા આરાના પર્યન્તે ધર્મ વિગેરેનો અંત.	,,	૧૫૭
પાંચમા આરાના પર્યન્તે અનેક કુવૃષ્ટિઓ.	૧૦૩	૧૫૮
પંચમકાળના પર્યન્તે પૃથ્વીમાં હાહાકાર.	,,	૧૫૮
પાંચમા આરાના પર્યન્તે અનેક કુવાયુના સુસવાટ.	,,	૧૫૯
કુવૃષ્ટિ અને કુવાયુથી થતું પરિણામ.	,,	૧૫૯
પાંચમા આરાના પર્યન્તે બીજમનુષ્યાદિકનાં સ્થાન.	,,	૧૫૯
બીજમનુષ્યોના બિલોનું વર્ણન.	૧૦૪	૧૬૦

વિષય.	ગાથાસંખ્યા.	પૃષ્ઠસંખ્યા.
છઠ્ઠા આરાનું સ્વરૂપ.	૧૦૫	૧૬૧
છઠ્ઠા આરાના મનુષ્ય.	,,	૧૬૧
ઉત્સર્પિણીનું વર્ણન.	૧૦૭	૧૬૩
સાત ક્ષેત્રમાં સદા એક સરખો કાળ.	૧૦૮	૧૬૬
ચાર વૃત વૈતાઢ્યનું સ્વરૂપ.	૧૦૯	૧૬૬
મેરૂપર્વતનું સવિસ્તર વર્ણન.	૧૧૧	૧૬૮
મેરૂપર્વતના ત્રણ કાંડ.	૧૧૨	૧૬૯
મેરૂપર્વતના શિખર ઉપર ચૂલિકા.	૧૧૩	૧૭૦
ચૂલિકા ઉપર શાશ્વત ચૈત્યગૃહ.	,,	૧૭૧
ચૂલિકાના મધ્ય વિસ્તારનું કરણ.	,,	૧૭૧
પંડકવનનું સ્વરૂપ.	૧૧૪	૧૭૨
પંડકવનમાં શાશ્વત જિનભવનો તથા દેવપ્રાસાદો.	૧૧૫	૧૭૩
શાશ્વત જિનભવનો તથા દેવપ્રાસાદોનું પ્રમાણ.	૧૧૬	૧૭૩
જિનેશ્વર જન્માભિષેકની શિલાઓનું સ્વરૂપ.	૧૧૭	૧૭૪
ચાર અભિષેક શિલાઓનાં નામ તથા તે ઉપર સિંહાસનો.	૧૧૮	૧૭૬
સિંહાસનો ઉપર સ્વદિશિના જિનનો જન્માભિષેક.	,,	૧૭૬
સોમનસવનનું સ્વરૂપ.	૧૨૦	૧૭૯
સોમનસવનની મેખલા સ્થાને અભ્યન્તર મેરૂ તથા બાહ્ય મેરૂપર્વતનો વિષ્કંભ.	૧૨૧	૧૭૯
મેરૂપર્વતની $\frac{1}{11}$ ભાગની હાનિ વૃદ્ધિ.	,,	૧૮૦
મેરૂની હાનિ વૃદ્ધિ કર્ણગતિને અનુસારે.	,,	૧૮૧
નન્દનવનનું સ્વરૂપ.	૧૨૨	૧૮૧
સમભૂમિથી ૫૦૦ યોજન ઉપર મેરૂપર્વતમાં નન્દનવન.	,,	૧૮૨
નન્દનવનમાં ઊર્ધ્વલોકની આઠ દિશાકુમારીઓ.	,,	૧૮૩
નન્દનવનમાં ૯ મું બલકૂટ નામનું સહસ્રક કૂટ.	,,	૧૮૪
૯ નન્દનકૂટોનો કંઈક ભાગ આકાશમાં નિરાધાર.	,,	૧૮૪
નન્દનવનરૂપ પ્રથમ મેખલા પાસે મેરૂનો બાહ્યાભ્યંતર વિષ્કંભ.	૧૨૩	૧૮૫
ભદ્રશાલવનનું સવિસ્તર વર્ણન.	૧૨૪	૧૮૬
ભૂમિ ઉપર મેરૂપર્વતનું ભદ્રશાલવન.	,,	૧૮૬
ભદ્રશાલવનમાં કરિકૂટ જિનભવન અને પ્રાસાદનાં સ્થાન.	,,	૧૮૬
ભદ્રાશાલવનમાં ૮ કરિકૂટનાં સ્થાનનું ચિત્ર.	,,	૧૮૭
ભદ્રાશાલવનનું પ્રમાણ.	૧૨૫	૧૮૮
ચાર ગજદંતપર્વતોનું સ્વરૂપ.	૧૨૬	૧૮૯
ચાર ગજદંત પર્વતો કઈ દિશામાં અને કેવા વર્ણવાળા છે ?	૧૨૭	૧૯૦
ચાર ગજદંત પર્વતો ઉપર અધોલોકવાસિ આઠ દિશાકુમારીના કૂટ.	૧૨૮	૧૯૧
ગજદંતગિરિનું પ્રમાણ તથા આકાર.	૧૨૯	૧૯૧
બે બે ગજદંત વચ્ચે એક એક કુરૂક્ષેત્ર.	૧૩૦	૧૯૨
મહાવિદેહમાં દેવકુરૂ ઉત્તરકુરૂ ક્ષેત્ર.	,,	૧૯૨

વિષય.	ગાથાસંખ્યા.	પૃષ્ટસંખ્યા.
કુરૂક્ષેત્રમાં સર્વદા અવસ૦ નો પહેલો આરો.	,,	૧૯૩
કુરૂક્ષેત્ર અને ૧૦ દ્રહોનો યંત્ર.	,,	૧૯૪
કુરૂક્ષેત્રમાં યમકગિરિ તથા ચિત્ર વિચિત્ર પર્વતનું સ્વરૂપ.	૧૩૧	૧૯૪
કુરૂક્ષેત્રમાં પાંચ પાંચ દ્રહનું સ્વરૂપ.	૧૩૨	૧૯૬
દ્રહોમાં ૬-૬ કમળવલયો.	,,	૧૯૭
કુરૂક્ષેત્રમાં યમલગિરિ દ્રહ અને મેરૂનું પરસ્પર અંતર.	૧૩૪	૧૯૮
૨૦૦ કંચનગિરિ.	૧૩૫	૨૦૦
૨૬૯ કુરૂક્ષેત્રમાં પર્વતોનો યંત્ર.	૧૩૫	૨૦૦
જંબૂવૃક્ષની પીઠિકાનું પ્રમાણ.	૧૩૬	૨૦૨
જંબૂવૃક્ષનું સ્વરૂપ.	૧૩૮	૨૦૩
જંબૂવૃક્ષની શાખાઓ.	૧૩૯	૨૦૪
જંબૂવૃક્ષની મધ્યશાખા.	૧૪૦	૨૦૪
જંબૂવૃક્ષની શાખાઓનું પ્રમાણ.	૧૪૧	૨૦૫
જંબૂવૃક્ષ ઉપર ૧ દેવભવન. ૩ દેવપ્રાસાદ.	૧૪૧	૨૦૬
જંબૂવૃક્ષની મધ્યશાખાઉપર ૧ જિનભવન.	૧૪૧	૨૦૭
૧ દેવભવન તથા ૩ દેવપ્રાસાદમાં કયા દેવની કઈ વસ્તુ છે?	૧૪૨	૨૦૮
જંબૂવૃક્ષની આસપાસ બીજા જંબૂવૃક્ષના ૩ વલય.	૧૪૩	૨૦૮
જંબૂવૃક્ષના ૬ વલય.	૧૪૩	૨૦૯
જંબૂવૃક્ષથી ૫૦ યોજન દૂર ચાર ભવનો તથા ચાર પ્રાસાદો.	૧૪૪	૨૦૯
પહેલા વનમાં ભવનો અને પ્રાસાદોના આંતરામાં ૮ જિનકૂટ તથા જંબૂવૃક્ષ સરખું શાલ્મલિ વૃક્ષ.	૧૪૫	૨૧૦
મહાવિદેહ વર્ણનાધિકાર મહાવિદેહમાં વિજયો વક્ષસ્કારો વિગેરે પદાર્થો.	૧૪૬	૨૧૨
વિજયો વક્ષસ્કાર પર્વતો તથા અન્તર્નદીઓની પહોળાઈ.	૧૪૭	૨૧૩
વિજયો વક્ષસ્કારપર્વતો વિગેરેની લંબાઈ.	૧૪૮	૨૧૪
વક્ષસ્કાર પર્વતોની ઉંચાઈ.	૧૪૯	૨૧૫
વિજય વક્ષસ્કાર અને અન્તર્નદીઓનો અનુક્રમ.	૧૪૯	૨૧૫
૧૬ વક્ષસ્કાર પર્વતોનાં નામ.	૧૫૦	૨૧૫
મહાવિદેહ ક્ષેત્ર સ્થાપના.	૧૫૧	૨૧૬
૧૨ અન્તર્નદીઓનાં નામ.	૧૫૨	૨૧૮
૩૨ વિજયોનાં નામ.	૧૫૪	૨૧૯
પ્રત્યેક વિજયોમાં વૈતાઢ્યપર્વત તથા ચક્રવર્તીની રાજધાની અને તેનાં નામો.	૧૫૮	૨૨૩
પ્રત્યેક વિજયોમાં બે બે નદીઓ.	૧૬૩	૨૨૪
મહાવિદેહના બન્ને છેડે રહેલા બે વનમુખ.	૧૬૪	૨૨૪
વનમુખનો વ્યાસ અને લંબાઈ જાણવાનું કરણ.	૧૬૪	૨૨૫
જંબૂદ્વીપનો વિષ્કંભ.	૧૬૫	૨૨૭
પશ્ચિમ મહાવિદેહમાં અધોગ્રામ.	૧૬૮	૨૨૮
જંબૂદ્વીપમાં તીર્થંકર-ચક્રી-બલદેવ-વાસુદેવની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સંખ્યા.	૧૬૮	૨૨૯

વિષય.	ગાથાસંખ્યા.	પૃષ્ઠસંખ્યા
જંબૂદ્વીપમાં સૂર્યચન્દ્રનું વર્ણન.	૧૬૯	૨૩૦
સૂર્યચન્દ્રના મંડલોની સંખ્યા	૧૭૦	૨૩૩
ચન્દ્રમંડલ તથા સૂર્યમંડલનું પરસ્પર અંતર.	૧૭૧	૨૩૫
અન્તર અને મંડલ દ્વારા મંડલક્ષેત્રની પ્રાપ્તિ.	૧૭૧	૨૩૬
જંબૂદ્વીપ તથા લવણસમુદ્રમાં સૂર્યચન્દ્રનું ચાર ક્ષેત્ર.	૧૭૨	૨૩૭
સર્વાભ્યન્તર મંડલે ચન્દ્રથી ચન્દ્રને તથા સૂર્યથી સૂર્યને કેટલું અંતર ?	૧૭૩	૨૩૯
પ્રત્યેક મંડલે ચન્દ્રની મુહૂર્ત ગતિ.	૧૭૪	૨૪૩
પ્રત્યેક મંડલે સૂર્યની મુહૂર્ત ગતિ	૧૭૫	૨૪૬
સૂર્યના ઉદય અસ્તનું અંતર	૧૭૬	૨૪૮
પ્રત્યેક મંડલે દિવસ કેટલો ઘટે ?	૧૭૭	૨૫૦
જંબૂદ્વીપના ચન્દ્ર સૂર્યનો મંડલ વિગેરે સંબંધી યંત્ર.	૧૭૭	૨૫૧
સર્વબાહ્યમંડલવર્તી સૂર્યના ઉદય અસ્તનું અંતર.	૧૭૮	૨૫૨
એક ચન્દ્રનો નક્ષત્રાદિ પરિવાર.	૧૭૮	૨૫૩
૨૮ નક્ષત્રોનાં નામ.	૧૭૮	૨૫૩
એક ચન્દ્રનો તારા પરિવાર	૧૭૯	૨૫૪
ઇષ્ટ દ્વીપ સમુદ્રમાં ગ્રહ નક્ષત્ર-તારાની સંખ્યા જાણવાનું કરણ	૧૮૦	૨૫૬
અઢીદ્વીપમાં જ્યોતિષીઓની સંખ્યાનો યંત્ર.	૧૮૦	૨૫૭
ઇષ્ટદ્વીપમાં ચન્દ્ર સૂર્યની સંખ્યા જાણવા માટે ઉપાય.	૧૮૧	૨૫૮
મનુષ્યક્ષેત્રમાં ચન્દ્રસૂર્યની વ્યવસ્થા	૧૮૨	૨૫૯
પુષ્કરાર્ધદ્વીપના મનુષ્યો ચન્દ્ર-સૂર્યને ઉદય અસ્ત પામતા કેટલા દૂરથી દેખે ?	૧૮૩	૨૬૧
મનુષ્યક્ષેત્ર બહાર ચન્દ્રસૂર્યનું સ્વરૂપ.	૧૮૪	૨૬૩
જંબૂદ્વીપ ગોળ-થાળી સરખો છે તો તેનો પરિધિ-ઘેરાવો કેટલો ?	૧૮૫	૨૬૪
જંબૂદ્વીપનું ગણિતપદ (ક્ષેત્રફલ).	૧૮૬	૨૬૪
વૃત્તપદાર્થનું ગણિત પ્રકરણ.	૧૮૭	૨૬૫
પરિધિ તથા ક્ષેત્ર ફળ જાણવાની રીતિ.	૧૮૮	૨૬૬
વર્ગમૂળ કાઢવાની રીત ઉદાહરણ સાથે.	૧૮૮	૨૬૭
ઈષુ અને જીવા જાણવાનું કરણ ઉદાહરણ સાથે	૧૮૯	૨૭૦
વૃત્તપદાર્થોનાં નામ વિષ્કંભ અને પરિધિ.	૧૮૯	૨૭૧
ધનુઃપૃષ્ઠ અને બાહા જાણવાનું કરણ ઉદાહરણ સાથે.	૧૯૦	૨૭૩
પ્રતર જાણવાનું કરણ ઉદાહરણ સાથે.	૧૯૧	૨૭૪
લંબચોરસ ક્ષેત્રનું તથા પર્વતોનું પ્રતરગણિત જાણવાનું કરણ ઉદાહરણ સાથે.	૧૯૨	૨૭૬
ઘનગણિત ઉદાહરણો સાથે.	૧૯૪	૨૭૮
જંબૂદ્વીપના ક્ષેત્ર-પર્વતોના ઈષુ વિગેરેનો સવિસ્તર યંત્ર.	૧૯૪	૨૮૦
વૈતાઢ્ય પર્વતનું ઘન ફળ.	૧૯૪	૨૮૨

જંબૂદ્વીપવર્ણનાધિકાર સમાપ્ત

લવણ સમુદ્ર વર્ણન પ્રારંભ.

લવણ સમુદ્રમાં ગોતીર્થ, જલવૃદ્ધિ તથા ઊંડાઈ.	૧૯૫	૨૮૩

વિષય	ગાથાસંખ્યા,	પૃષ્ઠસંખ્યા.
લવણ સમુદ્રમાં છ્ટસાથે જળવૃદ્ધિ જાણવાનું કારણ	૧૯૬	૨૮૫
લવણ સમુદ્રમાં ૧૬૦૦૦ યોજન ઊંચી જળશિખા	૧૯૭	૨૮૬
ચાર પાતાળકળશાઓનું સ્વરૂપ અને તેનાં નામ	૧૯૮	૨૮૯
૭૮૮૪ લઘુપાતાળ કળશાઓ	૨૦૦	૨૯૧
પાતાળકળશાના અધિપતિ દેવો	૨૦૧	૨૯૪
પાતાળકળશાઓનો સવિસ્તર યંત્ર	૨૦૧	૨૯૫
પાતાળકળશાઓમાં શું શું છે ?	૨૦૨	૨૯૬
પાતાળકળશામાં મોટા વાયરા તથા વેલવૃદ્ધિ	૨૦૨	૨૯૬
શિખાની ત્રણે બાજુએ થતી જળવૃદ્ધિને અટકાવવા માટે નિયુક્ત થયેલા નાગકુમારનિકાયના વેલંધર દેવો.	૨૦૪	૨૯૭
આઠ વેલંધર પર્વતો.	૨૦૫	૨૯૯
વેલંધરદેવોના નિવાસસ્થાનો.	૨૦૬	૨૯૯
વેલંધરપર્વતોનું પ્રમાણ તથા વર્ણ.	૨૦૮	૩૦૨
વેલંધરપર્વતો જળ ઉપર કેટલા દેખાય છે. ?	૨૧૦	૩૦૩
લવણસમુદ્રમાં ૫૬ અન્તરદ્વીપ.	૨૧૧	૩૦૭
અંતરદ્વીપનો વિસ્તાર.	,,	૩૦૮
અન્તર દ્વીપોનો જળ ઉપર દેખાવ.	૨૧૩	૩૦૯
અન્તર દ્વીપનાં નામ.	૨૧૪	૩૧૧
શિખરીપર્વતની લવણસમુદ્રમાં રહેલી દાઢાઓ ઉપરનો ૨૮ અંતરદ્વીપ	૨૧૮	૩૧૩
અન્તરદ્વીપનાં યુગલિકોના શરીરની ઉંચાઈ, પાંસળી, આહારનું અન્તર, અને અપત્યપાલનાનું વર્ણન.	૨૧૯	૩૧૪
૫૬ અન્તરદ્વીપનું કોષ્ટક.	,,	૩૧૫
લવણસમુદ્રમાં ૨૪ ચન્દ્રસૂર્યદ્વીપ તથા ૧ ગૌતમદ્વીપ.	૨૨૦	૩૧૬
લવણસમુદ્રમાં ધાતકીખંડ તરફના ચન્દ્રસૂર્ય દ્વીપો.	૨૨૨	૩૧૮
ગૌતમદ્વીપઆદિ ૨૫ દ્વીપોનો જળ ઉપર દેખાવ.	૨૨૩	૩૨૦
ગૌતમાદિ ૨૫ દ્વીપની મૂળથી અનુક્ત ઉંચાઇ.	,,	૩૨૧
લવણસમુદ્રના ગૌતમદ્વીપ આદિ ૩૧ દ્વીપોનું કોષ્ટક-યંત્ર.	,,	૩૨૩
લવણસમુદ્રમાં આવેલા પદાર્થોનું સંક્ષિપ્ત કોષ્ટક-યંત્ર.	,,	૩૨૪
૨૫ દ્વીપો ઉપર દેવપ્રાસાદોનું પ્રમાણ.	૨૨૪	૩૨૫
લવણસમુદ્ર ઉપર જ્યોતિષી વિમાનો જળસ્ફટિક રત્નનાં.	,,	૩૨૬
જળસ્ફટિક વિમાનોના અધિક ઊર્ધ્વપ્રકાશ.	,,	૩૨૬
લવણસમુદ્રના પદાર્થોનો સંક્ષિપ્તસંગ્રહ.	,,	૩૨૭

લવણસમુદ્રાધિકાર સમાપ્ત

ધાતકીખંડવર્ણનાધિકાર પ્રારંભ.

'ધાતકીખંડ' એ નામનું કારણ.	૨૨૫	૩૨૯
પૂર્વધાતકીખંડ અને પશ્ચિમધાતકીખંડ.	,,	૩૩૦
ધાતકીખંડમાં ૧૨ વર્ષધરપર્વત, ૧૪ મહાક્ષેત્ર.	૨૨૬	૩૩૦

વિષય.	ગાથાસંખ્યા	પૃષ્ઠસંખ્યા.
વર્ષધરો આરાસરખાં અને ક્ષેત્રો વિવરસરખાં.	૨૨૬	૩૩૧
ધાતકીખંડમાં જંબૂદ્વીપ સરખા પદાર્થો.	૨૨૭	૩૩૧
ધાતકીખંડના ૨ મેરૂપર્વત.	૨૨૮	૩૩૨
ધાતકીખંડના મેરૂનો મૂળ વિગેરે સ્થાનમાં વિસ્તાર.	૨૨૯	૩૩૪
જંબૂદ્વીપની અપેક્ષાએ ધાતકીખંડ.	૨૩૦	૩૩૭
ધાતકીખંડના ૧૨ વર્ષધર પર્વતોનું કોષ્ટક-યંત્ર.	„	૩૪૧
ધાતકીખંડની નદીઓમાં દ્વિગુણતાનો સંગ્રહ-યંત્ર.	„	૩૪૨
ધાતકી૦ ભદ્રશાલવનની પહોળાઈ.	૨૩૧	૩૪૩
ધાતકીખંડના ૮ ગજદંતગિરિની વિષમતા.	૨૩૨	૩૪૪
વક્ષસ્કાર પર્વત વિગેરેની લંબાઈ.	૨૩૩	૩૪૬
મહાક્ષેત્રનો વિસ્તાર જાણવા માટે ક્ષેત્રાંક-ધ્રુવાંકની ઉત્પત્તિ.	૨૩૪	૩૪૮
ક્ષેત્રાંકની ઉત્પત્તિ (૨૧૨ ની).	„	૩૪૮
ક્ષેત્રોના વિસ્તારાદિ જાણવા માટે ધ્રુવાંક.	૨૩૫	૩૪૯
૭ મહાક્ષેત્રોના મુખવિસ્તાર ઉદાહરણ અંકગણિત સાથે.	„	૩૫૦
આદિ મધ્ય અન્ત્ય ધ્રુવાંક ઉત્પત્તિ.	„	૩૫૫
પરિધિઓ માટે ૩ પ્રકારના વ્યાસ.	„	૩૫૬
મહાવિદેહની લંબાઈ ઉપરથી વિજયો વિગેરેની પહોળાઇ.	„	૩૫૬
ધાતકીખંડના ૧૪ મહાક્ષેત્રોનો યંત્ર.	„	૩ ૭
ધાતકીખંડમાં વિજયાદિનો વિષ્કંભ જાણવાનું કરણ-યંત્ર.	„	૩૫૮
નદી વિગેરે પાંચવસ્તુઓનો વિષ્કંભ એકત્ર કરતાં ધાતકીખંડની પહોળાઈ આવે.	૨૩૭	૩૫૮
ધાતકીખંડમાં વિજયોમાંની નગરીઓ તથા કુરૂક્ષેત્રોમાં મહાવૃક્ષો.	૨૩૮	૩૫૯

ધાતકીખંડવર્ણનાધિકાર સમાપ્તિ

કાલોદસમુદ્ર વર્ણનાધિકાર પ્રારંભ.

કાલોદસમુદ્રનું વર્ણન	૨૪૦	૩૬૩
કાલોદસમુદ્રમાં ચન્દ્રસૂર્યના દ્વીપો.	૨૪૧	૩૬૫

કાલોદધિસમુદ્રાધિકાર સમાપ્ત

અભ્યન્તર પુષ્કરાર્ધ દ્વીપાધિકાર પ્રારંભ.

માનુષોત્તર પર્વતનું સ્વરૂપ.	૨૪૨	૩૬૭
માનુષોત્તર પર્વતનું સ્થાન પ્રમાણ અને સિંહનિષાદી આકાર	„	૩૬૮
બે ઇષુકારથી પૂર્વપુષ્કરાર્ધ અને પશ્ચિમપુષ્કરાર્ધ.	„	૩૬૯
ચક્રના આરા સરખા ૧૨ વર્ષધરપર્વતો આંતરા સરખા ૧૪ મહાક્ષેત્રો	„	૩૬૯
ચાર અભ્યન્તર ગજદંતગિરિનું પ્રમાણ.	૨૪૫	૩૭૨
પુષ્કરાર્ધના પર્વતો તથા નદીઓનું પ્રમાણ.	૨૪૬	૩૭૨
પુષ્કરાર્ધના ૧૪ મહાક્ષેત્રો માટે ધ્રુવાંક	૨૪૭	૩૭૫
ક્ષેત્રાંક અને ધ્રુવાંકની ઉત્પત્તિ	„	૩૭૬
પુષ્કરાર્ધમાં ૧૪ મહાક્ષેત્રોનું પ્રમાણ	૨૪૭	૩૭૬

વિષય.	ગાથાસંખ્યા.	પૃષ્ઠસંખ્યા.
પુષ્કરાર્ધના મહાવિદેહની વિજયનો વિષ્કંભ.	૨૫૦	૩૭૯
પુષ્કરાર્ધ દ્વીપનાં બે મોટા કુંડો.	૨૫૧	૩૮૧
પદાર્થોના વિષ્કંભથી પુષ્કરાર્ધની પુરાયેલી પહોળાઈ ૮૦૦૦૦૦	,,	૩૮૨
પુષ્કરાર્ધના કુરૂક્ષેત્રમાં ૪ મહાવૃક્ષો.	૨૫૨	૩૮૩
અઢીદ્વીપમાંના સર્વપર્વતોની સંખ્યા	૨૫૩	૩૮૪
પુષ્કરાર્ધદ્વીપના ત્રણ પરિધિ	૨૫૫	૩૮૫
મનુષ્યક્ષેત્રની બહાર નહિં થનારા પદાર્થો.	૨૫૬	૩૮૬
અવશિષ્ટ પ્રકીર્ણસ્વરૂપ		
ઈષુકાર અને માનુષોત્તર પર્વત ઉપર શાશ્વત જિનચૈત્યો	૨૫૭	૩૮૯
નંદીશ્વર-કુંડલ-રૂચકદ્વીપમાં પર્વતો ઉપર શાશ્વત જિનચૈત્યો	૨૫૮	૩૯૦
નંદીશ્વરદ્વીપમાં વિમાન સંક્ષેપ.	,,	૩૯૧
નંદીશ્વરદ્વીપમાં ઇન્દ્રકૃત અઠ્ઠાઈ મહોત્સવ.	,,	૩૯૧
વિદિશાના ૪ રતિકરપર્વત અને ૧૬-૩૨ ઇન્દ્રાણીઓની રાજધાની	,,	૩૯૨
૧૧ મા કુંડલદ્વીપમાં કુંડલગિરિ ઉપર ૪ જિનચૈત્યો.	,,	૩૯૨
રૂચકદ્વીપમાં રૂચકગિરિ ઉપર ૪ જિનચૈત્યો.	,,	૩૯૩
રૂચકગિરિ ઉપર ૩૬ અને નીચે ૪ દિક્કુમારી.	,,	૩૯૩
તીર્છાલોકના ૩ વલયાકાર પર્વતો.	,,	૩૯૩
કુંડલગિરિ અને રૂચકગિરિનો તફાવત.	૨૫૯	૩૯૪
રૂચકપર્વત ઉપર ૪૦ દિક્કુમારિકાઓ	૨૬૦	૩૯૬
ગ્રન્થકારની લઘુતા સાથે ગ્રન્થનો ઉપસંહાર.	૨૬૧	૩૯૭
આ ગ્રન્થમાં કહેલ સ્વરૂપ સિવાય અન્યસ્વરૂપ જાણવાનો ઉપાય.	૨૬૨	૩૯૮
ગ્રન્થકારનું નામ પ્રયોજન અને શુભેચ્છા.	૨૬૩	૩૯૯

લઘુક્ષેત્રસમાસ વિસ્તરાર્થ સમાપ્ત.

શ્રી શાશ્વત ચૈત્યસ્તવ	૪૦૧
શ્રી લઘુક્ષેત્ર સમાસ મૂળ ગાથાઓ.	૪૦૩

ગ્રંથમાં અપાયેલા યંત્રો—કોષ્ટકોની સૂચી

વિષયનિર્દેશ.	પૃષ્ઠસંખ્યા.
૧ કુલગિરિ પર્વતનો યંત્ર.	૪૪
૨ સાત મહાક્ષેત્રોનો યંત્ર	૫૧
૩ વર્ષધર પર્વતો ઉપરના પદ્મદ્રહાદિનું પ્રમાણ–કોષ્ટક.	૫૪
૪ ૭ મહાદ્રહોનો યન્ત્ર.	૬૨
૫ ૯૦ કુંડોનો યંત્ર.	૮૨–૮૩
૬ ૯૦ મુખ્ય નદીઓનો યંત્ર	૯૬ થી ૯૯
૭ ૪૬૭ ગિરિકૂટ તથા ૫૮ ભૂમિકૂટ સર્વમલી ૫૨૫ કૂટોનો યંત્ર	૧૧૭–૧૧૮
૮ કુરૂક્ષેત્ર અને ૧૦ દ્રહોનો યંત્ર.	૧૯૪
૯ ૧૦ દ્રહોનો યંત્ર.	૧૯૮
૧૦ ૨૬૯ પર્વતોનો યંત્ર.	૨૦૦–૨૦૧
૧૧ જંબૂદ્વીપના ચંદ્ર–સૂર્યનો મંડલાદિ યંત્ર.	૨૫૧
૧૨ અઢીદ્વીપમાં જ્યોતિષીઓની સંખ્યા પ્રદર્શક યંત્ર.	૨૫૭
૧૩ વૃત્તપદાર્થોનાં નામ–વિષ્કંભ–અને પરિધિનો યંત્ર.	૨૭૧–૨૭૨
૧૪ જંબૂદ્વીપના ક્ષેત્ર–પર્વતોના ઈષુ વિગેરેનો યંત્ર	૨૮૦–૨૮૧
૧૫ પાતાળકળશોનો યંત્ર.	૨૯૫
૧૬ ૫૬ અંતરદ્વીપનું કોષ્ટક	૩૧૫
૧૭ લવણસમુદ્રમાં ગૌતમ દ્વીપ આદિ ૩૧ દ્વીપોનો યંત્ર.	૩૨૩
૧૮ લવણસમુદ્રના આપેલા પદાર્થોનું સંક્ષિપ્ત કોષ્ટક	૩૨૪
૧૯ ધાતકીખંડના ૧૨ વર્ષધર પર્વતોનું કોષ્ટક	૩૪૧
૨૦ ધાતકીખંડની નદીઓમાં દ્વિગુણતાનો સંગ્રહ–યંત્ર.	૩૪૨
૨૧ ધાતકીખંડના ૧૪ મહાક્ષેત્રોનો યંત્ર.	૩૫૭
૨૨ ધાતકી ખંડમાં વિજયાદિકનો વિષ્કંભ જાણવાનું કારણ.	૩૫૮
૨૩ પુષ્કરાર્ધના ૧૨ વર્ષધર પર્વતો અને ૨ ઇષુકારનો યંત્ર.	૩૭૪
૨૪ ધાતકીથી પુષ્કરાર્ધની નદીઓ સંબંધી દ્વિગુણતાનો યંત્ર.	૩૭૫
૨૫ પુષ્કરાર્ધમાં ૧૪ મહાક્ષેત્રોનું પ્રમાણ.	૩૭૯
૨૬ પદાર્થોનાં વિષ્કંભથી પુષ્કરાર્ધની પૂરાયેલી પહોળાઈ.	૩૮૨
૨૭ ધ્રુવાંક ઉપરથી પુષ્કરાર્ધના ૩ પરિધિ.	૩૮૬

આ ગ્રન્થમાં અપાયેલાં ચિત્રોની સૂચી.

વિષય	ગાથાંક	પૃષ્ઠાંક
૧ ઘનવૃત્ત પલ્ય ચિત્ર	૫	૧૩
૨ અસંખ્ય દ્વીપ સમુદ્રોનો દેખાવ	૭	૧૫
૩ જંબૂદ્વીપની જગતી	૧૮	૨૯
૪ જગતીના મધ્યભાગે ગવાક્ષ-કટકનો દેખાવ	૧૬	૩૩
૫ ૭ કુલગિરિ અને સાત મહાક્ષેત્ર	૨૩	૪૧
૬ દ્રહદેવીનું મૂળ કમળ	૩૯	૬૪
૭ દ્રહદેવીના પરિવારકમળના ૬ વલય	૪૫	૭૦
૮ દ્રહોમાંથી નીકળતી નદીઓ.	૪૭	૭૩
૯ જિહ્વિકામાં થઈને પડતો નદીનો ધોધ	૫૦	૭૫
૧૦ વૈતાઢ્યપર્વતની મેખલાનો દેખાવ	૮૨	૧૨૪
૧૧ મતાંતરે ગોમૂત્રિકાકારે ૪૯ પ્રકાશમંડલો	૮૫	૧૩૨
૧૨ વૈતાઢ્યપર્વતની બે ગુફાઓનો દેખાવ.	૮૬	૧૩૪
૧૩ બાર આરાનું કાળચક્ર	૯૧	૧૪૨
૧૪ મેરૂપર્વતનો આકાર	૧૧૩	૧૭૦
૧૫ મેરૂના શિખર ઉપર પંડકવન	૧૧૯	૧૭૭
૧૬ મેરૂપર્વતમાં સોમનસવન	૧૨૦	૧૭૮
૧૭ મેરૂપર્વત ઉપર નંદનવન	૧૨૨	૧૮૩
૧૮ ભદ્રશાલવનનું ચિત્ર	૧૨૪–૨૫	૧૮૭
૧૯ સુદર્શન નામનું જંબૂવૃક્ષ	૧૪૨	૨૦૬
૨૦ પહેલા જંબૂવનમાં ૮ જિનકૂટ તથા ૮ જંબૂકૂટ	૧૪૫	૨૧૧
૨૧ વક્ષસ્કાર પર્વતનો દેખાવ	૧૪૯	૨૧૭
૨૨ મહાવિદેહની વિજય	૧૫૭	૨૨૦
૨૩ મહાવિદેહના વનમુખનો દેખાવ	૧૬૪	૨૨૬
૨૪ સૂર્ય–ચન્દ્રના મંડલક્ષેત્રનું ચિત્ર	૧૬૯	૨૩૧
૨૫ ચન્દ્રમંડલ અને ચન્દ્રમંડલના આંતરા (પહેલું)	૧૭૦	૨૩૩
૨૬ સૂર્યમંડલ અને મંડલના આંતરા (બીજું)	૧૭૦	૨૩૪
૨૭ સૂર્યનું પરસ્પર અંતર	૧૭૩	૨૪૦
૨૮ ઉદયાસ્તનું અંતર અને દૃષ્ટિ-ગોચર	૧૭૬	૨૪૮
૨૯ અઢીદ્વીપમાં ચન્દ્ર–સૂર્યની ૪ સૂચી–શ્રેણિ અને બહાર વલયશ્રેણિ	૧૮૨	૨૬૦
૩૦ લવણસમુદ્રમાં ગોતીર્થ અને જળવૃદ્ધિ	૧૯૫–૯૬	૨૮૪
૩૧ ગોતીર્થ અને જળવૃદ્ધિનો બે તરફનો દેખાવ	૧૯૫–૯૬	૨૮૬
૩૨ લવણસમુદ્રમાં શિખાનો દેખાવ	૧૯૭	૨૮૯
૩૩ પાતાલ કલશ	૧૯૯	૨૯૦
૩૪ ચાર મહાપાતાલ કળશ અને ૭૮૮૪–લઘુપાતાલ કળશ લવણસમુદ્રમાં	૨૦૦	૨૯૨
૩૫ લવણસમુદ્રમાં ૮ વેલંધરપર્વત	૨૦૯	૩૦૧
૩૬ જળ ઉપર દેખાતો વેલંધરપર્વત	૨૧૦	૩૦૪
૩૭ લવણસમુદ્રમાં ૫૬ અંતર્દ્વીપનો સામાન્ય દેખાવ	૨૧૨	૩૦૭
૩૮ ચૌદ દાઢા અને અંતરદ્વીપની વાસ્તવિક સ્થિતિ.	૨૨૧–૨૨૨	૩૧૮
૩૯ ધાતકીખંડના બે ઇષુકાર પર્વત	૨૨૫	૩૨૯
૪૦ ,, ,, ૧૪ પર્વત–૧૪ક્ષેત્રો	૨૨૬	૩૩૦
૪૧ ધાતકીખંડના મેરૂપર્વતનું પ્રમાણ	૨૨૯	૩૩૫
૪૨ પૂર્વધાતકી મહાવિદેહ અને ગજદંત–વિપર્યય તથા વનમુખ વિપર્યય	૨૩૨	૩૪૪
૪૩ પશ્ચિમધાતકી મહાવિદેહ ,,	૨૩૨	૩૪૪
૪૪ કાલોદધિ સમુદ્રમાં ૫૪ ચન્દ્રદ્વીપ ૫૪ સૂર્યદ્વીપ ૨ અધિપતિદ્વીપ	૨૪૧	૩૬૩
૪૫ માનુષોત્તર પર્વત	૨૪૨	૩૬૮
૪૬ કુંડલગિરિ ઉપર ચાર જિનચૈત્ય	૨૫૮	૩૯૪
૪૭ આઠમા નંદીશ્વર દ્વીપમાં ચાર દિશાએ ચાર અંજનગિરિ	૨૫૮	૩૯૪
૪૮ નંદીશ્વરદ્વીપમાં પર જિનચૈત્ય	૨૫૮	૩૯૬
૪૯ રૂચકદ્વીપમાં ચાર જિન ચૈત્ય અને ૪૦ દિક્કુમારિકા	૨૬૦	૩૯૬

સહાયકોની નામાવલિ

રકમ	નામ	શહેર
૨૫૦૧	પાડાપોળની બ્હેનોના ઉપાશ્રય તરફથી જ્ઞાન ખાતાના	અમદાવાદ
૧૨૫૧	સુશીલાબેન ચીમનલાલ	જોરાવરનગર
૧૦૦૧	સુનંદાબેન સુરેન્દ્રકુમાર	અમદાવાદ
૧૦૦૧	ધર્મ પ્રેમી એક સદ્ગૃહસ્થ તરફથી	મુંબઈ
૭૦૧	આયંબીલ ભુવનના ઉપાશ્રયની બ્હેનો તરફથી જ્ઞાનખાતાના	સાબરમતી
૫૦૧	વિનોદચંદ્ર ડાહ્યાભાઈ (કમળાબેનના શ્રેયાર્થે)	પાટણ
૫૦૧	માણેકબેન ચીમનલાલ	અમદાવાદ
૫૦૧	સમરથમલ હંસરાજ	સાબરમતી
૩૫૧	સરકારી ઉપાશ્રયની બ્હેનો તરફથી જ્ઞાન ખાતાના	પાટણ
૩૦૧	મણીલાલ ગોકળદાસ	અમદાવાદ
૨૫૧	એ. બી. પવાર	,,
૨૫૧	શાન્તિલાલ નથમલ	સાબરમતી
૨૫૧	ચંદ્રાબેન મનસુખલાલ	ભાવનગર
૨૫૧	લીલાવતીબેન હીરાલાલ	બેંગ્લોર
૨૫૧	રંભાબેન નાગરદાસ	,,
૨૫૧	જશવંતલાલ કસ્તુરચંદ (જાસુદબેનના શ્રેયાર્થે)	પાટણ
૨૫૧	ગજીબહેન મણિલાલ	સાબરમતી
૨૦૧	ચંદનબેન જયંતિલાલ જ્ઞાનમંદિર	મદુરાવાળા
૨૦૧	રંજનબેન નરેન્દ્રકુમાર	પાટણ
૨૦૧	જસુમતીબેન કાન્તિલાલ હ. યામિનીબેન	સુરેન્દ્રનગર
૨૦૧	મયાચંદ મલુકચંદ	બસુ
૨૦૧	લીલીબેન જસવંતલાલ	પેથાપુર
૨૦૧	હિંમતલાલ રતનચંદ	,,
૨૦૧	લાલભાઈ ભીખાલાલ ગોળવાળા	,,
૨૦૧	કાન્તાબેન વ્રજલાલ દૂધવાલા	મુંબઈ
૨૦૧	લીલાવતીબેન અંબાલાલ	બસુ
૨૦૧	કાન્તાબેન સેવંતીલાલ ચીમનલાલ	સાબરમતી
૨૦૧	પુનમચંદ જેસાજી	,,
૨૦૧	ચંદુલાલ મૂલચંદ	,,
૨૦૧	કમળાબેન રતિલાલ	,,
૨૦૧	વસુમતીબેન શશીકાન્તભાઈ	સિહોર
૨૦૧	ચંદનબેન મંગલદાસ	અમદાવાદ
૨૦૧	મણીબેન ડાહ્યાભાઈ હ. રમણલાલ	,,

રકમ	નામ	શહેર
૨૦૧	હીંમતલાલ દીપચંદ હ. ઇચ્છાબેન	ભાવનગર
૨૦૧	તરૂબેન સૂર્યકાન્ત	અમદાવાદ
૨૦૧	કમળાબેન શંકરલાલ	સાબરમતી
૧૫૧	ભગવાનભાઈ અમરચંદ	ભાવનગર
૧૫૧	લીલાવતીબેન ચુનીલાલ	,,
૧૫૧	અજવાળીબેન દુર્લભજી પારેખ	,,
૧૫૧	કમળાબેન સુરજમલ	મહેમદપુર
૧૫૧	લીલીબેન જયંતિલાલ વારૈયા	તળાજા
૧૫૧	ગજીબેન વાડીલાલ મગનલાલ કંસારા	સાબરમતી
૧૫૧	રૂપાબેન જશરાજ	,,
૧૫૧	શાંતાબેન ચંદનમલ	,,
૧૫૧	પુષ્પાબેન સાગરમલ	,,
૧૫૧	શાંતાબેન કેશરીમલ	,,
૧૫૧	નંદુબેન કીશનલાલ	,,
૧૫૧	ગોવિંદરામ વનેચંદ (કંકુબેનના શ્રેયાર્થે)	,,
૧૫૧	લલ્લુભાઈ વનેચંદ (ચંચળબેનના શ્રેયાર્થે)	,,
૧૫૧	પ્રભાવતીબેન શાંતિલાલ	,,
૧૫૧	શારદાબેન પ્રવિણચંદ્ર છોટાલાલ	,,
૧૫૧	હીરાબેન પુનમચંદ	,,
૧૫૧	લીલીબેન જશવંતલાલ સત્યવાદી હ. ગૌતમભાઈ	,,
૧૫૧	હીરાબહેન પોપટલાલ	સાબરમતી
૧૨૫	બાબુભાઈ ઍન્ડ સન્સ	સિહોર
૧૧૧	ચંદનબાલા અંબાલાલ મહેતા	અમદાવાદ
૧૦૫	લહેરીબેન કેશરીમલ	સાબરમતી
૧૦૧	કમળાબેન ચન્દ્રમલ	,,
૧૦૧	કાન્તાબેન પાનાચંદ	,,
૧૦૧	શાન્તાબેન છગનજી	,,
૧૦૧	કેશરબેન લાલભાઈ	,,
૧૦૧	ચુનીલાલ પનાલાલ હ. તારાબેન	,,
૧૦૧	સરસ્વતીબેન ધરમશીભાઈ	,,
૧૦૧	મંગુબેન બબાલાલ મગનલાલ	,,
૧૦૧	ચંદનબેન કાન્તિલાલ	સાબરમતી
૧૦૧	સકરચંદ ભાઈચંદ	,,
૧૦૧	ચંપાબેન ડાહ્યાભાઈ	,,
૧૦૧	ગુલાબબેન તેજમલ મગનલાલ	,,
૧૦૧	અંબાલાલ કસ્તુરચંદ	,,
૧૦૧	ગજીબેન ત્રિભોવનદાસ	,,
૧૦૧	જાસુદબેન અમૃતલાલ ઘીયા	,,
૧૦૧	પુંજીરામ ભાયચંદ	હરસોલ

રકમ	નામ	શહેર
૧૦૧	શાન્તાબેન મણીલાલ	સાબરમતી
૧૦૧	શાન્તાબેન બાબુભાઈ	,,
૧૦૧	મંજુબેન કુમારશીભાઈ	અમદાવાદ
૧૦૧	સુશીલાબેન પ્રબોધભાઈ કાપડીઆ	,,
૧૦૧	સુલોચનાબેન ચિનુભાઈ મોદી	,,
૧૦૧	રાજુલાબેન ચંપકલાલ	,,
૧૦૧	લીલાવતીબેન શકરચંદ	,,
૧૦૧	લીલાવતીબેન જેશીંગલાલ વોરા	,,
૧૦૧	પ્રબોધભાઈ ચીમનલાલ વકીલ	,,
૧૦૧	મંજુલાબેન કેશવલાલ	,,
૧૦૧	લાલભાઈ પ્રેમચંદ મુલતાની	,,
૧૦૧	ચિનુભાઈ લાલભાઈ હ. શારદાબેન	,,
૧૦૧	ચિનુભાઈ વાડીલાલ હ. શારદાબેન	,,
૧૦૧	હિંમતલાલ મથુરદાસ	,,
૧૦૧	છબલબેન વ્રજલાલ હ. બંસીભાઈ	,,
૧૦૧	જિતેન્દ્રભાઈ ચુનીલાલ	,,
૧૦૧	નિમુબેન હિંમતલાલ	ભાવનગર
૧૦૧	ભૂપતરાય ધરમશીભાઈ હ. પ્રતિભા	,,
૧૦૧	પરમાનંદ ભગવાનભાઈ હ. જશીબેન	,,
૧૦૧	ઉર્મિલાબેન વ્રજલાલ	,,
૧૦૧	હંસાબેન અનંતરાય	,,
૧૦૧	સૌભાગ્યબેન ભોગીલાલ	,,
૧૦૧	રમણીકલાલ જેઠાલાલ હ. મંછાબેન	,,
૧૦૧	મુમુક્ષુ બાલિકાઓ	,,
૧૦૧	એન. આર. શાહ	,,
૧૦૧	નિર્મળાબેન જયસુખલાલ કોળીયાકવાલા	,,
૧૦૧	શાન્તાબેન પ્રતાપરાય વલ્લભીપુરવાલા.	,,
૧૦૧	અજવાળીબેન પ્રેમચંદ તણસાવાલા.	,,
૧૦૧	રેખાબેન ધનવંતરાય	,,
૧૦૧	હીંમતલાલ મગનલાલ	,,
૧૦૧	સવિતાબેન કુંવરજીભાઈ	,,
૧૦૧	રંભાબેન રમણલાલ સુખડીયા	,,
૧૦૧	જગજીવનદાસ નરશીભાઈ હ. શાંન્તિભાઈ	,,
૧૦૧	સુરજબેન પી. જી. શાહ	,,
૧૦૧	પ્રભુદાસ વીરપાળ	સુરેન્દ્રનગર
૧૦૧	મુળચંદ સુખલાલ દોશી	,,
૧૦૧	શાંન્તિલાલ ચીમનલાલ દલાલ.	મુંબઈ
૧૦૧	હર્ષાબેન પ્રફુલચંદ્ર	,,

રકમ	નામ	શહેર
૧૦૧	કીશોરકુમાર એચ. શાહ હ ગીતાબેન	મુંબઈ
૧૦૧	મંજુલાબેન શાંતિલાલ	,,
૧૦૧	પ્રવીણચંદ્ર ડાહ્યાભાઈ દમણીયા.	વડોદરા
૧૦૧	રમેશચન્દ્ર ત્રિભુવનદાસ	,,
૧૦૧	સુશીલાબેન રમેશચંદ્ર	વલસાડ
૧૦૧	અજવાળીબેન નાનચંદ	નવસારી
૧૦૧	ગજરાબેન મનસુખલાલ	,,
૧૦૧	જયંતિલાલ ચેલજી	ચંડીસર
૧૦૧	છોટાલાલ હરગોવનદાસ	સિનોર
૧૦૧	જયસુખલાલ જમનાદાસ	સિહોર
૧૦૧	રસિલાબેન સરૂપચંદ	,,
૧૦૧	વીરબાળાબેન નિધીશકુમાર	રાજપરા
૧૦૧	શારદાબેન વસંતરાય	ટાણા
૧૦૧	કોકીલાબેન અનંતરાય	,,
૧૦૧	અમૃતલાલ ગીરધરલાલ	મ્હૈસુર
૧૦૧	ઘેલાભાઈ ઉજમશીભાઈ દેસાઈ	તલોદા
૧૦૧	ચુનીલાલ ભીખાભાઈ	કરોળી
૧૦૧	શારદાબેન રસિકલાલ	નરોડા
૧૦૧	પોપટલાલ ચીમનલાલ હ. પદમાબેન	,,
૧૦૧	કેશવલાલ બબલદાસ	મહેમદપુર
૧૦૧	શારદાબેન ઉત્તમચંદ	છાપી
૧૦૧	બબુબેન મણીલાલ	,,
૧૦૧	નીતીનકુમાર રસિકલાલ	પાલેજ
૧૦૧	ગજીબેન ગભરૂચંદના શ્રેયાર્થે હ. ઈન્દુબેન વિનોદચન્દ્ર	પાટણ
૧૦૧	નિર્મળાબેન ભગવાનદાસ	,,
૧૦૧	કુસુમબેન ખુબચંદ	,,
૧૦૧	પ્રેમીલાબેન રમેશચંદ્ર	,,
૧૦૧	સૂર્યાબેન સૂર્યકાન્ત	,,
૧૦૧	પુષ્પાબેન સુશીલભાઈ	પેથાપુર
૧૦૧	રમણલાલ મોહનલાલ	,,
૧૦૧	વિનોદચન્દ્ર દલપતરામ	,,
૧૦૧	શકરીબેન કેશવલાલ	,,
૧૦૧	મેનાબેન મનસુખલાલ હ. જસવંતલાલ	,,
૧૦૧	સુમનબેન મનુભાઈ	,,
૫૧	નીરૂબેન ચન્દ્રકાન્ત	,,
૫૧	પદ્દમાબેન સાંકરચંદ	,,
૫૧	ચિનુભાઈ મણીલાલ ગોળવાળા	,,

રકમ	નામ	શહેર
૫૧	વસંતલાલ ભોગીલાલ વળાદવાળા હ. સરોજબેન	સાબરમતી
૫૧	સવિતાબેન જીવાભાઈ	,,
૫૧	કાન્તાબેન છોટાલાલ ધીયા	,,
૫૧	માણેકલાલ ચીમનલાલ હ. વિમળાબેન	નરોડા
૫૧	શકરીબેન બાબુલાલ	બસુ
૫૧	મદનબેન તથા તારાબેન	વડોદરા
૫૧	મંજુલાબેન બાબુભાઈ	વલસાડ
૫૧	ભદ્રાબેન કાંટાવાલા	ભાવનગર
૫૧	નીલાબેન શરદચંદ	,,
૫૧	ચંદનબેન ચુનીલાલ ટી. સી. વાલા	,,
૫૧	સુરજમલ પ્રતાપરાય હ. નવીનચંદ્ર	,,
૫૧	છોટાલાલ અમરચંદ	,,
૫૧	મહેશકુમારના લગ્ન પ્રસંગની સ્મૃતિનિમિત્તે હ. ઇન્દુબેન સી.	,,
૫૧	રેખાબેન ચંદુલાલ	,,
૫૧	શાન્તાબેન મનસુખલાલ	,,
૫૧	હર્ષાબેન રસિકલાલ અલમપરવાલા	,,
૫૧	કલાવતીબેન ભાનુચંદ્ર ગાંધી	,,
૫૧	ભૂરીબેન વાડીલાલ	,,
૫૧	શારદાબેન ભાઈલાલ	મુંબઈ
૫૧	નારંગીબેન રતીલાલ	અમદાવાદ
૫૧	હીરાલાલ મણીલાલ કાપડીયા	,,
૫૧	સદ્‌ગુણાબેન ચીમનલાલ વકીલ	,,
૫૧	ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થ	પાલેજ
૫૧	વસ્તુપાળ ત્રિભોવનદાસ	,,
૫૧	જાસુદબેન રસિકલાલ	પાટણ
૫૧	કીરણબેન ભરતકુમાર	,,
૫૧	દમયંતિબેન હસમુખલાલ	,,

॥ ॐ नमोऽर्हत्परमेश्वराय ॥

ઉ.....પો.....દ્.....ઘા.....ત.

વિ૦ સં૦ ૧૯૯૦ની પ્રથમાવૃત્તિમાંથી

॥अनन्तलब्धिनिधानाय श्रीमते गौतमगणधराय नमोनमः ॥

नामं नामं नाकिनाथै-र्नतं श्रीज्ञातनन्दनम् ।
लघुक्षेत्रसमासस्यो-पोद्घातं वितनोम्यहम् ॥

જ્ઞાન-શ્રદ્ધા-ચારિત્ર ઈત્યાદિ અનુભવગમ્ય સહભાવી આત્મીય ગુણો પૈકી જ્ઞાન એ મુખ્ય ગુણ છે, સર્વ ગુણસમૂહમાં તેનું પ્રાધાન્ય છે. જગત્વર્તિ સર્વજીવો ન્યૂનાધિકતયા જ્ઞાનગુણથી અવિરહિત છે. જ્ઞાન ગુણ છે, આત્મા ગુણી છે. એ ગુણગુણીનો સંબંધ અવ્યભિચારી છે. અર્થાત્ જ્યાં જ્ઞાન છે ત્યાં આત્માનું અસ્તિત્વ છે જ, અને જ્યાં આત્મા છે ત્યાં જ્ઞાનસત્તા અવશ્ય પ્રતીત થાય છે. જ્ઞાનાંશરહિત દ્રવ્ય જડની કોટિમાં ગણાય છે. જ્ઞાન-ચિદ્-ચૈતન્ય-અવબોધ-એ સર્વ પર્યાયવાચક શબ્દો છે.

યાવત્ પર્યંત આત્મા જ્ઞાનગુણને આવારક જ્ઞાનાવરણીય કર્મયુક્ત હોઈ છદ્મસ્થ છે ત્યાંસુધી તે આત્મામાં સર્વાંશે જ્ઞાનના આવિર્ભાવનો અભાવ હોય છે. એ જ્ઞાન-ગુણાવારકકર્મનો નિર્મૂલ ક્ષય થવા પૂર્વક આત્મા આવારક કર્મથી જ્યારે નિર્લેપ થાય છે ત્યારે લોકાલોકવર્તિ ત્રૈકાલિક ચરાચર ભાવોને હસ્તામલકવત્ નિરીક્ષણ કરવાની અવિનાશિની અતીન્દ્રિય અનંતશક્તિનો આત્મા ભોક્તા બને છે. જે વિશિષ્ટ વ્યક્તિમાં એ અનન્તશક્તિ પ્રાદુર્ભાવ થાય છે. તે વ્યક્તિ સાક્ષાત્ ઈશ્વર-પરમાત્મા કિંવા ઈશ્વર-પરમાત્મા સ્વરૂપ ગણાય છે. જૈનદૃષ્ટિ તે વ્યક્તિને તીર્થંકર-અરિહંત અથવા કેવલી-સર્વજ્ઞ એવા પૂજ્ય શબ્દોથી સંબોધવા પૂર્વક અહર્નિશ અર્ચના કરવા ફરમાન કરે છે.

વિચારશકિતસમ્પન્ન પ્રાયઃ પ્રત્યેકપ્રાણી એ પરમાત્મતત્ત્વનો ઉપાસક હોય છે. પરમાત્મદશાની પ્રાપ્તિ એ ઉપાસકની ઉપાસનાનું ધ્યેય છે. વર્તમાન જગતમાં જૈન-બૌદ્ધ-શૈવ-વૈષ્ણવ-મુસ્લીમ-પારસી. કિંવા ક્રિશ્ચીયન વિગેરે જે જે ધાર્મિક ફિરકાઓ નજરમાં આવે છે તે પ્રત્યેક ફિરકાઓમાં ધર્મારાધક તે તે વ્યક્તિનો આશય પરમાત્મદશાપ્રાપ્તપુરૂષની સાધના પ્રાપ્ત કરવાનો હોય છે. નીચે જણાવાતી તે તે ધર્મશાસ્ત્રોની પંક્તિઓ દ્વારા થતી પ્રભુ પ્રાર્થનામાં પણ એજ આશય સ્પષ્ટ તરી આવે છે.

પરમાત્મતત્ત્વની ઉપાસના

જૈન;—

"નમો અરિહંતાણં । નમો સિદ્ધાણં । નમો આયરિઆણં । નમો ઉવજઝાયાણં । નમો લોએ સવ્વસાહૂણં । એસો પંચ નમુક્કારો । સવ્વ પાવપ્પણાસણો । મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં ॥

અર્થ;—"અરિહંતને નમસ્કાર થાઓ. સિદ્ધને નમસ્કાર થાઓ. આચાર્યને નમસ્કાર થાઓ. ઉપાધ્યાયને નમસ્કાર થાઓ. લોકને વિષે વર્ત્તતા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ. એ પંચ નમસ્કાર શ્રુતસ્કંધ, સર્વ પાપનો નાશ કરનાર છે. સર્વ મંગલમાં પ્રથમ મંગલ છે."

બૌધ્ધ;—

મૂલ

"નમો તસ્સ ભગવતો અરહતો સમ્માસમ્બુદ્ધસ્સ । બુદ્ધં સરણં ગચ્છામિ । ધમ્મં સરણં ગચ્છામિ । સંઘં સરણં ગચ્છામિ ॥"

અર્થ;—"પૂર્ણપ્રજ્ઞ અર્હન્ ભગવાન્ બુદ્ધને નમસ્કાર થાઓ. હું બુદ્ધનું શરણ સ્વીકારું છું, ધર્મનું શરણ સ્વીકારું છું, સંઘનું શરણ સ્વીકારું છું."

શ્રીમદ્ભગવદ્ ગીતા

"ત્વમાદિદેવઃ પુરુષઃ પુરાણ-
સ્ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।
વેત્તાસિ વેદ્યં ચ પરં ચ ધામ,
ત્વયા તતં વિશ્વમનન્તરૂપમ્ ॥ ૧ ॥

વાયુર્યમોઽગ્નિર્વરુણઃ શશાઙ્કઃ,
પ્રજાપતિસ્ત્વં પ્રપિતામહશ્ચ ।
નમો નમસ્તેઽસ્તુ સહસ્રકૃત્વઃ,
પુનશ્ચ ભૂયોઽપિ નમો નમસ્તે ॥ ૨ ॥

અર્થ;—(હે પરમાત્મન્ !) આદિદેવ તમે જ છો, પુરાણ પુરૂષ તમે છો, વિશ્વના ઉત્કૃષ્ટ નિધાનરૂપ પણ તમે જ છો, (અખિલ તત્ત્વના) જ્ઞાતા પણ તમે છો, જાણવા લાયક સર્વોત્કૃષ્ટ તેજ સ્વરૂપ તમે છો, તમોએજ અનન્ત સ્વરૂપ વિશ્વનો વિસ્તાર કરેલો છે. વાયુ-યમ-અગ્નિ-વરૂણ-ચંદ્ર-બ્રહ્મા-અને વિધાતા એ સર્વ તમે જ છો. હજારોવાર તમને મારો નમસ્કાર થાઓ. ફરીથી પણ મારો તમને નમસ્કાર થાઓ"

પારસી;—

"યાનીમ નમો યાનીમ વચો યાનીમ
પયઓથનેમ અષઓનો જરથુસ્ત્રે હે ।
કા અમેષા સ્પેન્તા ગાથાઓ ગેઉરવા-
ઈન । નેમો વે ગાથાઓ અષઓનીશ ।"

અર્થ;—"પુન્યાત્મા જરથુસ્ત્રનો કર્મને ધન્ય છે, વચનને ધન્ય છે અને વિચારને ધન્ય છે. એ પવિત્ર આત્માએ ધર્મગ્રંથોનું પ્રકાશન કર્યું હે દિવ્ય ધર્મગ્રન્થ ! તારી હું સ્તુતિ કરું છું."

ઈસાઈ (ક્રીશ્ચિયન)

"Almighty God ! unto whom all hearts be open, all desires known, and from whom no secrets are hide; eleanse tne thoughts of our hearts by the inspiration of the holy spirit, that we may periectly love tliee, and worthily magnify the Holy Name, Through christ our Lord." "Ameu."

અર્થ;—"સર્વ શક્તિમાન્ પ્રભુ જે પ્રત્યેકના હૃદયને દેખે છે, દરેકની અભિલાષાઓ જાણે છે, અને કોઈપણ રહસ્ય જેમનાથી ગુપ્ત નથી તે પરમાત્મા પોતાના દિવ્ય આત્માની પ્રેરણાથી અમારા વિચારો નિર્મલ બનાવે જેથી અમે પ્રભુ પ્રત્યે સંપૂર્ણ પ્રેમ કરીએ અને પ્રભુના નામનો મહિમા પ્રભુ યીશુમસીહ દ્વારા સર્વત્ર વિસ્તારીએ. (આમીન.)"

મુસલમાનો;—

"બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ । અલહમ્દોલિલ્લિાહે રબ્બિલ આલમીન્ । અર્રહમાનિર્રહીમ । માલિકે યૌમિદ્દીન્ । ઇય્યાકના 'બુદ્દો વ ઇય્યાકા નસ્ત' ઈન્ । ઈહદેનસ્ સિરાતલમુસ્તકીમ । સીરાતલ્લ જીના અન ' અમ્ત ' અલૈહિમ ગૈરિલ મગ-દૂબે, અલૈહિમ બલદ્દાલીન્ । આમીન્ ।"

અર્થ;—"દયાલુ કરુણામય અખિલવિશ્વના પ્રભુ ભગવંતને પ્રાર્થના કરું છું. તે દયાલુ કરુણા-મય ધર્મ-દિવસના અધિપતિ છે. તે જ્ઞાનમય છે તે જ શક્તિમાન્ છે. જે સન્માર્ગમાં તમારી રમણતા છે તે સન્માર્ગમાં માર્ગપ્રદર્શક તમે થાઓ. જેઓ તને નથી માનતા અને અધર્માચરણ કરે છે તેમનો તું નથી."

ઉપર જણાવ્યા મુજબ પ્રત્યેક સમાજને ધર્મ ધર્મના સંસ્થાપક અને ધર્મોપદેશક અર્થાત્ દેવ-ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વો માનવાની તથા તેઓએ જણાવેલા ફરમાનો પ્રમાણે ચાલવાની ફરજ રહેલી છે એમ સહેજે જણાઈ આવે છે, છતાં અજ્ઞાનથી પૂર્વોક્ત સિદ્ધાન્ત વિરૂદ્ધ મન્તવ્યો-કર્ત્તવ્યો પણ કોઈ કોઇ સ્થાને કોઈ વ્યક્તિઓ તરફથી પ્રગટ થતાં જોવાય છે. જ્યાં સુધી પરમાત્મદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સ્વતંત્રપણે 'મારી માન્યતાઓ સાચી છે, મારી કલ્પનાઓ યથાર્થ છે' ઇત્યાદિ વાક્યો કિંવા વિચારો કોઈ પણ વિચારશીલ વ્યક્તિના મુખમાં અથવા માનસમાં શોભાસ્પદ નથી. **'સર્વજ્ઞ થવું અને સર્વજ્ઞ થવા માટે મહર્ષિઓના સિદ્ધાન્તોનો આશ્રય લઈ તે અનુસારે વર્ત્તન કરવું.'** એજ પરમાત્મ દશા પ્રાપ્ત કરવાના અભિલાષી મુમુક્ષુઓને યોગ્ય છે.

પદાર્થવિજ્ઞાનનો ઉપાય.

પૂર્વોક્ત ફરમાનનું વર્ત્તમાનમાં પ્રાયઃ કેટલાક માર્ગમાં વિસ્મરણ જોવાય છે. અને એથીજ એક જ સાધ્યવાળામાં પણ એક બીજાના ઉપદેશો તથા વાકયોમાં વિસંવાદ સ્પષ્ટ જણાય છે. આ ચાલુ જમાનામાં તત્ત્વાતત્વના રહસ્યથી કેટલોક અજ્ઞાતવર્ગ કોઈ પણ પદાર્થ (વસ્તુતત્વ) ના નિરૂપણ પ્રસંગે આપ્તપુરૂષોના અબાધિત સિદ્ધાન્તોને દૂર રાખી કેવલ કલ્પનાના હવાઈ કિલ્લાઓ ખડા કરે છે. પરંતુ 'કૂપ મંડૂક' ન્યાયથી બુદ્ધિમાન વ્યકિતને એ માર્ગ સ્વીકારવા લાયક નથી જ. **પ્રત્યક્ષ-પરોક્ષ કિંવા પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન-શબ્દ (આગમ)** એ પ્રમાણોથીજ પદાર્થ નિરૂપણ હોઇ શકે. કોઈ પદાર્થ પ્રત્યક્ષ પ્રમાણ સિદ્ધ હોય. કોઈ અનુમાન પ્રમાણ સિદ્ધ હોય. જ્યારે કોઈ પદાર્થની સિદ્ધિમાં શબ્દ (આગમ) પ્રમાણ પણ અવશ્ય કબુલ કરવું પડે. કારણ કે શબ્દ (આગમ)ના પ્રણેતા રાગદ્વેષ રહિત સર્વજ્ઞ હોઈ તેમના

વચનમાં વિરોધાભાસ હોય જ નહિ. અસત્ય પ્રતિપાદન કરવાના કારણો રાગદ્વેષ ને મોહ છે, એ કારણોનો નિર્મૂલ ક્ષય કરેલ હોઈ એ મહાન્ વિભૂતિઓના વચનોમાં અસત્યનો અંશપણ ન હોય એ નિશ્ચય છે.

જૈન સિદ્ધાન્તોની યથાર્થતા

પ્રસ્તુત વિષયની વિશેષ સિદ્ધિને અર્થે અહિં જણાવવું અસ્થાને નહિંજ ગણાય ! જે–વર્તમાનમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી શોધાયેલ ટેલીફોન–વાયરલેસ ટેલીગ્રાફ–રેડીઓ ફોનોગ્રાફ વિગેરે યંત્રોથી શબ્દોનું પૌદ્‌ગલિકપણું સિદ્ધ થાય છે. 'शब्दगुणकमाकाशम्' શબ્દ એ આકાશનો ગુણ છે' એ પ્રમાણે જોરશોરથી ઉદ્‌ઘોષણા કરતું ન્યાય–કિંવા વૈશેષિક દર્શન પણ પૂર્વોક્ત યાંત્રિક પ્રયોગોમાં શબ્દોનું ઉત્પાદન તેમજ કાલાંતરે પણ વક્તા વિના શબ્દોનું ઉત્પાદન થતું જોઈ 'શબ્દ એ આકાશનો ગુણ છે' એ માન્યતામાં શિથિલ થયું છે. જ્યારે વસ્તુના સ્વરૂપને હસ્તામલકવત્ આત્મ પ્રત્યક્ષ કરનારા સર્વજ્ઞ ભગવંતોએ હાલની સાયન્ટીફીક (વૈજ્ઞાનિક) પદ્ધતિ પ્રમાણે કોઈ પણ પ્રકારના યાંત્રિક સાધનોથી પ્રયોગો (એકસપેરીમેન્ટ) કર્યા સિવાયજ લોકાલોકપ્રકાશકજ્ઞાનના સામર્થ્યથી અનેક વખત ઉદ્‌દોષણા પૂર્વક જણાવેલ છે કે શબ્દ એ આકાશગુણ નથી પરંતુ પુદ્‌ગલસ્વરૂપ છે. 'મહાનુભાવ તીર્થંકર ભગવંતોના જન્મ વિગેરે કલ્યાણક પ્રસંગોમાં ઇન્દ્રમહારાજની આજ્ઞાથી હરિણગમેષીદેવે વગાડેલ સુઘોષા ઘંટાનો શબ્દ અસંખ્યાત યોજન દૂર તેમજ અસંખ્ય યોજન વિમાનના વિમાનો ઉલ્લંઘી પ્રત્યેક વિમાનમાં રહેલ ઘંટામાં ઉતરી ત્યાં ત્યાં રહેલા દેવોને પ્રભુના કલ્યાણકાદિ પ્રસંગોની જાગૃતિ કરાવે છે.' ઇત્યાદિ વૃત્તાંતનું શ્રવણ કરનારાઓમાંથી કેટલીક વિચારશિથિલ વ્યક્તિઓને સુઘોષા ઘંટાનો શબ્દ તે તે દેવોની ઘંટામાં ઉતરવા સંબંધી આશ્ચર્ય ઉત્પન્ન થતું હતું તે આશ્ચર્યને વર્તમાનમાં શોધાયેલ 'રેડીયો' વિગેરે યાંત્રિક પ્રયોગોએ અમેરિકા–યુરોપ-વિગેરે દૂર પ્રદેશોમાં થતા ભાષણો તેમજ ગાયનો અહિં રહેલ વ્યક્તિઓને સંભળાવીને સદંતર દેશવટો આપી શબ્દના પૌદ્‌ગલિકપણાને સ્પષ્ટપણે જણાવી દીધેલ છે.

એ જ પ્રમાણે **'ક્ષિત્યપ્તેજોમરુદ્વ્યોમ–કાલદિગ્દેહિનો મન.'** એ વૈશેષિકદર્શનના સિદ્ધાંતની રૂએ પાણી તેમજ વાયુ પૃથક સ્વતંત્ર જાતિના પરમાણુથી બનેલ દ્રવ્યો હોવાનું પ્રતિપ્રાદન થાય છે. પરંતુ બે ભાગ હાઈડ્રોઝન તેમજ એક ભાગ ઓકસીજન ($H\ \frac{2}{2}+6=$Water) મળતાં તુરત પાણી થાય છે અને પાણીપણે પરિણમેલા અણુઓ પ્રયોગથી હાઈડ્રોઝન અને ઓકસીજન રૂપે પરિણમે છે એમ વૈજ્ઞાનિક (સાયન્ટીફીક) પદ્ધતિથી એકીકરણ તથા પૃથક્કરણ થતું જોવામાં આવવાથી પૂર્વોક્ત નૈયાયિક સિદ્ધાંત અસત્ય ઠરે છે. જે દ્રવ્ય સ્વતો ભિન્ન છે તેનું દ્રવ્યાન્તર રૂપે ત્રણકાલમાં પરિવર્તન થતું નથી. જ્યારે જે વસ્તુને વૈજ્ઞાનિક–પદ્ધતિથી અમુક પ્રકારે માનવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે તે જ વસ્તુને **મહાનુભાવ સર્વજ્ઞભગવંતોએ** વસ્તુના યથાર્થ ભાવને પૃથક્ પૃથક્ સ્વરૂપે ન વર્ણવતાં બાહ્યથી દેખાતા તેમજ અનુભવાતા તે પાણી તેમજ વાયુના શરીરનો પુદ્‌ગલદ્રવ્યને તેમાં પણ ઔદારિક નામની જાતિમાં સમાવેશ હોવાનું પ્રતિપાદન કરેલ છે.

એ જ પ્રમાણે અમુક વર્ષોથી પ્રગતિ પામેલ ફોટોગ્રાફિક પદ્ધતિ સંબંધી **શ્રી પ્રજ્ઞાપનાસૂત્રની** ટીકામાં સમર્થ વ્યાખ્યાતા વિદ્વત્ શિરોમણિ **શ્રી મલયગિરિ મહારાજાએ** પ્રત્યેક તથાવિધ બાદર મૂર્તદ્રવ્યમાંથી 'ફુવારામાંથી વહેતા પાણીની માફક' કેવી રીતે છાયાના પુદ્‌ગલોનો પ્રવાહ નીકળે છે ? અને તે છાયાના પુદ્‌ગલોનું ભાસ્વર તેમજ અભાસ્વર દ્રવ્યમાં કેવું પ્રતિબિમ્બ પડવા સાથે કેવા પ્રકારથી ગ્રહણ થાય છે ? તે સંબંધી ઘણો જ રોચક ઉલ્લેખ કર્યો છે. એથી એ નિર્ણય થાય છે કે શ્રી જિનેશ્વરના સિદ્ધાંતમાં જે પણ વસ્તુનું પ્રતિપાદન થયું છે તે એમને એમ તો નથી જ. ફક્ત તે તે શાસ્ત્રોની તેથી પ્રત્યેક પંક્તિ ઉપર ખુબ વિચાર થવાની આવશ્યકતા છે.

આ પ્રસંગે મારે અવશ્ય જણાવવું પડશે કે સર્વજ્ઞ પ્રભુના સિદ્ધાન્તોમાં પ્રત્યેક વસ્તુસંબંધી સંપૂર્ણ પ્રતિપાદન છતાં વસ્તુની શોધ માટે નિર્ણયો થઈ શકતા નથી તેમાં તે સિદ્ધાંતોના વાચન-મનન અને સંપૂર્ણ નિદિધ્યાસનની પુરેપુરી ખામી એ જ કારણ છે. અનંત જ્ઞાનીઓના અબાધિત સિદ્ધાન્તો અનાદિ સિદ્ધ હોવા છતાં તે જાણવાની બેદરકારી તેમજ તેના જિજ્ઞાસુઓ માટે જોઈતા ઉત્તેજનનો અભાવ વિગેરે કારણોથી જ્ઞાનસિદ્ધપ્રયોગો પણ સમજાવી શકાતા નથી. તે માટે આપણા સમાજમાં લગભગ અસ્ત પામેલ જિજ્ઞાસુવૃત્તિને હવે પ્રગતિપ્રધાન કહેવાતા યુગમાં જાગૃત રાખવાની ખાસ જરૂર છે. અને એમ થશે તો જ આપણે આપણા મૌલિકસિદ્ધાંતોનું સંરક્ષણ કરવા સાથે આપણા હાથે જ વૈજ્ઞાનિક ઉન્નતિ કરી અન્ય જગતને આશ્ચર્ય પમાડવા યોગ્ય પદાર્થવિજ્ઞાન પૂરું પાડવા ભાગ્યશાળી બનીશું. સર્વજ્ઞ શાસનમાં અન્ય પદાર્થોની માફક ક્ષેત્રોનું પણ પ્રતિપાદન અદ્વિતીયપણે હોવાથી તેના જ્ઞાનની પણ જરૂરીયાત ગણાય તે સ્વાભાવિક છે. તે સર્વજ્ઞ ભગવાનના ક્ષેત્ર વિષયક કથનને અનુસરી **શ્રી લઘુક્ષેત્રસમાસ** નામનો આ ગ્રન્થ પૂજ્યવર્ય **શ્રીરત્નશેખરસૂરીશ્વરજી** મહારાજે રચેલો છે, જેમાં જૈન દૃષ્ટિએ ક્ષેત્રનું સ્વરૂપ સર્વજ્ઞશૈલીથી પ્રદર્શિત કરેલું છે. આ ગ્રન્થમાં પણ પૂજ્યગ્રન્થકારે ઉપાન્ત્યગાથામાં ટાંકેલા નીચે જણાવાતા શબ્દો ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે:—

સેસાણ દીવાણ તહોદહીણં, વિઆરવિત્થારમણોરપારં ।
સયા સુયાઓ પરિભાવયંતુ, સવ્વંપિ સવ્વન્નુમઈક્કચિત્તા ॥ ૧ ॥

[શેષદ્વીપસમુદ્રો સંબંધી જે અનંત સ્વરૂપ વર્ણન છે તેને (મતિકલ્પનાથી નહિ પરંતુ) સર્વજ્ઞ મતમાં એક ચિત્તવાળા થઈને શ્રી સર્વજ્ઞભાષિતસિદ્ધાન્તને અનુસારેજ વિચારવું.]

શ્રદ્ધાગમ્ય પદાર્થો.

પૂર્વોક્ત વચન ઉપરથી એવો સાર કાઢી શકાય છે કે;-ક્ષેત્રસંબંધી અથવા ગમે તે વિષયસંબંધી શાસ્ત્રોમાં વર્ણવેલું સ્વરૂપ દૃઢશ્રદ્ધાવંત હોય તે જ સત્ય માની શકે છે, અથવા તો સર્વજ્ઞ પોતે સાક્ષાત્ જાણી દેખી શકે છે. પરંતુ સર્વજ્ઞમતની શ્રદ્ધારહિતને માટે તો તે સ્વરૂપ સત્ય માનવું એ બહુ વિષમ છે, કારણ કે અમુક માઈલના જ વિસ્તારવાળી આ દુનીયા-પૃથ્વી છે, એવા નિર્ણયવાળાઓને અને હિમાલયથી મોટા પર્વતો દેખ્યા ન હોય તેવાઓને તથા પાસીફિક આટલાંટિક આદિ મહાસાગરોથી મોટા સમુદ્રો દૃષ્ટિગોચર ન થયા હોય તેવાઓને હજારો યોજનના પર્વતો, કરોડો યોજનના તથા અસંખ્ય યોજનના દ્વીપ સમુદ્રો કહીએ તો તે શી રીતે માને? એવાઓના મનમાં તો એમ જ આવે કે એટલા મોટા પર્વતો દ્વીપો તથા સમુદ્રો હોઈ શકે જ નહિ. પણ એ બધી શંકાનો આધાર પૃથ્વીભ્રમણની માન્યતા ઉપર જ રહેલો છે અને તે માન્યતા ખોટી છે એ નિરાગ્રહી મનુષ્યો સમજી શકે તેમ છે, પણ તે શ્રદ્ધાનો વિષય છે. માટેજ કેટલાક અતીન્દ્રિયવિષયો શ્રદ્ધાગમ્ય હોય એમ માનવું જ યોગ્ય છે,

આધુનિક સમયમાં ક્ષેત્રાદિવિષયસંબંધી એ જ પરિસ્થિતિ ઉભી થયેલ છે. એ કારણથી જ સર્વજ્ઞ-સિદ્ધાંતોમાં તેમજ પ્રાયઃ પ્રત્યક્ષપ્રમાણનો જ સ્વીકાર કરનારા પાશ્ચાત્ય વિદ્વાનોની માન્યતાઓમાં વિસંવાદ જોવામાં આવે છે.

શાસ્ત્રીય માન્યતાઓ.	આધુનિક માન્યતાઓ.
૧ પૃથ્વીનો આકાર પુડલો અથવા થાળી સરખો ગોળ છે.	૧ પૃથ્વીનો આકાર ઈંડા અથવા નારંગી સરખો ગોળ છે.
૨ પૃથ્વી સ્થિર છે. ચન્દ્ર સૂર્યાદિ ફરે છે.	૨ ચન્દ્ર સૂર્ય સ્થિર છે. પૃથ્વી પોતાની ધરી ઉપર તેમજ સૂર્યની આસપાસ ફરે છે અને ચન્દ્ર પૃથ્વીની આસપાસ ફરે છે.
૩ પૃથ્વી મોટી છે. અસંખ્ય યોજન પ્રમાણ છે. અને સૂર્ય ચંદ્ર વિગેરે નાના છે.	૩ સૂર્ય ઘણો મોટો છે. પૃથ્વી તેની અપેક્ષાએ ઘણી નાની અમુક પ્રમાણની જ છે.
૪ પૃથ્વી પૃથ્વીસ્વરૂપ છે. પરંતુ ગ્રહ નથી.	૪ બુધ–શુક્ર વિગેરે અન્ય ગ્રહોની માફક પૃથ્વી એ (ઉપ) ગ્રહ છે.
૫ અસંખ્યદ્વીપ સમુદ્ર પ્રમાણ પૃથ્વી છે.	૫ એશીયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા વિગેરે પાંચ ખંડ પ્રમાણ પૃથ્વી છે.

એ સિવાય બીજી પણ પરસ્પર વિરોધી ઘણી માન્યતાઓ છે. એ સર્વ માન્યતાઓ સંબંધી શાસ્ત્રીય તેમજ આધુનિક દૃષ્ટિથી સમન્વય કિંવા ખંડન મંડન કરવા બેસીએ તો ઘણોજ વિસ્તાર થઈ જાય. ઉપોદ્‌ઘાત લખવા જતાં એક ગ્રંથ જેટલું લખાણ થવાનો સંભવ રહે. અને અંતે શ્રદ્ધાશીલને તો શ્રદ્ધાનો જ આશ્રય લેવો પડે. આમ છતાં શાસ્ત્રીય તેમ જ આધુનિક બન્ને દૃષ્ટિઓ પોતપોતાના મંતવ્યોને પગભર કરવા અનેક પ્રકારની જે જે યુક્તિઓ રજુ કરે છે તેમાં વિચારદૃષ્ટિએ કઈ યુક્તિ યોગ્ય છે, અને કઈ યુક્તિ દોષાપન્ન છે, એનો સંપૂર્ણ ખ્યાલ તો તે તે વિષયના લગભગ ઠીક જાણકારો ભેગા મળે અને ચર્ચા કરે ત્યારે જ આવી શકે. તો પણ બાલ જીવો વસ્તુતત્ત્વથી યત્કિંચિત્ માહિતગાર થાય તે માટે એકાદ મંતવ્ય ઉપર સહેજ ઈશારો કરવો એ અસંગત નહિ ગણાય.

પૃથ્વીનો આકાર.

'પૃથ્વીનો આકાર ઈંડા અથવા નારંગી સરખો ગોળ છે' એવું પાશ્ચાત્ય વિદ્વાનોનું મંતવ્ય છે, જ્યારે શાસ્ત્રીયમંતવ્ય ઉપર જણાવ્યા મુજબ અન્ય પ્રકારે છે. ભિન્ન ભિન્ન આ બન્ને માન્યતાઓ ઉપર વિચાર કરતાં પ્રથમ તો એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જે પૃથ્વીને નારંગી સરખી ગોળ માનવી છે તે પૃથ્વીમાં સ્વર્ગ–મૃત્યુ–પાતાલ સ્વરૂપ ત્રણે લોકનો સમાવેશ સ્વીકારાય છે કે ત્રણ લોકમાંથી ફક્ત એકલા મૃત્યુલોકનો જ સમાવેશ ગણાય છે ? જે વ્યક્તિઓ 'સ્વર્ગલોક અથવા પાતાલલોક એ વસ્તુતઃ છેજ નહિ' એવી માન્યતાઓને ધરાવતા હોય તેવાઓ માટે પરભવ કે ધર્મ જેવી વસ્તુ ઉદ્દેશીને લખાણ કરવું એ કોઈપણ સુજ્ઞ વ્યક્તિ માટે યોગ્ય નથી. કારણ કે 'અન્ય પ્રમાણોથી સિદ્ધ વસ્તુનો અપલાપ કરવા પૂર્વક ફક્ત ચર્મચક્ષુગોચર વિષયો જ જગતમાં છે એ સિવાય સર્વ ભ્રાંતિ છે' ઇત્યાદિ મંતવ્યો ધરવા સાથે નાસ્તિકવાદના શિખરે આરૂઢ થયેલાઓ માટે શાસ્ત્રીય ચર્ચાઓ કરવી એ ચર્ચા કરનારની જ નિરર્થક વાચાલતા છે. વાસ્તવિક સ્વર્ગપ્રમુખ ત્રણે લોકનો સમાવેશ કરવા પૂર્વક પૃથ્વીને દડા સરખા ગોળ કહેવી એ તદ્દન અસંગત છે. જે વિષય ઇન્દ્રિયગમ્ય નથી, વિશિષ્ટજ્ઞાનના અભાવે જ્યાં સુધી ઇષ્ટવિષયનું સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન ધરાવવાને આત્મા સમર્થ બન્યો નથી ત્યાં સુધી સ્વયં અતીન્દ્રિયવિષયોનું સ્વરૂપ કહેવું કે નિષેધવું એ કૂવાના દેડકા પાસે સમુદ્રના સ્વરૂપનું કથન તુલ્ય છે. કારણ કે !—

ધર્મશાસ્ત્રોમાં અનંતજ્ઞાની મહર્ષિઓએ ત્રણેલોકનો સમુદિત આકાર કેડે હાથ દઈ પગ પહોળા કરીને ઉભેલા પુરૂષ સરખો (વૈશાખ સંસ્થાન) આકાર જણાવેલો છે. જે વિષય પરિમિત-

જ્ઞાનની દૃષ્ટિથી બાહ્ય છે તે વિષયમાં 'અનન્તજ્ઞાનીઓના વચન ઉપર શ્રદ્ધા' એજ શ્રદ્ધાશીલ સમાજ માટે રાજમાર્ગ છે.

'આધુનિક દૃષ્ટિએ જેટલી પૃથ્વીને ગોળ માનવી છે તે પૃથ્વીથી ચન્દ્ર સૂર્ય નક્ષત્રાદિ સર્વ જ્યોતિશ્ચક્ર ભિન્ન હોવાથી કેવળ મધ્ય-મૃત્યુલોકનો જ નારંગી સરખી ગોળ પૃથ્વીમાં સમાવેશ છે' એ મંતવ્યમાં પણ અનેક વિરોધો નીચે મુજબ પ્રત્યક્ષ જણાઈ આવે છે.

પૃથ્વીની નારંગી સરખી ગોળાઈમાં વિરોધી હેતુઓ.

ઈ. સ. ૧૪૯૨ માં કોલમ્બસે અમેરિકાને શોધી કાઢ્યો. તે પહેલાં અમેરિકાનું અસ્તિત્વ છતાં એ દેશ અપ્રસિદ્ધ-અપ્રગટ હતો અહિં પ્રત્યેક વિચારશીલ વિદ્વાનોએ વિચાર કરવાની ખાસ જરૂર છે જે કોલમ્બસે કરેલી અમેરિકાની શોધ પહેલાં પૃથ્વીનો આકાર કેવો મનાયો હતો? અને શોધ કર્યા બાદ તે આકારમાં કાંઈ ફારફેર થયો કે કેમ? જો અમેરિકાની શોધ કર્યા પહેલાં પણ ગોળ જ સ્વીકારીએ તો શોધ થયા બાદ પ્રથમની આકૃતિમાં કાંઈપણ ફારફેર થવો જોઈએ, શોધ થવા અગાઉ આકાર ગોળ ન હતો એવું જો માનીએ તો પૃથ્વીના ગોળ આકાર સંબંધી માન્યતા ચોક્કસ થઈ શકતી જ નથી. કારણ કે જેમ કોલમ્બસે અમેરિકા શોધ્યો ત્યારબાદ થોડા વર્ષો પહેલાંજ અમુક વ્યક્તિના સાહસથી ન્યુઝીલેંડ શોધાયો તેમ હજુ પણ એ ગોળાકાર મનાતી પૃથ્વીના પડ ઉપર બીજા અપ્રગટ દેશોનું અસ્તિત્વ નહિં હોય તેની શી ખાત્રી? અને જ્યાં સુધી એ અપ્રગટ દેશોના અસ્તિત્વ સંબંધી કોઈપણ ચોક્કસ નિર્ણય ઉપર ન આવી શકાય ત્યાં સુધી 'પૃથ્વીનો આકાર અમુક પ્રકારનો ગોળ છે' એવી માન્યતા પ્રગટ કરવી એ વિચારવાન્ વ્યક્તિને યોગ્ય નથી. પહેલાં અર્ધગોળ માને અને હાલ સમ્પૂર્ણ ઈંડા જેવો માને તોપણ હજુ સુધી ઉત્તર અને દક્ષિણધ્રુવની તરફના પ્રદેશોની શોધ ન્યૂન હોવાથી ઉત્તર કે દક્ષિણ તરફની મુસાફરી એક દિશાની થઈ શકી નથી અને તે વિના પૂર્વ પશ્ચિમની મુસાફરી મધ્યક્ષેત્રમાં રહેલ ધ્રુવની ચારે બાજુ કેમ ન હોય?

સ્ટીમરના દૃષ્ટાંતમાં વિસંવાદ.

'સમુદ્રકિનારેથી ચાલી જતી સ્ટીમર શરૂઆતમાં સંપૂર્ણ દેખાય છે, અમુક પ્રમાણમાં દૂર જતાં સ્ટીમરનો નીચેનો ભાગ દેખાતો બંધ થાય છે, વિશેષ દૂર જતાં નીચેનો ભાગ વિશેષ પ્રમાણમાં દેખાતો બંધ થાય છે, સ્ટીમરનું અને સમુદ્રકિનારાનું ઘણું અંતર પડતાં દરીઆકિનારે ઉભેલ વ્યક્તિ ફક્ત સ્ટીમરના અગ્રભાગને અથવા ધુમાડાને જ દેખી શકે છે, અને તેથી આગળ જતાં સ્ટીમરનો તે ભાગ દેખાતો પણ બંધ થાય છે. માટે પૃથ્વી નારંગી સરખી ગોળ છે એમ માનવામાં કારણ મળે છે, આ પ્રમાણે સમજનારા અને અન્યવ્યક્તિઓને સમજાવનારા પાશ્ચાત્ય વિદ્વાનોને જણાવવાની જરૂર છે જે સમુદ્રકિનારાથી દૂર દૂર જતી સ્ટીમરનો નીચેનો ભાગ વિશેષ વિશેષ ન્યૂન દેખાય છે તેમ થવામાં કારણ પૃથ્વીની નારંગી સરખી ગોળાઈ છે? કે ચક્ષુનો તે પ્રમાણે દેખવાનો સહજ સ્વભાવ છે? જો પૃથ્વીની નારંગી સરખી ગોળાઈજ તેમ થવામાં કારણ હોય તો સમુદ્રકિનારે ઉભેલ બે વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિની ચક્ષુઓ મન્દતેજવાળી અને અન્યવ્યક્તિની ચક્ષુઓ વિશેષ તેજવાળી છે. તેમાં મન્દતેજોયુક્ત ચક્ષુવાળો વિવક્ષિત સ્થાને રહેલી સ્ટીમરને જેટલા પ્રમાણમાં દેખે છે તે અપેક્ષાએ વિશેષ તેજોયુક્ત ચક્ષુવાળો પુરૂષ તેજ સ્થાને રહેલી સ્ટીમરને વિશેષ પ્રમાણમાં જોઈ શકે છે. જો પૃથ્વીની નારંગી સરખી ગોળાઈથી સ્ટીમર સંબંધી નીચેનો ભાગ દબાઈ ગયો (આવૃત થયેલો) હોય તો સ્પષ્ટ અસ્પષ્ટપણે ભલે સ્ટીમરનો ઉપરનો ભાગ બન્નેને યથાસંભવ દેખી શકાય. પરંતુ તેમ નહિ થતાં મન્દ તેજોયુક્ત ચક્ષુવાળો નીચેનો ભાગ દેખી શકતો નથી કેવલ ઉપરનોજ ભાગ જોઈ શકે છે. જ્યારે વિશેષ તેજોયુક્ત ચક્ષુવાળો પુરૂષ સ્ટીમર સંબંધી નીચે-ઉપરના ભાગને સ્પષ્ટપણે જોઈ શકે છે અને એ હકીકત અનુભવ સિદ્ધ છે. એથી

સાબીત થાય છે કે સ્ટીમરનો નીચેનો ભાગ ન્યૂનન્યૂન દેખવામાં પૃથ્વીની નારંગી સરખી ગોળાઈ એ કારણ નથી. પરંતુ ચક્ષુનો મર્યાદામાં રહેલ વસ્તુ જોવાનો તથા પ્રકારનો સ્વભાવજ કારણ છે અને એથીજ ચાક્ષુષ પ્રત્યક્ષમાં '**યોગ્યદેશાવસ્થિત**' યોગ્ય દેશમાં વિષયના રહેવાપણાની ખાસ જરૂરીયાત સ્વીકારેલી છે. અલ્પાધિક દેખવાની શક્તિવાળા બે પુરુષોના દષ્ટાન્તમાં કાંઈ અસંગતપણું લાગતું હોય તો સમુદ્રમાં ઘણે દૂર ચાલી જતી સ્ટીમર કે જેનો ઉપરનોજ અમુક ભાગ સ્થૂલદષ્ટિથી જોવામાં આવે છે તે સ્ટીમરનેજ દુર્બિનથી જોતાં નીચેના તળીઆથી લઈને ઉપર સુધી સ્પષ્ટપણે દેખવામાં આવે છે તે પ્રસંગે સ્ટીમરના નીચેના ભાગને ઢાંકનાર પૃથ્વીની ગોળાઈ દુર્બિનથી શું દૂર થઈ જતી હશે ?

ગુરૂત્વાકર્ષણ

બીજું જો પૃથ્વી નારંગી સરખી ગોળ છે એમ માનવા સાથે તેના પડ ઉપર આપણે અર્થાત્ વર્તમાનમાં દેખાતા એશિઆ-યુરોપ-અમેરિકા વિગેરે દેશો રહેલા છે એમ માન્યતા રાખવી પડે છે તો નારંગી સરખો એ પૃથ્વીનો ગોળો પોલો છે ? કે ઘન છે ? જો કહો કે ઘન છે તો તેમાં શું ભરેલું છે ? અને પોલો છે તો તેની ખાત્રી શી ? ને તે ખાત્રી કયા પ્રત્યક્ષથી કરી છે ? અનુમાનથી જો તેની ખાતરી કરાતી હોય તો જ્ઞાનીઓના વચનોને સાક્ષાત્ બાધ આવે તેવું અનુમાન શા મુદ્દાથી કરાય છે ? વળી પૃથ્વીને નારંગી સરખી ગોળ માનીએ તો દક્ષિણ ધ્રુવ પાસે રહેલ સમુદ્ર વિગેરેનું પાણી કોને આધારે રહેલ છે ? કહેશો કે ગુરુત્વાકર્ષણના નિયમને અંગે પૃથ્વી પાણીનું આકર્ષણ કરે છે તો ઉત્તર ધ્રુવ પાસે રહેલ સમુદ્રનું પાણી નજીકમાં રહેલ પૃથ્વીથી કેમ આકર્ષાતું નથી ? 'પૃથ્વીનું મધ્યબિન્દુ આકર્ષક છે' એમ માનીએ તો ભારે વસ્તુનો અગ્ર મધ્ય અને અધો ભાગમાંથી ગુરુત્વાકર્ષણથી વેગ ક્રમે ક્રમે વધવો જોઈએ. ધાતુનું પતરૂં બનાવીને કરેલો ઘડો વિગેરે પાણીમાં તરે છે અને ધાતુનો એક ન્હાનો કકડો હોય તે તરતો નથી. કકડાને આકર્ષણ અને ઘડા વિગેરેને નહિ ? આવી આવી ઉપસ્થિત થતી અનેક પ્રશ્નપરમ્પરાથી તેમજ આગળ જણાવવામાં આવતા જૈન-જૈનેતર શાસ્ત્રીયપાઠોથી એમ માનવાને ચોક્કસ કારણ મળે છે કે પૃથ્વી નારંગી સરખી ગોળ નથી પરંતુ થાળી કિંવા પુડલા સરખી ગોળ માનવી એ વિશેષ યુક્તિ સંગત છે.

પૃથ્વીની ગોળાઈમાં સમન્વય.

પૃથ્વી થાળી સરખી ગોળ છતાં પાશ્ચાત્ય વિદ્વાનો ગમે તે યુક્તિઓથી નારંગી સરખી ગોળ પૃથ્વીને માને છે, તેને અંગે સમન્વય કરવા રૂપે જો વિચારીએ તો ચક્ષુનો પ્રાયઃ તેવા પ્રકારે ગોળ દેખવાનો સ્વભાવ સહેજે સમજાઈ આવશે. રેલ્વેના પાટા ઉપર ચાલ્યો જતો માણસ પોતાથી સો કદમ દૂર રહેલા જુદા જુદા પાટાઓને પણ ભેગા થતા હોય તેમ દેખે છે, તેમજ તેટલે જ દૂર રહેલ તારના થાંભલાને પોતાની પાસે રહેલા તારના સ્થંભ જેટલો પ્રમાણવાળો જ દૂરવર્તી સ્તંભ છતાં ઘણો ટુંકો દેખે છે. ખુબી તો એ છે કે બન્ને પાટાઓ જુદા જુદા છતાં તેમજ તે બન્ને પાટાના મધ્યમાં રહેલ આસન્ન ભૂમિ દષ્ટિગોચર થવા છતાં પાટાઓ ભેગા થતા હોય તેમ દશ્યમાન થાય છે. દૂરવર્તી સ્તંભનો જમીન સાથે અડેલો ભાગ તેમજ ટોચનો ભાગ દેખાવા છતાં (જાણે મધ્યભાગથી સ્તંભ ટુંકાઈ ગયો હોય તેમ) નાનો દેખાય છે. તેથી એમ માનવું જોઈએ કે ચક્ષુનો તથા પ્રકારે તીર્છું તેમજ ઊર્ધ્વાધઃ ગોળ દેખવાનો સ્વભાવ તેમજ ફોટામાં નજીકની વસ્તુ મ્હોટી અને છેટેની વસ્તુ ન્હાની પડતી જોવાથી તેનો સ્વાભાવિક વિષય હોઈ ગોળ નહિં છતા ગોળાકારે દેખાતી પૃથ્વીને નારંગી સરખી ગોળ કલ્પવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય તો તે બનવા જોગ છે. પરંતુ તેથી ગોળ નહિ એવી પૃથ્વી નારંગી સરખી ગોળ થઈ જતી નથી. પૃથ્વીની નારંગી સરખી ગોળાઈ માનીએ તો અમુક માઈલ ચાલતાં અમુક અંશ નીચાણ કિંવા ઉંચાણ થવું જોઈએ. કોઈપણ દિશાએ ઉચ્ચતા હોઈ જતાં વધારે થાક લાગવો ને આવતાં તેવો થાક ન લાગવો જોઈએ, વળી પાણીનો સ્વભાવ સપાટીએ રહેવાનો હોઈ કોઈપણ

જગોપર સેંકડો અને હજારો માઈલ દરીયાથી કાંઠો ઉંચો હોવો જોઈએ, નહેરો ખોદવામાં પણ કોઈ પણ દિશાએ માઈલે દશ ઇંચની ઉંડાઈ રખાય છે તે પણ ઓછી હોવી જોઈએ. તેવા ઉંચાણુ અથવા નીચાણનો અભાવ તેમજ જૈન સિદ્ધાંતો તથા રૂગ્વેદ વિગેરે શાસ્ત્રોમાં નારંગી સરખી ગોળાઈનું વર્ણન નહિ હોવા સાથે પુડલા સરખી ગોળાઈ હોવાનું પ્રતિપાદન દેખાતું હોઈ 'પૃથ્વી નારંગી સરખી ગોળ નથી. પરંતુ પુડલા સરખી ગોળ છે' એ પ્રમાણે માનવું એ શાસ્ત્રીય દૃષ્ટિએ તેમજ યુક્તિથી યોગ્ય જણાય છે.

'એક વ્યક્તિ એક સ્થાનેથી રવાના થયા બાદ તેજ દિશામાં અખંડ પ્રયાણ કરે તો ફરતો ફરતો પુનઃ તેજ સ્થાને આવી પહોંચે છે, માટે પૃથ્વી નારંગી સરખી ગોળ છે' એવા જે વિચારો છે તે પણ બુદ્ધિગમ્ય તેમજ શાસ્ત્રીય નથી. કારણ કે સૂર્યના સર્વમંડલો પૈકી સર્વાભ્યન્તરમંડલ કે જેને ઉત્તરધ્રુવ (રેખાંશ) માનવો છે. તેનું સ્થાન તેમજ સૂર્ય મંડલનો ચાર વિગેરે બરાબર વિચારાય તો એકજ દિશામાં ચાલતો માણસ પુનઃ તેજ સ્થાને આવી પહોંચે છતાં 'પૃથ્વી નારંગી સરખી ગોળ નહિ પરંતુ પુડલા સરખી ગોળ છે' એમ સુખેથી માની શકાય છે.

પ્રશ્ન—વર્તમાનમાં શોધાયેલા એશિયા-યુરોપ-આફ્રિકા-અમેરિકા તેમજ ઓસ્ટ્રેલિયા દેશોનો સમાવેશ જૈન દૃષ્ટિએ ગણાતાં જંબૂદ્વીપના અથવા જંબૂદ્વીપના સાત મહાક્ષેત્રો પૈકી એક ભરતક્ષેત્રવર્તિ ૭ ખંડો પૈકી કયા ખંડોમાં સમાવેશ થાય છે?

એશીયા વિગેરે પાંચે ખંડોનો અર્ધ ભરતમાં સમાવેશ.

ઉત્તર—વૈતાઢ્ય પર્વત તેમજ વૈતાઢ્યને ભેદી લવણ સમુદ્રમાં મળનાર ગંગા સિન્ધુથી ભરતક્ષેત્રના ૭ વિભાગો થયેલા છે. તે ૭ વિભાગો પૈકી નીચલા ત્રણ વિભાગમાં પાંચે દેશોનો સમાવેશ માનવો એ ઉચિત સમજાય છે, અને એ પ્રમાણે માનવામાં કોઈ વિરોધ આવતો હોય તેમ જણાતું નથી. કારણ કે શાસ્ત્રીય દૃષ્ટિએ સમગ્ર ભરતક્ષેત્રની

યો. કલા.

પહોળાઈ ૫૨૬ ૬ છે. અને નીચેના અર્ધા વિભાગમાં રહેલા ત્રણ ખંડની પહોળાઈ સમગ્ર પ્રમાણની અપેક્ષાએ અર્ધ પ્રમાણથી ન્યૂન પ્રમાણ છે, તો પણ પાશ્ચાત્યવિદ્વાનો દક્ષિણ ધ્રુવથી ઉત્તરધ્રુવનું જેટલા માઈલ પ્રમાણ અંતર માને છે તેના કરતાં જરૂર દક્ષિણાર્ધ ભરતના ત્રણ વિભાગનું પ્રમાણ વિશેષાધિક છે પૂર્વસમુદ્રથી પશ્ચિમસમુદ્ર પર્યંત ભરતક્ષેત્રની લંબાઈ ૧૪૦૭૧ ૫/૧૯ યોજન પ્રમાણ છે, જ્યારે સમગ્ર પૃથ્વીના એક છેડાથી બીજા પર્યંતની (પરિધની) લંબાઈ લગભગ ૨૫૦૦૦ માઈલ પ્રમાણ છે. પૂર્વપશ્ચિમ વ્યાસ ૭૯૨૬ માઈલ પ્રમાણ અને ઉત્તર-દક્ષિણ વ્યાસ ૭૯૦૦ માઈલ પ્રમાણ છે. એ અપેક્ષાએ વર્તમાનમાં શોધાયેલ દેશોનો ભરતના નીચેના ત્રણ ખંડમાં સમાવેશ કરવો તેમાં કોઈ વિરોધક હેતુ હોય તેમ ખ્યાલમાં આવતું નથી.



હાલની પૃથ્વી પૂર્વથી પશ્ચિમ સુધી ૭૯૨૬ માઈલ છે અને ઉત્તર દક્ષિણ ૭૯૦૦ માઈલ છે.

પ્રશ્ન—(જ્યારે અમદાવાદની અપેક્ષાએ) આ દેશમાં સૂર્યોદય થાય છે. તે અવસરે અમેરિકા વિગેરે દૂર દેશમાં લગભગ સંધ્યાનો ટાઈમ થયેલો હોય છે તે પ્રમાણે ત્યાંથી આવતા વાયરલેસ ટેલીગ્રાફથી જણાવવામાં આવે છે એટલે કે અમેરિકામાં થતા સૂર્યોદય તેમજ સૂર્યાસ્તનું અંતર આ દેશની અપેક્ષાએ નવ દશ કલાકનું સમજાય છે. તે મુજબ ઈંગ્લેંડ જર્મની વિગેરે દેશોમાં ખુદ હિન્દુસ્થાનમાં રહેલ મદ્રાસ કલકત્તા વિગેરે શહેરોમાં પણ કોઈ ઠેકાણે છ કલાકનું કોઈ ઠેકાણે ચાર કલાકનું, કોઈ સ્થાને કલાકનું સૂર્યોદય તથા સૂર્યાસ્ત સંબંધી અંતર પડે છે તેમાં શું કારણ છે? જૈન શાસ્ત્રોમાં અનેક વખત શ્રવણ થાય છે કે જ્યારે ભરતક્ષેત્રમાં દિવસ હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં રાત્રિ હોય છે જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં રાત્રિ હોય છે ત્યારે ભરતક્ષેત્રમાં દિવસ હોય છે. એ એકદેશીય સિદ્ધાંતનું શ્રવણ કરી કોઈ અર્ધદગ્ધ એમ પણ કહે છે કે અમેરિકામાં એ પ્રમાણે સૂર્યોદય સૂર્યાસ્ત સંબંધી આ દેશની અપેક્ષાએ લગભગ વિપરીત ક્રમ હોઈ તે અમેરિકાને મહાવિદેહ કેમ ન કહી શકાય? શાસ્ત્રના રહસ્ય જાણનારાઓ તો મહાવિદેહમાં સદાકાલ ચતુર્થઆરો તીર્થંકરોનો સદ્‌ભાવ મોક્ષગમનનો અવિરહ તેમજ સ્વાભાવિક શક્તિવંત મનુષ્યને ત્યાં જવાની શક્તિનો અભાવ વગેરે કારણોથી અમેરિકાને મહાવિદેહનું ઉપનામ સ્વપ્નમાં પણ આપતા નથી, તો પણ સૂર્યોદય તેમજ સૂર્યાસ્ત સંબંધી જે દશ કલાકનું અંતર પડે છે તેમાં શું કારણ છે?

સૂર્યોદય અને સૂર્યાસ્તમાં વિલંબ થવાનું કારણ.

ઉત્તર—પ્રથમ જણાવી ગયા પ્રમાણે ભરતક્ષેત્રની પૂર્વસમુદ્રથી પશ્ચિમસમુદ્ર પર્યંત લંબાઈ ૧૪૪૭૧$\frac{૫}{૧૯}$ યોજન પ્રમાણ છે. વર્ત્તમાનમાં શોધાયેલ એશિયાથી અમેરિકા પર્યંત પાંચે ખંડોનો સમાવેશ પણ ભરતના દક્ષિણાર્ધ વિભાગમાં હોવાનું યુક્તિ પૂર્વક આપણે જણાવી ગયા છીએ. ઉચ્ચ સ્થાન ઉપર યંત્ર પૂર્વક ગોઠવાયેલ ફરતો દીપક પ્રારંભમાં પોતાની નજીકના પ્રકાશયોગ્ય ક્ષેત્રમાં પ્રકાશ આપે છે. એ જ દીપક યંત્રના બલથી જેમ જેમ આગળ ખસતો જાય છે તેમ તેમ પ્રથમ પ્રકાશિત ક્ષેત્રના અમુક વિભાગમાં અંધકાર થવા સાથે આગળ આગળના ક્ષેત્રમાં પ્રકાશ આપે છે. તે જ પ્રમાણે નિષધ પર્વત ઉપર ઉદય પામતો સૂર્ય પ્રારંભમાં પોતાનું જેટલું પ્રકાશ્ય ક્ષેત્ર છે તે ક્ષેત્રમાં આવતા નજીકના ભાગને પ્રકાશ આપે છે અર્થાત્ તે સ્થાનમાં રહેલા મનુષ્યોને સૂર્યનો પ્રકાશ મળવાથી સૂર્યોદય થવાનું ભાન થાય છે. મેરૂની પ્રદક્ષિણાના ક્રમે ફરતો સૂર્ય જેમ જેમ આગળ આવે છે તેમ તેમ પાછળના ક્ષેત્રોમાં અંધકાર થવા સાથે ક્ષેત્ર સંબંધી આગળ આગળના વિભાગોમાં પ્રકાશ થતો જોવાથી તે વખતે સૂર્યોદય થયો તેવો ખ્યાલ આવે છે. અને એ હિસાબે ભરતક્ષેત્રના અર્ધ વિભાગમાં રહેલા પાંચે દેશોમાં સૂર્યોદય તેમજ સૂર્યાસ્તનું દશ કલાક આઠ કલાક કિંવા કલાક અંતર પડે તેમાં કોઈ પ્રકારનો વિરોધ આવતો હોય તેમ જણાતું નથી. આ જ વસ્તુને વિશેષ વિચારશું તો ચોક્કસ જણાઈ આવશે કે અમદાવાદ, મુંબઈ કે પાલીતાણા કોઈ પણ વિવક્ષિત એક સ્થાનને આશ્રયી દિવસનું પ્રમાણ બાર કલાક તેર કલાક અથવા ચૌદ કલાક ભલે રહે પરંતુ દક્ષિણાર્ધ ભરતના પૂર્વછેડા ઉપર જ્યારથી સૂર્યનો પ્રકાશ પડ્યો ત્યારથી ઠેઠ પશ્ચિમ-છેડા સુધી સૂર્યાસ્તના સમયને ભેગો કરીશું તો આઠ પ્રહર અર્થાત ૨૪) કલાક સુધી સમગ્ર ભરતક્ષેત્રના કોઈ પણ વિભાગની અપેક્ષાએ સૂર્યના પ્રકાશનું અસ્તિત્વ હોય તેમાં કોઈ પણ બાધક હેતુ દેખાતો નથી. પૂર્વ નિષધની નજીક જગ્યાએથી સૂર્યનો દેખાવ થતો હોવાથી અને પશ્ચિમ નિષધની નજીક જાય ત્યારે અદૃશ્ય થતો હોવાથી તેનું પરિધિ ક્ષેત્ર લગભગ સવાલાખ યોજન પ્રમાણ થાય, ને કલાકના પાંચ હજારના હિસાબે સૂર્યગતિ ગણતાં ચોવીસે કલાક સૂર્ય સમગ્ર ભરતમાં

દેખાય તેમાં હરકત નથી. **શ્રી [1]મંડલપ્રકરણ** વિગેરે ગ્રંથોમાં પણ એ જ વસ્તુના વિશેષ નિશ્ચય માટે ભરતક્ષેત્રમાં આઠ પ્રહર સુધી સૂર્યનો પ્રકાશ હોવાનું જણાવવામાં આવે છે. તે પણ ઉપરની વાતને વિશેષ પુષ્ટિ આપે છે. એથી અમેરિકામાં આ ક્ષેત્રની અપેક્ષાએ સૂર્યોદય દશ કલાક મોડો થાય છે. એટલે કે અહિ દિવસ હોય છે, એ કારણથી અમેરિકાને મહાવિદેહ કલ્પવાની મૂર્ખાઈ કરવી તે વિચારશૂન્યતા છે.

પ્રશ્ન—ઉત્તરધ્રુવ વિગેરે કેટલાક સ્થાનો એવા છે કે જ્યાં લગભગ એક સાથે છ મહિના સુધી દિવસ તેમ જ છ માસ રાત્રિ હોવાનું કહેવાય છે તો તે શી રીતે બની શકે?

છ મહિના સુધી સૂર્યનો પ્રકાશ રહે તેનું સમાધાન.

ઉત્તર—પ્રથમના પ્રશ્નોત્તરમાં જણાવેલ છે જે ભરતક્ષેત્રના પૂર્વછેડાથી પશ્ચિમછેડા સુધીમાં જુદા જુદા વિભાગને આશ્રયી આઠ પ્રહર સુધી સૂર્યનો પ્રકાશ હોવાનો સંભવ છે તો પછી તે જ ભરતમાં લગભગ મધ્યભાગમાં વૈતાઢ્યપર્વતના કોઈ પણ ઉંચાણ પ્રદેશમાં એવું સ્થાન કલ્પવું જોઈએ કે સૂર્ય જ્યારે ઉત્તરાયણમાં હોય ત્યારે આઠે પ્રહર સુધી સૂર્યના પ્રકાશનો અભાવ હોવાથી રાત્રિ થતી હોય તો તેમાં કાંઈ પણ વિરોધાભાસ આવે તેમ જણાતું નથી.

આ ઉપર જણાવેલી બધી માન્યતાઓ ઉપર જે લખાણ કર્યું છે તે ઘણું જ સંક્ષિપ્ત છે. હું પોતે પણ એમ માનું છું કે આ વસ્તુઓ ઉપર અનેક વખત ઘણા જ વિચારો—પરસ્પર ચર્ચાઓ તેમજ તે તે વસ્તુની સિદ્ધિ માટે આકૃતિઓ જણાવવા સાથે લેખો લખાવા જોઈએ. વેધશાળાનો અનુભવ હોવો જોઈએ. પરંતુ તેવા પ્રકારના સાહિત્યપ્રાપ્તિ સંબંધી સાધનોના અભાવે તેમ જ સમયના અભાવે વિશેષ લખાણ થઈ શક્યું નથી. પ્રસંગે આ પ્રકરણ ઉપર ખાસ ગ્રન્થ તૈયાર કરવા-કરાવવાનો પ્રયત્ન થાય તે યોગ્ય છે તો પણ જૈન તેમ જ વૈદિક માન્યતાઓને અંગે એટલું તો અવશ્ય કહેવું પડશે કે —પાશ્ચાત્ય વિદ્વાનોએ માનેલી માન્યતાઓ સાચી જ છે આવું માની લેવામાં ખાસ વિચારવા જેવું છે.

ભૂલોક સંબંધી શાસ્ત્રીય મંતવ્ય.

જૈનસિદ્ધાંત ભૂલોકને સ્થાળી સરખો ગોળ માનવા સાથે પ્રથમ એક દ્વીપ પછી દ્વિગુણ સમુદ્ર એક દ્વિગુણ દ્વીપ એક દ્વિગુણ સમુદ્ર એમ યાવત્ પૂર્વ પૂર્વદ્વીપસમુદ્રોથી દ્વિગુણપ્રમાણયુક્ત અસંખ્યદ્વીપ સમુદ્ર સ્વરૂપ માને છે, તે પ્રમાણે વૈદિક સિદ્ધાંત પણ ભૂલોકને થાલી સરખો ગોળ માનવા સાથે દ્વિગુણ દ્વિગુણ કેટલાક દ્વીપ સમુદ્રની મર્યાદાયુક્ત માને છે. જે નીચે જણાવેલા વૈદિક સાક્ષરના કલ્યાણ માસિકમાં આવેલ લેખ પરથી જાણી શકાશે—

'યહ સમ્પૂર્ણ જમ્બૂદ્વીપ એક લક્ષ યોજન કે પરિમાણવાલા હૈ। ઇસ જમ્બૂદ્વીપકો ચારોં દિશાઓંસે મેખલાકે સમાન ઘેરે હુએ ક્ષીરસમુદ્ર હૈ, યહ ક્ષીરસમુદ્ર ભી એક લક્ષ યોજન પરિમાણવાલા

---

૧ પઢમપહરાઈકાલા જમ્બુદ્દીવમ્મિ દોસુ પાસેસુ। લબ્ભંતિ એગસમયં, તહેવ સવ્વત્થ નરલોએ ॥ ૧ ॥ પઢ.। પ્રથમપ્રહરાદિકા ઉદયકાલાદારભ્ય રાત્રેશ્ચતુર્થયામાન્ત્યકાલં યાવન્મેરોઃ સમન્તાદહોરાત્રસ્ય સર્વે કાલાઃ સમકાલં જમ્બૂદ્વીપે પૃથક્ ક્ષેત્રે લભ્યન્તે। ભાવના યથા—ભરતે યદા યતઃ સ્થાનાત્ સૂર્ય ઉદેતિ તત્પાશ્ચાત્યાનાં દૂરતરાણાં લોકાનામસ્તકાલઃ। ઉદયસ્થાનાધોવાસિનાં જનનાં મધ્યાહ્નઃ, એવં કેષાઞ્ચિચ્ચેત્ પ્રથમઃ પ્રહરઃ, કેષાઞ્ચિદ્દ્વિતીયઃ પ્રહરઃ, કેષાઞ્ચિત્તૃતીયઃ પ્રહરઃ, કવચિન્મધ્યરાત્ર, કવચિત સન્ધ્યા, એવ વિચારણયાષ્ટપ્રહરસમ્બન્ધી કાલઃ સમકં પ્રાપ્યતે। તથૈવ નરલોકે સર્વત્ર જમ્બૂદ્વીપગતમેરોઃ સમન્તાત્ સૂર્યપ્રમાણેનાષ્ટપ્રહરકાલસંભાવનં ચિન્ત્યમ્ ॥ (ભાવાર્થ સુગમ છે.)

હૈ । ઇસકે આગે પ્લક્ષદ્વીપ દો લાખ યોજન પરિમાણવાલા હૈ । ઇસ પ્લક્ષદ્વીપકો ચારોં ઓરસે ઘેરે હુએ ઇક્ષુરસોદક નામકા સમુદ્ર હૈ । યહ સમુદ્ર ભી દો લક્ષ યોજન પરિમાણવાલા હૈ । ઇસસે આગે શાલ્મલીદ્વીપ હૈ । યહ શાલ્મલીદ્વીપ ચાર લાખ યોજન પરિમાણવાલા હૈ । ઉસ શાલ્મલીદ્વીપકો ચારોં તરફસે ઘેરે હુએ સુરોદ નામકા સમુદ્ર હૈ, યહ સમુદ્ર ભી ચાર લાખ યોજન પરિમાણવાલા હૈ । ઇસસે આગે કુશદ્વીપ હૈ । યહ કુશદ્વીપ આઠ લાખ યોજન પરિમાણવાલા હૈ । ઇસ કુશદ્વીપ કો ચારોં તરફસે ઘેરે હુએ ઘૃતોદ નામકા સમુદ્ર હૈ । યહ સમુદ્ર ભી આઠ લાખ યોજન પરિમાણવાલા હૈ । ઇસસે આગે ક્રૌઞ્ચદ્વીપ હૈ । યહ ક્રૌઞ્ચદ્વીપ સોલહ લાખ યોજન પરિમાણવાલા હૈ । ઇસ ક્રૌઞ્ચદ્વીપકો ચારોં તરફસે ઘેરે હુએ ક્ષુરોદ નામકા સમુદ્ર હૈ, યહ ભી સોલહ લાખ યોજન પરિમાણવાલા હૈ । ઇસસે આગે શાકદ્વીપ હૈ, યહ શાકદ્વી। બત્તીસ લાખ યોજન પરિમાણવાલા હૈ । ઇસ શાકદ્વીપકો ચારોં તરફસે ઘેરે હુએ દધિમંડોદ નામકા સમુદ્ર હૈ । યહ સમુદ્ર ભી બત્તીસ લાખ યોજન પરિમાણવાલા હૈ, ઉસકે આગે પુષ્કરદ્વીપ હૈ । વહ પુષ્કરદ્વીપ ચૌંસઠ લાખ યોજન પરિમાણવાલા હૈ । ઇસ પુષ્કરદ્વીપકે ચારોં ઓર શુદ્ધોદ નામકા સમુદ્ર હૈ । યહ સમુદ્ર ભી ચૌંસઠ લાખ યોજન પરિમાણવાલા હૈ, યે સાત દ્વીપ ઔર સાત સમુદ્ર મિલકર દો કરોડ ચૌવન લાખ યોજન પરિમાણવાલે હૈં । સાત દ્વીપ તથા સાત સમુદ્ર મિલકર જિતને યોજન પરિમાણવાલે હૈં । ઉતને હી યોજન શુદ્ધોદ નામકે સમુદ્રસે આગે ભૂમિકા પરિમાણ હૈ । ઇસ ભૂમિસે આગે આઠ કરોડ ઉન્તાલીસ લાખ યોજન પરિમાણવાલી સુવર્ણકી ભૂમિ હૈ । ઇસ ભૂમિકો છોડકર આગે લોકાલોક-પર્વતકે મધ્ય દેશકો શાસ્ત્રમેં માનસોત્તર મૂર્દ્ધસ્થાન કહતે હૈ । ઇસ મધ્યદેશમેં સૂર્યભગવાન્ રાત-દિન સર્વદા ભ્રમણ કરતે હૈં । માનસોત્તર પરિમંડલકા પરિમાણ સાઢે નૌ કરોડ યોજન શાસ્ત્રમેં કહા હૈ । ઇતને યોજન પરિમાણ રાતદિન સૂર્ય ભગવાન્ ચલતે હૈં । રાત દિનમેં જિતને યોજન પરિમાણ સૂર્યભગવાન્ ચલતે હૈં, ઉતને યોજન કો બત્તીસ ગુણા કરનેસે જિતને યોજનકી સંખ્યા હોતી હૈ, ઉતને યોજનપર્યન્ત કા દેશ સૂર્ય ભગવાન્ કે કિરણોંસે વ્યાપ્ત હૈ । ઇસ લોકકો બુદ્ધિમાન ભૂલોક કહતે હૈં ।'

'પૃથ્વી પોતાની ધરી ઉપર તેમ જ સૂર્યની આસપાસ ફરે છે અને સૂર્ય સ્થિર છે' એવું પાશ્ચાત્ય વિદ્વાનોનું મન્તવ્ય છે તે પણ વિચારણીય છે. સૂર્યપ્રજ્ઞપ્તિ, બૃહત્‌સંગ્રહણી, મંડલપ્રકરણ, લોકપ્રકાશ વિગેરે સંખ્યાબંધ જૈનગ્રન્થોમાં સૂર્યનો સંચાર અને પૃથ્વીના સ્થૈર્યનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પરંતુ ઋગ્વેદમાં પણ તે પ્રમાણેજ વર્ણન કરવામાં આવેલ છે. જે નીચેના વાકયોથી સમજાશે—

'સૂર્યો હિ પ્રતિદિનં......એકોનપઞ્ચાધિકપઞ્ચસહસ્ર (૫૦૫૯) યોજનાનિ મેરું પ્રાદક્ષિણ્યેન પરિભ્રામ્યતિ । (ઋ૦ અ૦ ૨, અ૦ ૧, બ૦ ૫.)

'સૂર્ય હંમેશા (પ્રતિમુહૂર્ત) પાંચ હજાર ઓગણસાઠ (૫૦૫૯) યોજન મેરૂની આજુબાજુ પ્રદક્ષિણાના ક્રમવડે પરિભ્રમણ કરે છે.'

"અચરન્તી અવિચલે દ્વે ઐવેતે દ્યાવાપૃથિવ્યૌ" (ઋ૦ અ૦ ૨, અ૦ ૫, બ૦ ૨.)

"આકાશ અને પૃથ્વી અચર છે ને અવિચલ છે"

એ પ્રમાણે શાસ્ત્રીય મન્તવ્યને વિશેષ વિચાર માટે બાજુમાં રાખીને યુક્તિ પૂર્વક વિચાર કરશે તો પણ વાચકને પૃથ્વીનું સ્થૈર્ય તેમજ સૂર્યનું પરિભ્રમણ સહેજે જણાઈ આવશે.

ચાલતી રેલગાડીમાં બેઠેલ માણસ રેલગાડીને સ્થિર જુવે છે અને ભ્રમને અંગે માર્ગ ઉપરના વૃક્ષાદિને ચાલતા દેખે છે. આવી ભૂલને લીધે જ પૃથ્વીને સ્થિર અને સૂર્યાદિને ચાલતા જોઈએ છીએ એમ કદાચ માની લઈએ; પરંતુ આધાર પર ચાલતા તીચ્છીં ગતિવાળા ગાડી કે વહાણોના ઉદાહરણથી નિરાધારપણે ચકાવા લેતી પૃથ્વીની સાબીતી કરવી વ્યાજબી કેમ મનાય? રેલગાડી પૃથ્વી ઉપરના પાટાના જ આધારે ચાલે છે. કેટલીક વાર પાટા ત્રુટી જતાં નિરાધાર રેલના અકસ્માત્ થયાના ઘણા દાખલાઓ મળી આવે છે. જો રેલ વિગેરે નિરાધારપણે ચાલી શકતા નથી તો પછી પૃથ્વી નિરાધારપણે ચાલી શકે અને ત્રાંસી થવા છતાં તેની અંદરની વસ્તુ ન પડી જાય તે કેમ બને? સાફ લિંબુ કે સાફ રબ્બરના દડાને લાગેલી ધૂળ ફેરવવાથી ખરી જાય છે, લગાડેલું તણખલું કે દાબ વિનાની ટાંકણી પડી જાય છે ત્યાં આકર્ષણ કેમ કાર્યકારક થતું નથી? કુવાનો કાંઠો નજીક છતાં કુવામાં, કે ભીંત નજીક છતાં છાપરા ઉપરથી મનુષ્ય કેમ ભૂમિ ઉપર પડી જાય છે? કાંઠા અને ભીંત કરતાં મનુષ્ય અને પડનારી વસ્તુ ઘણી હલકી છે, ચાલતી રેલવેના માથે રાખેલા કાંકરા વેગને લીધે જલદી નીચે પડે છે, ત્યાં આકર્ષણ કેમ કાર્ય કરતું નથી? વળી સપાટીવાળા રેલના વેગને પણ મનુષ્યો જાણી શકે છે તો પછી ગડમથલ લેતી પૃથ્વીના વેગની મનુષ્યોને અવશ્ય ખબર પડવી જોઈએ, અને બુદ્ધિવિભ્રમ થતો હોય તો તે પણ સુધરવો જોઈએ. પરંતુ પૃથ્વી ફરતી નથી તો તે બુદ્ધિવિભ્રમ કેમ માની શકાય? ઉલટું પૃથ્વીને ફરતી માનનારા પણ પૃથ્વીને ફરતી માને છે તે સાથે સૂર્યને પણ ફરતો માનવા તૈયાર થાય છે આ તે કેવો બુદ્ધિવૈભવ? મૃગતૃષ્ણામાં થયેલ જલનું ભાન જેમ આગળ જતાં જળ ન મળવાથી ભ્રાન્ત નક્કી થાય છે, તેમ રેલવેની સ્થિરતાનું ભાન સ્ટેશન આવવાથી ભ્રાન્ત નક્કી થાય છે. તો પછી તેવા અસત્ય ભ્રાન્ત દષ્ટાન્તોથી વસ્તુ સ્થિતિ સાબીત કરવી એ સાચાનું કાર્ય ગણાય નહિં.

પૃથ્વીના પરિભ્રમણ સંબંધી

એક બાણને પુર જોસથી કોઈ પણ દિશામાં ફેંકતા તે આકાશમાં જઈ બેચાર મિનીટ પછી અમુક અંતરે જ પૃથ્વી પર પડશે. હવે પૃથ્વીની જો ગતિ માનીએ તો બેચાર મિનિટમાં પૃથ્વીની કેટલી બધી ગતિ થઈ જાય? અને એ ગતિ માનતાં બાણ કયાં ને કયાંઈ પડવું જોઈએ. છતાં બાણના ફેંકયા પછી પા માઈલનો પણ વધારે તફાવત પડતો નથી.

એક મિનીટમાં હજાર માઈલની ગતિવાળો પૃથ્વીનો વેગ જો સાચો હોય તો આપણે એક મીનીટ પહેલા ઉંચે જોયેલ અથવા ધારી રાખેલ પક્ષી વાદળાં કે ઉંચે ફેંકેલ વસ્તુને એક મિનીટ બાદ જોઈ ન શકીએ. કારણ કે એક મિનીટમાં તો આપણે એક હજાર માઈલ દૂર પહોંચી જઈએ. વળી આવી વેગવાળી પૃથ્વીમાં આપણો વસવાટ હોઈ ક્ષણે ક્ષણે અવનવા બનાવો દેખાવા જોઈએ. તથા પૂર્વે દેખેલી વસ્તુઓ આપણને ક્ષણે ક્ષણે અદશ્ય થવી જોઈએ. અને પવનના ઝપાટાને લીધે આવેલી ધૂળ બહાર નીકળવી જોઈએ નહિં તેમજ બારણાથી અંદર આવવી જોઈએ નહિં.

અણિના આધારે અતિ વેગથી ફરતો ભમરડો સ્થિર દેખાય છે, અને ભ્રમણ વખતે પોતાની ઉપર રહેલ રજ:કણને દૂર ફેંકી દે છે. તે પ્રમાણે સ્થિર દેખાતી પૃથ્વીને ગતિવાળી કહેવી તે બંધબેસતું નથી. કારણ કે પ્રથમ તો પૃથ્વીને નિરાધાર માનવા સાથે પૃથ્વીનું પરિભ્રમણ કહેવું એ વિસંવાદી વચન છે, છતાં પૃથ્વીને ભ્રમણવાળી માનીએ તો પોતાની ઉપર રહેલી ચીજને પૃથ્વીએ ફેંકી દેવી જોઈએ અને સમુદ્રના પાણીને તો જરૂર સંબંધ વિનાનું હોઈ ઉછાળી દેવું જોઈએ પરંતુ આકાશમાંથી પડતા દ્રવ્યોને પણ દૂર નાંખી શકતી નથી. જેથી પૃથ્વી ગતિવાળી હોવાની કલ્પના અસંગત છે.

ઉપર જણાવેલ જુદા જુદા દૃષ્ટાંતોથી પૃથ્વીનું સ્થૈર્ય તેમજ સૂર્યનું પરિભ્રમણ જેમ સિદ્ધ થાય છે તે પ્રમાણે—

'પૃથ્વીની અપેક્ષાએ સૂર્ય ઘણો મોટો છે અને સૂર્યની અપેક્ષાએ પૃથ્વી ઘણી નાની છે.' એ માન્યતા સંબંધી 'સૂર્ય ઘણો મોટો હોય અને પૃથ્વી તે અપેક્ષાએ ઘણી નાની હોય તો મોટી વસ્તુની પ્રભા નાની વસ્તુના સર્વ ભાગમાં (લગભગ ઘણાખરા ભાગમાં) સેંકડો ગુણી મોટી જ્વાલા આગળ ટાંકણીની છાયા કે તેના અમુક ભાગમાં અપ્રકાશ ન પડતાં સર્વથા પ્રકાશ હોય છે તેમ પડવી જોઈએ. અને તેમ થતું જોવામાં આવતું નથી' વિગેરે યુક્તિ સંગત વિચારોથી મનન કરવા આવશ્યકતા છે.

ક્ષેત્રપરાવૃત્તિમાં કારણો.

વાચન-મનન-અથવા શ્રવણ પૂર્વક શાસ્ત્રીય મન્તવ્યો જાણવાનો જેઓને સુઅવસર પ્રાપ્ત થયેલો છે તેવા કેટલાક સુજ્ઞ માનવોને પણ શાસ્ત્રીય મન્તવ્યોથી વિપરીત વર્તમાન ક્ષેત્રપરાવૃત્તિ દેખીને કોઈ કોઈ વાર વિધવિધ શંકાઓ ઉપસ્થિત થાય છે. પરંતુ વિચાર પૂર્વક તેવી શંકાઓ ન કરવા માટે લેખક આપ્તભાવે સુજ્ઞ સમાજને સૂચવે છે. કારણ કે તત્ત્વદૃષ્ટિથી વિચાર કરીશું તો જગત્‌માં સકારણ કિંવા નિષ્કારણ (કુદરતી રીતે) અનેક પરાવર્તનો થયા કરે છે. સાચું કહીએ તો સમગ્ર જગત્ પરાણતિધર્મમય જ છે. જગતમાં કોઈ પણ એવું દ્રવ્ય નથી કે જેનું પર્યાય સ્વરૂપે પરાવર્ત્તન ન થયું હોય. તે પ્રમાણે શાસ્ત્રમાં તે તે ક્ષેત્રોનો જે આકાર પ્રદર્શિત કરેલો છે તેમાં કોઈ વખતે સકારણ ફેરફાર થયા કરે છે. પરંતુ તેથી શાસ્ત્રપ્રદર્શિત મૂળ આકારમાં પ્રાયઃ બહુ ફેરફાર થઈ જતો નથી. જ્વાળામુખી, ધરતીકંપ વિગેરે કારણોથી જલને સ્થાને સ્થળ અને સ્થળને ઠેકાણે જલ, પર્વતને સ્થાને ખીણ અને ખીણની જગ્યાએ પર્વતો થતાં વર્તમાનમાં પણ અનુભવવામાં આવે છે. સાંભળવા પ્રમાણે જે સ્થાને અમુક વર્ષો અગાઉ સમુદ્ર હતો ત્યાં અત્યારે સેંકડો માઈલના વિસ્તારમાં સહરાનું રણ થયેલ છે અને જે દરીઆકિનારે પાંચપચીશ મચ્છીમારોના ઝુંપડાઓ સિવાય લગભગ સો વર્ષ પહેલાં કાંઈ જ ન હતું તે જ સ્થાન વર્ત્તમાનમાં સમગ્ર ભારતવર્ષના કેન્દ્રસ્થાન તરીકે ગણાવા સાથે લાખો મનુષ્યોની વસ્તી, ગગનચુંબી ભવ્ય ઇમારતોથી શોભીતું હોવા સાથે વીશપચીશ માઈલના વિસ્તારમાં મુંબઈ શહેર તરીકે પ્રસિદ્ધ થયેલ છે. આવા સંખ્યાબંધ દાખલાઓ મળી આવવા સંભવ છે.

ક્ષેત્ર પરાવૃત્તિમાં શાસ્ત્રીય પ્રમાણ.

ભરતક્ષેત્ર—ગંગા સિન્ધુ નદી વિગેરે સંબંધી શાસ્ત્રમાં જે વર્ણન અપાયેલ છે તેના વર્ણનથી ઘણીજ ભિન્ન રીતે વર્ત્તમાનમાં તે તે ક્ષેત્ર તેમજ નદી વિગેરેનું સ્વરૂપ નજરમાં આવતું હોવાથી શ્રદ્ધાશીલ વર્ગ પણ વિમાસણમાં પડી જતો જોવાય છે. પરંતુ પ્રથમ જણાવી ગયા મુજબ સકારણ કિંવા નિષ્કારણ જે ક્ષેત્રપરાવર્ત્તન થયા કરે છે તે ખાસ ધ્યાનમાં લેવા જરૂરી છે. **શ્રી શત્રુંજયમાહાત્મ્ય** સાતમા સર્ગમાં શ્રી શત્રુંજયગિરિરાજનો સાતમો ઉદ્ધાર કરનાર સગરચક્રવર્તીનો અધિકાર વર્ણવતાં ગ્રન્થકારે નીચે મુજબ શબ્દો ટાંકેલા છે.

"તતશ્ચક્રી પ્રોલ્લસચ્ચિત્તો મુખ્યશૃઙ્ગે શ્રીભરતેશવત્ ઇન્દ્રોત્સવમહાધ્વજદાનચ્છત્રચામરરથાશ્વાદિમોક્ષણ-પ્રભૃતિકં શ્રીગુરોર્વચસા સર્વકૃત્યં સમાપયામાસ। તતો 'મત્પૂર્વજૈઃ કૃતા એતે પ્રાસાદાઃ સ્વર્ણમણિમયાઃ કાલદોષેણ નિર્વિવેકૈર્લોભાન્ધજનૈઃ સ્વર્ણરત્નલોભેન વિનાશયિષ્યન્તે તત એતેષામહં રક્ષાં કરોમિ' ઇતિ રક્ષોપાયં ધ્યાયન્ ઇતિ ચિન્તયામાસ-યદિ મત્પુત્રૈરષ્ટાપદરક્ષણાર્થં ગઙ્ગા સમાનીતા, અહં ચ યદિ તેષાં રક્ષાં કરોમિ, તર્હિ સમુદ્રં સમાનયામીતિ ધ્યાત્વૈવ સમુદ્રાનયનાર્થં યક્ષાન્ સમાદિશતિ સ્મ। તતસ્તૈર્-

ક્ષૌદક્ષિણદ્વારાત્સમાકૃષ્ટઃ સાગરઃ કલ્લોલૈઃ પૃથ્વીં છાદયન્ ગર્જિતધ્વાનૈર્જગદ્બધિરીકુર્વન્ ટંકણબર્બરચીણ-ભોટસિંહલાદિદેશાન્ પ્લાવયન્ વેગાત્ શત્રુંજયસમીપં સમાજગામ । અત્રાઽન્તરે શક્રોઽવધિના સમુદ્રાગમનં જ્ઞાત્વા સહસૈવ 'ચક્રિન્ મૈવં કુરુ' ઇત્યાકુલવચનૈઃ કૃત્વા ચક્રિણં નિવાર્ય પ્રાહ, તથાહિ—

'રવિં વિના યથા ઘસ્રો વિના પુત્રં યથા કુલમ્ ।
વિના જીવં યથા દેહો, વિના દીપં યથા ગૃહમ્ ॥ ૧ ॥
વિના વિદ્યાં યથા મર્ત્યો, વિના નેત્રં યથા મુખમ્ ।
વિના છાયાં યથા વૃક્ષો, યથા ધર્મો દયાં વિના ॥ ૨ ॥
વિના ધર્મં યથા જીવો, વિના વારિ યથા જગત્ ॥
તથા વિના તીર્થમિદં, નિષ્ફલં જગત્ ॥ ૩ ॥
નિરુદ્ધેઽષ્ટાપદે શૈલે, સત્યસૌ જનતારકઃ ।
તસ્મિન્ રુદ્ધે ન પશ્યામિ, સંસારમપરં [તારકં] ભુવિ ॥ ૪ ॥
ન યદા તીર્થકૃદ્દેવો, ન ધર્મો ન સદાગમઃ ।
તદાસૌ સર્વલોકાનાં, શૈલઃ કામિતદાયકઃ ॥ ૫ ॥
ઇતિ શક્રવચસા ચક્રી યક્ષાન્નિવારયતિ સ્મ ।
સમુદ્રસ્તુ યાવતીં ભૂમિમાગતસ્તાં યાવત્તથૈવ સ્થિતઃ ॥ ઇત્યાદિ ॥
[શ્રીહંસરત્નસૂરિવિરચિતશત્રુંજયમહાત્મ્યે સર્ગઃ ॥ ૮ ॥]

"તે વાર પછી હૃષ્ટ ચિત્તવાળા તે સગરચક્રવર્ત્તીએ ગુરૂમહારાજના વચનથી ભરતમહારાજાની માફક મુખ્ય શિખર ઉપર ઇન્દ્ર મહોત્સવ, ધ્વજારોપણ, છત્ર, ચામર, રથ, અશ્વનું મુકવું વિગેરે સર્વ ધર્મ કાર્યને સમાપ્ત કર્યું. ત્યારબાદ 'સુવર્ણમણિરત્નના આ પ્રાસાદો મારા પૂર્વજોએ તૈયાર કરાવ્યા છે તે પ્રાસાદોનો કાલના મહિમાવડે વિવેક વગરના લોભાંધપુરૂષો સુવર્ણ રત્ન વિગેરેના લોભથી નાશ ન કરે તેથી એ પ્રાસાદોનું મારે રક્ષણ કરવું યોગ્ય છે, એમ વિચારી સગરચક્રવર્ત્તી રક્ષા કરવાનો ઉપાય ચિંતવવા લાગ્યા. મારા પુત્રોએ અષ્ટાપદનું રક્ષણ કરવા માટે ગંગાને વાળી તો હું આ પ્રાસાદોનું રક્ષણ કરવા માટે સમુદ્રને લાવું ' એ પ્રમાણે વિચાર કરી સમુદ્રને લાવવા માટે પોતાની સેવામાં રહેલા યક્ષોને હુકમ કર્યો. ત્યારબાદ તે યક્ષોના પ્રયત્નવડે દક્ષિણ દિશાના દ્વારથી પ્રવિષ્ટ થયેલો સમુદ્ર પોતાના મોજાઓથી પૃથ્વીને ઢાંકી દેતો, ગર્જરવવડે જગતને બહેરૂં કરતો ટંકણ–બર્બર-ચીન ભોટ–સિંહલ વિગેરે સંખ્યાબંધ દેશોને તારાજ કરતો વેગથી[1] શત્રુંજયની નજીક આવ્યો. એવા અવસરમાં અવધિજ્ઞાનના બલવડે ઇન્દ્રમહારાજ સમુદ્રનું આગમન જાણી તૂર્તજ ચક્રવર્તી પાસે આવી 'હે ચક્રી આ પ્રમાણે કરશો નહિં ' એવા આકુલ વચનવડે તે પ્રમાણે કરતા અટકાવીને ચક્રવર્ત્તીને જણાવે છે કે—

'સૂર્ય વિના જેમ દિવસ, પુત્ર–વિના કુલ, જીવ વિનાનું શરીર, દીપક વિનાનું ઘર, વિદ્યા વિનાનો પુરૂષ, ચક્ષુ વિનાનું મુખ, છાયા રહિત વૃક્ષ, દયા રહિત ધર્મ, ધર્મ વિનાનો મનુષ્ય, તથા પાણિ વિનાનું જગત જેમ શોભતું નથી તે પ્રમાણે આ શત્રુંજય તીર્થ વિના સર્વ જગત નિષ્ફલ છે. અર્થાત્ શોભશે નહિં. જો કે અષ્ટાપદ તીર્થયાત્રાનો રોધ–અટકાવ થયો છે તોપણ આ શત્રુંજયતીર્થ ભવ્યાત્માઓને

૧ એ સમુદ્ર અત્યારે પણ તાલધ્વજ ગિરિ (તળાજા) ની નજીકમાં છે. બારીક દષ્ટિથી જો તપાસીશું તો દક્ષિણદ્વારેથી સમુદ્રનું આગમન થયું હોય તો તે પણ બરાબર છે. કારણકે દક્ષિણ તરફ જ્યાં દેખશો ત્યાં સમુદ્ર જ દેખાશે.

તારક છે. તેની યાત્રાનો પણ રોધ થશે તો પછી પૃથ્વી ઉપર બીજી કોઈ સારવાળી (તારનારી) વસ્તુ નથી. જેથી અવસરે તીર્થંકરનો અભાવ છે, સર્વોત્કૃષ્ટ ચારિત્રધર્મનો અભાવ છે. પૂર્વરૂપ આગમજ્ઞાનનો પણ અભાવ છે. તેવા હુંડા અવસર્પિણી કાલમાં આ **શત્રુંજયગિરિરાજ જ** સર્વ પ્રાણીઓના મનવાંછિત આપનાર છે.'

આ પ્રમાણે ઇન્દ્રના વચનને સાંભળી ચક્રવર્ત્તી યક્ષોને અટકાવે છે. પરંતુ જેટલી ભૂમિ પર્યંત સમુદ્ર આવેલ છે ત્યાંથી પાછો મૂળસ્થાને ન જતાં ત્યાંને ત્યાં જ રહ્યો."

પૂજ્યવર્ય શ્રીમાન્ **હંસરત્નસૂરિમહારાજના** એ પૂર્વોક્ત ઉલ્લેખથી સાબીત થાય છે જે તીર્થાધિરાજ શ્રી **શત્રુંજયગિરિરાજના** રક્ષણાર્થે ઉદ્યત થયેલ શ્રી સગર ચક્રવર્તીના પ્રયત્નથી જંબૂદ્વીપના દક્ષિણ દ્વારથી લવણસમુદ્રનો જંબૂદ્વીપમાં પ્રવેશ થયો તે વખતે ભરતક્ષેત્રવર્તી સંખ્યાબંધ ગ્રામ-નગર અને દેશોનો જળપ્રલય થયો હોય એ સંભવિત છે. અને આવેલું જળ એમને એમ જે રહ્યું તેને જ આપણે જુદા જુદા વિભાગાશ્રયી અરબી સમુદ્ર-આટલાંટિક મહાસાગર-પાસીફિક મહાસાગર વિગેરે ઉપનામો આપીએ છીએ. પરંતુ વસ્તુતઃ વર્ત્તમાનમાં દૃષ્ટિગોચર થતાં સમુદ્રો અથવા મહાસાગરો એ લવણસમુદ્રની નહેર સરખાં છે. અને વર્ત્તમાનમાં દેખાતી પાંચ ખંડ રૂપ પૃથ્વી અને તેને ફરતું જે પાણી તે સર્વનો ભરતક્ષેત્રના દક્ષિણ તરફના અર્ધ વિભાગમાં જ સમાવેશ કરવો એ યુક્તિ સંગત છે. ભરતક્ષેત્રમાં લવણસમુદ્ર સંબંધી જલનો પ્રવેશ અને ત્યારબાદ પણ ઉપસ્થિત થયેલ તેવા કારણોને અંગે ક્ષેત્રવિગેરેમાં શાસ્ત્રીય મન્તવ્યની અપેક્ષાએ આપણી સ્થૂલ દૃષ્ટિથી જે પરાવર્ત્તન દૃષ્ટિગોચર થાય છે, તેથી શાસ્ત્રીય મન્તવ્યો અસત્ય છે એવું માનવાને કાંઈપણ કારણ નથી. શાસ્ત્રના વક્તા આપ્ત પુરૂષ છે. એ આપ્ત પુરૂષોના વચનમાં અવિશ્વાસ કરવો એ અધઃપતનનું પ્રથમ પગથીયું છે. જે વસ્તુ સંબંધી શાસ્ત્રીય મન્તવ્ય અન્યપ્રકારે હોવા છતાં આપણી ચર્મચક્ષુની નજરમાં અન્યરીતિએ અનુભવ થતો હોય તેવા પ્રસંગે 'જં જિણેહિં પન્નત્તં તમેવ નિસ્સંકં સચ્ચં' 'રાગ દ્વેષ મોહ રહિત જિનેશ્વરોએ જે જે તત્ત્વો જે જે રીતિએ ઉપદેશ્યાં છે તે તે પ્રમાણેજ છે સાચાં અને નિઃશંક છે.' એ સૂત્રનો આધાર રાખવો જ યોગ્ય લેખાય.

ગંગા સિન્ધુ નદીના સ્થાનો.

શાસ્ત્રમાં ગંગા અને સિન્ધુ મહાનદીનું જે વર્ણન આવે છે તે ગંગા સિંધુ નદીઓ વર્ત્તમાનમાં છે તે સમજવી કે અન્ય? આવો પ્રશ્ન ઘણી વખત અનેક જીજ્ઞાસુ વ્યક્તિઓ તરફથી થાય છે, તેના સંક્ષિપ્ત સમાધાનમાં જણાવવું ઉચિત સમજાય છે જે-સિન્ધુ નદી તો પ્રાયઃ તેજ છે. એટલે કે કાળ બળને અંગે તેના પ્રમાણમાં ન્યૂનાધિક્ય થયું ભલે નજરમાં આવતું હોય! પણ સ્થાનમાં ખાસ પરાવર્ત્તન થયું હોય તેવું માનવામાં કોઈ પ્રબલ સાધન જાણવામાં આવ્યું નથી. જ્યારે ગંગા નદીના પ્રમાણમાં ન્યૂનાધિક્ય સંબંધી ફેરફાર સાથે સ્થાન પરાવૃત્તિ થવા માટે શાસ્ત્રીય (ચરિતાનુયોગ સંબંધી) પુરાવો મળી શકે છે.

"યાવત્ શક્રસ્તં પ્રતિબોધવાક્યૈરેવં પ્રતિબોધયતિ તાવદ્ દ્વૌ પુરુષૌ સમકાલમાગત્ય ચક્રિણં પ્રણેમતુઃ। તયોઃ પ્રથમઃ શ્રી અજિતસ્વામિનઃ સમાગમં કથયામાસ। દ્વિતીયસ્તુ સ્વામિન્! તવ પુત્રૈ સમાકૃષ્ટા જાહ્નવી અષ્ટાપદે ખાતિકાં પૂરયિત્વાગ્રે પ્રસર્પન્તી સમીપસ્થાન્ દેશાન્ પ્લાવયન્તી વર્ત્તતે। સા યદિ સમુદ્રં પ્રવેશં ન પ્રાપ્નોતિ તદા સમગ્રમપિ ભારતં પ્રલયકાલીનસમુદ્ર ઇવ પ્લાવયિષ્યતિ। તતોઽવિલમ્બેનૈવ જાનપદરક્ષાર્થં તસ્યાઃ સમુદ્રપ્રવેશાર્થં કશ્ચિત્સમર્થપુરુષમાજ્ઞાપયતુ દેવઃ। ઇત્યેવં

જિનાગમનેન હર્ષિતં પુનર્દેશપ્લાવનશ્રવણેન વિસંસ્થૂલં ચક્રિણં પુનઃ શક્રઃ પ્રાહ–ચક્રિન્ શોકં વિહાય પરમઽશોકકારણં જિનં વન્દસ્વ । અન્યચ્ચ જહ્નુકુમારપુત્રં ભગીરથં મહૌજસં ગંગાવાલનાર્થં નિયોજયેતિ શક્રવચઃ પ્રમાણીકૃત્ય કથઞ્ચિન્નેત્રાશ્રૂણિ પ્રમૃજ્ય ભગીરથં સમાહૂય તત્પૃષ્ઠે હસ્તં દત્ત્વા, વત્સ! 'સામ્પ્રતં વિદગ્ધવને ઇવાસ્માકં વંશે ત્વમેવાવશિષ્ટાઽઙ્કરોષિ । તતો વંશસ્થિતિઃ સકલા ત્વામેવ સમાશ્રિતા । તદ્ ગચ્છ લોકરક્ષાર્થે । દણ્ડેન કૃત્વા જાહ્નવીં પુનર્મુખ્યપ્રવાહે સમાનય' ઇત્યાદિ સનાજ્ઞાપયત્ । સોઽપિ મહત્સૈન્યં સમાદાયાવિચ્છિન્નપ્રયાણૈર્ગંગાવાલનાર્થં ચચાલ । ચક્રી × × × × × × × × × × × × × × × × × ઇતશ્ચ ભગીરથોઽપિ અષ્ટાપદં પ્રપાય સ્વપિતૃપિતૃવ્યાનાં ભસ્મ વીક્ષ્ય અતિદુખિતઃ ક્ષણં મૂર્ચ્છાં લબ્ધ્વા પુનઃ સચેતનીભૂતો નાગમારાધયામાસ સોઽપિ તદ્ભક્ત્યા તુષ્ટસ્તત્રાગત્ય ઇતિ પ્રાહ, વત્સ! 'એતે મયાવારિતા અપિ નાગલોકોપદ્રવં ચક્રુઃ । તતઃ ક્રોધવશેન મયા જ્વાલિતા । તતઃ પરં પશ્ચાત્તાપે જાતેઽપિ ન કિઞ્ચિત સિધ્યતિ, કિં કુર્મઃ! સામ્પ્રતમ્? એતેષામીદૃશ્યેવ કર્મગતિરિતિ । તત એતેષામિદાનીં મૃતકાર્યં વિધેહિ, એનાં ગંગાંચ મુખ્યપ્રવાહે સમાનય' ઇત્યાદિ શિક્ષાં દત્ત્વા નાગઃ સ્વસ્થાનં જગામ । ભગીરથોઽપિ પૂર્વજાનાં દાહભસ્મ ગંગાયાં ન્યક્ષિપત । તતઃ પ્રભૃતિ અદ્ય યાવત્ લોકેઽપિ સ વ્યવહારઃ પ્રવર્તતે । અથ ભગીરથસ્તેષાં મૃતકર્મ કૃત્વા દંડરત્નેન ગંગાં મુખ્યપ્રવાહે સમાનયત્ ॥ [શ્રીહંસરત્નસૂરિવિરચિતશત્રુંજયમાહાત્મ્યમ્, સર્ગઃ ૮]

'પુત્રના શોકથી દુઃખિત હૃદયવાળા સગરચક્રીને ઇન્દ્રમહારાજ પૂર્વે જણાવેલા વાક્યોવડે પ્રતિબોધ કરે છે એટલામાં બે પુરૂષો એક સાથે આવીને ચક્રવર્ત્તીને નમસ્કાર કરવા લાગ્યા, તે બેમાંથી પ્રથમ એક પુરૂષે શ્રી **અજીતનાથપ્રભુ** પધાર્યા સંબંધી વધામણી આપી, જ્યારે બીજો પુરૂષ કહે છે કે હે સ્વામી! 'તમારા પુત્રોથી લવાયેલી ગંગા નદી અષ્ટાપદની ફરતી ખાઈને પૂરીને આગળ વધતી થકી નજીકમાં રહેલા સંખ્યાબંધ દેશોને ડુબાડે છે. જો તેનો સમુદ્રમાં પ્રવેશ નહિં થાય તો પ્રલયકાળના સમુદ્રની માફક સમગ્રભારતને પણ જળમય બનાવી દેશે, તેથી જરાપણ વિલંબ કર્યા વિના દેશોના રક્ષણ માટે નદીનો સમુદ્રમાં પ્રવેશ થાય તે અર્થે કોઈ સમર્થ પુરૂષને હુકમ કરો.' આ પ્રમાણે પ્રભુની પધરામણીથી સંતુષ્ટ થયેલ તેમજ પાછળના સમાચારથી ખિન્ન થયેલ ચક્રવર્ત્તીને પુનઃ ઇન્દ્ર મહારાજ જણાવે છે જે–હે ચક્રી! શોકને દૂર કરીને સર્વ શોકને નાશ કરવામાં કારણ ભૂત એવા જિનેશ્વરને તમો વંદના કરો, અને જહ્નુકુમારના પુત્ર મહા પરાક્રમી **ભગીરથ**ને ગંગા વાળવા માટે હુકમ કરો. એ ઇન્દ્રના વચનને સાંભળી તેનો સ્વીકાર કરી મુશ્કેલીથી આંખના આંસુને લુછી ભગીરથને બોલાવી તેની પીઠ ઉપરહાથ મુકી (તેની પીઠ થાબડી) તેને આ પ્રમાણે ચક્રવર્ત્તી કહે છે કે–હે પુત્ર! 'દવથી બળેલા વનસરખા અમારા વંશમાં તું એક પુત્રરૂપ અંકુર અવશિષ્ટ રહેલો છે. તેથી વંશની સ્થિતિ–વૃદ્ધિનો સર્વ આધાર તારા ઉપર છે. માટે લોકોનું રક્ષણ કરવા માટે જા અને દંડરત્નવડે ગંગાનદીને મુખ્ય પ્રવાહમાં જોડી દે.' એ પ્રમાણે હુકમ કર્યો. ભગીરથે પણ મહાન સૈન્ય સાથે એક સાથે ચાલવાવડે ગંગાને વાળવા માટે પ્રયાણ કર્યું. અનુક્રમે ભગીરથ અષ્ટાપદ પાસે આવતાં પોતાના પિતા તેમજ કાકાઓની રાખ દેખીને અત્યંત ખિન્ન થયો થકો ક્ષણવાર મૂર્છિત થવા પૂર્વક પુનઃ સચેતન થયો છતો નાગદેવનું આરાધન કરવા લાગ્યો, નાગેન્દ્ર પણ તેની ભક્તિથી સંતુષ્ટ થઈ તુર્ત ત્યાં આવીને કહેવા લાગ્યો કે–હે 'વત્સ! મેં તારા પિતા તેમજ કાકાઓને નાગલોકને ઉપદ્રવ કરવા માટે ઘણા અટકાવ્યા છતાં તે અટક્યા નહિં. જેથી ક્રોધથી પરાધીન એવા મેં તેમને બાળી મૂક્યા, ત્યાર બાદ ઘણો પશ્ચાત્તાપ થાય તોપણ તેમાં કાંઈ વળે નહિ. એટલે હવે શું કરવું? એઓની કર્મસ્થિતિજ એવી હશે. હવે તું એ સર્વનું મૃતકાર્ય કર અને આ ગંગાને મૂખ્ય પ્રવાહ સાથે જોડીદે.' વિગેરે શિખામણ આપી નાગદેવ સ્વસ્થાને ગયા. ભગીરથે પણ પોતાના પૂર્વજોના શરીરની ભસ્મને ગંગામાં

નાખી, ત્યારથી લોકમાં પણ તે વ્યવહાર શરૂ થયો જે હજુ પણ ચાલે છે. પૂર્વજોનું મૃતકર્મ કરીને દંડરત્નવડે ગંગાને મુખ્ય પ્રવાહ સાથે જોડી દીધી.'

ક્ષેત્રાદિના પરાવર્તનમાં થતી શંકા એનો નિરાસ

આ પ્રમાણે **શત્રુંજયમહાત્મ્ય** તેમજ **ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત્ર** વિગેરેમાં વૃત્તાંત ઉપલબ્ધ થતો હોવાથી ગંગાનદીના સ્થાનનું પરાવર્ત્તન થયું હોય એમ માનવામાં કોઈ પ્રતિકૂલ તર્ક હોવાનું જણાતું નથી. જણાવવાનો આશય એજ છે કે-કોઈ કોઈ પ્રસંગે તેવા દૈવિક સંયોગોમાં ક્ષેત્રની-નદીઓની સ્થાન પરાવૃત્તિ થઈ હોય તો બનવું જરાપણ અસંભવિત નથી. **ગયા શીયાળામાંજ બીહાર-ઓરીસા પ્રદેશમાં થયેલ ભૂકંપના કારણથી ગંડકી નદીનો પ્રવાહ સો માઈલ દૂર ચાલી જવાનું કહેવાય છે. એ શું ક્ષેત્ર પરાવૃત્તિમાં પુરાવો નથી?** નદીઓનાં સ્થાનોમાં કેટલો કેટલો વિલક્ષણ ફેરફાર થયો છે તે જાણવાની અભિલાષા રાખનારાઓએ '**શ્રી પ્રસ્થાન માસિકમાં**' ઘણા અંકોથી લખાતો '**ખોવાયેલી નદીઓ**' નામનો લેખ સાદ્યંત વાંચવાની ખાસ સૂચના છે. એ પ્રમાણે પર્વતોના સ્થાન પરાવર્તન માટે પણ વિચાર કરવો જરૂર છે. ઘણાનું કિવદંતી રૂપે કહેવું થાય છે કે અમુક વર્ષો પહેલાં હિંદુસ્થાનની ઉત્તર દિશામાં રહેલા **હિમાલય** પર્વતનું અસ્તિત્વ જ હતું નહિં. જો એ કિંવદંતીમાં સત્યતાનો અંશ હોય તો સુજ્ઞ વાચકોને શાસ્ત્રીય જગતની અપેક્ષાએ આધુનિક જગતના વૈલક્ષણ્યમાં લેશ પણ શંકાનો ઉદ્દભવ થવાનો પ્રસંગ નહિં સાંપડે. સ્વમન્તવ્ય તરફ યુક્તિને ન દોરતાં શાસ્ત્ર ઉપર ખાસ આધાર રાખી '**સિદ્ધસ્ય ગતિશ્ચિન્તનીયા**' એ ન્યાયે શાસ્ત્ર સિદ્ધ પદાર્થોની સિદ્ધિ થાય તે તરફ યુક્તિઓને પ્રયત્નપૂર્વક લઈ જવાય તો સર્વ પદાર્થોનો સાચો અવબોધ સહેલાઈથી થવા સંભાવના છે.

આ પ્રમાણે આધુનિક દુનીયાનો શાસ્ત્રીય દુનીયા સાથે ઘણો જ સંક્ષિપ્ત વિચાર કિંવા સમન્વય કરી હવે આ **લઘુક્ષેત્રસમાસ નામના** ગ્રંથમાં રહેલ મૂળ વિષય તરફ લક્ષ્ય આપીએ.

દ્રવ્યાનુયોગ

૧ દ્રવ્યાનુયોગ—ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ એ ચાર વિભાગમાં જૈન-સિદ્ધાંત વહેંચાયેલો છે. કોઈક ગ્રન્થ દ્રવ્યાનુયોગનું પ્રતિપાદન કરે છે. કોઈ ગ્રન્થમાં ગણિતાનુયોગનું પ્રાધાન્ય જોવાય છે. કોઈ ગ્રન્થ ચરણકરણાનુયોગની વ્યાખ્યાથી ભરેલો હોય છે. જ્યારે કોઈક ગ્રન્થ ધર્મકથાનુયોગના વિષયથી સંપૂર્ણ જોવામાં આવે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ છ દ્રવ્યોની ભિન્ન ભિન્ન પ્રકારે જે વ્યાખ્યા તેનું નામ દ્રવ્યાનુયોગ કહેવાય છે. તે ઉપરાંત કાર્મણવર્ગણાઓના અનંતપ્રદેશી સ્કંધો, મિથ્યાત્વાદિ હેતુઓ વડે એ કાર્મણવર્ગણાના સ્કંધોનો આત્મપ્રદેશો સાથે ક્ષીર નીરવદ્ અભેદાત્મક સંબંધ, પ્રતિસમયે સ્વાવગાઢ આકાશપ્રદેશગત અનંતપ્રદેશી કાર્મણવર્ગણાના સ્કંધોનું ગ્રહણ કરવું, ગ્રહણ કરાતા તે સ્કંધોમાં લેશ્યાસહચરિત કાષાયિત અધ્યવસાય તેમ જ માનસિક, વાચિત કાયિક યોગવડે પ્રકૃતિ-સ્થિતિ અને રસની ઉત્પત્તિ થવા સાથે સ્પૃષ્ટ બદ્ધ નિધત્ત અને નિકાચિત એ ચાર અવસ્થાઓ ઉત્પન્ન થવી ઇત્યાદિ સર્વ વિષયોનો સમાવેશ દ્રવ્યાનુયોગમાં લગભગ થાય છે. દ્રવ્યાનુ-યોગનો વિષય ઘણો જ ગહન છે. તેના જાણકારો પણ ઘણા જુજ હોય છે. સિદ્ધાન્તકારનું જે વચન છે કે 'દવિએ દંસણ સોહી' 'દ્રવ્યાનુયોગની વિચારણામાં દર્શન-સમ્યક્ત્વ શુદ્ધિ થાય છે **અર્થાત્** ક્ષાયિક સમ્યક્ત્વ આત્મા પ્રાપ્ત કરે છે.' એ વચન વિચાર કરતાં બરાબર યોગ્ય લાગે છે.

૨ ગણિતાનુયોગ—ચૌદ રાજલોક, ઊર્ધ્વલોક, અધોલોક, તીર્છાલોક, અસંખ્ય દ્વીપસમુદ્રો, દેવવિમાનો, ભુવનો, સાત નારકભૂમિ, તદન્તર્ગત પાથડાઓ, નરકાવાસા, મેરૂ, હિમવંત-

ગણિતાનુયોગ વૈતાઢ્ય-શિખરી વિગેરે પર્વતો, તે ઉપર રહેલા કૂટો, ગંગા સિંધુ પ્રમુખ નદીઓ પદ્મદ્રહ વિગેરે દ્રહો, શાશ્વત જિનાલયો, ભદ્રસાલવન-નંદનવન-પાંડકવન ઈત્યાદિ વનો, દ્વીપસમુદ્રને વીંટાળીને રહેલી જગતીઓ, ભરત–ઐરવત–મહાવિદેહ–દેવકુરૂ–ઉત્તરકુરૂ, પ્રમુખક્ષેત્રો, પાતાળ કળશાઓ, જંબૂવૃક્ષ, કૃષ્ણરાજી, સિદ્ધશિલા ઈત્યાદિ લોકવર્તિ શાશ્વત્ (અશાશ્વત) પદાર્થોની લંબાઈ–પહોળાઈ–ઉંચાઈ–ઉંડાઈ–ક્ષેત્રફળ–ઘનફળ–બાણ–જીવા–ધનુઃપૃષ્ઠ–પરિધિ વ્યાસ વિષયોનું સવિસ્તર વર્ણન એ ગણિતાનુયોગના વિષયો છે. આ અનુયોગ અભ્યસકોને પ્રાયઃ નીરસ લાગે છે, પરંતુ અંકગણિત, બીજગણિત, ભૂમિતિના વિષયમાં નિષ્ણાત થયેલા વિદ્વાનોને ઘણો જ રમુજી થઈ પડે છે. સૂર્યપ્રજ્ઞપ્તિ–ચંદ્રપ્રજ્ઞપ્તિ–લોકપ્રકાશ વગેરે ગ્રન્થો ગણિતાનુયોગના વિષયથી ભરપૂર છે. આ **લઘુક્ષેત્રસમાસગ્રન્થ**માં પણ એ જ ગણિતાનુયોગના વિષયનું પ્રાધાન્ય છે.

૩ ચરણકરણાનુયોગ—આ અનુયોગ પણ ખાસ મહત્ત્વનો છે. ચરણ સિત્તરિ–કરણસિત્તરિ પ્રમુખ આચારપ્રદર્શક શ્રી આચારાંગ પ્રમુખ આગમો તેમજ પંચાશક–શ્રાદ્ધવિધિપ્રમુખ મહાગ્રન્થોમાં રહેલા વિષયનો આ અનુયોગમાં સમાવેશ છે. ચારિત્રગુણની સ્થિરતામાં આ અનુયોગ ખાસ સાધનભૂત છે. ક્રિયાકલાપમાં મગ્ન રહેનારાઓને જેમ આ અનુયોગની અતીવ ઉપયોગિતા છે તે પ્રમાણે જ્ઞાનીઓને પણ આ અનુયોગનું આલંબન લેવાની ખાસ આવશ્યક્તા છે. '**જ્ઞાનસ્ય ફલં વિરતિઃ**' એ સૈદ્ધાન્તિક માન્યતા આ અનુયોગની આરાધનામાં જ સફલતા પામે છે. ક્રિયાના આળસુ, જ્ઞાન જ્ઞાનનો જ પોપટીઓ પાઠ પઢનારાઓ કેટલાક અનભિજ્ઞો આ ચરણકરણના વિષયને ગૌણ કરી "જ્ઞાનથી જ મુક્તિ છે, મુહપત્તિ ચરવલો ફેરવવાથી મુક્તિ નથી." એવી પોતાની ભ્રાન્ત માન્યતાઓ મુગ્ધજનતા પાસે પ્રગટ કરવા પૂર્વક કુયુક્તિઓ દ્વારા ક્રિયાનો અપલાપ કરવા તૈયાર થાય છે, પરંતુ શરીરમાં ઉત્પન્ન થયેલ વ્યાધિને દૂર કરવામાં સમર્થ વૈદ્યની યોગ્ય ઔષધિ સંબંધી શ્રદ્ધાન તેમજ જ્ઞાન થવા સાથે ઉદરમાં નાંખવાનો ઉદ્યમ ક્રિયા સેવાય તોહિજ દુઃસાધ્ય વ્યાધિ પણ દૂર થવા સાથે શરીર સ્વસ્થ બને છે, એ જેમ અનુભવસિદ્ધ છે તે પ્રમાણે જ ભાવરોગને દૂર કરનાર શ્રીસંયમમાર્ગ સંબંધી શ્રદ્ધાન તથા જ્ઞાન થવા સાથે દેશસંયમ કિંવા સર્વસંયમ ગ્રહણ કરી ચરણ–કરણ ક્રિયાકાંડમાં આત્માને તન્મય બનાવાય ત્યારે જ ભાવરોગથી રહિત થવા સાથે અવિચલ અનંત આત્મિક સુખની પ્રાપ્તિ થઈ શકે. એ કારણથી આ ચરણકરણાનુયોગ પણ ખાસ આદરણીય છે.

ચરણકરણાનુયોગ.

૪ ધર્મકથાનુયોગ—'**ચરણપડિવત્તિહેઉ ધમ્મકહા**' એ શાસ્ત્રીય વચન પ્રમાણે ચારિત્રાદિ ગુણોની પ્રાપ્તિમાં આ અનુયોગ મુખ્ય સાધન છે. પ્રથમના ત્રણે અનુયોગની અપેક્ષાએ આ અનુયોગનો વિષય ગહન નથી તો પણ મધ્યમ વર્ગને ઘણો જ લાભપ્રદ છે. આપણા પ્રતિભાસંપન્ન સમર્થ આચાર્યોની ધર્મકથાનુયોગ સંબંધી કૃતિઓમાં ઈષ્ટ ભવ્યાત્માના જીવનચરિત્ર સાથે પ્રસંગે પ્રસંગે દ્રવ્યાનુયોગાદિ પ્રથમના ત્રણ અનુયોગ સંબંધી તાત્વિક વાતો સ્થળે સ્થળે દસ્યમાન થતી હોવાથી ધર્મકથાના જ્ઞાનસાથે દ્રવ્યાદિનું સ્વરૂપ પણ સહેલાઈથી સમજી શકાય છે. ભવ્યાત્માઓ કયા માર્ગથી પોતાના આત્માને અધોગતિમાંથી પડતો બચાવી ઉચ્ચસ્થાન ઉપર પહોંચાડે છે? ઉચ્ચ સ્થાન ઉપર આરૂઢ થતાં ભયંકર ઉપદ્રવો–ઉપસર્ગોને આત્મિક ક્ષમા વડે સહન કરવા પૂર્વક કેવી રીતે કસોટીના પ્રસંગોમાંથી પસાર થાય છે? ઇત્યાદિ વિષયોથી ભરપુર કલ્યાણકારી આત્માઓના ચરિત્રો એ આ અનુયોગનો પ્રાણ છે. શ્રી જ્ઞાતાસૂત્ર–ઉપાસકદશાંગસૂત્ર–વિપાકસૂત્ર–ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત્ર, સુપાર્શ્વનાથ ચરિત્ર, ચન્દ્રપ્રભ ચરિત્ર, મલ્લિનાથ ચરિત્ર, શ્રી મહાવીર ચરિત્ર ઇત્યાદિ સંખ્યાબંધ આગમ પ્રમુખ ગ્રન્થો આ ધર્મકથાનુયોગસંબંધી હાલમાં પણ ઉપલબ્ધ છે.

ધર્મકથાનુયોગ.

આ ગ્રન્થનું અભિધેય

'**શ્રી લઘુક્ષેત્ર સમાસ પ્રકરણ**' નામના આ ગ્રન્થમાં પૂર્વે જણાવેલા ચાર અનુયોગ પૈકી ગણિતાનુયોગનું જ પ્રાધાન્ય છે. ચૌદ રાજ લોકવર્ત્તિ તે તે ક્ષેત્રો તેમજ ક્ષેત્રોમાં રહેલ પર્વત–નદી–દ્રહો–શાશ્વતચૈત્યો વિગેરેની લંબાઈ, પહોળાઈ, ઉંચાઈ, ઉંડાઈ પ્રમુખ પ્રમાણનું ઘણા વિસ્તારથી વર્ણન આ ગ્રન્થમાં કરવામાં આવેલ છે. ગ્રન્થકાર **શ્રીમાન્ રત્નશેખર સૂરીશ્વરજી** મહારાજે આ ગ્રન્થ એકંદર ૭ અધિકારમાં રચેલ છે. ૧ જંબૂદ્વીપાધિકાર ૨ લવણસમુદ્રાધિકાર ૩ ધાતકીખંડાધિકાર ૪ કાલોદધિસમુદ્રાધિકાર ૫ પુષ્કરાર્ધદ્વીપાધિકાર અને ૬ અવશિષ્ટ પ્રકીર્ણાધિકાર. એ છએ અધિકારમાં અનુક્રમે જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ અને પુષ્કરાર્ધ દ્વીપ સમુદ્રો તેમાં રહેલા મહાક્ષેત્રો, વર્ષધર પર્વતો, દીર્ઘ-વૈતાઢ્ય વૃત્તવૈતાઢ્ય, મેરૂપર્વત, ભદ્રશાલવન, નંદનવન, પાણ્ડકવન, સીતા, સીતોદા, રૂપ્યકુલા–સુવર્ણકુલા–ગંગા સિંધુ પ્રમુખ મહાનદીઓ, પાતાલ કલશાઓ, લઘુપાતાલ કલશાઓ, લવણસમુદ્રની જગશિખા, તે તે દ્વીપ સમુદ્રોની વેદિકાઓ, વનખંડો, જંબૂવૃક્ષ, ધાતકીવૃક્ષ, માનુષોત્તર પર્વત વિગેરે તીર્ચ્છાલોકમાં રહેલ પ્રાયઃ ઘણા ખરા શાશ્વત પદાર્થો સંબંધી લંબાઈ, પહોળાઈ, ઉંચાઈ, ઉંડાઈ વિગેરે પ્રમાણ સાથે વર્ણન આપવામાં આવ્યું છે. ભાષાન્તરમાં પણ પ્રાયઃ પ્રત્યેક સ્થાને દરેક વસ્તુને તે તે વસ્તુના આયામ-વિષ્કંભ–બાહલ્ય વિગેરે સંબંધી માપને ગણિતના પ્રયોગોથી સ્પષ્ટ કરવામાં જરાપણ ન્યૂનતા રાખવામાં આવેલ નથી. એટલું જ નહિં પરંતુ તે તે વિષયની પૂર્ણાહુતિ થતાં તદ્વિષયક વિસ્તૃત યંત્રો તેમજ ઘણીજ મહેનતથી તૈયાર કરવામાં આવેલ સુંદર લગભગ ૫૦ રંગીન ચિત્રો આપેલા હોવાથી તે તે ક્ષેત્રો વિગેરેના આયામ–વિષ્કંભ-ક્ષેત્ર ફળ–ઘન ફળ વિગેરે પ્રમાણના જ્ઞાન સાથે ચિત્ર દર્શન દ્વારા પદાર્થનું પ્રત્યક્ષજ્ઞાન થતું હોય તેવો ખ્યાલ આવે છે. ગ્રન્થકારની સ્વોપજ્ઞવૃત્તિમાં બતાવેલ ભાવાર્થ ઉપરાંત સ્થળે સ્થળે પ્રાસંગિક વિવેચનો–ટીપ્પણીઓ કરવામાં પણ ભાષાંતર કરતાં ઘણોજ ખ્યાલ અપાયો હોય તેમ ગ્રન્થનું સાદ્યંત વાંચન કરવાથી જણાઈ આવે તેમ છે. ગ્રંથવર્ત્તિ વિષયોનો આછો ખ્યાલ વિષયાનુક્રમમાં જણાવેલો હોઈ તેમજ જિજ્ઞાસુઓ માટે ગ્રન્થનું સાદ્યન્ત વાચન મનન પૂર્વક નિરીક્ષણ કરવું એજ ઉપયોગી હોઈ ગ્રન્થના અભિધેય સંબંધી આટલેજથી વિરામ પમાય છે.

ગ્રન્થકાર મહર્ષિ

'**શ્રી લઘુક્ષેત્ર સમાસ**' નામના આ ગ્રન્થના રચયિતા પૂજ્યવર્ય **શ્રી રત્નશેખર સૂરીશ્વરજી** મહારાજા છે એ આપણે પ્રથમજ જોઈ શકયા છીએ. એ પૂજ્યપ્રવર ગ્રન્થકારની કઈ જન્મભૂમિ ? માતા પિતાનું શું નામ ? કોણ ગુરૂ મહારાજ ? અને તેઓશ્રીનો કયો સત્તા સમય ? એ સર્વ બાબતો સંબંધી વિચાર કરતાં તેમજ યોગ્ય તપાસ કરતાં તેઓશ્રીએ રચેલા આગળ જણાવાતા ગ્રન્થો પૈકી અમુક ગ્રન્થોની નિમ્ન પ્રશસ્તિ વિગેરે સાધનોથી તેઓશ્રીનો સત્તા સમય, તેઓશ્રીની ગુરૂ પરમ્પરા તેમજ તેઓશ્રીના સાહિત્ય ક્ષેત્ર સંબંધી થોડી ઘણી માહિતી મળી આવે છે. પરંતુ તેઓશ્રીના જન્મથી કઈ ભૂમિ પવિત્ર થયેલ છે અથવા કયા સ્થાને તેઓશ્રીનો કાળધર્મ થયેલો છે વિગેરે કાંઈપણ માહિતી મળી આવેલી જણાયેલ નથી.

શ્રી લઘુક્ષેત્ર સમાસ નામના તેઓશ્રીના રચેલા આ ગ્રન્થની અન્તિમ ગાથા–

'સૂરિહિં જં રયણસેહરનામએહિં, અપ્પત્થમેવ રઈયં ણરખિત્તવિક્ખં ।
સંસોહિઅં પયરણં સુયણેહિ લોએ, પાવેઉ તં કુસલરંગમઇ પસિદ્ધિં ॥ ૧ ॥

તેમજ તેઓશ્રીએ રચેલ પ્રાકૃતગાથાબદ્ધ **શ્રી શ્રીપાલચરિત્રના** અંત્ય વિભાગમાં રહેલી નિમ્ન બે ગાથા–

'સિરિવજ્જસેણગણહરપટ્ટપહુહેમતિલયસૂરીણં । સીસેહિ રયણસેહરસૂરીહિ ઇમા હુ સંકલિયા ॥ ૧ ॥
તસ્સીસહેમચંદેણ સાહુણા વિક્કમસ્સ વરિસંમિ । ચઉદસ અટ્ઠાવીસી લિહિયા ગુરુભત્તિરાએણં ॥ ૨ ॥'

તથા શ્રી લઘુક્ષેત્રસમાસ–સ્વોપજ્ઞવૃત્તિના પ્રારંભમાં રહેલ શ્લોક—

'શ્રીવજ્રસેનગુરવો, જીયાસુર્હેમતિલકગુરવશ્ચ । ચિન્તામણિરિવ યન્નામ સંસ્મૃતિર્દિશતુ મેઽભિમતમ્ ॥ ૧ ॥'

ગ્રન્થકારનું સાહિત્ય ક્ષેત્ર.

ઇત્યાદિ પદ્યોથી તેઓશ્રીનો સત્તા સમય વૈક્રમાબ્દ ૧૪૨૮ અર્થાત્ પંદરમો સૈકો હોવા સંબંધી નિશ્ચય થવા સાથે તેઓશ્રી પ્રત્યૂષાભિસ્મરણીય બૃહદ્ગચ્છીય **શ્રી વજ્રસેનસૂરિજી** મહારાજના શિષ્ય **શ્રી હેમતિલક** સૂરિજી મહારાજના શિષ્ય હોવાનું જણાય છે. અને તેઓશ્રીની શિષ્ય પરમ્પરામાં **હેમચન્દ્ર** નામા શિષ્ય હોવાનું પણ સિદ્ધ થાય છે. ખાસ આટલી વસ્તુ સિવાય તેઓશ્રીના જીવન સંબંધી કાંઈપણ વિશેષ માહીતી મળતી હોય તેમ જાણવામાં આવેલ નથી. તેઓશ્રીએ રચેલ **શ્રી લઘુક્ષેત્ર સમાસ સ્વોપજ્ઞ વૃત્તિયુત, શ્રી શ્રીપાલચરિત્ર** પ્રાકૃત, **શ્રી ગુણસ્થાનક્રમારોહ** સ્વોપજ્ઞ વૃત્તિયુક્ત, સ્વોપજ્ઞ **ગુરૂગુણષટ્ત્રિંશિકા, દિનશુદ્ધિ, પ્રાકૃત છન્દો ગ્રન્થ** વિગેરે અનેક સાહિત્યથી પૂજ્યવર્ય શ્રી ગ્રન્થકાર મહર્ષિનું દ્રવ્યાનુયોગ–ગણિતાનુયોગ–ચરિતાનુયોગ–વિગેરે દરેક વિષયોમાં સુનિષ્ણાતપણું હોવાનું જણાઈ આવે છે.

સ્વોપજ્ઞશ્રાદ્ધવિધિ, શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર વૃત્તિ, આચારપ્રદીપ વિગેરે ગ્રન્થોના પ્રણેતા બીજા પણ તેજ નામના શ્રીમદ્રત્નશેખરસૂરિજી મહારાજા યદ્યપિ શ્રી લઘુક્ષેત્ર સમાસ વિગેરે ગ્રન્થોના રચયિતા પૂર્વોક્ત જણાવેલ શ્રીમાન્ રત્નશેખરસૂરિજી મહારાજના સમકાલીન તેમજ સમાનનામવાળા હોઈ બન્નેના અભેદ સંબંધી શંકા થવાનો પ્રસંગ હોવા છતાં તેઓ બૃહત્તપાગચ્છાચાર્ય શ્રીમાન્ સોમસુન્દરસૂરિજી મહારાજના શિષ્ય મુનિસુંદરમહારાજાના શિષ્ય હોવાથી આપણા ગ્રન્થકારથી ચોક્કસ ભિન્ન હોવાનું સાબીત થાય છે.

પૂજ્યવર્ય શ્રીમાન્ શ્રી **જ્ઞાનસાગરજી** મહારાજા, પૂજ્યપ્રવર શ્રી **જયચન્દ્રરિજી** મહારાજ, મહારાજ, શ્રીમાન્ **સોમસુન્દરસૂરિ,** શ્રી **કુલમંડનસૂરિ,** શ્રીમાન્ **ગુણરત્નસૂરિ,** શ્રી **ક્ષેમકીર્ત્તિ,** **શ્રી સત્યશેખર,** તેમજ શ્રીમાન્ **મુનિસુન્દરસૂરિ** મહારાજા વિગેરે સમર્થ તેમજ વિદ્વદ્વિશારદ મહાન પુરૂષો શ્રી લઘુક્ષેત્રસમાસ વિગેરે ગ્રન્થોના રચયિતા શ્રીમાન્ **શ્રી રત્નશેખરસૂરીશ્વરજી** મહારાજના સમકાલીન હોઈ પંદરમો સૈકો પ્રાજ્ઞશિરોમણિ પુરૂષોથી વિભૂષિત હોવાનું પણ ચોક્કસ અનુમાન થાય છે.

ભાષ્યસુધાંભોનિધિ શ્રીમાન્ **જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ** વિરચિત શ્રી **બૃહત્ક્ષેત્રસમાસ** ગ્રન્થમાં આ લઘુક્ષેત્રસમાસ ગ્રન્થની અપેક્ષાએ ઘણોજ વિસ્તાર છે તો પણ દુઃષમકાળમાં બુદ્ધિ–બળ–આયુષ્યની ક્રમશ; હાનિ હોઈ સામાન્ય બુદ્ધિવાળા જીવો માટે આ ગ્રન્થ ઘણો જ ઉપયોગી છે.

આ ગ્રન્થની વિશિષ્ટતા.

અત્યાર સુધીમાં **શ્રીલઘુક્ષેત્રસમાસનું** ભાષાંતર ઘણા વખત પહેલા શ્રી ભીમસિંહ માણેક તરફથી તેમજ આ ગ્રંથ આ માળા તરફથી છપાતો જાણવા છતાં એકાએક ખાસ તૈયાર કરી હમણાં બે ત્રણ મહિના અગાઉ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી બહાર પડેલા હોવાનું જાણવામાં છે. યદ્યપિ બન્ને ભાષાતરોમાં રીતસર યંત્રો વિગેરે આપવામાં આવેલ છે. તોપણ–મૂલગાથા–શબ્દાર્થ છાયા ગાથાર્થ વિસ્તરાર્થ ટિપ્પ-

ણીઓ સ્થલે સ્થલે યંત્રો તેમજ જુદા જુદા ક્ષેત્રો સંબંધી રંગબેરંગી આકર્ષક લગભગ ૫૦ ચિત્રો, તથા છેવટે મૂલ ગાથાઓ વિગેરેનો ખાસ સંગ્રહ આ ગ્રન્થમાં કરેલ હોવાથી આ ગ્રન્થના અભ્યાસકોને ઘણોજ ઉપકારક થઈ પડશે એમ અમારૂં ચોક્કસ માનવું છે. **એટલું તો ચોક્કસ કહેવું પડશે કે આવો ઉપયોગી સચિત્ર ગ્રન્થ કોઈપણ સંસ્થા તરફથી બહાર પડતો હોય તો આ સંસ્થા તરફથી પ્રથમજ બહાર પાડવામાં આવેલ છે, તે માટે આ સંસ્થા પ્રશંસાપાત્ર છે.**

સાથે સાથે કહેવું પડશે જે **પ્રવચનપ્રભાવક પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શાસનમાન્ય આચાર્ય મહારાજ શ્રી વિજયમોહનસૂરીશ્વરજી** મહારાજના અમૂલ્ય સદુપદેશથી જે જે ભાગ્યશાલી સદ્ગૃહસ્થોએ આ ગ્રન્થના પ્રકાશનમાં આર્થિક સહાય કરી સ્વલક્ષ્મીનો સદુપયોગ કર્યો છે તે પણ પ્રશંસનીય હોવા સાથે અન્ય સદ્ગૃહસ્થોને તે પ્રમાણે અનુકરણ કરવા લાયક છે. **મહોદય** પ્રેસના માલિક તેમજ વ્યવસ્થાપક **શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ** આ ગ્રન્થનું જે સુવ્યવસ્થિત પદ્ધતિથી મુદ્રણ કર્યું છે તે પણ ગ્રન્થના અભ્યાસકોને સુગમતામાં સાધન છે.

ઉપકારસ્મરણ. અંતમાં જણાવું છું જે:-આ લઘુક્ષેત્ર સમાસ-વિસ્તરાર્થ ગ્રન્થનું સાદ્યંત સંશોધન કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થવા સાથે સંશોધનમાં મારી અલ્પમતિનો સદ્વ્યય થયો છે તે મ્હારા પરમ ગુરૂદેવ વ્યાખ્યાપ્રજ્ઞ સિદ્ધાન્તમહોદધિ, આરાધ્યપાદ, આચાર્ય મહારાજ **શ્રી વિજયમોહનસૂરીશ્વરજી** મહારાજ તેમજ ગુરૂદેવ મને રત્નત્રયી પ્રદાયક, સદ્ગુણનિધિ, સચ્ચારિત્ર ચૂડામણિ, અખંડ ગુરૂકુલવાસી, પૂજ્યપાદ ઉપાધ્યાયજી **મહારાજ શ્રી પ્રતાપવિજયજી** મહારાજને આભારી છે. આ ઉપોદ્ઘાતના પ્રારંભમાં ક્ષેત્રવિષયક જે સમન્વય કર્યો છે. તેમાં સ્થલે સ્થલે ઉત્પન્ન થતી શંકાઓનું સમાધાન આપવા માટે આગમોદ્ધારક પ્રત્યૂષાભિસ્મરણીય આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી શ્રી શ્રી **સાગરાનન્દસૂરીશ્વરજી**નો ઉપકાર ચિરસ્મરણીય છે. અને આવા ગ્રન્થસંશોધનના કાર્યમાં મારા ગુરૂ બાન્ધવ મુનિવર્ય શ્રી **ઉદયવિજયજી**, મુનિવર્ય શ્રી **ભરતવિજયજી**, તરફથી મળતી રાહત તથા બાલમુનિશ્રી **યશોવિજયજી** તરફથી મળતી અનેક યોગ્ય સૂચનાઓ પણ મને યાદ કરવાની જરૂર પડે છે.

આ લઘુક્ષેત્રસમાસનું યથામતિ-યથાશક્તિ શાસ્ત્રીય આધારે સંશોધન કરવાનો પ્રયાસ સેવ્યો છે. મ્હારા પૂજ્ય ગુરૂશ્રીનો એ સંશોધનમાં સંપૂર્ણ સહયોગ છે. બલ્કે તેઓએજ સંશોધન કર્યું છે. મ્હેં તો તેમની અનુજ્ઞાનુંજ આરાધન કર્યું છે એમ કહું તોપણ અતિશયોક્તિ નથી. તથાપિ છદ્મસ્થજન્ય તેમજ પ્રમાદજન્ય કોઈ સ્ખલના સુજ્ઞ સમાજને દૃષ્ટિગોચર થાય તો સુધારી લેવા સહૃદય નિવેદન છે.

આ ગ્રન્થથી આ વિષયના જીજ્ઞાસુ ભવ્યાત્માઓ ક્ષેત્ર સંબંધી યોગ્ય માહીતી મેળવવા પૂર્વક ચૌદરજ્જુ પ્રમાણ લોકાકાશ ક્ષેત્રના અગ્ર ભાગમાં રહેલ **સિદ્ધશિલાનિવાસી બનો** એજ અંતિમ અભ્યર્થના—

અમદાવાદ એલીસબ્રીજ
સુતરીયા બિલ્ડીંગ
વૈશાખ વદ-૨ બુધવાર
૧૫૦ સંવત ૧૯૯૦

શ્રી ગુરૂચરણસેવક,

પ્ર. ધર્મવિજય

જ્યોતિષમાં ઊંડો રસ ધરાવતા અનેક પ્રકારે ખગોળની ભીતરમાં જઈને ઝીણવટ ભર્યા વિચારો કરતા હોય છે.

ખગોળનું ખેડાણ પણ ખૂબ ખૂબ થયું છે. તેનો અભ્યાસી વર્ગ પણ બહોળા પ્રમાણમાં છે. ભૂગોળ અને ખગોળ અંગે જુદા જુદા વિચારો જ્યારે સામે આવે, ત્યારે તેનો અભ્યાસ કરનારને વિવેકદૃષ્ટિ કેળવવી જરૂરી થઈ પડે છે. જો એ દૃષ્ટિ ન રાખે તો કાંઈને બદલે કાંઈ સમજી જાય અને અર્થનો અનર્થ કરી બેસે. એવું ન થાય તે માટેની કાળજી રાખીને આ સર્વ અભ્યાસ કરવા જેવો છે.

૨. ભૂગોળનો અને ખગોળનો અભ્યાસ કરવા માટે તૈયાર થયેલ અભ્યાસીએ પ્રથમ એક વાતનો નિર્ણય કરી લેવો જોઈએ કે કયા પ્રકારે અભ્યાસ કરવો છે? આધુનિક પદ્ધતિનો અભ્યાસ કરવો છે કે પ્રાચીન પદ્ધતિનો? પ્રાચીન પદ્ધતિમાં પણ જૈન દર્શનના ગ્રંથો અનુસાર કે જૈનેતર ગ્રંથો અનુસાર?

અહીં આપણે જૈન ગ્રંથ અનુસાર અભ્યાસ કરનારને આગળ કરીને સમજાવવાનું છે ને તે એ છે કે આ પ્રસ્તુત અધ્યયનમાં આવતી વાતો કેવળી ભગવંતોની ભાખેલી ગણધર વગેરે સમર્થ જ્ઞાનીઓએ ગૂંથેલી, વિશિષ્ટ બુદ્ધિમાન આચાર્ય ભગવંતોએ તે તે ગ્રંથોમાં વિના સંશય સ્પષ્ટપણે સમજાવેલી છે. આ હકીકતોને માન્ય રાખનારા પૂર્વ પુરુષો કેવળ શ્રદ્ધાથી ગતાનુગતિક માનનારા હતા એવું તેઓને માટે કહેવું એ કહેનારની અજ્ઞાનતા સાથે બાલીશતા પણ છે.

આ સર્વ કારણે આ વિષયનું પરિશીલન કરનારે પૂર્વના વિશિષ્ટ જ્ઞાનીઓ ઉપર આંખ મીંચીને વિશ્વાસ મૂકવો એ સર્વથા હિતકર છે.

૩. આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધકોએ કરેલા સંશોધનોને અનુસાર અભ્યાસ કરનારાઓને પણ તે તે વૈજ્ઞાનિકોના વચનો ઉપર વિશ્વાસ રાખવો જ પડે છે. અભ્યાસ કરનારાઓ પાસે એવી કોઈ શક્તિ નથી કે તેઓ વૈજ્ઞાનિકોની વાતને સર્વથા બુદ્ધિથી સમજી કે સમજાવી શકે.

અમુક વાતો માન્ય રાખીને જ આગળ વધવું પડે છે. ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતો, અવકાશ અંગેનાં મંતવ્યો, પ્રકાશ વર્ષની વિચારણા, નિહારિકા, સૂર્યનું ઉષ્ણતામાન, જુદા જુદા તારાઓનું દૂરત્વ, અનેક સૃષ્ટિઓની માન્યતા, પૃથ્વીની વિચારણા, જુદા જુદા સમયે બદલાતી જતી આકૃતિઓ, જુદા જુદા વૈજ્ઞાનિકોના જુદા જુદા મતફેરો, દિશાઓના નિર્ણય અંગે જુદી જુદી વિચારણાઓ આવા અનેક પ્રશ્નોના બુદ્ધિગમ્ય સમાધાનો વિજ્ઞાન પાસેથી પણ મળતા નથી. એટલે તેને અનુસરનારાઓને પણ વિજ્ઞાન ઉપર શ્રદ્ધા મૂકીને ચાલવું પડે છે. તો શાસ્ત્રને પ્રમાણભૂત માનનારા તેના પર શ્રદ્ધા–પરમ શ્રદ્ધા રાખીને ચાલે તો અજુગતું શું છે?

૪. આજની વિજ્ઞાનની પદ્ધતિથી ભૂગોળ અને ખગોળનું અધ્યયન કરનારા કેટલાક તે તે દર્શનોમાં ઠીક ઠીક સ્થાન ધરાવનારા પણ જ્યારે શાસ્ત્રોમાં આવતા તે તે ઉલ્લેખો અંગે અજુગતું વિધાન કરતા હોય છે, ત્યારે જ્ઞાનીઓ તેમના પ્રત્યે દયાની દૃષ્ટિથી જોતા હોય છે. કૂવાને દેડકાને જે પ્રમાણે સમુદ્રની વાત માન્યામાં ન આવે એવું વિજ્ઞાનથી ઘડાયેલી મતિવાળાનું છે. એવા બિનજવાબદાર કેટલાક પંડિતમન્યો શાસ્ત્રમાં આવતા તે તે ભાગો રદ કરવાની સુફીયાણી સલાહ આપવાનું દુઃસાહસ કરતા હોય છે. તેમને એ ખ્યાલ નથી કે આમ રદ કરવા જતાં શાસ્ત્રો પર અવિશ્વાસની આંધી કેવી ચડી આવે ને એ આંધીમાં અટવાયેલા જીવોની કેવી દશા થાય? એટલે શાસ્ત્રો અને શાસ્ત્રકારો દ્વારા સ્વનું હિત માનનારા

ભૂગોળ ખગોળ વિમર્શ

તત્ત્વજ્ઞાનના મહત્ત્વના વિચારોમાં ક્ષેત્ર અંગેના વિચારો ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. ક્ષેત્ર બધાને રાખે છે, અવકાશ આપે છે. બીજા રહે છે એટલે રહેનારા માટે ક્ષેત્ર વિશેષ વિચારવા જેવું બની રહે એ સહજ છે. એ અંગે ઘણા ઘણા વિચારો થયા છે, થાય છે અને થશે. જુદા જુદા દર્શનોમાં પણ એ અંગે પુષ્કળ સાહિત્ય મળે છે, તે અંગેના સ્વતંત્ર ગ્રંથો પણ છે. વર્તમાન સંશોધન પણ એ અંગે જુદા જુદા મંતવ્યો બહાર પાડયા કરે છે.

આ સર્વ જોતાં ક્ષેત્ર અંગે વ્યવસ્થિત વિચાર કરનાર પરિપકવમતિવાળો ન હોય તો મૂંઝવણમાં મૂકાઈ જાય એવી સ્થિતિ છે. એ સ્થિતિ ન સંભવે એ માટે અહીં કેટલીક આવશ્યક હકીકતો વિચારીશું :

૧. ભૂગોળ અને ખગોળનો વિષય બે પ્રકારનો છે. એક દશ્યમાન અને બીજો દૃષ્ટિથી પર. દશ્યમાન ભૂગોળ અને ખગોળ એટલા ટૂંકા છે એ જાણવામાં સમજવા બહુ મહેનત કે જહેમત કરવાની જરૂર પડતી નથી; જો કે એ અંગે પણ અનેક દૃષ્ટિબિંદુઓ રહે છે ને તે તે દૃષ્ટિબિંદુઓથી તે સર્વનો પરિચય કરવો હોય તો તે કાર્ય પણ કપરું છે.

જેમ કે પોતે જ્યાં રહે છે, તે જમીન કેટલી છે, કેવા પ્રકારની છે, કોની છે, કયાં આવી છે, એથી આગળ વધે એટલે જે ગામમાં તે હોય તેનો નકશો જુએ અને નકશાનો વિસ્તાર વધતાં વધતાં એટલું લાંબું પહોળું ક્ષેત્ર થઈ જાય કે સામાન્ય બુદ્ધિવાળાને થાક લાગે, કંટાળો આવે; પણ એ વિષયના રસવાળા રસપૂર્વક આ વિષયમાં રચ્યાપચ્યા રહે છે. નદી–નાળાં–ખેતરો–ખાણો–પર્વત–પાક–ખનિજ–પાણી ઈત્યાદિ જુદા જુદા વિચારો ભૂગોળને અંગે ખૂબ ખૂબ કરવામાં આવે છે. આ સર્વ દશ્યમાન છે. એવા દશ્યમાન ભૂગોળના વિચારો તે તે દેશના સ્વતંત્ર સારા પ્રમાણે તૈયાર થયેલા હોય છે, અને આ લોક પૂરતી જેઓની દૃષ્ટિ બંધાયેલી છે, એવા જીવો તેમાં સારો રસ ધરાવતા હોય છે. નિજના સ્વાર્થને સાધવાવાળા છે.

જ્યારે કેટલાક આ લોકની દૃષ્ટિવાળા પણ 'આ સર્વ માથાકૂટ છે' એમ માની તેથી અળગા રહેતા હોય છે.

ખગોળનો વિષય આ કરતાં તદ્દન જુદા પ્રકારનો છે. આકાશમાં દિવસે સૂર્ય ને પુનમની રાતે ચંદ્ર દેખાય છે, ને રાતે ગણ્યા ગણાય નહીં એટલા નાના મોટા તારાઓ આકાશમાં ચમકતા હોય છે, સામાન્ય જીવોને એ સર્વ દર્શનીય લાગે છે, એથી અધિક સમજ તેઓ ધરાવતા નથી; જ્યારે

જીવોએ તે તે વચનોનો સમન્વય ટરવો હિતાવહ છે અને એ ન થઈ શકે તેમ હોય તો એ વિષયને છંછેડયા વગર મૌન રાખીને અન્ય વિષયોમાં આગળ વધવું એ માર્ગ છે.

૫. કેટલાક તત્ત્વજ્ઞાનની ભૂમિકાની વાતો અને વિચારણામાં આ ક્ષેત્રની વાતો મહત્ત્વની નથી. જૈન દર્શનને ત્યાગ વૈરાગ્ય સાથે જ નિસ્બત છે, એટલે આ વાતો અંગે જૈન દર્શનને કાંઈ લાગેવળગે નહીં એમ જણાવીને આ વિષયને અવળી રીતે રજૂ કરે છે, પણ તેઓને આ વિષય ત્યાગ વૈરાગ્યની જેટલો જ મહત્ત્વનો છે અને એ વાત બરાબર ન સમજાય તો ત્યાગ વૈરાગ્ય ટકી શકે નહીં. એ સમજાવવું-સમજવું જરૂરી છે.

આત્મા ચૌદ રાજલોકમાં પરિભ્રમણ કરે છે. ઊર્ધ્વ લોક અધો લોક-તિર્છા લોક વગેરે લોક-વ્યવસ્થા જેમાં નિગોદથી લઈ દેવલોક સુધીના જીવોને રહેવાની વ્યવસ્થા સ્વર્ગ-નરક આદિનાં સ્વરૂપો આ સર્વ ન માનનારાને છેવટે આત્મા પણ માનવો-મનાવવો મુશ્કેલ થઈ પડે એવું છે, એટલે શાસ્ત્રની એક વાતનું વગર સમજે ઉત્પાદન કરનાર નાસ્તિકના મતમાં પ્રવેશ કરવામાં વાર કરતો નથી. શાસ્ત્રની વાતો નહીં માનનારા જ્યારે આધુનિક સંશોધનોને આગળ કરીને શાસ્ત્ર અંગે નીચેના ને તેના જેવા કેટલાક પ્રશ્નો રજૂ કરે છે, ત્યારે શાસ્ત્રને માનનારાને થોડો વિચાર કરતાં કરી મૂકે છે, ને એ વાત શાસ્ત્ર તરફની શ્રદ્ધાને ઢીલી કરવાનું કામ કરતી હોય છે.

=સૂર્યનું પરિભ્રમણ અને તેથી તે તે
સ્થળે સૂર્યનું વહેલા મોડા ઉગવુ

ભારતમાં દિવસ હોય ત્યારે અમેરિકામાં રાત અને અમેરિકામાં દિવસ હોય ત્યારે ભારતમાં રાત =કોઈ સ્થળે છ માસનો દિવસ ને છ માસ રાત = રકાબીઓનું ઊડતાં ઊડતાં કોઈ કોઈ ગ્રહોમાંથી અહીં આવવું = અવકાશમાં અણુ સંચાલિત યાનોનું કલ્પના બહારની ગતિથી પરિભ્રણ = તે તે યાનોનું ચંદ્રલોક-મંગળ લોક આદિમાં પહોંચી જવું = ત્યાં શું છે વગેરેનાં ચિત્રો અહીં મોકલવા = પૂર્વમાં ગતિ કરતાં વહાણો, વિમાનો વગેરેનું ફરી ફરીને તે જ સ્થળે આવી જવું = આવા અનેક પ્રશ્નો વર્તમાનમાં તે તે અંતર્વિદગ્ધ જીવોને વિજ્ઞાન અને શાસ્ત્ર વચ્ચે દિવાલ ઊભી કરે છે અથવા અથડામણ ઊભી કરે છે.

ઉપર બતાવેલ પ્રશ્નોના ભારતીય ભૂગોળ-ખગોળની રીતે સમાધાનો પણ છે, પણ તે એટલા ચિત્તમાં ઉતારી શકાય એવા જોરદાર નથી થતાં, એનું મુખ્ય કારણ એક એ છે કે આધુનિક જે સંપત્તિ સાધન સામગ્રીનો ઉપયોગ વર્તમાન સંશોધનોનો પાછળ કરે છે, તેનો સહસ્રાંશ પણ પ્રાચીન કરી શકતા નથી; દિવ્ય જ્ઞાનથી જોયેલા તે તે પદાર્થો શ્રદ્ધા પ્રધાન અહીં જીવો માન્ય રાખતા હતા. તેથી એવી કોઈ પ્રતીતિ કરાવવાની અત્રે જરૂર પણ ન હતી. કેટલીક આવી શ્રદ્ધાનો ગેરલાભ પણ લેવાતો હતો અને લેવાય છે, પણ અનુભવીઓનું તારણ સ્પષ્ટ છે કે એવી શ્રદ્ધાથી જે ગેરલાભ થયો છે, તે કરતાં અશ્રદ્ધા અને વિજ્ઞાન પ્રત્યેના વગર વિચારેલા વિશ્વાસથી લાખો ઘણો ગેરલાભ થયો છે.

વિશ્વનો મોટો ભાગ આત્મવિમુખ આ કારણે બની ગયો છે. જગતમાં સ્વાર્થની પકડ વધી ગઈ છે, વધતી જાય છે. પોતાનું માનેલું સાચું ઠરાવવાનો દુરાગ્રહ સહેજે છૂટતો નથી છોડાતો નથી. સૂંઠને

ગાંગડે ગાંધી થનારાની જેમ વિજ્ઞાનની થોડી વાતો જાણીને ગમે તેમ ફેંકે રાખવાની ટેવ ઘર કરી ગઈ છે; મર્યાદા અસરાઈએ ચઢાવીને વાતો થાય છે. આ સર્વ પરિણામો વિજ્ઞાનની શોધોથી આવ્યા છે. એમ માનવાની જરી પણ જરૂર નથી, પણ એ શોધોને જે રીતે જગતમાં ફેલાવવામાં આવે છે, જનમાનસ પર જે રીતે ઠસાવવામાં આવે છે, તેને કારણે બને છે. જીવલેણ વ્યાધિ સમા એ મંતવ્યોથી બચવું હોય તો વિવેકપૂર્ણ વિનય મર્યાદાને આગળ કરીને શાસ્ત્રનું અધ્યયન કરવું એ પરમ ઔષધ છે.

શ્રી અભયસાગરજી ગણિવર્ય આ વિષયમાં સારો એવો શ્રમ કરી રહ્યા છે. શાસ્ત્રીય વિચારોની સુરક્ષા કરવા કાજ તેમણે લીધેલી જહેમત અનેકની શ્રદ્ધાને નિર્મળ બનાવવા કારગત બનશે.

આ પ્રસ્તુત ગ્રંથના અધ્યયનથી એ વિષયનું શાસ્ત્રીય જ્ઞાન મેળવીને ભવ્યો જ્ઞાન સમૃદ્ધ બનો એવી હાર્દિક ભાવના.

લિ. વિજયધર્મધુરન્ધર સૂરિ
પાંજરાપોળ–અમદાવાદ–૧
તા. ૨૧–૯–૭૬

श्री जिनेन्द्राय नमोनमः ॥

शासन सम्राट् श्री विजयनेमिसूरीश्वरेभ्यो नमोनमः

॥ जैनाचार्य श्री १००८ विजयकमलसूरीश्वर शिष्य जैनाचार्य विजयमोहनसूरीश्वरेभ्यो नमोनमः ॥

श्री लघु क्षेत्र समास

विस्तरार्थ सहित

अवतरण—શ્રી બૃહત્સંગ્રહણી નામના ગ્રંથમાં જૈનદર્શનને અનુસારે શાશ્વતી ખગોળ વિદ્યા દર્શાવીને હવે આ ગ્રંથમાં શાશ્વતી ભૂગોળ દર્શાવવાનો પ્રસંગ છે. ત્યાં ખગોળમાં ચૌદરજ્જુ પ્રમાણ ઉંચા અને અનિયતપણે સાતરજ્જુ વિસ્તારવાળા લોકાકાશમાં ઊર્ધ્વભાગે રહેલા દેવોની વસતિનું અને અધોભાગે (નીચે) રહેલા પાતાળવાસી દેવો તથા નારકોનું અને મધ્ય આકાશમાં [તિર્યગ્લોકમાં] મનુષ્ય તથા તિર્યંચોનું વર્ણન દર્શાવ્યું, એ પ્રમાણે ચૌદરજ્જુ પ્રમાણ ખગોળમાં જે જે પદાર્થો [જીવો વિમાનો નરકાવાસાઓ ભુવનો વિગેરે] રહેલા છે તે સર્વ પદાર્થોનું વર્ણન કર્યું છે, અને હવે આ ગ્રંથમાં પહેલી રત્નપ્રભા નરકપૃથ્વી કે જેના ઉપલા તળીયે આપણે રહીએ છીએ તેજ ઉપરના તળીયામાં [ઉપલી સપાટીમાં] આવેલા અસંખ્ય દ્વીપ તથા અસંખ્ય સમુદ્રોનું વર્ણન સંક્ષેપમાં કહેવાનું છે, અને એજ દ્વીપ સમુદ્રોમાં જ્યાં જ્યાં મનુષ્ય વસતિ તિર્યંચની વસતિ પહાડ નદીઓ સરોવરો ઇત્યાદિ શાશ્વતા પદાર્થો રહેલા છે તેનું પણ વર્ણન કરવાનું છે, તેમાં વિશેષ વર્ણન તો મનુષ્યની વસતિવાળા અઢીદ્વીપનું જ કરવામાં આવશે, કારણ કે શેષ દ્વીપ સમુદ્રોમાં જાણવા લાયક શાશ્વત પદાર્થો અઢી દ્વીપ જેટલા નથી માટે તે સર્વનું અલ્પ વર્ણન કરવામાં આવશે, જેથી આ ક્ષેત્રસમાસ ગ્રંથ અઢી દ્વીપના વર્ણનથી ભરપૂર છે એમ કહીએ તોપણ ચાલે. હવે એ ક્ષેત્રસમાસનો શબ્દાર્થ આ પ્રમાણે-ક્ષેત્ર–રત્નપ્રભા પૃથ્વી ઉપર રહેલા અથવા મધ્ય લોકમાં રહેલા અસંખ્યાત દ્વીપસમુદ્રોરૂપી ક્ષેત્ર તેનો [1]સમાસ–સંક્ષિપ્ત વર્ણન તે

---

૧. અથવા લોક રૂઢી પ્રમાણે સમાસ એટલે સમાવેશ એ અર્થ પણ સંગત છે.

ક્ષેત્રસમાસ. તેની આ પહેલી ગાથા કે જેમાં ગ્રંથકર્તાએ કરેલું મંગલાચરણ તથા ત્રણ અનુબંધ કહેલા છે, તે કહેવાય છે—

वीरं जयसेहरपय–पइट्ठिअं पणमिऊण सुगुरुं च ।
मंदुत्ति ससरणट्ठा, खित्तविआराणु मुंछामि [मुच्छामि] ॥१॥

શબ્દાર્થ :—

वीरं—શ્રી વીરભગવંતને
जय—જગતના
सेहर—શેખર—શેખર, મુકુટ સરખા
पय—પદ, સ્થાને
पइट्ठिअं—પ્રતિષ્ઠિત, રહેલા
पणमिऊण—નમસ્કાર કરીને
सुगुरुं—સુગુરૂને
मंद[1](दु)— —મંદબુદ્ધિવાળો
त्ति—ઇતિ, તેથી
स—સ્વ, પોતાના
सरणट्ठा—સ્મરણાર્થે, સ્મરણમાં રહેવા માટે
खित्त—ક્ષેત્રના
विआर—વિચારના
अणुं—અણુ, કણોને, લેશમાત્ર
उंछामि—વીણું છું, સંગ્રહું છું
[उच्छामि—કહીશ]

गाथार्थ—જગતના મુકુટ સરખા સ્થાને રહેલા [જગતના અગ્રભાગે રહેલા] શ્રી વીર ભગવંતને અને જયશેખરસૂરિની પાટે બેઠેલા મારા ગુરૂને નમસ્કાર કરીને હું મંદબુદ્ધિવાળો છું તેથી મારા પોતાના સ્મરણને અર્થે ક્ષેત્ર સંબંધિ વિચારના અણુઓને [કણોને] વીણું છું [એકઠા કરૂં છું, અર્થાત્ ક્ષેત્રસંબંધિ વિચારને લેશમાત્ર સંગ્રહું છું]. ॥ ૧ ॥

विस्तरार्थः—દરેક ગ્રંથમાં પ્રાયઃ મંગલાચરણ, ગ્રંથમાં કહેવાનો વિષય, ગ્રંથનો પરંપરાથી ચાલ્યો આવતો અખંડ સંબંધ, અને ગ્રંથ બનાવવાનું પ્રયોજન–કારણ એ ચાર બાબત પ્રથમથી જ કહેવાની હોય છે, એ ચારમાં એક મંગલ, અને ત્રણ[2] અનુબંધ કહેવાય છે. ત્યાં આ ગ્રંથકર્તાએ શ્રી વીરભગવંતને અને પોતાના ગુરુને નમસ્કાર કર્યો તે मंगलाचरण છે, અને સંબંધ પણ એમાં જ અંતર્ગત છે, કારણ કે ગ્રંથકર્તા પોતે જયશેખરસૂરિના શિષ્યના શિષ્ય છે એમ ગાથાના પૂર્વાર્ધમાં–મંગલાચરણમાં જ કહ્યું, અને જયશેખરસૂરિ શ્રી વીર ભગવંતની પરંપરામાં થયેલા છે, તેથી મંગલાચરણમાં જ ગુરુપર્વક્રમ संबंध કહેવાઈ ગયો, તથા વાચ્ય વાચક અથવા

૧. मंदुत्ति એ સમાસ છે, જેથી એ સમાસને છૂટો પાડતાં मंद त्ति (इति) થાય છે.

૨. અન્યદર્શનીય તર્કશાસ્ત્રોમાં અધિકારી સહિત ચાર અનુબંધ કહ્યા છે. પરન્તુ જૈનદર્શનમાં ત્રણ અનુબંધ દેખવામાં આવે છે.

સાધ્ય સાધન અથવા ઉપાયોપેય સંબંધ ગ્રંથોમાં પ્રાયઃ સ્પષ્ટ કહેવાતા નથી તો પણ અધ્યાહારથી ગ્રહણ કરવા; તે આ પ્રમાણે—અહિં ક્ષેત્રનો વિચાર એ વાચ્ય છે, અને આ ગ્રંથ વાચક છે, તથા ક્ષેત્રનો વિચાર સાધ્ય છે અને આ ગ્રંથ તેનું સાધન છે, તથા ક્ષેત્રનો વિચાર ઉપેય છે, અને આ ગ્રંથ તેનો ઉપાય છે [એ ત્રણેમાં ઇષ્ટ તે વાચ્ય સાધ્ય વા ઉપેય ગણાય, અને તે ઇષ્ટ પ્રાપ્ત કરવાનો ઉપાય તે વાચક સાધન અથવા ઉપાય કહેવાય. એ રીતે ૪ પ્રકારનો સંબંધ ગ્રંથના પ્રારંભમાં કહેવો.]. તથા આ ગ્રંથમાં ક્ષેત્રનો વિચાર કહેવાનો છે એમ खित्तविआराणुमुंछामि એ પદોથી કહ્યું તે अभिधेय અથવા विषय કહેવાય. અને मंदुत्तिससरणट्ठा એ પદોથી [હું મંદબુદ્ધિવાળો છું તેથી મારા સ્મરણને અર્થે] એ प्रयोजन કહ્યું, વળી અહિં પ્રયોજન ચાર પ્રકારનું પણ છે તે આ રીતે—વક્તાનું અનન્તર પ્રયોજન [વક્તાને શીઘ્ર લાભ] ક્ષેત્રનું સ્વરૂપ પોતાની સ્મૃતિમાં કાયમ રહે તે, અથવા ગ્રંથ બનાવતી વખતે થતી કર્મનિર્જરા. વક્તાનું પરંપર પ્રયોજન [વક્તાને અંતિમ લાભ]. મોક્ષપ્રાપ્તિ તથા શ્રોતાને અનન્તર પ્રયોજન ક્ષેત્રસંબંધિ થતું જ્ઞાન અને ભણતી વખતે વા સાંભળતી વખતે થતી કર્મનિર્જરા, અને શ્રોતાને પરંપર પ્રયોજન મોક્ષપ્રાપ્તિ. એ પ્રમાણે ગ્રંથના પ્રારંભમાં સંક્ષેપથી મંગળ અને અનુબંધ દર્શાવ્યા, અને હવે ગાથાનો કંઈક વિશેષ અર્થ દર્શાવાય છે તે આ પ્રમાણે—

वीरं जयसेहरपयपइट्ठिअं पणमिऊण (जय)=જગતના એટલે ચૌદરજ્જુ પ્રમાણ ઊંચા લોકના सेहर=શેખર એટલે મુકુટ સરખું જે पय=પદ=સ્થાન તે લોકનો અગ્રભાગ છે, અને ત્યાં ૪૫ લાખ યોજન પ્રમાણ લાંબા પહોળા અને ૩૩૩ ધનુષ ૩૨ અંગુલ જેટલા ઊંચા—જાડા ચક્ર સરખા ગોળક્ષેત્રમાં અનન્તાનન્ત સિદ્ધપરમાત્મા બિરાજે છે, તે સિદ્ધિસ્થાને पइट्ठिअं રહેલા वीरं શ્રી વીરભગવંતને पणमिऊण નમસ્કાર કરીને હું ક્ષેત્રવિચાર કહું છું. એમાં શ્રી વીરપરમાત્માની સિદ્ધ અવસ્થા સૂચવી, તે સાથે વીરભગવંતનેજ નમસ્કાર કરવાનું કારણ વર્તમાન શાસનના નાયક શ્રી વીરભગવંતજ હતા માટે તથા એ સિદ્ધિસ્થાનને મુકુટ સરખું કહેવાનું કારણ કે—મુકુટ જેમ શરીરના અગ્રભાગે—મસ્તકે જ પહેરાય છે, અને તે વિવિધ મણિઓથી ભરપૂર હોય છે તેવી રીતે ચૌદરજ્જુ ઊંચા એવા લોકરૂપી નરરાજાએ પોતાના મસ્તકે પીસ્તાલીસ લાખ યોજન વિસ્તારવાળો સિદ્ધક્ષેત્રરૂપી મુકુટ પહેર્યો છે, અને તેમાં અનન્તાનન્ત સિદ્ધરૂપી રત્નો ખીચોખીચ જડેલાં છે, માટે સિદ્ધિસ્થાનને જગતના મુકુટની ઉપમા આપી તે યથાર્થ છે.

(जयसेहरपयपइट्ठिअं) सुगुरुं च (पणमिऊण)—તથા જયશેખરપદ પ્રતિષ્ઠિત એવા મારા ગુરુને નમસ્કાર કરીને ક્ષેત્રનો વિચાર સંગ્રહું છું. અહિં " જય સેહરપયપઈટ્ઠિઅ" એ વિશેષણ પ્રથમ શ્રી વીરભગવંતનું કહીને એજ વિશેષણ પોતાના ગુરૂને માટે પણ કહ્યું છે, પરંતુ શબ્દાર્થમાં ફેરફાર કરવાનો છે તે આ પ્રમાણે—जयसेहर એટલે જયશેખર નામના આચાર્ય તેમના पय—પદે અથવા પાટે पइट्ठिअं=બેઠેલા એવા મારા

ગુરૂ શ્રી वज्रसेनसूरि તેમને નમસ્કાર કરીને હું ક્ષેત્રવિચાર કહું છું–એ સંબંધ. અહિં આ ક્ષેત્ર સમાસ ગ્રંથના કર્તા શ્રી रत्नशेखरसूरि છે, તેમના ગુરૂ શ્રી વજ્રસેનસૂરિ અને તેમના પણ ગુરૂ શ્રી જયશેખરસૂરિ છે, જેથી ગ્રંથકર્તાએ આ ગ્રંથમાં પોતાના ગુરૂને અને ગુરૂના પણ ગુરૂને નમસ્કાર કર્યો.

मंदुत्ति संसरणट्ठा–હું મંદ બુદ્ધિવાળો છું માટે મારા પોતાના સ્મરણને અર્થે હું આ ક્ષેત્ર વિચારોને સંગ્રહું છું–એ સંબંધ. અહિં ગ્રંથ કર્તાએ પોતાની લઘુતા દર્શાવવા માટે પોતાને મંદબુદ્ધિવાળા કહ્યા છે, તેમજ ગ્રંથ રચનાનું કારણ પણ દર્શાવ્યું કે હું જો ક્ષેત્રના વિચાર જે સિદ્ધાન્તોમાં છૂટા છૂટા કહ્યા છે, તેને એકત્ર કરી સંગ્રહ કરૂં તો મને વિશેષ યાદ રહે, અને એ વાત તો નિર્વિવાદ છે કે વાંચવા માત્રથી તે વિષય સ્મૃતિમાં ઘણીવાર રહેતો નથી, પરંતુ બીજાને ભણાવવાથી વિશેષ યાદ રહે છે, અને તે વિષયનો નવો ગ્રંથ રચવામાં તો તેથી પણ ઘણો જ યાદ રહી તે વિષય ઘણો દ્રઢ થાય છે.

खित्तवियाराणुमुंछामि–ક્ષેત્ર સંબંધિ વિચારના અણુને વીણું છું–સંગ્રહું છું. અર્થાત્ ક્ષેત્રના વિચારને સંક્ષેપથી કહું છું. ક્ષેત્રમાં (ખેતરમાં) અથવા ખળામાં ધાન્યના છૂટા છૂટા કણ વેરાયલા પડયા હોય તે કણોને જેમ કોઈ દાણો દાણો વીણીને એકત્ર કરે તેમ આ ગ્રંથકર્તા એવો ધ્વનિ–તાત્પર્ય દર્શાવે છે કે—શાસ્ત્રમાં ક્ષેત્ર વિચાર રૂપી કણો છૂટા છૂટા ગુંથાએલા છે (એટલે કિંચિત્ કિંચિત્ ક્ષેત્ર વિચાર જુદા જુદા શાસ્ત્રોમાં છૂટો છૂટો કહેલો છે.) તે સર્વ લેશોને હું આ ગ્રંથમાં (ક્રમશઃ) સંગૃહિત કરૂં છું. અહિં उच्छामि એવો પણ બીજો પાઠ હોવાથી ક્ષેત્ર વિચારના લેશોને "કહીશ" એવો અર્થ પણ થાય. ॥ ૧ ॥

अवतरणः—હવે આ મધ્યલોકમાં (તીર્છાલોકમાં દ્વીપ અને સમુદ્રોની કુલ સંખ્યા કેટલી છે? તે દર્શાવાય છે [અથવા અસંખ્યાતા દ્વીપ સમુદ્રોની સંખ્યાનું પ્રમાણ કાળના એક ભેદની સાથે સરખાવાય છે.]

तिरि एगरज्जुखित्ते, असंखदीवोदहीउ ते सव्वे ।
उद्धारपलिअपणवीस, कोडिकोडिसमयतुल्ला ॥ २ ॥

શબ્દાર્થ :—

तिरि–તીર્છા
एगरज्जु–એકરાજ
खित्ते–ક્ષેત્રમાં
असंख–અસંખ્યાતા
दीव–દ્વીપો
उदहिउ–સમુદ્રો
ते सव्वे–તે સર્વે
उद्धारपलिअ–ઉદ્ધાર પલ્યોપમ (સૂક્ષ્મ)
पणवीसकोडिकोडि–પચ્ચીસ કોડાકોડી
समय–સમયો
तुल्ला–તુલ્ય, જેટલા,

ગાથાર્થઃ—એક રજ્જુ પ્રમાણ તીર્ચ્છાક્ષેત્રમાં અસંખ્યાતા દ્વીપ અને અસંખ્યાતા સમુદ્રો છે, તે બન્ને મળીને પચીસ કોડાકોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમના સમયો જેટલા છે ॥ ૨ ॥

ભાવાર્થઃ—આ તીર્ચ્છાલોક ઘંટીના પડ સરખો ગોળ [ચપટગોળ] છે, તેની જાડાઈ ૧૮૦૦ યોજન[1] અને લંબાઈ પહોળાઈ એક રજ્જુ પ્રમાણ છે [એટલે અમુક સંખ્યાવાળા અસંખ્યાતા યોજન પ્રમાણ છે], સર્વથી છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે, જેથી તે સ્વયંભૂરમણ સમુદ્રના પૂર્વ છેડાથી પશ્ચિમ છેડા સુધીનું અથવા ઉત્તર છેડાથી દક્ષિણ છેડા સુધીનું સર્વ માપ એક રજ્જુ છે, એટલે લોકની ઉંચાઈના ૧૪ મા ભાગ જેટલું છે, અને યોજનના માપથી તે અસંખ્ય યોજન થાય છે, તે એક રજ્જુ જેટલા ક્ષેત્રમાં અસંખ્યાત દ્વીપસમુદ્રો છે, તેની કુલ સંખ્યા ૨॥ સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમના સમયો જેટલી છે, અથવા ૧૦ કોડાકોડિ પલ્યોપમનો એક સાગરોપમ એ હિસાબે ૨૫ કોડાકોડિ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમના સમયો જેટલી છે. અહીં પલ્યોપમ અથવા સાગરોપમ એ કાળનું પ્રમાણ વિશેષ છે તેના ૬–૬ ભેદ છે તે આ—

૧ બાદર ઉદ્ધાર પલ્યોપમ	૧ બાદર ઉદ્ધાર સાગરોપમ
૨ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ	૨ સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ
૩ બાદર અદ્ધા પલ્યોપમ	૩ બાદર અદ્ધા સાગરોપમ
૪ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ	૪ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ
૫ બાદર ક્ષેત્ર પલ્યોપમ	૫ બાદર ક્ષેત્ર સાગરોપમ
૬ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ	૬ સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ.

એ છ પ્રકારના [2]પલ્યોપમ તથા છ પ્રકારના [3]સાગરોપમમાં અહિં સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ અથવા સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ એ બીજા ભેદનું અહિં પ્રયોજન છે, તેનું સ્વરૂપ બાદર પલ્યોપમ સમજવાથી વિશેષ સુગમતાથી સમજી શકાય છે માટે પ્રથમ બાદર ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ અને ત્યારબાદ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ કહેવાય છે. [ત્યારબાદ સાગરોપમ સહજે સમજાશે] તે આ પ્રમાણે—

॥ ૧ બાદર ઉદ્ધાર પલ્યોપમ ॥

ઉત્સેધાંગુલના પ્રમાણથી ૧ યોજન લાંબો ૧ યોજન પહોળો અને ૧ યોજન ઉંડો એવા ઘનવૃત્ત કૂવામાં [લંબાઈ પહોળાઈ અને ઉંડાઈ એ ત્રણે સરખાં હોવાથી

---

૧. મેરૂપર્વતની તલહટી રૂપ સપાટીથી [સમભૂતલથી] ૯૦૦ યોજન ઉપર અને ૯૦૦ યોજન નીચે એ રીતે ૧૮૦૦ યોજન જાડો તીર્ચ્છાલોક જાણવો.

૨. પલ્ય એટલે પાલો (ધાન્યનો સાટો કે જે વાંસની ચીપોનાં પાલાં વાળીને બનાવવામાં આવે છે તે) અથવા પલ્ય એટલે કૂવો તેની ઉપમા વડે મપાતો કાળભેદ તે પલ્ય

૩. સાગર એટલે સમુદ્રની ઉપમાવાળો કાળ તે સાગરોપમ, જેમ સમુદ્રનો પાર નહિં તેમ જે કાળનો પાર ન પામી શકાય તેટલો મોટો, તો પણ ૧૦ કોડાકોડી પલ્યોપમ જેટલો એક સાગરોપમ.

ઘનવૃત્ત કહેવાય, તેવા કૂવામાં] સિદ્ધાન્તના અભિપ્રાય પ્રમાણે [1]દેવકુરૂ અથવા ઉત્તરકુરૂ-ક્ષેત્રના યુગલિક મનુષ્યોના શીર્ષમુંડન પછીના ૧ *થી ૭ દિવસ સુધીના ઉગેલા વાળને એક અંગુલમાં ભરીયે, અથવા આ ચાલુ ગ્રંથમાં હમણાં જ ત્રીજી ગાથામાં કહેવાશે તે પ્રમાણે ૧ થી ૭ દિવસ સુધીના જન્મેલા દેવકુરૂ ક્ષેત્રના ઘેટાના એક ઉત્સેધાંગુલ પ્રમાણ વાળના સાતરે વાર આઠ આઠ કકડા કરીને ખીચોખીચ ભરીએ તો એક

૧. એ ક્ષેત્રના યુગલિકોના વાળ બહુ સૂક્ષ્મ હોય છે માટે એ ક્ષેત્રના યુગલિક કહ્યા.

* એક અથવા બે અથવા સાત એમ નિયત દિવસ ન કહેતાં ૧ થી ૭ કહેવાનું પ્રયોજન એ છે કે—કુરૂક્ષેત્રના યુગલિકના પહેલે દિવસે ઉગેલા દરેકના સરખા સૂક્ષ્મ ન હોય, જેથી વિવક્ષિત સૂક્ષ્મતા કોઈ યુગલિકની પહેલે દીવસે જ મળી આવે તો કોઈ યુગલિકની સાતમે દિવસે પણ મળી આવે, ત્યાર બાદ આઠમે દિવસે વિવક્ષિત સૂક્ષ્મતા ન મળી આવે માટે ૧ થી ૭ દિવસ એમ સંભવે છે.

૨. **પ્રશ્ન:**—અહિં એક અંગુલ પ્રમાણ રોમના ખંડ કરવાના છે, અને ખંડ તો વાળની ઉંચાઈમાંથી થઈ શકે છે, તો તમે જે સૂક્ષ્મતા ગણો છો તે વાળની ઉંચાઈની કે જાડાઈની ! જો જાડાઈની સૂક્ષ્મતા ગણી બહુ પાતળા વાળ ઇચ્છતા હો તો નિરર્થક છે, કારણ કે રોમના કકડા કરવા છે તે તો ઉંચાઈમાંથી થાય જાડાઈમાંથી કકડા કરવાનું કહેતા હો તો તે અવ્યવહારૂ અને હાસ્યાસ્પદ વાત છે, માટે ઉંચાઈમાંથી કકડા કરવાના અધિકારમાં વાળ બહુ પાતળો હોય અથવા જાડો હોય તોપણ શું ?

ઉત્તર—અહિં કૂવો વ્યવસ્થિત રીતે અને વિવક્ષિત સંખ્યાએ ભરવાનો છે માટે દરેક રોમખંડ સમઘન હોવો જોઈએ, જો વિષમઘન હોય તો કૂવો ભરવાની રીતિ અને સંખ્યા બન્ને અવ્યવસ્થિત થાય, માટે ઘેટાના વાળના કકડા તો જો કે અંગુલ પ્રમાણની ઉંચાઈમાંથી જ કરવાના છે, જાડાઈમાંથી કકડા કરવાના છે જ નહિ, અને જાડાઈમાંથી કકડા ન કરવાના કારણથી જ "એકથી સાત દીવસના જન્મેલા ઘેટાના" એ વિશેષણ છે, કારણ કે ઉંચાઈમાંથી સાતવાર આઠ આઠ કકડા કરવાથી જેટલી ઉંચાઈ વાળના કકડાની રહે છે તેટલી જ જાડાઈ એકથી સાત દિવસના જન્મેલા ઘેટાના વાળની છે, માટે જાડાઈ અને ઉંચાઈ સરખી થવાથી એ રોમખંડ સમઘન થયો, અને એવા જ સમઘન રોમ-ખંડથી વ્યવસ્થિત રીતે કૂવો ભરાય, નહિંતર આગળ કહેવા પ્રમાણે એક યોજન પ્રમાણે રોમખંડની શ્રેણીનો વર્ગ કરીને પ્રતર ન લાવી શકાય, અને તેવા પ્રતરને પ્રતરે ગુણી ઘન પણ ન લાવી શકાય, માટે રોમખંડ સમઘન હોવો જોઈએ, અને જાડાઈમાંથી કકડા નહિ કરવાનું કારણ પણ રોમખંડની ઉંચાઈ જેટલી જ અંગુલ રોમની જાડાઈ પ્રથમથી જ છે, વળી આ ઘેટાનું દૃષ્ટાંત આ ક્ષેત્ર સમાસમાંજ દેખાય છે, સિદ્ધાન્તોમાં તો ઠામ ઠામ એકથી સાત દિવસના મુંડિત શીર્ષવાળા કુરૂક્ષેત્રના યુગલિકના ઉગેલા વાળ જેટલો જ રોમખંડ કહ્યો છે.

પ્રશ્ન:—જો સિદ્ધાન્તોમાં કુરૂયુગલિક મનુષ્યના મુંડિતશીર્ષના ૧ થી ૭ દિવસના ઉગેલા વાલાગ્ર કહ્યા છે તો તે વાલાગ્ર અને આ ઘેટાનો વાલાગ્ર સરખો કે તફાવતવાળો ?

ઉત્તર:—એ બન્ને વાલાગ્ર (રોમખંડ) કદમાં એકસરખાજ જાણવા, વળી મુંડિતશીર્ષ અને મનુષ્ય એ બન્ને વિશેષણ પણ સાર્થક છે, ૧—૭ દિવસના જન્મેલ ઘેટાનો વાળ જેટલો પાતળો છે, તેટલો જ મુંડિતશીર્ષ કુરૂયુગલિકનો ૧—૭ દિવસનો ઉગેલો વાળ પાતળો અને ઊંચો છે, માટે ઘેટાના અંગુલ પ્રમાણ વાળના, જેમ કકડા કરવા પડે છે તેમ મનુષ્યના વાળના કકડા કરવાના નથી, પરન્તુ તેવા ઉગેલા રોમખંડ જ ભેગા કરી કૂવો ભરવાનો છે. એ બે રોમખંડની સરખામણી આ પ્રમાણે—ઘેટાના એક

ઉત્સેધાંગુલમાં વીસલાખ સત્તાણુ હજાર એકસો બાવન [૨૦૯૭૧૫૨] રોમ ખંડ સમાય, તથા ચોવીસ અંગુલનો એક હાથ હોવાથી તેને ચોવીસગુણાં કરતાં એક ઉત્સેધ હાથમાં ૫૦૩૩૧૬૪૮ રોમખંડ સમાય, ચાર હાથનો એક ધનુષ જેટલી જગ્યામાં ૨૦૧૩૨૬૫૯૨ રોમખંડ સમાય, બેહજાર ધનુષનો એક ગાઉ હોવાથી એક ગાઉમાં ૪૦૨૬૫૩૧૮૪૦૦૦ રોમખંડ સમાય, અને ચાર ગાઉનો યોજનમાં ૧૬૧૦૬૧૨૭૩૬૦૦૦ રોમખંડ સમાય. એટલા રોમખંડ તો કૂવાના તળીયામાં એક યોજન લાંબી એક જ શ્રેણિમાં સમાયા, તેથી જ્યારે બીજી એટલી શ્રેણિઓ ભરીએ ત્યારે તો કેવળ તળીયું જ પથરાઈ રહે, માટે તળીયાને સંપૂર્ણ પૂરવા માટે એ ૧૬૧૦૬૧૨૭૩૬૦૦૦ને પુનઃ એટલા જ વડે ગુણીએ ત્યારે ૨૫૯૪૦૭૩૩૮૫૩૬૫૪૦૫૬૯૬ રોમખંડ વડે કેવળ તળીયું જ સંપૂર્ણ પથરાઈ રહ્યું, અને તેથી એટલા રોમખંડનું એક પ્રતર (એક પડ) થયું જેથી એટલા જ બીજાં પડો ઉપરા–ઉપરી ગોઠવીએ તો કૂવાના કાંઠા સુધીમાં સંપૂર્ણ કૂવો ભરાઈ રહે, વળી આ ગણત્રી તો ઘનવૃત્ત કૂવાની કરવાની હતી તેને બદલે ઘનચોરસ કૂવાની થઈ, અર્થાત્ એ રોમખંડને એટલા રોમખંડે પુનઃ ગુણતાં ૪૧૭૮૦૪૭૬૩૨૫૮૮૧૫૮૪૨૭૭૮૪૫૪૦૨૫૬૦૦૦૦૦૦૦૦૦ એડલા રોમખંડ વડે ઘનચોરસ કૂવો ભરાયો, જેથી એજ અંકને પુનઃ ૧૯ વડે ગુણી ૨૪ થી ભાગે તો ઘનવૃત્ત કૂવામાં તેટલા રોમખંડ સમાય, માટે ઓગણીસે ગુણતાં ગુણાકાર ૭૯૩૮૨૯૦૫૦૧-૯૧૭૫૦૧૨૭૯૦૬૩૪૦૮૬૪૦૦૦૦૦૦૦૦૦ આવે, તેને ૨૪ વડે ભાગતાં ૩૩૦૭૬૨-૧૦૪૨૪૬૫૬૨૫૪૨૧૯૯૬૦૯૭૫૩૬૦૦૦૦૦૦૦૦૦૦ એટલા રોમખંડ ઘનવૃત્ત કૂવામાં સમાય. આ રોમખંડ સંખ્યાતા છે, એ પ્રમાણે ખીચોખીચ ભરેલા વાળને એકેક સમયે એકેક વાળ કાઢીએ તો જેટલે કાળે એ કૂવો ખાલી થાય તેટલા કાળનું નામ એક बादर उद्धारपल्योपम કહેવાય. એ કૂવાને ખાલી થતાં સંખ્યાતા સમયજ લાગે, અને આંખના એક પલકારમાં તો એવા અસંખ્ય કૂવા ખાલી થઈ જાય તેથી બાદર ઉદ્ધાર પલ્યોપમનો કાળ તો આંખના પલકારાથી પણ અસંખ્યાતમા ભાગ જેટલો છે, વળી આગળ કરાતા સૂક્ષ્મખંડોની અપેક્ષાએ આ રોમખંડો અસંખ્યાતગુણા મોટા હોવાથી આ પલ્યોપમને બાદર ગણવામાં આવે છે. તેમજ આગળ ગણાતા બીજા બે બાદર-પલ્યોપમમાં પણ આ ઉપર કહેલી સંખ્યાવાળા બાદર રોમખંડજ ગણવાના છે.

અંગુલ રોમના જ્યારે સાતવાર આઠ આઠ ખંડ કરી એકરોમખંડ એક અંગુલના ૨૦૯૭૧૫૨ મા ભાગ જેટલો બારીક સમઘન કરવાનો કહ્યો છે ત્યારે કુરુયુગલના ૮ વાલાગ્રે ૧ હરિવર્ષ–રમ્યક વાલાગ્ર, તેવા આઠે ૧ હિમવંત હિરણ્ય. વાલાગ્ર તેવા આઠે વિદેહ વાલાગ્ર, તેવા આઠે લીખ, ૮ લીખે જૂ, ૮ જૂએ જવ, અને ૮ જવે ૧ ઉત્સેધાંગુલ. એ રીતે પણ સાતવાર આઠ ગુણા કરતાં અંગુલના ૨૦૯૭૧૫૨ મા ભાગ જેટલો કુરુવાલાગ્ર સમઘન થયો. આટલા ભાગવાળો કુરુવાલાગ્ર આ જંબૂ પ્ર૦ વૃત્તિમાં દર્શાવ્યો છે, માટે ઘેટાનો રોમખંડ અને કુરુનરનો રોમખંડ બન્ને તુલ્ય સમઘન છે. અને તેવા સમઘનથી જ કૂવો ભરવાનો છે—આ બાબતમાં આટલી જ ચર્ચા બસ છે.

॥ ૨ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ ॥

બાદર ઉદ્ધાર પલ્યોપમમાં જેવા રોમખંડ ભર્યા હતા તેજ રોમખંડમાંના દરેકના અસંખ્યાત અસંખ્યાત [1]ખંડ કરીએ, અને તેવા અસંખ્યાતા ખંડોથી એજ ઘનવૃત્ત કૂવાને અતિ ખીચોખીચ ભરીએ તે એવી રીતે કે–અગ્નિથી બળે નહિં, વાયુથી ઉડે નહિં, જળસંચાર થાય નહિં, અને [2]ચક્રવર્તિનું સૈન્ય ઉપર થઈને ચાલ્યું જાય તો પણ લેશમાત્ર દબાય નહિ; એવી રીતે ભરેલા એ અસંખ્યાત રોમખંડોમાંથી એકેક રોમખંડને એકેક સમયે કાઢતાં જેટલો કાળ લાગે તેટલા કાળનું નામ सुक्ष्म उद्धारपल्योपम છે. એમાં અસંખ્યાતા ખંડો હોવાથી કૂવો ખાલી કરતાં–થતાં અસંખ્યાત સમયો લાગે છે, અને તે કાળ સંખ્યાતા ક્રોડ વર્ષ જેટલો છે.

એજ સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમના સમયોથી દ્વીપસમુદ્રોનું સંખ્યાપ્રમાણ દર્શાવ્યું છે, જેથી એવા ૨૫ કોડાકોડી (૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦) પલ્યોપમના જેટલા સમયો છે, તેટલા સર્વ દ્વીપસમુદ્રો છે. અથવા પૂર્વે કરેલા અસંખ્ય અસંખ્ય રોમખંડવાળા પચીસ ક્રોડાકોડી કૂવાઓમાં જેટલા અસંખ્યાતા રોમખંડ સમાય તેટલા સર્વ દ્વીપસમુદ્રો છે, અહિં દ્વીપ અને સમુદ્રોની ભેગી સંખ્યા એટલી ગણવી, પરન્તુ જુદી જુદી સંખ્યા ન ગણવી. એ પ્રમાણે સર્વ દ્વીપસમુદ્રોની સંખ્યા જાણવી.

તથા ઉદ્ધાર એટલે બહાર કાઢવું, ઉદ્ધરવું એવો શબ્દાર્થ હોવાથી સૂક્ષ્મ રોમખંડોના ઉદ્ધારથી મપાતો પલ્યની ઉપમાવાળો કાળ તે सुक्ष्म उद्धारपल्योपम એ શબ્દાર્થ જાણવો. તથા कोडाकोडी એટલે કોઈપણ સંખ્યાવાળી ક્રોડ સંખ્યાને ક્રોડથી ગુણવા તે. જેમ વીસ કોડાકોડી એટલે વીસક્રોડને એક ક્રોડે ગુણતાં જે સંખ્યા આવે તે (૨૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦), પરન્તુ વીસક્રોડને વીસક્રોડે ગુણવા તે નહિં.

॥ ૩ બાદર અદ્ધા પલ્યોપમ ॥

પૂર્વે કહેલા બાદર વાલાગ્રો જે સંખ્યાતા છે તેને કૂવામાંથી સો સો વર્ષે એકેક વાલાગ્ર (રોમખંડ) કાઢતાં તે કૂવો ખાલી થવાને જેટલો કાળ લાગે તેટલો કાળ बादर अद्धापल्योपम કહેવાય. આમાં સંખ્યાતા વાળ હોવાથી સંખ્યાતા સો વર્ષ એટલે કૂવામાં જે ૩૭ અંક જેટલા વાલાગ્રો ભરેલા છે તે ઉપરાન્ત બે શૂન્ય અધિક વધારતાં ૩૯ અંક જેટલાં વર્ષે એક કૂવો ખાલી થાય, એ પણ સંખ્યાત ક્રોડ વર્ષ જેટલો કાળ ગણાય, વળી આ પલ્યોપમ પણ સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ સમજવાની

૧. પૂર્વાચાર્યો એ ખંડને બાદર પર્યાપ્ત પૃથ્વીકાયના શરીર જેવડો કહે છે, અને સૂક્ષ્મ સાધારણ વનસ્પતિના શરીરથી અસંખ્યાતગુણ મોટો કહ્યો છે.

૨, એ વક્તવ્ય સર્વભેદોમાં સાધારણ જાણવું, કારણ કે ભરવાની પદ્ધતિથી એ રીતે જ ભરાય, તો પણ સ્થૂલ દ્રષ્ટિજીવોને ભરવાની મહત્તા નજરમાં સાક્ષાત્ આવે તેથી એ પ્રમાણે કથન કરવું વિશેષ ઉચિત છે.

સુગમતા માટે છે, પરન્તુ એથી બીજી કોઈ વસ્તુનું માપ થઈ શકતું નથી. અહિં અધ્ધા એટલે કાળ એવો અર્થ છે.

॥ ૪ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ ॥

સૂક્ષ્મ ઉદ્ધાર પલ્મ માટે બાદર રોમખંડના જેવા અસંખ્યાતા સૂક્ષ્મરોમખંડ કર્યા હતા તેજ રોમખંડોમાંથી દરેક રોમખંડને સો સો વર્ષે કાઢતાં જેટલે કાળે કૂવો ખાલી થાય, તેટલો કાળ सुक्ष्म अद्धापल्योपम કહેવાય. આમાં અસંખ્યાત વર્ષે કૂવો ખાલી થાય છે, અને આ પલ્યોપમવડેજ અવસર્પિણી ઉત્સર્પિણી જીવોનાં આયુષ્ય, કર્મની સ્થિતિઓ, જીવોની કાયસ્થિતિઓ વિગેરે અદ્ધા–કાળ મપાય છે માટે આનું નામ સૂ૦ અદ્ધાપલ્યોપમ છે.

॥ ૫ બાદર ક્ષેત્ર પલ્યોપમ ॥

બાદર ઉદ્ધારપલ્યોપમ વખતે જે બાદર રોમખંડ ભર્યા છે, તે દરેક રોમખંડમાં અસંખ્ય અસંખ્ય આકાશપ્રદેશો અંદર અને બહારથી પણ સ્પર્શીને રહ્યા છે, અને અસ્પર્શીને પણ રહ્યા છે, તેમાં સ્પર્શીને રહેલા આકાશપ્રદેશોથી નહીં સ્પર્શેલા આકાશપ્રદેશો ઘણા છે, અને સ્પર્શેલા થોડા છે, તે સ્પર્શેલા આકાશ પ્રદેશોમાંથી એકેક આકાશ પ્રદેશને એકેક સમયે બહાર કાઢતાં સર્વ સ્પર્શેલા આકાશપ્રદેશો જેટલા કાળે ખાલી થાય તેટલા કાળનું નામ बादर क्षेत्रपल्योपम છે. આમાં અસંખ્યાત કાળચક્રે સ્પૃષ્ટ આકાશપ્રદેશો બહાર ઉદ્ધરાઈ રહે છે, જેથી આ પલ્યોપમ અસંખ્ય કાળચક્ર પ્રમાણનો છે, આનું પ્રયોજન પણ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમને સમજાવવા માટે છે.

॥ ૬ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ ॥

સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ માટે જેવા સૂક્ષ્મ ખંડો ભરેલા છે તે જ સુક્ષ્મ રોમખંડવાળા કૂવામાં દરેક સૂક્ષ્મ રોમખંડમાં (અંદરના ભાગમાં) સ્પર્શેલા અને નહિં સ્પર્શેલા આકાશપ્રદેશો બાદરક્ષેત્રપલ્યોપમ પ્રસંગે કહ્યા, તે ઉપરાન્ત એક રોમખંડથી બીજા રોમખંડની વચ્ચે પણ અસ્પૃષ્ટ આકાશ પ્રદેશો દરેકના આંતરામાં અસંખ્યાત અસંખ્યાત છે, એ પ્રમાણે બે પ્રકારના સ્પૃષ્ટ આકાશપ્રદેશો તથા બે પ્રકારના અસ્પૃષ્ટ આકાશપ્રદેશો છે તે દરેક આકાશપ્રદેશને પ્રતિસમય એક એક બહાર કાઢતાં જેટલા કાળે કુવો ખાલી થાય (આકાશપ્રદેશ રહિત થાય) તેટલો કાળ सुक्ष्मक्षेत्रपल्योपम કહેવાય. અહિં જો કે કૂવાના સર્વ આકાશપ્રદેશો બહાર કાઢવાના હોવાથી રોમખંડોને સૂક્ષ્મ કરવાનું અને ભરવાનું કંઈ પણ પ્રયોજન નથી તો પણ સૂક્ષ્મખંડો ભરીને સ્પૃષ્ટ અસ્પૃષ્ટ કહેવાનું કારણ એ છે.—કે બારમા દ્રષ્ટિવાદ અંગમાં કેટલાંક દ્રવ્યોને સ્પૃષ્ટ આકાશપ્રદેશોથી અને કેટલાંક દ્રવ્યોને અસ્પૃષ્ટ આકાશપ્રદેશોથી માપેલાં છે, માટે એ સર્વ વક્તવ્ય પ્રયોજનવાળું

છે. પુનઃ ખીચોખીચ ભરેલા બાદર વા સૂક્ષ્મ રોમખંડોવાળા કૂવામાં અસ્પૃષ્ટ આકાશ-પ્રદેશો શી રીતે હોય? એવી પણ આશંકા ન કરવી, કારણ કે રોમખંડ વસ્તુ જ એવી બાદર પરિણામવાળી છે કે જેનો સ્કંધ એવો અતિ ઘનપરિણામી નથી કે (જે સ્કંધ) પોતાની અંદરના સર્વ આકાશપ્રદેશમાં વ્યાપ્ત થયેલો હોય, માટે રોમ-ખંડની અંદરના ભાગમાં અસ્પૃષ્ટ આકાશપ્રદેશો હોય છે, અને એક બીજા રોમખંડની વચ્ચે આંતરામાં પણ એવી જ રીતે અસ્પૃષ્ટ આકાશપ્રદેશો હોય છે, કારણ કે ચાહે તેટલા નક્કર રીતે રોમખંડો ખીચોખીચ ભરીએ તો પણ એક બીજાની વચ્ચે આંતરામાં સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ ભાગ પણ રહે છે જ, માટે ખીચોખીચ ભરેલા રોમખંડોમાં સ્પૃષ્ટથી પણ અસ્પૃષ્ટ આકાશપ્રદેશો ઘણા મળી આવે, અને તેમાં બાદરસ્કંધોનો તથાવિધ પરિણામ એજ [1]હેતુ છે. વળી પૂર્વે કહેલા બાદર ક્ષેત્રપલ્યોપમથી આ સુક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમનો કાળ અસંખ્યાતગુણો છે.

॥ ૬ પ્રકારના સાગરોપમ ॥

પૂર્વે કહ્યા પ્રમાણે પોતપોતાના ૧૦ કોડાકોડી પલ્યોપમ જેટલો એક સાગરોપમ થાય છે, જેમ ૧૦ કોડાકોડિ બાદર ઉદ્ધારપલ્યોપમનો ૧ બાદર ઉદ્ધાર સાગરોપમ, ૧૦ કોડાકોડિ સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમનો ૧ સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ, ઇત્યાદિ રીતે બીજા ચાર સાગરોપમ પણ જાણવા. અહિં ત્રણ બાદર સાગરોપમનું કંઈ પણ પ્રયોજન નથી, કેવળ સૂક્ષ્મસાગરોપમ સમજાવવાને અર્થે કહ્યા છે, અને ત્રણ સૂક્ષ્મ સાગરો-પમોનું પ્રયોજન પોતપોતાના પલ્યોપમના પ્રયોજન સરખું જાણવું. જેમ ચાલુ વિષયમાં (દ્વીપસમુદ્રોની સંખ્યામાં) અઢી સૂક્ષ્મ ઉદ્ધારસાગરોપમના જેટલા સમય તેટલા સર્વ દ્વીપસમુદ્રો છે. ઇત્યાદિ. ॥ ૨ ॥

અવતરણઃ—પૂર્વ ગાથામાં સર્વ દ્વીપસમુદ્રોને પચીસ કોડાકોડિ ઉદ્ધાર પલ્યોપમના સમય જેટલા અસંખ્યાતા કહ્યા, ત્યાં પ્રથમ ઉદ્ધારપલ્યોપમ તે શું? અને તે પણ બાદર તથા સૂક્ષ્મ એમ બે પ્રકારનુ છે, તેમાં બાદર પલ્યોપમ કેવી રીતે થાય? તે આ ગાથામાં દર્શાવાય છે—

---

૧. શાસ્ત્રોમાં અસ્પૃષ્ટ આકાશપ્રદેશોને માટે આ પ્રમાણે દ્રષ્ટાન્ત આપેલું છે કે–કોળાંથી ભરેલી જગ્યામાં કોળાંના આંતરાઓમાં બીજોરાં જેટલી ખાલી જગ્યા રહે છે, બીજોરાંના આંતરાઓમાં હરડે સમાય છે, હરડેના આંતરાઓમાં બોર, બોરના આંતરાઓમાં ચણા સમાય છે; એ પ્રમાણે સૂક્ષ્મ રોમ-ખંડોના આંતરાઓમાં પણ ખાલી જગ્યા રહે છે. અહિં દ્રષ્ટાન્ત પ્રમાણે વિચારતાં અસ્પૃષ્ટ આકાશ સ્પૃષ્ટથી અલ્પ હોય છે, તો સ્પૃષ્ટ તથા અસ્પૃષ્ટ આકાશપ્રદેશોના આકર્ષણરૂપ સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમ અસંખ્યાત-ગુણો કેવી રીતે? તેનો ઉત્તર એ જ કે–જેમ કોળું પોતે કોળા જેટલા આકાશમાં પણ વ્યાપ્ત છે, અને અસંખ્યગુણ અવ્યાપ્ત છે, તેવી રીતે એક સૂક્ષ્મ રોમખંડ પણ અલ્પ વ્યાપ્ત છે, કારણ કે અનેકાનેક છિદ્રવાળો છે, માટે અસંખ્યાતગુણ સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમ હોય તેમાં શું આશ્ચર્ય?

कुरुसगदिणाविअंगुलरोमे सगवारविहिय अडखंडे।
बावन्नसयं सहसा, सगणउई, वीसलक्खाणू ॥ ३ ॥

શબ્દાર્થ

कुरु–કુરૂ–ક્ષેત્રના	अडखंडे–આઠ આઠ ખંડ
सगदिण–સાત દિવસના	बावन्नसयं–એકસો બાવન
अवि–ઘેટાના	सहसा–હજાર
अंगुलरोमे–અંગુલ પ્રમાણ રોમના	सगणउई–સત્તાણુ
सगवार–સાતવાર	वीसलक्खा–વીસલાખ
विहिय–કરેલા	अणू–રોમખંડ

गाथार्थः—દેવકુરૂ અથવા ઉત્તરકુરૂક્ષેત્રના સાત દિવસના જન્મેલા ઘેટાના એક અંગુલ પ્રમાણ રોમમાં (રોમના) સાત વાર આઠ આઠ ખંડ કર્યે છતે વીસ લાખ સત્તાણુ હજાર એકસો બાવન રોમખંડ થાય. ॥ ૩ ॥

भावार्थः—બીજી ગાથાના ભાવાર્થમાં કહ્યા પ્રમાણે. વિશેષ એ કે—આ બાદર અને આગળ કહેવાતા સુક્ષ્મ રોમખંડો કોઈએ કર્યા નથી, કરતું નથી અને કરશે પણ નહિં, પરન્તુ શિષ્યના ચિત્તમાં સંખ્યાનું મહત્ત્વદર્શાવવાને આ પલ્યોપમની પ્રરૂપણા અસત્કલ્પના રૂપ છે, તોપણ સંખ્યાની મહત્તા ચિત્તમાં ઉતારવા માટે એ કલ્પનાવાળું દૃષ્ટાન્ત પણ ઘણું ઉપયોગી અને સાર્થક છે. ॥ ૩ ॥

अवतरणः—એવા રોમખંડ પણ ઘનવૃત્ત કૂવામાં સંખ્યાતાજ સમાય છે, તે દર્શાવીને તે દરેકના પુનઃ અસંખ્ય અસંખ્ય સુક્ષ્મખંડ કરવાનું આ ગાથામાં કહેવાય છે–

ते थूला पल्लेवि हु, संखिज्जा चेव हुंति सव्वेवि।
ते इक्किक असंखे, सुहुमे खंडे पकप्पेह ॥ ४ ॥

શબ્દાર્થ :—

ते–તે રોમખંડો	ते–તે
थूला–બાદર, સ્થૂલ.	इक्किक–એકેક રોમખંડના
पल्लेवि–પલ્યમાં, કૂવામાં પણ	असंखे–અસંખ્ય અસંખ્ય
हु–પદ પૂરવા માટે	सुहुमे–સુક્ષ્મ
संखिज्जा–સંખ્યાતા	खंडे–ખંડો
चेव–નિશ્ચય, જ	पकप्पेह–પ્રકલ્પો, કરો.
सव्वेवि–સર્વે પણ	

ગાથાર્થઃ—એ રોમખંડો બાદર છે, કારણ કે પલ્યમાં (ઘનવૃત્તયોજન કૂવામાં) પણ તે સર્વે મળીને પણ નિશ્ચય સંખ્યાતાજ હોય છે (સમાય છે), તેથી તે બાદર ખંડોમાંના દરેકના અસંખ્યાત અસંખ્યાત સુક્ષ્મખંડ કરો. [તો સુક્ષ્મ થાય, અને કૂવામાં પણ અસંખ્યાતા સમાય, તોજ અસંખ્યાતા દ્વીપસમુદ્રોની સાથે સરખામણી થાય–એ ભાવાર્થ.] ॥ ૪ ॥

વિસ્તરાર્થઃ—બીજી ગાથાના ભાવાર્થમાં કહ્યા પ્રમાણે. પરન્તુ અહિં બાદર રોમખંડોને કૂવામાં ભરીને બાદર ઉદ્ધારપલ્યોપમ કહ્યા વિના બહારથીજ દરેકના અસંખ્યાતા સુક્ષ્મખંડો કરવાના કહ્યા તેનું કારણકે દ્વીપસમુદ્રની સંખ્યા સરખાવવામાં સુક્ષ્મપલ્યોપમનું જ પ્રયોજન છે, માટે અહિં બાદરપલ્યોપમની પ્રરૂપણા ન કરી. ॥૪॥

અવતરણઃ—હવે એ સુક્ષ્મ રોમખંડો કરવાથી પલ્યોપમનો સંબંધ કેવી રીતે? તે આ ગાથામાં કહેવાય છે—

सुहुमाणुणिचिअउस्सेहंगुलचउकोसपल्लि घणवट्टे ।
पइसमयमणुग्गहनिट्टिअंमि उद्धारपलिउत्ति ॥ ५ ॥

શબ્દાર્થ :—

सुहुमाणु–સૂક્ષ્મ રોમખંડો વડે
णिचिअ–ભરેલો
उस्सेहंगुल–ઉત્સેધાંગુલ પ્રમાણથી
चउकोस–ચારકોશ, એક યોજનનો
पल्लि–પલ્ય, કુવો
घणवट्टे–ઘનવૃત્ત (કુવો),
पइसमय–પ્રતિસમય, એકેક સમયે
अणुग्गह–(એકેક રોમખંડને) કાઢતાં
निट्ठिअंमि–ખાલી થયે
उद्धारपलिउ–(સૂક્ષ્મ) ઉદ્ધાર પલ્યોપમ થાય.
त्ति–ઇતિ, એ રીતે.

ગાથાર્થઃ—સૂક્ષ્મ રોમખંડોવડે ભરેલો જે ઉત્સેધાંગુલના પ્રમાણથી ચાર ગાઉનો ઘનવૃત્ત કુવો તેમાંથી પ્રતિસમય (સમયે સમયે) એકેક રોમખંડ કાઢતાં જ્યારે તે ખાલી થાય ત્યારે એ રીતે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ થાય. ॥ ૫ ॥

વિસ્તરાર્થઃ—બીજી ગાથાના ભાવાર્થમાં કહ્યા પ્રમાણે. વિશેષ એજ કે ઉત્સેધાંગુલ તે આઠ આડા યવનો અંગુલ ચાલુ રીતિ પ્રમાણે ગણાય છે, તે લગભગ જાણવો. અને શ્રી મહાવીર સ્વામીનું અંગુલ તે એ ઉત્સેધાંગુલ જેટલું હતું માટે તેમનું અર્ધ અંગુલ જેટલું માપ તે યથાર્થ ઉત્સેધાંગુલ ગણાય, એવા માપથી શરીર વિગેરેની ઊંચાઈ મપાય છે, અને એ સિવાય બીજું માપ આત્માંગુલ તથા પ્રમાણાંગુલ નામનું પણ છે. તે સર્વનું સવિસ્તર સ્વરૂપ અંગુલસત્તરિ આદિ ગ્રંથોથી જાણવા યોગ્ય છે. અહિં ઉત્સેધાંગુલી એક યોજન કહ્યો તે પ્રમાણાંગુલથી ચારસોમા ભાગનો ન્હાનો

ગણાય છે, અને આત્માંગુલ તો અનિયત હોવાથી તે સાથે ઉત્સેધાંગુલની સરખામણી હોય નહિ. ॥ ૫ ॥



अवतरण :—હવે કેટલાક દ્વીપસમુદ્રોનાં નામ આ ગાથામાં કહેવાય છે—

पढमो जंबू बीओ, धायइसंडो अ पुक्खरो तइओ ।
वारुणिवरो चउत्थो, खीरवरो पंचमो दीवो ॥ ६ ॥
घयवरदीवो छट्ठो, इक्खुरसो सत्तमो अ अट्ठमओ ।
णंदीसरो अ अरुणो, णवमो इच्चाइ(ऽ)संखिज्जा ॥ ७ ॥

શબ્દાર્થ

पढमो–પ્રથમ, પહેલો
जंबू–જંબૂદ્વીપ
बीओ–બીજો
धायइसंडो–ધાતકી ખંડ
पुक्खरो–પુષ્કર દ્વીપ
तइओ–ત્રીજો
वारुणिवरो–વારૂણીવર દ્વીપ
चउत्थो–ચોથો
खीरवरो–ક્ષીરવર દ્વીપ
पंचमो–પાંચમો
दीवो–દ્વીપ

घयवरदीवो–ધૃતવરદ્વીપ	णंदीसरो–નંદીશ્વર દ્વીપ
छट्ठो–છઠ્ઠો	अरुणो–અરુણદ્વીપ
इक्खुरसो–ઇક્ષુરસ દ્વીપ	नवमो–નવમો
सत्तमओ–સાતમો	इच्चाइ–ઇત્યાદિ
अट्ठमओ–આઠમો	असंखिज्जा–અસંખ્યાતા

गाथार्थः—પહેલો જંબુદ્વીપ, બીજો ધાતકીખંડ. ત્રીજો પુષ્કરદ્વીપ ચોથો વારૂણી-વર દ્વીપ, પાંચમો ક્ષીરવર દ્વીપ, ॥ ૬ ॥ છઠ્ઠો ઘૃતવર દ્વીપ, સાતમો ઈક્ષુ રસ દ્વીપ, આઠમો નંદીશ્વર દ્વીપ અને નવમો અરૂણદ્વીપ ઈત્યાદિ અસંખ્યાતા દ્વીપ છે ॥ ૭ ॥ [એ કેવળ દ્વીપોનાંજ નામ કહ્યાં છે.]

विस्तरार्थः—દ્વીપોનાં એ નામો ગુણવાચક છે, પરન્તુ સંજ્ઞામાત્ર નથી, કારણ કે જંબૂદ્વીપમાં એના અધિપતિ અનાદૃતદેવને નિવાસ કરવા યોગ્ય શાશ્વત જંબૂવૃક્ષ નામનું મહાવૃક્ષ છે કે જેનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે, તેવી રીતે ધાતકીખંડમાં એ ખંડના અધિપતિ દેવનું ધાતકી નામનું શાશ્વત મહાવૃક્ષ છે, પુષ્કરદ્વીપમાં તેવા પ્રકારનાં વિશિષ્ટ પુષ્કર એટલે કમળો ઘણાં છે માટે પુષ્કર નામ છે. ચોથા વારૂણીવર દ્વીપની વાવડીઓ વિગેરે જળાશયોમાં [वारुणी=મદિરા वर=ઉત્તર એટલે] ઉત્તમ મદિરા સરખું જળ હોવાથી વારૂણીવર દ્વીપ નામ છે. ક્ષીરવર દ્વીપની વાવડીઓ વિગેરેમાં ઉત્તમ ક્ષીર=દુગ્ધ સરખું જળ છે, ઘૃતવરદ્વીપમાં ઉત્તમ ઘી સરખા આસ્વાદયુક્ત જળવાળી વાવડીઓ છે, ઈક્ષુરસ=શેરડીના રસ સરખી છે, તથા નંદી=વૃદ્ધિ સમૃદ્ધિ વડે ઈશ્વર= દેદીપ્યમાન (સ્ફુરાયમાન) હોવાથી આઠમો નંદીશ્વર દ્વીપ છે, અને અરૂણ=રક્ત કમળોની વિશેષતાદિ કારણથી અરૂણદ્વીપ નામ છે, એ પ્રમાણે સર્વે દ્વીપસમુદ્રો ગુણવાચક નામવાળા છે.

વળી અહિં નવમા દ્વીપ સુધીનાં જ નામ દર્શાવ્યાં, પરન્તુ શાસ્ત્રમાં એથી આગળ ૧૦મો અરુણવરદ્વીપ, ૧૧મો અરુણવરાવભાસ ઈત્યાદિ રીતે આગળ કહેવાતી ત્રિપ્રત્યવતારની પદ્ધતિએ પુનઃ [૨]અરુણોપપાત દ્વીપ, કુંડલદ્વીપ, શંખદ્વીપ, રુચકદ્વીપ, ભુજગદ્વીપ, કુશદ્વીપ, ક્રૌંચવરદ્વીપ, અહિં સુધીનાં નામ ત્રણ ત્રણ વારનાં દર્શાવ્યાં છે.

૧. ગાથામાં अ નથી તો પણ "इच्चाई" પદની છેલ્લી इ માં લુપ્ત થયેલો છે એમ જાણીને અર્થ વખતે એ "अ" ઉપયોગમાં લેવો. લુપ્ત છંદોભંગના કારણથી છે.

૨. એ અરૂણોપપાત નામ શ્રી ઠાણાંગજીના ત્રીજા સ્થાનની વૃત્તિમાં કહ્યા પ્રમાણે છે, અન્યથા એ નામ વિના ત્રિપ્રત્યવતારથી ૧૨ મો કુંડલદ્વીપ છે, અને ત્રિપ્રત્યવતારની અપેક્ષા વિના અને અરુણોપપાત સહિત ગણતાં ૧૧ મો કુંડલદ્વીપ છે. એ પ્રમાણે આગળના દ્વીપો પણ ત્રિપ્રત્યવતાર સહિત ગણતાં ભિન્ન ભિન્ન અંકવાળા થાય છે.

જેથી મૂળ નામ ૧૬ અને ત્રિપ્રત્યવતાર વડે અરૂણથી ત્રણ ત્રણ નામ ગણતાં ૩૨ દ્વીપ સુધીનાં સ્પષ્ટ નામો દર્શાવ્યા છે. ॥ ૭ ॥



અવતરણઃ—પૂર્વ ગાથાઓમાં અરૂણદ્વીપ સુધી નવ દ્વીપનાં નામ કહ્યાં, પરન્તુ તેથી આગળના દ્વીપોનાં નામ શું ? તે જાણવાની રીતે દર્શાવે છે, તે આ પ્રમાણે—

सुपसत्थवत्थुणामा, तिपडोआरा तहाऽरुणाईआ ।
इगणामेऽवि असंखा, जाव य सुरावभास त्ति ॥ ८ ॥

શબ્દાર્થઃ—

सुपसत्थ—અતિપ્રશસ્ત, ઉત્તમ
वत्थुणामा—વસ્તુઓનાં નામ
तिपडोआरा—ત્રિપ્રત્યવતાર
तहा—તથા
अरुणाईआ—અરૂણાદિદ્વીપો
इगणामे वि—એક નામવાળા પણ
असंखा—અસંખ્યાતા દ્વીપો
जाव—યાવત્, સુધી
सुरावभास—સુરાવભાસ દ્વીપ
ति—ઇતિ, એ (અથવા સમાપ્તિ સૂચક)

ગાથાર્થઃ—અતિ ઉત્તમ વસ્તુઓના નામે નામવાળા, તથા અરૂણદ્વીપથી પ્રારંભીને ત્રિપ્રત્યવતારવાળા, અને એકેક નામના પણ અસંખ્યાતા એવા દ્વીપ સૂરાવભાસ દ્વીપ સુધી છે ॥ ૮ ॥

વિસ્તરાર્થઃ—અરૂણદ્વીપ સુધીનાં સ્પષ્ટ નામો કહ્યાં, અને ત્યાંથી આગળના દ્વીપો (તથા સમુદ્રો)નાં નામ ત્રણ રીતે છે તે આ પ્રમાણે—

૧ જગતમાં જેજે ઉત્તમ પદાર્થો છે તે પદાર્થોનાં જે નામ છે તે નામવાળા આગળના દ્વીપસમુદ્રો છે, તે સંબંધમાં કહ્યું છે કે—

आभरणवत्थगंधे, उप्पलतिलए अ पउमनिहिरयणे ।
वासहरदहनईओ, विजया वक्खारकप्पिंदा ॥ १ ॥
कुरुमंदर आवासा, कूडा नक्खत्त चंदसुरा य ।
अन्नेवि एवमाई, पसत्थवत्थुण जे नामा ॥ २ ॥

આભરણ, વસ્ત્ર, ગંધ દ્રવ્યો, ઉત્પલ (કમળની જાતિ વિશેષ), તિલક, પદ્મ (કમળની જાતિવિશેષ), નવનિધિ, સોળ પ્રકારનાં રત્નો, વર્ષધરપર્વતો, પદ્મ સરોવર આદિ શાશ્વત સરોવરો, ગંગા વિગેરે નદીઓ, ચોત્રીસ વિજયો, સોળ વક્ષસ્કાર પર્વતો, બાર કલ્પ, ઇન્દ્રો, કુરૂક્ષેત્ર, મેરૂપર્વત (નાં ૧૧ નામ) ભવનપતિ વિગેરે પાતાલવાસી દેવોના આવાસો, ઋષભકૂટાદિ ભૂમિકૂટ તથા પર્વતના કૂટો, અઠ્યાવીશ નક્ષત્ર (ઉપલક્ષણથી ઉત્તમ ગ્રહો), ચંદ્ર સૂર્ય અને એ સિવાયની બીજી પણ ઉત્તમ વસ્તુઓનાં જે જે નામો છે તે તે નામવાળા દ્વીપસમુદ્રો છે.

તથા त्रिप्रत्यवतार વાળા દ્વીપસમુદ્રો છે, એટલે જે એકજ નામ તે પુનઃ "વર" શબ્દ સહિત બીજું નામ, અને "વરાવભાસ" એ શબ્દ સહિત ત્રીજું નામ, તે જેમકે અરૂણદ્વીપ એ એક નામ છે તેનાંજ ત્રણ નામ તે અરૂણ–અરૂણવર–અરૂણવરાવભાસ, અથવા શ્રીવત્સ શ્રીવત્સવર શ્રીવત્સવરાવભાસ ઇત્યાદિ રીતે એકજ નામ ત્રણવાર પરાવર્ત

શબ્દાથી त्रिप्रत्यवतार કહેવાય, વળી આ ત્રિપ્રત્યવતાર નવમા અરૂણદ્વીપથી પ્રારંભીને સૂરદ્વીપસુધી જાણવો કે જે છેલ્લા પાંચ દ્વીપ સમુદ્રોની પહેલાં અનંતરપણે આવેલ છે. એકજ નામને त्रि=ત્રણવાર=अवतर=ઉતારવું તે ત્રિપ્રત્યવતાર અને प्रति એ ઉપસર્ગ છે:

વળી અરૂણથી માંડીને સૂરવરાવભાસ સુધીના દ્વીપ સમુદ્રોમાં એકેક નામવાળા અસંખ્યાતા દ્વીપસમુદ્રો છે, જેમ આ જંબૂદ્વીપ છે, તેવો બીજો જંબૂદ્વીપ ત્રિપ્રત્યવતારવાળા અસંખ્ય દ્વીપોમાં છે, તેવોજ બીજો ત્રીજો આદિ અસંખ્યાતા જંબૂદ્વીપ છે, અસંખ્યાત ધાતકી દ્વીપ છે, અસંખ્યાત પુષ્કરદ્વીપ છે. ઇત્યાદિ રીતે જાણવા. પુનઃ એ સરખા નામવાળા દ્વીપો વા સમુદ્રો સાથે સાથે નથી, પરન્તુ અસંખ્યાત અસંખ્યાતને અંતરે છે, જેમ પહેલા [1]જંબૂદ્વીપ પછી અસંખ્યાતા અન્ય નામવાળા દ્વીપસમુદ્રો વ્યતીત થયે બીજો જંબૂદ્વીપ આવે, તદનંતર અસંખ્યાતા અન્ય નામવાળા દ્વીપસમુદ્રો વ્યતીત થયે ત્રીજો જંબૂદ્વીપ આવે ઇત્યાદિ, એ પ્રમાણે એકેક નામની બહુલતા, ત્રિપ્રત્યવતાર પદ્ધતિ [તથા પ્રાયઃ આભરણાદિ પ્રશસ્ત નામો પણ] સૂરવરાવભાસ દ્વીપ વા સમુદ્રસુધી છે, અર્થાત્ છેડે સૂરદ્વીપ, સૂરસમુદ્ર, સૂરવરદ્વીપ, સૂરવર સમુદ્ર, સુરવરાવભાસ દ્વીપ, સુરવરાવભાસ સમુદ્ર.

॥ કહેલી વ્યવસ્થામાં વિશેષતા ॥

શ્રી જીવસમાસ વૃત્તિમાં કહ્યું છે કે—રૂચકદ્વીપ સુધીના જે દ્વીપો અને સમુદ્રો કહ્યા છે તે તો તેવાજ અનુક્રમથી છે, પરન્તુ ત્યારબાદ રૂચકદ્વીપથી અસંખ્ય દ્વીપસમુદ્રો વ્યતીત થયા બાદ ભુજગદ્વીપ આવે છે. ત્યારબાદ અસંખ્યાત દ્વીપસમુદ્રો વ્યતીત થયે કુશદ્વીપ આવે છે; પુનઃ અસંખ્ય દ્વીપસમુદ્રો વ્યતીત થયે ક્રૌંચદ્વીપ આવે છે, એ પ્રમાણે અસંખ્ય અસંખ્ય દ્વીપસમુદ્રોને આંતરે આંતરે आभरण वत्थगंधे ઈત્યાદિ ગાથામાં કહ્યા પ્રમાણે દરેક પ્રશસ્ત વસ્તુના નામવાળો એકેક દ્વીપસમુદ્ર આવે છે, તે યાવત્ સ્વયંભૂરમણ દ્વીપસમુદ્ર સુધી તે પ્રમાણે જાણવું.

प्रश्नः— જો "આભરણ વત્થગંધ" એ નામવાળા એકેક દ્વીપસમુદ્રો અસંખ્ય અસંખ્યને આંતરે છે તો આંતરામાં રહેલા અસંખ્યાતા દ્વીપસમુદ્રો કયા નામવાળા છે?

उत्तर.— આંતરામાં રહેલા અસંખ્ય દ્વીપસમુદ્રો શંખ ધ્વજ સ્વસ્તિક શ્રીવત્સ ઈત્યાદિ લોકમાં પ્રવર્તતા શુભ નામવાળા છે, સિદ્ધાંતમાં કહ્યું છે કે, जावइया लोए सुभा नामा सुभा रूवा सुभा गंधा सुभा रसा सुभा फासा एवइयाण दीवसमुद्दा नामधेज्जेहिं पन्नत्तं । અર્થાત્ શંખધ્વજ આદિ જે શુભ નામો લોકમાં પ્રવર્તે છે, તેમજ લોકમાં પ્રવર્તતાં શુભ રૂપ ગંધ રસ અને સ્પર્શનાં નામો તે નામવાળા અસંખ્યાતા દ્વીપસમુદ્રો છે. [એ પ્રમાણે શ્રી જીવસમાસની વૃત્તિમાં કહ્યું છે.]

---

૧ એ પણ જંબૂદ્વીપ જંબૂવરદ્વીપ અને જંબૂવરાવભાસદ્વીપ એ પ્રમાણે ત્રિપ્રત્યવતાર સહિત છે, અને તે દરેક પોતપોતાના નામવાળા સમુદ્રોવડે વીટાયલા છે.

એ કહેલા જીવસમાસના વક્તવ્યમાં ત્રિપ્રત્યવતાર સ્પષ્ટ કહ્યો નથી, તેમજ રૂચક આદિ પ્રસિદ્ધ નામવાળા દ્વીપોને રૂચકવર ઈત્યાદિ શબ્દોથી "વર" શબ્દ સહિત કહેલ છે, માટે જો ત્રિપ્રત્યવતાર ઇષ્ટ હોય તો રૂચક આદિ ત્રિપ્રત્યવતારી નામોને વર શબ્દ સહિત કેવી રીતે કહેવાય? તેમજ "આભરણવત્થ" ઇત્યાદિ નામોને પૂર્વે સૂરવરાવભાસ સુધી કહ્યાં અને અહિં સ્વયંભૂરમણ સુધી કહ્યાં તેથી પણ ત્રિપ્રત્યવતાર ઇષ્ટ નથી એમ સમજાય છે, ઇત્યાદિ વિશેષતા જાણવી.

પુનઃ ત્રિપ્રત્યવતારમાં ત્રીજું નામ "વરાવભાસ" સહિત ને બદલે "અવભાસ" સહિત હોય તો પણ ચાલે. જેમ સૂરવરાવભાસ અથવા સૂરાવભાસ પણ કહેવાય. ॥ ૮ ॥

अवतरणः—હવે ત્રિપ્રત્યવતારી નામો સમાપ્ત થયાબાદ પાંચ દ્વીપો તથા પાંચ સમુદ્રો એકેક નામવાળા છે તે આ ગાથામાં દર્શાવાય છે.—

तत्तो देवे नागे, जक्खे भूए सयंभुरमणे अ ।
एए पंचवि दीवा, इगेगणामा मुणेयव्वा ॥ ९ ॥

શબ્દાર્થઃ—

ગાથાર્થને અનુસારે સુગમ છે—

गाथार्थः ત્યારબાદ દેવદ્વીપ નાગદ્વીપ યક્ષદ્વીપ ભૂતદ્વીપ સ્વયંભૂરમણદ્વીપ એ પાંચે દ્વીપો એકેક નામવાળા જાણવા. ॥ ૯ ॥

विस्तरार्थ.—સુગમ છે. વિશેષ એજ કે દ્વીપોમાં સર્વથી છેલ્લો એ સ્વયંભૂરમણ દ્વીપ છે, ત્યારબાદ સ્વયંભૂરમણસમુદ્ર સમાપ્ત થતાં અસંખ્ય દ્વીપસમુદ્રવાળો આ તીર્છા લોક પણ સમાપ્ત થાય છે, અને ત્યારબાદ ચારે બાજુ ફરતો અલોકાકાશ આવેલો છે કે જેનો અન્ત નથી. ॥ ૯ ॥

अवतरणः—પૂર્વે જેમ અસંખ્યદ્વીપોમાંથી કેટલાક દ્વીપોનાં નામ કહ્યાં તે પ્રમાણે હવે આ ગાથામાં કેટલાક સમુદ્રોનાં પણ નામ કહેવાય છે—

पढमे लवणो बीए, कालोदहि सेसएसु सव्वेसु ।
दीवसमनामया जा, सयंभूरमणोदही चरमो ॥ १० ॥

શબ્દાર્થ—

ગાથાર્થને અનુસારે સુગમ છે—

ગાથાર્થઃ—પહેલે દ્વીપે લવણસમુદ્ર, બીજે દ્વીપે કાલોદસમુદ્ર, શેષ સર્વ દ્વીપોમાં દ્વીપ સરખા નામવાળા સમુદ્રો છે તે યાવત્ [चरमो=] છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર સુધી. [સરખા નામ વાળા સમુદ્રો છે.] ॥ ૧૦ ॥

વિસ્તરાર્થઃ—પહેલા જંબૂદ્વીપને વીંટાયેલો લવણસમુદ્ર છે, એનું પાણી ખારૂં હોવાથી [લવણ=લૂણ સરખું. હોવાથી અથવા એજ પાણીમાંથી લૂણ બને છે માટે] લવણસમુદ્ર નામ છે. તથા બીજા ધાતકીખંડને ચારે બાજુથી વીંટાયેલો કાલોદધિ નામનો સમુદ્ર છે, એનું પાણી કંઈક વિશેષ કાલ=કાળા વર્ણનું છે અથવા કાલ અને મહાકાલ દેવ એના અધિપતિ છે માટે કાલોદધિ નામનો સમુદ્ર છે, ત્યારબાદ ત્રીજા પુષ્કર દ્વીપને વીંટાયેલો પુષ્કરસમુદ્ર છે, ત્યારબાદ વારૂણીવર દ્વીપને વીંટાયેલો વારૂણીવરસમુદ્ર છે, એ પ્રમાણે જે નામ દ્વીપનું તેજ નામ તેને વીંટાયેલા સમુદ્રનું છે, અને એ રીતે છેલ્લા સ્વયંભૂરમણ દ્વીપને વીંટાયેલો સ્વયંભૂરમણ નામનો સમુદ્ર છે. ત્યારબાદ તીર્છા લોક સમાસ થયો. આગળ કેવળ આકાશ સિવાય બીજું કંઈજ નથી. ॥ ૧૦ ॥

॥ द्वीपसमुद्रोनां केटलांक नामो ॥

૧	૧	જંબૂદ્વીપ
	૨	લવણ સમુદ્ર
૨	૩	ધાતકીખંડ
	૪	કાલોદધિ સમુદ્ર
૩	૫	પુષ્કર દ્વીપ
	૬	પુષ્કર સમુદ્ર
૪	૭	વારૂણીવર દ્વીપ
	૮	વારૂણીવર સમુદ્ર
૫	૯	ક્ષીરવર દ્વીપ
	૧૦	ક્ષીરવર સમુદ્ર
૬	૧૧	ઘૃતવર દ્વીપ
	૧૨	ઘૃતવર સમુદ્ર
૭	૧૩	ઈક્ષુવર દ્વીપ
	૧૪	ઈક્ષુવર સમુદ્ર
૮	૧૫	નંદીશ્વર દ્વીપ
	૧૬	નંદીશ્વર સમુદ્ર

હવે ત્રિપ્રત્યવતાર

૯	૧૭	અરૂણ દ્વીપ
	૧૮	અરૂણ સમુદ્ર
	૧૯	અરૂણવર દ્વીપ
	૨૦	અરૂણવર સમુદ્ર
	૨૧	અરૂણવરાવભાસ દ્વીપ
	૨૨	અરૂણવરાવભાસ સમુદ્ર
૧૦	૨૩	કુંડલ દ્વીપ
	૨૪	કુંડલ સમુદ્ર
	૨૫	કુંડલવર દ્વીપ
	૨૬	કુંડલવર સમુદ્ર
	૨૭	કુંડલવરાવભાસ દ્વીપ
	૨૮	કુંડલવરાવભાસ સમુદ્ર
૧૧	૨૯	અરૂણોપપાત દ્વીપ
	૩૦	,, સમુદ્ર
	૩૧	,, વર દ્વીપ
	૩૨	,, ,, સમુદ્ર
	૩૩	,, વરાવભાસ દ્વીપ
	૩૪	,, ,, સમુદ્ર

૧૨
- ૩૫ શંખ દ્વીપ
- ૩૬ શંખ સમુદ્ર
- ૩૭ શંખવર દ્વીપ
- ૩૮ શંખવર સમુદ્ર
- ૩૯ શંખવરાવભાસ દ્વીપ
- ૪૦ શંખવરાવભાસ સમુદ્ર

૧૩
- ૪૧ રૂચક દ્વીપ
- ૪૨ રૂચક સમુદ્ર
- ૪૩ રૂચકવર દ્વીપ
- ૪૪ રૂચકવર સમુદ્ર
- ૪૫ રૂચકવરાવભાસ દ્વીપ
- ૪૬ રૂચકવરાવભાસ સમુદ્ર

૧૪
- ૪૭ ભુજગ દ્વીપ
- ૪૮ ભુજગ સમુદ્ર
- ૪૯ ભુજગવર દ્વીપ
- ૫૦ ભુજગવર સમુદ્ર
- ૫૧ ભુજગવરાવભાસ દ્વીપ
- ૫૨ ભુજગવરાવભાસ સમુદ્ર

૧૫
- ૫૩ કુશ દ્વીપ
- ૫૪ કુશ સમુદ્ર
- ૫૫ કુશવર દ્વીપ
- ૫૬ કુશવર સમુદ્ર
- ૫૭ કુશવરાવભાસ દ્વીપ
- ૫૮ કુશવરાવભાસ સમુદ્ર

૧૬
- ૫૯ ક્રૌંચ દ્વીપ
- ૬૦ ક્રૌંચ સમુદ્ર
- ૬૧ ક્રૌંચવર દ્વીપ
- ૬૨ ક્રૌંચવર સમુદ્ર
- ૬૩ ક્રૌંચવરાવભાસ દ્વીપ
- ૬૪ ક્રૌંચવરાવભાસ સમુદ્ર

અહિંથી સર્વ શુભ પદાર્થોના નામવાળા ત્રિપ્રત્યવતારી અસંખ્ય દ્વીપ સમુદ્ર છે ત્યારબાદ

અસંખ્યાત સૂર્ય દ્વીપ
,, સૂર્ય સમુદ્રો
,, સૂર્યવર દ્વીપ
,, સૂર્યવર સમુદ્ર
,, સૂર્યવરાવભાસ દ્વીપ
,, સૂર્યવરાવભાસ સમુદ્ર

અહિં ત્રિપ્રત્યવતાર સમાપ્ત,

ત્યારબાદ એકેક નામવાળા

૧
- દેવ દ્વીપ અસંખ્યાતમો
- દેવ સમુદ્ર ,,

૨
- નાગ દ્વીપ ,,
- નાગ સમુદ્ર ,,

૩
- યક્ષ દ્વીપ ,,
- યક્ષ સમુદ્ર ,,

૪
- ભૂત દ્વીપ ,,
- ભૂત સમુદ્ર ,,

૫
- સ્વયંભૂરમણ દ્વીપ ,,
- સ્વયંભૂરમણ સમુદ્ર ,, સર્વથી છેલ્લો.

સર્વ દ્વીપ સમુદ્રો સમાપ્ત.

अवतरणः—હવે આ ગાથામાં એ સમુદ્રોના પાણીનો સ્વાદ કેવો છે? તે કહે છે—

बीओ तइओ चरमो, उदगरसा पढमचउत्थपंचमगा
छट्ठोवि सनामरसा, इक्खुरसा सेस जलनिहिणो ॥११॥

શબ્દાર્થ :—

चरमो—છેલ્લો

उदगरसा—પાણી સરખા રસવાળા

सनामरसा—પોતાના નામ સરખા રસવાળા

इक्खुरसा—ઈક્ષુરસ સરખા

जलनिहिणो—જળનિધિ, સમુદ્રો.

ગાથાર્થઃ—બીજો સમુદ્ર ત્રીજો સમુદ્ર અને છેલ્લો સમુદ્ર એ ત્રણ સમુદ્ર સ્વાભાવિક પાણી સરખા રસવાળા-સ્વાદવાળા છે, પહેલો સમુદ્ર, ચોથો સમુદ્ર, પાંચમો સમુદ્ર અને છઠ્ઠો પણ સમુદ્ર પોતાના નામ સરખા રસવાળો છે, અને શેષ સર્વે ઈક્ષુ=શેરડીના રસ સરખા રસવાળા છે. ॥ ૧ ॥

વિસ્તરાર્થઃ—બીજો કાલોદધિ સમુદ્ર, ત્રીજો પુષ્કર સમુદ્ર અને છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર એ ત્રણ સમુદ્ર નદી કૂવા તળાવ વિગેરેનું જેમ સ્વાભાવિક પાણી હોય છે તેવા સ્વાભાવિક [1]પાણી સરખા સ્વાદવાળા છે. તથા પહેલો લવણસમુદ્ર લવણ એટલે ખારા રસવાળો છે, ચોથો વારૂણીવરસમુદ્ર વારૂણી એટલે ઉત્તમ [2]મદિરા સરખા રસવાળો છે, પાંચમો ક્ષીરવરસમુદ્ર ક્ષીર એટલે [3]દુધ સરખા સ્વાદવાળો છે, અને છઠ્ઠો ઘૃતવર-સમુદ્ર ઘૃત એટલે [4]ઘી સરખા રસવાળો છે, અને શેષ સર્વ સમુદ્રો [5]શેરડીના રસ સરખા રસવાળા છે.

અવતરણઃ—આ ગાથામાં સર્વ દ્વીપ સમુદ્રોનો વિસ્તાર કહેવાય છે—

जंबुद्दीव पमाणंगुलि जोअणलक्खवट्टविक्खंभो ।
लवणाईआ सेसा, वलयाभा दुगुणदुगुणा य ॥ १२ ॥

શબ્દાર્થ :—

जंबुद्दीव—જંબૂદ્વીપ	लवणाईआ—લવણ સમુદ્ર વિગેરે
पमाणंगुलि—પ્રમાણાંગુલ વડે	सेसा—શેષ સર્વ દ્વીપ સમુદ્રો
जोअण—યોજન	वलयाभा—વલય સરખા
लक्ख—એક લાખ	दुगुणदुगुणा—બમણા સરખા
वट्टविक्खंभो—વૃત્તવિષ્કંભવાળો	

૧ અતિપથ્ય નિર્મળ હલકું (આહાર શીઘ્રપચાવે એવું) અને અતિ મીઠાશવાળું એ પાણી જાણવું..

૨ ચંદ્રાહાસાદિ ઉત્તમ મદિરા જેવા રસવાળું પણ ગંધાતા દારૂ સરખું નહિં.

૩ આ પાણી દુધ સરખું છે, પરન્તુ દુધ છે એમ નહિ, વળી એ પાણી દુધ સરખું શ્વેતવર્ણ વાળું છે, તથા ચાર શેર દુધમાંથી ત્રણ શેર બાળીને (ઉકાળીને) શેર દુધ રહેવા દઈ તેમાં સાકર નાખીને પીતાં જેવી મીઠાશ આવે તેવી મીઠાશવાળું આ પાણી છે, પરન્તુ એ પાણી નો અહિં દુધપાક કે બાસુદી આદિ દુધના પદાર્થો બને નહિં, કારણ કે સ્વાદ તેવો છે, પણ જાતે પાણી છે. પુનઃ ચક્રવર્તી જે ગાયનું દુધ પીએ છે તે દુધથી પણ અધિક મીઠાશ વિગેરે ગુણો આ પાણીમાં કહ્યા છે. પુનઃ શ્રી જિનેશ્વરોનો જન્માભિષેક પણ આ ક્ષીરસમુદ્રના જળથી થાય છે.

૪ એ પાણી પણ ઘી સરખું છે પરંન્તુ ઘી નથી, કારણકે એ પાણીથી પૂરી વિગેરે તળાય નહિ. જાતે પાણી હોવાથી.

૫ એ પાણી પણ શેરડીના રસ સરખા સ્વાદવાળું છે, પણ શેરડીનો રસ છે એમ નહિ વળી તજ એલાયચી કેસર અને મરી એ ચાર વસ્તુ ભેગી કરવાથી ચતુર્જાતક કહેવાય, તે ચતુર્જાતકને ચાર શેર શેરડીના રસ ઉકાળી ત્રણશેર બળવા દઈ એક શેર રાખીને તેમાં નાખી પીવાથી જેવી મીઠાશ આવે તેવી મીઠાશથી પણ અધિક મીઠાશ એ સમુદ્રોના જળમાં છે, પરન્તુ ઉકાળવાથી રસ જેવો જાડો થાય છે તેવી જાડાઈ પણ આ જળમાં ન હોય, કારણ કે જાતે જળ છે.

ગાથાર્થઃ—જંબૂદ્વીપ પ્રમાણાંગુલવડે એક લાખ યોજનનો વૃત્તવિષ્કંભવાળો છે, અને લવણ સમુદ્ર આદિ શેષ સર્વ સમુદ્ર અને દ્વીપ વલયના આકારે છે, અને ઉત્તરોત્તર બમણા બમણા વિસ્તારવાળા છે ॥ ૧૨ ॥.

॥ प्रतर वृत्त आकारे जंबूद्वीप ॥



विस्तरार्थः—અહિં પ્રમાણાંગુલ તે પૂર્વે કહેલા ઉત્સેધાંગુલથી ચારસો ગણા માપવાળું છે તે જાણવું, એ પ્રમાણાંગુલનું સવિસ્તર સ્વરૂપ તો અંગુલસત્તરિઆદિ ગ્રંથોથી જાણવા યોગ્ય છે, તેવા પ્રમાણાંગુલના માપ વડે જંબૂદ્વીપ ૧ લાખ યોજન પ્રમાણ વિસ્તારવાળો છે, અને તે વૃત્ત વિષ્કંભવાળો છે એટલે ગોળ થાળી સરખા ચપટ આકારવાળો છે, એવા આકારને प्रतरवृत्त કહેવામાં આવે છે, જેથી એ જંબૂદ્વીપની પ્રતરગોળાઈનો વ્યાસ–વિસ્તાર–લંબાઈ પહોળાઇ એક લાખ યોજન છે, તેજ वृत्त–ગોળ વસ્તુનો विष्कंभविस्तार કહેવાય. અર્થાત્ ગોળ આકારવાળા જંબૂદ્વીપને ગમે તે સ્થાનેથી માપ્યો હોય તો એક છેડાથી બીજા સ્હામેના છેડા સુધીમાં ૧ લાખ યોજન થાય. અહિં સમગોળ વસ્તુની લંબાઈ અને પહોળાઈનું માપ સરખું જ હોય છે, અને જંબૂદ્વીપ તેવો સમપ્રતરવૃત્ત છે. પરન્તુ વિષમ પ્રતરવૃત્ત એટલે લંબગોળ અર્ધગોળ ઇત્યાદિ આકારવાળો નથી.

તે સમપ્રતરવૃત્ત એવા જંબૂદ્વીપને સર્વ બાજુથી વીટાઇને પરિમંડળ આકારે એટલે ચૂડી સરખા વલય આકારે लवणसमुद्र રહેલો છે, અહિં જે વસ્તુ ચૂડીના સરખી ગોળ રેખવાળી હોય, અને મધ્યભાગમાં પોલાણ એટલે તે વસ્તુનો અભાવ હોય તેવો આકાર परिमंडळ આકાર અથવા वलय આકાર કહેવાય છે. તે પ્રમાણે આ લવણસમુદ્ર પણ પરિમંડળ અથવા વલય આકારે છે, અને તે જંબૂદ્વીપથી બમણા એટલે બે લાખ યોજનના चक्रवाल विष्कंभ વાળો છે. વલયાકાર વસ્તુની એક બાજુની પહોળાઈ તે ચક્રવાલ વિષ્કંભ કહેવાય, જેથી લવણસમુદ્ર પણ જંબૂદ્વીપના પર્યન્ત ભાગથી પ્રારંભીને સ્હામે ધાતકી ખંડના પહેલા કિનારા સુધી માપીએ તો બે લાખ યોજન થાય, (પરંતુ એક બાજુ એક લાખ અને બીજી બાજુ એક લાખ મળીને બે લાખ યોજન છે એમ નહિં.)



જેમ આ ચિત્રમાં વચ્ચે જંબૂદ્વીપને ફરતો લવણ સમુદ્ર છે તો જંબૂદ્વીપ "અ" થી "બ" સુધી અથવા "ખ" થી "ગ" સુધી લાખ યોજન છે, એ વૃત્તવિષ્કંભ, અને લવણ સમુદ્ર "બ" થી ડ અથવા ખ થી ચ સુધી બે લાખ યોજન છે, પરન્તુ ક થી ડ સુધી તો પાંચ લાખ યોજન છે. એ બે લાખ વિષ્કંભ તે વલયવિષ્કંભ અથવા ચક્રવાલ વિષ્કંભ જાણવો.

ત્યારબાદ ધાતકીખંડ તે લવણ સમુદ્રની ચારે બાજુ ફરતો મંડળાકારે વીટાયલો છે, અને ચાર લાખ યોજન વલયવિષ્કંભવાળો છે, તેને ફરતો આઠ લાખ યોજનનો વલયવિષ્કંભવાળો કાળોદધિ સમુદ્ર છે, તેને ફરતો ૧૬ લાખ યોજન વલયવિષ્કંભવાળો પુષ્કરદ્વીપ છે, ઈત્યાદિ રીતે દ્વીપ અને સમુદ્રો પૂર્વ પૂર્વથી બમણા બમણા વિસ્તારવાળા છે, તેનું કિંચિત્ અધિક સ્પષ્ટ સ્વરૂપ આ આળેખેલા ચિત્રથી માલૂમ પડશે ॥ ૧૨ ॥

अवतरणः— પૂર્વે કહેલા સર્વે દ્વીપ અને સમુદ્રો પોતાના પર્યન્ત ભાગે ચારે બાજુ ફરતા કોટ વડે વીટાયલા હોય છે, તેને શાસ્ત્રમાં जगती કહે છે તે જગતીનું સ્વરૂપ આ ૬ ગાથાઓ વડે કહેવાય છે—

वयरामईहिं[1] णिअणिअदीवोदहिमज्झगणियमूलाहिं[2] ।
अट्ठुच्चाहिं[3] बारसचउ मूलेउवरिरुंदाहिं[4] ॥ १३ ॥
वित्थारदुगविसेसो, उस्सेहविभत्तखओ चओ होइ ।
इअ चूलागिरिकूडाइतुल्लविक्कंभकरणाहिं[5] ॥ १४ ॥

गाउदुगुच्चाइ तयट्ठभागरुंदाइ पउमवेईए ।
देसूणदुजोअणवरवणाइ परिमंडिअसिराहिं ॥ १५ ॥
वेईसमेण महया गवरककडएण संपरित्ताहिं[७] ।
अट्ठारसूणचउभत्तपरिहिदारंतराहिं[८] च ॥ १६ ॥
अट्ठुच चउसुवित्थर दुपाससकोसकुड्डदाराहिं[९] ।
पुव्वाइमहड्ढिअदेवदारविजयाइनामाहिं[१०] ॥ १७ ॥
णाणामणिमयदेहलि-कवाडपरिघाइदारसोहाहिं[११] ।
जगईहिं ते सव्वे, दीवोदहिणो परिक्खित्ता ॥ १८ ॥

શબ્દાર્થઃ—

वयरामईहिं—વજ્રમય
णिअणिअ—પોતપોતાના
दीवोदहिमज्झ—દ્વીપ સમુદ્રોની મધ્યે
गणिय—ગણેલું, ગણાયલા
मूलाहिं—મૂળવાળી

अट्ठुच्चाहिं—આઠ યોજન ઉંચી
बारस चउ—બાર યોજન અને ચાર યોજન
मूले उवरि—મૂળમાં અને ઉપર
रूंदाहिं—વિસ્તાર—પહોળાઈવાળી

वित्थारदुग—બે વિસ્તારનો
विसेसो—વિશ્લેષ, બાદબાકી
उस्सेहविभत्त—ઉંચાઈ વડે ભાગતાં
खओ—ક્ષય, હાનિ
चओ—ચય, વૃદ્ધિ
होइ—થાય
इअ—એ પ્રમાણે

चूला—મેરૂની ચૂલિકા
गिरि—મેરૂ વગેરે પર્વતો
कूडाइ—કૂટ, ભૂમિકૂટ આદિ
तुल्ल—તુલ્ય, સમાન
विक्खंभ—વિષ્કંભના, વિસ્તારના
करणाहिं—કરણવાળી, ગણિતવાળી

गाउदुग—બે ગાઉ
उच्चाइ—ઉંચી
तयट्ठभाग—તેના આઠમા ભાગે
रूंदाइ—વિસ્તારવાળી
पउमवेईए—પદ્મવેદિકાવડે

देसूणदुजोयण—કંઈક ન્યૂન બે યોજન
वरवणाई—ઉત્તમ વનોવડે
परिमंडिअ—પરિમંડિત, શોભિત
सिराहिं—મસ્તક, અગ્રભાગવાળી

वेईसमेण–વેદિકા સમાન
महया–મોટા
गवक्खकडएण–ગવાક્ષકટક વડે
संपरित्ताहिं–વીંટાયલી

अट्ठुच्च–આઠ યોજન ઉંચાં
चउमुवित्थर–ચાર યોજન વિસ્તારવાળાં
दुपास–બે પાસે
सक्कोसकुड्डे–એક કોશની ભિત્તિ સહિત
दाराहिं–એવાં દ્વારવાળી

णाणामणिमय–વિવિધ મણિરત્નોની
देहलि–ઉંબરા
कवाड–કપાટ, કમાડ, બારણાં
परिघाइ–ભોગળ વિગેરે
दारसोहाहिं–દ્વારોની શોભાવાળી

अट्ठारसूण–અઢાર યોજન ન્યૂન
चउभत्त–ચાર વડે ભાગ આપેલ એવો
परिहि–પરિધિ (તેટલા પ્રમાણના)
दारंतराहिं–દ્વારના પરસ્પર અંતરવાળી

पुव्वाइ–પૂર્વ આદિ ચારે દિશામાં
महड्ढिअ–મહર્ધિક, મહા ઋદ્ધિવાળા
देवदार–દેવોનાં દ્વાર
विजयाइ–વિજય આદિ
नामाहिं–નામવાળાં

जगईहिं–એવી જગતીઓ વડે
ते सव्वे–તે સર્વે
दीवोदहिणो–દ્વીપ અને સમુદ્રો
परिक्खित्ता–વીંટાયલા છે.

गाथार्थः—વજ્રમય એવી (જગતીઓવડે–એ સંબંધ ૧૮ મી ગાથામાં जगईहिं શબ્દનો છે, જેથી જગતીનાં અહિં વિશેષણો જ કહેવાય છે), તથા પોત પોતાના દ્વીપસમુદ્રમાં ગણાયો છે મૂળનો વિસ્તાર જેનો એવી, તથા આઠ યોજન ઉંચી, તથા બાર યોજન મૂળમાં વિસ્તારવાળી અને ચાર યોજન ઉપર વિસ્તારવાળી એવી (જગતીવડે–એ સંબંધ) ॥ ૧૩ ॥

તથા બે વિસ્તારની બાદબાકી કરીને ઉંચાઈવડે ભાગતાં જે જવાબ આવે તેટલી હાની અને તેટલી વૃદ્ધિ (ઉપર ચઢતાં હાની, નીચે ઉતરતાં વૃદ્ધિ) થાય, એ રીતે ચૂલિકા પર્વતો અને શિખરોના વિસ્તારનાં જે ગણિત તે સમાન છે વિસ્તારનું ગણિત જેનું એવી (જગતીવડે–એ સંબંધ) ॥ ૧૪ ॥

તથા બે ગાઉ ઉંચી અને તેના આઠમા ભાગ જેટલા વિસ્તારવાળી, એવી જે પદ્મવરવેદિકા અને કંઈક ન્યૂન બે યોજનના વિસ્તારવાળાં બે ઉત્તમ વન તે વડે (અર્થાત્ એક વેદિકા અને બે વનો વડે) શોભિત છે શીર્ષભાગ જેનો એવી (જગતીઓવડે–એ સંબંધ) ॥ ૧૫ ॥

તથા વેદિકા સમાન મોટા ગવાક્ષના (ગોખ–ઝરૂખાના) વલયવડે સર્વ બાજુથી વીંટાયલી (એવી જગતીઓ), તથા પરિધિમાંથી અઢાર બાદ કરીને ચારવડે (બાકી

રહેલા પરિધિને) ભાગતાં જેટલા યોજન આવે તેટલા યોજન ચાર દ્વારોનું પરસ્પર અન્તર છે જેમાં એવી [અર્થાત્ જગતીનાં ચાર દ્વાર પરસ્પર એટલા યોજનને આંતરે છે એવી જગતીઓવડે–એ સંબંધ]. ॥ ૧૬ ॥

તથા આઠ યોજન ઉંચાં ચાર યોજનના વિસ્તારવાળાં અને બે બાજુએ એકેક ગાઉ જાડી–વિસ્તૃત ભિત્તિવાળાં ચાર દેવદ્વાર છે જેમાં (એવી જગતીઓ વડે), તથા જેની પૂર્વાદિ ચાર દિશાએ (ચાર દ્વારોના અધિપતિ) ચાર મહર્દ્ધિક દેવોનાં જે ચાર દ્વારો છે તે દેવ અને દ્વાર એ બન્નેનાં વિજય આદિ તુલ્ય નામો છે જેમાં એવી (જગતીઓવડે) ॥ ૧૭ ॥

તથા અનેક પ્રકારના મણિ રત્નોના ઉંબરા કમાડ અને ભોગળ વિગેરે જે દ્વારશોભા (દ્વારનાં અંગ) તે સહિત એવી જગતીઓવડે તે સર્વે દ્વીપસમુદ્રો વીંટાયલા છે ॥ ૧૮ ॥

विस्तरार्थः—સર્વ દ્વીપસમુદ્રોને દરેકને ફરતો એકેક કોટ છે, કે જેને जगती કહેવામાં આવે છે, તે જગતીઓનું સ્વરૂપ આ ગાથાઓમાં કહ્યું છે, એ ગાથાઓમાં जगईहिं એ વિશેષ્ય છે, અને **"વયરામઇહિં"** ઇત્યાદિ ૧૧ વિશેષણો છે તે ૧૧ વિશેષણોવાળી "જગતીઓવડે સર્વદ્વીપસમુદ્રો વીંટાયલા છે" એ સંબંધ છેલ્લી ૧૮ મી ગાથામાં આવેલો છે, હવે તે ૧૧ વિશેષણો આ પ્રમાણે—

॥ દ્વીપસમુદ્રોને ફરતા કોટનું સ્વરૂપ–૧૧ વિશેષણો ॥

१ वयरामईहिंः—વજ્રમય એવી તે જગતીઓવડે દ્વીપ સમુદ્રો વીંટાયલા છે, અર્થાત્ સર્વ (અસંખ્યાત જગતીઓ સર્વે) વજ્રરત્નની છે.

२ णिअणिअदीवोदहिमज्झगणियमूलाहिं—પોતપોતાના દ્વીપસમુદ્રોની મધ્યે જેનું મૂળ ગણ્યું છે એવી. અર્થાત્ દરેક જગતીનો મૂળ વિસ્તાર બાર યોજન છે તે બાર યોજન તે દ્વીપ વા સમુદ્રનું જે પ્રમાણ કહ્યું હોય તેમાં ભેગાજ ગણી લેવા, પરન્તુ જૂદા બાર યોજન ન ગણવા. જેમકે–જંબૂદ્વીપ ૧ લાખ યોજનના વિસ્તારવાળો છે, તો જંબૂદ્વીપની જગતીના ૧૨ યોજન પણ તે લાખમાંજ અંતર્ગત ગણવા, જેથી જગતીના બે બાજુના બારબાર યોજન બાદ કરીએ તો જંબૂદ્વીપની ભૂમિ ૯૯૯૭૬ યોજન થાય, અને લવણસમુદ્રાદિ શેષ દ્વીપસમુદ્રો માટે તો કહેલા વિસ્તારમાંથી માત્ર એકબાજુનાજ બાર યોજન બાદ કરવા જેમકે–લવણસમુદ્ર બે લાખ યોજન છે તો જગતીના એકબાજુના બાર યોજન બાદ કરતાં ૧૯૯૯૮૮ યોજન જેટલી જળભૂમિ હોય.

द अट्ठुच्चाहिं–દરેક જગતી [1]આઠ યોજન ઉંચી છે.

[1] એ આઠ યોજન ઉંચાઈ ભૂમિની સપાટીથી જાણવી, કારણ કે જગતીઓ પર્વતોની માફક ભૂમિમાં ઉંડા ગયેલા હોતા નથી.

૪ बारस चउ मूले उवरि रून्दाहिं–બાર યોજન મૂળમાં અને ચાર યોજન ઉપર રૂન્દાઈ –પહોળાઈ વાળી છે. અર્થાત્ ભૂમિની સપાટીસ્થાને રહેલો જગતીનો મૂળ ભાગ બાર યોજન પહોળો છે, અને સર્વથી ઉપરનો અગ્રભાગ (ટોચનો ભાગ) ચાર યોજન પહોળો છે. प्रश्न:–એ વિસ્તાર તો સર્વથી નીચેનો અને ઉપરનો કહ્યો, પરન્તુ વચમાં ગમે તે સ્થાને વિસ્તાર જાણવો હોય તો તે કેટલો? અને કેવી રીતે? उत्तर:વચ્ચેનો વિસ્તાર આ રીતે.

૫ वित्थारदुगविसेसा–એ વિસ્તારનો વિશ્લેષ કરવો એટલે મોટા વિસ્તારમાંથી નાનો વિસ્તાર બાદ કરવો, અને બાદ કરતાં જે જવાબ આવે તેને उस्सेहविभत्त–તે વસ્તુની ઉંચાઈ વડે ભાગવો, અને ભાગતાં જે જવાબ આવે તેટલો खओ–ક્ષય એટલે નીચેથી ઉપર ચઢતાં નીચેના વિસ્તારમાંથી ઘટાડવો, જે જવાબ આવે તેટલો તે સ્થાને વિસ્તાર આવ્યો જાણવો इअ–એ પ્રમાણે કરવાથી चूला गिरि कूडाइ तुल्ल मेरु પર્વતની ચૂલિકા, મેરૂ પર્વત વિગેરે પર્વતો, અને બલકૂટ વિગેરે ગિરિકૂટ તથા ઋષભકૂટાદિ ભૂમિકૂટોના વચલા વિસ્તારો જે રીતે કહેલા–ગણેલા છે. તેની तुल्ल–સમાન विक्खंभकरणाहिं–વચલા વિસ્તારના ગણિતવાળી એવી તે જગતીઓ છે. (અર્થાત્ જે રીતે ચૂલિકાદિકના મધ્ય વિસ્તાર ગણાય છે, તેજ રીતે જગતીઓના પણ મધ્ય વિસ્તાર ગણાય છે, માટે જગતીઓનું વિષ્કંભકરણ ચૂલિકાદિના વિષ્કંભકરણ તુલ્ય કહ્યું છે.)

प्रश्नः–ચૂલિકા વિગેરેનું વિષ્કંભકરણ કઈ રીતે છે? તે ગણિતપૂર્વક દર્શાવો.

उत्तरः–ચૂલિકા પર્વત અને કૂટ એ ત્રણમાંથી પ્રથમ મેરૂપર્વતની ચૂલિકાનું વિષ્કંભકરણ (મધ્ય વિસ્તારનું ગણિત) આ પ્રમાણે–ચૂલિકાના મૂળનો વિસ્તાર ૧૨ યોજન છે અને ઉપરનો વિસ્તાર ૪ યોજન છે, માટે તે બેનો વિશ્લેષ (બારમાંથી ચાર બાદ કરતાં) ૮ યોજન, તેને ચૂલિકાની ૪૦ યોજન ઉંચાઇવડે ભાગતાં ભાગ ચાલે નહિ માટે આઠ યોજનના દરેકના પાંચ પાંચ ભાગ કરતાં ૪૦ વિશ્લેષઅંક આવ્યો, તેને ઉંચાઇના ૪૦ વડે ભાગતાં ૧ ભાગ આવ્યો, (એકપંચમાંશ યોજન આવ્યો), તેટલો ઉપર ચઢતાં ઘટે અને નીચે ઉતરતાં વધે, અર્થાત્ ચૂલિકાના મૂળથી ૧ યોજન ઉપર ચઢીએ તો ત્યાંથી ૧ પંચમાંશ યોજન ઘટતાં (૮ માંથી ૧/૫ બાદ કરતાં ૭ ૪/૫ એટલે) ૭ યોજન પૂર્ણ અને ચાર ભાગ એટલો વિસ્તાર હોય. અને ઉપરથી ૧ યોજન નીચે ઉતરીએ તો ઉપરના ૪ યોજન વિસ્તારમાં ૧ ભાગ ઉમેરતાં ૪ ૧/૫ યોજન વિસ્તાર આવે. અહિં જો કે યોજનને અંગે હિસાબ ગણ્યો પરન્તુ ઉપલક્ષણથી અંગુલ હસ્ત ધનુષ વિગેરે ગમે તે માપને અંગે મધ્ય વિસ્તાર પ્રાપ્ત કરી શકાય છે, જેમ ૧ અંગુલ ચઢીએ તો ૮ યોજનમાંથી ૧/૫ અંગુલ ઘટે, એક હાથ ચઢીએ તો ૧/૫ હાથ ઘટે, અને ૧ ધનુષ ચઢીએ તો મધ્ય વિસ્તાર ૧/૫ ધનુષઘટે, તેમજ એક ગાઉ ચઢતાં ૧/૫ ગાઉ ઘટે, અને ઉતરતાં એ પ્રમાણે વધે. એ રીતે પર્વત અને કૂટો વિગેરેમાં પણ જાણવું ॥ इति चूलाविष्कंभकरण. ॥

પર્વતોમાં જેમ મેરૂપર્વત મૂળમાં ૧૦૦૯૦ (દશહજારનેવુ) યોજન અને એક યોજનના અગિઆર ભાગ કરીએ તેવા ૧૦ ભાગ છે, અને શિખર ઉપર ૧૦૦૦ (હજાર) યોજન વિસ્તાર છે, માટે ૧૦૦૯૦–૧૦ માંથી ૧૦૦૦ બાદ જતાં ૯૦૯૦–૧૦ રહ્યા, તેને મેરૂની ઉંચાઈ એક લાખ યોજન વડે ભાગતાં ભાગ ચાલે નહિં તેમજ ઉપરના ૧૦ અંશ અગિઆરીઆ છે, માટે સર્વ યોજનોના અગિઆરીઆ અંશ કરવા માટે ૧૧ વડે ગુણતાં—

	ઉંચાઈ વિસ્તાર
૯૦૯૦–૧૦	૧૦૦૦૦૦)૧૦૦૦૦૦(૧ અંશ જવાબ.
× ૧૧	૧૦૦૦૦૦
૯૯૯૯૦	૦૦૦૦૦૦
×૧૦	એ આવેલો એક અંશ તે એક યોજનના અગિઆર ભાગ કર્યા હતા તેમાંનો છે, માટે હવે સ્પષ્ટ થયું કે—
૧૦૦૦૦૦ અંશ.	

મેરૂપર્વતના મૂળથી ૧ યોજનાદિ ઉપર ચઢીએ તો દરેક યોજનાદિએ અગિઆરીઓ એકેક ભાગ ઘટે જેથી ૧૦૦૦ યોજન ઉપર ચઢીએ તો હજાર ભાગ એટલે [૧૦૦૦÷૧૧=] ૯૦ યોજન ૧૦ ભાગ ઘટે જેથી મૂળના ૧૦૦૯૦–૧૦ માંથી ૯૦–૧૦ બાદ કરતાં સંપૂર્ણ ૧૦૦૦૦ (દશહજાર) યોજન વિસ્તાર સમભૂતલને સ્થાને આવ્યો. તથા શિખર ઉપરથી ૯૯૦૦૦ યોજન નીચે [સમભૂતલા છે ત્યાં] ઉતરતાં ૯૯૦૦૦ શિખરના વિસ્તારથી અધિક થયો, જેથી ૯૯૦૦૦ ને ૧૧ વડે ભાગતાં ૯૦૦૦ યોજન આવ્યા તે શિખરના ૧૦૦૦ યોજનમાં વધારતાં પણ ૧૦૦૦૦ (દશહજાર) યોજન વિસ્તાર સમભૂતલને સ્થાને આવ્યો. આ રીતે યમકગિરિ ચિત્ર વિચિત્ર કંચનગિરિઓ વિગેરેના પણ મધ્યવિસ્તાર પ્રાપ્ત કરવા. ॥ इति गिरि विष्कंभकरण ॥

તથા કૂટોમાં જેમ મેરૂપર્વતના નંદનવનમાં બલકૂટ નામનું કૂટ છે તે મૂળમાં ૧૦૦૦ યોજન અને શિખરભાગે ૫૦૦ યોજન પહોળું હોવાથી એ બેનો વિશ્લેષ ૫૦૦ યોજન આવ્યો, તેને ઉંચાઈના ૧૦૦૦ યોજન વડે ભાગતાં દરેક યોજનાદિકે અર્ધ યોજનાદિકની ચઢતાં હાનિ અને ઉતરતાં વૃદ્ધિ જાણવી, જેથી બલકૂટના મૂળથી ૫૦૦ યોજન ઉપર ચઢી અથવા શિખરથી ૫૦૦ યોજન નીચે ઉતરી અતિ મધ્યભાગે આવીએ તો ત્યાં અતિ મધ્યભાગનો વિસ્તાર [૨૫૦ યોજન ઘટતાં અથવા વધતાં] ૭૫૦ યોજન આવે. ॥ इति कूट विष्कंभकरण ॥

એ પ્રમાણે જેમ ચૂલા ગિરિ અને કૂટના મધ્ય વિસ્તાર પ્રાપ્ત કરાય છે તેમ આ જગતીનો પણ ગમે તે સ્થાનનો મધ્ય વિસ્તાર પ્રાપ્ત કરાય છે તે આ પ્રમાણે–

[गा० १८, पृ० २९]

॥ जम्बूद्वीपनी जगती ॥



જગતી મૂળમાં ૧૨ યોજન અને ઉપર ૪ યોજન વિસ્તારવાળી હોવાથી એ એનો વિશ્લેષ ૮ યોજન આવ્યો, તેને જગતીની ઉંચાઈ ૮ યોજનવડે ભાગતાં એક યોજને એક યોજન જેટલી હાનિ વૃદ્ધિ હોય. જેથી નીચેથી ઉપર ચાર યોજન ચઢતાં ચાર યોજન ઘટવાથી ૮ યોજન મધ્ય વિસ્તાર આવ્યો, તેમજ ઉપરથી ચાર યોજન ઉતરતાં ચાર યોજન વધવાથી પણ અતિમધ્યવિસ્તાર ૮ યોજન આવ્યો, એ પ્રમાણે એક અંગુલે, એક અંગુલ, એક હસ્તે એક હસ્ત, એક ધનુષે એક ધનુષ અને એક ગાઉએ એક ગાઉ હાનિ અથવા વૃદ્ધિ થાય છે, માટે આ જગતીનું વિષ્કંભકરણ (મધ્યભાગના અનેક વિસ્તાર જાણવાનું ગણિત) પૂર્વોક્ત રીતે ચૂલિકા પર્વતો અને કૂટોના વિષ્કંભકરણ સરખું છે, એમ કહ્યું ॥ इति जगती विष्कंभकरण ॥

૭ (૭મું વિશેષણ) गाउ दुग उच्चाइ= બે ગાઉ ઉંચી અને तयह भागवदाई= તેનો આઠમો ભાગ (એટલે ૨૦૦૦ ધનુષનો ૧ ગાઉ હોવાથી આઠમો ભાગ ૫૦૦ ધનુષ) વિસ્તારવાળી, તથા देसूण दु जोयण=કંઈક ન્યૂન બે યોજન વિસ્તારવાળાં બે वरवणाइ ઉત્તમ વનવાળી, (એ ત્રણ વિશેષણોવાળી) पउमवेइए=પદ્મવરવેદિકા, તે વડે परिमंडियसिराहिं શોભિત શીર્ષ ભાગવાળી [એવી જગતીઓવડે-એ સંબંધ] અહિં તાત્પર્ય છે કે-આ જગતીઓની ઉંપરના ચાર યોજનના વિસ્તારમાં અતિમધ્યભાગે સર્વ બાજુ વલયાકારવાળી બે ગાઉ ઉંચી અને ૫૦૦ ધનુષ પહોળી બાંધેલી સડકના સરખી એક પદ્મવરવેદિકા નામની વેદિકા (કાંગરા રહિત કોટ સરખા આકારવાળી ઊંચી સડક જેવી પીઠિકા) છે, અને તેની અંદરના ભાગમાં એક વન બે ગાઉમાં ૨૫૦ ધનુષ ન્યૂન વિસ્તારવાળું છે, અને વેદિકાના બહાર ભાગમાં સમુદ્ર તરફ પણ એટલા જ વિસ્તારવાળું એક વન છે, એ રીતે વેદિકાની બે બાજુ બે વન છે જેથી દરેક જગતીનો સર્વોપરિતનભાગ એ ત્રણ વસ્તુઓવડે અતિ શોભીતો છે. વિશેષ સ્પષ્ટતા માટે **આ ચિત્ર જોવું**. વેદિકાના અને વનના પરિધિઓનું (ઘેરાવાનું) માપ જગતીને અનુસારે જાણવું (જો કે જગતીના પરિધિથી એ પરિધિઓ ન્યૂન છે, તો પણ વ્યવહારથી પ્રાયઃજગતી સમાન જાણવું).

આકાશમાંથી દેખાતો-જગતી-વેદિકા-વનખંડ તથા ગવાક્ષકટકનો દેખાવ.

૧-વનખંડ ૩-વનખંડ
૨-વેદિકા ૪-ગવાક્ષ કટક



॥ પદ્મવર વેદિકા ॥

વેદિકાનો પાયો રિષ્ઠરત્નમય શ્યામ-વર્ણનો છે, અને તેનો ઊર્ધ્વ નીકળતો ભિત્તિ ભાગ વજ્રરત્નમય શ્વેતવર્ણનો છે, ચારે બાજુ ફરતા ઉંચા સ્તંભ (વેદિકાના થાંભલા વૈડુર્યરત્નના હોવાથી લીલા વર્ણના છે, ઉપરનો ભાગ પણ ઘરની છત માફક પાટડીઓ પીઢીઆં વાંસની ચીપો પાલાં અને કવેલુ) (ટાઈલ્સ) સરખાં રત્નનાં પાટીઆં અને ચોરસાઓથી જડેલો છે. વળી દ્વીપ તરફ અને સમુદ્ર તરફ એમ બે બાજુ ઘરની પાંખ સરખા બે ભાગ વેદિકાના અંકરત્નના બનેલા અધિક નીકળેલા છે, તે પાંખોને ઘંટની ઘુઘરીઓની (નાની ઘંટડીઓની) લટકતી મોતીમાળાઓની લટકતી મણિમાળાની લટકતી સુવર્ણમાળાની રત્નમાળાની શ્રેણિઓ ચારે બાજુ લટકતી રહી છે, જ્યાં જ્યાં પાટીયાં જડેલાં છે, તે પાટીયાં સોનારૂપાનાં છે, લોહિતાક્ષરત્નની પાટીયાં સજ્જડ કરવાની સૂઈઓ છે, બે પાટીયાં વચ્ચેની સંધિઓ (ફાટ) વજ્રરત્નથી

પૂરેલી છે, વેદિકાની ઉપરના ૫૦૦ ધનુષ પહોળા સપાટ પ્રદેશમાં પણ વેદિકાના બે છેડે મનુષ્યયુગલ (બે મનુષ્યાકાર) હસ્તિયુગલ, અશ્વયુગલ, કિન્નરયુગલ, સર્પયુગલ, વૃષભયુગલ, ગંધર્વયુગલના આકારો પંક્તિબદ્ધ ગોઠવાએલા છે, તેમજ વેદિકાની વચ્ચે છૂટા છૂટા અવ્યવસ્થિતપણે પણ ગોઠવાએલા છે, એ પ્રમાણે અશોકલતા ચંપકલતા આદિ અનેક લતાઓ પણ શ્રેણિબદ્ધ તથા છૂટી છૂટી છે. એ વેદિકાની ઉપર એવા સુંદર સપાટ પ્રદેશમાં અનેક વ્યન્તર દેવદેવીઓ હરેફરે છે, બેસે છે, સૂવે છે અને અનેક રીતે આનંદ કરે છે.

એ વેદિકાનો મધ્યપરિધિ જંબૂદ્વીપના કહેલા પરિધિથી ૩૮ યોજન ન્યૂન છે, કારણ કે વેદિકાના પૂર્વમધ્યથી પશ્ચિમમધ્ય સુધીનો વ્યાસ ૧ લાખ યોજનમાં ૧૨ યોજન ન્યૂન છે માટે. વેદિકા તથા જગતીનું વિશેષ વર્ણન તો જીવાભિગમજીથી જ જાણવા યોગ્ય છે.

૭ મું વિશેષણ—"વેદિકા સમાન મોટા ગવાક્ષકટકવડે સર્વ બાજુથી વીંટાયલી એવી સર્વ જગતીઓ છે." અહીં તાત્પર્ય એ છે કે—દરેક જગતીના મધ્યભાગે (એટલે મૂળભાગથી ૪ યોજન ઉંચા ચઢીએ ત્યાં એક મોટું જાલકટક છે, એટલે ઘરની ભિત્તિને જેમ લોખંડના ઉભા સળીયાવાળો લાંબો કઠેરો–ઝરૂખો હોય છે તેવો ઝરૂખો ચારે બાજુ વલયાકારે ફરતો છે, કેટલાક આચાર્યો આ ગવાક્ષકટકને જગતીના સર્વોપરિતન ભાગે રહેલો કહે છે. આ ઝરૂખાની ઉંચાઈ અને પહોળાઈ વેદિકા સરખી છે એટલે બે ગાઉ ઉંચો અને પાંચશો ધનુષ પહોળો છે, એવા આ ઝરૂખામાં અનેક વ્યન્તર દેવદેવીઓ ક્રીડા કરતા હરેફરે છે, બેસે છે, સૂએ છે અને ઝરૂખામાં ઉભા રહીને લવણસમુદ્રની લીલા દેખતા આનંદ પામે છે. ચિત્રમાં ગવાક્ષકટક જોકે વનના છેડે દેખાય છે, પરન્તુ જગતીના મધ્ય ભાગે છે એમ જાણવું. અથવા અન્ય આચાર્યોના મત પ્રમાણે એ પણ વાસ્તવિક છે.

૮ મું વિશેષણ—પરિધિમાંથી ૧૮ બાદ કરી ચારે ભાગે તેટલા દ્વારાન્તરવાળી એવી જગતીઓ વડે. અર્થાત્ દરેક જગતીને પૂર્વાદિ ચાર દિશામાં દ્વાર (મોટા દરવાજા) છે. તે ચાર દ્વારો પરસ્પર કેટલે અન્તરે–દૂર આવેલાં છે તે જાણવાની અહિં રીતિ દર્શાવી કે–જંબૂદ્વીપને અનુસારે જગતનો પરિધિ ત્રણલાખ સોળહજાર બસો સત્તાવીસ યોજન ૩ ગાઉ એકસો અઠ્ઠાવીસ ધનુષ્ અને સાડાતેર અંગુલ.—

યો. ગા. ધ. અં.

[૩૧૬૨૨૭—૩—૧૨૮—૧૩॥] છે તેમાંથી ૧૮ યોજન [દરેક દ્વાર ૪॥ યોજન વિસ્તારવાળું હોવાથી ચાર દ્વારના સર્વ મળીને ૧૮ યોજન થયા તે] બાદ કરતાં ૩૧૬૨૦૯–૩–૧૨૮–૧૩॥ રહે તેને ચાર વડે ભાગતાં ભાગાકારની રીતિ પ્રમાણે ૭૯૦૫૨ યોજન ૧ ગાઉ ૧૫૩૨ ધનુષ્ અને ૩॥ અંગુલ, એટલું એક દ્વારથી બીજું દ્વાર જંબૂદ્વીપની જગતીનું દૂર છે. તથા લવણસમુદ્રની જગતીનો પરિધિ પંદરલાખ

એકાશી હજાર એક સો ઓગણુચાલીસ (૧૫૮૧૧૩૯ યોજન) છે તેમાંથી ૧૮ બાદ કરી ચારે ભાગતાં ૩૯૫૨૮૦$\frac{1}{4}$ યોજન લવણસમુદ્રની જગતીના દ્વારનું પરસ્પર અન્તર છે, તથા ધાતકી ખંડનો પરિધિ ૪૧૧૦૯૬૧ યોજન છે, અને પૂર્વોક્ત વિધિ પ્રમાણે દ્વારોનું અન્તર ૧૦૨૭૭૩૫ યોજન ૩ ગાઉ છે, તેવી જ રીતે કાલોદધિનો પરિધિ ૯૧૭૦૬૦૫ યોજન અને રીતિ પ્રમાણે દ્વારનું અન્તર ૨૨૯૨૬૪૬ યોજન ૩ ગાઉ છે. એ પ્રમાણે દરેક જગતીઓ ૧૮ યોજન ન્યૂનપરિધિના ચોથા ભાગ જેટલા દ્વારાન્તરવાળી છે, દ્વીપસમુદ્રના વિસ્તાર વધતા જતા હોવાથી જગતીઓના પરિધિઓ પણ અધિક અધિક હોવાથી અહીં સર્વ જગતીઓના દ્વારનું અન્તર એકસરખું નથી. માટે જ કાલોદધિ સુધીની ચાર જગતીઓના દ્વારાન્તરનાં ઉદાહરણ ઉપર કહ્યાં છે.

૯ મું વિશેષણ—આઠ યોજન ઉંચા ચાર યોજન વિસ્તારવાળાં અને બે પડખે ગાઉ ગાઉની ભિત્તિયુક્ત દ્વારોવાળી એવી જગતીઓવડે. અર્થાત્ જગતીનાં જે ચાર દ્વાર છે તે દરેક આઠ યોજન ઉંચા છે, ચાર યોજન પહોળાં છે, અને બે બાજુની બે બારશાખ એકેક ગાઉ પહોળી છે, તે પણ દ્વારનું જ અંગ હોવાથી દ્વાર તરીકે ગણાય છે, અને તે કારણથી જ આઠમા વિશેષણમાં દ્વારને ૪॥ યોજન વિસ્તારવાળું ગણ્યું છે.

૧૦ મું વિશેષણ—પૂર્વાદિ દિશામાં મહર્દ્ધિકદેવોનાં અને તેના દ્વારોનાં વિજય આદિ નામવાળી એવી જગતીઓ વડે. અર્થાત્ જગતીની પૂર્વદિશામાં विजय નામનું દ્વાર છે, અને તેના અધિપતિદેવનું નામ પણ **વિજય** છે, દક્ષિણ દિશાએ विजयंत દ્વાર અને તેનો અધિપતિ **વિજયંત** નામનો દેવ છે, પશ્ચિમ દિશામાં जयंत નામનું દ્વાર અને તેનો અધિપતિ **જયંત** નામનો દેવ છે, તથા ઉત્તરદિશામાં अपराजित નામનું દ્વાર છે, અને તેના અધિપતિદેવનું નામ પણ **અપરાજિત** છે, તેમજ એ ચારે વ્યન્તર-દેવો મહાઋદ્ધિવાળા છે અને તેઓની રાજધાનીઓ બીજા જંબૂદ્વીપમાં પોતપોતાની દિશાઓમાં છે.

૧૧ મું વિશેષણ—અનેક મણિમય દેહલી કપાટ અને પરિઘ આદિ દ્વારશોભાવાળી એવી જગતીઓ વડે. અર્થાત્ એ જગતીઓનાં જે ચાર દ્વાર કહ્યાં તે દરેક દ્વારને ઉંબરો છે, બે બે કમાડ છે, અને કમાડ બંધ રાખવાની ભોગળ છે, એ રીતે દ્વારનાં જે જે અંગ હોવાં જોઈએ તે તે સર્વ અંગની શોભાવાળાં દ્વાર છે.

એ પ્રમાણે ૧૧ વિશેષણોવાળી જગતીઓ વડે તે સર્વે અસંખ્યાતા દ્વીપસમુદ્રો વીંટાયલા છે, જેથી જગતીઓ પણ પચીસ કોડાકોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમના સમયો જેટલી છે. આ જગતીઓનું અત્યંત સવિસ્તર સ્વરૂપ શ્રી જીવાભિગમજી શ્રીજંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ આદિ સૂત્રોમાં અને વૃત્તિઓમાં કહ્યું છે ત્યાંથી જાણવા યોગ્ય છે. **તે જગતિનું ચિત્ર**—પાન ૨૯ ઉપર છે.

अवतरण :—હવે આ ગાથામાં જગતી ઉપરની વેદિકાની બે બાજુનાં બે વનનું સ્વરૂપ કહે છે તે આ પ્રમાણે—

॥ जगतीना मध्य भागे गवाक्षकटकनो देखाव ॥

[गा० २६ पृ०, ३२]



એ ગવાક્ષકટક બે ગાઉ ઉંચું અને ૫૦૦ ધનુષ વિસ્તારવાળું છે. અને સમુદ્ર તરફ બહારના ભાગે છે.

वरतिणतोरणज्झयछत्त–वाविपासायसेलसिलवट्टे ।
वेइवणे वरमंडव–गिहासणेसु रमंति सुरा ॥ १९ ॥

શબ્દાર્થ :—

वरतिण=ઉત્તમ તૃણ	सिलवट्टे=શીલાપટ્ટ વાળા
तोरण=તોરણ	वेईवणे=વેદિકાના વનમાં
झय=ધ્વજા	वरमंडव=ઉત્તમ મંડપ
छत्त=છત્ર	गिह=ગૃહ, ઘર
वावि=વાવડીઓ	आसणेसु=આસનોમાં
पासाय=પ્રાસાદ	रमंति=રમે છે, ક્રીડા કરે છે.
सेल=શૈલ–પર્વતો	सुरा=દેવો

गाथार्थः—ઉત્તમ તૃણ તોરણ ધ્વજ છત્ર વાવડીઓ પ્રાસાદો ક્રીડાપર્વતો અને મહાશિલાઓવાળા વેદિકાના (બે બાજુના) વનને વિષે રહેલા ઉત્તમ મંડપો ગૃહો અને આસનોમાં દેવો રમણક્રીડા કરે છે. ॥ ૧૯ ॥

विस्तरार्थः—વેદિકાના વનમાં પૃથ્વીકાયમય પંચ વર્ણ મણિ અને નડ વિગેરે જાતિનું તૃણ–ઘાસ છે, ત્યાં બહારના વનનાં મણિ અને તૃણો દક્ષિણ દિશાના (સમુદ્ર તરફના) વાયુથી પરસ્પર અફળાય છે, તે વખતે દેવના ગંધર્વોનાં ગીત જેવા મનોહર શબ્દો–ધ્વનિઓ તેમાંથી ઉઠે છે તે તૃણમણિના સુંદર ગીત સરખા ધ્વનિઓથી ત્યાં ફરતા વ્યન્તરદેવો બહુજ આનંદ પામે છે. જંબૂદ્વીપ તરફના વનમાં તેવાં તૃણો અને મણિઓ છે, પરંતુ વેદિકાથી રોકાયેલા પવનના અભાવે તેવા ધ્વનિઓ ઉઠતા નથી એ તફાવત છે.

તથા એ બન્ને વનખંડોમાં ઠામ ઠામ દીર્ઘિકાઓ વાવડીઓ પુષ્કરિણીઓ અતિ સ્વાદિષ્ટ ભિન્ન ભિન્ન જાતિના રસ (પાણી) વાળી અને અનેક શતપત્રાદિ કમળો યુક્ત છે, તે વાવડીઓની ચાર ત્રિસોપાન (ત્રણ ત્રણ પગથીઆંના ઘાટ) ચઢવા ઉતરવા માટે બાંધેલા છે તે દરેક ત્રિસોપાન ઉપર એકેક તોરણ છે, તે તોરણો ઉપર અનેક [1]ધ્વજા છત્ર અષ્ટમંગલો અને [2]ચામરો આવેલાં છે, એ સર્વ પૃથ્વીપરિણામ જાણવો. અહિં તોરણ એટલે અહિંના જેવાં લટકતાં લાંબા તોરણ સરખાં નહિં, પરન્તુ દેવ-મંદિર વિગેરેના મુખ્ય દ્વાર આગળ જેવી કમાનો વાળેલી હોય છે તેવા કમાનવાળા ભાગ જાણવા. અને તે કમાનોમાં ઠામ ઠામ મોતી અને તારા લગાડેલા હોય છે, તથા તે કમાનોમાં ઈહામૃગાદિ પક્ષી પશુ દેવ અને વિદ્યાધરનાં રૂપો કોરેલાં હોય છે. એવાં બહિર્દ્વાર સરખાં તોરણ જાણવાં.

૧–૨ અહિં ધ્વજા અને ચામરો જુદા જુદા રહ્યા નથી, પરન્તુ ધ્વજાઓ સાથે સંયુક્ત છે–એ વિશેષ.

તથા એ બન્ને વનખંડોમાં ઠામ ઠામ અનેક નાના પર્વતો (મોટી ટેકરીઓ) હોય છે, તે દરેક ટેકરી ઉપર એકેક પ્રાસાદ (બંગલા આકારે) હોય છે, તે પ્રાસાદોમાં દરેકમાં એકેક સિંહાસન આદિ એકેક આસન હોય છે, જેમાં દેવો બેસે છે. વળી આ પર્વતો ક્રીડાપર્વતો પણ કહેવાય છે, એમાં કેટલાક ઉત્પાત પર્વતો હોય છે, ત્યાં આવીને દેવો ક્રીડા અર્થે વૈક્રિય રૂપો રચે છે, વળી કેટલાક નિયત પર્વતો છે, કે જેમાં દેવો પ્રાયઃ ભવધારણીય શરીરવડે ક્રીડા કરે છે.

તથા એ બન્ને વનખંડોમાં ઠામ ઠામ કદલીગૃહાદિ ગૃહો છે, આલિગૃહ, માલિગૃહ, કદલીગૃહ, લતાગૃહ અવસ્થાનગૃહ, પ્રેક્ષાગૃહ, મજ્જનગૃહ, પ્રસાધનગૃહ, ગર્ભગૃહ, મોહનગૃહ, શાલગૃહ, જાલગૃહ, કુસુમગૃહ, ચિત્રગૃહ, ગંધર્વગૃહ, આદર્શગૃહ, એ ૧૬ પ્રકારનાં ગૃહોમાં દેવો વિવિધ કાર્યો કરે છે, જેમ પહેલા ત્રણ ગૃહોમાં સુખે બેસવું વિગેરે કાર્ય, પ્રેક્ષાગૃહમાં કંઈ ખેલ તમાસા દેખાડવા દેખવા, મજ્જનગૃહમાં સ્નાન, પ્રસાધનમાં શણગાર સજવો, ગર્ભગૃહમાં એકાન્તબેઠક, મોહનગૃહમાં મૈથુનક્રીડા, ચિત્રગૃહમાં ચિત્રામણ દેખવું, ગંધર્વગૃહમાં ગીત નૃત્યનો અભ્યાસ, ઈત્યાદિ એ સર્વ ગૃહો રત્નમય પૃથ્વીપરિણામરૂપ છે. વળી એ ગૃહોમાં પણ આગળ કહેવાતા ૧૨ પ્રકારનાં આસનોમાંનું એકેક આસન છે, એટલે કોઈમાં હંસાસન, કોઈમાં સિંહાસન ઈત્યાદિ.

તથા એ બે વનખંડોમાં ઠામ ઠામ દ્રાક્ષ જાઈ જૂઈ નાગરવેલ ઈત્યાદિ વનસ્પતિઓના મંડપ-માંડવા છે તે પણ સર્વ રત્નમય છે, પુનઃ એ મંડપોમાં હંસાસનાદિ આકારવાળી મોટી મોટી શિલાઓ છે તે શિલાપટ્ટ કહેવાય, એટલું જ નહિં પરન્તુ એ ઉપરાન્ત પણ અનેક આકારવાળી શિલાઓ રત્નમય છે, એ શિલાપટ્ટો ઉપર વ્યન્તર દેવ દેવીઓ સુખ પૂર્વક બેસે છે સૂએ છે ઈત્યાદિ રીતે પૂર્વાર્જિત પુન્યનું ફળ ભોગવે છે.

એ પ્રમાણે આ ગાથામાં તૃણ-તોરણ-ધ્વજા-છત્ર-વાવ-પ્રાસાદ-પર્વત શિલાપટ્ટ મંડપ-ગૃહ-અને આસન એ અગિઆર વસ્તુ કહી, તેમાં તૃણ-વાવ-પર્વત-મંડપ અને ગૃહ એ પાંચ વસ્તુઓ વનખંડમાં ઠામ ઠામ અનિયત સ્થાને રહેલી છે, અને તોરણ ધ્વજા તથા છત્ર એ ત્રણ વાપિકાઓના ત્રિસોપાન ઉપર છે, તેમાં પણ ધજા અને છત્ર તોરણ ઉપર છે. ત્યાં છત્ર તે બે છત્ર અને ત્રણ છત્ર ઉપરાઉપરી હોય છે જે છત્રાતિછત્ર કહેવાય છે, અને તેવાં છત્રાતિછત્રો અનેક હોય છે. તથા પ્રાસાદો ક્રીડાપર્વતો ઉપર આવેલા છે, પરન્તુ વનખંડમાં ઠામ ઠામ છૂટા નહિ, તથા શિલાપટ્ટો મંડપોમાં છે, અને આસનો પર્વત ઉપરના પ્રાસાદોમાં તથા ગૃહોમાં છે. તે આસનો પુનઃ ૧૨ પ્રકારનાં છે તે આ પ્રમાણે-જેની નીચે હંસનો આકાર હોય તે હંસાસન, એ રીતે ક્રૌંચાસન-ગરૂડાસન-તથા ઉચ્ચાસન (ઉંચુ આસન) પ્રણતાસન (નીચું આસન) દીર્ઘાસન (પલંગ સરખું દીર્ઘ) ભદ્રાસન (જેની નીચે પીઠિકા હોય તે) પક્ષ્યાસન

(નીચે અનેક પક્ષી આકારવાળું) મકરાસન (નીચે મકર મચ્છવાળું) સિંહાસન-(નીચે સિંહવાળું)-વૃષભાસન (નીચે વૃષભ રૂપવાળું)-અને દિશાસ્વસ્તિકાસન (નીચે દિશાસ્વસ્તિકાકૃતિવાળું), એ પ્રમાણે ૧૨ પ્રકારનાં આસનો જાણવાં. એ સર્વે કહેલી વસ્તુઓ સર્વથા રત્નમય પૃથ્વી પરિણામ રૂપ જાણવી. (પરન્તુ વાવડીઓનું જળ કમળ વિગેરે પૃથ્વીમય નહિં.)

अवतरणः—આ અઢીદ્વીપમાં અમુક અમુક ક્ષેત્રાદિકના અધિપતિ દેવો ક્યાં રહે છે? તે આ ગાથામાં દર્શાવાય છે—

इह अहिगारो जेसिं, सुराण देवीण ताणमुप्पत्ती ॥
णिअदीवोदहिणामे, असंखईमे सनयरीसु ॥ २० ॥

શબ્દાર્થ :—

इह-અહિં, અઢીદ્વીપમાં
अहिगारो-અધિકાર
जेसिं-જેઓનો
ताणं-તેઓની
उप्पत्ति-ઉત્પત્તિ
णिअ-પોતપોતાના
असंखईमे-અસંખ્યાતમા
सनयरीसु-પોતાની નગરીઓમાં

गाथार्थः—અહિં અઢીદ્વીપમાં જે દેવ અથવા દેવીઓનો અધિકાર (આધિપત્ય) છે તે દેવ અને દેવીઓની ઉત્પત્તિ પોતપોતાના દ્વીપસમુદ્રના નામવાળા અસંખ્યાતમા દ્વીપસમુદ્રમાં અને પોતાના નામવાળી નગરીઓમાં છે ॥ ૨૦ ॥

विस्तरार्थः—આ અઢી દ્વીપમાં (એટલે જંબૂદ્વીપથી અર્ધપુષ્કરદ્વીપ સુધીના (મનુષ્યક્ષેત્રમાં) સંપૂર્ણ દ્વીપ વા સમુદ્રનો એક અથવા બે અધિપતિ દેવ છે, જેમ જંબૂદ્વીપનો અધિપતિ **અનાદૃતદેવ** છે. લવણસમુદ્રનો અધિપતિ **સુસ્થિત** નામે દેવ છે, ધાતકીખંડના અધિપતિ **સુદર્શન** અને **પ્રિયદર્શન** નામના બે દેવ છે, એ રીતે કાલોદધિના બે દેવ અને પુષ્કરાર્ધના પણ બે દેવ અધિપતિ છે, જે આગળ કહેવામાં આવશે. એ ઉપરાન્ત દ્વીપસમુદ્રમાં આવેલા ક્ષેત્રાદિ અનેક શાશ્વત પદાર્થના પણ અનેક અધિપતિ દેવ છે, જેમ ભરતક્ષેત્રનો **ભરતદેવ**, હિમવંત પર્વતનો અધિપતિ **હિમવંતદેવ**, ઇત્યાદિ રીતે ક્ષેત્રોના પર્વતોના કૂટોના સરોવરોના નદીઓના અને વૃક્ષો વિગેરેના સર્વના જૂદા જૂદા અધિપતિ દેવ દેવીઓ છે, તે સર્વ અધિપતિ દેવ દેવીઓના પ્રાસાદ અથવા ભવનો અહિં છે. તે કોઈ વખતે પોતાના સ્થાનથી આવે તો તેમાં આરામ માત્ર લે છે, પરન્તુ એ ભવનો અથવા પ્રાસાદોમાં તેઓની ઉત્પત્તિ (જન્મ) નથી, ઉત્પત્તિ તો અહિંથી અસંખ્યાતા દ્વીપસમુદ્ર વ્યતીત થયા બાદ જે બીજો જંબૂદ્વીપ નામનો દ્વીપ છે, તેમાં આ જંબૂદ્વીપના સર્વ અધિકારી દેવોની પોતાની નગરીઓ છે,

તેમાંજ ઉત્પન્ન થાય છે, અહિં નગરી એટલે મોટી રાજધાની, કે જેમાં અનેક બીજા દેવ દેવીઓની પણ ઉત્પત્તિ છે, તે સર્વ દેવ દેવીઓનું સામ્રાજ્ય એ દેવ ભોગવે છે. અહિં જેમ હજારો ઘર અને લાખો મનુષ્યોની વસ્તીવાળું નગર કહેવાય છે, અને તેમાં તે નગરનો રાજા પણ રહેતો હોય તો રાજધાની કહેવાય છે, તેવી તે નગરીઓ પણ અનેક પ્રાસાદોવાળી અને ક્રોડો ગમે તે દેવ દેવીઓના નિવાસવાળી છે, અને તે મહાનગરીનો અધિપતિ પણ તે નગરીમાંજ સર્વમધ્યભાગે રહે છે, તેનું ત્યાં અધિપતિપણું છે, અને અહિં પણ અધિપતિપણું છે. ત્યાં આખી નગરીનો માલિક છે ત્યારે અહિં કોઈ આખા દ્વીપનો તો કોઈ એક પર્વતાદિનોજ માલિક છે, એ પ્રમાણે શેષ અધિકારી દેવ દેવીઓ માટે પણ જાણવું.

પુનઃ એ નગરીઓ પણ અહિંની દિશાને અનુસારે છે, જેમ—જંબૂદ્વીપનો અનાદૃતદેવ મેરૂપર્વતની ઉત્તર દિશામાં છે, તો તેની નગરી પણ તે બીજા જંબૂદ્વીપમાં ઉત્તરદિશાએજ છે, ભરતદેવની ભરત રાજધાની દક્ષિણ દિશામાં છે ઈત્યાદિ રીતે આઠ દિશાઓમાં યથાસંભવ રાજધાનીઓ છે.

એ પ્રમાણે લવણ સમુદ્રના સર્વ અધિકારી દેવોની રાજધાનીઓ અહિંથી અસંખ્યાત દ્વીપસમુદ્ર વીત્યાબાદ જે બીજો લવણ સમુદ્ર આવે ત્યાં પોતપોતાની દિશામાં છે, ઇત્યાદિ રીતે ધાતકીખંડ વિગેરેના અધિપતિ દેવો માટે પણ જાણવું. ॥ ૨૦ ॥

अवतरणः—પૂર્વ ગાથાઓમાં સામાન્યથી અસંખ્યાતા દ્વીપસમુદ્રોનું સ્વરૂપ કહીને હવે તે સર્વમાં પહેલો જંબૂદ્વીપ છે તેનું સ્વરૂપ કહેવાનો પ્રસંગ છે, ત્યાં પ્રથમ એ જંબૂદ્વીપ ૬ મહાન્ પર્વતો અને તે વડે જૂદાં પડેલાં સાત મહાક્ષેત્રોથી વહેંચાયેલો છે તે આ ગાથામાં સામાન્યથી કહે છે—

जंबूदीवो छहिं कुलगिरिहिं सत्तहिं तहेव वासेहिं
पुव्वावरदीहेहिं परिछिन्नो ते इमे कमसो ॥२१॥

શબ્દાર્થ—

वासेहिं—વર્ષોવડે, ક્ષેત્રોવડે
पुव्व अवर—પૂર્વ પશ્ચિમ
दीहेहिं—દીર્ઘ, લાંબા
परिछिन्नो—વહેંચાયલો છે, વિભાગવાળો છે,
ते—તે ક્ષેત્રો અને પર્વતો
इमे—આ
कमसो—અનુક્રમે

गाथार्थः—જંબૂદ્વીપ પૂર્વ પશ્ચિમ દીર્ઘ એવા છ કુલગિરિઓ વડે તથા સાત ક્ષેત્રો વડે વહેંચાયલો છે, તે કુલગિરિઓ તથા ક્ષેત્રો અનુક્રમે આ પ્રમાણે છે. ॥૨૧॥

विस्तरार्थः—સુગમ છે—

अवतरणः—હવે આ ગાથામાં છ કુલગિરિનાં નામ કહે છે—

हिमवं सिहरी महहिमव रुप्पि णिसढो अ णीलवंतो अ।
बाहिरओ दुदुगिरिणो, उभओ वि सवेइआ सव्वे ॥ २२ ॥

શબ્દાર્થ—

हिमवं–લઘુ હિમવંત પર્વત	बाहिरओ–બહારના ભાગથી
सिहरी–શિખરી પર્વત	दुदुगिरिणो–બે બે પર્વત
महहिमव–મહા હિમવંત પર્વત	उभओवि–બન્ને બાજુથી
रुप्पि–રૂપ્પી પર્વત, રૂક્મી પર્વત	सवेइआ–વેદિકા સહિત
णीलवंतो–નીલવંત પર્વત.	सव्वे–સર્વે પર્વતો
णिसढो–નિષધ પર્વત	

गाथार्थः—લઘુહિમવંત અને શિખરી, મહાહિમવંત અને રૂક્મી તથા નિષધ અને નીલવંત એ પ્રમાણે બે બે પર્વતો બહારથી ગણવા, અને એ સર્વે પર્વતો બન્ને બાજુએ વેદિકા સહિત છે. ॥ ૨૨ ॥

विस्तरार्थः—એ ૬ કુલગિરિને બહારથી બે બે જોડલે ગણવા, તે આ પ્રમાણે —દક્ષિણસમુદ્રતરફ પહેલો લઘુહિમવંતગિરિ, અને ઉત્તરસમુદ્રતરફ પહેલો શિખરી પર્વત, ત્યારબાદ દક્ષિણસમુદ્રતરફ બીજો મહાહિમવંતપર્વત અને ઉત્તરસમુદ્રતરફ બીજો રૂક્મિપર્વત ત્યારબાદ દક્ષિણસમુદ્રતરફનો ત્રીજો નિષધપર્વત અને ઉત્તરસમુદ્રતરફનો ત્રીજો નીલવંત-પર્વત, એ પ્રમાણે બહારથી એટલે સમુદ્રતરફથી દ્વીપની અંદર પ્રવેશ કરતાં એ છ પર્વતોનાં ત્રણ યુગલ ગણવાં, प्रश्न–સીધી લીટીએ ૬ પર્વતો ન ગણતાં બે બાજુથી એકેક ગણવાનું કારણ શું? उत्तरः—જોડલે ગણેલા બે પર્વતો લંબાઈ ઉંચાઈ પહોળાઈ વિગેરેમાં તદ્દન એક સરખા છે, માટે બે બે પર્વતોને જુદા જુદા ભાગમાં હોવા છતાં એક સાથે ગણ્યા છે, એ છ કુલગિરિનું वर्षधर (વર્ષ એટલે ક્ષેત્ર ને ધર એટલે ધારણ કરનાર) એવું નામ પણ કહ્યું છે; કારણ કે આગળ કહેવાતાં સાત મહાક્ષેત્રોની મર્યાદા બાંધીને રહ્યા છે, અર્થાત્ સાત મહાક્ષેત્રોની વચ્ચે વચ્ચે પડેલા હોવાથી સાત ક્ષેત્રોની મર્યાદા એ પર્વતો વડે થયેલી છે. અથવા ક્ષેત્રોના સાત ભાગ પડ્યા તે એ પર્વતો વચ્ચે આવવાથી પડ્યા છે. તથા કુલ–પર્વતોનો સમુદાય તેમાં એ છ પર્વતો મોટા હોવાથી कुलगिरि કહેવાય છે, (પોતાના કુલમાં–વંશમાં મહાગુણવંતને પણ જેમ કુલપર્વત કહેવાય છે તદ્વત્.) એ પર્વતોનાં એ નામો ગુણવાચક છે, જેમ કે—

હિમ=હેમ સુવર્ણ, તેનો બનેલો હોવાથી અને બીજા હિમવાનની અપેક્ષાએ નાનો હોવાથી लघुहिमवंत, અથવા હિમવાન્ નામનો દેવ અધિપતિ હોવાથી લઘુહિમવાન્ પર્વત, અથવા એ નામ ત્રણે કાળનું શાશ્વત છે, તથા શિખરી એટલે વૃક્ષ, તે આકારનાં ઘણાં શિખરો હોવાથી शिखरी છે ૧૧ શિખરો આ પર્વતનાં ગણાવ્યાં છે, તે શિખરો

નહિં પણ તે સિવાયનાં બીજાં ઘણાં શિખરો વૃક્ષોના આકારવત્ જૂદા જૂદા આકારનાં છે માટે શિખરી નામ છે. અથવા શિખરી નામનો દેવ અધિપતિ હોવાથી, અથવા શાશ્વત એ નામ છે. તથા સુવર્ણનો હોવાથી અને પૂર્વોક્ત હિમવંતથી ઘણો મોટો હોવાથી महाहिमवंत, તથા રૂકિમ એટલે રૂપાનો બનેલો પર્વત તે रुक्मी. તથા નિષધ નામનો દેવ અધિપતિ હોવાથી निषध, અને નીલરંગના વૈડૂર્યમણિનો હોવાથી नीलवंत પર્વત, એ ગુણવાચક નામો છે. એ સર્વની લંબાઈ વિગેરે સ્વરૂપ આગળ કહેવામાં આવશે.

વળી એ દરેક પર્વતની દક્ષિણ બાજુ અને ઉત્તરબાજુએ એકેક વેદિકા તે પણ બે બે વનખંડો સહિત છે, જેથી એક પર્વતને બે વેદિકા અને ચાર વનખંડ છે, તે વેદિકા અને વનખંડની લંબાઈ પર્વતની લંબાઈ જેટલી જાણવી, તથા વેદિકાની પહોળાઈ પાંચસો ધનુષ્ અને ઉંચાઈ બે ગાઉની છે, તેમજ વનખંડોની પહોળાઈ દેશોન બે યોજન દરેકની જાણવી. વળી આ વેદિકા વનખંડો તદ્દન નીચેના ભાગમાં જમીન ઉપર આવેલા છે, પણ પર્વતોની ઉપર નહિં. ॥ ૨૨ ॥

अवतरणः—આ ગાથામાં સાત મહાક્ષેત્રોનાં નામ કહે છે—

भरहेरवय त्ति दुगं, दुगं च हेमवयरण्णवयरुवं ।
हरिवासरम्मयदुगं, मज्झि विदेहुत्ति सगवासा ॥ २३ ॥

શબ્દાર્થઃ—

भरह—ભરતક્ષેત્ર	हरिवास-હરિવર્ષ ક્ષેત્ર
एरवय—ઐરાવત ક્ષેત્ર	रम्मय-રમ્યક્ ક્ષેત્ર
त्ति दुगं—એ બે ક્ષેત્ર	मज्झि—મધ્યભાગમાં
हेमवय—હૈમવત ક્ષેત્ર	विदेह—મહાવિદેહ ક્ષેત્ર
रण्णवय—હિરણ્યવંત ક્ષેત્ર	सग वासा—એ સાત વર્ષ, સાત ક્ષેત્ર,
रूवं—રૂપ,એ.	

गाथार्थः—ભરતક્ષેત્ર અને ઐરાવતક્ષેત્ર એ બે ક્ષેત્ર (પરસ્પર તુલ્ય,) હૈમવત અને હિરણ્યવંત એ બે ક્ષેત્ર (પરસ્પર તુલ્ય) તથા હરિવર્ષ અને રમ્યક્ ક્ષેત્ર એ બે ક્ષેત્ર (પરસ્પર તુલ્ય) અને મહાવિદેહ, એ સાત ક્ષેત્રો છે ॥ ૨૩ ॥

विस्तरार्थः-પૂર્વ ગાથામાં કહેલું बाहिरओ એ પદ આ ગાથામાં અધ્યાહાર રૂપે અનુસરે છે, માટે બહારના ભાગથી ગણતાં દક્ષિણસમુદ્રપાસે પહેલું ભરતક્ષેત્ર, અને ઉત્તરસમુદ્રપાસે પહેલું ઐરાવત ક્ષેત્ર, એ બે ક્ષેત્રો પ્રમાણાદિવડે પરસ્પર તુલ્ય છે. ત્યારબાદ દક્ષિણસમુદ્ર તરફ બીજું હિમવંત ક્ષેત્ર અને ઉત્તરસમુદ્રતરફ બીજું હિરણ્ય-

---

૧. ગાથામાં हु માંનો उ અક્ષર त्ति શબ્દના સંબંધથી પ્રાકૃતના નિયમથી આવ્યો છે, માટે " विदेह इति " એ શબ્દને અનુસારે અર્થ છે.

વંત ક્ષેત્ર, એ બે ક્ષેત્ર પણ પ્રમાણાદિવડે પરસ્પર તુલ્ય છે, તથા દક્ષિણતરફ ત્રીજું હરિવર્ષ ક્ષેત્ર અને ઉત્તરતરફ ત્રીજુ રમ્યક્ ક્ષેત્ર, એ બે પરસ્પર તુલ્ય છે, અને એ સર્વ ક્ષેત્રોની વચ્ચે અથવા જંબૂદ્વીપના અતિ મધ્યભાગે મહાવિદેહ નામનું ક્ષેત્ર છે, એ પ્રમાણે સાત ક્ષેત્ર બહારથી એટલે સમુદ્રતરફથી જંબૂદ્વીપની અંદર પ્રવેશ કરતાં કરતાં ગણવાં. જેથી દક્ષિણસમુદ્રપાસેના ભરતક્ષેત્રથી ઉત્તરસમુદ્રપાસેના ઐરાવત ક્ષેત્ર સુધી ક્ષેત્ર અને પર્વતોને અનુક્રમે ગણીએ તો ભરતક્ષેત્ર–લઘુહિમવાત્ પર્વત, હિમવંત ક્ષેત્ર –મહાહિમવંત પર્વત, હરિવર્ષ ક્ષેત્ર–નિષધ પર્વત, મહાવિદેહ ક્ષેત્ર–નીલવંત પર્વત, રમ્યક્ ક્ષેત્ર–રૂક્મિ પર્વત, હિરણ્યવંત ક્ષેત્ર–શિખરી પર્વત; ઐરાવત ક્ષેત્ર. એ અનુક્રમે ઉત્તરૂ ઉત્તર દિશામાં જાણવા.



આ ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે સાત મહાક્ષેત્રો અને વચ્ચે આવેલા છ કુલગિરિઓનો અનુક્રમ જાણવો, એ ૧૩ વિભાગમાં જંબૂદ્વીપના ૧ લાખયોજન સમાપ્ત થયા છે, સર્વે ક્ષેત્રોની તથા કુલગિરિઓની લંબાઈ પૂર્વ પશ્ચિમ છે અને પહોળાઈ ઉત્તર દક્ષિણ છે. વળી એ સાતે મહાક્ષેત્રો તે તે અધિપતિ દેવોને નામે નામવાળાં છે, અથવા શાશ્વત નામવાળાં છે, કોઈ ક્ષેત્રના નામની સાર્થકતામાં કંઈક વિશેષ છે તે અન્ય ગ્રંથોથી જાણવું. ચિત્રમાં અંક સ્થાપ્યા છે તે ખંડની સંખ્યા છે, જેમ મહાવિદેહ ૬૪ ખંડ પ્રમાણનો છે, સર્વ મળી જંબૂદ્વીપ ૧૯૦ ખંડ પ્રમાણનો છે, અહિં ખંડ એટલે ભરત અથવા ઐરાવત ક્ષેત્ર જેટલો ભાગ. ॥ ૨૩ ॥

॥ ६ कुलगिरि अने ७ महाक्षेत्र अने क्षेत्रोना मध्यगिरि ॥

[ગા૦ ૨૩ પૃ૦ ૪૦]



अवतरणः—હવે એ સાત ક્ષેત્રોના મધ્યભાગમાં એકેક પર્વતોનાં નામ આ ગાથામાં કહેવાય છે.—

दो दीहा चउ वट्टा, वेअड्ढा खित्तछक्कमज्झंमि ।
मेरु विदेहमज्झे, पमाणमित्तो कुलगिरीणं ॥ २४ ॥

શબ્દાર્થ :—

दीहा—દીર્ઘ
वट्टा—વૃત્ત, ગોળ
वेअड्ढा—વૈતાઢ્ય

इत्तो—અહિંથી, હવે
कुलगिरीणं—કુલગિરિઓનું

ગાથાર્થઃ—બે દીર્ઘ વૈતાઢ્ય અને ચાર વૃત્ત વૈતાઢ્ય (એ વૈતાઢ્ય) છ ક્ષેત્રમાં છે, અને મહાવિદેહના મધ્યમાં મેરૂ પર્વત છે. હવે કુલગિરિઓનું (વર્ષધર પર્વતોનું) પ્રમાણ (ઉંચાઈ આદિ) કહેવાય છે. ॥ ૨૪ ॥

विस्तरार्थ :—છ મહાક્ષેત્રોમાં મધ્યભાગે જે ૬ પર્વતો છે તે વૈતાઢ્ય નામના છે, અને તેમાં પણ બે દીર્ઘ વૈતાઢ્ય એટલે પૂર્વ પશ્ચિમ લાંબા વૈતાઢ્ય છે, અને ચાર વૈતાઢ્ય વૃત્ત આકારના એટલે પલ્ય સરખા ગોળ આકારના છે. તથા મહાવિદેહના મધ્યભાગમાં જે પર્વત છે તે મેરૂ નામનો છે, અથવા તેનું બીજું નામ सुदर्शनगिरि પણ છે, તેનો આકાર શિખર સરખો છે, એટલે મૂળમાં અતિવિસ્તૃત અને ઉપર જતાં પાતળો થતો જાય છે, જેથી ઉંચા કરેલા ગાયના પુચ્છના આકાર સરખો પણ ગણાય, એ પ્રમાણે સાતે મધ્યપર્વતો નામભેદે બે ભેદવાળા અને આકારભેદે ત્રણ ભેદવાળા છે. ત્યાં ભરતક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રના અતિ મધ્યભાગે બે દીર્ઘ વૈતાઢ્ય છે, અને હિમવંત આદિ ચાર ક્ષેત્રમાં ચાર વૃત્ત વૈતાઢ્ય છે આ સાતમધ્યપર્વતો સામે આલેખેલા ચિત્રને અનુસારે જાણવા. હવે કુલગિરિઓની ઉંચાઈ વિગેરે કહેવાશે. ॥ ૨૪ ॥

अवतरणः—પૂર્વગાથામાં કરેલી સૂચના પ્રમાણે આ ગાથામાં પર્વતોની ઉંચાઈ કહેવાય છે, અને તે ઉપરાન્ત એ ૬ વર્ષધરો શાના બનેલા છે? તે પણ કહેવાય છે.

इगदोचउसयउच्चा, कणगमया कणगरायया कमसो ।
तवणिज्जसुवेरुलिया, बहि मज्झभिंतरा दो दो ॥ २५ ॥

શબ્દાર્થ :—

सय-સો યોજન
कणगमया-કનકમય, સુવર્ણના
रायया-રજતના, રૂપાના
तवणिज्ज-તપનીય સુવર્ણના રક્ત સુવર્ણના.
सुवेरुलिया-ઉત્તમ વૈડૂર્યમણિના.

ગાથાર્થઃ—બહારના બે પર્વતો એક સો યોજન ઉંચા છે, અને સુવર્ણના છે, તથા મધ્યના બે પર્વતો બસો યોજન ઉંચા અને એક સોનાનો તથા એક રજતનો (રૂપાનો) છે, અને અભ્યન્તરના બે પર્વતો ચારસો યોજન ઉંચા તથા એક તપનીય સુવર્ણનો અને એક ઉત્તમ વૈડૂર્યમણિનો છે, એ પ્રમાણે અનુક્રમે બે બે પર્વતોની ઉંચાઈ વિગેરે જાણવી. ॥ ૨૫ ॥

વિસ્તરાર્થઃ—આ ગાથાનો અર્થ કરતી વખતે પ્રથમ ચોથા ચરણમાંથી ત્યારબાદ પહેલા ચરણમાંથી અને ત્યારબાદ બીજા ચરણમાંથી પદો લેવાં, જેથી પ્રથમ बहि दो इगसय उच्चा कणगमया, ત્યારબાદ मज्झ दो दोसय उच्चा, कणगरायया ત્યારબાદ अब्भिंतरा दो चउसय उच्चा तवणिज्जसुवेरुलिया એ પ્રમાણે યથાયોગ્ય પદો અનુક્રમે લેવાં, જેથી ઉપર કહ્યા પ્રમાણે ગાથાર્થ પ્રાપ્ત થાય છે. હવે ભાવાર્થ આ પ્રમાણે—

॥ વર્ષધર પર્વતોની ઉંચાઈ અને વસ્તુ ॥

બહારના બે પર્વતો એટલે લઘુહિમવંત પર્વત અને શિખરી પર્વત તે સો **યોજન** ઉંચા અને સુવર્ણના પીતવર્ણના છે. તથા મધ્યના એટલે બે પર્વતોની વચ્ચેના બે પર્વતો (અર્થાત્ લઘુ હિમવંત અને નિષધ એ બેની મધ્યમાં આવેલ મહાહિમવાન્ પર્વત, તથા શિખરી અને નીલવંત એ બેની વચ્ચે આવેલો રૂકૂમી પર્વત, એ પ્રમાણે એ બે મધ્ય પર્વતો બસો યોજન ઉંચા છે. અને સોના રૂપાના છે, એટલે મહાહિમવંત પર્વત સુવર્ણનો છે, અને રૂકૂમી પર્વત રૂપાનો છે. **શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ**માં મહાહિમવંતને સર્વરત્નમય કહેલો હોવાથી શ્વેતવર્ણનો ગણ્યો છે, પરન્તુ **બૃહત્ક્ષેત્ર-સમાસવૃત્તિ** આદિમાં પીળા સુવર્ણનો કહેલો છે, તે કારણથી જંબૂદ્વીપના નકશાઓમાં પણ એ પર્વતને પીળા વર્ણથી ચિતરેલો હોય છે. તથા અભ્યન્તરના એટલે છએ પર્વતોમાં અંદર ભાગે રહેલા નિષધ અને નીલવંત એ બે પર્વતો ચારસો યોજન ઉંચા છે, તથા નિષધ લાલવર્ણના તપનીય જાતિના સુવર્ણનો છે, અને નીલવંત પર્વત લીલા વર્ણના વૈડૂર્યરત્નનો એટલે પાનાનો છે. ॥

એ પર્વતોની જે ઉંચાઈ કહી તે જમીનથી ગણવી, પરન્તુ પર્વતના મૂળમાંથી ન ગણવી, કારણ કે મેરૂ સિવાયના અઢીદ્વીપવર્તી સર્વ પર્વતો ઉંચાઈના ચોથા ભાગ જેટલા જમીનમાં પણ ઉંડા દટાયલા છે, જેથી મૂળમાંથી ગણતાં સો યોજન ઉંચાઈવાળો પર્વત સવાસો યોજન ઉંચો થાય અને ચારસો યોજનવાળો પર્વત પાંચસો યોજન ઉંચો થાય છે, પુનઃ એ પર્વતના શિખરોની ઉંચાઈ એથી પણ જૂદી ગણવી, અને એ છએ વર્ષધર પર્વતો ઉપર પાંચસો પાંચસો યોજન ઉંચાં મહાન શિખરો છે, જેથી શિખરની ટોચ સુધી ગણતાં સો યોજન ઉંચાઈવાળો પર્વત મૂળ અને શિખર સહિત સવાછસો યોજનનો થાય છે.

આ વર્ષધર પર્વતો ઉપરાન્ત બીજા કોઈપણ શાશ્વત પર્વતો ઉપર મનુષ્યો ચઢી શકે એવા માર્ગ નથી, માટે દેવની સહાય વિના મનુષ્યથી ઉપર ન જઈ શકાય, એટલુંજ નહિં, પરન્તુ પર્વતની પાસે પણ જઈ શકાય તેમ નથી, કારણકે વચમાં વેદિકા આડી આવે છે, અને વેદિકા બે ગાઉ સીધી ઉંચી હોવાથી ઉલ્લંઘી શકાય નહિં. ॥ ૨૫ ॥

॥ ६ कुलगिरिपर्वतनो यन्त्र ॥

૬ કુલગિરિના નામ	કયે સ્થાને	કૂટની સંખ્યા	શેનો છે	લંબાઈ	પહોળાઈ	ઉંચાઈ	કૂટ સંખ્યા	એ ઉપર કયું સરોવર	કઇ નદીઓ નીકળી	ઊંડાઈ કેટલી
લઘુહિમવંત	મેરૂની દક્ષિણે ભરતને અન્તે	૨	સુવર્ણનો પીતવર્ણે	પૂર્વ સમુદ્રથી પશ્ચિમ સમુદ્ર ૨૪૯૩૨ યો.	૧૦૫૨ યો ૧૨ ક.	૧૦૦ યોજન	૧૧	પદ્મદ્રહ	પૂર્વે ગંગા નદી પશ્ચિમે સિંધુ નદી ઉત્તરે રાહિતાંશા નદી	યોજન ૨૫
શિખરી	મેરૂની ઉત્તરે ઐરવત અન્તે	૨	,,	,,	,,	,,	૧૧	પુંડરીકદ્રહ	પૂર્વે રક્તા નદી પશ્ચિમે રક્તવતી નદી દક્ષિણે સુવર્ણકૂલા નદી	૨૫
મહાહિમવંત	મેરૂની દક્ષિણે હિમવંત અન્તે	૮	,,	૫૩૯૩૧ $\frac{6}{19}$ યો.	૪૨૧૦ યો. ૧૦ ક.	૨૦૦ યોજન	૮	મહાપદ્મદ્રહ	દક્ષિણે રાહિતા નદી ઉત્તરે હરિકાન્તા નદી	૫૦
રૂક્મી	મેરૂની ઉત્તરે હિરણ્યવંત અન્તે	૮	રૂપાનો શ્વેતવર્ણે	,,	,,	,,	૮	મહાપુંડરીકદ્રહ	ઉત્તરે રૂપ્યકૂલા નદી દક્ષિણે નરકાન્તા નદી	૫૦
નિષધ	મેરૂની દક્ષિણે હરિવર્ષ અન્તે	૩૨	તપનીય સુવર્ણનો રક્તવર્ણે	૯૪૧૫૬ યો.	૧૬૮૪૨ યો. ૨ ક.	૪૦૦ યોજન	૯	તિગિંછીદ્રહ	દક્ષિણે હરિસલિલા નદી ઉત્તરે શીતોદા નદી	૧૦૦
નીલવંત	મેરૂની ઉત્તરે રમ્યક્ અન્તે	૩૨	વૈડૂર્યરત્નનો નીલવર્ણે	,,	,,	,,	૯	કેસરિદ્રહ	ઉત્તરે નારીકાન્તા નદી દક્ષિણે સીતા નદી	૧૦૦

અવતરણ:—હવે કુલગિરિઓની પહોળાઈ કેટલી? તે જાણવાનું કરણ આ ગાથામાં દર્શાવાય છે—

दुग अड दुतीस अंका, लक्खगुणा कमेण नउअसयभइआ ।
मूलोवरिसमरूवं, वित्थारं बिंति जुयलतिगे ॥ २६ ॥

શબ્દાર્થ :—

दुतीस=બત્રીસ
नउअसय=એકસો નેવું (૧૯૦)
भइआ=ભાગેલા, ભાગતાં
मूलोवरि=મૂળમાં અને ઉપર
समरूवं=સરખા સ્વરૂપવાળો, સરખો.
बिंति=કહે છે, આવે છે.
जुअलतिगे=ત્રણ યુગલમાં—નો.

ગાથાર્થ:—બે આઠ અને બત્રીસ એ ત્રણ અંકોને લાખગુણા કરીને અનુક્રમે એકસો નેવુએ ભાગીએ તો (છ પર્વતોના) ત્રણે યુગલનો મૂળમાં અને ઉપર સરખા-પ્રમાણવાળો વિસ્તાર કહે છે—આવે છે. ॥ ૨૬ ॥

વિસ્તરાર્થ:—જંબૂદ્વીપ ૧ લાખ યોજન વિસ્તારવાળો છે, અને તે ૧ લાખ યોજન ૧૯૦ ખંડ રૂપ છે, અથવા ૧૯૦ ખંડ જેટલો જંબૂદ્વીપનો વિસ્તાર છે, તેમાં પહેલા બે પર્વતોનો વિસ્તાર બે બે ખંડ જેટલો છે, બીજા મધ્ય બે પર્વતોનો વિસ્તાર આઠ આઠ ખંડ જેટલો છે, અને અભ્યંતર બે પર્વતોનો બત્રીસ બત્રીસ ખંડનો છે, માટે ખંડ સંખ્યાને લાખે ગુણી ૧૯૦થી ભાગે તો ત્રણે યુગલનો વિસ્તાર આવે છે તે આ પ્રમાણે—

લઘુહિમ૦—શિખરી

```
       ૨ ખંડ
   × ૧૦૦૦૦૦ યોજન
   ─────────
૧૯૦) ૨૦૦૦૦૦ (૧૦૫૨ યોજન
     ૧૯૦
   ─────────
     ૧૦૦૦
      ૯૫૦
   ─────────
      ૫૦૦
      ૩૮૦
   ─────────
      ૧૨૦ યોજન શેષ
```

```
       ૧૨૦ યોજન
     × ૧૯ કળા
     ─────────
       ૧૦૮૦
       ૧૨૦×
     ─────────
૧૯૦) ૨૨૮૦ કળા (૧૨ કળા
     ૧૯૦
     ─────────
     ૦૩૮૦
      ૩૮૦
     ─────────
      ૦૦૦
```

એમાં ૧૨૦ યોજનની કળાઓ ન કરીએ અને $\frac{૧૨૦}{૧૯૦}$ આ પ્રમાણે સ્થાપીને બન્ને શૂન્યની અપવર્તના કરીએ (છેદ ઉડાડીએ) તો પણ $\frac{૧૨}{૧૯}$ આવે, જેથી એ બે લઘુ પર્વતોનો વિસ્તાર ૧૦૫૨ યોજન ૧૨ કળા [૧૦૫૨$\frac{૧૨}{૧૯}$ યોજન] આવે છે.

અથવા ૫૨૬ યોજન ૬ કળા જેટલું ભરત અથવા ઐરાવત ક્ષેત્ર છે, અને એટલાજ પ્રમાણનો એક ખંડ છે, તેવા બે ખંડ જેવડા આ બે પર્વતો છે, માટે ૫૨૬$\frac{6}{19}$ને ૨ થી ગુણીએ તો પણ ૧૦૫૨$\frac{12}{19}$ યોજન આવે આ રીતે પણ સહેલાઈથી વિસ્તાર પ્રાપ્ત થાય છે.

યો. ૫૨૬–૬ ક.
× ૨
[૧૦૫૨–૧૨.]

મહાહિમ૦–રૂકમી

૮
× ૧૦૦૦૦૦
૧૯૦) ૮૦૦૦૦૦ (૪૨૧૦ યોજન
૭૬૦
૦૪૦૦
૩૮૦
૦૨૦૦
૧૯૦
૦૦૧૦૦ યોજન શેષ.

૧૦૦ યો.
૧૯ કળા
૧૯૦) ૧૯૦૦ (૧૦ કળા
૧૯૦
૦૦૦૦
૦૦૦૦
૦૦૦૦

= ૪૨૧૦ યોજન–૧૦ કળા વિસ્તાર

અથવા ૫૨૬–૬
× ૮
૪૨૦૮–૪૮

૧૯ | ૪૮ | ૨ યો.
૩૮
૧૦ કળા

૪૨૦૮
૨.૧૦
૪૨૧૦–૧૦ વિસ્તાર

એ પ્રમાણે બે મધ્ય પર્વતોનો પ્રત્યેકનો વિસ્તાર ૪૨૧૦ યોજન ૧૦ કળા આવ્યો.

નિષધ–નીલવંત

૩૨
× ૧૦૦૦૦૦
૧૯૦) ૩૨૦૦૦૦૦ (૧૬૮૪૨ યોજન
૧૯૦
૧૩૦૦
૧૧૪૦
૧૬૦૦
૧૫૨૦
૦૦૮૦૦
૭૬૦
૦૪૦૦
૩૮૦
૨૦ યો. શેષ.

૨૦ યો.
૧૯ ક.
૧૯૦) ૩૮૦ (૨ કળા
૩૮૦
૦૦૦

એ પ્રમાણે ૧૬૮૪૨ યોજન ૨ કળા વિસ્તાર પ્રાપ્ત થયો અથવા

યો. ક.
૫૨૬ – ૬
× ૩૨
૧૬૮૩૨–૧૯૨

૧૯) ૧૯૨ કળા (૧૦ યોજન	૧૬૮૩૨
૧૯૦	+ ૧૦–૨
૨ કળા	૧૬૮૪૨ યો.૨ કળા

આ ત્રણે યુગલનો જે વિસ્તાર આવ્યો તે પર્વતના મૂળ ભાગમાં પણ તેટલોજ વિસ્તાર અને પર્વતની ઉપર પણ તેટલો જ વિસ્તાર છે, અને લાંબા પૂર્વસમુદ્રથી પશ્ચિમસમુદ્ર સુધી છે, માટે લંબચોરસ પલંગના આકારવાળા એ પર્વતો છે. ॥ ૨૬ ॥

એ ત્રણે યુગલના છ વિસ્તાર ભેગા કરતાં યો. ૪૪૨૧૦–૧૦ ક. આવે તે આ પ્રમાણેઃ—

	યો.
લઘુ હિમવંત પર્વતનો વિસ્તાર	૧૦૫૨–૧૨
શિખરીનો ,,	૧૦૫૨–૧૨
મહાહિમવંતનો ,,	૪૨૧૦–૧૦
રૂક્મી પર્વતનો ,,	૪૨૧૦–૧૦
નિષધ પર્વતનો ,,	૧૬૮૪૨–૨
નીલવંત પર્વતનો ,,	૧૬૮૪૨–૨
એમાં ૪૮ કળાની ૨ યોજન ૧૦ કળા થાય છે માટે ૪૮ કળા રદ કરી ૨ યોજન ૧૦ કળા યોજનોમાં ઉમેરવા	૪૪૨૦૮–૪૮ + ૨–૧૦ = ૪૪૨૧૦–૧૦

થી ૪૪૨૧૦ યોજન–૧૦ કળા સર્વ વર્ષધર પર્વતોનો વિસ્તાર આવ્યો. ॥ ૨૬ ॥

अवतरणः–પૂર્વ ગાથામાં દર્શાવેલી રીતિ પ્રમાણે છ એ વર્ષધર પર્વતોના ત્રણ યુગલનો દરેક વિસ્તાર કેટલો આવે? તેનો સ્પષ્ટ અંક આ બે ગાથામાં દર્શાવાય છે.—

बावन्नहिओ सहसो, बारकला बाहिराण वित्थारो।
मज्झिमगाण–दसुत्तर बायालसया दसकला य॥ २७॥
अब्भिंतराण दुकला, सोलसहस्सडसया सबायाला।
चउचत्तसहस दोसय–दसुत्तरा दस कला सव्वे॥ २८॥

શબ્દાર્થ :—

बावन्न–બાવન
अहिओ–અધિક
सहसो–હજાર
मज्झिमगाण–મધ્યના બે પર્વતોનો
दस उत्तर–દશ અધિક
बायालसया–બેંતાલીશસો
अडसया–આઠસો
सबायाल–બેંતાલીસ સહિત
चउचत्त–ચાર ચાલીસ–ચુમ્માલીસ

ગાથાર્થઃ—બહારના બે પર્વતોનો (દરેકનો) વિસ્તાર બાવન અધિક હજાર યોજન બારકળા [૧૦૫૨ યો૦ ૧૨ ક૦] છે. બે મધ્ય પર્વતોનો વિસ્તાર દશ અધિક બેંતાલીસસો યોજન દશ કળા [૪૨૧૦ યો૦ ૧૦ ક૦] છે. ॥ ૨૭ ॥

બે અભ્યન્તર પર્વતોનો વિસ્તાર સોળહજાર આઠસો બેંતાલીસ યોજન બે કળા (૧૬૮૪૨ યો૦ ૨ ક૦) છે. એ પ્રમાણે સર્વે પર્વતોનો વિસ્તાર ભેગો કરતાં ચુમ્માલીસ હજાર બસો દસ યોજન અધિક દશકળા [૪૪૨૧૦ યો. ૧૦ ક૦]

विस्तरार्थः—પૂર્વ ગાથાના ભાવાર્થમાં દર્શાવ્યા પ્રમાણે સુગમ છે. ॥ ૨૮ ॥

अवतरणः—પૂર્વ ગાથાઓમાં ૬ વર્ષધર પર્વતોનો વિસ્તાર કહીને હવે આ ગાથામાં સાત મહાક્ષેત્રોનો વિસ્તાર કહેવાનો પ્રસંગ છે, તે વિસ્તાર કાઢવાની પદ્ધતિ પર્વતોની પદ્ધતિ પ્રમાણે છે તે આ ગાથામાં દર્શાવાય છે—

इग चउ सोलस अंका, पुव्वुत्तविहीइ खित्तजुयलतिगे ।
वित्थारं बिंति तहा चउसट्ठिंको विदेहस्स ॥ २९ ॥

શબ્દાર્થઃ—

पुव्वुत्त–પૂર્વે કહેલા
विहीइ–વિધિવડે
खित्तजुयलतिगे–ક્ષેત્રનાં ત્રણ યુગલોમાં
चउसट्ठि अंको–ચોસઠનો અંક.

ગાથાર્થઃ—પૂર્વે કહેલા વિધિ પ્રમાણે એક ચાર અને સોળના અંક ક્ષેત્રોના ત્રણ યુગલનો વિસ્તાર અનુક્રમે કહે છે–દર્શાવે છે, અને વિદેહનો વિસ્તાર ચોસઠનો અંક દર્શાવે છે. ॥ ૨૯ ॥

विस्तरार्थः—વર્ષધરપર્વતોના વિસ્તાર જેમ બે આઠ અને બત્રીસના અંકથી પ્રાપ્ત થાય, તેમ અહિં સાત મહાક્ષેત્રોના—વિસ્તાર ૧–૪–૧૬–૬૪ એ ચાર અંકથી પ્રાપ્ત થાય છે, તેમાં પણ ૧–૪–૧૬ ના અંકથી બે બે ક્ષેત્રોના સરખા વિસ્તાર આવે છે, અને ૬૪ના અંકથી કેવળ એક મહાવિદેહ ક્ષેત્રનોજ વિસ્તાર આવે છે. પુનઃ પૂર્વોક્ત વિધિ પ્રમાણે અહિં પણ એ ચાર અંકોને ૧ લાખથી જૂદા જૂદા ગુણીને ૧૯૦ થી ભાગવા તે આ પ્રમાણે—

```
      ૧
 × ૧૦૦૦૦૦
 ─────────
 ૧૯૦) ૧૦૦૦૦૦ (૫૨૬ યોજન
       ૯૫૦
       ───
        ૫૦૦
        ૩૮૦
        ───
        ૧૨૦૦
        ૧૧૪૦
        ────
          ૬૦ યોજન શેષ.
```

```
        ૬૦ યો.
        ૧૯ ક.
      ───────
 ૧૯૦) ૧૧૪૦ (૬ કળા.
      ૧૧૪૦
      ────
      ૦૦૦૦
```

એ પ્રમાણે ભરતક્ષેત્રનો તથા ઐરાવતક્ષેત્રનો એ દરેકનો વિસ્તાર ૫૨૬ યો.૦–૬ કળા આવ્યો.

```
           ૪
    × ૧૦૦૦૦૦
૧૯૦) ૪૦૦૦૦૦ (૨૧૦૫ યો.
     ૩૮૦
     ૦૨૦૦
      ૧૯૦
      ૧૦૦
      ૦૦૦
     ૧૦૦૦
      ૯૫૦
       ૫૦ યો. શેષ.
```

```
        ૫૦ યો.
      × ૧૯
૧૯૦) ૯૫૦ (૫ કળા
     ૯૫૦
     ૦૦૦
```

એ પ્રમાણે બીજા ક્ષેત્રયુગલનો એટલે હિમવંત અને હિરણ્યવંત એ બે ક્ષેત્રનો દરેકનો સરખો વિસ્તાર ૨૧૦૫ યોજન–૫ કળા આવ્યો.

```
          ૧૬
   × ૧૦૦૦૦૦
૧૯૦) ૧૬૦૦૦૦૦ (૮૪૨૧ યોજન
     ૧૫૨૦
     ૦૦૮૦૦
       ૭૬૦
       ૪૦૦
       ૩૮૦
      ૦૨૦૦
       ૧૯૦
        ૧૦ યો. શેષ.
```

```
        ૧૦ યો.
      × ૧૯ ક.
૧૯૦) ૧૯૦ (૧ કળા
     ૧૯૦
     ૦૦૦
```

એ પ્રમાણે ત્રીજા ક્ષેત્રયુગલનો એટલે હરિવર્ષ અને રમ્યકક્ષેત્રનો પરસ્પર સરખો વિસ્તાર ૮૪૨૧ યો.–૧ કળા આવ્યો.

```
          ૬૪
    × ૧૦૦૦૦૦
૧૯૦) ૬૪૦૦૦૦૦ (૩૩૬૮૪
     ૫૭૦       યોજન
      ૭૦૦
      ૫૭૦              ૪૦ યો.
     ૧૩૦૦              ૧૯
     ૧૧૪૦      ૧૯૦) ૭૬૦ (૪ ક.
     ૧૬૦૦           ૭૬૦
     ૧૫૨૦           ૦૦૦
     ૦૦૮૦૦
       ૭૬૦
શેષ યો. ૪૦
```

એ પ્રમાણે મહાવિદેહનો વિસ્તાર ૩૩૮૬૪ યો. ૪ કળા આવ્યો.

એ સાતે ક્ષેત્રનો વિસ્તાર ભેગો કરતાં

યો.	ક.	
૫૨૬	૬	ભરત ક્ષેત્ર
૫૨૬	૬	ઐરાવત ક્ષેત્ર
૨૧૦૫	૫	હિમવંત ક્ષેત્ર
૨૧૦૫	૫	હિરણ્યવંત
૮૪૨૧	૧	હરિવર્ષ ક્ષેત્ર
૮૪૨૧	૧	રમ્યક ક્ષેત્ર
૩૩૬૮૪	૪	મહાવિદેહ
૫૫૭૮૮	૨૮ ક.–૧ યો. ૯ ક.	
+ ૧	૯	
૫૫૭૮૯	૯	સાત મહાક્ષેત્રનો સર્વ વિસ્તાર.

अवतरणः—પૂર્વગાથામાં સાત મહાક્ષેત્રોનો વિસ્તાર જાણવા માટે જે કરણ કહ્યું તે કરણથી જે ક્ષેત્રનો જે વિસ્તાર પ્રાપ્ત થાય છે તે આ બે ગાથામાં સ્પષ્ટ કહે છે—

पंचसया छव्वीसा, छच्च कला खित्तपढमजुअलंमि ।
बीए इगवीससया, पणुत्तरा पंच य कला य ॥ ३० ॥
चुलसीसय इगवीसा, इक्क कला तइयगे विदेहि पुणो ।
तित्तीस सहस छसय चुलसीआ तह कला चउरो ॥ ३१॥

શબ્દાર્થ :—

ગાથાર્થને અનુસારે સુગમ છે.

गाथार्थः—ક્ષેત્રના પહેલા યુગલમાં [ભરત અને ઐરાવત એ પહેલા ક્ષેત્રયુગલનો] વિસ્તાર પાંચસો છવીસ યોજન અને છ કળા છે. બીજા યુગલનો વિસ્તાર [હિમવંત અને હિરણ્યવંત ક્ષેત્રનો વિસ્તાર] એકવીસસો અધિક પાંચ યોજન અને પાંચ કળા છે ॥ ૩૦ ॥

ત્રીજા ક્ષેત્રયુગલનો [હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રનો] વિસ્તાર ચોરાશીસો એકવીસ યોજન અને એક કળા છે, તથા વિદેહનો [મહાવિદેહ ક્ષેત્રનો] વિસ્તાર તે ત્રીસ હજાર છસો ચોરાસી યોજન અને ચાર કળા છે. ॥ ૩૧ ॥

विस्तरार्थः—પૂર્વગાથામાં ગણિત પૂર્વક દર્શાવેલ હોવાથી અહિં પણ સમજવો સુગમ છે. વિશેષ એજ કે-વિસ્તાર એટલે પહોળાઈ, અને તે ભરત ઐરાવતનું માપ પોતપોતાની દક્ષિણ દિશાએ ઉત્તર દિશાએ રહેલા સમુદ્રના કિનારાના મધ્યભાગથી વચ્ચે અયોધ્યા નગરી અને વૈતાઢ્યની લંબાઈનો પણ મધ્યભાગ ભેદીને યાવત્ [મર્યાદા કરીને રહેલા જે] હિમવંત અને શિખરી પર્વતોના પ્રારંભ ભાગ સુધીનું ક્ષેત્ર જાણવું, અને હિમવંતાદિ ક્ષેત્રોની પહોળાઈ તે બે બાજુએ આવેલા બે બે વર્ષધર પર્વતોની વચ્ચેનો ક્ષેત્રભાગ જાણવો. એ પ્રમાણે ક્ષેત્રની અથવા પર્વતની પહોળાઇ સમુદ્ર તરફથી મેરૂ તરફ ઉત્તર દક્ષિણ જાણવી.

॥ ७ महाक्षेत्रनो यन्त्र ॥

૭ મહાક્ષેત્રનાં નામ	લંબાઈ	પહોળાઈ	કેટલા ખંડનું	કયે સ્થાને	મધ્યગિરિ	મહાનદી	કયો કાળ ?
ભરતક્ષેત્ર	પૂર્વ સમુદ્રથી પશ્ચિમ સમુદ્ર ૧૪૪૭૧ ૫/૧૯	યો. ક. ૫૨૬—૬	૧	મેરુની દક્ષિણે સમુદ્રસ્પર્શી	દીર્ઘ વૈતાઢ્ય	પૂર્વે ગંગા નદી પશ્ચિમે સિંધુ નદી	અવસ૦ ઉત્સ-પિંણીના ૬–૬ આરા
ઐરાવત ક્ષેત્ર	,,	,,	૧	મેરુની ઉત્તરે સમુદ્રસ્પર્શી	,,	પૂર્વે રક્તા નદી પશ્ચિમે રક્તવતી નદી	,,
હિમવંત ક્ષેત્ર	૩૭૬૭૪ ૧૫/૧૯ યો.	યો. ક. ૨૧૦૫—૫	૪	હિમવંત પર્વતની ઉત્તરે	શબ્દાપાતી વૃત્તવૈતાઢ્ય	પૂર્વે રોહિતા નદી. પશ્ચિમે રોહિતાંશા નદી	અવસ૦ના ૩જા આરા સરખો
હિરણ્યવંત ક્ષેત્ર	,,	,,	૪	શિખરી પર્વતની દક્ષિણે	વિકટાપાતી વૃત્તવૈતાઢ્ય	પૂર્વે સુવર્ણકૂલા નદી પશ્ચિમે રૂપ્યકૂલા નદી	,,
હરિવર્ષ ક્ષેત્ર	૭૩૯૦૧ ૧૭/૧૯ યો.	યો. ક. ૮૪૨૧—૧	૧૬	મહાહિમવંત પર્વતની ઉત્તરે	ગંધાપાતી વૃત્તવૈતાઢ્ય	પૂર્વે હરિસલિલા લીલા પશ્ચિમે હરિકાંતા નદી	અવસ૦ના ૨ જા આરા સરખો
રમ્યક્ ક્ષેત્ર	,,	,,	૧૬	રૂક્મી પર્વતની દક્ષિણે	માલ્યવંત વૃત્તવૈતાઢ્ય	પૂર્વે નરકાન્તા નદી પશ્ચિમે નારીકાન્તા નદી	,,
મહાવિદેહ ક્ષેત્ર	૧૦૦૦૦૦ યો. (૧ લાખ યોજન)	યો. ક. ૩૩૬૮૪–૪	૬૪	નિષધ નીલવંતની વચ્ચે	મેરૂ પર્વત	પૂર્વે સીતા નદી પશ્ચિમે સીતોદા નદી	અવસ૦ ના ૪ થા આરા સરખો

અવતરણ:-પૂર્વે કહેલા છ વર્ષધર પર્વતોનો વિસ્તાર અને હમણાં કહેલ સાત મહાક્ષેત્રોનો વિસ્તાર, એ બે વિસ્તારને ભેગા કરવાથી જંબૂદ્વીપનો ૧ લાખ યોજન વિસ્તાર પ્રાપ્ત થાય છે તે આ ગાથામાં દર્શાવે છે....

पणपन्नसहससगसय गुणणउआ णव कला सयलवासा ।
गिरिखित्तंकसमासे, जोअणलरकं हवइ पुण्णं ॥ ३२ ॥

શબ્દાર્થ :—

पणपन्न-પંચાવન
सगसय-સાતસો
गुणणउआ-નેવ્યાસી
सयल वासा-સર્વ ક્ષેત્રો.
गिरिखित्त अंक-પર્વતનો અને ક્ષેત્રનો અંક
समासे-ભેગો કરતાં
पुण्णं-પૂર્ણ.

ગાથાર્થ:—પંચાવન હજાર સાતસો નેવ્યાસી યોજન અને નવ કળા એટલો સર્વ ક્ષેત્રોનો (એકત્ર કરેલો) વિસ્તાર છે, એ પ્રમાણે પર્વતના વિસ્તારનો એકત્ર કરેલો અંક અને ક્ષેત્રવિસ્તારનો અંક એ બે અંક ભેગા કરે તો જંબૂદ્વીપનો સંપૂર્ણ વિસ્તાર એક લાખ યોજન થાય. ॥ ૩૨ ॥

	યોજન	કળા
વિસ્તરાર્થ:—પર્વતોનો વિસ્તાર સર્વ મળીને	૪૪૨૧૦-	૧૦ છે,
તેમાં ક્ષેત્રોનો વિસ્તાર ”	૫૫૭૮૯—	૯ ભેળવતાં
	૯૯૯૯૯	૧૯ = ૧
	+૧ યોજન	
	૧૦૦૦૦૦ યોજન.	

અવતરણ:—હવે આ ગાથામાં ભરતક્ષેત્ર અને ઐરાવતક્ષેત્રના ઉત્તર તરફના તથા દક્ષિણ તરફના અર્ધ અર્ધ ભાગનું પ્રમાણ કહે છે.—

पन्नाससुद्धबाहिरखित्ते दलिअम्मि दुसय अडतीसा ।
तिन्निय कला य एसो, खंडचउकस्स निखंभो ॥ ३३ ॥

શબ્દાર્થ:—

पन्नास- પચાસ યોજન
सुद्ध-બાદકરીને
दलिअम्मि-અર્ધ કરતાં
एसो-એ, તે
खंडचउकस्स-ચાર ખંડનો દરેકનો
विक्खंभो-વિષ્કંભ

ગાથાર્થઃ—પચાસ યોજન બાદ કરેલા એવા બાહ્યક્ષેત્રને અર્ધ કરતાં બસો આડત્રીસ યોજન અને ત્રણ કળા [૨૩૮યો. ૩ક.] આવે, એજ ચારે ખંડનો [ચાર અર્ધક્ષેત્રનો] દરેકનો વિસ્તાર જાણવો. ॥ ૩૩ ॥

विस्तरार्थः—જંબૂદ્વીપનાં સર્વબાહ્ય ક્ષેત્ર [એટલે જંબૂદ્વીપના છેડે પર્યન્ત ભાગે રહેલાં ક્ષેત્ર] જે ભરત અને ઐરવત ક્ષેત્ર તે દરેકના અતિમધ્યભાગે પૂર્વ પશ્ચિમ સમુદ્રસુધી અનેક યોજન લાંબો અને ઉત્તરદક્ષિણ પચાસ યોજન પહોળો એવો એકેક વૈતાઢ્ય પર્વત આડો પડેલો છે, અને તેથી ભરતક્ષેત્રનો એક વિભાગ દક્ષિણસમુદ્ર તરફનો તે દક્ષિણ અર્ધ અને બીજો વિભાગ મેરૂ તરફનો અથવા લઘુહિમવંત પર્વત તરફનો તે ઉત્તર અર્ધ, એમ બે વિભાગ થયા છે. એ પ્રમાણે ઐરાવતક્ષેત્રમાં પણ વચ્ચે દીર્ઘવૈતાઢ્યપર્વત હોવાથી એક ઉત્તરાર્ધ અને બીજો દક્ષિણાર્ધ એમ બે વિભાગ પડ્યા છે. પરન્તુ અહિં વિશેષ એ છે કે સમુદ્ર પાસેનો અર્ધભાગ તે [1]उत्तरार्ध અને શિખરી પર્વત પાસેનો અર્ધભાગ તે दक्षिणार्ध ગણાય છે. એ પ્રમાણે બે ક્ષેત્રનાં મળીને ચાર અર્ધભાગનું પ્રમાણ એટલે પહોળાઈ અહિં કહેવાની છે. તે આ પ્રમાણેઃ—

ભરતક્ષેત્ર ૫૨૬ યોજન ૬ કળા છે, તેમાંથી ૫૦ યોજન વૈતાઢ્યની પહોળાઈના બાદ કરીએ તો ૪૭૬ યોજન ૬ કળા ભૂમિ રહી, તેના બે ભાગ કરતાં એકેક ભાગ ૨૩૮ યોજન ૩ કળા આવે, માટે ભરતક્ષેત્રનો દક્ષિણાર્ધ ભાગ ૨૩૮ યોજન ૩ કળા છે, તેમજ ઉત્તરાર્ધ ભાગ પણ તેટલો જ છે, તેવી રીતે ઐરાવતક્ષેત્રના દક્ષિણાર્ધનું અને ઉત્તરાર્ધનું વિષ્કંભ પ્રમાણ પણ ૨૩૮ યોજન ૩ કળા જાણવું. અને લંબાઈ તો અનેક યોજન પ્રમાણ જાણવી.

[[2]વર્તમાન સમયમાં જે યુરોપખંડ એશિઆખંડ વિગેરે સર્વ ભૂમિ શોધાયેલી છે, તે સર્વ ભરતક્ષેત્રના દક્ષિણાર્ધમાંજ આવેલી જાણવી. વળી શોધાયલી સર્વ ભૂમિ પણ સંપૂર્ણ દક્ષિણાર્ધ જેટલી નથી. પરન્તુ ચારે દિશાએ કંઈક કંઈક ભાગ હજી નહિં શોધાયલો બાકી રહ્યો છે.] ॥ ૩૩ ॥

अवतरण:—પૂર્વે કહેલા છ વર્ષધરપર્વતો ઉપર છ મોટા દ્રહ અથવા સરોવર છે, તે સરોવરોની ઊંડાઈ ઉંચાઈ વિગેરેનું પ્રમાણ આ ગાથામાં કહેવાય છેઃ—

---

૧. ક્ષેત્રદિશાની અપેક્ષાએ શાસ્ત્રકર્તા એ પ્રમાણે ગણે છે, પરન્તુ સૂર્યદિશાની અપેક્ષાએ પુનઃ ત્યાં પણ સમુદ્ર પાસેનો દક્ષિણાર્ધ અને શિખરી તરફ ઉત્તરાર્ધ ગણાય.

૨. આ વક્તવ્ય-વર્તમાનશાસ્ત્રો સર્વજ્ઞવચનાનુસારી છે એવી સમ્યક્ પ્રતીતિવાળા જીવોને માટે ઉપયોગી છે, પરન્તુ વર્તમાનશાસ્ત્રોને સર્વજ્ઞવચનાનુસારી હોવામાં સંદિગ્ધ અને ડામાડોળ ચિત્તવાળાને માટે નથી. કારણ કે વર્તમાન સમયની ભૂગોળ અને આ ચાલુ શાસ્ત્રીય ભૂગોળ સાક્ષાત્ જુદી સરખી દેખાય છે, પરન્તુ શાસ્ત્રીય ભૂગોળને શાસ્ત્રીય દ્રષ્ટિએ વિચારતાં વર્તમાન સમયની ભૂગોળથી બહુ વિરોધી નહિં દેખાય વળી કઈ દ્રષ્ટિએ શાસ્ત્રીય ભૂગોળ અવિસંવાદી છે તે દ્રષ્ટિ લખવાથી કંઈ સરે નહિં, માટે પ્રથમ અભ્યાસ કર્યા બાદ તે સમજી શકાય તેવી છે.

गिरिउवरि सवेइदहा, गिरिउच्चत्ताउ दसगुणा दीहा।
दीहत्तअध्धरुंदा, सव्वे दसजोअणुव्वेहा ॥ ३४ ॥

શબ્દાર્થઃ—

गिरिउवरि—પર્વત ઉપર
सवेइ—વેદિકા સહિત
दहा—દ્રહો. સરોવરો
गिरिउच्चत्ताउ—પર્વતની ઉંચાઈથી
दीहा—દીર્ઘ, લાંબા
दीहत्तअध्ध—લંબાઈથી અર્ધ
रुंदा—વિસ્તારવાળા, પહોળા
दसजोअण—દશ યોજન
उव्वेहा—ઉંડા

ગાથાર્થઃ—પર્વતોની ઉપર વેદિકાસહિત દ્રહો છે, તે દ્રહો પર્વતની ઉંચાઈથી દશગુણા દીર્ઘ—લાંબા છે, અને લંબાઈથી અર્ધ વિસ્તારવાળા—પહોળા છે, અને સર્વે દ્રહો દશ યોજન ઉંડા છે. [અર્થાત્ ઉંડાઈ સર્વની સરખી છે] ॥ ૩૪ ॥

વિસ્તરાર્થઃ—જેમ પર્વતાદિકને કહ્યા છે, તેમ આ દ્રહો પણ ચારે તરફ એક વેદિકાવડે અને એક વનવડે વીંટાયેલા છે, એ વેદિકાનું સર્વ સ્વરૂપ જંબૂદ્વીપની જગતી ઉપરની વેદિકા સરખું જ જાણવું. તથા એ દ્રહો પર્વતની ઉંચાઈથી દશગુણા લાંબા કહ્યા, અને લંબાઈથી અર્ધ વિસ્તારવાળા કહ્યા, તેથી છ એ દ્રહોની લંબાઈ પહોળાઈ સરખી નથી, પરન્તુ જૂદી જૂદી છે તે આ પ્રમાણે—

॥ વર્ષધરપર્વતો ઉપરના પદ્મદ્રહાદિનું પ્રમાણ ॥

લઘુહિમવંત પર્વત ૧૦૦ યોજન ઉંચો છે, તો ઉપર રહેલા પદ્મદ્રહની લંબાઈ દશગુણી એટલે ૧૦૦૦ યોજન છે, અને લંબાઈથી અર્ધ એટલે ૫૦૦ યોજન પહોળાઈ છે, ઇત્યાદિ આ કોષ્ઠકથી સમજાશે.

પર્વત.	ઉંચાઈ પર્વતની યોજન	દશગુણ દીર્ઘતા લંબાઈ દ્રહની	દીર્ઘથી અર્ધ વિસ્તાર પહોળાઈ દ્રહનો	ઉંડાઈ	દ્રહનું નામ
લઘુહિમવંત	૧૦૦	૧૦૦૦	૫૦૦	૧૦	પદ્મદ્રહ
શિખરી પર્વત	૧૦૦	૧૦૦૦	૫૦૦	૧૦	પુંડરીકદ્રહ
મહાહિમવંત	૨૦૦	૨૦૦૦	૧૦૦૦	૧૦	મહાપદ્મદ્રહ
રૂક્મી પર્વત	૨૦૦	૨૦૦૦	૧૦૦૦	૧૦	મહાપુંડરીકદ્રહ
નિષધ પર્વત	૪૦૦	૪૦૦૦	૨૦૦૦	૧૦	તિગિંછીદ્રહ
નીલવંત પર્વત	૪૦૦	૪૦૦૦	૨૦૦૦	૧૦	કેસરિદ્રહ

अवतरणः—હવે આ ગાથામાં એ દ્રહોનાં નામ કહે છે—

बहि पउमपुंडरीआ मज्झे, ते चेव हुंति महपुव्वा।
तेगच्छि केसरीआ, अब्भिंतरिआ कमेणेसुं ॥ ३५ ॥

શબ્દાર્થ:—

बहि–બહારનાં
पउम–પદ્મદ્રહ
पुंडरीआ–પુંડરીકદ્રહ
मज्झे–મધ્યનાં
चेव–નિશ્ચય
महपुव्वा –" મહ " શબ્દપૂર્વક
तेगच्छि–તિગિંછિદ્રહ
केसरिआ–કેસરીદ્રહ
अब्भिंतरिआ–અભ્યન્તરના એ પર્વતો
कमेण–અનુક્રમે
एसुं–દ્રહોમાં

गाथार्थ:—પદ્મદ્રહ અને પુંડરીકદ્રહ એ બે દ્રહો બહાર છે, અને મધ્ય ભાગમાં એજ બે દ્રહો " મહ " શબ્દપૂર્વક છે, તથા તેગચ્છિ અને કેશરી એ બે દ્રહો અભ્યન્તર દ્રહો છે. હવે અનુક્રમે એ દ્રહોમાં [દેવીઓનાં નામ કહેવાય છે–એ સંબંધ હવે પછીની ૩૬મી ગાથામાં આવે છે] ॥ ૩૫ ॥

विस्तरार्थ–પદ્મદ્રહ અને પુંડરીકદ્રહ એ બે સર્વથી બહાર છે, એટલે સર્વ બહારના દક્ષિણસમુદ્ર પાસેના લઘુહિમવંત પર્વત ઉપર पद्मद्रह છે, અને ઉત્તર દિશાના સર્વ બાહ્ય શિખરીપર્વત ઉપર पुंडरीकद्रह છે, તથા એજ બે નામવાળાં પરન્તુ પ્રારંભમાં " મહ " શબ્દ અધિક ઉમેરતાં महापद्मद्रह અને महापुंडरीकद्रह મધ્ય ભાગમાં છે, એટલે એ મધ્ય પર્વતો ઉપર છે, ત્યાં મહાપદ્મદ્રહ મહાહિમવંત પર્વત ઉપર અને મહાપુંડરીકદ્રહ રૂક્મી પર્વત ઉપર છે, અને બે પર્વતો મધ્યવર્તી છે, કારણકે મહાહિમવંતપર્વત લઘુહિમવંત અને નિષધ પર્વતની વચ્ચે તથા રૂક્મીપર્વત શિખરી અને નીલવંતની વચ્ચે આવ્યો છે માટે, તથા તિગિંછી અને કેશરી એ બે દ્રહ અભ્યન્તર છે, એટલે નિષધ અને નીલવંત એ અભ્યન્તર પર્વતો ઉપર રહેલા છે.

અહિં પદ્મદ્રહાદિક નામમાં કંઈ વિશેષ નથી, કેવળ તિગિંછીદ્રહ અને કેશરિદ્રહના નામમાં વિશેષતા છે તે આ પ્રમાણે—તિગિંછી એટલે પુષ્પરજમકરંદ, તેની મુખ્યતાએ તિગિંછી અથવા તેગિચ્છીદ્રહ કહેવાય છે, અને કેશર એટલે કેસરાઓના સમૂહવડે અલંકૃત શતપત્રાદિ કમળો હોવાથી મુખ્યતાએ કેશરિ અથવા કેસરિદ્રહ કહેવાય છે.

હવે અનુક્રમે એ સરોવરોમાં જે જે અધિપતિ દેવીઓનાં સ્થાન છે તે દેવીઓના નામ અગ્ર ગાથામાં કહેવાશે. ॥ ૩૫ ॥

अवतरणः—પૂર્વ ગાથામાં कमेणेसुं પદના સંબંધવાળી આ ગાથામાં છ મહાદ્રહોમાં નિવાસ કરતી ૬ દેવીઓનાં નામ કહેવાય છે—

सिरिलच्छी हिरिबुद्धी, धीकित्तीनामिया उ देवीओ।
भवणवईओ पलिओ–वमाउ वरकमलणिलयाओ ॥ ३६ ॥

શબ્દાર્થ :—

सिरि–શ્રી દેવી
लच्छी–લક્ષ્મી દેવી
हिरि–હ્રી દેવી
बुद्धि–બુદ્ધિ દેવી
धी–ધી દેવી
कित्ती–કીર્તિ દેવી
नामिया–એ નામવાળી
वरकमल–ઉત્તમ કમળના
णिलयाओ–નિલયવાળી, સ્થાનવાળી

गाथार्थ—શ્રીદેવી અને લક્ષ્મીદેવી, હ્રીદેવી અને બુદ્ધિદેવી, તથા ધીદેવી અને કીર્તિદેવી એ એ એ નામવાળી દેવીઓ [તે પર્વતો ઉપરના દ્રહોમાં] છે, એ સર્વ દેવીઓ ભવનપતિનિકાયની પલ્યોપમના આયુષ્યવાળી અને ઉત્તમકમળમાં નિવાસ કરનારી છે ॥ ૩૬ ॥

विस्तरार्थः—પદ્મદ્રહમાં શ્રીદેવીનો નિવાસ છે, અને પુંડરીકદ્રહમાં લક્ષ્મીદેવીનો નિવાસ છે, મહાપદ્મદ્રહમાં હ્રીદેવીનો નિવાસ છે, અને મહાપુંડરીકદ્રહમાં બુદ્ધિદેવીનો નિવાસ છે, તથા તિગિંછી દ્રહમાં ધીદેવીનો નિવાસ છે, અને કેસરિદ્રહમાં કીર્ત્તિદેવીનો નિવાસ છે. એ છ એ દેવીઓ ભવનપતિ નિકાયની છે, અને તેથીજ એક પલ્યોપમના આયુષ્યવાળી છે, કારણકે વ્યન્તરદેવીઓનું આયુષ્ય અર્ધ પલ્યોપમથી અધિક ન હોય માટે આયુષ્ય ઉપરથી જ [1]ભવનપતિ નિકાયની જાણી શકાય છે. વળી એ દેવીઓ દ્રહમાં જે અનેક રત્નકમળો છે, તેમાં મધ્યવર્તી મોટા રત્નકમળમાં રહે છે.

॥ પદ્મદ્રહમાં રત્નકમળ અને તેમાં દેવી નિવાસ ॥

આ પદ્મસરોવરમાં અતિમધ્યભાગે ૧ યોજનના વિસ્તારવાળું (વૃત્ત આકારે હોવાથી લંબાઈ પહોળાઈમાં ૧ યોજનનું) અર્ધયોજન જાડું અને પાણીથી બે ગાઉ ઉંચું એક મોટું રત્નકમળ છે. એ કમળ ૧૦ યોજન જેટલું જળમાં ડૂબેલું છે, કારણકે પદ્મદ્રહ ૧૦ યોજન ઉંડો છે, જેથી કમળની નાળ પણ ૧૦ યોજન જેટલી પાણીમાંજ હોય. વળી એ મુખ્ય કમળની ચારે બાજુ ફરતો રત્નમય કોટ છે, તે પણ જંબૂદ્વીપના કોટ સરખો અને ગવાક્ષકટકવડે સહિત છે, પરન્તુ તફાવત એટલોજ કે જંબૂદ્વીપનો

૧. અઢીદ્વીપના શાશ્વતાપદાર્થોની અધિપતિ દેવીઓ ભવનપતિનિકાયની અને દેવો વિશેષતઃ વ્યંતર નિકાયના છે, કેટલાક વેલંધરાદિ દેવો ભવનપતિ નિકાયના છે, અહિં તાત્પર્ય એ છે કે કોઈ પણ અઢી-દ્વીપના અધિપતિ દેવ વા દેવીઓ એક પલ્યોપમથી ન્યુન આયુષ્યવાળા ન હોય, અને વ્યન્તર દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય પણ અર્ધ પલ્યોપમજ હોય છે માટે વ્યન્તર દેવીઓનું પ્રાયઃ આધિપત્ય નથી.

કોટ ૮ યોજન ઉંચો છે, ત્યારે આ કમળનો ફરતો રત્નકોટ ૧૮ યોજન ઉંચો છે, કારણ કે દશ યોજન પાણીમાં ઉંડો છે, અને આઠ યોજન બહાર દેખાતો છે.

॥ રત્નકમળના જુદા જુદા અવયવો ॥

એ મુખ્ય રત્નકમળનું મૂળ વજ્રરત્નમય શ્વેત છે. મૂળ જેમાંથી નીકળે છે તે જળ રૂપ કંદ (જડ) રિષ્ટરત્નમય હોવાથી શ્યામવર્ણનો છે. નાળ લીલા વર્ણના વૈડૂર્યરત્નની (પાનાની) છે, કમળનાં ચાર પત્રો પણ લીલા વૈડૂર્યરત્નનાં છે, અને અંદરનાં સર્વે પત્રો રક્ત વર્ણના સુવર્ણનાં છે. વર્તમાન સમયમાં દેખાતાં ઘણાં પુષ્પો પણ એવાં છે કે જે પુષ્પની બહારનાં પુષ્પને ઘેરીને આજુ બાજુ લીલાં પત્ર ચારેક રહ્યાં હોય છે, અને અંદરનાં પુષ્પપત્રો પુષ્પના જુદા જુદા વર્ણનાંજ હોય છે. તથા એ કમળના અતિમધ્ય ભાગમાં એક કર્ણિકા (બીજકોશ)  આવા આકારની હોય છે, તેને ફરતો તપનીય સુવર્ણમય (લાલ સુવર્ણમય) કેસરાનો જથ્થો હોય છે, અને તે ગોળ આકારની તથા નીચેથી ઉપરનો સામટો ભાગ જોઈએ તો સોનીની એરણ સરખી હોય છે, પરન્તુ એરણ ચોરસ હોય છે, ત્યારે આ કર્ણિકા ગોળ આકારની છે એ તફાવત છે. અહિં કેસરા એટલે કેસર સરખા તંતુરૂપ અવયવો કર્ણિકાની ચારે બાજુ ફરતા હોય છે.

॥ કમળની કર્ણિકા ઉપર શ્રી દેવીનું ભવન ॥

એ કમળકર્ણિકા બે ગાઉ લાંબી પહોળી વૃત્ત આકારની છે, અને એક ગાઉની ઉંચી છે, તે ઉપર શ્રીદેવી નું ભવન છે, તે ભવન એક ગાઉ લાંબુ અર્ધ ગાઉ પહોળું અને એક ગાઉથી કંઈક ન્યૂન [૧૪૪૦ ધનુષ] ઉંચું છે. તે ભવનની દક્ષિણદિશામાં ઉત્તરદિશામાં અને પૂર્વદિશામાં એ ત્રણ દિશામાં એકેક દ્વાર દરેક પાંચસો ધનુષ ઉંચું અને અઢીસો ધનુષ પહોળું છે. આ પહોળાઈ આખા દ્વારની ગણવી, પરન્તુ કમાડની નહિં, કારણ કે એ પહોળાઈને અનુસારે કમાડની પહોળાઈ સવાસો ધનુષની હોય તે પોતાની મેળેજ વિચારવી. એ રત્નભવનના અતિ મધ્યભાગમાં પાંચસો ધનુષ લાંબી પહોળી અને અઢીસો ધનુષ ઉંચી એક मणिपीठिका છે. મણિપીઠિકા એટલે એવા આકારનો એક ચોતરો, વા પીઠિકા, તે પીઠિકા મણિરત્નની છે માટે મણિપીઠિકા નામ છે, દેવપ્રાસાદોમાં અને શાશ્વતમંદિરોમાં ઠામ ઠામ મણિપીઠિકાનું કથન આવે છે, ત્યાં સર્વત્ર એવી પીઠિકાઓજ જાણવી. એ મણિપીઠિકા ઉપર શ્રીદેવીને શયન કરવા યોગ્ય શય્યા છે, કે જેમાં શ્રીદેવી સુખે બેસે છે, સૂએ છે. આરામ લે છે, અને પૂર્વભવમાં ઉપાર્જન કરેલા પુણ્યનું ફળ અનુભવે છે.

॥ મૂળ કમળને ફરતાં ૬ કમળવલયો ॥

એ મૂળકમળને ચારે બાજુ ફરતાં એવીજ જાતિનાં બીજાં ૧૦૮ રત્નકમળો છે, અને તે દરેક ઉપર એકેક રત્નભવન છે, તે ૧૦૮ રત્નભવનોમાં શ્રીદેવીનાં આભરણ

વિગેરે રહે છે. આ કમળો મૂળકમળથી અર્ધા પ્રમાણવાળાં છે, જેથી કમળની, કમળના જૂદા જૂદા અવયવોની, ભવનોની, દ્વારની, અને પીઠિકાની એ સર્વની લંબાઈ પહોળાઈ ઉંચાઈ વિગેરે યથાયોગ્ય અર્ધ અર્ધ પ્રમાણ જાણવું. મૂળ કમળને ફરતું સર્વથી આ પહેલું કમળવલય છે. ॥ इति प्रथम पद्मवलय ॥

પુનઃ એ ૧૦૮ કમળોથી કંઈક દૂર કમળોનું બીજું વલય છે, તેમાં ૩૪૦૧૧ કમળો પહેલા વલયના કમળથી અર્ધ પ્રમાણનાં છે, ત્યાં આઠ દિશામાંથી વાયવ્ય ઉત્તર અને ઈશાન એ ત્રણ દિશામાં મળીને ૪૦૦૦ કમળો દેવીના સામાનિક દેવોનાં છે, પૂર્વદિશામાં ૪ મહત્તરાદેવીનાં ૪ કમળ છે. મહત્તરા એટલે દેવીને પૂજ્ય તરીકે અથવા વડીલને સ્થાને સલાહ પૂછવા યોગ્ય દેવીઓ, તથા અગ્નિકોણમાં અભ્યન્તર સભાના દેવોનાં ૮૦૦૦ કમળ છે, દક્ષિણ દિશામાં મધ્યસભાના દેવોનાં ૧૦૦૦૦ કમળો છે, અને નૈઋત્યકોણમાં બાર હજાર બાહ્યસભાના દેવોનાં ૧૨૦૦૦ કમળો છે. તથા પશ્ચિમદિશામાં સાત સેનાપતિનાં સાત કમળો છે, એ પ્રમાણે મૂળકમળને ફરતું આ બીજું વલય છે. ॥ इति द्वितीय पद्मवलय ॥

પુનઃ એ બીજા વલયથી કંઈક દૂર ત્રીજુ વલય છે તેમાં સોલહજાર આત્મરક્ષક દેવોનાં ૧૬૦૦૦ કમળ છે, તે દરેક દિશામાં ચાર ચાર હજાર છે, માટે ચારે દિશામાં મળીને (અહિં ચાર વિદિશાઓને દિશામાં અંતર્ગત ગણીને ચાર દિશાજ કહી છે, માટે ચારે દિશામાં) ૧૬૦૦૦ કમળો છે. એ મૂળકમળથી ત્રીજું વલય થયું. આ ત્રીજા વલયનાં કમળો બીજા વલયના કમળોથી પણ અર્ધ પ્રમાણનાં છે. ॥ इति तृतीय पद्मवलय ॥

પુનઃ એ ત્રીજા વલયથી કંઈક દૂર ચોથું કમળવલય ત્રીજા વલયના કમળથી પણ અર્ધપ્રમાણવાળા કમળોનું છે. તેમાં બત્રીસલાખ અભ્યન્તર આભિયોગિક દેવોનાં ૩૨૦૦૦૦૦ કમળો છે, આભિયોગિક દેવ એટલે સેવક દેવો, અને તે પણ મોટા માન મર્યાદાવાળા સેવકો કે જેઓ દેવીના ઉત્તમ કાર્યોમાં જોડાયલા હોય છે. ॥ इति चतुर्थ पद्मवलय ॥

પુનઃ એ ચોથા વલયથી કંઈક દૂર પાંચમું કમળવલય છે, તેમાં મધ્યમ આભિયોગિક દેવોનાં ૪૦૦૦૦૦૦ (ચાલીસલાખ) કમળો છે. એ સર્વ ચોથા વલયના કમળોથી અર્ધ પ્રમાણનાં છે. મધ્યમ આભિયોગિક એટલે ન અતિઉત્તમ કે ન નીચ એવા મધ્યમ કાર્યોમાં જોડાયલા દેવો. એ પાંચમું વલય કહ્યું ॥ इति पंचम पद्मवलय ॥

પુનઃ એ પાંચમા વલયથી કંઈક દૂર છઠ્ઠું વલય છે, તેમાં અડતાલીસલાખ બાહ્ય આભિયોગિક દેવોનાં ૪૮૦૦૦૦૦ કમળ પાંચમા વલયના કમળોથી અર્ધ પ્રમાણવાળાં છે. જે સેવકદેવો હલકા કાર્યોમાં જોડાયલા હોય છે, તથા તેવા પ્રકારના માન મોભાની પણ અપેક્ષા ન હોય તે બાહ્ય આભિયોગિક દેવો કહેવાય. એ છઠ્ઠું વલય જાણવું ॥ इति षष्ठ पद्मवलय ॥

॥ કમળોની સર્વ સંખ્યા ૧૨૦૫૦૧૨૦ ॥

મૂળ કમળ	૧		
પહેલા વલયમાં	૧૦૮	૪ થા વલયમાં	૩૨૦૦૦૦૦
બીજા વલયમાં	૩૪૦૧૧	૫ મા વલયમાં	૪૦૦૦૦૦૦
ત્રીજા વલયમાં	૧૬૦૦૦	૬ ઠ્ઠા વલયમાં	૪૮૦૦૦૦૦
એ રીતે છ એ વલયમાં સર્વ મળીને કમળ સંખ્યા			૧૨૦૫૦૧૨૦

(એક ક્રોડ વીસલાખ પચાસ હજાર એકસોવીસ) છે. એ સર્વ એકેક ભવનયુક્ત પણ છે, જેથી ભવન સંખ્યા પણ એટલીજ જાણવી.

॥ ૬ વલય તે ૬ જાતિના વલય ॥

પ્રશ્નઃ—ચોથા પાંચમા છઠ્ઠા વલયમાં ૩૨ લાખ વિગેરે કમળો કહ્યાં તો એટલાં કમળો એકેક વલયમાં કેવી રીતે સમાય? કારણકે ૫૦૦ યોજન પહોળા દ્રહમાં મોટામાં મોટો પરિધિ ગણીએ તો પણ દેશોન ૧૬૦૦ યોજન આવે અને તેના ધનુષ્ ગણતાં ૧૨૮ લાખ ધનુષ્ જેટલો પરિધિ થાય તો તેટલા પરિધિમાં ૩૨ લાખ ૪૦ લાખ અને ૪૮ લાખ કમળો કેવી રીતે સમાય? કારણકે પાંચમા વલયનું દરેક કમળ અર્ધ અર્ધ ગાઉ પ્રમાણનું છે, જેથી ૧૬૦૦૦૦૦ (સોલલાખ) ગાઉમાં એ કમળો સમાય, તેના ધનુષ્ ગણતાં ૩૨૦૦૦૦૦૦૦ (ત્રણસોવીસ ક્રોડ) ધનુષ્ જેટલી જગ્યા જોઈએ. એ રીતે ચોથા વલયનાંજ કમળો જો સમાઈ શકતાં નથી તો પાંચમા છઠ્ઠા વલયનાં કમળોની તો વાતજ શી?

ઉત્તરઃ—પરિધિના ગણિત પ્રમાણે જે જે વલયોનાં કમળો એક વલયમાં સમાઈ શકે તેમ ન હોય તો તેવા વલયનાં કમળો એકજ પરિધિમાં રહેલાં ન જાણવાં, પરન્તુ અનેક પરિધિમાં રહેલાં જાણવાં જેથી તે અનેક પરિધિમાં ગોઠવાયલાં કમળોનાં અનેક વલયો હોવા છતાં પણ એકજ જાતિનાં એ સર્વ કમળો હોવાથી એક વલય તરીકે ગણાય. જે કમળો પ્રમાણમાં તુલ્ય હોય તેવાં કમળોની એક જાતિ જાણવી. એ પ્રમાણે ઉપર કહેલાં કમળોના છજ વલય છે એમ નથી, અનેક વલય છે, પરન્તુ સરખા પ્રમાણવાળાં એક જાતિનાં કમળોનાં અનેક વલયોને પણ જાતિ અપેક્ષાએ એક ગણીને છ વલય કહ્યા છે એમ જાણવું. આ ભાવાર્થ શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં છે, ત્યાં ગણિત સર્વ કમળોની અપેક્ષાએ દર્શાવ્યું છે, અને મેં અહિં એકજ વલયના ઉદાહરણથી દર્શાવેલ છે. એજ તફાવત છે.

॥ સર્વ કમળોનો દ્રહમાં સમાવેશ ॥

૧૦૦૦ યોજન દીર્ઘ અને ૫૦૦ યોજન પહોળા પદ્મદ્રહનું ક્ષેત્રફળ ગણતાં [૧૦૦૦ × ૫૦૦ =] ૫૦૦૦૦૦ (પાંચલાખ) યોજન ક્ષેત્રફળ થાય છે, અને સર્વ

કમળોને માટે ૨૦૦૦૫$\frac{૧૩}{૧૬}$ યોજન (વીસહજારપાંચ) યોજન અને એક યોજનના સોળ ભાગ કરીએ તેવા તેર ભાગ) એટલું ક્ષેત્રફળ જોઈએ, માટે સર્વ કમળો સુખે સમાઈ શકે છે. ત્યાં કયા વલયને કેટલી જગ્યા જોઈએ તેનું સ્પષ્ટ ગણિત આ પ્રમાણે—

મુખ્ય કમળ ૧ યોજનનું અને તેને ફરતો બાર યોજન મૂળ વિસ્તારવાળો કોટ હોવાથી કોટના મૂળના એક છેડાથી બીજી સામી બાજુના છેડા સુધીનો વ્યાસ ૨૫ યોજન થયો. જેથી મૂળ કમળને અંગે જગતી સહિત ૨૫ યોજન ક્ષેત્ર રોકાયું.

પ્રથમ વલયનાં કમળો અર્ધ અર્ધ યોજનનાં છે તે ૧ યોજનના ક્ષેત્રફળમાં ચાર કમળો સમાય, તેથી ૧૦૮ ને ચારે ભાગતાં ૨૭ યોજનમાં ૧૦૮ કમળો સમાય છે. અહિં અર્ધ યોજન પ્રમાણ હોવાથી ૫૪ યોજન જેટલું ક્ષેત્ર જોઈએ એવો તર્ક અસ્થાને છે, કારણ કે કમળ કેટલું ક્ષેત્ર રોકે? તે ક્ષેત્રફળના હિસાબેજ ગણી શકાય છે માટે આ ૧૦૮ કમળો એકજ પંક્તિએ વલયાકારે રહ્યાં છે, કારણ જગ્યા ઘણી છે માટે.

બીજા વલયનાં કમળો ૩૪૦૧૧ છે, અને દરેક કમળ ૦। યોજન વિસ્તારવાળું છે જેથી એક યોજનમાં ક્ષેત્રફળ પ્રમાણે ૧૬ કમળો સમાઈ શકે માટે ૩૪૦૧૧ ને ૧૬ વડે ભાગતાં ૨૧૨૫$\frac{૧૧}{૧૬}$ [એકવીસસો પચીસ યોજન અને સોળીઆ અગિઆર ભાગ] યોજન બીજા વલયનાં કમળો એટલી જગ્યા રોકે. આ વલયમાં પૂર્વ દિશાનાં ૪ કમળ તથા પશ્ચિમ દિશાનાં ૭ કમળ એક પંક્તિએ ગોઠવાયાં છે, અને શેષ ૩૪૦૦૦ કમળો પોતપોતાની દિશામાં યથાસંભવ અનેક પંક્તિએ ગોઠવાયલાં છે, માટે આ વિષમાકાર વલય છે.

ત્રીજા વલયનાં કમળો ૧૬૦૦૦ છે, અને દરેક કમળ $\frac{૧}{૮}$ યોજન પ્રમાણનું છે, જેથી એક યોજન ક્ષેત્રફળમાં ૬૪ કમળો સમાઈ શકે, માટે સોળ હજારને ચોસઠે ભાગતાં ૨૫૦ (અઢીસો) યોજન આવે, જેથી ૧૬૦૦૦ કમળો માટે આ વલયમાં ૨૫૦ યોજન ક્ષેત્ર જોઈએ, આ વલયમાં સર્વે કમળો એક પંક્તિએ રહ્યાં છે, કારણ કે ક્ષેત્ર પૂરતું છે માટે.

ચોથા વલયનાં કમળો ૩૨૦૦૦૦૦ છે, અને દરેક કમળ $\frac{૧}{૧૬}$ યોજન રોકે છે, માટે એક યોજન ક્ષેત્રફળમાં ૨૫૬ કમળો સમાય, જેથી ૩૨ લાખને ૨૫૬ વડે ભાગતા ૧૨૫૦૦ (બાર હજાર પાંચસો) યોજન આવે, માટે એટલું ક્ષેત્ર આ સર્વ કમળો રોકે છે, અહિં કમળો અનેક પંક્તિઓથી ગોઠવાયલાં છે.

પાંચમા વલયનાં કમળો ૪૦૦૦૦૦૦ (ચાલીસ લાખ) છે અને દરેક કમળ $\frac{૧}{૩૨}$ યોજન વિસ્તારવાળું છે, માટે એક યોજન ક્ષેત્રફળમાં ૧૦૨૪ કમળો સમાય, જેથી ૪૦ લાખને ૧૦૨૪ વડે ભાગતાં ૩૯૦૬$\frac{૪}{૧૬}$ યોજન આવે. એટલું ક્ષેત્ર પાંચમા વલયથી રોકાયે છે. આ વલયમાં પણ કમળની અનેક પંક્તિઓ ગોઠવાયલી છે.

છઠ્ઠા વલયમાં ૪૮ લાખ કમળ છે. અને દરેક કમળ $\frac{૧}{૬૪}$ યોજન વિસ્તારવાળું છે, જેથી એક યોજન ક્ષેત્રફળમાં ૪૦૯૬ કમળો સમાય, માટે ૪૮૦૦૦૦૦ ને ૪૦૯૬ વડે ભાગતાં ૧૧૭૧$\frac{૫૬}{૬૪}$ યોજન આવે, એટલું ક્ષેત્ર છઠ્ઠું વલય રોકે છે. આ વલયમાં પણ કમળો અનેક પંક્તિએ ગોઠવાયાં છે, કારણ કે પરિધિ ન્હાનો અને કમળો ઘણાં છે. એ પ્રમાણે—

મૂળ કમળના	૨૫	યોજન
પહેલા વલયના	૨૭	યોજન
બીજા વલયના	૨૧૨૫$\frac{૧}{૬૪}$	,,
ત્રીજા વલયના	૨૫૦	,,
ચોથા વલયના	૧૨૫૦૦	,,
પાંચમા વલયના	૩૯૦૬$\frac{૪}{૬૪}$	,,
છઠ્ઠા વલયના	૧૧૭૧$\frac{૫૬}{૬૪}$	,,
૨૦૦૦૪+૧=૨૦૦૦૫	૨૯ બાદ-૧૬=૧$\frac{૧૩}{૬૪}$	

એ પ્રમાણે ક્ષેત્રફળની ગણિતરીતિએ ૧૨૦૫૦૧૨૦ કમળોને માટે ૨૦૦૦૫$\frac{૧૩}{૬૪}$ યોજન જેટલી જગ્યા જોઈએ. અને દ્રહનું ક્ષેત્ર ૫૦૦૦૦૦૦ (પાંચ લાખ) યોજન છે. માટે સુખપૂર્વક સર્વ કમળોનો સમાવેશ થાય છે.

પદ્મદ્રહમાં અનેક વનસ્પતિકમળો

વળી પદ્મદ્રહમાં ઉપર કહેલાં લાખો રત્નકમળો છે એટલું જ નહિં, પરન્તુ તે ઉપરાન્ત વનસ્પતિકમળો પણ હજારોગમે છે. તફાવત એજ કે રત્નકમળો પૃથ્વીકાય જીવમય સચિત્ત પૃથ્વીપરિણામવાળાં છે, ત્યારે વનસ્પતિકમળો વનસ્પતિકાય જીવમય સચિત્ત વનસ્પતિરૂપ છે. રત્નકમળો સર્વે શાશ્વત છે, અને વનસ્પતિકમળો અશાશ્વત હોવાથી ચુંટવાં હોય તો ચુંટી લેવાય છે. શ્રી વજ્રસ્વામીને શ્રીદેવીએ જે મહાકમળ આપ્યું હતું તે આ પદ્મદ્રહમાંથી જ ચુંટીને આપ્યું હતું અને બીજાં હજારો કમળો હુતાશન નામના વનમાંથી આપ્યાં હતાં, ઇત્યાદિ વિશેષ વિચાર સિદ્ધાન્તાદિકથી જાણવા યોગ્ય છે. અહિં તો આટલું જ વર્ણન ઉપયોગી જાણીને દર્શાવ્યું છે—॥૩૬॥

॥ ६ महाद्रहोनो यन्त्र ॥

૬ મહાદ્રહનાં નામ	કયા પર્વત ઉપર	લંબાઈ યોજન	પહોળાઈ યોજન	ઊંડાઈ યોજન	અધિષ્ઠાત્રી નિવાસ	કેટલાં દ્વાર	કઈ નદીઓ નિકળી
પદ્મદ્રહ	લઘુહિમવંત પર્વત ઉપર	૧૦૦૦ યોજન	૫૦૦	૧૦	શ્રી દેવી	૩ પૂ૦ ૫૦ ઉ૦	પૂ૦ ગંગા ૫૦ સિંધૂ ઉ૦ રોહિતાંશા
પુંડરીકદ્રહ	શિખરી પર્વત ઉપર	૧૦૦૦	૫૦૦	૧૦	લક્ષ્મીદેવી	૩ પૂ૦ ૫૦ દ૦	પૂ૦ રક્તા ૫૦ રક્તવતી દ૦ સુવર્ણકૂલા
મહાપદ્મદ્રહ	મહાહિમવંત પર્વત ઉપર	૨૦૦૦	૧૦૦૦	૧૦	હ્રી દેવી	૨ દ૦ ઉ૦	દ૦ રોહિતા ઉ૦ હરિકાન્તા
મહાપુંડરીકદ્રહ	રૂક્મી પર્વત ઉપર	૨૦૦૦	૧૦૦૦	૧૦	બુદ્ધિ દેવી	૨ ઉ૦ દ૦	ઉ૦ રૂપ્યકૂલા દ૦ નરકાન્તા
તિગિંછીદ્રહ	નિષધ પર્વત ઉપર	૪૦૦૦	૨૦૦૦	૧૦	ધી દેવી	૨ દ૦ ઉ૦	દ૦ હરિસલિલા ઉ૦ સીતોદા
કેશરિદ્રહ	નીલવંત પર્વત ઉપર	૪૦૦૦	૨૦૦૦	૧૦	કીર્તિ દેવી	૨ ઉ૦ દ૦	ઉ૦ નારીકાન્તા દ૦ સીતા નદી

અવતરણઃ—પૂર્વ ગાથામાં દ્રહદેવીઓને ઉત્તમ કમળમાં નિવાસ કરનારી કહી તે કમળનું સ્વરૂપ આ ગાથામાં દર્શાવાય છે.—

जलुवरि कोसदुगुच्चं, दहवित्थरपणसयंसवित्थारं ।
बाहल्लवित्थरद्धं, कमलं देवीण मूल्लिल्लं ॥ ३७ ॥

શબ્દાર્થઃ—

जलुवरि—જળ ઉપર
कोसदुगुच्चं—બે કોશ ઉંચું
पणसयअंस—પાંચસોમા અંશનો
बाहल्लं—જાડાઈ, બાહલ્ય
वित्थरध्धं—વિસ્તારથી અર્ધ પ્રમાણ
मूल्लिल्लं—મૂળ, મુખ્ય.

ગાથાર્થઃ—જળની ઉપર બે કોશ ઉંચું, દ્રહના વિસ્તારથી પાંચસોમા ભાગ જેટલા વિસ્તારવાળું અને વિસ્તારથી અર્ધ જાડું એવું દેવીઓનું મૂળ કમળ હોય છે ॥ ૩૭ ॥

॥ द्रहदेवीनुं मूळ कमळ ॥



આ કમળ જંબૂદ્વીપની જગતી સરખી પરંતુ ૧૮ યોજન ઉંચી જગતીવડે વીટાયલું છે.

સૂચના:- આ ચિત્રમાં કમળના બાહ્યપત્રનો લીલો વર્ણ છે તેને બદલે રકતવર્ણ સમજવો અને અભ્યંતર પત્રો અતિઅલ્પ રકતવર્ણનાં સમજવાં. કેશરા વિગેરેનો વર્ણ ગ્રંથમાં વર્ણવ્યા પ્રમાણે વિચારવો.

વિસ્તરાર્થઃ—અહિં જળની ઉપર બે ગાઉ ઉંચું કહેવાથી જળથી એટલું અધર સમજવું, કમળપત્રોનો સમુદાયજ જળથી બે ગાઉ જેટલો દૂર છે, જેથી કમળ તો જળને અડીને રહ્યું છે એમ ન જાણવું. અર્થાત્ જળની સપાટી ઉપર જેમ તરતું રાખ્યું હોય તેવું નથી પરન્તુ કમળપત્ર અને જળ એ બેની વચ્ચે બે ગાઉનું આંતરૂં વા આકાશ છે. જો એ બે ગાઉ અંતરાલના કહ્યા હોય તો પુનઃ કમળની ઉંચાઈ કહેવી તો બાકીજ રહે છે, માટેજ જાડાઈ કહેવાશે તે કમળની ઉંચાઈ જાણવી. તથા દ્રહનો વિસ્તાર પાંચસો યોજનનો હોય તો તેના પાંચસોમા ભાગે ૧ યોજન, હજાર યોજન હોય તો તેના પાંચસોમા ભાગે બે યોજન અને બે હજાર હોય ત્યાં તેના પાંચસોમા ભાગે ચાર યોજન જેટલો કમળનો વિસ્તાર જાણવો. તથા વિસ્તારના અર્ધભાગે જાડાઈ કહેવાથી ૦॥ યોજન ૧ યોજન અને ૨ યોજન જાડાઈ જાણવી. એજ કમળની પોતાની ઉંચાઈ જાણવી. અર્થાત્ બાહ્યનાં બે દ્રહોનાં બે મૂળકમળ ૧ યોજન વિસ્તૃત અને ૦॥ યોજન જાડાં છે, તથા મધ્ય બે દ્રહોનાં બે મૂળકમળ ૨ યોજન વિસ્તૃત અને ૧ યોજન જાડાં છે, અને અભ્યન્તર બે દ્રહોનાં બે કમળ ૪ યોજન વિસ્તૃત અને ૨ યોજન જાડાં છે. એ પ્રમાણે દેવીઓનાં મૂળકમળ જાણવાં ॥ ૩૭ ॥

अवतरणः—આ ગાથામાં કમળના અવયવો કયા રત્નના બનેલા છે તે કહે છે—

मूले कंदे नाले, तं वयरारिट्ठवेरुलियरुवं ।
जंबुणयमज्झतवणिज–बहिअदलं रत्तकेसरिअं ॥ ३८ ॥

શબ્દાર્થઃ—

वयर–વજ્રરત્ન
अरिट्ठ–અરિષ્ટ રત્ન
वेरुलिअ–વૈડૂર્ય રત્ન
जंबुणय–જાંબૂનદ સુવર્ણ
मज्झ–મધ્ય પત્ર
तवणिज–તપનીય સુવર્ણ
बहिअदल–બાહ્યદલ, બાહ્યપત્રો
रत्तकेसरिअं–રાતા કેસરાવાળું

गाथार्थः—દેવીનું તે મૂળ કમળ મૂળમાં વજ્રરત્નનું છે, કંદમાં અરિષ્ટરત્નનું છે, અને નાળ વૈડૂર્યરત્નમય છે, તથા જાંબૂનદસુવર્ણમય મધ્યપત્રવાળું અને તપનીય સુવર્ણમય બાહ્યપત્રવાળું તથા રાતા કેશરાવાળું છે. ॥ ૩૮ ॥

विस्तरार्थः—જમીનમાં ઉંડો ઉતરેલો જટાજૂટ સરખો ભાગ તે મૂળ વજ્રરત્નમય હોવાથી શ્વેતવર્ણે છે, જમીનની સપાટીસ્થાને રહેલ તથા મૂળ અને નાળની વચ્ચેમો જડ–જડથા રૂપ ભાગ તે અરિષ્ટરત્નનો [શની સરખો] શ્યામ વર્ણે છે, તથા નાળ રૂપ સ્કંધ તે વૈડૂર્યરત્નમય (પાનાનો) હોવાથી લીલા વર્ણનો છે, તથા કમળપુષ્પના

પત્ર સમુદાયને ઘેરીને ચારબાજુ રહેલ ચાર બાહ્યપત્રો તપનીયસુવર્ણનાં હોવાથી લાલ વર્ણનાં છે, અને અંદરના સર્વ પુષ્પપત્રો જાંબૂનદ સુવર્ણમય હોવાથી અતિઅલ્પ રક્તવર્ણવાળાં છે, અને શ્વેતતા અધિક છે, વળી ગ્રન્થાન્તરે આ અભ્યન્તરપત્રોને પીતસુવર્ણમય પણ કહ્યાં છે, ક્ષેત્રલોકપ્રકાશમાં શ્રીજંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિને અનુસારે બાહ્ય-પત્રોને વૈડૂર્યરત્નમય કહ્યાં છે, અને આ ગાથામાં તપનીય સુવર્ણમય કહ્યાં છે, એ તફાવત છે. તથા કેસરા એટલે કર્ણિકાની સર્વબાજુએ ફરતો કેસરના તંતુસરખો ભાગ તે રક્ત સુવર્ણમય હોવાથી લાલવર્ણનો છે. ॥ ૩૮ ॥

अवतरण:—આ ગાથામાં કમળની કર્ણિકા અને તે ઉપર રહેલ શ્રીદેવીનું ભવન તેનું પ્રમાણ વિગેરે કહે છે—

कमलद्धपायपिहुलुच्च—कणगमयकण्णिगोवरिं भवणं ।
अद्धेगकोसपिहुदीह—चउदसयचालधणुहुच्चं ॥ ३९ ॥

શબ્દાર્થ:—

कमल अद्ध—કમળથી અર્ધ
पाय—પાદ, ચોથા ભાગે
पिहुल उच्च—પહોળાઈ અને ઉંચાઈ
कणगमय—કનકમય, સુવર્ણમય
कन्निगा उवरिं—કર્ણિકા ઉપર
अद्ध इगकोस—અર્ધ ગાઉ અને એક ગાઉ
पिहु दीह—પૃથુ—વિસ્તાર, અને દીર્ઘતા
चउदसयचाल—ચૌદસો ચાલીસ
धणुह—ધનુષ
उच्चं—ઉંચું

गाथार्थ:—કમળના વિસ્તારથી અર્ધ પૃથુ—વિસ્તારવાળી અને કમળવિસ્તારથી ચોથા ભાગ જેટલી ઉંચી સુવર્ણની કર્ણિકા છે, તે ઉપર દેવીનું ભવન છે, તે ભવન ૦॥ ગાઉ વિસ્તારવાળું ૧ ગાઉ દીર્ઘ અને ચૌદસો ચાલીસ ધનુષ ઉંચું છે. ॥ ૩૯ ॥

विस्तरार्थ:—તે કમળમાં કર્ણિકા છે, ત્યાં કર્ણિકા તે કમળનો બીજકોશ. જેની અંદર અનેક મણિમય બીજ (લીલી કમળકાકડીઓ) રહેલી છે, જેનો આકાર લિંબડાની લિંબોડીઓ સરખો હોય છે, તે બીજકોશ રૂપ કર્ણિકા ઊર્ધ્વસ્થિત શરાવ સરખી અથવા સોનીની એરણ સરખી પણ વૃત્ત આકારવાળી હોય છે. તે કમળના પુષ્પપત્રોની વચ્ચે હોય છે, અને પત્રો એ કર્ણિકાને ચારે બાજુ વીંટાઈને રહેલાં હોય છે. કમળદળની ઉંચાઈ બે ગાઉ ઇત્યાદિ છે, ત્યારે કર્ણિકાની ઉંચાઈ તેથી પણ અર્ધી એટલે ૧ ગાઉ ઇત્યાદિ છે. માટે ગાથામાં કહેવા પ્રમાણે કમળનો વિસ્તાર ૧—૨—૪ યોજન છે, ત્યારે તેથી અર્ધ પ્રમાણ કર્ણિકાનો વિસ્તાર ૦॥—૧—૨ યોજન છે, અને કમળવિસ્તારના ચોથા ભાગે કર્ણિકાની ઉંચાઈ ૦।—૦॥—૧ યોજન છે, એવી એ સુવર્ણકર્ણિકા ઉપર તે તે દ્રહની દેવીનું ભવન ૦॥ ગાઉ પહોળું ૧ ગાઉ લાંબુ અને ૧૪૪૦ ધનુષ (એટલે ૬૦ ધનુષન્યૂન ૦॥। ગાઉ) ઉંચું છે,

પ્રશ્નઃ—કમળનું તથા કર્ણિકાનું વિસ્તારાદિ પ્રમાણ જેમ ત્રણે દ્રહયુગલોમાં જુદું જુદું કહ્યું તેમ ભવનનું પ્રમાણ જૂદું જુદું ન કહેતાં એકજ કેમ કહ્યું ?

ઉત્તરઃ—કમળો અને કર્ણિકાઓ ભિન્ન ભિન્ન પ્રમાણવાળી છે, અને સર્વે દ્રહોમાં **ભવનો એક** સરખા પ્રમાણનાં છે માટે.

એ પ્રમાણે ચાર ગાઉ વિસ્તારવાળા કમળમાં બે ગાઉ વિસ્તારવાળી કર્ણિકા અને તેમાં પણ એક ગાઉ દીર્ઘ ભવન જેમ પદ્મદ્રહમાં યોગ્ય અવસ્થાનથી રહી શકે છે. તેમ બીજા દ્રહોમાં પણ દેવીભવનો યોગ્ય અવસ્થાનથી રહ્યાં છે, ભવનની ચારે બાજુ છૂટ પણ સારી રહે છે, અને તેથી વિશેષ શોભનિક દેખાય છે. ॥ ૩૯ ॥

અવતરણઃ—આ ગાથામાં દ્રહદેવીના ભવનનાં ત્રણ દ્વાર તથા ભવનની અંદર દ્રહદેવીની શય્યા છે તે કહે છે—

पच्छिम दिसिविणु धणु पण-सय उच्च ढाइज्जसयपिहुपवेसं ।
दारतिगं इह भवणे, मज्झे दहदेविसयणिज्जं ॥ ४० ॥

શબ્દાર્થઃ—

विणु-વિના
(अ)ढाईज्जसय-અઢીસો ધનુષ
पिहु-પૃથુ, વિસ્તૃત
पवेसं-પ્રવેશ, ઉંડાઈ
दारतिगं-ત્રણ દ્વાર
मज्झ-અતિ મધ્ય ભાગે
सयणिज्जं-શયનીય, શય્યા.

ગાથાર્થઃ—પશ્ચિમ દિશા વિના શેષ ત્રણ દિશામાં પાંચસો ધનુષ ઉંચાં અને અઢીસો ધનુષ પહોળાઈ તથા પ્રવેશવાળાં ત્રણ દ્વાર આ ભવનમાં છે, તેમજ ભવનના અતિમધ્યભાગમાં દ્રહદેવીની એક શય્યા છે ॥ ૪૦ ॥

વિસ્તરાર્થઃ—સુગમ છે. વિશેષ એ કે અહિં દ્વારની જેટલી પહોળાઈ તેટલોજ પ્રવેશ જાણવો- દ્વારનો જેટલો ભાગ ઉલ્લંઘન કરવો તેટલો પ્રવેશ કહેવાય, જેથી વિસ્તાર અને પ્રવેશ એ બે જુદા જાણવા, પરન્તુ “વિસ્તારવાળો પ્રવેશ” એવો અર્થ ન કરવો.

॥ ભવનમાં દ્રહદેવીની શય્યા ॥

શય્યાનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે—શય્યાના મૂખ્ય ચાર પાયા સુવર્ણના છે, મૂળ પાયાને વિશેષ દ્રઢ કરવાના પ્રતિપાયા (કમાન આકારે ઈસને અને પાયાને લગાવેલા તીર) અનેક મણિરત્નના છે, ઈસ વિગેરે જાંબૂનદ સુવર્ણની છે, વચમાં દોરી અથવા

પાટી ભરેલી છે તે અનેક મણિમય છે. લોહિતાક્ષ રત્નમય ઓશીકાં છે, તપનીય સુવર્ણમય ગાલમસૂરિઆં છે, તે શય્યા ઉપર પુનઃ દેવીના શરીર પ્રમાણ લાંબી ગાદી પાથરેલી છે, પુનઃ ગાદી ઉપર શરીર પ્રમાણ બે લાંબાં ઓશીકાં બે પડખે છે, તેમજ પગસ્થાને અને શીર્ષસ્થાને પણ ઓશીકું છે, જેથી બે બાજુ ઉંચી (અથવા ચારે તરફ) ઉન્નત અને વચ્ચે ગંભીર (કંઈક ઉંડી) છે, વળી જેમાં પગ મૂકતાંસાથે નીચો ઉતરી જાય એવી પોચી અને કોમળ શય્યા છે, વળી તેવી શય્યા ઉપર પણ સૂતી વખતે પાથરવાની ચાદર પાથરેલી છે. અને નહિં સુવાના વખતે તે ચાદર ઉપર પણ બીજો સૂવાનવ ઓછાડ પાથરેલો રહે છે, વળી તેની ચારે પાયા ઉપર ઉભી કરેલ લાકડીઓના આધારે એક સુંદર મચ્છરદાની બાંધેલી છે, તે વડે તે શય્યા ઘણીજ શોભે છે. જ્યાં જ્યાં દેવ દેવીઓની શય્યાસંબંધિ કથન આવે ત્યાં ત્યાં એવા છત્રપલંગ યુક્ત શય્યાઓ જાણવી. ॥ ૪૦ ॥

अवतरणः—હવે આ ગાથામાં દ્રહદેવીનાં આભૂષણ રાખવાનાં કમળોનું पहेलुं वलय કહે છે—

ते मूलकमलद्धपमाणकमलाण अडहिअसएणं ।
परिरिकत्तं तब्भवणे-सु भूसणाईणि देवीणं ॥ ४१ ॥

શબ્દાર્થઃ—

ते–તે (મૂળ કમળ)
मूलकमल–મુખ્ય કમળથી
अद्धपमाण–અર્ધ પ્રમાણવાળાં
अडहिअसएणं–આઠ અધિક સો
[એકસો આઠ]

परिकिखत्तं–પરિક્ષિપ્ત, વીંટાયલું
तब्भवणेसु–તે ઉપરના ભવનોમાં
भूसणाईणि–આભૂષણ આદિ
देवीणं–દ્રહદેવીઓનાં

गाथार्थः—તે મૂળ કમળથી અર્ધપ્રમાણવાળાં [કમળોના ૧૦૮ વડે એટલે] ૧૦૮ કમળો વડે તે મૂળ કમળ વીંટાયલું છે. અને તે ઉપરના ભવનોમાં (૧૦૮ ભવનોમાં) દ્રહદેવીઓનાં આભૂષણ વિગેરે રહે છે ॥ ૪૧ ॥

विस्तरार्थः—પૂર્વે કહેલા સવિસ્તર ભાવાર્થને અનુસારે સુગમ છે. વિશેષ એજ કે અહિં અર્ધ પ્રમાણ કહ્યું તે જળથી ઉપરના ભાગે રહેલ કમળની ઉંચાઈ પહોળાઈ અને જાડાઈનું અર્ધ પ્રમાણ જાણવું, તેમજ ભવનસંબંધિ લંબાઈ પહોળાઈ ઉંચાઈ વિગેરે સર્વ અર્ધ પ્રમાણ જાણવી, પરન્તુ જળની અંદર રહેલા નાળની ઉંચાઈનું અર્ધપ્રમાણ ન જાણવું કારણકે નાળ તો સર્વ કમળોની જળપર્યન્ત ૧૦ યોજન ઉંચી છે, માટે તેમાં અર્ધપ્રમાણ ન લેવાય,

તથા કમળના છએ વલયો અર્ધ અર્ધ પ્રમાણના હોવાથી ઇંદ્રોના પ્રાસાદોની પંક્તિઓવત્ ઘણી સુંદર રચના દેખાય છે, તેમજ પરિવાર દેવો વિગેરેનાં કમળો ચઢતા ઉતરતા દરજ્જા પ્રમાણે મોટાં નાનાં હોય તોજ સમર્યાદ ગણાય, નહીતર જેવું સ્વામીનું સ્થાન તેવું સેવકનું સ્થાન એ લૌકિક રીતે પણ શોભાસ્પદ નથી ॥ ૪૧ ॥

अवतरणः—આ બે ગાથામાં તે મૂળકમળને ફરતું બીજું વલય કહે છે—

मूलपउमाउ पुव्विं, महयरिआणं चउण्ह चउ पउमा ।
अवराइ सत्त पउमा, अणिआहिवईण सत्तण्हं ॥ ४२ ॥
वायव्वाईसु तिसु सुरि-सामण्णसुराण चउसहस पउमा ।
अट्ठ दस बार सहसा, अग्गेयाइसु तिपरिसाणं ॥ ४३ ॥

શબ્દાર્થ :—

मूलपउगाउ—મૂળ કમળથી (ની)
महयरिआणं—મહત્તરિકા દેવીઓનાં
चउण्ह—ચારનાં
चउपउमा—ચાર કમળ
सुरि—દેવીના
सामण्णसुराण-સામાનિક દેવોનાં
अवराइ—અપર દિશામાં, પશ્ચિમમાં
अणियाहिवईण—અનીકાધિપતિઓનાં સેનાપતિઓનાં
सत्तण्हं—સાતનાં
अग्गेयाइसु—અગ્નિઆદિ દિશામાં
ति परिसाणं—ત્રણ પર્ષદાના દેવોનાં

गाथार्थः—મૂળ કમળથી પૂર્વ દિશામાં ચાર મહત્તરિકા દેવીઓનાં ચાર કમળો છે, અને પશ્ચિમ દિશામાં સાત સેનાધિપતિઓનાં સાત કમળો છે ॥ ૪૨ ॥ તથા વાયવ્ય આદિ ત્રણ દિશાઓમાં [એટલે વાયવ્ય દિશામાં ઉત્તર દિશામાં અને ઇશાન દિશામાં] દેવીના સામાનિક દેવોનાં (ચારહજાર સામાનિકનાં) ચારહજાર કમળો છે, અને અગ્નિકોણ આદિ ત્રણ દિશામાં (–અગ્નિકોણ દક્ષિણદિશા અને નૈઋત્યકોણમાં) ત્રણ પર્ષદાના દેવોનાં અનુક્રમે ૮૦૦૦–૧૦૦૦૦–૧૨૦૦૦ કમળો છે ॥ ૪૩ ॥

विस्तरार्थ :—મહત્તરિકા એટલે દેવીની વડેરી દેવીઓ વૃદ્ધાઓ સરખી જાણવી. જે દ્રહદેવીઓને પણ પૂજ્ય દેવીઓ છે, તેવી ફક્ત ચાર દેવીઓ છે તેનાં ચાર કમળ દેવીના મુખ્ય કમળથી પૂર્વદિશામાં છે. તથા મહિષનું (પાડાનું), અશ્વનું, હસ્તિનું, રથનું, સુભટનું, ગંધર્વનું અને નટનું સૈન્ય, એમ સાત પ્રકારનાં સૈન્ય દરેક દ્રહ દેવીને છે, તે સાત સૈન્યના સાત અધિપતિ તે સાત સેનાપતિનાં સાત કમળો પશ્ચિમ દિશામાં છે.

તથા દ્રહદેવીની સરખી ઋદ્ધિવાળા મહર્ધિક દેવો ચાર હજાર છે, જેઓ દ્રહદેવીના કારભારમાં પણ કંઈક ભાગ લેનારા હોય છે, દ્રહદેવીના ચ્યવી ગયા પછી જ્યાં સુધી બીજી દેવી ઉત્પન્ન ન થાય ત્યાં સુધી રાજવહિવટ એમાંના મુખ્ય ચાર પાંચ દેવો મળીને ચલાવે છે, એવા તાજ વિનાના રાજા સરખા એ સામાનિક દેવોનાં ચાર હજાર કમળો વાયવ્ય ઉત્તર અને ઇશાન એ ત્રણ દિશામાં અનેક પંક્તિથી ગોઠવાયાં છે.

તથા આ દ્રહદેવીઓને દરેકને ત્રણ ત્રણ સભાઓ છે, સભાનાં નામ સ્પષ્ટ જોવામાં આવ્યાં નથી, પરન્તુ **સમિતા ચંડા અને જાતા** નામની સભાઓ સંભવે છે. પહેલી અભ્યન્તરસભા બીજી મધ્યસભા અને ત્રીજી બાહ્યસભા ગણાય છે. અભ્યન્તરસભાના દેવો ઘણા માન મોભાવાળા હોવાથી દેવી બોલાવે ત્યારે જ દેવી પાસે જનારા હોય છે, મધ્યસભાના દેવો બોલાવે અથવા ન બોલાવે તો પણ જરૂર પડયે દેવી પાસે જાય છે, અને બાહ્યસભાના દેવો દેવીના બોલાવવાની અપેક્ષા રાખતા નથી, પરન્તુ વિના બોલાવ્યે કામ હોય કે ન હોય તોપણ આવજા કરનારા હોય છે. તથા અમુક કાર્ય કરવા માટે પ્રથમ અભ્યન્તર સભા સાથે મંત્રણા ચાલે છે, અને નિર્ણય પણ અભ્યન્તરસભા દ્વારાજ થાય છે, કાર્યનો નિર્ણય વિચાર્યા બાદ મધ્યસભાને તે નિર્ણય સંભળાવવામાં આવે છે, અને મધ્યસભા તે કાર્ય કરવા માટે બાહ્યસભાને સોંપે છે. એવી તે બાહ્યસભા તો નિર્ણીત થયેલા કાર્યને કરવાવાલી હોય છે, પરન્તુ ગુણદોષની ઉદ્ભાવના કરવાનું તેઓને છેજ નહિં. એ પ્રકારની ત્રણ સભાઓમાં અનુક્રમે ૮ હજાર ૧૦ હજાર ને ૧૨ હજાર દેવો છે, તેનાં ૮૦૦૦-૧૦૦૦૦-૧૨૦૦૦ કમળો અગ્નિકોણ દક્ષિણ અને નૈઋત્યકોણ એ ત્રણ દિશામાં ઘણી પંક્તિથી ગોઠવાયલાં છે. એ પ્રમાણે આઠે દિશામાં મળીને ૩૪૦૧૧ કમળો વિષમ વલયાકારે ગોઠવાયાં છે. इति द्वितीय वलय ॥ ४३ ॥

अवतरणः—હવે આ ગાથામાં મૂળ કમળને ફરતું ત્રીજું વલય કહે છે—

इअ बीअ परिक्खेवो, तइए चउसुवि दिसासु देवीणं ।
चउ चउ पउमसहस्सा सोलस सहसाऽऽयरक्खाणं ॥ ४४ ॥

શબ્દાર્થઃ—

इअ बीअ-એ બીજો
परिक्खेवो-પરિક્ષેપ; વલય
तइए-ત્રીજા વલયમાં
सोलस सहसा-સોળહજાર
आयरक्खाण-આત્મરક્ષકોનાં, અંગરક્ષક દેવોનાં

गाथार्थः—એ પૂર્વગાથામાં બીજો પરિક્ષેપ (બીજું વલય) કહ્યો. હવે ત્રીજા વલયમાં ચારે દિશાએ ચાર ચાર હજાર કમળો મળી સોળહજાર કમળો છે તે દેવીના આત્મરક્ષક દેવોનાં કમળો છે (અર્થાત્ દેવીના અંગરક્ષક દેવો ૧૬૦૦૦ છે.) ॥ ૪૪ ॥

विस्तरार्थ :—સુગમ છે. વિશેષ એજ કે–દેવીના અંગને કોઈપણ જાતનું નુકશાન થવા ન પામે તેવી રીતે ઉઘાડાં શસ્ત્ર કરી નજર રાખનારા સાવધાન વૃત્તિવાળા ૧૬૦૦૦ દેવ છે, તે દેવી સભામાં બેસે ત્યારે પણ ઉઘાડાં શસ્ત્ર રાખી ચાર દિશામાં ચાર ચાર હજારની સંખ્યાએ ગોઠવાઈ જાય છે. માટે એ અંગરક્ષક દેવો કહેવાય છે, ઈન્દ્રાદિ સર્વ અધિપતિ દેવોને સામાનિક અંગરક્ષક સૈન્ય અને સભાના દેવો હોય છે, તેમજ આભિયોગિક દેવો પણ હોય છે. એ ૧૬૦૦૦ અંગરક્ષક દેવોનાં ચારે દિશાએ ચાર ચાર હજાર કમળો છે ॥ ૪૪ ॥

अवतरणः—હવે આ ગાથામાં મૂળ કમળને ફરતાં આભિયોગિક દેવોનાં ત્રણ વલય એટલે ૪–૫–૬ વલજ કહે છે—

अभिओगाइतिवलए, दुतीसचत्ताऽडयाललक्खाइं ।
इगकोडिवीसलरका, सड्ढा वीसं सयं सव्वे ॥ ४५ ॥

શબ્દાર્થ :—

अभियोगाइ–આભિયોગિક દેવોના	इगकोडि–એક ક્રોડ
ति वलए–ત્રણ વલયોમાં	वीसलक्खा–વીસ લાખ
दुतीस (लक्खाइं)–બત્રીસ (લાખ)	सड्ढा–સાર્ધ, અર્ધ સહિત (૫૦૦૦૦ સહિત)
चत्त (लक्खाइं)–ચાલીસ (લાખ)	वीसं सयं–એકસોવીસ.
अडयाल लक्खाइं–અડતાલીસ લાખ	

गाथार्थः—આભિયોગિક વિગેરે દેવોના ત્રણ વલયમાં અનુક્રમે ૩૨૦૦૦૦૦, ૪૦૦૦૦૦૦, ૪૮૦૦૦૦૦ કમળો છે. તે સર્વ મળીને એક ક્રોડ વીસલાખ અને લાખના અર્ધ સહિત એટલે પચાસહજાર એકસોવીસ (૧૨૦૫૦૧૨૦) છે ॥ ૪૫ ॥

विस्तरार्थः—સુગમ છે. વિશેષ એ કે–આભિયોગિક એટલે કહ્યું કાર્ય કરનારા સેવક દેવો. તથા ગાથામાં अभिओगाइ–એ પદમાં आइ–આદિ શબ્દ છે, તે આભિયોગિક સિવાયના બીજા પણ દેવોને ગ્રહણ કરવા માટે નથી, પરન્તુ આભિયોગિકના ત્રણ પ્રકારને સૂચવનારો છે. ઉત્તમ મધ્યમ ને અધમ કાર્ય કરવાના ભેદથી આભિયોગિકના ત્રણ ભેદ પડયા છે તે પૂર્વે ૩૬મી ગાથાના વિસ્તરાર્થમાં દર્શાવ્યું છે એ પ્રમાણે છએ વલયનાં કમળો અને ૧ મુખ્ય કમળ મળી એક ક્રોડ વીસ લાખ પચાસહજાર એકસોવીસ કમળો છે. એ સર્વ સચિત્ત પૃથ્વીકાય રત્નનાં છે. બીજાં પણ વનસ્પતિ-કમળો એ દ્રહમાં હજારો છે. વળી કમળ એ જોકે કમલિનીનું પુષ્પ વ્યવહારમાં ગણાય છે, પરન્તુ અહિં તો કમળના આકારનાં પૃથ્વી પરિણામી વૃક્ષોજ જાણવાં, જેથી કંદ મૂળ ઇત્યાદિ કથન ઘટી શકે છે. ॥ ૪૫ ॥

॥ द्रहदेवीना परिवारकमळनां ६ वलय ॥

[ગા૦ ૪૫, પૃ૦ ૬૯]

સર્વ કમળ ૧૨૦૫૦૧૨૦. દરેક વલયમાં અનુક્રમે અર્ધ અર્ધ પ્રમાણવાળાં કમળો.



અવતરણઃ—પૂર્વે કહેલા પદ્મદ્રહ આદિ ૬ મહાદ્રહોમાં નદીઓને નીકળવાનાં બે બે ત્રણ ત્રણ દ્વાર છે તે દ્વારોનું સ્વરૂપ આ ગાથામાં કહેવાય છે—

पुव्वावरमेरुमुहं, दुसु दारतिगंपि सदिसि दहमाणा ।
असिईभागपमाणं, सतोरणं णिग्गयणईअं ॥ ४६ ॥

શબ્દાર્થ—

પુવ્વ અવર—પૂર્વે અને પશ્ચિમે
મેરુ મુહં—મેરૂ સન્મુખ
દુસુ—બે સરોવરોમાં
દારતિગં અપિ—ત્રણે દ્વાર પણ
સદિસિદહમાણા—સ્વદિશિદ્રહના માનથી

અસિઈ—એંસીમા
ભાગપમાણ—ભાગે પ્રમાણવાળું
સતોરણં—તોરણ સહિત
ણિગ્ગય—નિર્ગત, નિકળેલી
ણઈઅં—નદીવાળું

गाथार्थः—બે સરોવરમાં અનુક્રમે પૂર્વ દિશા સન્મુખ પશ્ચિમ દિશા સન્મુખ અને મેરૂપર્વત સન્મુખ એમ ત્રણ ત્રણ દ્વાર છે. અને તે દ્વાર પોતાની દિશમાં રહેલા દ્રહના પ્રમાણથી એંસીમા ભાગના પ્રમાણવાળું (=વિસ્તૃત) છે, તોરણ સહિત છે, અને દરેકમાંથી એકેક મહાનદી નિકળી છે, એવાં એ ત્રણ દ્વાર છે. ॥ ૪૬ ॥

विस्तरार्थः—બહારના બે દ્રહોમાં ત્રણ ત્રણ દ્વાર છે. ત્યાં પદ્મદ્રહમાં પૂર્વ દિશાએ તોરણ સહિત (દ્વાર આગળનો કમાનભાગ તે સહિત) જે દ્વાર છે તે ૬। (સવા છ) યોજન પહોળું છે, કારણકે પૂર્વદિશા તરફ દ્રહનું પ્રમાણ ૫૦૦ યોજન છે, અને પાંચસોનો એંસીમો ભાગ સવા છ યોજન છે, માટે એ ૬। યોજન વિસ્તારવાળા પૂર્વદ્વારમાંથી गंगानदी નામની મહાનદી ૬। યોજનના પટ–પ્રવાહથી નિકળી છે. પશ્ચિમ દિશામાં દ્રહનું પ્રમાણ પાંચસો યોજન હોવાથી તેના એંસીમા ભાગે ૬। યોજન વિસ્તારવાળા દ્વારમાંથી सिंधू नदी નામની મહાનદી પણ એટલાજ પ્રવાહ–પટવાળી નિકળી છે, તથા ઉત્તર દિશામાં દ્રહનું પ્રમાણ ૧૦૦૦ યોજન હોવાથી તેના એંસીમા ભાગે સાડાબાર યોજન વિસ્તારવાળું ઉત્તરદિશિનું દ્વાર છે, તેમાંથી रोहितांशा नदी ૧૨॥ યોજનના પ્રવાહવાળી નિકળી છે. એ પ્રમાણે પદ્મદ્રહનાં ત્રણ દ્વારમાંથી ત્રણ નદીઓ ત્રણ દિશાએ નિકળી, તેમાં ગંગા અને સિંધૂ નદી પર્વત ઉપર કેટલાક યોજન સુધી વહીને ભરતક્ષેત્ર તરફ વળી, અને રોહિતાંશા નદી પર્વત ઉપર સીધી વહીને હિમવંત-ક્ષેત્રમાં પડે છે. એ ત્રણે દ્વારો એકેક તોરણ સહિત છે, તોરણ એટલે નદીના પ્રવાહ ઉપર દેખાતો કમાન આકારવાળો અને કમાડવિનાનો દ્વારભાગ સરખો દેખાવ જાણવો.

તથા ઐરાવતક્ષેત્રના પુંડરીકદ્રહનો પૂર્વપશ્ચિમ વિસ્તાર પાંચસો યોજન હોવાથી તેના એંસીમા ભાગે ૬। યોજન જેટલાં વિસ્તારવાળાં બે દ્વારમાંથી रक्ता અને रक्तवती નામની મહાનદી ૬। યોજન પ્રવાહથી નીકળી કંઈક યોજન પર્વત ઉપર વહી ઐરાવત ક્ષેત્ર તરફ વળે છે, અને દક્ષિણદિશા તરફ ૧૦૦૦ યોજન દ્રહપ્રમાણ હોવાથી તેના એંસીમા ભાગે ૧૨॥ યોજન વિસ્તારવાળા દ્વારમાંથી ૧૨॥ યોજન પ્રવાહ વિસ્તારવાળી सुवर्णकूला નદી નામની મહાનદી નિકળી સીધી પર્વત ઉપર વહી હિરણ્યવંત ક્ષેત્રમાં પડે છે. એ પ્રમાણે શિખરી પર્વત ઉપરના પુંડરીકદ્રહનાં ત્રણ દ્વાર પણ તોરણ સહિત અને નદીના નીકળતા પ્રવાહવાળાં છે. ॥ ૪૬ ॥

अवतरणः—પૂર્વોક્ત છ મહાદ્રહો પૈકી બે મહાદ્રહોના દ્વારોનું વર્ણન કરીને શેષ ચાર મહાદ્રહોમાંથી નદીઓને નીકળવાના દ્વારોનું વર્ણન આ ગાથામાં કહેવાય છે—

जामुत्तरदारदुगं, सेसेसु दहेसु ताण मेरुमुहा ॥
सदिसिदहासियभागा, तयद्धमाणा य बाहिरिया ॥ ४७ ॥

શબ્દાર્થ—

जाम्मुत्तर—દક્ષિણ અને ઉત્તર દિશાએ	मेरुमुहा—મેરૂ સન્મુખ
दारदुगं—બે બે બારણા	सदिसिदहा—પોતાની દિશામાં રહેલ દ્રહના
सेसेसु—બાકીના	असियभागा—એંશીમા ભાગે
दहेसु—દ્રહોને વિષે	तयद्धमाणा—તેનાથી અર્ધ પ્રમાણવાળા
ताणं—તેઓમાં	बाहिरिया—બહારનાં.

गाथार्थः—શેષ ચાર દ્રહને વિષે દક્ષિણ અને ઉત્તર દિશાએ બે બે દ્વારો છે તેમાંથી જે દ્વારો મેરૂ સન્મુખ રહેલા છે તે પોતાની (મેરૂસન્મુખ) દિશામાં રહેલ દ્રહની લંબાઈની અપેક્ષાએ એંશીમા ભાગે છે. તથા બાહ્યનાં (દક્ષિણ તથા ઉત્તરના) દ્વારો તેની (મેરૂસન્મુખ દ્વારની) અપેક્ષાએ અર્ધ પ્રમાણવાળાં છે. ॥ ૪૭ ॥

विस्तरार्थः—બાકી રહેલા મહાપદ્મદ્રહ, મહાપુંડરીકદ્રહ, તિગિંછિદ્રહ, કેસરીદ્રહ એ ચાર દ્રહોમાં દક્ષિણ ઉત્તર બે બે દ્વાર છે. તેમાં મેરૂપર્વત તરફ જે દ્વાર છે તે મેરૂપર્વત તરફ દ્રહની લંબાઈની અપેક્ષાએ એંશીમા ભાગે છે. તે આ પ્રમાણે—મહાપદ્મદ્રહ, તથા મહા પુંડરીકદ્રહ, મેરૂપર્વત તરફ ૨૦૦૦—યોજન લાંબો છે. તેનો એંશીમો ભાગ ૨૫ યોજન આવે. એટલે તે બન્ને દ્રહોનું દ્વાર—મેરૂપર્વત તરફ ૨૫ યોજન વિસ્તારવાળું છે. તેમજ બાહ્યના (મેરૂપર્વતતરફ નહિં પણ લવણસમુદ્રતરફના) મેરૂસન્મુખ દ્વારની અપેક્ષાએ અર્ધપ્રમાણવાળા એટલે સાડાબાર ૧૨॥ યોજન પ્રમાણ વિસ્તારવાળા છે છે કારણકે તે તરફ દ્રહની લંબાઈ એકહજાર યોજન પ્રમાણ છે. તેનો એંશીમો ભાગ સાડાબાર યોજન આવે. વળી તેજ પ્રમાણે તિગિંછીદ્રહ તથા કેસરીદ્રહ મેરૂ-સન્મુખ ૪૦૦૦ ચારહજાર યોજન પ્રમાણ વિસ્તારવાળા છે. તેનો એંશીમો ભાગ ૫૦ પચાસ યોજન આવે, તેથી તે બન્ને દ્રહોનાં મેરૂસન્મુખ દ્વારો પંચાસ યોજન પ્રમાણ વિસ્તારવાળા છે, અને બાહ્યના (મેરૂસન્મુખ નહિં પરંતુ લવણ સમુદ્ર તરફના) દ્વારો તેનાથી અર્ધ પ્રમાણવાળા એટલે ૨૫ યોજન પ્રમાણ વિસ્તારવાળાં છે. અહિં એ પણ સાથે સમજી લેવું જે તે સર્વ દ્વારો તોરણ (દ્વાર આગળ કમાનના ભાગ) સહિત છે, તેમજ દરેક દ્વારમાંથી નદીઓ વહે છે. ॥ ૪૭ ॥

अवतरणः—હવે આ ગાથામાં નદીઓનાં નામ તથા તેનો પ્રવાહ કહે છે—

गंगा सिंधू रत्ता, रत्तवई बाहिरं णइचउक्कं ।
बहिदहपुव्वावरदार,—वित्थरं वहइ गिरिसिहरे ॥ ४८ ॥

શબ્દાર્થ:—

गंगा सिंधू—ગંગા નદી, સિંધૂ નદી.	पुव्व अवर—પૂર્વ પશ્ચિમના.
रत्ता रत्तवइ—રક્તા નદી, રક્તાવતી નદી.	दारवित्थरं—દ્વારના વિસ્તાર પ્રમાણે.
बाहिरं—બહારની, બાહ્ય બે ક્ષેત્રની.	वहइ—વહે છે.
णइ चउक्कं—નદી ચતુષ્ક, ચાર નદી.	गिरिसिहरे—ગિરિશિખરપર, પર્વતઉપર.
बहिदह—બાહ્ય દ્રહયુગલના.	

॥ द्रहोमांथी निकळती नदीओ ॥

[गा० ४७, पृ० ८१]

પૃ. ૭૩





ગાથાર્થઃ—ગંગા સિંધુ રક્તા અને રક્તવતી એ બહારના ક્ષેત્રની ચાર નદીઓ બહારના દ્રહોના પૂર્વ પશ્ચિમ દ્વારના વિસ્તાર જેટલા પ્રવાહે પર્વતના શિખર ઉપર વહે છે. ॥ ૪૮ ॥

विस्तरार्थः—પદ્મદ્રહ અને પુંડરીકદ્રહ એ બે બાહ્યદ્રહ છે, કારણકે સર્વ પર્વતોથી બહારના (છેલ્લા) લઘુહિમવંત અને શિખરી એ બે પર્વતો પર આવેલા છે. તે દ્રહોના પૂર્વદ્વારનો અને પશ્ચિમદ્વારનો વિસ્તાર પૂર્વે કહ્યા પ્રમાણે સવા છ યોજનનો છે, માટે બહારના ક્ષેત્રોમાં વહેતી અને એજ બે દ્રહોમાંથી પૂર્વ પશ્ચિમ દ્વારે નીકળતી ગંગા સિંધૂ રક્તા અને રક્તવતી એ ચાર બાહ્ય નદીઓ દરેક સવા છ યોજનના પ્રવાહથી પર્વત ઉપર વહે છે. એ રીતે કેટલા યોજન સુધી પર્વત ઉપર વહે છે તે વાત હવે પછીની ગાથામાં કહેવાશે. વળી જેમ આ ચાર નદીઓ બાહ્ય નદીઓ ગણાય છે, તેમ હિમવંત અને હિરણ્યવંતક્ષેત્રની ચાર નદીઓ મધ્યનદીઓ, અને હરિવર્ષ તથા રમ્યક્ક્ષેત્રની ચાર નદીઓ અભ્યન્તરનદીઓ ગણાય. તથા મહાવિદેહની અપેક્ષાએ તો એ ચાર નદીઓ પણ મધ્યનદીઓ ગણાય. અને મહાવિદેહની અભ્યન્તરનદીઓ કહેવાય, **જંબૂદ્વીપ લઘુસંગ્રહણી**માં એ આઠે નદીઓને અભ્યન્તરનદીઓ કહેલી છે. ॥ ૪૮ ॥

अवतरणः—પૂર્વ ગાથામાં ચાર બાહ્ય નદીઓ ૬। યોજનના પ્રવાહથી પર્વત ઉપર વહે છે એમ કહ્યું, અને હવે આ બે ગાથામાં તે નદીઓ પર્વત ઉપર કેટલા યોજન સુધી વહે છે અને ત્યારબાદ તેનો પ્રવાહ ક્યાં પડે છે? તે પણ કહે છે.

पंचसय गंतुणिअगा–वत्तणकूडाउ वहिमुहं वलइ ।
पणसय तेवीसेहिं, साहिअतिकलाहिं सिहराओ ॥ ४९ ॥
णिवडइ मगरमुहोवम–वयरामय जिब्भियाइं वयरतले
णिअगे णिवायकुंडे मुत्तावलिसमपवाहेण ॥ ५० ॥

શબ્દાર્થઃ—

गंतु=જઈને, વહીને
णिअग आवत्तण कूडाउ=પોતાના નામવાળા આવર્ત્તન કૂટથી
वहिमुहं=બાહ્ય ક્ષેત્રની સન્મુખ
वलइ=વળે, તે તરફ વાંકી થાય.
पणसयतेवीसेहिं=પાંચસો ત્રેવીસ યોજન
साहिअ=સાધિક, અધિક
तिकलाहिं=ત્રણ કળા
सिहराओ=શિખર ઉપરથી

णिवडइ=પડે
मगरमुह उवम=મગરમુખ સરખી
वयरामय=વજ્રમય
जिब्भियाइं=જીહ્વિકા દ્વારા, પ્રનાલદ્વારા
वयरतले=વજ્રમય તળીયાવાળા
णिअगे=પોતાના નામવાળા
णिवायकुंडे=નિપાતકુંડમાં, પ્રપાતકુંડમાં
मुत्तावलि सम=મોતીના હાર સરખા
पवाहेण=પ્રવાહ વડે

ગાથાર્થઃ—તે ચાર નદીઓ પાંચસો યોજન સુધી જઈને પોતાના નામવાળા આવર્ત્તનકૂટથી બાહ્યક્ષેત્ર સન્મુખ વળે છે, ત્યારબાદ પાંચસો ત્રેવીસ યોજન અને કંઈક અધિક ત્રણકળા સુધી વહીને શિખર ઉપરથી મગરમુખ સરખા આકારવાળી અને વજ્રમય એવી જીહ્વિકા દ્વારા વજ્રમય તળીયાવાળા પોતાના નામના પ્રપાતકુંડમાં મોતીના હાર સરખા પ્રવાહે પડે છે ॥ ૪૯ ॥ ૫૦ ॥

વિસ્તરાર્થઃ—તે બહારની ચાર નદીઓ પોતપોતાના દ્વારમાંથી નીકળી સીધી લીટીએ ૫૦૦ યોજન સુધી પર્વત ઉપર વહે છે, ત્યારબાદ તે સ્થાને પોતાના નામ-

॥ जीह्विकामां थइने पडतो नदीनो धोध ॥

[ગા૦ ૫૦, પૃ૦ ૭૫]



વાળું આવર્તન કૂટ-શિખર આવે છે, અર્થાત્ ગંગાનદી પૂર્વ દિશામાં વહે છે ત્યાં गंगावर्त्तन कूट, સિંધૂનદી પશ્ચિમ દિશાએ વહે છે ત્યાં પાંચસો યોજન દૂર જતાં सिंद्वावर्त्तन कूट આવે છે, એ પ્રમાણે રકતા નદી પાંચસો યોજન વહ્યા બાદ रक्तावर्त्तन कूट અને રક્તવતી પાંચસો યોજન વહ્યા બાદ તે સ્થાને रक्तावत्यावर्त्तन कूट આવે છે, જેથી નદીની સીધી ગતિમાં વ્યાઘાત-નડતર થવાથી એ ચારે નદીઓ કૂટથી *૧ ગાઉ દૂર રહી પોતાના સીધા પ્રવાહને વક્ર કરી બહારના ભરત ઐરાવતક્ષેત્રો સન્મુખ વળે છે. ત્યાં ગંગા અને સિંધૂ ભરતક્ષેત્ર તરફ વળે છે, અને રક્તારક્તવતી ઐરાવતક્ષેત્ર તરફ વળે છે.

॥ ચાર આદ્ય નદીઓનો પર્વત ઉપર વક્ર પ્રવાહ ॥

એ પ્રમાણે પોતાના આવર્ત્તનકૂટના નડતરથી વક્ર થયેલો નદીનો પ્રવાહ પુનઃ પર્વત ઉપર જ વહી પર્વતના કિનારે આવે છે, ત્યાં સુધીમાં કેટલા યોજન વહે છે? તે કહે છે કે.—આવર્ત્તનકૂટથી વક્ર થયેલો નદીપ્રવાહ પુનઃ પર્વત ઉપર પાંચસો ત્રેવીસ યોજન ત્રણ કળા [૫૨૩ યો. ૩ ક.] વહે છે, ત્યારબાદ પર્વતનો કિનારો આવે છે, જેથી પર્વત સમાપ્ત થાય છે. અહિં ૫૨૩ યો. ૩ ક. નો હિસાબ આ રીતે—પર્વતનો વિસ્તાર ૧૦૫૨-૧૨ છે, તેમાંથી નદીનો પ્રવાહ ૬ા યોજન બાદ કરતાં [એટલે ૬ યોજન ૪ાા કળા બાદ કરતાં] ૧૦૪૬ યો. ૭ા ક. આવે તેનું અર્ધ કરતાં ૫૨૩ યોજન ૩ાા કળા ઉપરાન્ત $\frac{1}{8}$ કળા આવે [અથવા ૫૨૩ યો. ૩$\frac{5}{8}$ ક. આવે]. એટલા યોજન સુધી આવર્ત્તનકૂટથી પર્વત ઉપર વહીને જિહ્વિકામાં પ્રવેશ કરે છે.

॥ જિહ્વિકામાંથી કુંડમાં પડતા નદીઓના ધોધ ॥

નદીઓના પ્રવાહ જે જિહ્વિકાઓમાં થઈને પડે છે તે જિહ્વિકા પ્રનાલ સરખા આકારવાળી અને છેડે ફાડેલા મગરના મુખ સરખી હોય છે, અને વજ્રરત્નની બનેલી હોય છે, તેમાં થઈને પર્વત ઉપરથી નીચે પોતપોતાના નામવાળા કુંડમાં પડે છે, ત્યાં ગંગાનદી गंगाप्रपातकुंड નામના કુંડમાં પડે છે, એ રીતે સિંધૂ નદી सिंधूप्रपातकुंडમાં પડે છે, રક્તા નદી रक्ताप्रपातकुंडમાં અને રક્તવતી નદી रक्तवती प्रपात कुंडમાં પડે છે. એ પ્રમાણે જિહ્વિકાઓમાં થઈને નીચે પડતો કંઈક [1]અધિક ૧૦૦-૧૦૦ યોજન લાંબો ધોધનો દેખાવ દૂરથી દેખતાં જાણે મોતીનો હાર હોય તેવો શ્વેતવર્ણે દેખાય છે. વળી એ ધોધ જિહ્વિકામાં થઈને પડતા હોવાથી નદીઓનું પાણી પર્વતને ઘસાઈને પડતું

* શ્રી રત્નશેખરસૂરિએ સ્વોપજ્ઞવિવરણ પ્રસંગે ૫૯ મી ગાથાના વિવરણમાં ૧ ગાઉ કહ્યો છે તે અનુસારે અહિં કૂટવર્જન કહ્યું છે, પરન્તુ બીજે કોઈ સ્થાને કૂટવર્જન દેખવામાં આવ્યું નથી.

૧ ધોધની લંબાઈ સાધિક ૧૦૦ યોજન કહી છે, તે ૧૦૦ યોજન પર્વત ઉંચો છે, તે ઉપરાંત કિંચિત્ અધિકતા જિહ્વિકામાંથી પડતી વખતે કંઈક વક્રતા થવાની અપેક્ષાએ તેમજ નીચે કુંડમાં પણ પ્રવાહ કંઈક ઉંડો પહોંચવાની અપેક્ષાએ સંભવે છે, તત્ત્વ શ્રી બહુશ્રુતગમ્ય.

નથી, પરન્તુ જિવ્હિકા બે ગાઉ લાંબી હોવાથી પર્વતથી કંઇક દૂર રહીને પડે છે, જેથી પર્વત ભીંજાતો [1]નથી. તથા એ ધોધ જે કુંડોમાં પડે છે તે કુંડોનાં તળીયાં વજ્રરત્નમય છે ॥ ૪૯ ॥ ૫૦ ॥

अवतरण:—હવે આ ગાથામાં તે જિવ્હિકાઓનું પ્રમાણ-માપ કહે છે.—

दहदारवित्थराओ वित्थरपन्नास भागजड्डाओ ।
जड्डताओ चउगुण-दीहाओ सव्वजिब्भीओ ॥ ५१ ॥

શબ્દાર્થ:—

સુગમ છે-ગાથાર્થને અનુસારે

ગાથાર્થ:—દ્રહદ્વારના વિસ્તાર જેટલા વિસ્તારવાળી, વિસ્તારથી પચાસમા ભાગે જાડી, અને જાડાઇથી ચારગુણી દીર્ઘ-લાંબી એવી સર્વે જિવ્હિકાઓ છે. ॥ ૫૧ ॥

વિસ્તરાર્થ:—નદીઓના ધોધ જે જિવ્હિકાઓમાં થઈને પડે છે તે જિવ્હિકાઓનું પ્રમાણ અહિં કહેવાય છે.

॥ જિવ્હિકાઓનું પ્રમાણ ॥

જિવ્હિકાઓ દરેક દ્રહદ્વારના વિસ્તાર જેટલા વિસ્તારવાળી, વિસ્તારના પચાસમા ભાગે જાડી અને જાડાઈથી ચારગુણી લાંબી છે, જેથી

બહારની ૪ જિવ્હિકાઓ—૬। યોજન વિસ્તારવાળી, ૦॥ ગાઉ જાડી, અને ૨ ગાઉ લાંબી છે.

મધ્યની ૪ જિવ્હિકાઓ—૧૨॥ યોજન વિસ્તારવાળી, ૧ ગાઉ જાડી, અને ૪ ગાઉ લાંબી છે.

અભ્યન્તરની ૪ જિવ્હિકા—૨૫ યોજન વિસ્તારવાળી, ૨ ગાઉ જાડી, ૨ યોજન લાંબી. (૮ ગાઉ)

સીતા સીતોદાની જિવ્હિકા—૫૦ યોજન વિસ્તૃત, ૪ ગાઉ જાડી, ૪ યોજન લાંબી.

અહિં જાડી એટલે ઉંચી જાણવી [પરન્તુ જિવ્હિકાની ઠીકરીની જાડાઈ સ્પષ્ટ કહી [2]નથી,] જેથી પાણીની ઉંડાઈ જેટલી જિવ્હિકા ઉંચી છે, અને પાણીના પ્રવાહ

૧ શાસ્ત્રમાં ઘટમુખપ્રવૃત્તિરૂપે ધોધ પડવો કહ્યો છે, એટલે ઘડામાંથી નિકળતું જળ જેવો અવાજ કરે છે તેવાજ અવાજે નદીઓના ધોધ પડે છે, એમ કહ્યું છે. માટે ઉપલક્ષણથી ઘડામાંથી જળ નીકળતાં ઘડો ભીંજાતો નથી તેમ પર્વત પણ ભીંજાતો નથી.

૨ ઠીકરીની જાડાઈ પણ એટલીજ હોવી ઘટી શકે છે. વળી એ જિવ્હિકા ઉપરના ભાગમાં ખુલ્લી સમજાય છે, કારણકે ૬। યોજનાદિ પહોળાઈ પ્રમાણે ઉપરનો ભાગ જો આચ્છાદિત હોય તો ઉંચાઈ ઘણી વધી જાય, માટે ઉપરથી ખુલ્લી સમજાય છે.

જેટલીજ પહોળી છે, વળી દીર્ઘતાનો કેટલોક ભાગ પર્વતમાં પણ હોય, માટે દીર્ઘતા પ્રમાણે જ પ્રવાહ દૂર પડે છે એમ નહિં, પરન્તુ કંઈક ન્યૂન દૂર હોય ॥ ૫૧ ॥

अवतरण:—નદીઓ જે પ્રપાતકુંડોમાં પડે છે તે કુંડોમાં દરેકમાં મધ્ય ભાગે નદીની અધિષ્ઠાત્રી દેવીનો એકેક દ્વીપ હોય છે તેનું સ્વરૂપ આ ગાથામાં કહે છે—

कुंडंतो अट्ठजोयण, पिहुलो जलउवरि कोसदुगमुच्चो ।
वेइजुओ णइदेवी–दीवो दहदेविसमभवणो ॥ ५२ ॥

શબ્દાર્થ—

कुडंतो–કુંડની અંદર, કુંડ મધ્યે
अट्ठजोयण–આઠ યોજન
पिहुलो–પહોળો, વિસ્તારવાળો
कोसदुगमुच्चो–બે કોશ ઉંચો
वेइजुओ–વેદિકાયુક્ત
णइदेवीदीवो–નદીદેવીનો દ્વીપ
दहदेवीसम–દ્રહદેવીના ભવન સરખા
भवणो–ભવનવાળો.

गाथार्थः–કુંડની અંદર (મધ્યભાગે) આઠ યોજન લાંબો પહોળો, જળની ઉપર બે ગાઉ ઉંચો દેખાતો, ચારે બાજુ ફરતી વેદિકા સહિત અને દ્રહદેવીના ભવન સરખા ભવનવાળો એવો નદીદેવીનો દ્વીપ છે ॥ ૫૨ ॥

विस्तरार्थः—જેમ પદ્મદ્રહાદિકની અધિષ્ઠાતા શ્રીદેવી વિગેરે દેવીઓ છે, તેમ દરેક નદીની અધિષ્ઠાતા દેવી પણ તે તે નદીના નામવાળી હોય છે. જેમ ગંગાનદીની અધિષ્ઠાતા ગંગાદેવી ઇત્યાદિ. એ ગંગાદેવી વિગેરે નદીદેવીઓ એ ગંગાપ્રપાત આદિ પોતપોતાના નામવાળા કુંડોમાં અને તે કુંડની અંદર આવેલા પોતપોતાના નામવાળા દ્વીપોમાં રહે છે. જેમ ગંગાદેવી ગંગાદ્વીપમાં રહે છે ઇત્યાદિ. આ ગંગાદેવી તે જ કે જેની સાથે ભરત ચક્રવર્તી ૧૦૦૦ વર્ષ સુધી રહ્યા હતા, અને તેટલો કાળ ભોગવિલાસમાં વ્યતીત કર્યો હતો. એ ગંગાદેવીદ્વીપની લંબાઈ પહોળાઈ ૮ યોજન છે, અને વૃત્ત આકારે છે, તથા જળની ઉપર બે ગાઉ ઉંચો દેખાય છે, પરન્તુ જળમાં પણ દશ યોજન ડૂબેલો હોવાથી મૂળથી ૧૦॥ યોજન ઉંચો છે, અને જગતી ઉપર કહેલી એક વેદિકાવડે વીંટાયલો છે, વિશેષ એ કે જગતીની વેદિકાને બે વનખંડ છે, અને અહિં એકજ વનખંડ કહેવું, જેથી દ્વીપ એક વેદિકા અને એક વનખંડવડે વીંટાયલો છે. અને દ્વીપના અતિ મધ્યભાગે દ્રહદેવીના ભવન સરખું એટલે તેટલાજ માપવાળું ૧ ગાઉ દીર્ઘ ૦॥ ગાઉ વિસ્તૃત તથા ૧૪૪૦ ધનુષ ઉંચું ભવન છે, તેમાં મધ્યવર્તી મણિપીઠિકા ઉપર ગંગાદેવી આદિ દેવીને સૂવા યોગ્ય શ્રીદેવીની કહેલી શય્યા સરખી શય્યા છે. ॥ ૫૨ ॥

अवतरणः—હવે આ ગાથામાં કુંડનું સ્વરૂપ કહે છે—

जोअणसट्ठिपिहुत्ता सवायछप्पिहुल वेइत्तिदुवारा ।
एए दसुंड कुंडा एवं अन्नेवि णवरं ते ॥ ५३ ॥

શબ્દાર્થ—

सट्ठि–સાઠ યોજન	एए–એ (ચાર બાહ્ય કુંડો)
पिहुत्ता–પહોળા	दसुंड–દશ યોજન ઉંડા
सवाय छ–સવા છ યોજન	एवं–એ પ્રમાણે
पिहुल–પહોળાં	अन्ने वि–અન્ય–બીજા કુંડો પણ
वेइ ति दुवारा–વેદિકાનાં ત્રણ દ્વારવાળા	णवरं ते–પરન્તુ તે બીજા કુંડો

गाथार्थः—એ બાહ્ય ચાર પ્રપાતકુંડો સાઠ યોજન પહોળા છે, તથા જેની વેદિકાનાં ત્રણ દ્વારો સવા છ યોજન પહોળાં છે, અને દશ યોજન ઉંડા છે. એ પ્રમાણે બીજા કુંડો પણ જાણવા, પરન્તુ તે કુંડો [આગળની ગાથામાં કહેવાશે તે પ્રમાણે ત્રણ ભિન્ન વિસ્તારવાળા છે–એ સંબંધ] ॥ ૫૩ ॥

विस्तरार्थ :—ગંગાપ્રપાત કુંડ સિંધૂપ્રપાત કુંડ રક્તાપ્રપાત કુંડ અને રક્તાવતી-પ્રપાત કુંડ એ ચાર કુંડ ૬૦ યોજન લાંબા પહોળા અને ગોળ આકારના છે, પરિધિ સાધિક ૧૮૯॥ યોજન એટલે દેશોન[1] ૧૯૦ યોજન છે. વળી એ દરેક કુંડને ચારે બાજુ ફરતી વલયાકારે એકેક વેદિકા અને એકેક વન છે, એ વેદિકાને ત્રણ દિશાએ ત્રણ દ્વાર છે, એટલે વેદિકામાં પર્વતદિશિસિવાયની શેષ ત્રણ દિશાએ ત્રણ ત્રિસોપાન અને ત્રિસોપાન [2]આગળ એકેક તોરણ હોવાથી ત્રણ તોરણ એ જ દ્વાર છે. (તોરણ તથા ત્રિસોપાનનું સ્વરૂપ જગતીના વર્ણનમાં કહેવાયું છે). એ ત્રણે તોરણો દરેક સવા છ યોજન પહોળાં છે, અનેક સ્તંભોનાં બનેલાં છે, વિવિધ રત્નમય છે, પરન્તુ એને ઉઘાડવા ઢાંકવાનાં કમાડ નથી, સદાકાળ ખુલ્લા દરવાજા જેવાં છે. એમાં બે તોરણો જે ઉત્તર પૂર્વ દિશાનાં છે, તે નીચે નક્કર ભૂમિવાળાં છે, અને દક્ષિણ દિશાનું જે તોરણ છે, તેની નીચેથી ગંગા વિગેરે નદીનો પ્રવાહ તોરણની પહોળાઈ જેટલો સવા છ યોજન પહોળો (જળપ્રવાહ) બહાર નિકળે છે, અને ભરતઐરાવત ક્ષેત્રમાં દક્ષિણ સન્મુખ વહી વચમાં આવતા વૈતાઢ્યને ભેદી દક્ષિણસમુદ્રને મળે છે. અહિં જે દક્ષિણ શબ્દ ઐરાવતને અંગે પણ કહ્યો તે સૂર્યદિશાની અપેક્ષાએ જાણવો, અન્યથા ઐરાવતક્ષેત્રમાં ઉત્તરતોરણે બન્ને નદીઓના પ્રવાહ બહાર નિકળ્યા છે એમ જાણવું.

---

૧ જંબૂ પ્ર. સૂત્રમાં સાધિક ૧૯૦ યોજન પરિધિ કહ્યો છે, તે ગણિતરીતિથી આવતો નથી માટે તેમાં કોઈ જૂદી અપેક્ષા હશે એમ વૃત્તિકર્તા કહે છે.

૨ સૂત્રોમાં ઠામ ઠામ पुरओ શબ્દથી ત્રિસોપાનોની આગળ તોરણ કહ્યાં છે. પદ્મદ્રહમાં પણ તેમજ કહ્યું છે, પરન્તુ ત્રિસોપાનની સાથેજ તોરણ સંભવે, કેટલેક દૂર જઈને નહિં. એટલે તોરણમાં થઈને ત્રિસોપાન ઉપર ચઢાય એવી રીતે.

વળી એ ચારે કુંડ ૧૦ યોજન ઉંડા છે, પાણીની ઉપલી સપાટી કુંડના કિનારાને અડીને રહી છે, અર્થાત્ કુંડની ઉપલી કિનારી સુધી જળ પૂર્ણ ભરેલું છે. એ કુંડની ભીત્તિઓ વજ્રના પાષાણોથી બંધાયલી છે, કુંડનું તળીયું પણ વજ્રમય છે, કુંડના જળમાં પ્રવેશ કરવો હોય તો સુખે પ્રવેશ કરી શકાય અને જળમાંથી સુખપૂર્વક બહાર નિકળી શકાય એવા ઓવારા તથા ઉતારા [ઘાટ] બાંધેલા છે. અને નીચે સુધી ગોતીર્થ જળ છે, અર્થાત્ અનુક્રમે ઉતરતી ભૂમિવાળું છે. જેથી કુંડના કિનારેજ ૧૦ યોજન ઉંડાઈ નથી પરન્તુ અતિ મધ્ય ભાગમાં છે, એ કુંડોમાં અનેક જાતિનાં વનસ્પતિકમળો છે, અનેક જળચર જીવો વડે વ્યાપ્ત છે, ઇત્યાદિ વિશેષ વર્ણન સૂત્ર સિદ્ધાન્તથી જાણવા યોગ્ય છે.

જેવા એ ચાર બાહ્યકુંડો કહ્યા તેવાજ પ્રકારના બીજી ૮૬ નદીઓના ૮૬ કુંડનું સ્વરૂપ પણ એ સરખું જ છે, પરંતુ તે કુંડોમાં ૧ કુંડનો વિસ્તાર ૨ દ્વીપનો વિસ્તાર અને ૩ વેદિકાના ત્રણ તોરણનો વિસ્તાર એ ત્રણ પ્રકારના વિસ્તારમાં તફાવત છે કે જે કહેવાતી ૫૪ મી ગાથામાંજ કહેવાશે, તથા આ કુંડોમાં પૃથ્વીમય કમળો કહેલાં દેખાતાં નથી, માટે કેવળ વનસ્પતિકમળોજ હશે એમ સમજાય છે.

તથા દ્રહ અને કુંડમાં તફાવત એ છે કે-દ્રહો લંબચોરસ આકારવાળા કહ્યા છે અને કુંડ સર્વત્ર વૃત્ત આકારનાજ કહ્યા છે. જળનો ચઢાવ ઉતાર વિગેરે સ્વરૂપમાં તો કુંડ અને દ્રહ બન્ને સરખી રીતેજ કહ્યા છે. કિંચિત્ વિશેષતા કોઈ કોઈ બાબતમાં છે. ॥ ૫૩ ॥

अवतरणः—પૂર્વ ગાથામાં णवरं તે એ પદથી ૮૬ કુંડોમાં જે તફાવત કહેવાનો બાકી રાખ્યો હતો તે તફાવત ત્રણ પ્રકારનો આ ગાથામાં કહેવાય છે—

एसिं वित्थारतिगं, पडुच्च समदुगुण चउगुणट्ठगुण ।
चउसट्ठि सोल चउदो, कुंडा सव्वेवि इह णवई ॥ ५४ ॥

શબ્દાર્થ :—

एसिं—એ ચાર કુંડોના
वित्थारतिगं—ત્રણ વિસ્તારને
पडुच्च—આશ્રયિને
सव्वेवि—સર્વે પણ કુંડો
इह—આ જંબૂદ્વીપમાં
णवई—નેવુ

गाथार्थः—[પરન્તુ તે ૮૬ કુંડો] એ ચાર કુંડોના ત્રણ વિસ્તારની અપેક્ષાએ વિચારતાં ૬૪ કુંડ સરખા વિસ્તારવાળા છે, ૧૬ કુંડ બમણા વિસ્તારવાળા છે, ૪ કુંડ ચાર ગુણા વિસ્તારવાળા છે, અને બે કુંડ આઠ ગુણા વિસ્તારવાળા છે, એ રીતે આ જંબૂદ્વીપમાં સર્વ મળીને [૪+૬૪+૧૬+૪+૨=] ૯૦ કુંડ છે. ॥ ૫૪ ॥

વિસ્તરાર્થઃ—ગંગાપ્રપાત વિગેરે ચાર કુંડોના સંબંધમાં જે કુંડવિસ્તાર દ્વીપવિસ્તાર અને વેદિકાનાં ત્રણ દ્વારનો વિસ્તાર એ ત્રણ વિસ્તાર કહ્યા તે આગળ કહેવાતા બીજા ૮૬ કુંડોના એક સરખા નથી, પરન્તુ ૬૪ કુંડના ત્રણે વિસ્તાર ગંગાપ્રપાતાદિ ચાર બાહ્યકુંડ સરખા છે, ૧૬ કુંડના ત્રણ વિસ્તાર ગંગાપ્રપાતાદિ ચાર કુંડોના ત્રણ વિસ્તારથી બમણા છે, એ પ્રમાણે ચારના ચારગુણા અને બે કુંડના આઠગુણા વિસ્તાર છે. તે આ પ્રમાણે—

૬૪ કુંડ–તે મહાવિદેહની બત્રીસ વિજયમાંની દરેક વિજયમાં બે બે મહાનદી વહે છે તે દરેક નદી નિષધ નીલવંતવર્ષધરપર્વત પાસેના કુંડમાંથી નિકળે છે, તેના ૬૪ કુંડ.

૧૬ કુંડ–તે મહાવિદેહમાંની ૧૨ અન્તર્નદીઓના બાર કુંડ અને હિમવંત તથા હિરણ્યવંત ક્ષેત્રમાંની બે બે મળી ચાર મહાનદીના ચાર કુંડ મળી ૧૬ કુંડ.

૪ કુંડ–તે હરિવર્ષ ક્ષેત્રની તથા રમ્યક્ ક્ષેત્રની બે બે નદીઓના.

૨ કુંડ–તે મહાવિદેહ ક્ષેત્રમાં વહેતી સીતોદા તથા સીતા મહાનદીના. એ સર્વનું સંક્ષિપ્ત કોષ્ટક આ નીચે આપ્યું છે તે ઉપરથી જૂદા જૂદા વિસ્તાર સમજી શકાશે.

॥ જંબૂદ્વીપના ૯૦ કુંડ સંબંધિ ત્રણ વિસ્તાર ॥

કુંડ	કુંડ વિસ્તાર યોજન	દ્વીપ વિસ્તાર યોજન	ત્રણ દ્વાર વિસ્તાર યોજન
૪ ભરત ઐરા. નદીઓના	૬૦	૮	૬।
૧૬ હિમ.હિરણ્ય. ૪ અન્તર્નદી ૧૨	૧૨૦	૧૬	૧૨॥
૪ હરિવર્ષ રમ્યક્ નદીના	૨૪૦	૩૨	૨૫
૬૪ વિજય નદીઓના	૬૦	૮	૬।
૨ સીતોદા–સીતા નદીના	૪૮૦	૬૪	૫૦

૯૦ કુંડનાં નામ	કુંડોનું સ્થાન	લંબાઈ	પહોળાઈ	ઊંડાઈ	કઈ દેવીનો દ્વીપ
ગંગા પ્રપાત	ભરતક્ષેત્રમાં પૂર્વે	યોજન૬૦	યોજન૬૦	યો.૧૦	ગંગાદેવીદ્વીપ
સિંધૂ પ્રપાત	,, પશ્ચિમે	,,	,,	,,	સિંધૂદ્વીપ
રકતા પ્રપાત	ઐરવતમાં પૂર્વે	,,	,,	,,	રક્તાદ્વીપ
રકતાવતી પ્રપાત	,, પશ્ચિમે	,,	,,	,,	રક્તવતીદ્વીપ
રોહિતાંશા પ્રપાત	હિમવંતમાં હિમ૦પ૦ ની ઉત્તરે	૧૨૦	૧૨૦	,,	રોહિતાંશાદ્વીપ
રોહિતા પ્રપાત	,, મહાહિમવંત પર્વતની દક્ષિણે	,,	,,	,,	રોહીતાદ્વીપ
સુવર્ણકૂલા પ્ર.	હિરણ્યવંતમાં શિખરીથી દક્ષિણે	,,	,,	,,	સુવર્ણ કૂલાદ્વીપ
રૂપ્યકૂલા પ્ર.	,, રૂક્મીથી ઉત્તરે	,,	,,	,,	રૂપ્યકૂલાદ્વીપ
હરિકાન્તા પ્ર.	હરિવર્ષમાં મહાહિમ૦થી ઉત્તરે	૨૪૦	૨૪૦	,,	હરિકાન્તા દેવીનો દ્વીપ
હરિસલિલા પ્ર.	,, નિષધથી દક્ષિણે	,,	,,	,,	હરિસલિલા દેવીનો
નરકાન્તા પ્ર.	રમ્યકમાં રૂક્મીથી દક્ષિણે	,,	,,	,,	નરકાન્તા દેવીનો
નારીકાન્તા પ્ર.	રમ્યકમાં રૂક્મીથી ઉત્તરે	,,	,,	,,	નારીકાન્તા દેવીનો
સીતોદા પ્ર.	મહાવિદેહ દેવકુરૂમાં નિષધની ઉત્તરે	૪૮૦	૪૮૦	,,	સીતોદા દેવીનો
સીતા પ્ર.	મહાવિ૦ ઉત્તરકુરૂમાં નીલવંતની દક્ષિણે	૪૮૦	૪૮૦	,,	સીતા દેવીનો
ગંઆ પ્ર. / સિંધૂ પ્ર. } ૧-૮ વિજય	નીલવંતની દક્ષિણ કિનારે (ભૂમિ ઉપર)	૬૦	૬૦	,,	ગંગાદેવી સિંધૂદેવી
રકતા પ્ર. / રકતવા પ્ર. } ૯-૧૬ વિજય	નિષધના ઉત્તર કિનારે	,,	,,	,,	રક્તાદેવી રક્તવતી દેવી
ગંગા પ્ર. / સિંધૂ પ્ર. } ૧૭-૨૪ વિજય	,,	,,	,,	,,	ગંગાદેવી સિંધૂદેવી
રકતા પ્ર. / રકતાવ પ્ર. } ૨૫-૩૨ વિજય	નીલવંતના દક્ષિણ કિનારે	,,	,,	,,	રક્તાદેવી રક્તવતી દેવી
૧—૨—૩ અન્તર્નદી	,, (પૂર્વ વિદેહે)	૧૨૦	૧૨૦	,,	ગ્રાહવતી આદિ૩દેવી
૪—૫—૬ ,,	નિષધના ઉત્તર કિનારે (પૂર્વ વિદેહે)	,,	,,	,,	તપ્તાદેવી આદિ ૩
૭—૮—૯ ,,	,, (પશ્ચિમ વિદેહે)	,,	,,	,,	ક્ષીરોદા આદિ ૩
૧૦-૧૧-૧૨ ,,	નીલવંતના દ૦કિનારે પશ્ચિમ વિદેહે	,,	,,	,,	ઊર્મિમાલિનીઆદિ૩

यन्त्र ॥

દેવી દ્વીપ				દેવી ભુવન			કુંડના દ્વારા	૩ દ્વારાની		કઈ નદી પડે છે	નદી ક્યા દિશાએ છે
લંબાઈ	પહોળાઈ	ઉંડાઈ	જળથી ઉંચો દેખાતો	લંબાઈ	પહોળાઈ	ઉંચાઈ		પહોળાઈ	ઉંચાઈ		
યો. ૮	યો. ૮	યો.૧૦	૨ ગાઉ	૧ ગાઉ	ાાગાઉ	૧૪૪૦ ધનુષ્	પર્વત દિશિ વર્જીત શેષ ૩ દિશામાં ૩ દ્વાર	૬।	કહી નથી	કુંડના નામે નામવાળી (પરન્તુ પ્રપાત શબ્દ રહિત)	૬.
,,	,,	,,	,,	,,	,,	,,		,,			૬.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૭.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૭.
૧૬	૧૬	,,	,,	,,	,,	,,		૧૨।।	—		૭.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૬.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૬.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૭.
૩૨	૩૨	,,	,,	,,	,,	,,		૨૫	—		૭.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૬.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૬.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૭.
૬૪	૬૪	,,	,,	,,	,,	,,		૫૦	—		૭.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૬.
૮	૮	,,	,,	,,	,,	,,		૬।	—		૬.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૭.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૭.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૬.
૧૬	૧૬	,,	,,	,,	,,	,,		૧૨।।	—		૬.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૭.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૭.
,,	,,	,,	,,	,,	,,	,,		,,	—		૬.

अवतरणः—પૂર્વ ગાથામાં પ્રપાતકુંડોના વિસ્તાર વિગેરે કહીને હવે તે કુંડોમાં પડતી નદીઓ કુંડમાં જ સમાય છે કે કુંડ બહાર નીકળે છે? જો બહાર નિકળતી હોય તો કયા દ્વારમાંથી નિકળી કયાં સુધી કેવી રીતે જાય છે તે સ્વરૂપ કહેવાના પ્રસંગમાં પ્રથમ ચાર બાહ્યનદીઓની ગતિનું સ્વરૂપ આ બે ગાથામાં કહે છે—

एअं च णइचउक्कं, कुंडाओ बहिदुवारपरिवूढं ॥
सगसहसणइसमेअं, वेअड्ढगिरिंपि भिंदेइ ॥ ५५ ॥
तत्तो बाहिरखित्तद्धमज्झओ वलइ पुव्वअवरमुहं ।
णइसत्तरसहससहिअं, जगइतलेणं उदहिमेइ ॥ ५६ ॥

શબ્દાર્થ:—

बहिदुवार—બાહ્યદ્વારે, સમુદ્ર તરફના દ્વારે
परिवूढं—વહેતી,
समेअं—સમેત—સહિત
भिंदेइ—ભેદે છે. ભેદીને નિકળે તે.

तत्तो—ત્યારબાદ
बाहिरखित्तद्ध—બાહ્ય ક્ષેત્રાર્ધ
मज्झओ—મધ્યે થઈને, માં થઈને
पुव्व अवरमुहं—પૂર્વ પશ્ચિમ સન્મુખ
णइसत्तसहस—સાતહજાર નદીઓ
सहिअं—સહિત
जगइतलेणं—જગતી નીચે થઈને
उदहिं एइ—સમુદ્રમાં જાય છે.

गाथार्थः—એ ચાર બાહ્યનદીઓ કુંડમાંથી બાહ્યદ્વારે નિકળી સાતહજાર નદીઓ સહિત વૈતાઢ્યપર્વતને પણ ભેદે છે ॥ ૫૫ ॥ ત્યારબાદ બાહ્યક્ષેત્રમાં થઈને પૂર્વ-પશ્ચિમ સન્મુખ વળે છે, અને સાતહજાર નદીઓ સહિત જગતી નીચે થઈને સમુદ્રમાં જાય છે ॥ ૫૬ ॥

विस्तरार्थः—હવે એ ચાર બાહ્યનદીઓ કુંડમાં પડયા બાદ કયાંથી નિકળી કયાં જાય છે? તે સ્વરૂપ આ ગાથાઓમાં કહેવાય છે—

॥ કુંડમાંથી નિકળી સમુદ્રમાં જતી ગંગા વિગેરે ૪ નદી ॥

ભરતક્ષેત્રની ગંગાનદી તથા સિંધૂનદી પદ્મદ્રહમાંથી નિકળી પર્વત ઉપર વહી જિવ્હિકામાં થઈને નીચે કુંડમાં પડીને ત્યારબાદ કુંડમાંથી બાહ્યતોરણે એટલે દક્ષિણદિશિના તોરણે થઈને બહાર નિકળી કંઈક યોજન સુધી ઉત્તરભરતાર્ધ ખંડમાં વહીને અને ત્યાં સુધીમાં ઉત્તરભરતાર્ધની સાત સાત હજાર નાની નદીઓ માર્ગમાં મળતી જાય છે, તે બધી નદીઓને ભેગી લઈને (એટલે તે નદીઓના જળથી પોતાના

પ્રવાહમાં વધારો કરીને–અધિક અધિક વિસ્તારવાળી થઈને) વચ્ચે આવતા દીર્ઘવૈતાઢ્યપર્વતને ભેદીને (એટલે વૈતાઢ્યની નીચેથી નિકળીને) ત્યારબાદ દક્ષિણભરતાર્ધમાં પણ કંઈક યોજન સુધી વહીને તેમજ દક્ષિણભરતાર્ધની પણ સાત સાત હજાર નદીઓ માર્ગમાં મળે છે તે સર્વને પણ ભેગી લઈને સમુદ્ર પાસે રહેલી જગતીને ભેદીને (એટલે જગતીની નીચે થઈને) ૧૪૦૦૦ નદીઓના જળ સહિત દક્ષિણ સમુદ્રને મળે છે, ત્યાં ગંગાનદીનો પ્રવાહ પૂર્વદિશામાં છે, અને સિંધૂના પશ્ચિમદિશામાં છે એ વિશેષ.

એ પ્રમાણે ઐરાવતક્ષેત્રની રક્તાનદીનો પ્રવાહ અને રક્તાવતી નદી પણ પુંડરીકદ્રહમાંથી નિકળી સમુદ્રને મળે છે, તફાવત એજ કે—રક્તાનદીનો પ્રવાહ પૂર્વદિશામાં અને રક્તવતીનદીનો પ્રવાહ પશ્ચિમદિશામાં વહે છે તથા કુંડમાંથી ઉત્તરદ્વારે નિકળે છે, અને ઉત્તરસમુદ્રને મળે છે, તથા કુંડમાંથી નિકળી પ્રથમ દક્ષિણ ઐરાવતાર્ધમાં વહે છે ત્યારબાદ વૈતાઢ્યભેદીને ઉત્તર ઐરાવતાર્ધમાં વહે છે. આ તફાવત કેવળ ક્ષેત્રદિશાની અપેક્ષાએ ગણાય, અને જો સૂર્યદિશા ગણીએ તો દિશા સંબંધી કોઈ તફાવત નહિ.

તથા કુંડમાંથી બાહ્યદ્વારે નિકળી ત્યાં સુધીનો પ્રવાહ (દ્રહમાંથી પ્રારંભીને કુંડમાંથી નિકળે છે ત્યાંસુધી) ૬। યોજન જ હોય છે, ત્યારબાદ ક્ષેત્રમાં વહેતી વખતે જ નદીઓના પ્રવાહ (અન્ય નદીઓના જળથી) વધતા જાય છે.

વળી વૈતાઢ્યને તથા જગતીને પણ ભેદતી વખતે નદીઓનો પ્રવાહ અવ્યવસ્થિત રીતે વહે છે એમ નહિં, પરન્તુ અખંડ પ્રવાહે વહે છે, કારણકે પર્વતમાં અને જગતીમાં પ્રથમથી જ પ્રવાહ જેટલી જગ્યા અખંડ નીકળેલી છે, જેથી પ્રવાહની ઉપર પહાડ અથવા જગતી જોઈને તેવીજ હોય છે, અને નીચેથી સુરંગ અને ગરનાલાની માફક તેવી પ્રવાહની જગ્યા વ્યવસ્થિત બની રહેલી છે ॥ ૫૫ ॥ ૫૬ ॥

अवतरणः—આ ગાથામાં ચાર બાહ્યનદીનો પ્રારંભથી પર્યન્ત સુધીનો વિસ્તાર તથા પ્રારંભથી પર્યન્ત સુધીની ઉંડાઈ કહે છે—

धुरि कुंडदुवारसमा, पज्जंते दसगुणा य पिहुलत्ते ।
सव्वत्थ महणईओ, वित्थरपन्नासभागुंडा ॥ ५७ ॥

શબ્દાર્થઃ—

धुरि–પ્રારંભમાં
पज्जते–પર્યન્તે, અન્તે
सव्वत्थ–સર્વત્ર, સર્વસ્થાને

गाथार्थः—વિસ્તારમાં સર્વ મહાનદીઓ આરંભમાં કુંડના દ્વાર સરખા વિસ્તારવાળી, અને પર્યન્તે દશગુણા વિસ્તારવાળી છે, અને સર્વસ્થાને વિસ્તારના પચાસમા ભાગે ઉંડી છે ॥ ૫૭ ॥

विस्तरार्थः—સર્વ મહાનદીઓ આરંભમાં કુંડના જે દ્વારમાંથી નિકળે છે તે દ્વાર જેટલી પહોળી છે, અને ત્યારબાદ વધતી વધતી સમુદ્રમાં મળે છે ત્યાં દશગુણી પહોળા પટવાળી હોય છે. અને નદીની લંબાઈમાં જ્યાં જેટલો વિસ્તાર તેના પચાસમા ભાગે તે સ્થાને ઉંડાઈ જાણવી તે આ પ્રમાણે—

૪ ब्राह्मनदी—પ્રારંભમાં ૬। યોજન, અને પર્યન્તે ૬૨॥ યોજન વિસ્તારવાળી છે, જેથી તેના પચાસમા ભાગે ગણતાં પ્રારંભમાં ૦॥ ગાઉ ઉંડી છે, અને પર્યન્તે ૫ ગાઉ ઉંડી છે.

૬૪ विजय नदीओ—૪ બાહ્ય નદીઓ સરખી જાણવી.

१६ अन्तर्नदी १५, हिम०२, हिर०२—એ ૧૬ નદીઓ પ્રારંભમાં ૧૨॥ યોજન અને પર્યન્તે ૧૨૫ યોજન પટવાળી, તથા પ્રારંભે ૧ ગાઉ અને પર્યન્તે ૧૦ ગાઉ ઉંડી.

४ हरि० रम्य० नदी—પ્રારંભમાં ૨૫ યોજન અને પર્યન્તે ૨૫૦ યોજન પટવાળી, તથા પ્રારંભે ૨ ગાઉ અને પર્યન્તે ૫ યોજન ઉંડી છે.

सीतोदा स.ता—પ્રારંભમાં ૫૦ યોજન અને પર્યન્તે ૫૦૦ યોજન પટવાળી છે, તથા પ્રારંભે ૧ યોજન ઉંડી અને પર્યન્તે ૧૦ યોજન ઉંડી છે.

હવે આ વિસ્તાર અને ઉંડાઈનો વાસ્તવિક સંબંધ જો કે કહ્યા પ્રમાણે ઠામ ઠામ તેટલા પ્રમાણુનોજ મળે એમ નહિ, પરન્તુ ગણિતજ્ઞોએ વિસ્તાર કોટ્ટક ગણિત પ્રમાણે અને ઉંડાઈ તથા વિસ્તાર બન્ને કર્ણગતિએ કહ્યા છે. તે કોટ્ટક ગણિત તથા કર્ણગતિ અન્યગ્રંથોથી જાણવી.

अवतरणः—પૂર્વે ૫૫-૫૬ ગાથામાં બે બાહ્યક્ષેત્રની ચાર નદીઓની ગતિ કહીને શેષ પાંચ મહાક્ષેત્રની ૧૦ મહાનદીઓની ગતિ કહેવાની બાકી હતી તે હવે આ બે ગાથામાં કહેવાય છે.—

पण खित्तमहणईओ, सदारदिसिदहविसुद्धगिरिअद्धं ।
गंतूण सजिब्भीहिं, णिअणिअकुंडेसु णिवडंति ॥ ५८ ॥
णिअजिब्भिअपिहुलत्ता, पणवीसंसेण मुत्तु मज्झगिरिं ।
जाममुहा पुव्वुदहिं, इअरा अवरोअहिमुविंति ॥ ५९ ॥

શબ્દાર્થ :—

पण खित्त–પાંચ ક્ષેત્રની	गंतूण–જઈને, વહીને
महणईओ–મહાનદીઓ	सजिब्भिहिं–પોતાની જિવ્હિકામાં થઈને
सदारदिसि–પોતાના દ્વારની દિશામાં રહેલા	निअणिअ–પોતપોતાના નામવાળા
दहविसुद्ध–દ્રહપ્રમાણને બાદ કરેલ	कुंडेसु–કુંડોમાં
गिरिअद्ध–એવા ગિરિના અર્ધ ભાગ સુધી	निवडंति–પડે છે.

निअजिब्भिअ–પોતાની જિવ્હિકાની	पुव्व उदहिं–પૂર્વ સમુદ્રને
पिहुलत्ता–પહોળાઈથી	इअरा–અને બીજી નદીઓ, ઉત્તર મુખી નદીઓ
पणवीस अंसेण–પચીસમા ભાગે	अवरउअहिं–અપરોદધિને, પશ્ચિમ સમુદ્રને
मुत्तु–મૂકીને, છોડીને	
मज्झगिरिं–ક્ષેત્રના મધ્યમાં રહેલા પર્વતને	
जाममुहा–યામમુખી, દક્ષિણમુખી નદીઓ	उर्विति–મળે છે, જાય છે.

गाथार्थः—પાંચ ક્ષેત્રની મહાનદીઓ પોતાના દ્વારની દિશા તરફ રહેલ દ્રહપ્રમાણને પર્વતના પ્રમાણમાંથી બાદ કરી જે રહે તેના અર્ધભાગ સુધી પર્વત ઉપર વહીને પોતપોતાની જિવ્હિકામાં થઈને પોતપોતાના નામવાળા નીચે રહેલા પ્રપાતકુંડોમાં પડે છે. ॥ ૫૮ ॥

પોતાની જિવ્હિકાના વિસ્તારથી પચીસમા ભાગે મધ્યગિરિને મૂકીને દક્ષિણમુખી નદીઓ પૂર્વસમુદ્રમાં જાય છે, અને બીજી એટલે ઉત્તરમુખી નદીઓ પશ્ચિમસમુદ્રમાં જાય છે. ॥ ૫૯ ॥

विस्तरार्थः-પાંચ ક્ષેત્રની રોહિતાંશા વિગેરે ૧૦ મહાનદીઓની ગતિ આ પ્રમાણે—

॥ શેષ ૧૦ મહાનદીઓની ગતિ ॥

હિમવંતક્ષેત્રમાં રોહિતાંશા અને રોહિતા એ બે નદી તથા હિરણ્યવંત ક્ષેત્રમાં સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા એ બે નદીઓ વહે છે, તેમાં રોહિતાંશા નદી લઘુહિમવંત-પર્વત ઉપરના પદ્મદ્રહમાંથી ઉત્તર તોરણે (ઉત્તરદ્વારે) ૧૨॥ યોજનના પ્રવાહથી નિકળી સીધી લીટીએ ઉત્તર સન્મુખ પર્વતના પર્યન્ત કિનારા સુધી આવી ત્યાં સુધીમાં ૨૭૬ યોજન ૬ કળા પર્વત ઉપર વહી. કારણકે सदारदिसिदह–પોતાની દિશા તરફ દ્રહનું પ્રમાણ એટલે ઉત્તરદિશિ તરફ દ્રહનું પ્રમાણ તે દક્ષિણોત્તર પહોળાઈ ૫૦૦ યોજન છે, તે લઘુ હિમવંતના ૧૦૫૨–૧૨ વિસ્તારમાંથી विसुद्ध-બાદ કરતાં ૫૫૨ યોજન–૧૨ કળા રહી તેનું अद्ध–અર્ધ કરતાં ૨૭૬ યોજન ૬ કળા આવી, માટે એટલા યોજન સુધી રોહિતાંશા નદી પર્વત ઉપર વહીને પોતાની ૧ યોજન લાંબી અને ૧ ગાઉ

જાડી જિહ્વિકામાં થઈને પર્વત નીચે કંઈક અધિક સો યોજન જેટલા દીર્ઘ-લાંબા ધોધથી પોતાના નામવાળા રોહિતાંશાપ્રપાત નામના કુંડમાં પડી, ત્યારબાદ એ કુંડના ઉત્તર દ્વારે બહાર નિકળી હિમવંતક્ષેત્રમાં વહેતાં એજ ક્ષેત્રની વચ્ચે શબ્દાપાતી નામનો ગોળ આકારવાળો વૃત્ત વૈતાઢ્યપર્વત આવ્યો, તે પર્વતથી [1]બે ગાઉ દૂર રહીને પોતાનો પ્રવાહ પશ્ચિમદિશા સન્મુખ વાંકો વાળીને પશ્ચિમ હિમવંતના બે વિભાગ કરતી પશ્ચિમસમુદ્રમા જગતી નીચે થઈને ગઈ. અહિં કુંડમાંથી નિકળી વૈતાઢ્ય સુધી આવતાં માર્ગમાં ૧૪૦૦૦ નદીઓ મળી, અને ત્યારબાદ પશ્ચિમસમુદ્રમાં જતાં માર્ગમાં બીજી ૧૪૦૦૦ નદીઓ [2]મળી, જેથી રોહિતાંશા નદીનો સર્વ પરિવાર ૨૮૦૦૦ (અઠ્ઠાવીસ હજાર) નદીઓનો છે.

रोहिता नदी—રોહિતા નદી મહાહિમવંત પર્વત ઉપરના મહાપદ્મદ્રહ નામના દ્રહમાંથી દક્ષિણ તોરણે ૧૨॥ યોજન પહોળા પ્રવાહથી નિકળી સીધી લીટીએ દક્ષિણ સન્મુખ પર્વતના પર્યન્ત સુધી વહી, ત્યાં સુધીમાં ૧૬૦૫ યોજન ૫ કળા પર્વત ઉપર વહી, અહિં મહાહિમવંતનો વિસ્તાર યો. ૪૨૧૦-ક. ૧૦ છે, તેમાંથી સ્વદ્રિશિદ્રહવિસ્તાર ૧૦૦૦ યોજન બાદ કરી અર્ધ કરતાં એટલાજ યોજન આવે, માટે એટલા યોજન મહાહિમવંત પર્વત ઉપર વહી પોતાની એક યોજન લાંબી અને ૦॥ યોજન જાડી જિહ્વિકામાં થઈને પર્વત નીચે રોહિતાપ્રપાત નામના કુંડમાં સાધિક ૨૦૦ યોજન જેટલા લાંબા ધોધથી પડીને કુંડના દક્ષિણદ્વારે બહાર નિકળી હિમવંતક્ષેત્રમાં વહેતાં શબ્દાપાતી વૃત્તવૈતાઢ્યથી બે ગાઉ દૂર રહીને પોતાનો પ્રવાહ પૂર્વદિશા સનમુખ વાંકો વાળી પૂર્વહિમવંત ક્ષેત્રના બે વિભાગ કરતી તથા કુંડથી વૃત્તવૈતાઢ્ય સુધીમાં ૧૪૦૦૦ અને વૈતાઢ્યથી સમુદ્ર સુધીમાં બીજી ચૌદહજાર નદીઓને માર્ગમાં પોતાની અંદર મેળવતી જગતી નીચે થઈને પૂર્વસમુદ્રમાં પ્રવેશ કરે છે, એ રીતે એનો પરિવાર પણ ૨૮૦૦૦ નદીઓનો રોહિતાંશાવત્ જાણવો.

सुवर्णकूला नदी—સર્વસ્વરૂપ રોહિતાંશાનદી સરખું જાણવું, પરન્તુ વિશેષ એ કે મધ્યવર્તી વૈતાઢ્યનું નામ વિકટાપાતી વૃત્તવૈતાઢ્ય કહેવું, સુવર્ણકૂલાનો પ્રવાહ શિખરીપર્વત ઉપરના પુંડરીકદ્રહમાંથી દક્ષિણ તોરણે નિકળી સુવર્ણકૂલાપ્રપાત કુંડમાં પડી કુંડના દક્ષિણ તોરણે નિકળી હિરણ્યવંતક્ષેત્રમાં થઈને પૂર્વસમુદ્રમાં મળે છે.

रूप्यकूला नदी—સર્વસ્વરૂપ રોહિતાનદી સરખું કહેવું, પરન્તુ વિશેષ એ કે-આ નદી રૂક્મીપર્વતઉપરના મહાપુંડરીકદ્રહમાંથી ઉત્તર તોરણે નિકળી, રૂપ્યકૂલાપ્રપાત કુંડમાં પડી કુંડના ઉત્તર તોરણે થઈ બહાર નિકળી વિકટાપાતી આગળ થઈને પશ્ચિમસમુદ્રમાં પ્રવેશ કરે છે.

---

૧. નદીને બે પર્વતથી દૂર રહેવાનું કારણ પર્વત પાસેની ભૂમિ કંઈક ઉંચી હોય એમ સંભવે.

૨. ટુંકી ક્ષેત્રગતિમાં અને દીર્ઘ ક્ષેત્રગતિમાં પણ પરિવાર નદીઓ સરખી સંખ્યાએ મળી એમ કહ્યું તે શાસ્ત્રકારની વિવક્ષાના અનુરોધથીજ.

हरिकान्ता नदी [हरि नदी]—મહાહિમવંતપર્વત ઉપરના મહાપદ્મદ્રહમાંથી ઉત્તર તોરણે ૨૫ યોજન પહોળા પ્રવાહથી નિકળી, ૧૬૦૫ યોજન ૫ કળા સુધી પર્વત ઉપર ઉત્તર સન્મુખ વહી, પર્વતના પર્યન્તે આવી બે યોજન લાંબી અને ૧ યોજન જાડી જિહ્વિકામાં થઈને બસો યોજનથી કંઈક અધિક લાંબા ધોધથી હરિપ્રપાત-કુંડમાં પડી, ત્યાંથી પુનઃ ઉત્તર તોરણે બહાર નિકળી ૨૮૦૦૦ નદીઓ સહિત ગંધાપાતી વૃત્તવૈતાઢ્ય પાસે આવી ગંધાપાતીથી ૧ યોજન દૂર રહી બીજી ૨૮૦૦૦ નદીઓને માર્ગમાં મેળવતી અને પશ્ચિમ હરિવર્ષક્ષેત્રના બે વિભાગ કરતી સર્વ મળી ૫૬૦૦૦ નદીઓ સહિત પશ્ચિમસમુદ્રમાં પ્રવેશ કરે છે, આ નદી કુંડના દ્વાર સુધી ૨૫ યોજન પહોળી અને ાા યોજન ઉંડી છે ત્યારબાદ વિસ્તારમાં અને ઉંડાઈમાં અનુક્રમે વધતાં વધતાં સમુદ્રના સંગમસ્થાને ૨૫૦ યોજન પહોળી અને ૫ યોજન ઉંડી થઈ છે.

हरिसलिला नदी—નિષધપર્વત ઉપરના તિગિંછીદ્રહમાંથી દક્ષિણ તોરણે ૨૫ યોજન પહોળા પ્રવાહથી નીકળી, યો. ૭૪૨૧–ક. ૧ સુધી પર્વત ઉપર જ દક્ષિણ મુખે વહી, પર્વતના કિનારે આવી બે યોજન દીર્ઘ અને ૧ યોજન જાડી પોતાની જિહ્વિકામાં થઈ કંઈક અધિક ૪૦૦ યોજન જેટલા લાંબા ધોધથી હરિસલિલા કુંડમાં પડી, ત્યાંથી પણ દક્ષિણ તોરણે બહાર નિકળી, ગંધાપાતી વૃત્તવૈતાઢ્ય સુધીમાં ૨૮૦૦૦ નદીઓ સહિત થઈ પર્વતથી ૧ યોજન દૂર રહી પુનઃ માર્ગમાં બીજી ૨૮૦૦૦ નદીઓને પોતાની અંદર ભેળવતી પૂર્વ હરિવર્ષ ક્ષેત્રના બે વિભાગ કરતી સર્વ મળી ૫૬૦૦૦ નદીઓ સહિત જગતી નીચે થઈને પુર્વસમુદ્રમાં પ્રવેશ કરે છે. એનો વિસ્તાર તથા ઉંડાઈ સર્વ હરિનદીવત્ જાણવું.

नरकान्ता नदी—રૂક્મીપર્વત ઉપરના મહાપુંડરીકદ્રહમાંથી દક્ષિણ તોરણે ૨૫ યોજનના પ્રવાહે નિકળી ઇત્યાદિ સર્વસ્વરૂપ હરિકાન્તા નદી સરખું કહેવું. વિશેષ એજ કે આ નદી રમ્યક્ક્ષેત્રમાં વહે છે, અને માલ્યવંત વૃત્તવૈતાઢ્યથી ૧ યોજન દૂર રહે છે, તથા પૂર્વસમુદ્રમાં મળે છે. પરિવાર ૫૬૦૦૦ નદીનો જ છે.

नारीकान्तानदी—સર્વસ્વરૂપ હરિસલિલાનદી સરખું જાણવું, પરન્તુ વિશેષ એ કે નીલવંતપર્વત ઉપરના કેશરિદ્રહમાંથી ઉતર તોરણે નીકળે છે અને માલ્યવંતથી ૧ યોજન દૂર રહી પશ્ચિમસસુદ્રમાં મળે છે. પરિવાર ૫૬૦૦૦ નદીનો જ છે.

सीतोदा महानदी—નિષધપર્વત ઉપરના તિગિંછી દ્રહમાંથી ઉત્તર તોરણે થઈ ૫૦ યોજન પહોળા પ્રવાહથી નિકળી યો. ૭૪૨૧–ક. ૧ સુધી પર્વત ઉપર સીધી ઉત્તર સન્મુખ વહી, ૪ યોજન દીર્ઘ અને ૧ યોજન જાડી પોતાની જિહ્વિકામાં થઈને કંઈક અધિક ૪૦૦ યોજન લાંબા ધોધથી નીચેના સીતોદાપ્રપાત નામના કુંડમાં પડી, ત્યાંથી પુનઃ ઉત્તર તોરણે બહાર નિકળી દેવકુરૂક્ષેત્રના તથા મધ્યવર્તી પાંચ દ્રહોના બે

બે વિભાગ કરતી દ્રહોમાં થઈને દેવકુરૂના પર્યન્ત ભાગે રહેલા મેરૂપર્વતથી બે યોજન દૂર રહી પોતાના પ્રવાહને પશ્ચિમ તરફ વાળીને, તેમજ કુંડથી દેવકુરૂના પર્યન્ત ભાગ સુધીમાં દેવકુરૂક્ષેત્રની ૮૪૦૦૦ નદીઓને પોતાના પ્રવાહમાં ભેળવતી, તથા પશ્ચિમ-મહાવિદેહના બે વિભાગ [દક્ષિણ વિભાગ અને ઉત્તર વિભાગ એમ બે વિભાગ] કરતી, તથાં ક્ષેત્રને અનુસારે અનુક્રમે નીચી થતી થતી પર્યન્તે રહેલા મહાવનની વચ્ચે થઈને જગતી નીચેની ૧૦૦૦ યોજન જેટલી નીચી ભૂમિમાં થઈને પશ્ચિમસમુદ્રને પાંચસો યોજનના પહોળા પ્રવાહથી મળે છે. એનો દ્રહથી કુંડ સુધીનો વિસ્તાર ૫૦ યોજન અને ઉંડાઈ ૧ યોજન છે. તથા સમુદ્રસંગમને સ્થાને ૫૦૦ યોજનનો વિસ્તાર અને ઉંડાઈ ૧૦ યોજન છે, અહિં પશ્ચિમમહાવિદેહની ભૂમિ મેરૂપર્વતના પર્યન્તથી સમુદ્ર સુધીમાં અનુક્રમે નીચા નીચા પ્રદેશવાળી છે, જેથી સમુદ્ર સુધીમાં સાધિક ૧૦૦૦ યોજન જેટલી નીચી ભૂમી છે, માટે નદી પણ તે પ્રમાણે અનુક્રમે નીચા નીચા જતા પ્રવાહવાળી છે. તથા પશ્ચિમમહાવિદેહમાંની ૧૬ વિજયની ૩૨ નદીના દરેકના ૧૪૦૦૦ પરિવાર સહિત હોવાથી ૪૪૮૦૦૦ નદીઓ સહિત થાય છે, અને ૬ અન્તર્નદી મળે છે, જેથી કુંડથી સમુદ્રસંગમ સુધીમાં ૮૪૦૦૦ દેવકુરૂની અને ૪૪૮૦૩૮ પશ્ચિમમહાવિ૦ ની, એમ સર્વ મળી ૫૩૨૦૩૮ (પાંચલાખ બત્રીસહજાર આડત્રીસ) નદીઓના પરિવાર સહિત સીતોદા નદી પશ્ચિમસમુદ્રમાં પ્રવેશ કરે છે. વાસ્તવિક રીતે તો મહાવિદેહની ૩૨ મહાનદી અને ૬ અન્તર્નદી મળી ૩૮ મહાનદીઓ સીતોદાને મહાવિ૦માં મળે છે, પરન્તુ ૩૨ મહાનદીઓનો પોતપોતાનો ચૌદ ચૌદ હજારનો પરિવાર તે પણ સીતોદાનો પરિવાર ગણતાં એ પૂર્વોક્ત પરિવાર ગણાય છે, એ સર્વ નદીઓનું જળ સીતોદામાં ભેગું થવાની અપેક્ષાએ એટલા પરિવારની ગણત્રી પણ અવાસ્તવિક ન ગણાય.

સીતા મહાનદી—સર્વસ્વરૂપ સીતોદા નદી સરખું જાણવું, પરન્તુ વિશેષ એ કે—આ નદી નીલવંતપર્વત ઉપરના કેસરીદ્રહમાંથી દક્ષિણ તોરણે નીકળી કુંડમાંથી પણ દક્ષિણ તોરણે નીકળી ઉત્તરકુરૂક્ષેત્રમાં પાંચ દ્રહોના બે વિભાગ કરી મેરૂથી પૂર્વમહાવિદેહ તરફ વળે છે, અને પૂર્વસમુદ્રમાં પ્રવેશ કરે છે. તેમજ પૂર્વવિદેહની ભૂમિ પશ્ચિમવિદેહવત્ અનુક્રમે નીચી નથી પરન્તુ સરખી સપાટીવાળી છે, તેથી નદીની નીચી ગતિ નથી.

વળી એ સર્વમહાનદીઓ પોતાના પ્રવાહની બન્ને બાજુએ એક વેદિકા અને એક વન સહિત છે. તથા ભરત અને ઐરાવતક્ષેત્રની ગંગા સિંધુ રક્તા અને રક્તવતી એ ચાર નદીઓનું કુંડ સુધીનું સ્વરૂપ શાશ્વત છે, અને કુંડમાંથી નીકળ્યા બાદ ક્ષેત્રના કારણથીજ અશાશ્વત સ્વરૂપવાળી છે. ॥ ૫૮–૫૯ ॥

અવતરણઃ—હવે આ ત્રણ ગાથામાં પાંચ ક્ષેત્રની ૧૦ મહાનદીઓનાં નામ તથા દરેક નદીને બીજી કેટલી નદીઓનો પરિવાર છે તે કહે છે—

हेमवइ रोहिअंसा, रोहिआ गंगदुगुणपरिवारा ।
एरण्णवए सुवण्ण–रुप्पकुलाओ ताण समा ॥ ६० ॥

हरिवासे हरिकंता, हरिसलिला गंगचउगुणनईआ ।
एसि समा रम्मयए, णरकंता णारिकंता य ॥ ६१ ॥

सीओआ सिआओ, महाविदेहम्मि तासु पत्तेअं ।
णिवडइ–पणलरकदुतीस-सहसअडतीसणइसलिलं ॥ ६२ ॥

શબ્દાર્થ :—

हेमवइ–હેમવંત ક્ષેત્રમાં
गंगदुगुण–ગંગાનદીથી બમણા
सुवन्न–સુવર્ણકૂલા નદી
ताण समा–તે નદીઓ સરખી

हरिवासे–હરિવર્ષ ક્ષેત્રમાં
एसि समा–એ નદીઓ સરખી

सीओआ–સીતોદા નદી
सीआओ–સીતા નદી
तासु पत्तेअं–તે નદીઓમાં, દરેકમાં
णिवडइ–પડે છે.
पणलक्ख दुतीस सहस अडती–પાંચલાખ બત્રીસહજાર આડત્રીસ
णइसलिलं–નદીઓનું જળ

गाथार्थ :—હિમવંતક્ષેત્રમાં રોહિતાંશાનદી અને રોહિતાનદી ગંગાનદીથી બમણા પરિવારવાળી છે, અને ઐરણ્યવતક્ષેત્રમાં સુવર્ણકૂલાનદી અને રૂપ્યકૂલાનદી તે બે નદીઓ (રોહિતાંશા અને રોહિતા) સરખી છે. ॥ ૬૦ ॥

હરિવર્ષક્ષેત્રમાં હરિકાન્તા અને હરિસલિલા એ બે નામની નદીઓ છે, અને તે ગંગાનદીના પરિવારથી ચારગુણા પરિવારવાળી છે, અને રમ્યકક્ષેત્રમાં જે નરકાન્તા અને નારીકાન્તા એ બે નામવાળી નદી છે તે એ બે (હરિકન્તા હરિસ૦) નદીઓ સરખી છે ॥ ૬૧ ॥

મહાવિદેહમાં સીતોદા અને સીતા એ બે નામની નદીઓ છે, તે દરેકમાં પાંચલાખ બત્રીસ હજાર અને આડત્રીસ નદીઓનું જળ પડે છે. [અર્થાત્ એ બે નદીમાંની એકેક નદીને એટલી નદીઓનો પરિવાર છે.] ॥ ૬૨ ॥

विस्तरार्थ :—ગાથાર્થવત્ સુગમ છે, તથા પૂર્વગાથામાં કહેલા વિસ્તરાર્થને અનુસારે વિશેષ સ્વરૂપ જાણવું, અહિં વિશેષ એજ કે—ગંગા મહાનદીને ૧૪૦૦૦ નદીનો પરિવાર છે, માટે રોહિતાંશા રોહિતાને ૨૮૦૦૦–૨૮૦૦૦નો પરિવાર છે, તેવીજ રીતે સુવર્ણકૂલા રૂપ્યકલા નદીનો પણ ૨૮૦૦૦–૨૮૦૦૦નો પરિવાર છે. વળી હરિકાન્તાદિ ચાર નદીઓને દરેકને ૫૬૦૦૦–૫૬૦૦૦–૫૬૦૦૦–૫૬૦૦૦નો પરિવાર છે, અને સીતોદા સીતાનદીનો પરિવાર ગંગાનદીના પરિવાર સાથે સરખામણીવાળો ન હોવાથી તે દરેકનો જૂદોજ પરિવાર ૫૩૨૦૩૮–૫૩૨૦૩૮ નદીઓનો કહ્યો છે.

।। પરિવાર નદીઓ અશાશ્વતી ।।

ગંગા અને સિંધુ તથા રક્તા અને રક્તવતી એ ચાર બાહ્ય નદીઓ કુંડમાંથી નીકળ્યા બાદ પ્રાયઃ શાશ્વત છે, પરન્તુ સર્વાંશે શાશ્વત નથી, કારણ કે ક્ષેત્ર પરાવૃત્તિ ધર્મવાળું છે માટે. તો પણ એ ચાર મહાનદીઓનો પ્રવાહ સર્વથા બંધ નહિં થાય, ગાડાના ચીલા જેટલો પણ વહેશે, અને પુનઃ કાળક્રમે વધતાં વધતાં ૬૨॥ યોજનના પર્યન્ત પ્રવાહવાળી થશે. પુનઃ ઘટશે એ રીતે પ્રાયઃ શાશ્વત છે, અને બીજી ૧૦ મહાનદીઓ, ૬૪ વિજયનદીઓ, ૧૨ અન્તર્નદીઓ કાયમને માટે એકસરખા સ્વરૂપવાળી હોવાથી સર્વદા શાશ્વત છે, અને શેષ પરિવાર નદીઓ સર્વ અશાશ્વત જાણવી, મહાવિદેહાદિમાં પણ સર્વત્ર અશાશ્વત જાણવી તથા પરિવાર નદીઓને વેદિકા અને વન પણ ન હોય ॥ ૬૦–૬૧–૬૨ ॥

अवतरण :—સીતોદા તથા સીતાનદીમાં કઈ કઈ નદીઓ મળે છે, તે આ ગાથામાં કહેવાય છે—

कुरुणइ चुलसी सहसा, छच्चेवंतरणईओ पइविजयं ।
दो दो महाणईओ, चउद [स] सहस्सा उ पत्तेअं ॥ ६३ ॥

શબ્દાર્થ:—

कुरु–દેવકુરૂ અને ઉત્તરકુરૂક્ષેત્રની
णइ–નદીઓ
चुलसी सहसा–ચોર્યાસીહજાર
छ च्चेव–છ જ.
अंतरणईओ–અન્તર્નદીઓ
पइ विजयं–પ્રતિવિજયની, દરેક વિજયની
दो दो महाणईओ–બે બે મહાનદીઓ
पत्तेअं–દરેક મહાનદીને

गाथार्थ :—કુરૂક્ષેત્રની નદીઓ ચોર્યાસી હજાર, છ અન્તર્નદીઓ અને દરેક વિજયમાં બે બે મહાનદી છે, તે દરેકનો ચૌદ ચૌદ હજારનો પરિવાર છે [એ સર્વનદીઓ સીતોદાને તથા સીતાનદીને મળે છે] ॥ ૬૩ ॥

વિસ્તરાર્થ :—મહાવિદેહક્ષેત્ર ચાર વિભાગમાં વહેંચાયલું છે, ત્યાં અતિમધ્યવર્તી મેરૂપર્વત છે, અને તેથી દક્ષિણ દિશાએ દેવકુરુ નામનું યુગલક્ષેત્ર, ઉત્તરે उत्तरकुरु નામનું યુગલક્ષેત્ર, પૂર્વદિશામાં પૂર્વમહાવિદેહ અને પશ્ચિમદિશામાં પશ્ચિમમહાવિદેહક્ષેત્ર છે, ત્યાં સીતોદાનદી પૂર્વે કહ્યા પ્રમાણે દેવકુરૂક્ષેત્રમાં થઈને પશ્ચિમમહાવિદેહમાં જાય છે, ત્યાં પ્રથમ કુરૂક્ષેત્રની ૮૪૦૦૦ નદીઓ છે તે સર્વ સીતોદાને મળે છે. અને સીતાનદી ઉત્તરકુરૂક્ષેત્રમાં થઈને પૂર્વ મહાવિદેહમાં વહે છે, ત્યાં ઉત્તરકુરૂની ૮૪૦૦૦ નદીઓ પ્રથમ મળે છે. પુનઃ પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમમહાવિદેહ એ દરેકમાં ૮–૮ દક્ષિણ તરફ અને ૮–૮ ઉત્તર તરફ વિજયો છે, બે બે વિજયોની વચ્ચે એકેક વક્ષસ્કારપર્વત અને એકેક નદી આવી છે, એજ અન્તર્નદીઓ ગણાય છે, કારણકે બે બે વિજયોની अन्तः-વચ્ચે આવી છે માટે, તેવી નદીઓ પૂર્વમહાવિદેહમાં છ અને પશ્ચિમ વિદેહમાં પણ ૬ છે. તે પણ સીતોદા તથા સીતાને જ મળે છે.

તથા પૂર્વવિદેહની અને પશ્ચિમવિદેહની ૧૬–૧૬ વિજયોમાં દરેકમાં ગંગા સિંધુ અને રક્તા તથા રક્તાવતી એ નામવાળી બે બે નદીઓ છે. કઈ વિજયોમાં કઈ નદીઓ તથા વિજય વક્ષસ્કારપર્વત અને અન્તર્નદીઓનો સર્વ અનુક્રમ આગળ મહાવિદેહક્ષેત્રના વર્ણનપ્રસંગે કહેવાશે. તે બે બે મહાનદીને દરેકને ૧૪૦૦૦–૧૪૦૦૦ નદીઓનો પરિવાર છે, તે ચૌદહજારના પરિવારવાળી નદી સીતોદામાં ૩૨ મળે છે, તેવી રીતે સીતાને પણ ૩૨ નદી મળે છે, જેથી

સીતોદામાં		સીતાનદીમાં
દેવકુરૂની	૮૪૦૦૦ નદી	ઉત્તરકુરૂ ક્ષેત્રની
પશ્ચિમ વિદેહની	૬ અન્તર્નદી	પૂર્વ વિદેહની
પશ્ચિમ વિજયોની	૩૨ મહાનદી	પૂર્વ વિજયોની
પશ્ચિમ વિજયોની	૪૪૮૦૦૦ પરિવારનદી	પૂર્વ વિજયોની
	૫૩૨૦૩૮ સર્વનદી	

અહિં કેટલાક આચાર્યો મહાનદીઓ ૩૮ ને જૂદી ન ગણીને ૫૩૨૦૦૦ નદીઓજ ગણે છે. અને ચાલુ ગ્રંથમાં ગણત્રી કરી છે, માટે સીતોદામાં ૫૩૨૦૩૮ નદીઓનું જળ ભેગું થાય છે, અને સીતામાં પણ એટલીજ નદીઓનું જળ ભેગું થતું હોવાથી બન્ને મહાનદીનો ભેગો પરિવાર ગણતાં મહાવિદેહ ક્ષેત્રમાં ૧૦૬૪૦૭૬ (દશલાખ ચોસઠહજાર છોંતેર) એટલી નદીઓ છે.

પુનઃ કેટલાક આચાર્ય અન્તર્નદીઓનો પણ દરેકનો ચૌદ ચૌદ હજાર અથવા અઠ્ઠાવીસ અઠ્ઠાવીસ હજારનો પરિવાર ગણે છે, જેથી ૧૬૮૦૦૦ નદીઓ પરિવારનદીમાં અધિક થાય છે, પરન્તુ વિશેષ અભિપ્રાય તો અન્તર્નદીઓનો પરિવાર જૂદો ન ગણતાં

વિજયની બે મહાનદીનો પરિવાર તેજ અન્તર્નદીનો ૨૮૦૦૦ પરિવાર ગણવા તરફનો છે. જેમ સૂર્યનો પરિવાર જૂદો નથી, પરન્તુ ચંદ્રનો ૨૮ નક્ષત્રાદિ પરિવાર એજ સૂર્યનો પણ ગણાય તેવી રીતે અન્તર્નદીઓનો પરિવાર જૂદો ન ગણવો. દિગંબરસમ્પ્રદાયમાં પણ અન્તર્નદીઓનો પરિવાર જૂદો ગણ્યો નથી.

વળી ક્ષેત્રસમાસની વૃત્તિમાં તો ગંગા સિંધુ આદિ મહાનદી પોતાના સહિત ૧૪૦૦૦ ના પરિવારે સમુદ્રમાં જાય છે, જેથી મહાનદીને પરિવારનદીથી જૂદી ગણી નથી ॥ ૬૩ ॥

अवतरणः—હવે જંબૂદ્વીપમાં સર્વ નદીઓની સંખ્યા દર્શાવે છે—

अडसयरि महणईओ, बारस अंतरणईउ सेसाओ ।
परिअरणई चउद्दस-लरका छप्पन्न सहसा य ॥ ६४ ॥

શબ્દાર્થ :—

अडसयरि-અઠ્યોત્તર
महणईओ-મહાનદીઓ
परिअरणई-પરિકર નદીઓ, પરિવાર નદીઓ,

गाथार्थः —૭૮ મહાનદીઓ, ૧૨ અન્તર્નદીઓ, અને બાકીની બીજી ૧૪૫૬૦૦૦ પરિવાર નદીઓ [એટલી નદીઓ જંબૂદ્વીપમાં છે-એ સંબંધ] ॥ ૬૪ ॥

विस्तरार्थः—ભરતક્ષેત્રની તથા ઐરાવતક્ષેત્રની ગણતાં ગંગા-સિંધુ-રક્તા-રક્તવતી મળીને ચાર નદીઓનો દરેકનો ૧૪૦૦૦ નો પરિવાર અને હિમવંત ક્ષેત્રની રોહિતા રોહિતાંશા તથા ઐરણ્યવંતક્ષેત્રની સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા એ ચાર નદીનો દરેકનો ૨૮૦૦૦ નો પરિવાર, તથા હરિવર્ષક્ષેત્રની હરિકાન્તા હરિસલિલા અને રમ્યક્ક્ષેત્રની નરકાન્તા નારિકાન્તા એ ચાર નદીનો દરેકનો ૫૬૦૦૦ નો પરિવાર અને મહાવિદેહની સીતા સીતોદા નદીનો દરેકનો ૫૩૨૦૦૦ પરિવાર, અને મહાવિદેહની ૧૨ અંતર્નદી સહિત ૧૪૫૬૦૯૦ નદીઓ જંબૂદ્વીપમાં છે. તે કોષ્ઠકથી આ પ્રમાણે—

		દરેકનો પરિ०	સર્વ સંખ્યા
૪	ગંગા-સિંધુ રક્તા-રક્તવતી	૧૪૦૦૦	૫૬૦૦૦
૪	રોહિતાંશા-રોહિતા સુવર્ણકૂલા-રૂપ્યકૂલા	૨૮૦૦૦	૧૧૨૦૦૦

૪	હરિકાન્તા—હરિસલિલા નરકાન્તા—નારિકાન્તા	૫૬૦૦૦	૨૨૪૦૦૦
૪	સીતા—સીતોદા	૫૩૨૦૦૦	૧૦૬૪૦૦૦
૭૮	૧૭ ગંગા—૧૭ સિંધુ ૧૭ રક્તા—૧૭ રક્તવતી ૧૦ રોહિતાંશા વિગેરે	—	૭૮
૧૨	અન્તર્નદી	—	૧૨
			૧૪૫૬૦૯૦ સર્વનદી

॥ જંબૂદ્વીપમાં નદીઓની ભિન્ન ભિન્ન ગણત્રી ॥

આ ગાથામાં કહ્યા પ્રમાણે જંબૂદ્વીપની સર્વ નદીઓ ૧૪૫૬૦૯૦ છે, તે ૯૦ મહાનદીઓને જૂદી ગણવાથી છે.

પુનઃ ઘણા ગ્રંથોમાં ૯૦ મહાનદીઓને જૂદી ન ગણીને ૧૪૫૬૦૦૦ નદીઓજ કહી છે, એમાં ૬૮ મહાનદીઓને તો કદાચ પરિવારાન્તર્ગત ગણી શકાય, પરન્તુ ૧૨ અન્તર્નદીઓને જૂદી કેમ ન ગણવી તે શ્રીબહુશ્રુતગમ્ય છે.

વળી જેઓ ગ્રાહવતી આદિ અન્તર્નદીઓનો જૂદો પરિવાર ૨૮૦૦૦—૨૮૦૦૦ નો ગણે છે, તેઓના અભિપ્રાય પ્રમાણે ૩૩૬૦૦૦ નદીઓ અધિક ગણવાથી [૧૪૫૬૦૦૦ + ૩૩૬૦૦૦ =] ૧૭૯૨૦૦૦ (સત્તરલાખ બાણુ હજાર) નદીઓ ગણાય છે. કહ્યું છે કે—

सुत्ते चउदसलरका, छप्पन्नसहस्स जंबुदीवंमि ।
हुंति उ सतरसलरका, बाणवइसहस्स मेलविया ॥ १ ॥

આ સંબંધમાં કેટલાક તર્કવિતર્કો શ્રીક્ષેત્રલોકપ્રકાશઆદિગ્રંથોથી જાણવા ॥ ૬૪ ॥

॥ કુંડાદિકનું સમાન પ્રમાણ ॥

એ ૯૦ મહાનદીઓના જે ૯૦ કુંડ અને દ્વીપ છે તેની લંબાઈ પહોળાઈ તો નદીઓને અનુસારે દ્વિગુણ દ્વિગુણ છે, પરન્તુ કુંડોની ઉંડાઈ સર્વની ૧૦ યોજન છે, દ્વીપની ઉંચાઈ સર્વત્ર ૨ ગાઉજ છે, અને નદીદેવીનું ભવન પણ સર્વત્ર ગંગા-દેવીના પૂર્વે કહેલા ભવન સરખું સમાન જ છે. તથા વેદિકા અને વનનું પ્રમાણ પણ સર્વત્ર તુલ્ય છે. ॥ ૬૪ ॥

॥ ९० मुख्य

९० महानदीओनां नाम.	कया स्थाने मूळ ?	कयांथी नीकळी	कई दिशाए निकळी ?	पर्वत उपर केटलुं वही ?	कया कुंडमां पडी ?	जीव्हिकानी लंबाई	पहोळाई	जाडाई	कुंडना कया द्वारे निकळी
गंगानदी	लघु हिमवंत पर्वत	पद्मद्रह	पूर्वे	यो. क. १००–० २७६–६	गंगा प्रपात	०॥ यो.	६। यो.	०॥ गाउ	दक्षिण
सिंधुनदी	,,	,,	पश्चिमे	५००–० २७६–६	सिंधु प्रपात	,,	,,	,,	,,
रक्ता	शिखरी पर्वत	पुंडरीकद्रह	पूर्वे	५००–० २७६–६	रक्ता प्रपात	,,	,,	,,	उत्तर
रक्तवती	,,	,,	पश्चिमे	५००–० २७६–६	रक्तावती प्रपात	,,	,,	,,	,,
रोहितांशा	लघु हिमवंत पर्वत	पद्मद्रह	उत्तरे	२७६–६	रोहितांशा प्रपात	१ यो.	१२॥ योजन	१ गाउ	,,
रोहिता	महाहिमवंत पर्वत	महापद्म-द्रह	दक्षिणे	१६०५–५	रोहिता प्रपात	,,	,,	,,	दक्षिण
सुवर्णकूला	शिखरी पर्वत	पुंडरीकद्रह	दक्षिणे	२७६–६	सुवर्णकूल प्रपात	,,	,,	,,	,,
रुप्यकूला	रुक्मी पर्वत	महा पुंडरीक द्रह	उत्तरे	१६०५–५	रुप्यकूला प्रपात	,,	,,	,,	उत्तर
हरिकान्ता	महाहिमवंत पर्वत	महा पद्मद्रह	उत्तरे	१६०५–५	हरिकान्ता प्रपात	२ यो.	२५यो	२ गाउ	,,
हरिसलिला	निषध पर्वत	तिगिंछी द्रह	दक्षिणे	७४२१–१	हरिसलिला प्रपात	,,	,,	,,	दक्षिण
नरकांता	रुक्मी पर्वत	महा पुंडरीक द्रह	दक्षिणे	१६०५–५	नरकान्ता प्रपात	,,	,,	,,	,,
नारीकान्ता	नीलवंत पर्वत	केशरी द्रह	उत्तरे	७४२१–१	नारीकांता प्रपात	,,	,,	,,	उत्तर

नदीओनो यन्त्र ॥

કયા મધ્યગિરિથી કેટલે દૂર રહીને વક્ર થઈ	કયા ક્ષેત્રમાં કઈ દિશાએ ચાલી ?	સંગમ સ્થાન	સર્વ પરિવાર નદીઓ	લંબાઈ	પહોળાઈ પ્રારંભમાં	પહોળાઈ પર્યન્તે	ઉંડાઈ પ્રારંભમાં	ઉંડાઈ પર્યન્તે	દર યોજને પ્રવાહ વૃદ્ધિ	દર યોજને ઉંડાઈની વૃદ્ધિ
ગંગાવર્તન કૂટને ૧ ગાઉ દૂર છોડીને	ભરતક્ષેત્રમાં પૂર્વ દિશાએ	પૂર્વ સમુદ્ર	૧૪૦૦૦	૪૫૦૦૦ યો૦ (કોઈક ગણિતથી)	૬૧ યોજન	૬૨॥ યો૦	૦॥ ગાઉ	૫ ગાઉ	એકપાર્શ્વે ૫ ધનુષ (૫-૫)	ધ. ધ. ૧/૯-૧/૯
સિંધ્વાવર્તન કૂટથી ૧ ગાઉ દૂર	,, પશ્ચિમે	સમુદ્ર	૧૪૦૦૦	”	”	”	”	”	”	”
રક્તાવર્તન કૂટથી ૧ ગાઉ દૂર	ઐરવતમાં પૂર્વે	,,	૧૪૦૦૦	”	”	”	”	”	”	”
રક્તાવત્યાવર્તન કૂટથી ૧ ગાઉ દૂર	,, પશ્ચિમે	,,	૧૪૦૦૦	”	”	”	”	”	”	”
શબ્દાપાતી વૈતાઢ્યથી ૨ ગાઉ દૂર	હિમવંત ક્ષેત્રમાં પશ્ચિમે	,,	૨૮૦૦૦	”	૧૨॥	૧૨૫	૧ ગાઉ	૧૦ ગાઉ	૧૦-૧૦ (બેપાર્શ્વે)	ધ. ધ. ૨/૯-૨/૯
–	,, પશ્ચિમે	,,	૨૮૦૦૦	”	”	”	”	”	”	”
વિકટાપાતી વૈતાઢ્યથી ૨ ગાઉ દૂર	હિરણ્યવંતમાં પૂર્વે	,,	૨૮૦૦૦	”	”	”	”	”	”	”
,,	,, પશ્ચિમે	,,	૨૮૦૦૦	”	”	”	”	”	”	”
ગંધાપાતી વૈતાઢ્યથી ૧ યોજન દૂર	હરિવર્ષ ક્ષેત્રમાં પશ્ચિમે	,,	૫૬૦૦૦	”	૨૫	૨૫૦	૨ ગાઉ	૫ યો૦	૨૦-૨૦	૪/૯-૪/૯
,,	,, પૂર્વે	”	૫૬૦૦૦	”	”	”	”	”	”	”
માલ્યવંત વૈતાઢ્યથી ૧ યોજન દૂર	રમ્યક્ ક્ષેત્રમાં પૂર્વે	,,	૫૬૦૦૦	”	”	”	”	”	”	”
,,	,, પશ્ચિમે	”	૫૬૦૦૦	”	”	”	”	”	”	”

સીતોદા	નિષધ પર્વત	તિગિંછી દ્રહ	ઉત્તરે	૭૪૨૧-૧	સીતોદા પ્રપાત	૪યો.	૫૦યો.	૪ ગાઉ	ઉત્તર
સીતા	નીલવંત પર્વત	કેશરીદ્રહ	દક્ષિણે	૭૪૨૧-૧	સીતા પ્રપાત	,,	,,	,,	દક્ષિણ
૧ થી ૮ વિજયની ગંગા-સિંધુ	નીલવંત પર્વતનીચે કુંડમાં	પ્રથમ કોષ્ટવત્	દ.	—	—	—	—	—	દ.
૯થી૧૬ વિજયની રક્તા-રક્તવતી	નિષધનીચે કુંડમાંથી	,,	ઉ.	—	—	—	—	—	ઉ.
૧૭થી૨૪ વિજયની ગંગા-સિંધુ	નીષધનીચે કુંડમાંથી	,,	ઉ.	—	—	—	—	—	ઉ.
૨૫થી૩૨ વિજયની રક્તા-રક્તવતી	નીલવંત નીચેના કુંડમાંથી	,,	દ.	—	—	—	—	—	દ.
૧-૨-૩જી અન્તર્નદી	,,	,,	દ.	—	—	—	—	—	દ.
૪-૫-૬ ઠ્ઠી અન્તર્નદી	નિષધનીચે કુંડમાંથી	,,	ઉ.	—	—	—	—	—	ઉ.
૭-૮-૯મી અન્તર્નદી	,,	,,	ઉ.	—	—	—	—	—	ઉ.
૧૦-૧૧-૧૨ મી અન્તર્નદી	નીલવંત નીચે કુંડમાંથી	,,	દ.	—	—	—	—	—	દ.

મેરુપર્વતથી. ૨ યોજન દૂર	મહાવિદેહમાં પશ્ચિમે	સમુદ્ર	૫૩૨૦૦૦	૪૫૦૦૦ યો. (કોટ્ટક ગણિતથી)	૫૦	૫૦૦	૧. યો.	૧૦ યો.	૪૦-૪૦	૬/૯ - ૬/૯
,,	,, પૂર્વે	,,	૫૩૨૦૦૦	,,	,,	,,	,,	,,	,,	,,
—	સ્વસ્વવિજયમાં દ.	સીતા નદી	૧૪૦૦૦ ૧૪૦૦૦	,,	૬૧ યો.	૬૨।।	૦।। ગાઉ	૫ ગાઉ	ધ. ધ. ૬/૯ ૫-૫ બે પાર્શ્વે	૬/૯ ધ.
—	ઉ.	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
—	ઉ.	સીતોદા નદી	,,	,,	,,	,,	,,	,,	,,	,,
—	દ.	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
—	દ.	સીતા નદી	—	૧૬૫૯૨ યો. ૨ ક. (અકોટ્ટક)	૧૨૫ યો.	૧૨૫	૧૦ ગાઉ	૧૦ ગાઉ	—	—
—	ઉ.	,,	—	,,	,,	,,	,,	,,	—	—
—	ઉ.	સીતોદા નદી	—	,,	,,	,,	,,	,,	—	—
—	દ.	,,	—	,,	,,	,,	,,	,,	—	—
			સર્વ ૧૪૫૬૦૦૦							

अवतरणः—એ પ્રમાણે જંબૂદ્વીપમાં સર્વનદીઓ કહીને હવે જંબૂદ્વીપના સર્વશાશ્વતા-પર્વતો ઉપરનાં ગિરિકૂટ તથા ભૂમિકૂટ કહેવાનો પ્રસંગ છે, ત્યાં ગિરિકૂટની ઉંચાઈ ૫૦૦ યોજન–૧૦૦૦ યોજન અને ૬૨ યોજન એમ ત્રણ પ્રકારની છે, ત્યાં ૫૦૦ યોજન ઉંચાં ૧૬૬ ગિરિકૂટ છે, તે આ બે ગાથામાં કહેવાય છે—

एगारडणवकूडा, कुलगिरिजुअलत्तिगेवि पत्तेअं ।
इइ छप्पन्न चउ चउ, वरकारेसुत्ति चउसट्ठी ॥ ६५ ॥

सोमणस गंधमाइणि, सग सग विज्जुपभि मालवंति पुणो ।
अट्ठ सयल तीसं, अडणंदणि अड करिकूडा ॥ ६६ ॥

શબ્દાર્થ:—

एगार अडणव–૧૧–૮–૯
कूडा–કૂટ, શિખરો
कुलगिरि–વર્ષધર પર્વતોના
जुअलत्तिगे–ત્રણે યુગલમાં ૬માં
पत्तेअं–દરેક ઉપર
इइ–એ પ્રમાણે
चउ चउ–ચાર ચાર કૂટ
वरकारेसु–સોળ વક્ષસ્કાર પર્વતો ઉપર
त्ति चउसठी–એ રીતે ૬૪ કૂટ

सोमणस–સોમનસ ગજદંત પર્વત ઉપર
गंधमाइणि–ગંધમાદન ગજદંત પર્વત ઉપર
सग सग–સાત સાત કૂટ
विज्जुपभि–વિદ્યુત્પ્રભ ગજદંતપર્વત ઉપર
मालवंति–માલ્યવંત ગજદંત પર્વત
अट्ठ–આઠ આઠ કૂટ
सयल–સર્વ મળીને
तीसं–ત્રીસ કૂટ
णंदणि–નંદનવનમાં
करिकूडा–કરિકૂટ, હસ્તિકૂટ.

गाथार्थ:—વર્ષધરપર્વતોના ત્રણ યુગલમાં દરેક ઉપર અનુક્રમે અગિઆર આઠ અને નવકૂટ છે, એ ૫૬ ગિરિકૂટ થયા. તથા સોળ વક્ષસ્કારપર્વતો ઉપર દરેક–૪–૪ કૂટ છે તે ૬૪ કૂટ થયા. ॥ ૬૫ ॥

તથા સોમનસ અને ગંધમાદન એ બે નામના ગજદંત પર્વતો ઉપર ૭–૭ કૂટ છે, માટે સર્વ મળીને ૩૦ કૂટ થયા, તથા ૮ કૂટ નંદનવનમાં અને ૮ કરિકૂટ [ભદ્રશાલ વનમાં છે એ ૧૬ કૂટ મેરૂપર્વત સંબંધિ જાણવા] ॥ ૬૬ ॥

विस्तरार्थ :—લઘુહિમવંત અને શિખરી એ બે પર્વતો તે પહેલું યુગલદ્વિક કહેવાય, અથવા બાહ્ય ગિરિયુગલ કહેવાય તે દરેક ઉપર ૧૧–૧૧ કૂટ શિખરો છે, તથા મહાહિમવંતપર્વત અને રૂક્મીપર્વત એ મધ્ય વર્ષધરયુગલ કહેવાય. તે દરેક ઉપર ૮–૮ શિખરો છે, અને નિષધપર્વત તથા નીલવંતપર્વત એ અભ્યન્તરવર્ષધર યુગલ ગણાય, તે દરેક ઉપર ૯–૯ શિખરો છે, એ પ્રમાણે છ વર્ષ ધરપર્વતો ઉપર [૨૨+૧૬+૧૮=]૫૬ શિખરો થયાં, આ ગણાતાં શિખરો પર્વત ઉપરનાં હોવાથી એ ૫૬ ગિરિકૂટ ગણાય.

તથા મહાવિદેહક્ષેત્રની ૩૨ વિજયોના આંતરામાં જે ૧૬ વક્ષસ્કાર પર્વતો આવેલા છે તે દરેક ૪–૪ શિખરો હોવાથી ૬૪ ગિરિકૂટ વક્ષસ્કારનાં છે. ॥ ૬૫ ॥

તથા મહાવિદેહ ક્ષેત્રમાં દેવકુરૂ તથા ઉત્તરકુરૂક્ષેત્રની મર્યાદા બાંધનારા બે બે પર્વતો गज=હાથીના दंत=દંતૂશળ સરખા વક્રઆકારવાળા છે તેથી તે ચાર ગજદંતગિરિ કહેવાય છે, ત્યાં મેરૂપર્વતના અગ્નિકોણ સોમનસ, નૈઋત્યકોણે વિદ્યુતપ્રભ, વાયવ્યકોણે ગંધમાદન અને ઇશાનકોણે માલ્યવંત નામના ગજદંતગિરિ છે, ત્યાં સોમનસ અને વિદ્યુત્પ્રભ એ બેના અંતરાલમાં દેવકુરૂક્ષેત્ર છે અને ગંધમાદન તથા માલ્યવંતની વચ્ચે ઉત્તરકુરૂક્ષેત્ર છે, માટે એ બે બે પર્વતો કુરૂક્ષેત્રની મર્યાદા બાંધીને રહ્યા છે, ત્યાં સોમનસ અને ગંધમાદન એ બે ગજદંતગિરિ ઉપર ૭–૭ શિખરો છે, અને વિદ્યુત્પ્રભ તથા માલ્યવંત એ બે ઉપર *૮–૮ શિખરો છે, જેથી ૧૪ અને ૧૬ મળી ૩૦ શિખરો ચાર ગજદંતગિરિનાં છે.

તથા મેરૂપર્વત ઉપર નીચેથી ૫૦૦ યોજન ઉંચા ચઢીએ ત્યાં नंदनवन નામનું વન છે, તે વનમાં+ આઠ ગિરિકૂટ છે, તે નંદનકૂટ કહેવાય છે.

તથા મેરૂપર્વતની તલહટી સ્થાને भद्रशाल નામનું વન છે, તે વનમાં करि = હાથી સરખા આકારવાળાં कूट = શિખરો છે, તે આઠ શિખરોનું નામ આઠ [1]करिकूट કહેવાય. એ પ્રમાણે [૫૬+૬૪+૩૦+૮+૮=] ૧૬૬ ગિરિકૂટ પાંચસો યોજન ઉંચાં છે.

अवतरण:—પૂર્વે બે ગાથામાં કહેલા પાંચસો યોજન ઉંચાઈવાળાં ૧૬૬ કૂટોમાં કેટલાંક શાશ્વતચૈત્યવાળાં સિદ્ધકૂટ છે તે કયા પર્વતનું સિદ્ધકૂટ કયાં છે? તે તે આ ગાથામાં કહેવાય છે—

---

*અહિં ૮–૮ ને બદલે ૯–૯ શિખરો છે, પરન્તુ ૧–૧ શિખર હજાર યોજન ઉંચુ હોવાથી સહસ્રાંકકૂટ તરીકે આગળ ૭૦મી ગાથામાં જુદું ગણાશે માટે અહિં ૮–૮ કૂટ ગણ્યાં છે.

+ નંદનવનમાં પણ ૯ કૂટ છે, પરંતુ બલકૂટ નામનું કૂટ હજાર યોજન ઉંચું હોવાથી આગળ ૭૦ મી ગાથામાં સહસ્રાંકકૂટ તરીકે જુદું ગણાશે માટે અહિં ગણ્યું નથી. જેથી ૮ કૂટ કહ્યાં છે.

૧. આ આઠ કરિકૂટ તે ગિરિકૂટ (=પર્વત ઉપરનાં કૂટ) નથી, પરન્તુ મેરૂપર્વતના વનમાં હોવાથી તેમજ અહિં ૫૦૦ યોજન ઉંચાઈવાળાં કૂટોની ગણત્રી કરવાની હોવાથી એ આઠ ભૂમિકૂટ (ભૂમિ ઉપર રહેલા શિખરના આકારવાળા હોવા છતાં પણ અહિં ગણવામાં આવ્યા છે.

૪૬૭ ગિરિકૂટ તથા ૫૮ ભૂમિકૂટ

કૂટની સંખ્યા	સ્થાન	ઊંચાઈ	મૂળ વિસ્તાર	મધ્ય વિસ્તાર	શિખરવિસ્તાર	શાનાં બનેલાં	શિખર ઉપર શાશ્વતા પ્રાસાદ
૧૧ હિમવત્ કૂટ	એજ નામવાળા પર્વત ઉપર	યોજન ૫૦૦	યોજન ૫૦૦	યોજન ૩૭૫	યોજન ૨૫૦	સર્વ રત્નમય	
૧૧ શિખરી કૂટ	”	૫૦૦	”	”	”	”	(સિદ્ધ ફૂટ ઉપર સિદ્ધાયતન (ચૈત્ય) શેષ ફૂટ ઉપર પ્રાસાદ (૯૮) ઉપર પ્રાસાદ)
૮ મહાહિમવંત કૂટ	”	૫૦૦	”	”	”	”	
૮ રૂકૂમી કૂટ	”	૫૦૦	”	”	”	”	
૯ નિષધ કૂટ	”	૫૦૦	”	”	”	”	
૯ નીલવંત કૂટ	”	૫૦૦	”	”	”	”	
૬૪ વક્ષસ્કાર કૂટ	”	૫૦૦	”	”	”	”	
૭ સોમનસ કૂટ	”	૫૦૦	”	”	”	”	
૭ ગંધમાદન કૂટ	”	૫૦૦	”	”	”	”	
૯ વિદ્યુત્પ્રભ કૂટ	”	૮–૫૦૦ ૧–૧૦૦૦	ઊંચાઈ વત્	૮–૩૭૫ ૧–૭૫૦	૮–૨૫૦ ૧–૫૦૦	૮ – રત્ન ૧ – સુવર્ણ	
૯ માલ્યવત્ કૂટ	”	૮–૫૦૦ ૧–૧૦૦૦	”	”	”	”	
૯ નંદન કૂટ	મેરૂમાં ૫૦૦ યો. ઉપર (નંદનવનમાં)	૮–૫૦૦ ૧–૧૦૦૦	”	”	”	”	પ્રાસાદ
૩૦૬ વૈતાઢ્ય કૂટ	૩૪ વિજયોમાં	૬ા યોજન	”	૫ાાગાઉ	૩ા ગાઉ	મધ્યવર્તી ૩-૩ સુવર્ણમય શેષ ૨૦૪ રત્નમય	૩૪ સિદ્ધા. શેષ પ્રાસાદ
૮ કરિકૂટ	મહાવિદેહમાં મેરૂ પર્વત નીચે ભદ્રશાલ વનમાં	૫૦૦ યોજન	૫૦૦ યોજન	૩૭૫ યોજન	૨૫૦ યોજન	સર્વ રત્નમય	દેવપ્રાસાદ
૮ જંબૂ કૂટ	ઉત્તર કુરૂક્ષેત્રમાં જંબૂવૃક્ષના પહેલા વનમાં	૮ યો.	૧૨	૮	૪	જાંબૂનદ સુવર્ણનાં	—
૮ શાલ્મલી કૂટ	દેવકુરૂમાં શાલ્મલી વૃક્ષના પહેલા વનમાં	”	”	”	”	રૂપાનાં	—
૩૪ ઋષભ કૂટ	૩૪ વિજયોમાં બે બે પ્રપાતકુંડોની વચ્ચે	”	”	”	”	જાંબૂનદ સુવર્ણનાં	દેવપ્રાસાદ

સમચોરસ પ્રાસાદની			સિદ્ધકૂટ કઇ દિશાએ	*પ્રા૦ માં શું છે?	ચૈત્યની			ચૈ૦ દ્વારની			પ્ર૦ માં જી૦ કે૦
લાંબુ	પહોળું	ઉંચું			લાંબુ	પહોળું	ઉંચું	પ્રવેશ	પહોળું	ઉંચું	
યોજન ૩૧॥	૩૧॥	૬૨॥	પૂર્વ દિશાએ સમુદ્ર પાસે	સિંહાસન (સપરિવાર)	યોજન ૫૦	યોજન ૨૫	યોજન ૩૬	યો૦ ૪	યો૦ ૪	યો૦ ૮	૧૦૮ સિદ્ધ પ્રતિમા
,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
,,	,,	,,	મહાનદી પાસે	,,	,,	,,	,,	,,	,,	,,	,,
,,	,,	,,	મેરૂ પાસે	,,	,,	,,	,,	,,	,,	,,	,,
,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
,,	,,	,,	—	,,	—	—	—	—	—	—	—
૦॥ ગાઉ	૦॥ ગાઉ	૧ ગાઉ	૨ પૂર્વ દિશાએ સમુદ્ર પાસે ઉત્તરપૂર્વદિશાએ	સપરિવાર	૧ ગાઉ	૦॥ ગાઉ	૧૪૪૦ ધનુષ	ધનુ૦ ૨૫૦	ધનુ૦ ૨૫૦	ધ૦ ૫૦૦	૧૦૮ સિદ્ધ પ્રતિમા
૩૧॥યો	૩૧॥યો	૬૨॥ યો	—	,,	—	—	—	—	—	—	—
—	—		દરેક કૂટ સિદ્ધ કૂટ છે.	—	૧ ગાઉ	૦॥ ગાઉ	૧૪૪૦ ધનુ૦	ધ૦ ૨૫૦	ધ૦ ૨૫૦	ધ૦ ૫૦૦	૧૦૮ સિદ્ધ
—	—		,,	—	,,	,,	,,	,,	,,	,,	,,
૦॥ ગાઉ	૦॥ ગાઉ	૧ ગાઉ	—	સિંહાસન સપરિવાર	—	—	—	—	—	—	—

* પ્રાસાદોને દ્વાર ન હોવાથી દ્વારનું પ્રમાણ દર્શાવ્યું નથી.

इअ पणसय उच्च छासट्ठिसउ (य) कूडा तेसु दीहरगिरीणं ।
पुव्वणइ मेरुदिसि अंतसिद्धकूडेसु जिणभवणा ॥ ६७ ॥

શબ્દાર્થઃ—

इअ–એ પૂર્વે કહેલાં
पणसय उच्च–પાંચસો યોજન ઉંચાં
छासट्ठिसय कूडा–એકસો છાસઠ કૂટ
तेसु–તે કૂટોમાં
दीहरगिरीणं–દીર્ઘગિરીઓના
पुव्व (दिसि)–પૂર્વદિશિએ
णइ (दिसि)–નદી દિશિએ
मेरु दिसि–મેરૂ દિશિએ
अंत–અન્તે, પર્યન્તે રહેલ
सिद्धकूडेसु–સિદ્ધકૂટો ઉપર
जिणभवणा–જિનભવનો છે.

गाथार्थः—એ પ્રમાણે પાંચસો યોજન ઉંચાં ૧૬૬ કૂટ છે, તે કૂટોમાં જે દીર્ઘપર્વતો છે, તેની પૂર્વદિશાના પર્યન્તે નદીદિશિના પર્યન્તે અને મેરૂદિશિના પર્યન્તે સિદ્ધકૂટો છે, તેમાં જિનભવનો છે ॥ ૬૮ ॥

विस्तरार्थः—પૂર્વે એ ગાથામાં જે ૧૬૬ કૂટ ગણાવ્યાં તેમાં ૧૫૦ કૂટ ૨૬ દીર્ઘપર્વતોનાં છે, અને ૧૬ કૂટ એક મેરૂપર્વતનાં હોવાથી વૃત્તપર્વતનાં છે. ત્યાં એ મેરૂપર્વતનાં ૧૬ કૂટમાં એક પણ કૂટ ઉપર શાશ્વતજિનભવન નથી, પરન્તુ ૨૬ દીર્ઘપર્વતો ઉપરના એકેક કૂટ ઉપર શાશ્વતજિનભવન એકેક છે, જેથી તે શાશ્વતજિનભવનમાં શ્રી સિદ્ધભગવંતની શાશ્વતપ્રતિમા હોવાથી એ જિનભવન પણ सिद्धायतन [સિદ્ધનું આયતન એટલે મંદિર] કહેવાય, અને તે કૂટ પણ सिद्धकूट કહેવાય, પરન્તુ દરેક પર્વતનાં ૧૧ વા ૮ વા ૯ ઇત્યાદિ કૂટોમાં તે સિદ્ધકૂટ કયે સ્થાને હોય ? તે દર્શાવવાનો પ્રસંગ છે, માટે આ ગાથામાં તે સિદ્ધકૂટનાં સ્થાન દર્શાવે છે તે આ પ્રમાણે—

છ વર્ષધરપર્વતો ઉપર જે ૧૧–૧૧–૮–૮–૯–૯ કૂટ પૂર્વે કહ્યાં તેમાં પૂર્વદિશાનું જે પહેલું કૂટ પૂર્વસમુદ્ર પાસે છે તે છ એ કૂટ સિદ્ધકૂટ છે, ત્યાં ૧૧ આદિ કૂટોની પંક્તિ પૂર્વપશ્ચિમ દીર્ઘ છે, તેથી સિદ્ધકૂટ પૂર્વદિશામાં પર્યન્તે રહેલું છે, માટે ગાથામાં पुव्वदिसि अंते કહ્યું છે.

તથા ૧૬ વક્ષસ્કારપર્વતનાં દરેકના ચાર ચાર કૂટની પંક્તિ ગિરિનદી પર્યન્ત દીર્ઘ છે, એટલે પહેલું સિદ્ધકૂટ નદી તરફ પર્યન્તે છે, અને છેલ્લું કૂટ નિષધ અથવા નીલવંતપર્વત તરફ પર્યન્તે છે, જેથી વક્ષસ્કારગિરિનું દરેક સિદ્ધકૂટ સીતા અથવા સીતોદા નદી પાસે છે, માટે ગાથામાં णइदिसि अंते કહ્યું છે.

તથા ચાર ગજદંતગિરિ ઉપર જે ૩૦ કૂટ ગણાવ્યાં તેમાં જે પહેલું પહેલું સિદ્ધકૂટ છે તે મેરૂતરફ એટલે મેરૂપર્વતની પાસે છે, અને શેષ કૂટ નિષધ તથા નીલવંતપર્વત-તરફ પંક્તિબદ્ધ છે. માટે ગાથામાં मेरुदिसि અંતે કહ્યું છે. એ રીતે दिसि અંતે એ પદ ત્રણે સ્થાને સંબંધવાળું છે. અને સિદ્ધકૂટોના સ્થાનને અંગે ૨૯ દીર્ઘપર્વતોના ત્રણ વિભાગ થયા.

તથા એ ૨૯ દીર્ઘપર્વતોમાં ૬ વર્ષધરો પૂર્વથી પશ્ચિમ દીર્ઘ છે, ૧૬ વક્ષસ્કાર-પર્વતો ઉત્તરથી દક્ષિણ દીર્ઘ છે, અને જેનો એક છેડો નિષધ નીલવંતને સ્પર્શેલો છે, તથા બીજો છેડો સીતોદા સીતા નદીને સ્પર્શેલો છે. તથા ૪ ગજદંતગિરિ પણ ઉત્તર દક્ષિણ દીર્ઘ છે, અને દરેકનો એક છેડો નિષધ નીલવંતને યથાસંભવ સ્પર્શ્યો છે, અને બીજો છેડો મેરૂપર્વતની પાસે પહોંચેલો છે, એ રીતે ૨૯ દીર્ઘપર્વતો ઉપર ૨૯ સિદ્ધકૂટ કહ્યાં, તે ઉપર એકેક શાશ્વત જિનચૈત્ય છે, જેનું ઘણું વર્ણન સિદ્ધાન્તથી જાણવા યોગ્ય છે, પુનઃ સિદ્ધકૂટ સિવાયના શેષ ૧૦–૧૦–૭–૭–૮–૮ ઇત્યાદિ કૂટો છે. તે દરેક ઉપર દેવપ્રસાદ છે, કે જે ૬૯ મી ગાથામાં કહેવાશે.

વળી દીર્ઘગિરિ ૨૯ કહ્યા તે ૨૯ જ છે, એમ નહિં, વૈતાઢ્યાદિ બીજા દીર્ઘ-ગિરિઓ પણ છે, પરન્તુ અહિં તો પાંચસો યોજન ઉંચાઈવાળાં કૂટ જે જે પર્વતો ઉપર હોય તેટલાજ પર્વતોમાં દીર્ઘગિરિ ૨૯ છે એમ ગણાવેલ છે, અને નંદનકૂટ તથા કરિકૂટમાં કેવળ દેવપ્રસાદો જ છે, સિદ્ધાયતન નથી. માટે તેમાં સિદ્ધકૂટ કહ્યું નથી ॥ ૬૭ ॥

अवतरणः—પૂર્વ ગાથામાં જે ૨૯ દીર્ઘપર્વતો ઉપરના ૨૯ સિદ્ધકૂટો ઉપર એકેક શાશ્વત જિનભવન કહ્યું તેનું પ્રમાણ કેટલું છે? તે આ ગાથામાં કહેવાય છે—

ते सिरिगिहाओ दोसय-गुणप्पमाणा तहेव तिदुवारा ।
णवरं अडवीसाहिअ-सयगुणदारप्पमाणमिह ॥ ६८ ॥

શબ્દાર્થઃ—

ते—તે જિનભવનો
सिरिगिहाओ—શ્રીદેવીના ગૃહથી
दोसयगुण—બસો ગુણા
तहेव—તેમજ, શ્રીદેવી ગૃહવત્
तिदुवारा—ત્રણ દ્વારવાળાં
णवरं—પરન્તુ વિશેષ એ છે કે
अडवीसाहिअसयगुण—અઠ્ઠાવીસ અધિક સોગુણ. ૧૨૮ ગુણ
दारप्पमाणं—દ્વારનું પ્રમાણ
इह—અહિં, આ જિનભવનોમાં

ગાથાર્થઃ—તે જિનભવનો શ્રીદેવીના ભવનથી બસોગુણા પ્રમાણવાળાં છે, તથા શ્રીદેવીના ભવનની પેઠેજ ત્રણ દ્વારવાળાં છે, પરન્તુ વિશેષ એ છે કે–અહિં દ્વારનું પ્રમાણ શ્રીદેવીભવનના દ્વારથી (બસો ગુણ નહિં પણ) એકસો અઠ્ઠાવીસ ગુણ જાણવું. ॥ ૬૮ ॥

વિસ્તરાર્થઃ—શ્રીદેવીનું ભવન જે પદ્મદ્રહમાં છે તે ૧ ગાઉ દીર્ઘ ૦॥ ગાઉ પહોળું છે, ત્યારે આ જિનભવનો તેથી બસો ગુણ પ્રમાણવાળાં હોવાથી ૨૦૦ ગાઉ અર્થાત્ ૫૦ યોજન દીર્ઘ અને ૨૫ યોજન વિસ્તૃત છે, તથા શ્રીદેવીના ભવનની ઉંચાઈ ૧૪૪૦ ધનુષ છે તો આ જિનભવનોની ઉંચાઈ [૧૪૪૦ × ૨૦૦ = ૨૮૮૦૦૦ ધનુષને ૮૦૦૦ ધનુષના એક યોજન પ્રમાણે ભાગતાં ૩૬ યોજન આવે માટે ઉંચાઈ] ૩૬ યોજન છે.

તથા શ્રીદેવીભવનના દ્વારની ઉંચાઈ ૫૦૦ ધનુષ છે તેને ૧૨૮ ગુણા કરતાં ૬૪૦૦૦ ધનુષ આવે તેના ૮ યોજન થાય માટે જિનભવનોના દ્વારની ઉંચાઈ ૮ યોજન છે, તથા દ્વારની પહોળાઈ અને પ્રવેશ શ્રીદેવીગૃહના દ્વારનો ૨૫૦ ધનુષ છે તેને ૧૨૮ ગુણ કરતાં ૩૨૦૦૦ ધનુષ એટલે ૪ યોજન આવ્યા, માટે જિનભવનોના દ્વારની પહોળાઈ અને પ્રવેશ ૪ યોજન છે. ॥ ૬૮ ॥

॥ શાશ્વત જિનભવનનું કિંચિત્ સ્વરૂપ ॥

દરેક શાશ્વતજિનચૈત્ય રત્ન સુવર્ણ અને મણિનું બનેલું હોય છે. પૂર્વે કહ્યા પ્રમાણે પશ્ચિમસિવાયની ત્રણ દિશામાં ૩ દ્વાર હોય છે, ચૈત્યના અતિ મધ્યભાગમાં એક મોટી મણિપીઠિકા (રત્નપીઠ) હોય છે, અને તે ઉપર એક દેવછંદક [સ્તૂપ સરખા આકારવાળો ગભારો] બાંધેલો હોય છે, તેનું પ્રમાણ મણિપીઠિકા જેટલું પ્રમાણાંગુલથી જાણવું, પરન્તુ ઉંચાઈ કંઈક અધિક જાણવી. તે દેવછંદકમાં મણિપીઠિકા ઉપર ચારે તરફની મળીને ૧૦૮ પ્રતિમા ઉત્સેધાંગુલના પ્રમાણથી ૫૦૦ ધનુષ ઉંચી હોય છે, જેથી એકેક દિશામાં ૨૭–૨૭ પ્રતિમાજી ઉભી રહેલી હોય છે. ત્યાં ઋષભ–ચંદ્રાનન વારિષેણ–અને વર્ધમાન એ ચાર નામવાળી પ્રતિમાઓ છે.

॥ શાશ્વત પ્રતિમાજીના જૂદા જૂદા રાત્નિક અવયવો ॥

તે શ્રી જિનપ્રતિમાઓના નખ અંકરત્નના શ્વેતવર્ણે, નખના પ્રતિસેક (પર્યન્તવર્તી ખુણાભાગ નખની નીચેનો હોય તે) લોહિતાક્ષ રત્નના રક્તવર્ણે છે, હથેલી, પગનાં તળીયાં, નાભિ, જીભ, શ્રીવત્સ (છાતી મધ્યે ઉપસતો ભાગ) અને ચુચુક (સ્તનની ડીંટીઓ) તથા તાલુ એ સર્વ તપનીયસુવર્ણમય રક્તવર્ણનાં હોય છે, દાઢી મૂછ અને રોમરાજી રિષ્ટરત્નમય કૃષ્ણવર્ણની છે. બે હોઠ પરવાલાંના રક્તવર્ણે છે, નાસિકા લોહિતાક્ષરત્નની રક્તવર્ણે છે, અને નાસિકાનો પ્રતિસેક (અંદરનો ઉપલો ભાગ) તપનીય-

સુવર્ણમય રક્તવર્ણે છે. ચક્ષુઓ અંકરત્નમય શ્વેતવર્ણે, ચક્ષુના પ્રતિસેક (પર્યન્તવર્તી ખુણા) લોહિતાક્ષરત્નના રક્તવર્ણે, તારા (કીકી) પાંપણ અને ભ્રૂ (ભવાં) એ રિષ્ટરત્નમય કૃષ્ણવર્ણે છે. લલાટ કાન અને કપોલ એ સુવર્ણના પીતવર્ણે છે, શીર્ષના કેશ રિષ્ટરત્નના કૃષ્ણવર્ણે તથા કેશભૂમિ (મસ્તકનો ઉપલો ભાગ, કેશના મૂળ ભાગનું સ્થાન) તપનીય સુવર્ણમય રક્તવર્ણે છે. શીર્ષ વજ્રરત્નમય શ્વેતવર્ણે, ડોક–ભુજાઓ–પગ–જંઘા–ગુલ્ફ (પગની બે પાની)–સાથળો–અને શરીર એ સર્વ સુવર્ણમય પીતવર્ણે છે. એ પ્રમાણે શાશ્વતપ્રતિમાજીના રત્નવિગેરેથી નિર્મિત અવયવો છે.

॥ શાશ્વત પ્રતિમાજીની ચારે દિશામાં રત્નમય રચના ॥

દરેક પ્રતિમાજીની પાછળ એક [1]છત્રધારી રત્નપ્રતિમા છે, બે પડખે એકેક ચમરધારી રૂપ છે, અને સન્મુખ બે પડખે એકેક નાગપ્રતિમા હોવાથી બે નાગપ્રતિમા, એકેક યક્ષપ્રતિમા હોવાથી બે યક્ષપ્રતિમા, ત્યારબાદ બે ભૂત પ્રતિમા, ત્યારબાદ બે કુંડધરપ્રતિમા છે, એ ચાર પ્રકારની બે બે પ્રતિમાઓ વિનયથી નમ્ર થઈ બે હાથ જોડીને પગે લાગતી હોય તેવી છે.

॥ દેવચ્છન્દમાં રહેલી સામગ્રી ॥

તથા એ દેવચ્છન્દમાં ૧૦૮ ઘંટ, ૧૦૮ ધૂપના કડછા, ૧૦૮ ચંદન કળશ (જળપૂર્ણ કળશો), ૧૦૮ ભૃંગાર (નાનાકળશો), ૧૦૮ આરિસા, ૧૦૮ થાળ, ૧૦૮ પાત્રીઓ (નાની થાળીઓ), ૧૦૮ સુપ્રતિષ્ઠ (ડમરૂ આકારની ઉભી બેઠકો કે જેના ઉપર થાળ વિગેરે રાખી શકાય, અથવા રહેલા છે.) ૧૦૮ મનોગુલિકા [રત્નના બાજઠ વિશેષ], ૧૦૮ વાતકરક [કોઈ વસ્તુ વિશેષ], ૧૦૮ વિચિત્ર રત્ન કરંડીયા, ૧૦૮ રત્નના અશ્વકંઠ [શોભા માટે], ૧૦૮ હસ્તિકંઠ, ૧૦૮ નરકંઠ, ૧૦૮ કિન્નરકંઠ, ૧૦૮ કિંપુરૂષકંઠ, ૧૦૮ મહોરગકંઠ, ૧૦૮ ગંધર્વકંઠ, ૧૦૮ વૃષભકંઠ ૧૦૮ ચંગેરી,[2] ૧૦૮ પટલ[3] (પડલા), ૧૦૮ સિંહાસન, ૧૦૮ છત્ર, ૧૦૮ ચામર ૧૦૮ દાબડા,[4] ૧૦૮ ધ્વજા, એ વસ્તુઓ જિનભવનમાં સર્વે રત્નમય છે, અને અતિમનોહર છે. ॥

अवतरणः—પૂર્વે કહેલા ૫૦૦ યોજન ઉંચાઇવાળા કૂટોમાંના ૨૬ કૂટો ઉપર જિનભવન છે, તો બીજાં ૧૪૦ કૂટો ઉપર શું છે? તે આ ગાથામાં કહેવાય છે.

---

૧. છત્રધર અને ચામરધર પ્રતિમાઓ પણ જિનપ્રતિમાવત્ ઊભી રહેલી જાણવી.

૨. ૧૦૮ પુષ્પચંગેરી, ૧૦૮ માલ્યચંગેરી, ૧૦૮ ચૂર્ણચંગેરી, ૧૦૮ ગંધચંગેરી, ૧૦૮ વસ્ત્રચંગેરી, ૧૦૮ આભરણચંગેરી, ૧૦૮ સિદ્ધાર્થ (શ્વેત સર્ષપ) ચંગેરી, ૧૦૮ લોમહસ્ત (મોરપીછીના પૂજણીની) ચંગેરી, એ ૮ પ્રકારની ચંગેરીઓ [પાત્ર વિશેષ] છે.

૩. ચંગેરીવત્ આઠ પ્રકારના એકસો આઠ આઠ પટલક જાણવા.

૪. તૈલસમુદ્ગક, કોષ્ઠસમુદ્ગક, ચોયગસમુદ્ગક, તગરસમુ૦, એલાયચીસમુ૦, હરતાલ સમુ૦, હિંગલોક સમુ૦, મનઃશિલ સમુ૦, અંજન સમુદ્ગક એ નવ પ્રકારના દાબડા તે પણ દરેક ૧૦૮–૧૦૮ જાણવા.

पणवीसं कोससयं, समचउरसवित्थडा दुगुणमुच्चा ।
पासाया कूडेसु, पणसयउच्चेसु सेसेसु ॥ ६९ ॥

શબ્દાર્થ :

पणवीसं सयं–એકસો પચીસ
कोस–કોશ, ગાઉ.
समचउरस वित्थडा–સમચોરસ વિસ્તારવાળા
दुगुणं उच्चा–બમણા ઉંચા
पासाया–દેવપ્રાસાદો
सेसेसु–શેષ ૧૪૦ કૂટો ઉપર

गाथार्थः–પાંચસો યોજન ઉંચાઈવાળા શેષકૂટો ઉપર ૧૨૫ ગાઉ સમ ચોરસ વિસ્તારવાળા અને તેથી બમણા ઉંચા એવા દેવપ્રાસાદો છે. ॥ ૬૯ ॥

विस्तरार्थः—પાંચસો યોજન ઉંચાઈવાળાં ૧૬૬ કૂટમાંનાં ૨૬ સિદ્ધકૂટ બાદ કરતાં શેષ ૧૪૦ કૂટો ઉપર તે તે કૂટના અધિપતિદેવોનો એકેક સમચોરસ આકારવાળો રત્નમયપ્રાસાદ [દેવગૃહ] છે, એ અધિપતિદેવો અસંખ્યાત દ્વીપસમુદ્ર વ્યતીત થયા બાદ જે બીજો જંબૂદ્વીપ આવેલો છે, ત્યાં પોતપોતાની દિશિમાં અને પોતપોતાની સમૃદ્ધિવાળી રાજધાનીઓમાં રહે છે, એકેક પલ્યોપમના આયુષ્યવાળા એ મહર્ધિકદેવો જ્યારે કારણ પ્રસંગે જંબૂદ્વીપમાં આવે છે, ત્યારે પોતાના કૂટઉપરના પ્રાસાદમાં સુખપૂર્વક પરિવારસહિત બેસે છે. એ દરેક પ્રાસાદમાં મધ્યભાગે એકેક મણિપીઠિકા છે, અને તે ઉપર અધિપતિ દેવનું એક મુખ્ય સિંહાસન છે, અને તેની ચારે તરફ ફરતાં પદ્મદ્રહના કમળના વલયોની માફક પરિવારદેવોનાં પણ સિંહાસન છે. એ પ્રાસાદની લંબાઈ ૩૧॥ યોજન તથા પહોળાઈ પણ ૩૧॥ યોજન છે, અને ઉંચાઈ બમણી હોવાથી ૬૨॥ યોજન છે. એ પ્રાસાદોનું સાંગોપાંગવર્ણન સિદ્ધાન્તોમાંથી જાણવા યોગ્ય છે. એ ૧૪૦ પ્રાસાદોમાં ઘણા દેવના પ્રાસાદો છે, અને કેટલાક પ્રાસાદો દેવીઓના પણ છે. ॥ ૬૯ ॥

अवतरणः—પૂર્વ ગાથામાં પાંચસો યોજન ઉંચાઈવાળાં એકસોછાસઠ કૂટ કહીને હવે આ ગાથામાં ૧૦૦૦ યોજન ઉંચાઈવાળાં ૩ સહસ્રાંકકૂટ છે તે કહે છે—

बलहरिसहहरिकूडा, णंदणवणि मालवंति विज्जुपभे
ईसाणुत्तरदाहिण–दिसासु सहसुच्च कणगमया ७० ॥

શબ્દાર્થ :

बल–બલકૂટ
हरिसह–હરિસહ કૂટ
हरिकूडा–હરિકૂટ
सहस उच्च–હજાર યોજન ઉંચા
कणगमया–કનકમય, સુવર્ણના

ગાથાર્થઃ—નંદનવનમાં ઈશાનદિશાએ બલકૂટ, માલ્યવંતમાં ઉત્તરદિશાએ હરિસ્સહકૂટ, અને વિદ્યુત્પ્રભમાં દક્ષિણદિશાએ હરિકૂટનામનું કૂટ છે, એ ત્રણે કૂટ ૧૦૦૦ (હજાર) યોજન ઉંચાં છે, અને સુવર્ણનાં છે. ॥ ૭૦ ॥

વિસ્તરાર્થઃ—નંદનવન નામનું વન જે મેરૂપર્વત ઉપર ૫૦૦ યોજન ચઢતાં આવે છે તેમાં પૂર્વે ૮ ગિરિકૂટ કહેવાઈ ગયાં છે, તે ચાર દિશાએ ચાર જિનભવન અને ચાર વિદિશામાં ચાર ઇન્દ્રપ્રાસાદ એ આઠના આઠ આંતરામાં છે, તેમાં પણ પૂર્વદિશિનું જિનભવન અને પહેલું દિક્કુમારીકૂટ એ બેના આંતરે बलकूट નામનું એક કૂટ ૧૦૦૦ યોજન ઉંચું ૧૦૦૦ યોજન મૂળ વિસ્તાર. ૭૫૦ યોજન મધ્યવિસ્તાર અને ૫૦૦ યોજન શિખર વિસ્તારવાળું, અને ૨૫૦ યોજન ભૂમિમાં અને સુવર્ણનું છે. सहस्र એટલે હજાર યોજનવડે अंक = અંકિત-યુક્ત હોવાથી सहस्रांककूट એવું નામ છે એ કૂટનો અધિપતિ બળદેવનામનો દેવ છે, તેની રાજધાની અસંખ્યદ્વીપસમુદ્ર બાદ આવેલા બીજા જંબુદ્વીપમાં ઈશાનદિશાએ છે, અને તે રાજધાની ૮૪૦૦૦ (ચોર્યાસી હજાર) યોજન વિસ્તારવાળી છે. અહિં તો કૂટ ઉપર કેવળ પ્રાસાદજ છે.

તથા માલ્યવંતનામના ગજદંતગિરિ ઉપર ઉત્તરદિશામાં એટલે નીલવંત પર્વતની પાસે પહેલું પરન્તુ મેરૂપર્વત પાસેના પહેલા સિદ્ધકૂટથી ગણતાં નવમું हरिस्सहकूट નામે સહસ્રાંકકૂટ છે, તે પણ ૧૦૦૦ યોજન ઉંચું ૧૦૦૦ યોજન મૂળમાં વિસ્તારવાળું, મધ્યભાગે ૭૫૦ યોજન અને શિખરઉપર ૫૦૦ યોજન વિસ્તારવાળું, તથા ભૂમિમાં ૨૫૦ યોજન દટાયલું છે. પરિધિ ગણિતને અનુસારે મૂળમાં ૩૦૬૨ યોજન, મધ્ય ભાગે ૨૩૭૨ યોજન, અને ઉપરનો પરિધિ ૧૫૮૧ યોજન છે. આ કૂટનો અધિપતિ હરિસ્સહનામનો દેવ છે, તેની રાજધાની બીજા જંબૂદ્વીપમાં ઉત્તર દિશામાં ૮૪૦૦૦ યોજન વિસ્તારવાળી છે, અને અહિ તો કૂટ ઉપર કેવળ એક પ્રાસાદ જ છે.

તથા વિદ્યુત્પ્રભનામના ગજદંતગિરિ ઉપર દક્ષિણ દિશામાં એટલે નિષધપર્વતની પાસે પહેલું પરન્તુ મેરૂ તરફના પહેલા સિદ્ધકૂટથી ગણતાં છેલ્લું નવમું हरिकूट નામનું સહસ્રાંકકૂટ તે પણ સર્વથા હરિસ્સહકૂટ સરખું છે, એનો અધિપતિ હરિ નામનો દેવ બીજા જંબૂદ્વીપમાં દક્ષિણ દિશાએ પોતાની ૧૦૦૦૦૦ (એક લાખ) યોજન વિસ્તારવાળી હરિ નામની રાજધાનીમાં રહે છે, અને આ કૂટ ઉપર તો હરિદેવનો એક પ્રાસાદ (૬૯મી ગાથામાં કહેલા પ્રમાણવાળો) છે, જ્યારે કારણ પ્રસંગે અહિ આવે ત્યારે એમાં સુખે બેસે છે.

॥ ૩ સહસ્રાંક કૂટનો અર્ધભાગ આકાશમાં નિરાધાર ॥

નંદનવન ૫૦૦ યોજન પહોળું છે, અને તેમાંનું बलकूट ૧૦૦૦ યોજન મૂળમાં પહોળું છે, માટે ૫૦૦ યોજન નંદનવનના દબાવીને શેષ ૫૦૦ યોજન જેટલું કૂટ

વનની બહાર નીકળી આકાશમાં અધર રહેલું છે. એટલું જ નહિ પરંતુ નંદનવનનાં બીજાં આઠે કૂટ પણ ૫૦–૫૦ યોજન જેટલાં બહાર આકાશમાં અધર રહ્યાં છે.

તથા માલ્યવંત અને વિદ્યુત્પ્રભ એ બે ગજદંતગિરિ નીલવંત અને નિષધ પર્વતની પાસે ૫૦૦–૫૦૦ યોજન વિસ્તારવાળા છે, અને એ બેની ઉપરનાં હરિસ્સહ તથા હરિકૂટ ૧૦૦૦–૧૦૦૦ યોજન મૂળમાં વિસ્તારવાળાં છે. તેથી મધ્યભાગે ૫૦૦ યોજન ગજદંતગિરિના દાબીને બન્ને પડખે ૨૫૦–૨૫૦ યોજન બહાર નીકળી એ દરેક કૂટ આકાશમાં અધર રહ્યાં છે. એ પ્રમાણે ત્રણે સહસ્રાંક કૂટોનો અમુક ભાગ આકાશમાં નિરાધાર જાણવો.

વળી એ ત્રણે કૂટ ગોળ આકારના છે, અને ઉંચાઈમાં જોતાં ગાયે ઉંચા કરેલા પુચ્છ સરખા આકારવાળા છે, કારણ કે મૂળમાં અધિક વિસ્તારવાળા અને ત્યારબાદ અનુક્રમે હીનહીન વિસ્તારવાળા છે. ॥ ૭૦ ॥

अवतरण :—હવે આ ગાથામાં ૩૪ દીર્ઘવૈતાઢ્ય ઉપરનાં નવ નવ કૂટોનું સ્વરૂપ દર્શાવાય છે [વૃત્તવૈતાઢ્ય ઉપર કૂટ નથી].

वेअड्ढेसुवि णवणव कूडा पणवीसकोस उच्चा ते ।
सव्वे तिसय छडुत्तर, एसुवि पुव्वंति जिणकूडा ॥ ७१ ॥

શબ્દાર્થ

વેअड्ढेसु अवि–૩૪ દીર્ઘ વૈતાઢ્યો ઉપર પણ
णव णव कुडा–નવ નવ કૂટ
तिसय–ત્રણસો
छड उत्तर–છ અધિક
एसु अवि–એ કૂટોમાં પણ
पुव्वंति–પૂર્વ દિશાને અન્તે
जिणकुडा–જિનકૂટ, સિદ્ધકૂટ

गाथार्थ :—વૈતાઢ્ય પર્વતો ઉપર પણ નવ નવ કૂટ છે. અને તે સર્વે પચીસ ગાઉ ઉંચા છે, તે સર્વમળીને છ અધિક ત્રણસો (ત્રણસો છ) કૂટ છે, અને એ કૂટોમાં પણ પૂર્વદિશિને અન્તે એકેક સિદ્ધકૂટ છે. ॥ ૭૧ ॥

विस्तरार्थ :—ભરત ક્ષેત્રના મધ્ય ભાગમાં ૧, ઐરાવત ક્ષેત્રના મધ્ય ભાગે ૧, અને મહાવિદેહ ક્ષેત્રમાં દરેક વિજયમાં એકેક હોવાથી ૩૨, એ સર્વમળી ૩૪ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો છે. તે દરેક ઉપર ૯–૯ કૂટ છે, જેથી સર્વ મળી ૩૪ × ૯ = ૩૦૬ કૂટ થયાં. એ દરેક કૂટ ૨૫ ગાઉ ઉંચું, ૨૫ ગાઉ (૬¼ યોજન) મૂળમાં લંબાઈ પહોળાઈવાળું મધ્ય ભાગે કંઈક ન્યૂન ૫ યોજન અને ઉપર કંઈક અધિક ૩ યોજન લંબાઈ–પહોળાઈવાળું ગોળ આકારે ઉંચા કરેલા ગાયના પુચ્છ સરખું અનુક્રમે હીન હીન છે.

ભરત ક્ષેત્રના તથા ઐરાવત ક્ષેત્રના વૈતાઢ્ય ઉપર જે ૯ કૂટ છે તેમાં સર્વથી પહેલું પૂર્વ સમુદ્ર પાસે सिद्धायतन कूट, તેની પશ્ચિમે બીજું દક્ષિણ ભરતાર્ધ કૂટ, ત્રીજું ખંડ પ્રપાતકૂટ, ચોથું માણિભદ્રકૂટ, ૫મું વૈતાઢ્યકૂટ, ૬ઠું પૂર્ણભદ્રકૂટ. ૭ તમિસ્રગુફાકૂટ, ૮મું ઉત્તરભરતાર્ધકૂટ, ૯મું વૈશ્રમણકૂટ. એ પ્રમાણે ૯-૯ કૂટ છે.

તથા મહાવિદેહના ૩૨ વૈતાઢ્યમાં પણ પૂર્વદિશિમાં પહેલું સિદ્ધાયતનકૂટ, ત્યારબાદ પશ્ચિમમાં દક્ષિણ........વિજયાર્ધકૂટ, અને આઠમું ઉત્તર........વિજયાર્ધકૂટ, બાકીના છ કૂટનાં નામ ભરતવૈતાઢ્યવત્ જાણવાં, કેવળ બીજા કૂટમાં જે વિજય તે વિજયનું નામ દક્ષિણશબ્દ[1]સહિત કહેવું, અને આઠમા કૂટમાં સ્વવિજયનું નામ ઉત્તર-શબ્દસહિત કહેવું એ તફાવત છે. શેષસર્વસ્વરૂપ ભરતવૈતાઢ્યના કૂટસરખું જાણવું. તથા દરેક સિદ્ધાયતનકૂટ ઉપર ૧ ગાઉ દીર્ઘ ૦ાા ગાઉ પહોળું અને ૧૪૪૦ ધનુષ ઉંચુ એકેક जिनभवन છે, તેનું સ્વરૂપ પૂર્વે ૬૮ મી ગાથાના વિસ્તરાર્થમાં કહ્યા પ્રમાણે જાણવું.

તથા એ ૯ કૂટમાં પહેલા કૂટઉપર સિદ્ધાયતન કહ્યું છે, અને શેષ ૮ કૂટમાંથી ત્રીજું અને આઠમું કૂટ ગુફાઓના નામવાળું છે, અને તે અનુક્રમે કૃતમાલદેવ અને નાટ્યમાલદેવનું છે, જેથી શેષ છ કૂટના અધિપતિ કૂટના નામે નામવાળા દેવો છે એ આઠે એકપલ્યોપમના આયુષ્યવાળા છે તે સર્વ બીજા જંબૂદ્વીપમાં પોતાની દિશાઓમાં આવેલી ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી રાજધાનીઓમાં રહે છે. અને અહિં તેના આરામમાટેના પ્રસાદો છે. ાા ૭૧ ાા

अवतरणः—પૂર્વગાથામાં વૈતાઢ્યપર્વતોઉપરના કૂટમાં જે જિનકૂટ કહ્યા તે ઉપર શાશ્વતજિનભવનોનું પ્રમાણ અને શેષકૂટોઉપર પ્રાસાદનું પ્રમાણ આ ગાથામાં કહે છે—

ताणुवरिं चेइहरा, दहदेवीभवणतुल्लपरिमाणा ।
सेसेसु य पासाया, अद्धेगकोसं पिहुच्चत्ते ॥ ७२ ॥

શબ્દાર્થઃ—

ताण उवरि—તે જિનકૂટોની ઉપર
चेइहरा—ચૈત્યઘરો, ચૈત્યો.
दहदेवी भवण—દ્રહદેવીઓનાં ભવન
तुल्लपरिमाणा—તુલ્યપ્રમાણવાળાં
सेसेसु—શેષકૂટો ઉપર
पासाया—પ્રાસાદો
अद्ध इग कोसं—અર્ધ કોશ અને એક કોશ
पिहु उच्चत्ते—પૃથુત્વ, અને ઉચ્ચાઈમાં

૧ જેમ કચ્છ વિજયમાં રહેલા વૈતાઢ્યનું બીજું કૂટ દક્ષિણકચ્છાર્ધકૂટ અને આઠમું ઉત્તરકચ્છા-ર્ધકૂટ એ રીતે શેષ ૩૧ વિજયોના વૈતાઢ્યમાં પણ જાણવું.

ગાથાર્થ:—તે સિદ્ધકૂટોની ઉપર દ્રહદેવીના ભવનના પ્રમાણસરખા પ્રમાણ વાળાં ચૈત્યો છે, અને શેષકૂટો ઉપર ૦ાા ગાઉ પૃથુ–વિસ્તારવાળા અને ૧ ગાઉ ઉંચા એવા દેવપ્રાસાદો છે ॥ ૭૨ ॥

વિસ્તરાર્થ:—શ્રીદેવી આદિ દ્રહદેવીનાં ભવનો જે સરોવરના મધ્યભાગે મૂળ કમળની કર્ણિકાઉપર રહેલાં છે તે ૧ ગાઉ દીર્ઘ ૦ાા ગાઉ પહોળાં અને ૧૪૪૦ ધનુષ ઉંચાં છે, તેમ આ વૈતાઢ્યના જિનકૂટઉપર રહેલાં ભવન પણ એજ પ્રમાણવાળાં છે, તથા દ્રહદેવીભવનનાં દ્વાર ૫૦૦ ધનુષ ઉંચાં ૨૫૦ ધનુષ વિસ્તૃત અને ૨૫૦ ધનુષ પ્રવેશ-વાળાં છે તેમ આ જિનભવનોનાં દ્વાર પણ એટલા જ પ્રમાણવાળાં છે. તથા એ ૩૪ સિદ્ધકૂટ સિવાયનાં શેષ ૨૭૨ કૂટો ઉપર એકેક દેવપ્રાસાદ છે, તે દરેક ૦ાા ગાઉ લાંબો ૦ાા ગાઉ પહોળો અને ૧ ગાઉ ઉંચો સમચોરસ આકારે છે. તે કૂટના અધિપતિ-દેવો અને દેવીઓ અસંખ્ય દ્વીપસમુદ્ર વીત્યાબાદ જે બીજો જંબૂદ્વીપ આવે છે ત્યાં દક્ષિણદિશામાં પોતપોતાની રત્નમયરાજધાનીઓમાં રહે છે, તે રાજધાનીઓ ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી વૃત્તઆકારની છે, દરેક દેવનું એકપલ્યોપમ આયુષ્ય છે, અને એ દેવો સર્વે વ્યન્તરનિકાયના છે ॥ ૭૨ ॥

અવતરણ:—પૂર્વે કહેલાં સર્વે કૂટોનો વિસ્તાર વિગેરે આ ગાથામાં કહેવાય છે.

गिरिकरिकूडा उच्च–त्तणाओ समअद्धमूलुवरि रुंदा ।
रयणमया णवरि विअ–ड्ढमज्झि माति ति कणगरूवा ॥ ७३ ॥

શબ્દાર્થ:—

गिरिकरिकूडा–ગિરિકૂટ અને કરિકૂટ	रयणमया–રત્નમય
उच्चत्तणाओ–પોતાની ઉંચાઈથી	णवरि–નવરં, પરન્તુ વિશેષ એકે
सम अद्ध–તુલ્ય અને અર્ધ	विअड्ढ मज्झिमा–વૈતાઢ્યના મધ્યવર્તી
मूल उवरि–મૂળમાં અને ઉપર	ति ति–ત્રણ ત્રણ કૂટ
रुंदा–રૂંદ વિસ્તારવાળા	कणगरूवा–કનકરૂપ, સુવર્ણના

ગાથાર્થ:—ગિરિકૂટો અને કરિકૂટો પોતાની ઉંચાઈતુલ્ય મૂળવિસ્તારવાળા છે, અને ઉંચાઈથી અર્ધ ઉપરવિસ્તારવાળા છે, એ સર્વે કૂટો રત્નમય છે, પરન્તુ વૈતાઢ્યનાં મધ્યવર્તી ત્રણ ત્રણ કૂટ સુવર્ણનાં છે ॥ ૭૩ ॥

વિસ્તરાર્થ:—પૂર્વે જે ૧૬૬ કૂટ કહ્યાં તેમાં ભદ્રશાલવનનાં ૮ હસ્તિકૂટ તે ગિરિકૂટ નથી માટે તે બાદ કરતાં ૧૫૮ કૂટ અને વૈતાઢ્યનાં ૩૦૬ કૂટ મળી ૪૬૪ કૂટ અને ૩ સહસ્રાંક કૂટ મળી ૪૬૭ ગિરિકૂટ છે, અને ૮ કરિકૂટ (હસ્તિકૂટ) તે ભૂમિકૂટ છે,

તે સર્વ (૪૭૫ કૂટ) પોતાની ઉંચાઈ તુલ્ય મૂળવિસ્તારવાળા અને તેથી અર્ધ ઉપરવિસ્તારવાળા હોવાથી તે સર્વના મૂળ તથા ઉપરના વિસ્તાર આ પ્રમાણે—

૧૫૮ ગિરિકૂટ અને ૮ કરિકૂટની (૧૬૬ કૂટની) ઉંચાઈ ૫૦૦ યોજન છે, તેથી એ સર્વ મૂળમાં ૫૦૦ યોજન વિસ્તારવાળા અને શિખરસ્થાને ૨૫૦ યોજન વિસ્તારવાળા છે. તથા ત્રણ સહસ્રાંકકૂટ ૧૦૦૦ યોજન ઉંચાં છે, તો એ ત્રણેનો મૂળવિસ્તાર ૧૦૦૦ યોજન અને શિખરસ્થાને ૫૦૦ યોજનનો વિસ્તાર છે. તથા વૈતાઢ્યનાં ૩૦૬ કૂટ ૬। યોજન ઉંચાં છે, તો એ સર્વનો મૂળ વિસ્તાર પણ ૬। યોજન છે અને શિખરવિસ્તાર ૩ યોજન ૦॥ ગાઉ છે. એ પ્રમાણે મૂળવિસ્તાર અને શિખરવિસ્તાર કહ્યા.

॥ ગિરિકૂટ ૪૬૭ તથા ભૂમિકૂટ ૫૮ ના મધ્યવિસ્તારનું કરણ ॥

મૂળવિસ્તાર તથા શિખરવિસ્તાર તો ગાથામાં દર્શાવ્યો, પરન્તુ એ કૂટોના મધ્યવિસ્તાર કેવી રીતે જાણી શકાય? તે સંબંધિ કરણ જગતીના વર્ણનની ૧૪ ગાથામાં કહ્યું છે તે પ્રમાણેજ જાણવું, અને તે કરણથી કૂટોના મધ્યવિસ્તાર આ પ્રમાણે—

૧૬૬ કૂટનો મૂળવિસ્તાર ૫૦૦ યોજન છે, અને શિખરવિસ્તાર ૨૫૦ યોજન છે, જેથી ૫૦૦ માંથી ૨૫૦ બાદ કરતાં બાકી ૨૫૦ યોજન રહ્યા તેને ૫૦૦ યોજનની ઉંચાઈવડે ભાગતાં ૦॥ યોજન આવ્યો. જેથી નીચેથી એકેક યોજનાદિ ઉપર ચઢતાં ૦॥ ૦॥ યોજન વિસ્તાર ઘટે અને શિખરથી ઉતરતાં વધે, માટે એ ક્ષયવૃદ્ધિને અનુસારે નીચેથી ઉપર ૨૫૦ યોજન ચઢી અર્ધભાગે આવીએ તો ૨૫૦×૦॥=૧૨૫ યોજનને ૫૦૦ માંથી ઘટાડતાં ૩૭૫ યોજન વિસ્તાર અતિમધ્યભાગે હોય, અથવા ઉપરથી નીચે ઉતરી મધ્યભાગે આવીએ તો ૨૫૦ માં ૧૨૫ યોજન ઉમેરતાં ૩૭૫ યોજન વિસ્તાર અતિમધ્યભાગે આવે, એમ બન્ને રીતે મધ્યવર્તી કોઈ પણ સ્થાનનો વિસ્તાર જાણી શકાય છે.

તથા એ રીતે ત્રણ સહસ્રાંકકૂટના મૂળવિસ્તાર ૧૦૦૦ યોજનમાંથી શિખરવિસ્તારના ૫૦૦ યોજન બાદ કરતાં આવેલા ૫૦૦ યોજનને ઉંચાઈના ૧૦૦૦ યોજનવડે ભાગતાં દરયોજને ૦॥ ૦॥ યોજન હાનિવૃદ્ધિ જાણવી, જેથી પૂર્વોક્ત રીતિ પ્રમાણે ૫૦૦ યોજન ઉપર ચઢી મધ્યભાગે જઈએ તો (૧૦૦૦ માંથી ૨૫૦ બાદ કરતાં) ૭૫૦ યોજન વિસ્તાર છે.

તથા વૈતાઢ્યનાં ૩૦૬ કૂટ મૂળમાં ૬। યોજન એટલે ૨૫ ગાઉ વિસ્તારવાળાં અને શિખરસ્થાને ૧૨॥ ગાઉ વિસ્તૃત હોવાથી ૨૫ માંથી ૧૨॥ જતાં ૧૨॥ બાકી રહ્યા, તેને ૨૫ ગાઉની ઊંચાઈવડે ભાગતાં દરેક યોજને ૦॥ ૦॥ ગાઉની હાનિવૃદ્ધિ

આવી, જેથી ૧૨ાા યોજન ઉંચે ચઢતાં મધ્યભાગે આવતાં ત્યાં ૨૫ માંથી ૬ાા ગાઉ બાદ કરતાં ૧૮ાા ગાઉનો વિસ્તાર આવે. શિખરથી ઉતરતાં પણ ૧૨ાા માં ૬ાા વધારતાં ૧૮ાા ગાઉ નો મધ્યવિસ્તાર આવે.

એ રીતે ત્રણે પ્રકારના કૂટોમાં દરયોજને ૦ાા યોજન હાનિવૃદ્ધિ છે, તથા એ ગિરિકૂટ ને કરિકૂટ રત્નમય છે, પરન્તુ વૈતાઢ્યનાં ૪-૫-૬ એ ત્રણ ત્રણ કૂટો સુવર્ણનાં છે. એ વિશેષ છે. સહસ્રાંકકૂટોને એની ૭૦ મી ગાથામાં કનકમય કહ્યાં છે જ. જેથી ૪૬૭ ગિરિકૂટમાં ૩૦૨ રત્નમય અને ૧૦૫ કૂટ સુવર્ણમય છે. ॥ ૭૩ ॥

अवतरणः—૪૬૭ ગિરિકૂટ અને ૫૮ ભૂમિકૂટ છે, ત્યાં ૪૬૭ ગિરિકૂટ ઉપરાન્ત ૮ કરિકૂટરૂપ ભૂમિકૂટ પણ પૂર્વે કહેવાયાં છે, જેથી હવે ૫૦ ભૂમિકૂટ કહેવાનાં બાકી છે, તેમાં ૧૬ તરૂકૂટ અને ૩૪ ઋષભકૂટ છે, ત્યાં આ ગાથામાં પ્રથમ ૧૬ તરૂકૂટ કહેવાય છે—

जंबूणय रययमया, जगइसमा जंबु सामलीकूडा।
अट्ठट्ठ तेसु दहदेवि-गिहसमा चारु चेइहरा ॥७४॥

શબ્દાર્થ:—

जंबूणय-જાંબુનદ સુવર્ણમય
रययमया-રજતમય, રૂપાના
जंबुसामलीकूडा-જંબૂકૂટ અને શાલ્મલી કૂટ.
दहदेविगिहसमा-દ્રહદેવીના ભવન સરખા
चारु-મનોહર
चेइहरा-ચૈત્યગૃહો, સિદ્ધાયતનો

गाथार्थः—આઠ જંબૂકૂટ જાંબૂનદસુવર્ણમય છે, અને આઠ શાલ્મલિકૂટ રૂપાના છે, તથા જગતીજેટલા પ્રમાણવાળા છે, અને તે સર્વઉપર દ્રહદેવીના ભવનસરખા પ્રમાણવાળાં મનોહર જિનભવનો છે. ॥ ૭૪ ॥

विस्तरार्थः—આગળ ૧૩૬ થી ૧૪૫ મી ગાથા સુધીમાં જંબૂવૃક્ષ અને શાલ્મલિ-વૃક્ષનું સ્વરૂપ કહેવાશે તે પૃથ્વીપરિણામી જંબૂવૃક્ષના વનમાં અને શાલ્મલિવૃક્ષના વનમાં ચારદિશાએ ચાર દેવભવન અને ચારવિદિશામાં ચાર દેવપ્રાસાદ છે, તે આઠના આઠ આંતરામાં એકેક ભૂમિકૂટ [શિખરાકૃતિવાળા પર્વત] હોવાથી તે ૮ જંબૂકૂટ અને ૮ શાલ્મલિકૂટ કહેવાય છે, તથા જંબૂ અને શાલ્મલિ એ બે પૃથ્વીકાયિકવૃક્ષો હોવાથી એ ૧૬ तरुकूट(वृक्षकूट) કહેવાય છે, તેમાં ૮ જંબૂકૂટ જાંબૂનદ સુવર્ણના છે, તેથી કંઈક રક્તવર્ણના છે, અને ૮ શાલ્મલિકૂટ રૂપાના હોવાથી શ્વેતવર્ણના છે.

એ ૧૬ તરૂકૂટ જંબૂદ્વીપની જગતી સરખા છે એટલે મૂળમાં * ૧૨ યોજન અને શિખરે ચાર યોજન વિસ્તારવાળા ગોળ આકારના છે, તથા ૮ યોજન ઉંચા છે, તે

* ૧૬ તરૂકૂટને મૂળમાં ૮ યોજન મધ્યમાં ૬ યોજન અને શિખરે ૪ યોજન વિસ્તારવાળા પણ કહ્યાં છે. ઇતિ મતાન્તરમ્

ઉપર દ્રહદેવીના ભવનસરખાં એટલે ૧ ગાઉ દીર્ઘ ૦॥ ગાઉ વિસ્તૃત અને ૧૪૪૦ ધનુષ્ ઉંચાં શાશ્વત જિનભવનો છે, અને પશ્ચિમ સિવાયની ત્રણ દિશિનાં ત્રણ દ્વાર પણ દ્રહદેવીના ભવનના દ્વાર સરખાં હોવાથી ૫૦૦ ધનુષ્ ઉંચાં ૨૫૦ ધનુષ્ પહોળાં અને ૨૫૦ ધનુષ્ પ્રવેશવાળાં એ ત્રણે દ્વાર છે. તેમાં પ્રતિમાદિક સર્વસ્વરૂપ પૂર્વે કહેલા જિનભવનના સ્વરૂપ પ્રમાણે [૬૮મી ગાથાના વિસ્તરાર્થમાં કહ્યા પ્રમાણે] જાણવું.

॥ તરૂકૂટના મધ્યવિસ્તાર ॥

મૂળમાં ૧૨ યોજન હોવાથી શિખરના ૪ યોજન બાદ કરતાં ૮ યોજન આવ્યા તેને ઉંચાઈના ૮ યોજન વડે ભાગતાં દર યોજનાદિકે એક યોજનાદિકની હાનિ વૃદ્ધિ આવી, માટે ભૂમિથી ઉપર ચાર યોજન ચઢી મધ્યભાગે આવીએ ત્યાં ચાર યોજન ઘટવાથી ૮ યોજન જેટલો મધ્યવિસ્તાર આવે, તેમ જ ઉપરથી નીચે ઉતરતાં ચાર યોજન ઉમેરીએ તોપણ ૮ યોજનનો મધ્યવિસ્તાર આવે, એ પ્રમાણે ચઢતાં ઉતરતાં હાનિવૃદ્ધિ જાણવી.

તથા મતાન્તર પ્રમાણે મૂળમાં ૮ યોજન અને ઉપર ૪ યોજન વિસ્તારવાળા ગણીએ તો મધ્યવિસ્તાર એ રીતે જ ૬ યોજન આવે છે. ॥ ૭૪ ॥

अवतरणः—હવે આ ગાથામાં ૩૪ ઋષભકૂટરૂપ ભૂમિકૂટ કહે છે—

तेसि समोसहकूडा, चउतीसं चुल्लकुंडजुअलंतो ।
जंबूणएसु तेसु अ, वेअड्ढेसुं व पासाया ॥ ७५ ॥

શબ્દાર્થ :—

तेसि सम—તે તરૂકૂટના સરખા
उसहकूडा—ઋષભકૂટ
चउतीसं—ચોત્રીસ
चुल्लकुंड—લઘુકુંડ
जुअल अंतो—બેની વચ્ચે
जंबूणएसु तेसु—જાંબૂનદ સુવર્ણમય એવા તે ઋષભકૂટો
व—તુલ્ય, સરખા

गाथार्थः—તે જંબૂશાલ્મલિકૂટોના સરખા ૩૪ ઋષભકૂટ છે, અને તે બે લઘુકુંડની વચ્ચે છે. તથા જાંબૂનદસુવર્ણમય એવા તે કૂટો ઉપર વૈતાઢ્યકૂટો ઉપર જેવા પ્રાસાદ છે તેવા પ્રાસાદ છે (દરેક ઉપર એકેક પ્રાસાદ છે) ॥ ૭૫ ॥

विस्तरार्थः—૧૬ જંબૂશાલ્મલિકૂટ પૂર્વગાથામાં ૧૨ યોજન મૂળવિસ્તાર અને ચાર-યોજન શિખર વિસ્તારવાળા છે, તથા ૮ યોજન ઉંચા છે, તે પ્રમાણે ૩૪ ઋષભકૂટ પણ એજ પ્રમાણવાળા છે. વળી તે ઋષભકૂટ ભરતક્ષેત્રમાં ઐરાવતક્ષેત્રમાં અને ૩૨

વિજયમાં જ્યાં બે બે મહાનદીઓના ધોધ જે બે બે પ્રપાતકુંડોમાં પડે છે તે બે બે પ્રપાતકુંડના અંતરાલમાં–આંતરામાં છે. ગાથામાં એ ૬૮ પ્રપાતકુંડને લઘુકુંડ કહ્યા છે તેનું કારણ કે શેષ રોહિતાપ્રપાત આદિ ૨૨ કુંડની અપેક્ષાએ એ કુંડો સહુથી નાના છે. તેનું પ્રમાણ પૂર્વે ૫૩–૫૪ મી ગાથામાં કહેવાઈ ગયું છે ત્યાંથી જાણવું. વળી એ ઋષભકૂટ જાંબૂનદ સુવર્ણના હોવાથી કંઈક રક્તવર્ણના છે, અને એ ૩૪ ભૂમિકૂટો ઉપર વૈતાઢ્યકૂટ ઉપરના પ્રાસાદ સરખા પ્રાસાદ છે એટલે ૦ાા ગાઉ દીર્ઘ ૦ાા ગાઉ વિસ્તૃત અને એક ગાઉ ઉંચા સમચોરસ પ્રાસાદો છે, તે દરેકના અધિપતિ ઋષભ નામના વ્યન્તરદેવ એક પલ્યોપમના આયુષ્યવાળા છે, અને તેઓની રાજધાનીઓ બીજા જંબૂદ્વીપમાં પોતપોતાની દિશિમાં ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી છે.

॥ ઋષભકૂટ ઉપર ચક્રવર્તિનાં નામ ॥

દરેક ચક્રવર્તી લઘુહિમવંતાદિપર્વતના અધિપતિ દેવનો દિગ્વિજય કર્યા બાદ અઠ્ઠમતપનું પારણું કરી ઋષભકૂટ પાસે આવી પોતાના રથના અગ્રભાગ વડે ઋષભકૂટને ત્રણવાર સ્પર્શે, ત્યારબાદ પોતાના કાકિણી નામના રત્ન વડે ઋષભકૂટના પૂર્વ ભાગમાં પર્વતને લાગેલી મહાશિલા ઉપર પોતાનું નામ લખે છે, કે હું અમુક નામનો ચક્રવર્તી, છએ ખંડ જીત્યા છે, હવે મારો કોઈ શત્રુ નથી તથા અવસર્પિણી કે ઉત્સર્પિણી જે કાળ હોય તે અને કેટલામો ચક્રવર્તી તે પણ લખે. ત્યાર બાદ પોતાના રથને પાછો વાળી જ્યાં છાવણી નાખેલી હોય ત્યાં આવે.

॥ ઋષભકૂટના મધ્યવિસ્તારનું કરણ ॥

મૂળમાં ૧૨ યોજન અને ઉપર ૪ યોજન પહોળો હોવાથી ૧૨માંથી ૪ જતાં ૮ રહે તેને ૮ યોજનની ઉંચાઈ વડે ભાગતાં દર યોજનાદિકે એક યોજનાદિની હાનિવૃદ્ધિ થાય, જેથી નીચેથી ૪ યોજન ઉપર ચઢી મધ્ય ભાગે આવીએ ત્યાં ૪ યોજન ઘટવાથી ૧૨માંથી ૪ જતાં ૮ યોજન મધ્ય વિસ્તાર આવે. એ રીતે શિખરથી ઉતરતાં ૪માં ૪ યોજન વધારતાં પણ ૮ યોજન મધ્ય વિસ્તાર આવે.

આ ઋષભકૂટો પણ ઉંચા કરેલા ગાયના પુચ્છ સરખા અનુક્રમે હીન હીન આકારવાળા છે. અને ગોળ આકારના છે.

॥ સર્વકૂટ–૫૨૫ ॥

અહિં સુધીમાં સર્વકૂટ ગણીએ તો પૂર્વે કહ્યા પ્રમાણે ૪૬૭ ગિરિકૂટ અને ૫૮ ભૂમિકૂટ મળી ૫૨૫ કૂટ થયા. અહિં ભૂમિકૂટ એ પર્વતો હોવા છતાં કૂટ શબ્દથી બોલાય છે તે પૂર્વાચાર્યની તથા પ્રકારની વિવક્ષાથીજ, અન્યથા એ પર્વતો છે. ॥ ૭૫ ॥.

અવતરણ :—પૂર્વે કહેલાં જંબૂદ્વીપવર્તી સર્વ કૂટોનું સંખ્યા પ્રમાણ કહેવાય છે.

पंचसयपणवीसे, कूडा सव्वेवि जंबुदीवम्मि ।
ते पत्तेअं वरवण–जुआहि वेईहिं परिक्खित्ता ॥ ७६ ॥

શબ્દાર્થ :

पंचसए पणवीसे–પાંચસો પચીસ
ते पत्तेअं–તે કૂટો દરેક
वरवणजुआहि–ઉત્તમ વનયુક્ત
वेईहिं–વેદિકા વડે
परिक्खित्ता–વીંટાયલા છે.

गाथार्थः—એ પ્રમાણે જંબૂદ્વીપમાં સર્વકૂટ પાંચસો પચીસ છે, તે દરેક ઉત્તમવન-યુક્તવેદિકાવડે વીંટાયલા છે ॥ ૭૬ ॥

विस्तरार्थः—સુગમ છે. વિશેષ એ કે દરેક કૂટની ચારે બાજુ ફરતુ એક વલયાકાર વન ૨ યોજનમાં કંઈક ન્યૂન પ્રમાણનું છે, અને તે વનની ચારે બાજુ ફરતી એક વલયાકાર વેદિકા જંબૂદ્વીપની જગતી ઉપરની વેદિકા સરખી બે ગાઉ ઉંચી અને પાંચસો ધનુષ વિસ્તારવાળી છે. ॥ ૭૬ ॥

॥ જંબૂદ્વીપમાં ૫૨૫ કૂટનાં નામ ॥

लघुहिमवंतपर्वते ૧૧ कूट–૧ સિદ્ધાયતનકૂટ–૨ હિમવંતકૂટ–૩ ભરતકૂટ, ૪. °ઇલાદેવી. કૂટ, ૫. °ગંગાવર્તનકૂટ, ૬ °શ્રીકૂટ, ૭ °રોહિતાંશાકૂટ, ૮ °સિંધ્વાવર્તનકૂટ, ૯ °સુરાદેવીકૂટ, ૧૦ હૈમવત્ કૂટ, ૧૧ વૈશ્રમણકૂટ.

शिखरिपर्वते ૧૧ कूट—૧ સિદ્ધાયતનકૂટ, ૨ શિખરીકૂટ, ૩ ઐરણ્યવતકૂટ, ૪ સુવર્ણકુલા°કૂટ, ૫ શ્રીદેવી°કૂટ, ૬ °રક્તાવર્તનકૂટ, ૭ °લક્ષ્મીકૂટ, ૮ °રક્તવત્યાવર્તનકૂટ, ૯ ગંધાવતી કૂટ, ૧૦ ઐરાવત કૂટ, ૧૧ તિગિચ્છિકૂટ.

महाहिमवंतपर्वते ૮ कूट—૧ સિદ્ધાયતનકૂટ, ૨ મહાહિમવંતકૂટ, ૩ હૈમવત્કૂટ, ૪ રોહિતા°કૂટ, ૫ હ્રી°કૂટ, ૬ હરિકાન્તા°કૂટ, ૭ હરિવર્ષકૂટ, ૮ વૈડૂર્યકૂટ

रुक्मीपर्वते ૮ कूट—૧ સિધ્ધાયતનકૂટ, ૨ રૂક્મિકૂટ, ૩ રમ્યકકૂટ, ૪ નરકાન્તાકૂટ, ૫ બુદ્ધિ °કૂટ ૬ રૂપ્યકુલા° કુટ, ૭ ઐરણ્યવતકૂટ, ૮ મણિકાંચનકૂટ.

निषधपर्वते ९ कूट—૧ સિદ્ધાયતનકૂટ, ૨ નિષધકૂટ, ૩ હરિવર્ષકૂટ, ૪ પૂર્વ વિદેહ કૂટ, ૫ ધ્રૂતિ° કૂટ, ૬ ધૃતિ° કૂટ, ૭ સીતોદા° કૂટ, ૮ અપરવિદેહકૂટ, ૯ રૂચકકૂટ.

नीलवंतपर्वते ९ कूट—૧ સિદ્ધાયતનકૂટ, ૨ નીલવંતકૂટ, ૩ પૂર્વવિદેહકૂટ, ૪ સીતા °કૂટ, ૬ °નારિકાન્તાકૂટ, ૭ અપરવિદેહકૂટ, ૮ રમ્યકૂટ, ૯ ઉપદર્શનકૂટ.

° એ શુન્ય નિશાનીવાળાં કૂટ દેવીઓનાં છે. પહેલું કૂટ જૈન ચૈત્યનું છે, અને શેષ કૂટ દેવનાં છે.

सोमनसगजदंतगिरिउपर ७ कूट—१ સિદ્ધાયતનકૂટ, ૨ સૌમનસકૂટ, ૩ મંગલાવતીકૂટ, ૪ દેવકુરૂકૂટ, ૫ *વિમળકૂટ, ૬ અંજન*કૂટ, ૭ વિશિષ્ટકૂટ.

गंधमादनगजदंतगिरिउपर ७ कूट—१ સિદ્ધાયતનકૂટ, ૨ ગંધમાદનકૂટ, ગંધગકૂટ, ૪ ઉત્તરકુરૂકૂટ, ૫ *સ્ફટિકકૂટ ૬ *લોહિતાક્ષકૂટ, ૭ આનન્દકૂટ.

विद्युत्प्रभगजदंतगिरिउपर [૮—૯] कूट—१ સિદ્ધાયતનકૂટ, ૨ વિદ્યુત્પ્રભકૂટ, ૩ દેવકુરૂકૂટ, ૪ બ્રહ્મકૂટ. ૫ *કનકકૂટ, ૬ *સ્વસ્તિકકૂટ, ૭ સીતોદાકૂટ, ૮ સ્વયંજલકૂટ [૯ હરિકુટ (સહસ્રાંક)].

माल्यवंतगजदंतगिरिउपर ८ (९) कूट—१ સિદ્ધાયતનકૂટ, ૨ માલ્યવંતકૂટ, ૩ ઉત્તરકુરૂકૂટ, ૪ કચ્છકૂટ, ૫ સાગરકૂટ, ૬ રજતકૂટ, ૭ સીતાકૂટ, ૮ પૂર્ણભદ્રકૂટ, [૯ હરિસ્સહકૂટ (સહસ્રાંક)].

नंदनकूट ८ (९)—१ નંદનકૂટ, ૨ મન્દરકૂટ, ૩ નિષધકૂટ, ૪ હૈમવતકૂટ, ૫ રજતકૂટ, ૬ રૂચકકૂટ, ૭ સાગરચિત્રકૂટ, ૮ વજ્રકૂટ, (૯ બલકૂટ સહસ્રાંક).

करिकूट (भद्रशालकूट) ૮—૧ પદ્મોત્તરકૂટ, ૨ નીલવંતકૂટ, ૩ સ્વહસ્તિકૂટ, ૪ અંજનગિરિકૂટ, ૫ કુમુદકૂટ, ૬ પલાશકૂટ, ૭ અવતંસગિરિકૂટ. ૮ રોચનગિરિકૂટ.

वैताढ्यपर्वतोनां ९. कूठ. सर्व ३०६ कूट—१ સિદ્ધાયતનકૂટ, ૨ દક્ષિણવિજયાર્ધકૂટ, ૩ ખંડપ્રપાતકૂટ, ૪ માણિભદ્રકૂટ, ૫ વૈતાઢ્યકૂટ, ૬ પૂર્ણભદ્રકૂટ, ૭ તમિસ્રગુફાકૂટ, ૮ ઉત્તરવિજયાર્ધકૂટ, ૯ વૈશ્રમણકૂટ, [અહિં બીજા અને આઠમાકૂટમાં "વિજય" શબ્દને સ્થાને તે તે વિજયનું નામ જાણવું. જેમ દક્ષિણભરતાર્ધકૂટ, ઉત્તરભરતાર્ધકૂટ ઇત્યાદિ].

८ जंबूकूठ—એ આઠે સિદ્ધાયતનકૂટ છે, માટે જૂદાં જૂદાં નામ નથી.

शाल्मलिकूट—એ આઠે સિદ્ધાયતનકૂટ છે, માટે જૂદાં જૂદાં નામ નથી.

[३ सहस्रांककूट—બલકૂટ–હરિસ્સહકૂટ–હરિકૂટ].

६४ कूट १६ वक्षस्कारनां—१ પૂર્વવિજયકૂટ, ૨ પશ્ચિમવિજયકૂટ, ૩ સ્વનામકૂટ. ૪ સિદ્ધાયતન કૂટ. અહિં વર્ષધર પાસે પહેલું કૂટ પોતાની પૂર્વે જે વિજય હોય તે નામવાળું, બીજું કૂટ પશ્ચિમે જે વિજય હોય તે નામવાળું, ત્રીજું પોતાનાજ નામવાળું અને ચોથું સિદ્ધકૂટ છે. જેમ પહેલા ચિત્રનામના વક્ષસ્કારગિરિ ઉપર ૧ સુકચ્છકૂટ, ૨ કચ્છકૂટ, ૩ ચિત્રકૂટ, ૪ સિદ્ધકૂટ.

* આ નિશાનીવાળાં કૂટ અધોલોકમાં વસનારી આઠ દિશાકુમારીઓનાં છે, તે દેવીઓનાં એ કૂટોની નીચે પોતાનાં બે બે ભવન છે. ત્યાં ગંધમાદનઉપર ભોગંકરા–ભોગવતી ઇત્યાદિ રીતે દક્ષિણાવર્તક્રમે આઠે દિક્કુમારીઓ ૪ ગજદંતગિરિઉપર પ્રાસાદવાળી અને નીચે બે બે ભવનવાળી છે.

૩૪ ऋषभकूट—એ સર્વનું ઋષભકૂટ એવું એકજ નામ છે.

એ પ્રમાણે વર્ષધરોના ૫૬, ગજદંતગિરિનાં ૩૨, વનકૂટ ૧૭, વૈતાઢ્યકૂટ ૩૦૬, વૃક્ષકૂટ ૧૬, વક્ષસ્કારકૂટ ૬૪, ઋષભકૂટ ૩૪ મળી ૫૨૫ કૂટ થયાં. ॥ ૭૬ ॥

अवतरणः—હવે જંબૂદ્વીપમાં શાશ્વત જિનભવનો કયે કયે સ્થાને છે તે કહેવાય છે—

छसयरिकूडेसु तहा, चूला चउवणतरुसु जिणभवणा ।
भणिया जंबूद्दीवे, सदेवया सेसठाणेसु ॥ ७७ ॥

શબ્દાર્થઃ—

छसयरि-છોતેર
चूला-ચૂલિકા ઉપર
चउवण-ચાર વનમાં
तरुसु-જંબૂવૃક્ષ અને શાલ્મલિવૃક્ષના વનમાં
सदेवया-પોતાના નામવાળા દેવદેવીઓ
सेसठाणेसु-બીજાં સ્થાનોમાં

गाथार्थः—૭૬ કૂટ ઉપર, ચૂલિકા ઉપર, ચાર વનમાં, બે વૃક્ષ ઉપર, એ સ્થાને જંબૂદ્વીપમાં શાશ્વત જિનભવનો કહ્યાં છે, અને શેષ સ્થાનોમાં પોતપોતાના સ્થાનના નામવાળા દેવદેવીઓ (ના પ્રસાદો) છે ॥ ૭૭ ॥

विस्तरार्थः—છ વર્ષધર પર્વતોઉપર પૂર્વદિશિનાં ૬ કુટ, ચાર ગજદન્તગિરિઉપર મેરૂપર્વત પાસેનાં ૪ કુટ, ચોત્રીસ વૈતાઢ્યપર્વતો ઉપરનાં પૂર્વસમુદ્રપાસેનાં તથા પૂર્વ-દિશિતરફનાં ૩૪ કૂટ, સોળ વક્ષસ્કારપર્વતઉપરનાં મહાનદી પાસેનાં ૧૬ કૂટ, અને જંબૂવૃક્ષ તથા શાલ્મલિવૃક્ષના પહેલા વનમાં આઠ આઠ મળીને ૧૬ કૂટ એ [૬+૪+૩૪+૧૬+૧૬=] ૭૬ કૂટ ઉપર એકેક શાશ્વત જિનચૈત્ય છે. જેથી ૭૬ જિનભવનો કૂટ સંબંધિ જાણવાં.

તથા મેરૂપર્વતના શિખરે અતિમધ્યભાગે ૪૦ યોજન ઉંચું જે મધ્યશિખર છે તે ચૂલિકા કહેવાય છે, ચૂલિકા ઉપર ૧ શાશ્વત જિનભવન છે.

તથા મેરૂપર્વતનાં ભદ્રશાલ–નંદનવન–સોમનસવન–પંડકવન એ ચાર વનમાં દરેકમાં ચાર ચાર જિનભવન હોવાથી ૪ वृक्ष સંબંધિ ૧૬ શાશ્વત જિનભવનો છે. તથા જંબૂ-વૃક્ષ અને શાલ્મલિવૃક્ષઉપર એકેક જિનભવન હોવાથી ૨ वन સંબંધિજિનભવન છે. એ રીતે સર્વમળી જંબૂદ્વીપમાં [૭૬+૧+૧૬+૨=] ૯૫ જિનભવનો છે. અને શેષ-સ્થાનોમાં એટલે શેષકૂટો ઉપર કુંડમાં નદીઓમાં દ્રહોમાં કુરૂક્ષેત્રના કંચનગિરિઓ ઉપર યમકગિરિ ચિત્રવિચિત્રગિરિ વૃત્તવૈતાઢ્ય ચાર વનની ચાર ચાર વિદિશાઓમાં બે વૃક્ષની ત્રણ ત્રણ શાખાઓઉપર ઇત્યાદિ સ્થાનોમાં તે તે નામવાળા દેવદેવીઓના

પ્રાસાદ છે, એમાં વિશેષતઃ વ્યન્તરનિકાયના દેવો છે, અને દેવીઓ [1]ભવનપતિનિકાયની છે. તથા જંબૂદ્વીપમાં સ્વસ્વદિશિએ છે, અને ભવનપતિદેવીઓની પ્રાયઃ [2]ભવનપતિનિકાયમાં પણ છે. અને રાજધાનીઓ તો બીજા જંબૂદ્વીપમાં છે. ॥ ૭૭ ॥

अवतरणः—જે સ્થાનોમાં જિનભવનો સંબંધિ વિસંવાદ છે (એટલે જિનભવનો કહેવામાં બે મત છે) તેવાં સ્થાનો આ ગાથામાં કહેવાય છે—

करिकूडकुंडणइदह–कुरुकंचणयमलसमविअड्ढेसु ।
जिणभवणविसंवाओ, जो तं जाणंति गीअत्था ॥ ७८ ॥

શબ્દાર્થઃ—

करिकूड–કરિકૂટ	जिणभवण–જિનભવનો સંબંધિ
कुंडणइदह–કુંડ નદીઓ દ્રહો	विसंवाओ–વિસંવાદ
कुरुकंचण–કુરુક્ષેત્રના કંચનગિરિ	जो–જે (જે વિસંવાદ) છે.
यमल–યમકગિરિ ચાર	तं–તે (તે વિસંવાદના નિર્ણયને)
समविअड्ढेसु–સમવૈતાઢ્ય ચાર ઉપર	गीअत्था–ગીતાર્થો

गाथार्थः—વિસ્તરાર્થને અનુસારે સુગમ છે.

विस्तरार्थः—ભદ્રશાલ વનમાંનાં ૮ કરિકૂટ, ગંગાપ્રપાત આદિ ૭૬ *કુંડ, ગંગા વિગેરે ૧૪ નદીઓ [નાં કુંડ], પદ્મદ્રહઆદિ દ્રહો, દેવકુરૂક્ષેત્રમાંના ૧૦૦ અને ઉત્તરકુરૂક્ષેત્રમાંના ૧૦૦ મળી કુરૂક્ષેત્રના ૨૦૦ કંચનગિરિ, તથા અનુક્રમે સીતા તથા સીતોદા નદીના બે બે પડખે નીલવંત નિષધથી કંઈક દૂર રહેલા બે બે યમલગિરિ કે જે બેનું નામ યમકગિરિ અને બેનું નામ ચિત્ર તથા વિચિત્ર પર્વત છે, તે ઉપર, અને શબ્દાપાતી આદિ ચાર સમવૈતાઢ્ય એટલે વૃત્તવૈતાઢ્ય જે હિમવંત આદિ ચાર યુગલક્ષેત્રોના

---

૧ ભવનપતિનિકાયની દેવીઓ હોવાનું કારણકે જંબૂદ્વીપમાં સર્વઅધિપતિદેવદેવીઓનું આયુષ્ય ૧ પલ્યોપમથી ન્યૂન છે નહિં, અને વ્યન્તરદેવીઓનું આયુષ્ય ૧ પલ્યોપમ નહિં પરન્તુ ઉત્કૃષ્ટથી ૦॥ પલ્યોપમ હોય છે, માટે અધિપતિદેવીઓ ભવનપતિનિકાયની જાણવી, અને દેવોમાં તો ભવનપતિ કોઈકજ હોય છે (શાલ્મલિ વૃક્ષનો અધિપતિ દેવ ત્રીજી સુપર્ણભવનપતિનિકાયનો છે. તત્ત્વ).

૨ અધોલોકવાસી દિશાકુમારીઓનાં બે બે ભવન જેમ ગજદંતની નીચે ભવનપતિ નિકાયમાં છે તત્ત્વ.

* અહિ કુંડ અને નદીઓના ચૈત્યનાં સ્થાન જુદાં હોય નહિ પરન્તુ કુંડના દ્વીપો ઉપર જ હોય તો પણ પૂર્વાચાર્યોએ કુંડ શબ્દથી ૭૬ કુંડ અને નદી શબ્દથી ૧૪ મહાનદી ગણી છે, જેથી ૧૪ મહાનદીનાં ચૈત્ય બે કે કુંડના દ્વીપમાં ન હોઇને કોઈ જુદા સ્થાને હોય તો તે માનવાયોગ્ય છે.

મધ્યભાગમાં રહ્યા છે, અને તેનો મૂળવિસ્તાર શિખરવિસ્તાર મધ્યવિસ્તાર તથા ઉંચાઈ એ સર્વ ૧૦૦૦-૧૦૦૦ યોજન જેટલા સમાન હોવાથી અહિં समवैताढय પણ ગાથામાં કહ્યા છે તે, એ સર્વ સ્થાને કેટલાક આચાર્યો કહે છે કે જિનભવનો છે, અને કેટલાક આચાર્યો કહે છે કે જિનભવનો નથી પરન્તુ દેવદેવીઓના પ્રાસાદ અને ભવનો છે, માટે એ વિસંવાદને (વિસંવાદના નિર્ણયને) તો શ્રી બહુશ્રુતોજ જાણે ॥૭૮॥

अवतरणः—હવે ૩૪ दीर्घवैताढयનું સ્વરૂપ આ ૪ ગાથામાં કહેવાય છે—

पुव्वावरजलहिंता, दसुच्चदसपिहुलमेहलचउक्का ।
पणवीसुच्चा पन्नास तीस दस जोअण पिहुत्ता ॥ ७९ ॥
वेईहिं परिक्खित्ता, सखयरपुरपन्नसट्ठिसेणिदुगा ।
सदिसिंदलोगपालोवभोगिउवरिल्लमेहलया ॥ ८० ॥
दु दु खंड विहिअ भरहे-रवया दु दु गुरुगुहा य रुप्पमया ।
दो दीहा वेअड्ढा, तहा दुतीसं च विजएसु ॥८१॥
णवरं ते विजयंता, स खयरपणपन्नपुर दुसेणीआ ।
एवं खयरपुराइं, सगतीससयाइं चालाइं ॥ ८२ ॥

શબ્દાર્થ:—

पुव्व अवर-પૂર્વ અને પશ્ચિમ
जलहि अंता-સમુદ્રના અંતવાળા
दस उच्च-૧૦ યોજન ઉંચી
दसपिहुल-૧૦ યોજન પહોળી
मेहलचउक्का-ચાર મેખલાવાળા
पणवीस उच्चा-પચીસ યોજન ઉંચા
पन्नास-પચાસ યોજન
तीस-ત્રીસ યોજન
दस जोअण-દસ યોજન
पिहुत्ता-પહોળાઈવાળાં

परिक्खित्ता-વીંટાયલા
स-સહિત
खगरपुर-ખેચરનાં નગરો; વિદ્યાધરનાં નગર
पन्नसट्ठि-૫૦ અને ૬૦
सेणि दुगा-બે બે શ્રેણિવાળા
सदिसिं-પોતપોતાની દિશિના
इंद लोगपाल-ઇન્દ્રના લોકપાળને
उवभोगी-ઉપભોગ યોગ્ય
उवरिल्ल-ઉપરની
मेहलया-મેખલાવાળા

दुदु खंड-બે બે વિભાગ
विहिअ-કરેલા
गुरुगुहा-મોટી ગુફાવાળા
दीहा वेअड्ढा-દીર્ઘ વૈતાઢ્ય
दुतीसं-બત્રીસ વૈતાઢ્ય
विजएसु-બત્રીસ વિજયોમાં

णवरं-પરન્તુ
विजय अंता-વિજયના અંતવાળા
स-સહિત
खयर पणपन्नपुर-વિદ્યાધરનાં ૫૫ નગર
दु सेणिआ-બે શ્રેણિવાળા
एवं-એ પ્રમાણે
खयरपुराइं-વિદ્યાધરનાં નગરો
सगतीससयाइं चालाइं-સાડત્રીસસો ચાલીસ

गाथार्थ:—પૂર્વસમુદ્રે અને પશ્ચિમસમુદ્રે છેડાવાળા, તથા ૧૦ યોજન ઉંચી અને ૧૦ યોજન વિસ્તારવાળી એવી ચાર મેખલાવાળા, ૨૫ યોજન ઉંચા, ૫૦-૩૦-૧૦ યોજન પહોળાઈવાળા, વેદિકાઓવડે વીંટાયલા, વિદ્યાધરનાં ૫૦ અને ૬૦ નગરની બે શ્રેણીવાળા, પોતાની દિશિતરફના ઈન્દ્રના લોકપાલોને ઉપભોગ કરવા યોગ્ય એવી ઉપરની બે મેખલાવાળા, તથા ભરત અને ઐરવતક્ષેત્રના બે બે ખંડ-વિભાગ જેણે કર્યા છે એવા, બે બે મોટી ગુફાવાળા અને રૂપાના એવા બે દીર્ઘ વૈતાઢ્યપર્વત છે, વળી વિજયોમાં પણ બત્રીસ દીર્ઘવૈતાઢ્યપર્વતો પણ એવા જ છે. પરંતુ વિશેષ એ કે—તે ૩૨ વૈતાઢ્ય પર્વતોના છેડા વિજયો તરફ છે, તથા વિદ્યાધરનાં ૫૫-૫૫ નગરની બે શ્રેણિવાળા છે. એ પ્રમાણે [જંબૂદ્વીપમાં અથવા સર્વવૈતાઢ્યનાં] વિદ્યાધર નગરો ૩૭૪૦ (સાડત્રીસસો ચાલીસ) છે ॥ ૭૯-૮૦-૮૧-૮૨ ॥

विस्तरार्थ :—જંબૂદ્વીપમાં ૩૪ વૈતાઢ્ય પર્વતો છે. વૈતાઢ્ય નામનો દેવ અધિપતિ હોવાથી એ પર્વતોનું નામ वैताढ्य છે, અથવા એ શાશ્વત નામ છે. તે ૩૪ વૈતાઢ્યનું સ્વરૂપ આ ચાર ગાથાઓ વડે કહ્યું છે, તેમાં પ્રથમ તો ભરતઐરવતક્ષેત્રના બે દીર્ઘવૈતાઢ્યનું સ્વરૂપ અને ત્યારબાદ મહાવિદેહમાંના ૩૨ વૈતાઢ્યનું સ્વરૂપ કહ્યું છે,

॥ ૨ દીર્ઘ વૈતાઢ્યનું સ્વરૂપ ॥

१ पुव्वावरजलहिंता—ભરત અને ઐરવતના બે વૈતાઢ્યનો દરેકનો એક છેડો પૂર્વસમુદ્રને સ્પર્શેલો છે, અને બીજો છેડો પશ્ચિમસમુદ્રને સ્પર્શેલો છે, અર્થાત્ પૂર્વથી પશ્ચિમસમુદ્ર સુધી દીર્ઘ છે, અને લંબચોરસ આકારવાળા છે.

२ दसुच्चदसविहुलमेहलचउक्का—૧૦ યોજન ઉંચી અને ૧૦ યોજન પહોળી એવી ચાર મેખલાવાળા છે. मेखला એટલે પર્વત ઉપર ચઢતાં વચ્ચે જે સીધો અને સપાટ પ્રદેશ આવે તેવા ચઢાવરહિત પ્રદેશનું નામ મેખલા છે. ત્યાં એક વૈતાઢ્યઉપર ચાર મેખલા છે.

॥ વૈતાઢ્ય પર્વતોની ૪-૪ મેખલા ॥

વૈતાઢ્યપર્વતની તલહટીથી અથવા નીચેની ભૂમિથી ૧૦ યોજન ઉપર ચઢીએ તો દક્ષિણબાજુએ અને ઉત્તરબાજુએ પણ ૧૦-૧૦ યોજન પહોળો સપાટપ્રદેશ આવે છે, તે સપાટપ્રદેશ પહોળાઈમાં ૧૦ યોજન છે, પરન્તુ લંબાઈમાં તો વૈતાઢ્યની લંબાઈ જેટલો પૂર્વપશ્ચિમસમુદ્રસુધી દીર્ઘ છે. જેથી ૧૦ યોજન ચઢ્યા બાદ પર્વતનો ચઢાવ ન હોવાથી ૧૦ યોજન સુધી પર્વત સન્મુખ સીધા ચાલીએ ત્યારે પર્વત આવે ત્યાંથી (એટલે એ પહેલી મેખલાના ૧૦ યોજન ચાલ્યા બાદ) પર્વત ઉપર પુનઃ ૧૦ યોજન ચઢીએ તો બીજે પણ તેવો જ સપાટપ્રદેશ ૧૦ યોજન પહોળો અને પૂર્વસમુદ્રથી પશ્ચિમસમુદ્ર સુધીનો દીર્ઘ આવે, તે સપાટપ્રદેશમાં પર્વત સન્મુખ ૧૦ યોજન સીધા ચાલ્યા બાદ પર્વતનો ચઢાવ ચઢવાનો આવે, તે ચઢાવસ્થાનથી પણ પાંચ યોજનઉપર ચઢી રહીએ તો પર્વતની ટોચે પહોંચ્યા ગણાય. એ રીતે જેમ દક્ષિણબાજુએ બે બે મેખલા છે, તેવી જ ઉત્તર તરફ પણ સરખા જ સ્વરૂપવાળી બે મેખલા છે, જેથી એક વૈતાઢ્યને ૪ મેખલા છે- ગાથામાં મેખલાને ૧૦ યોજન ઉંચી કહી તેથી સપાટ પ્રદેશ ૧૦ યોજન ઉંચે ચઢતાં મેખલા આવે છે, માટે ૧૦ યોજન ઉંચી કહી છે. પરન્તુ મેખલાની વાસ્તવિક ઉંચાઈ હોય નહિં, કેવળ લંબાઈ પહોળાઈ હોય. એ પ્રમાણે બે વાર ૧૦-૧૦ યોજન ચઢવાથી અને એકવાર ૫ યોજન ઉંચે ચઢવાથી વૈતાઢ્યની ૨૫ યોજનની ઉંચાઈ પૂર્ણ થાય છે, અને વૈતાઢ્ય ૨૫ યોજન જેટલોજ ઉંચો હોય છે, તે કહેવાય છે—



વૈતાઢ્ય પર્વત.

૩ पणवीसुच्चा—દરેક વૈતાઢ્યપર્વત ભૂમિથી ૨૫ યોજન ઉંચો છે, અને ભૂમિની અંદર ૬। યોજન ઉંડો દટાયેલ છે, જેથી ભૂમિના અંદરના મૂળમાંથી ગણીએ તો પર્વત ૩૧। યોજન ઉંચો છે, પરન્તુ શાસ્ત્રોમાં સર્વત્ર ભૂમિઉપરથીજ પર્વતોની ઉંચાઈ ગણાય છે.

૪ पन्नास तीस दस जोअणविहुत्ता—વૈતાઢ્યની પહોળાઈ ૫૦-૩૦-૧૦ યોજન, એમ ત્રણ પ્રકારની છે, કારણકે મેખલાના સ્વરૂપમાં કહ્યા પ્રમાણે ભૂમિથી ૧૦ યોજન ઉપર ચઢી પહેલી મેખલાએ આવીએ ત્યાં સુધી ૫૦ યોજન પહોળો છે, ત્યારબાદ બે બાજુની બે મેખલાના ૧૦-૧૦ યોજન બાદ કરતાં બે મેખલાની વચ્ચે રહેલો પર્વત [૫૦ બાદ ૨૦=૩૦] ૩૦ યોજન પહોળો જ હોય, તે પણ ૧૦ યોજન ઉપર ચઢી બીજી મેખલાએ આવીએ ત્યાં સુધી ૩૦ યોજન પહોળો છે, પરન્તુ બીજી મેખલાને સ્થાને બે બાજુની બે મેખલાના બીજા ૧૦-૧૦ યોજન બાદ કરતાં બે મેખલાની

વચ્ચે રહેલો પર્વત ૧૦ યોજન જ પહોળો હોય. એ ૧૦ યોજન પહોળાઈ પાંચ યોજન ઉપર ચઢી પર્વતની ટોચે શિખરે આવીએ ત્યાં સુધી હોય અને ત્યારબાદ તો પર્વતની જ સમાપ્તિ થઈ, એ પ્રમાણે ૨૫ યોજનની ઉંચાઈમાં પર્વતની ત્રણે પ્રકારની જુદી જુદી પહોળાઈ હોય છે. ॥ ૭૯ ॥

॥ वैताढ्य पर्वतनी मेखलाओनो देखाव ॥

[ગા. ૮૨, પૃ. ૧૨૨]



આ જે દક્ષિણ તરફની મેખલા જેવીજ ઉત્તર તરફની પણ મેખલા છે.

वेईहिं परिक्खित्ता—દરેક વૈતાઢ્યની બન્ને બાજુએ [દક્ષિણે અને ઉત્તરે] એકેક વન અને વન પછી એકેક વેદિકા હોય છે, ત્યાં પર્વતને લગતું વન બે યોજનમાં કંઈક ન્યૂન પહોળું અને પર્વતની લંબાઈ જેટલું દીર્ઘ-લાંબુ હોય છે અને વનને લગતી વેદિકા પણ તેટલી જ લાંબી, પરન્તુ પહોળી ૫૦૦ ધનુષની છે. વળી એ વન અને વેદિકા પર્વતની નીચે ભૂમિ ઉપર જાણવાં પરન્તુ મેખલા સ્થાને છે તે નહિં.

૬ सखयरपुर पन्नसट्ठि सेणिदुगा—દરેક વૈતાઢ્ય વિદ્યાધરનાં ૫૦ અને ૬૦ નગરોવાળી બે શ્રેણિ સહિત છે. અર્થાત્ ભૂમિથી ૧૦ યોજન ઉપર જ્યાં પહેલી બે મેખલા બે બાજુએ છે ત્યાં વિદ્યાધરોની વસતી છે અને તેઓનાં ૫૦ તથા ૬૦ નગરો છે તે આ રીતે—ભરતક્ષેત્રના વૈતાઢ્યની પહેલી બે મેખલામાં દક્ષિણમેખલા સ્થાને વિદ્યાધરોનાં ૫૦ નગર છે, અને ઉત્તરભરતાર્ધ તરફની ઉત્તરમેખલામાં ૬૦ નગરો છે. દક્ષિણ મેખલાની લંબાઈ જંબૂદ્વીપની ગોળાઈના કારણથી ટુંકી છે માટે ૫૦ નગર છે, અને ઉત્તર મેખલાની લંબાઈ વિશેષ છે માટે ૬૦ નગરો છે. (વળી અહિં નગર એટલે એક નગર નહિ પરન્તુ અનેક દેશ ગ્રામ સહિત રાજધાનીનું એક શહેર તેજ એક નગર, જેમ વડોદરા એક નગર એટલે વડોદરા તાબાના અનેક કસબા પ્રાન્ત મહાલ સહિત એવું રાજધાનીનું વડોદરા એક નગર ગણાય તેવાં એ ૫૦-૬૦ નગરો રાજધાનીનાં જાણવાં,) તેનાં દક્ષિણ બાજુએ ગગતવલ્લભઆદિ નગરો છે, અને ઉત્તરબાજુએ રથનુપુરચક્રવાલ આદિ નગરો છે, એ રાજધાનીઓ અને દેશ ગ્રામો મેખલાની લંબાઈ પ્રમાણે દીર્ઘપંક્તિએ શ્રેણિએ હોવાથી विद्याधरश्रेणि ગણાય છે, જેથી ૫૦ નગરો દક્ષિણ-શ્રેણિમાં અને ૬૦ નગરો ઉત્તરશ્રેણિમાં કહેવાય છે. ઐરવતના વૈતાઢ્યમાં પણ એ રીતે છે પરન્તુ વિશેષ એ કે ઐરવતક્ષેત્રના વૈતાઢ્ય ઉપરની પહેલી બે મેખલામાં શિખરી પર્વત તરફની દક્ષિણ મેખલામાં ૬૦ નગરોની શ્રેણિ છે, અને સમુદ્રતરફની ઉત્તર મેખલામાં ૫૦ નગરોની શ્રેણિ છે, બીજું સર્વસ્વરૂપ યથાયોગ્ય ભરતવૈતાઢ્ય સરખું છે. એ પ્રમાણે પહેલી બે મેખલામાં બે વિદ્યાધર શ્રેણિઓ કહી ને હવે તે ઉપરની બીજી બે મેખલામાં શું છે તે કહે છે.

૭ सदिसिंदलोगपालोवभोगिउवरिल्लमेहलया—પોતપોતાની દિશિના ઇન્દ્રના લોકપાળને ઉપભોગયોગ્ય ઉપરની બે મેખલાવાળા સર્વે વૈતાઢ્ય છે. અર્થાત્ જે વૈતાઢ્ય દક્ષિણ દિશાના છે તેની સર્વોપરિતન મેખલામાં સૌધર્મઇન્દ્રના અને જે વૈતાઢ્ય ઉત્તરદિશિએ હોય તે વૈતાઢ્યની સર્વોપરિતન બે મેખલામાં ઇશાન ઇન્દ્રના લોકપાળના આભિયોગિકદેવો રહે છે; કારણ કે સૌધર્મ ઇન્દ્ર દક્ષિણદિશાનો ઇન્દ્ર છે, અને ઇશાન ઇન્દ્ર ઉત્તરદિશાનો ઇન્દ્ર છે, માટે "સ્વસ્વ દિશિના ઇન્દ્રના એમ કહ્યું. એ પ્રમાણે હોવાથી ભરતવૈતાઢ્ય મેરૂથી દક્ષિણદિશામાં હોવાથી એ વૈતાઢ્યની છેલ્લી ઉપરની બે મેખલામાં સૌધર્મેન્દ્રના સોમ યમ વરૂણ અને કુબેર નામના ચારે લોકપાલના આભિયોગિકદેવોના અનેક ભવનોની શ્રેણિ છે, તેમાં તે આભિયોગિકદેવો રહે છે, અને ઐરવતનો વૈતાઢ્ય મેરૂની ઉત્તરદિશામાં

હોવાથી તેની સર્વોપરિતન બે મેખલાઓમાં ઇશાનઇન્દ્રના એજ ચાર નામવાળા લોકપાળના આભિયોગિકદેવોના ભવનોની શ્રેણિ છે, તેમાં તે આભિયોગિકદેવો રહે છે. અહિં ગાથામાં આભિયોગિક શબ્દ નથી તો પણ અધ્યાહારથી ગ્રહણ કરવો, કારણ કે એ ભવનોમાં લોકપાળ પોતે રહેતા નથી. પરન્તુ કોઈ વખતે અહિં આવે ત્યારે આરામ લેવા માટેના પ્રાસાદો હોય તો સંગત છે, પરન્તુ તે વાત શાસ્ત્રમાં સ્પષ્ટ ન હોવાથી તેમ માની શકાય નહિં. અહિં આભિયોગિક એટલે સેવકદેવો જાણવા, તે પણ સર્વે એક પલ્યોપમના આયુષ્યવાળા છે; શેષ દેવોની માફક એ દેવોની રાજધાનીઓ કહી નથી, કારણ કે પોતે અધિપતિદેવો નથી વળી એ આભિયોગિકદેવો વૈમાનિક નિકાયના નથી. પરન્તુ વ્યન્તરનિકાયના છે, એમ શ્રી જંબૂ૦ પ્રજ્ઞપ્તિની વૃત્તિમાં કહ્યું છે. आभियोग्याः—'शक्रलोकपालप्रेष्यकर्मकारिणो व्यन्तरविशेषास्तेषामावासभूते श्रेण्यौ आभियोग्य श्रेण्यौ प्रज्ञप्ते' ઇતિ વચનાત્.

વળી એ કહેલી વિદ્યાધરની બે બે શ્રેણિ અને આભિયોગ્યદેવની બે બે શ્રેણિ તે દરેક પોતાની બે પડખે એકેક वन અને એકેક वेदिका વડે વીંટાયેલ છે, જેથી એક શ્રેણિ બે વન અને બે વેદિકાયુક્ત હોવાથી બે શ્રેણિનાં ચાર વન અને ચાર વેદિકા જાણવાં. તેવી રીતે ઉપરની બે આભિયોગ્યશ્રેણિઓનાં પણ ચાર વન અને ચાર વેદિકા જાણવાં. ॥ ૮૦ ॥

॥ વૈતાઢ્ય પર્વતોનું શિખરસ્થાન ॥

વૈતાઢ્ય પર્વતોના શિખરસ્થાને કોઈની નિયત વસતી મેખલાઓવત્ નથી, પરન્તુ જગતીના વન અને વેદિકાની માફક અનેક વ્યન્તરદેવો આવી ક્રીડા કરે છે, સુખ પૂર્વક બેસે છે, અને પૂર્વકૃતપુણ્યનો આનંદ અનુભવે છે. શિખરસ્થાન પણ ઘણું રમણીક રત્નબદ્ધ ભૂમિતલવાળું છે. તેના ઉપર મધ્યભાગમાં લંબચોરસ એક વેદિકા ૫૦૦ ધનુષ પહોળી છે, અને બે બાજુ બે વનખંડ છે. તેની લંબાઈ પર્વતની લંબાઈ તુલ્ય છે, અને વનની પહોળાઈ દેશોન બે યોજન દરેકની છે. એ બૃહત્ક્ષેત્રસમાસવૃત્તિનો અભિપ્રાય છે, અને શ્રીજંબૂ૦ પ્રજ્ઞપ્તિની વૃત્તિમાં તો જગતી ઉપરની વેદિકા સરખી ચારે દિશિ વિદિશિમાં ફરતી એક જ વેદિકાની સર્વબાજુએ બાહ્યભાગે વીંટાયેલું પર્વતના સર્વાન્ત્ય કિનારા સુધી છે. જેથી સર્વપર્યન્ત ભાગ વનયુક્ત છે. તફાવત એજ કે જગતીની વેદિકા વલયાકાર છે. તો આ વેદિકા લંબચોરસ આકારે છે. પરન્તુ વૈતાઢ્ય પર્વતની ભૂમિગત વેદિકાવત્ દક્ષિણોત્તરવિભાગરૂપ બે વેદિકા નથી. એમ કહેવાથી શિખરતલ સિવાયની નીચેની સર્વ વેદિકાઓમાં પૂર્વ પશ્ચિમ દિશામાં વેદિકા નથી, કેવળ ઉત્તર-દક્ષિણ દિશામાં વેદિકાઓ છે, અને શિખરસ્થાને તો ચારે દિશાએ વેદિકા છે.

૮ दुदुखंडविहिअभरहेरवया=વળી એ બે દીર્ઘવૈતાઢ્ય કેવા છે? તે કહે છે—ભરત-ઐરવતના જેણે બે બે ખંડ-ભાગ કરેલા છે, અર્થાત્ ભરતના અતિ મધ્યભાગમાં આવેલા

વૈતાઢયે ભરતક્ષેત્રના બે ભાગ કર્યા છે, તેમાં સમુદ્ર તરફનો વિભાગ તે दक्षिणभरत અને લઘુહિમવંત તરફનો ભાગ તે उत्तरभरत કહેવાય. એ પ્રમાણે ઐરવતક્ષેત્રના અતિમધ્યમાં આવેલા વૈતાઢયથી સમુદ્ર તરફનો ભાગ તે उत्तरऐरवत અને શિખરીપર્વત તરફનો ભાગ તે दक्षिणऐरवत કહેવાય.

૯ =दुदुगुरुगुहा=દરેક વૈતાઢયમાં બે બે મોટી ગુફાઓ છે, જેનું સ્વરૂપ હવે પછી કહેવાશે.

૧૦ रुप्पमया=દરેક વૈતાઢય રૂપાનો બનેલો છે.

दोदीहावेअड्ढा—એ ઉપર કહેલા ૮ વિશેષણોવાળા દીર્ઘવૈતાઢય બે છે.

॥ ૩૨ દીર્ઘ વૈતાઢય ॥

तहा दुतीसं च विजएसु—તથા મહાવિદેહ ક્ષેત્રની બત્રીસ વિજયોમાં પણ ઉપર કહેલા સ્વરૂપવાળા જ ૩૨ દીર્ઘવૈતાઢય છે, णवरं ते=પરંતુ તે બત્રીશ વૈતાઢયી विजयंता= વિજયના અંતવાળા છે, અર્થાત્ તેઓના બે છેડા બે બાજુની બે વિજયો તરફ પહોંચ્યા છે, અથવા વિજયો[1] તરફ ગયા છે. તથા सखयरपणपन्न दुसेणीआ—વિદ્યાધરોનાં ૫૫–૫૫ નગરોની બે શ્રેણિ સહિત છે, અર્થાત્ ભરતવૈતાઢયવત્ એક બાજુ ૫૦ અને બીજી બાજુ ૬૦ નગરો નથી, પરન્તુ બંને બાજુ ૫૫–૫૫ નગરો સહિત છે, કારણ કે અહિં ગોળાઈના અભાવે બંને મેખલાની લંબાઈ સરખી છે. એ પ્રમાણે દરેક વૈતાઢયમાં ૧૧૦–૧૧૦ વિદ્યાધર નગરો હોવાથી જંબૂદ્વીપમાં વિદ્યાધરનાં સર્વનગરો [૩૪×૧૧૦=] ૩૭૪૦ છે. ॥ ૮૧ ॥ ૮૨ ॥

अवतरणः—૮૧મી ગાથામાં દરેક વૈતાઢયને तमिस्रा અને खंडप्रपाता નામની બે બે મોટી ગુફાઓ છે એમ કહ્યું તે ગુફાઓનું સ્વરૂપ હવે આ ૮૩ થી ૮૭ મી ગાથા સુધીમાં કહેવાશે, ત્યાં પ્રથમ આ ગાથામાં દરેક મહાગુફાનું પ્રમાણ કહે છે તે આ પ્રમાણેઃ—

---

૧. અહિ विजयंता એ શબ્દ "સમુદ્ર સુધીના અંતવાળા નથી" એમ દર્શાવવાને અર્થે છે, પરંતુ વિજયસ્પર્શી અંતવાળા વૈતાઢયો છે એમ દર્શાવવાને નથી. જેથી जलहिंता સરખો विजयंता નો અર્થ ન થાય, કારણ કે જેમ બે વૈતાઢયના છેડા સમુદ્રને સ્પર્શ્યા છે તેમ ૩૨ વૈતાઢયોના છેડા વિજયોને સ્પર્શ્યા નથી, પરંતુ વન વક્ષસ્કાર અને અન્તર્નદીઓને સ્પર્શેલા છે, માટે અહિ विजयंता નો અર્થ વિજયસ્પર્શી અંતવાળા ન કરતાં "વિજય તરફ ગયેલા" એવો અર્થ કરવો. વળી એ અર્થ પણ ૮ વૈતાઢયોને સર્વાંશે સંબંધ કરતો નથી તો પણ ૨૪ વૈતાઢયોની બાહૂલ્યતાએ विजयंता શબ્દ ઘટી શકે.

गिरिवित्थरदीहाओ अडुच्च चउ पिहुपवेसदाराओ
बारसपिहुलाउ अडुच्चयाउ वेअड्ढदुगुहाओ ॥ ८३ ॥

શબ્દાર્થ :

गिरिवित्थर-ગિરિના વિસ્તાર જેટલી	दाराओ-એવાં દ્વારવાળી
दीहाओ-દીર્ઘ, લાંબી	बारसपिहुलाउ-૧૨ યોજન પહોળી
अडउच्च-આઠ યોજન ઉંચા	अडउच्चयाउ-આઠ યોજન ઉંચાં
चउपिहुपवेस-ચાર યોજન પહોળા અને ૪ યોજન પ્રવેશવાળાં	वेअड्ढ-વૈતાઢ્ય પર્વતની
	दुगुहाओ-બે બે ગુફાઓ

ગાથાર્થઃ—પર્વતના વિસ્તાર જેટલી લાંબી, તથા આઠયોજન ઉંચાં ચાર યોજન પહોળાં અને ચાર (ચાર યોજન) પ્રવેશવાળાં દ્વારવાળી, તથા બાર યોજન પહોળી અને આઠ યોજન ઉંચી એવી વૈતાઢ્ય પર્વતની બે બે મહાગુફાઓ છે. ॥ ૮૩ ॥

વિસ્તરાર્થઃ—પર્વતનો વિસ્તાર ઉત્તર દક્ષિણ રીતે ૫૦ યોજન છે, માટે વિસ્તારમાં આવેલી એ ગુફાઓ પણ ૫૦ યોજન લાંબી છે. તથા એકેક ગુફાને ઉત્તર તરફ અને દક્ષિણ તરફ એમ બે બે દ્વાર છે. તે દરેક દ્વાર આઠ યોજન ઉંચાં ૪ યોજન પહોળાઈવાળાં અને ૪ યોજન પ્રવેશવાળાં છે. વળી એ ગુફાની પહોળાઈ અંદરના ભાગમાં ૧૨ યોજન છે અને ગુફાની ઉંચાઈ આઠ યોજન છે, એવા પ્રકારની તમિસ્રા અને ખંડપ્રપાતા [1]નામની બે બે ગુફાઓ દરેક વૈતાઢ્ય પર્વતને હોવાથી સર્વ મળી ૬૮ ગુફાઓ છે, અને ગુફાનાં દ્વાર સર્વ મળી ૧૩૬ છે. એ દ્વારોનાં કમાડની પહોળાઈ દ્વારથી અર્ધપ્રમાણની એટલે બે બે યોજનની હોય અને ઉંચાઈ તો ગુફાને અનુસારે ૮ યોજન જ હોય તે સ્વતઃ વિચારવું. ॥ ૮૩ ॥

અવતરણઃ—વૈતાઢ્યપર્વતની દરેક ગુફામાં બે બે નદીઓ વિલક્ષણ જળવાળી છે તે આ ગાથામાં કહેવાય છે—

तम्मज्झ दुजोअण अंतराओ ति ति वित्थराउ दुणईओ ।
उम्मगणिम्मग्गाओ कडगाउ महाणइगयाओ ॥ ८४ ॥

શબ્દાર્થ:—

तम्मज्झ-તે ગુફાના મધ્યભાગે	उम्मग-ઉન્મગ્નિકા નામની
दुजोअण अंतराओ-બે યોજન આંતરે	णिम्मग्गाओ-નિમગ્નિકા નામની
ति ति वित्थराउ-ત્રણ ત્રણ યોજન વિસ્તારવાળી	कडगाउ-કટકમાંથી (પહાડની કડાહોમાંથી નીકળીને)
दुणईओ-બે નદીઓ	महाणइगयाओ-મહાનદીમાં મળેલી છે

૧. એ બેનાં સ્થાન આગળ ૮૬ મો ગાથામાં કહેશે.

गाथार्थः—તે ગુફાના અતિમધ્યભાગે બે બે યોજનને આંતરે ત્રણ ત્રણ યોજનના વિસ્તારવાળી ઉન્મગ્ના અને નિમગ્ના નામની બે નદીઓ કડાહમાંથી નીકળી મહાનદીઓને મળેલી છે ॥ ૮૪ ॥

विस्तरार्थः—ગુફાના દક્ષિણ દ્વારથી ગુફાની અંદર ૨૧ યોજન દૂર જઈએ ત્યાં તમિસ્રા ગુફામાં પહેલી उन्मग्ना નદીનામની નદી ત્રણ યોજનના ઉત્તર દક્ષિણ વિસ્તારવાળી અને ગુફાની પહોળાઈ પ્રમાણે ૧૨ યોજન લાંબી છે, તે તમિસ્રા ગુફાની પૂર્વદિશાના કડાહમાંથી (શિલામય ભિત્તિભાગમાંથી) નીકળી પશ્ચિમદિશાના કડાહમાં (ભિત્તિની નીચે) થઈને સિંધુમહાનદીને મળે છે. આ નદીમાં તૃણ કાષ્ટ પત્થર આદિ જે કોઈ વસ્તુ પડે તે નીચે ડૂબી જતી નથી, પરન્તુ ઉપર તરતી રહીને પાણીના મોજાથી ત્રણવાર અફળાતી અફળાતી નદીના કિનારે સ્થળ ઉપર આવી જાય છે, પરન્તુ નદીમાં તે વસ્તુ રહેતી નથી, માટે એનું નામ [મગ્ન-ડુબેલી એ અર્થમે उत् ઉપસર્ગ પ્રતિપક્ષી અર્થરૂપે લાગવાથી] उन्मग्न-ઉપર રહેતી વસ્તુવાળી નદી એ નામ સાર્થક છે.

એ ઉન્મગ્ના નદીથી પુનઃ બે યોજન દૂર ઉત્તર તરફ જઈએ ત્યારે એવાજ સ્વરૂપવાળી બીજી નદી ત્રણ યોજન વિસ્તારવાળી ૧૨ યોજન લાંબી અને પૂર્વ કડાહમાંથી નીકળી પશ્ચિમકડાહની નીચે થઈને સિંધુમહાનદીને મળતી निमग्ना નામની નદી છે, આ નદીના જળનો સ્વભાવ એવો છે કે—એમાં તૃણ કાષ્ટ પત્થર મનુષ્ય આદિ જે કંઈ વસ્તુ પડે તે તરવા જેવી હલકી હોય તોપણ ત્રણવાર હણાઈ હણાઈને નીચે ડુબી જાય છે, એ પ્રમાણે કોઈપણ વસ્તુ એ જળમાં તરતી નથી તેમ જળથી હણાઈને બહાર સ્થળ ઉપર પણ આવતી નથી માટે એનું એ નામ સાર્થક છે. કારણ કે "જેને વિષે પડેલી કોઈપણ વસ્તુ નિમજ્જતિ-ડુબી જાય તે નિમગ્ના એ વ્યુત્પત્તિ છે. એ પ્રમાણે પશ્ચિમદિશામાં આવેલી તમિસ્રા ગુફાની બે નદી કહી.

એ ભરતક્ષેત્રના વૈતાઢયમાં પૂર્વદિશાએ खंडप्रपाता ગુફામાં પણ દક્ષિણદ્વારથી ૨૧ યોજન દૂર જતાં પહેલી ઉન્મગ્ના અને બે યોજનને અંતરે બીજી નિમગ્ના નદી આવે છે, પરન્તુ તફાવત એ છે કે—આ નદીઓ ગુફાની અંદરના પશ્ચિમ કડાહમાંથી નીકળી ગુફામાં ૧૨ યોજન વહી પૂર્વ કડાહનીચે થઈને ગંગા નામની મહાનદીને મળે છે. એ રીતે ભરતવૈતાઢયની ગુફાની ચારનદીઓ સરખી ઐરવત ક્ષેત્રના વૈતાઢયની પણ ચાર નદીઓ જાણવી, પરન્તુ તફાવત એ કે—ક્ષેત્રદિશાને અનુસારે ત્યાં પૂર્વદિશાએ તમિસ્રાગુફા છે, અને પશ્ચિમદિશાએ ખંડપ્રપાતા ગુફા છે, ત્યાં તમિસ્રાની બે નદીઓ પશ્ચિમકડાહમાંથી નીકળી પૂર્વકડાહમાં નીચે થઈને રક્તવતી મહાનદીને મળે છે, અને ખંડપ્રપાતાની બે નદીઓ પૂર્વ કડાહમાંથી નીકળી પશ્ચિમકડાહમાં રક્તા મહાનદીને મળે છે. એ પ્રમાણે નદીઓનો નિર્ગમ વિપર્યય અને સંગમવિપર્યય જાણવો પ્રવેશમાં "ઉત્તરદ્વારથી ૨૧ યોજન જતાં" એમ કહેવું.

१ तिखुत्तो आहुणिय आहुणिय ઇત્યાદિ વચનાત્

તથા ૩૨ વિજયના ૩૨ વૈતાઢયોમાં પણ જે મેરૂથી દક્ષિણ તરફના વૈતાઢય છે તેની ગુફામાંની નદીઓનું સ્વરૂપ ભરતવૈતાઢયની ગુફાની નદીઓ તુલ્ય અને ઉત્તરતરફના વૈતાઢયોની ગુફામાંની નદીઓનું સ્વરૂપ ઐરવતવૈતાઢયગુફાની નદીઓ તુલ્ય કહેવું. પરન્તુ સંગમનદીઓમાં બહુ વિપર્યય હોવાથી વિજયનદીઓનાં સ્થાન વિચારીને પોતાની બુદ્ધિથી યથાસંભવ સંગમનદી કહેવી. એ નદીઓ ઉપર ગમનાગમન કરવાને ચક્રવર્તીનું વાર્ધકીરત્ન (ચક્રીનો સુતાર) પૂલ બાંધે છે. ॥ ૮૪ ॥

अवतरणः—હવે આ ગાથામાં ગુફાની અંદર પ્રકાશ માટે ચક્રવર્ત્તી પ્રકાશમંડળો આલેખે છે, તે વાત કહેવાય છે—

इह पइभित्ति गुणवन्न-मंडले लिहइ चक्कि दु दु समुहे ।
पणसयधणुहपमाणे, बारेगडजोअणुज्जोए ॥ ८५ ॥

શબ્દાર્થ :

इह—આ ગુફામાં
पइभित्ति—પ્રત્યેક ભીંતે
गुणवन्नमंडले—૪૯ મંડળો
लिहइ—લખે છે, ચિતરે છે
समुहे—સન્મુખ, સ્હામાસ્હામી
बार इग अड—૧૨–૧–૮ યોજન
उज्जोए—ઉદ્યોત કરનારાં

गाथार्थः—આ ગુફામાં દરેક ભીંતે ચક્રવર્તી ઓગણપચાસ પ્રકાશમંડળોને બે બે સન્મુખ રહે એવી રીતે આલેખે છે, તે પ્રકાશમંડળો ૫૦૦ ધનુષ પ્રમાણનાં અને ૧૨–૧–૮ યોજન સુધી પ્રકાશકરનારાં હોય છે ॥ ૮૫ ॥

विस्तरार्थः—હવે આ ગુફામાં ચક્રવર્તી ૪૯ પ્રકાશમંડળો ચિતરે છે તે કહેવાય છે.

॥ વૈતાઢય ગુફામાં ૪૯–૪૯ પ્રકાશમંડળો ॥

વૈતાઢયપર્વતની બે બે ગુફાઓ સદાકાળ બંધ રહે છે, જ્યારે ચક્રવર્તી ઉત્પન્ન થાય અને છ ખંડનો દિગ્વિજય કરવા નીકળે ત્યારે આ મહાઅંધકારમય ગુફાઓમાં થઈને ઉત્તરદિશાના ત્રણ ખંડ સાધવા જાય છે, ત્યારે પહેલી તમિસ્રા નામની ગુફાના કૃતમાળ નામના અધિષ્ઠાયકને ઉદ્દેશી અઠ્ઠમ તપ કરી પોતાના સેનાપતિ પાસે દ્વારને ત્રણ વાર દંડરત્નવડે પ્રહાર કરાવી ગુફાનાં દ્વાર ઉઘડાવે છે, ત્યારબાદ ચક્રવર્તી હસ્તિરત્નઉપર બેસી પોતાના પ્રકાશમાટે હસ્તિના મસ્તકઉપર મણિરત્નસ્થાપીને પ્રથમ તમિસ્રાગુફાની અંદર પ્રવેશ કરી એક યોજન ગયા બાદ પાછળ આવતા સૈન્યના પ્રકાશને અર્થે ખડી સરખા કાકિણી નામના રત્નવડે પહેલું પ્રકાશમંડળ દક્ષિણ દ્વારના પૂર્વદિશિતરફના કમાડઉપર આલેખે–ચિતરે. બીજું મંડળ પશ્ચિમ કમાડના એક યોજન

બાદ પહેલાની બરાબર સન્મુખ આલેખે. ત્યારબાદ ત્રીજું મંડળ પૂર્વકમાડની પાછળના તોટ્ટક[1] ઉપર ઉઘાડેલા કમાડની કિનારી પાસે આલેખે, ચોથું મંડળ પશ્ચિમકમાડના તોટ્ટક ઉપર ઉઘાડેલા કમાડની કિનારી પાસે આલેખે. પાંચમું મંડળ પૂર્વ તોટ્ટક ઉપર ત્રીજામંડળથી એક યોજનને અન્તરે આલેખે, ત્યારબાદ છઠ્ઠું મંડળ પશ્ચિમ તરફ પશ્ચિમતોટ્ટક ઉપર ચોથાથી એક યોજન દૂર પાંચમાની સન્મુખ આલેખે. ત્યારબાદ સાતમું મંડળ પર્વતની પૂર્વભીંતઉપર અને આઠમું મંડળ પશ્ચિમભીંત ઉપર તોટ્ટકની પાસે આલેખે. એ રીતે એકેક યોજનને અન્તરે ૪૯ મંડળ પૂર્વદિશામાં અને ૪૯ પશ્ચિમદિશામાં મળી ૯૮ પ્રકાશમંડળો ચિતરે, જેથી પૂર્વદિશામાં દક્ષિણ કમાડઉપર ૧ દક્ષિણતોટ્ટકઉપર ૨, ત્યારબાદ ભિત્તિઉપર ૪૩, ત્યારબાદ ઉત્તરદ્વારના તોટ્ટકઉપર ૨ અને કમાડઉપર ૧ મળી ૪૯ મંડળ થયાં, તેવી જ રીતે પશ્ચિમદિશામાં પણ બરાબર સન્મુખ ૪૯ મંડળ હોય.

॥ પ્રકારાન્તરે ૪૯ પ્રકાશમંડળો ॥

ઉપર કહેલી પ્રકાશમંડળોની રીતિ શ્રીમલયગિરિજીકૃત બૃહત્ક્ષેત્રસમાસની વૃત્તિ વિગેરેમાં કહી છે, પરન્તુ શ્રી આવશ્યકજીની બૃહદ્‌વૃત્તિ વિગેરેમાં આ પ્રમાણે કહ્યું છે કે—

ગુફામાં પ્રવેશ કરતો ભરતચક્રવર્તી પાછળના સૈન્યાદિકને પ્રકાશ કરવાના કારણથી દક્ષિણદ્વારના પૂર્વકમાડઉપર ૧ યોજનવર્જીને બીજા યોજનના પ્રારંભમાં પહેલું મંડળ આલેખે, ત્યારબાદ [2]ગોમૂત્રિકાની રીતે ઉતરતાં પશ્ચિમકમાડના તોટ્ટકઉપર ત્રીજા યોજનના પ્રારંભમાં ૨ જું મંડળ આલેખે પુનઃ ગોમૂત્રિકાપદ્ધતિએ આગળ ખસતાં ત્રીજું મંડળ પૂર્વતોટ્ટકઉપર ચોથા યોજનના પ્રારંભમાં લખે ત્યાર બાદ પશ્ચિમભિત્તિ ઉપર પાંચમા યોજનના પ્રારંભમાં ચોથું મંડળ લખે, ત્યારબાદ એજ પદ્ધતિએ પૂર્વભિત્તિ ઉપર છઠ્ઠા યોજનના પ્રારંભમાં પાંચમું મંડળ લખે, એ રીતે યાવત્ ૪૮મું મંડળ ઉત્તરદ્વારના પશ્ચિમકપાટ ઉપર પહેલા યોજનના આરંભમાં અને ૪૯મું મંડળ ઉત્તરદ્વારના પૂર્વકપાટ ઉપર બીજા યોજનના આરંભમાં આલેખે. એ પ્રમાણે એક ભિત્તિ ઉપર ૨૫ અને બીજી ભિત્તિ ઉપર ૨૪ મળીને ૪૯ મંડળ થાય.

---

૧ બે યોજન પહોળા કમાડની પાછળ ચાર યોજન લાંબો પહોળો કમાડને આગળ વધતાં અટકાવે એવો ભિત્તિભાગ જે મૂળભિત્તિથી જુદો પણ લાગેલો હોય છે તે તોદક વા તોટ્ટક કહેવાય.

૨  એ ગોમૂત્રિકા આકાર કહેવાય. અર્થાત્ બળદ ચાલતાં ચાલતાં પ્રસ્રવણ કરે ત્યારે જે આકારે ભૂમિ ઉપર પડે તે આકાર,



॥ પ્રકાશમંડળોનું લંબાઈ આદિ પ્રમાણ ॥

એ દરેક પ્રકાશમંડળ ઉત્સેધાંગુલથી ૫૦૦ ધનુષ લાંબુ પહોળુ અને વલયાકાર હોય છે, તથા ગુફાની પહોળાઈ જેટલો લાંબો સન્મુખ પ્રકાશ પડવાથી એ મંડળના પ્રકાશની લંબાઈ પ્રમાણાંગુલથી ૧૨ યોજન છે, તથા ગુફાની ઉંચાઈ પ્રમાણે આઠ

યોજન પ્રકાશની ઉંચાઈ છે, અને પોતાની બે પડખે ૦॥ ૦॥ યોજન પ્રકાશ ગણવાથી ૧ યોજન પાર્શ્વવર્તી પ્રકાશ છે, અર્થાત્ દરેક મંડળ સન્મુખ દિશાએ પ્રમાણાંગુલી ૧૨ યોજન સુધી પ્રકાશ કરે છે, ઉર્ધ્વાધઃ ૮ યોજન અને બે પડખે મળી ૧ યોજન પ્રકાશ કરે છે. મંડળ-જેવો સૂર્ય તેવું જ દેખાય અને પ્રકાશ પણ સૂર્ય સરખોજ જાણવો.

॥ પ્રકાશમંડળો વિગેરેની સ્થિતિ ॥

ચક્રવર્તી જ્યાં સુધી રાજ્ય કરે અથવા જીવે ત્યાં સુધી પ્રકાશમંડળો પ્રકાશ કરતાં રહે છે, તેમજ ગુફાઓમાં થઈને ઉત્તરખંડમાં જવું આવવું પણ ખુલ્લું રહે છે. તેમ જ ગુફામાંની બે નદી ઉપરના વાર્ધકીરત્ને (ચક્રવર્તીના સુતારે) બાંધેલા પૂલ પણ કાયમ રહે છે, [ત્યારબાદ ગુફાનાં દ્વાર બંધ થયે પ્રકાશમંડળો આદિ વિનાશ પામે છે.]

એ પ્રમાણે ભરતવૈતાઢ્યની બીજી ખંડપ્રપાતાગુફામાં પણ પ્રકાશમંડળોનું સ્વરૂપ તમિસ્રાગુફા સરખું જાણવું. વિશેષ એ કે—ઉત્તરભરતનો દિગ્વિજય કરી ચક્રવર્તી દક્ષિણભરતમાં પાછો વળે ત્યારે એ ગુફાના ઉત્તરદ્વારમાં પ્રવેશ કરી દક્ષિણદ્વારથી બહાર નીકળે છે. માટે તમિસ્રાગુફા ઉત્તરભરતાર્ધમાં જવાને માટે છે, અને ખંડપ્રપાતાગુફા ચક્રવર્તીને દક્ષિણભરતમાં પાછા આવવા માટે ઉપયોગી થાય છે.

વળી ઐરવત અને મહાવિદેહના ૩૨ વૈતાઢ્યોની ગુફાઓનાં પ્રકાશમંડળોનું સ્વરૂપ પણ એ રીતેજ જાણવું, પરન્તુ પ્રવેશ નિર્ગમમાં દિશાઓના ફેરફાર વિગેરે યથાસંભવ પોતાની મેળે વિચારવા યોગ્ય છે. સર્વવર્ણન કરવાથી ગ્રંથ વધી જાય, માટે ઉપર કહેલા દિગ્દર્શન માત્રથી જ શેષ સર્વસ્વરૂપ વિચારવું. ॥ ૮૫ ॥

अवतरण :—હવે આ ગાથામાં વૈતાઢ્યની બે ગુફાઓનાં નામ અને સ્થાન કહે છે—

सा तमिसगुहा जीए, चक्की पविसेइ मज्झखंडंतो ।
उसहं अंकिअ सो जीए, वलइ सा खंडगपवाया ॥ ८६ ॥

શબ્દાર્થ:—

सा—તે
तमिसगुहा—તમિસ્રાગુફા
जीए—જેના વડે, જેમાં થઈને
पविसेइ—પ્રવેશ કરે
मज्झखंडअंतो—મધ્યખંડની અંદર
उसहं—ઋષભકૂટને
अंकिअ—અંકિત કરીને (નામ લખીને)
सो—તે, ચક્રવર્તી
वलइ—પાછો વળે
खंडगपवाया—ખંડપ્રપાતાગુફા.

ગાથાર્થઃ—જે ગુફામાં થઈને ચક્રવર્તી મધ્યખંડની અંદર (ઉત્તરખંડમાં) પ્રવેશ કરે છે, તે તમિસ્રાગુફા, અને જેમાં થઈને ચક્રવર્તી પાછો વળે છે તે ખંડપ્રપાતા ગુફા. ॥ ૮૬ ॥

विस्तरार्थः—દક્ષિણભારતના ત્રણે ખંડ જીતીને ચક્રવર્તી ઉત્તરભરતના ત્રણ ખંડ જીતવા જાય છે, ત્યારે દક્ષિણભરતના મધ્યભાગથી પશ્ચિમદિશામાં, પરન્તુ સિંધુ નદીથી પૂર્વદિશામાં આવેલી तमिस्रागुफा નામની ગુફા છે, તેમાં થઈને ચક્રવર્તી ઉત્તરભરતમાં જાય છે. અને ઉત્તરભરતક્ષેત્રના ત્રણે ખંડ જીતાઈ રહ્યા બાદ ભરતના મધ્યભાગથી પૂર્વમાં પરન્તુ ગંગાનદીથી પશ્ચિમદિશામાં જે બીજી खंडकप्रपाता નામની ગુફા છે તેમાં થઈને ચક્રવર્તી દક્ષિણભરતમાં પાછો વળે છે. એ વિગત પ્રથમ કહેવાએલી છે.

વળી ઉત્તરભરતના ૩ ખંડ જીત્યાબાદ ઉત્તરભરતના મધ્યભાગમાં લઘુહિમવંત-પર્વતની તલહટીથી કંઈક દૂર ऋषभकूट નામે ન્હાનો પર્વત છે તે પર્વતની પૂર્વદિશાની કટાહ ઉપર ચક્રવર્તી પોતાનું નામ કાકિણીરત્નથી લખીને ત્યારબાદ ખંડપ્રપાતાગુફામાં થઈને પાછો વળે છે, માટે અહિ સર્વ વૈતાઢયોમાં પણ ચક્રવર્તીને પ્રવેશ કરવાની તમિસ્રાગુફા તે પશ્ચિમમાં છે, અને પાછા વળવાની ગુફા તે ખંડપ્રપાતાગુફા પૂર્વદિશામાં છે. ઋષભકૂટ અને તે ઉપર નામલેખન વિગેરેની વિગત ૭૫ મી ગાથાના વિસ્તરાર્થમાં ઋષભકૂટના વર્ણન પ્રસંગે કહેવાઈ છે, માટે અહિં વિશેષ લખવાનું પ્રયોજન નથી.

ગાથામાં ઉત્તર ભરતક્ષેત્રને મધ્યખંડ કહેવાનું કારણ કે દક્ષિણભરત સમુદ્ર તરફ બહાર પડતો હોવાથી બાહ્યખંડ ગણાય, તે અપેક્ષાએ વૈતાઢય અને લઘુહિમવંત એ બે પર્વતના અંતરાળમાં આવેલું ઉત્તરભરત તે મધ્યખંડ અથવા અભ્યન્તર ખંડ પણ કહેવાય.

અહિ સર્વસ્વરૂપ ભરતક્ષેત્રના વૈતાઢયને ઉદ્દેશીને કહ્યું છે, તોપણ સર્વે વૈતાઢયોની બે બે ગુફાઓ સરખા સ્વરૂપે જાણવી. કેવળ દિશાવિપર્યય વિચારીને કહેવો, અથવા સૂર્યદિશાની અપેક્ષાએ સર્વ રીતે સમાનતા જ જાણવી. ॥ ૮૬ ॥

अवतरणः—હવે આ ગાથામાં વૈતાઢયની બે ગુફાના બે અધિપતિદેવ તથા ઉઘાડેલી ગુફા કયાં સુધી ઉઘાડી રહે વગેરે કહેવાય છેઃ—

कयमालनट्टमालय–सुराउ वट्टइणिवद्धसलिलाओ ।
जा चक्की ता चिट्ठंति, ताओ उग्घडिअदाराओ ॥ ८७ ॥

શબ્દાર્થ :

कयमाल–કૃતમાળદેવ	सलिलाओ–નદીઓવાળી
नट्टमाल–નટ્ટમાળદેવ, નૃત્તમાલ	जा चक्की–જ્યાં સુધી ચક્રવર્તી
सुराओ–દેવવાળી	चिट्ठंति–રહે, હોય છે
वढ्ढइ–વાર્ધકિરત્ન	ताओ–તે બે ગુફા
णिबद्ध–બાંધેલી	उग्घडिअ दाराओ–ઉઘાડા દ્વારવાળી

गाथार्थः—કૃતમાળ અને નૃત્તમાળ દેવ (ના આધિપત્ય) વાળી, તથા વાર્ધકીરત્ને બાંધેલી નદીઓવાળી એવી તે બે ગુફાઓ જ્યાં સુધી ચક્રવર્તી હોય છે, ત્યાં સુધી તે બે ગુફાઓ ઉઘાડા દ્વારવાળી રહે છે. ।। ૮૭ ।।

विस्तरार्थः—તમિસ્રા ગુફાનો અધિપતિ कृतमाल દેવ છે, અને ખંડપ્રપાતા ગુફાનો અધિપતિ नृत्तमाल દેવ છે. એ બન્નેનાં બે કૂટ પણ વૈતાઢ્ય ઉપર છે, તેમજ એમની ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી રાજધાનીઓ બીજા જંબૂદ્વીપમાં છે. બંનેનું એક પલ્યોપમ આયુષ્ય છે, અને વિજયદેવ સરખા મહાઋદ્ધિવાળા એ વ્યન્તરદેવ છે. તથા એ બંને ગુફાની જે ઉન્મગ્ના અને નિમગ્ના નામની બે બે નદીઓ પૂર્વે કહેવાઈ છે, તે નદીઓ ઉપર ચક્રવર્તી દિગ્વિજય કરવા જાય છે, ત્યારે વાર્ધકીરત્ન (ચક્રવર્તીનો શ્રેષ્ઠ સુતાર) તે ઉપર ત્રણ યોજન લાંબા પૂલ બાંધે છે, તથા જ્યાં સુધી ચક્રવર્તીનું રાજ્ય રહે છે ત્યાં સુધી એ બંને ગુફાઓનાં દ્વાર ઉઘાડાં રહે છે, ત્યારબાદ અધિપતિદેવ બંને દ્વારોને બંધ કરે છે, જેથી ગુફાની અંદરના પ્રકાશમંડળો અને બાંધેલા નદીના પૂલ ધીરે ધીરે વિનાશ પામે છે. ઇત્યાદિ કંચિત્ સ્વરૂપ ૮૫ આદિગાથાના વિસ્તરાર્થમાં પણ કહ્યું છે, ત્યાંથી ગુફા ઉઘાડવાની રીતિ વિગેરે જાણવી.

અહિં કેટલાક આચાર્ય કહે છે કે—જ્યાં સુધી ચક્રવર્તી જીવે ત્યાં સુધી ગુફાનાં દ્વાર ઉઘાડાં રહે, અને કેટલાક કહે છે કે,—રાજ્ય રહે ત્યાં સુધી. અહિ જીવવાનો પક્ષ સ્વીકારીએ તો ચક્રવર્તીએ દીક્ષા લીધા બાદ પણ ઉઘાડાં રહે એમ સ્વીકારવું જોઈએ, માટે એ બે મતમાં સત્ય તત્ત્વ શ્રીબહુશ્રુતગમ્ય. ।। ૮૭ ।।

अवतरणः—હવે આ ગાથામાં બાહ્યવર્તી દક્ષિણ ભરતના મધ્યભાગમાં अयोध्या नगरीનું પ્રમાણ કહે છે—

बहिखंडंतो बारस–दीहा नववित्थडा अउज्झपुरी ।
सा लवणा वेअड्ढा, चउदहिअसयं चिगारकला ।। ८८ ।।

शब्दार्थः—

बहिखंडअंतो–બાહ્યખંડની અંદર	सा – તે (અયોધ્યા)
बारस दीहा– ૧૨ યોજન દીર્ઘ	लवणा–લવણસમુદ્રથી
नव वित्थडा– ૯ યોજન વિસ્તારવાળી	चउदसअहिअसयं–ચૌદ અધિક સો, ૧૧૪
अउज्झपुरी–અયોધ્યાપુરી	च इगारकला–અને ૧૧ કળા,

ગાથાર્થઃ—બાહ્યખંડની અંદર ૧૨ યોજન દીર્ઘ અને ૯ યોજન વિસ્તારવાળી અયોધ્યાપુરી નામની નગરી છે. તે લવણસમુદ્રથી અને વૈતાઢ્યથી પણ એકસોચૌદ યોજન અને અગિઆર કળા [૧૧૪ યો. ૧૧ ક.] દૂર છે ॥ ૮૮ ॥

વિસ્તરાર્થઃ—સમુદ્રતરફ બહારના ભાગમાં હોવાથી દક્ષિણભરત તે બાહ્યખંડ કહેવાય, અને વૈતાઢ્ય તથા લઘુહિમવંત એ બે પર્વતની મધ્યે-વચ્ચે આવવાથી ઉત્તરભરત તે મધ્યખંડ કહેવાય, ત્યાં દક્ષિણભરતરૂપ બાહ્યખંડના અતિમધ્યભાગે अयोध्यापुरी નામની નગરી પ્રમાણાંગુલથી ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી છે. એ નગરી આ અવસર્પિણીમાં શ્રીઋષભદેવ પહેલા તીર્થંકર અને પહેલા રાજા થયા તેમની રાજધાની છે. વળી શ્રી ઋષભદેવના રાજ્યાભિષેક પ્રસંગે યુગલીકમનુષ્યોએ પડીઆઓમાં ભરી લાવેલા જળવડે વિનયપૂર્વક પ્રભુના ચરણઉપર અભિષેક કર્યો, તે વિનયથી રાજી થઈ સૌધર્મઇન્દ્રે એ વિનીતયુગલીકોના આશ્રયમાટે વૈશ્રમણ લોકપાળને આજ્ઞા કરી विनीता नगरी નામની જે નગરી બાંધી આપી તેજ વિનીતા નગરી અયોધ્યાપુરીનું બીજું નામ છે. જે વખતે ધનદે (વૈશ્રમણે) એ નગરી બાંધી તે વખતે દૈવી શક્તિવડે શીઘ્ર સોનાના કોટ સહિત સુવર્ણરત્નાદિમય પ્રાસાદોવાળી બાંધી હતી. તેનો સુવર્ણકિલ્લો (કોટ) ૧૨૦૦ ધનુષ્ ઉંચો, ૮૦૦ ધનુષ્ પહોળો રચ્યો. ઇશાનદિશામાં નાભિરાજાનો સાત માળનો સમચોરસ મહેલ સુવર્ણનો રચ્યો, અને પૂર્વદિશામાં ભરતચક્રીનો ગોળ પ્રાસાદ રચ્યો. અગ્નિકોણમાં બાહુબલીનો પ્રાસાદ અને તે બેની વચ્ચે શેષ ૯૮ ભાઈઓના પ્રાસાદ ધનદે રચ્યા. મધ્યભાગમાં શ્રીઋષભદેવનો પ્રાસાદ ૨૧ માળનો રચ્યો, જેનું નામ त्रैलोक्यविभ्रम રાખ્યું. નગરની અંદર હજારો જિનભવનો મંડલીકરાજાના મહેલો ક્ષત્રિયાદિ ઉત્તમ વર્ણની વસ્તી માટેના મહેલો વિગેરે અવર્ણનીય રચના નગરમાં રચી, અને નગર બહાર કારૂ નારૂ વિગેરે વર્ણોની વસતી માટે એકથી ત્રણ માળ સુધીનાં ઉંચાં ઘરો હજારો રચ્યાં, ચાર દિશાએ ચાર વન મોટાં અને બીજા નાનાં અનેક વન (બાગ બગીચા) રચ્યાં. દરેક વનમાં એકેક જિનભવન રચ્યું. ચાર દિશામાં અષ્ટાપદ આદિ ચાર પર્વતો રચ્યા, ઇત્યાદિ અનેક રચના ધનદે એક અહોરાત્રિમાં રચી.

આ અયોધ્યાનગરી લવણસમુદ્રથી અને વૈતાઢ્યપર્વતથી ૧૧૪ યોજન ૧૧ કળા દૂર ભરતના મધ્યભાગે રચી. ભરતક્ષેત્રની પહોળાઈ ૫૨૬ યોજન કળામાંથી વૈતાઢ્યની ૫૦ યોજન પહોળાઈ બાદ કરી તેનું અર્ધ કરતાં ૨૩૮–૩ યોજન જેટલી

દક્ષિણભરતની પહોળાઈ છે, તેમાંથી નગરીની ૯ યોજન પહોળાઈ બાદ કરતાં ૨૨૯-૩ આવે, તેનું અર્ધ કરવાથી ૧૧૪ યોજન ૧૧ કળા આવે, જેથી લવણસમુદ્રના જળ-પ્રારંભથી નગરીનો કોટ એટલો દૂર છે, તેમજ વૈતાઢ્યપર્વતથી પણ નગરીનો કોટ એટલો દૂર છે.

દરેક અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં ભરત અને ઐરવતક્ષેત્રમાં અતિમધ્ય ભાગે એવી [1]મહાનગરીઓ રચાય છે, અને કાળક્રમે પુનઃ વિનાશ પામતી જાય છે, ઉપર કહેલી અયોધ્યા નગરી અહિં ભરતક્ષેત્રની અપેક્ષાએ વર્ણવી છે, તેમ અયોધ્યા નગરી ઐરવતક્ષેત્રમાં પણ ધનદે રચી છે, પરન્તુ ત્યાંના પહેલા જિનેશ્વરના નામ વિગેરેમાં યથાસંભવ તફાવત જાણવો. સર્વવર્ણન સર્વાંશે તુલ્ય ન હોય. ॥ ૮૮ ॥

अवतरण :— હવે જંબૂદ્વીપમાં માગધતીર્થ આદિ ૧૦૨ તીર્થ છે તે કહે છે.

चक्किवसणइपवेसे, तित्थदुगं मागहो पभासो अ ।
ताणंतो वरदामो, इह सव्वे बिडुत्तरसयंति ॥ ८९ ॥

શબ્દાર્થ :—

चक्किवस—ચક્રવર્તીએ વશ કરેલી	ताण अंतो—તે બે તીર્થની વચ્ચે
नइपवेसे—નદીઓના પ્રવેશસ્થાને	वरदामो—વરદામ તીર્થ
तित्थदुगं—બે તીર્થ	इह—આ જંબૂદ્વીપમાં
मागहो पभासो—માગધ અને પ્રભાસ	बिड उत्तरसयं—બે અધિક સો (૧૦૨)

गाथार्थः—ચક્રવર્તીને વશવર્તી નદીઓના પ્રવેશસ્થાને માગધતીર્થ અને પ્રભાસતીર્થ છે, અને તે બેની વચ્ચે વરદામતીર્થ છે. એ પ્રમાણે આ જંબૂદ્વીપમાં સર્વમળીને ૧૦૨ તીર્થ છે ॥ ૮૯ ॥

विस्तरार्थः—ચક્રવર્તીને વશવર્તી ૩૪ વિજયો હોય છે, માટે તે વિજયમાં બે બે મહાનદીઓ પણ ચક્રવર્તીને વશવર્તી ગણાય, માટે તે દરેક વિજયની બે બે મહાનદી સમુદ્ર વિગેરેમાં જ્યાં પ્રવેશ કરે છે ત્યાં પ્રવેશસ્થાને જળના કિનારાથી ૧૨ યોજન દૂર માગધદેવ અને પ્રભાસદેવના દ્વીપ અને તે ઉપર દેવપ્રાસાદ છે, તે તીર્થ કહેવાય છે. ત્યાં ભરતક્ષેત્રમાં ગંગાનદી જ્યાં સમુદ્રને મળે છે ત્યાં પૂર્વદિશામાં અગ્નિકોણે માગધતીર્થ છે, અને સિંધુનદી પશ્ચિમમાં સમુદ્રને મળે છે, ત્યાં ૧૨ યોજન દૂર પ્રભાસતીર્થ

૧. આ નગરી પ્રમાણાંગુલથી ૧૨ યોજન-૯ યોજન કહી તો એવડી મોટી નગરી હોવી અસંભવિત છે, ઇત્યાદિ અનેક તર્ક વિતર્કના સમાધાન માટે અંગુલસિત્તરિ ગ્રંથ દેખવો. અહીં એ સર્વ વર્ણન લખી શકાય નહિ તેમજ કૃષ્ણની દ્વારિકા નગરી માટે પણ એજ સ્વરૂપ યથાસંભવ જાણવું.

નૈઋત્યકોણે છે. અને તે બેની વચ્ચે અયોધ્યાની સમશ્રેણિએ દક્ષિણદિશામાં વરદામતીર્થ છે. એ રીતે ઐરવતક્ષેત્રમાં રક્તવતી નદીના સંગમસ્થાને સૂર્યદિશાની અપેક્ષાએ પૂર્વદિશા તરફ અગ્નિકોણે અને ક્ષેત્રદિશાની અપેક્ષાએ પશ્ચિમદિશાતરફ માગધતીર્થ, રક્તાનદીના સંગમસ્થાને પ્રભાસતીર્થ અને એ બેની વચ્ચે વરદામતીર્થ છે, એ રીતે સમુદ્રમાં ૬ તીર્થ છે.

તથા ૩૨ વિજયોની મહાનદીઓ સીતા તથા સીતોદા નદીમાં પ્રવેશ કરે છે માટે ત્યાં વિજયની રાજધાનીની નગરીથી (સીતા સીતોદા સન્મુખ ઉભા રહેતાં) ડાબી બાજુ સીતા સીતોદામાં **માગધતીર્થ**, જમણી બાજુ **પ્રભાસતીર્થ**, અને નગરીની સન્મુખ તથા એ બે તીર્થની વચ્ચે **વરદામતીર્થ**, છે.

॥ તીર્થ શબ્દનો અર્થ ॥

અહિં તીર્થ એટલે ભવથી તારનાર શત્રુંજયાદિતીર્થસરખો અર્થ નથી પરન્તુ તૄ=તર્=તરવું એ ધાતુના અર્થપ્રમાણે જ્યાં તરાય એવું જળસ્થાન તે જ તીર્થ કહેવાય, અને તે જળસ્થાને રહેલ દેવસ્થાન પણ તીર્થ કહેવાય, જેથી એ ત્રણ દેવસ્થાનો જળમાં રહેલાં હોવાથી તેમજ નદીઓના સંગમસ્થાન પાસે રહેલાં હોવાથી લોકવ્યવહારની અપેક્ષાએ તીર્થ કહેવાય છે. લોકમાં બે નદીઓના સંગમસ્થાનો અથવા નદીસમુદ્રનાં સંગમસ્થાનો પણ પવિત્ર તીર્થસ્વરૂપ મનાય છે, અને ત્યાં સ્નાન કરવાથી લોકો મહાપુણ્ય માને છે. જો કે વરદામતીર્થ સંગમસ્થાને નથી તો પણ બે તીર્થોની સદૃશ હોવાથી એ પણ તીર્થ છે.

અથવા તીર્થ એટલે જળમાં અવતરણ (ઉતરવું) માર્ગ. અર્થાત્ ચક્રવર્તીઓ જે દેવસ્થાનોને ઉદ્દેશીને રથનાભિપ્રમાણ જળમાં ઉતરે છે તે દેવસ્થાનો તીર્થ ગણાય. એ દેવોને ચક્રવર્તીઓ જીતે છે તે આ પ્રમાણે—

॥ માગધાદિ તીર્થોમાં ચક્રવર્તીનો દિગ્વિજય ॥

દરેક ચક્રવર્તી પ્રથમ ચક્રરત્નની પાછળ પાછળ પૂર્વદિશામાં અગ્નિકોણ તરફ ગંગાનદીના કિનારે કિનારે એકેક યોજનના પ્રયાણપૂર્વક સર્વ લશ્કર સહિત માગધ-તીર્થની સન્મુખ જઈ માગધદેવને સાધવા માટે વર્ધકિરત્ને બનાવેલી છાવણીમાંની પૌષધશાળામાં અઠ્ઠમતપ સહિત પૌષધ કરી અઠ્ઠમ પૂર્ણ થયે સર્વલશ્કર સહિત સમુદ્રના સીતા સીતોદાના જળકિનારે જઈ રથનાભિ જેટલા ઉંડા જળમાં રથને ઉતારી ત્યાં રથ ઊભો રાખી પોતાનું બાણ માગધદેવના પ્રાસાદ તરફ ફેંકે, તે બાણ ૧૨ યોજન દૂર જઈ માગધદેવના પ્રાસાદમાં પડે, તે જોઈ અતિક્રોધે ભરાયલો માગધદેવ બાણને ઉપાડી નામ વાંચવાથી શાન્ત થઈને અનેક ભેટણાં સહિત બાણને ગ્રહણ કરી ચક્રવર્તી પાસે આવી "હું તમારી આજ્ઞામાં છું" ઇત્યાદિ નમ્રવચનોથી ચક્રવર્તીને સંતોષ

પમાડે, ચક્રવર્ત્તી પણ માગધદેવનો સારીરીતે યોગ્યસત્કાર કરી વિસર્જન કરે, ત્યારબાદ જળમાં ઉતારેલા રથને પાછો વાળી પોતાની છાવણીને સ્થાને આવી [1]અઠ્ઠમનું પારણું કરી માગધવિજયનો મહોત્સવ કરી પુનઃ ચક્રરત્ને બતાવેલા માર્ગ પ્રમાણે ચક્રની પાછળ પાછળ યોજનયોજનના[2] પ્રયાણે વરદામતીર્થસન્મુખ આવી એ જ પદ્ધતિએ વરદામદેવને સાધે, અને ત્યારબાદ પ્રભાસતીર્થની સન્મુખ આવી માગધદેવવત્ પ્રભાસદેવને સાધે. એ રીતે ત્રણે તીર્થદેવોનો દિગ્વિજય કરી ચક્રવર્ત્તી પશ્ચિમદિશાએ રહેલો સિંધુ નદીની પશ્ચિમનો સિંધુનિષ્કૂટખંડ જીતવા માટે જાય.

એ પ્રમાણે ૩૪ વિજયોમાં દરેકમાં ત્રણ ત્રણ તીર્થ ગણવાથી જંબૂદ્વીપમાં ૧૦૨ તીર્થ છે. તેમાં ૬ તીર્થ સમુદ્રમાં ૪૮ તીર્થ સીતા મહાનદીમાં અને ૪૮ તીર્થ સીતોદા મહાનદીમાં છે. ॥ ૮૯ ॥

अवतरणः—હવે ભરત તથા ઐરવત ક્ષેત્રમાં કાળચક્રનું સ્વરૂપ કહે છે.

भरहेरवए छ छ अर-मयावसप्पिणी उसप्पिणीरुवं ।
परिभमइ कालचक्कं, दुवालसारं सयावि कमा ॥ ९० ॥

શબ્દાર્થ :—

भरहेरवए—ભરત તથા ઐરવત ક્ષેત્રમાં
छ छ—છ છ
अरमयावसप्पिणि उसप्पिणीरूवं—આરા મય અવસર્પિણી અને ઉત્સર્પિણી સ્વરૂપ
परिभमइ—પરિભ્રમણ કરે છે
कालचक्कं—કાળચક્ર
दुवालसारं—બાર આરાવાળું
सयावि—હંમેશા—સદાકાળ
कमा—અનુક્રમે

गाथार्थः—ભરત તથા ઐરવત ક્ષેત્રમાં છ છ આરામય અવસર્પિણી અને ઉત્સર્પિણી સ્વરૂપ બાર આરાવાળું કાળચક્ર હંમેશા અનુક્રમે પરિભ્રમણ કરે છે. ॥૯૦॥

विस्तरार्थः—યુગલિકક્ષેત્રોમાં અથવા મહાવિદેહક્ષેત્રમાં સર્વદા એકસરખો જેમ કાળ છે. એટલે કે દેવકુરૂઉત્તરકુરૂમાં સદા પહેલો આરો યાવત્ મહાવિદેહમાં સદા ચતુર્થ આરો હોય છે તે પ્રમાણે ભરતક્ષેત્ર તથા ઐરવતક્ષેત્રમાં નથી, પરંતુ છએ આરાઓ

---

૧ તીર્થંકર ચક્રવર્તીઓ જ્યારે માગધાદિ દેવોને સાધે છે ત્યારે અઠ્ઠમતપ કરતા નથી, અને અહિં પૌષધ કહ્યો તે જો કે આહારપૌષધાદિ ચારે પ્રકારનો પૌષધ કરે છે, દર્ભના સંથારા પર સૂએ છે, તો પણ દેવ સાધવાનો ઉદ્દેશ હોવાથી એ પૌષધ અગિઆરમા શ્રાવકવ્રત રૂપ નહિ. તેમ અઠ્ઠમ અનશન તપરૂપ પણ નહિં. સાધ્ય આ લોકનું સુખ હોવાથી.

૨ ભરતચક્રીનું સૈન્ય પોતાની શક્તિથી એક પ્રમાણાંગુલી યોજનનું પ્રયાણ કરી શકે છે, અને શેષચક્રીનાં સૈન્યો પોતાની શક્તિથી નહિં પણ દિવ્યશક્તિથી પ્રયાણ કરી શકે છે.

અનુક્રમે ફરતા હોય છે. જેમ ગાડાનું ચક્ર–પૈડું ચાલે છે ત્યારે ફરે છે અને ચક્રમાં રહેલી આરાઓ ઉપર નીચે અનુક્રમે આવ્યા કરે છે. તે પ્રમાણે ભરત ઐરવતમાં કાળ એકસરખો ન રહેતાં ગાડાના ચક્રની માફક છ છ આરાસ્વરૂપે અનુક્રમે ફરતો ફરતો આવતો હોવાથી શાસ્ત્રકારોએ એ ફરતા કાળને ચક્રની ઉપમા આપેલ છે. જેનું વર્ણન આગળની ૯૧ મી ગાથામાં આવવાનું છે તે છ આરાઓ અવસર્પિણીમાં હોય છે અને તેથી વિપરીત ક્રમે છ આરાઓ ઉત્સર્પિણીમાં હોય છે એટલે અવસર્પિણીનો પ્રથમ આરો એ ઉત્સર્પિણીનો છેલ્લો (છઠ્ઠો) આરો, અવસર્પિણીનો બીજો આરો તે ઉત્સર્પિણિનો પાંચમો આરો, યાવત્ અવસર્પિણીનો છઠ્ઠો આરો તે ઉત્સર્પિણીનો પ્રથમ આરો હોય છે. અવસર્પિણી કાળમાં અનુક્રમે આયુષ્ય–બલ–પૃથ્વી વગેરેના રસ કસ ઇત્યાદિ દરેક વસ્તુમાં કાળના મહિમાથીન્યૂનતા આવતી જાય છે. અને ઉત્સર્પિણિમાં એથી ઉલટું દરેક વસ્તુના રસકસમાં ક્રમશઃ વૃદ્ધિ થતી જાય છે. જેમ ગાડાના ચક્ર (પૈડા)માં બાર અથવા ન્યૂનાધિક આરાઓ હોય છે, તે મુજબ આ કાળચક્રમાં ઉત્સર્પિણીના છ અને અવસર્પિણીના છ એમ એકંદર બાર આરાઓ છે અને અનાદિસિદ્ધ નિયમને અનુસારે ભરતક્ષેત્ર તથા ઐરવતક્ષેત્રમાં એ બાર આરાનું અનુક્રમે પરિભ્રમણ થયા કરે છે. ॥ ૯૦ ॥

अवतरणः—હવે આ ભરતક્ષેત્ર તથા ઐરવતક્ષેત્ર એ બેમાં કાળ એક સરખો રહેતો નથી પરંતુ ૬ આરાના રૂપમાં બદલાયા કરે છે તે ૬ આરાનાં નામ આ ગાથામાં કહેવાય છે—

सुसमसुसमा य सुसमा, सुसमदुसमा य दुसमसुसमा य ।
दुसमा य दुसमदुसमा, कमुकमा दुसुवि अरछक्कं ॥ ९१ ॥

શબ્દાર્થ :—

कम उकमा–ક્રમે અને ઉત્ક્રમે	अरछक्कं–છ આરા હોય છે.
दुसुवि–અવસર્પિણી અને ઉત્સર્પિણી એ બેમાં	

गाथार्थः—સુષમસુષમ—સુષમ—સુષમદુઃષમ–દુઃષમસુષમ—દુઃષમ અને દુઃષમદુઃષમ એ છ આરા અવસર્પિણી તથા ઉત્સર્પિણીમાં ક્રમે અને ઉત્ક્રમે હોય છે ॥ ૯૧ ॥

विस्तरार्थः—જે કાળમાં છએ આરા ઉતરતા (હીન હીન) ભાવવાળા હોય તે अवसर्पिणि કાળ ૧૦ કોડાકોડી સાગરોપમનો છે, અને જે કાળમાં છએ આરા ચઢતા-ચઢતા ભાવવાળા હોય તે उत्सर्पिणी કાળ પણ ૧૦ કોડાકોડી સાગરોપમનો છે. ત્યાં અવસર્પિણી કાળમાં ૧ સુષમસુષમ, ૨ સુષમ, ૩ સુષમદુઃષમ, ૪ દુઃષમસુષમ, ૫

દુઃષમ, ૬ દુઃષમદુઃષમ એ છ આરા ક્રમપૂર્વક હોય છે, અને ઉત્સર્પિણીમાં એજ ૬ આરા ઉલટા ક્રમવાળા હોય છે, જેથી ઉત્સર્પિણીમાં પહેલો દુઃષમદુઃષમ, બીજો દુઃષમ, ત્રીજો દુઃષમસુષમ, ચોથો સુષમદુઃષમ, પાંચમો સુષમ અને છઠ્ઠો સુષમસુષમ આરો હોય છે.

વળી રથના અથવા ગાડાનાં ચક્રને જેમ બાર આરા ઘડ્યા હોય, અને ગાડું ચાલતી વખતે તે બાર આરાવાળું ચક્ર ફરતાં ૬-૬ આરા ઉલટસુલટ રીતે વારંવાર ઉપર જાય અને નીચે પરિવર્તન પામ્યા કરે—ફર્યા કરે તેમ આ બાર આરાવાળું કાળરૂપી ૧ ચક્ર [૧ કાળચક્ર] પણ ઉલટસુલટ આરાના સ્વરૂપે વારંવાર ફર્યા કરે છે, જેથી અનંતીવાર ૬ આરાવાળી અવસર્પિણી વ્યતીત થઈ, અને અનંતીવાર ૬ આરાવાળી ઉત્સર્પિણી પણ વ્યતીત થઈ, અને હજી અનંતીવાર [એ બન્ને] પરિવર્તન પામ્યાજ કરશે.

॥ છ આરાનો શબ્દાર્થ ॥

૧ सुषमसुषम—જેમાં સુખ ઘણું ઘણું હોય તે અહિં દરેકમાં પહેલો શબ્દ અધિકતાવાળો અને બીજો વિપરીતશબ્દ અલ્પવાચક જાણવો. અને બીજો શબ્દ હોયજ નહિં તો પહેલા નામની અપેક્ષાએ ન્યૂનતા જાણવી જેથી—

૨ सुषम—જેમાં ઘણું સુખ છે, પરન્તુ ઘણું ઘણું સુખ નથી તે.

૩ सुषमदुःषम—જેમાં સુખ ઘણું અને દુઃખ થોડું હોય તેવો કાળ.

૪ दुःषमसुषम—જેમાં દુઃખ ઘણું પરન્તુ સુખ થોડું હોય તેવો કાળ.

૫ दुःषम—જેમાં ઘણું દુઃખ હોય પણ ઘણું ઘણું દુઃખ ન હોય તેવો કાળ.

૬ दुःषमदुःषम—જેમાં ઘણું જ ઘણું દુઃખ હોય તે એ આરાઓ સંબંધી હજી વિશેષસ્વરૂપ આગળની ગાથાઓમાં કહેવાશે. ॥ ૯૧ ॥

अवतरणः—પૂર્વ ગાથામાં કહેલા આરાઓ ચાર કોડાકોડિ सागरोपम ઇત્યાદિ પ્રમાણવાળા છે. તેથી તે સાગરોપમનું પણ કાળપ્રમાણ આ ગાથામાં કહેવાય છે—

पुव्वुत्तपल्लिसमसय–अणुग्गहणा णिट्ठिए हवइ पलिओ ।
दसकोडिकोडिपलिएहिं, सागरो होइ कालस्स ॥ ९२ ॥

શબ્દાર્થ :—

पुव्वउत्त–પૂર્વે કહેલો
पल्लि–પલ્ય
सम सय–વર્ષ સો (સો સો વર્ષે)
अणुग्गहणा–વારંવાર ગ્રહણ કરવાથી
[ઉદ્ધરવાથી], બહાર કાઢવાથી
णिट्ठिए–નિષ્ઠિત થતાં, સમાસ થતાં
कालस्स–કાળનો, અદ્ધા નામના બીજા ભેદનો અદ્ધાનો

ગાથાર્થ:—સો સો વર્ષે એકેક રોમખંડબહારકાઢવાથી પૂર્વે કહેલો પલ્ય-કૂવો ખાલી થયે છતે કાળનો ૧ પલ્યોપમ થાય છે, અને તેવા ૧૦ કોડાકોડિ પલ્યોપમે કાળનો એક સાગરોપમ [૧ અદ્ધા સાગરોપમ] થાય છે. ।। ૯૨ ।।

॥ बार आरानुं कालचक्र ॥

[गा० ९१, पृ० १४१]

[કોડાકોડિસાગરોપમ પ્રમાણ.]



વિસ્તરાર્થ:—બીજી ગાથાથી પાંચમીગાથાસુધીમાં ઉદ્ધારપલ્યોપમનું સ્વરૂપ કહેતી વખતે જે ઘનવૃત્ત [ઉત્સેધાંગુલથી ૧ યોજન લાંબો પહોળો અને ઉંડો ગોળ] કૂવો કહ્યો. તેમજ તે કૂવામાં જે રીતે અસંખ્યાતા સૂક્ષ્મરોમખંડ સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમનું

પ્રમાણુ જાણુવા માટે ભર્યા હતા, *તેવી જ રીતે ભરેલા તે કૂવામાંથી જ્યારે સો સો વર્ષે તે એકેક સૂક્ષ્મરોમખંડ બહાર કાઢતાં જેટલા કાળે કૂવો ખાલી થાય, તેટલા કાળનું નામ કાળનો ૧ પલ્યોપમ એટલે ૧ सूक्ष्मअद्धापल्योपम કહેવાય, અને તેવા ૧૦ કોડાકોડિ એટલે ૧૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ આ આંક જેટલા પલ્યોપમે કાળનો ૧ સાગરોપમ એટલે ૧ सूक्ष्मअद्धासागरोपम થાય. અહિં कालस्स એ પદ ગાથામાં કહ્યું છે તે ઉદ્ધાર અને ક્ષેત્રપલ્યોપમ વા સાગરોપમનો નિષેધ કરી અદ્ધાપલ્યોપમ વા અદ્ધાસાગરોપમ સમજવા માટે છે. વિશેષવર્ણન બીજી ગાથાના વિસ્તરાર્થમાં કહેવાઈ ગયું છે. ॥ ૯૨ ॥

अवतरण :—પૂર્વગાથામાં આરાનું પ્રમાણ દર્શાવવામાટે અદ્ધાપલ્યોપમ અદ્ધાસાગરોપમનું સ્વરૂપ કહ્યું. માટે હવે આ ગાથામાં તેની સાર્થકતામાટે છએ આરાનું પ્રમાણ દરેકનું કેટલું કેટલું છે ? તથા તે વખતના મનુષ્યોનું આયુષ્ય અને ઊંચાઈ કેટલી ? તે દર્શાવાય છે—

सागरचउतिदुकोडा–कोडिमिए अरतिगे नराण कमा ।
आऊ तिदुइगपलिआ, तिदुइगकोसा तणुच्चतं ॥ ९३ ॥

શબ્દાર્થ :—

चउतिदु–ચાર ત્રણ બે
कोडाकोडिमिए–કોડાકોડિ પ્રમાણુવાળા
अरतिगे–પહેલા ત્રણ આરામાં
कमा–અનુક્રમે
तणु उच्चतं–શરીરની ઉંચાઈ

गाथार्थ :—અનુક્રમે ચાર ત્રણ અને બે કોડાકોડિસાગરોપમવાળા પહેલા ત્રણ આરામાં મનુષ્યોનું આયુષ્ય ત્રણ બે અને એક પલ્યોપમ, તથા શરીર ઉંચાઈ ત્રણ બે એક ગાઉ પ્રમાણુની છે ॥ ૯૩ ॥

विस्तरार्थ :—અવસર્પિણીનો સુષમસુષમ નામનો પહેલો આરો ૪ કોડાકોડિ સાગરોપમનો (સૂક્ષ્મઅદ્ધા સાગરોપમનો) છે, તેમાં મનુષ્યોનું આયુષ્ય ત્રણ પલ્યોપમ

* આ ચાલુ ક્ષેત્ર ૧ થી સાતદિવસ સુધીના જન્મેલા ઘેટાના ૧ ઉત્સેધાંગુલપ્રમાણે રોમખંડના સાતવાર આઠ આઠ ખંડ કરવાથી ૨૦૯૭૧૫૦ વાલાગ્ર કરીને તેવા દરેક વાલાગ્રના પુનઃ અસંખ્ય-અસંખ્ય સૂક્ષ્મખંડ કરીને સૂક્ષ્મઅદ્ધાપલ્યોપમ કર્યો, અને સિદ્ધાન્તોમાં દેવકુરૂ વા ઉત્તર કુરૂક્ષેત્રના યુગલિકનું શીર્ષમુંડન કર્યા બાદ ૧ થી ૭ દિવસમાં ઉગેલા વાલાગ્રોના અસંખ્યાતઅસંખ્યાત સૂક્ષ્મખંડ કરી સૂક્ષ્મઅદ્ધાપલ્યોપમ અને સાગરોપમ કર્યો છે, તેમાં કેવળ વિવક્ષા ભેદ જ છે, કારણકે ગણત્રી એક-સરખી જ છે, કારણકે એક ઉત્સેધાંગુલમાં કુરૂયુગલિકના મુંડનબાદ ૧ થી ૭ દિવસના ઉગેલા વાલાગ્ર પણ ૨૦૯૭૧૫૨ સમાય છે, જેથી આગળની સર્વગણત્રી બાદરપલ્યોપમમાં તથા સૂક્ષ્મપલ્યોપમમાં પણ સરખી જ આવે. અને તે કુરૂ–હરિવર્ષ–હિમવંત–વિદેહ–લીખ–યૂકા અને અંગુલને અનુક્રમે ૮–૮ ગુણા કરવાથી [સાતવાર ૮ ગુણુ થતાં] ૨૦૯૭૧૫૨ આવે.

અને શરીરની ઉંચાઈ ૩ ગાઉની છે. બીજો સુષમ નામનો આરો બે કોડાકોડિ સાગરોપમનો છે. તેમાં મનુષ્યનું આયુષ્ય બે પલ્યોપમ અને શરીરની ઉંચાઈ બે ગાઉની છે. ત્રીજો સુષમદુષમ નામનો આરો ૧ કોડાકોડિ સાગરોપમનો છે, તેમાં મનુષ્યોનું આયુષ્ય ૧ પલ્યોપમ અને શરીરની ઉંચાઈ ૧ ગાઉની છે. એ સર્વ ઉત્કૃષ્ટઆયુષ્ય તથા ઉંચાઈ કહી, પરંતુ જઘન્યથી તો એ ત્રણેમાં સ્ત્રીઓનેજ પલ્યોપમનો અસંખ્યાતમોભાગ ન્યૂનઆયુષ્ય, અને દેશોન ૩-૨-૧ ગાઉની ઉંચાઈ કેવળ સ્ત્રીનીજ જાણવી. એ ભરત-ઐરવતક્ષેત્રમાં પરાવર્તનપામતા આરાઓમાંપણ એજ પ્રમાણ છે, તેમજ અવસ્થિત એ ત્રણ આરાવાળા યુગલિકક્ષેત્રોમાં પણ એજ પ્રમાણ સદાકાળ જાણવું. તથા અહિં પલ્યોપમ અને સાગરોપમ કહ્યા તે ઉદ્ધાર વા ક્ષેત્ર ભેદવાળા નહિં પરંતુ અદ્ધાભેદવાળા જાણવા એટલે અદ્ધાપલ્યોપમ અને અદ્ધાસાગરોપમ જાણવા. ॥ ૯૩ ॥

अवतरण:—હવે આ ગાથામાં એજ ત્રણ આરાના મનુષ્યોના આહારનું પ્રમાણ તથા પૃષ્ઠકરંડકનું (પાંસળીઓનું) પ્રમાણ કહે છે.—

तिदुइगदिणेहिं तूवरि-बयरामलमित्तु तेसिमाहारो ।
पिट्ठकरंडा दोसय-छप्पन्ना तद्दलं च दलं ॥ ९४ ॥

શબ્દાર્થ :—

बयर आमल—બોર અને આમળું
मित्तु—માત્ર, પ્રમાણનો
पिट्ठकरंडा—પૃષ્ઠકરંડ, પાંસળીઓ
तद् दलं—તેનો અર્ધભાગ

गाथार्थः—તે પહેલા ત્રણ આરાના મનુષ્યોનો આહાર અનુક્રમે ત્રણ બે એક દિવસને અન્તરે તુવરના દાણાજેટલો બોરજેટલો અને આમળાજેટલો હોય છે, અને તે મનુષ્યોની પીઠની પાંસળીઓ અનુક્રમે ૨૫૬; તેનું અર્ધ ૧૨૮, અને તેનું અર્ધ ૬૪ હોય છે. ॥ ૯૪ ॥

विस्तरार्थः—પહેલા આરાના મનુષ્યો દિવસમાં એકવાર તુવરના દાણા જેટલો આહાર કર્યાબાદ ઉત્કૃષ્ટથી ત્રણ દિવસ પછી પુનઃ તુવર જેટલો આહાર કરે, એટલે ત્રણદિવસ બાદ આહારની ઇચ્છા થાય, પરન્તુ એક દિવસમાં અનેકવાર કે દરરોજ આહાર કરતા નથી. એ મનુષ્યો કલ્પવૃક્ષના પત્ર પુષ્પ ફળ આદિનો આહાર કરે છે, અથવા મૃત્તિકા (માટી) વિગેરેનો પણ આહાર કરે છે, તે પત્રપુષ્પાદિ એવાં મધુર સ્નિગ્ધ અને તૃપ્તિ કરનાર છે કે જેથી તુવરના કણ જેટલા આહારથી પણ ત્રણદિવસ સુધી આહારની ઇચ્છા થતી નથી. તથા એ મનુષ્યોનાં શરીર ત્રણ ગાઉ જેટલાં ઉંચાં હોવાથી બરડાની પાંસળીઓ પણ ૨૫૬ જેટલી હોય છે, એ પ્રમાણે બીજા આરાના મનુષ્યોને બે દિવસને આંતરે આહારની ઇચ્છા થાય છે, અને ઇચ્છા થયે બોર જેટલો

આહાર કરે છે, અને બરડાની પાંસળીઓ તેથી અર્ધી ૧૨૮ હોય છે. તથા ત્રીજા આરાના મનુષ્યો એક દિવસને આંતરે આમળા જેટલો આહાર કરે છે, અને પાંસળીઓ ૬૪ હોય છે. અહિં તુવરકણ અલ્પ, તેથી બોર મોટું અને તેથી આમળું મોટું જાણવું. ॥ ૯૪ ॥

અવતરણઃ—એ પહેલા ત્રણ આરામાં મનુષ્યો કેવા પ્રકારના હોય છે તે આ ગાથામાં કહેવાય છે—

गुणवन्नदिणे तह पनरपनरअहिए अवच्चपालणया ।
अवि सयलजिआजुअला, सुमणसुरूवा य सुरगइआ ॥ ९५ ॥

શબ્દાર્થ :—

गुणवन्न दिणे—ઓગણપચાસ દિવસ	जुअला—યુગલિક
पनरपनर अहिए—પંદર પંદર દિવસ અધિક	सुमण—ઉત્તમ મનવાળા
अवच्चपालणया—અપત્ય પાલના	सुरूवा—ઉત્તમ રૂપવાળા
अवि सयलजिआ—સર્વે પણ જીવો	सुरगइआ—દેવગતિમાં જનારા

गाथार्थः—[એ ત્રણે આરામાં] ૪૯ દિવસની તથા ૧૫–૧૫ અધિક દિવસની અપત્યપાલના હોય છે, વળી સર્વે પંચેન્દ્રિય યુગલિકજીવો ઉત્તમ મનવાળા ઉત્તમ રૂપવાળા અને દેવગતિમાં જ જનારા હોય છે. ॥ ૯૫ ॥

विस्तरार्थः—હવે એ અવસર્પિણીના પહેલા ત્રણ આરામાં મનુષ્યોનું સ્વરૂપ કહેવાય છે—

॥ અવસ૦ના પહેલા ૩ આરાના યુગલિક મનુષ્યો ॥

પહેલા ત્રણ આરામાં સર્વે પંચેન્દ્રિયજીવો એટલે ગર્ભજમનુષ્યો અને ગર્ભજતિર્યંચપંચેન્દ્રિયો યુગલધર્મી હોય છે. અર્થાત્ સ્ત્રીપુરૂષરૂપે જોડલે જન્મે અને ઉમ્મર લાયક થતાં પતિસ્ત્રીના વ્યવહારવાળા થાય, એટલે લઘુવયમાં જે જોડલું તેજ યુવાવસ્થામાં પતિ પત્ની હોય છે, વળી એ સર્વે ઉત્તમમનવાળા એટલે અલ્પરાગદ્વેષવાળા અલ્પમમત્વવાળા હોય છે, તે વખતના સિંહવ્યાઘ્રઆદિ હિંસક તિર્યંચપંચેન્દ્રિયો પણ અહિંસકવૃત્તિવાળા હોઈને પશુશિકાર કરતા નથી, પરન્તુકલ્પવૃક્ષનાં પત્રપુષ્પાદિ ખાઈને નિર્વાહ ચલાવે છે, જેથી સિંહવ્યાઘ્રાદિ જેવા પ્રાણીઓ પણ યુગલિક હોવાથી અવશ્ય ઇશાનસુધીની દેવગતિમાં જ જાય છે તો મનુષ્ય યુગલિકો દેવગતિમાં જાય તેમાં શું આશ્ચર્ય.

---

૧ એ તુવરકણ આદિ કયા કાળના લેવા તે જો કે જાણવા દેખવામાં નથી તો પણ મધ્યમ રીતે ચોથા આરાનું લેવું ઠીક સમજાય છે—સત્ય શ્રીબહુશ્રુતગમ્ય.

સર્વે યુગલીક મનુષ્યો પહેલા વજ્રર્ષભનારાચ સંહનનવાળા હોય છે, સમચતુરસ્ર સંસ્થાનવાળા. અતિમનોહર સ્વરૂપવાળા, સામુદ્રિકશાસ્ત્રમાં કહેલાં અંગલક્ષણોવાળા, પુરૂષો કંઈક ઉંચા અને સ્ત્રીઓ કિંચિત્ ન્યૂન પ્રમાણવાળી તથા પુરૂષથી ન્યૂન આયુષ્યવાળી અને સમાન આયુષ્યવાળી સર્વઅંગલક્ષણો યુક્ત સ્ત્રીઓ હોય છે. કોઈ કોઈની સાથે કંઈપણ મમત્વ વિનાના રાગ વિનાના અને નહિ સરખા અલ્પકષાયવાળા હોય છે, હસ્તિ અશ્વ ઇત્યાદિ પશુઓ હોવા છતાં તેને ઉપયોગમાં નહિં લેનારા, પરન્તુ પગે ચાલનારા, જ્વર આદિ વ્યાધિઓ રહિત, અને સ્વામિસેવકભાવરહિત સર્વે અહમિન્દ્ર છે. શાલિ (ચોખા-ડાંગર) ઇત્યાદિ ધાન્યો ભૂમિઉપર પાકેલાં વિદ્યમાન હોવા છતાં તેનો આહાર નહિ કરનારા પરન્તુ કલ્પવૃક્ષનાં ફળફુલ તથા ભૂમિની મૃત્તિકાનો આહાર કરનારા હોય છે. ૧૦ પ્રકારનાં અનેક કલ્પવૃક્ષોથી સર્વ જરૂરીઆતો [વસ્ત્ર-આહાર-પ્રકાશ-રહેવાનું ગૃહ-નાટક-ચિત્રકારી-આભૂષણો-વાસણ વિગેરેની જરૂરીઆતો] પૂર્ણ કરનારા હોય છે.

યુગલિકક્ષેત્રની ભૂમિઓ પણ ચક્રવર્તીની ક્ષીરથી અધિક મધુર સ્નિગ્ધ આદિ ગુણવાળી, અતિશય રસકસવાળી, અને વનસ્પતિઓથી ભરપૂર હોય છે. તે ભૂમિઓમાં યુગલિકોના પુણ્યપ્રભાવથી અથવા ક્ષેત્રસ્વભાવથીજ ડાંસ મચ્છર માખી બગતરો વીંછી જૂં માકડ આદિ મનુષ્યોને ઉપદ્રવ કરનારા ક્ષુદ્ર જંતુઓ ઉપજતા નથી, તેમ મરકી વિગેરે ઉપદ્રવો તથા સૂર્યગ્રહણ ચંદ્રગ્રહણ ચંદ્ર-પરિવેષ દિગ્દાહ આદિ આકાશસંબંધી ઉપદ્રવનિમિત્તો પણ ત્યાં થતાં નથી. હસ્તિ વ્યાઘ્ર સિંહાદિ પંચેન્દ્રિય તિર્યંચો જો કે હોય છે, પરન્તુ તે પણ યુગલધર્મી હોવાથી હિંસક હોતા નથી, તે કહેવાઈ ગયું છે.

॥ યુગલિકોમાં સંતતિપાલનનો કાળ ॥

યુગલિકના માતાપિતા યુગલિકની પ્રતિપાલના ૪૯ દિવસ સુધી પહેલા આરામાં કરે છે, બીજા આરામાં પંદર દિવસ અધિક એટલે ૬૪ દિવસ પ્રતિપાલના કરે છે, અને ત્રીજે આરે ૭૯ દિવસ પ્રતિપાલના કરે છે. અહિં યુગલના માતપિતાનું ૬ માસ આયુષ્ય બાકી રહે ત્યારે [छम्मासावसेसाउआ जुगलं पसवंति ઇતિ જીવાભિગમાદિ વચનાત્] યુગલનો જન્મ આપીને ત્યારબાદ છ માસે ખાંસી છીંક બગાસાદિ પૂર્વક પીડારહિત મરણ પામીને દેવગતિમાં જાય છે. અપત્યપાલના સમાપ્ત થયા બાદ તે યુગલિકો ભોગસમર્થ સ્વતંત્રવિહારી થાય છે. માતપિતાઓ વારંવાર તેઓ ક્યાં ફરે છે કે કેમ હશે ? તેવી વિશેષ દરકાર રાખતા નથી. કારણકે પોતાના સંતાનો પ્રત્યે પણ બહુ મમત્વભાવ નથી. એ પ્રમાણે અપત્યપાલના સમાપ્ત થયા બાદ માતપિતા તુર્ત મરણ પામે છે એમ નહિં.

વળી બાળકોનું ઉંધુ પડવું, પેટ ઘસડીને ખસવું, ઘુંટણીએ ચાલવું, ઊભા થઈ પગ ટેકવવા, અને ચાલતાં શીખવું ઇત્યાદિ અવસ્થાઓ ૪૯-૬૪-વા ૭૯ દિવસમાં

અમુક અમુક દિવસો સુધી હોય છે, અને ૪૯ આદિ દિવસો પૂર્ણ થયા બાદ તેઓ સ્વતઃ વિહારી યુવાવસ્થાવાળા થાય છે. ચોથા પાંચમા આરાની માફક કંઈક મહિને બેસતાં શીખે કંઈક મહિને ઘુંટણીએ ચાલે અને કેટલેક વર્ષે [વીસેક વર્ષે] ભોગ સમર્થ થાય એમ નહિં, તેમ કાયાની વૃદ્ધિ પણ અહિંની અપેક્ષાએ બહુ શીઘ્ર હોય છે. ॥ ૯૫ ॥

अवतरण—પહેલા ત્રણ આરામાં યુગલિકોને જે કલ્પવૃક્ષથી જે વસ્તુઓ પ્રાપ્ત થાય છે, તે આ બે ગાથામાં કહેવાય છે—

तेसि मत्तंग भिंगा, तुडिअंगा जोइ दीव चित्तंगा ।
चित्तरसा मणिअंगा, गेहागारा अणिअयक्खा ॥ ९६ ॥
पाणं भायण पिच्छण, रविपह दीवपह कुसुममाहारो ।
भूसण गिह वत्थासण, कप्पदुमा दसविहा दिंति ॥ ९७ ॥

શબ્દાર્થ

तेसि—તે યુગલિકોને	अणिअय—અનિયત
मत्तंग—મત્તંગ કલ્પવૃક્ષ	अक्खा—નામના

कप्पदुमा—કલ્પવૃક્ષો	दिंति—આપે છે.

गाथार्थ—તે યુગલિકોને મત્તંગ-ભૃંગ-તૂર્યાંગ-જ્યોતિરંગ-દીપાંગ-ચિત્રાંગ-ચિત્ર-રસાંગ-મણિતાંગ-ગૃહાકાર-અને અનિયત [અથવા અનગ્ન] એ દશ નામવાળા કલ્પવૃક્ષો અનુક્રમે પાણી-ભાજન-પ્રેક્ષણ-સૂર્યપ્રભા-દીપપ્રભા-પુષ્પ-આહાર-આભૂષણ-ગૃહ-અને વસ્ત્ર આસન વિગેરે આપે છે. ॥ ૯૭ ॥

विस्तरार्थः—ગાથામાં ૨-૪-૫-૭ કલ્પવૃક્ષનાં નામને "अंग" શબ્દ નથી તો પણ તેની સાથેના નામોમાં અંગ શબ્દ આવેલો છે તે એ નામને પણ અનુસરે છે. હવે કયા કલ્પવૃક્ષ કઈ વસ્તુ આપે છે તે કહેવાય છે.

૧૦ કલ્પવૃક્ષોથી યુગલિકોને મળતી ૧૦ વસ્તુઓ

૧ मत्तंग [मद्यांग] कल्पवृक्ष—मत्त-મદ ઉપજાવવામાં अंग-કારણ રૂપ તે मत्तांग કલ્પવૃક્ષ. આ લોકમાં સર્વશ્રેષ્ઠ ચંદ્રપ્રભા આદિ મદિરાઓ આસવો સરકા વિગેરે સરખા રસ જેવા મધુર સ્નિગ્ધ અને આલ્હાદક હોય છે તેવો રસ આ વૃક્ષોના ફળોમાં સ્વભાવથી

જ ઉત્પન્ન થાય છે, અને તેવાં ફળો ખાવાથી યુગલિકોને પાન (પીવાના) આહારની ગરજ સરે છે. જેથી અહિંની કૃત્રિમ પાન વિધિથી જે તૃપ્તિ અને આલ્હાદ થાય છે, તેથી અનેકગુણી તૃપ્તિ ને આલ્હાદ એ સ્વાભાવિક મળે છે.

૨ भृतांग [भृगांग] कल्पवृक्ष—भृत–ભરવું પૂરવું ઇત્યાદિ ક્રિયામાં અંગ–કારણરૂપ કલ્પવૃક્ષો તે भतांग કલ્પવૃક્ષો અથવા ભૃંગાંગ કલ્પવૃક્ષો. આ વૃક્ષોથી યુગલિકોને ઘટ–કળશ–પાત્રી–ઝારી ઇત્યાદિ અનેક પ્રકારનાં વાસણોની પ્રાપ્તિ થાય છે, અને તે પણ સુવર્ણાદિનાં બનેલાં હોય તેવાં અતિ કારીગરીવાળાં નકસીવાળાં જૂદા જૂદા આકારનાં અને દેખાવમાં અતિ સુંદર હોય છે. અર્થાત્ એ કલ્પવૃક્ષોનાં ફળપત્ર આદિ એવા સ્વાભાવિક આકારવાળાં બનેલાં છે. જો કે અહિંની માફક યુગલિકોને અનાજ પાણી વિગેરે ભરી રાખવાનું નથી તેથી વાસણોની ગરજ નથી, તો પણ કોઈ વખત કારણસર કંઈ અલ્પપ્રયોજન હોય તો આ વૃક્ષથી વાસણની ગરજ સરે છે.

૩ तुटितांग कल्पवृक्ष—તુટિત એટલે વાજિંત્રવિધિ, તેનું અંગ–કારણરૂપ કલ્પવૃક્ષ તે તુટિતાંગ કલ્પવૃક્ષ. આ વૃક્ષનાં ફળાદિ સ્વભાવથી જ વાજીંત્રોની ગરજ સારે છે. અર્થાત્ વાંસળી–વીણા–મૃદંગ–મુરજ ઇત્યાદિ અનેક વાજીંત્ર આકારવાળાં ફળ સ્વભાવથી જ પરિણામ પામેલાં છે.

૪ ज्योतिरंग कल्पवृक्ष—જ્યોતિષ–સૂર્ય સરખી પ્રભાનું અંગ–કારણરૂપ વૃક્ષો તે જ્યોતિરંગ કલ્પવૃક્ષ, આ વૃક્ષના ફળોનો પ્રકાશ સૂર્ય સરખો હોય છે, પરન્તુ સૂર્ય સરખો ઉગ્ર નહિ. અનેક જ્યોતિવૃક્ષો હોવાથી એકની પ્રભા બીજામાં અને બીજાની તેમાં સંક્રાન્ત થયેલી હોય છે, જેથી દ્વીપના બહાર રહેલા સ્થિર જ્યોતિષી સરખાં સ્થિર અને પરસ્પરાક્રાન્ત પ્રકાશવાળાં છે. આકાશી સૂર્ય ઉગેલો હોય તે વખતે દિવસે એ વૃક્ષોની સાર્થકતા નથી, પરન્તુ રાત્રે તો એ વૃક્ષો એવાં પ્રકાશે છે કે જાણે દિવસ હોય એમ જણાય છે. જેથી રાત્રે પણ પ્રકાશસ્થાનોમાં યુગલિકોનો ગમનાગમન વ્યવહાર સુગમતાથી થઈ શકે છે.

૫ दीपांग कल्पवृक्ष—દીપ એટલે દીવા સરખું તેજ આપવામાં અંગ–કારણભૂત એવાં વૃક્ષો તે दीपांग વૃક્ષો કહેવાય. આ વૃક્ષનાં ફળ આદિ સર્વોત્તમ દીવા સરખા તેજવાળાં છે, જેથી ઘરમાં દીવો પ્રકાશ કરે છે, તેમ તે દીપવૃક્ષો ત્યાંના અંધકાર સ્થાનોમાં રાત્રે પ્રકાશે છે. [જ્યાં જ્યોતિરંગ ન હોય ત્યાં એ દીપાંગ વૃક્ષથી પણ પ્રકાશ થાય છે.] જેથી યુગલિકક્ષેત્રોમાં કંઈ સ્થાને જ્યોતિરંગથી સૂર્યસરખો તીવ્ર પ્રકાશ હોય છે, અને કંઈ સ્થાને દીપાંગવૃક્ષથી દીપ સરખો પ્રકાશ પણ હોય છે.

૬ चित्रांग कल्पवृक्ष—ચિત્ર એટલે વિચિત્ર પ્રકારની પુષ્પમાળાઓ, તેની પ્રાપ્તિમાં અંગ એટલે કારણરૂપ એવાં વૃક્ષો તે ચિત્રાંગ કલ્પવૃક્ષો. આ વૃક્ષોનાં ફળાદિ તથા

પ્રકારના સ્વભાવથી જ વિવિધ પ્રકારની પુષ્પમાળાઓ રૂપે પરિણામ પામેલા હોય છે, માટે યુગલિકોને પુષ્પમાળાઓ પહેરવામાં આ વૃક્ષો ઉપયોગી છે.

૭ चित्ररसांग कल्पवृक्ष—ચક્રવર્તી આદિ મહાપુરુષોના વખતે જેવા પ્રકારની રસવતીઓ ક્ષીર દૂધપાક શીખંડ બાસૂદી મોદક મીઠાઈઓ ભાત દાળ શાક આદિ પાકશાસ્ત્રની વિધિ પ્રમાણે બનતી હતી તેવા પ્રકારની સર્વ રસવતીઓ ભોજનોના [1]સ્વાદવાળા ફળાદિ આ વૃક્ષનાં હોવાથી चित्र–વિચિત્ર रस–રસવતીઓ ભોજનોનું अंग–કારણ તે चित्ररसांग વૃક્ષો એવું નામ છે. આ વૃક્ષોના ફળાદિકથી યુગલિકોની સર્વપ્રકારના આહારની ઇચ્છા તૃપ્ત થાય છે.

૮ मण्यंग कल्पवृक्ष—અહિં મણિરત્ન સુવર્ણાદિકના હાર અર્ધહાર ઇત્યાદિ આભરણો તે मणि, તેનું अंग–કારણભૂત જે વૃક્ષો તે मण्यंग वृक्ष. અથવા मणि એટલે મણિરત્ન વિગેરેનાં अंग–આભરણ રૂપ અવયવો તે મણ્યંગ. એવો પણ અર્થ છે. આ વૃક્ષનાં ફળાદિ તથા પ્રકારના સ્વભાવથી જ મણિરત્ન સુવર્ણાદિકના હાર અર્ધહાર મુકુટ કુંડલ નુપૂર કંકણ બહિરખાં ઇત્યાદિ આભરણો રૂપે પરિણામ પામેલા હોય છે. જેથી યુગલિક સ્ત્રી તથા પુરૂષોને પોતાના સર્વ અંગના આભૂષણોની પ્રાપ્તિમાં આ વૃક્ષો ઉપયોગી છે. અને યુગલિકો એજ આભરણો પહેરે છે.

૯ गृहाकार कल्पवृक्ष—આ વૃક્ષો તથાસ્વભાવથી જ વિવિધપ્રકારના ઘરોના આકારમાં પરિણામ પામેલ હોય છે, અને તે પણ એક માળ બે માળવાળાં ઇત્યાદિ અનેક માળવાળાં ત્રિકોણાદિ અનેક આકારનાં વિવિધ રચના યુક્ત ગૃહો હોય છે. યુગલિકોને જ્યારે જ્યારે આરામ વા આશ્રય કરવો હોય ત્યારે આ વૃક્ષો ઘર તરીકે રહેવામાં અત્યંત ઉપયોગી છે. અહિં ફળાદિ ગૃહઆકારે નહિં પરન્તુ પૂર્ણ વૃક્ષજ ગૃહ આકારે જાણવું.

૧૦ अनियत [अनग्न] कल्पवृक्ष—ઉપર કહેલા નવપ્રકારના પદાર્થોથી अनियत–જુદા જુદા પદાર્થો આપવાથી અનિયત એ નામ ક્ષેત્રસમાસની સ્વોપજ્ઞ વૃત્તિમાં કહ્યું છે, અને સિદ્ધાંતોમાં अणिगए એ પદથી अनग्न कल्पवृक्ष એવું નામ કહ્યું છે. ત્યાં એ નવ વૃક્ષોથી પૂરવા યોગ્ય પદાર્થો ઉપરાન્તના વસ્ત્ર આસન આદિ વિવિધપદાર્થો પૂરનાર આ ૧૦ મું કલ્પવૃક્ષ છે. અથવા મુખ્યત્વે જેથી નગ્ન ન રહેવાય તેવાં વસ્ત્રોને પૂરનાર આ ૧૦ મું અનગ્ન વૃક્ષ છે. આ વૃક્ષનાં ફળો આદિ દેવદૂષ્ય વિગેરે ઉત્તમ જાતિનાં વસ્ત્રોરૂપે

---

૧ અર્થાત્ કોઈ કલ્પવૃક્ષનું ફળપત્રાદિ ચક્રવર્તીની ખીરસરખા સ્વાદવાળું, કોઈનું ફળ પત્રાદિ શીખંડસરખા સ્વાદવાળું ઇત્યાદિ રીતે ચિત્રરસકલ્પવૃક્ષો પણ ભિન્ન ભિન્ન રસયુક્ત ફળાદિવાળાં છે. એ રીતે યથાસંભવ દશે પ્રકારમાં વિચારવું, યુગલિકોને ખેતી નથી, લેખન–વ્યવહાર નથી, શસ્ત્રવ્યવહાર નથી, વિવાહ પરણવું ઇત્યાદિ નથી, પરન્તુ સગપણો છે ફળોને પકવવાનું પણ નથી, તેમ તે વખતે અગ્નિ પણ હોય નહિં.

સ્વભાવથી જ પરિણમેલાં હોય છે માટે એ ૧૦ મું કલ્પવૃક્ષ યુગલિકોને વસ્ત્રાદિ પહેરવામાં ઉપયોગી છે.

॥ કલ્પવૃક્ષો વનસ્પતિ પરિણામી છે ॥

એ પ્રમાણે યુગલિકોની દરેક પ્રકારની જરૂરિયાત પૂર્ણ કરનારાં કલ્પવૃક્ષો પોતે વનસ્પતિ છે, તેમજ દેવાધિષ્ઠિત નહિં પણ સ્વાભાવિકપરિણામવાળાં છે. વળી એ દરેક જાતિનાં વૃક્ષો પગલે પગલે અનેક હોય છે, પરન્તુ એક જાતિનું એક હોય એમ નહિં. તેમજ અનેક પ્રકારનાં પ્રતિભેદવાળાં પણ છે. જેમ ભૃતાંગવૃક્ષ અનેક જાતિનાં છે, અને તે અનેકમાંની એક જાતિનાં પણ અનેક વૃક્ષો છે.

॥ કલ્પવૃક્ષ ઉપરાન્ત બીજાં અનેક વૃક્ષ ॥

વળી પહેલા ત્રણઆરામાં કેવળ કલ્પવૃક્ષો જ હોય છે એમ નહિં પરન્તુ આમ્ર ચંપક અશોક આદિ બીજાં પણ વર્તમાનસમયમાં વિદ્યમાન દેખાય છે એવાં અનેક જાતિનાં અનેક અનેક વૃક્ષો–ગુચ્છા–ગુલ્મ–લતાઓ–વલય–તૃણ–જલરૂહ–કુહણા–ઔષધિ હરિતકી–વલ્લી–અને પર્વ એ બારે પ્રકારની પ્રત્યેક વનસ્પતિઓ તથા અનેક સાધારણ વનસ્પતિઓ પણ ક્ષેત્રસ્વભાવથી અને કાળ સ્વભાવથી અત્યંતરસકસવાળી હોય છે, પરન્તુ તે યુગલિકોના ઉપયોગમાં આવતી નથી. તથા ઉદ્દાલકાદિ ૯ પ્રકારનાં વૃક્ષો વિગેરે ઘણી વનસ્પતિઓનાં નામ સિદ્ધાન્તમાં દર્શાવ્યાં છે ઇત્યાદિ વિશેષ સ્વરૂપ સિદ્ધાન્તોથી જાણવું. ॥ ૯૭ ॥

અવતરણઃ–સર્વઆરાઓમાં તિર્યંચપંચેન્દ્રિયોનું આયુષ્યપ્રમાણ વિશેષતઃ (પ્રાય) કેટલું હોય? તે આ ગાથામાં કહેવાય છે

मणुआउसमगयाई, हयाइ चउरंसऽजाइ अटुंसा ।
गोमहिसुट्टखराई, पणंस साणाइ दसमंसा ॥ ९८ ॥

શબ્દાર્થ :

मणुआउसम–મનુષ્યના આયુષ્યસરખું
गयाई–ગજ આદિનું, હસ્તિ આદિનું
हयाई–હયાદિ, અશ્વ આદિ
चउर अंस–ચોથા ભાગનું
अजाइ–અજા આદિ, બકરાં વિગેરે
अटुंसा–આઠમા ભાગે
गो महिस–ગાય પાડા
उट्टखराई–ઊંટ ગર્દભ આદિ
पणंस–પાંચમા ભાગનું
साणाइ–શ્વાન આદિકનું
दसमंसा–દશમા ભાગનું

ગાથાર્થઃ—હસ્તિઓ વિગેરે મોટા જીવો મનુષ્યના આયુષ્ય સરખા આયુષ્યવાળા, અશ્વ વિગેરે તિર્યંચો ચોથા ભાગના આયુષ્યવાળા, બકરાં વિગેરે આઠમા ભાગના આયુષ્યવાળા, તથા ગાય પાડા ઉંટ ગર્દભ આદિ તિર્યંચો પાંચમા ભાગના આયુષ્યવાળા, અને શ્વાન આદિ તિર્યંચો પ્રાયઃ મનુષ્યના આયુષ્યથી દશમા ભાગ જેટલા આયુષ્યવાળા હોય છે ॥ ૯૮ ॥

विस्तरार्थः—ગાથાના અર્થ પ્રમાણે સુગમ છે વિશેષ એજ કે—મનુષ્યોની અપેક્ષાએ તિર્યંચોનું એ કહેલું આયુષ્ય પ્રાયઃ જાણવું પરન્તુ એકાન્તે નહિ. વિશેષભાવે એ પ્રમાણે હોય એમ સમજવું. વળી તે પણ છએ આરામાં એ રીતે જ જાણવું. વળી અહિં તિર્યંચોનું આયુષ્ય કહેવાનો પ્રસંગ પહેલા ત્રણ આરાના યુગલિક મનુષ્યોનું આયુષ્ય ૯૩ મી ગાથામાં કહ્યું છે, તો યુગલિક તિર્યંચોનું કેટલું આયુષ્ય હશે? તે પ્રસંગોપાત્ત દર્શાવવાને માટે છે, જેથી પહેલા ત્રણઆરાના તિર્યંચોનું પણ આયુષ્ય કહેવાઈ ગયું. ॥ ૯૮ ॥

अवतरण :—હવે ત્રીજો આરો કંઈક બાકી રહે ત્યારે કુલકર નય અને ધર્મ વગેરેની ઉત્પત્તિ થાય છે તે આ ગાથામાં દર્શાવાય છે—

इच्चाइ तिरिच्छाणवि, पायं सव्वारएसु सारिच्छं ।
तइआरसेसि कुलगर–णयजिणधम्माइ उप्पत्ती ॥ ९९ ॥

શબ્દાર્થ :—

इच्चाइ–ઇત્યાદિ
तिरच्छाण अवि–તિર્યંચોની પણ
पायं–પ્રાય; બહુલતાએ
सव्व आरएसु–સર્વ આરાઓમાં
सारिच्छं–સરખું
तइआरसेसि–ત્રીજોઆરો કંઈક બાકી રહે
कुलगर णय–કુલકર અને નીતિ
जिणधम्मआइ–જિનધર્મ આદિકની
उप्पत्ती–ઉત્પત્તિ થાય છે

ગાથાર્થ :—પૂર્વે ગાથામાં કહ્યા તે આદિ તિર્યંચોનું પણ એ કહેલું આયુષ્ય પ્રાયઃ સર્વઆરાઓમાં સરખું જ [મનુષ્યાયુના તે તે ભાગ જેટલું જ] જાણવું. હવે ત્રીજો આરો કંઈક બાકી રહે ત્યારે કુલકરોની નીતિની અને જિનધર્માદિકની ઉત્પત્તિ થાય છે ॥ ૯૯ ॥

विस्तरार्थ :—આ ગાથાના પહેલા અર્ધનો અર્થ પૂર્વગાથાની સાથે સંબંધવાળો છે, અને સુગમ છે, માટે ઉત્તરાર્ધનો અર્થ કિંચિત્ કહેવાય છે—

॥ ત્રીજા આરાના પર્યન્તે ૧૫-૭ કુલકરની ઉત્પત્તિ ॥

ત્રીજા આરાના છેલ્લા ત્રીજા ભાગમાં પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહે ત્યારે સુમતિ–પ્રતિશ્રુતિ–સીમંકર–સીમંધર–ક્ષેમંકર–ક્ષેમંધર – વિમળવાહન–ચક્ષુષ્માન્–યશસ્વી–અભિચન્દ્રચન્દ્રાભ–પ્રસેનજિત્–મરૂદેવ–નાભિ–અને ઋષભ એ ૧૫ કુલકરની ઉત્પત્તિ થાય છે. કુલ- લોકમર્યાદાને कर–કરનાર તે कुलकर એ શબ્દાર્થ છે, કારણ કે કાળક્રમે યુગલિકોમાં મમત્વ રાગ દ્વેષ આદિ અવગુણ વધવાથી થતા અપરાધોમાટે જે વિશિષ્ટબુદ્ધિવાળા પુરૂષોને યુગલિકો મોટા પદે સ્થાપે છે અને તે લોકમાં અમુકઅમુકવ્યવસ્થાઓ દર્શાવે છે, તે વ્યવસ્થાપ્રમાણે નહિં વર્તનાર અપરાધી યુગલિકને શિક્ષા કરે છે. એવા પ્રકારે લોકમર્યાદા સાચવનારા પુરૂષો કુલકર કહેવાય છે.

વળી શ્રી આવશ્યકજીમાં વિમળવાહન–ચક્ષુષ્માન–યશસ્વી–અભિચંદ્ર–પ્રસેનજિત્ મરૂદેવ–અને નાભિ એ ૭ કુલકર પણ કહ્યા છે, ઇત્યાદિવિચાર સિદ્ધાન્તાથી જાણવો. એ ૧૫ કુલકરોમાં પહેલા વિમળવાહનકુલકરનું આયુષ્ય પલ્યોપમનો દશમો ભાગ, શેષ ૧૨ કુલકરનું આયુષ્ય અસંખ્ય અસખ્યપૂર્વ (અનુક્રમે હીન હીન), અને નાભિકુલકરનું સંખ્યાતપૂર્વ આયુષ્ય અને ઋષભકુલકરનું ૮૪ લાખપૂર્વ આયુષ્ય જાણવું.

॥ કુલકરોએ પ્રવર્તાવેલી ૩ પ્રકારની દંડ નીતિ. ॥

પહેલા પાંચ કુલકરોએ હા* કાર નીતિ પ્રવર્તાવી, જેથી અપરાધી યુગલિકોને "હા આ શું કર્યું ?" એટલું જ કહેવા માત્રથી અપરાધી યુગલિકો મરણતુલ્યશિક્ષા થયેલી માનીને પુનઃ તેવો અપરાધ ન કરવામાં સાવચેત રહેતા, ત્યાં સુમતિકુલકરે હા કારની દંડનીતિ ઉત્પન્ન કરી, અને બીજા ચાર કુલકરોએ તેની તેજ દંડનીતિ પ્રમાણે અનુકરણ કર્યું. ત્યારબાદ છઠ્ઠા ક્ષેમંધર કુલકરે મા કાર નામની બીજી દંડનીતિ પ્રવર્તાવી, અને બીજા ચાર કુલકરોએ એજ દંડનીતિનું અનુકરણ કર્યું, જેથી બીજા પાંચ કુલકરોના વખતમાં મા કાર દંડનીતિ પ્રવર્તી. અહિં જે યુગલિકો પહેલી હાકાર દંડનીતિને યોગ્ય હોય તેઓને માટે હાકાર, અને તેની અવગણના કરે એવાને માટે મા કાર દંડનીતિ હતી. અર્થાત્ "હવેથી તું આવું કામ ન કરીશ" એ માકારનીતિનું તાત્પર્ય છે. અથવા મોટાઅપરાધમાં મા અને લઘુઅપરાધમાં હા દંડનીતિ હતી એમ પણ કહ્યું છે. શેષ પાંચ કુલકરોએ ધિક્કાર નામની ત્રીજી દંડનીતિ પ્રવર્તાવી. શેષ સ્વરૂપ પૂર્વવત્ [1]વિચારવું.

॥ પરિભાષણ આદિ ૪ પ્રકારની દંડનીતિ. ॥

એ ત્રણ નીતિ ઉપરાંત परिभाषण-બોલાવીને વિશેષ ઠપકો દેવો, मंडलबंध અમુક

---

*જંબૂ૦ પ્ર૦ મૂળસૂત્રમાં હાકાર મકાર એ નીતિ કહી છે, અને વૃત્તિમાં કેવળ હાકાર કહી છે

૧-૭ કુલકરોની અપેક્ષાએ ૧-૨માં હા, ૩-૪માં હા અને મા, ૫-૬-૭માં હા મા ધિક્ એ રીતે દંડનીતિ કહી છે.

વખત સુધી અમુકસ્થાનમાં છુટો રાખીને રોકી રાખવો, ચારક—બંદિખાને નાખવો, અને છવિચ્છેદ—શરીરના અવયવ છેદવા, એ ૪ પ્રકારની દંડનીતિ શ્રીઋષભદેવે અથવા ભરતચક્રવર્તીએ પ્રવર્તાવી, એમ બે અભિપ્રાય છે. આ સર્વસ્વરૂપ તથા હજી કહેવાતું સ્વરૂપ ચાલુ અવસર્પિણીના ત્રીજા આરાને અંગે છે, તે પ્રમાણે દરેક અવસર્પિણીના ત્રીજા આરાનું પર્યન્તભાગનું સ્વરૂપ પણ યથાસંભવ જાણવું. કેવળ નામ વિગેરેમાં તફાવત જાણવો, અને શેષ ભાગ અનુક્રમે સરખી રીતે જાણવો.

॥ ત્રીજા આરાના પર્યન્તે જિનધર્માદિકની ઉત્પત્તિ ॥

ત્રીજા આરાનાં ૮૪ લાખપૂર્વ અને ૮૯ પખવાડીઆં બાકી રહ્યા ત્યારે શ્રી ઋષભકુલકર ઉત્પન્ન થયા, ૨૦ લાખપૂર્વ કુમારઅવસ્થામાં અને ૬૩ લાખપૂર્વ રાજા તરીકે રહીને ૧ લાખપૂર્વ શ્રમણઅવસ્થામાં રહી ૮૯ પખવાડીઆં ત્રીજાઆરાનાં બાકી રહ્યે સિદ્ધ થયા. રાજ્યઅવસ્થા વખતે બાદરઅગ્નિ ઉત્પન્ન થયો, તેમજ જિનધર્મ એટલે સર્વવિરતિની ઉત્પત્તિ પ્રભુની દીક્ષા વખતે થઈ, પરન્તુ વિશિષ્ટ પ્રકારે તો પ્રભુની પ્રથમદેશના વખતે સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘની પ્રથમ સ્થાપના વખતેજ ચારે સામાયિકની ઉત્પત્તિ ગણાય, એ વખતે સર્વવિરતિ દેશવિરતિ સમ્યક્ત્વ અને શ્રુતની પ્રથમ ઉત્પત્તિ થઈ; પુનઃ અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન કેવળજ્ઞાન આદિ અનેકભાવોની ઉત્પત્તિ પ્રભુના કેવલપર્યાયમાં થઈ. ગૃહસ્થાવાસ વખતે સ્ત્રીની ૬૪ કળાઓ પુરૂષની ૭૨ કળાઓ આદિ તથા સો પ્રકારનાં શિલ્પ (કારીગરીઓ) ઉત્પન્ન થઈ, ખેતી વિગેરે મોટાવ્યવહારો ભરતચક્રવર્તીએ પ્રવર્તાવ્યા છે. ઇત્યાદિ હજારો સાંસારિક વ્યવહાર અને ધર્મવ્યવહારોની ઉત્પત્તિ ત્રીજા આરાના પર્યન્તે ૮૪ લાખપૂર્વના કાળમાં થઈ છે.

પુનઃ શ્રીઋષભદેવના વખતમાં પણ યુગલિકધર્મ ચાલુ હતો, પરન્તુ પ્રભુએ ધીરે ધીરે એ ધર્મને નાબુદ કરવા માટે ભિન્નગોત્રીય સાથે લગ્નવિધિ દર્શાવી. ભોગાવલીકર્મ અવશ્ય ભોગવ્યેજ છૂટકો છે. એમ જાણી જન્મથી વીતરાગી છતાં સુનંદા સુમંગલા નામની બે સ્ત્રીઓ પરણ્યા, અનેક ગૃહસ્થવ્યવહારો પ્રવર્તાવ્યા, તે પણ મનુષ્યોને વિધિમાર્ગે વાળવા માટે અને ઉલટી વિધિથી દુઃખી ન થવાના કારણથી જ, પરન્તુ સંસારના પ્રેમથી નહિં. ઇત્યાદિ અનેકવિશેષસ્વરૂપ સિદ્ધાન્તોથી જાણવા યોગ્ય છે.

વળી એ ત્રીજાઆરાના છેલ્લા ત્રીજા ભાગમાં પહેલા તીર્થંકરના કાળમાં છએ સંઘયણ છએ સંસ્થાનોવાળા મનુષ્ય હોય છે, મરણ પામીને પાંચે ગતિમાં જાય છે. અને એજ પ્રવાહ ચોથા આરામાં પણ ચાલુ હોય છે, તફાવત એજ કે ત્રીજા આરાથી ચોથો આરો વર્ણ—ગંધ—રસ—સ્પર્શ—આયુષ્ય સંઘયણ પરાક્રમ વનસ્પતિના ગુણ ઇત્યાદિમાં ઉતરતા દરજાનો હોય છે. એ રીતે પાંચમો આરો ચોથાથી અને છઠ્ઠો પાંચમાથી

પણ ઉતરતો હોય છે. એમ સમયે સમયે ઉત્તમભાવોની હાનિ અવસર્પિણીમાં હોય છે. ॥ ૯૯ ॥

અવતરણઃ—હવે આ ગાથામાં અવસર્પિણી તથા ઉત્સર્પિણીના કયા કયા આરામાં પહેલા અને છેલ્લા જિનેન્દ્રો જન્મે અને સિદ્ધિપદ પામે તે કહેવાય છે—

कालदुगे तिचउत्था-रगेसु एगूणनवइपक्खेसु ।
सेसि गएसु सिज्झंति, हुंति पढमंतिम जिणिंदा ॥ १०० ॥

શબ્દાર્થ :—

कालदुगे—અવસ૦ ઉત્સ૦ એ બે કાળમાં

ति चउत्थ आरगेसु—ત્રીજા ચોથા આરામાં

एगूणनवइ—એક ન્યૂન નેવું, નેવ્યાસી

पक्खेसु—પક્ષ, પખવાડીયાં

सेसि—બાકી રહેતાં

गएसु—વ્યતીત થયે

सिज्झंति—સિદ્ધ થાય છે.

हुंति—જન્મે છે.

ગાથાર્થઃ—અવસર્પિણી અને ઉત્સર્પિણી એ બે કાળના ત્રીજા અને ચોથા આરામાં ૮૯ પક્ષ બાકી રહે અને વ્યતીત થાય, ત્યારે પહેલા અને છેલ્લા જિનેન્દ્રો મોક્ષે જાય છે અને જન્મે છે ॥ ૧૦૦ ॥ એટલે કે,—

૧—અવસર્પિણીનો ત્રીજો આરો ૮૯ પક્ષ બાકી રહે ત્યારે પહેલા જિનેન્દ્ર સિદ્ધ થાય.
૨—અવસર્પિણીનો ચોથો આરો ૮૯ પક્ષ બાકી રહે ત્યારે છેલ્લા જિનેન્દ્ર સિદ્ધ થાય.
૩—ઉત્સર્પિણીનો ત્રીજો આરો ૮૯ પક્ષ વ્યતીત થયે પહેલા જિનેન્દ્ર જન્મે.
૪—ઉત્સર્પિણીનો ચોથો આરો ૮૯ પક્ષ વ્યતીત થયે છેલ્લા જિનેન્દ્ર જન્મે.

કોષ્ઠક

અવસ૦	૩ જો આરો	૮૯ પક્ષ	શેષે	સિદ્ધ થાય	પહેલા જિનેન્દ્ર
,,	૪ થો આરો	,,	,,	,,	અન્તિમ જિનેન્દ્ર
ઉત્સ૦	૩ જો આરો	,,	વ્યતીતે	જન્મે	પહેલા જિનેન્દ્ર
,,	૪ થો આરો	,,	,,	,,	અન્તિમ જિનેન્દ્ર

આ અર્થને અનુસારે ગાથામાંના શબ્દોનો અનુક્રમ યથાયોગ્ય જોડવો ॥૧૦૦॥

અવતરણઃ—પૂર્વગાથાઓમાં અવસર્પિણીના પહેલા ત્રણઆરાનું સ્વરૂપ કહીને હવે આ ગાથામાં કિંચિત્ ૪ થા આરાનું સ્વરૂપ કહે છે—

बायालसहसवरसू–णिगकोडाकोडिअयरमाणाए ।
तुरिए णराउ पुव्वाण, कोठितणु कोसचउरंसं ॥ १०१ ॥

શબ્દાર્થ :—

बायाल सहस वरस–બેંતાલીસ હજાર વર્ષ (૪૨૦૦૦ વર્ષ)
ऊण–ન્યૂન
इग कोडाकोडि–એક કોટાકોટિ
अयरमाणाए–સાગરોપમના પ્રમાણવાળા
तुरिए–ચોથા આરામાં
णर आउ–મનુષ્યોનું આયુષ્ય
पुव्वाण कोडि–પૂર્વક્રોડ વર્ષનું
तणु–શરીરનું પ્રમાણ
कोसचउर अंसं–ગાઉનો ચોથો ભાગ

गाथार्थः—બેંતાલીસ હજારવર્ષન્યૂન ૧ કોટાકોટિ સાગરોપમપ્રમાણવાળા ચોથા આરામાં મનુષ્યોનું આયુષ્ય એકપૂર્વક્રોડ વર્ષ, અને શરીર એક ગાઉનો ચોથો ભાગ હોય છે ॥ ૧૦૧ ॥

विस्तरार्थः—હવે ચોથા આરાનું કિંચિત્ સ્વરૂપ કહેવાય છે, તે આ પ્રમાણે–

॥ અવસર્પિણીનો ચોથો આરો ॥

૧૦ કોડાકોડિ સાગરોપમપ્રમાણની અવસર્પિણીમાંથી પહેલા ત્રણ આરાના ૯ કોડાકોડિ સાગરોપમ ઉપરાન્ત ૨૧૦૦૦ વર્ષ પાંચમા આરાનાં અને ૨૧૦૦૦ વર્ષ છઠ્ઠા આરાનાં બાદ કરતાં ચોથા આરાનું પ્રમાણ ૪૨૦૦૦ વર્ષન્યૂન ૧ કોડાકોડિ સાગરોપમનું છે, અને એ આરામાં મનુષ્યોનું સર્વોત્કૃષ્ટ આયુષ્ય ૧ પૂર્વક્રોડ વર્ષનું છે. અહિં ૮૪ લાખને ૮૪ લાખે ગુણતાં ૭૦૫૬૦૦૦,૦૦૦૦૦૦૦ વર્ષનું એકપૂર્વ અને તેને એકક્રોડે ગુણતાં એક પૂર્વકોટિ થાય. તથા જઘન્ય આયુષ્ય ૨૫૬ આવલિકારૂપ ૧ ક્ષુલ્લકભવ જેટલું હોય છે. તથા ઉત્કૃષ્ટથી શરીરપ્રમાણ એક ગાઉનો ચોથો ભાગ એટલે ૨૦૦૦ ધનુષ્નો ૧ ગાઉ હોવાથી ૫૦૦ ધનુષ્ જેટલું છે, અને જઘન્યથી ઉત્પત્તિ વખતે અંગુલના અસંખ્યાતમાભાગ જેટલું હોય છે.

॥ ૬૩ શલાકા પુરૂષોની ઉત્પત્તિ ॥

વળી આ ચોથા આરામાં ચોવીશમા સુધીના ૨૩ જિનેન્દ્રોની ઉત્પત્તિ થાય છે, તેઓના શાસનમાં અસંખ્યમનુષ્યો મોક્ષપામે છે. આ અવસર્પિણીમાં ત્રીજા આરાના પર્યન્તે શ્રી ઋષભદેવને કેવળજ્ઞાન યથાબાદ સૌથી પ્રથમ પ્રભુની જ માતા પ્રભુનું તીર્થ સ્થપાયા પહેલાં અંતકૃતકેવળી થઈ મોક્ષે ગયાં ત્યારથી મોક્ષમાર્ગ શરૂ થયો, તે ચોથા આરામાં સંપૂર્ણ ચાલુ રહે છે. વળી એ જ ચોથા આરામાં [૧ ચક્રવર્તી ત્રીજા આરામાં થવાથી] ૧૧ ચક્રવર્તી ઉત્પન્ન થાય છે, તેઓ સંપૂર્ણ ભરતઐરવતક્ષેત્રનું સામ્રાજ્ય

ભોગવે છે, પુનઃ ૯ વાસુદેવ ઉત્પન્ન થાય છે. તે ભરતઐરવતના દક્ષિણાર્ધના સંપૂર્ણ ૩ ખંડનું એટલે અર્ધક્ષેત્રનું સામ્રાજ્ય ભોગવે છે. તથા એકવાસુદેવસાથે તેમના પીતરાઈ ભાઈ એક બળદેવ હોવાથી ૯ बलदेव ઉત્પન્ન થાય છે, તે વાસુદેવ અને બળદેવ બે મળીને અર્ધક્ષેત્રનું સામ્રાજ્ય ભોગવે છે, પરન્તુ બળદેવનું રાજ્ય જુદું હોય નહિ. તથા દરેક વાસુદેવ પહેલાં એકેક પ્રતિવાસુદેવ પણ વાસુદેવના કાળમાં જ પ્રથમ અર્ધવિજયનું સામ્રાજ્ય ભોગવતા હોય છે, જેથી વાસુદેવો પ્રતિવાસુદેવોને હણીને જ સામ્રાજ્ય લે છે, પરન્તુ જુદો દિગ્વિજય કરીને નહિ, એ પ્રમાણે ૯ प्रतिवासुदेव ઉત્પન્ન થાય છે. તથા દરેક વાસુદેવના કાળમાં કલેશ કરવામાં કુતુહલી પરન્તુ બ્રહ્મચર્યના સર્વોત્તમ ગુણવાળા એકેક નારદ નામથી પ્રસિદ્ધ ગૃહસ્થયોગી જેવા નારદ ઉત્પન્ન થતા હોવાથી ૯ नारद ઉત્પન્ન થાય છે, તેઓ વાસુદેવ આદિ રાજાઓના અંતઃપુરમાં (રાણીવાસમાં) નિઃશંકપણે ગમનાગમન કરનારા અને ગગનગામિની લબ્ધિવાળા હોય છે, અને સર્વત્ર રાજસભાઓમાં રાજાઓ પૂછે ત્યારે ક્ષેત્રની કૌતુકી વાતો સંભળાવે છે, અને એક-બીજાને કલેશ ઉત્પન્ન થવાનું પણ કુતુહલ કરે છે. તથા ૧૧ महादेव પણ ઉત્પન્ન થાય છે. જેઓ ૧૧ રૂદ્રના નામથી પ્રસિદ્ધ છે. તેઓ સમ્યક્ત્વી છતાં તથા પ્રકારના કર્મોદયે અનેક લોકવિરૂદ્ધ આચરણો આચરનારા હોય છે, જેથી વ્યભિચારી પણ હોય છે. એ પ્રમાણે ત્રીજા આરામાં બે અને ચોથામાં ૮૧ એ રીતે નિયમિતપણે ઉત્પન્ન થનારા એ ૮૩ પુરૂષોમાંથી ૯ નારદ અને ૧૧ રૂદ્રને બાદ કરી શેષ ૬૩ શલાકાપુરૂષ [મહાપુરૂષો] તરીકે ઓળખાય છે. ॥ ૧૦૧ ॥

अवतरण:—હવે આ ગાથામાં પાંચમા આરાનું સ્વરૂપ કહે છે—

वरिसेगवीससहस–प्पमाणपंचमरए सगकरुच्चा ।
तीसहिअसयाउ णरा, तयंति धम्माइआणंतो ॥ १०२ ॥

શબ્દાર્થ :—

वरिस–વર્ષ	तीसअहिअसय–ત્રીસ અધિક સો, એકસોત્રીસ
इगवीससहस–એકવીસ હજાર	आउ–આયુષ્યવાળા
प्पमाण–પ્રમાણવાળા	णरा–નરો, મનુષ્યો
पंचम अरए–પાંચમા આરામાં	तय अंति–તેના અન્તે
सगकर–સાત હાથ	धम्माइआण–ધર્મ આદિ વસ્તુઓનો
उच्चा–ઉંચા	अंतो–અંત, નાશ

गाथार्थ:—એકવીસહજારવર્ષ પ્રમાણના પાંચમા આરામાં સાત હાથ ઉંચા અને એકસોત્રીસ વર્ષના આયુષ્યવાળા મનુષ્યો હોય છે, અને એ આરાના અન્તે ધર્મ વગેરેનો (જિનધર્મ આદિ વસ્તુઓનો) અંત થાય છે. ॥ ૧૦૨ ॥

विस्तरार्थः—પાંચમો દુઃષમ નામનો આરો ૨૧૦૦૦ વર્ષ પ્રમાણનો છે, તેમાં મનુષ્યો જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગના અને ઉત્કૃષ્ટથી સાત હાથના શરીરવાળા હોય છે, તથા જઘન્યઆયુષ્ય અન્તર્મુહૂર્ત્તનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય * ૧૩૦ વર્ષનું હોય છે.

પાંચમા આરાના અન્તે ધર્મ વગેરેનો અન્ત

આ આરાના મનુષ્યો યથાયોગ્ય ચારે ગતિમાં ઉત્પન્ન થનારા હોય છે, યાવત્ ચોથા આરાના જન્મેલા આ આરામાં મોક્ષમાં પણ જઈ શકે છે. તથા આ આરાના પર્યન્ત ભાગે જિનધર્મ–ગણ–અન્ય દર્શનના ધર્મ–રાજ્યનીતિ–બાદર અગ્નિ–રાંધવું વિગેરે પાક વ્યવહાર—ચારિત્રધર્મ—એ સર્વ વિચ્છેદ પામશે. કદાચિત્ કોઈકને સમ્યક્ત્વ-ધર્મ હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

सुअ सूरि संघ धम्मो, पुव्वन्हे छिज्जही अगणि सायं ।
निवविमलवाहणो सुहममंति तद्धम्म मज्झन्हे ॥ १ ॥

પાંચમા આરાના× પર્યન્તે શ્રુતધર્મ આચાર્ય–સંઘ–અને જિનધર્મનો પૂર્વાન્હે (પહેલા પ્રહરે) વિચ્છેદ થશે, બાદર અગ્નિ સંધ્યાકાળે વિચ્છેદ પામશે, વિમલવાહન રાજા, સુધર્મમંત્રી, અને તેનો રાજધર્મ મધ્યાન્હકાળે વિચ્છેદ પામશે. એ પ્રમાણે પ્રાયઃ સર્વઅવસર્પિણીઓના પાંચમા આરામાં સરખું જ જાણવું.

વિશેષમાં આ અવસર્પિણીના પાંચમા આરાના અંતે શ્રી દુઃપ્પસહસૂરિ નામના આચાર્ય, ફલ્ગુશ્રી નામે સાધ્વી, નાગિલ નામે શ્રાવક અને સત્યશ્રી શ્રાવિકા થશે, એજ ચતુર્વિધ સંઘનો કાળધર્મ થતાં પહેલા પ્રહરે સંઘનો વિચ્છેદ થશે. શ્રી દુઃપ્પસહ-સૂરિના કાળધર્મથી ચારિત્રધર્મનો પણ પહેલા પ્રહરે વિચ્છેદ થશે. ઇત્યાદિ.

अवतरण:—એ પ્રમાણે ધર્માદિકનો અન્ત થયા બાદ શું થશે તે કહે છે :—

खारग्गिविसाईहिं, हा हा भूआकयाइ पुहवीए ।
खगबीय वियड्ढइसु, णराइबीयं बिलाईसु ॥ १०३ ॥

---

* એ આયુષ્ય બાહુલ્યતાએ જાણવું જેથી કંઈક અધિક હોય તો પણ વિસંવાદ નહિ.

× અહિં પર્યન્તે એટલે કયો વિચ્છેદ કેટલા દિવસાદિ બાકી રહ્યે થશે તેનો નિયતકાળ કહ્યો નથી, માત્ર પાચમા આરાના છેલ્લા ત્રીજા ભાગરૂપ ૭૦૦૦ વર્ષ પૂર્ણ થયે કહ્યું છે, તે ઉપરથી પાંચમા આરાના છેલ્લા દિવસે સંભવે, અને શ્રીવીરપ્રભુનું ૨૧૦૦૦ વર્ષનું શાસન કહ્યું છે એ હેતુ વિચારતાં ૩ વર્ષ ૧૭ પક્ષ પહેલાં શાસન વિચ્છેદ થાય, માટે નિશ્ચિતકાળ શ્રીબહુશ્રુતગમ્ય. અપેક્ષાથી બન્ને રીતે માનતાં પણ કોઈ વિસંવાદ નથી. પુનઃ જો છેલ્લા દિવસે માનીએ તો આગળ કહેવાતી ૧૦૩મી ગાથામાં કહેવાતા ક્ષારવૃષ્ટ્યાદિ ભાવોનો પણ ૧૦૦ વર્ષનો શેષ કાળ પાંચમા આરામાં હોવો જોઈએ એમ કહ્યું છે ઇત્યાદિ યથાસંભવ વિચારવું.

શબ્દાર્થ :—

खार अग्गि–ક્ષારવૃષ્ટિ અગ્નિવૃષ્ટિ	खगवीयं–પક્ષીઓનાંબીજ
विस आईहिं–વિષ આદિકની વૃષ્ટિઓ વડે	वियड्ढाइसु–વૈતાઢ્ય આદિ પર્વતોમાં
हा हा भूआ कयाइ–હાહાકાર કરાયલી	णराइवीयं–મનુષ્ય વિગેરેનાં બીજ
पुहवीए–પૃથ્વીમાં,	बिलाईसु–બિલોમાં

गाथार्थः—ક્ષારવૃષ્ટિ અગ્નિવૃષ્ટિ અને વિષઆદિકની વૃષ્ટિઓવડે હાહાકાર વાળી થયેલી આ પૃથ્વીમાં પક્ષીઓનાં બીજ વૈતાઢ્યવિગેરે સ્થાનોમાં અને મનુષ્ય વિગેરેનાં બીજ બિલો વગેરેમાં રહેશે ॥ ૧૦૩ ॥

विस्तरार्थः—હવે પાંચમા દુઃષમઆરાના પર્યન્તે ધર્માદિકનો અન્ત થયા બાદ આ પૃથ્વીમાં કેવા કેવા પ્રકારના દુઃખકારી ભાવો ઉત્પન્ન થશે તે કહેવાય છે.

॥ પાંચમા આરાના પર્યન્તે અનેક કુવૃષ્ટિઓ ॥

પાંચમા આરાનાં છેલ્લાં *૧૦૦ વર્ષ બાકી રહે તે વખતે ક્ષારવૃષ્ટિ એટલે લવણ-સરખા ખારાજળની વૃષ્ટિઓ, અગ્નિવૃષ્ટિ એટલે શરીરે દાહ ઉપજે એવા જળની વૃષ્ટિઓ વિષવૃષ્ટિ એટલે લોકમાં મરકી ફેલાય એવા ઝેરીજળની વૃષ્ટિઓ થાય છે, તથા ગાથામાં કહેલા आइ–આદિ શબ્દથી બીજી પણ અનેક કુવૃષ્ટિઓ થાય છે. છે આ પ્રમાણે— જળના ઉત્તમસ્વાદરહિત જળવૃષ્ટિ તે અરસવૃષ્ટિ, વિલક્ષણસ્વાદવાળા જળનીવૃષ્ટિ તે વિરસવૃષ્ટિ, છાણસરખા મોળા જળનીવૃષ્ટિ છે ખાત્રવૃષ્ટિ, ઘણી વિજળીઓ પડે એવા મેઘની વષ્ટિ તે વિદ્યુત્ વૃષ્ટિ, પર્વતોને પણ ભેદી નાખે એવા ઉગ્રજળની વૃષ્ટિ તે વજ્ર વૃષ્ટિ, પીવાના ઉપયોગમાં ન આવે એવી અપેયવૃષ્ટિ, રોગઉત્પન્ન કરનારી વ્યાધિવૃષ્ટિ, ઉગ્રવાયુસહિત તીક્ષ્ણ અને વેગવંત ધારાઓયુક્ત જળની વૃષ્ટિ તે ચંડવૃષ્ટિ ઇત્યાદિ દુઃખકારી વૃષ્ટિઓ થાય છે.

॥ પાંચમા આરાના પર્યન્તે પૃથ્વીમાં હાહાકાર ॥

પૂર્વે કહેલી અનેક કુવૃષ્ટિઓ અને આગળ કહેવાતા (આ વિસ્તરાર્થમાં કહેવાતા પરન્તુ ગાથામાં નહિં) ભાવોવડે ભરત તથા ઐરવતક્ષેત્રની પૃથ્વીમાં હાહાકાર પ્રવર્તે

* શ્રી જંબૂ૦ પ્ર૦ની વૃત્તિમાં દર્શાવેલા મતાન્તર પ્રમાણે ૧૦૦ વર્ષ. અને આ ક્ષેત્રસમાસમાં આ ગાથા પાંચમા આરાના સંબંધમાં આવવાથી એ મતાંતર પણ અહિંજ સંબંધવાળો થાય છે. કારણકે સિદ્ધાન્તોમાં તો એ સર્વભાર છઠ્ઠાઆરાની ઉત્કૃષ્ટતા વખતે પ્રવર્તતા કહ્યા છે, તો પણ પાંચમા આરાના ૧૦૦ વર્ષશેષથી એ ભાવો ધીરે ધીરે શરૂ થતા હોય અને ત્યારબાદ છઠ્ઠા આરામાં અતિ ઉત્કૃષ્ટ હદે આવે તો બન્ને મન્તવ્યો અપેક્ષાથી અવિસંવાદી સમન્વય છે, વળી સૂત્રકર્તાઓની વિચિત્રવિવક્ષાઓ હોવાથી કોઈ કંઈ રીતે કહે અને કોઈ કંઈ રીતે કહે તો તે વિસંવાદ નહિં પરંતુ અપેક્ષાવાદ વા નયવાદ કહેવાય.

છે, સ્થાને સ્થાને મનુષ્યો પશુઓ અને પક્ષીઓ અત્યંત કરૂણ સ્વરે આક્રંદ કરે છે, વલવલે છે. ઇત્યાદિ.

॥ પાંચમા આરાના પર્યન્તે અનેક કુવાયુના સુસવાટ વગેરે ॥

એ વખતે અતિ કઠોરસ્પર્શવાળા અને ધૂળ ઉડાડતાં મલિન વાયુઓ વાય છે. તે મનુષ્યોને અતિદુઃસહ અને ભયંકર હોય છે. વળી મોટા સંવર્તક વાયુઓ પણ ઘણા ઉગ્રસ્વરૂપમાં વાય છે, વનસ્પતિઓ મકાનો આદિ ઉખેડી ઉખેડી ફેંકી દે છે, વળી દશે દિશાઓ જાણે ધૂમવડે વ્યાપ્ત થઈ હોય તેવી દેખાય છે, ઘણી ઉડતી રજવડે પણ અંધકારમય થાય છે, તેમજ દિવસે પણ સ્વાભાવિક અંધકાર ફેલાય છે. તથા કાળની રૂક્ષતાથી ચંદ્ર અતિશય શીતળતેજથી અને અહિતકર પ્રકાશે છે, અને સૂર્યના તાપપણ જાણે અગ્નિ વર્ષતો હોય એવા ઉગ્ર લાગે છે. પુનઃ કાળની રૂક્ષતાથી શરીરોપણ રૂક્ષ થવાથી તે ચંદ્રતેજ અતિ શીત લાગે છે અને સૂર્યતેજ અતિદુઃસહ થાય છે.

॥ કુવૃષ્ટિ અને કુવાયુઓથી થતું પરિણામ ॥

પૂર્વોક્ત કુવૃષ્ટિઓ કુવાયુઓ દુષ્ટપ્રકાશ ઇત્યાદિથી અનેક દેશ નગર ગામ મનુષ્યો પશુઓ પક્ષીઓ અને વનસ્પતિઓના વિનાશ થાય છે, વૈતાઢ્યપર્વત તથા શત્રુંજયપર્વત અને ઋષભકૂટ સિવાયના સર્વ નાનામોટાપર્વતો વિનાશ પામે છે. ગંગામહાનદી અને સિંધુમહાનદીઓના જળપ્રવાહ અત્યંત ઘટતા જાય છે, અને એ સિવાયની શેષ નદીઓ સરોવરો દ્રહ કુંડ ઇત્યાદિ જળાશયો સૂકાઈ જાય છે, ભૂમિ બહુ ખાડાવાળી ઘણી કાંટાવાળી ઉંચી નીચી અને બહુ ધૂળવાળી તથા બહુ રેતીવાળી બહુ કાદવકીચડવાળી, અગ્નિસરખી ગરમ અને મનુષ્યાદિને સુખે ન બેસાય ન સૂવાય અને ન ચલાય એવી થાય છે.

॥ પાંચમા આરાના પર્યન્તે બીજ મનુષ્યાદિકનાં સ્થાન ॥

પૂર્વોક્ત પ્રકારે ભરત તથા ઐરવતક્ષેત્રમાં પ્રવર્તતા પ્રલયકાળ સરખા કાળમાં અતિશીત અને ઉષ્ણતાથી વ્યાકુળ થયેલા ઘણા મનુષ્યો તો મરણ પામે છે, અને કંઈક શેષ રહ્યા હોય છે તો તેઓ વૈતાઢ્યપર્વતની દક્ષિણદિશાએ ગંગાનદી તથા સિંધુનદીને કાંઠે નવ નવ બિલ (મોટી ગુફાઓ સરખાં) છે તેમાં રહે છે. એ પ્રમાણે દક્ષિણભરતાર્ધના મનુષ્યો એ ૩૬ બિલોમાં રહે છે, અને ઉત્તરભરતના મનુષ્યો વૈતાઢ્યપર્વતની ઉત્તરમાં વહેતી ગંગા સિંધુના કાંઠા ઉપરનાં ૩૬ બિલોમાં રહે છે, જેથી એ ૭૨ *બિલોમાં ભરતક્ષેત્રના મનુષ્યો રહે છે, અને એજ રીતે ઐરવતક્ષેત્રના મનુષ્યો રક્તા રક્તવતી નદીના કાંઠા ઉપરનાં ૭૨ બિલોમાં રહે છે.

---

*ગાથામાં બિલાઈસુમાં આદિ શબ્દ હોવાથી બિલોમાં તેમજ નદી કિનારે તેવા પ્રકારનાં રહેવા યોગ્ય બિલ સરખાં બીજાં સ્થાનોમાં ઇત્યાદિ યથાસંભવ વિચારવું. અહિં બિલ તે નદીઓની ભેખડોમાં ગુફાઓ સરખાં પોકળ સ્થાનો એવો અર્થ જાણવો, પરન્તુ એ બિલ એટલે વૈતાઢ્યપર્વતમાંની ગુફા ન જાણવી, કારણ કે વૈતાઢ્યની પાસે વનખંડ અને શાશ્વતવેદિકા હોવાથી વૈતાઢ્યગુફામાં રહેવાનું હોય નહિં,

તથા પક્ષીઓ વૈતાઢ્યપર્વત ઋષભકૂટપર્વતઆદિ સ્થાનોમાં રહે છે. એ શેષ બચેલા મનુષ્ય તથા પક્ષીઓથી પુનઃ નવિ સૃષ્ટિપરંપરા ઉત્સર્પિણીમાં વધતી જાય છે, માટે એ શેષ રહેલા મનુષ્યો અને પક્ષીઓ તે बीजमनुष्यो અને [1]बीजपक्षिओ કહેવાય ॥ ૧૦૩ ॥

अवतरणः—પૂર્વગાથામાં બીજમનુષ્યોનો જે બિલવાસ કહ્યો તે બિલનું સ્વરૂપ કહે છે—

वहुमच्छचक्कवहणइ—चउक्क पासेसु णव णव बिलाइं ।
वेअड्ढोमयपासे, चउआलसयं बिलाणेवं ॥ १०४ ॥

શબ્દાર્થ :—

वहुमच्छ–ઘણા મચ્છવાળી	वेअड्ढ उमयपासे–વૈતાઢ્યની બે બાજુએ
चक्कवह–ચક્ર જેટલા પ્રવાહવાળી	चोआलसयं–એકસો ચુમાળીશ
णइचउक्क–ચાર નદીઓના	बिलाण–બિલો
पासेसु–પડખે	एवं–એ પ્રમાણે

गाथार्थः–ઘણા મત્સ્યવાળી અને ચક્ર જેટલા પ્રવાહવાળી ચાર નદીઓને પડખે પડખે વૈતાઢ્યપર્વતની બન્ને બાજુએ ૯–૯ બિલ છે, એ પ્રમાણે ૧૪૪ બિલ જંબૂદ્વીપમાં છે ॥ ૧૦૪ ॥

विस्तरार्थः–પાંચમા આરાના પ્રાન્તભાગે ભરતક્ષેત્રની ગંગા સિંધુનદી અને ઐરવત ક્ષેત્રની રક્તા રક્તવતીનદી, એ ચારે નદીઓના પ્રવાહ–પટ ગાડાના બે ચક્રના અંતર જેટલો એટલે ગાડાના ચીલા [2]જેટલો અતિટુંકો રહે છે, અને તેમાં જળ ઘણું છીછરૂં એટલે પગલાં ડુબે એટલું જ અલ્પ રહે છે, પરન્તુ માછલાં બહુ ઉત્પન્ન થાય છે, તે નદીનું જળ જાણે માછલાંથીજ ભરેલું હોય એવું દેખાય છે. એવા પ્રકારની એ ચારે નદીઓના આઠ કાંઠે અને તે પણ વૈતાઢ્યની દક્ષિણ તરફના અને ઉત્તરતરફના એમ બન્ને પ્રવાહ ગણતાં ૧૬ કાંઠા થાય, તે પ્રત્યેક કાંઠે ૯–૯ બિલ છે, જેથી (૧૬×૯=) ૧૪૪ બિલ આ જંબૂદ્વીપમાં છે, તેમાંજ પૂર્વગાથામાં કહેલા બીજમનુષ્યો રહે છે. ॥ ૧૦૪ ॥

अवतरणः—હવે આ ગાથાઓમાં છઠ્ઠા આરાનું સ્વરૂપ કહેવાય છે—

---

૧ જેવી રીતે બીજમનુષ્યો અને બીજપક્ષીઓ કહ્યા તેવી રીતે બીજપશુઓની વાત શાસ્ત્રમાં દેખાતી નથી, માટે બીજપશુઓનો સંબંધ યથાસંભવ શ્રી બહુશ્રુતથી વિચારવો.

૨ પદ્મદ્રહ તથા પુંડરીકદ્રહમાંથી ૬। યોજન જેટલા મોટા પ્રવાહથી નિકળતી એ નદીઓના પ્રવાહ એટલા અતિઅલ્પ કેમ થઈ શકે? ઉત્તર, કુંડમાંથી નિકળતી વખતે ૬। યોજનનો પ્રવાહ છે, પરન્તુ ક્ષેત્રના તે વખતના અતિશય તાપ આદિકથી અને ભૂમિના પણ અતિ શોષણ સ્વભાવથી તે પ્રવાહ શોષાતો શોષાતો અત્યંત અલ્પ થઈ જાય છે, એમ કહ્યું છે,

पंचमसमछट्ठारे, दुकरुच्चा वीसवरिसआउणरा ।
मच्छासिणो कुरुवा, क्रूरा बिलवासि कुगइगमा ॥ १०५ ॥

શબ્દાર્થ :—

पंचमसम-પાંચમા આરાના સરખા પ્રમાણવાળા	मच्छ आसिणो-મચ્છનું ભક્ષણ કરનારા
छट्ठआरे-છઠ્ઠા આરામાં	कुरूवा-કદ્રૂપા
दुकर उच्चा-બે હાથ ઉંચા	क्रूरा-ક્રૂર હૃદયવાળા
वीसवरिसआउ-૨૦ વર્ષના આયુષ્યવાળા	बिलवासि-બિલોમાં વસનારા
णरा-મનુષ્યો	कुगइगमा-દુર્ગતિમાં જનારા

गाथार्थः—પાંચમા આરાસરખા પ્રમાણવાળા છઠ્ઠા આરામાં મનુષ્યો બે હાથ ઉંચા. વીશ વર્ષના આયુષ્યવાળા, મત્સ્યભક્ષણ કરનારા, કુરૂપવાળા, ક્રૂરચિત્તવાળા, બિલોમાં વસનારા અને મરીને દુર્ગતિમાં જનારા હોય છે ॥ ૧૦૫ ॥

विस्तरार्थः—પૂર્વની ગાથાઓમાં પાંચે આરાઓનું સ્વરૂપ કહીને હવે અવસર્પિણીનો છઠ્ઠો આરો કેવો છે? તે કહેવાય છે—

॥ છઠ્ઠા આરાના મનુષ્યો ॥

પાંચમા આરાના પર્યન્તભાગનું જે સ્વરૂપ કહ્યું તેમાંનું કેટલુંક દુઃખદસ્વરૂપ આ છઠ્ઠા આરામાં પણ ચાલુજ હોય છે, તે ઉપરાન્ત મનુષ્યોના સ્વરૂપમાં જે તફાવત છે દર્શાવે છે—આ છઠ્ઠો આરો પણ ૨૧૦૦૦ વર્ષ પ્રમાણનો એટલે પાંચમા આરા જેટલો હોય છે. એમાં મનુષ્યોનું શરીર ઉત્કૃષ્ટથી બે હાથ ઉંચું અને જઘન્યથી અંગુલના અસંખ્યાતમાભાગનું હોય છે. તથા આયુષ્ય પુરૂષોનું ૨૦ વર્ષનું અને સ્ત્રીઓનું ૧૬ વર્ષનું હોય છે. તથા ગંગાઆદિ મહાનદીઓને કાંઠે બિલોમાં વસનારા હોય છે, તે બિલોમાંથી પ્રભાતે ૧ મુહૂર્ત અને સંધ્યાકાળે ૧ મુહૂર્ત્તમાં બિલમાંથી શીઘ્ર બહાર નીકળી દોડીને નદીમાંથી માછલાં પકડીને કિનારા ઉપર લાવીને નાખે, અને તે પ્રમાણે કરીને ૧ મુહૂર્ત પૂર્ણ થયે પુનઃ શીઘ્રગતિએ બિલોમાં આવી જાય છે, મુહૂર્ત્ત ઉપરાન્ત પ્રભાતે અતિશય સૂર્યતાપ અને રાત્રે અતિશય શીત પડવાથી બિલબહાર રહી શકાતું નથી. ત્યારબાદ કિનારાની રેતીમાં નાખેલા (વા દાટેલા) મત્સ્યો દિવસના આકરા તાપથી અને રાત્રિની અતિશય ઠંડીથી શોષાઈને તેના કલેવરો રસરહિત થયે તેવા સૂકામત્સ્યોનું ભક્ષણ કરે છે, જીવતા અથવા નહિં શોષાયલા રસવાળા મત્સ્યો પચી શકે એવી તે મનુષ્યોની જઠરશક્તિ નથી, એ પ્રમાણે શુષ્કમત્સ્ય કાચબાના ભક્ષણવડે સંપૂર્ણ ૨૧૦૦૦ વર્ષપર્યન્ત પોતાની આજીવિકા ચલાવે છે.

વળી એ મનુષ્યોના શરીરના આકાર ઘણા કદરૂપા હોય છે, વળી આચારવિચાર-રહિત, માતા સ્ત્રી બેન આદિના વિવેકરહિત તિર્યંચ સરખા વ્યભિચારવૃત્તિવાળા, મોટા

નાનાની મર્યાદાવિનાના, વ્રતપ્રત્યાખ્યાનરહિત તેમજ *પ્રાયઃ ધર્મસંજ્ઞારહિત, મનુષ્યના મડદાંને પણ આહાર કરનારા, અતિક્રૂર ચિત્તવાળા એવા એ બિલવાસી મનુષ્યો મરણ-પામીને [1]વિશેષતઃ દુર્ગતિમાં (નરકગતિમાં અને તિર્યંચગતિમાં) જાય છે. ઇત્યાદિ ઘણું વર્ણન સિદ્ધાન્તથી જાણવા યોગ્ય છે. ॥ ૧૦૫ ॥

अवतरणः—આ ગાથામાં પણ એ મનુષ્યોનુંજ અવશેષ રહેલું સ્વરૂપ કહે છે.

णिल्लज्जा णिव्वसणा, खरवयणा पिअसुआइठिइरहिआ ।
थीओ छवरिसगब्भा, अइदुहपसवा बहुसुआ अ ॥ १०६ ॥

શબ્દાર્થઃ—

णिल्लज्जा–નિર્લજ્જ	थीओ–સ્ત્રીઓ
णिव्वसणा–વસ્ત્ર રહિત	छ वरिसगब्भा–છ વર્ષમાં ગર્ભધરનારી
खरवयणा–કર્કશ વચનવાળા	अइदुह–અતિદુઃખે
पिअसुआइ–પિતાપુત્રાદિકની	पसवा–પ્રસવકરનારી, જન્મઆપનારી
ठिइ रहिआ–સ્થિતિરહિત	बहु सुआ–બહુપુત્રવાળી

गाथार्थः—[એ છઠ્ઠાઆરામા મનુષ્યો] નિર્લજ્જ વસ્ત્રરહિત, કર્કશવચનવાળા, પિતાપુત્ર વિગેરેની મર્યાદા રહિત હોય છે. તથા સ્ત્રીઓ છવર્ષ વયે ગર્ભધારણકરનારી, અતિદુઃખે પ્રસવકરનારી, અને બહુ સંતાનવાળી હોય છે ॥ ૧૦૬ ॥

विस्तारार्थः—આ પિતા આ પુત્ર આ સ્ત્રી આ માતા ઇત્યાદિ વિવેકમર્યાદા રહિત હોવાથી એક બીજાની લજ્જા નહિં રાખનારા, વણાટશિલ્પના અભાવે વસ્ત્રનો પણ અભાવ હોવાથી નગ્ન ફરનારા, કર્કશવચન બોલનારા, અતિકષાયવાળા એવા એ છઠ્ઠાઆરાના [2]મનુષ્યો હોય છે. તેમાં પણ સ્ત્રીઓ શીઘ્રયૌવનવાળી અને બહુવિષયવાળી હોવાથી આયુષ્ય ૧૬ (વા ૨૦) વર્ષનું હોવા છતાં પણ ઘણા પુત્રપુત્રીઓ વાળી હોય છે. શૂ(ડુ)કરીની પેઠે ઘણાં બાળકોને સાથે લઈ ફરનારી હોય છે. વળી બાળકના જન્મવખતે પણ મહાકષ્ટ

* પ્રાયઃ કહેવાનું કારણકે છઠ્ઠા આરાના બિલવાસી મનુષ્યોમાં કોઈક સમ્યગ્દૃષ્ટિ પણ હોય છે, માટે સમ્યક્ત્વ પૂરતી ધર્મસંજ્ઞા વર્તે છે. વિરતિધર્મસંજ્ઞાનો સર્વથા અભાવ છે.

૧ વિશેષતઃ કહેવાનું કારણકે કોઈક બિલવાસી તુચ્છ ધાન્યાદિક જેવા ક્ષુદ્ર આહારને કરનાર અક્લિષ્ટ અધ્યવસાયી હોય છે, તે દેવગતિમાં પણ જાય છે, તેમજ ઉપલક્ષણથી મનુષ્યગતિમાં પણ જાય છે, તુચ્છધાન્યાદિનો સંભવ નદીની તટભૂમિઉપર હોવો સર્વથા અસંભવિત નથી.

૨ એ સર્વસ્વરૂપ ઉત્કૃષ્ટદશાએ પહોંચેલા છઠ્ઠાઆરામાં ઉત્કૃષ્ટદશાવાળું હોય, અને મધ્યમભાગમાં મધ્યમદશાવાળું હોય, અને પ્રારંભમાં ન્યૂનદશાવાળું હોય. એ પ્રમાણે કાળક્રમ પ્રમાણે હીનાધિક જાણવું પરન્તુ ૨૧૦૦૦ વર્ષ સર્વે સર્વથા એકસરખાં નહિ, ક્રમશઃ હીન હીન દશાએ હોય.

હોય છે, એવા પ્રકારના સ્ત્રી પુરુષોના સ્વરૂપથી ૨૧૦૦૦ વર્ષનો છઠ્ઠો દુઃષમદુઃષમ નામનો આરો સમાપ્ત થાય છે. ॥ ૧૦૬ ॥

अवतरण :—એ પ્રમાણે અવસર્પિણીના છએ આરાનું સ્વરૂપ કહીને હવે આ ગાથામાં તેથી ઉલટા ક્રમવાળી ઉત્સર્પિણી તથા એ બે મળીને કાળચક્ર થાય તે કહે છે—

इअ अरछक्केण वस–प्पिणि त्ति उस्सप्पिणी वि विवरीआ ।
वीसं सागरकोडा–कोडीओ कालचक्कम्मि ॥ १०७ ॥

શબ્દાર્થ :—

इअ–એ પ્રમાણે
अरछक्केण–છ આરાવડે
अवसप्पिणि–અવસર્પિણી
त्ति–[સમાપ્તિસૂચક શબ્દ].
उस्सप्पिणी वि–ઉત્સર્પિણી પણ
विवरीआ–વિપરીત સ્વરૂપવાળી
कालचक्कम्मि–એક કાળચક્રમાં

गाथार्थ :—એ પ્રમાણે છ આરાની ૧ અવસર્પિણી, અને તેથી વિપરીત સ્વરૂપવાળી છ આરાની ૧ ઉત્સર્પિણી પણ થાય છે. જેથી એક કાળચક્રમાં ૨૦ કોડાકોડિ સાગરોપમ જેટલો કાળ વ્યતીત થાય છે ॥ ૧૦૭ ॥

विस्तरार्थ :—પૂર્વે જે રીતે છ આરાનું સ્વરૂપ કહ્યું તે સર્વસ્વરૂપ ૧૦ કો૦ કો૦ સા૦ પ્રમાણની અવસર્પિણીના છ આરાનું જાણવું, અને એથી વિપરીત સ્વરૂપવાળી ઉત્સર્પિણી પણ ૧૦ કોડાકોડિ સાગરોપમ પ્રમાણની હોય છે, અને એક અવસ૦ તથા ૧ ઉત્સ૦ મળીને ૧ कालचक्र થાય છે, માટે ૧ કાળચક્ર ૨૦ કોડાકોડિ સાગરોપમ પ્રમાણનું હોય છે. હવે વિપરીત સ્વરૂપવાળી ઉત્સર્પિણી આ રીતે.

॥અવસર્પિણીથી વિપરીત ઉત્સર્પિણીના ૬ આરા ॥

१ दुःषमदुःषम आरो—આ પહેલો આરો અવસર્પિણીના છઠ્ઠાઆરા સરખો ૨૧૦૦૦ વર્ષ પ્રમાણનો અને સર્વરીતે સરખાસ્વરૂપવાળો હોય છે, પરંતુ પ્રારંભથી સમાપ્તિ સુધીમાં પ્રતિસમય વર્ણ ગંધ રસ સ્પર્શ સંસ્થાન સંઘયણ બળ આયુષ્ય વગેરે ભાવોમાં શુભતાની વૃદ્ધિ થતી જાય છે. અને પ્રાવૃડઋતુમાં, સૂર્યસંવત્સરમાં, દક્ષિણાયનમાં, અભિજીત્‌નક્ષત્રમાં, બવકરણમાં, શ્રાવણવદિ પડવાને દિવસે પહેલા મુહૂર્ત્તના પહેલાસમયે આ આરો પ્રારંભાય છે, અર્થાત્ એ સર્વ કાળભેદના પહેલા જ સમયે પ્રારંભાય છે.

२ दुःषम आरो—પૂર્વે અવસર્પિણીનો પાંચમો આરો દુઃષમ નામનો વર્ણવ્યો તેવાજ સ્વરૂપવાળો આ બીજો આરો હોય છે, પરંતુ તફાવત એ છે કે—આ બીજા આરાના પ્રારંભમાં ભરતક્ષેત્રના યો, ૫૨૬ ક. ૬ જેટલા વિસ્તારવાળું અને ૧૪૪૭૧

યોજન જેટલું દીર્ઘ પુષ્કલાવર્તનામના મહામેઘનું વાદળ પૂર્વસમુદ્રથી પશ્ચિમસમુદ્રસુધીનું પ્રગટ થાય છે, તે પુષ્કલાવર્ત મહામેઘ ગાજવીજ સહિત સાતદિવસ સુધી અખંડ મુશળ-ધારાએ વર્ષે છે, એ મહામેઘથી ભૂમિ ઉષ્ણુ હતી તે અતિશાન્ત થાય છે. એ મેઘ ૭ દિવસ વર્ષી રહ્યાબાદ ક્ષીરમહામેઘ નામનો મેઘ આકાશમાં ભરતક્ષેત્ર જેટલો સંપૂર્ણ વ્યાપ્ત થઈને સાતદિવસસુધી મુશળ સરખી મહાધારાથી અખંડ વર્ષે છે તેથી ભૂમિમાં શુભ વર્ણ ગંધ રસ સ્પર્શ ઉત્પન્ન થાય છે. તે ક્ષીરમેઘ ૭ દિવસ વર્ષી રહ્યા બાદ ઘૃતમેઘ નામનો મહામેઘ ૭ દિવસ સુધી વર્ષતાં ભૂમિમાં સ્નેહ (સ્નિગ્ધતા) ઉત્પન્ન થાય છે. ત્યારબાદ અમૃતમેઘ નામનો મહામેઘ પણ ૭ દિવસ સુધી ગાજવીજસહિત વર્ષતાં વૃક્ષ ગુચ્છ ગુલ્મ લતા આદિ અનેક પ્રકારની વનસ્પતિ ઉત્પન્ન કરે છે. ત્યારબાદ રસમેઘ નામનો મહામેઘ ગાજવીજ સહિત ૭ દિવસસુધી વર્ષીને વનસ્પતિઓમાં પાંચે પ્રકારના રસ ઉત્પન્ન કરે છે, એ પ્રમાણે પાંચપ્રકારના મેઘથી ભૂમિ વનસ્પતિયુક્ત અને બિલવાસીઓને હરવા ફરવા યોગ્ય થાય છે, ત્યારબાદ બિલવાસી મનુષ્યો [મેઘ-વર્ષા સમાપ્ત થયે] બહાર નીકળી સૃષ્ટિની અતિસુંદરતા દેખી અતિહર્ષપામીને એક બીજાને બોલાવી સર્વ ભેગા થાય છે, અને સર્વ એકત્ર થઈને વનસ્પતિઓ પ્રગટ થયેલી હોવાથી હવે વનસ્પતિનો આહાર કરવો પરંતુ માંસાહાર ન કરવો એવો નિર્ણય કરે છે, અને માંસાહાર કરે તેને પોતાના સમુદાયથી બહાર [જ્ઞાતિ બહાર] કરી તેની છાયામાં પણ ઉભા ન રહેવું એવો સામુદાયિક નિર્ણય કરે છે, એ પ્રમાણે બિલવાસીઓ હવે વનસ્પતિના આહારી થાય છે, ધીરે ધીરે ૭ એ સંઘયણ ૭ સંસ્થાન ઉત્પન્ન થાય છે, આયુષ્ય પણ વધતું વધતું ૧૩૦ વર્ષ જેટલું પર્યન્તે થાય છે. અને શરીરની ઉંચાઈ ૭ હાથ જેટલી થાય છે.

૩ દુઃષમ સુષમ આરોઃ—બીજાઆરાનાં ૨૧૦૦૦ વર્ષ વીત્યાબાદ ત્રીજો આરો પ્રવર્તે છે, તે વખતે વિશેષતામાં એજ કે–આયુષ્ય વધતું વધતું ક્રોડપૂર્વવર્ષનું થાય છે, શરીરની ઉંચાઈ ૫૦૦ ધનુષ પ્રમાણુની થાય છે, અને મરણપામીને સિદ્ધગતિમાં પણ જાય છે. યાવત્ અવસર્પિણીના ચોથા આરા સરખા સર્વભાવ પ્રગટ થાય છે. જેથી ૨૩ *તીર્થંકર ૧૧ ચક્રવર્ત્તી–૯ બળદેવ–૯ વાસુદેવ–૯ પ્રતિવાસુદેવ–૯ નારદ ઉત્પન્ન થાય છે.

૪ સુષમ દુઃષમ આરોઃ—અવસર્પિણીના ત્રીજાઆરા સરખો જાણવો. વિશેષ એ કે–બે ક્રોડાક્રોડિ સાગરોપમના ત્રણ ભાગ કરતાં ૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬⅔ સાગરોપમ

* આ ત્રીજા આરામાં ગ્રામ નગર દેશ ઇત્યાદિની ઉત્પત્તિમાટેનાં તથા લોકવ્યવહાર માટેનાં શિલ્પ અને કર્મોની ઉત્પત્તિ પહેલા જિનેશ્વર પ્રવર્તાવતા નથી, પરન્તુ ક્ષેત્રસ્વભાવે વ્યુત્પન્નબુદ્ધિવાળા લોકથી અથવા ક્ષેત્રાધિષ્ઠાતા દેવથી અથવા પૂર્વના જાતિસ્મરણાદિકવાળા પુરૂષોથી પ્રથમથીજ પ્રવર્તેલાં હોય છે, પુનઃ રાજનીતિ આદિકની પ્રવૃત્તિ પણ એ પ્રમાણે જ જાણવી, પરન્તુ કુલકરોથી નહિ. કારણ કે કુલ-કરનો કાળ ચોથાઆરાના પહેલા ત્રિભાગમાં પ્રાપ્ત થાય છે, અને તે કાળમાં કુલકરોનું પ્રયોજન નથી, એમ કહ્યું છે. વળી આ ઉત્સર્પિણીના પહેલા પદ્મનાભતીર્થંકર તે ૨૪મા તીર્થંકર સરખા છે. એ રીતે તીર્થંકરાદિકની સર્વની પરિપાટી વિપરીત અનુક્રમે યથાસંભવ જાણવી.

પ્રમાણુના પહેલા ત્રિભાગમાં રાજધર્મ–ચારિત્રધર્મ–અન્યદર્શનીયધર્મ–બાદર અગ્નિ (એ બધું) વિચ્છેદ પામશે, તથા આ પહેલાત્રિભાગમાં ૧૫ કુલકર સિવાયની સર્વવ્યવસ્થા અવસ૦ ના ચોથા આરાના છેલ્લા ત્રિભાગ સરખી પરન્તુ ઉલટા ક્રમથી યથાસંભવ વિચારીને જાણવી, કારણકે આ વખતે કુલકરોનું પ્રયોજન નથી. [અન્ય આચાર્યો ૧૫ કુલકરો પણ [1]માને છે, અને ત્રણે દંડનીતિઓ વિપરીત અનુક્રમથી પ્રવર્તતી કહે છે.] વળી આ આરાનાં પહેલાં ૮૯ પખવાડીઆં વ્યતીત થયે ૨૪ મા તીર્થંકર ઉત્પન્ન થાય છે. એક ચક્રવર્તી પણ ઉત્પન્ન થાય છે. બીજા અને ત્રીજા ભાગમાં પુનઃ યુગલિકધર્મ પ્રવર્તે છે.

૫ सुषम आरोः—અવસર્પિણીના બીજાઆરા સરખો, પરન્તુ ઉલટા ક્રમવાળો છે.

૬ सुषम सुषम आरो :—અવસર્પિણીના પહેલા આરા સરખો, પરન્તુ ક્રમ વિપરીત. એ બન્ને આરામાં યુગલિક મનુષ્યો (૬ પ્રકારના) અને યુગલતિર્યંચો જાણવા ॥ ૧૦૭ ॥ इत्युत्सर्पिणी स्वरूपम् ॥

अवतरणः—પૂર્વગાથામાં કાળચક્રનું સ્વરૂપપ્રતિપાદન કરીને હવે આ ગાથામાં સાતક્ષેત્રમાં પ્રત્યેકમાં અમુક અમુક આરાના ભાવ સદાકાળ પ્રવર્તે છે તે કહેવાય છે—

कुरुदुगि हरिरम्मयदुगि, हेमवएरण्णवइदुगि विदेहे ।
कमसो सयावसप्पिणि, अरयचउक्काइसमकालो ॥१०८॥

શબ્દાર્થઃ—

सया–સદાકાળ
अवसप्पिणि–અવસર્પિણીના
अरयचउक्काइसम–ચારઆરાનાપ્રારંભસરખો
कालो–કાળ

गाथार्थः—એ કુરૂક્ષેત્રમાં, હરિવર્ષ રમ્યક્ એ બેમાં, હૈમવત ઐરણ્યવત એ બેમાં અને મહાવિદેહમાં સદાકાળ અનુક્રમે અવસર્પિણીના ચાર આરાના પ્રારંભ સરખો કાળ હોય છે ॥ ૧૦૮ ॥

विस्तरार्थः—ભરત અને ઐરવત એ બે ક્ષેત્રમાં અવસર્પિણીના અને ઉત્સર્પિણીના છ છ આરા પ્રમાણે ભિન્નભિન્નકાળ પરાવર્તન થયા કરે છે, અને આ કહેવાતા સાત ક્ષેત્રમાં સદાકાળ સરખો કાળ રહે છે તે આ પ્રમાણે :—

૧ ઉપર કહ્યા પ્રમાણે જો કે અવસ૦ના ત્રીજા આરાના પર્યન્ત પ્રમાણે ચોથા આરાના પ્રારંભનો ત્રિભાગ વિચારતાં છેલ્લા તીર્થંકરને કુલકરપણું હોય નહિં, પરન્તુ તે સિવાયના ૧૫ કુલકરો હોય તો ઉલટક્રમે પ્રથમ ધિક્ આદિ ત્રણ દંડનીતિનો અવકાશ છે, અને જો કુલકર ન માનીએ તો સંપૂર્ણ ઉત્સર્પિણી કુલકર રહિત ગણાય છે, જેથી કુલકરો કેવળ અવસર્પિણીમાં જ થતા હશે એમ પ્રાપ્ત થાય છે, માટે અન્યમતે કુલકરોની ઉત્પત્તિ પણ વાસ્તવિક સમજાય છે.

।। સાતક્ષેત્રમાં એક સરખો કાળ ।।

દેવકુરૂ અને ઉત્તરકુરુ–એ બે ક્ષેત્રમાં સદાકાળ અવસર્પિણીના પહેલાઆરા સરખો [1]કાળ છે.

હરિવર્ષ–રમ્યક્માં–એ બે ક્ષેત્રમાં સદાકાળઅવસર્પિણીના બીજાઆરા સરખો [2]કાળ છે.
હૈમવત–હૈરણ્યવત– એ બે ક્ષેત્રમાં સદાકાળ અવસર્પિણીના ત્રીજાઆરા સરખો [3]કાળ છે.
મહાવિદેહમાં–સદાકાળ અવસર્પિણીના ચોથાઆરા[4]સરખોકાળ છે.

એ પ્રમાણે એક સરખા કાળવાળા ક્ષેત્રમાં ભૂમિસ્વરૂપ–મનુષ્યસ્વરૂપ–આયુષ્ય સંઘયણ–સંસ્થાન–ગતિ આદિ તે તે આરાના પ્રારંભકાળપ્રમાણે ઉત્કૃષ્ટભાવે જાણવાં ।।૧૦૮।।

અવતરણ :—હવે આ બે ગાથામાં ચાર વૃત્તવૈતાઢ્યનું સ્વરૂપ કહેવાય છે—

हेमवएरण्णवए, हरिवासे रम्मए अ रयणमया ।
सद्दावइ वियडावइ, गंधावइ मालवंतक्खा ।।१०९।।
चउ वट्टविअड्ढा साइ–अरुण पउमप्पभास सुरवासा ।
मूलवरि पिहुत्ते तह, उच्चते जोयणसहस्सं ।।११०।।

શબ્દાર્થ :—

सद्दावइ–શબ્દાપાતી
वियडावइ–વિકટાપાતી
गंधावइ–ગંધાપાતી
मालवंत अक्खा–માલ્યવંત નામના

---

૧ અર્થાત્ બે કુરૂમાં સુષમસુષમ નામનો પહેલો આરો છે, તેથી ત્યાંના યુગલીક મનુષ્યોનું અને તિર્યંચોનું આયુષ્ય ૩ પલ્યોપમ છે, મનુષ્યોનું ૩ ગાઉનું શરીર છે, ૪૯ દિવસ અપત્યપાલના છે, ત્રણ દિવસને અંતરે આહાર છે, ૨૫૬ પૃષ્ઠકરંડક (પાંસળીઓ) છે, અને તિર્યંચપંચેન્દ્રિયના આહારનું અંતરે બે દિવસનું છે.

૨ અર્થાત્–હરિવર્ષરમ્યક્માં બંને યુગલિકોનું ૨ પલ્યોપમઆયુષ્ય, અને મનુષ્યનું બે ગાઉનું શરીર છે. મનુષ્યોમાં ૬૪ દિવસ અપત્યપાલના અને બે દિવસને અન્તરે આહાર છે. ૧૨૮ પૃષ્ઠકરંડક છે.

૩ અર્થાત્–હેમવંત હિરણ્યવંતમાં યુગલિકોનું ૧ પલ્યોપમ આયુષ્ય, એક ગાઉનું શરીર, ૭૯ દિવસ (મનુષ્યોમાં) અપત્યપાલના, એક દિવસને અન્તરે આહાર, અને ૬૪ પૃષ્ઠકરંડક છે.

તથા એ છએ ક્ષેત્રમાં યુગલિકોને પહેલુંસંઘયણ પહેલું સંસ્થાન છે, મરીને અવશ્ય ઈશાન સુધીના દેવોમાંજ પોતાના આયુષ્યથી સમાન વા હીનઆયુષ્યવાળામાં ઉત્પન્ન થાય છે.

૪ અર્થાત્–મહાવિદેહમાં મનુષ્યો સદાકાળ ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા, ૫૦૦ ધનુષના શરીરવાળા વર્ષો સુધી અપત્યપાલના, આહારના અન્તર રહિત, અને અનિયત પૃષ્ઠકરંડકવાળા, છએ સંઘયણ અને છ સંસ્થાનવાળા, તથા મરણપામીને પાંચે ગતિમાં ઉત્પન્ન થાય છે.

वट्टवियड्ढा-વૃત્તવૈતાઢ્યપર્વત
साइ-સ્વાતીદેવ
अरुण-અરૂણદેવ
पउम-પદ્મદેવ
पभास-પ્રભાસદેવ
सुरवासा-એ દેવોના વાસવાળા
मूल उवरि पिहुत्ते-મૂળમાં અને ઉપર પહોળાઈમાં
उच्चत्ते-ઉંચાઈમાં

ગાથાર્થ :—હેમવંત હિરણ્યવંત હરિવર્ષ રમ્યક એ ચાર યુગલિકક્ષેત્રોમાં અનુક્રમે શબ્દાપાતી વિકટાપાતી ગન્ધાપાતી અને માલ્યવંત નામના ૪ વૃત્તવૈતાઢ્યપર્વતો રત્નના છે, તે ચારે ઉપર અનુક્રમે સ્વાતીદેવ-અરૂણદેવ-પદ્મદેવ અને પ્રભાસદેવના આવાસ (પ્રાસાદ) છે, એ ચાર પર્વતો મૂળમાં ૧૦૦૦ યોજન, શિખર ઉપર ૧૦૦૦ યોજન અને ઉંચાઈમાં પણ ૧૦૦૦ યોજન પ્રમાણવાળા છે, [માટે સમવૈતાઢ્ય નામ છે, અને ગોળઆકારના હોવાથી વૃતવૈતાઢ્ય નામ છે.]

વિસ્તરાર્થ :—ગાથાર્થવત્ સુગમ છે, વિશેષ એજ કે એ પર્વતો ક્ષેત્રના અતિ મધ્યભાગમાં રહેલા છે, અને એ ઉપરના અધિપતિ વ્યન્તરદેવોની રાજધાનીઓ ગીજા જંબૂદ્વીપમાં ૧૨૦૦૦ યોજન પ્રમાણની છે ॥ ૧૧૦ ॥

અવતરણ :—હવે જંબૂદ્વીપના અતિમધ્યભાગમાં મહાવિદેહક્ષેત્રને વિષે રહેલા મેરુપર્વતનું સ્વરૂપ આ ગાથાથી પ્રારંભીને કહેવાય છે—

मेरू वट्टो सहस्स-कंदो लक्खूसिओ सहस्सुवरिं ।
दसगुण भुवि तं सणवइ-दसिगारंसं पिहुलमूले ॥१११॥

શબ્દાર્થ :—

वट्टो વૃત્તઆકારવાળો
कंदो-કંદવાળો
लक्खउसिओ લાખયોજન ઉંચો
उवरिं ઉપર, શિખરસ્થાને
भुवि-ભૂમિસ્થાને
सणवइ-નેવું યોજનસહિત
तं-તે દશગુણ ઉપરાન્ત
दस इगारअंसं-અગિઆરીઆ ભાગ દશ

ગાથાર્થ :—મેરૂપર્વત વૃત્તઆકારનો, એકહજારયોજન કંદવાળો, લાખ યોજન ઉંચો, ઉપર શિખરસ્થાને ૧૦૦૦ યોજન વિસ્તારવાળો, ભૂમિસ્થાને તેથી દશગણો, અને મૂળમાં નેવુ યોજન અને અગિઆરીઆ દશ ભાગ સહિત તેટલા પ્રમાણવાળો (દશગુણો) છે ॥ ૧૧૧ ॥

વિસ્તરાર્થ :—સાત મહાક્ષેત્રોમાં પર્વતો કહેવાના પ્રસંગમાં ભરતઐરવતમાં બે દીર્ઘવૈતાઢ્યનું સ્વરૂપ પૂર્વે કહ્યું, અને હેમવંત આદિ ચારયુગલિકક્ષેત્રોના મધ્યગિરિ

ચાર વૃત્તવૈતાઢયનું સ્વરૂપ હમણાંજ ૧૦૯-૧૧૦મી ગાથામાં કહ્યું. અને હવે મહાવિદેહના મધ્યગિરિનું સ્વરૂપ કહેવાય છે.

॥ મહાવિદેહમાં મેરૂપર્વત ॥

મેરૂપર્વત એ મહાવિદેહક્ષેત્રનો મધ્યગિરિ તે વૃત્તઆકારનો છે. ઉંચાઈ મૂળમાંથી પ્રારંભીને ૧ લાખ યોજન છે, અને કંદથી (ભૂમિથી) પ્રારંભીને ૯૯૦૦૦ યોજન છે જેથી ૧૦૦૦ યોજન જેટલો ભૂમિમાં ઉંડો દટાયલો છે. તથા એનો વિસ્તાર ઉપરના ભાગમાં ચૂલિકાના સ્થાને (શિખરતલે) ૧૦૦૦ યોજન છે, ભૂમિની સપાટીસ્થાને તેથી દશગુણો એટલે દશહજાર ૧૦૦૦૦ યોજન વિસ્તાર છે, અને ભૂમિ નીચે મૂળમાં તે ૧૦ હજાર યોજન ઉપરાન્ત ૯૦ યોજન અને એક યોજનના અગિઆર ભાગ કરીએ તેવા ૧૦ ભાગ એટલે ૧૦૦૯૦$\frac{૧૦}{૧૧}$ યોજન છે. અગિઆરીઆ ભાગની ઉત્પત્તિ આગળ દર્શાવાશે ॥ ૧૧૯ ॥

अवतरण:—હવે આ ગાથામાં મેરૂપર્વતના ૩ कांड છે તે કહેવાય છે—

पुढवुवलवयरसक्कर–मयकंदो उवरि जाव सोमणसं ।
फलिहंकरययकंचण–मओअ जंबूणओ सेसो ॥११२॥

શબ્દાર્થ :

पुढवि-પૃથ્વી, માટી	फलिह-સ્ફટિકરત્ન
उवल-ઉપલ, પત્થર	अंक-અંકરત્ન
वयर-વજ્રરત્ન	रयय-રજત, રૂપું
सक्करमय-શર્કરામય, કાંકરામય	कंचणमओ-કંચનમય, સુવર્ણરૂપ
जाव-યાવત્, સુધી	जंबूणओ-જાંબૂનદ સુવર્ણમય
सोमणसं-સોમનસવન	सेसो-શેષભાગ

ગાથાર્થ —:મેરૂપર્વતની ઉપર ચઢતાં યાવત્ ભૂમિતલ સુધી માટી-પત્થર-વજ્ર અને કાંકરાવાળો ૧લો કંદ છે, બીજો કાંડ સૌમનસ વન સુધીનો સ્ફટિકરત્ન અંકરત્ન રૂપું અને સુવર્ણનો મિશ્ર છે, અને શેષભાગ [ત્રીજો કંદ] જાંબૂનદ સુવર્ણનો છે ॥ ૧૧૨ ॥

વિસ્તરાર્થ :—વિભાગ તે કાંડ કહેવાય, તેવા ત્રણ કાંડ (ત્રણ વિભાગ) મેરૂપર્વતના છે તે આ પ્રમાણે—

॥ મેરૂપર્વતના કાંડ ॥

મેરૂપર્વતના સર્વથા નીચેના મૂળભાગથી ઉપર ચઢતાં ભૂમિ (સમભૂતલ) સુધી આવીએ ત્યાં સુધીમાં ૧૦૦૦ યોજન થાય છે, તે હજારયોજન જેટલો વિભાગ ભૂમિમાં

દટાયલો હોવાથી કંદ કહેવાય, તે કંદરૂપ પહેલો કાંડ માટી પત્થર વજ્રરત્ન અને કાંકરા એ ચાર વસ્તુઓથી મિશ્ર બનેલો છે, એટલે એ વસ્તુઓ ઘણા પ્રમાણમાં છે, ॥ इति प्रथम कांड ॥

ત્યારબાદ સમભૂતલથી ૬૩૦૦૦ યોજન ઉપર સોમનસ નામનું વન છે. ત્યાં સુધીના બીજા કાંડમાં સ્થાને સ્થાને ઘણા પ્રમાણમાં સ્ફટિકરત્ન અંકરત્ન રૂપું અને સુવર્ણ હોવાથી એ બીજો કાંડ સ્ફટિકાદિ ચાર વસ્તુઓથી મિશ્ર છે. ॥ इति द्वितीय कांड ॥

ત્યારબાદ સૌમનસવનથી ઉપર ૩૬૦૦૦ યોજન ચઢતાં શિખરઉપર પંડકવન નામનું વન આવે છે, ત્યાં સુધીનો એ ત્રીજો કાંડ કેવળ જાંબૂનદ સુવર્ણનો છે, જેથી કંઈક રક્તવર્ણનો છે. અર્થાત્ એ વિભાગમાં જાંબૂનદસુવર્ણ ઘણા પ્રમાણમાં છે. ॥ इति [1]तृतीय कांड ॥

એ પ્રમાણે ૧૦૦૦ યોજનનો પહેલો, ૬૩૦૦૦ યોજનનો બીજો અને ૩૬૦૦૦ યોજનનો ત્રીજો કાંડ મળી મેરૂપર્વતની ઉંચાઇના લાખ યોજન સંપૂર્ણ થયા ॥ ૧૧૨ ॥

अवतरण :— મેરૂપર્વતના શિખર ઉપર એક ચૂલિકા છે, તે કહેવાય છે.

तदुवरि चालीसुच्चा, वट्टा मूलुवरि बार चउ पिहुला ।
वेरुलिया वरचूला सिरिभवणपमाणचेइहरा ॥११३॥

શબ્દાર્થ :—

तद् उवरि—તે મેરૂપર્વત ઉપર
चालिस उच्चा—૪૦ યોજન ઉંચી
वट्टा—વૃત્તઆકારની
मूल उवरि—મૂળમાં અને ઉપર
वेरुलिया—વૈડૂર્ય રત્નની
वर चूला—ઉત્તમ ચૂલિકા
सिरिभवणपमाण—શ્રીદેવીના ભવનપ્રમાણવાળા
चेइहरा—ચૈત્યવાળી

---

૧ એ પ્રમાણે ત્રણ વિભાગમાં ભિન્ન ભિન્ન વસ્તુઓનો બનેલો હોવા છતાં મેરૂપર્વત સુવર્ણનો ગણાય છે, તે સમભૂતલથી ઉપરના ૬૩૦૦૦ યોજન સુધીમાં પીતસુવર્ણ (સ્ફટિકાદિ ત્રણથી) વિશેષ પ્રમાણમાં હોવાથી અને ૩૬૦૦૦ યોજન સુધીમાં કંઈક રક્ત જાંબુનદ સુવર્ણ ઘણાવિશેષપ્રમાણમાં હોવાથી સુવર્ણનો કહી શકાય

પુનઃ દરેક કાંડમાં જે ચાર ચાર ને એક પદાર્થ કહ્યા તે સિવાય બીજું કંઈક જ નથી એમ સર્વથા નહીં, પરન્તુ પહેલા કાંડમાં પણ સ્ફટિકાદિ પાંચે પદાર્થ અતિઅલ્પપ્રમાણમાં હોઈ શકે છે, પરન્તુ તે ગણત્રીમાં ગણાય નહિં તેમ જ ત્રીજા કાંડમાં પણ એ જ રીતે માટી પત્થરાદિ અલ્પપ્રમાણમાં હોય, અથવા જાંબુનદસુવર્ણની મુખ્યતા ગણી હોય તો જાંબુનદનોજ કાંડ કહેવાય. ઇત્યાદિ યથાસંભવ વ્યવહારૂ રીતે વિચારવાથી કોઈપણ વિરોધ રહી શકતો નથી.

॥ मेरु पर्वतनो आकार ॥

[ગા૦ ૧૧૩ પૃ૦ ૧૬૯]



ગાથાર્થ :—તે મેરૂપર્વત ઉપર ચાલીશયોજન ઉંચી, વૃત્તઆકારની, મૂળમાં ૧૨ યોજન અને ઉપર ૪ યોજન પહોળી, વૈડૂર્ય રત્નની, અને શ્રીદેવીના ભવનસરખા પ્રમાણ યુક્ત ચૈત્યવાળી એવી ઉત્તમ ચૂલિકા (મધ્યશિખર) છે ॥ ૧૧૩ ॥

વિસ્તરાર્થ :—મેરૂપર્વતના શિખરતલ ઉપર પાંડુકવન નામના વનમાં અતિ મધ્યભાગે ઉત્તમ વૈડૂર્યરત્નની હોવાથી લીલા વર્ણવાળી, ઉંચા કરેલા ગાયના પુચ્છના આકારે મૂળમાં ૧૨ યોજન વિસ્તારવાળી, અને ત્યારબાદ ઉપર ઉપર જતાં અનુક્રમે વિસ્તાર ઘટતો જવાથી હીન હીન વિસ્તારવાળી, અને સર્વાગ્રભાગે ૪ યોજન માત્ર વિસ્તારવાળી, તથા સર્વ બાજુએ ગોળ આકારવાળી ઉંચા શિખર સરખી એક ઉત્તમ ચૂલિકા છે. અહિં ચૂલિકા એટલે શિખર જાણવું, છતાં એને શિખરોની ગણત્રીમાં ગણેલ નથી. કારણ કે મનુષ્યના મસ્તક ઉપર ચૂલાચોટલી સરખી અને તેથી ગણત્રીમાં ન લેવા યોગ્ય હોવાથી એનુ *ચૂલિકા એવું વિશેષ નામ છે.

॥ ચૂલિકા ઉપર શાશ્વત ચૈત્યગૃહ ॥

એ ચૂલિકાના અગ્રભાગે [શીર્ષ ભાગે] શ્રીદેવીના ભવનસરખા પ્રમાણવાળું એટલે ૧ ગાઉ દીર્ઘ, ૦॥ ગાઉ વિસ્તારવાળું ૧૪૪૦ ધનુષ ઉંચું અને લંબચોરસ આકારનું એક શાશ્વત જિનભુવન છે. તેમાં ૧૦૮ જિનપ્રતિમા છે, ઈત્યાદિ સર્વસ્વરૂપ પૂર્વે કહેવાયેલા જિનભવનતુલ્ય જાણવું, અહિં કેવળ દેવ દેવીઓજ શ્રી જિનપ્રતિમાનાદર્શનનો લાભ લે છે, અને વિદ્યાચારણ તથા જંઘાચારણમુનિઓ તો પંડકવન સુધી આવીને જ ઉપર ચઢવાની શકિતના અભાવે ત્યાંથી પાછા વળી જાય છે.

॥ ચૂલિકાના મધ્ય વિસ્તારનું કરણ ॥

આ કરણ જગતીના વર્ણનની ગાથાઓના વિસ્તરાર્થમાં દર્શાવ્યું છે, ત્યાંથી જાણવું, અને તે રીતિ પ્રમાણે અહિં દર યોજને $\frac{1}{5}$ યોજન ઘટતો વધતો હોવાથી જ્યારે ૨૦ યોજન ઉપર ચઢી મધ્યભાગે જઈએ તે સ્થાને વીસનો પાંચમો ભાગ ચાર યોજન બાર યોજનમાંથી ઘટાડતાં ૮ યોજન વિસ્તાર પ્રાપ્ત થાય છે. એ રીતે શીર્ષભાગથી ૨૦ યોજન ઉતરતાં ચાર યોજનના શિર્ષવિસ્તારમાં ચાર યોજન વધારતાં પણ ૮ યોજન જેટલો મધ્યવિસ્તાર પ્રાપ્ત થાય છે. આ ચૂલિકા પણ પંડકવનમાં ભૂમિસ્થાને ૧ વનખંડ અને ૧ વેદિકાવડે વીંટાયલી છે. ચૂલિકા ઉપર મનોહરસ્થાનોમાં અનેક દેવદેવીઓ ફરે છે, બેસે છે, સૂવે છે, ક્રીડા કરે છે. યાવત્ પૂર્વનું પુણ્ય અનુભવે છે.

સૌધર્મઈન્દ્રે શ્રીવીરસ્વામીને અતિઘોર ઉપસર્ગ કરનાર સંગમદેવને દેવલોક બહાર કાઢેલો છે તે સંગમદેવ પોતાની દેવાંગનાઓ સહિત આ ચૂલિકા ઉપર રહે છે. ॥૧૧૩॥

અવતરણ :—મેરૂપર્વત ઉપર શિખરસ્થાને જે પંડકવન નામનું વન છે તે કહેવાય છે.

* યદ્યપિ પૂર્વે ગણાવેલાં ૪૬૭ ગિરિશિખરો પણ પર્વતની ઉંચાઈમાં ગણ્યાં નથી, પરન્તુ ચૂલા-શિખા તુલ્ય ન હોવાથી તે શિખરોને ચૂલિકા ન કહેવાય.

चूलातलाउ चउसय, चउणवई वलयरूवविक्खंभं ।
बहुजलकुंडं पंडग-वणं च सिहरे सवेईअं ॥११४॥

શબ્દાર્થ :

ચૂલાતલાઉ—ચૂલિકાતલથી, ચૂલિકાનામૂળથી
ચઉસય ચઉણવઇ—ચારસો ચોરાણુ યોજન
વલયરૂવવિક્ખંભં—વલયવિષ્કંભવાળું
બહુજલકુંડં—ઘણા જળયુક્ત કુંડવાળું
પંડગવણં—પંડકવન
સવેઈઅં—વેદિકા સહિત

ગાથાર્થ :— ચૂલિકાના મૂળથી ૪૯૪ યોજન જેટલા વલયવિષ્કંભવાળું અને ઘણા જળસહિત કુંડોવાળું એવું, શિખર ઉપર વેદિકા સહિત પંડકવન છે, ॥ ૧૧૪ ॥

વિસ્તરાર્થ :—શિખરસ્થાને મેરૂપર્વતનો વિસ્તાર-વ્યાસ ૧૦૦૦ યોજન પ્રથમ કહેલો છે, ચૂલિકાના મૂળનો વિસ્તાર ૧૨ યોજન છે તે પણ પ્રથમ કહેવાઈ ગયો છે, અને ચૂલિકા પંડકવનના અતિમધ્યભાગમાં છે, માટે ૧૦૦૦ માંથી ૧૨ બાદ કરતાં ૯૮૮ યોજન રહ્યા, તેમાંનો એક અર્ધભાગ ૪૯૪ યોજન જેટલો પૂર્વ તરફ [વા ઉત્તર તરફ] અને બીજો ૪૯૪ યોજન જેટલો અર્ધભાગ પશ્ચિમ [વા દક્ષિણ] તરફ આવ્યો, જેથી મેરૂચૂલિકાના મૂળથી કોઈ પણ દિશાએ ૪૯૪ યોજન જેટલી પહોળાઈ વાળું વન છે, અર્થાત્ મેરૂચૂલિકાના મૂળથી ૪૯૪ યોજન જતાં વનનો અંત આવે અથવા વનના પર્યન્ત કિનારાથી ૪૯૪ યોજન સીધા અંદર આવીએ ત્યારે મેરૂની ચૂલિકા આવે. વળી, એ પંડકવન વચ્ચે ચૂલિકા આવવાથી વલય (પરિમંડળ) આકારનું છે, પરન્તુ થાળી સરખા વૃત્તઆકારનું નથી જેથી તેનો કોઇ પણ એક બાજુનો વિષ્કંભ તે वलयविक्कंभ કહેવાય. અને બે બાજુના વલયવિષ્કંભ અને વચ્ચેની ચૂલિકા એ સર્વ ગણતાં ૧૦૦૦ યોજન બાહ્ય મેરૂપર્વતના ગણાય. અર્થાત્ વનના એક બાજુના પર્યન્તભાગથી બીજી સ્હામી બાજુનો પર્યન્તભાગ ૧૦૦૦ યોજન દૂર છે, એ પ્રમાણે વલયવિષ્કંભ મેરૂચૂલિકાના મૂળથી ૪૯૪ યોજન જેટલો પ્રાપ્ત થાય છે.

એ પંડકવનમાં નિર્મળજળવાળા અનેક કુંડ છે, અને વન ચારે બાજુ વલયાકારે ફરતી વેદિકાસહિત છે, અહિં વન અને વેદિકા એ બે કહેવાનું પ્રયોજન નથી. વળી આ વનમાં બીજા જે જે પદાર્થો છે તે ગ્રંથકાર પોતે જ ગાથા તરીકે આગળ કહેશે, માટે અહિં તે વર્ણવવાનું પ્રયોજન નથી, અહિં बहुजलकुंडं એ વિશેષણથી એ વનમાં જ કુંડ છે અને બીજાં આગળ કહેવાતાં સૌમનસઆદિ વનોમાં કુંડ નથી એમ ન જાણવું, પરન્તુ સૌમનસઆદિ વનોના કુંડોથી આ વનમાં ઘણા કુંડ છે. અને વૈમાનિક દેવદેવીઓ પણ આ કુંડોમાં જળક્રીડા કરે છે. ॥ ૧૧૪ ॥

अवतरण :—પંડકવનમાં શાશ્વત જિનભવનો તથા દેવપ્રાસાદો છે તે કહેવાય છે–

पण्णासजोअणेहिं, चूलाओ चउदिसासु जिणभवणा ।
सविदिसिसक्कीसाणं, चउ वाविजुआ य पासाया ॥११५॥

શબ્દાર્થ :—

पण्णासंजोअणेहिं-પચાસ યોજન દૂર
चूलाओ-ચૂલિકાથી
सविदिसि-પોત પોતાની વિદિશિમાં
सक्कईसाणं- શકેન્દ્રના અને ઈશાનેન્દ્રના
वाविजुआ-વાપિકાઓ યુકત
पासाया-પ્રાસાદો

गाथार्थ :–ચૂલિકાથી પચાસ યોજન દૂર ચાર દિશામાં ચાર જિનભવનો છે, અને પોત પોતાની વિદિશિમાં રહેલા શક્રઈન્દ્રના અને ઈશાનેન્દ્રના ચાર ચાર વાપિકાએ યુકત ચાર પ્રાસાદ (વિદિશિમાં) છે ॥ ૧૧૫ ॥

विस्तरार्थ :—ચૂલિકાથી પૂર્વદિશામાં ૫૦ યોજન દૂર એક જિનભવન છે, તેવી રીતે બીજી ત્રણ દિશામાં પણ ૫૦-૫૦ યોજન દૂર જિનભવન છે, તથા ચાર વિદિશાઓમાં ચારે પ્રાસાદ છે તે પણ ચૂલિકાથી ૫૦ યોજન દૂર છે. ત્યાં અગ્નિકોણ અને નૈઋત્ય-કોણુના બે પ્રાસાદ દક્ષિણ દિશા તરફના હોવાથી દક્ષિણદિશિના અધિપતિ[1] સૌધર્મ ઈન્દ્રના છે, અને વાયવ્યકોણ તથા ઈશાનકોણના બે પ્રાસાદો ઉત્તરદિશિ તરફ હોવાથી ઉત્તરદિશિના અધિપતિ ઈશાનઈન્દ્રના છે એ ચૈત્યો અને પ્રાસાદોનું લંબાઈ આદિ પ્રમાણ અનન્તર (૧૧૬ મી) ગાથામાં કહેવાશે.

વળી એ દેવ પ્રાસાદો દરેક ચારદિશાએ ચારવાપિકાઓ સહિત છે, અર્થાત્ અગ્નિકોણના પ્રાસાદની ચારદિશાએ ચાર વાવડી અને વચ્ચે પ્રાસાદ. આવી રીતે એ ચારે પ્રાસાદ છે. વાવડીઓનું પ્રમાણ પણ અનંતર ગાથામાં કહેવાશે. એ પ્રમાણે પંડકવનમાં ચાર શાશ્વતજિનભવનો ચાર ઈન્દ્રપ્રાસાદ અને ૧૬ વાપિકાએ છે. વાપિકા-ઓનાં નામો જો કે શાસ્ત્રમાં કહ્યાં છે, પરન્તુ તે નામોનું અહિં કોઈ વિશિષ્ટપ્રયોજન ન હોવાથી કહ્યાં નથી, માટે જીજ્ઞાસુએ અન્યગ્રંથોથી તે નામો જાણવાં ॥ ૧૧૫ ॥

अवतरण :—પૂર્વગાથામાં કહેલા પંડકવનમાંના ચૈત્યો અને પ્રાસાદોનું પ્રમાણ કહેવાય છે—

कुलगिरिचेइहराणं, पासायाणं चिमे समटुगुणा ।
पणवीसरुंददुगुणा-यामा उ इमा उ वावीओ ॥११६॥

---

૧ જિનજન્માદિ પ્રસંગે મેરૂપર્વત ઉપર આવેલા સૌધર્મઈન્દ્રને ઈચ્છા થાય તો આરામ કરવા માટે એ પ્રાસાદ ઉપયોગી છે, તેવી રીતે ઈશાનેન્દ્રને પોતાના બે પ્રાસાદ પણ ઉપયોગી છે,

શબ્દાર્થ :—

च इमे—વળી આ	पणवीस रूंद—પચીસ યોજના વિસ્તારવાળી
सथअट्ठगुणा—સરખા અને આઠગુણા	दुगुण आयामा–(વિસ્તારથી) દ્વિગુણ લાંબી

ગાથાર્થ :—કુલગિરિ ઉપરનાં ચૈત્યોથી આ ચૈત્યો સરખા પ્રમાણવાળાં છે. અને ત્યાંના પ્રાસાદોથી આ પ્રાસાદો આઠગુણા પ્રમાણવાળા છે, તથા આ વાપિકાઓ પચીસ યોજન વિસ્તારવાળી અને તેથી બમણી એટલે પચાસ યોજન લાંબી છે ॥ ૧૧૬ ॥

વિસ્તરાર્થ :—છ [1]વર્ષધરપર્વતો ઉપર પૂર્વદિશામાં સમુદ્ર પાસે આવેલા સિદ્ધાયતન કૂટો ઉપર જે શાશ્વતજિનભવનો ૫૦ યોજન દીર્ઘ ૨૫ યોજન વિસ્તૃત અને ૩૬ યોજન ઉંચાં છે. તેનાં સરખાં જ આ ચૈત્યો પણ એટલા જ સમાન પ્રમાણવાળાં લંબચોરસ આકારનાં છે, તથા તે છ વર્ષધરો ઉપર આવેલા શેષ કૂટો (શિખરો) ઉપર જે કૂટાધિપતિદેવના પ્રાસાદો છે, તે પ્રાસાદોથી આઠગુણા પ્રમાણવાળા આ વનમાંના પ્રાસાદો છે, તે આ પ્રમાણે—

કુલગિરિપ્રાસાદ ૧૨૫ ગાઉ સમચોરસવિસ્તારવાળા અને બમણા એટલે ૨૫૦ ગાઉ ઉંચા છે, તેથી તેને આઠે ગુણતાં પંડકવનના ઇન્દ્રપ્રાસાદો ૧૦૦૦ ગાઉ એટલે ૨૫૦ યોજન સમચોરસ વિસ્તારવાળા છે, અને ૫૦૦ યોજન ઉંચા છે.

તથા પ્રાસાદોની ચારે દિશાની ૧૬ [2]વાપિકાઓ દરેક ૨૫ યોજન પહોળી અને ૫૦ યોજન લાંબી છે. જેથી લંબચોરસ આકારવાળી છે ॥ ૧૧૬ ॥

अवतरण :—મેરૂપર્વતના પંડકવનમાં શ્રીજિનેન્દ્રોના જન્માભિષેક કરવા યોગ્ય ચાર શિલાઓ છે, તે શિલાઓનું સ્વરૂપ (ત્રણ ગાથામાં) કહેવાય છે.

શબ્દાર્થ :—

जिणहरबहिदिसिजोअण–पणसयदीहद्धपिहुल चउउच्चा ।
अद्धससिसमा चउरो, सियकणयसिला सवेईआ ॥११७॥

जिणहर—જિનભવનથી	अध्धससिसमा— અર્ધ ચંદ્રસરખી
बहिदिसि—બહારની દિશાએ	सियकणयसिला—શ્વેત કનકની (અર્જુન સુવર્ણની) શિલાઓ
अद्ध पिहुल—તેથી અર્ધ વિસ્તારવાળી	

ગાથાર્થ :—જિનભવનથી બહારની દિશામાં પાંચસો યોજન દીર્ઘ, તેથી અર્ધા વિસ્તારવાળી, ચાર યોજન ઉંચી, અને અર્ધચંદ્રસરખા આકારવાળી શ્વેતસુવર્ણની ચાર શિલાઓ વેદિકા સહિત છે [વેદિકા અને વન સહિત છે.] ॥ ૧૧૭ ॥

---

૧ વર્ષધર અથવા કુલગિરિ એ બે એકાર્થવાચક શબ્દ છે,

૨ એ ચૈત્યો પ્રાસાદો તથા વાપિકાઓ સર્વે રત્નમય અને શાશ્વતીજ છે, વાપિકા ૧૦ યોજન ઉંડી છે,

विस्तरार्थ :—ચાર દિશામાં ચાર જિનભવનો ચૂલિકાથી ૫૦ યોજન દૂર છે, તે જિનભવનોથી બહારની દિશાએ એટલે ભરતાદિક્ષેત્રોની સન્મુખ તથા જિનભવન અને વનનો અન્તભાગ એ બેની મધ્યમાં ૪૧૯ યોજન જેટલા બાકીના વિષ્કંભમાં મધ્યભાગે ચાર દિશામાં ચાર શિલાઓ છે, તે દરેક ૫૦૦ યોજન દીર્ઘ અને ૨૫૦ યોજન વિસ્તારવાળી તથા ૪ યોજન ઉંચી અથવા જાડી છે. તેનો આકાર અષ્ટમીના અર્ધચંદ્ર સરખો છે. એ ચારે શિલાઓ શ્વેતવર્ણના સુવર્ણની એટલે [1]અર્જુનસુવર્ણની છે, અને દરેક શિલાની ચારે બાજુ વન અને વનને ફરતી વેદિકા છે. એ વન અને વેદિકાનું સ્વરૂપ પણ જંબૂદ્વીપની જગતીની વેદિકાસરખું જાણવું.

વળી આ ચારે શિલાઓ અર્ધચંદ્ર આકારની હોવાથી દરેક શિલાનો વક્રભાગ (અર્ધવૃત્તભાગ અથવા વક્રપરિધિ) ચૂલિકા સન્મુખ છે, અને ઋજુતા (સીધો છેડો) પોતપોતાના ક્ષેત્રસન્મુખ બાહ્યદિશિએ છે. ચારે દિશાએ ચારે તોરણ [શિલા ઉપર ચઢવાના દ્વાર સરખા ભાગ] છે. દરેક તોરણે ત્રિસોપાન (ત્રણ ત્રણ પગથીયાના ચઢાવ) સહિત છે. વળી અર્ધચંદ્રઆકારે હોવાથી મધ્યભાગમાં જ ૨૫૦ યોજન વિસ્તારવાળી છે, અને ત્યારબાદ બન્ને બાજુએ ન્યૂન ન્યૂન વિસ્તારવાળી થતી પર્યન્ત ભાગે અતિસંકીર્ણ (સાંકડી) છે, અથવા શિલાઓ ધનુષ આકારે પણ ગણાય, તેથી શિલાઓનું ધનુઃપૃષ્ઠ (કામઠી ભાગ) ચૂલિકા તરફ અને જીવા (દોરી) ક્ષેત્રો તરફ છે. તથા મધ્ય ભાગનો ઇષુ વિષ્કંભ ૨૫૦ યોજન છે.

એ ચારે શિલાઓનો ઉપરનો ભાગ બહુ રમણીય સપાટભૂમિવાળો છે. તે ઉપર અનેક (ચારે નિકાયના) દેવદેવીઓ બેસે છે, સૂએ છે, ક્રીડા કરે છે, ઇત્યાદિ અનેક રીતે આનંદ કરી પોતાના પૂર્વનું પુણ્ય અનુભવે છે ॥ ૧૧૭ ॥

अवतरण :—હવે આ બે ગાથાઓમાં એ ચારે શિલાઓનાં નામ તથા તે ઉપરનાં સિંહાસનો વિગેરેનું સ્વરૂપ કહેવાય છે.

सिलमाणद्धसहस्सं—समाण सीहासणेहिं दोहि जुआ ।
सिल पंडुकंबला रत्त—कंबला पुव्वपच्छिमओ ॥ ११८ ॥

जामुत्तराओ ताओ, इगेगसीहासणाओ अइपुव्वा ।
चउसुवि तासु निआसण—दिसिभवजिणमज्जणं होइ ॥ ११९ ॥

---

૧. ઘણા ગ્રંથોમાં ચાર શિલાઓ ચાર વર્ણની જૂદી જૂદી કહી છે, ત્યાં પૂર્વદિશામાં અર્જુન સુવર્ણની સર્વથા શ્વેતવર્ણની, દક્ષિણ શિલાપણ અર્જુનસુવર્ણની, તો પણ કિંચિત્ કમળગર્ભસરખા શ્વેતવર્ણની. પશ્ચિમદિશામાં તપનીયસુવર્ણની રક્તવર્ણની; અને ઉત્તરે રક્તસુવર્ણની જેથી બે શ્વેતવર્ણ અને બે રક્તવર્ણ છે

શબ્દાર્થ :—

सिलमाण–શિલાના પ્રમાણથી
अट्ठ सहस्स अंसमाण–આઠ હજારમાં ભાગ પ્રમાણ
सीहासणेहिं देहिं–બે સિંહાસનોએ
जुआं–યુક્ત
सिला–શિલા
पंडुकंबला–પાંડુકંબલા નામની
रत्तकंबला–રક્તકંબલા નામથી
पुव्व पच्छिमओ–પૂર્વમાં અને પશ્ચિમમાં,

जामउत्तराओ–દક્ષિણ અને ઉત્તરની
ताओ–તે બે શિલાઓ
इक्केक्कसीहासणाओ–એકેક સિંહાસનવાળી
अइपुव्वा–"અતિ" શબ્દપૂર્વક
चउसुवि तासु–ચારે શિલાઓ ઊપર
निअआसणदिसिभव–પોતાના આસન તરફની દિશિમાં ઉત્પન્ન થયેલા
जिणमज्जणं–જિનેન્દ્રોનું મજ્જનસ્નાત્ર.

ગાથાર્થઃ—શિલાના પ્રમાણથી આઠ હજારમા ભાગના પ્રમાણવાળાં બે બે સિંહાસનો સહિત પૂર્વદિશાની પાંડુકંબલા શિલા, અને પશ્ચિમદિશાની રક્તકંબલા શિલા છે ॥ ૧૧૮ ॥

દક્ષિણદિશાની ઉત્તરદિશાની તેવીજ શિલાઓ એકેક સિંહાસનવાળી અને 'અતિ' પૂર્વક નામવાળી છે (જેથી પૂર્વે અતિ જોડતાં અતિપાંડુકંબલા અને અતિરક્તકંબલા એવા નામવાળી છે) તે ચારે શિલાઓ ઉપર પોતપોતાના આસનની (સિંહાસનની) દિશિ તરફના ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલા જિનેશ્વરોનો જન્માભિષેક થાય છે ॥ ૧૧૯ ॥

વિસ્તરાર્થઃ—હવે એ ચારે શિલાઓ ઉપરનાં સિંહાસનઆદિ સ્વરૂપ આ પ્રમાણે

॥ પંડકવનની ૪ અભિષેક શિલા ઉપર ૬ સિંહાસન ॥

મેરૂની ચૂલિકાથી પૂર્વદિશામાં पांडुकंबला નામની અર્જુનસુવર્ણની શ્વેતવર્ણી શિલા છે, અને પશ્ચિમદિશામાં रत्तकंबला નામની શિલા છે. તે બન્ને શિલાઓ ૫૦૦ યોજન દીર્ઘ અને ૨૫૦ યોજન મધ્યવિસ્તારવાળી અને ૪ યોજન ઉંચી છે, માટે તેના ૮૦૦૦માં ભાગે ૫૦૦ ધનુષ દીર્ઘ અને ૨૫૦ ધનુષ વિસ્તારવાળાં અને ૪ ધનુષ ઉંચાં બે બે સિંહાસનો છે, જેમાં એક સિંહાસન ઉત્તર તરફ અને બીજું સિંહાસન દક્ષિણ તરફ હોય છે, પરન્તુ સિંહાસનનાં મુખ વિજયો તરફ હોય છે.

તથા દક્ષિણદિશામાં अतिपांडुकम्बला નામની અને ઉત્તરદિશામાં अतिरक्तकंबला નામની શિલા છે, તે બે શિલાઓ ઉપર પૂર્વોક્ત પ્રમાણવાળું એક એક સિંહાસન છે તે શિલાના મધ્યભાગમાં છે. તથા દક્ષિણ શિલા ઉપરના સિંહાસનનું મુખ ભરત ક્ષેત્ર તરફ અને અને ઉત્તર શિલા ઉપરના સિંહાસનનું મુખ ઐરવત ક્ષેત્ર તરફ છે.

॥ સિંહાસનો ઉપર સ્વદિશિના જિનનો જન્માભિષેક ॥

એ દરેક સિંહાસન ઉપર સ્વસ્વદિશિ તરફના જિનેશ્વરોનો જન્માભિષેક થાય છે તે આ પ્રમાણે—પૂર્વ દિશિની શિલા ઉપર ત્યાં બે સિંહાસનોમાં જે એક સિંહાસન શિલા ઉપર ઉત્તર દિશામાં છે તે ઉપર પૂર્વ મહાવિદેહ ક્ષેત્રની સીતા મહાનદીના

॥ मेरुना शिखर उपर पंडकवन ॥

[गा० ११९ पृ० १७६



ઉત્તર કીનારે આવેલી ૮ વિજયોમાં જન્મેલા જિનેશ્વરોનો (એક સમયે એક જ જિનેશ્વરનો) જન્માભિષેક થાય છે, અને દક્ષિણદિશિમાં રહેલા સિંહાસન ઉપર સીતા મહાનદીના દક્ષિણ કિનારાની ૮ વિજયોમાં જન્મેલા જિનેશ્વરનો જન્માભિષેક થાય છે. થાય છે. એ પ્રમાણે પશ્ચિમ શિલા ઉપરનાં બે સિંહાસનોમાં પણ જે એક સિંહાસન શિલા ઉપર ઉત્તર દિશામાં છે તે ઉપર પશ્ચિમ મહાવિદેહમાંની સીતોદા મહાનદીના ઉત્તર કિનારે આવેલી આઠ વિજયોમાં જન્મેલા જિનેશ્વરોનો જન્માભિષેક થાય છે. અને દક્ષિણ તરફના સિંહાસન ઉપર સીતોદાના દક્ષિણ કિનારાપરની ૮ વિજયોમાં જન્મેલા જિનેશ્વરોનો જન્માભિષેક થાય છે.

તથા દક્ષિણદિશાની શિલા ઉપરના દક્ષિણ મુખી સિંહાસન ઉપર ભરત ક્ષેત્રમાં જન્મેલા જિનેશ્વરોના અને ઉત્તર દિશાની શિલા ઉપરના ઉત્તરાભિમુખી સિંહાસન-ઉપર ઐરવત ક્ષેત્રમાં જન્મતા જિનેશ્વરોના જન્માભિષેક થાય છે.

વળી જંબૂદ્વીપમાં સમકાળે ૨ અને ૪ જિનેશ્વરોથી અધિકજિનેશ્વરોનો જન્મ થતો નથી, તેથી ૬ સિંહાસનોથી વધુ સિંહાસનો ઉપયોગી પણ ન હોય ત્યાં એક

સમયે ૨ જિનેશ્વર જન્મે ત્યારે ભરતમાં અને ઐરવતમાં તથા એક સમયે ૪ જિનેશ્વર જન્મે ત્યારે મહાવિદેહમાં જન્મે પુન: મહાવિદેહમાં જન્મે ત્યારે ભરત ઐરવતમાં નહિ, અને ભરત ઐરાવતમાં જન્મે ત્યારે મહાવિદેહમાં જિનજન્મ હોય નહિં, કારણ કે જિનેશ્વરોના જન્મ મધ્યરાત્રે હોય છે, તેથી ભરત ઐરવતમાં મધ્યરાત્રિ હોય ત્યારે મહાવિદેહમાં દિવસ હોય છે, અને મહાવિદેહમાં મધ્યરાત્રિ હોય ત્યારે ભરત ઐરવતમાં દિવસ હોય, એ રીતે કાળવિપર્યય છે, માટે જન્મવિપર્યય પણ છે.

એ છએ સિંહાસનોનું સ્વરૂપ સિદ્ધાન્તમાં કહ્યા પ્રમાણે તોરણ આદિ સહિત દેવ સિંહાસન તુલ્ય જાણવું, પરન્તુ ઉપરના ભાગમાં ખુલ્લું આકાશ હોવાથી વિયજ દુષ્ય [ચંદ્રવો] નથી.

अवतरण :—હવે મેરૂપર્વતના સોમનસવનનું સ્વરૂપ કહેવાય છે—

सिहरा छत्तीसेहिं सहसेहिं मेहलाइ पंचसए ।
पिहुलं सोमणसवणं, सिलविणु पंडगवणसरिच्छं ॥ १२० ॥

॥ मेरु पर्वतमां सोमनस वन ॥

गा० १२० पृ० १७८



શબ્દાર્થ :—

सिहरा—મેરૂ શિખરથી	पिहुलं—પહોળાઈવાળું
छत्तिसेहिं सहसेहिं—૩૬૦૦ યોજન નીચે	सोमणसवणं—સોમનસવન
मेहलाई—મેખલા સ્થાને, મેખલામાં	सिलविणु—ચાર શિલા વિના
पंचसए—પાંચસો યોજન વિસ્તારવાળી	पंडगवण सरिच्छं—પંડકવન સરખું

गाथार्थ :—મેરૂપર્વતના ઉપરના શિખરતલથી નીચે છત્રીસ હજાર યોજન દૂર ઉતરીએ ત્યાં પાંચસો યોજન પ્રમાણની મેખલામાં પાંચસો યોજન પહોળું સોમનસ નામનું વન છે, તે શિલારહિત સર્વ રીતે પંડુકવન સરખું છે [અર્થાત્ અહિં ચાર શિલા નથી] ॥ ૧૨૦ ॥

विस्तरार्थ :—હવે આ ગાથામાં ઉપરથી બીજું અને નીચેથી ત્રીજું સોમનસવન કહેવાય છે—

॥ પંડકવનથી ૩૬૦૦૦ યોજન નીચે सौमनसवन ॥

પંડકવનથી એટલે મેરૂપર્વતના શિખરતલથી નીચે ૩૬૦૦૦ યોજન ઉતરીએ ત્યાં એક મેખલા પાંચસો યોજનના ચક્રવાલ વિષ્કંભવાળી આવે છે, એ મેખલાનો એક બાજુનો વલયવિષ્કંભ પાંચસો યોજન સંપૂર્ણ છે, તેવો જ સ્હામી બાજુનો બીજો વલયવિષ્કંભ પણ ૫૦૦ યોજન છે, અને એ બે વલયવિષ્કંભના વચ્ચે ૩૨૭૨ $\frac{૮}{૧૧}$ યોજન વિષ્કંભવાળો મેરૂપર્વત છે, જેથી મેખલાના એક છેડાથી બીજા છેડાસુધીમાં બાહ્ય મેરૂપર્વત ૪૨૭૨$\frac{૮}{૧૧}$ વિષ્કંભનો છે. એ મેખલા તેજ સોમનસ વનરૂપ છે, એનું સ્વરૂપ શિલારહિત પંડકવન સરખું છે. એટલે ચાર દિશીએ ચાર જિનભવનો અભ્યન્તર મેરૂથી ૫૦ યોજન દૂર છે, અને ચાર વિદિશામાં ઇંદ્રપ્રાસાદો પણ તેટલે જ દૂર છે, દરેક ઇંદ્રપ્રાસાદ ચાર દિશિમાં ચાર વાપિકાયુક્ત છે, ઇત્યાદિ સર્વસ્વરૂપ પંડકવનસરખું કહેવું, પરન્તુ વિશેષ એ કે–આ વનમાં પંડકવન જેવી ચાર શિલાઓ નથી.

अवतरण:-હવે એ સોમનસવનની મેખલાસ્થાને અભ્યન્તરમેરૂપર્વતનો અને બાહ્ય મેરૂપર્વતનો વિષ્કંભ કેટલો ? તે આ ગાથામાં કહેવાય છે :—

तब्बाहिरिविक्खंभो, बायालसयाइं दुसयरिजुआइं ।
अट्ठगारसभागा, मज्जे तं चेव सहसूणं ॥ १२१ ॥

શબ્દાર્થ :—

तद् बाहिरि-તે વનનો બહારનો	अट्ठ इगारसभागा-અગિઆરીઆ આઠભાગ
बायालसयाइ-બેંતાલીસ સો	तं-તે બાહ્યવિષ્કંભ
दुसयरि जुआइ-બ્હોતર યુક્ત	सहसउणं-હજારયોજન ન્યૂન

ગાથાર્થઃ—તે સૌમનસવનનો બાહ્યવિષ્કંભ બેંતાલીસસો બ્હોત્તર યોજન અને અગીઆરિઆ આઠભાગ જેટલો છે, અને મધ્યમાંનો-અભ્યન્તર વિષ્કંભ એજ બાહ્ય-વિષ્કંભમાંથી હજારયોજન ન્યૂન કરીએ તેટલો છે. (૩૨૭૨$\frac{૮}{૧૧}$ યોજન છે.) ॥૧૨॥

विस्तरार्थः—એ સોમનસવનની મેખલામાં અતિમધ્યભાગે મેરૂપર્વત છે, તે अभ्यन्तरमेरू કહેવાય, અને એ અભ્યન્તરમેરૂની ચારે બાજુ વલયાકારે ફરતું સોમનસવન છે, તે ૫૦૦ યોજન વલયવિષ્કંભવાળું છે. અથવા અભ્યન્તરમેરૂની સર્વબાજુ વલયાકારે વીંટાયલી ૫૦૦ યોજન પહોળી મેખલા છે, અને તે મેખલામાં સોમનસવન સંપૂર્ણવ્યાપ્ત હોવાથી વન પણ ૫૦૦ યોજન પહોળું છે. વળી એ મેખલા તે પણ નીચેથી ઉપર આવતો મેરૂપર્વતનોજ એક સપાટભૂમિભાગ છે. જેથી વનનો બન્ને પર્યન્તભાગ સુધીમાંનો જે મેરૂ તે बाह्यमेरु કહેવાય, માટે અહીં અભ્યન્તરમેરૂનો જે વિષ્કંભ હોય તેમાં વનનો બે બાજુનો વિષ્કંભ ઉમેરતાં બાહ્યમેરૂનો પણ વિષ્કંભ પ્રાપ્ત થાય છે, જેથી અહીં સોમનસવનની મેખલામાં અભ્યન્તરમેરૂ ૩૨૭૨$\frac{૮}{૧૧}$ યોજન છે. અને વનના બે બાજુના ૫૦૦-૫૦૦ યોજન ઉમેરીએ તો ૪૨૭૨$\frac{૮}{૧૧}$ યોજન બાહ્યમેરૂનો વિષ્કંભ આવે અથવા બાહ્યમેરૂના ૪૨૭૨$\frac{૮}{૧૧}$ વિષ્કંભમાંથી વનના ૧૦૦૦ યોજન બાદ કરીએ તો અભ્યન્તર-મેરૂનો ૩૨૭૨$\frac{૮}{૧૧}$ વિષ્કંભ આવે.

॥ મેરૂપર્વતની $\frac{૧}{૧૧}$ ભાગની હાનિવૃદ્ધિ. ॥

અહિં સોમનસવનની મેખલામાંનો મધ્યવર્તી મેરૂ ૩૨૭૨$\frac{૮}{૧૧}$ કહ્યો તે મેરૂની $\frac{૧}{૧૧}$ ભાગની હાનિવૃદ્ધિના કારણથી છે, તે હાનિવૃદ્ધિ આ પ્રમાણે છે—

મેરૂપર્વત સમભૂતલસ્થાને ૧૦૦૦૦ (દશહજાર) યોજન વિસ્તારવાળો છે. અને શિખરસ્થાને ૧૦૦૦ યોજન વિસ્તારવાળો છે, જેથી ૧૦૦૦૦માંથી ૧૦૦૦ બાદ કરતાં શેષ ૯૦૦૦ યોજન રહ્યા તેને મેરૂથી [સમભૂતલથી શિખર સુધીની] ૯૯૦૦૦ યોજન વડે ભાગતાં પ્રથમ બન્ને રકમની ત્રણ ત્રણ શૂન્ય અપવર્તતાં $\frac{૯૦૦૦}{૯૯૦૦૦}=\frac{૯}{૯૯}$ યોજન તેને ૯થી છેદાપવર્તન કરતાં $\frac{૧}{૧૧}=\frac{૧}{૧૧}$ આવ્યા. જેથી એક અંગુલાદિક ઉપર ચઢતાં $\frac{૧}{૧૧}$ અંગુલા-ઘટે, અને ઉપરથી ઉતરતાં એટલું જ વધે. એ પ્રમાણે સોમનસવન સમભૂમિથી ૬૩૦૦૦

```
૧૧) ૬૩૦૦૦ (૫૭૨૭ યોજન
     ૫૫
     ---
     ૦૮૦
     ૭૭
     ---
     ૩૦          = ૫૭૨૭ ૩/૧૧ યોજન
     ૨૨
     ---
     ૮૦
     ૭૭
     ---
     ૦૩ યોજન શેષ.
    ૧૦૦૦
બાદ ૫૭૨૭–૩
     ----------
યો. ૪૨૭૨–૮ બાહ્યમેરૂ સૌમનસમેખલાએ
યો. ૧૦૦૦  વનનો બે બાજુનો વિસ્તાર બાદ
     ----------
    ૩૨૭૨–૮ અભ્યન્તરમેરૂનો વિષ્કંભ
```

યોજન ઉપર ચઢતાં આવે છે માટે ૬૩૦૦૦ ને ૧૧ વડે ભાગતાં એ આવેલા ૫૭૨૭ યો. અને અગિઆરીઆ ૩ ભાગને સમભૂમિ સ્થાનવર્તી મેરૂના ૧૦૦૦૦ યોજનમાંથી બાદ કરતાં ૪૨૭૨ યોજન અને અગિઆરીઆ ૮ ભાગ આવ્યા. અને તેમાંથી ૧૦૦૦ યોજન બે બાજુના મળીને સોમનસવનના બાદ કરતાં ૩૨૭૨–૮ અભ્યન્તરમેરૂનો વિસ્તાર પ્રાપ્ત થયો એ રીતે નંદનવનમાં પણ બે વિષ્કંભ ગણાશે.

અથવા શિખરથી નીચે ૩૬૦૦૦ યોજન ઉતરતાં સોમનસ વન આવે છે માટે ૩૬૦૦૦ને ૧૧ વડે ભાગતાં ૩૨૭૨ યોજન ૮ ભાગ આવે એજ અભ્યન્તરમેરૂનો વિષ્કંભ જાણવો. અને તેમાં બે બાજુનો વનવિષ્કંભ ૧૦૦૦ યોજન ઉમેરતાં યો. ૪૨૭૨ ભા. $\frac{૮}{૧૧}$ તે બાહ્યમેરૂનો વિષ્કંભ જાણવો. એ રીતે આગળ કહેવાતા નંદનવનમાં પણ બે વિષ્કંભ ગણવા. એ રીતે દરેક યોજને $\frac{૧}{૧૧}$ (એક અગિઆરાંશ યોજન એટલે એક યોજનના અગિઆર ભાગ કરીએ તેમાંના ૧ ભાગ) જેટલી હાનિવૃદ્ધિ મેરૂપર્વતની જાણવી.

॥ મેરૂની હાનિવૃદ્ધિ કર્ણગતિને અનુસારે. ॥

ઉપર કહેલી $\frac{૧}{૧૧}$ ની હાનિ અથવા વૃદ્ધિ તે કર્ણગતિએ વિચારવી એટલે સમભૂતલથી શિખર સુધી દોરી લગાડીને ગણવી, જેથી એ દોરીની સપાટીથી જ્યાં જ્યાં ન્યૂન મેરૂ હોય એટલે આકાશ માત્ર હોય તોપણ તે આકાશને મેરૂપર્વત તરીકે ગણવું, અને અધિક નીકળેલો ભાગ આકાશતરીકે ગણવો, જેથી વનની મેખલાઓમાં થતી એકસામટી ઘણી હાનિ હોવા છતાં પણ વિરોધ ગણાય નહિં. કેવળ મેરૂપર્વતને અંગેજ નહિં પરન્તુ દરેક પર્વતકૂટ આદિકની હાનિવૃદ્ધિઓ સર્વત્ર કર્ણગતિ પ્રમાણેજ વિચારવી ॥ ૧૨૧ ॥

અવતરણઃ—હવે આ ગાથામાં સોમનસવનથી નીચે આવેલા નંદનવનનું સ્વરૂપ કહે છે.

तत्तो अट्ठदुसट्ठी–सहसेहिं णंदणंपि तह चेव ।
णवरि भवणपासायं–तरट्ठदिसिकुमरिकूडा वि ॥ १२२ ॥

શબ્દાર્થઃ—

तत्तो–તે સોમનસવનથી
सड्ढदुसट्ठीसहसेहिं–સાડી બાસઠ હજાર યોજન નીચે
णंदणं अपि–નંદનવન પણ
तह चेव–તેવાજ પ્રકારનું છે.

णवरि–પરન્તુ વિશેષ એ કે
भवणपासायअंतर–જિનભવન અને પ્રાસાદના આંતરામાં
अट्ठ–આઠ
दिसिकुमरि–દિશાકુમારીઓનાં
कूडा अवि–કૂટ પણ છે.

ગાથાર્થઃ—ત્યારબાદ તે સૌમનસવનથી સાડીબાસઠહજાર યોજન નીચે નન્દનવન છે, તે પણ તેવાજ પ્રકારનું છે, પરન્તુ વિશેષ એ છે કે–જિનભવન અને પ્રાસાદ એ બેના આંતરે આંતરે એકેક મળી દિશાકુમારીઓનાં આઠ ગિરિકૂટ છે. ॥ ૧૨૨ ॥

વિસ્તરાર્થઃ—હવે મેરૂપર્વતઉપરના નંદનવનનું સ્વરૂપ કહેવાય છે તે આ પ્રમાણે છે

॥ સમભૂમિથી ૫૦૦ યોજન ઉપર મેરૂપર્વતમાં નન્દનવન ॥

સોમનસવનથી નીચે ૬૨૫૦૦ યોજન ઉતરીએ ત્યાં અથવા મેરૂની સમભૂતલ પૃથ્વીથી (નીચેના ભૂમિતલથી) ઉપર ૫૦૦ યોજન ચઢીએ ત્યાં નન્દનવન નામનું સુંદર વન આવે છે, તે પણ સૌમનસવન સરખું છે, એટલે નંદનવનમાં અભ્યન્તર-મેરૂથી ૫૦ યોજન દૂર ચારે દિશામાં ચાર જિનભવન છે, અને ચાર વિદિશાઓમાં સ્વદિશિઇન્દ્રના ચાર દેવપ્રાસાદ ચાર દિશાએ ચાર ચાર વાવડી સહિત છે, (જેમાં દક્ષિણતરફના બે પ્રાસાદ સૌધર્મઇન્દ્રના અને ઉત્તરતરફની બે વિદિશાના બે પ્રાસાદ ઇશાનઇન્દ્રના છે.) એ પ્રાસાદો તથા જિનભવનોનું પ્રમાણ પંડકવનમાં કહેલા જિન-ભવન અને પ્રાસાદો સરખું–તુલ્ય જાણવું. તથા નન્દનવનનો કોઇપણ બાજુનો વલય-વિષ્કંભ (વનવિસ્તાર) સંપૂર્ણ ૫૦૦ યોજન છે, વળી આ નન્દનવન તે મેરૂપર્વતની પહેલી મેખલા કહેવાય.

॥ નંદનવનમાં ઊર્ધ્વલોકની ૮ દિશાકુમારીઓ ॥

આ નંદનવનમાં ૪ જિનભવન અને ૪ ઇન્દ્રપ્રાસાદોના આઠ આંતરામાં એકેક કૂટ ૫૦૦–૫૦૦ યોજન ઊંચું ૫૦૦ યોજન મૂળવિસ્તાર અને ૨૫૦ યોજન શિખર વિસ્તારવાળું છે, તે દરેક કૂટ [1]ઉપર એકેક દિશાકુમારીનો નિવાસ છે, જેથી આઠ આંતરમાં આઠ દિશાકુમારીઓ રહે છે. તેનો અનુક્રમ આ પ્રમાણે–

---

૧ ચારસો સડસડ ગિરિકૂટમાં મેરૂકૂટ અથવા નંદનકૂટના નામથી ગણાય છે તેજ આ આઠ કૂટ છે.

॥ मेरु पर्वत उपर नंदनवन ॥

गा० १२२ पृ० १८२



૧ પૂર્વદિશાનું જિનભવન અને ઈશાનવિદિશાનો પ્રાસાદ એ બેની વચ્ચે નન્દન નામના કૂટ ઉપર मेघंकरा देवी નામની દિશાકુમારી રહે છે. ૨ પૂર્વ જિનભવન અને અગ્નિકોણનો પ્રાસાદ, એ બેની વચ્ચે મંદરકૂટ ઉપર मेघवती देवी, ૩ અગ્નિકોણપ્રાસાદ અને દક્ષિણનું જિનભવન એ બેની વચ્ચે નિષધકૂટ ઉપર सुमेधा देवी, ૪ દક્ષિણજિનભવન અને નૈઋતીપ્રાસાદની વચ્ચે હેમવતકૂટ ઉપર मेघमालिनी देवी, ૫ નૈઋતીપ્રાસાદ અને પશ્ચિમજિનભવનની વચ્ચે રજતકૂટ ઉપર सुवत्सा देवी, ૬ પશ્ચિમજિનભવન અને વાયુકોણનો પ્રાસાદ એ બે વચ્ચે રૂચકકૂટ ઉપર वत्समित्रा देवी, ૭ વાયવ્યીપ્રાસાદ અને ઉત્તરજિનભવનની વચ્ચે સાગરચિત્રકૂટ ઉપર बलाहका देवी, અને ૮ ઉત્તરજિનભવન તથા ઈશાનીપ્રાસાદ એ બેની વચ્ચે વજ્રકૂટ ઉપર वारिषेणा અથવા वज्रसेना देवी રહે છે, એ આઠે દેવીઓ દિશાઓની અધિષ્ઠાત્રી હોવાથી, અને કુમારવત્ ક્રીડાપ્રિય તથા કુમાર સરખા

લાવણ્યવાળી હોવાથી दिशाकुमारी કહેવાય છે. વળી સમભૂતલથી ૯૦૦ યોજન ઉપર સુધી તીર્ચ્છાલોક અને તેથી ઉપરાન્ત ઊર્ધ્વલોક કહેવાય છે, જેથી આ દેવીઓનો ફૂટ ઉપરનો નિવાસ ૧૦૦૦ યોજન ઉંચો હોવાથી [૫૦૦ યોજન ચઢતાં નંદનવન છે, અને તે ઉપર ૫૦૦ યોજનનાં ફૂટ છે માટે ૧૦૦૦ યોજન ઉપર રહેવાથી] ऊर्ध्वलोकवासिनी ગણાય છે, એ આઠે દિશાકુમારીઓ અને બીજી ૪૮ દેવીઓ હજુ આગળ કહેવાશે તે સર્વમળી ૫૬ દિશાકુમારીદેવીઓ ભવનપતિનિકાયની છે, દરેકનું પલ્યોપમ સંપૂર્ણ આયુષ્ય છે, અને રાજધાનીઓ પોતપોતાની દિશામાં બીજા જંબૂદ્વીપને વિષે છે. તે સર્વ રાજધાનીઓ વિજયરાજધાની સરખી ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી છે. શ્રી જિનેન્દ્રોના જન્મસમયે ચલાયમાન થયેલા આસનથી જન્મજાણીને ત્યાં આવી જળ તથા પુષ્પોના મેઘ પ્રસૂતિગૃહ રચવાને સ્થાને વર્ષાવે છે.

॥ નંદનવનમાં ૯ મું બલકૂટ નામનું સહસ્રાંકકૂટ ॥

વળી આ વનમાં ઈશાનીપ્રાસાદથી પણ ઈશાનદિશામાં बलकूट નામનું નવમું ફૂટ છે, તે ૧૦૦૦ યોજન ઉંચું ૧૦૦૦ યોજન મૂળવિસ્તાર તથા ૫૦૦ યોજન શિખરવિસ્તારવાળું તથા बल નામના દેવના આધિપત્યવાળું છે અને હજાર યોજન ઉંચું હોવાથી सहस्रांककूट કહેવાય છે. વિશેષ સ્વરૂપ ૪૬૭ ગિરિકૂટના પ્રસંગે ૭૦ મી ગાથામાં ૩ સહસ્રાંકકૂટ કહ્યાં છે, ત્યાંથી જાણવું. અહિં ઈશાનીપ્રાસાદ અને ઉત્તરજિનભવનની વચ્ચે એક દિશાકુમારીકૂટ અને એક સહસ્રાંકકૂટ મળી બે ફૂટ આવ્યાં છે, તેમાં પહેલું સહસ્રાંકકૂટ (બલકૂટ), ત્યારબાદ દિશાકુમારીકૂટ ત્યારબાદ ઉત્તરજિનભવન, એ અનુક્રમે છે.

॥ ૯ નંદનકૂટોનો કંઈક ભાગ આકાશમાં નિરાધાર ॥

દિશાકુમારીનાં ૮ ફૂટ અભ્યન્તરમેરૂથી ૫૦ યોજન દૂર છે, અને ૫૦૦ યોજન મૂળવિસ્તારવાળાં છે. અને નન્દનવન કેવળ ૫૦૦ યોજન વિસ્તારવાળું જ છે જેથી ૫૦ યોજન જેટલો ભાગ વનથી બહાર આકાશમાં નીકળીને નિરાધાર રહેલો છે અને ૧૦૦૦ યોજન મૂળવિસ્તારવાળું બલકૂટ ૫૦૦ યોજનજેટલું વનથી બહાર નીકળી આકાશમાં અધર રહ્યું છે.

अवतरणः—હવે નન્દનવન રૂપ પહેલી મેખલાને સ્થાને મેરૂપર્વતનો અભ્યન્તર વિસ્તાર તથા બાહ્યવિસ્તાર (અથવા અભ્યન્તરમેરૂનો અને બાહ્યમેરૂનો વિસ્તાર) કહે છે—

णवसहसणवसयाइं, चउपन्ना छच्चिगारभागा य ।
णंदणंबहिविक्खंभो, सहसूणो होइ मज्झंमि १२३ ॥

શબ્દાર્થ

णवसहस्सणवसयाई—નવહજાર નવસો	णंदणबहि—નંદનવનનો બહારનો
चउपन्ना—ચોપન	विक्खंभो—વિસ્તાર
छ च—અને છ	सहस्स ऊणो—હજાર યોજન ન્યૂન
इगारभागा—અગિઆરીઆ ભાગ	मज्झंमि—વનની અંદરના મેરૂનો

गाथार्थः—નંદનવનનાસ્થાને મેરૂપર્વતનો વિસ્તાર નવહજાર નવસો ચોપન યોજન અને અગિઆરિઆ ૬ ભાગ જેટલો છે, અને વનની અંદરના મેરૂનો વિષ્કંભ હજાર યોજન ન્યૂન છે ॥ ૧૨૩ ॥

विस्तरार्थः—નંદનવન સમભૂમિથી ૫૦૦ યોજન ઉપર છે, અને દર યોજને $\frac{૧}{૧૧}$ ભાગ ઘટતો હોવાથી [$૫૦૦\times\frac{૧}{૧૧}=\frac{૫૦૦}{૧૧}=$] ૪૫$\frac{૫}{૧૧}$ યોજનને સમભૂમિસ્થાને રહેલા મેરૂના ૧૦૦૦૦ વિસ્તારમાંથી બાદ કરતાં ૯૯૫૪ યોજન અને અગિઆરીઆ ૬ ભાગ જેટલો બાહ્યમેરૂનો વિષ્કંભ—

	૧૦૦૦૦		૯૯૫૪–૬ બાહ્યવિસ્તારમાંથી
બાદ	૪૫–૫	બાદ	૧૦૦૦ વનનો ઉભયવિસ્તાર
	૯૯૫૪–૬ બાહ્યવિસ્તર		૮૯૫૪–૬ અભ્યન્તર વિસ્તાર

આવ્યો, અને તેમાંથી વનનો બન્ને બાજુનો ૫૦૦–૫૦૦ યોજન વિસ્તાર બાદ કરતાં નંદનવનની અંદરના મેરૂપર્વતનો વિસ્તાર ૮૯૫૪ યોજન અને અગિઆરીઆ ૬ ભાગ જેટલો આવ્યો.

અથવા સૌમનસવનના વર્ણનપ્રસંગે દર્શાવ્યા પ્રમાણે શિખરથી ૯૮૫૦૦ યોજન નીચે ઉતરતાં નંદનવન આવે છે માટે ૯૮૫૦૦ યોજનને ૧૧ વડે ભાગતાં ૮૯૫૪ યોજન–૬ ભાગ અભ્યન્તરમેરૂનો વિસ્તાર આવે, તેમાં વનના ૧૦૦૦ યો. ઉમેરતાં યો. ૯૯૫૪–૬ ભા. બાહ્યમેરૂનો વિસ્તાર આવે ॥ ૧૨૩ ॥

अवतरण :—હવે મેરૂપર્વતની સમભૂમિસ્થાને રહેલું भद्दशाल वन કહેવાય છે—

तदहो पंचसएहिं, महिअलि तह चेव भद्दसालवणं ।
नवरमिहदिग्गय च्चिअ, कूडा वणवित्थरं तु इमं ॥१२४॥

શબ્દાર્થ :—

तद् अहो-તે નંદનવનની નીચે	नवरं इह-પરન્તુ અહિં વિશેષમાં
पंचसएहिं-પાંચસો યોજન ઉતરતાં	दिग्गय कूडा-દિગ્ગજકૂટ, કરિકૂટ, હસ્તિકૂટ
महिअलि-મહિતલ ઉપર, ભૂમિ ઉપર	वण वित्थरं વનનો વિસ્તાર
तहचेव-તેવાજ પ્રકારનું	इमं-(૧૨૫ મી ગાથા) પ્રમાણે
भद्दसालवणं-ભદ્રશાલવન	

ગાથાર્થ :—તે નંદનવનની નીચે ૫૦૦ યોજન ઉતરતાં ભૂમિ ઉપર ભદ્રશાલ નામનું વન છે, તે પણ તેવા જ પ્રકારનું (નન્દનવન સરખું) છે. પરતું વિશેષ એ છે અહિં (દિશાકુમારીનાં કૂટોને બદલે) દિગ્ગજ કૂટો છે, અને વનનો વિસ્તાર આ (૧૨૫ મી ગાથામાં કહેવાશે તે) પ્રમાણે ॥ ૧૨૪ ॥

વિસ્તરાર્થ :-હવે ભદ્રશાલ નામના વનનું સ્વરૂપ આ પ્રમાણે—

॥ ભૂમિ ઉપર મેરૂપર્વતનું भद्रसालवन ॥

મેરૂપર્વતની તલહટીસ્થાને ભૂમિઉપર ભદ્રશાલ નામનું વન નંદનવનથી ૫૦૦ યોજન છે. તેનું સ્વરૂપ પૂર્વે કહેલા નંદનવન સરખું છે, પરતું નંદનવનમાં દિશાકુમારીના કૂટ છે, તો આ ભદ્રશાલવનમાં દિગ્ગજ નામનાં આઠ કૂટ करिकूट નામથી પ્રસિદ્ધ છે, તથા નવમું બલકૂટ જેવું સહસ્રાંકકૂટ આ વનમાં નથી, એ તફાવત છે. તથા અહિં મેરૂની ચારે દિશાઓમાં સીતા તથા સીતોદા મહાનદીઓના પ્રવાહ મધ્યભાગમાં આવવાથી જિનભવનો બરાબર દિશામાં નથી, પરંતુ નદીઓના કિનારા ઉપર છે, અને વિદિશાઓમાં ચાર ગજદંતગિરિ આવવાથી પ્રાસાદો બરાબર વિદિશામાં નથી, પરતું ગજદંતગિરિની કિનારીઓ પાસે છે, માટે તે આઠે કરિકૂટ ચાર જિનભવન અને ચાર પ્રાસાદનું નિયતસ્થાન આ પ્રમાણે—

॥ ભદ્રશાલવનમાં કરિકૂટ જિનભવન અને પ્રાસાદોના સ્થાન ॥

ભદ્રશાલવન બે નદીઓના ચાર પ્રવાહ વડે ચાર વિભાગવાળું થયું છે, પુન: દરેક વિભાગમાં એકેક ગજદંતગિરિનો દેશ-ભાગ આવવાથી ૮ વિભાગવાળું થયું છે, તેમાં પહેલો વિભાગ મેરૂથી ઇશાનકોણમાં માલ્યવંત ગજદંતગિરિ અને સીતાનદીનો પૂર્વસન્મુખ વહેતો પ્રવાહ એ બેની વચ્ચે છે, ત્યાર બાદ દક્ષિણાવર્તના અનુક્રમ પૂર્વક બીજો ત્રીજો આદિ આઠે વિભાગ યથાસંભવ જાણવા. એ પ્રમાણે એ આઠભાગમાં ચાર દિશિતરફના ચારભાગમાં મેરૂથી ૫૦ યોજન દૂર ચાર શાશ્વતજિનભવનો નદીના કિનારા ઉપર છે. અને કુરૂક્ષેત્ર તથા ગજદંતથી બહાર ચાર વિદિશિવિભાગમાં ચાર ઇન્દ્રપ્રાસાદ દરેક ચાર દિશાએ ચાર ચાર વાપિકા યુક્ત છે. એ પ્રમાણે ચાર જિનભવનો અને ૪ પ્રાસાદો એ આઠના આઠ આંતરામાં હાથીના આકાર સરખાં આઠ ભૂમિકૂટ-પર્વતો છે, તે પણ મેરૂથી ૫૦ યોજન દુર છે. તે આ પ્રમાણે—

ઉત્તરકુરૂની બહાર મેરૂથી ઈશાનકોણમાં સીતાનદીની ઉત્તરદિશામાં પહેલો ઈશાન ઇંદ્રનો प्रासाद છે. ત્યાર બાદ મેરૂથી પૂર્વે સીતાનદીની દક્ષિણદિશાએ जिनभवन છે, અને આ જિનભવનની બે બાજુએ ઉત્તરદક્ષિણમાં पद्मोत्तरकूट અને नीलवंतकूट છે, તથા દેવકુરૂની બહાર મેરૂના અગ્નિકોણમાં સીતાનદીની દક્ષિણદિશાએ સૌધર્મઇન્દ્રનો प्रासाद છે, તથા દેવકુરૂની અંદર સીતોદાના પ્રવાહથી પૂર્વે અને મેરૂની દક્ષિણદિશામાં जिनभवन છે, અને એ જિનભવનની બન્ને બાજુ ત્રીજો सुहस्ति करिकूट અને ચોથો अंजनगिरि करिकूट છે. તથા સીતોદાની દક્ષિણે અને મેરૂની ઉત્તરે દેવકુરૂથીબહાર સૌધર્મેન્દ્રનો પ્રાસાદ છે; ત્યારબાદ સીતોદાની ઉત્તરે અને મેરૂની પશ્ચિમે जिनभवन છે, અને તેની બન્ને બાજુ પાંચમો कुमुद करिकूट તથા છઠ્ઠો पलाश करिकूट છે. તથા સીતોદાની ઉત્તરે અને મેરૂથી વાયવ્યકોણમાં ઉત્તરકુરૂની બહાર ઈશાન ઈન્દ્રનો प्रासाद છે, ત્યારબાદ સીતાનદીના પૂર્વે અને મેરૂની ઉત્તરે તથા ઉત્તરકુરૂની અંદર जिनभवन છે. અને તેની બે બાજુએ સાતમો वतंसक करिकूट અને ૮ મો રોચનગિરિ નામનો કરિકૂટ છે. એ આઠે ભૂમિકૂટ હસ્તિના આકારવાળા હોવાથી કરિકૂટ–દિગ્ગજકૂટ–હસ્તિકૂટ–ગજકૂટ ઈત્યાદિ નામથી ઓળખી શકાય છે. એ કરિકૂટો ઉપર તે તે નામવાળા એક પલ્યોપમના આયુષ્યવાળા દેવોના પ્રાસાદ છે, તેઓની રાજધાની બીજા જંબૂદ્વીપમાં વિજયદેવ સરખી ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી છે ॥ ૧૨૪ ॥

भद्रशालवनमां ८ करिकूटनां स्थाननुं चित्र.



હવે ભદ્રશાલવનનું પ્રમાણ કેટલું ? તે આગળની ગાથામાં કહેવાશે.

અવતરણઃ—પૂર્વગાથામાં કરેલી સૂચનાપ્રમાણે ભદ્રશાલવનનું પ્રમાણ આ ગાથામાં કહેવાય છે—

बावीससहस्साइं, मेरूओ पुव्वओ अ पच्छिमओ ।
तं चाडसीविहत्तं, वणमाणं दाहिणुत्तरओ ॥१२५॥

શબ્દાર્થ :—

बावीससहस्साइं—બાવીસ હજાર યોજન	अडसी—અઠયાસીવડે
तं તે બાવીસહજારને	विहत्त—વિભક્ત કરતાં, ભાગતાં

ગાથાર્થઃ—મેરૂથી પૂર્વદિશામાં બાવીસ હજાર યોજન અને પશ્ચિમદિશામાં પણ બાવીસ હજાર યોજન જેટલું દીર્ઘ ભદ્રશાલ વન છે, અને તેને અઠયાસી વડે ભાગતાં જે આવે તેટલું વનનું પ્રમાણ દક્ષિણમાં અને ઉત્તર દિશામાં છે ॥ ૧૨૫ ॥

વિસ્તરાર્થઃ—ભદ્રશાલવનનો દીર્ઘવિસ્તાર પૂર્વદિશામાં અને પશ્ચિમદિશામાં નદીઓના પ્રવાહને અનુસારે ૨૨૦૦૦-૨૨૦૦૦ યોજન છે, અને એ વિસ્તાર પૂર્ણ થયા બાદ વિજયો પ્રારંભાય છે, તથા દક્ષિણમાં દેવકુરૂક્ષેત્રની અંદર તથા ઉત્તર દિશામાં ઉત્તરકુરૂક્ષેત્રની અંદર ભદ્રશાલવનનો વિસ્તાર ઉત્તરદક્ષિણ ઈષુ પ્રમાણે ૮૮ મા ભાગ જેટલો એટલે *(૨૫૦ યોજન) છે. શેષભાગ કુરૂક્ષેત્રના યુગલિકોની વસ્તીવાળો છે, માટે તે શેષભાગમાં વન નથી. વળી મેરૂપર્વત ઉપરનાં ત્રણે વન વલય આકારનાં છે. અને આ વન જુદા પ્રકારના વિષમ ચોરસ આકારનું છે. ॥ ૧૨૫ ॥

```
૮૮)૨૨૦૦૦(૨૫૦ યોજન
   ૧૭૬
   ૪૪૦
   ૪૪૦
   ૦૦૦૦
   ૦૦૦૦
   ૦૦૦૦
```

અવતરણઃ—હવે મેરૂની ચાર વિદિશિમાં ચાર गजदंतगिरिનું સ્વરૂપ કહેવાય છે—

छव्वीस सहस चउसय—पणहत्तरि गंतु कुरुणइपवाया ।
उभओ विणिग्गया गयदंता मेरुम्मुहा चउरो ॥१२६॥

*મેરૂથી ૫૦ યોજન દૂર અને ૫૦૦ યોજન મૂળ વિસ્તારવાળા આઠ કરિકૂટ તે ૨૫૦ યોજન જેટલા નાના વનમાં કેવી રીતે સમાય ? એ પ્રશ્ન સ્વાભાવિક છે, અને તે સંબંધમાં નંદનવનમાંના નંદનકૂટોની માફક શાસ્ત્રમાં સ્પષ્ટતા કરી નથી, તો પણ સંભવે છે કે જેમ નંદનવનનાં ૯ કૂટનો દરેકનો કંઈક ભાગ આકાશમાં નિરાધાર રહ્યો છે તેમ અહિં પણ કરિકૂટનો ૩૦૦ યોજન જેટલો વિસ્તાર કુરૂક્ષેત્રમાં પ્રવેશેલો હોય, તો કંઈ વિરોધ સમજાતો નથી, અને એ વિસ્તાર ભૂમિ ઉપર જ હોવાથી શાસ્ત્રકારે સ્પષ્ટતા ન કરી હોય તો તે સંભવિત છે.

॥ भद्रशाल वननुं चित्र ॥

આ ભદ્રશાલ વનમાં મેરૂથી ૫૦ યોજન દૂર ચાર દિશાએ ૪ ચૈત્ય નદી પાસે છે, ૪ ઇન્દ્રપ્રાસાદ પર્વતોની પાસે છે, એ આઠના આઠ આંતરામાં ૮ કરિકૂટ છે, જેનો કેટલોક ભાગ વનમાં અને કેટલોક ભાગ કુરૂક્ષેત્રમાં છે.



દક્ષિણ

મેરૂથી ઉત્તર દક્ષિણ વન ૨૫૦ યોજન પહોળું છે, અને પૂર્વ પશ્ચિમ વન દરેક ૨૨૦૦૦-૨૨૦૦૦ યોજને દીર્ઘ છે. અને પહોળાઈમાં અનિયત છે.

દરેક ઇન્દ્રપ્રાસાદની ચાર દિશાએ ચાર ચાર વાવડીઓ છે.

શબ્દાર્થ

गंतु–જઈને	उभओ–બન્ને બાજુ
कुरुणइपवहया–કુરૂક્ષેત્રની નદીના પ્રપાત-કુંડથી	विणिग्गया–નીકળેલા છે
	मेरु उम्मुहा–મેરૂની સન્મુખ

गाथार्थः—કુરૂક્ષેત્રમાં વહેતી નદીઓના પ્રપાત કુંડથી ૨૬૪૭૫ યોજન દૂર જતાં બન્ને બાજુએ ચાર ગજદંત પર્વતો મેરૂપર્વતની સન્મુખ નીકળ્યા છે ॥ ૧૨૬ ॥

विस्तरार्थः—દેવકુરૂક્ષેત્રમાં સીતોદામહાનદીનો સીતોદાપ્રપાત નામનો કુંડ નિષધ-પર્વતની નીચે છે, તે ૧કુંડથી પૂર્વદિશામાં નિષધની કિનારી કિનારીએ ૨૬૪૭૫ યોજન દૂર જઈએ ત્યારે ત્યાં નિષધપર્વતમાંથી નીકળેલો सोमनस गजदंत નામનો પર્વત મેરૂની સન્મુખ હસ્તિના દાંતસરખા વક્ર આકારે નીકળ્યો છે. गज=હસ્તિના दंत=દંતુશળસરખો વક્ર હોવાથી ગજદંતગિરિ કહેવાય છે. તથા તેજ સીતોદા પ્રપાતકુંડથી પશ્ચિમદિશામાં એટલા જ યોજન દૂર જતાં ત્યાંથી નિષધપર્વતમાંથી विद्युत्प्रभ गजदंत પર્વત તેવાજ આકારે નીકળ્યો છે. તથા ઉત્તર કુરૂક્ષેત્રમાં વહેતી સીતામહાનદીનો સીતાપ્રપાતકુંડ નીલવંતપર્વતની નીચે છે, ત્યાંથી પશ્ચિમદિશામાં તેટલા યોજન દૂર गंधमादन गजदंतગિરિ નીલવંતપર્વતમાંથી તેવાજ આકારે નીકળ્યો છે, અને એજ કુંડની પૂર્વદિશામાં એટલા યોજન દૂર જતાં ત્યાં નીલવંતપર્વતમાંથી माल्यवंत गजदंतગિરિ તેવાજ આકારે નીકળ્યો છે. એ પ્રમાણે મેરૂની દક્ષિણ તરફ નિષધમાંથી નીકળેલા બે અને ઉત્તર તરફ નીલ-વંતમાંથી નીકળેલા બે મળી ચાર ગજદંતગિરિ મેરૂસન્મુખ દીર્ઘઆકારવાળા છે, એનો વાસ્તવિકઆકાર ૧૨૯ મી ગાથામાં કહેવાશે. એ ચારે ગજદંતગિરિ મેરૂપર્વતની ચાર વિદિશિએ રહેલ છે તે ૧૨૭ મી ગાથામાં કહેવાશે. તથા એનું પ્રમાણઆદિ વિશેષ-સ્વરૂપ આગળની ગાથાઓમાં કહેવાશે. ॥ ૧૨૬ ॥

अवतरणः—એ ચાર ગજદંતપર્વતો કઈ દિશામાં અને કેવા વર્ણવાળા છે તે આ ગાથામાં કહે છે—

अग्गेयाईसु पयाहिणेण सिअरत्तपीअनीलाभा ।
सोमणस विज्जुप्पह गंधमायण मालवंतक्खा ॥१२७॥

શબ્દાર્થ :

अग्गेय आईसु–અગ્નિકોણ આદિ વિદિશામાં	सिअ–શ્વેતવર્ણવાળો
पयाहिणेण–પ્રદક્ષિણાવર્તના અનુક્રમ પ્રમાણે	नीलआभा–નીલવર્ણની કાંતિવાળો
	मालवंत अक्खा–માલ્યવંત નામનો

૧. અહિં "કુંડથી એટલે કુંડમાં પડતા પ્રપાતથી એટલે નદીના ૫૦ યોજન જેટલા પ્રવાહથી" એવો અર્થ લેવો.

ગાથાર્થ:—અગ્નિકોણઆદિ વિદિશાઓમાં પ્રદક્ષિણાવર્તક્રમ પ્રમાણે સોમનસ વિદ્યુત્પ્રભ ગંધમાદન અને માલ્યવંત એ નામના ચાર પર્વતો અનુક્રમે શ્વેત રક્ત પીત અને નીલવર્ણની કાંતિવાળા છે ॥ ૧૨૭ ॥.

વિસ્તરાર્થ:—મેરૂપર્વતથી અગ્નિકોણે सोमनस गजदंत ગિરિ રૂપાનો હોવાથી શ્વેતવર્ણવાળો છે, નૈઋત્યકોણમાં विद्युत्प्रभ गजदंतગિરિ તપનીય સુવર્ણનો હોવાથી રક્તવર્ણનો છે, વાયવ્યકોણમાં गंधमादन गजदंतगिरि પીતરત્નમય હોવાથી પીતવર્ણનો છે, [મતાન્તરે સુવર્ણમય કહ્યો છે, તેમ જ સર્વરત્નમય પણ કહ્યો છે.] તથા ઈશાનકોણમાં माल्यवंत गजदंतગિરિ વૈડૂર્યરત્નનો હોવાથી નીલવર્ણનો છે એ પ્રમાણે ચારે ગજદંતપર્વતોના નામ તથા વર્ણ કહ્યા.

સૌમનસપર્વત ઉપર પ્રશાન્તચિત્તવાળા દેવદેવીઓ વસે છે તેથી અથવા સૌમનસનામનો દેવ અધિપતિ હોવાથી સૌમનસ નામ છે, તથા ગંધમાદનપર્વત ઉપરની કોષ્ટપુટાદિ વનસ્પતિઓમાંથી ઉત્તમ ગંધ પ્રસરે છે, અથવા ગંધમાદન નામનો અધિપતિ દેવ છે માટે ગંધમાદન નામ છે, વિદ્યુત્પ્રભપર્વત દૂરથી વિજળીના પ્રકાશ સરખો દેખાય છે માટે, અથવા વિદ્યુત્પ્રભ નામનો દેવ અધિપતિ છે માટે વિદ્યુત્પ્રભ નામ છે. તથા માલ્યવંતપર્વત પવનથી વિખરાયલા અનેક પુષ્પોથી ઉપરની શોભિતી ભૂમિવાળો છે, અથવા માલ્યવાન્ નામનો દેવ અધિપતિ છે માટે માલ્યવંત નામ છે. એ ચારે દેવો પલ્યોપમના આયુષ્યવાળા છે, તેઓની રાજધાનીઓ પોત પોતાની દિશિમાં બીજા જંબૂદ્વીપને વિષે ૧૨૦૦૦ યોજનના વિસ્તાર વાળી છે. ॥ ૧૨૭ ॥

अवतरण:—એ ચાર ગજદંતગિરિ ઉપર અધોલોકવાસી આઠ દિશાકુમારીનાં કૂટ છે તે કહેવાય છે—

अहलोयवासिणीओ दिसाकुमारीओ अट्ठ एएसिं ।
गयदंतगिरिवराणं, हिट्ठा चिट्ठंति भवणेसु ॥१२८॥

શબ્દાર્થ :—

अहलोय –અધોલોકમાં	एएसिं–એ (ગજદંતપર્વતોની)
वासिणीओ–વસનારી	चिट्ठंति–રહે છે.

ગાથાર્થ:—અધોલોકનિવાસિની ૮ દિશાકુમારીઓ આ ગજદંતપર્વતોની નીચે ભવનોમાં રહે છે [અને પર્વતો ઉપર તેનાં ૮ કૂટ છે–એ સંબંધ] ॥ ૧૨૮ ॥

વિસ્તરાર્થ:—સોમનસગિરિ ઉપર ૭ કૂટ છે, તેમાં પાંચમા અને છઠ્ઠા કૂટ ઉપર સુવત્સા અને વત્સમિત્રા નામની બે દિક્કુમારી રહે છે. તથા વિદ્યુત્પ્રભ ઉપર નવકૂટ છે. તેમાં

પાંચમા અને છઠ્ઠા કૂટ ઉપર પુષ્પમાલા અને અનિંદિતા નામની બે દિશાકુમારી દેવીઓ રહે છે, તથા ગંધમાદનપર્વત ઉપર સાતકૂટ છે, તેના પાંચમા અને છઠ્ઠા કૂટઉપર ભોગંકરા અને ભોગવતી નામની બે દેવીઓ રહે છે, અને માલ્યવંત-ગજંદતઉપર ૯ કૂટ છે તેના પાંચમા છઠ્ઠા કૂટઉપર સુભોગા અને ભોગમાલિની એ બે દિશાકુમારી દેવીઓ રહે છે. એ પ્રમાણે ગંધમાદનથી ગણતાં ભોગંકરા–ભોગવતી–સુભોગા–ભોગમાલિની–સુવત્સા–વત્સમિત્રા–પુષ્પમાલા–અનિંદિતા એ નામની આઠે દિશા-કુમારીદેવીઓનાં એ કૂટઉપર પોતપોતાના પ્રાસાદો છે, અને એજ કૂટોની નીચે ભવનપતિનિકાયમાં પોતાનાં બે બે ભવનો છે. અને રાજધાનીઓ બીજા જંબૂદ્વીપમાં પોતપોતાની દિશિમાં ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી છે. શ્રી જિનેન્દ્રોના જન્મસમયે આસનચલાયમાન થતાં અવધિજ્ઞાનથી શ્રી જિનેન્દ્રોનો જન્મ જાણીને પરિવાર સહિત શીઘ્ર જન્મસ્થાને આવી સંવર્ત્તવાયુથી એક યોજનભૂમિસ્વચ્છ કરી પ્રભુની માતા માટેનું સૂતિકાગૃહ રચે છે, એ મુખ્યકાર્ય છે.

તથા નીચે ૯૦૦ યોજન સુધીનો તીર્ચ્છાલોક ગણાય છે, અને તેથી નીચેનો ભાગ સર્વ અધોલોક કહેવાય છે, જેથી આ દેવીઓનાં બે બે ભવનો ૯૦૦ યોજનથી ઘણે નીચે ભવનપતિનિકાયમાં [કૂટોની નીચે સમશ્રેણિએ] આવેલાં હોવાથી એ દેવીઓ अधोलोक निवासिनी એવા વિશેષણથી ઓળખાય છે.

તથા ગજદંત ગિરિઉપરના કૂટોનું સર્વ સ્વરૂપ ૪૬૭ ગિરિકૂટના વર્ણન પ્રસંગે ૭૦મી તથા ૭૬મી ગાથાના વિસ્તરાર્થમાં કહેવાઈ ગયું છે. માટે અહિં પુનઃ કહેવાશે નહિં ॥૧૨૮॥

अवतरण—હવે આ ગાથામાં ગજદંતગિરિઓનું પ્રમાણ તથા આકાર કહેવાય છે.

धुरि अंते चउपणसय, उच्चत्ति पिहुत्ति पणसयाऽसिसमा ।
दीहत्ति इमे छक्ला, दुसय णवुत्तर सहसतीसं ॥१२९॥

धुरि–પ્રારંભમાં
चउपणसय—ચારસો અને પાંચસો
असिसमा–ખડ્ગસરખા
इमे–એ ચારગિરિ
णव उत्तर–નવ અધિક

गाथार्थ:—એ ચારે પર્વતો પ્રારંભમાં ૪૦૦ યોજત ઉંચા અને પર્યન્તે ૫૦૦ યોજન ઉંચા તથા પ્રારંભમાં ૫૦૦ યોજન પહોળા અને પર્યન્તે ખડ્ગની ધાર સરખા પાતળા છે, અને લંબાઈમાં ૩૦૨૦૯ યોજન ૬ કળા જેટલા દીર્ઘ છે ॥ ૧૨૯ ॥

विस्तरार्थ:—એ ચારે પર્વતો નિષધ અને નીલવંતપર્વત પાસેથી એવી રીતે નીકળ્યા છે કે જાણે એ બે પર્વતના ફાંટા નીકળ્યા હોય એવા દેખાય છે. અને

જ્યાંથી નીકળ્યા છે તે પ્રારંભના સ્થાને નિષધ નિલવંત સરખાજ ૪૦૦ યોજન ઉંચા છે, અને ૫૦૦ યોજન પહોળા છે, ત્યાર બાદ અનુક્રમે ઉંચાઈ વધતાં વધતાં અને વિસ્તાર ઘટતાં ઘટતાં મેરૂપર્વતની પાસે ૫૦૦ યોજન *ઉંચા પરન્તુ પહોળાઈ કંઈ [1]નહિં એવા થયા, અર્થાત્ પર્યન્તે ઉંચાઈ ૧૦૦ યોજન અધિક વધી, પરન્તુ જાડાઈમાં તો ખડ્ગની ધાર જેટલા [2]પાતળા થયા. તથા નિષધ નીલવંતથી મેરૂસુધીની લંબાઈ ૩૦૨૦૯$\frac{૬}{૧૯}$ [3]યોજન છે. જેથી ઉંચાઈમાં અશ્વસ્કંધ સરખોપણ આકાર ગણાય. અને એકંદર હસ્તિના દંતૂશૂળ સરખા આકારવાળા છે.

अवतरण :-હવે એ કહેલા ગજદંતગિરિઓના બે બે ગજદંત વચ્ચે એક એક कुरुक्षेत्र આવેલું છે તેનું પ્રમાણ તથા આકાર વિગેરે આ ગાથામાં કહે છે—

ताणंतो देवुत्तरकुराओ चंदद्धसंठियाउ दुवे ।
दससहसविसुद्धमहा--विदेहदलमाणपिहुलाओ ॥१३०॥

શબ્દાર્થ :—

ताण अंतो-તે ગજદંતગિરિઓની વચ્ચે
देवउत्तरकुराओ-દેવકુરૂ અને ઉત્તરકુરૂ ક્ષેત્ર
चंदअद्धसंठियाउ- અર્ધચંદ્રના આકારવાળાં
दुवे-બે ક્ષેત્ર છે.
दससहस-દશહજાર યોજન
विसुद्ध-બાદ કરેલ
महाविदेह-મહાવિદેહના વિષ્કંભને
दलमाण-અર્ધપ્રમાણ
पिहुलाओ-પહોળાં, વિષ્કંભવાળાં

गाथार्थ :—તે ગજદંતગિરિઓની વચ્ચે-અંદર દેવકુરૂ અને ઉત્તરકુરૂક્ષેત્ર એ બે ક્ષેત્ર અર્ધચંદ્રના આકારવાળાં છે, અને દશહજાર બાદ કરેલ એવા મહાવિદેહથી અર્ધ-પ્રમાણ પહોળાં છે. ॥ ૧૩૦ ॥

विस्तरार्थ :—હવે મહાવિદેહક્ષેત્રમાં ગજદંતપર્વતોની વચ્ચે આવેલા કુરૂ ક્ષેત્રોનું સ્વરૂપ આ પ્રમાણે

॥ મહાવિદેહમાં देवकुरु उत्तरकुरु क्षेत्र ॥

સોમનસ અને વિદ્યુત્પ્રભ એ બે ગજદંતગિરિની વચ્ચે મેરૂપર્વતની દક્ષિણે અને

---

* ઉંડાઈ પણ પ્રારંભમાં ૧૦૦ યોજન અને મેરૂ પાસે ૧૨૫ યોજન (ભૂમિમાં ઉંડા) છે.

૧–૨ અર્થાત્ અંગુલના અસંખ્યાતમાભાગ જેટલા પાતળા થયા છે.

૧ મહાવિદેહના ૩૩૬૮૪ યોજન વિષ્કંભમાંથી ૧૦૦૦૦ યોજન મેરૂનો વિષ્કંભ બાદ કરી તેનું અર્ધ કરતાં નિષધ નીલવંતથી મેરૂપર્વત ૧૧૮૪૨ યોજન દૂર હોવાથી એટલી જ લંબાઈ હોવી જોઈએ, તેને બદલે ૩૦૨૦૯$\frac{૬}{૧૯}$ લંબાઈ કહી તે ગજદંત ઘણા વક્ર હોવાથી [અને કુંડથી ૨૬૪૭૫ યોજન દૂરથી નીકળેલા હોવાથી પણ] સંભવિત છે.

નિષધપર્વતથી ઉત્તરે देवकुरु નામનું યુગલિકક્ષેત્ર છે. એ ક્ષેત્ર બે ગજદંતગિરિ વચ્ચે આવવાથી અર્ધચંદ્ર આકારનું અથવા ધનુષના આકાર સરખું છે, જેથી એ ક્ષેત્રનો ઈષુ એટલે વિષ્કંભ નિષધથી મેરૂસુધીનો ગણાય, અને તે મહાવિદેહના ૩૩૬૮૪ યોજનના વિષ્કંભમાંથી વચ્ચે આવેલા મેરૂના ૧૦૦૦૦ યોજન બાદ કરી ૨૩૬૮૪ યોજન આવે તેનું અર્ધ કરતાં ૧૧૮૪૨ યોજન વિષ્કંભ છે અને બે ગજદંતગિરિની બે લંબાઈ ભેગીકરતાં (૩૦૨૦૯ $\frac{૬}{૧૯}$ + ૩૦૨૦૯ $\frac{૬}{૧૯}$ =) ૬૦૪૧૮$\frac{૧૨}{૧૯}$ યોજન આવે તેટલું ધનુપૃષ્ટ એટલે દેવકુરૂનો અર્ધઘેરાવો-અર્ધપરિક્ષેપ-અર્ધપરિધિ છે.

એ પ્રમાણે ગંધમાદન અને માલ્યવંત એ બે ગજદંતગિરિની વચ્ચે, મેરૂથી ઉત્તરે અને નીલવંતપર્વતથી દક્ષિણે उत्तरकुरू નામનું યુગલિકક્ષેત્ર છે. તેનો પણ વિષ્કંભ ધનુઃપૃષ્ટ દેવકુરૂવત્ છે.

તથા બન્ને ક્ષેત્રની જીવા (ધનુષદોરી) ૫૩૦૦૦ યોજન છે, અને ત્યાં દેવકુરૂની જીવા નિષધપર્વતના કિનારે છે, તથા ઉત્તરકુરૂની જીવા નીલવંતપર્વતના કિનારે છે. અહિં પ્રપાત કુંડથી બે બાજુના ૨૬૪૭૫-૨૬૪૭૫ યોજન જેટલા બે ગજદંત દુર છે તે યોજનો મેળવતાં ૫૨૯૫૦ યોજન થાય અને તેમાં નદીપ્રવાહના ૫૦ યોજન ઉમેરતાં ૫૩૦૦૦ યોજન જીવા થાય છે.

॥ कुरुक्षेत्रमां સર્વદા અવસર્પિણીનો પહેલો આરો ॥

આ બે ક્ષેત્રમાં સદાકાળ અવસર્પિણીના પહેલા સુષમસુષમઆરા સરખા ભાવ વર્તે છે, જેથી યુગલિકમનુષ્યો અને યુગલિકતિર્યંચપંચેન્દ્રિયો અહિં ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા છે, મનુષ્યોની કાયા ત્રણગાઉની અને તિર્યંચપંચેન્દ્રિય યુગલિકો ૬ ગાઉના પ્રમાણવાળા છે. આહારનું અન્તર મનુષ્યોને ૩ દિવસનું અને યુગલતિર્યંચોને ૨ દિવસનું છે. મનુષ્યોનાં પૃષ્ટકરંડક ૨૫૬ છે. તુવર કણ જેટલો કલ્પવૃક્ષના ફળાદિકનો આહાર છે. ૪૯ દિવસ અપત્યપાલના છે,યુગલનો જન્મ થયા બાદ ૬ માસે છીંક બગાસાદિ-પૂર્વક કંઈ પણ પીડા વિના મરણ પામીને ઈશાન સુધી ॥ દેવલોકમાં યુગલ આયુષ્ય જેટલા વા તેથી હીન આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થાય છે, સ્ત્રીઓની અવગાહના પુરૂષથી કંઈક ન્યૂન (દેશોન ૩ ગાઉની) છે, અને આયુષ્ય પલ્યોપમનો અસંખ્યાતમોભાગ હીન હોય છે, એજ જઘન્ય આયુષ્ય ગણાય છે. પુરૂષોનું આયુષ્ય સર્વનું ૩ પલ્યોપમ છે. વળી મનુષ્યો પદ્મગન્ધ-મૃગગન્ધ-સમ-સહ-તેજસ્તલિન-અને શનૈશ્ચારી એ ૬ પ્રકારના છે, ઈત્યાદિસ્વરૂપ તથા ભૂમિનું અને કલ્પવૃક્ષઆદિ યુગલિકક્ષેત્રનું ઘણું સ્વરૂપ પૂર્વે ૯૫ મી તથા ૯૬ આદિગાથાના વિસ્તરાર્થમાં ઘણું ખરૂં કહેવાઈ ગયું છે ત્યાંથી જાણવું. અહિં આટલું સંક્ષિપ્તકથન સ્થાનની અશૂન્યતા માટે પુનઃ દર્શાવ્યું છે ॥૧૩૦॥

॥ कुरुक्षेत्र अने १० द्रहोनो यन्त्र ॥

કુરૂક્ષેત્રનાં નામ	લંબાઈ (જીવા)	પહોળાઇ [નિષધની લવંતથી મેરૂ સુધી]	કયા સ્થાને	કઈ નદી ?	કયો કાળ ?	યુગલમનુષ્યનું આયુષ્યઉંચાઇ		યુગલતિર્યંચોનું આયુષ્યઉંચાઈ	
દેવકુરૂ	૫૩૦૦૦ યો. [ધનુઃ ૬૦૪૧૮ ૧૨/૧૯]	૧૧૮૪૨ ૨/૧૯	મેરૂની દક્ષિણે નિષધનીઉત્તરે [એ બેની વચ્ચે] સોમનસવિદ્યુત્પ્રભની વચ્ચે	સીતોદા મહાનદી	અવસર્પિણીના ૧લાઆરા સરખો	૩ ગાઉ	૩ પલ્ય	૩ પલ્ય	૬ ગાઉ (ગ. ચતુ.)
ઉત્તરકુરૂ	,,	,,	મેરૂની ઉત્તરે, નીલવંતની દક્ષિણે ગંધમાદન માલ્યવંતની વચ્ચે	સીતા મહાનદી	,,	,,	,,	,,	,,

अवतरणः—હવે દેવકુરૂ ઉત્તરકુરૂક્ષેત્રમાં બેબે મોટાપર્વતો છે, કે જે યમકગિરિ તથા ચિત્રવિચિત્ર નામથી પ્રસિદ્ધ છે તે આ ગાથામાં કહેવાય છે—

णइपुव्वावरकूले, कणगमया बलसमा गिरी दो दो।
उत्तरकुराइ जमगा, विचित्तचित्ता य इअरीए ॥१३१ ॥

શબ્દાર્થઃ—

णइ—નદીના
पुव्व अवर—પૂર્વ અને પશ્ચિમ
कुले –કિનારે
जमगा–યમકગિરિ
इअरीए–ઇતર ક્ષેત્રમાં, દેવકુરૂમાં

गाथार्थः—મહાનદીના પૂર્વકિનારે અને પશ્ચિમકિનારે (મળીને) બે બે પર્વતો સુવર્ણના અને બલકૂટ સરખા છે, તે ઉત્તરકુરૂક્ષેત્રમાં બે પર્વત યમકગિરિ નામના અને દેવકુરૂમાં ચિત્રગિરિ તથા વિચિત્રગિરિ નામના છે ॥ ૧૩૧ ॥

विस्तरार्थः—ઉત્તરકુરૂક્ષેત્રમાં નીલવંતપર્વતથી મેરૂસન્મુખ ૮૩૪ ૪/૭ યોજન દૂર જતાં સીતાનદીના પૂર્વકાંઠે અને પશ્ચિમકાંઠે એકેક પર્વત કાઠાંને સ્પર્શીને રહેલો છે, તે બન્ને પર્વતનું નામ यमकगिरि છે. જોડલે જન્મેલા ભાઈસરખા પરસ્પર સરખા આકાર

દિવાળા હોવાથી, અથવા યમકનામના પક્ષી વિશેષસરખા આકારવાળા હોવાથી અથવા યમકદેવ અધિપતિ હોવાથી યમકગિરિ નામ છે. એ બન્ને પર્વતો સુવર્ણના હોવાથી પીતવર્ણના છે. તથા પ્રમાણમાં નન્દનવનમાં કહેલા નવમા બલકૂટ સરખા હોવાથી મૂળમાં ૧૦૦૦ યોજન વિસ્તારવાળા, મધ્યમાં ૭૫૦ યોજન અને શિખરસ્થાને ૫૦૦ યોજન વિસ્તારવાળા છે, જેથી મૂળથી શિખર સુધી અનુક્રમે હીનહીન વિસ્તારવાળા છે. અને ૨૫૦ યોજન ભૂમિમાં ઉંડા ગયેલા છે, સર્વબાજુએ એક વન અને એક વેદિકાવડે વીટાયલા છે. એ બન્ને ગિરિના શિખર ઉપર યમકદેવનો એકેક પ્રાસાદ ૩૧ા યોજન વિસ્તારવાળો અને ૬૨ા યોજન ઉંચાં છે, તેમાં યમકદેવનાં પરિવારસહિત સિંહાસનો છે, એ બન્ને યમકદેવોની યમકા નામની રાજધાની બીજા જંબૂદ્વીપમાં ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી વિજય રાજધાની સરખી છે.

તથા દેવકુરૂક્ષેત્રમાં પણ નિષધપર્વતથી મેરૂસન્મુખ ૮૩૪$\frac{4}{7}$ યોજન દૂરજતાં સીતોદાનદીના પ્રવાહના પૂર્વકાંઠે વિચિત્ર પર્વત અને પશ્ચિમકાંઠે ચિત્ર પર્વત છે. તે સર્વ રીતે ઉત્તરકુરૂના યમકગિરિ સરખા છે, પરન્તુ વિશેષ એ કે—વિચિત્રગિરિ ઉપર વિચિત્રદેવનો પ્રાસાદ અને ચિત્રગિરિ ઉપર ચિત્રદેવનો પ્રાસાદ છે. શેષ સર્વસ્વરૂપ યમકદેવવત્ જાણવું. તથા અહિં ૮૩૪$\frac{4}{7}$ યોજનની ઉત્પત્તિ આગળની ગાથામાં પાંચ કુરૂદ્રહના અન્તર પ્રસંગે કહેવાશે ।। ૧૩૧ ।।

प्रश्नः—એ ચારે પર્વતોને પર્વતોમાં ગણ્યા છે કે કૂટમાં ? જો કૂટમાં ગણ્યા હોય તો ઘટિત છે અને પર્વતોમાં ગણ્યા હોય તો પાંચસો પાંચસો યોજન ઊંચા કરિકૂટ વિગેરેને કૂટ તરીકે ગણ્યા, અને ૧૦૦૦ યોજન ઉંચા આ ચાર પર્વતોને પર્વત તરીકે કેમ ગણ્યા ?

उत्तरः—કરિકૂટઆદિ પર્વતો જેમ ભૂમિઉપર ગોપુચ્છાકારવાળા છે તેવા જ આ ચાર પર્વતો પણ ગોપુચ્છ આકારના અને ભૂમિ ઉપર છે, તો પણ કેટલાક પર્વતોને કૂટ તરીકે અને કેટલાક કૂટસરખા પ્રમાણવાળા પર્વતોને પણ પર્વતોમાં જ ગણ્યા છે, તેમાં કોઈ સાક્ષાત્ હેતુ દેખાતો નથી, શાસ્ત્રમાં પૂર્વાચાર્યોની વિવક્ષાને જ અહિં હેતુ કહ્યો છે. જેથી આગળ કહેવાતા ૨૦૦ કંચનગિરિઓ પણ ભૂમિકૂટ તુલ્ય હોવા છતાં પર્વતોમાં જ ગણ્યા છે. અને આ ચાર પર્વતોને પણ પર્વતોમાં જ ગણ્યા છે, જો કે શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ મૂળસૂત્રમાં ચિત્રવિચિત્ર પર્વતોને કૂટ શબ્દ જોડેલો છે, તોપણ ભૂમિકૂટોની ગણત્રીમાં લેવા તરીકે એ કૂટ શબ્દ નથી. પરન્તુ આકારમાત્રથી કૂટ શબ્દ કહ્યો છે. ।। ૧૩૧ ।।

अवतरणः—કુરૂક્ષેત્રોમાં પાંચ પાંચ દ્રહ છે તે આ બે ગાથામાં કહેવાય છે—

णइवहदीहा पण पण, हरया दु दु दारया इमे कमसो ।
णिसहो तह देवकुरू, सुरो सुलसो अ विज्जुपभो ॥१३२॥
तह णीलवंत उत्तर--कुरु चंदेरवय मालवंतु त्ति ।
पउमदहसमा णवरं, एएसु सुरा दहसणामा ॥१३३॥

शब्दार्थ :—

णइवहदीहा—નદીના પ્રવાહ પ્રમાણે દીર્ઘ
पण पण हरया—પાંચ પાંચ દ્રહ
दु दु दारया—બે બે દ્વારવાળા
इमे—એ પાંચ સરોવર (નાં નામ)
कमसो—અનુક્રમે, આ પ્રમાણે

तह—તથા
त्ति—ઇતિ, એ
पउमदहसमा—પદ્મદ્રહ સરખા
णवरं—પરંતુ
सुरा—દેવો
दहसणामा—દ્રહના સરખા નામવાળા

गाथार्थः—નદીના પ્રવાહ અનુસારે દીર્ઘ એવા પાંચ પાંચ દ્રહ બે બે દ્વારવાળા છે, તે અનુક્રમે આ પ્રમાણે—નિષધ-દેવકુરૂ-સૂર-સુલસ-વિદ્યુત્પ્રભ (એ પાંચ દ્રહ દેવકુરૂમાં) ॥ ૧૩૨ ॥ તથા નીલવંત-ઉત્તરકુરૂ-ચંદ્ર-ઐરવત-અને માલ્યવંત (એ પાંચ દ્રહ ઉત્તરકુરૂમાં) એ સર્વ દ્રહ પદ્મદ્રહ સરખા છે, પરન્તુ દ્રહોના દેવો દ્રહના નામ સરખા નામવાળા છે ॥ ૧૩૩ ॥

विस्तरार्थः—હવે કુરૂક્ષેત્રનાં ૧૦ દ્રહોનું સ્વરૂપ આ પ્રમાણે—

॥ દેવકુરૂ ઉત્તરકુરૂમાં ૫-૫ સરોવર ॥

નિષધપર્વતથી સાધિક ૮૩૪૪/૭ યોજન મેરૂ સન્મુખ ગયા બાદ [દેવકુરૂક્ષેત્રમાં] જે ચિત્રવિચિત્ર નામના બે પર્વતો કહ્યા છે, ત્યાંથી આગળ મેરૂસન્મુખ ૮૩૪૪/૭ યોજન ગયે પહેલો निषध द्रह ત્યારબાદ એટલા જ યોજનને અન્તરે બીજો देवकुरु द्रह, ત્યારબાદ ત્રીજો सूर द्रह, ચોથો सुलस द्रह; પાંચમો विद्युत्प्रभ द्रह, અને ત્યારબાદ એટલા જ અંતરે મેરૂપર્વત છે. એ પ્રમાણે ૮૩૪૪/૭ યોજનવાળા સાત આંતરા થયા તેથી *સાધિક ૮૩૪૨૪/૭ને ૭ વડે ગુણતાં ૫૮૪૨૨/૭ યોજન આવે, તેમાં ચિત્રવિચિત્રના ૧૦૦૦ યોજન તથા દરેક દ્રહની લંબાઈ હજાર હજાર યોજન હોવાથી ૫૦૦૦ સહિત ૬૦૦૦ યોજન મેળવતા ૧૧૮૪૨૨/૭ યોજન જેટલો કુરૂક્ષેત્રનો વિસ્તાર આવે છે.

---

* સાધિક-એટલે ૩/૭ કળા અધિક, એટલે ૮૩૪૪/૭ યોજન ૩/૭ કળા. અથવા યો. ૮૩૪-૧૧૩/૭ કળા. જૂઓ ગાથા ૧૩૫ મી

એ પ્રમાણે ઉત્તરકુરૂક્ષેત્રમાં નીલવંતપર્વતથી ૮૩૪$\frac{4}{7}$ યોજન દૂર એ યમકગિરિ છે, ત્યાંથી એટલા જ અંતરે પહેલો નીલવંત દ્રહ બીજો ઉત્તરકુરૂ દ્રહ, ત્રીજો ચંદ્ર દ્રહ, ચોથો ઐરવત દ્રહ પાંચમો માલ્યવાનદ્રહ અને ત્યાર બાદ એટલાજ અન્તરે મેરૂપર્વત છે, જેથી ઉત્તરકુરૂનો વિસ્તાર પણ એ સાત અંતર અને ૬ પદાર્થ સહિત ૧૧૮૪૨$\frac{2}{19}$ યોજન થાય છે.

એ દશે દ્રહોની લંબાઈ નદીના પ્રવાહને અનુસાર એટલે ઉત્તરદક્ષિણ ૧૦૦૦ યોજન લંબાઈ છે, અને પહોળાઈ પૂર્વપશ્ચિમ ૫૦૦ યોજન છે, એ વિશેષ છે. કારણ કે વર્ષધરના દ્રહો પૂર્વપશ્ચિમ દીર્ઘ અને ઉત્તરદક્ષિણ વિસ્તારવાળા છે. માટે આ દશ દ્રહોની લંબાઇપહોળાઈ તે મહાદ્રહોથી જુદી છે.

॥ દ્રહોમાં થઈને વહેતો મહાનદીનો પ્રવાહ ॥

એ પાંચ પાંચ દ્રહો કુરૂક્ષેત્રના અતિ મધ્યભાગે રહેલા છે, અને મહાનદીનો પ્રવાહ પણ ક્ષેત્રના મધ્યભાગમાં થઈને વહે છે, જેથી દ્રહોને વેધીને (દ્રહોમાં થઈને) મહાનદી જાય છે, અને તેથી દરેક દ્રહનો પૂર્વવિભાગ અને પશ્ચિમ વિભાગ એવા બે વિભાગ મધ્યવર્તી નદીપ્રવાહની અપેક્ષાએ થાય છે, અને દ્રહની દક્ષિણ વેદિકામાં દક્ષિણ તોરણે પ્રવેશ કરી સીતોદાનદી ઉત્તરતોરણે (ઉત્તરદ્વારે) બહાર નીકળે છે, તથા સીતા નદી દ્રહમાં ઉત્તરદ્વારે પ્રવેશ કરી દક્ષિણદ્વારે દ્રહથી બહાર નીકળે છે, માટે દરેક દ્રહને એક ઉત્તરમાં અને એક દક્ષિણમાં એમ બે બે દ્વાર (બે બે તોરણ) છે. અને એ કારણથી જ દરેક દ્રહને પૂર્વવિભાગનું અને પશ્ચિમવિભાગનું એમ બે બે વન તથા બે બે વેદિકા છે. (અને દ્વારથી દ્રહભેદ ન વિવક્ષીએ તો એક વન અને એક વેદિકા છે.)

॥ દ્રહોમાં ૬-૬ કમળવલયો ॥

જેમ પૂર્વે પદ્મસરોવરમાં ૬ કમળવલયો કહ્યા છે. તેવાંજ કમળવલયો અહિં પણ દરેક દ્રહમાં છે, અને મુખ્યકમળની કર્ણિકાઉપરના શ્રીદેવીભવન સરખા ભવનોમાં આ દ્રહોના અધિપતિ દેવની શય્યાઓ છે. અને દરેક દ્રહમાં એ પ્રમાણે ૧૨૦૫૦૧૨૦ (એકક્રોડ વીસલાખ પચાસહજાર એકસોવીસ) કમળો પૃથ્વીકાય રૂપ છે શેષ સર્વસ્વરૂપ પદ્મદ્રહમાં કહ્યાપ્રમાણે યથાસંભવ જાણવું.

આ દ્રહના અધિપતિદેવોની રાજધાનીઓ બીજા જંબૂદ્વીપમાં પોતપોતાની દિશામાં ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી છે ॥ ૧૩૨ ॥ ૧૩૩ ॥

દ્રહનાં નામ		લંબાઈ	પહોળાઇ	ઉંડાઇ	દેવનિવાસ	પરસ્પર અન્તર	દ્વાર	વચ્ચેનદી	ભવનાદિકનું પ્રમાણ	કમળવલય
નિષધદ્રહ	દેવકુરુમાં	૧૦૦૦યો.	૫૦૦ યો.	૧૦	નિષધ	૮૩૪ ૪/૭ યો.	ઉત્તર દક્ષિણ ૨ દ્વાર	સીતોદાનદી	પદ્મદ્રહની શ્રીદેવીના ભવનાદિવત્	૧-૧ કમળવલયો પદ્મદ્રહવત્
દેવકુરુદ્રહ		,,	,,	૧૦	દેવકુરુ					
સૂરદ્રહ		,,	,,	૧૦	સૂર					
સુલસદ્રહ		,,	,,	૧૦	સુલસ					
વિદ્યુત્પ્રભદ્રહ		,,	,,	૧૦	વિદ્યુત્પ્રભ					
નીલવંતદ્રહ	ઉત્તરકુરુમાં	,,	,,	૧૦	નીલવંત			સીતાનદી		
ઉત્તરકુરુદ્રહ		,,	,,	૧૦	ઉત્તરકુરુ					
ચંદ્રદ્રહ		,,	,,	૧૦	ચંદ્ર					
ઐરવતદ્રહ		,,	,,	૧૦	ઐરવત					
માલ્યવંતદ્રહ		,,	,,	૧૦	માલ્યવંત					

अवतरण—કુરૂક્ષેત્રમાં યમલગિરિદ્રહ અને મેરૂનું પરસ્પર અંતર કહેવાય છે.

अट्ठसयचउतीसजोयणाइं तह सेगसत्तभागाओ।
इक्कारस य कलाओ, गिरिजमलदहाणमंतरयं ॥१३४॥

શબ્દાર્થ:—

अट्ठसयचउतीस-આઠસો ચોત્રીસ
स इग सत्तभागाओ-સાતિયા ૧ ભાગસહિત
इक्कारस-અગિઆર
गिरि- (વર્ષધર અને મેરૂ) પર્વત
जमलदहाणं-યમલગિરિ અને દ્રહોનું
अंतरयं-આંતરૂ—અન્તર

गाथार्थ-:નિષધ તથા મેરૂપર્વત યમલગિરિઓ અને દ્રહોનું પરસ્પર અન્તર આઠસોચોત્રીસયોજન તથા સાતીયા એકભાગસહિત એવી ૧૧ કળા જેટલું છે.

विस्तरार्थ-:કુરૂક્ષેત્રનો વ્યાસ ૧૧૮૪૨ યોજન–૨ કળા છે, તેમાં સરખાસરખા અન્તરે યમલગિરિ અને પાંચદ્રહ આવેલા છે, ત્યાં યમલગિરિ ૧૦૦૦ યો. વિસ્તારવાળો અને દરેક દ્રહ એકહજાર યો. દીર્ઘ હોવાથી એ છ વસ્તુના ૬૦૦૦ યોજન બાદ કરતાં ૫૮૪૨ યોજન ૨ કળા રહે તેને (૧ વર્ષધરગિરિથી યમલગિરિ, ૨ યમલગિરિથી પહેલો દ્રહ, ૩ પહેલાથી બીજો દ્રહ, ૪ બીજાથી ત્રીજો દ્રહ, ૫ ત્રીજાથી ચોથો દ્રહ ૬ ચોથાથી પાંચમો દ્રહ, ૭ પાંચમાદ્રહથી મેરૂગિરિ એ) ૭ આંતરાવડે ભાગતાં

૭) ૫૮૪૨–૨ (૮૩૪ યોજન
૫૬
૨૪
૨૧
૩૨
૨૮
૪ યો-
×૧૯
૭૬ કળા
+૨ કળા
૭) ૭૮ કળા (૧૧ કળા
૭૭
૧

આઠસો ચોત્રીસ યોજન ઉપરાન્ત ૧૧ કળા, અને તે ઉપરાન્ત એક કળાના સાત ભાગ કરીએ તેવો ૧ ભાગ એટલું દરેક અન્તર હોય જેથી વર્ષધરથી યમલગિરિ ૮૩૪ યોજન ૧૧$\frac{1}{7}$ કળા દૂર છે, ઇત્યાદિ રીતે વિચારવું, અહિં ગાથામાં गिरि પદ યમલગિરિ અને મેરૂગિરિ એ બંનેના અર્થમાં છે, અને यमल गिरि એ પદથી ચિત્ર વિચિત્ર અને બે યમકગિરિ એ ચારેનું છે માટે ચારમાંથી કોઈપણ એક પર્વત જાણવો ॥ ૧૩૪ ॥

अवतरण :–હવે આ ગાથામાં કુરૂક્ષેત્રમાં રહેલા ૨૦૦ कंचनगिरि કહેવાય છે.—

दहपुव्वावरदसजोअणेहि दसदसविअड्ढकूडाणं ।
सोलसगुणप्पमाणा, कंचणगिरिणो दुसय सव्वे ॥१३५॥

શબ્દાર્થ :—

दहपुव्वअवर–દ્રહની પૂર્વે અને પશ્ચિમે
विअड्ढकूडाणं–વૈતાઢ્યના કૂટોથી
सोलसगुणप्पमाणा–સોળગુણા પ્રમાણવાળા
दुसय सव्वे સર્વમળીને બસો છે.

ગાથાર્થ :–દ્રહથી પૂર્વે અને પશ્ચિમે દશયોજન દૂર વૈતાઢ્યકૂટોથી સોળ ગુણા પ્રમાણવાળા દશ દશ કંચનગિરિ છે, જેથી સર્વમળી બસો કંચનગિરિ (કુરૂક્ષેત્રમાં) છે. ॥ ૧૩૬ ॥

વિસ્તરાર્થ :—હવે ૨૦૦ કંચનગિરિનું સ્વરૂપ કહેવાય છે તે આ પ્રમાણે :–

૨૬૯ પર્વતો	સ્થાન	ઉંચાઈ	ઉંડાઈ	મૂળ વિસ્તાર	મધ્ય વિસ્તાર	શિખર વિસ્તાર
૬ કુલગિરિ	પૂર્વે દર્શાવેલા					
૧૬ વક્ષસ્કાર	૮ પૂર્વ મહાવિદેહે ૮ પશ્ચિમ વિદેહે	યોજન ૪૦૦થી ૫૦૦	યોજન ૧૦૦થી ૧૨૫	યોજન ૫૦૦	યોજન ૫૦૦	યોજન ૫૦૦
૪ ગજદંત: સોમનસ	મેરૂથી અગ્નિકોણ	૪૦૦ પ્રારંભે ૫૦૦ પર્યન્તે	૧૦૦ પ્રારંભે ૧૨૫ પર્યન્તે	પ્રારંભમાં ૫૦૦ યોજન પર્યન્તે અંગુલાસંખ્યાતભાગ	મૂળવિસ્તારવત્	મૂળવિસ્તારવત્
વિદ્યુત્પ્રભ	,, નૈઋત્યે	,,	,,			
ગંધમાદન	,, વાયવ્યે	,,	,,			
માલ્યવંત	,, ઈશાને	,,	,,			
૨૦૦ કંચનગિરિ	૫૦ દે. કુરૂમાં દ્રહોથીપૂર્વે ૫૦ ,, ,, પશ્ચિમે ૫૦ ઉ. કુરૂમાં ,, પૂર્વ ૫૦ ,, ,, પશ્ચિમે	૧૦૦	૨૫	૧૦૦	૭૫	૫૦
૨ યમકગિરિ ૨ ચિત્રવિચિત્ર	ઉ. કુરૂમાં ૧ પૂર્વે ૧ પશ્ચિમે દે. કુરૂમાં પૂર્વે-વિચિત્ર પશ્ચિમે-ચિત્ર	૧૦૦૦	૨૫૦	૧૦૦૦	૭૫૦	૫૦૦
શબ્દાપાતી વિકટાપાતી ગંધાપાતી માલ્યવંત	હિમવંતક્ષેત્રે મધ્યે હિરણ્યવંતે મધ્યે હરિવર્ષે મધ્યે રમ્યકમાં મધ્યે	૧૦૦૦	૨૫૦	૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦
૨ભરતૈરવતવૈતા૦ ૩૨ વિજયવૈતા૦	ભરત ઐરવતમાં મહાવિદેહમાં ૩૨વિજયમાં	૨૫	૬।	૫૦	૩૦	૧૦
મેરૂ	મહાવિદેહ મધ્યભાગે (જંબૂદ્વીપના મધ્યભાગે)	ભૂમિથી ૯૯૦૦૦	૧૦૦૦	યો. ૧૦૦૯૦ $\frac{10}{11}$	સોમનસે ૪૨૭૨ $\frac{8}{11}$	૧૦૦૦

લંબાઈ	કઈ વસ્તુના	વર્ણ	શિખર ઉપર શું છે.	કૂટ દરેકના કેટલા ?	આકાર
૬ કુલગિરિના યન્ત્ર જુઓ.					લંબચોરસ
૧૬૫૭૨ યો. ૨ કળા	સર્વરત્નમય		૪-૪ શિખરો	૪-૪	લંબચોરસ અને અશ્વસ્કંધ
યો. કળા ૩૦૨૦૯—૬	રત્નનો તપનીયસુવર્ણ કનક વૈડૂર્ય	શ્વેતવર્ણ રક્તવર્ણ પીતવર્ણ નીલવર્ણ	૭ શિખર ૯ શિખર ૭ શિખર ૯ શિખર	૭ ૯ ૭ ૯	ઉરિતના ઉંદણક સરખા
વૃત્તઆકારે ઉંચાઇ એજ લંબાઈ	સુવર્ણના	પીતવર્ણ	કંચનદેવનો દેવ પ્રાસાદ	—	ઉંચા ગોપુચ્છ સરખા ક્રમશઃ હીનહીન
,,	સર્વસુવર્ણમય	,,	યમકદેવનો પ્રાસાદ ચિત્ર-વિચિત્રદેવનોપ્રાસાદ	—	,,
,,	સર્વરત્નમય	શ્વેતવર્ણ	દેવપ્રાસાદ ,, ,, ,,	—	,,
યો. ક. ૧૦૭૨૦—૧૧ ૨૨૧૨૬ યો.	રૂપાના	શ્વેત	૯-૯ શિખરો	૯-૯	લંબચોરસ
૧૦૦૦૦૦ (લાખ) યોજનઉંચાઈ એજ લંબાઈ	સુવર્ણના	પીતવર્ણ	ચૂલિકા અને તે ઉપર જિનભવન	૯	ઉંચા ગોપુચ્છ સરખો

॥ કુરૂક્ષેત્રમાં ૨૦૦ કંચનગિરિ પર્વતો ॥

દરેક દ્રહની ઉત્તર દક્ષિણ લંબાઈ ૧૦૦૦ યોજન કહી છે, તેટલી લંબાઈમાં દ્રહના પૂર્વ કિનારે અને પશ્ચિમ કિનારે ૧૦–૧૦ કંચનગિરિ નામના પર્વતો વૈતાઢ્ય-કૂટના ૬। યોજન વિસ્તારથી સોળગુણા એટલે ૧૦૦–૧૦૦ યોજનના વિસ્તારવાળા દક્ષિણોત્તર પંક્તિએ આવેલા છે તે દરેક પર્વત દ્રહના કિનારાથી દશ યોજન દૂર છે, પરન્તુ લંબાઈમાં દરેક પર્વત એક બીજાને મૂળમાંથી સ્પર્શ કરીને અને ભૂમિ ઉપર જુદો જુદો દેખાય એવી રીતે રહ્યા છે, કારણ કે ૧૦૦૦ યોજનમાં સો સો યોજનવાળા પર્વતો મૂળમાં સ્પર્શીને જ રહી શકે, અને ઉપર ઘટતા ઘટતા વિસ્તારવાળા હોવાથી ભૂમિસ્થાને જુદાજ દેખાય. એ દરેક પર્વત ૧૦૦ યોજન ઉંચા છે, મધ્યમાં ૭૫ યોજન અને શિખર ઉપર ૫૦ યોજન વિસ્તારવાળા છે, દરેકનો અધિપતિ कांचन નામનો દેવ છે, તે સર્વેની રાજધાની બીજા જંબૂદ્વીપમાં પોત પોતાની દિશિમાં ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી છે. તથા એક દ્રહના એક બાજુના સંલગ્ન ૧૦ પર્વતો અને બીજી બાજુના સંલગ્ન ૧૦ પર્વતો મળી ૨૦ પર્વતોથી બીજા દ્રહના ૨૦ પર્વતો દ્રહના અન્તરને અનુસારે ૮૩૪ યોજન ૧૧$\frac{4}{7}$ કળા જેટલા દૂર છે, પુનઃ ત્રીજા દ્રહના ૨૦ પર્વતો પણ એટલે જ દૂર છે, એ રીતે દેવકુરૂમાં પૂર્વદિશિએ ૫૦ અને પશ્ચિમમાં ૫૦ મળી ૧૦૦ અને ઉત્તરકુરૂમાં પણ એ રીતે ૧૦૦ મળી ૨૦૦ कंचनगिरि છે. ॥ ૧૩૬ ॥

अवतरण:—હવે આ ગાથામાં ઉત્તરકુરૂક્ષેત્રમાં जंबूवृक्षनुं સ્વરૂપ કહેવાના પ્રસંગમાં એ વૃક્ષ जंबूपीठ નામની પીઠિકા ઉપર રહ્યું છે તે જંબૂપીઠનું પ્રમાણાદિ કહેવાય છે—

उत्तरकुरुपुव्वद्धे, जंबूणयजंबुपीढमन्तेसु ।
कोसदुगुच्चं कमि वड्ढमाणु चउवीसगुणं मज्झे ॥१३६ ॥

पणसयवट्टपिहुत्तं, तं परिखित्तं च पउमवेईए ।
गाउदुगुच्चद्धपिहुत्त, चारु चउदार कलिआए ॥ १३७ ॥

શબ્દાર્થ:—

पुव्वध्धे–પૂર્વ તરફના અર્ધમાં	कोसदुगउच्चं–બે ક્રોસ ઉંચું
जंबूणय–જાંબૂનદ સુવર્ણમય	कमि वड्ढमाणु–અનુક્રમે વધતું વધતું
जंबुपीढ–જંબૂપીઠ	चउवीसगुण–ચોવીસગુણ
अन्तेसु–પર્યન્તભાગે	मज्झे અતિ મધ્યભાગમાં
पणसय–પાંચસો યોજન	अद्धपिहुत्त–અર્ધ પહોળાઈવાળી
वट्ट पिहुत–વૃત્ત આકારે વિસ્તારવાળું	चारू चउ दार–મનોહર ચારદ્વાર
परिखित्त–પરિક્ષિપ્ત, વીંટળાયેલું	कलियाए સહિત.
गाउदुगउच्च–બે ગાઉ ઉંચી	

ગાથાર્થઃ—ઉત્તરકુરૂક્ષેત્રના પૂર્વાર્ધમાં જાંબૂનંદ સુવર્ણનું જંબૂપીઠ છે. તે પર્યન્તભાગે બે ગાઉ ઉંચુ છે, અને ત્યારબાદ અનુક્રમે વધતું વધતું મધ્યભાગમાં ચોવીસગુણ ઉંચુ ॥ ૧૩૬ ॥ તથા પાંચસો યોજન વૃત્તઆકારે વિસ્તારવાળું છે, એવું તે જંબૂપીઠ બે ગાઉ ઉંચા અને અર્ધવિસ્તારવાળાં મનોહર ચાર દ્વાર સહિત એવી પદ્મવેદિકાવડે વીંટાયલું છે ॥ ૧૩૭ ॥

॥ ઉત્તરકુરૂક્ષેત્રમાં જંબુપીઠ ઉપર જંબૂવૃક્ષ ॥

अवतरणः—તે જંબૂપીઠ ઉપર એક મોટું जंबूवृक्ष છે તેનું સ્વરૂપ કહેવાય છેઃ-

तं मज्झे अडवित्थर-चउच्चमणिपीढिआइ जंबूतरू ।
मूले कंदे खंधे वरवयरारिट्ठवेरूलिए ॥१३८॥

શબ્દાર્થઃ—

तं—તે પીઠની मज्झे-મધ્ય ભાગે
अडवित्थर-આઠ યોજન વિસ્તારવાળી
चउ उच्च-ચાર યોજન ઉંચી
जंबूतरू-જંબૂવૃક્ષ
मणिपीढिआइ—માણિપીઠિકા ઉપર
वरवयर—ઉત્તમ વજ્રરત્ન
अरिट्ठ—અરિષ્ટ રત્ન
वेरूलिए—વૈડુર્ય રત્ન

ગાથાર્થઃ—તે જંબૂપીઠની ઉપર મધ્યભાગમાં આઠ યોજન વિસ્તારવાળી અને ચાર યોજન ઉંચી એક મણિપીઠિકા છે, અને તે ઉપર જંબૂવૃક્ષ છે. તે મૂળમાં ઉત્તમ વજ્રરત્નનું શ્વેતવર્ણ, કંદ (ભૂમિતલ ઉપર લાગેલા જડભાગમાં,) અરિષ્ટરત્નનું કૃષ્ણવર્ણ અને સ્કંધમાં (થડભાગે) વૈડૂર્યરત્નનું નીલવર્ણ છે. ॥૧૩૮॥

विस्तरार्थः—પૂર્વે કહેલા જંબૂપીઠના ઉપર બીજી એક મણિપીઠિકા છે, તે ઉપર જંબૂવૃક્ષ છે, ઇત્યાદિ ગાથાર્થવત્ સુગમ છે, તથા કંદથી ઉપર મહાશાખાઓની જડ સુધીનું જાડું દલ તે થડ એટલે સ્કંધ કહેવાય.

જે પૃથ્વીકાયપરિણામી શાશ્વત જંબૂવૃક્ષથી આ દ્વીપનું જંબૂદ્વીપ એવું નામ છે. તે જંબૂવૃક્ષ ઉત્તરકુરૂક્ષેત્રમાં પૂર્વતરફના અર્ધાક્ષેત્રમાં મધ્યભાગે રહેલું છે, વળી એ વૃક્ષ ભૂમિઉપર નથી, પરન્તુ ઉત્તરકુરૂના પૂર્વાર્ધના મધ્યભાગમાં જાંબૂનદ સુવર્ણનો जंबूपीठ નામનો રત્નમય મોટો ગોળ આકારનો ચોતરો છે, અર્થાત્ ૫૦૦ યોજન લાંબી પહોળી એક મોટી પીઠિકા છે, તે છેડે બે ગાઉ ઉંચી અને ઉંચાઈમાં વધતી વધતી મધ્યભાગે ચોવીસગુણી એટલે ૧૨ યોજન ઉંચી છે. તેની આસપાસ સર્વદિશાએ એક વન અને તેને ફરતી એક પદ્મવરવેદિકા છે, એ પદ્મવેદિકાને ચારદિશાએ ત્રિસોપાન સહિત એકેક તોરણ હોવાથી સર્વમળી ચાર તોરણ (દ્વારવિશેષ છે, તે દરેક તોરણ બે ગાઉ ઉંચુ અને એક ગાઉ વિસ્તારવાળું છે. ॥ ૧૩૮ ॥

અવતરણ:—આ ગાથામાં જંબૂવૃક્ષની શાખાઓ વિગેરે કેવી છે? તે દર્શાવાય છે.

तस्स य साहपसाहा, दला य बिंटा य पल्लवा कमसो।
सोवन्न जायरूवा, वेरुलितवणिज्जजंबुणया ॥ १३९ ॥

શબ્દાર્થ:—

तस्स—તે જંબૂવૃક્ષની
साहपसाहा—શાખા અને પ્રશાખા
दला—પત્રો
बिंटा—બીંટ, પત્રનો મૂળભાગ.
पल्लवा—પલ્લવ, ગુચ્છા
सोवन्न—સોનાની
जायरूवा— જાતરૂપ, સુવર્ણની.
वेरुलि—વૈડૂર્યની
तवणिज—તપનીય સુવર્ણની
जंबुणया—જાંબૂનદ સુવર્ણના

ગાથાર્થ:—તેની શાખાઓ સુવર્ણની (રૂપાની), પ્રશાખાઓ જાતરૂપ સુવર્ણની, પત્રો વૈડૂર્યનાં નીલવર્ણે, બીંટ (પત્રનાં મૂળ) તપનીય સુવર્ણમય હોવાથી રક્તવર્ણે, અને ગુચ્છા જાંબૂનદ સુવર્ણના હોવાથી કિંચિત્ રક્તવર્ણે છે. ॥૧૩૯॥

વિસ્તરાર્થ:—જંબૂવૃક્ષની ચાર મહાશાખાઓ જે ચાર દિશિમાં છે તે [1]સુવર્ણની પીતવર્ણે, અને તેમાંથી નીકળતી નાની શાખાઓ જાતરૂપ સુવર્ણની કંઈક શ્વેતવર્ણે છે, શેષ ગાથાર્થવત્ સુગમ છે. ॥ ૧૩૯ ॥

અવતરણ:—આ ગાથામાં જંબૂવૃક્ષની મધ્યશાખા વિગેરે કેવાં છે? તે દર્શાવાય છે.

सो रययमयपवालो, राययविडिमो य रयणपुप्फफलो।
कोसदुगं उव्वेहे, थुडसाहाविडिमविक्खंभो। ॥१४०॥

શબ્દાર્થ :—

सो—તે જંબૂવૃક્ષ
रययमय—રજતમય, રૂપામય
पवालो—પ્રવાલ, નવા પલ્લવ
राययविडिमो—રૂપાની ઊર્ધ્વશાખાવાળું
रयण पुप्फफलो—રત્નમય પુષ્પ ફળવાળું
उव्वेहे—ઉદ્વેધમાં, ઉંડાઈમાં
थुडसाहाविडिम—થડ શાખા અને વિડિમના
विक्खंभो—વિષ્કંભમાં

૧ ક્ષેત્રસમાસની સ્વોપજ્ઞવૃત્તિમાં तत्र सुवर्ण रौप्यं એવો અર્થ હોવાથી રૂપાની શાખા.

૨ ગુચ્છા એ અર્થ ક્ષેત્રલોકપ્રકાશ વિગેરેમાં છે, અને તે બેચાર નાની પ્રતિશાખાઓ મળીને ગુચ્છો જાણવો પરન્તુ પત્ર કે ફળના ગુચ્છા સમજવા યુક્ત નથી, અર્થાત્ ચાર મોટી શાખાઓમાંથી અનેક નાની પ્રતિશાખાઓ નીકળી અને પ્રતિશાખાઓમાં ઠામઠામ ઘણી ન્હાની શાખાઓ ભેગી મળીને એક જ સ્થાનમાંથી પ્રગટ થઈ હોય તે અહિં ગુચ્છા અથવા પલ્લવ જાણવા.

ગાથાર્થ:—તે જંબૂવૃક્ષ રૂપાના પ્રવાલવાળું [નાની શાખાઓની કુંપળોવાળું] રૂપાની વિડિમા (ઉભી ઊર્ધ્વશાખા) વાળું, અનેક રત્નના પુષ્પફળવાળું છે. તથા ઉંડાઈમાં થડના વિસ્તારમાં શાખાના વિસ્તારમાં અને વિડિમાના વિસ્તારમાં બે ગાઉ પ્રમાણવાળું છે. ॥ ૧૪૦ ॥

વિસ્તરાર્થ:—એ જંબૂવૃક્ષની નાની શાખાઓમાંથી જે નવી કુંપળો ફુટેલી છે તે રૂપાની છે, અને થડના અન્તભાગે જે એક મોટામાં મોટી મધ્યશાખા સીધી ઊર્ધ્વ-દિશામાં ઉભી ગયેલી છે, તે વિડિમ શાખા રૂપાની છે, તથા પુષ્પો અને ફળો વિવિધ પ્રકારના રત્નનાં છે. તથા એ વૃક્ષ ભૂમિમાં બે ગાઉ ઉંડું છે, એનું થડ (સ્કંધ) બે ગાઉ જાડું છે. તથા મધ્યવર્તી વિડિમા નામની મહાશાખા, અને ચાર દિશિની ચાર શાખાઓ એ પાંચે શાખા બે બે ગાઉ જાડી છે. ॥ ૧૪૦ ॥

અવતરણ:—આ ગાથામાં જંબૂવૃક્ષની શાખાઓ વિગેરેનું પ્રમાણ તથા તે ઉપર રહેલાં ભવનો કહેવાય છે તે આ પ્રમાણે—

थुडसाहाविडिमदीहत्ति, गाऊए अट्ठपनरचउवीसं ।
साहा सिरिसमभवणा, तम्माण सचेइअं विडिमं ॥१४१॥

શબ્દાર્થ:—

दीहत्ति–દીર્ઘપણામાં
सिरिसम–શ્રીદેવી સરખા
तम्माण–તેટલાજ પ્રમાણવાળા
सचेइअं–ચૈત્યસહિત

ગાથાર્થ:—જંબૂવૃક્ષના થડની લંબાઈ ૮ ગાઉ, શાખાઓની લંબાઈ ૧૫ ગાઉ અને વિડિમા (મધ્યશાખા)ની લંબાઈ ૨૪ ગાઉ છે. તથા ચારે શાખાઓ શ્રીદેવીના ભવન સરખા ભવનવાળી છે, અને વિડિમશાખા તેટલાજ પ્રમાણના ચૈત્યવાળી છે. ॥૧૪૧॥

વિસ્તરાર્થ:—ચાર દિશાની ચાર તીર્છી શાખાઓ ૧૫ ગાઉ દીર્ઘ છે, એનું થડ ૮ ગાઉ એટલે બે યોજન ઉંચું છે, અને વિડિમશાખા ૨૪ ગાઉ એટલે છ યોજન ઉંચી છે. એ પ્રમાણે હોવાથી થડની અને વિડિમાની ઉંચાઈ ભેગી કરતાં જંબૂવૃક્ષ *૮ યોજન ઉંચું થયું, અને બે બાજુની બે તીર્છી શાખાઓના ૩૦ ગાઉમાં મધ્ય-

* એ ૮ યોજન ઉંચાઈ ભૂમિઉપરથી ગણાય છે, અને મૂળ તથા કંદ સહિત ઉંચાઈ ગણીએ તો જંબૂવૃક્ષની ઉંચાઈ સાધિક ૮ યોજન ગણવી.

વર્તી થડની જાડાઈ ૨ ગાઉ ઉમેરતાં ૩૨ ગાઉ એટલે ૮ યોજન જેટલા વિસ્તારવાળું[1] એ વૃક્ષ થયું, જેથી જંબૂવૃક્ષ ઉંચાઈમાં અને વિસ્તારમાં ૮–૮ યોજન તુલ્ય છે.

॥ જંબૂવૃક્ષ ઉપર ૧ દેવભવન અને ૩ દેવપ્રાસાદ ॥

॥ सुदर्शन नामनुं जंबूवृक्ष ॥

[गा० १४१, पृ० २०५]



૧ આ ૮ યોજનનો વિસ્તાર શાખાઓ જ્યાંથી નીકળે છે તે સ્થાને ગણવો અર્થાત્ થડના પર્યન્તભાગે ગણવો. પરન્તુ એથી ઉપર નહિ, કારણ કે વિશેષ ઉપર જતાં શાખાઓને કંઈક ઊર્ધ્વ-તીર્છી ગણવી પડે, જેથી ઈષ્ટ વિસ્તાર આવેજ નહિં શાખાઓ સમશ્રેણિએ સીધીતીર્છી રહેલી હોવાથી જ ૮ યોજન વિસ્તાર આવે ત્યારબાદ વિસ્તાર ઘટતો ઘટતો સર્વથા ઉપર ઘણોજ ઓછો વિસ્તાર હોય છે, અને એ રીતે હોવાથી જ વૃક્ષનો વિષમ ઘનવૃત્ત આકાર સુંદર દેખાય છે.

જંબૂવૃક્ષની ચાર દિશિની ચાર તીર્છી શાખાઓમાં ત્રણ શાખાઉપર મધ્યભાગે એકેક [1]દેવપ્રાસાદ છે, અને પૂર્વદિશાની શાખાના મધ્યભાગે ભવન છે તેમાં જંબૂદ્વીપના અધિપતિ અનાદૃતદેવની શય્યા છે, અને શેષ ત્રણ દિશાના ત્રણ પ્રાસાદોમાં દરેકમાં પરિવાર સિંહાસનો સહિત એકેક સિંહાસન અનાદૃત દેવને બેસવા યોગ્ય છે. એ ચારેનું પ્રમાણ શ્રીદેવીના ભવનસરખું એટલે ૧ ગાઉ દીર્ઘ અને ૦ાા ગાઉ વિસ્તારવાળું તથા કંઈક ન્યૂન ૧ ગાઉ (૧૪૪૦ ધનુષ) ઉંચાઈ એ ચારેને પશ્ચિમ સિવાય ત્રણ દિશાએ ત્રણ ત્રણ દ્વાર છે, તે બારે દ્વાર ૫૦૦ ધનુષ ઉંચાં અને ૨૫૦ ધનુષ પહોળાં તથા પ્રવેશવાળાં છે.

॥ જંબૂવૃક્ષની મધ્યશાખા ઉપર ૧ જિનભવન ॥

તથા મધ્યવર્તી વિડિમા નામની મહાશાખા ઉપર પૂર્વોક્ત દેવભવન સરખા પ્રમાણવાળું ૧ જિનચૈત્ય છે, તેને પણ પશ્ચિમદિશિ સિવાય ત્રણ દિશામાં ત્રણદ્વાર પૂર્વોક્ત પ્રમાણવાળાં છે. મધ્યભાગે ૫૦૦ ધનુષ્ લાંબીપહોળી અને ૨૫૦ ધનુષ્ ઉંચી મણિપીઠિકાઉપર એટલા જ પ્રમાણવાળો દેવચ્છંદક છે, પરન્તુ ઉંચાઈમાં સાધિક ૫૦૦ ધનુષ્ છે. તેમાં પાંચસો પાંચસો ધનુષ્ના પ્રમાણવાળી ૧૦૮ જિનપ્રતિમા છે. ઈત્યાદિસર્વસ્વરૂપ પૂર્વે કહેલા શાશ્વતચૈત્યના સ્વરૂપ સરખું જાણવું.

अवतरणः—એ ત્રણ પ્રાસાદ તથા એક ભવનમાં કયા દેવની શું વસ્તુ છે? તે કહેવાય છે—

पुव्विल्लसिज्ज तिसु आसणीण भवणेसुऽणाढिअसुरस्स ।
सा जंबू बारस वेदआहिं कमसो परिक्खित्ता ॥१४२॥

શબ્દાર્થ:—

पुव्विल्ल–પૂર્વદિશાના દેવભવનમાં
सिज्ज–દેવશય્યા
(अ) णाढिअसुरस्स–અનાદૃત દેવનાં
*सा जंबू-તે જંબૂવૃક્ષ

गाथार्थ:—પૂર્વદિશાના ભવનમાં અનાદૃત દેવની શય્યા છે, અને ત્રણ દિશાના ત્રણ પ્રાસાદોમાં અનાદૃતદેવનાં પરિવારસહિત સિંહાસનો છે. તથા એ જંબૂવૃક્ષ અનુક્રમે બાર વેદિકાઓવડે વીંટાયલું છે ॥ ૧૪૨ ॥

---

૧ વિષમચોરસ [લંબચોરસ] હોવા છતાં એ ત્રણેને પ્રાસાદ કહેવાની તથા એ ચારેને સમચોરસ પણ કહ્યા છે તે સંબંધિ અધિક ચર્ચા શ્રી જંબૂ૦ પ્ર૦ વૃત્તિથી જાણવી તથા ગાથામાં ચારે શાખાઓને અંગે भवण શબ્દ કહ્યો છે. તે સામાન્યથી કહ્યો છે, માટે પૂર્વશાખા ઉપર ભવન અને ત્રણ શાખા ઉપર પ્રાસાદ કહેવામાં કોઈ વિરોધ નથી.

* सा એ શબ્દ સ્ત્રીલિંગે હોવાથી કારણકે जंबु શબ્દ સ્ત્રીલિંગે છે.માટે

વિસ્તરાર્થઃ—પૂર્વશાખાઉપરના મધ્યભાગમાં જંબૂદ્વીપના અધિપતિ અનાદૃતદેવનું ભવન છે, તે ભવનના અતિમધ્યભાગે ૫૦૦ ધનુષ્ વિસ્તારવાળી અને ૨૫૦ ધનુષ્ ઉંચી મણિપીઠિકાઉપર અનાદૃતદેવને શયનકરવાયોગ્ય એક મોટી [1]શય્યા છે, તથા ત્રણ દિશિની ત્રણ શાખાઓઉપર મધ્યભાગે એકેક પ્રાસાદ છે તે દરેક પ્રાસાદના મધ્યભાગમાં પૂર્વોક્ત પ્રમાણવાળી મણિપીઠિકા ઉપર અનાદૃતદેવને બેસવાયોગ્ય એકેક [2]પરિવારસિંહાસનો સહિત છે, ઇત્યાદિ સ્વરૂપ પૂર્વે કહ્યું છે.

એ અનાદૃતદેવ વ્યન્તરનિકાયનો છે, અને વર્તમાનકાળમાં જે અનાદૃત દેવ છે તે શ્રી જંબૂસ્વામિના કાકાનો જીવ છે. એની રાજધાની બીજા જંબૂદ્વીપમાં મેરૂથી ઉત્તરદિશામાં અનાદૃતા નામની ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી છે.

વળી એ જંબૂવૃક્ષની આસપાસ વલયાકારે ફરતી બાર વેદિકાઓ છે,(એ વેદિકાનું પ્રમાણ પણ પ્રાયઃ જંબૂદ્વીપની જગતીની વેદિકા સરખું જાણવું.)

અવતરણઃ—એ મહાન્ જંબૂવૃક્ષની આસપાસ બીજા જંબૂવૃક્ષોનાં ૩ વલય છે તે કહેવાય છે—

दहपउमाणं जं वित्थरं तु तामिहावि जंबुरुक्खाणं ।
नवरं महयरियाणं, ठाणे इह अग्गमहिसीओ ॥१४३॥

શબ્દાર્થઃ—

दह पउमाणं-દ્રહવર્તી કમળોનો
जं वित्थरं-જે વિસ્તાર (પરિવાર)
तं इह अवि-તે અહિં પણ
महयरियाणं ठाणे-મહત્તરિકા દેવીઓને સ્થાને
इह-આ જંબૂવૃક્ષના પરિવારમાં
अग्गमहिसीओ-અગ્રમહિષીઓ

ગાથાર્થઃ—દ્રહમાં કમળોનો જે પરિવાર કહ્યો તેવોજ પરિવાર અહિં જ વૃક્ષોનો પણ જાણવો, પરન્તુ મહત્તરિકાદેવીઓને બદલે અહિં અગ્રમહિષીઓ કહેવી એ [3]વિશેષ છે ॥ ૧૪૩ ॥

વિસ્તરાર્થઃ—પદ્મદ્રહઆદિ દ્રહોમાં જેમ શ્રીદેવી વિગેરેનું પહેલું મૂખ્યકમળ, તેને ફરતાં ૧૦૮ કમળ ઇત્યાદિ પરિવાર કમળોવત્ અહિં પણ જંબૂવૃક્ષનો પરિવાર કહેવો,

---

૧ શય્યાનું સ્વરૂપ શ્રીદેવીની શય્યાના પ્રસંગે કહ્યું છે ત્યાંથી જાણવું.

૨ જંબૂ૦ પ્ર૦ વૃત્તિમાં સપરિવાર સિંહાસનો કહ્યાં છે, ક્ષે૦ સ૦ બૃહદ્વૃત્તિ વિગેરેમાં સપરિવાર કહ્યાં નથી.

૩. [જો ૬ વલય ગણીએ તો શેષ ૩ વલયમાં આભિયોગિક દેવોનાં ૩૨૦૦૦-૪૦૦૦૦-૪૮૦૦૦ જંબૂ છે] શાસ્ત્રપાઠોમાં વર્ણન ૩ વલયો સુધીનું જ આવે છે, અને અતિદેશ આ ગાથા પ્રમાણે પદ્મદ્રહવત્ આવે છે, જેથી ૬ વલયો પણ હશે.

પરંતુ ત્યાં પૂર્વદિશામાં ચાર મહત્તરિકાદેવીઓ કહી છે તેને બદલે અહિં અનાદૃતદેવની અગ્રમહિષીઓ કહેવી, આ પ્રમાણે—

॥ જંબૂવૃક્ષના *૬ વલય ॥

મધ્યવર્તી મહાજંબૂવૃક્ષ ૧૨ વેદિકાઓવડે વીંટાયલું છે તે અનાદૃતદેવનું મુખ્ય જંબૂવૃક્ષ છે. તેની આસપાસ અર્ધપ્રમાણવાળા ૧૦૮ જંબૂવૃક્ષનું પ્રથમવલય છે, એ વૃક્ષોને દરેકને ૬–૬ વેદિકાઓ છે. તેની આસપાસ પુનઃ વાયવ્ય ઉત્તર ઈશાન એ ત્રણ દિશામાં સામાનિકદેવોનાં ૪૦૦૦ જંબૂવૃક્ષ, પૂર્વદિશિમાં ૪ અગ્રમહિષીનાં ચાર, અગ્નિકોણમાં અભ્યન્તરસભાદેવનાં ૧૨૦૦૦, અને પશ્ચિમમાં સાત સેનાપતિનાં ૭ વૃક્ષ છે. બીજુંવલય તેથી પણ અર્ધપ્રમાણવાળું છે, ત્રીજા વલયમાં ચારે દિશાએ ૪૦૦૦–૪૦૦૦ વૃક્ષો અંગરક્ષકદેવનાં હોવાથી ૧૬૦૦૦ વૃક્ષોનું ત્રીજુંવલય તેથી પણ અર્ધપ્રમાણવાળું છે. અહિં બીજા વલયનાં ૧૦૮ કમળો ઉપર અનાદૃત દેવનાં આભૂષણો માટેનાં ૧૦૮ ભવન છે. મતાન્તરે જિનચૈત્ય પણ કહ્યાં છે. ॥ ૧૪૩ ॥.

અવતરઃ—જંબૂવૃક્ષથી ૫૦ યોજન દૂર ૪ ભવનો તથા ૪ પ્રાસાદો છે તે કહે છે,

कोसदुसएहिं जंबू, चउदिसिं पुव्वसालसमभवणा ।
विदिसासु सेसतिसमा, चउवाविजुआ य पासाया ॥१४४॥

શબ્દાર્થ :—

कोसदुसर्णाहिं—બસોગાઉ દૂર	सेसतिसमा—ત્રણ પ્રાસાદો સરખા
पुव्वसालसम—પૂર્વદિશાની શાખા સરખા	चउवाविजुआ—ચારવાપિકા યુક્ત

ગાથાર્થઃ—જંબૂવૃક્ષથી બસો ગાઉ (૫૦ યોજન) દૂર ચારે દિશામાં પૂર્વની શાખાના ભવનસરખાં દેવભવનો છે, અને વિદિશાઓમાં શેષ ત્રણપ્રાસાદ સરખા ચાર ચાર વાપિકાઓસહિત પ્રાસાદો છે. ॥૧૪૪॥

વિસ્તરાર્થઃ—જંબૂવૃક્ષનો સર્વપરિવાર સમાપ્ત થયા બાદ જંબૂપીઠની નીચે [સો સો યોજનવાળાં ત્રણ ¹વન છે, ત્યાં પહેલા વનમાં ૫૦–૫૦ યોજન દૂર ચાર દિશામાં ચાર ભવનો અનાદૃતદેવનાં છે. તેમાં અનાદૃતદેવની એકેક શય્યા છે, એ ચાર ભવનોનું પ્રમાણ વિગેરે સર્વસ્વરૂપ જંબૂવૃક્ષની પૂર્વશાખાના ભવન સરખું

1. શાસ્ત્રમાં જોકે સપરિવાર જંબૂવૃક્ષની આસપાસ એ ત્રણવન ૧૦૦–૧૦૦ યોજન વિષ્કંભવાળા કહ્યા છે, પરંતુ એ ત્રણ વનો ૫૦૦ યોજનવાળા જંબૂપીઠની ઉપર હોઈ શકે નહિ, તેમજ જંબૂપીઠ ઉપર તો જંબૂવૃક્ષો જ ત્રણવલયો સહિત રહેલાં છે એમ જાણવું. માટે જંબૂવૃક્ષથી એટલે જંબૂપીઠથી નીચે ૫૦–૫૦ યોજન દૂર (પહેલાવનમાં જ) દેવભવનો તથા પ્રાસાદો છે, પરન્તુ જંબૂપીઠ ઉપર નહિ.

જાણવું. તથા એજ પહેલા વનમાં ૫૦ યોજન દૂર ચાર વિદિશિમાં ચાર પ્રાસાદ છે; તે દરેક પ્રાસાદની ચાર દિશાએ ચાર વાપિકા હોવાથી ચાર પ્રાસાદો ૧૬ વાપિકાવાળા છે. એ પ્રાસાદોનું સર્વસ્વરૂપ જંબૂવૃક્ષની ત્રણ શાખાઓના ત્રણ પ્રાસાદો સરખું જાણવું અર્થાત્ એ ચારે પ્રાસાદોમાં અનાદૃત દેવની આસ્થાન સભા હોવાથી સપરિવાર એકેક સિંહાસન છે. દરેક વાવડી ાાગાઉ પહોળી ૧ ગાઉ લાંબી, ૫૦૦ ધનુષ ઉંડી તોરણો સહિત ચારદ્વારવાળી તથા એક વન અને એક વેદિકાવડે વીંટાયલી છે. એ પ્રમાણે ૧૦૦ યોજન વિસ્તારવાળા પહોળા વનમાં ચાર દિશાએ ચાર ભવન વિદિશાઓમાં ૪ પ્રાસાદ કહ્યા, તે ઉપરાન્ત એ આઠના આઠ અંતરામાં એકેક ભૂમિકૂટ છે, તે આગળની ગાથામાં કહેવાશે, ાા ૧૪૪ ાા.

अवतरणः—તે પહેલા વનમાં ભવનો અને પ્રાસાદોના આંતરામાં આઠ જિનકૂટ છે, તે તથા એવા પ્રકારનું બીજું શાલ્મલિવૃક્ષ પણ છે તે આ ગાથામાં કહેવાય છે.

ताणंतरेसु अडजिण—कूडा तह सुरकुराइ अवरद्धे ।
रायपीढे सामलि—रुक्खो एमेव गरुलस्स ॥१४५॥

શબ્દાર્થ—

ताणअंतरेसु—તેભવનપ્રાસાદોના આંતરાઓમા	रायपीढे—રજતપીઠ ઉપર
अडजिणकूडा—આઠજિનકૂટ (ભૂમિઉપર)	सामलिरुक्खो—શાલ્મલિવૃક્ષ
सुरकुराइ—દેવકુરૂક્ષેત્રમાં	एमेव—એવાજ પ્રકારનું
अवरद्ध—પશ્ચિમઅર્ધને વિષે	गरुलस्स—ગરૂડદેવનું

गाथार्थ—તે ભવનપ્રાસાદોના આઠ આંતરામાં આઠ જિનકૂટ છે. તથા દેવકુરૂક્ષેત્રના પશ્ચિમમાર્ધમાં પણ રૂપાના પીઠઉપર જંબૂવૃક્ષ સરખુંજ શાલ્મલિવૃક્ષ છે તે ગરૂડદેવનું છે. ા ૧૪૫ ા

विस्तरार्थः—એજ પહેલાવનમાં ચારભવન અને ચારપ્રાસાદ એ આઠના આઠ આંતરામાં એટલે એકભવન અને એકપ્રાસાદ એ બેની બરાબર મધ્યભાગે એકેક [1]ભૂમિકૂટ સરખો પર્વત હોવાથી આઠ ભૂમિકૂટ પર્વતો છે, તે દરેક ઉપર એકેક શાશ્વત जिनभवन હોવાથી એ આઠ ભૂમિકૂટને અહિં જિનકૂટ કહ્યાં છે. વળી એ દરેક જિનકૂટ જાત્યરૂપ સુવર્ણનાં કંઈક શ્વેતવર્ણે છે, મૂળમાં ૮ યોજન, મધ્યમાં ૬ યોજન અને ઉપર ૪ યોજન વૃત્તવિષ્કંભ (વિસ્તાર) છે. ૮ યોજન ઉંચું છે, ઊર્ધ્વગોપુચ્છના આકારે અનુક્રમે હીન હીન વિસ્તારવાળું છે. ૨ યોજન ભૂમિમાં ઉંડું છે. એ દરેકઉપરનું જિનભવન પણ જંબૂવૃક્ષની વિડિમાશાખાના જિનભવનસરખું સર્વરીતે છે.

૧-૨ ભૂમિકૂટોમાં ૮ જંબૂકૂટ તથા ૮ શાલ્મમિકૂટ ગણાય છે તે

॥ पहेला जंबूवनमां ८ जिनकूट ८ जंबूकूट ॥

[गा० १४५, पृ० २१०]



તથા જેવું આ જંબૂવૃક્ષ ઉત્તરકુરૂમાં કહ્યું તેવુંજ શાલ્મલિવૃક્ષ દેવકુરૂક્ષેત્રમાં પશ્ચિમઅર્ધભાગમાં છે, તેનું પીઠ (શાલ્મલિપીઠ) રૂપાનું છે, અને અધિપતિ દેવ ગરૂડદેવ એટલે સુવર્ણકુમાર ભવનપતિનિકાયનો વેણુદેવ નામનો દેવ છે, તેની ગરૂડા-રાજધાની બીજા જંબૂદ્વીપમાં અનાદતારાજધાની સરખી જાણવી. આ શાલ્મલિપીઠની આસપાસના ત્રણ વનમાંથી પહેલા વનમાં જે [૨]આઠ જિનકૂટ છે તે રૂપાનાં છે. ॥ ૧૪૪ ॥

॥ મહાવિદેહ ક્ષેત્રનું વર્ણન ॥

अवतरण:—મહાવિદેહક્ષેત્રમાં દેવકુરૂઉત્તરકુરૂનું સ્વરૂપ તથા તેમાં રહેલા યમલગિરિદ્રહો—અને મહાવૃક્ષોનું [જંબૂવૃક્ષ શાલ્મલિવૃક્ષનું] સ્વરૂપ કહ્યાબાદ હવે એ મહાવિદેહક્ષેત્રમાં વિજયો વક્ષસ્કારપર્વતો આદિ પદાર્થોનો સંગ્રહ આ ગાથામાં કહેવાય છે—

बत्तीस सोल बारस, विजया वक्खार अंतरणईओ ।
मेरुवणाओ पुव्वावरासु कुलगिरिमहणयंता ॥१४६॥

શબ્દાર્થ :—

बत्तीस–બત્રીસ	पुव्वअवरासु–પૂર્વમાં અને પશ્ચિમમાં
वक्खार–વક્ષસ્કારપર્વતો	कुलगिरि महणय अंता–કુલગિરિ અને
मेरुवणाओ–મેરૂના વનથી	મહાનદીના પર્યન્ત ભાગવાળા.

ગાથાર્થઃ—મહાવિદેહક્ષેત્રમાં ૩૨ વિજયો ૧૬ વક્ષસ્કારપર્વતો અને ૧૨ અન્તર્નદીઓ એ સર્વ મેરૂના વનથી પૂર્વદિશિમાં અને પશ્ચિમદિશિમાં કુલગિરિ અને મહાનદીના અન્તવાળા છે, ॥ ૧૪૬ ॥

વિસ્તરાર્થઃ—ગાથાર્થવત્ સુગમ છે, વિશેષ એ કે–એ ૬૦ પદાર્થોનો દરેકનો એક છેડો કુલગિરિને સ્પર્શેલો છે, અને એક છેડો મહાનદીને (સીતા સીતોદાને) સ્પર્શેલો છે, તથા એ સર્વનાં નામ અને અનુક્રમે આગળ કહેવામાં આવશે. તથા એ ત્રણ પ્રકારના પદાર્થોમાં અર્ધા મેરૂના ભદ્રશાલવનથી પૂર્વદિશિમાં છે-એટલે ૧૬ વિજય –૮ વક્ષસ્કાર–અને ૬ અન્તર્નદી એ ૩૦ *પૂર્વમહાવિદેહમાં છે, અને એટલાજ પદાર્થ ભદ્રશાલવનથી પશ્ચિમદિશિમાં એટલે પશ્ચિમમહાવિદેહમાં છે. ॥ ૧૪૬ ॥

અવતરણઃ—એ વિજયો વક્ષસ્કારપર્વતો અને અન્તર્નદીઓની પહોળાઈ આ ગાથામાં કહે છે—

विजयाण पिहुत्ति सगट्ठभाग बारुत्तरा दुवीससया ।
सेलाणं पंचसए, सवेइणइ पंचवीससयं ॥१४७॥

શબ્દાર્થ :—

विजयाण—વિજયોની	सेलाणं—પર્વતો (વક્ષસ્કારોની)
पिहुत्ति—પહોળાઈ	पंचसए—પાંચસો યોજન
सगट्ठभाग—આઠીયા સાત ભાગ	सवेइ—વેદિકાસહિત
बारउत्तरा—બાર અધિક	णइ—અન્તર્નદીઓ
दुवीससया—બાવીસસો	पंचवीससयं—એકસો પચીસ યોજન

* તેનો સામાન્યઅનુક્રમ આ પ્રમાણે–ભદ્રશાલવનના પૂર્વદિશિના પર્યન્તભાગને સ્પર્શીને બે વિજય ઉત્તરદક્ષિણમાં રહેલી છે, ત્યારબાદ બે વક્ષસ્કાર, ત્યારબાદ બે વિજય; ત્યારબાદ બે અન્તર્નદી, ત્યારબાદ બે વિજય, ત્યારબાદ બે વક્ષસ્કાર. પુનઃ બે વિજય, પુનઃ ૨ અન્તર્નદી, પુનઃ બે વિજય, પુનઃ બે વક્ષસ્કાર, ઈત્યાદિક્રમથી યાવત્ વનમુખ સુધી ૩૦ પદાર્થ ગણવા.

ગાથાર્થઃ—વિજયોની દરેકની પહોળાઈ બાવીસસોબાર યોજન ઉપરાન્ત એક યોજનના આઠીયા સાત ભાગ [૨૨૧૨ ⅞ યોજન] છે. વક્ષસ્કારપર્વતોની દરેકની પહોળાઈ ૫૦૦ યોજન છે. અને દરેક અન્તર્નદીની પહોળાઈ ૧૨૫ યોજન છે ॥૧૪૭॥

विस्तरार्थः—ગાથાર્થવત્ સુગમ છે. વિશેષ એ કે-વિજયની પહોળાઈ ૨૨૧૨⅞ યોજન છે, તેને પૂર્વથી પશ્ચિમપર્યન્ત સુધીમાં આવેલી ૧૬ વિજયવડે ગુણતાં ૩૫૪૦૬ યોજન આવ્યા, તથા એક પંક્તિએ આવેલા ૮ વક્ષસ્કારને પોતાની ૫૦૦ યોજન પહોળાઈ સાથે ગુણતાં ૪૦૦૦ યોજન આવ્યા. અને એક પંક્તિએ આવેલી ૬ અન્તર્નદીઓને ૧૨૫ યોજનની પહોળાઈવડે ગુણતાં ૭૫૦ યોજન આવ્યા. એ ઉપરાન્ત આગળ કહેવાતા બે વનમુખની દરેકની ૨૯૨૨ યોજન હોવાથી તેને બે એ ગુણતા ૫૮૪૪ યોજન આવ્યા, અને મેરૂની પૂર્વમાં ૨૨૦૦૦ યોજન તથા પશ્ચિમમાં ૨૨૦૦૦ યોજન ભદ્રશાલવનની પહોળાઈ ૪૪૦૦૦ યોજન અને વચ્ચે રહેલા મેરૂની ૧૦,૦૦૦ યોજન જાડાઈ મેળવતાં મેરૂ તથા વન મળીને ૫૪૦૦૦ પહોળાઇ થઈ એ સર્વનો સરવાળો કરતાં [૩૫૪૦૬+૪૦૦૦+૭૫૦+૫૮૪૪+૫૪૦૦૦=] ૧૦૦૦૦૦ (એક લાખ) યોજન જંબૂદ્વીપની અને અહિં મહાવિદેહની પૂર્વપશ્ચિમ લંબાઈ સમાપ્ત થઈ.

અથવા બીજી રીતે ગણીએ તો એ પાંચે પદાર્થની પહોળાઈના સર્વાંકમાંથી ઇષ્ટ પદાર્થનો સર્વાંક બાદ કરીને [અલગ રહેવા દઈ ને] શેષ ચાર પદાર્થનો સર્વાંક જંબૂદ્વીપની ૧ લાખયોજન લંબાઈમાંથી બાદ કરવો, જે શેષ રહે તેને ઇષ્ટ પદાર્થની સંખ્યાએ ભાગતાં ઇષ્ટ પદાર્થની પહોળાઈ આવે તે આ રીતે- હવે ધારો કે

મેરૂસહિત ભદ્રશાલવન	૫૪૦૦૦
૧૬ વિજયોની પહોળાઈ	૩૫૪૦૬
૮ વક્ષસ્કારની ,,	૪૦૦૦
૬ અન્તર્નદીની ,,	૭૫૦
૨ વનમુખની ,,	૫૮૪૪

વિજયની પહોળાઈ જાણવાની જરૂર છે તો વિજયનો ૩૫૪૦૬ અંક અલગ રાખીને શેષ ચાર અંકનો સર્વાંળો ૬૪૫૯૪ થાય, તેને જંબૂની લંબાઈ ૧૦૦,૦૦૦ માંથી બાદ કરતાં ૩૫૪૦૬ યોજન આવે, તેને વિજયની ૧૬ સંખ્યા વડે ભાગતાં ૨૨૧૨⅞ યોજન આવે. એ પદ્ધતિએ કોઈપણ પદાર્થની (વિજયાદિ પાંચમાંના કોઈપણ પદાર્થની) પહોળાઈ પ્રાપ્ત થાય છે. કારણ કે પાંચપદાર્થો મળીને ૧ લાખ યોજન રોકાયા છે, માટે એજ રીતિ સુગમ છે. ॥૧૪૭॥

अवतरणः—પૂર્વગાથામાં વિજયાદિકની પહોળાઈ કહીને હવે આ ગાથામાં તે સર્વની લંબાઈ કહેવાય છે—

सोलससहस्सपणसय-बाणउआ तहय दो कलाओय ।
एएसिं सव्वेसिं, आयामो वणमुहाणं च ॥१४८॥

શબ્દાર્થ:—

सोलससहस—સોલહજાર	आयामो—આયામ, લંબાઈ
पणसय बाणउआ—પાંચસો બાણુ	वणमुहाण—બે વનમુખની
एएसिंसव्वेसं—એ સર્વનો	

ગાથાર્થ:—એ વિજયો વિગેરે સર્વની લંબાઈ સોલહજાર પાંચસો બાણુ યોજન તથા બે કળા (૧૬૫૯૨–$\frac{૨}{૧૯}$ યોજન) છે, તેમજ આગળ કહેવાતા બે વનમુખની લંબાઈ પણ એજ છે ॥૧૪૮॥

વિસ્તરાર્થ:—ગાથાર્થવત્ સુગમ છે. વિશેષ એ કે વિજયાદિકોની લંબાઇ વર્ષધરપર્વતથી પ્રારંભીને મહાનદીના પ્રવાહસુધી એટલે ઉત્તરદક્ષિણ છે, અને પહોળાઈ પૂર્વપશ્ચિમ છે તથા આ લંબાઈ પ્રાપ્ત કરવાનો ઉપાય આ પ્રમાણે જંબૂદ્વીપની લંબાઈ પહોળાઈ ભરત અથવા ઐરવતક્ષેત્ર જેવા ૧૯૦ ખંડ જેટલી છે, ત્યાં ભરત વા ઐરવતક્ષેત્ર પર૬ યોજન ૬ કળાનું છે તે ૧ ખંડ પ્રમાણ છે, અને મહાવિદેહક્ષેત્રની પહોળાઈ તેવા ૬૪ ખંડ જેટલી છે પર૬–૬ ને ૬૪ વડે ગુણતાં ૩૩૬૮૪ યોજન–૪ કળા થઈ, તેમાંથી* ૫૦૦ યોજન મહા નદીની પહોળાઈ બાદ કરતાં યો. ૩૩૬૮૪–૪ ક. પહોળાઈ રહી, તેને અર્ધભાગે કરતાં યો, ૧૬૫૯૨–૨ ક. પહોળાઈ ઉત્તરદિશાએ અને એટલી જ પહોળાઈ દક્ષિણદિશાએ આવી, તેજ વિજયાદિકની લંબાઈ જાણવી, કારણ કે વિજયાદિકની લંબાઇ મહાવિદેહની પહોળાઈમાં જ આવેલી છે, ॥ ૧૪૮ ॥

અવતરણ:—પૂર્વગાથાઓમાં વિજયાદિકની લંબાઈ પહોળાઈ કહેવાઈ, પરન્તુ તેમાં વક્ષસ્કારપર્વતોની ઉંચાઈ કહેવી બાકી રહી છે, [વિજયાદિકની ઉંચાઈ ન હોય માટે કહેવાની નથી] તે કહે છે—

गयदंतगिरिव्वुच्चा, वक्खारा ताणमंतरनईणं ।
विजयाणं च भिहाणाइं मालवंता पयाहिणओ ॥१४९॥

શબ્દાર્થ :—

गयदंतगिरिव्व–ગજદંતગિરિવત્	(अ)भिहाणाइ–અભિધાન, નામો
उचा–ઉંચા	मालवंता–માલ્યવંત ગજદંતથી પ્રારંભીને
वक्खारा–વક્ષસ્કારપર્વતો	पयाहिणओ–પ્રદક્ષિણાવર્તના ક્રમ પ્રમાણે
ताणं–તે વક્ષસ્કારપર્વતોના	

* પ્રશ્ન:–મહાનદીની ૫૦૦ યોજન પહોળાઈ તો સમુદ્રના સંગમસ્થાને છે, તો અહીં શરૂઆતથી જ વિજયાદિને સ્થાને ૫૦૦ યોજન કેમ ગણાય? ઉત્તર:–વિજયાદિકને સ્થાને મહાનદીની પહોળાઈ ૫૦૦ યોજન નથી, પરન્તુ અનુક્રમે હીન હીન છે, તો પણ જેટલી હીનતા તેટલો નદીનો રમણપ્રદેશ પણ (જળવિનાનો ખાલી મેદાનભાગ) નદી તરીકે ગણીને સર્વત્ર ૫૦૦ યોજન જેટલી નદીની પહોળાઈ ગણવી.

गाथार्थः—વક્ષસ્કારપર્વતો ગજદંતગિરિ સરખા ઉંચા છે, તે વક્ષસ્કારોનાં અન્તર્નદીઓનાં અને વિજયોનાં નામો માલ્યવંત ગજદંતથી પ્રારંભીને પ્રદક્ષિણા વર્તનાક્રમથી આ પ્રમાણે છે. ॥ ૧૪૯ ॥

विस्तरार्थः—ગજદંતપ્રર્વતો જેમ નિષધ અને નીલવંતપર્વત પાસે પ્રારંભમાં ૪૦૦ યોજન ઉંચા છે. અને ત્યારબાદ ઉંચાઇમાં વધતા વધતા મેરૂપર્વતપાસે ૫૦૦ યોજન ઉંચા થયા છે, તેમ આ ૧૬ વક્ષસ્કારપર્વતો પણ નિષધ અને નીલવંતપર્વત પાસેથી નીકળ્યા છે ત્યાં પ્રારંભમાં ૪૦૦ યોજન ઉંચા છે, અને ત્યારબાદ ઉંચાઈમાં અનુક્રમે વધતા વધતા મહાનદીપાસે એટલે પર્યંતે ૫૦૦ યોજન ઉંચા થયા છે, જેથી એ પર્વતો અશ્વસ્કંધસરખા આકારવાળા છે.

હવે એ ૧૬ વક્ષસ્કાર ૩૨ વિજય અને ૧૨ અન્તર્નદીના નામ કહેવાનાં છે તેનો અનુક્રમ માલ્યવંત નામના ગજદંતપર્વતથી જમણા આવર્તે ગણાવો, તે આ પ્રમાણે—

॥ વિજય વક્ષસ્કાર અને અન્તર્નદીઓનો અનુક્રમ ॥

મેરૂપર્વતથી ઈશાનકોણમાં માલ્યવંત ગજદંતની પાસે પૂર્વદિશામાં १ कच्छविजय, તે પછી १ चित्रपर्वत, ત્યારબાદ २ सुकच्छविजय ઇત્યાદિ અનુક્રમ આગળ દર્શાવેલી સ્થાપનાને અનુસારે વિચારવો, તે સ્થાપના આ પ્રમાણે—(બાજુમાં)

अवतरणः—આ ગાથામાં ૧૬ વક્ષસ્કારપર્વતોના નામ અનુક્રમે કહે છે—

चित्ते य बंभकूडे, णलिणीकूडे य एगसेले य ।
तिउडे वेसमणेवि य, अंजणमायंजणे चेव ॥१५०॥

अंकावइ पम्हावइ आसीविस तह सुहावहे चंदे ।
सूरे णागे देवे, सोलस वक्खारगिरि णामा १५१॥

ગાથાર્થ પ્રમાણે સુગમ છે—

મહાવિદેહ ક્ષેત્ર સ્થાપના—(ગાથા ૧૪૯)



॥ वक्षस्कार पर्वतनो देखाव ॥

[ગા૦ ૧૪૯, પૃ૦ ૨૧૬]



ગાથાર્થઃ—ચિત્ર—બ્રહ્મકૂટ—નલિનીકૂટ—એકશૈલ—ત્રિકૂટ—વૈશ્રમણ—અંજનગિરિ—માતંજન ગિરિ—અંકાપાતી—પક્ષ્માપાતિ—આશીવિષ—સુખાવહ—ચન્દ્ર—સૂર—નાગ—દેવ, એ ૧૬ વક્ષસ્કારપર્વતોનાં નામ અનુક્રમે જાણવાં ॥ ૧૫૧ ॥

વિસ્તરાર્થઃ—ગાથાર્થવત્ સુગમ છે, અને શબ્દાર્થ આ પ્રમાણે—વિજયોને વક્ષ—હૃદયભાગમાં અર્થાત્ વચમાં कार— કરનાર—રાખનાર તે वक्षस्कार કહેવાય, અર્થાત્ જે બે પર્વતો મળીને રક્ષણીયક્ષેત્રને પોતાની બેની વચ્ચે રાખે તે [1]વક્ષસ્કારપર્વત અહિં બે વક્ષસ્કારપર્વતો પોતાના અંતરાલમાં બે બે વિજયોને ગોપવે છે, એ ભાવાર્થ છે, એ

૧ એ શબ્દાર્થને અનુસરીને ચાર ગજદંતગિરિઓ એ બે કુરુક્ષેત્રોને પોતાની વચ્ચે ગુપ્ત રાખવાથી તે ગજદંતગિરિઓને પણ વક્ષસ્કારપર્વત શ્રી જંબૂ૦ પ્ર૦ સૂત્રમાં કહ્યા છે, પરંતુ એ અર્થથી વર્ષધરો અન્તર્નદીઓ આદિ પદાર્થોને પણ વક્ષસ્કારપર્વત આદિ કેમ ન કહેવા? એ તર્ક ન કરવો, કારણ કે એ શબ્દાર્થો પંકજશબ્દવત્ રૂઢપદાર્થનેજ સૂચવનારા છે, પરન્તુ તેવા અર્થવાળા સર્વપદાર્થને સૂચવનાર નથી.

સર્વપર્વતો ૧વિષમાંક વિજયોને અંતે વિજયની મર્યાદા બાંધીને ૨રહ્યા છે. ॥ ૧૫૦ ॥ ॥ ૧૫૧ ॥

अवतरण—આ ગાથામાં ૧૨ અન્તર્નદીઓના અનુક્રમે નામ કહે છે—

गाहावई दहवई वेगवई तत्त मत्त उम्मत्ता ।
खीरोय सीयसोया, तह अंतोवाहिणी चेव ॥१५२॥

उम्मीमालिणि गंभी–रमालिणी फेणमालिणी चेव ।
सव्वत्थवि दसजोयण उंडा कुंडुब्भवा एया ॥१५३॥

શબ્દાર્થ—

सव्वत्थवि—સર્વસ્થાને પણ
उंडा—ઉંડી
कुंडुब्भवा—કુંડમાંથી ઉત્પન્ન થયેલી
एया—એ અન્તર્નદીઓ

गाथार्थः—ગ્રાહવતી–દ્રહવતી–વેગવતી–તપ્તા–મત્તા–ઉન્મત્તા–ક્ષીરોદા–શીતસ્રોતા તથા અન્તર્વાહિની–ઊર્મિમાલિની–ગંભીરમાલિની અને ફેનમાલિની એ ૧૨ અન્તર્નદીઓ સર્વસ્થાને ૧૦ યોજન ઉંડી છે, અને એકેક કુંડમાંથી એકેક નદી નીકળે છે. ॥૧૫૩॥

विस्तरार्थः—ગાથાર્થવત્ સુગમ છે, વિશેષ એ કે–એ બાર નદીઓને કોઈ પણ બીજી નદીઓનો પરિવાર નથી. પ્રારંભથી પર્યન્તસુધી એક સરખો ૧૨૫ યોજન પહોળો પ્રવાહ છે, ગંગાઆદિ નદીવત્ પ્રારંભમાં અલ્પ ઉંડાઈ અને પર્યન્તે દશગુણી ઉંડાઈ આ નદીઓમાં નથી, પરન્તુ પ્રવાહ *સર્વત્ર સરખો હોવાથી ઉંડાઈ પણ સર્વત્ર સરખી રીતે ૧૦ યોજન જેટલી છે. આ નદીઓનો જન્મકુંડ નિષધનીલવંતપર્વતની નીચે છે, તેનું પ્રમાણઆદિ સ્વરૂપ ૫૩–૫૪ મી ગાથાના વિસ્તરાર્થમાં કહેવાયું છે. એ કુંડોમાં આ બાર નદીદેવીઓના ૧૨ દ્વીપ છે, તેમાં

૧ જેમ ૧-૩-૫-૭-૯-૧૧-૧૩-૧૫-૧૭-૧૯-૨૧ આદિ વિજયોની પર્યન્તે
૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧ આદિ વક્ષસ્કારપર્વત રહ્યા છે.

૨ એ પર્વતના નામવાળા દેવો એ પર્વતોના અધિપતિ છે, તેની રાજધાની આદિ પૂર્વવત્ યથાસંભવ.

*અહિં એક વાત અવશ્ય વિચારવા યોગ્ય છે કે–ગ્રાહવતી આદિ બાર અન્તર્નદીઓના કુંડ ૧૨૦ યોજન માત્ર વિસ્તારવાળા છે, તો તેમાંથી પ્રારંભમાંજ ૧૨૫ યોજન વિસ્તારવાળી નદી કેવી રીતે નીકળી ? તેમજ દરેક નદી કુંડના દ્વારમાંથી નીકળે છે તે દ્વાર ૧૨॥ યોજન પહોળું છે. તો તેમાંથી પણ ૧૨૫ યોજન પ્રારંભથીજ પહોળાઈવાળી નદી કેવી રીતે નીકળે ? જો આખા કુંડમાંથી પણ નદી નીકળવી અશક્ય છે તો દ્વારમાથી નીકળવાની તો વાતજ શી ? વળી આ બાબતનું કંઈપણ સમાધાન એ વિષમતાને ઉદ્દેશીને શાસ્ત્રોમા દેખાતું નથી, પરન્તુ જંબૂદ્વીપની સર્વનદીઓની સમાન લંબાઈના કોષ્ટકકરણને

દેવીનાં ભવન છે. અર્થાત્ ૧૨૦ યોજન વિસ્તારવાળા કુંડ છે. ૧૬ યોજન વિસ્તારવાળા દેવીના દ્વીપ છે, અને ૧૨॥ યોજન વિસ્તારવાળા કુંડના દ્વાર છે, આ નદીઓ નિષધનીલવંતપર્વત નીચેના કુંડોમાંથી નીકળી સીતા સીતોદા નદીને મળે છે. ૬ નદીઓ પૂર્વમહાવિદેહમાં અને ૬ નદીઓ પશ્ચિમ મહાવિદેહમાં છે. તથા દરેક નદી ૨-૪-૬, ૧૦-૧૨-૧૪, ૧૮-૨૦-૨૨, ૨૬-૨૮-૩૦ એ સમાંક વિજયને અન્તે આવેલી છે. ॥ ૧૫૨ ॥ ૧૫૩ ॥

अवतरणः—હવે આ ચાર ગાથાઓમાં ૩૨ વિજયોના નામ અનુક્રમે **કહેવાય છે—**

कच्छु सुकच्छो य महा–कच्छो कच्छावई तहा ।
आवत्तो मंगलावत्तो, पुक्खलो पुक्खलावई ॥१५४॥

वच्छु सुवच्छो य महा–वच्छो वच्छावई वि य ।
रम्मो[1] अ रम्मओ चेव, रमणी मंगलावई ॥१५५॥

पम्हु सुपम्हो य महा–पम्हो पम्हावई तओ ।
संखो णलिणनामा य, कुमुओ णलिणावई ॥१५६॥

वप्पु सुवप्पो अ महा–वप्पो वप्पावईत्ति य ।
वग्गू तहा सुवग्गू अ, गंधिलो गंधिलावई ॥१५७॥

શબ્દાર્થ:—

ગાથાર્થવત્ સુગમ છે—

ઉદ્દેશીને શ્રીજંબૂદ્વીપ પ્ર૦ વૃત્તિમાં શ્રીમલયગિરિકૃત ક્ષેત્રસમાસવૃત્તિનો પાઠ દર્શાવ્યો છે, તે પાઠમાં પ્રારંભે ૧૨॥ યોજન પ્રવાહ અને મહાનદીપ્રવેશસ્થાને (પર્યન્તે) ૧૨૫ યોજન પ્રવાહ અન્તર્નદીઓનો લઘુવૃત્તિના અભિપ્રાય પ્રમાણે દર્શાવ્યો છે, તેથી તે અભિપ્રાય પ્રમાણે તો કોઈપણ શંકા ઉપસ્થિત થતી નથી, પરન્તુ બહુમતે સમપ્રવાહ કહેલો છે તેનું સમાધાન શું ? તે શ્રી બહુશ્રુતગમ્ય. વળી શ્રી મલયગિરિજી મહારાજે પણ જંબૂદ્વીપની અન્તર્નદીઓના વર્ણનમાં સમપ્રવાહ કહીને ધાતકીખંડાદિકની નદીઓના વર્ણનપ્રસંગે 'વિષમ પ્રવાહ જણાવવામાં ગ્રાહવતી આદિ અન્તર્નદીઓનું પણ ઉદાહરણ આપ્યું છે. તે લઘુવૃત્તિના અભિપ્રાયથી જ; પરન્તુ સ્વતઃ નહિ, સ્વાભિપ્રાયથી તો અન્તર્નદીઓ સમપ્રવાહવાળી માનેલી સમજાય છે. માંટે તત્ત્વ શ્રી બહુશ્રુતગમ્ય.

[1] रमणिज्जो એવો પણ પાઠ છે.

॥ महाविदेहनी विजय ॥

(ગા૦ ૧૫૪, ક્ષુ૦ ૨૨૦)



ગાથાર્થ:—૧ કચ્છવિજય, ૨ સુકચ્છવિજય ૩ મહાકચ્છવિજય, ૪ કચ્છાવતીવિજય. ૫ આવર્ત્તવિજય ૬ મંગળાવર્તવિજય, ૭ પુષ્કલવિજય, ૮ પુષ્કલાવતીવિજય, ॥૧૫૪॥ ૯ વત્સવિજય, ૧૦ સુવત્સવિજય, ૧૧ મહાવત્સવિજય, ૧૨ વત્સાવતી ૧૩ રમ્યવિજય ૧૪ રમ્યકવિજય ૧૫ રમણીય (રમણિક) વિજય, ૧૬ મંગલાવતીવિજય, ॥ ૧૫૫ ॥

૧૭ પક્ષ્મવિજય, ૧૮ સુપક્ષ્મવિજય, ૧૯ મહાપક્ષ્મવિજય, ૨૦ પક્ષ્માવતીવિજય, ત્યારબાદ ૨૧ શંખવિજય, ૨૨ નલિનવિજય નામની વિજય, ૨૩ કુમુદવિજય, ૨૪ નલિનાવતીવિજય. ॥ ૧૫૬ ॥ ૨૫ વપ્રવિજય, ૨૬ સુવપ્રવિજય, ૨૭ મહાવપ્રવિજય, ૨૮ વપ્રાવતીવિજય, ૨૯ વલ્ગુવિજય, તથા ૩૦ સુવલ્ગુવિજય, ૩૧ ગંધિલવિજય; ૩૨ ગંધિલાવતીવિજય ॥ ૧૫૭ ॥

विस्तरार्थः--ગાથાર્થવત્ સુગમ છે. વિશેષ એ કે—એ દરેક વિજયનો તે તે નામવાળો અધિપતિદેવ પલ્યોપમના આયુષ્યવાળો છે, તેથી એ નામો છે, અથવા શાશ્વતનામો છે. એ દેવોની રાજધાનીઓ બીજા જંબૂદ્વીપમાં પોતપોતાની દિશિમાં ૧૨૦૦૦ યોજન પ્રમાણની છે. એ દરેક વિજયની લંબાઈ પહોળાઈ પૂર્વગાથાઓમાં કહેવાઈ ગઈ છે તે પ્રમાણે જાણવી.

તથા ચક્રવર્તિઓ એ ક્ષેત્રોને वि=વિશેષ પ્રકારે जय=જીતે છે તે કારણથી विजय એવું નામ કહેવાય છે. અર્થાત્ ચક્રવર્તીને જીતવા યોગ્ય ક્ષેત્ર તે *विजय.

તથા આ બત્રીસે વિજયોમાં અવસર્પિણી ઉત્સર્પિણી અને તેના છ છ આરારૂપ કાળ છે નહિં તેથી नो उत्सर्पिणी नो अवसर्पिणी કાળ છે, તે અવસર્પિણીના ૪ થા આરા સરખો સદાકાળ વર્તે છે, જેથી ૫૦૦ ધનુષની કાયાવાળા મનુષ્યો, ક્રોડપૂર્વના આયુષ્ય વાળા છે, ઇત્યાદિસ્વરૂપ પૂર્વે ચોથાઆરાનું કહેવાઈ ગયું છે તે સરખું જાણવું.

તથા વર્તમાનકાળમાં ૮મી પુષ્કલાવતી વિજયમાં श्रीसीमंधरस्वामी નામના તીર્થંકર વિચરે છે, ૯મી વત્સવિજયમાં श्रीयुगमंधर નામના તીર્થંકર વિચરે છે, અને ૨૪મી નલિનાવતી વિજયમાં श्रीबाहु નામના તીર્થંકર વિચરે છે, અને ૨૫મી વપ્રવિજયમાં श्रीसुबाहु નામના તીર્થંકર વિચરે છે. એ પ્રમાણે જઘન્યથી ૪ અને ઉત્કૃષ્ટથી ૩૨ તીર્થંકર, જઘન્યથી ૪ ચક્રવર્તી, ૪ વાસુદેવ, અને ઉત્કૃષ્ટથી ૨૮ [1]ચક્રવર્તી તથા ૨૮ વાસુદેવ સમકાળે હોય છે. ઇત્યાદિ ઘણું સ્વરૂપ ગ્રંથાન્તરથી જાણવા યોગ્ય છે. ॥ ૧૫૪ થી ૧૫૭ ॥

अवतरणः—એ દરેક વિજયમાં વૈતાઢ્યપર્વત તથા ચક્રવર્તીની રાજધાનીનું નગર હોય છે તે કહે છે—

---

* એ અર્થપ્રમાણે ભરત તથા ઐરવતક્ષેત્ર પણ વિજય તરીકે ગણી શકાય, અને તે કારણથી चउतीसुं विजएसुं એ જંબૂદ્વીપ સંગ્રહણીના પાઠથી જંબૂદ્વીપમાં ૩૪ વિજયો કહેલી છે.

૧ મહાવિદેહક્ષેત્ર ચક્રવર્તી અને વાસુદેવ રહિત હોય નહીં, માટે જઘન્યથી ૪ વાસુદેવ હોય ત્યારે ૪ થી ૨૮ ચક્રવર્તી હોય, જેથી બત્રીસે વિજયો પુરાય, અને જો ચક્રવર્તી ચાર હોય તો વાસુદેવ ૪ થી ૨૮ સુધી હોય, પુનઃ દરેક વિજયમાં તીર્થંકર-ચક્રી-કે વાસુદેવ હોવા જોઈએ એ નિયમ નથી, પરન્તુ જઘન્યથી ૪ તીર્થંકર, ૪ ચક્રી, ૪ વાસુદેવ તો હોવા જ જોઈએ.

एए पुव्वावरगय-विअड्ढदलिय त्ति णइदिसिदलेसु ।
भरहद्धपुरिसमाओ, इमेहि णामेहि णयरीओ ॥१५८॥

શબ્દાર્થ—

एए-એ વિજયો
पुव्वअवरगय-પૂર્વ પશ્ચિમમાં રહેલા
विअड्ढदलिय-વૈતાઢ્યવડે અર્ધ થયેલા
णइदिसिदलेसु-નદીતરફના અર્ધ ભાગમાં
भरहअद्धपुरिसमाओ-ભરતાર્ધની નગરી સરખી
इमेहि-આ (આગળની ગાથામાં કહેવાતા)
णामेहि-નામવાળી
णयरीओ-નગરીઓ.

ગાથાર્થ:—એ સર્વ વિજયો પૂર્વપશ્ચિમ લંબાઈ પ્રમાણે રહેલા દીર્ઘવૈતાઢ્યો વડે અર્ધભાગવાળા થયેલા છે, તેથી મહાનદી પાસેના અર્ધમાં દક્ષિણભરતાર્ધની અયોધ્યા-નગરી સરખી અને આગળની ગાથાઓમાં કહેવાશે એવા નામવાળી નગરીઓ છે. ॥ ૧૫૮ ॥

વિસ્તરાર્થ:—એ દરેક વિજયના અતિમધ્યભાગે વૈતાઢ્યપર્વત આવેલો છે, વિજયની પહોળાઈ જેટલો તે પૂર્વ પશ્ચિમ દીર્ઘ છે, અને ૫૦ યોજન ઉત્તર દક્ષિણ વિસ્તારવાળો છે. આ વૈતાઢ્યોનું પ્રમાણ-મેખલા-વિદ્યાધરનગરોની શ્રેણિઓ—આભિયોગિક દેવોની શ્રેણિઓ ઇત્યાદિ સર્વસ્વરૂપ ૭૬ થી ૮૭ મી ગાથાસુધીમાં કહ્યું છે, તે પ્રમાણે યથાસંભવ જાણવું. તથા વિજયના વૈતાઢ્યવડે બે ભાગ થવાથી એકભાગ વર્ષધરપર્વત પાસે અને બીજોભાગ મહાનદી સીતા સીતોદા પાસે છે, ત્યાં મહાનદી પાસેના અર્ધવિજયમાં એકેક નગરી ચક્રવર્તીની રાજ-ધાનીરૂપ છે, તે દક્ષિણભરતમાં રહેલી અયોધ્યાનગરી સરખી ૧૨ યોજન લાંબી, ૯ યોજન પહોળી ઇત્યાદિ યથાસંભવ સ્વરૂપવાળી છે, વિશેષ એ કે—ભરતઅયોધ્યામાં ભરતચક્રી ઉત્પન્ન થાય છે. તે પણ અમુક નિયમિતકાળે જ, અને આ નગરીઓમાં તે તે નગરીના નામવાળા જ ચક્રવર્તિઓ અનિયતકાળે સદાકાળ ઉત્પન્ન થાય છે, એમ જાણવું. તથા ભરતઅયોધ્યા અશાશ્વતી નગરી છે, અને ક્ષેમા આદિ નગરીઓ શાશ્વતી છે, વળી એ નગરીઓનું નદીથી અને વૈતાઢ્યથી અન્તર વિગેરે પોતાની મેળે ગણત્રી કરીને જાણવું. ॥ ૧૫૮ ॥

અવતરણ:—પૂર્વગાથામાં કરેલી સૂચના પ્રમાણે આ ગાથામાં તે નગરીઓનાં નામ કહેવાય છે—

खेमा खेमपुरा वि अ, अरिट्ठ रिट्ठावई य णायव्वा ।
खग्गी मंजूसा वि अ, ओसहिपुरि पुंडरिगिणी य ॥१५९॥

सुसीमा कुंडला चेव, अवराईचपहंकरा ।
अंकावई पम्हावई, सुहा रयणसंचया ॥१६०॥

आसपुरा सीहपुरा, महापुरा चेव हवइ विजयपुरा ।
अवराइया य अवरा, असोगा तह वीअसोगाय ॥१६१॥

विजया य वेजयंती, जयंति अपराजिया य बोधव्वा ।
चक्कपुरा खग्गपुरा होइ अवज्झा अउज्झा य ॥१६२॥

શબ્દાર્થ :—

ગાથાર્થવત્ સુગમ છે—

ગાથાર્થ:—૧ ક્ષેમા, ૨ ક્ષેમપુરા, ૩ અરિષ્ટા, ૪ અરિષ્ટાવતી, એ ચાર નગરીઓ જાણવી, તથા ૫ ખડ્ગી, ૬ મંજુષા, ૭ ઔષધિપુરી, પુંડરીકિણી ॥ ૧૫૯ ॥ તથા ૯ સુસીમા, ૧૦ કુંડલા, ૧૧ અપરાજિતા, ૧૨ પ્રભંકરા, ૧૩ અંકાવતી, ૧૪ પદ્માવતી, ૧૫ શુભા, ૧૬ રત્નસંચયા ॥ ૧૬૦ ॥ ૧૭ અશ્વપુરા, ૧૮ સિંહપુરા, ૧૯ મહાપુરા, ૨૦ વિજયપુરા એ નગરીઓ છે, તથા ૨૧ અપરાજિતા, ૨૨ અપરા, ૨૩ અશોકા, ૨૪ વીતશોકા. ॥ ૧૬૧ ॥ ૨૫ વિજયા, ૨૬ વૈજયન્તી, ૨૭ જયન્તી, ૨૮ અપરાજિતા, એ નગરીઓ જાણવી, તથા ૨૯ ચંદ્રપુરા, ૩૦ ખડ્ગપુરા, ૩૧ અવધ્યા, ૩૨ અયોધ્યા એ નગરીઓ છે. ॥ ૧૬૨ ॥

विस्तरार्थ—ગાથાર્થવત્ સુગમ છે. વિશેષ એજ કે પહેલા કચ્છવિજયમાં ક્ષેમાનગરી એ પ્રમાણે અનુક્રમે સુકચ્છ આદિ વિજયોમાં એ નગરીઓ અતિમધ્યભાગે છે, ઇત્યાદિ ॥ ૧૬૨ ॥

अवतरण:—હવે દરેક વિજયમાં બે બે નદીઓ છે તેનું સ્વરૂપ આ ગાથામાં કહેવાય છે—

कुंडुब्भवा उ गंगा–सिंधूओ कच्छपम्हपमुहेसु ।
अट्ठट्ठसु विजएसुं, सेसेसु य रत्तरत्तवई ॥१६३॥

શબ્દાર્થ :—

कुंड उब्भवा–કુંડમાંથી ઉદ્‌ભવેલી (નીકળેલી)
कच्छ पम्ह–કચ્છ અને પક્ષ્મ
पमुहेसु–વિગેરે
अठ अठसु–આઠ આઠ
सेसेसु–બાકીની આઠ આઠ વિજયોમાં
रत्त रत्तवई–રક્તા રક્તવતી નદી

ગાથાર્થ:—કુંડમાંથી નીકળેલી એવી ગંગાનદી અને સિન્ધુનદી નામની બે નદીઓ કચ્છ આદિ ૮ વિજયોમાં અને પક્ષ્યવિજય આદિ ૮ વિજયોમાં છે, અને શેષ ૧૬ વિજયોમાં રક્તાનદી તથા રક્તવતીનદી એ બે બે નદીઓ છે ॥ ૧૬૩ ॥

વિસ્તરાર્થ:—કચ્છવિજય આદિ ૧ થી ૮ વિજયોમાં દરેકમાં ગંગા અને સિંધુ નામની બે બે નદી છે, તેવીજ રીતે પક્ષ્મવિજય આદિ ૧૭ થી ૨૪ સુધીની આઠ વિજયોમાં પણ દરેકમાં એજ બે નદીઓ છે. તથા વત્સવિજય આદિ ૯ થી ૧૬ સુધીની ૮ વિજયોમાં, તથા વપ્રવિજય આદિ ૨૫ થી ૩૨ સુધીની ૮ વિજયોમાં रक्तानदी અને रक्तवतीनदी એ બે નદીઓ છે. એ રીતે બત્રીસ વિજયમાં ૬૪ નદીઓ છે એ સર્વ નદીઓ નિષધ અને નીલવંતપર્વતની નીચેના ૬૪ કુંડોમાથી નીકળી છે, કે જે કુંડ પૂર્વે જે ૬૦ યોજન વિસ્તારવાળા કહ્યા છે, તેમાંથી પ્રથમ ૬૫ યોજન જેટલા પ્રવાહથી નીકળી ગિરિપાસેના વિજયાર્ધના ત્રણવિભાગ કરતી ૭૦૦૦–૭૦૦૦ નદીઓના પરિવારસહિત વૈતાઢ્યપર્વતની નીચે થઇ નદીપાસેના વિજયાર્ધમાં બહાર નીકળી ત્રણવિભાગ કરતી બીજી ૭૦૦૦–૭૦૦૦ના પરિવારસહિત એ બે બે નદીઓ સીતા સીતોદામહાનદીને દરેક ૧૪૦૦૦–૧૪૦૦૦ નદીઓના પરિવારસહિત મળે છે. આ નદીઓ પર્વત ઉપરથી નીચે પડતી નથી તેથી એના પ્રપાતકુંડ નથી. તથા, જે કુંડોમાંથી એ નદીઓ નીકળે છે, તે કુંડ વર્ષધરપર્વત નીચે ઋષભકૂટની બે બાજુએ આવેલા છે. અહિં નદીઓના નામનો અનુક્રમ જુદો જુદો હોવાથી ગ્રન્થાન્તરથી જાણવો. ॥૧૬૩॥

અવતરણઃ—મહાવિદેહના બે છેડે બે વનમુખ છે તે આ ગાથામાં કહેવાય છે—

अविवक्खिऊण जगई, सवेइवणमुहचउक्कपिहुलत्तं ।
गुणतीससय दुवीसा, णइंति गिरिअंतिएगकला ॥१६४॥

શબ્દાર્થ :—

अविवक्खिऊण–વિવક્ષા નહિ કરીને
जगई–જગતીની
सवेई–વેદિકાસહિત
वणमुहचउक्क–ચાર વનમુખ
पिहुलत्त–પહોળાઈ
गुणतीससय दुवीसा–ઓગણત્રીસસો બાવીસ યો.
णइ अंति–નદીના અન્તે
गिरि अंति–ગિરિના અન્તે

यथार्थः—જગતીની વિવક્ષા નહિ કરીને વેદિકાસહિત ચાર વનમુખની પહોળાઈ નદીની પાસે ૨૯૨૨ યોજન છે, અને વર્ષધરપર્વત પાસે ૧ કળા છે ॥૧૬૪॥

विस्तरार्थः—પૂર્વમહાવિદેહની પર્યન્તે ૮–૯ મી વિજયને અન્તે અથવા સ્પર્શીને અને સ્હામી બાજુ જગતીને સ્પર્શીને એક મોટું વન આવેલું છે, પરન્તુ વચ્ચે સીતા-મહાનદીનો પ્રવાહ આવી જવાથી એ મહાવનના બે વિભાગ થવાથી બે વન કહેવાય છે. તેવી રીતે પશ્ચિમમહાવિદેહની અન્તે પણ બે વન આવવાથી મહાવિદેહમાં ૪ वनमुख ગણાય છે. ૧૩મી ગાથામાં કહ્યા પ્રમાણે જગતીના મૂળના ૧૨ યોજન જંબૂદ્વીપમાં ગણેલા હોવાથી આ વનને અન્તે રહેલી જગતીના ૧૨ યોજન આ વનમાંજ ગણાય છે. જેથી ૧૨ યોજન જગતીના તે પણ વનના વિસ્તારમાંજ ગણતાં ૨૯૨૨ યોજન જેટલી વનની પહોળાઇ નદી પાસે છે, એ ૨૯૨૨ યોજન ગણ્યા તે જગતીને અવિવક્ષીને એટલે જગતીને જુદી ન ગણીને ગણ્યા છે, નહીતર જગતીસિવાયનું શુદ્ધવન તો ૨૯૧૦ યોજન જ થાય. ત્યારબાદ જગતીની વક્રતાના કારણથી વનનો વિસ્તાર ઘટતાં ઘટતાં વર્ષધરપર્વતની પાસે કેવળ ૧ કળા જેટલો જ ($\frac{1}{19}$ યોજન જેટલો જ) વિસ્તાર રહે છે. એ પ્રમાણે વિજયની પહોળાઈ પ્રમાણે વનની પહોળાઈ પણ પૂર્વપશ્ચિમ છે, અને લંબાઈ વિજયવત્ ઉત્તરદક્ષિણ છે, *તે વિજય જેટલી જ ૧૬૫૯૨$\frac{2}{19}$ યોજન ૧૪૮મી ગાથામાં સ્પષ્ટ રીતે* કહી છે.

॥ વનમુખનો વ્યાસ અને લંબાઈ જાણવાનું કરણ ॥

વર્ષધરપર્વતથી નદીસન્મુખ જતાં કેટલા યોજન ગયે કેટલો વ્યાસ હોય? તે જાણવાની રીતિ આ પ્રમાણે—૧૬૫૯૨ યોજન ૨ કળા દૂર જતાં ૨૯૨૨ યોજન વ્યાસ છે તો ૧ યોજન ગયે કેટલો વ્યાસ? એ પ્રમાણે ત્રિરાશિ યો૦ ૧૬૫૯૨ ક. ૨ | યો. ૨૯૨૨ | યો૦ ૧ આ પ્રમાણે સ્થાપીને બીજા ત્રીજા અંકના ગુણાકારને પહેલા અંકવડે ભાગવાના છે, પરન્તુ ૨ કળા એ અંશ હોવાથી સુગમતા માટે ૧૬૫૯૨ યોજનની સર્વકળાઓ ૧૯ વડે ગુણીને કરીએ ત્યારે ૩૧૫૨૪૮માં ૨ કળા ઉમેરતાં ૩૧૫૨૫૦ કળા થાય, તથા ૨૯૨૨ યોજનની પણ કળા કરવાને ૧૯ વડે ગુણતાં ૫૫૫૧૮ કળા થઈ. જેથી દર યોજને $\frac{૫૫૫૧૮}{૩૧૫૨૫૦}$ યોજન પહોળાઈ આવે, જેથી ૧૬૫૯૨$\frac{2}{19}$ યોજન દૂર જતાં ૫૫૫૧૮ ને ૩૧૫૨૫૦ વડે ગુણીને ૩૧૫૨૫૦ વડે ભાગી પુન: ૧૯ વડે ભાગતાં ૨૯૨૨ યોજન વિસ્તાર પ્રાપ્ત થાય છે. અથવા ૩૧૫૨૫૦ ને ૨૯૨૨ વડે ગુણતાં ૯૨૧૧૬૦૫૦૦ આવે તેને ૩૧૫૨૫૦ વડે ભાગતાં ૨૯૨૨ યોજન પર્યન્ત વિસ્તાર આવે. એ ઉપરથી નદી પાસેથી પર્વતતરફ જતાં દર યોજને વ્યાસ હીન કરવાનો હોય છે, તે સ્વતઃ જાણવા યોગ્ય છે, તથા વ્યાસ ઉપરથી લંબાઈ જાણવાનું ગણિત પણ પોતાની મેળે ગણવા યોગ્ય છે, અહિં અધિક વિસ્તાર થવાથી દર્શાવાશે નહિ. ॥૧૬॥

अवतरणः—હવે વિજય આદિ પાંચ પદાર્થોના વિષ્કંભ ભેગા કરવાથી જંબૂદ્વીપનો વિષ્કંભ જે ૧ લાખ યોજન છે જે પરિપૂર્ણ થાય છે તે આ બે ગાથામાં દર્શાવાય છે–

॥ महाविदेहना वनमुखनो देखाव ॥

[गा० १६४, पृ० २२४]



पणतीससहस्सचउसय–छडुत्तरा सयलविजयविक्खंभो ।
वणमुहदुगविक्खंभो, अडवन्नसया य चोयाला ॥१६५॥

सगसयपण्णासा णइ पिहुत्ति चउवन्नसहस मेरुवणे ।
गिरिवित्थरि चउसहसा, सव्वसमासो हवइ लक्खं ॥१६६॥

શબ્દાર્થ:—

पणतीससहस–પાંત્રીસ હજાર
चउसय–ચારસો
छड उत्तरा–છ અધિક
सयल विजय સર્વ વિજયનો
वणमुहदुग–બે વનમુખનો
अडवन्नसया–અઠ્ઠાવનસો
चोयाला–ચુમાલીસ

सगसयपन्नासा–સાતસો પચાસ
णईपिहुत्ति–અન્તર્નદીઓની પહોળાઈ
चउवन्नसहस–ચોપન હજાર
मेरूवणे-મેરૂ અને ભદ્રશાલવનના
गिरिवित्थरि–વક્ષસ્કારગિરિઓનો વિસ્તાર
चउसहसा–ચાર હજાર
सव्व समासो–એ સર્વેને ભેગો કરતાં

गाथार्थः—સર્વ વિજયોનો એકત્ર વિસ્તાર ૩૫૪૦૬ યોજન, બે વનમુખનો વિસ્તાર ૫૮૪૪ યોજન, છ અન્તર્નદીઓની પહોળાઈ ૭૫૦ યોજન, મેરૂસહિત ભદ્રશાલવનનો વિસ્તાર ૫૪૦૦૦, અને ૮ વક્ષસ્કાર પર્વતોની પહોળાઈ ૪૦૦૦ યોજન, એ સર્વ અંકસે ભેગા કરતાં (એ પાંચે પદાર્થનો વિસ્તાર ભેગો કરતાં) જંબૂદ્વીપનો પૂર્વપશ્ચિમ વિસ્તાર ૧ લાખ યોજન પૂર્ણ થાય છે ॥૧૬૫-૧૬૬॥

विस्तरार्थः—ગાથાર્થવત્ સુગમ છે. વિશેષતામાટે ૧૪૭ મી ગાથાનો વિસ્તરાર્થ જૂઓ.

अवतरणः –હવે આ ગાથામાં પશ્ચિમમહાવિદેહમાં આવેલાં અધોગ્રામ કહેવાય છે—

जोयण सयदसगंते, समधरणीओ अहो अहोगामा ।
बायालीससहस्सेहिं गंतुं मेरुस्स पच्छिमओ ॥१६७॥

શબ્દાર્થ:—

सय दसग अंते–(સો દશક) હજાર યોજન નીચે,
समधरणीओ–સમભૂમિથી
अहो–નીચે, ઉંડાઈમાં
अहोगामा–અધોગ્રામો

बायालीस सहस्सेहिं–બેતાલીસ હજાર યોજન દૂર
गंतुं–જઈને
मेरुस्स–મેરૂપર્વતની
पच्छिमओ–પશ્ચિમદિશામાં

ગાથાર્થઃ—મેરૂપર્વતથી પશ્ચિમદિશામાં ૪૨૦૦૦ યોજન દૂર જઈએ ત્યાં મેરૂની સમભૂતલથી નીચે ૧૦૦૦ યોજન નીચે-ઉંડાઈમાં અધોગ્રામો છે ॥ ૧૬૭ ॥

વિસ્તરાર્થઃ—હવે અહિં પશ્ચિમમહાવિદેહમાં રહેલાં અધોગ્રામોનું સ્વરૂપ આ પ્રમાણે-

॥ પશ્ચિમ મહાવિદેહમાં ૧૦૦૦ યોજન નીચે અધોગ્રામ ॥

મેરૂની પશ્ચિમદિશાએ મેરૂની પાસેથી જગતીસુધીની અને નિષધપર્વત તથા નીલવંતપર્વતની વચ્ચેની સર્વભૂમિ એટલે પશ્ચિમમહાવિદેહની સર્વ ભૂમિ મેરૂની પાસેથી જ અનુક્રમે નીચી નીચી ઉતરતી ગઈ છે, તે યાવત્ જંબૂદ્વીપની જગતીસુધી સર્વભૂમિ નીચી નીચી ઉતરેલી છે, તે એવી રીતે નીચી ઉતરતી ગઈ છે કે મેરૂથી ૪૨૦૦૦ યોજન દૂર જતાં ત્યાંની ભૂમિ મેરૂની પાસેની સમભૂમિથી ૧૦૦૦ યોજન જેટલી સીધી ઉંડી ગયેલી છે, જેથી તે સ્થાને આવેલી ૨૪ મી નલિનાવતીવિજય અને ૨૫ મી વપ્રવિજય એ બે વિજયોનાં ગામ નગરો ૧૦૦૦યોજન ઉંડા હોવાથી તે અધોગ્રામો ગણાય છે, કારણ કે ૯૦૦ યોજન ઉંડાઈસુધી તીર્ચ્છાલોક, અને એથી અધિક નીચે હોય તો અધોલોક ગણાય છે માટે. વળી એ બે વર્ષધરોની વચ્ચે આવેલી એ [ક્રમશઃ ઉતરતી] ભૂમિ કૂવામાંથી કોશ ખેંચવામાટે બળદોને ચાલવાની આકર્ષભૂમિ સરખી ક્રમશઃ ઉંતરતી છે. વળી એ અધોગ્રામપછીનાં આવેલાં બે વનો ૧૦૦૦ યોજનથી પણ અધિક ઉંડા છે, અને ત્યારબાદ જગતીની નીચેની ભીત્તિ પશ્ચિમમહાવિદેહના પર્યન્તે આવેલા ઘણા ઉંચા કોટ સરખી છે.

તથા પશ્ચિમમહાવિદેહની ભૂમિ એ પ્રમાણે નીચી ઉતરતી હોવાથી સર્વ વિજયો સર્વવક્ષસ્કારપર્વતો અને સર્વ અન્તર્નદીઓ પણ અનુક્રમે [1]નીચા નીચા થતા ગયા છે.

અવતરણ :—હવે જંબૂદ્વીપનું વર્ણનસમાપ્ત થવાના પ્રસંગે આ જંબૂદ્વીપમાં તીર્થંકર ચક્રવર્ત્તી વાસુદેવ અને બળદેવની ઉત્પત્તિ જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી કહેવાય છે—

---

૧. પ્રથમ ૨૪-૨૫ મી વિજયનાં ગ્રામનગરોને અધોગ્રામ કહ્યાં તે ૧૦૦૦ યોજન ઉંડાઈની અપેક્ષાએ કહ્યાં છે, પરન્તુ ગણિતની પ્રમાણે તો ૨૩-૨૪-૨૫-૨૬ એ ચારે વિજયોનાં ગ્રામનગરો ૯૦૦ યોજન ઉંડાઈથી અધિક ઉંડા હોવાથી અધોગ્રામ તરીક ગણી શકાય, તો પણ શાસ્ત્રમાં સર્વત્ર ૪૨૦૦૦ યોજન દૂર ગયે અધોગ્રામ કહ્યા તે સંબંધમાં વાસ્તવિક સ્પષ્ટ કારણ તો શ્રી બહુશ્રુતો જ જાણે, અન્યથા ગણિતરીતિ પ્રમાણે તો ૩૭૮૦૦ યોજન ગયે અધોગ્રામ આવે છે. અથવા મેરૂના મધ્યવર્તી આઠ રૂચક પ્રદેશના સ્થાનને સમભૂતલ ગણીને ત્યાંથી ૪૨૦૦૦ યોજન ગણીએ તો પણ એ ચાર વિજયોજ અધોગ્રામ તરીકે ગણાય, છતાં શાસ્ત્રમાં ૨૪-૨૫ મી વિજયમાનાં પણ કેટલાંક ગ્રામનગરોને અધોગ્રામ તરીકે ગણ્યા છે તે ગણિત સાથે બંધબેસતું નથી, માટે અહિં કંઈ પણ સમાધાન તરીકે શાસ્ત્રકર્ત્તાઓએ ઈચ્છેલી કર્ણગતિ અંગીકાર કરીએ તો સર્વે તર્કવિતર્ક શાન્ત થાય છે, માટે સંભવે છે કે—આ ૪૨૦૦૦ યોજને જે અધોગ્રામ કહ્યાં તે પણ કર્ણગતિની અપેક્ષાએ હશે, અને અહિં કર્ણગતિને અવકાશ પણ હોઈ શકે છે. માટે એ રીતે શાસ્ત્રનું વચન વ્યવસ્થિત ઘટાવવું ઉચિત છે.

चउ चउतीसं च जिणा, जहन्नमुक्कोसओ अ हुंति कमा ।
हरि चक्कबला चउरो तीसं पत्तेअमिह दीवे ॥१६८॥

શબ્દાર્થ—

कमा-અનુક્રમે
हरि-વાસુદેવ
पत्तेअं-પ્રત્યેક, દરેક
इह दीवे-આ જંબૂદ્વીપમાં

गाथार्थः—આ જંબૂદ્વીપમાં જઘન્યથી ૪ તીર્થંકર અને ઉત્કૃષ્ટથી ૩૪ તીર્થંકર સમકાળે હોય છે, તથા વાસુદેવ ચક્રવર્તી અને બળદેવ પણ દરેક જઘન્યથી ચાર ચાર અને ઉત્કૃષ્ટથી ત્રીસ ત્રીસ હોય છે ॥ ૧૬૮ ॥

विस्तरार्थः—ભરત ઐરવત અને ૩૨ વિજયો મળી આ જંબૂદ્વીપની ૩૪ વિજયોમાં દરેકમાં ઉત્કૃષ્ટકાળે એકેક તીર્થંકર હોવાથી ૩૪ તીર્થંકર સમકાળે વિચરતા હોય છે, અને જ્યારે ભરતઐરવતમાં તીર્થંકર ન હોય તેમજ મહાવિદેહમાં પણ સર્વ વિજયમાં તીર્થંકર *ન હોય તો પણ ૪ વિજયો તો તીર્થંકર સહિત હોય જ, માટે જઘન્યકાળે મહાવિદેહક્ષેત્રમાંજ ચાર તીર્થંકર સમકાળે વિચરતા હોય છે, વળી મહાવિદેહક્ષેત્ર કોઈપણ કાળે તીર્થંકરઆદિરહિત *ન હોય તે અપેક્ષાએ જંબૂદ્વીપમાં જઘન્યથી ૪ તીર્થંકર તો અવશ્ય (મહાવિદેહમાંજ) વિચરતા હોય છે, વર્ત્તમાનકાળમાં પણ મહાવિદેહમાં ૮-૯-૨૪-૨૫ એ ચાર વિજયોમાં અનુક્રમે શ્રી સીમંધર-શ્રી યુગમંધર-શ્રીબાહુ-શ્રીસુબાહુ-નામના ચાર તીર્થંકર વિચરે છે.

*કહ્યું છે કે—अविरहियं जिणवरचक्कवट्टिबलदेववासुदेवेहिं ।
एयं महाविदेहं बत्तीसा विजयपविभत्तं ॥ ३९३ ॥

અર્થ:-૩૨ વિજયો વડે વહેંચાયલું આ મહાવિદેહક્ષેત્ર જિનવર ચક્રવર્તી બલદેવ અને વાસુદેવો વડે અવિરહિત છે. બૃ૦ ક્ષેત્ર૦ સ૦ ગા. ૩૯૩. વળી "મહાવિદેહના પૂર્વાર્ધ અને અપરાર્ધમાં એકેક તીર્થંકરની અપેક્ષાએ અઢીદ્વીપમાં જઘન્યથી ૧૦ તીર્થંકર વિચરતા હોય છે" એમ પણ કેટલાક આચાર્યો કહે છે, તે મતાન્તર છે. ચાલુ બહુમતે તો ૨૦ તીર્થંકર જ વિચરતા કહ્યા છે, વળી અહિં વિચરતા શબ્દનો અર્થ કેવલીપણે જ વિચરતા એવો અર્થ એકાન્તે ન કરતાં "કોઈપણ અવસ્થામાં રહેલા" એવો અર્થ કરીએ તો અઢીદ્વીપમાં તીર્થંકરોની સત્તા વિચારવી બહુ સુગમ પડે છે, જો કે એ અર્થથી મહાવિદેહમાં કોઈ કાળ એવો પણ આવે કે જે વખતે કેવળી તીર્થંકર ન પણ હોય, જેથી એ અર્થ પણ કંઈક વિચારવા યોગ્ય તો ખરો, તો પણ અવિરહિત અથવા વિચરતા શબ્દનો અર્થ કેવલજ્ઞાની તીર્થંકરના જ સદ્ભાવવાળો કરીએ તો એથી પણ વિશેષ વિચારવા યોગ્ય થાય છે, ઉપરાંત બહુ અસંગત પ્રાયઃ થાય છે. તેનું સંક્ષિપ્ત કારણ આ પ્રમાણે છે-

જો અઢીદ્વીપવર્તી જઘન્ય ૨૦ તીર્થંકરોને કેવલીપણે જ વિચરતા સ્વીકારીએ તો એક તીર્થંકરની પાછળ બીજા ૮૩ તીર્થંકરોનો સદ્ભાવ હોવો જ જોઈએ, અને તેમ ગણવાથી ૩૨ વિજયમાં ભિન્ન

તથા જંબૂદ્વીપમાં જઘન્યથી ૪ વાસુદેવ બળદેવ, અને ૪ ચક્રવર્તી હોય છે, તેથી શેષ ૩૦ વિજયમાં ૩૦ વાસુદેવ બળદેવ અને ૩૦ ચક્રવર્તી ઉત્કૃષ્ટથી હોય છે, જો ચોત્રીસે વિજયમાં ૩૪ ચક્રવર્તી સમકાળે માનીએ તો જંબૂદ્વીપ તે કાળે વાસુદેવ બળદેવ રહિતજ હોય, અને જો ૩૪ વાસુદેવ બળદેવ માનીએ તો સર્વથા ચક્રવર્તી રહિત હોય, પરન્તુ તેમ બનતું નથી, ચાર ચક્રવર્તી અથવા ચાર વાસુદેવ બળદેવ તો હોવાજ [1]જોઈએ. અર્થાત્ જ્યાં વાસુદેવ હોય ત્યાં ચક્રવર્તી ન હોય અને ચક્રવર્તી હોય તે વિજયમાં વાસુદેવ ન હોય તે કારણથી એ પ્રમાણે ચક્રવર્તી અને વાસુદેવની સંખ્યામાં વિપર્યય હોય છે. ॥ ૧૬૮ ॥

॥ जंबूद्वीपमां सूर्य चंद्रनु वर्णन ॥

अवतरणः—હવે જંબૂદ્વીપમાં સૂર્યચંદ્રાદિ જ્યોતિશ્ચક્રની ગતિ કહેવાના પ્રસંગે પ્રથમ આ ગાથામાં જંબૂદ્વીપના સૂર્યચંદ્ર કેટલા? અને તેનું ગતિક્ષેત્ર કેટલું! તે કહેવાય છે—

ससिदुग रविदुगचारो, इहदीवे तेसिं चारखित्तं तु ।
पणसय दसुत्तराइं, इगसट्ठि भागा (हाया) य अडयाला ॥१६९॥

શબ્દાર્થ: —

ससिदुग—બે ચન્દ્રનો
रविदुग—બે સૂર્યનો
चारो—ચાર, ગતિ, ભ્રમણ
इह दीवे—આ દ્વીપમાં
तेसिं—તેઓનું, બે બે સૂર્યચંદ્રનું
चारखित्तं—ચારક્ષેત્ર, ગતિક્ષેત્ર
पणसय—પાંચસો યોજન
दस उत्तराइं—દશ અધિક
इगसट्ठि भागा—એકસઠીયા ભાગ
अडयाला—અડતાલીસ

ભિન્ન અવસ્થાવાળા સેંકડો તીર્થંકરોનો સદ્ભાવ માનવો જોઈએ, અને તેથી એક જ વિજયમાં અનેક અવસ્થાવાળા અનેક તીર્થંકરો સદાકાળ હોવા જોઈએ, ઈત્યાદિ વિચારતાં "અવિરહિત"નો તથા "વિચરતા"નો અર્થ કોઈપણ અવસ્થાવાળા જિનવરનો સદ્ભાવ સમજવો વિશેષ સુગમ પડે છે, માટે આ બાબતમાં સત્ય તત્ત્વ શ્રી બહુશ્રુતગમ્ય છે. આ બાબતની વિશેષ સ્પષ્ટતા-ક્ષેત્રલોક પ્રકાશ પૃષ્ટ ૨૩૮ માં શ્રીમાન્ સાગરાનન્દસૂરીશ્વરજીએ કરેલ ટિપ્પણીથી થાય છે.

૧ જેમ પૂર્વે શ્રી જિનેન્દ્રોની બાબતમાં અવિરહિત પદનો અર્થ કહ્યો તે રીતે અહિં ચક્રવર્તી તથા વાસુદેવની બાબતમાં પણ સમજાય છે કે-અહિં વાસુદેવ અને ચક્રી એટલે દિગ્વિજય કરેલાજ વાસુદેવ અને ચક્રવર્તીઓ માનીએ તો એક વાસુદેવ તથા એક ચક્રવર્તી પાછળ તેની જગ્યાએ પૂરવાને અનેક વાસુદેવો તથા ચક્રવર્તીઓ ભિન્ન ભિન્ન અવસ્થામાં ઉત્પન્ન થયેલા હોવા જોઈએ, અને તેથી એકજ વિજયમાં અનેક વાસુદેવો બળદેવો તથા ચક્રવર્તીઓ સંમિશ્ર થવાનો સંભવ છે, માટે અહિં પણ રાજ્યકર્તા ચક્રવર્તી વાસુદેવ ન ગણતાં કોઈપણ અવસ્થાવાળા વાસુદેવ ચક્રવર્તી અવશ્ય હોવાનું માનીએ તો વિશેષ સુગમતાથી સમજી શકાય છે.

સૂ० च० मंडल क्षेत्रनुं चित्र ॥

(गा० १६९, पृ० २३०)



ભાવાર્થ:—આ જંબૂદ્વીપમાં બે ચન્દ્ર અને બે સૂર્યની ગતિ પ્રવર્તે છે, અને તે ચારેનું ચરિક્ષેત્ર પાંચસો દશ યોજન ઉપરાન્ત એકસઠિયા અડતાલીસ ભાગ (૫૧૦$\frac{૪૮}{૬૧}$ યો०) છે ॥ ૧૬૯ ॥

विस्तरार्थ:—આ જંબૂદ્વીપમાં દિવસરાત્રિને ઉત્પન્ન કરનારા બે સૂર્ય પ્રકાશ કરે છે, અને તિથિઓને ઉત્પન્ન કરનારા બે ચન્દ્ર પ્રકાશ કરે છે, એ ચારે જ્યોતિષના ઈન્દ્રોનાં એ ચાર વિમાન એટલું જ નહિં પરન્તુ એ ચાર ઈન્દ્રોના પરિવાર રૂપ ૮૮-૮૮ ગ્રહોનાં વિમાન, ૨૮-૨૮ નક્ષત્રોનાં વિમાન અને ૬૬૯૭૫-૬૬૯૭૫ કોડાકોડી તારાઓનાં વિમાન પણ જંબૂદ્વીપની ઉપર ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધીના ૧૧૦ યોજન જેટલાં ઉંચા આકાશમાં સદાકાળ જંબૂદ્વીપના મેરૂની ચારે તરફ પરિમંડલાકારે (ગોળ ઘેરાવા પ્રમાણે) ફરતાં જ રહે છે, અને એ પ્રમાણે

અર્ધપુષ્કરદ્વીપસુધીના ૨ા દ્વીપ અને ૨ સમુદ્રના ૪૫ લાખ યોજન જેટલા મનુષ્ય-ક્ષેત્રમાં જેટલા જ્યોતિષીઓ છે, તે સર્વે જંબૂદ્વીપના જ મેરૂની આસપાસ સદાકાળ ગોળ આકારે ભમતા રહે છે, એ વિમાનોની એવી વલયાકાર ગોળગતિ સ્વભાવસિદ્ધ છે, પરન્તુ કૃત્રિમ નથી.

એ પ્રમાણે ફરતા જ્યોતિશ્ચક્રમાં જંબૂદ્વીપના બે સૂર્ય અને બે ચન્દ્રનું ચારક્ષેત્ર એટલે ગતિક્ષેત્ર ઉત્તરથી દક્ષિણ અથવા દક્ષિણથી ઉત્તર ગણતાં ૫૧૦ યોજન અને એક યોજનના એકસઠ ભાગ કરીએ તેમાંના ૪૮ ભાગ જેટલું છે, તે આ પ્રમાણે

આગળની ગાથામાં કહેવાશે તે પ્રમાણે સૂર્ય ૧૮૪ મંડલ (વલયાકાર ગતિ) કરે છે, અને ચન્દ્ર ૧૫ મંડલ કરે છે, ત્યાં મેરૂપર્વતથી ૪૪૮૨૦ યોજન દૂર ચંદ્રસૂર્ય હોય છે, માટે સર્વથી પહેલું મંડલ મેરૂથી એટલા યોજન દૂર થાય છે, અર્થાત્ પહેલું ભ્રમણ જંબૂદ્વીપના પર્યન્તભાગથી ૧૮૦ યોજન જંબૂદ્વીપમાં ખસતું નિષધ અને નીલવંતપર્વત ઉપર પ્રારંભાય છે, અને ત્યારબાદ બે બે યોજનને અન્તરે બીજું ત્રીજું યાવત્ ૧૮૪ મું લવણસમુદ્રમાં ૩૩૦ યોજન દૂર થાય છે, અને ચન્દ્ર-મંડલમાં પણ એજ રીતે ૧૫ મું મંડળ લવણસમુદ્રમાં કિંચિત્ ન્યૂન ૩૩૦ યોજન દૂર થાય છે, માટે ૩૩૦–૪૮ સમુદ્રના

+ ૧૮૦ દ્વીપના

૫૧૦–૪૮ ચારક્ષેત્રનો–ગતિક્ષેત્રનો ઉત્તર દક્ષિણ વિસ્તાર ગણાય છે.

એ પ્રમાણે જંબૂદ્વીપના સૂર્યચંદ્રને ભ્રમણ કરવાના ક્ષેત્રનો વિસ્તાર ૫૧૦$\frac{૪૮}{૬૧}$ યોજન જેટલો છે, એટલા જ ક્ષેત્રમાં સૂર્ય ૧૮૪ મંડળ પૂરે છે, અને ચન્દ્ર ૧૫ મંડળ પૂર્ણ કરે છે. દક્ષિણાયનના ૬ માસમાં સૂર્ય પહેલા મંડલથી ૧૮૪ મે મંડલે (જંબૂદ્વીપમાંથી ખસતો ખસતો સમુદ્રમાં) જાય છે, અને પુનઃ પલટાઈને ખસતો ખસતો જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન અંદર પહેલામંડળે આવી જાય છે ત્યારે ઉત્તરાયણના છ માસ પૂર્ણ થાય છે. એ પ્રમાણે એક વર્ષમાં છેલ્લા મંડલે જઈ પહેલા મંડલે આવી જાય છે.

અવસર્પિણી ઉત્સર્પિણી યુગ પલ્યોપમ સાગરોપમ સૂર્યવર્ષ સૂર્યમાસ દક્ષિણાયન ઇત્યાદિ કાળભેદો દક્ષિણાયનના પહેલા દિવસે અથવા કર્કસંક્રાન્તિના પહેલા દિવસે પહેલું મંડલ પૂર્ણ થતાં સમાપ્ત થાય છે, અને બીજા મંડલના પ્રારંભ સમયે જ તે સર્વે કાળભેદો પ્રારંભાય છે. તથા એકવર્ષમાં પહેલું અને ૧૮૪ મું એ બે મંડલોમાં સૂર્ય એકેક વાર ફરે છે, અને મધ્યવર્તી ૧૮૨ મંડલોમાં જતાં અને આવતાં એમ બે બે વખત ફરે છે. પુનઃ એક સૂર્ય જ્યારે નિષધપર્વત ઉપર ૧૮૩માં પહેલું મંડલ પ્રારંભે છે, તેજ સમયે બીજો સૂર્ય તેની સમશ્રેણીમાં જ નીલવંતપર્વત

ઉપર પહેલું મંડળ પ્રારંભે છે, એ રીતે બે સૂર્ય મળીને એક અહોરાત્રમાં એક મંડલ પૂરે છે, અને એક સૂર્ય એક અહોરાત્રમાં એક અર્ધમંડલ જ પૂર્ણ કરે છે, ચંદ્રનાં દક્ષિણાયન ઉત્તરાયણ છે, પરન્તુ સૂર્ય સરખા નથી માટે તેનું અહિં પ્રયોજન નથી, વિશેષાર્થીએ અન્યગ્રંથોથી જાણવાં. ॥ ૧૬૯ ॥

अवतरणः—હવે આ ગાથામાં સૂર્યચંદ્રના મંડલોની સંખ્યા અને પ્રમાણ કહે છે–

पणरस चुलसीइसयं, छप्पन्नऽडयालभागमाणाइं ।
ससिसूरमंडलाइं, तयंतराणिगिगहीणाइं ॥१७०॥

॥ चंद्रमंडल अने मंडलना आंतरा ॥ (चित्र नं. १)

[गा० १७०, पृ० २३३]

સર્વ મંડલ ૧૫, આંતરા ૧૪.



યો. ૩૫ ભા. ૩૦ પ્રતિભાગ ૪ એ મંડલથી મંડલનું અન્તર છે. અને દરેક મંડલ $\frac{૫૬}{૬૧}$ યો૦ છે. એટલે આ મંડલ લીટીઓ $\frac{૫૬}{૬૧}$ યો૦ જાડી જાણવી.

ચંદ્ર પણ અ સુધી બાહ્યમંડલ પૂર્ણ કરી અ નીચેની લીટી પ્રમાણે મેરૂ તરફ ખસતો જાય છે.

॥ सूर्यमंडल अने मंडलना आंतरा ॥ (चित्र नं. २)

[गा० १७०, पृ० २३४]

સર્વ મંડલ ૧૮૪, આંતરા ૧૮૩.



શબ્દાર્થ :—

પણસ્સ—પંદર

ચુલસીઇસયં—એકસો ચોરાસી

છપ્પન્ન—છપ્પન ભાગ પ્રમાણનું

અડયાલભાગમાણાઇં—અડતાલીસ ભાગ પ્રમાણનું.

સસિસૂર—ચંદ્રસૂર્યના

મંડલાઇં—મંડલો

તય અંતરાણિ—તેનાં આંતરા

ઇગઇગ હીણાઇં—એક એક ઓછા

અ થી સ સુધીનું સીધી લીટીનું મંડલક્ષેત્ર છે અને તે ૫૧૦$\frac{૪૮}{૬૧}$ યોજન છે. અ બ ક ડ વર્તુલ લીટી $\frac{૪૮}{૬૧}$ જાડી તે પહેલું મંડલ પૂર્ણ ગણાય. એવાં ૧૮૪ મંડલ છે. સૂર્ય સ સુધી જઈને દર્શાવેલી લીટી પ્રમાણે મેરૂ તરફ ખસતો જાય છે.

બીજો સૂર્ય બ સ્થાનથી પૂર્વની જેવાં જ બીજાં જુદાં મંડલ ૧૮૪ કરે છે. એ સૂર્યના મંડલ એક લીટીમાં આવતાં નથી. પણ પોતપોતાની જુદી લીટીઓ પાડે છે. એ દરેક મંડલ ૨–૨ યોજનને અન્તરે હોય છે.

ગાથાર્થ:—ચન્દ્રનાં ૧૫ મંડલ છે. અને તે દરેક એકસઠીયા છપ્પનભાગ પ્રમાણનાં છે, તથા સૂર્યના એકસો ચોર્યાસી મંડલ (૧૮૪) છે, અને તે દરેક એકસઠીયા ૪૮ ભાગ પ્રમાણનાં છે, એ બન્નેના આંતરા એકેક ન્યૂન–ઓછા છે [ચન્દ્રમંડલોના ૧૪ આંતરા અને સૂર્યમંડલોના ૧૮૩ આંતરા છે,] ॥ ૧૭૦ ॥

વસ્તરાર્થ:—ચન્દ્રનું વિમાન એક યોજનના એકસઠ ભાગ કરીએ તેવા ૫૬ ભાગ જેટલા વૃત્તવિસ્તારવાળું છે, અને સૂર્યનું ૪૮ ભાગ જેટલું વૃત્તવિસ્તારવાળું છે. જેથી ૫૧૦$\frac{48}{61}$ યોજન જેટલા મંડલક્ષેત્રમાં ચંદ્રના ૧૫ મંડલ થાય છે, તે દરેક મંડલનું પ્રમાણ એકસઠીયા ૫૬ ભાગ જેટલા વિસ્તારવાળું છે, અને સૂર્યના ૧૮૪ મંડલો થાય છે તે દરેક મંડલનો વિસ્તાર એકસઠીયા ૪૮ ભાગ જેટલો છે. અને આંતરા એકેક ઓછા એટલે ચંદ્રમંડલોના ૧૪ આંતરા છે, કારણ કે પાંચ આંગળીમાં જેમ ચાર આંતરા હોય, અને ચાર ભીંતોમાં જેમ ૩ આંતરા હોય તેમ મંડલોમાં પણ આંતરા એક ન્યૂન જેટલા જ હોય, તે રીતે સૂર્યમંડલોના ૧૮૩ આંતરા છે. જેમ પહેલાથી બીજા મંડલ વચ્ચેનો મંડલ વિનાના ખાલી ક્ષેત્રરૂપ એક આંતરો, અને બીજાથી ત્રીજા મંડલ વચ્ચેનો બીજો આંતરો. ઇત્યાદિ રીતે આંતરા એટલે સૂર્યચંદ્રના સ્પર્શ વિનાનું શૂન્ય ક્ષેત્ર જાણવું. તથા આકાશની અંદર જેટલી જગ્યામાં ફરતાં ચંદ્રસૂર્યના વિમાનનો ઘસારો–લીટી પડે તેટલું ઘસારાવાળું ક્ષેત્ર તે એક મંડલ કહેવાય, માટે વિમાનના વિસ્તારને અનુસારેજ મંડલનો પણ વિસ્તાર $\frac{56}{61}$ તથા $\frac{48}{61}$ યોજન જાણવો. ॥૧૭૦॥

અવતરણ:—પૂર્વગાથામાં ચન્દ્રસૂર્યના મંડલોની સંખ્યા અને આંતરા કહીને હવે આ ગાથામાં ચન્દ્રમંડલોનાં આંતરા તથા સૂર્યમંડલના આંતરાઓનું પ્રમાણ કહે છે, તે આ પ્રમાણે છે—

पणतीसजोअणे भाग तीस चउरो अ भागसगभागा(हाया)
अंतरमाणं ससिणो, रविणो पुण जोअणे दुन्नि ॥१७१॥

શબ્દાર્થ:—

पणतीस–પાંત્રીસ	अंतरमानं–અન્તર પ્રમાણ
भाग तीस–ત્રીસ (એકસઠીયા) ભાગ	ससिणो–ચન્દ્રના મંડળનું
चउरो–ચાર	रविणो पुण–વળી સૂર્યના મંડલનું
सग भागा–સાતીયા ભાગ	दुन्नि–બે

ગાથાર્થ:—ચન્દ્રના મંડલોના અન્તરનું પ્રમાણ ૩૫ યોજન ૩૦ એકસઠીયા ભાગ અને એક એકસઠીયાના સાતીયા ૪ ભાગ જેટલું છે, અને સૂર્યના મંડલોનું અન્તર ૨–૨ યોજન છે ॥ ૧૭૧ ॥

વિસ્તરાર્થઃ—મંડલક્ષેત્ર પૂર્વે ૫૧૦ યોજન ૪૮ એકસઠીયા ભાગ અધિક કહ્યું છે, માટે અહિં ગણિતની સુગમતામાટે પાંચસોદશ યોજનના પણ એકસઠીયા ભાગ બનાવીએ તો [૫૧૦×૬૧] ૩૧૧૧૦ ભાગ આવે તેમાં ૪૮ ભાગ ઉમેરતાં [૩૧૧૧૦+૪૮=] ૩૧૧૫૮ એકસઠીયા ભાગ આવ્યા. હવે ૧૫ મંડલ છે, અને તે દરેક ૫૬ ભાગ જેટલું છે, માટે ૧૫ ને ૫૬ વડે ગુણતાં ૮૪૦ ભાગ આવ્યા તેને ૩૧૧૫૮ માંથી બાદ કરતાં આંતરાનું સર્વક્ષેત્ર ૩૦૩૧૮ ભાગ રહ્યું, તેને યોજન કરવામાટે ૬૧ વડે અને આંતરા લાવવામાટે ૧૪ વડે ભાગવા જોઇએ, જેથી પ્રથમ ૧૪ આંતરાવડે ભાગતાં—

```
૧૪)૩૦૩૧૮(૨૧૬૫ ભાગ                     ૬૧)૨૧૬૫(૩૫ યોજન
   ૨૮                                      ૧૮૩
   --                                      ---
    ૨૩                                      ૩૩૫
    ૧૪                                      ૩૦૫
    --                                      ---
     ૯૧        =૨૧૬૫ ૪/૭                     ૩૦ ભાગ એકસઠીયા
     ૮૪
     --
      ૭૮                                યો. ભા. પ્રતિભાગ એટલે
      ૭૦                          જવાબ  ૩૫–૩૦–૪
      --
       ૮ પ્રતિભાગ                       યો. ભાગ
       ૪                                ૩૫—૩૦ ૪/૭ જવાબ
```

તથા અહિં સૂર્યમંડળો ૧૮૪ છે, અને દરેક મંડળ ૪૮ ભાગનું છે. માટે ૧૮૪ને ૪૮ વડે ગુણતાં [૧૮૪×૪૮=] ૮૮૩૨ ભાગ આવ્યા તેને પ્રથમ કહેલા ૩૧૧૫૮ મંડળક્ષેત્રાંશમાંથી બાદ કરતાં ૨૨૩૨૬ ક્ષેત્રાંશ આવે, તેને ૧૮૩ આંતરાવડે ભાગતાં ૧૨૨ અંશ આવે અને એ એકસઠીયા અંશ હોવાથી ૬૧ વડે ભાગતાં ૨ યોજન સંપૂર્ણ અન્તર આવે. એ પ્રમાણે પહેલા સૂર્યમંડલથી બીજું સૂર્યમંડલ ૨ યોજન દૂર છે. ત્યારબાદ ત્રીજું ત્રીજાથી ચોથું યાવત્ ૧૮૩ માંથી ૧૮૪ મું મંડલ બે યોજન દૂર છે.

॥ અન્તર અને મંડલ દ્વારા મંડલક્ષેત્રની પ્રાપ્તિ ॥

અથવા બીજી રીતે વિચારતાં એ અન્તરો ઉપરથી મંડલક્ષેત્રની પ્રાપ્તિ પણ આ પ્રમાણે થાય છે.—ચંદ્રમંડલાન્તર યો. ૩૫–૩૦૪/૭ ભાગ છે, તો પ્રથમ ૩૦૪/૭ ના સાતીયા ભાગ સર્વ બનાવતાં ૩૦×૭=૨૧૦ માં ૪ ઉમેરતાં ૨૧૪ સાતીયા ભાગ તે એકસઠીયા અંશ છે, માટે ૩૫ યોજનના પણ એકસઠીયા અંશ બનાવવાને ૩૫ ને ૬૧ વડે ગુણતાં ૨૧૩૫ અંશ આવ્યા તેને ૭ થી ગુણતાં ૧૪૯૪૫ આવ્યા તેમાં એ ૨૧૪ ઉમેરતાં ૧૫૧૫૯ સાતીયા ચૂર્ણિભાગ–પ્રતિભાગ આવ્યા. આ ૧૫૧૫૯

	ચો. ભાગ પ્રતિ૦	
અથવા	૩૫—૩૦—૪	
ઉતરતી	×૬૧	
ભાંજણી	૩૫	
પ્રમાણે	૨૧૦	
	૨૧૩૫ ભાગ	
	+૩૦ ભાગ	
	૨૧૬૫ ભાગ	
	×૭	
	૧૫૧૫૫	
	÷ ૪	
	૧૫૧૫૯ ચૂર્ણિભાગ	
	(એક આંતરાના)	

પ્રતિભાગ એક મંડલાન્તરના આવ્યા માટે ૧૪ મંડલાન્તરે ગુણતાં ૨૧૨૨૨૬ પ્રતિભાગ આવ્યા હવે મંડલ ૫૬ ભાગનું છે માટે તેને ૭ વડે ગુણતાં ૩૯૨ આવે, તેને ૧૫ મંડલે ગુણતાં ૫૮૮૦ પ્રતિભાગ આવ્યા તેને પૂર્વના ૨૧૨૨૨૬ માં ઉમેરતાં ૨૧૮૧૦૬ સર્વ પ્રતિભાગ આવે એ પ્રતિભાગ સાતીયા હોવાથી સાતે ભાગતાં ૩૧૧૫૮ ભાગ એકસઠીયા આવ્યા તેને પુનઃ ૬૧ વડે ભાગતાં ૫૧૦ યોજન ૪૮ અંશ મંડલક્ષેત્ર આવે.

તથા સૂર્યમંડલાન્તર ૨ યોજનને ૧૮૩ અંતરવડે ગુણતાં ૩૬૬ યોજન આવ્યા, અને ૪૮ એક મંડલાંશને ૧૮૪ વડે ગુણતાં ૮૮૩૨ આવ્યા તેને ૬૧ વડે ભાગતાં ૧૪૪ યો૦ ૪૮ અંશ આવ્યા તેને ૩૬૬ માં ઉમેરતાં ૫૧૦ યો૦ ૪૮ અંશ સંપૂર્ણ મંડલક્ષેત્ર પ્રાપ્ત થાય. ॥ ૧૭૧ ॥

અવતરણઃ—જંબૂદ્વીપના સૂર્યચંદ્રના જંબૂદ્વીપમાં કેટલાં મંડલ? અને કેટલું મંડલક્ષેત્ર છે? તથા લવણસમુદ્રમાં કેટલાં મંડલ તથા મંડલ ક્ષેત્ર છે? તે આ ગાથામાં દર્શાવાય છે—

दीवंतो असिअसए पणपणसट्ठी अ मंडला तेसिं ।
तीसहिअतिसयलवणे, दसिगुणवीसं सयं कमसो ॥१७२॥

શબ્દાર્થ:—

दीवअंतो—જંબૂદ્વીપની અંદર	तीसअहिअ—ત્રીસ અધિક
असिअसए—એકસો એંસી યોજનમાં	तिसय—ત્રણસો યોજન
पण—પાંચ મંડળ	दस—દશ
पणसट्ठी—પાંસઠ	इगुणवीसं सयं—એક સો ઓગણીસ
तेसिं—તેમનાં—ચંદ્ર અને સૂર્યનાં	कमसो—અનુક્રમે (ચંદ્ર સૂર્યનાં)

ગાથાર્થ:—જંબૂદ્વીપની અંદર એકસો એંસી યોજનમાં ચંદ્રનાં પાંચ મંડલ અને સૂર્યનાં પાંસઠ મંડલ છે, અને લવણસમુદ્રમાં ત્રણસોત્રીસયોજન [૪૮ અંશ સહિત]માં અનુક્રમે ચંદ્રના દશ મંડલ છે, અને સૂર્યનાં એકસો ઓગણીશ મંડલ છે. ॥૧૭૨॥

વિસ્તરાર્થ:—જંબૂદ્વીપમાં મંડલક્ષેત્રનો વ્યાસ ૧૮૦ યોજન સંપૂર્ણ છે, તેમાં સૂર્યના ૬૫ મંડલ સંપૂર્ણ અને છાસઠમા મંડલનો કંઈક*ભાગ પ્રાપ્ત થાય છે, અને ચન્દ્રનાં ૫ મંડલ સંપૂર્ણ અને છઠ્ઠા મંડલનો ઘણો ભાગ પ્રાપ્ત થાય છે, અને લવણસમુદ્રમાં ૩૩૦ યોજન–૪૮ અંશ જેટલા મંડલક્ષેત્રમાં ચંદ્રનાં ૧૦ મંડલ અને સૂર્યના ૧૧૯ મંડલ થાય છે, જેથી સર્વમળી યો. ૫૧૦–૪૮ અંશ જેટલા સંપૂર્ણ મંડલક્ષેત્રમાં ચંદ્રનાં [૫+૧૦] ૧૫ મંડલ અને સૂર્યનાં [૬૫+૧૧૯=] ૧૮૪ સર્વમંડલો થાય છે. વળી વિશેષ એ કે—સૂર્યનાં ૬૫ મંડલોમાં પણ ભરત[1]સૂર્યના ૬૩ મંડલો નિષધપર્વત ઉપર અને બે મંડલો હરિવર્ષક્ષેત્રમાં ઈશાન ખૂણે થાય છે, તેવી જ રીતે બીજા ઐરવતસૂર્યનાં ૬૩ મંડલો નીલવંત ઉપર અને બે મંડલો રમ્યક્ક્ષેત્રના નૈઋત્યકોણમાં (ક્ષેત્રદિશાની અપેક્ષાએ) થાય છે.

પ્રશ્ન:—૬૪–૬૫ મા મંડલને હરિવર્ષ અથવા રમ્યક્ક્ષેત્રના ખૂણામાં કહ્યું અને ત્યારબાદનાં મંડલ સમુદ્રના ગણ્યા, તો દ્વીપના પર્યન્તે આવેલી ૪ યોજનવિસ્તારવાળી જગતી ઉપર એકમંડલ સંપૂર્ણ અને બીજા મંડળનો ઘણો ભાગ થવા યોગ્ય છતાં એકપણ મંડલ ન કહ્યું તે કેમ ઘટે?

ઉત્તર:—જગતી ઉપર સાધિક ૧ મંડલ થાય છે, પરન્તુ જગતીના ૪ યોજન હરિવર્ષરમ્યક્ક્ષેત્રની જીવામાં (લંબાઈમાં) ગણાય છે, જેથી તે ૪ યોજન હરિવર્ષરમ્યક્ના હોવાથી ક્ષેત્રના ખૂણામાં એ બે મંડલ કહ્યાં છે, અને જગતીનો વિસ્તાર જંબૂદ્વીપના તે તે ક્ષેત્રાદિમાં અન્તર્ગત ગણવાનું જગતીના વર્ણન પ્રસંગે જ કહેવાઈ ગયું છે માટે વાસ્તવિક રીતે સાધિક ૧ મંડલ જગતી ઉપર થાય છે, તો પણ જગતી ઉપર ન કહેતાં ક્ષેત્રની જીવાકોટીમાં જ ગ્રંથકર્તાઓ ગણે છે.

તથા ગાથામાં ૧૮૦ અને ૩૩૦ એ બે યોજનઅંક કહેલા હોવાથી સંપૂર્ણ ૫૧૦ યોજન મંડલક્ષેત્ર થાય છે, અને મંડલક્ષેત્ર તો ૫૧૦ ઉપરાન્ત ૪૮ અંશ જેટલું છે, તો પણ ૪૮ અંશ જેટલા અલ્પક્ષેત્રની અહિં અલ્પતાના કારણથી વિવક્ષા નથી કરી એજ હેતુ સમજાય છે, માટે વિસંવાદ ન જાણવો.

---

* ૬૫ મંડલથી ૧૭૯ યો૦ ૯ અંશ ક્ષેત્ર રોકાયું છે માટે ૬૬ માં મંડલના પેર અંશ જંબૂદ્વીપમાં છે, એ પદ્ધતિએ ચંદ્રક્ષેત્ર સ્વતઃ ગણવું.

૧ સૂર્યવર્ષના પ્રારંભમાં જે સૂર્ય ભરતક્ષેત્રમાં ઉદય પામી સૂર્યવર્ષનું પહેલું મંડલ (અને ૧૮૪ માંનું બીજું મંડલ) નિષધપર્વત ઉપર પ્રારંભે છે તે સૂર્ય ભારતસૂર્ય કહેવાય, એ પદ્ધતિએ ઐરવતસૂર્ય એવું ઉપચારનામ જાણવું, વાસ્તવિક નહિં.

અવતરણ:—જંબૂદ્વીપમાં બે ચન્દ્ર અને બે સૂર્ય કહ્યા, તેમાં એક સૂર્ય-ચંદ્રની સ્હામે બીજી બાજુએ બીજો સૂર્યચંદ્ર હોય છે, તો સર્વાભ્યન્તરમંડલમાં વર્તતા ચંદ્રથી ચંદ્રને અથવા સૂર્યથી સૂર્યને કેટલું અન્તર ? તેમજ સર્વ બાહ્યમંડલમાં ફરતી વખતે કેટલું અન્તર ? તે બે અન્તર આ ગાથામાં કહેવાય છે—

ससिससि रविरवि अंतरि, मज्झे इगलक्खुतिसयसाठूणो ।
साहिय दुसयरि पण चइ–बहि लक्खो छसयसाठहिओ ॥१७३॥

શબ્દાર્થ :—

સસિ સસિ—એક ચંદ્રથી બીજા ચંદ્રને
રવિ રવિ—એક સૂર્યથી બીજા સૂર્યને
અંતરિ—પરસ્પર અન્તર
મજ્ઝે—મધ્ય મંડલે, પહેલા મંડલે
ઇગલક્ખુ—એક લાખ યોજન
તિસયસાઠ ઊણો—ત્રણસો સાઠ યોજન ન્યૂન
સાહિય દુસયરિ—સાધિક બહોત્તર યોજન
પણ—સાધિક પાંચ યોજન
ચઇ—વૃદ્ધિ (દર મંડલે અધિક વધારતાં)
બહિ—સર્વબાહ્યમંડલે
લક્ખો—એક લાખ યોજન
છસયસાઠ અહિઓ—છસો સાઠ યોજનઅધિક

ગાથાર્થ:—સર્વાભ્યન્તરમંડલે ચંદ્રથી ચંદ્રને અને સૂર્યથી સૂર્યને પરસ્પર અન્તર ત્રણસો સાઠ યોજન ન્યૂન ૧ લાખ યોજન પ્રમાણ [૯૯૬૪૦ યોજન] છે, ત્યારબાદ દરેક મંડલે સાધિક ૭૨ યોજન ચંદ્રાન્તર વધતાં અને સાધિક ૫ યોજન સૂર્યાન્તર વધતાં સર્વબાહ્યમંડલે છસોસાઠ યોજન અધિક ૧ લાખ યોજન પ્રમાણ [=૧૦૦૬૬૦ યોજન] જેટલું પરસ્પર અન્તર હોય છે ॥૧૭૩॥

વિસ્તરાર્થ:—જંબૂદ્વીપની જગતીથી એટલે જંબૂદ્વીપના પર્યન્તભાગથી દ્વીપની અંદર ૧૮૦ યોજન ખસતું ચંદ્રસૂર્યનું પહેલું સર્વાભ્યન્તરમંડલ છે. માટે પૂર્વતરફના ૧૮૦ અને પશ્ચિમતરફના ૧૮૦ મળી ૩૬૦ યોજન જંબૂદ્વીપના ૧ લાખ યોજન વ્યાસમાંથી બાદ કરતાં ૯૯૬૪૦ યોજન જેટલું અન્તર સર્વાભ્યન્તરમંડલના વર્તતા ચંદ્રને ચંદ્રથી અને સૂર્યને સૂર્યથી હોય છે, અને એજ ૯૯૬૪૦ માંથી મેરૂપર્વતનો ભૂમિસ્થ વ્યાસ ૧૦૦૦૦ યોજન બાદ કરી બાકી રહેલા ૮૯૬૪૦ યોજનના બે વિભાગ કરતાં ૪૪૮૨૦ યોજન આવે તેથી એમ સ્પષ્ટ થયું કે—સર્વાભ્યન્તરમંડલમાં વર્તતો [એટલે ઉત્તરાયણના છેલ્લા મંડલને સમાપ્ત કરતો અને દક્ષિણાયનના પહેલા મંડલને પ્રારંભતો] ભારતસૂર્ય નિષધ ઉપર રહ્યો છતો મેરૂથી અગ્નિખૂણે ૪૪૮૨૦ યોજન દૂર રહ્યો છે, તેજ વખતે ઐરવત સૂર્ય તેની જ બરાબર વક્ર સમશ્રેણિએ મેરૂપર્વતથી ૪૪૮૨૦ યોજન દૂર વાયવ્ય ખૂણે નીલવંતપર્વત મંડલને પ્રારંભતો હોય છે, એથી અધિક નજીક આવવાનો હવે બીજો કોઈ અવકાશ નથી, માટે સર્વાભ્યન્તરમંડલે વર્તતા બે સૂર્યને પરસ્પર [૪૪૮૨૦+૧૦૦૦૦+
પૂર્વના મેરૂના

॥ सूर्य सूर्यनुं परस्पर अंन्तर, एज रीते चंद्र चंद्रनुं पण परस्पर अन्तर ॥

[ગા૦ ૧૭૩, પૃ૦ ૨૪૦]



આ મંડલો વાસ્તવિક નથી, પરન્તુ પ્રાયઃ મંડળ તુલ્ય છે, જે ગણિત માત્ર સમજવાને માટે છે એમાં સર્વાભ્યન્તર મંડલે વર્તતા બે સૂર્યનું પરસ્પર અન્તર ત્રણે અંક મળીને ૯૯૬૪૦ યોજન, અને સર્વબાહ્યમંડલે પાંચે અંક મળીને ૧૦૦૬૬૦ યોજન અન્તર છે.

તથા સૂર્યની પરસ્પર અન્તરવૃદ્ધિ બે બાજુ ૨ $\frac{૪૮}{૬૧}$, ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન છે, અને ચંદ્રની
યો૦ ભા૦ પ્રતિ૦
પરસ્પર અન્તરવૃદ્ધિ પ્રતિમંડલે બે બાજુ ૩૬—૨૫—૪ જુદી જુદી છે.

પશ્ચિમના

૪૪૮૨૦=] ૯૯૬૪૦ યોજન જેટલું અન્તર હોય છે, એજ રીતે બે ચન્દ્રને પણ પરસ્પરઅન્તર એટલું જ જાણવું. ॥ इति सर्वाभ्यन्तरमंडले चंद्र चंद्रने वा सूर्य सूर्यने अन्तर ॥

તથા સર્વબાહ્યમંડલ લવણસમુદ્રમાં જંબૂદ્વીપના પર્યન્તભાગથી ૩૩૦ યોજન દૂર સર્વબાજુએ ફરતું હોવાથી બે બાજુના ૩૩૦-૩૩૦ ગણતાં ૬૬૦ યોજન જંબૂદ્વીપના ૧ લાખ યોજન વ્યાસમાં અધિક ગણવાથી ૧૦૦૬૬૦ યોજન થાય છે. જેથી એમ સ્પષ્ટ થયું કે સર્વબાહ્યમંડલને સમાપ્ત કરતી વખતે એ ૧૮૪ મા મંડલમાં વર્તતા ચંદ્રથી ચંદ્રને અને સૂર્યથી સૂર્યને પરસ્પર ઉત્કૃષ્ટ અન્તર ૧૦૦૬૬૦ યોજન [માં *૧૬ ભાગ ન્યૂન] હોય છે. એ વખતે ભારતસૂર્ય મેરૂપર્વતથી ૪૫૩૩૦ યોજન દૂર અગ્નિખૂણે સમુદ્રમાં રહેલો હોય છે, ત્યારે બીજો ઐરવતસૂર્ય તેની જ (ભારતસૂર્યની જ (વક્ર (ખૂણાથી ખૂણા તરફની) સમશ્રેણીએ મેરૂથી વાયવ્યકોણમાં સમુદ્રને વિષે મેરૂથી ૪૫૩૩૦ યોજન દૂર રહેલો હોય છે, એ પ્રમાણે ચંદ્ર ૧૫ મા મંડલે એજ સ્થાને એજ રીતે જ રહેલા હોય ત્યારે એક ચંદ્રથી બીજા ચંદ્રને ઉત્કૃષ્ટઅન્તર જાણવું આ બંને અંતર મેરૂપર્વત આવવાથી व्याघातिक अन्तर જાણવું इति सर्वबाह्यमडले चन्द्र चन्द्रने सूर्य सूर्यने उत्कृष्ट अंतर ॥

હવે દરેક મંડલે પરસ્પર અંતરવૃદ્ધિ આ પ્રમાણે-ચંદ્રમંડલથી ચંદ્રમંડલનું પરસ્પરઅન્તર પૂર્વે ૩૫ યોજન-૩૦ ભાગ-૪ પ્રતિભાગ કહ્યું છે, તે એક બાજુનું હોયછે અને એટલું અન્તર બીજી સ્હામી બાજુએ પણ હોય છે, તે એ બે બાજુનાં અંતર ભેગાં કરતાં ૭૦ યોજન ૬૦ ભાગ અને ૮ પ્રતિભાગ (સાતીયા) આવ્યા પુનઃ ચંદ્રમંડલ ૫૬ ભાગનું છે, તે પણ બન્ને બાજુનું ગણતાં ૧૧૨ ભાગ સાઠમાં ઉમેરતાં ૧૭૨ ભાગ થયા, તથા સાતીયા ૮ પ્રતિભાગમાંથી સાતપ્રતિભાગનો ૧ ભાગ ૧૭૨ માં ઉમેરતાં ૧૭૩ ભાગ થયા, અને ૧ પ્રતિભાગ રહ્યો, તે ૧૭૩ પ્રતિભાગને ૬૧ વડે ભાગતાં ૨ યોજન આવ્યા તે ૭૦

૩૫-૩૦-૪
૩૫-૩૦-૪
———
૭૦-૬૦-૮
૧૧૨
———
૭૦-૧૭૨-૮
૧૦-૭
———
૭૦-૧૭૩-૧/૭
+ ૨૦-૧૨૨
———
૭૨-૫૧-૧/૭

* અહિં સૂર્યથી સૂર્યને ઉત્કૃષ્ટ અંતર તો ગાથામાં કહ્યા પ્રમાણે સંપૂર્ણ છે. પરંતુ ચંદ્રથી ચંદ્રના ઉત્કૃષ્ટ અન્તરમાં ૧૬ ભાગ ઓછા જાણવા, કારણ કે સૂર્યમંડલ ૪૮ અંશનું છે, ત્યારે ચંદ્રમંડલ ૫૬ અંશનું છે, જેથી બન્ને બાજુથી ૮-૮ ભાગ ત્રુટતા ૧૬ ભાગ ઘટે, માટે સર્વબાહ્યમંડલે ચંદ્રથી ચંદ્રને ઉત્કૃષ્ટ અંતર યો. ૧૦૦૬૫૯-૪૫ ભાગ જેટલું હોય છે.—એ વિશેષ છે.

માં ઉમેરતાં ૭૨ યોજન આવ્યા, અને ભાગ ૫૧ રહ્યા, તેથી દરેક મંડલે યો. ૭૨ ભા. ૫૧ પ્રતિભાગ ૧ (યો. ૭૨ ભા. ૫૧ $\frac{1}{7}$) અધિક અધિક અંતર વધતું જાય છે. અથવા બીજી રીતે ગણીએ તો એક બાજુનું અંતર અને મંડલ મળીને યો. ૩૬ ભા. ૨૫ પ્રતિ. ૪ થાય તેને બે બાજુનું ગણી દ્વિગુણ કરતાં પણ યો ૭૨ ભા. ૫૧ પ્રતિ. ૧ અંતરવૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

અંતર	૩૫–૩૦–૪
મંડલ	+ ૫૬
	૩૫–૮૬–૪
	+ ૧૦–૬૧
	૩૬–૨૫–૪
	× ૨
	૭૨–૫૦–૮
	+૧૦–૭
	૭૨–૫૨–૧

હવે સૂર્યમંડલોમાં દરેક મંડલ ૨ યોજન અંતરે છે, અને ૪૮ ભાગ મંડલના મળીને ૨ યોજન ૪૮ ભાગ એક બાજુની અંતરવૃદ્ધિ હોય છે. તેવી જ બીજી બાજુ ગણતાં ૪ યોજન ૯૬ ભાગ આવે, એમાં ૯૬ માંથી ૬૧ ભાગનો એક યોજન કાઢી લઈ ચાર યોજનમાં ઉમેરતાં યોજન ૫ થાય, અને ભાગ ૩૫ રહે, જેથી સ્પષ્ટ થયું કે દરેક મંડલે બે સૂર્યને પરસ્પર ૫ યોજન ૩૫ ભાગ જેટલું અન્તર વધતું જાય છે. અને એ પ્રમાણે વધતાં વધતાં સર્વ બાહ્યમંડલે ૧૦૦૬૬૦ યોજન જેટલું અન્તર બે સૂર્યને પરસ્પર પ્રાપ્ત થાય છે.

યો. ભાગ	
૨–૪૮	એક બાજુના
+ ૨–૪૮	બીજી બાજુના
૪–૯૬	
+ ૧૦–૬૧	
૫–૩૫	

અથવા ચન્દ્રના પહેલાં મંડલની આદિથી ચન્દ્રનું છેલ્લું મંડલ એક બાજુએ [મંડલ-ક્ષેત્રની અપેક્ષાએ મંડલક્ષેત્રના પ્રારંભથી] યો. ૫૦૯–૫૩ ભાગ દૂર છે. તેવી જ રીતે બીજી બાજુએ પણ ગણતાં [યો. ૫૦૯–૫૩ ભા.×૨=] યો. ૧૦૧૯–૪૫ ભાગ જેટલા ક્ષેત્રમાં ૧૫ મંડલ પૂરાય છે, અને દર મંડલે અંતરવૃદ્ધિ ૭૨–૫૧–૧ (યો. ભા. પ્રતિ) છે, અને અન્તર ૧૪ છે માટે ૭૨–૫૧–૧ ને ૧૪ વડે ગુણતાં પણ ૧૦૧૯–૪૫ પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે સૂર્યને અંગે ગણતાં મંડલક્ષેત્રના પ્રારંભથી છેલ્લું મંડલ એક બાજુએ ૫૧૦ અને બીજી બાજુ પણ ૫૧૦ હોવાથી ૧૦૨૦ યોજન મંડલક્ષેત્રમાં દૂર છે, અને અન્તરવૃદ્ધિ ૫-૩૫ (યો. ભા.) છે જેથી ૧૮૩ આંતરાએ ગુણતાં [મંડલસહિત આંતરાએ ગુણતાં] ૧૦૨૦ યોજન પ્રાપ્ત થાય છે. એ મંડલક્ષેત્રમાં જંબૂદ્વીપના ૯૯૬૪૦ યોજન

બન્નેમાં ઉમેરતાં ચંદ્રનું ઉત્કૃષ્ટ અન્તર પૂર્વે કહ્યા પ્રમાણે [૯૯૬૪૦+૧૦૧૯–૪૫=] ૧૦૦૬૫૯–૪૫ આવે, અને સૂર્યનું ઉત્કૃષ્ટ અન્તર [૯૯૬૪૦+૧૦૨૦=] ૧૦૦૬૬૦ યોજન સંપૂર્ણ પ્રાપ્ત થાય છે. આ સૂર્યના અન્તરમાંથી જ ચંદ્રમંડલની અધિકતાના [૮+૮=] ૧૬ ભાગ ઓછા કરતાં પૂર્વોક્ત ૧૦૦૬૫૯–૪૫ ચંદ્રાન્તર પ્રાપ્ત થાય છે. ઇત્યાદિક અનેક રીતે ગણિતજ્ઞોએ અંતરવૃદ્ધિ ઉપરથી, મંડળક્ષેત્ર ઉપરથી અંતરવૃદ્ધિ સ્વતઃ પ્રાપ્ત કરવી. ॥ ૧૭૩ ॥

अवतरणः—હવે આ ગાથામાં દરેકમંડલે ચંદ્ર એકમુહૂર્ત્તમાં કેટલું ચાલે? તે કહેવાય છે—

साहिअपणसहसतिहुत्तराइं ससिणो मुहुत्तगइ मज्झे ।
बावन्नहिआ सा बहिपइमंडल पउणचउवुड्ढी ॥१७४॥

શબ્દાર્થઃ—

साहिअ—સાધિક
पणसहस—પાંચ હજાર
तिहुत्तराइं—તિહુત્તર–તોતેર
मुहुत्तगइ—મુહૂર્તગતિ
मज्झे—મધ્યમંડલે પહેલામંડલે
बावन्नअहिआ—બાવન યોજન અધિક
सा—તે પૂર્વોક્તગતિ
पउणचउ—પોણા ચાર યોજન

गाथार्थः—સર્વાભ્યન્તરમંડલે ચંદ્રની મુહૂર્તગતિ પાંચહજાર ત્રિહુત્તર યોજનથી કંઈક અધિક છે, અને સર્વ બાહ્યમંડલે એજ મુહૂર્તગતિ બાવનયોજન અધિક છે, તથા દરેક મંડળે પોણા ચાર યોજન મુહૂર્તગતિમાં વૃદ્ધિ થતી જાય છે. ॥ ૧૭૪ ॥

विस्तरार्थः—સર્વાભ્યન્તરમંડલનો પરિધિ ૩૧૫૦૮૯ (ત્રણ લાખ પંદર હજાર નેવ્યાસી) યોજન છે, તેટલા પરિધિને બે ચન્દ્ર મળીને અધિક એક અહોરાત્રમાં ગતિવડે સમાપ્ત કરે છે, જેથી એક અર્ધમંડલને પૂરતાં એક ચંદ્રને અધિક અહોરાત્ર કાળ લાગે છે, અને સંપૂર્ણ મંડળ પૂરતાં સાધિક બે દિવસ એટલે ગણિત પ્રમાણે ૨ દિવસ ૨ મુહૂર્ત અને એક મુહૂર્તના બસો એકવીસીઆ ૨૩ ભાગ [=૨–૨$\frac{૨૩}{૨૨૧}$] (દિ. મુ.) જેટલો કાળ લાગે છે, અને સૂર્ય એ જ મંડલને સંપૂર્ણ બે અહોરાત્ર જેટલા કાળમાં સંપૂર્ણ કરે છે. અહિં ચંદ્રની ગતિ મંદ હોવાથી સૂર્યના મંડલપૂર્તિકાળથી ચંદ્રનો મંડળપૂર્તિકાળ અધિક છે. અહિં ગણિતની સુગમતા માટે ૨ દિવસ ૨$\frac{૨૩}{૨૨૧}$ મુહૂર્તના સર્વના બસો એકવીસીયા મુહૂર્તભાગ કરીએ તો પ્રથમ ૨ દિવસના ૬૦ મુહૂર્તમાં ૨ મુહૂર્ત ઉમેરતાં ૬૨ મુહૂર્ત થયા તેને ૨૨૧ વડે ગુણતાં ૧૩૭૦૨ આવ્યા તેમાં ૨૩ અંશ ઉમેરતાં ૧૩૭૨૫ અંશ થયા.

હવે મંડલના પણ અંશ કરવા માટે ૩૧૫૦૮૯ યોજનને ૨૨૧ વડે ગુણીએ તો ૬૯૬૩૪૬૬૯ મંડલાંશ થયા. તેને ૧૩૭૨૫ મુહૂર્ત્તાંશવડે ભાગતાં ૫૦૭૩$\frac{૭૭૪૪}{૧૩૭૨૫}$ યોજન જેટલી ચંદ્રની મુહૂર્ત્તગતિ પ્રાપ્ત થઈ અંકગણિત આ પ્રમાણે—

દિ. મુ. અંશ.		૩૧૫૦૮૯ યોજન સર્વાભ્યન્તર
૨—૨—૨૩		×૨૨૧ મંડલનો–પરિધિ
×૩૦ [૨૨૧]		૩૧૫૦૮૯
૬૦ મુ.		૬૩૦૧૭૮×
+૨	મુહૂર્ત્તાંશ.	૬૩૦૧૭૮××
૬૨ મુ.	૧૩૭૨૫)	૬૯૬૩૪૬૬૯ મંડલાંશ (૫૦૭૩ યોજન.
×૨૨૧ મુહૂર્ત્તાંશ		૬૮૬૨૫
૬૨		૧૦૦૯૬૬ યોજન
૧૨૪		૯૬૦૭૫ =૫૦૭૩$\frac{૭૭૪૪}{૧૩૭૨૫}$
૧૨૪		૪૮૯૧૯
૧૩૭૦૨		૪૧૧૭૫
૨૩		૭૭૪૪ અંશ. શેષ
૧૩૭૨૫ મુહૂર્ત્તાંશ		

અહિં બસોએકવીસીઆ અંશ કેવી રીતે? તેની ઉત્પત્તિ ગ્રન્થાન્તરથી જાણવી, કારણકે તે ઉત્પત્તિવર્ણવવાનું વકતવ્ય અધિક હોવાથી અહિં તેનું પ્રયોજન નથી.

હવે સર્વબાહ્યમંડલનો પરિધિ ગણિતરીતિ પ્રમાણે ૩૧૮૩૧૫ [ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર] યોજન છે, તેને પણ પૂર્વોકિત રીતે ૨૨૧ વડે ગુણી ૧૩૭૨૫ મુહૂર્ત્તાંશવડે ભાગતાં ૫૧૨૫ $\frac{૬૯૯૦}{૧૩૭૨૫}$ યોજન જેટલી મુહૂર્ત્તગતિ પ્રાપ્ત થાય. [ત્યાં ૩૧૮૩૧૫ને ૨૨૧ વડે ગુણતાં ૭૦૩૪૭૬૧૫ યોજનાંશ–મંડલાંશ આવે છે.)

એ પ્રમાણે ચન્દ્ર ૧૫ મંડલોમાંના કોઈપણ મંડલમાં ભ્રમણ કરતો હોય ત્યારે તેના પરિધિને (પૂર્વોકતરીતે ઉપજાવેલા મંડલાંશોને) ૧૩૭૨૫ વડે ભાગતાં તે મંડલે ચંદ્રની મુહૂર્ત્તગતિ પ્રાપ્ત થાય, અર્થાત્ ત્યાં ચંદ્ર એક મુહૂર્ત્તમાં એટલું ક્ષેત્ર વ્યતીત કરે. પુનઃ દરેક મંડલનો પરિધિ જાણવાની રીતિ આ પ્રમાણે–પૂર્વે ૭૨–૫૧–૧ જેટલી અન્તરવૃદ્ધિ કહી છે, તેનો પરિધિ ગણિતની રીતિ પ્રમાણે લગભગ સાધિક

૨૩૦ યોજન જેટલો થાય છે, જેથી દરેકમંડલે ૨૩૦ યોજન પૂર્વમંડલપરિધિમાં ઉમેરતાં અનન્તર (અગ્ર અગ્ર) મંડલનો પરિધિ આવે, જેમકે પહેલા મંડલનો પરિધિ ૩૧૫૦૮૯ યોજન છે તો તેમાં ૨૩૦ યોજન ઉમેરતાં ૩૧૫૩૧૯ યોજન આવે, પુનઃ એમાં ૨૩૦ ઉમેરતાં ૩૧૫૫૪૯ યોજન આવે, એ પ્રમાણે યાવત્ છેલ્લા પંદરમા મંડલનો પરિધિ ૩૧૮૩૧૫ યોજન પ્રાપ્ત થાય છે. અહિં ચૌદવાર ૨૩૦ ઉમેરતાં એટલે [૨૩૦×૧૪] ૩૨૨૦ યોજન ઉમેરતાં ૩૧૮૩૦૯ યોજન આવવાથી ૬ યોજન ત્રુટે છે તે ૨૩૦ યોજન ઉપરાંતનો દેશોન ાા યોજન ન વધારવાથી ત્રુટે છે, માટે પર્યન્તે વા મધ્યે પૂર્ણ અંકસ્થાને દેશોન ાા યોજનથી ઉપજતો અંક વધારવાથી પરિધિ બરાબર પ્રાપ્ત થઈ શકે છે, માટે એ ત્રુટતા ૬ યોજન સંબંધિ વિસંવાદ ન જાણવો.

હવે ચંદ્રના પ્રત્યેક મંડલે ૨૩૦ યોજન પરિધિ વધે છે, તેને પૂર્વે કહ્યા પ્રમાણે ૨૨૧ વડે ગુણી ૧૩૭૨૫ વડે ભાગતાં ૩ $\frac{૯૬૫૫}{૧૩૭૨૫}$ યોજન એટલે લગભગ કિંચિત્ન્યૂન ૩ાા યોજનજેટલી મુહૂર્તગતિદરેક મંડલે વધતી જાય છે. જેથી એ ૩ાા ને ૧૪ વડે

	૨૩૦ યોજન.	૧૩૭૨૫) ૫૦૮૩૦ (૩ યોજન
	×૨૨૧ મુહૂર્તાંશ	૪૧૧૭૫
	૨૩૦	૯૬૫૫ યોજનાંશ શેષ.
	૪૬૦×	
	૪૬૦××	=૩ $\frac{૯૬૫૫}{૧૩૭૨૫}$ યોજન
	૫૦૮૩૦ યોજનાંશ.	

ગુણતાં (૧૪×૩ાા) =૫૨ાા યોજનવૃદ્ધિ પંદરમા મંડલે થઈ, પરન્તુ ૩ાા યોજન સંપૂર્ણ ન હોવાથી પંદરમે મંડલે તે ન્યૂનતાઓને એકત્ર કરી ાા યોજન ઓછો કરતાં સંપૂર્ણ ૫૨ (બાવન) યોજનવૃદ્ધિ પહેલા મંડળની અપેક્ષાએ છેલ્લા મંડળમાં પ્રાપ્ત થઈ ॥ ૧૭૪ ॥ इति प्रतिमंडल चंद्रमुहूर्त्तगति ॥

अवतरण :—પૂર્વગાથામાં ચંદ્રની મુહુર્ત્તગતિ મંડલે મંડલે કહીને હવે આ ગાથામાં પ્રત્યેક મંડલે સૂર્યની મુહૂર્ત્તગતિ કેટલી છે? તે કહેવાય છે—

जा ससिणो सा रविणो, अडसयरिसएणऽसिसएणहिआ ।
किंचूणाणं अट्ठारसट्ठिहायाण [भागाण] मिहवुड्ढी ॥१७५॥

શબ્દાર્થ :—

जा ससिणो–જે મુહૂર્તગતિ ચંદ્રની	किंचऊणाणं –કંઈક ન્યૂન
सा रविणो–તે મુહુર્ત્તગતિ સૂર્યની	अट्ठार –અઢાર ભાગ
अडसयरि सएण–એકસો અઠયોત્તર	सट्ठिभागाण–સાઠીયા ભાગોની
असिसएण–એકસો એંસી યોજનવડે	इह–આ સૂર્યની મુહુર્ત્તગતિમાં
अहिआ–અધિક જાણવી.	वुड्ढी–પ્રતિમંડલે વૃદ્ધિ જાણવી

ગાથાર્થ :—પૂર્વગાથામાં જે મુહુર્ત્તગતિ ચંદ્રની કહી તેજ મુહુર્ત્તગતિ સૂર્યની જાણવી, પરંતુ સર્વાભ્યન્તરમંડલે ૧૭૮ યોજન અધિક જાણવી, અને સર્વ–બાહ્યમંડલે ૧૮૦ યોજન અધિક જાણવી, તથા અહિં સૂર્યની મુહુર્ત્તગતિમાં દરેક સૂર્યમંડલે સાઠીયા ૧૮ ભાગ જેટલી વૃદ્ધિ જાણવી ।। ૧૭૫ ।।

વિસ્તરાર્થ :—પૂર્વગાથામાં ચંદ્રની સર્વાભ્યન્તરમંડલે મુહૂર્ત્તગતિ ૫૦૭૩ યોજનથી અધિક કહી છે, તેમાં ૧૭૮ યોજન અધિક કરતાં [૫૦૭૩+૧૭૮=] ૫૨૫૧ યોજન લગભગ મુહૂર્ત્તગતિ સૂર્યની સર્વાભ્યન્તરમંડલે જાણવી. અને સર્વબાહ્યમંડલે ચંદ્રની મુહૂર્ત્તગતિ સાધિક ૫૧૨૫ યોજન કહી છે તેમાં ૧૮૦ યોજન અધિક કરતાં [૫૧૨૫ +૧૮૦=] ૫૩૦૫ યોજન જેટલી મુહૂર્તગતિ સૂર્યની સર્વબાહ્યમંડલે જાણવી. તથા દરેક સૂર્યમંડલે સૂર્યની મુહૂર્ત્તગતિ કંઈક ન્યૂન સાઠીયા ૧૮ ભાગ જેટલી વધતી વધતી જાય છે, એ પ્રમાણે ગાથાને અનુસારે સ્થૂલથી [અંશ પ્રત્યંશ વિના લગભગ અંકપૂર્વક] મુહૂર્ત્તગતિ દર્શાવી, હવે સૂક્ષ્મતાથી અંશ પ્રત્યંશપૂર્વક મુહૂર્ત્તગતિની ઉત્પત્તિ આ પ્રમાણે–

પૂર્વગાથાના વિસ્તારમાં દર્શાવ્યા પ્રમાણે સર્વાભ્યન્તર મંડલનો પરિધિ ૩૧૫૦૮૯ યોજન છે, અને સૂર્ય પોતાના કોઈપણ મંડલને સંપૂર્ણ બે દિવસે ગતિ વડે સમાપ્ત કરે છે, જેથી બે દિવસના ૬૦ મુહુર્ત વડે સર્વાભ્યન્તર પરિધિને ભાગતાં ૫૨૫૧ યોજન ઉપરાન્ત સાઠીયા ૨૯ ભાગ એટલું ક્ષેત્ર સૂર્ય સર્વાભ્યન્તર મંડલે એક મુહૂર્ત્તમાં ચાલે છે, ત્યારબાદ બીજા મંડલે કંઈક ન્યૂન $\frac{૧૮}{૬૦}$ યોજન અધિક ચાલે છે જેથી ત્યાં બીજે મંડલે સૂર્યની મુહૂર્ત્તગતિ ૨૯+૧૮=૪૭ અંશ અને ૫૨૫૧ યોજન [૫૨૫૧ $\frac{૪૭}{૬૦}$ યો૦] જેટલી હોય છે. એ પ્રમાણે પ્રત્યેક મંડલે

```
૬૦) ૩૧૫૦૮૯ (૫૨૫૧ યોજન
    ૩૦૦
    ---
    ૧૫૦
    ૧૨૦      =૫૨૫૧ ૨૯/૬૦ યોજન
    ---
    ૩૦૮
    ૩૦૦
    ---
     ૮૯
     ૬૦
    ---
    ૨૯ શેષ અંશ
```

૧૮–૧૮ ભાગ વધારતાં વધારતાં યાવત્ ૧૮૪મે મંડલે ૧૮૩ વાર અઢાર ભાગ વધે

જેથી ૧૮૩×૧૮=૩૨૯૪ને ૬૦ વડે ભાગતાં ૫૪ યોજન ૫૪ અંશ આવે તે ૫૨૫૧–૨૯માં ઉમેરતાં ૫૩૦૫–૮૩ આવે, પરંતુ વધારવા યોગ્ય ૧૮ અંશ સંપૂર્ણ નહિં પરન્તુ કંઈક ન્યૂન હોવાથી તે ન્યૂનતાઓ એકત્ર કરતાં છેલ્લા મંડલે ૬૮ અંશ ત્રુટે છે, તે બાદ કરતાં ૧૫ અંશ આવે, માટે ૫૩૦૫ યોજન અને સાઠીયા ૧૫ અંશ જેટલી સૂર્યની મુહૂર્ત્તગતિ સર્વબાહ્ય-મંડલે હોય છે. અથવા બીજી રીતે વિચારીએ તો—સર્વ બાહ્યમંડલનો પરિધિ ૩૧૮૩૧૫ યોજન છે તેને ૬૦ વડે ભાગતાં પણ એ જ મુહૂર્ત્તગતિ પ્રાપ્ત થાય

```
૬૦) ૩૨૯૪ (૫૪ યો૦
    ૩૦૦
    ----
     ૨૯૪
     ૨૪૦
    ----
      ૫૪   અંશ

   ૫૨૫૧–૨૯
 + ૫૪–૫૪
 ---------
   ૫૩૦૫–૮૩
બાદ      ૬૮
 ---------
   ૫૩૦૫–૧૫
  =૫૩૦૫ ૧૫/૬૦ યોજન
```

```
૬૦) ૩૧૮૩૧૫ (૫૩૦૫ યોજન
    ૩૦૦
    ----
     ૧૮૩
     ૧૮૦   =૫૩૦૫ ૧૫/૬૦ યો૦
    ----
     ૩૧૫
     ૩૦૦
    ----
      ૧૫  અંશ. શેષ.
```

હવે દરેક સૂર્યમંડલે $\frac{૧૮}{૬૦}$ યોજન વૃદ્ધિ થવાનું કારણ કહેવાય છે— દરેક સૂર્ય મંડલની અન્તરવૃદ્ધિ ૨ યોજન ૪૮ અંશ કહી છે, તેવી જ બીજી બાજુ પણ અન્તરવૃદ્ધિ હોવાથી બન્ને ભેગી કરતાં ૫ યોજન ૩૫ અંશ પૂર્વે કહી છે, તેનો ગણિતરીતિ પ્રમાણે પરિધિ કાઢતાં સાધિક ૧૭ યોજન અથવા દેશોન ૧૮ યોજન થાય છે તો પણ સ્થૂલવ્યવહારથી સંપૂર્ણ ૧૮ યોજન ગણવા, જેથી પ્રતિ-સૂર્યમંડલે ૧૮–૧૮ યોજન પરિધિ વધતો જાય છે. વળી સૂર્ય પોતાના કોઈપણ મંડલને ૬૦ મુહૂર્તે સંપૂર્ણ કરે છે, તેથી એ ૧૮ની વૃદ્ધિને ૬૦ વડે ભાગતાં ૧૮ સાઠીયા અંશ જેટલી મુહૂર્તગતિમાં વૃદ્ધિ પ્રત્યેક સૂર્યમંડલે પ્રાપ્ત થાય છે. ॥ ૧૭૫ ॥

અવતરણઃ—હવે સૂર્ય સર્વાભ્યન્તર વા સર્વબાહ્યમંડલે હોય તે વખતે જ્યાંથી ઉદય પામતો દેખાય ત્યાંથી કેટલે દૂર અસ્તપામે તે ઉદયઅસ્તનું અન્તર આ ગાથામાં કહેવાય છે—

मज्झे उदयत्थंतरि चउणवइसहस्सपणसयछवीसा ।
बायाल सट्ठिभागा, दिणं च अट्ठारसमुहुत्तं ॥१७६॥

શબ્દાર્થ :—

मज्झे=સર્વાભ્યન્તર મંડલે	बायाल =બેંતાલીસ
उदय अत्थ अंतरि=ઉદય અસ્તનું અન્તર	सट्ठिभागा =સાઠીયા ભાગ
चउणवइसहस्सा=ચોરાણુ હજાર	दिणं=દિવસ
पणसय छवीसा=પાંચસો છવીસ	अट्ठारस मुहुत्तं=અઢાર મુહુર્ત્તનો

गाथार्थः—સર્વાભ્યન્તરમંડલે સૂર્ય હોય તે વખતે ચોરાણુહજાર પાંચસો છવીસ ચોજન ઉપરાન્ત સાઠીયા બેંતાલીસ ભાગ જેટલું ઉદયથી અસ્તનું અન્તર હોય, અને દિવસ ૧૮ મુહુર્ત્તનો હોય. ॥ ૧૭૬ ॥

विस्तरार्थः—સૂર્ય જ્યારે સર્વાભ્યન્તરમંડલે હોય છે ત્યારે પ્રકાશક્ષેત્રની પહોળાઈ $\frac{૩}{૧૦}$ (ત્રણ દશાંશ) જેટલી હોય છે, અને અંધકારની પહોળાઈ $\frac{૨}{૧૦}$ (બે દશાંશ) જેટલી હોય છે, પુનઃ તે $\frac{૩}{૧૦}$ પ્રકાશક્ષેત્ર ૧૮ મુહુર્ત્તે સમાપ્ત થાય છે તે આ પ્રમાણે —અભ્યન્તરમંડલનો પરિધિ ૩૧૫૦૮૯ છે, તેને ૧૦ વડે ભાગી ત્રણે ગુણતાં ૯૪૫૨૬ ચોજન ઉપરાન્ત દશીયા સાત ભાગ આવે છે એ દશીયા સાત ભાગ તે સાઠીયા બેંતાલીસ ભાગ જ છે. કારણ કે બન્ને રકમને છ ગુણી કરતાં દશને સ્થાને ૬૦ અને સાતને સ્થાને ૪૨ આવે છે.

૧૦)૩૧૫૦૮૯(૩૧૫૦૮
૩૧૫૦૮૦
———
૯
૩૧૫૦૮–૯
× ૩
———
૯૪૫૨૪—૨૭
+ ૨૦૭–૨૦
———
૯૪૫૨૬–$\frac{૭}{૧૦}$[$\frac{૪૨}{૬૦}$]

અથવા બીજી રીતે વિચારતાં પૂર્વે સૂર્યની જે એક મુહુર્ત્તની ગતિ કહી છે તે ગતિને ૧૮ વડે ગુણતાં પણ એજ ઉદયઅસ્તાન્તર પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે—સર્વાભ્યન્તરમંડલે સૂર્ય એકમુહુર્ત્તમાં ૫૨૫૧–૨૯ ચાલે છે, અને તે મંડલે દિવસ ૧૮ મુહુર્ત્તનો છે માટે ૫૨૫૧ ને ૧૮ ગુણતાં ૯૪૫૧૮ આવે; ત્યારબાદ ૨૯ અંશને ૧૮ વડે ગુણી સાઠે ભાગતાં આવેલા ૮ ચોજનને ચોજનમાં ઉમેરતાં ૯૪૫૨૬ ચોજન અને ઉપરાન્ત શેષ ૪૨ વધ્યા તે સાઠીયા અંશ ગણાય. એ રીતે સર્વાભ્યન્તરમંડલે સૂર્ય પૂર્વમાં નિષધ પર્વત ઉપર જ્યાં ઉદય પામે

૫૨૫૧	૨૯
× ૧૮	× ૧૮
૯૪૫૧૮ ચો૦	૨૩૨
+ ૮–૪૨	૨૯
૯૪૫૨૬–૪૨	૬૦)૫૨૨(૮ ચો૦
ચો૦ અંશ	૪૮૦
=૯૪૫૨૬$\frac{૪૨}{૬૦}$ચોજન	૪૨ અંશ

ત્યાંથી ૯૪૫૨૬$\frac{૪૨}{૬૦}$ ચોજન દૂર નિષધપર્વત ઉપર જ પશ્ચિમ દિશામાં અસ્ત પામે છે, માટે ઉદયઅસ્તનું એ અન્તર ભરતક્ષેત્રના મધ્યભાગવર્તી મનુષ્યોની અપેક્ષાએ જાણવું, પરન્તુ સર્વની અપેક્ષાએ નહિ, કારણકે વાસ્તવિકરીતે તો સૂર્યનો અસ્ત છે

જ નહિ તેમ અમુક સ્થાનેજ ઉદય પામે છે તેમ પણ નથી, સદાકાળ પ્રકાશ કરનાર છે, પરન્તુ જે સ્થાનના મનુષ્યોને જ્યાં ન દેખાય ત્યાં અસ્ત અને જ્યાંથી દેખાય ત્યાં ઉદય એ વ્યવહારવ્યપદેશ છે.

વળી સૂર્ય જ્યારે સર્વાભ્યન્તરમંડલે હોય ત્યારે કોઈપણ ક્ષેત્રમાં (દરેક ક્ષેત્રમાં) દિવસ ૧૮ મુહૂર્તનોજ હોય, કારણ કે એ વખતે પ્રકાશક્ષેત્ર પૂર્વે કહ્યા પ્રમાણે મંડલના (પરિધિના) $\frac{3}{10}$ ભાગ જેટલું છે, અને મંડલપૂર્તિકાલ સૂર્યનો ૬૦ મુહૂર્ત છે, તેથી ૬૦ ને $\frac{3}{10}$ વડે ગુણતાં [$\frac{60}{1}\times\frac{3}{10}=\frac{180}{10}$] ૧૮ મુહૂર્ત આવે છે. ત્યારબાદ દરેક મંડલે સૂર્યનું પ્રકાશક્ષેત્ર એટલે દિવસ ઘટતો ઘટતો સર્વબાહ્યમંડલે ૧૨ મુહૂર્ત થાય છે, કારણકે પ્રકાશક્ષેત્ર $\frac{3}{10}$ હતું તે ઘટતું ઘટતું $\frac{2}{10}$ થાય છે, જેથી

॥ उदयास्तनुं अन्तर अने द्रष्टिगोचर ॥

[गा० १७६, पृ० २४९]



પ સ્થાને ઉભેલો મનુષ્ય અભ્ય૦ મંડલે ઉદયથી ૯૪૫૨૬ $\frac{42}{60}$ યોજન દૂર સૂર્યને અસ્ત પામતો દેખે इति उदयास्तान्तरम्. અને ૪૭૨૬૩ $\frac{21}{60}$ યો. દૂરથી ઉદય પામતો અને ૪૭૨૬૩ $\frac{21}{60}$ યો. દૂર (સ્વસ્થાનથી) અસ્ત પામતો દેખે. इति द्रष्टिगोचरः । ઉદયાસ્તની વક્ર લીટી અ ब क છે. એ પ્રમાણે સર્વબાહ્યમંડલે ચિત્રમાં આલેખ્યા પ્રમાણે. इति जंबूद्वीपे. પુષ્કરાર્ધદ્વીપમાં ઉત્કૃષ્ટ અસ્તાન્તર ૨૧૩૪૫૩૭ યોજન, અર્ધ દ્રષ્ટિગોચર.

બાહ્યમંડલે જતાં સૂર્યનું ઉદયઅસ્તાન્તર–પ્રકાશ ક્ષેત્રાંશ — અને આગળ કહેવાતી દ્રષ્ટિગોચરતા એ સર્વ ઘટતું જાય છે, અને સૂર્યની ગતિ તથા મુહૂર્તગતિ અને અંધકારક્ષેત્ર વિગેરે સર્વ વધતું જાય છે; અને તે ઘટતાં ઘટતાં કેટલું ઘટી જાય છે, તે આગળની જ ગાથાઓમાં કહેવાશે.

વળી અહિં ઉદયઅસ્તનું અન્તર કેવળ સૂર્યપ્રકાશનું જ ગણવાનું છે, પરન્તુ ચન્દ્રનું નહિં, કારણ કે ચંદ્રનો ઉદયઅસ્ત સૂર્યના પ્રકાશની આગળ વ્યાઘાતવાળો છે, તેમજ ચંદ્રની ગતિ મંદ હોવાથી રાત્રે પણ અનિયમિત ઉદય અસ્ત થાય છે, માટે તે કહેવાનું અહિં પ્રયોજન નથી,

વળી અહિં ઉદયઅસ્તનું જે અન્તર ૯૪૫૨૬ $\frac{૪૨}{૬૦}$ યોજન કહ્યું છે તે આકાશમાં પણ સીધી લીટીએ નહિં તેમજ દેખનારની અપેક્ષાએ પણ સીધી લીટીએ નહિ પરન્તુ કેવળ પરિધિના ઘેરાવાને અનુસારે જ છે, જેથી સીધી લીટીએ તો એથી પણ ઓછું લગભગ હરિવર્ષજીવાથી અધિક [૭૪૦૦૦ યોજન] હોય છે ॥ ૧૭૬ ॥

अवतरणः— સર્વાભ્યન્તરમંડલથી સર્વબાહ્યમંડલે સૂર્ય જતો હોય ત્યારે દરેક મંડલે દિવસ ઘટતો ઘટતો જાય છે, તો કેટલો ઘટે? તે આ ગાથામાં કહેવાય છે—

पइमंडल दिणहाणी, दुण्ह मुहुत्तगसट्ठिभागाणं ।
अंते बारमुहुत्तं, दिणं णिसा तस्स विवरीआ ॥१७७॥

શબ્દાર્થઃ—

पइमंडल–પ્રત્યેક મંડલે	अंते–સર્વબાહ્યમંડલે
दिणहाणी–દિવસની હાનિ	बारमुहुत्त–બાર મુહૂર્ત
दुण्ह–બે ભાગ	णिसा–નિશા, રાત્રિ
मुहुत्तइगसट्ठिमागाण–મુહૂર્ત્તના એકસઠીઆ ભાગની	तस्स–તે દિવસથી
	विवरीआ–વિપરીત

गाथार्थः—દરેક મંડલે મુહૂર્ત્તના એકસઠીયા બે ભાગ જેટલી દિવસની હાનિ થાય છે, જેથી સર્વપર્યન્તમંડલે દિવસ બાર મુહૂર્ત્તનો અને રાત્રિ તેથી વિપરીત અઢાર મુહૂર્ત્તની હોય છે ॥ ૧૭૭ ॥

विस्तरार्थः—પહેલા મંડલે ૧૮ મુહૂર્ત્તનો દિવસ છે, તેમાંથી દરેક મંડલે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત્ત ઘટતાં ઘટતાં ૧૮૩ મંડલ સમાપ્ત કરે ત્યારે $\frac{૨}{૬૧} \times \frac{૧૮૩}{૧} = \frac{૬}{૧} = ૬$ મુહૂર્ત્ત દિવસ ઘટી જાય જેથી સર્વબાહ્યમંડલે એટલે ૧૮૪માં મંડલે ૧૨ મુહૂર્ત્તનો દિવસ રહે છે. અથવા

॥ जंबूद्वीपना चंद्र सूर्यनो मंडलादियंत्र ॥

જંબૂદ્વીપના ચંદ્ર-સૂર્ય	મંડલક્ષેત્ર નો વિષ્કંભ	જંબૂદ્વીપમાં મંડલક્ષેત્ર	લવણસમુદ્રમાં મંડલક્ષેત્ર	સર્વ મંડલો	જંબૂદ્વીપમાં મંડલ સંખ્યા	લવણસમુદ્રમાં મંડલ સંખ્યા	મંડલોની પહોળાઈ	મંડલથી મંડલનું અન્તર	મેરૂથી દૂર અભ્યંતરમંડલ	મેરૂથી દૂર બાહ્ય-મંડલ	અભ્ય૦ મંડલ પરિધિ	બાહ્યમંડલ પરિધિ
ચંદ્ર	૫૧૦ ૪૮/૬૧ યોજન	૧૮૦યો.	૩૩૦ ૪૮/૬૧ યોજન	૧૫	૫	૧૦	૫૬/૬૧ યો.	યો. ભાગ ૩૫-૩૦ ૪/૭	૪૪૮૨૦ યો.	૪૫૩૩૦ યો.	૩૧૫૦૮૯ યોજન	૩૧૮૩૧૫ યોજન
સૂર્ય	,,	,,	,,	૧૮૪	૬૫	૧૧૯	૪૮/૬૧ યો.	૨ યોજન	૪૪૮૨૦ યો.	૪૫૩૩૦ યો.	૩૧૫૦૮૯ યોજન	૩૧૮૩૧૫ યોજન

પરિધિની વૃદ્ધિ હાનિ	અભ્યંતર મંડલે પરસ્પર અન્તર	પ્રતિમંડલે અન્તરવૃદ્ધિ પરસ્પરની	બાહ્યમંડલે પરસ્પર અન્તર	અભ્યંતર મંડલે ઉદય અસ્તનું અન્તર	બાહ્યમંડલે ઉદય અસ્તનું અન્તર	દૃષ્ટિગોચર	અભ્યંતર મંડલે દિનમાન	બાહ્યમંડલે દિનમાન	પ્રતિમંડલે દિનમાનમાં હાનિવૃદ્ધિ	અભ્યંતર મંડલે મુહૂર્ત ગતિ	બાહ્ય મંડલે મુહૂર્ત ગતિ	પ્રતિમંડલે મુહૂર્ત ગતિની હાનિવૃદ્ધિ
લગભગ ૨૩૦ યોજન	૯૯૬૪૦ યોજન	૭૨-૫૧ ૧/૭ યો. ભા.	યો. ૧૦૦૬૬૦	૯૪૫૨૬ ૪૨/૬૦ યો.	૬૩૬૬૩ યો.	ઉદયાસ્તાન્તરથી અર્ધ	૧૨ મુહૂર્ત રાત્રિ	૧૮ મુહૂર્ત રાત્રિ	૨/૬૧ મુહૂર્ત રાત્રિની	૫૦૭૩ ૭૭૪૪/૧૩૭૨૫	૫૧૨૫ ૬૯૯૦/૧૩૭૨૫	૩ ૯૬૫૫/૧૩૭૨૫ યો.
લગભગ ૧૮ યોજન	૯૯૬૪૦ યોજન	૫ ૩૫/૬૧ યો.	યો. ૧૦૦૬૬૦	૯૪૫૨૬ ૪૨/૬૦ યો.	૬૩૬૬૩ યો.	ઉદયાસ્તાન્તરથી અર્ધ	૧૮ મુહૂર્ત દિવસ	૧૨ મુહૂર્ત દિવસ	૨/૬૧ મુહૂર્ત દિવસની	૫૨૫૧ ૨૯/૬૦ મુહૂર્ત દિવસની	૫૩૦૫ ૧/૪ યો.	૧૮/૬૦ યો.

૧૮માંથી ૧૨ બાદ કરતાં શેષ ૬ મુહૂર્ત્તનો તફાવત ૧૮૩ મંડલોમાં થયો માટે ૬ મુહૂર્ત્તના એકસઠીયા ભાગ કરતાં ૬×૬૧=૩૬૬ ભાગ આવ્યા તેને ૧૮૩ મંડલવડે ભાગતાં ૨ અંશ જેટલો દરેક મંડલે દિવસ ઘટતો જાય એમ સ્પષ્ટ થયું. એથી બાહ્યમંડલનું પ્રકાશક્ષેત્ર પણ ઘટતું ઘટતું $\frac{૩}{૧૦}$ હતું તેનું $\frac{૨}{૧૦}$ થયું જેથી $\frac{૧}{૧૦}$ ઘટયું, તેથી ત્યાં પણ ૬૦ મુહૂર્ત્તનો એક દશાંશ તે [$\frac{૬૦}{૧}×\frac{૧}{૧૦}=૬$] છ મુહૂર્ત્ત દિનહાની થઈ, અને પ્રકાશક્ષેત્ર [$\frac{૬૦}{૧}×\frac{૨}{૧૦}=૧૨$] બાર મુહૂર્ત્ત જેટલું આવવાથી એ રીતે પણ દિવસ ૧૨ મુહૂર્ત્તનો સ્પષ્ટ થયો, હવે જ્યારે દિવસ ૧૨ મુહૂર્ત્તનો છે ત્યારે રાત્રિમાં $\frac{૨}{૬૧}$ મુહૂર્ત્ત વધતાં વધતાં છ મુહૂર્ત્તનો વધારો થતાં અને અંધકારક્ષેત્ર $\frac{૩}{૧૦}$ (ત્રણ દશાંશ જેટલું) થતાં રાત્રિ [$\frac{૬૦}{૧}×\frac{૩}{૧૦}$] અઢાર મુહૂર્ત્તની જ આવે એ સ્પષ્ટ છે. ॥ ૧૭૭ ॥

अवतरण:—હવે સર્વબાહ્યમંડલે સૂર્ય આવે ત્યારે ઉદયઅસ્તનું અન્તર કેટલું ? તથા એક ચંદ્રનો પરિવાર કેટલો ? તે કહેવાય છે:—

उदयत्थंतरि बाहिं, सहसा तेसट्ठि छसयतेसट्ठा ।
तह इगससिपरिवारे रिक्खडवीसाडसीइ गहा ॥१७८॥

શબ્દાર્થ—

उदय अत्थ अंतरि—ઉદય અસ્તનું અન્તર	इग ससि परिवारे—એક ચંદ્રના પરિવારમાં
बाहिं—સર્વ બાહ્ય મંડલે	रिक्ख—નક્ષત્રો
सहसा तेसट्ठि—ત્રેસઠ હજાર	अडवीसा—અઠ્ઠાવીસ
छसय तेसट्ठा—છસોત્રેસઠ યોજન	अडसीइ गहा—અઠયાસી ગ્રહ

ગાથાર્થ:—સર્વબાહ્યમંડલે ઉદયઅસ્તનું અન્તર ૬૩૬૬૩ ત્રેસઠહજાર છસો ત્રેસઠ યોજન છે, તથા એક ચંદ્રના પરિવારમાં ૨૮ નક્ષત્રો અને ૮૮ ગ્રહ છે. ॥ ૧૭૮ ॥

વિસ્તરાર્થ:—સર્વબાહ્યમંડલનો પરિધિ ૩૧૮૩૧૫ છે, અને પ્રકાશક્ષેત્ર $\frac{૨}{૧૦}$ (બે દશાંશ) જેટલું છે, માટે બેએ ગુણી દશે ભાગતાં ઉદયઅસ્તનું અન્તર અથવા પ્રકાશક્ષેત્ર ૬૩૬૬૩ યોજન પ્રાપ્ત થાય છે. અથવા સર્વબાહ્યમંડલે દિવસ ૧૨ મુહૂર્ત્તનો છે, અને દરેક મુહૂર્ત્તે સૂર્ય ૫૩૦૫ $\frac{૧૫}{૬૦}$ યોજન ચાલે છે, માટે તેને ૧૨ વડે ગુણતાં પણ પ્રકાશક્ષેત્ર અથવા ઉદયઅસ્તનું અન્તર આવે. એ પ્રમાણે બન્ને રીતે ઉદયઅસ્તાન્તર પ્રાપ્ત થાય છે, વળી જે ઉદયઅસ્તનું અન્તર છે તેનું જ અર્ધ કરવાથી સર્વાભ્યન્તરમંડલે ૪૭૨૬૩ $\frac{૨૧}{૬૦}$ યોજન દૂરથી સૂર્ય ઉદય પામતો દેખાય છે, તેમ જ એટલે દુરથી અસ્ત પામતો દેખાય છે, માટે એટલો દૃષ્ટિગોચર ગણાય

```
   ૩૧૮૩૧૫
      × ૨
   ───────  યોજન
૧૦) ૬૩૬૬૩૦ (૬૩૬૬૩
    ૬૩૬૬૩૦
   ───────
    ૦૦૦૦૦૦

 ૫૩૦૫  —   ૧૫
  ×૧૨      ૧૨
 ─────    ─────
 ૬૩૬૬૦  ૬૦) ૧૮૦ (૩ યોજન
  + ૩       ૧૮૦
 ─────     ─────
 ૬૩૬૬૩      ૦૦૦   યોજન
```

તેમજ સર્વબાહ્યમંડલે પણ એ રીતે ૬૩૬૬૩ યોજનનું અર્ધ કરતાં ૩૧૮૩૧ $\frac{1}{2}$ યોજન દૃષ્ટિગોચરતા છે તે પોતપોતાના ક્ષેત્રના મધ્યભાગવર્તી મનુષ્યની અપેક્ષાએ એટલો દૃષ્ટિગોચર સૂર્ય જાણવો.

॥ એક ચંદ્રનો નક્ષત્રાદિ પરિવાર ॥

હવે એક ચંદ્રનો પરિવાર કેટલો તે કહેવાય છે—એક ચંદ્રને ૨૮ નક્ષત્રો અને ૮૮ ગ્રહો તથા આગળની ગાથામાં કહેવાશે તે પ્રમાણે ૬૬૯૭૫ કોડા કોડી તારા, એટલો પરિવાર હોય છે. સૂર્યનો પરિવાર ચંદ્રવત્ જુદો કહ્યો નથી, માટે જે ચંદ્રનો પરિવાર તેજ સૂર્યનો પણ પરિવાર ગણાય, એમ પૂર્વે અન્તર્દ્વીઓની પરિવાર નદીઓના અભાવ-સદ્ભાવની ચર્ચાને અંગે દર્શાવ્યું છે. વળી સૂર્યથી ચંદ્ર મહર્દ્ધિક અને વિશેષ પુણ્યશાળી છે, માટે આકાશમાં દેખાતા સર્વ નક્ષત્ર ગ્રહ અને તારા તે ચંદ્રનો પરિવાર છે. સૂર્યના પરિવાર તરીકે ચંદ્રપરિવારથી જુદા નક્ષત્ર ગ્રહ આદિ કંઈપણ નથી. ઇન્દ્ર પદવી બન્નેને છે, પણ પરિવાર અને મહર્દ્ધિકતામાં એ તફાવત છે. ૨૮ નક્ષત્રનાં નામ આ પ્રમાણેઃ—

૧ અભિજિત્	૧૧ રોહિણી	૨૧ ચિત્રા
૨ શ્રવણ	૧૨ મૃગશીર્ષ	૨૨ સ્વાતી
૩ ધનિષ્ઠા	૧૩ આર્દ્રા	૨૩ વિશાખા
૪ શતભિષક્	૧૪ પુનર્વસુ	૨૪ અનુરાધા
૫ પૂર્વાભાદ્રપદા	૧૫ પુષ્ય	૨૫ જ્યેષ્ઠા
૬ ઉત્તરાભાદ્રપદા	૧૬ આશ્લેષા	૨૬ મૂલ
૭ રેવતી	૧૭ મઘા	૨૭ પૂર્વાષાઢા
૮ અશ્વિની	૧૮ પૂર્વાફાલ્ગુની	૨૮ ઉત્તરાષાઢા
૯ ભરણી	૧૯ ઉત્તરાફાલ્ગુની	
૧૦ કૃત્તિકા	૨૦ હસ્ત	

લૌકિક ગ્રંથોમાં અશ્વિનીથી પહેલું બીજું આદિ નક્ષત્ર સંખ્યા ગણાય છે, અને અહિં જૈનશાસ્ત્રોમાં અભિજિત્થી પ્રારંભીને નક્ષત્રોનો ક્રમ ગણાય છે તેનું કારણ કે યુગ–અવસર્પિણી આદિ મોટા કાળભેદોના પ્રારંભ સમયે ચંદ્ર અભિજિત્ નક્ષત્રના યોગમાં જ હોય છે માટે. તથા નક્ષત્રોનાં પોતપોતાનાં નિયત ૮ મંડલો છે તે આઠમાં જ ૨૭ નક્ષત્ર નિયત સ્થાને ફર્યા કરે છે, પરન્તુ મંડલ બદલાતાં નથી. વળી તે નક્ષત્ર મંડલો ચંદ્રના ૧–૩–૬–૭–૮–૧૦–૧૧–૧૫ એ આઠ મંડલોમાં એકત્ર છે, તથા આકાશમાં દેખાતાં નક્ષત્રો તે નક્ષત્રદેવોનાં વિમાનો છે. અને એ વિમાનોમાં તે તે નામવાળા નક્ષત્રદેવો અધિપતિ તરીકે છે, અને વિમાનમાં બીજા અનેક પ્રજા આદિ ભેદવાળા નક્ષત્રદેવોની વસતિ છે.

તથા **વિકાલક અંગારક લોહિતાંગ શનિશ્ચર આધુનિક પ્રાધુનિક કણ કણક** તથા **સોમ મંગળ બુધ બૃહસ્પતિ** ઇત્યાદિ ૮૮ ગ્રહ છે. એ પણ ગ્રહદેવોનાં વિમાનો છે અને તે વિમાનોમાં વિકાલક આદિ નામવાળા અધિપતિ ગ્રહદેવો રહે છે, અને તેમાં બીજા પ્રજા આદિ ભેદવાળા પણ અનેક ગ્રહદેવો અને ગ્રહદેવીઓ પોતાપોતાના પ્રાસાદોમાં રહે છે, આકાશમાં જે ગ્રહો દેખાય છે તે વિમાનો જ દેખાય છે. વળી ચંદ્રસૂર્યવત્ ગ્રહોનાં અનેક મંડલો નથી, તેમ નક્ષત્રવત્ નિયમિત મંડલો પણ નથી, પરન્તુ મેરૂની આસપાસ વલયાકારે અનિયમિતમંડલની પદ્ધતિએ ફરતા રહે છે, કોઇ વખત ફરતા ફરતા બહુ દુર જાય છે, અને કોઈ વખત નજીક આવી જાય છે. કોઈ વખત પાછા હઠીને પશ્ચાત્ ચાલથી પણ ચાલે છે. એ પ્રમાણે અનિયતગતિના કારણથી શાસ્ત્રમાં નિયમિત ગણત્રીના વિષયમાં આવતા નથી, કોઈ રાહુ કેતુ મંગળ આદિ ગ્રહો કંઈક નિયતગતિવાળા હોવાથી તેનું ગણિત લોકમાં પ્રવર્તે છે.

વળી અન્ય શાસ્ત્રોમાં એકજ ચંદ્ર અને એકજ સૂર્ય માનીને તેની પંચાંગ ગણત્રી બંધબેસતી દર્શાવી છે, અને જૈનદર્શનમાં બે ચંદ્ર બે સૂર્ય ગણીને પંચાંગગણત્રી બંધબેસતી દર્શાવી છે, પરન્તુ લોકસમુદાયમાં લૌકિક ગ્રંથ પ્રમાણે જ પંચાંગગણત્રી પ્રવર્તે છે, ઇત્યાદિ ઘણું વકતવ્ય **શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ-સૂર્ય પ્રજ્ઞપ્તિ** આદિ જૈનશાસ્ત્રોથી જાણવા યોગ્ય છે.

ઉપર પ્રમાણે એક ચંદ્રના ૨૮ નક્ષત્ર અને ૮૮ ગ્રહ હોવાથી આ જંબૂદ્વીપમાં બે ચંદ્ર છે, માટે જંબૂદ્વીપમાં ૫૬ નક્ષત્ર અને ~~૧૭૬~~ ૧૭૬ ગ્રહ છે એમ જાણવું. ॥ ૧૭૮ ॥.

અવતરણઃ—હવે આ ગાથામાં એક ચંદ્રનો તારાપરિવાર દર્શાવાય છે—

छासट्ठिसहस्सणवसय–पणहत्तरि तार कोडिकोडीणं ।
सण्णंतरेणवुस्सेहंगुलमाणेण वा हुंति ॥१७९॥

શબ્દાર્થ :—

छासट्ठिसहस=છાસઠ હજાર	कोडिकोडीणं=કોડાકોડી
णवसय=નવસો	सन्नंतरेण वा=અથવા સંજ્ઞાન્તરે
पणहत्तरि=પંચોત્તર	उस्सेहंगुलमाणेण=ઉત્સેધાંગુલના પ્રમાણ વડે
तार=તારા	वा हुंति=અથવા હોય છે.

ગાથાર્થઃ—છાસઠ હજાર નવસો પંચોત્તર કોડાકોડી તારા એક ચંદ્રનો પરિવાર છે. અહિં કોડાકોડિપદને કોઈ સંજ્ઞાન્તર માને છે, અથવા ઉત્સેધાંગુલના પ્રમાણથી એટલા તારા હોય છે, એમ બે રીતે અભિપ્રાય છે. ॥ ૧૭૯ ॥.

विस्तरार्थः—એક ક્રોડને ક્રોડે ગુણતાં કોડાકોડિ સંખ્યા કહેવાય, જેટલી કોડાકોડિ કહી હોય તેટલી સંખ્યાને ક્રોડગુણી કરી પુનઃ ક્રોડગુણી કરવી. અહિં ૬૬૯૭૫ કોડાકોડિ કહી છે તેથી પહેલીવાર ક્રોડે ગુણતાં ૬૬૯૭૫૦૦૦૦૦૦૦ અને બીજી વાર ક્રોડે ગુણતાં ૬૬૯૭૫૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ સંખ્યા આવે જેટલા તારા એક ચંદ્રનો પરિવાર છે, હવે અહિં શંકા એ ઉપસ્થિત થાય છે કે— જંબૂદ્વીપનું પ્રમાણ ૧ લાખ યોજન છે, અને તેનું ક્ષેત્રફળ ૭૯૦૫૬૯૭૧૫૦ યોજન તે અતિ અલ્પ છે, અને તારાઓની સંખ્યા ઘણી છે, તો એટલા તારા જંબૂદ્વીપના આકાશમાં કેવી રીતે સમાય? તેના ઉત્તર તરીકે ગ્રંથકારે ગાથામાં જ સમાધાન કર્યું કે—અહિં કોડાકોડિ એ શબ્દ કોઈ અમુક સંખ્યાની સંજ્ઞાવાળો છે, એટલે કોડાકોડિ શબ્દથી પ્રસિદ્ધ સંખ્યા જે ક્રોડથી ક્રોડગુણી આવે છે તે અહિં ન લેતાં કોઈક એવી અલ્પ સંખ્યા જ ગ્રહણ કરવી, જેમ લોકમાં ૨૦ ની સંખ્યાને પણ કોડિ કહેવાય છે, તેમ અહિં પણ એવી જ કોઈ અલ્પ સંખ્યાને કોડિ કહીએ તો તેટલા તારા જંબૂદ્વીપમાં સુખે સમાઈ રહે, અથવા બીજા આચાર્યો આ બાબતમાં એમ કહે છે કે—કોડાકોડિ સંખ્યા તો પ્રસિદ્ધ સંખ્યા જ [ચૌદ શૂન્યવાળી] લેવી, પરન્તુ તારાનાં વિમાનોનું માપ ઉત્સેધાંગુલથી જાણવું, પરન્તુ पुढविनगविमाणाइं આદિ પાઠ પ્રમાણે પ્રમાણાંગુલથી ન જાણવું, જેથી જંબૂદ્વીપનું ક્ષેત્રફળ ૭૯૦૫૬૯૭૧૫૦ યોજન છે તે પ્રમાણાંગુલના હિસાબે છે, તેને ઉત્સેધાંગુલ પ્રમાણે [૪૦૦ વા ૧૬૦૦ ગુણ] કરતાં જંબૂદ્વીપનું આકાશ ઘણું મોટું ગણાય, અને તેટલા આકાશમાં પ્રસિદ્ધ કોડાકોડિ સંખ્યાવાળા ૬૬૯૭૫ કોડાકોડિ તારાઓ સુખે સમાઈ શકે.

એ પ્રમાણે જંબૂદ્વીપના આકાશમાં તારાઓ સમાઈ રહેવાના સંબંધમાં બે આચાર્યોના બે જૂદા જૂદા *અભિપ્રાય શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે તે આ ગાથામાં પણ દર્શાવ્યા. ॥

અહિં પ્રમાણાંગુલ શું અને ઉત્સેધાંગુલ શું? તે બાબત શ્રી બૃહત્સંગ્રહણીમાં આવી ગઈ છે, માટે અહિં તે વર્ણવવાનું પ્રયોજન નથી, માત્ર એટલું જ સમજવા

* અહિં જંબૂદ્વીપના (ક્ષેત્રફળ) પ્રમાણ જેટલું જ આકાશ ગણીને તેમાં તારાઓના વિમાન સમાવવાની વાત જણાવી, પરન્તુ બીજી રીતે વિચારીએ તો જંબૂદ્વીપના ક્ષેત્રફળ જેટલું જ આકાશ શા માટે ગણવું? ૧૧૦ યોજન જેટલું જ્યોતિષપ્રતર ઉંચું છે તે ઉંચાઈ ગણીએ તો પુનઃ ૧૧૦ ગુણ આકાશ એટલે ઘનફળ પ્રમાણ આકાશ પણ ગણવું હોય તો ગણી શકાય તેમ છે, કારણ કે તારાઓ જ્યોતિષપ્રતરની ઉંચાઈમાં પ્રારંભથી પર્યન્ત સુધી રહ્યા છે, એમ પણ શાસ્ત્રમાં માનેલું છે, જેથી જ્યોતિષપ્રતરનું ઘનફળ ગણીને પુનઃ તારાઓનું પ્રમાણ ઉત્સેધાંગુલથી ગણીએ તો પણ તારાઓના સમાવેશ માટે ઘણું ક્ષેત્ર મળી આવે તેમ છે. વળી બીજી વાત એ છે કે–જંબૂદ્વીપના કેટલાક તારાઓને લવણસમુદ્રના આકાશમાં પણ રહેલા ગણીએ તો પણ શું હાનિ? લવણસમુદ્રના ચંદ્રના તારાઓમાં એ તારાઓ મિશ્ર કેમ થાય? એવા તર્કને પણ અવકાશ નથી, કારણ કે લવણસમુદ્રના ચંદ્ર સમુદ્રમાં ઘણે દૂર છે, અને ત્યાં ચાર ચંદ્રના પરિવાર માટે ક્ષેત્ર ઘણું છે. માટે આ સર્વવક્તવ્યસમાવેશ તર્કવાદરૂપ છે, તેથી સત્યનિર્ણય શ્રી સર્વજ્ઞગમ્ય.

યોગ્ય છે કે—ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ ૨ાા ગુણ ૪૦૦ ગુણ ૧૦૦૦ ગુણ અને ૧૬૦૦ ગુણ એમ યથાસંભવ ઘણું મોટું છે. કોઈ પદાર્થ માટે કોઈ રીતે અને કોઈ પદાર્થ માટે બીજી કોઈ રીતે યથાવસ્થિત માપ લેવાય છે, માટે જ્યાં જેમ સંભવતું હોય ત્યાં તેટલા ગુણ પ્રમાણાંગુલ ગણીને તે વસ્તુનું માન જાણવું યોગ્ય છે ાા ૧૭૯ ાા

अवतरणः—હવે કયા દ્વીપમાં અને સમુદ્રમાં કેટલા ગ્રહ નક્ષત્ર તારા હોય તેનું કારણ કહેવાય છે—

गहरिक्खतारगाण, संखं ससिसंखसंगुणं काउं ।
इच्छिअदीवुदहिम्मि अ, गहाइमाणं विआणेह ॥१८०॥

શબ્દાર્થ :—

गहरिक्खतारगाणं—ગ્રહનક્ષત્ર તારાઓની	इच्छिअ—ઇચ્છેલા
संखं—સંખ્યાને	दीवउदहिम्मि —દ્વીપસમુદ્રમાં
ससिसंख—ચંદ્રની સંખ્યા સાથે	गहाइमाणं—ગ્રહાદિનું પ્રમાણ
संगुणं काउं—ગુણાકાર કરીને	विआणेह—જાણો.

गाथार्थः—ગ્રહ નક્ષત્ર અને તારાઓની સંખ્યાને ચંદ્રની સંખ્યા સાથે ગુણાકારકરીને ઇચ્છેલા દ્વીપ વા સમુદ્રમાં ગ્રહાદિકનું સંખ્યાપ્રમાણ જાણો [જાણવું] ાા ૧૮૦ ાા

विस्तरार्थ —ગ્રહની સંખ્યા ૮૮, નક્ષત્રની સંખ્યા ૨૮, અને તારાઓની સંખ્યા ૬૬૯૭૫ કોડાકોડિ છે, તે પૂર્વગાથામાં એક ચંદ્રના પરિવારરૂપે કહેલી છે, માટે જે દ્વીપમાં વા સમુદ્રમાં જેટલા ચંદ્ર હોય તેટલા ચંદ્રની સાથે તે સંખ્યાને ગુણીએ તો તે દ્વીપ વા સમુદ્રમાં સર્વ ગ્રહનક્ષત્ર તારાની સંખ્યા આવે. જેમ કે—જંબૂદ્વીપમાં ૨ ચંદ્ર છે તો ૧૭૬ ગ્રહ, ૫૬ નક્ષત્ર અને ૧૩૯૫૦ કોડાકોડી તારા જંબૂદ્વીપમાં છે, અને પુષ્કરાર્ધદ્વીપમાં ૭૨ ચંદ્ર છે, તો [૮૮×૭૨=] ૬૩૩૬ ગ્રહ, [૭૨×૨૮=] ૨૦૧૬ નક્ષત્ર, અને [૭૨×૬૬૯૭૫=] ૪૮૨૨૨૦૦ કોડાકોડી તારા અર્ધપુષ્કરદ્વીપમાં છે, એ પ્રમાણે યાવત્ સ્વયંભૂરમણસમુદ્રસુધી ગ્રહાદિ જાણવાની એજ રીતિ છે. ાા ૧૮૦ ાા

अवतरणः—પૂર્વગાથામાં દ્વીપસમુદ્રોમાં ગ્રહાદિકની સંખ્યા જાણવાને તે દ્વીપની ચંદ્રસંખ્યા સાથે ગુણાકાર કરવાનું કહ્યું, પરન્તુ કયા દ્વીપમાં વા સમુદ્રમાં કેટલા ચંદ્ર વા સૂર્ય છે? તે જાણ્યા વિના ગ્રહાદિસંખ્યા જાણી શકાય નહિ, માટે આ ગાથામાં દ્વીપ વા સમુદ્રમાં ચંદ્રસંખ્યા જાણવાનું કરણ કહેવાય છે, તે આ પ્રમાણે—

॥ अढीद्वीपमां ज्योतिषीओनी संख्या ॥

૫ જ્યોતિષીનાં નામ.	જંબૂ દ્વીપમાં	લવણ સમુદ્રમાં	ધાતકી ખંડમાં	કાલોદધિ સમુદ્રમાં	પુષ્કરાર્ધ દ્વીપમાં	વિમાનનું માન	ગતિ	ઋદ્ધિ
ચંદ્ર	૨	૨	૧૨	૪૨	૭૨	૫૬/૬૧ યોજન	મંદ	અધિક
સૂર્ય	૨	૪	૧૨	૭૨	૭૨	૪૮/૬૧ યોજન	અધિક	તેથી અલ્પ
ગ્રહ	૧૭૬	૩૫૨	૧૦૫૬	૩૬૯૬	૬૩૩૬	૨ ગાઉ	તેથી અધિક	તેથી અલ્પ
નક્ષત્ર	૫૬	૧૧૨	૩૩૬	૧૧૭૬	૨૦૧૬	૧ ગાઉ	તેથી અધિક	તેથી અલ્પ
તારા	૧૩૩૯૫૦ કોડા કોડી	૨૬૭૯૦૦ કો૦ કો૦	૮૦૩૭૦૦ કો૦ કો૦	૨૮૧૨૯૫૦ કો૦ કો૦	૪૮૨૨૨૦૦ કો૦ કો૦	૦॥ ગાઉ	તેથી અધિક	તેથી અલ્પ

चउ चउ बारस बारस, लवणे तह धायइम्मि ससिसूरा ।
परओदहिदीवेसु अ, तिगुणा पुव्विल्लसंजुत्ता ॥१८१॥

શબ્દાર્થ :—

धायइंमि-ધાતકીખંડમાં	उदहि दीवेसु-સમુદ્રોમાં અને દ્વીપોમાં
ससिसूरा-ચંદ્ર અને સૂર્ય	तिगुणा-ત્રણ ગુણા કરીને
पर [परओ]-ત્યારપછીના	पुव्विल्लसंजुत्ता-પૂર્વના ચંદ્રાદિ સહિત કરવા.

गाथार्थः—ચાર ચંદ્ર ચાર સૂર્ય લવણસમુદ્રમાં છે, બાર ચંદ્ર બાર સૂર્ય ધાતકીખંડમાં છે, ત્યારપછીના સમુદ્રોમાં અને દ્વીપોમાં ત્રિગુણા કરીને પૂર્વના સર્વ ચંદ્રસૂર્ય ઉમેરવા, [જેથી આગળ આગળના દ્વીપસમુદ્રમાં ચંદ્રાદિકની સંખ્યા આવે છે.] ॥ ૧૮૧ ॥

विस्तरार्थः—જંબૂદ્વીપમાં ૨ ચંદ્ર અને સૂર્ય છે તે ૧૬૯ મી ગાથામાં કહેવાઈ ગયું છે, ત્યારબાદ લવણસમુદ્રમાં ૪ ચન્દ્ર ૪ સૂર્ય ત્યારબાદ ધાતકીદ્વીપમાં ૧૨ ચંદ્ર ૧૨ સૂર્ય છે, અને ત્યારપછીના સમુદ્રમાં અને દ્વીપમાં ચંદ્રસૂર્યની સંખ્યા જાણવી હોય તો તે માટે કરણ કહે છે–જે સમુદ્ર વા દ્વીપમાં ચંદ્રસૂર્ય જાણવા હોય તેથી પૂર્વના [પાછલા] દ્વીપ વા સમુદ્રમાં ચન્દ્ર સૂર્યની જે સંખ્યા હોય તેને ત્રણ ગુણી કરીને તેથી પણ પહેલાંના દ્વીપ સમુદ્રોમાં જેટલી ચંદ્રસૂર્ય સંખ્યા વ્યતીત થઈ હોય તે સર્વ આ ગુણાકારમાં ઉમેરવી, જેથી ઈચ્છેલા દ્વીપ વા સમુદ્રમાં ચંદ્રસૂર્યની સર્વસંખ્યા પ્રાપ્ત થાય, તે આ પ્રમાણે—

ધાતકીખંડમાં ૧૨ ચંદ્ર ૧૨ સૂર્ય જાણેલા છે અને તેથી આગળના કાલોદધિસમુદ્રમાં જાણવાના છે, તો ધાતકીખંડના ૧૨ ચંદ્રસૂર્યને ૩ ગુણા કરતાં ૩૬ આવ્યા, તેમાં તે પહેલાંના વ્યતીત થયેલા લવણસમુદ્રના ૪ અને જંબૂદ્વીપના ૨ મળી ૬ ચંદ્રસૂર્ય ઉમેરતાં કાલોદધિસમુદ્રમાં ૪૨ ચંદ્રસૂર્ય પ્રાપ્ત થયા, પુનઃ એ ૪૨ ને ૩ ગુણા કરતાં ૧૨૬ થયા, તેમાં ધાતકીના ૧૨ લવણના ૪ અને જંબૂદ્વીપના ૨ મળી ૧૮ ચંદ્રસૂર્ય ઉમેરતાં પુષ્કરદ્વીપમાં ૧૪૪ ચંદ્ર ૧૪૪ સૂર્ય આવ્યા, અને તેનું અર્ધ કરતાં અર્ધપુષ્કરદ્વીપમાં ૭૨ ચંદ્ર ૭૨ સૂર્ય પ્રાપ્ત થયા, એ પ્રમાણે ચંદ્રસૂર્યની સંખ્યા જાણવાનું [૧]કરણ કહ્યું ॥ ૧૮૧ ॥

अवतरणः—હવે એ ચંદ્રસૂર્યાદિ જ્યોતિષીઓ મનુષ્યક્ષેત્રમાં કેવી રીતે રહેલા છે? તથા કેટલે દૂરથી દૃષ્ટિગોચર થાય છે? ઇત્યાદિ આ ગાથામાં કહેવાય છે—

૧ ચંદ્રસૂર્યની સંખ્યા જાણવાનું આ કરણ પુષ્કરદ્વીપ સુધી કે આગળના સર્વદ્વીપ સમુદ્રોને માટે છે? તે સંબંધ વિચારવો બહુ દુષ્કર છે. કારણ કે અઢીદ્વીપની બહાર ચંદ્ર સૂર્ય કેવી રીતે રહ્યા છે? તેનો નિર્ણય જ્યાં સુધી ન થાય ત્યાં સુધી આ કરણ માટે પણ નિર્ણય થઈ શકે તેમ નથી, માટે આ સંબંધમાં વિસંવાદની ચર્ચા અન્ય ગ્રંથોથી જાણવા યોગ્ય છે, પુષ્કરાર્ધદ્વીપ સુધી તો આ કરણ અને ચંદ્રસૂર્યની સમશ્રેણિ માટે કોઈ પણ પ્રકારનો વિસંવાદ નથી.

णरखित्तं जा समसेणिचारिणो सिग्घसिग्घतरगइणा ।
दिट्ठिपहमिंति खित्ताणुमाणओ ते णराणेवं ॥१८२॥

શબ્દાર્થ:—

णरखित्त—નરક્ષેત્ર, અઢીદ્વીપ
जा—સુધી
समसेणि—સમશ્રેણિએ
चारिणो—ચાલનારા
सिग्घसिग्घतर—શીઘ્ર શીઘ્રતર
गइणो—ગતિવાળા, ચાલનારા
दिट्ठिपहं—દ્રષ્ટિપથ, દ્રષ્ટિગોચર
इंति—આવે છે, થાય છે
खित्त अणुमाणओ—ક્ષેત્રને અનુસારે
णराण—મનુષ્યોને
एवं—આ પ્રમાણે

ગાથાર્થ:–તે ચંદ્રાદિ જ્યોતિષીઓ મનુષ્યક્ષેત્રસુધી સમશ્રેણિએ ચાલનારા છે, અને ક્રમશઃ શીઘ્ર શીઘ્રતર [અધિક અધિક ઝડપથી] ગતિ કરનારા છે, તથા ક્ષેત્રને અનુસારે (મોટા નાના ક્ષેત્ર પ્રમાણે) મનુષ્યોને [દૂરથી વા નજીકથી] દ્રષ્ટિગોચર થાય છે, તે આ પ્રમાણે ॥ ૧૮૨ ॥

વિસ્તરાર્થ:—પુષ્કરાર્ધદ્વીપસુધીના અઢીદ્વીપ અને બે સમુદ્ર જેટલા અથવા ૪૫ લાખ યોજન જેટલા મનુષ્યક્ષેત્રસુધીમાં એટલે સંપૂર્ણ મનુષ્યક્ષેત્રમાં જેટલા જ્યોતિષીઓ છે, તે સર્વે જંબૂદ્વીપના મેરૂથી બે બાજુએ બે સમશ્રેણિએ રહીને ફરતા રહ્યા છે, અર્થાત્ મનુષ્યક્ષેત્રમાં સર્વમળીને ૧૩૨ ચંદ્ર તથા ૧૩૨ સૂર્ય છે, ત્યાં મેરૂની પૂર્વદિશામાં જ્યારે ૬૬ ચંદ્રની એક સમશ્રેણિ મેરૂને પ્રદક્ષિણા દેતી ફરે ત્યારે બીજી ૬૬ ચંદ્રની સમશ્રેણિ એજ મેરૂની પશ્ચિમ દિશામાં પ્રદક્ષિણા દેતી ફરે, જેથી ૧૩૨ ચંદ્રની એક મોટી સીધી પંક્તિના બે વિભાગ, વચ્ચે મેરૂ આવવાથી થયેલા છે, એજ રીતે ૧૩૨ સૂર્યની પણ એક મોટી સમશ્રેણી વચ્ચે મેરૂ આવવાથી ૬૬–૬૬ સૂર્યની બે શ્રેણિ ગણાય છે. શ્રેણિમાં રહેલા ચંદ્રસૂર્યોમાંનો કોઇ એક પણ ચંદ્રસૂર્ય શ્રેણિથી ખસતો કે આઘો પાછો કોઈ પણ વખતે થતો નથી. એ રીતે મેરૂની આસપાસ બે શ્રેણિ ચંદ્રની અને બે શ્રેણિ સૂર્યની મળીને ચાર શ્રેણિઓ એજ મેરૂને પ્રદક્ષિણા દેતી ફરે છે, પરન્તુ ધાતકીદ્વીપના બે મેરૂ અને પુષ્કરદ્વીપના બે મેરૂની આસપાસ જ્યોતિષીઓની પ્રદક્ષિણા નથી.

વળી નક્ષત્ર ગ્રહ અને તારાઓની સમશ્રેણિઓ પણ એ રીતે સરખા સરખા નામવાળાની જાણવી, જેમ કે ૬૬–૬૬ અભિજીત્ નક્ષત્રોની બે સમશ્રેણી, ૬૬–૬૬ શ્રવણ નક્ષત્રની બે શ્રેણિ ઇત્યાદિ રીતે અઠ્ઠાવીસ નક્ષત્રોની દરેકની ૬૬–૬૬ ની બે સમશ્રેણિ છે, જેથી મેરૂની આસપાસ નક્ષત્રોની ૫૬ શ્રેણિઓ છે, એજ રીતે દરેક નામવાળા ગ્રહની ૬૬–૬૬ની બે શ્રેણિઓ હોવાથી મેરૂની આસપાસ ગ્રહની ૧૭૬ શ્રેણિઓ છે; એ રીતે તારાની સમશ્રેણિઓ પણ યથાસંભવ પોતાની મેળે વિચારી લેવી. इति सन-श्रेणिचार : ॥

તથા ચંદ્ર સર્વથી મંદગતિવાળા છે, તેથી સૂર્ય અધિક ગતિવાળા છે, તેથી ગ્રહ નક્ષત્ર અને તારા અનુક્રમે અધિક[1] અધિક ગતિવાળા છે. ॥ इति शीघ्रशीघ्रतर गतिः ॥

॥ अढी द्वीपमां चंद्र सूर्यनी ४ सूचीश्रेणि ॥

बहार वलयश्रेणि.

[गा० १८२ पृ० २६०]



તથા ૧૭૬ અને ૧૭૮ મી ગાથામાં ઉદયઅસ્તનું અન્તર કહેવાયું છે, તે ઉદયઅસ્તના અન્તરથી અર્ધ દ્રષ્ટિગોચરતા હોય છે, ત્યાં જંબૂદ્વીપમાં ક્ષેત્ર નાનું હોવાથી (૧ લાખ યોજન માત્ર હોવાથી) પરિધિ પણ ૩૧૬૨૨૭ યોજનથી અધિક તે ન્હાનો છે, માટે પરિધિને અનુસારે પૂર્વે કહ્યા પ્રમાણે ૯૪૫૨૬ $\frac{૪૨}{૬૦}$ યોજન ઉદયાસ્તનું અન્તર છે તો તેથી અર્ધ ૪૭૨૬૩ $\frac{૨૧}{૬૦}$ દ્રષ્ટિગોચરતા પણ અલ્પ છે, દ્રષ્ટિગોચરતા સર્વાભ્યન્તરમંડલે વર્તતા સૂર્યની છે, અને સર્વબાહ્ય મંડલે વર્તતા સૂર્યની

૧. અથવા સમશ્રેણિમાં રહીને મંડલાકારે ફરવાનું હોવાથી ૬૬–૬૬ સૂર્યો પણ પૂર્વ પૂર્વથી ક્રમશઃ શીઘ્રગતિવાળા છે, જેમાં દરેક બેની સમગતિ હોય છે, એ રીતે ચંદ્રાદિ પણ જાણવા.

૧૭૮મી ગાથામાં કહ્યા પ્રમાણે તેથી અર્ધભાગની ૩૧૮૩૧$\frac{૧}{૨}$ યોજનની છે, ત્યારબાદ લવણસમુદ્રાદિક્ષેત્રોમાં વધતાં વધતાં ક્ષેત્રપ્રમાણે મંડલ પરિધિને અનુસારે ઉદયઅસ્તાન્તર અને દ્રષ્ટિગોચરતા પણ ઘણી અધિક અધિક વધતી જાય છે, તે યાવત્ પુષ્કરાર્ધદ્વીપના પર્યન્તમંડલની પરિધિ ઘણી મોટી હોવાથી ત્યાંનું ઉદયઅસ્તાન્તર અને દ્રષ્ટિગોચરતા પણ ઘણા યોજન પ્રમાણે હોય છે ત્યાંના મનુષ્યોને સૂર્યોદય જંબૂદ્રીપના મનુષ્યોની અપેક્ષાએ ઘણે દૂરથી દેખાય છે, તેમ સૂર્યઅસ્ત પામતો પણ ઘણે દૂરથી દેખાય છે. હવે તે કેટલા યોજન દૂરથી દેખાય છે તે આ પ્રમાણે, એટલે આગળની ગાથામાં કહેવાય છે તે પ્રમાણે જાણવો. ॥૧૮૨॥

अवतरण—પૂર્વગાથામાં કરેલી સૂચના પ્રમાણે આ ગાથામાં પુષ્કરદ્વીપના મનુષ્યો ચંદ્રસૂર્યને ઉદયઅસ્ત પામતા કેટલા યોજન દૂરથી દેખે તે કહેવાય છે.

पणसयसत्तत्तीसा, चउतीससहस्स लक्खइगवीसा ।
पुक्खरदीवड्ढणरा, पुव्वेण ऽवरेण पिच्छंति ॥१८३॥

શબ્દાર્થઃ—

पणसयसत्तत्तीसा—પાંચસો સાડત્રીસ
चउतीसहस्स—ચોત્રીસ હજાર
लक्खइगवीसा—એકવીસ લાખ
पुक्खरदीवड्ढणरा—પુષ્કરદ્વીપાર્ધના મનુષ્યો
पुव्वेण—પૂર્વદિશામાં ઉદય પામતો
अवरेण—પશ્ચિમદિશામાં અસ્ત પામતો
पिच्छंति—દેખે

गाथार्थः—અર્ધપુષ્કરદ્વીપના મનુષ્યો પૂર્વદિશામાં ઉદય પામતા સૂર્યને એકવીસ લાખ ચોત્રીસહજાર પાંચસો સાડત્રીસ યોજન દૂરથી દેખે છે, તેમ જ એટલે જ દૂરથી પશ્ચિમદિશામાં સૂર્યને અસ્ત પામતો દેખે છે ॥૧૮૩॥

विस्तरार्थः—અર્ધપુષ્કરદ્વીપનો પરિધિ ૪૫ લાખ યોજન વ્યાસને અનુસારે ગણિત રીતિ પ્રમાણે ૧૪૨૩૦૨૪૯ [એકક્રોડ બેંતાલીસલાખ ત્રીસહજાર બસો ઓગણપચાસ] યોજન છે, તેનું પૂર્વે દર્શાવ્યા પ્રમાણે $\frac{૩}{૧૦}$ [ત્રણદશાંશ] તાપક્ષેત્ર-પ્રકાશક્ષેત્ર ગણવાથી

પ્રથમ દશ વડે ભાગતાં ૧૪૨૩૦૨૪ $\frac{૯}{૧૦}$ આવ્યા તેને ૩ વડે ગુણતાં ૪૨૬૯૦૭૪$\frac{૭}{૧૦}$ આવ્યા, એટલું પ્રકાશક્ષેત્ર છે અથવા એટલું ઉદયઅસ્તનું અન્તર છે. જેથી એનું જ અર્ધ કરતાં ૨૧૩૪૫૩૭ $\frac{૩॥}{૧૦}$ જેટલી દ્રષ્ટિગોચરતા આવી, અહિ ૩॥ ને છએ ગુણવાથી ૨૧ અને ૧૦ ને છએ ગુણવાથી ૬૦ આવે જેથી $\frac{૨૧}{૬૦}$ એ સરખા અંક ગણતાં *૨૧૩૪૫૩૭ $\frac{૨૧}{૬૦}$ યોજન દૂરથી પુષ્કરાર્ધદ્વીપના મનુષ્યો સૂર્યને ઉદય પામતો દેખે અને એટલે જ દૂરથી સૂર્યને અસ્ત પામતો દેખે. ॥ इति द्रष्टि-गोचरता ॥

પરિધિ

૧૦) ૧૪૨૩૦૨૪૯ (૧૪૨૩૦૨૪યો.૦
૧૪૨૩૦૨૪૦
———
૯ શેષ=$\frac{૯}{૧૦}$

૧૪૨૩૦૨૪–૯
×૩
———
૮૨૬૯૦૭૨–૨૭
+૨૭–૨૦
———
૨) ૪૨૬૯૦૭૪–૭(પ્રકાશક્ષેત્ર
૪૨૬૯૦૭૪– ૨૧૩૪૫૩૭
———
૨) ૭ (૩॥ દષ્ટિગોચર
૭
———
૦

अवतरणः—હવે મનુષ્યક્ષેત્રની બહારના ચંદ્રસૂર્યનું સ્વરૂપ દર્શાવાય છે—

णरखित्तबहिं ससिरवि–संखा करणंतरेहिं वा होइ।
तह तत्थ य जोइसिआ, अचलद्धपमाणसुविमाणा ॥१८४॥

શબ્દાર્થ:—

णरखित्तबहि – નરક્ષેત્ર બહાર
ससिरविसंखा—ચંદ્ર સૂર્યની સંખ્યા
करणंतरेहिं—બીજા કરણ વડે
वा—અથવા, પણ
तह तत्थ—તથા ત્યાંના
जोइसिआ—જ્યોતિષીઓ
अचल—સ્થિર
अद्धपमाण—અર્ધા પ્રમાણમાં
सुविमाणा—સુંદર વિમાનવાળા

* જંબૂદ્વીપવત્ પુષ્કરાર્ધદ્વીપમાં સર્વાભ્યન્તરમંડલે વર્તતા અન્તિમ (૬૬ માં) સૂર્યની અપેક્ષાએ ઉત્કૃષ્ટ ઉદયઅસ્તાન્તર અથવા દૃષ્ટિગોચરતા હોઈ શકે, સર્વબાહ્યમંડલ વખતે અલ્પ અન્તર વા દૃષ્ટિ-ગોચરતા હોય, અને એ પ્રમાણે ૬૬ મા સૂર્યનું અભ્યન્તરમંડલ માનુષોત્તર પર્વતથી અથવા મનુષ્ય-ક્ષેત્રના પર્યન્તભાગથી અંદરના ભાગમાં ૫૧૦ યોજન ખસતું નજીક હોય છે, અને તે સ્થાને સૂર્ય-મંડલનો પરિધિ પૂર્વોક્ત પરિધિથી અલ્પ હોય છે, જેથી ઉદયઅસ્તાન્તર અલ્પ અને દૃષ્ટિગોચરતા પણ ૨૧૩૪૫૩૭$\frac{૨૧}{૬૦}$ યોજનથી અલ્પ હોય, તો અહિં બાહ્યમંડલની અપેક્ષાએ ઉદયાસ્તનું અન્તર તથા દૃષ્ટિગોચરતા ૨૧૩૪૫૩૭$\frac{૨૧}{૬૦}$ કેવી રીતે પ્રાપ્ત થાય ? તે શ્રી બહુશ્રુતગમ્ય.

ગાથાર્થઃ—મનુષ્યક્ષેત્રથી બહાર ચંદ્રસૂર્યની સંખ્યા પૂર્વે કહેલા ત્રિગુણપૂર્વયુક્ત કરણથી થાય છે અથવા બીજા કરણવડે પણ થાય છે. તથા ત્યાં રહેલા જ્યોતિષીઓ ગતિવાળા નથી પણ અચલ સ્થિર છે, અર્ધ પ્રમાણવાળા છે, અને વિશેષ સુંદર વિમાનવાળા છે ॥ ૧૮૪ ॥

વિસ્તરાર્થઃ—મનુષ્યક્ષેત્ર સુધીના ચન્દ્રસૂર્યની સંખ્યાજાણવામાટે ૧૮૧ મી ગાથામાં ત્રિગુણપૂર્વયુક્તનું કરણ કહેવાયું છે, તેજ કરણવડે મનુષ્યક્ષેત્રની બહારના ચન્દ્રસૂર્યની સંખ્યા જાણી શકાય છે, અથવા બીજા કોઈ કરણવડે પણ સંખ્યાપ્રાપ્ત કરી શકાય છે—અહિં કહેવાનું તાત્પર્ય એ છે કે—મનુષ્યક્ષેત્રની બહારના ચંદ્રસૂર્યોને મનુષ્યક્ષેત્રવત્ સમશ્રેણિવાળા માનીએ તો પૂર્વોક્ત કરણ પ્રમાણે જે સંખ્યા આવે તેટલા જ ચંદ્રસૂર્ય હોય છે, અને જો વલય શ્રેણિએ [પરિધિ સરખી ગોળાકાર શ્રેણિએ] રહેલા માનીએ તો બીજા કરણથી ઉપજતી સંખ્યા જેટલા ચંદ્રસૂર્ય હોય છે. ત્યાં સમશ્રેણિના મતપ્રમાણે માનુષોત્તર પર્વતથી બહારના અર્ધા પુષ્કરદ્વીપમાં [૮ લાખ યોજન] ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય હોવાથી ૩૬-૩૬ ની બેપંક્તિ ચંદ્રની તથા ૩૬-૩૬ ની બે પંક્તિ સૂર્યની તે અંદરના પુષ્કરાર્ધ સરખી જ હોય. અને જો વલયશ્રેણિ માનીએ તો માનુષોત્તર પર્વતથી ૫૦ હજાર યોજન દૂર પહેલી वलयपंक्ति છે, તેમાં ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય પરસ્પર અંતરિત [ચંદ્ર-સૂર્ય-ચંદ્ર-સૂર્ય-ચંદ્ર એ રીતે] રહ્યા છે, ત્યારબાદ ૧ લાખ યોજન દૂર બીજી પંક્તિમાં બે ચંદ્ર બે સૂર્ય અધિક મળીને ૭૪ ચંદ્ર ૭૪ સૂર્ય પરસ્પર અંતરિત રહ્યા છે. એ પ્રમાણે યાવત્ આઠમી પંક્તિમાં ૧૭૨ ચંદ્રસૂર્ય રહેલા છે, દરેક પંક્તિ લાખ લાખ યોજનને અન્તરે આવેલી છે. માટે પુષ્કરાર્ધથી આગળના દરેક દ્વીપ વા સમુદ્ર જેટલા લાખ યોજનનો હોય ત્યાં તેટલી પંક્તિઓ હોય, જેમકે—પુષ્કર પછીનો વારૂણીવરદ્વીપ ૬૪ લાખ યોજનનો છે તો ત્યાં ૬૪ પંક્તિઓ વલયાકારે છે. એ પ્રમાણે બાહ્યપુષ્કરાર્ધમાં ૮ પંકિતઓમાં સર્વ મળીને ૧૨૬૪ ચંદ્રસૂર્ય સમુદિત હોવાથી ૬૩૨ ચંદ્ર અને ૬૩૨ સૂર્ય છે. આ પ્રમાણે દરેક પંક્તિમાં આગળ આગળ બે ચંદ્ર બે સૂર્યનો વધારો કરવો એજ બીજું વલયપંક્તિને અનુસારે જાણવું. અને એ રીતે મનુષ્યક્ષેત્રની બહારના ચંદ્ર-સૂર્યો માટે શાસ્ત્રમાં બે અભિપ્રાય મળવાથી કંઈ પણ નિર્ણય કહી શકાય નહિ.

૧	૧૪૪
૨	૧૪૮
૩	૧૫૨
૪	૧૫૬
૫	૧૬૦
૬	૧૬૪
૭	૧૬૮
૮	૧૭૨
	૧૨૬૪

તથા બહારના ચંદ્રસૂર્ય સ્થિર હોવાથી જ્યાં રાત્રિ ત્યાં સદાકાળ રાત્રિ અને જ્યાં પ્રકાશ ત્યાં સદાકાળ પ્રકાશ જ હોય છે. તથા મનુષ્યક્ષેત્રના જ્યોતિષીઓનાં વિમાનથી બહારનાં ચંદ્રસૂર્યાદિનાં વિમાનો અર્ધપ્રમાણનાં છે, જેથી ચંદ્રનું વિમાન એક યોજનના એકસઠીયા ૨૮ ભાગનું સૂર્યનું ૨૪ ભાગનું ગ્રહનું ૧ ગાઉનું નક્ષત્રનું ૦॥ ગાઉનું અને તારાનું પાંચસો ધનુષ્ પ્રમાણનું છે, તથા મનુષ્યક્ષેત્રના જ્યોતિષીઓ અર્ધ કવિઠ (કોઠું) ફળ [અર્ધઘનગોળના] આકારે છે, અને બહારના જ્યોતિ-

પીઓ પાકી ઇંટ સરખા એટલે લંબચોરસ આકારના છે. તેમજ અધિક સુંદર વિમાનો છે–અહિં પાકી ઇંટનું દ્રષ્ટાંત તે વિમાનની રક્ત કાંતિને સૂચવવા માટે છે. તથા પ્રકાશ–અન્તર ઇત્યાદિ અધિકવર્ણન અન્ય ગ્રંથોથી જાણવા યોગ્ય છે. ॥ इति बाह्यद्वीपसमुद्रगत ज्योतिष्क स्वरुप ॥

अवतरणः—આ જંબૂદ્વીપના પ્રકરણમાં જંબૂદ્વીપ વૃત્તપ્રતર (ગોળ થાળી સરખો) છે. તો તેનો પરિધિ–ઘેરાવો કેટલો? તે આ ગાથામાં કહેવાય છે—

इह परिहि तिलक्खासोलसहस सयदुन्नि पउणअडवीसा ।
धणुहडवीससयंगुल–तेरसड्ढा समहिआ य ॥१८५॥

શબ્દાર્થ:—

इह–અહિં, જંબૂદ્વીપ
परिहि–પરિધિ–ઘેરાવો
तिलक्खासोलसहस–ત્રણલાખ સોલહજાર
सयदुन्नि–બસો
पउणअडवीसा–પોણાઅઠ્ઠાવીસ
धणुह–ધનુષ્
अडवीससय–એકસો અઠ્ઠાવીસ
अंगुलतेरसड्ढा–સાડાતેર અંગુલ
समहिआ य–અને કંઈક અધિક

गाथार्थ:—અહિં જંબૂદ્વીપનો પરિધિ એટલે ઘેરાવો ત્રણલાખ સોલહજાર બસો પોણીઅઠ્ઠાવીસ યોજન–એકસો અઠ્ઠાવીસ ધનુષ્ સાડાતેર અંગુલ અને તેથી પણ કંઇક અધિક છે. ॥ ૧૮૫ ॥

विस्तरार्थ:—જંબૂદ્વીપની જગતીની બહારથી જગતીને અડીને જો જંબૂદ્વીપની પ્રદક્ષિણા ફરીએ તો ૩૧૬૨૨૭॥। યોજન, ૧૨૮ ધનુષ અને ૧૩॥ અંગુલ ઉપરાન્ત કંઈક અધિક, એટલું ચાલવું પડે. એ ગોળ વસ્તુઓનો પરિધિ–અથવા પરિઘ કહેવાય છે. એ પરિધિનું પ્રમાણ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય? તેનું કરણ તો ૧૮૮ મી ગાથામાં જ કહેવાશે, અને અહિં તો કેવળ પરિધિનું પ્રમાણ જ દર્શાવ્યું. તથા અહિં "કંઈક અધિક" એમ કહ્યું તે ૧૩॥ અંગુલ ઉપરાન્ત યવ–યૂકા–લિખ આદિ પ્રમાણ આવે છે માટે. તથા ૨૨૭॥। યોજન કહ્યા તેમાંના ૦॥। યોજનના ૩ ગાઉ એ અંકથી પણ જંબૂદ્વીપનો પરિધિ ગણાય ॥૧૮૫॥

अवतरण:—હવે આ ગાથામાં જંબૂદ્વીપનું ગણિતપદ [ક્ષેત્રફળ] કહેવાય છે–

सगसयणउआ कोडी, लक्खाछप्पन्न चउणवइ सहसा ।
सड्ढसयं पउणदुकोस सड्ढबासट्ठिकर गणिअं ॥१८६॥

શબ્દાર્થ:—

सगसयणउआ–સાતસો નેવું
चउणवइ–ચોરાણું
सड्ढसयं–દોઢસો
पउणदुकोस–પોણા બે ગાઉ
सड्ढबासट्ठिकर–સાડીબાસઠ હાથ
गणिअं–ગણિતપદ–ક્ષેત્રફળ

ગાથાર્થ :—સાતસોનેવુંક્રોડ છપ્પનલાખ ચોરાણુહજાર દોઢસો યોજન પોણા બે કોશ
યોજન. ગા. હાથ.
અને સાડીબાસઠ હાથ [૭૯૦૫૬૯૪૧૫૦–૧॥।–૬૨॥] એટલું ગણિતપદ છે. ॥૧૮૬॥

વિસ્તરાર્થ :—જંબૂદ્વીપની ભૂમિને કોઈ પત્થરની લાદીઓથી મઢવા ઇચ્છે તો ૧ યોજન લાંબા ૧ યોજન પહોળા એવા સમચોરસ પત્થર ૭૯૦૫૬૯૪૧૫૦ જોઈએ, ઉપરાન્ત ૧ યોજન લાંબા અને ૧ ગાઉ *પહોળા એવા ૧॥। પત્થર જોઈએ, અને તે ઉપરાન્ત એક યોજન લાંબા અને એક અંગુલ પહોળા એવા ૬૨॥ પત્થર જોઈએ, તો આખો જંબૂદ્વીપ પત્થરથી મઢાઈ રહે. જેમ ૮ હાથ લાંબા અને ૮ હાથ પહોળા એક સમચોરસ ઓરડામાં ૧ હાથ લાંબી અને ૧ હાથ પહોળી પત્થરની લાદીઓ જડવી હોય તો [૮×૮=] ૬૪ લાદીઓ જોઈએ તેમ આ જંબૂદ્વીપ જડવાને ઉપર કહેલા પત્થર જોઈએ, જેથી તાત્પર્ય એ છે કે જંબૂદ્વીપની ભૂમિના યોજન યોજન પ્રમાણે સમચોરસ ખંડ કરીએ તો ૭૯૦ ક્રોડ ઇત્યાદિ જેટલા થાય. આ ગણિતને ગણિતપદ–ક્ષેત્રફળ–અથવા પ્રતર કહેવાય છે. જે પદાર્થ ચોરસ હોય તેની લંબાઈ પહોળાઈના ગુણાકાર જેટલું જ ક્ષેત્રફળ આવે, પરન્તુ જે થાળી સરખા ગોળ આકારવાળો પદાર્થ હોય તેનું ક્ષેત્રફળ જુદી રીતે આવે છે, અને તે રીતિ પણ ૧૮૮ મી ગાથામાંજ કહેવાશે. ॥ ૧૮૬ ॥

અવતરણ :—હવે વૃત્ત પદાર્થોના ૮ પ્રકારના માપનું ગણિત કેવી રીતે થાય? તે કહેવાય છેઃ—

वट्टपरिहिं च गणिअं, अंतिमखंडाइ उसु जिअं च धणुं ।
बाहुं पयरं च घणं, गणेहिं एएहिं करणेहिं ॥१८७॥

શબ્દાર્થ :—

वट्टपरिहिं–વૃત્ત પદાર્થના પરિધિને
गणिअं–ગણિતપદને, ક્ષેત્રફળ
अंतिमखंडाइ–છેલ્લા ખંડથી પ્રારંભીને
उसु–ઇષુને, બાણને
जिअं–જીવને, ગુણને. દોરીને
धणुं– ધનુઃપૃષ્ઠને, ધનુષને
बाहुं–બાહુને, બાહાને
पयरं–પ્રતરને, ક્ષેત્રફળને
घणं–ઘનને
गणेहिं–ગણો
एएहिं–આ [આગળ કહેવાતા]
करणेहिं–કરણવડે, રીતિવડે

* અહિં જેમ યોજનના કકડા સમચોરસ ગણ્યા, તેમ ગાઉ અને અંગુલના કકડા સમચોરસ કેમ નહિં ? એ તર્ક થાય તો પણ એ ગણિતરીતિ પ્રમાણે તેમ બની શકતું નથી એટલું જ સમજવું યોગ્ય છે. એ ગણિતની સયોજના કિલષ્ટ વર્ણનનું અહિં પ્રયોજન નથી.

ગાથાર્થ:—વૃત્તવસ્તુનો પરિધિ, ગણિતપદ, છેલ્લા ખંડ વિગેરેના ઇષુ અથવા અથવા છેલ્લા ખંડથી ગણાતો ઈષુ, જીવા, ધનુઃપૃષ્ઠ, બાહા, પ્રતર, અને ઘન એ આઠ માપને આ આગળ કહેવાતા કરણોવડે [ગણિતરીતિઓવડે] ગણો-ગણવા. ॥ ૧૮૭ ॥

વિસ્તરાર્થ :—વૃત્તવસ્તુનો ઘેરાવો તે परिधि, અમુક માપના સમચોરસ ખંડ તે गणितपद,*છેલ્લાખંડ વિગેરેના અથવા છેલ્લાખંડથી મપાતો વિષ્કંભ તે ઇષુ અથવા ધનુઃપૃષ્ઠના મધ્યથી જીવાના મધ્યભાગ સુધીનો વિષ્કંભ તે इषु, અથવા બાણ, ખંડની છેલ્લી લંબાઈ તે जीवा, ખંડ પર્યન્ત ઘેરાવો (ખંડિત ઘેરાવો) તે धनुःपृष्ठ, અથવા ધનુષ આકારવાળા ખંડનો કામઠીભાગ તે धनुःपृष्ठ, ખંડની બે બાજુનાં પડખાં તે बाहा, ખંડનું ક્ષેત્રફળ તે प्रतर, અથવા ચોરસ પદાર્થની લંબાઈ પહોળાઈનો ગુણાકાર તે પ્રતર, તથા લંબાઈ પહોળાઈ અને ઉંચાઈનો ગુણાકાર તે घन. ॥ ૧૮૭ ॥

अवतरण :—પૂર્વગાથામાં કરેલી સૂચના પ્રમાણે હવે આ ગાથામાં પ્રથમ પરિધિ જાણવાની રીતિ અને ત્યારબાદ ગણિતપદ જાણવાની રીતિ દર્શાવાય છે—

विक्खंभवग्गदहगुण–मूलं वट्टस्स परिरओ होई ।
विक्खंभपायगुणिओ, परिरओ तस्स गणिअपयं ॥१८८॥

શબ્દાર્થ :—

विकखंभवग्ग–વિષ્કંભનો વર્ગ	विकखंभ–વિષ્કંભના
दहगुण– દશગુણુ કરી	पायगुणिओ–ચોથાભાગે ગુણેલો
मूलं–તેનું વર્ગમૂળ કાઢતાં	परिरओ- પરિધિ
वट्टस्स–વૃત્ત પદાર્થનો	तस्स–તે વૃત્ત પદાર્થનું
परिरओ होइ–પરિધિ થાય છે.	गणिअपयं–ગણિતપદ થાય છે.

ગાથાર્થ:--વિષ્કંભના વર્ગને દશગુણા કરી તેનું વર્ગમૂળ કાઢતાં વૃત્તવસ્તુનો પરિધિ આવે છે, અને એજ પરિધિ વિષ્કંભના પા ભાગે [ચોથા ભાગે] ગુણ્યો છતો તે વૃત્તવસ્તુનું ગણિતપદ થાય છે [અર્થાત્ પરિધિને વિષ્કંભના ચોથા ભાગે ગુણતાં ગણિતપદ આવે] ॥ ૧૮૮ ॥

વિસ્તરાર્થ :—કોઈપણ વૃત્તપદાર્થનો જેટલો વિષ્કંભ–વ્યાસ–વિસ્તાર હોય તેનો પ્રથમ વર્ગ કરવો, એટલે તેને તેટલાએ ગુણવા [જેમ ૪નો વર્ગ ૪×૪=૧૬],

* અહિં સંપૂર્ણ વૃત્તવસ્તુનાં પરિધિ અને ગણિતપદ હોય છે, અને એજ સંપૂર્ણ વસ્તુના દેશ ભાગના ઇષુ આદિ ૬ માપ હોય છે, જેથી ગણિતપદ અને પ્રતર એ બેના પ્રાયઃ સરખા અર્થમાં વિસંવાદ ન જાણવો.

ત્યારબાદ પુનઃ ૧૦ વડે ગુણવા, અને જે જવાબ આવે તેનું વર્ગમૂળ કાઢવું, તેની રીતિ આ પ્રમાણે—

॥ વર્ગમૂળ કાઢવાની રીતિ ॥

વર્ગમૂળ કાઢવા યોગ્ય અંકના ઉપર । આવું ચિન્હ કરવું ત્યારબાદ-આવું એ બે ચિન્હમાં ઉભીલીટી વિષમઅંક અને આડીલીટી સમઅંકને સૂચવનારી છે, અને ભાગાકારમાં પ્રથમ ભાગાકાર વિષમઅંક સુધીનો [। એ ચિન્હવાળી પ્રથમ લીટીના અંક સુધીનો] કરવાનો હોય છે, અને ઉતારવાના અંક પણ વિષમ ચિન્હ સુધીના જ ઉતારવા માટે એ ચિન્હો ઉપયોગી છે.

ત્યારબાદ પહેલા વિષમચિન્હસુધીના અંક બાદ જઈ શકે એવા વર્ગવડે ભાગવો, અને જેના વર્ગવડે બાદ જાય તે મૂળ અંકને ભાજકસ્થાને તથા ભાગાકાર-જવાબના સ્થાને સ્થાપીને તેનો વર્ગ ભાજ્યમાંથી બાદ કરી જવાબની રકમ પુનઃ ભાજ્યઅંકમાં ઉમેરવી, ત્યારબાદ ભાજ્ય રકમ વિષમચિન્હસુધીની નીચે ઉતારી ભાજકરકમવડે એવી રીતે ભાગાકાર કરવો કે ભાજકઅંક આગળ જે અંક ગોઠવાય તેજ અંકવડે ભાજક સાથે ગોઠવાયલા તેજ અંક સહિતનો ગુણાકાર ભાજ્યમાંથી બાદ જાય, અને તે ગુણક રકમ પુનઃ જવાબસ્થાને સ્થાપવી, એ રીતે સંપૂર્ણ રકમનું વર્ગમૂળ કાઢી શકાય છે, તેનું ઉદાહરણ આ જંબૂદ્વીપની પરિધિદ્વારા દર્શાવાય છે તે આ પ્રમાણે—

૧૦૦૦૦૦ જંબૂદ્વીપનો વ્યાસ } વિષ્કંભનો વર્ગ કરવા માટે
× ૧૦૦૦૦૦ ,, ,,
૧૦૦૦૦૦૦૦૦૦૦ યોજન. વિષ્કંભનો વર્ગ આવ્યો.
× ૧૦
૧૦૦૦૦૦૦૦૦૦૦૦ [સો અબજ] વર્ગમૂળ કાઢવા યોગ્ય ભાજ્ય રકમ થઈ.

। – । – । – । – । – ।

૧ લો ભાજક ૩) ૧ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ (૩ યોજન. ભાગાકાર
+ ૩   ૯
૨ જો ભાજક ૬, ૧) ૧૦૦(૧
+ ૧   ૬૧
૩ જો ભાજક ૬૨ ૬) ૩૯,૦૦ (૬
+ ૬   ૩૭૫૬
૪ થો ભાજક ૬૩૨, ૨) ૧૪૪,૦૦ (૨
+ ૨   ૧૨૬૪૪
૫ મો ભાજક ૬૩૨૪, ૨) ૧૭૫૬,૦૦ (૨
+ ૨   ૧૨૬૪૮૪

આ છએ યોજનના અંકને એકત્ર કરતાં ૩૧૬૨૨૭ યોજન થયા.

૬ ઠ્ઠો ભાજક ૬૩૨૪૪, ૭) ૪૯૧૧૬,૦૦ (૭
+ ૭ ૪૪૨૭૧૨૯

૭ મો ભાજક ૬૩૨૪૫૪ શેષ ૪૮૪૪૭૧ શેષ યોજનના ગાઉ કરવા માટે
* ધ્રુવભાજક × ૪ [ચાર ગાઉનો યોજન માટે]

૬૩૨૪૫૪) ૧૯૩૭૮૮૪ (૩ ગાઉ
૧૮૯૭૩૬૨

૪૦૫૨૨
× ૨૦૦૦ [બે હજાર ધનુષનો ૧ ગાઉ હોવાથી]

૬૩૨૪૫૪) ૮૧૦૪૪૦૦૦ ધનુ. (૧૨૮ ધનુષ
−૬૩૨૪૫૪

૧૭૭૯૮૬૦
−૧૨૬૪૯૦૮

૫૧૪૯૫૨૦
૫૦૫૯૬૩૨

૮૯૮૮૮ ધનુષ શેષ વધ્યા.
× ૪ [ચાર હાથનો ધનુષ હોવાથી]

૬૩૨૪૫૪) ૩૫૯૫૫૨ (૦ હાથ [ભાગ ન ચાલવાથી ૦ આવી]
૦૦૦૦૦૦

૩૫૯૫૫૨ હાથ શેષ વધ્યા
× ૨૪

૬૩૨૪૫૪) ૮૬૨૯૨૪૮ અંગુલ (૧૩॥
૬૩૨૪૫૪

૨૩૦૪૭૦૮
૧૮૯૭૪૬૨

૪૦૭૩૪૬
૩૧૬૨૨૭

૯૧૧૧૯ અંગુલ શેષ[1] વધ્યા.

---

* આગળ ગાઉ ધનુષ અંગુલ આદિ કાઢવા માટે એજ ભાજક સર્વત્ર ઉપયોગી હોવાથી એ ધ્રુવભાજક છે, અને ઉપરના છએ અધ્રુવભાજક ગણાય.

૧ એ વધેલા ૯૧૧૧૯ અંગુલના શેષને આઠ આઠ ગુણા કરી વારંવાર ધ્રુવભાજક ૬૩૨૪૫૪થી ભાગતાં અનુક્રમે યવ-જૂ-લીખ-વાલાગ્ર-રથરેણુ-ત્રસરેણુ ઈત્યાદિ ન્હાનાં ન્હાનાં પ્રમાણ પણ આવે છે. પરન્તુ અહિં મૂળગાથા ૧૮૫ મીને અનુસારે એટલું જ ગણિત ઉપયોગી છે. તથા એ વધેલા શેષ પ્રમાણે કંઈક અધિકતા અંગુલ ઉપરાન્ત ગણાય તથા અહિ ૬૩૨૪૫૪ એ ભાજકરાશિ અથવા છેદ-રાશિ કહેવાય તેનું અર્ધ કરતાં પણ યોજન જવાબ આવે, અને ત્યારબાદ વધેલા શેષને ગાઉ આદિકે ગુણી એજ છેદરાશિ વડે ભાગતાં ગાઉ ધનુષ આદિ પ્રમાણ આવે. વર્ગમૂળમાં ભાજકથી અર્ધ જવાબ અને જવાબથી અર્ધ ભાજકરાશિ હોય છે.

યો. ગા. ધ. અંગુલ
એ પ્રમાણે જંબૂદ્વીપને પરિધિ ૩૧૬૨૨૭–૩–૧૨૮–૧૩॥ પ્રાપ્ત થયો.

હવે એજ પરિધિને વિષ્કંભના એટલે જંબૂદ્વીપના ૧ લાખ યોજનના પાવ–ચોથા ભાગે એટલે ૨૫૦૦૦ વડે ગુણતાં જંબૂદ્વીપનું ગણિતપદ આવે તેનું અંકગણિત આ પ્રમાણે—

૩૧૬૨૨૭ યોજન
× ૨૫૦૦૦
= ૭૯૦૫૬૭૫૦૦૦ યોજન

૩ ગાઉ
× ૨૫૦૦૦
૭૫૦૦૦ ગાઉ

૧૨૮ ધનુ૦
૨૫૦૦૦
=૩૨૦૦૦૦૦ ધનુ૦

૧૩॥ અંગુલ
× ૨૫૦૦૦
૩૩૭૫૦૦ અંગુલ

૯૬) ૩૩૭૫૦૦ (૩૫૧૫ ધનુષ
૩૩૭૪૪૦
૬૦ અંગુલ શેષ.

૩૨૦૦૦૦૦ ધનુ૦
+ ૩૫૧૫ ધનુ૦
૨૦૦૦) ૩૨૦૩૫૧૫ (૧૬૦૧ ગાઉ
૩૨૦૨૦૦૦
૧૫૧૫ ધનુ૦ શેષ.

૭૫૦૦૦ ગાઉ
+ ૧૬૦૧ ગાઉ
૪) ૭૬૬૦૧ (૧૯૧૫૦ યોજન
૭૬૬૦૦
૧ ગાઉ શેષ.

૭૯૦૫૬૭૫૦૦૦ યોજન
૧૯૧૫૦
૭૯૦૫૬૯૪૧૫૦ યોજન

એ ગણિતમાં ૩૩૭૫૦૦ અંગુલના ધનુષ કરવા માટે ૯૬ વડે ભાગ્યા, અને જે ધનુષ આવ્યા તે ૩૨ લાખ ધનુષમાં ઉમેરી ૨૦૦૦ ધનુષને ૧ ગાઉ હોવાથી તેને ૨૦૦૦ વડે ભાગ્યા, જવાબ ગાઉ આવ્યા તેને મૂળ ગાઉ ૭૫૦૦૦ માં ઉમેરી ૪ ગાઉના યોજન પ્રમાણે ચારે ભાગતાં યોજન આવ્યા તે યોજનને મૂળ યોજનમાં ઉમેરતાં ૭૯૦ ઇત્યાદિ યોજન આવ્યા, અને ભાગાકારમાં સર્વત્ર શેષ વધ્યા તે સર્વ અધિક ગણાય, જેથી એ અંકગણિત પ્રમાણે સંપૂર્ણ ગણિત-
યો. ગા.*ધ. અં.
પદ (ક્ષેત્રફળ) ૭૯૦૫૬૯૪૧૫૦–૧–૧૫૧૫–૬૦ જેટલું આવ્યું.

એ પ્રમાણે આ ગણિતપણુ રીતિ સમપ્રતરવૃત પદાર્થની ગણાય, પરન્તુ વલયવૃત્ત (ચૂડી સરખા ગોળ મંડલાકાર) પદાર્થોનાં ગણિતપદ બીજી રીતે છે તે રીતિ ગણિતના જ્ઞાતા પાસેથી સમજવી, અહિં તેના વિશેષ વિસ્તારનું પ્રયોજન નથી, તેમજ વિષમવૃત્તપદાર્થનાં ગણિતપદ અને પરિધિ પણ જુદી રીતે હોય છે, આ રીતિ તો કેવળ સમવૃત્તની જ જાણવી. ॥ इति समवृत्तस्य परिधिकरणे, गणितपदकरणं च ॥ ૧૮૮ ॥

अवतरणः—હવે આ ગાથામાં ઇષુ અને જીવા જાણવાનું કરણ દર્શાવાય છે—

---

* ૧૫૧૫ ધનુષમાંના ૧૫૦૦ ધનુષનો ૦॥। ગાઉ ગણતાં ૧॥। ગાઉ, અને શેષ ૧૫ ધનુ૦ના ૬૦ હાથમાં ૬૦ અંગુલના ૨॥ હાથ ઉમેરતાં ૬૨॥ હાથ ૧૮૬ મી ગાથામાં કહ્યા પ્રમાણે આવે છે.

ओगाहुउसू सुचिअ, गुणवीसगुणो कला उसू होइ ।
विउसुपिहुत्ते चउगुण–उसुगुणिए मूलमिह जीवा ॥१८९॥

શબ્દાર્થઃ—

ओगाहु–અવગાહ, દૂર જવું	पिहुत्ते–વૃત્ત પહોળાઈ
उसु–ઈષુ, બાણસ્થાનીય વિસ્તાર	चउगुण उसु–ચારે ગુણેલા ઇષુવડે
सुचिअ–નિશ્ચય એજ	गुणिए–ગુણતાં [અને તેનું]
गुणवीसगुणो–ઓગણીસગુણો	मूलं–વર્ગમૂલ કાઢતાં
कलाउसु–કળારૂપ ઇષુ	इह जीवा–અહિં જીવા આવે
विउसु–ઇષુ રહિત કરેલી	

ગાથાર્થઃ—[ધનુઃપૃષ્ટના મધ્યભાગથી] અવગાહીએ, જેટલા દૂર જઈએ તેટલા જ નિશ્ચય इषु કહેવાય. તથા ઓગણીસગુણો કરેલો ઇષુ તે કલાઈષુ કહેવાય. તથા ઇષુરહિત વૃત્તવસ્તુની પહોળાઈને ચારગુણા ઇષુવડે ગુણીને વર્ગમૂળ કાઢતાં જે આવે તે અહિં જીવા કહેવાય ॥ ૧૮૯ ॥

વિસ્તરાર્થઃ—વૃત્તપદાર્થનો જે એક છેલ્લો દેશભાગ ધનુષના આકાર સરખો થાય છે, તેટલા દેશભાગને ખંડ કહેવાય, તે ખંડસ્થાને છેલ્લો ધનુષની કામઠી સરખો દેશ પરિધિ તે ધનુઃપૃષ્ઠ કહેવાય, તે ધનુઃપૃષ્ટના અતિમધ્યભાગથી તે ખંડના પર્યન્તભાગ સુધીનો બાણ સરખો જે વિષ્કંભ એજ इषु કહેવાય. અહિં વિષ્કંભ અને ઇષુમાં એજ તફાવત છે કે—તે ખંડની જ પહોળાઈ તે વિષ્કંભ, અને ધનુઃપૃષ્ઠથી પ્રારંભીને તે ખંડની ઉત્કૃષ્ઠ જીવા સુધીની પહોળાઈ તે इषु. ઇષુમાં ખંડની પહોળાઈ અન્તર્ગત છે, અને તે ઉપરાન્ત ધનુઃપૃષ્ઠ સુધીની પહોળાઈ અધિક છે, અને વિષ્કંભમાંતો માત્ર ખંડની જ પહોળાઈ ગણાય, જેથી ઘણા ક્ષેત્રોમાં ઇષુથી વિષ્કંભ ન્હાનો હોય છે, અને પર્યન્ત-વિભાગોમાં ઇષુ અને વિષ્કંભ બે સરખા હોય છે.

તથા એજ ઇષુને ૧૯ ગુણા કરતાં જે આવે તે કલાઇષુ કહેવાય. અહિં કલાઇષુ કહેવાનું પ્રયોજન માત્ર ગણિતની સુગમતા માટે જ, નહિંતર અપૂર્ણાંક યોજનોનાં ગણિત વિકટ થઈ જાય છે, જેથી સર્વત્ર કળાઓ કરીને જ ગણિત કરવામાં આવે છે.

તથા વૃત્તપદાર્થનો જે વિસ્તાર હોય તેમાંથી ઇષુ બાદ કરવો, ત્યારબાદ ઇષુને ચારે ગુણી જે આવે તેના વડે [ઇષુ બાદ કરતાં આવેલી રકમ સાથે] ગુણાકાર કરવો, જે આવે તેનું વર્ગમૂળ કાઢતાં તે ક્ષેત્રની जीवा એટલે ધનુષની દોરી સરખી ઉત્કૃષ્ઠ લંબાઈ પ્રાપ્ત થાય છે, ત્યાં ભરતક્ષેત્રના દૃષ્ટાન્તે અંકગણિત આ રીતે—



અહિં ભરતક્ષેત્રનો ઇષુ ૫૨૬ યોજન ૬ કળા છે, [અને વિષ્કંભ પણ એજ છે.] તેને ૧૯ ગુણા કરતાં ૫૨૬–૬

× ૧૯

૯૯૯૪ કળામાં
+ ૬ ઉપરના કળા ઉમેરતાં

૧૦૦૦૦ [દશહજાર] કળાઇષુ.
× ૪

૪૦૦૦૦ ચતુર્ગુણ ઇષુ

૧૦૦૦૦૦ જંબૂદ્વીપનો વિષ્કંભ, યોજન રૂપ છે તેની સર્વ કળાઓ કરવાને
× ૧૯ કળાનો ૧ યોજન હોવાથી ૧૯ વડે ગુણતાં

૧૯૦૦૦૦૦ કળા, જંબૂદ્વીપની પહોળાઈ આવી તેમાંથી
૧૦૦૦૦ કળા ઇષુની બાદ કરતાં

૧૮૯૦૦૦૦ કળા આવી. તેને
× ૪૦૦૦૦ ચતુર્ગુણ ઇષુકળા વડે ગુણતાં

૭૫૬૦૦૦૦૦૦૦૦ સર્વ કળા આવી, તેનું વર્ગમૂળની રીતિપ્રમાણે વર્ગમૂળ કાઢતાં ૨૭૪૯૫૪ કળા આવી [૨૯૭૮૮૪ શેષ વધ્યા] તેને ૧૯ વડે ભાગતાં

૧૯)૨૭૪૯૫૪(૧૪૪૭૧ યોજન
૨૭૪૯૪૯
૫ શેષ

=૧૪૪૭૧ $\frac{૫}{૧૯}$ યોજન, ભરતક્ષેત્રની જીવા એટલે પર્યન્ત લંબાઈ આવી. એજ ઉત્કૃષ્ટ લંબાઈ છે.

એ [1]પ્રમાણે શેષ સર્વ ક્ષેત્ર અને પર્વતોના ઇષુ તથા જીવા પ્રાપ્ત કરવી.॥૧૮૯॥

વૃત્ત પદાર્થોનાં નામ.	વિષ્કંભ	પરિધિ
પદ્મદ્રહનું મુખ્ય કમળ [૧૦ કુરૂદ્રહકમળ]	૧ યો.	૩ $\frac{૧}{૬}$ યો.
પુંડરીકદ્રહનું મુખ્ય કમળ	,, ,,	૩ $\frac{૧}{૬}$ યો.
મહાપદ્મદ્રહનું ,,	૨ યો.	૬ $\frac{૧}{૩}$ યો.
મહાપુંડરીકદ્રહનું ,,	૨ યો.	૬ $\frac{૧}{૩}$ યો.
તિગિંછીદ્રહનું ,,	૪ યો.	૧૨ $\frac{૨}{૩}$ યો.
કેસરિદ્રહનું ,,	૪ યો.	૧૨ $\frac{૨}{૩}$ યો.
૧૭ ગંગાદ્વીપ	૮ યો.	૨૫ $\frac{૩}{૧૦}$ યો.
૧૭ સિંધુદ્વીપ	૮ યો.	૨૫ $\frac{૩}{૧૦}$ યો.
૧૭ રક્તાદ્વીપ	૮ યો.	૨૫ $\frac{૩}{૧૦}$ યો.
૧૭ રક્તવતીદ્વીપ	૮ યો.	૨૫ $\frac{૩}{૧૦}$ યો.
રોહિતા–રોહિતાંશાદ્વીપ	૧૬ યો.	૫૦ $\frac{૩}{૫}$ યો.
સુવર્ણકૂલા રૂપ્યકૂલાદ્વીપ	૧૬ યો.	૫૦ $\frac{૩}{૫}$ યો.
હરિકાન્તા–હરિસલિલાદ્વીપ	૩૨ યો.	૧૦૧ $\frac{૩૯}{૨૦૨}$ યો.

૧ અથવા બે નાની મોટી જીવાના બે વર્ગને ભેગા કરી વર્ગમૂળ કાઢતાં પણ બાહા આવે છે. એ બીજી રીતિ બૃ૦ ક્ષે૦ વૃત્તિમાં કહી છે.

નરકાન્તા–નારીકાન્તાદ્વીપ	૩૨ યો.	$૧૦૧\frac{૩૯}{૨૦૨}$ યો.
શીતા–શીતોદાદ્વીપ	૬૪ યો.	$૧૯૯\frac{૩૫૯}{૩૯૮}$ યો.
ગંગા–સિંધુ–રક્તા–રક્તવતીકુંડ	૬૦ યો.	$૧૮૯\frac{૨૭૯}{૩૭૮}$ યો.
રોહિતા–રોહિતાંશાકુંડ	૧૨૦ યો.	$૩૭૯\frac{૩૫૯}{૭૫૮}$ યો.
સુવર્ણકૂલા–રૂપ્યકૂલાકુંડ	૧૨૦ યો.	$૩૭૯\frac{૩૫૯}{૭૫૮}$ યો.
હરિકાન્તા–હરિસલિલાકુંડ	૨૪૦ યો.	$૭૫૮\frac{૧૪૩૬}{૧૫૧૬}$ યો.
નરકાન્તા–નારીકાન્તાકુંડ	૨૪૦ યો.	$૭૫૮\frac{૧૪૩૬}{૧૫૧૬}$ યો.
શીતા–શીતોદાકુંડ	૪૮૦ યો.	$૧૫૧૭\frac{૨૭૧૧}{૩૦૩૪}$ યો.
૧૨ અન્તર્નદીઓના કુંડ	૧૨૦ યો.	$૩૭૯\frac{૩૫૯}{૭૫૮}$ યો.
૬૪ મહાવિદેહનદીઓના કુંડ	૬૦ યો.	$૧૮૯\frac{૨૭૯}{૩૭૮}$ યો.
મેરૂપર્વતનું મૂળ	$૧૦૦૯૦\frac{૧૦}{૧૧}$	$૩૧૯૧૦\frac{૨}{૧૧}$ યો.
મેરૂપર્વતનો કંદ (સમભૂ૦) —	૧૦૦૦૦ યો.	$૩૧૬૨૨\frac{૪૯૧૧૬}{૬૨૪૪૪}$ યો.
નંદનવનમાં બાહ્યમેરૂ	$૯૯૫૪\frac{૬}{૧૧}$	૩૧૪૭૯ સાધિક
,, અભ્યન્તરમેરૂ	$૮૯૫૪\frac{૬}{૧૧}$	$૨૮૩૧૬\frac{૮}{૧૧}$ સાધિક
સૌમનસવનમાં બાહ્યમેરૂ	$૪૨૭૨\frac{૮}{૧૧}$	$૧૩૫૧૧\frac{૬}{૧૧}$ સાધિક
,, અભ્યન્તરમેરૂ	$૩૨૭૨\frac{૮}{૧૧}$	$૧૦૩૪૯\frac{૩}{૧૧}$ સાધિક
પંડકવને મેરૂ	૧૦૦૦ યો.	$૩૧૬૨\frac{૧૭૫૬}{૬૩૨૪}$ યો.
મેરૂની ચૂલિકાનું મૂળ	૧૨ યો.	$૩૭\frac{૭૧}{૭૪}$ યો.
૧૬૬ વર્ષધરાદિકનાં કૂટ મૂળ	૫૦૦ યો.	$૧૫૮૧\frac{૪૩૯}{૩૧૬૨}$ યો.
૩ સહસ્રાંકકૂટ મૂળ	૧૦૦૦ યો.	$૩૧૬૨\frac{૧૭૫૬}{૬૩૨૪}$ યો.
૩૦૬ વૈતાઢ્યકૂટ મૂળ	૬૧ યો.	યો. $૧૯–૩\frac{૯}{૧૫૮}$ ગાઉ
૩૪ ઋષભકૂટ મૂળ	૧૨ યો.	$૩૭\frac{૭૧}{૭૪}$ યો.
૧૬ વૃક્ષકૂટ મૂળ	૧૨ યો.	$૩૭\frac{૭૧}{૭૪}$ યો.
૪ વૃત્તવૈતાઢ્ય મૂળ	૧૦૦૦ યો.	$૩૧૬૨\frac{૧૭૭૫}{૬૩૨૪}$ યો.
૨૦૦ કંચનગિરિ મૂળ	૧૦૦ યો.	$૩૧૬\frac{૧૪૪}{૬૩૨}$ યો.
૪ *યમલગિરિમૂળ	૧૦૦૦ યો.	$૩૧૬૨\frac{૩૭૫૬}{૬૩૨૪}$ યો.

અવતરણઃ—હવે આ ગાથામાં ધનુઃપૃષ્ઠ અને બાહા જાણવાનું કરણ કહે છે—

* અહિં વૃત્તપદાર્થોના પરિધિના ગણિત પ્રસંગે એ કેટલાક વૃત્તપદાર્થોના પરિધિ સ્પષ્ટ દર્શાવ્યા, પરન્તુ એ સિવાય બીજા વૃત્તપદાર્થો છે, તે સર્વ લખતાં બહુ વિસ્તાર થવાના કારણથી અહિં એટલા જ પદાર્થો જંબૂદ્વીપના જ કહ્યા છે. અને ચાલુ પ્રકરણ પણ જંબૂદ્વીપનું જ છે. ક્ષેત્રસમાસવૃત્તિમાં ઉપર દર્શાવેલા પદાર્થમાંના કેટલાક પદાર્થ દર્શાવ્યા છે.

उसुवग्गि छगुणि जीवावग्गजुए मूलं होइ धणुपिट्ठं ।
धणुदुगविसेससेसं, दलिअं बाहादुगं होइ ॥१९०॥

શબ્દાર્થઃ—

उसुवग्गि–ઇષુના વર્ગને
छगुणि–છ ગુણો કરી
जीवावग्गजुए–જીવાનો વર્ગ યુક્ત કરતાં
मूलं–તેનું વર્ગમૂલ કાઢતાં
धणुपिट्ठं–ધનુઃપૃષ્ઠ થાય
धनुदुग–બે ધનુપૃષ્ઠનો
विसेस–વિશ્લેષ કર્યે
सेसं–શેષ રહે તેનું
दलिअं–અર્ધ કર્યાથી
बाहादुगं–બે બાહા આવે

गाथार्थः—ઇષુના વર્ગને છ ગુણો કરી તેમાં જીવાનો વર્ગયુકત કરી તેનું વર્ગમૂળ કાઢીએ તો ધનુઃપૃષ્ઠ આવે, અને બે [નાના મોટા] ધનુઃપૃષ્ઠનો વિશ્લેષ (બાદબાકી) કરતાં જે શેષ રહે તેનું અર્ધ કરીએ તેટલું બે બાહાનું [જુદું જુદું] પ્રમાણ આવે. ॥ ૧૯૦ ॥

विस्तरार्थः—સુગમ છે, ભરતક્ષેત્રના ઉદાહરણથી અંકગણિત આ પ્રમાણે—

		યો. ક.	
૧૦૦૦૦	ભરતની ઇષુકળા	૧૪૪૭૧–૫	ભરત જીવા યોજન
×૧૦૦૦૦	,, ,,	× ૧૯	
૧૦૦૦૦૦૦૦૦	ભરતઇષુવર્ગકળા	૨૭૪૯૪૯	
× ૬		× ૫	
૬૦૦૦૦૦૦૦૦	ષડ્ગુણ ભરતઇષુમાં	૨૭૪૯૫૪	ભરત જીવા કળા
+૭૫૬૦૦૦૦૦૦૦૦	જીવાવર્ગકલા ઉમેરતાં	×૨૭૪૯૫૪	ભરત જીવા કળા
૭૬૨૦૦૦૦૦૦૦૦	કળાનું વર્ગમૂળ કરતાં	૭૫૫૯૯૭૦૨૧૧૬	વર્ગકળા વર્ગમૂળ-
		+ ૨૯૭૮૮૪	વખત રહેલા શેષ
		૭૫૬૦૦૦૦૦૦૦૦	જીવા વર્ગકળા

૨૬૨૧૫૧ શેષ વધ્યા, ૫૫૨૦૮૬ ભાજક રાશિ આવ્યો, અને જવાબ ૨૭૬૦૪૩ કળા, તેને ૧૯ વડે ભાગતાં ૧૪૫૨૯ યોજન ૧૧ કળા એ ભરતક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ જાણવું.

હવે બાહાનું અંકગણિન આ પ્રમાણે—અહિં સંપૂર્ણ ભરતક્ષેત્ર એક ગણતાં ધનુઃપૃષ્ઠ પણ એક હોય, અને તેથી બાહા હોય નહિં, પરન્તુ વચ્ચે આવેલા વૈતાઢ્યથી ભરતના દક્ષિણભરત અને ઉત્તરભરત એવા બે વિભાગ પૂર્વે ૮૧ મી ગાથામાં કહ્યા છે તે રીતે ઉત્તરભરતની બે બાહા હોઈ શકે છે, પરન્તુ દક્ષિણભરતની નહિં. જેથી ઉત્તરભરતની બાહાનું ગાથામાં કહ્યા પ્રમાણે અંકગણિત આ પ્રમાણે—

યો. ક.
૧૪૫૨૮-૧૧ [ઉત્તરભરતનું] મોટું ધનુઃપૃષ્ઠ તેમાંથી
૧૦૭૪૩-૧૫ [દક્ષિણભરતનું] નાનું ધનુઃપૃષ્ટ બાદ કરતાં
૩૭૮૪-૧૫ શેષ રહ્યા તેનું અર્ધ કરતાં
× ૦॥
૧૮૯૨-૭॥ [અઢારસો બાણુ યોજન સાડાસાત કળા] એ ઉત્તર ભરતની એક બાજુની બાહા અને એટલા જ પ્રમાણવાળી બીજી બાજુની બાહા જાણવી. પરન્તુ એ બે બાહા ભરતક્ષેત્રની છે એમ ન કહેવાય, ઉત્તરભરતની જ કહેવાય. ॥ ૧૯૦ ॥

अवतरणः—હવે આ ગાથામાં પ્રતર જાણવાનું કરણ દર્શાવાય છે તે આ પ્રમાણે—

अंतिमखंडस्सुसुणा, जीवं संगुणिअ चउहिं भइऊणं ।
लद्धम्मि वग्गिए दस–गुणंम्मि मूलं हवइ पयरो ॥१९१॥

શબ્દાર્થ:—

अंतिमखंडस्स –છેલ્લા ખંડના
उसुणा–ઇષુવડે
जीवं संगुणिअ–જીવાને ગુણીને
चउहिं भइऊण–ચારવડે ભાગીને
लद्धम्मिवग्गिए–જે લબ્ધ–પ્રાપ્ત થાય તેનો વર્ગ કર્યે છતે [કરીને]
दसगुणंमि–તેને દશે ગુણીને
मूल–વર્ગમૂળ કાઢતાં
हवइ पयरो –પ્રતર થાય

गाथार्थः—છેલ્લા ખંડના ઇષુવડે જીવાને ગુણીને ચારે ભાગીને જે જવાબ આવે તેનો વર્ગ કરી દશગુણ કરી તેનું વર્ગમૂળ કાઢતાં પ્રતર પ્રાપ્ત થાય. ॥ ૧૯૧ ॥

विस्तरार्थः—આ પ્રતરનું ગણિત કેવળ ધનુષ આકારવાળા જ કોઈપણ ખંડને માટે છે, પરન્તુ સર્વક્ષેત્ર વા પર્વતોને માટે નથી. જંબૂદ્વીપરૂપી વૃત્તપદાર્થમાં તેવા ધનુષ આકારવાળા ભરત અને ઐરવત એ બે ક્ષેત્ર છે, અને તેમાં પણ એ બે વિભાગની વિવક્ષા કરીએ તો વર્ષધરપર્વત તરફનું અર્ધક્ષેત્ર પ્રાયઃ લંબચતુરસ્ર આકારવાળું થાય છે, જેથી કેવળસમુદ્ર પાસેના દક્ષિણભરત તથા ઉત્તરઐરવત ક્ષેત્રનું જ પ્રતર એ કહેલા કરણથી પ્રાપ્ત થાય, અને શેષ સર્વ વિભાગોનું પ્રતર જુદું જુદું કરવું હોય તો લંબ ચોરસના ક્ષેત્રફળની *રીતિએ પ્રાપ્ત થાય, અને પર્યન્તભાગથી ત્યાં સુધીના સર્વક્ષેત્રનું કરવું હોય તો આ કહેલા કરણથી જ પ્રાપ્ત થાય. ધારો કે–હરિવર્ષક્ષેત્ર લંબચોરસ હોવાથી ૧૯૨ મી ગાથામાં કહેવાતી રીતે જ ક્ષેત્રફળ આવે છે. પરન્તુ હરિવર્ષક્ષેત્ર

* બે જીવાવર્ગના સરવાળાના અર્ધનું વર્ગમૂળ કરી વિષ્કંભ સાથે ગુણતાં પ્રતર આવે, એ ગાથા ૧૯૨ માં કહેવાશે.

સુધીના [ભરતથી હરિવર્ષ સુધીના] ધનુષાકાર ક્ષેત્રનું ક્ષેત્રફળ જાણવું હોય તો આ ગાથામાં કહેલી રીતિ પ્રમાણે જ પ્રાપ્ત થાય, અને તેમાં ભરત–હિમવંતપર્વત–હિમવંતક્ષેત્ર–મહાહિમવંતપર્વત અને હરિવર્ષક્ષેત્ર એટલા સર્વ વિભાગના ક્ષેત્રનું ક્ષેત્રફળ અંતર્ગત આવી જાય છે. એ પ્રમાણે હોવાથી આ ગાથાનું ગણિત વૃત્તપદાર્થમાંનો કોઈ પણ વિભાગ ધનુષાકારે હોય તેને માટે જ છે, પરન્તુ ગમે તે એકેક વિભાગ માટે નથી, હવે અહિં દક્ષિણભરતાર્ધને જ ધનુષાકાર ગણીને તેનું પ્રતર એટલે ક્ષેત્રફળ પ્રાપ્ત કરવું હોય તો તેનું અંકગણિત આ પ્રમાણે—

યો. ક.
૨૩૮–૩ દક્ષિણભરતના ઇષુયોજન
× ૧૯ [કળાઓ કરવા માટે ગુણતાં]
૪૫૨૨ કળામાં
+ ૩ ઉપરની કળા ઉમેરતાં
૪૫૨૫ દ. ભ. ની ઇષુકળાને
×૧૮૫૨૨૫ દ. ભ. ની જીવાકળાએગુણતાં
૪) ૮૩૮૧૪૩૧૨૫ પ્રતિકળાને ચારે ભાગતાં
૨૦૯૫૩૫૭૮૧–૧ કળાનો વર્ગ કરવાને
× ૨૦૯૫૩૫૭૮૧
૪૩૯૦૫૨૪૩૫૧૯૨૭૯૯૬૧ { વર્ગિત
× ૧૦ { કળાને
૪૩૯૦૫૨૪૩૫૧૯૨૭૯૯૬૧૦ { દશગુણ કરતાં

આ ગણિતમાં ચારે ભાગતાં ૧ પ્રતિકળાની પણ પ્રતિકળા આવી છે, તેને અલ્પગણી ગણિતમાં ન લેવી. વળી દક્ષિણ ભરતની જીવાકળા સાધિક ૧૮૫૨૨૪ છે, તેને વ્યવહારથી અહિં સંપૂર્ણ ૧૮૫૨૨૫ ગણી છે. અને ઇષુકળાને જીવાકળાએ ગુણતાં કળા ન આવે પણ પ્રતિ કળા જ આવે એ ગણિતરીતિ છે, કારણ બે જુદાજુદા પદાર્થોના યોજનોની કળાઓને પરસ્પર ગુણતાં કળાને બદલે [1]પ્રતિકળા આવે. પ્રતિકળાનું વર્ગમૂળ કરતાં શેષ રાશિ ૩૪૭૫૧૭૮૪૯ ભાજકરાશિ ૧૩૨૫૨૨૦૬૩૮, અને જવાબનો અંક ૬૬૨૬૧૦૩૧૯ પ્રતિકળા આવી, તેને ૧૯ વડે ભાગતાં ૩૪૮૭૪૨૨૭ કળા–૬ પ્રતિકળા આવી; અને પુનઃ૧૯ વડેભાગતાં ૧૮૩૫૪૮૫ યોજન–૧૨ કળા–૬ પ્રતિકળા એજ દક્ષિણભરતનું પ્રતર જાણવું. અહિં દક્ષિણભરતનું પ્રતર એટલે સમચોરસ યોજન એટલા છે, અથવા દક્ષિણભરતનું ગણિતપદ એટલું છે. ॥ ૧૯૫ ॥

અવતરણ:—પૂર્વગાથામાં વૃત્તપદાર્થના ધનુષાકારવાળા છેલ્લા ખંડનું પ્રતર જાણવાની રીતિદર્શાવીને હવે આ ગાથામાં વૃત્તપદાર્થની અંદર લંબચોરસખંડ આવ્યા હોય તો તેનું પ્રતર કેવી રીતે કાઢવું તે કહેવાય છે, એટલે અહિં વૈતાઢ્યાદિલંબચોરસપર્વતો અને ક્ષેત્રોનું પ્રતર જાણવાની રીતિ કહેવાય છે—

૧. અહિં સંક્ષેપમાં એટલું જ સમજવું કે બન્ને સ્થાને યોજનો ૧૯ ગુણા થયેલા હોવાથી જ બે ભિન્નપદાર્થોની કળાનો ગુણાકાર પ્રતિકળા જ આવે.

जीवावग्गाण दुगे, मिलिए दलिए अ होइ जं मूलं ।
वेयड्ढाईण तयं सपिहुत्तगुणं भवे पयरो ॥१९२॥

શબ્દાર્થ:—

जीवावग्गाण–જીવાના વર્ગને
दुगे–બે
मिलिए–મેળવ્યે છતે, મેળવતાં
दलिए–દળતાં, અર્ધ કરતાં તેનું
जं मूलं–જે વર્ગમૂળ
वेयड्ढ आईण–વૈતાઢ્ય આદિના
तयं–તેને
सपिहुत्तगुणं–સ્વપૃથુત્વ ગુણતાં
भवे–થાય
पयरो–પ્રતર

गाथार्थ:—નાની મોટી બે જીવાનો વર્ગ મેળવીને અર્ધ કરી તેનું જે વર્ગમૂળ આવે તેને પોતાના વિસ્તાર સાથે ગુણતાં વૈતાઢ્યઆદિ પર્વતો તથા ક્ષેત્રોનું પ્રતર થાય છે. ॥ ૧૯૨ ॥

विस्तरार्थः—સુગમ છે. અને અંકગણિત વૈતાઢ્યના ઉદાહરણથી આ પ્રમાણે—

અહિં ૩૪૩૦૮૦૯૭૫૦૦ કળા વૈતાઢ્યની લઘુજીવા એટલે દક્ષિણભરતની [1]જીવાની વર્ગકળા છે, અને મૂળકળા પૂર્વગાથામાં દર્શાવ્યા પ્રમાણે ૧૮૫૨૨૪ છે. એનો વર્ગ કરીને વર્ગમૂળ વખતે શેષ રહેલા ૧૬૭૩૨૪ ઉમેરીએ તો ૩૪૩૦૮૦૯૭૫૦૦ આવે. તથા ગૈતાઢ્યની ગુરૂજીવા તે ગૈતાઢ્યની પોતાની જ જીવા છે, ૧૦૭૨૦ $\frac{૧૧}{૧૯}$ યોજનની કળા ૨૦૩૬૯૧ છે, તેનો વર્ગ કરી વર્ગમૂળ વખતના વધેલા ૭૪૦૧૯ શેષ ઉમેરતાં ૪૧૪૯૦૦૯૭૫૦૦ વર્ગકળા આવે. વળી ઉત્તરભરતની કળાઓ લઘુજીવાની વર્ગકળા ગણાય, એ પ્રમાણે બન્ને જીવાની વર્ગકળા ઉપરથી પ્રતરનું અંકગણિત આ પ્રમાણે—

૩૪૩૦૮૦૯૭૫૦૦ ગૈતાઢ્ય લઘુજીવાની વર્ગકળા. તેમાં
૪૧૪૯૦૦૯૭૫૦૦ ગૈતાઢ્યની ગુરૂજીવાની વર્ગકળા ઉમેરતાં
૨) ૭૫૭૯૮૧૯૫૦૦૦ કળા આવી. તેનું અર્ધકરતાં
૩૭૮૯૯૦૯૭૫૦૦ કળા આવી, તેનું વર્ગમૂળ કરતાં ૧૯૪૬૭૬ કળા અને શેષ ૩૫૨૫૨૪ તથા ભાજકઅંક ૩૮૯૩૫૨ કળા. અહિં શેષના તથા ભાજકના છેદ ઉડાડતાં $\frac{૩૫૨૫૨૪}{૩૮૯૩૫૨} = \frac{૨૯૩૭૭}{૩૨૪૪૬}$ બાર વડે બન્નેનો છેદ ઉડ્યો જેથી ૨૯૩૭૭ = શેષકળા અને ૩૨૪૪૬ ભાજકકળા થઈ. જેથી $\frac{૨૯૩૭૭}{૩૨૪૪૬}$ રકમ મૂળકળા ઉપરાન્તની આવી.

૧. દક્ષિણભરતની જીવા યોજન તરીકે ૯૭૪૮ $\frac{૧૨}{૧૯}$ યોજન છે, તેને ૧૯ વડે ગુણતાં ૧૮૫૨૨૪ આવે છે.

૧૯૪૬૭૬	વર્ગમૂળ કળાને		
× ૫૦	વૈતાઢ્યભૂમિની પહોળાઈ વડે ગુણતાં		
૯૭૩૩૮૦૦	કળા આવી. તેમાં	૨૯૩૭૭	શેષકળા
+ ૪૫	શેષરાશિને ૫૦ ગુણતાં આવેલી ઉમેરતાં	× ૫૦	
૧૯) ૯૭૩૩૮૪૫	ક. (૫૧૨૩૦૭ યોજન	૩૨૪૪૬) ૧૪૬૮૮૫૦	(૪૫ કળા
૯૭૩૩૮૩૩		૧૨૯૭૮૪	
૧૨	શેષ કળા.	૧૭૧૦૧૦	
		૧૬૨૨૩૦	
		૦૮૭૮૦	શેષ.

યોજન કળા

એ પ્રમાણે વૈતાઢ્યભૂમિનું પ્રતર ૫૧૨૩૦૭–૧૨ પ્રાપ્ત થયું, એટલે વૈતાઢ્યની ભૂમિ એટલા સમચોરસ યોજનવાળી છે, તે ભાવાર્થ ગણિતપદને અનુસારે જ જાણવો. વળી અહિં ૮૭૮૦ શેષ રહ્યા તે લગભગ $\frac{1}{4}$ (પા) કળા જેટલો છે, માટે તેની ગણત્રી ન કરવી. અથવા એની પ્રતિકળા કરવા માટે ૧૯ વડે ગુણીએ તો ૧૬૬૮૨૦ને ૩૨૪૪૬ વડે ભાગતાં ૩૨૪૪૬) ૧૬૬૮૨૦ (૫ પ્રતિકળા આવે.

૧૬૨૨૩૦

૩૫૯૦

એ પ્રમાણે ઉત્તરભરતાદિક્ષેત્રો અને લઘુહિમવંતઆદિપર્વતોનું પણ પ્રતર એ રીતિ પ્રમાણે જ પ્રાપ્ત કરવું.

પ્રશ્ન;—લંબચોરસ અથવા સમચોરસ ક્ષેત્રની લંબાઈ પહોળાઈના ગુણાકાર માત્રથી જ ક્ષેત્રાદિનાં પ્રતર પ્રાપ્ત થાય, એ ગણિતરીતિ હોવા છતાં “બે જીવાવર્ગને મેળવી અર્ધ કરીને વર્ગમૂળ કાઢી પહોળાઈ સાથે ગુણાકાર કરવાથી પ્રતર પ્રાપ્ત થાય” એ ક્લિષ્ટ રીતિ દર્શાવવાનું કારણ શું ?

ઉત્તરઃ—લંબાઈ પહોળાઈના ગુણાકાર માત્રથી જે પ્રતર આવે છે તે તો સર્વાંશે ચોરસ એટલે સીધી લીટીના લંબચોરસ વા સમચોરસ પદાર્થો હોય તેને માટે છે, પરન્તુ વૃત્તક્ષેત્રની અંદરનાં ક્ષેત્રાદિના પર્યન્તભાગો સીધી લીટીવાળા નહિં. પરન્તુ વક્રલીટીવાળા હોય છે, તે કારણથી ગાથામાં કહેલી રીતિ પ્રમાણે પ્રતર પ્રાપ્ત થાય છે, અને તે પણ સ્થૂલથી જ પ્રાપ્ત થાય છે, અને લંબાઈ પહોળાઈના ગુણાકાર માત્રથી પ્રાપ્ત કરવા જઈએ તો પ્રતર ઘણું ન્યૂન આવે છે. તથા બે જીવાના અર્ધ સાથે [એટલે મધ્યમ લંબાઈ સાથે] પહોળાઈનો ગુણાકાર કરી પ્રતર લાવવાની રીતિ પણ કોઈ આચાર્યે દર્શાવી છે, પરન્તુ તે મતાન્તર તરીકે ગણીને જંબૂદ્વીપના ક્ષેત્રાદિ માટે

ઉપયોગી નથી એમ જણાવીને ઘણા ગણિતજ્ઞ ગ્રંથકર્તાઓએ સ્વીકારી નથી. બૃ૦ ક્ષે૦ સમાસમાં સ્પષ્ટ રીતે તે ગાથામાં કહેલા ગણિતને અયોગ્ય ગણી સ્વીકાર્યું નથી ॥૧૯૨॥

अवतरण:—પૂર્વગાથામાં કહેલું પ્રતર ગણિતવ્યવહારથી સ્થૂળ ગણિત છે. એમ આ ગાથામાં સૂચના કરાય છે—

एवं च पयरगणिअं, संववहारेण दंसिअं तेण ।
किंचूणं होइ फलं, अहिअंपि हवे सुहुमगणणा ॥१९३॥

શબ્દાર્થ:—

एवं च—વળી એ પ્રમાણે કહેલું
पयरगणिअं—પ્રતરગણિત
संववहारेण—વ્યવહારથી
दंसिअं—દર્શાવ્યું છે.
तेण—તે કારણથી
किंच ऊणं—કંઈક ન્યૂન
फलं—ફળ, જવાબ, પ્રતર
अहिअंपि—અધિક પણ
सुहुमगणणा—સૂક્ષ્મ ગણિતથી

गाथार्थ:—વળી એ પ્રતરગણિત વ્યવહારથી દર્શાવ્યું છે, માટે સૂક્ષ્મ ગણત્રીવડે પ્રતરરૂપ જવાબ કંઈક ન્યૂન આવે, તેમ અધિક પણ હોય. ॥૧૯૩॥

विस्तरार्थ:—એ પ્રતરગણિત વ્યવહારથી સ્થૂલ કહેવાનું કારણ એ છે કે વર્ગમૂળમાં રહેલા શેષ છોડી દીધેલા હોય છે, માટે જો શેષઅંશ પ્રત્યક્ષ (કળા પ્રતિકળામાંના પણ શેષ) ગણવામાં આવે, તો પણ સંપૂર્ણ પ્રતર બરાબર ન આવે. વળી એ પ્રતર-ગણિત સ્થૂલ હોવાના કારણથી જ સર્વપ્રતરોને એકત્ર કરીએ તો ૭૭૯૧૮૭૭૪૫૬
યો. ગા.
યોજન થાય છે, અને જંબૂદ્વીપનું ગણિતપદ (પ્રતર) તો પૂર્વે ૭૯૦૫૬૯૪૧૫૦–૧–
ધ. હાથ
૧૫૧૫–૨॥ આવ્યું છે, જેથી ૧૧૩૮૧૬૬૯૪ યોજનથી કંઈક અધિક જેટલો તફાવત આવે છે, અર્થાત્ એકત્ર કરતાં એટલું ન્યૂન પ્રતર આવે છે.–માટે *કરણોથી જ એ તફાવત આવે છે, તત્વ શ્રીસર્વજ્ઞ જાણે ॥ ૧૯૩ ॥

अवतरण:—પૂર્વગાથાઓમાં પ્રતરગણિતકહીને હવે આ ગાથામાં घनगणित કહે છે—

पयरो सोस्सेहगुणो, होइ घणो परिरयाइसव्वं वा ।
करणगणणालसेहिं, जंतगलिहिआउ दट्ठव्वं ॥१९४॥

---

* જીવાઓમાં વર્ગમૂળ પહેલાં પણ ઘણા અંશો અને પ્રત્યંશો બાકી હોય છે, અને તેના પુનઃ વર્ગ કરવાથી ઘણા અંશ પ્રત્યંશો ત્રુટે છે, તેથી તફાવત પડે તે વાસ્તવિક છે, વળી આ વિશેષ તફાવત પ્રતરગણિતમાં અધિક આવે છે, અને ધનુઃ પૃષ્ઠાદિકમાં અલ્પ આવે, તેની વિવક્ષા નહિ,

શબ્દાર્થ:—

पयरो-પ્રતરને	करण गणणा-ગણિત ગણુવામાં
सउस्सेहगुणो-પોતાની ઉંચાઈ સાથે ગુણાકાર કરતાં	अलसेहिं-આળસુઓએ
होइ घणो-ઘન થાય છે.	जंतगलिहिआउ-યંત્રલિખિતમાંથી
परिरय आइ सव्व-પરિધિ વિગેરે સર્વ	दट्ठव्वं-દેખવું, જાણવું.

ગાથાર્થ:—જે પર્વતાદિનું પ્રતર આવે તે પ્રતરને તેજ પર્વતાદિની ઉંચાઈ સાથે ગુણે તો તેનો (પર્વતાદિનો) ઘન આવે. અથવા ગણિતગણવાના આળસુઓએ પરિધિ વિગેરે ઉપરના સર્વ યંત્રમાં લખ્યું છે તેમાંથી જાણવું. ॥ ૧૯૪ ॥

વિસ્તરાર્થ:—અહિં ઘનફળનો ઉપયોગ પર્વતો અને સમુદ્રાદિમાટે છે, કારણ કે પર્વતોની ઉંચાઈ અને સમુદ્રાદિ જળાશયોની ઉંડાઈ હોય છે, માટે ભૂમિપ્રતરને ઉંચાઈ તથા ઉંડાઈસાથે ગુણતાં તેનું ઘનફળ આવે છે, ઘનફળ એટલે જેમ પ્રતરમાં ભૂમિસ્થાને સમચોરસખંડનું માપ આવે છે. તેમ ઘનફળમાં તે આખી વસ્તુના સર્વ-સમચોરસખંડનું માપ આવે છે. ઉદાહરણ તરીકે ચાર યોજનલાંબી ચાર યોજનપહોળી અને ચાર યોજનઉંચી વસ્તુમાંથી સમચોરસ યોજન જેવડા [૪×૪= ૧૬ ખંડ નીકળે તે પ્રતર ગણિત અથવા ક્ષેત્રફળ કહેવાય, અને તે એક યોજન જેટલી ઉંચાઈ-માંથીજ ૧૬ ખંડ થયા છે, માટે શેષ ત્રણયોજન જેટલી ઉંચાઇમાંથી તેવાજ સમચોરસખંડ ૪૮ નીકળે જેથી તે આખી વસ્તુમાંથી [૪×૪×૪=] ૬૪ ખંડ નીકળે, એ ઘનફળ કહેવાય, એજ રીતે પર્વતો સમચોરસ યોજનના માપમાંથી ઉંચાઈસહિત કેટલા યોજનપ્રમાણના છે. તે જાણવાને માટે આ ઘનગણિત ઉપયોગી છે. ત્યાં વૈતાઢ્યપર્વતના ઉદાહરણથી અંકગણિત દર્શાવાય છે તે આ પ્રમાણે:—વૈતાઢ્યપર્વતની બે મેખલા છે, તેમાં પહેલી મેખલાની નીચે ભૂમિવૈતાઢ્યનું ઘન આ પ્રમાણે—

યો. ક.

૫૧૨૩૦૭–૧૨ વૈતાઢ્યનું ભૂમિપ્રતર છે, તેને દશયોજનની ઉંચાઈ સાથે ગુણતાં

×૧૦

૫૧૨૩૦૭૦–૧૨૦

+૬ —

૫૧૨૩૦૭૬–૬ ભૂમિવૈતાઢ્યનું ઘનફળ

૧૯) ૧૨૦ (૬ યોજન

૧૧૪

૬ કળા શેષ.

યો. ક.

૩૦૭૩૮૪–૧૧ પહેલી મેખલાનું પ્રતર. તેને પહેલી મેખલાની ૧૦

×૧૦ યોજન ઉંચાઈએ ગુણતાં

૩૦૭૩૮૪૦–૧૧૦

+ ૫—

૩૦૭૩૮૪૫–૧૫ પહેલી મેખલાનું ઘનફળ

૧૯) ૧૧૦ (૫ યો.

૯૫

૧૫ ક.

॥ जंबूद्वीपमा क्षेत्र-पर्वतोना

ક્ષેત્રાદિકનાં નામ	ઈષુ યો. કળા	વિષ્કંભ	(દેશપરિધિ) ધનુઃ પૃષ્ટ	જીવા
દક્ષિણ ભરત	૨૩૮— ૩	૨૩૮— ૩	૯૭૬૬— ૧	૯૭૪૮—૧૨
ઉત્તર ઐરવત	૨૩૮— ૩	૨૩૮— ૩	,,	,,
દીર્ઘવૈતાઢ્યપર્વત	૨૮૮— ૩	૫૦	૧૦૭૪૩—૧૫	૧૦૭૨૦—૧૧
ઉત્તર ભરત	૫૨૬— ૬	૨૩૮— ૩	૧૪૫૨૮—૧૧	૧૪૪૭૧— ૫
દક્ષિણ ઐરવત	૫૨૬— ૬	૨૩૮— ૩	,,	,,
લઘુ હિમવંતપર્વત	૧૫૭૮—૧૮	૧૦૫૨—૧૨	૨૫૨૩૦— ૪	૨૪૯૩૨— ॥
શિખરી પર્વત	૧૫૭૮—૧૮	૧૦૫૨—૧૨	,,	,,
હિમવંતક્ષેત્ર	૩૬૮૪— ૪	૨૧૦૫— ૫	૩૮૭૪૦—૧૦	૩૮૬૭૪—૧૫
હિરણ્યવંતક્ષેત્ર	૩૬૮૪— ૪	૨૧૦૫— ૫	,,	,,
મહાહિમ૦ પર્વત	૭૮૯૪—૧૪	૪૨૧૦—૧૦	૫૭૨૯૩—૧૦	૫૩૯૩૧— ૬॥
રૂક્મી પર્વત	૭૮૯૪—૧૪	૪૨૧૦—૧૦	,,	,,
હરિવર્ષ ક્ષેત્ર	૧૬૩૧૫—૧૫	૮૪૨૧— ૧	૮૪૦૧૬— ૪	૭૩૯૦૧—૧૭॥
રમ્યક્ ક્ષેત્ર	૧૬૩૧૫—૧૫	૮૪૨૧— ૧	,,	,,
નિષધ પર્વત	૩૩૧૫૭—૧૭	૧૬૮૪૨— ૨	૧૨૪૩૪૬— ૯	૯૪૧૫૬— ૨
નીલવંત પર્વત	૩૩૧૫૭—૧૭	૧૬૮૪૨— ૨	,,	,,
ઉત્તર વિદેહાર્ધ	૫૦૦૦૦	૧૬૮૪૨— ૨	૧૫૮૧૧૩—૧૬॥	૧૦૦૦૦૦
દક્ષિણ વિદેહાર્ધ	૫૦૦૦૦	૧૬૮૪૨— ૨	,,	,,

इषु विगेरेनो यन्त्र ॥

બાહા	પ્રતર (ક્ષેત્રફળ)	ઘનફળ
— —	યો. ક. પ્ર.કળા. ૧૮૩૫૪૮૫—૧૨—૬ ,, ,, ,,	ઉંચાઈ વા ઉંડાઈ—રહિત હોવાથી ઘનફળ ન હોય—
૪૮૮—૧૬॥ ,, ,,	૫૧૨૩૦૭-૧૨ ૧ લા ભાગે ૩૦૭૩૮૪-૧૧ ૨ જા ભાગે ૧૦૨૪૬૦- ૦ ૩ જા ભાગે	૫૧૨૩૦૭૬— ૬ ભૂમિસ્થ વૈતાઢ્યે ૩૦૭૩૮૪૫—૧૫ પહેલી મેખલાનું ૫૧૨૩૦૭—૧૨ બીજી મેખલાનું ૮૭૦૯૨૨૯—૧૪ સર્વ ઘનફળ
૧૮૯૨— ૭॥ ,, ,,	૩૦૩૨૮૮૮—૧૨ ,, ,,	— —
૫૩૫૦—૧૫॥ ,, ,,	૨૧૪૫૬૯૭૧-૮-૧૦ ,, ,, ,,	૨૧૪૫૬૯૭૧૪૪—૧૬—૧૨ ,, ,, ,,
૬૭૫૫— ૩ ,, ,,	૬૭૨૫૩૧૪૫-૫-૮ ,, ,, ,,	— —
૯૨૭૬—૯॥ ,, ,,	૧૯૫૮૬૮૧૮૬-૧૦-૫ ,, ,, ,,	૩૯૧૭૩૬૩૭૩૦૮—૦—૧૨ ,, ,, ,,
૧૩૩૬૧— ૬॥ ,, ,,	૫૪૪૭૭૩૮૭૦-૭ ,, ,,	— —
૨૦૧૬૫— ૨॥ ,,	૧૪૨૫૪૬૬૫૬૬૯-૧૮ ,,	૫૭૦૧૮૬૬૨૭૯૭૯ ,,
૧૬૮૮૩—૧૩॥ ,, ,,	૧૬૩૫૭૩૯૩૦૨-૧૦/૧૯ ,, ,,	— —

યો. ક.		
૧૦૨૪૬૧–૧૦	બીજી મેખલાનું પ્રતર, તેને બીજી મેખલાની ૫ યોજન	
×૫	ઉંચાઈએ ગુણતાં	
૫૧૨૩૦૫–૫૦		૧૯) ૫૦ (૨ યો.
+૨		૩૮
૫૧૨૩૦૫–૧૨	બીજી મેખલાનું ઘનફળ	૧૨ ક.
૫૧૨૩૦૭૬– ૬	ભૂમિસ્થ વૈતાઢ્યનું ઘનફળ	એ ત્રણુને એકત્ર કરતાં
૩૦૭૩૮૪૫–૧૫	પહેલી મેખલાનું ,,	
૫૧૨૩૦૭–૧૨	બીજી મેખલાનું ,,	
૮૭૦૯૨૨૮–૩૩		
+૧–૧૯	સમગ્ર વૈતાઢ્યનું ઘનફળ પ્રાપ્ત થયું. એટલે સમગ્ર	

યો.૮૭૦૯૨૨૯–૧૪ ક. વૈતાઢ્યમાંથી યોજન યોજન પ્રમાણુના સમચોરસ ખંડ કાઢીએ તો એટલા ખંડ નીકળે એ તાત્પર્ય.

એ પ્રમાણે વૈતાઢ્યપર્વતની ત્રણ પહોળાઈ જુદી જુદી હોવાથી ત્રણવાર ઘન ૩૪ વૈતાઢ્યોનો સરખી રીતે આવે છે, શેષ હિમવંતઆદિ લંબચોરસ પર્વતોના ઘન એકવાર જ થાય છે, અને રીતિ સરખી જ છે. સમઘનવૃત્તપર્વતોના ઘન કરવા હોય તો કંઈક તફાવતવાળી રીતિએ પ્રાપ્ત થઈ શકે, પરન્તુ શાસ્ત્રમાં તેવા પર્વતોના ઘન કરેલા નથી માટે અહિં પણ તેનું પ્રયોજન નથી. તથા ઉંડાઈને અંગે સમુદ્રાદિપરિમંડલ જળાશયોના ઘનની રીતિ લવણસમુદ્રના પ્રસંગે કહેવાશે, અને ચોરસ દ્રહો વાવડીઓ વિગેરેના ઘન તો લંબાઈ પહોળાઈ અને ઉંડાઈના ગુણાકારથી જ આવે જેમ કે– પદ્મસરોવર ૫૦૦ યોજન પહોળું છે, અને ૧૦૦૦ યોજન દીર્ઘ છે તો [૫૦૦× ૧૦૦૦=] ૫૦૦૦૦૦ યોજન થયા તેને ૧૦ યોજન ઉંડાઈએ ગુણતાં [૫૦૦૦૦૦ ×૧૦=] ૫૦૦૦૦૦૦ પચાસલાખ યોજન ઘનફળ આવ્યું. એ રીતે શેષ દ્રહાદિકોનું પણ ઘનફળ પ્રાપ્ત થાય છે. તથા ગણિતગણવાથી પરિશ્રમપામતા જિજ્ઞાસુઓને માટે આ પૃષ્ઠ ૨૮૦–૨૮૧માં લખેલા યંત્રથી શેષ ક્ષેત્રપર્વતાદિના ઇષુ વિગેરેના તૈયાર અંક જોવા. ॥ ૧૯૪ ॥

॥ इति प्रथमः श्रीजंम्बूद्वीपाधिकारः समाप्तः ॥

लवण समुद्रनुं वर्णन.

अवतरणः—પૂર્વે જંબૂદ્વીપનું સ્વરૂપ કહીને હવે તે જંબૂદ્વીપની ચારે બાજુ ફરતા પહેલા લવણસમુદ્રનું સ્વરૂપ કહેવાય છે—

गोतित्थं लवणोभय–जोअण पणनवइसहस जा तत्थ।
समभूतलाओ सगसय–जलवुड्ढी सहसमोगाहो ॥१॥१९५॥

શબ્દાર્થઃ—

गोतित्थं–ગોતીર્થ, ભૂમિનો ઉતાર
लवणोभय–લવણસમુદ્રની બે બાજુ
पणनवईसहस–પંચાણું હજાર
जा–યાવત્, સુધી
तत्थ–ત્યાં
समभूतलाओ–સમભૂતલથી
सगसय–સાતસો યોજન
जलवुड्ढी–જળવૃદ્ધિ, પાણીનો ચઢાવ
सहस–એક હજાર યોજન
ओगाहो–અવગાહ, ઉંડાઈ

गाथार्थः—લવણસમુદ્રમાં બે બાજુએ ૯૫૦૦૦ યોજન સુધી ગોતીર્થ છે, અને ત્યારબાદ ત્યાં મધ્યભાગે સમભૂતલથી સાતસો યોજન ઉંચી જળવૃદ્ધિ છે, અને એકહજાર ૧૦૦૦ યોજન જેટલી ઉંડાઈ છે. ॥૧॥૧૯૫॥

विस्तरार्थः—જંબૂદ્વીપને ફરતો લવણસમુદ્રને ફરતો ધાતકીખંડ છે, જેથી લવણસમુદ્રનું બન્ને કિનારાનું જળ બે દ્વીપના બે કિનારાને અડીને–સ્પર્શીને રહ્યું છે. તેમાં જંબૂદ્વીપને સ્પર્શેલ અભ્યન્તરકિનારો અને ધાતકીદ્વીપને સ્પર્શેલ બાહ્યકિનારો ગણાય, ત્યાં જંબૂદ્વીપની જગતીને સ્પર્શેલા અભ્યન્તર કિનારાથી ૯૫૦૦૦ યોજન સમુદ્રમાં દૂર જઈએ ત્યાં સુધી સમુદ્રની ભૂમિ અનુક્રમે નીચી નીચી ઉતરતી ગઈ છે, જેથી ૯૫૦૦૦ યોજનને અન્તે ૧૦૦૦ યોજન જેટલી ભૂમિ ઉંડી થવાથી ત્યાં જળની ઉંડાઈ ૧૦૦૦ યોજન છે, તેવીજ રીતે ધાતકીખંડને અડેલા કિનારાથી સમુદ્રમાં ૯૫૦૦૦ યોજન (જંબૂદ્વીપતરફ) આવીએ ત્યાં સુધી ક્રમશઃ ભૂમિઉતાર થતાં ત્યાં પણ ૯૫૦૦૦ ને અન્તે જળની ઉંડાઈ ૧૦૦૦ યોજન થયેલી છે, એવા પ્રકારના ભૂમિઉતારને શાસ્ત્રમાં ગોતીર્થ કહે છે. અર્થાત્ ગો એટલે ગાય પાણી પીતી

॥ लवणसमुद्रमां गोतीर्थ अने जळवृद्धि ॥ (चित्र नं. १.)

[गा० १९५-१९६, पृ० २८३]

એ ગોતીર્થ અને સમતલ મળી લવણ સમુદ્રના ૨૦૦૦૦૦ યોજન પૂર્ણ.
એ જળવૃદ્ધિ અને શિખાવિષ્કંભ મળીને પણ ૨૦૦૦૦૦ યોજન પૂર્ણ.



જંબૂદ્વીપથી ૯૫૦૦૦ યોજન સુધી સમુદ્રમાં ભૂમિ અનુક્રમે ઉતરતી હોવાથી જળની અધિકતા અનુક્રમે દેખાય તેવો દેખાવ. તેવી જ રીતે ધાતકીખંડથી પણ ૯૫૦૦૦ યોજન સુધી તેવો અનુક્રમે અધિક જળનો દેખાવ અને વચ્ચે ૧૦૦૦૦ યોજન એક સરખી ૧૦૦૦ યોજનની ઉંડાઈ હોવાથી સમાન જળ અને સમાન સમુદ્રતલનો દેખાવ.

॥ इति गोतीर्थ ॥

બન્ને બાજુથી ૭૦૦-૭૦૦ યોજન જળવૃદ્ધિનો દેખાવ પણ એ રીતે જ. અને વચ્ચે ૧૦૦૦૦ યોજનમાં જળશિખા છે, તે ચિત્ર આગળ દર્શાવાશે.

વખતે જેમ મુખતરફ નમેલા અને પૂછડાતરફ ઉંચા અંગવાળી હોય છે, તેવા પ્રકારનું જે તીર્થ એટલે જળમાંનો ભૂમિઉતાર અથવા જળનો ઉતાર તે ગોતીર્થ કહેવાય. જેથી જંબૂદ્વીપને અડતું જળ અંગુલના અસંખ્યાતમાભાગનું ઉંડું ગણવું, અને ત્યારબાદ અનુક્રમે જળની ઉંડાઈ વધતાં વધતાં ૯૫૦૦૦ યોજનને અન્તે ૧૦૦૦ યોજન ઉંડું છે. એજ રીતે ધાતકી તરફના ૯૫૦૦૦ યોજનમાં પણ જાણવું.

તથા લવણસમુદ્ર ૨૦૦૦૦૦ બે લાખ યોજન વિસ્તારવાળો હોવાથી બે બાજુના ૯૫૦૦૦-૯૫૦૦૦ યોજન ગોતીર્થના બાદ કરતાં અતિમધ્યભાગે શેષ રહેલા ૧૦૦૦૦ દશ હજાર યોજન જેટલા વિસ્તારમાં ૧૦૦૦ યોજન ઉંડાઈ એક સરખી રીતે છે.

તથા બંને બાજુએ જેમ ૯૫૦૦૦ યોજનસુધી ભૂમિઉતાર છે તેમ ૯૫૦૦૦ યોજનસુધી જળ પણ અનુક્રમે સમભૂમિની સપાટીથી ચઢતું ચઢતું ઉંચું થતું ગયું છે, જેથી બંને બાજુ ૯૫૦૦૦ને અન્તે સમભૂમિની સપાટીથી ૭૦૦ યોજન જેટલું ઉંચું જળ છે. જેથી તે સ્થાને નીચે ૧૦૦૦ યોજન ઉંડાઈ અને ૭૦૦ યોજન ઉંચાઈ હોવાથી ત્યાંની ભૂમિથી ૧૭૦૦ યોજન જેટલું [1]ઉંચુ જળ છે. ॥ ૧ ॥ ૧૯૫ ॥

अवतरण:—પૂર્વગાથામાં લવણસમુદ્રના જળની ક્રમશઃ વૃદ્ધિ થતાં ૯૫૦૦૦ ને અન્તે ૭૦૦ યોજન જળવૃદ્ધિ કહી, તો ૯૫૦૦૦ માંના કોઈપણ ઇચ્છિતસ્થાને જળવૃદ્ધિ જાણવી હોય તો શી રીતે જાણવી? તેનો ઉપાય આ ગાથામાં [ગણિતરીતિ] દર્શાવાય છે—

तेरासिएण मज्झिल्लरासिणा संगुणिज्ज अंतिमगं ।
तं पढमरासिभइअं उव्वेह मुणसु लवणजले ॥२॥१९६॥

શબ્દાર્થ:—

तेरासिएण-ત્રિરાશિવડે,થી
मज्झिल्लरासिणा-મધ્યરાશિવડે
संगुणिज्ज-ગુણવો
अंतिमगं-છેલ્લા રાશિને
तं-તે ગુણાકારને
पढमरासि-પહેલા રાશિવડે
भइअं-ભાગતાં જે આવે તે
उव्वेहं मुणसु-ઉંડાઈ જાણો

गाथार्थ:—ત્રિરાશિના ગણિતથી મધ્યરાશિવડે છેલ્લારાશિને (અંકને) ગુણવો, અને તે ગુણાકારને પહેલા અંકવડે ભાગવો, જે આવે તેટલી લવણ સમુદ્રમાં તે સ્થાને ઉંડાઈ જાણવી ॥ ૨ ॥ ૨૯૬ ॥.

[1] प्रश्नः—જળનો કુદરતી સ્વભાવ હંમેશાં સપાટીમાં રહેવાનો છે, છતાં આ જળને ક્રમશઃ ચઢાવ-પૂર્વક ૭૦૦ યોજન ઉંચું કહો છો તે કેમ બને? उत्तरः—આ લવણસમુદ્રનું જળ તથા પ્રકારના ક્ષેત્રસ્વભાવેજ ક્રમશઃ ચઢતું છે, એટલુંજ નહિં પરંતુ આગળ કહેવાતી ત્રીજી ગાથાને અનુસારે કોટ સરખા ઉભા આકારનું અથવા ઉભી ભીત્તિ સરખું પણ છે, તે વળી એથી પણ અધિક આશ્ચર્યકારક છે.

गोतीर्थ अने जळ वृद्धिनो बे तरफथी देखाव ॥ (चित्र नं. २)

(જંબૂ૦ તરફથી દેખાવ)

[ગા૦ ૧૯૫–૧૯૬, પૃ૦ ૨૮૪]



(ધાતકી ખંડ તરફથી દેખાવ)

क ख च તથા ઘ ग छ એ જળ વૃદ્ધિ ૭૦૦–૭૦૦ ચોજન (પર્યન્તે) ઉંચી છે. क च ज તથા घ छ झ એ બે ગોતીર્થ છે. ૧૦૦૦–૧૦૦૦ ચોજન (પર્યન્તે) ઉંડા છે. સમતલથી શિખાજલ સુધીનું જળ ૧૭૦૦૦ ચોજન ઉંચું છે, તે ૧૦૦૦૦ ચોજનમાં તેવી ઉંચાઈ છે.

વિસ્તરાર્થઃ—લવણસમુદ્રમાં કોઈપણ સ્થાને જળવૃદ્ધિજાણવાનો ઉપાય ત્રિરાશિના ગણિતથી છે, અહિં ત્રિરાશિ [ત્રણ અંકવાળા] ગણિતમાં સર્વયોજન પહેલો અંક, જળવૃદ્ધિનો બીજો અંક, અને અતિક્રમેલા ઈષ્ટયોજન એ ત્રીજો (છેલ્લો) અંક છે, તે આ પ્રમાણે—ધારો કે ૧ યોજન દૂર ગયા તો ત્યાં જળવૃદ્ધિ કેટલી, તે જાણવાને ત્રિરાશિ સ્થાપના આ પ્રમાણે—

યોજન જતાં જળવૃદ્ધિ તો યોજને કેટલી ?

૯૫૦૦૦ — ૭૦૦ — ૧

આવા ગણિતમાં બીજા ત્રીજા અંકના ગુણાકારને પહેલા અંકવડે ભાગવો એજ રીતિ હોય છે, જેથી ૭૦૦× =૭૦૦ ભાગ્યા ૯૫૦૦૦ જેથી $\frac{૭૦૦}{૯૫૦૦૦}$ એ પ્રમાણે બન્ને અંકની બે બે શૂન્ય ઉડાડતાં $\frac{૭}{૯૫૦}$ એટલે એક યોજનના ૯૫૦ ભાગ કરવાથી જે એક ભાગ આવે તેવા સાત ભાગ જળવૃદ્ધિ ૧ યોજન દૂર જતાં હોય.

	યોજનગયે	યો૦ *જળવૃદ્ધિ તો	યોજનગયે કેટલી જળવૃદ્ધિ ?
બીજું ઉદાહરણ—	૯૫૦૦૦ —	૭૦૦	૪૨૦૦૦

$$\frac{૪૨૦૦૦ \times ૭૦૦}{૯૫૦૦૦} = \frac{૨૯૪૦૦}{૯૫}$$

૯૫) ૨૯૪૦૦ (૩૦૯ યોજન
૨૮૫
૦૯૦૦
૮૫૫
૦૪૫ શેષ ભાગ

$$\frac{૪૫}{૯૫} = \frac{૯}{૧૯}$$

અહિં અપૂર્ણાંકની રીતિ પ્રમાણે અંકસ્થાપના કરી ત્રણ ત્રણ શૂન્ય ઉડાડતાં ઉપર ૪૨ અને ૭૦૦ રહ્યા તેનો ગુણાકાર ૨૯૪૦૦ આવ્યો, તેને ૯૫ વડે ભાગતાં ૩૦૯ યોજન આવ્યા, અને ૪૫ શેષ વધ્યા તેને ૯૫ ભાજક સાથે પાંચ વડે ઉડાડતાં $\frac{૯}{૧૯}$ આવ્યા, જેથી જવાબ એ આવ્યો કે જંબૂદ્વીપના કિનારાથી ૪૨૦૦૦ યોજન દૂર સમુદ્રમાં જઈએ ત્યાં અથવા ધાતકીખંડના કિનારાથી ૪૨૦૦૦ યોજન દૂર સમુદ્રમાં જંબૂદ્વીપ તરફ આવતાં બન્ને સ્થાને ૩૦૯$\frac{૯}{૧૯}$ યોજન જેટલી જળવૃદ્ધિ હોય. એ પ્રમાણે ત્રિરાશિની રીતે કોઈપણ સ્થાને જળવૃદ્ધિ જાણી શકાય છે. ॥ ૨ ॥ ૧૯૬ ॥

અવતરણઃ—હવે લવણસમુદ્રના અતિમધ્યભાગે જળની શિખા [કોટ સરખું ઉભું અને સર્વબાજુએ ફરતું વલયાકાર જળ] છે તે આ ગાથામાં કહેવાય છે—

हिट्ठुवरिसहसदसगं, पिहुला मूलाउ सतरसहसुच्चा ।
लवणि सिहा सा तदुवरि, गाउदुगं वड्ढइ दुवेलं ॥३॥१९७॥

*વર્તમાનપદ્ધતિની ત્રિરાશિમાં ૭૦૦ યોજન છેલ્લા અને ૪૨૦૦૦ મધ્યમાં સ્થપાય છે. પરન્તુ ગણિતમાં તફાવત ન હોવાથી એમાં પણ વિસંવાદ નથી,

શબ્દાર્થ:—

हिट्ठुवरि–હેઠે અને ઉપર
सहसदसगं–દશહજાર યોજન
विहुला–પહોળી, વિસ્તારવાળી
मूलाउ–મૂળમાંથી, સમુદ્રભૂમિથી
सतरसहस–સત્તરહજાર યોજન
उच्चा–ઉંચી

लवणि–લવણસમુદ્રમાં, લ૦ સ૦ ની
सिहा–શિખા
सा–તે શિખા
तदुवरि–તે ૧૭૦૦૦ યો. થી ઉપર
गाउदुगं–બે ગાઉ ઉંચી
वड्ढई–વધે છે
दुवेलं–બે વાર [એક અહોરાત્રમાં]

ગાથાર્થ:—નીચે અને ઉપર દશહજાર યોજન પહોળી, અને મૂળમાંથી સત્તરહજાર યોજન ઉંચી એવી જળશિખા લવણસમુદ્રમાં છે, તે શિખા પુનઃ ૧૭૦૦૦ યોજનના ઉપર ભાગે [એક અહોરાત્રમાં] બે વાર બે ગાઉ ઉંચી વધે છે. [ઉછળે છે.] ॥૩॥૧૯૭॥

॥ લવણસમુદ્રની ૧૬૦૦૦ યોજન ઉંચી શિખા ॥

વિસ્તરાર્થ:—૧૯૫ મી ગાથામાં કહ્યા પ્રમાણે બે બાજુના ગોતીર્થની વચ્ચે જે ૧૦૦૦૦ યોજન સુધી એક સરખું ૧૦૦૦ યોજન ઉંડું જળ છે, તે જળની ઉપલી સપાટીથી ૧૬૦૦૦ યોજન ઉંચું ચારે તરફ વલયાકારે ભીત્તિ સરખું જળ છે, તે शिखा (લવણસમુદ્રરૂપ પુરૂષની ઉભી ચોટલી સરખું) કહેવાય છે. એ શિખાજળ તે જંબૂદ્વીપની આસપાસ સર્વબાજુએ ૯૫૦૦૦ યોજન દૂર રહેલો અને ૧૬૦૦૦ યોજન ઉંચો જળનો કોટ–ગઢ–કિલ્લો બાંધેલો હોય તેવું છે. વળી નીચેની ઉંડાઈ ૧૦૦૦ યોજન ગણીએ તો એ શિખા (જળનો કોટ) સમુદ્રના તળીયાથી ૧૭૦૦૦ યોજન ઉંચી ગણાય, અને મૂળમાં (ભૂમિતળે) ૧૦૦૦૦ યોજન પહોળી છે. તેવી જ સોળ હજાર ઉંચાઈની ઉપર પણ તેટલી જ ૧૦ હજાર યોજન પહોળી છે.

તથા ૧૬૦૦૦ ની ઉંચાઇ ઉપર એટલે શિખાની ઉપરનું જળ દરરોજ બે વખત બે ગાઉ ઉંચું ચઢે છે, અને પુનઃ નીચું ઉતરી જાય છે. જેથી એ ચઢેલી જળવેલ વખતે સમુદ્રના ભૂમિતળથી જળની ઉંચાઈ ૧૭૦૦૦ યોજન ઉપરાન્ત ૨ ગાઉ અધિક હોય છે. એ ઊર્ધ્વ *જળવેલ પણ ૧૦૦૦૦ યોજન જેટલા વિસ્તારમાં ચઢે છે, પુનઃ એ શિખાજળ જેમ ઉંચું ચઢવાના સ્વભાવવાળું છે તેમ ભીત્તિભાગમાંથી બન્ને બાજુ બે દ્વીપતરફ પણ વધવાના–ફેલાવાના સ્વભાવવાળું છે, પરન્તુ નાગકુમારનિકાયના દેવો

* શિખાનું જળ બે ગાઉ જેટલું ઉંચું ઉછળવાનું કારણ ભૂમિતળમાં રહેલા મોટા નાના પાતાળ-કળશોના વાયુ છે, તે સંબંધ આગળ ૮-૯મી ગાથામાં કહેવાશે. તથા એ વેલને લો૦ લોકપ્રકાશમાં સંપૂર્ણ બે ગાઉ નહિં પરન્તુ કંઈક ન્યૂન બે ગાઉ ઉંચી કહી છે.

॥ लवण समुद्रमां शिखानो देखाव

સમભૂમિના સમજળથી ૧૬૦૦૦ યોજન ઉંચી અને સમુદ્રતલથી ૧૭૦૦૦ યોજન ઉંચી આ જળની શિખા લવણુસમુદ્રમાં મધ્યભાગે ચાર બાજુ ફરતા વલય આકારે જળના કોટ સરખી દેખાય છે. એનો વિસ્તાર ૧૦૦૦૦ યોજનમાં છે. એટલે ૧૦ હજાર યોજન પહોળી છે.

ત્રણે બાજુ વધતી વેલને અટકાવવામાં સદાકાળ નિયુક્ત જોડાયલા છે, ૧તેથી ત્રણે બાજુની વેલ વધુ ફેલાતી નથી તે વાત આગળ ગાથામાં જ કહેવાશે. ॥ ૩ ॥ ૧૯૭ ॥

[गा० १९७ पृ० २८९]



अवतरणः—હવે લવણુસમુદ્રમાં જે ચાર મોટા પાતાલકળશ રહેલા છે તે દર્શાવાય છે—

बहुमज्झे चउदिसि चउ, पायाला वयरकलससंठाणा ।
जोअणसहस्स जड्डा, तद्दसगुणहिट्ठुवरि रुंदा ॥४॥१९८॥
लक्खं च मज्झि पिहुला, जोअणलक्खं च भूमिमोगाढा ।
पुव्वाइसु वडवामुह—केजुवजूवेसरभिहाणा ॥५॥१९९॥

१. તથા શિખાનું જળ ત્રણે બાજુ અધિક નહિં ફેલાવાનું કારણ બન્ને દ્વીપમાં રહેલા શ્રીસંઘ અરિહંતભગવંત અને ચક્રવર્તિ આદિ મહાપુણ્યશાળી જીવોનો પુણ્યપ્રભાવ છે, અથવા જગતસ્વભાવે પણ શિખાજળ અધિક વધતું નથી, એમ બે કારણો શાસ્ત્રમાં અધિક કહ્યાં છે, ઉપરાન્ત વાયુવિપર્યાસનું પણ ત્રીજું કારણ કહ્યું છે, જેથી સર્વમળી ચાર કારણોથી શિખાજળ અધિક ફેલાતું નથી.

શબ્દાર્થ:—

बहुमज्झे-બહુમધ્યભાગે
पायाला-પાતાળકળશો
वयरकलस-વજ્રના ઘટસરખા
संठाणा-આકારવાળા
जोअणसहस-હજાર યોજન
जड्डा-જાડા
तद्दसगूण-તેથી (જાડાઈથી) દશગુણ
हिट्ठुवरिरूंदा-હેઠેઉપર વિસ્તારવાળા

लक्खं-એક લાખ યોજન
मज्झि पिहुला-મધ્યભાગે પહોળા
भूमि ओगाढा-ભૂમિમાં અવગાહેલા
पुव्वाइसु-પૂર્વાદિ ચાર દિશાઓમાં
वडवामुह-વડવામુખ
केजुव-કેયૂપ
जुव इसर-યૂપ અને ઈશ્વર
अभिहाणा-નામવાળા

॥ पाताल कलश ॥

લવણસમુદ્રના અતિમધ્યભાગે ચાર દિશાએ ચાર મોટા પાતાળકળશ છે, તે દરેક રત્નપ્રભાપૃથ્વીમાં ૧૦૦૦૦૦ યોજન ઊંડા છે, ૧૦૦૦૦૦ યોજનનું પેટ છે. ૧૦૦૦૦ યોજન પહોળું મુખ છે, અને તેટલું જ પહોળું બુન્ધ (બુંધુ) છે, ૧૦૦૦ યોજન જાડી ઠીકરી છે, તેના ઉંચાઈના $\frac{1}{3}$ ભાગમાં (૩૩૩૩૩$\frac{1}{3}$ યો૦ માં) નીચે કેવળ વાયુ, ઉપરના બીજા $\frac{1}{3}$ ભાગમાં જળ અને વાયુ, તથા $\frac{1}{3}$ ભાગમાં કેવળ જળ છે.

[ગા૦ ૧૯૯, પૃ૦ ૨૯૦]



$\frac{1}{3}$ ભાગમાં રહેલા મહાવાયુઓ ક્ષોભ પામવાથી સમુદ્રનું જળ ઉછળે છે તેથી ભરતી ઓટ થાય છે. દિવસમાં બેવાર સામાન્યથી અને અમાવાસ્યાદિ તિથિઓમાં અત્યંત વાયુ ક્ષોભ થાય છે.

ગાથાર્થઃ—સમુદ્રના અતિમધ્યભાગમાં (ભૂમિતળમાં) વજ્રના ઘડા સરખા આકારવાળા ચારે દિશાએ ચાર મોટા પાતાલકળશ છે, તે હજાર યોજન જાડા અને હેઠે ઉપર જાડાઈથી દશગુણા વિસ્તારવાળા-પહોળા ॥ ૪ ॥ ૧૯૮ ॥ મધ્યભાગમાં લાખ યોજન પહોળા અને લાખ યોજન ભૂમિમાં દટાયલા છે, તે પૂર્વાદિ ચારદિશાએ વડવામુખ-કેયૂપ-યૂપ-અને ઈશ્વર એ ચાર નામવાળા છે ॥ ૫ ॥ ૧૯૯ ॥

વિસ્તરાર્થઃ—હવે લવણસમુદ્રના ચાર મોટા પાતાલકળશનું સ્વરૂપ કહેવાય છે—

॥ લવણસમુદ્રમાં ૪ મોટા પાતાલકળશ ॥

સમુદ્રના જે અતિમધ્યભાગમાં દશહજાર યોજન જેટલા વિસ્તારવાળી જળશિખા કહી છે, તેજ શિખાની નીચે ભૂમિતળમાં મોટા ઘડાના આકાર સરખા ચાર દિશાએ ચાર મોટા કળશ છે, તે વજ્રરત્નમય છે, તથા એ કળશોની ઠીકરી ૧૦૦૦ યોજન જાડી છે, અને ઠીકરીથી દશ ગુણા એટલે ૧૦૦૦૦ દશહજાર યોજન નીચે બુધ્નભાગે (બુંધે) પહોળા છે, તેમજ એટલાજ ઉપર પહોળા છે, એટલે એ કળશોનું મુખ ૧૦૦૦૦ યોજન પહોળું છે. તથા મધ્યભાગમાં એટલે કળશોનું પેટ એક લાખ યોજન પહોળું છે, અને ભૂમિમાં ૧૦૦૦૦૦ એકલાખ યોજન ઉંડા દટાયલા છે, જેથી આ રત્નપ્રભાપૃથ્વીની સમભૂમિથી-સપાટીથી ૧ લાખ ઉપરાન્ત એક હજાર યોજન નીચે કળશનું તળીયું છે, જેથી દરેક મહાકળશ ૭ નરકપ્રતરોને ઉલ્લંઘીને છઠ્ઠા ભવનપતિનિકાયસુધી ઉંડો ઉતરેલો છે, તથા દરેક કળશનું મુખ સમુદ્રના ભૂમિતળની સપાટીમાં આવેલું છે, પણ ભૂમિથી ઉંચુ નથી. એવા પ્રકારના એ ચાર મહાકળશોનાં ચાર નામ તે આ પ્રમાણે-પૂર્વદિશામાં वडवामुह, દક્ષિણદિશામાં केयूप પશ્ચિમદિશામાં यूप અને ઉત્તરદિશામાં ईश्वर નામનો મહાકળશ છે. ॥૪-૫ ॥ ૧૯૮ ॥ ૧૯૯॥

અવતરણઃ—પૂર્વગાથામાં જે ચાર મોટા પાતાલકળશો કહ્યા તે ઉપરાન્ત સમુદ્રમાં બીજા અનેક નાના પાતાલકળશો પણ છે તે આ ગાથામાં કહેવાય છે—

अन्ने लहुपायाला, सगसहसा अडसया सचुलसीआ ।
पुव्वुत्तसयंसपमाणा तत्थ तत्थ प्पएसेसु ॥६॥२००॥

શબ્દાર્થ :—

अन्ने-બીજા
लहुपायाला-લઘુ પાતાળકળશો
सगसहसा-સાતહજાર
अडसया-આઠસો
स चुलसीआ-ચોર્યાસી સહિત
पुव्वुत्त-પૂર્વોક્ત, પ્રથમકહેલા
सयंसपमाणा-સોમા અંશજેટલા
तत्थ तत्थ-તે તે
प्पएसेसु-સ્થાનોમાં

॥ ४ महा पातालकलश *७८८४ लघु पातालकलश लवण समुद्रमां ॥

[ગા૦ ૨૦૦ પૃ૦ ૨૯૨]



દરેક દિશામાં	પહેલી પંક્તિમાં		૨૧૫
	બીજી	,,	૨૧૬
	ત્રીજી	,,	૨૧૭
	ચોથી	,,	૨૧૮
	પાંચમી	,,	૨૧૯
	છઠ્ઠી	,,	૨૨૦
	સાતમી	,,	૨૨૧
	આઠમી	,,	૨૨૨
	નવમી	,,	૨૨૩
			૧૯૭૧
			×૪ દિશા
			૭૮૮૪

લઘુ પાતાળ કળશ ભૂમિમાં ૧૦૦૦ યોજન ઉંડા ૧૦૦૦ યોજન પેટવાળા, ૧૦૦ યોજન મુખે અને બુંધે પહોળા તથા ૧૦ યો૦ જાડી ઠીકરીવાળા છે.

* લઘુ પાતાલ કલશાઓની સંખ્યા જો કે ૭૮૮૪ છે. તો પણ સ્થાપના ચિત્રમાં તેટલાનો સમાવેશ ન થાય તે માટે ફક્ત અમુક સંખ્યા આપેલ છે.

ગાથાર્થઃ—લવણસમુદ્રમાં તે તે સ્થાને બીજા સાત હજાર આઠસો ચોર્યાસી ૭૮૮૪ નાના પાતાલકળશો છે, તે પૂર્વે કહેલા ચાર મહાકળશોથી સોમા ભાગે પ્રમાણવાળા છે. ॥ ૯ ॥ ૨૦૦ ॥

વિસ્તરાર્થઃ—લવણસમુદ્રની જ્યાં શિખા આવેલી છે, ત્યાં શિખાના અભ્યન્તરભાગનો જંબૂદ્વીપ તરફનો પરિધિ [સમુદ્રનો ઘેરાવો] ૨૯૦૦૦૦ બે લાખ નેવું હજાર યોજનના વ્યાસ પ્રમાણે ૯૧૭૦૬૦ નવલાખ સત્તરહજાર સાઠ યો. છે, તે ઘેરાવામાં આવેલા ચાર મહાકળશોના ચાર મુખનો એકત્ર વિસ્તાર ૪૦૦૦૦ *ચાલીસહજાર યોજન બાદ કરીએ તો ૮૭૭૦૬૦ આઠ લાખ સિત્તોતરહજાર સાઠ યોજન આવે, તેને ચાર મહાકળશોના ચાર આંતરાવડે ભાગતાં ૨૧૯૨૬૫ યોજનનું એકેક આંતરૂ આવે, વળી દરેક આંતરૂ ૧૦૦૦૦ યોજન વિસ્તારવાળું છે, ત્યાં અભ્યન્તરના એ લઘુપરિધિમાં ચાર આંતરામાં દરેકમાં ૨૧૫–૨૧૫ લઘુ પાતાલકળશોની ચાર શ્રેણી પરિધિ પ્રમાણે ગોળ આકારમાં આવેલી છે. ત્યારબાદ બીજી પંક્તિમાં ૨૧૬–૨૧૬ પાતાળકળશો, ત્રીજી પંક્તિમાં ૨૧૭–૨૧૭,

૭૮૮૪ લઘુ પાતાળ કળશો

ચોથી પંક્તિમાં ૨૧૮–૨૧૮, પાંચમી પંક્તિમાં ૨૧૯–૨૧૯, છઠ્ઠી પંક્તિમાં ૨૨૦–૨૨૦, સાતમી પંક્તિમાં ૨૨૧–૨૨૧, આઠમી પંક્તિમાં ૨૨૨–૨૨૨, અને નવમી પંક્તિમાં ૨૨૩–૨૨૩, પાતાલકળશો છે, જેથી એક આંતરામાંની ૯ પંક્તિઓમાં સર્વમળીને ૧૯૭૧ પાતાલકળશો છે, અને ચારે આંતરાના સર્વ કળશો ગણતાં [૧૯૭૧×૪=] ૭૮૮૪ લઘુ પાતાલકળશો થાય છે. અહિં છેલ્લી નવમી પંક્તિ ધાતકીખંડતરફ શિખાની બાહ્યપરિધિમાં આવેલી છે, અને પહેલી પંક્તિથી ધાતકીખંડતરફ જતાં મોટા મોટા પરિધિ હોવાથી દરેક આંતરામાં એકેક પાતાળકળશ અધિક અધિક છે. તથા એ લઘુ પાતાળકળશો પણ પરસ્પર યથાસંભવ કંઈક આંતરે આંતરે રહેલા છે, પણ એકબીજાને અડીને રહ્યા નથી.

લઘુપાતાળ કળશોનું પ્રમાણ

એ દરેક લઘુપાતાળકળશ મોટા કળશથી ૧૦૦ મા ભાગના છે, જેથી ૧૦ યોજન જાડી ઠીકરી છે, ૧૦૦ યોજન મુખે પહોળા છે, ૧૦૦ યોજન બુંધે (તળીયે) પહોળા છે, ૧૦૦૦ યોજન પેટવાળા છે, અને ૧૦૦૦ યોજન ઉંડા ભૂમિમાં દટાયેલા છે. એ

*અભ્યન્તરપરિધિસ્થાને મહાપાતાળકળશનું મુખ જો કે ૧૦૦૦૦ યોજન વિસ્તારવાળું નથી, પરંતુ સમુદ્રના મધ્યભાગમાં જ છે, તો પણ મધ્યભાગે રહેલા મુખવિસ્તારની સીધી લીટીએ–સમશ્રેણીએ અભ્યન્તરપરિધિમાં પણ ૧૦૦૦૦ મુખવિસ્તાર ગણવો અનુચિત નથી. પુનઃ અહિં બીજી એ પણ આશંકા થવા યોગ્ય છે કે—સમુદ્રનો મધ્યપરિધિ ગણવો ઉચિત છે, તેને બદલે અભ્યન્તરપરિધિ ગણીને દશહજાર યોજન મુખ કેમ ગણ્યું? મુખનો મધ્યવિસ્તાર મધ્યસમુદ્રમાં હોવાથી મધ્યપરિધિ ગણવો જોઈએ, એ શંકાના સમાધાનમાં એટલું જ કહી શકાય કે લઘુકળશોની પહેલી પંક્તિ જે સ્થાને ગોઠવી છે તેજ સ્થાનનો પરિધિ ગણવો યોગ્ય હોવાથી મધ્યપરિધિ ન ગણતાં અભ્યન્તર પરિધિ જ ગણ્યો, અને મુખનો મધ્યવિસ્તાર ત્યાં ન હોવા છતાં સીધી લીટી પ્રમાણે મધ્યવિસ્તાર બાદ કર્યો તેમાં કોઈ વિસંવાદ નથી, એ પણ ગણિતરીતિ જ છે. વળી ૨૧૫ની પહેલી પંક્તિ ૫૨૨૫૨ આંતરા પૂર્વક રહી શકે છે એમ પણ અભ્યન્તરપરિધીના પ્રમાણ ઉપરથી સ્પષ્ટ થાય છે,

પ્રમાણે એ ૭૮૮૪ લઘુ કળશો तत्थ तत्थ प्पएसेसु [તે તે સ્થાનમાં] એટલે ચાર મોટા કળશોનાં ચાર આંતરામાં રહેલા છે, આ દરેક કળશના પણ અધિપતિ દેવો છે તે સાતમી ગાથામાં કહેવાશે. વળી એ લઘુ કળશો પણ સચિત્ત વજ્રરત્નમય પૃથ્વીના છે. ॥ ૬ ॥ ૨૦૦ ॥

कालो अ महाकालो, वेलंबपभंजणे अ चउसु सुरा।
पलिओवमाउणो तह, सेसेसु सुरा तयद्धाऊ ॥७॥२०१॥

अवतरणः—હવે આ ગાથામાં એ સર્વ કળશોના અધિપતિ દેવો કહેવાય છે—

શબ્દાર્થ:—

कालो–કાળ નામનો દેવ
महाकालो–મહાકાલ
वेलंब–વેલંબ
पभंजणे–પ્રભંજન
चउसु–ચારે મહાકળશોના
सुरा–દેવ
पलिओवमाउणो–પલ્યોપમના આયુષ્યવાળા
तह–તથા
सेसेसु–શેષ લઘુકળશોના
तय अद्ध आऊ–તેથી અર્ધ આયુષ્યવાળા

ગાથાર્થઃ—ચાર મહાકળશોના ચાર અધિપતિદેવ કાળ–મહાકાળ–વેલંબ–અને પ્રભંજન એ નામના છે, તે ચારે દેવો પલ્યોપમના આયુષ્યવાળા છે, અને શેષ લઘુકળશોના અધિપતિ જે દેવો છે તે સર્વ તેથી અર્ધ આયુષ્યવાળા [૦॥ પલ્યોપમ આયુષ્યવાળા] છે ॥ ૭ ॥ ૨૦૧ ॥

વિસ્તરાર્થ :—પૂર્વદિશામાં વડવામુખ નામના કળશનો અધિપતિ काल નામનો દેવ છે, દક્ષિણદિશામાં કેયૂપનામના કળશનો અધિપતિ महाकाल દેવ છે, પશ્ચિમ દિશામાં યૂપ નામના કળશનો અધિપતિ वेलंब દેવ છે, અને ઉત્તરદિશામાં ઈશ્વર નામના કળશનો અધિપતિ प्रभंजन નામનો દેવ છે, એ ચારે દેવો એકપલ્યોપમના આયુષ્યવાળા છે, તે દેવોની [1]રાજધાનીઓ અસંખ્યદ્વીપસમુદ્ર વીત્યાબાદ આવેલા બીજા લવણસમુદ્રમાં પોતપોતાની દિશિમાં વિજયદેવ સરખી ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી છે, શેષ ૭૮૮૪ લઘુ પાતાલકળશોના અધિપતિ દેવો ૦॥ પલ્યોપમના આયુષ્યવાળા છે. ॥ ૭ ॥ ૨૦૧ ॥

૧. આ દેવોની રાજધાનીઓ શ્રી જીવાભિગમજી વિગેરેમાં સ્પષ્ટ રીતે કહી નથી, પરન્તુ આ પ્રકરણની જ ૨૦ મી ગાથાને અનુસારે રાજધાનીઓ કહેવામાં વિસંવાદ નથી, કારણ કે પલ્યોપમના આયુષ્યવાળા અને મહર્ધિક એ ચાર દેવો છે, અને લઘુકળશાધિપતિદેવોની રાજધાનીઓ હશે કે નહિ તે શ્રી બહુશ્રુતગમ્ય. પરંતુ ૦॥ પલ્યના આયુષ્યવાળા હોવાથી એ દેવોની રાજધાનીઓ ન હોવી જોઈએ એ વિશેષ સમજાય છે.

પાતાળકળશનાં નામ.	કઈ દિશાએ	ઊંડાઈ	બુન્ધ વિસ્તાર	મધ્ય વિસ્તાર	મુખ વિસ્તાર	મુખ અન્તર	ઠીકરીની જાડાઈ	અધિપતિ દેવ	ત્રણ વિભાગોમાં વાયુ આદિ	કયે સ્થાને
વડવા મુખ	પૂર્વ	૧ લાખ યો.	૧૦ હજાર	૧ લાખ	૧૦ હજાર	૨૧૯૨૬૫	૧૦૦૦યો.	કાલ	પહેલા નીચા ૩ ભાગમાં વાયુ બીજા ૩ ભાગમાં વાયુ-જળ ઉપરના ૩ ભાગમાં જળ	મધ્યવર્તી
કેયૂપ	દક્ષિણ	,,	,,	,,	,,	,,	,,	મહાકાલ		
યૂપ	પશ્ચિમ	,,	,,	,,	,,	,,	,,	વેલંબ		
ઈશ્વર	ઉત્તર	,,	,,	,,	,,	,,	,,	પ્રભંજન		
લઘુકળશ ૭૮૮૪	ચારે વિદિશામાં ચારકળશોના ચાર આંતરામાં ૯-૯ પંક્તિએ ૨૧૩થી ૨૨૩	૧૦૦૦ યો.	૧૦૦ યો.	૧૦૦૦યો.	૧૦૦ યો.	યથાસંભવ	૧૦ યો.	દરેકના જુદા	,,	,,

अवतरण :—હવે એ પાતાલકળશોમાં શું શું રહ્યું છે? તે અને તેમાં રહેલા વાયુથી જે વેલવૃદ્ધિ થાય છે તે આ ગાથામાં કહેવાય છે.

सव्वेसिमहोभागे, वाऊ मज्झिल्लयंमि जलवाऊ।
केवलजलमुवरिल्ले, भागदुगे तत्थ सासुव्व ॥८॥२०२॥
बहवे उदारवाया, मुच्छंति खुहंति दुन्निवाराओ।
एगअहोरत्तंतो, तया तया वेलपरिवुड्ढी ॥९॥२०३॥

શબ્દાર્થ:—

सव्वेसिं—સર્વ કળશોના
अहोभागे—અધોભાગે, નીચે
मज्झिल्लयंमि—મધ્યભાગે
केवलजल—કેવળ જળ
उवरिल्ले—ઉપલા ભાગમાં
भागदूगे—બે ભાગમાં
तत्थ—ત્યાં, કળશોમાં
सासुव्व—શ્વાસવત્

बहवे—ઘણા
उदारवाया—મોટા વાયરા
मुच्छंति—સમ્મૂર્છે છે, ઉત્પન્ન થાય છે.
खुहंति—ક્ષોભ પામે છે, ઉછળે છે
दुन्निवाराओ—બે વાર
एगअहोरत्त अंतो—એક અહોરાત્રમાં
तया तया—ત્યારે ત્યારે
वेलपरिवुड्ढी—વેલની વૃદ્ધિ થાય છે

गाथार्थः—સર્વ કળશોની નીચેના ત્રિભાગમાં કેવળ વાયુ હોય છે, મધ્ય ત્રિભાગમાં વાયુ અને જળ એ મિશ્ર હોય છે, અને ઉપરના ત્રિભાગમાં કેવળ જળ હોય છે, ત્યાં નીચેના બે ભાગમાં શ્વાસોચ્છ્વાસની પેઠે ઘણા મોટા વાયરા ઉત્પન્ન થાય છે, અને એક અહોરાત્રમાં બેવાર એ રીતે ઉત્પન્ન થઈ ક્ષોભ પામે છે, તેમ તેમ સમુદ્રની વેલ વૃદ્ધિ પામે છે ॥ ૮–૯ ॥ ૨૦૨ ॥ ૨૦૩ ॥

॥ પાતાલ કળશોના મોટા વાયરા અને તેથી વેલવૃદ્ધિ

विस्तरार्थः—ચાર મહા પાતાલકળશો ૧ લાખ યોજન ઉંડા અથવા ઉંચા છે તેનો ત્રીજો ભાગ ૩૩૩૩૩$\frac{1}{3}$ યોજન છે, જેથી નીચેના ૩૩૩૩૩$\frac{1}{3}$ યોજનમાં ફક્ત વાયુ હોય છે, તેની ઉપરના ૩૩૩૩૩$\frac{1}{3}$ યોજનમાં વાયુ અને જળ બન્ને મિશ્ર રહે છે અને ઉપરના ૩૩૩૩૩$\frac{1}{3}$ યોજનમાં કેવળ જળ હોય છે, અને એ રીતે લઘુકળશોના ૩૩૩$\frac{1}{3}$ યોજન જેટલા ત્રણ ભાગમાં વાયુ–જળવાયુ અને જળ હોય છે, એ પ્રમાણે નીચેના બે ભાગમાં વાયુ મૂર્છે છે, એટલે સ્વભાવથી જ મોટા વાયરા ઉત્પન્ન થાય છે, અને ક્ષોભ પામે છે એટલે ઉંચે ઉછળે છે, જેમ મનુષ્યના પેટમાં રહેલો શ્વાસોચ્છ્વાસરૂપ પ્રાણવાયુ પેટમાં સ્વભાવથી જ ઉત્પન્ન થઈ ઉચ્છ્વાસ રૂપે બહાર નિકળે છે,

તેમ કળશમાં મહાવાયુ ઉત્પન્ન થઈ કળશની બહાર નીકળવાનો પ્રયત્ન કરતા હોય તેમ ઉંચા ઉછળે છે, અને તેથી કળશોનું જળ બહાર નીકળવાના પ્રયત્નથી કળશોની ઉપર રહેલું ૧૭૦૦૦ યોજન ઉંચું શિખાજળ પણ ઉંચું ઉછળે છે. જેથી શિખાની ઉપરનું જળ બે ગાઉ સુધી ઉછળીને સ્વભાવથી અથવા અનુવેલંધર દેવોના પ્રયત્નથી અટકે છે. અને બે પડખે ફેલાતું જળ શિખાભીત્તિથી વિશેષ આગળ વધતું નથી, પરન્તુ ૭૦૦ યોજન વૃદ્ધિવાળા ભાગમાંથી આખા સમુદ્રનું જળ અમુકમર્યાદાએ વધીને કિનારો છોડી ઉપરાન્ત વધી જાય છે, તેમાં પણ જ્યાં જ્યાં જગતીવડે રોધાયલું છે તે તો જગતીને જ અથડાય છે, અને જગતીમાંનાં કેટલાંક વિવરોમાં થઈને જે જળ દ્વીપની અંદર પ્રવેશ કરેલું હોય છે તે જળ ભૂમિ ઉપર વધી જાય છે, અને તે કળશા ।। મોટા વાયરા જ્યારે શાન્ત થાય છે ત્યારે ભૂમિ ઉપર વધેલું દ્વીપવર્તી જળ અને શિખા ઉપર વધેલું બે ગાઉ ઉંચી વેલનું જળ એ બન્ને ઉતરીને મૂળ સ્થાને આવી જાય છે.

વળી એવા પ્રકારના કળશવાયુઓના ક્ષોભ એક અહોરાત્રમાં બે વખતજ થાય છે, તેથી વેલવૃદ્ધિ પણ દિવસમાં બે વાર જ હોય છે. તથા અષ્ટમી પૂર્ણિમા અને ચતુર્દશી તથા અમાવાસ્યા એ ચાર દિવસોમાં એ વાયરાઓ ઘણો ક્ષોભ પામે છે, તેથી એવા દિવસોમાં વેલવૃદ્ધિ ઘણી અધિક થાય છે.

અન્યદર્શનમાં કેટલાક લોક એમ માને છે કે સમુદ્રનો પુત્ર ચંદ્ર છે, તે ચંદ્ર શુદિ દિવસોમાં વિશેષ વૃદ્ધિવાળો હોવાથી બહુ ખુશી થયેલો ચંદ્રનો પિતા બહુ ઉછળે છે, એટલે જાણે ચંદ્રને ભેટવા જતો હોય તેમ ઉંચો ઉછળે છે, પરન્તુ એ સર્વ કવિઓની કલ્પના છે, અને વાસ્તવિક કારણ તો સમુદ્રનો વાયુવિકાર જ છે. ।। ૮–૯ ।। ૨૦૨ ૨૦૩ ।।

अवतरणः—હવે શિખાની ત્રણે બાજુ થતી જળવૃદ્ધિને અટકાવવા માટે નિયુકત થયેલા દેવોની સંખ્યા આ ગાથામાં કહેવાય છે—

बायालसट्ठिदुसयरि–सहसा नागाण मज्झुवरिबाहिं ।
वेलं धरंति कमसो, चउहत्तरु लक्खु ते सव्वे ।।१०।।२०४।।

શબ્દાર્થ :—

बायाल (सहसा)–બેંતાલીસ હજાર
सट्ठिं (सहसा)–સાઠ હજાર
दुसयरि सहसा–બહોત્તર હજાર
नागाण–નાગકુમાર દેવોની સંખ્યા
मज्झ उवरिं बाहिं–અંદર ઉપર બહાર
वेलं–વેલને, વધતા જળને
धरंतिं–ધરે છે, અટકાવે છે
कमसो–અનુક્રમે
चउहत्तरु लक्खु–ચુમોત્તર હજાર એક લાખ
ते सव्वे–તે સર્વ વેલંધર દેવો

ગાથાર્થઃ—અનુક્રમે ૪૨૦૦ નાગકુમાર દેવો મધ્યવેલને (જંબૂદ્વીપ તરફની વેલને) અટકાવે છે, ૬૦૦૦૦ દેવો શિખાની ઉપર વધતી વેલને અટકાવે છે, અને ૭૨૦૦૦ દેવો બહારના ભાગમાં વધતી વેલને અટકાવે છે. એ પ્રમાણે એ સર્વનાગકુમાર દેવો ૧૭૪૦૦૦ છે ॥ ૧૦ ॥ ૨૦૪ ॥

વેલવૃદ્ધિને અટકાવનારા નાગકુમાર દેવો

વિસ્તરાર્થ :—શિખાની અભ્યન્તરની બાજુએ એટલે જંબૂદ્વીપતરફના ભિત્તિભાગે વધતા જળને ૪૨૦૦૦ (બેંતાલીસ હજાર) નાગકુમાર દેવો અટકાવે છે, એટલે જળની ભિત્તિની સપાટીમાંથી વિશેષ ખસવા દેતા નથી, તેવી જ રીતે શિખાની બહારની બાજુમાં પણ ૬૦૦૦૦ (સાઠ હજાર) નાગકુમાર દેવો જળને ધાતકી ખંડ તરફ ખસવા દેતા નથી, અને શિખાની ઉપરના ભાગમાં બે ગાઉ જેટલું ઉંચું વધવા દઈને અધિક વધતું અટકાવવાને નિયુક્ત થયેલા ૭૨૦૦૦ નાગકુમાર દેવો છે. એ પ્રમાણે ત્રણે બાજુ વધતા જળને અટકાવવા માટે દેવો તે તે સ્થાને હાથમાં મોટા કડછા રાખીને આકાશમાં રહેલા હોય છે, તે કડછાઓવડે વધતા જળને આઘાત કરી કરીને અટકાવે છે.

વળી એ બધું જળ અટકાવવાનું કામ સમભૂમિથી ૭૦૦ યોજન જળવૃદ્ધિથી ઉપરાન્તની શેષ શિખામાં જ એટલે સમભૂમિથી ૧૬૦૦૦ ઉંચી શિખામાં ૭૦૦ બાદ કરતાં ૧૫૩૦૦ જેટલી ઉંચી શિખામાં જ ચાલે છે, અને ૭૦૦ યોજન જેટલા ઉંચા વિભાગમાંનું વધતું જળ તો પૂર્વ ગાથાના વિસ્તરાર્થમાં કહ્યા પ્રમાણે વધીને અમુક હદ સુધી દ્વીપમાં પણ પ્રવેશે છે, અને તેથી મૂળ કિનારાને છોડીને પણ ભૂમિઉપર વધી જાય છે, અને કળશવાયુઓના મહાન્ ક્ષોભથી પણ એ (૭૦૦ યોજનમાંનું) જળ ઘણું વધવું જોઈએ તેને બદલે અતિઅલ્પ વધીને જ અટકે છે તે જગત્સ્વભાવે જ, અથવા દ્વીપવર્તી શ્રીસંઘ આદિક પુણ્યવંતોના પુણ્યપ્રભાવે જ સમુદ્રજળ નિયમિતમર્યાદા છોડીને વધતું નથી. તથા શિખાનું જળ ઉપર ગમે તેટલું વધે તો કોઈ હરકત નથી, પરંતુ બે બાજુએ ભિત્તિભાગમાંથી (વાયુઓના નિર્વિઘ્ન ક્ષોભપૂર્વક) વધવા માંડે તો પણ દ્વીપને ડૂબાવી દે, માટે એ રીતે પણ નહિ વધવામાં જગત્. સ્વભાવ તથા શ્રીસંઘાદિકનો પુણ્યપ્રભાવ [1]કારણરૂપ ગણવામાં કોઈ વિરોધ નથી.

એ પ્રમાણે વેલવૃદ્ધિને રોકનારા સર્વ નાગકુમાર દેવો એકલાખ ચુમોત્તર હજાર ૧૭૪૦૦૦ છે, એ સર્વ ભવનપતિની બીજી નિકાયના છે. ॥૧૦॥૨૦૪॥

અવતરણ :—પૂર્વગાથામાં વધતી વેલને અટકાવનારા જે વેલંધરદેવો કહ્યા તેના અને તેની આજ્ઞામાં વર્તનારા અનુવેલંધર દેવો તેના સર્વ મળી આઠ પર્વત આ સમુદ્રમાં છે તે આ ગાથામાં કહેવાય છે.

---

૧ અથવા એ વેલવૃદ્ધિ દેવોના પ્રયત્ન છતાં પણ અટકે એવી નથી, છતાં પણ અટકે છે, એટલે વિશેષ વધતી નથી તેનું કારણ શ્રીસંઘાદિકનો પુણ્યપ્રભાવ તથા જગત્સ્વભાવ તથા સમુદ્રનાજ બીજા બહારના પ્રતિકૂળ મોટા વાયરા છે.

बायालसहस्सेहिं, पुव्वेसाणाइदिसिविदिसि लवणे ।
वेलंधराणुवेधरराईणं गिरिसु वासा ॥११॥२०५॥

શબ્દાર્થ :—

बायालसहस्सेहिं—બેંતાલીશ હજાર યોજન દૂર
पुव्व ईसाणाइ—પૂર્વ આદિ અને ઈશાન આદિ
दिसि विदिसि—દિશિમાં અને વિદિશીઓમાં
लवणे—લવણસમુદ્રમાં
वेलंधर—વેલંધર રાજાઓના
अणुवेलंधरराईण—અનુવેલંધર રાજાઓના
गिरिसु—પર્વતો ઉપર
वासा—નિવાસસ્થાનો છે.

गाथार्थ :—લવણસમુદ્રમાં ૪૨૦૦૦ યોજન દૂર જઈએ ત્યાં પૂર્વઆદિ ચાર દિશાઓમાં વેલંધરરાજાઓના અને ઈશાન આદિ ચાર વિદિશિઓમાં અનુવેલંધર રાજાઓના પર્વતો આવે છે, તે ઉપર તેમના આવાસ (પ્રાસાદ) છે. ॥૧૧॥૨૦૫॥

विस्तरार्थ :—वेल–સમુદ્રની વધતી વેલને धर-ધારણ કરનાર જે પૂર્વે ૧૭૪૦૦૦ નાગકુમાર દેવ કહ્યા તેમના રાજા એટલે અધિપતિ ચાર દેવો છે, તથા વેલંધરને અનુ-અનુસરનારા એટલે ૧૭૪૦૦૦ દેવોની આજ્ઞાને અનુસરનારા તે અનુવેલંધર દેવોના પણ ચાર અધિપતિ દેવો છે, એ પ્રમાણે ચાર વેલંધરાધિપતિદેવોના અને ચાર અનુવેલંધરાધિપતિના ૪-૪ પર્વતો લવણસમુદ્રમાં જંબૂદ્રીપના કિનારાથી ૪૨૦૦૦ યોજન દૂર છે, ત્યાં ચાર દિશામાં વેલંધરના અને ચાર વિદિશામાં અનુવેલંધરના ચાર ચાર પર્વતો છે, એ આઠે પર્વતો ઉપર આઠ અધિપતિદેવોના આઠપ્રાસાદ છે, તેમાં કોઈ વખતે આવીને બેસે છે, અને આરામ લે છે, અને એ આઠેનું મૂળ સ્થાન તો અસંખ્ય દ્વીપસમુદ્ર વ્યતીત થયાબાદ આવતા બીજા લવણસમુદ્રમાં પોતપોતાની દિશિમાં ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી વિજયરાજધાની સરખી ગોસ્તૂપાદિ રાજધાનીઓ છે, આઠે દેવોનું આયુષ્ય એકેક પલ્યોપમનું છે. અને એ આઠ અધિપતિઓ પણ નાગકુમારનિકાયના છે. ॥ ૧૧ ॥ ૨૦૫ ॥

अवतरण:—હવે કયા પર્વતઉપર કયો અધિપતિ દેવ છે ? તેનાં નામ કહેવાય છે—

गोथूभे दगभासे संखे दगसीमनामि दिसि सेले ।
गोथूभो सिवदेवो, संखो अ मणोसिलो राया ॥१२॥२०६॥
कक्कोडे विज्जुपभे केलासऽरुणप्पहे[१] विदिसिसेले ।
कक्कोडगु कद्दमओ केलास रुणप्पहो सामी ॥१३॥२०७॥

१ रुणुप्पहे, रुणुप्पहो એવો પાઠ મુદ્રિત લઘુક્ષેત્રસમાસમાં છે.

શબ્દાર્થ:—

गोथूभे-ગોસ્તૂપ પર્વત ઉપર	गोथूभो-ગોસ્તૂપ નામનો દેવ
दगभासे-દકભાસ પર્વત ઉપર	सिवदेवो-શિવદેવ નામનો દેવ
संखे-શંખ પર્વત ઉપર	संखो-શંખદેવ
दगसीम नामि-દકસીમ નામના પર્વત ઉપર	मणोसिलो-મનોશિલદેવ
दिसि सेले-એ દિશાના પર્વતો ઉપર	राया-રાજા, અધિપતિ છે.

कक्कोडे-કર્કોટક પર્વત ઉપર	कक्कोडगु-કર્કોટક નામનો દેવ
विज्जुपमे-વિદ્યુત્પ્રભ પર્વત ઉપર	कद्दमओ-કર્દમક દેવ
केलास-કૈલાસ પર્વત ઉપર	केलास-કૈલાસ દેવ
रुणप्पहे-અરૂણપ્રભ પર્વત ઉપર	रुणप्पहो-અરૂણપ્રભ દેવ
विदिसिसेले-એ વિદિશિના પર્વતો ઉપર	सामी-સ્વામી, અધિપતિ

गाथार्थः—ગોસ્તૂપ નામના પર્વતઉપર ગોસ્તૂપદેવનો નિવાસ છે, દકભાસ પર્વત ઉપર શિવદેવનો, શંખ પર્વતઉપર શંખદેવનો અને દકસીમ નામના પર્વતઉપર મનઃશિલ નામનો દેવ અધિપતિ છે, એ પ્રમાણે ચાર દિશાના ચાર પર્વતો ઉપર એ ચાર દેવો અધિપતિ કહ્યા ॥ ૧૨ ॥ ૨૦૬ ॥

તથા કર્કોટકપર્વતનો અધિપતિ કર્કોટક દેવ છે, વિદ્યુત્પ્રભપર્વતનો કર્દમક દેવ છે, કૈલસપર્વતનો કૈલાસદેવ, અને અરૂણપ્રભપર્વતનો અધિપતિ અરૂણપ્રભ નામે દેવ છે, એ પ્રમાણે વિદિશિના ચાર અનુવેલંધર પર્વતના અધિપતિ કહ્યા ॥ ૧૩ ॥ ૨૦૭ ॥

विस्तरार्थः—ગાથાર્થવત્ સુગમ છે અને એ દેવોની રાજધાની આદિ વિગત પૂર્વ ગાથાના વિસ્તરાર્થમાં કહી છે. તથા પર્વતઉપરના આઠે પ્રાસાદ ૬૨ ॥ યોજન ઉંચા અને ૩૧। યોજન વિસ્તારવાળા છે. એ પ્રાસાદોના મધ્યભાગે સર્વરત્નમય મણિપીઠિકા ૧ યોજન વિસ્તારવાળી અને ०॥ યોજન ઉંચી છે, અને તે ઉપર અધિપતિદેવને બેસવા યોગ્ય એક સિંહાસન છે, અને તેને ફરતાં સામાનિકાદિ દેવોનાં ભદ્રાસનો છે, એ પ્રમાણે વિજયદેવના પ્રાસાદ સરખો એ પ્રાસાદ છે. પોતાની ગોસ્તૂપા આદિ નામવાળી રાજધાનીમાંથી જ્યારે અહિં આવે ત્યારે પરિવારસહિત પોતાના પ્રાસાદમાં બેસે છે, નહિતર પ્રાસાદ શૂન્ય રહે છે, પરન્તુ પર્વતઉપરના મનોહર સપાટ પ્રદેશોમાં તો હંમેશાં અનેક દેવદેવીઓ ફરતા વા સૂતા બેસતા હોય છે. ॥ ૧૨–૧૩ ॥ ૨૦૬–૨૦૭ ॥

अवतरणः—હવે આ ગાથામાં આઠ વેલંધરપર્વતોનું પ્રમાણ તથા વર્ણ વિગેરે કહેવાય છે—

॥लवण समुद्रमां ८ वेलंधर पर्वत अने १२-१२चंद्रसूर्यना द्वीप, १ गौतमद्वीप॥

[ગા૦ ૨૦૯, પૃ૦ ૩૦૧]

૪ વેલંધરપર્વત દિશામાં
૪ અનુવેલંધરપર્વત વિદિશામાં
૧૨ ચંદ્રદ્વીપ પૂર્વદિશામાં

૧૨ સૂર્યદ્વીપ પશ્ચિમદિશામાં
૧ ગૌતમદ્વીપ ,,
૪ સૂર્યદ્વીપ વચ્ચે ગૌતમદ્વીપ છે.



૮ પર્વતો ૧૭૨૧ યોજન ઉંચા ૨૫ દ્વીપો ૧૨૦૦૦ યો૦ જંબૂ૦ થી દૂર
૧૦૨૨ યો૦ મૂળ વિસ્તાર ૧૨૦૦૦ યો૦ વિસ્તૃત
૪૨૪ યો૦ શિખર વિસ્તાર ૮૮॥ ૪૦/૯૫ યો૦ જંબૂ૦ તરફ જળથી ઉપર
૯૯૯ ૪૦/૯૫ યો૦ જળ ઉપર જંબૂ તરફ ૨ ગાઉ જળથી ઉંચા શિખા તરફ
૯૬૩ ૭૦/૯૫ યો૦ ,, શિખા તરફ
૪૨૦૦૦ યો૦ જંબૂ૦ થી દૂર

ए ए गिरिणो सव्वे, बावीसहिआ य दससया मूले ।
चउसय चउवीसहिआ, विच्छिन्ना हुंति सिहरतले ॥१४॥२०८॥
सतरससय इगवीसा, उच्चत्त ते सवेइआ सव्वे ।
कणगंकरयय फालिह, दिसासु विदिसासु रयणमया ॥१५॥२०९॥

શબ્દાર્થ:—

एए गिरिणो-એ પર્વતો	चउसय-ચારસો
बावीस अहिआ-બાવીસ અધિક	चउवीस अहिआ ચોવીસ અધિક
दस सया-દસ સો, એક હજાર	विच्छिन्न-વિસ્તીર્ણ, પહોળા
मूले-મૂળમાં ભૂમિ અંદર	सिहरतले-શિખર ઉપર

सतरससयइगवीसा-સત્તરસો એકવીસ	कणग-કનકના, સુવર્ણના
उच्चत्त-ઉંચાઈમાં	अंक-અંક રત્નના
ते-તે સર્વે પર્વતો	रयय-રજતમય, રૂપાના
सवेइआ-વેદિકા સહિત	फालिह-સ્ફટિકમય
सव्वे સર્વે	रयणमया-રત્નમય

ગાથાર્થ:—એ સર્વે પર્વતો મૂળમાં ૧૦૨૨ યોજન વિસ્તારવાળા, અને શિખર ઉપર ૪૨૪ યોજન વિસ્તારવાળા [ઊર્ધ્વગોપુચ્છાકાર] છે. ॥ ૧૪ ॥ ૨૦૮ ॥ તથા તે સર્વે પર્વતો ૧૭૨૧ યોજન ઉંચા છે, પર્યન્તે વેદિકા સહિત છે, પૂર્વાદિ દિશાઓમાં અનુક્રમે સુવર્ણ—અંકરત્ન—રૂપું—અને સ્ફટિકના છે, તથા વિદિશામાં ચારે પર્વત રત્નના (શ્વેતવર્ણે) છે. ॥ ૧૫ ॥ ૨૦૯ ॥.

विस्तरार्थ-ગાથાર્થવત્ સુગમ છે.

अवतरण:—એ આઠ વેલંધર પર્વતો જળઉપર કેટલા દેખાય છે? તે કહેવાય છે—

णवगुणहत्तरिजोअण, बहि जलुवरि चत्त पणणवइभाया ।
एए मज्झे णवसय, तेसट्ठा भाग सगसयरि ॥१६॥२१०॥

શબ્દાર્થ:—

णवगुणहत्तरि-નવસે ઓગણોત્તર	एए-એ આઠે પર્વતો
बहि-બહાર, જંબૂદ્વીપતરફ	मज्झे-મધ્યભાગે, શિખાતરફ
जल उवरि-જળની ઉપર	णवसयतेसट्ठ-નવસો ત્રેસઠ યોજન
चत्त पणणवइभाया-પંચાણુઆ ચાલીસ ભાગ	भाग सगसयरि-સિત્તોત્તર ભાગ

गाथार्थः—એ આઠે પર્વતો [1]બહાર જંબૂદ્વીપતરફ જળના ઉપર નવસો અગુણોત્તર યોજન અને પંચાણુઆ ચાલીસ ભાગ [૯૬૯$\frac{૪૦}{૯૫}$ યોજન] ઉંચા દેખાય છે, અને [1]મધ્યભાગે શિખાતરફ નવસો ત્રેસઠ યોજન ઉપરાન્ત પંચાણુઆ સિત્તેર ભાગ [૯૬૩$\frac{૭૦}{૯૫}$ યોજન] જળથી ઉંચા દેખાય છે ॥ ૧૬ ॥ ૨૧૦ ॥.

विस्तरार्थः—આ આઠે પર્વતો જળમાં કેટલા ડુબેલા છે, અને જળની ઉપર બહાર કેટલા દેખાય છે તે અહિં દર્શાવવાનું છે, તેમાં પ્રથમ એ પર્વતો જંબૂદ્વીપના પર્યન્ત કિનારાથી ૪૨૦૦૦ યોજન દૂર છે, એમ કહેવાયું છે, અને ૯૫૦૦૦ યોજન સુધીમાં ૭૦૦ યોજન જેટલું જળ ક્રમશઃ ઉંચું વધતું ગયું છે. એ વાત પણ પૂર્વે કહી છે, તો એ ઉપરથી ત્રિરાશિગણિત કરવાથી તે સ્થાને જળ કેટલું છે ? તે પ્રથમ જાણ્યા-બાદ ત્યાં ગોતીર્થ કેટલું છે તે જાણીને એનો સર્વાળો કરીએ તેટલા પાણીમાં ડૂબેલા છે, અને પર્વતની ઉંચાઈમાંથી બાદ કરતાં બાકી રહે તેટલા જળ ઉપર દેખાય છે, તે આ પ્રમાણે—

યોજન ગયે ગોતીર્થ તો યોજને કેટલું ? $\frac{૪૨૦૦૦ \times ૧૦૦૦}{૯૫૦૦૦} = \frac{૪૨૦૦૦}{૯૫}$

૯૫૦૦૦ — ૧૦૦૦ — ૪૨૦૦૦

૯૫)૪૨૦૦૦(૪૪૨ યોજન
૪૧૯૯૦
૦૦૦૧૦ શેષ

અર્થાત્ ૪૪૨ યોજન ૧૦ ભાગ ગોતીર્થ છે.

યોજને યો. જળવૃદ્ધિ તો યોજને કેટલી ? $\frac{૪૨૦૦૦ \times ૭૦૦}{૯૫૦૦૦} = \frac{૨૯૪૦૦}{૯૫}$

૯૫૦૦૦ ૭૦૦ ૪૨૦૦૦

૯૫)૨૯૪૦૦(૩૦૯ યોજન
૨૯૩૫૫
૦૦૦૪૫ શેષ

૪૪૨–૧૦ ગોતીર્થ
૩૦૯–૪૫ જળવૃદ્ધિ
૭૫૧–૫૫ જળવૃદ્ધિ

---

૧ बहि–બહાર એ શબ્દનો અર્થ વ્યવહારૂ રીતે તેમજ બીજા ગ્રંથોમાં કહ્યા પ્રમાણે "લવણ-સમુદ્રની શિખાતરફ" થાય છે, અને मज्झ=મધ્ય–અભ્યન્તર એ શબ્દનો અર્થ જંબૂદ્વીપ તરફ થાય છે, પરન્તુ આ પ્રકરણમાં એ બન્ને શબ્દનો અર્થ એથી વિપરીત કરવાનો છે. જેથી बहि એટલે જંબૂદ્વીપ-તરફ અને मज्झ એટલે શિખા તરફ એવો વિલક્ષણ અર્થ કરવાનો છે. એવો વિલક્ષણ અર્થ રાખવામાં પણ ગ્રંથકર્ત્તાની અપેક્ષા જો કે બંધબેસતી છે, પરન્તુ સ્થૂલદૃષ્ટિએ કંઈક ગુંચવણવાળી છે, તે અપેક્ષા આ પ્રમાણે—જંબૂદ્વીપના પર્યન્ત ભાગે ઉભા રહીને જ્યારે જંબૂદ્વીપતરફ નહિં પણ બહાર લવણસમુદ્ર-તરફ દૃષ્ટિ કરીએ ત્યારે જ જંબૂદ્વીપતરફની પર્વતાદિકની ઉંચાઈ દેખી શકાય માટે અહિં બહાર એટલે જંબૂદ્વીપતરફ એવો અર્થ ઉપજી શકે છે, અને શિખાતરફ ઉભા રહીને જ્યારે અભ્યન્તર એટલે જંબૂદ્વીપતરફ દૃષ્ટિ કરીએ ત્યારે જ શિખાતરફની બહારની ઉંચાઈ પર્વતાદિકની દેખી શકાય છે માટે એ અપેક્ષાએ મધ્ય–અભ્યન્તર એટલે શિખાતરફ એવો અર્થ થઈ શકે છે. એ પ્રમાણે આ ક્ષેત્રસમાસ પ્રકરણમાં આગળ પણ બહાર એટલે અંદર અને અભ્યન્તર એટલે બહાર એવો વિલક્ષણ અર્થ જ કરવો.

॥ जळ उपर देखातो वेलंधर पर्वत ॥

[गा० २१०, पृ० ३०२]



૧૭૨૧ પર્વતની ઊંચાઈમાંથી
૭૫૧–૫૫ જળાવગાહ બાદ કરતાં
૯૬૯–૪૦ એટલા યોજન જળઉપર જંબૂદ્વીપતરફ ઉંચાઈ છે.

એ પ્રમાણે ૭૫૧ યોજન ૫૫ પંચાણુંઆ ભાગ જેટલો પર્વત જળમાં ડૂબેલો છે, તો મૂળથી ૭૫૧$\frac{૫૫}{૯૫}$ યોજન ઉંચાઈને સ્થાને એટલે જળાવગાહના પર્યન્તે અને દષ્ટિગોચરના પ્રારંભસ્થાને પર્વતનો વિસ્તાર–પહોળાઈ કેટલી છે તે જાણીને ૪૨૦૦૦ યોજનમાં ઉમેરીને તેટલે દૂર જઈએ તો જળાવગાહ કેટલો? તે જાણ્યાબાદ શિખાતરફનો બાહ્ય દેખાવ કાઢી શકાય, માટે ૭૫૧$\frac{૪૦}{૯૫}$ યોજન જળાવગાહને અન્તે વિસ્તાર જાણવાને ગણિતની સુગમતા માટે પ્રથમ જળાવગાહના ભાગ–અંશોજ કરી નાખવા, જેથી ૭૫૧×૯૫=૭૧૩૪૫ માં ૫૫ ઉમેરતાં ૭૧૪૦૦ સર્વકળા જળાવગાહની આવી, ત્યાર બાદ वित्थारदुग विसेसो એ આ પ્રકરણની જ ૧૪ મી ગાથામાં દર્શાવેલી રીતિ પ્રમાણે એ વિસ્તારનો વિશ્લેષ કરતાં [૧૦૨૨ બાદ ૪૨૪=] ૫૯૮ આવ્યા તેને ઉંચાઈના ૧૭૨૧ વડે ભાગતાં ભાજક અધિક હોવાથી ભાગાકાર થાય નહિં માટે એ ભાગાકાર

બંધ રાખીને પ્રથમ ૫૯૮ ને ૭૧૪૦૦ વડે ગુણીને પછી ૧૭૨૧ વડે ભાગવા, જેથી ગુણાકાર [૫૯૮×૭૧૪૦૦=] ૪૨૬૯૭૨૦૦ આવ્યા, તેને ૧૭૨૧ વડે ભાગતાં જવાબ ૨૪૮૦૯ અને શેષ ૯૧૧ આવ્યા, એ ૯૧૧ શેષ તે ૭૧૨૧ ભાજકનો અર્ધ ઉપરાન્તનો ૧૭
અંક હોવાથી વ્યવહારથી પૂર્ણ ગણીને (૧ ગણીને) ૨૪૮૦૯ માં ૧ ઉમેરતાં ૨૪૮૧૦ આવ્યા, તે પંચાણુઆ ભાગ હોવાથી ૯૫ વડે ભાગતાં ૨૬૧ યોજન ૧૫ ભાગ આવ્યા, તેને મૂળવિસ્તાર ૧૦૨૨ માંથી બાદ કરતાં શેષ ૭૬૦ યોજન ૮૦ પંચાણુઆ ભાગ આવ્યા જેથી સ્પષ્ટ થયું કે પર્વતની ઉંડાઈના અન્તે અથવા દેખાવના પ્રારંભમાં પર્વતનો વિસ્તાર ૭૬૦$\frac{૮૦}{૯૫}$ યોજન છે.

હવે શિખાતરફનો જળાવગાહ જાણવા માટે એજ અંક ઉપરથી જળવૃદ્ધિ પ્રાપ્ત કરીને પૂર્વોકત જળાવગાહમાં ઉમેરવા યોગ્ય છે, માટે ગણિતની સુગમતા માટે. પ્રથમ ૭૬૦$\frac{૮૦}{૯૫}$ યોજનના સર્વ પંચાણુઆ ભાગ બનાવતાં ૭૬૦×૯૫=૭૨૨૦૦+૮૦=૭૨૨૮૦ ભાગ થયા. જેથી પુનઃ ત્રિરાશિ આ પ્રમાણે—

યોજન યો. જળવૃદ્ધિ તો ભાગે કેટલી જળવૃદ્ધિ?
૯૫૦૦૦ — ૭૦૦ — ૭૨૨૮૦

અહિં અન્ત્ય અંક ભાગરૂપ છે માટે પહેલો અંક પણ ભાગરૂપ સરખો જ હોવો જોઈએ એ ગણિત રીતિ હોવાથી ૯૫૦૦૦×૯૫=૯૦૨૫૦૦૦ ભાગ આવ્યા જેથી પુનઃ ત્રિરાશિ—

ભાગ દૂર ગયે યો. જળવૃદ્ધિ તો ભાગ દૂર ગયે કેટલી વૃદ્ધિ?
૯૦૨૫૦૦૦ — ૭૦૦ — ૭૨૨૮૦

$\frac{૭ø ø-૭૨૨૮ø}{૯૦ ૨૫øøø} = \frac{૫૦૫૯૬}{૯૦૨૫}$ ૯૦૨૫)૫૦૫૯૬(૫ યોજન

એ પ્રમાણે ૫ યોજન ઉપરાન્ત ૫૪૭૧ શેષ તે પ્રતિભાગ રૂપ ગણાય, જેથી ૯૫ વડે ભાગતાં ૫૭ ભાગ આવ્યા અને ૫૬ પ્રતિભાગ શેષ રહ્યા તે ભાજક ૯૫ ના અર્ધ ઉપરાંત હોવાથી વ્યવહારે સંપૂર્ણ ગણી ૧ ભાગ ગણીએ તો ૫૭+૧=૫૮ ભાગ આવ્યા, જેથી ૫ યોજન ૫૮ ભાગ જેટલી જળવૃદ્ધિ જંબૂદ્વીપતરફની જળ વૃદ્ધિથી અધિક આવવાથી પૂર્વોક્ત જળવૃદ્ધિમાં ઉમેરતાં

```
 ૪૫૧૨૫
 ─────
 ૦૫૪૭૧ શેષ પ્રતિભાગ
=૫ ૫૪૭૧/૯૦૨૫
૯૫)૫૪૭૧(૫૭ ભાગ
   ૪૭૫
   ───
   ૭૨૧
   ૬૬૫
   ───
    ૫૬ શેષ પ્રતિભાગ.
```

૭૫૧–૫૫ અભ્યન્તરે જળથી [૪૨૦૦૦ યોજન દૂરની]
૫–૫૮ અધિક જળવૃદ્ધિ બાહ્ય ભાગે [૭૬૦$\frac{૮૦}{૯૫}$ વ્યાસની]
૭૫૬–૧૧૩
બાદ ૯૫
\+ ૧
૭૫૭–૧૮ જળ ૪૨૭૬૦$\frac{૧૮}{૯૫}$ યોજન દૂર પ્રાપ્ત થયું.

એ પ્રમાણે ૭૫૭–૧૮ જળમાં ૧૭૨૧ યોજન ઉંચો પર્વત ડુબેલો હોવાથી તે

૧૭૨૧—૦ ઉંચાઈમાંથી
૭૫૭–૧૮ જળાવગાહ બાદ કરતાં
૯૬૩–૭૭

૧૭૨૧ માંથી બાદ કરતાં ૯૬૩ યોજન ૭૭ પંચાણુઆ ભાગ જેટલો પર્વત શિખા તરફ જળથી ઉંચો દેખાય અથવા બીજી રીતે ગણીએ તો જે ૫ યોજન ૫૮ ભાગ આવ્યા છે, તેને અભ્યન્તર દ્રષ્ટિગોચરમાંથી બાદ કરતાં પણ એજ જવાબ આવે, તે આ પ્રમાણે—

૯૬૯–૪૦ જંબૂદ્વીપતરફ દ્રષ્ટિગોચર પર્વત, તેમાંથી
૫–૫૮ બાદ કરતાં [૪૦ માંથી બાદ ૫૮ન જાય માટે ૯૬૯ને બદલે ૯૬૮ યોજન રાખી ૧ યોજનના ૯૫ ભાગ ૪૦ માં ઉમેરતાં ૧૩૫ ભાગ થાય જેથી પુનઃ

યો. ભાગ.
૯૬૮ – ૧૩૫ માંથી
૫ – ૫૮બાદ
૯૬૩ – ૭૭

અંક સ્થાપના કરી બાદ કરતાં પણ એ જ જવાબ આવે. જેથી એમ સ્પષ્ટ થયું કે શિખાતરફ બહાર ભાગમાં એ પર્વતો ૯૬૩$\frac{૭૭}{૯૫}$ યોજન જળથી ઉંચા દેખાય છે ॥ ૧૬ ॥ ૨૧૦ ॥

॥ લવણસમુદ્રમાં ૫૬ અન્તર્દ્વીપ ॥

अवतरण:—હવે લવણસમુદ્રમાં ૫૬ અન્તર્દ્વીપનું વર્ણન કરાય છે—

हिमवंतंता विदिसीसाणाइगयासु चउसु दाढासु ।
सग सग अंतरदीवा, पढमचउक्कं च जगईओ ॥१७॥२११॥
जोअण तिसएहिं तओ, सयसयवुड्ढी अ छसु चउकेसु ।
अन्नुन्न जगइ अंतरि अंतरसम वित्थरा सव्वे ॥१८॥२१२॥

શબ્દાર્થ :—

हिमवंत अंता—હિમવંતપર્વતને અન્તે રહેલા
विदिसी—વિદિશાએ
ईसाणाइगयासु–ઈશાન આદિકમાં રહેલી
चउसु दाढासु–ચાર દાઢાઓમાં–ઉપર
सग सग–સાત સાત
अंतरदीवा–અન્તરદ્વીપો છે.
पढमचउक्कं–પહેલુ ચતુષ્ક, પહેલા ચાર
जगईओ–જગતીથી

जोअणतिसएहिं–ત્રણસો યોજન દૂર
तओ–ત્યાર પછી (ના ચતુષ્કોમાં)
सयसयवुड्ढी–સો સો યોજન અધિક
छसु चउक्केसु–છ ચતુષ્કોમાં
अन्नुन्न–અન્યોન્ય અન્તરવાળા
जगइ अंतरि–જગતીથી અંતરવાળા
अंतरसम –અંતર તુલ્ય
वित्थरा–વિસ્તારવાળા

गाथार्थ :—હિમવંતપર્વતના છેડાથી (પર્યન્તથી) ઈશાનાદિ વિદિશાઓમાં રહેલી ચાર દાઢાઓ ઉપર સાત સાત અન્તર્દ્વીપ છે, એમાં પહેલા ચાર અંતર્દ્વીપ જગતીથી ત્રણસો યોજન દૂર છે, ત્યારબાદ છએ ચતુષ્કોમાં દ્વીપોનું પરસ્પર અન્તર તથા જગતીથી દ્વીપનું અંતર એ બેમાં સો–સો યોજનની વૃદ્ધિ કરવી, તથા એ સર્વે દ્વીપો જગતીથી જેટલા દૂર છે, તેટલા જ વિસ્તારવાળા છે. ॥૧૭–૧૮॥૨૧૧–૨૧૨॥

विस्तरार्थ :—ભરતક્ષેત્રને છેડે જે લઘુહિમવંત નામનો પહેલો વર્ષધરપર્વત છે તેનો એક છેડો પૂર્વસમુદ્રને અને બીજો છેડો પશ્ચિમસમુદ્રને મળેલો છે. ત્યાં પૂર્વછેડે એ પર્વત જળસપાટી જેટલી પ્રારંભની ઉંચાઈથી આગળ સમુદ્રમાં ફાડેલા મગર મુખ સરખો બે ફાડરૂપ થઈને એવી રીતે વધેલો છે કે જેની એક ફાડ દક્ષિણ તરફ વધતી વધતી જગતીને અનુસારે વક્ર થતી ગઈ છે અને બીજી ઊર્ધ્વફાડ ઉત્તર તરફ વધીને જગતીને અનુસારે વક્ર થતી ગઈ છે, એજ રીતે હિમવંતપર્વતનો પશ્ચિમછેડો પણ સમુદ્રમાં ફાડેલા મગરમુખની પેઠે બે ફાડ થઈ અનુક્રમે જગતીને અનુસારે વક્ર થઈ વધતો ગયો છે. એ પ્રમાણે હિમવંત પર્વત બન્ને છેડે દંષ્ટ્રા=દાઢાના [એટલે મગરની બે દાઢા અર્થાત્ ફાડેલા મુખના] આકારે વધેલો હોવાથી એ ચાર ફાડનું નામ ૪ દાઢા કહેવાય છે, મગરમુખની સાથે વિસંવાદ એટલો જ છે કે મગરમુખની ફાડ પ્રારંભે પહોળી અને પર્યન્તે સાંકડી હોય છે, અને આ પર્વતની ફાડ પ્રારંભમાં સાંકડી અને ક્રમશઃ પહોળી થતાં થતાં પર્યન્તે ઘણી પહોળી છે.

એ ચાર દાઢાઓમાં પૂર્વછેડાની ઉત્તરતરફ ગયેલી તે પહેલી ઈશાન વિદિશાની દાઢા કહેવાય, દક્ષિણતરફ વળેલી બીજી દાઢા અગ્નિખૂણાની દાઢા ગણાય, પશ્ચિમ છેડે દક્ષિણ તરફ વળેલી તે નૈઋત્યકોણની ત્રીજી દાઢા, અને ઉત્તરતરફ વળેલી તે વાયવ્યકોણની ચોથી દાઢા ગણાય, એ પ્રમાણે પ્રદક્ષિણા વર્તના ક્રમ પ્રમાણે

૪ વિદિશાઓમાં ૪ દાઢાઓ છે ત્યાં પહેલી ઈશાન દાઢા ઉપર **જગતીથી** (પ્રારંભથી) ૩૦૦ યોજન દૂર જઈએ ત્યાં ૩૦૦ યોજન વિસ્તારવાળો **પહેલો** **દ્વીપથી દ્વીપનું** અન્તદ્વીપ આવે છે, કે જેની સન્મુખ સીધીલીટીએ આવેલી જગતી **અને જગતીથી** પણ તેટલીજ ૩૦૦ યોજન દૂર છે, અથવા સમશ્રેણિએ રહેલી **દ્વીપનું અધિક** જગતીથી એ પહેલો દ્વીપ સમશ્રેણિએ ૩૦૦ યો૦ દૂર છે, ત્યારબાદ **અધિક અન્તર** પહેલા દ્વીપથી ૪૦૦ યોજન દૂર જઈએ ત્યારે બીજો દ્વીપ ૪૦૦ યોજન વિસ્તારવાળો આવે, આ દ્વીપથી સ્હામેની જગતી ૪૦૦ યોજન દૂર છે, પરન્તુ જ્યાંથી દાઢા નીકળી તે મુખજગતી તો ૧૦૦૦ યોજન દૂર રહી, અર્થાત્ જ્યાંથી દાઢા નીકળી તે પ્રારંભસ્થાનથી ૧૦૦૦ યોજન દૂર દાઢા ઉપર ચાલીએ ત્યારે બીજો દ્વીપ આવે. તથા એજ બીજા દ્વીપથી ૫૦૦ યોજન દૂર જતાં ત્રીજો દ્વીપ ૫૦૦ યોજન વિસ્તારવાળો આવે, અને સન્મુખ જગતીથી પણ એ ૫૦૦ યોજન દૂર છે, ત્યારબાદ ૬૦૦ યોજન દૂર ગયે ૬૦૦ યોજન વિસ્તારવાળો ચોથો દ્વીપ સન્મુખ જગતીથી પણ ૬૦૦ યોજન દૂર છે, ત્યારબાદ ૭૦૦ યોજન દૂર ૭૦૦ યોજન વિસ્તારવાળો અને સન્મુખ જગતીથી પણ ૭૦૦ યોજન દૂર પાંચમો દ્વીપ છે, ત્યારબાદ ૮૦૦ યોજન દૂર ૮૦૦ યોજન વિસ્તાર વાળો અને જગતીથી પણ ૮૦૦ યોજન દૂર છઠ્ઠો દ્વીપ છે, ત્યારબાદ છઠ્ઠા દ્વીપથી અને સન્મુખ જગતીથી ૯૦૦ યોજન દૂર ૯૦૦ યોજન વિસ્તારવાળો [1]સાતમો દ્વીપ છે. એ પ્રમાણે ઈશાન દાઢા ઉપરના સાતદ્વીપોનું પરસ્પર અંતર સો-સો યોજન અનુક્રમે અધિક અધિક છે, તેમજ જગતીથી દ્વીપનું અંતર પણ ક્રમશઃ સો સો યોજન અધિક છે. તથા જેવી રીતે ઈશાનદાઢાના ૭ દ્વીપ કહ્યા તેવી રીતે શેષ ત્રણે દાઢાના પણ સાત સાત દ્વીપ સરખી રીતે કહેવા, અને સર્વે દ્વીપ વૃત્ત આકારના છે. ॥ इति अन्योन्य अन्तर तथा जगतीथी अन्तर ॥

તથા અહિં પહેલું ચતુષ્ક એટલે ચારે દાઢા ઉપરના ત્રણસો ત્રણસો યોજન દૂર ગયે આવતા પહેલા ચાર દ્વીપ જાણવા, ત્યારબાદ ચારસો યોજન દૂર જતાં જે આવે તે ચાર દ્વીપોનું બીજું ચતુષ્ક કહેવાય, એ રીતે ત્રીજું ચોથું યાવત્ સાતમું ચતુષ્ક જાણવું. इति चतुष्कम्

એ પ્રમાણે આ લઘુહિમવંતપર્વતના બે છેડે આવેલી (પર્વતની) ચાર દાઢાઓ ઉપર સર્વમળીને ૨૮ દ્વીપ થયા તે अन्तः=જળની અંદર રહેલા હોવાથી अन्तर्द्वीप અથવા अन्तर એટલે એક બીજાથી અમુક અન્તરે અન્તરે (દૂર દૂર) રહેલા એવા द्वीप તે अन्तरद्वीप એવી વ્યુત્પત્તિ શાસ્ત્રમાં કહેલી છે. ॥ इति अन्तर्द्वीप शब्दार्थ ॥

---

૧. એ પ્રમાણે ૩૦૦+૩૦૦ (૧) + ૪૦૦+૪૦૦ (૨) + ૫૦૦+૫૦૦ (૩) + ૬૦૦+૬૦૦ (૪) + ૭૦૦+૭૦૦ (૫) + ૮૦૦+૮૦૦ (૬) + ૯૦૦+૯૦૦ (૭) = ૮૪૦૦. અર્થાત્ સાતમો દ્વીપ સમાપ્ત થયે ૮૪૦૦ યોજન થાય છે. માટે દરેક દાઢા ૮૪૦૦ યોજન વક્રદીર્ઘ છે.

॥ दाढा अने अन्तरद्वीपनी वास्तविक स्थिति ॥



આ ચિત્ર માપણીપૂર્વક છે.

વળી એવાજ ૨૮ બીજા અન્તર્દ્વીપ શિખરીપર્વતની દાઢીઓ ઉપર છે તે ૨૪મી ગાથામાં કહેવાશે, જેથી સર્વમળીને જંબૂદ્વીપમાં ૫૬ અન્તર્દ્વીપ છે. તથા એ દ્વીપોની ઉંચાઈ તથા એમાં યુગલિકોની વસતિઆદિનું સ્વરૂપ તથા દ્વીપનાં નામ પણ આગળની ગાથાઓમાં કહેવાશે. ॥ ૧૭–૧૮ ॥ ૨૧૧–૨૧૨ ॥

अवतरणः—હવે અન્તરદ્વીપો જળની ઉપર કેટલા ઉંચા દેખાય છે, અને તે ઉપરથી જળમાં કેટલા ડૂબેલા છે, તેનું પ્રમાણ આ ગાથામાં દર્શાવાય છે—

पढमचउक्कुच्च बहिं, अड्ढाइअजोअणे अ वीसंसा ।
सयरिंसवुड्ढि परओ, मज्झदिसिं सव्वि कोसदुगं ॥१९॥२१३॥

શબ્દાર્થઃ—

पढमचउक्क-પહેલું ચતુષ્ક
उच्च-જળથી ઉંચું
बहिं-બહાર, જંબૂદ્વીપતરફ
अड्ढाइअ जोअणे-અઢી યોજન
वीस अंसा-વીસ અંશ
सयरि अंस-સિત્તેર અંશ
वुड्ढि-વૃદ્ધિ, અધિક.
परओ-આગળ, આગળના દ્વીપોમાં
मज्झदिसिं-મધ્યદિશિએ, શિખાતરફ
कोसदुगं-બે કોશ

ગાથાર્થઃ—પહેલા ચાર દ્વીપ જંબૂદ્વીપતરફ અઢીયોજન વીસઅંશ જળથી ઉંચા છે, અને ત્યાર પછીના ચાર ચાર દ્વીપો [એટલે ૬ ચતુષ્કો] ૭૦ અંશ અધિક અધિક ઉંચા છે, અને સાતે ચતુષ્કો મધ્યદિશિએ [શિખા તરફ] તો બે બે ગાઉ જ ઉંચા છે ॥ ૧૯ ॥ ૨૧૩ ॥

વિસ્તરાર્થઃ—જગતીથી ૩૦૦ યોજન દૂર રહેલા અને ૩૦૦ યોજન વિસ્તારવાળા જે પહેલા ચાર દ્વીપ છે તે ૨॥ યોજન ઉપરાન્ત પંચાણુઆ ૨૦ ભાગ જેટલા જળથી ઉંચા દેખાય છે, અને એ સિવાયનો બધો ભાગ જળમાં જ ડૂબેલો છે. હવે એ ઠેકાણે એટલો બાહ્ય દેખાવ કેવી રીતે? તે જાણવાની ગણિતરીતિ આ પ્રમાણે;–પંચાણુ હજાર

અન્તરદ્વીપોનો જળઉપર દેખાવ

યોજને ૧૦૦૦ યો૦ ગોતીર્થ છે, અને ૭૦૦ યોજન જળવૃદ્ધિ છે તો ત્રણસો યોજન દૂર ગયે ગોતીર્થ અને જળવૃદ્ધિ કેટલી? તે પ્રાપ્ત કરીને બન્નેનો સરવાળો કરીએ તેટલું જળ ત્યાં હોય. પરન્તુ અહિં શાસ્ત્રમાં સર્વદ્વીપોની ઉંચાઈ જુદી જુદી કહી નથી, કે જેથી તે સરવળો ઉંચાઈમાંથી બાદ કરાય, કેવળ જળ ઉપરનો દેખાવ માત્ર કહ્યો છે, માટે પ્રથમ અભ્યન્તરભાગની ઉંચાઈ જાણવાને માટે શિખાતરફનો બે ગાઉનો સર્વનો જે સરખો દેખાવ કહ્યો છે તેજ અહિં ઉપયોગી છે, માટે કેવળ જળવૃદ્ધિ જ પ્રાપ્ત કરવી તે આ રીતે—

યો. ગયે જળવૃદ્ધિ તો યોજને કેટલી ?

૯૫૦૦૦ — ૭૦૦ — ૩૦૦   (૭૦ø × ૩øø) / ૯૫øøø = ૨૧૦ / ૯૫

૯૫)૨૧૦(૨ યો. ૧૯૦ ૨૦ ભાગ.	એ પ્રમાણે ૨ યોજન ૨૦ ભાગ જેટલી જળવૃદ્ધિ ૩૦૦ યોજન દૂર જતાં દ્વીપના પ્રારંભે હોય અને શિખાતરફના પર્યન્ત ભાગે પુનઃ ૩૦૦ યોજન જતાં પણ એટલી અધિક જળવૃદ્ધિ હોવાથી ૪ યોજન
યો. ભા. ૨—૨૦ +૨—૨૦ ૪—૪૦	૪૦ ભાગ જળવૃદ્ધિ હોય, પુનઃ એટલી જળવૃદ્ધિ હોઈને પણ ૨ ગાઉ ઉંચો પર્યન્તે દેખાય છે, તેવોજ બે ગાઉ ઉંચો જંબૂદ્વીપ તરફ પણ હોયજ, અને તે ઉપરાન્ત પર્યન્તભાગ સુધીના જે ૨–૪૦ અધિક ડૂબેલા ગણ્યા હતા તે જંબૂદ્વીપ તરફ તેટલો ખુલ્લો હોય છે, જેથી

યો૦ ગાઉ ભાગ.

૨—૦—૪૦ જંબૂદ્વીપ તરફ અધિક દૃષ્ટિગોચર
૦—૨—૦ પર્યન્તભાગવત્ પ્રથમથી જ દૃષ્ટિગોચર — યોજન ભાગ
૨—૨—૪૦ જંબૂદ્વીપ તરફ સર્વ दृष्टिगोचर — =૨॥–૪૦

હવે ૩૦૦ યોજન ગયે ગોતીર્થ કેટલું છે તે જાણવાનો ઉપાય પણ આ પ્રમાણે– યો. ગયે ગોતીર્થ તો યોજને કેટલું ?

૯૫૦૦૦ – ૧૦૦૦ — ૩૦૦   (૧øøø × ૩૦૦) / ૯૫øøø = ૩૦૦ / ૯૫

૯૫)૩૦૦(૩ યો.
૨૮૫
૦૧૫ ભા.

૩–૧૫ ગોતીર્થ
૨–૨૦ જળવૃદ્ધિ
૫–૩૫ જળાવગાહ
} ૩૦૦ યોજન ગયે

એ પ્રમાણે ગોતીર્થ અને જળવૃદ્ધિ મળીને પહેલો દ્વીપ જંબૂદ્વીપતરફ

યો. ભા.
૫–૩૫ જળમાં ડૂબેલો અને — ૫–૩૫ જળાવગાહ
૨॥–૪૦ દૃષ્ટિગોચર છે, તો તે — + ૨॥–૪૦ દૃષ્ટિગોચર
એ મેળવતાં પહેલા દ્વીપની — ૭॥–૭૫ દ્વીપની અભ્યન્તર ઉંચાઈ.

અભ્યન્તર ઉંચાઈ ૭॥ યોજન–૭૫ ભાગ જેટલી આવી, પુનઃ ત્રણસો યોજન દૂર શિખા તરફના ભાગમાં ઉંચાઈ જાણવી હોય તો ૩૦૦ યોજન સંબંધિ ૩–૧૫ (યો. ભા.) જેટલું અધિક

ગોતીર્થ જ ઉમેરવાનું રહ્યું. કારણ કે જળવૃદ્ધિ તો પ્રથમથી જ અભ્યન્તર દષ્ટિગોચરમાં અન્તર્ગત ગણેલી જ છે, માટે પુનઃ ગણવાની જરૂર હોય નહિ જેથી

૭॥–૭૫ અભ્યન્તર ઉંચાઈ પહેલાં દ્વીપની, તેમાં
+ ૩—૧૫ પર્યન્તે અધિક ગોતીર્થ ઉમેરતાં

૧૦॥–૯૦ પહેલા દ્વીપની બાહ્ય ઉંચાઈ (શિખાતરફની)

એ પ્રમાણે આ પહેલા દ્વીપની ઉંચાઈ વિગેરેનો સર્વ સંગ્રહ આ પ્રમાણે—

યો. ભા.
૫ —૩૫ અભ્યન્તર જળાવગાહ (જળમાં ડૂબેલો)
૨॥—૪૦ અભ્યન્તર દષ્ટિગોચર (જળથી ઉંચો દેખાય છે)
૭॥—૭૫ અભ્યન્તર ઉંચાઈ
૧૦ —૭૦ બાહ્ય જળાવગાહ (શિખા તરફ જળમાં ડૂબેલો)
૦॥— ૦ બાહ્ય દષ્ટિગોચર (જળથી ઉંચો દેખાય છે)
૧૦॥—૭૦ બાહ્ય ઉંચાઇ [અભ્યન્તર જળાવગાહને દ્વિગુણ કરી બે ગાઉ ઉમેરતાં]

હવે બીજા ચારદ્વીપ ત્રીજા ચારદ્વીપ યાવત્ સાતમા ચારદ્વીપો એ છ ચતુષ્કોમાં અનુક્રમે દષ્ટિગોચરમાં ૭૦–૭૦ અંશ અધિક અધિક વધતા જાય છે તેનું કારણ કે-એ ચતુષ્કો જગતીથી સો સો યોજન અધિક અધિક દૂર છે માટે યો. ૯૫૦૦૯–ચો. ૭૦૦ તો યો. ૧૦૦ ચો.ને કેટલી? એ ત્રિરાશી પ્રમાણે $\frac{\text{૭ØØ × ૧૦Ø}}{\text{૯૫ØØØ}} = \frac{\text{૭૦}}{\text{૯૫}}$ આ રીતે પંચાણુઆ ૭૦ અંશ જ પ્રાપ્ત થાય છે માટે અંદરના ભાગમાં ૭૦–૭૦ અંશો વધતા જાય છે. જેથી બીજો દ્વીપ ૨॥–૯૦, ત્રીજો દ્વીપ ૩॥–૬૫, ચોથો દ્વીપ ૪॥–૪૦, પાંચમો દ્વીપ ૫॥–૧૫, છઠ્ઠો દ્વીપ ૫॥–૮૫ અને સાતમો દ્વીપ ૬॥–૬૦ જેટલો જળથી ઉંચો દષ્ટિગોચર થાય છે અને એ સાતે ચતુષ્ક (અઠ્ઠાવીસે દ્વીપ) શિખાતરફ તો બે ગાઉજ દષ્ટિગોચર છે.

દ્વીપની ઉંચાઈ જો કે શાસ્ત્રમાં કહી નથી, તો પણ જાણવી હોય તો બીજા ત્રીજા આદિ ચતુષ્કોમાં અનુક્રમે અભ્યન્તર ભાગે ૧ યોજન ૫ અંશ અને બાહ્યભાગે ૨ યોજન ૧૦ અંશ અધિક અધિક વધારતા જવું, જેથી બીજા દ્વીપની અભ્યન્તર ઉંચાઈ યો. ૮॥–૮૦ ભા. અને બાહ્ય ઉંચાઈ યો. ૧૨॥–૮૦ ભા. છે, ઇત્યાદિ ઉંચાઇ જાણવી. ॥ ૧૯ ॥ ૨૧૩ ॥

अवतरण :—હવે આ ચાર ગાથાઓમાં અન્તર્દ્વીપોનાં નામ કહે છે—

सव्वे सवेइअंता, पढम चउक्कम्मि तेसि नामाइं ।
एगोरुअ आभासिअ वेसाणिअ चेव लंगूले ॥२०॥२१४॥

बीयचउक्के हयगय-गोसक्कुलि पुव्वकन्नणामाणो ।
आयंसमिंढगअओ-गोपुव्व मुहा य तइयम्मि ॥२१॥२१५॥
हयगयहरिवग्घमुहा, चउत्थए आसकन्न हरिकण्णा ।
अकण्ण कण्णपावरणु दीवा पंचमचउक्कम्मि ॥२२॥२१६॥
उक्कमुहो मेहमुहो विज्जुमुहो विज्जुदंत छट्ठम्मि ।
सत्तमगे दंतंता, घणलट्ठनिगूढसुध्धा य ॥२३॥२१७॥

सवेइ अंता-અન્તે વેદિકા સહિત
पढमचउक्कम्मि-પહેલા ચારદ્વીપમાં
तेसि-તે ચારદ્વીપનાં
नामाई-નામો આ પ્રમાણે

बीअचउक्के-બીજા ચારદ્વીપમાં (નાં)
पुव्व-પૂર્વક
कण्णणामाणो-કર્ણ એ નામવાળા
पुव्वमुहा -પૂર્વક ' મુખ ' એવા નામવાળા
तईअम्मि-ત્રીજા ચારદ્વીપમાં (નાં)

मुहा-(એ શબ્દો પૂર્વક) મુખનામવાળા
पंचम चउक्कम्मि-પાંચમા ચતુષ્કનાં

दंत अन्ता-(એ શબ્દોને) અન્તે દન્ત શબ્દસહિત નામવાળા.

ગાથાર્થ :—સર્વે દ્વીપોને અન્તે વેદિકા છે. [અર્થાત્ દરેક દ્વીપ પર્યન્તભાગે વન અને વેદિકાવડે વીટાયલો છે], સાતચતુષ્કમાં જે પહેલું ચતુષ્ક એટલે પહેલા ચાર દ્વીપ છે તેનાં નામ-એકોરૂક-આભાસિક-વૈષાણિક-અને લાંગૂલિક દ્વીપ ॥ ૨૦ ॥ ૨૧૪ ॥

બીજા ચતુષ્કમાં [હય ગજ ગો અને શષ્કુલી એ ચાર શબ્દો પૂર્વે રાખીને ઉત્તરમાં દરેકને कर्ण શબ્દ જોડીએ એવા નામવાળા છે એટલે] હયકર્ણ-ગજકર્ણ-ગોકર્ણ-અને શષ્કુલીકર્ણ એ ચારનામવાળા છે, તથા ત્રીજા ચતુષ્કમાં [આદર્શ મેંઢ અયો અને ગો એ ચાર શબ્દને પૂર્વે રાખી ઉત્તરમાં ' મુખ ' શબ્દ જોડવાથી જે નામ થાય તેવા નામવાળા છે એટલે) આદર્શમુખ-મેંઢમુખ-અયોમુખ-અને ગોમુખ એ ચારનામવાળા છે ॥ ૨૧ ॥ ૨૧૫

ચોથા ચતુષ્કમાં [હય આદિને મુખ શબ્દ જોડવાથી] હયમુખ-ગજમુખ-હરિમુખ (સિંહમુખ) અને વ્યાઘ્રમુખ એ નામવાળા દ્વીપો છે, તથા પાંચમા ચતુષ્કમાં આસકર્ણ -હરિકર્ણ-અકર્ણ કર્ણપ્રાવરણદ્વીપ એ ચાર નામવાળાદ્વીપ છે. ॥ ૨૨॥ ૨૧૬ ॥

॥ लवण समुद्रमां ५६ अन्तर्द्वीपनो सामान्य देखाव ॥



છઠ્ઠા ચતુષ્કમાં ઉલ્કામુખ મેઘમુખ વિદ્યુન્મુખ અને વિદ્યુદ્દંત એ ચાર નામવાળા દ્વીપ છે. અને સાતમા ચતુષ્કમાં [ઘન આદિ શબ્દોને અન્તે 'દન્ત' શબ્દ જોડીએ એવા નામવાળા એટલે] ઘનદન્ત લષ્ટદન્ત ગૂઢદન્ત અને શુદ્ધદન્ત એ ચાર નામવાળા દ્વીપ છે. ॥ ૨૬ ॥ ૨૧૭ ॥

विस्तरार्थ :—ગાથાર્થવત્ સુગમ છે. વિશેષ એજ કે એ સર્વે દ્વીપ કાંગરા સિવાયના કોટસરખી એકેક વેદિકાવડે વીંટાયલા છે, જંબૂદ્વીપની જગતી ઉપર વેદિકાનું જે સ્વરૂપ કહ્યું છે. તેવી જ બે ગાઉ ઉંચી અને ૫૦૦ ધનુષ પહોળી આ વેદિકાઓ પણ જાણવી તથા વન પણ જગતી ઉપરના વનસરખું યથાસંભવ જાણવું ॥ ૨૦–૨૧–૨૨–૨૩ ॥ ૨૧૪–૨૧૫–૨૧૬–૨૧૭ ॥

अवतरण:—જેવા ૨૮ અન્તર્દ્વીપ લઘુહિમવંતપર્વતના બે છેડે છે, તેવા જ બીજા ૨૮ અન્તર્દ્વીપ શિખરીપર્વતના બે છેડે પણ છે તે, તથા અન્તર્દ્વીપોમાં કોની વસતિ છે ? તે આ ગાથામાં કહેવાય છે—

एमेव य सिहरिम्मिवि, अडवीसं सव्वि हुंति छप्पण्णा ।
एएसु जुअलरूवा, पलिआसंखंसआउ णरा ॥२४॥२१८॥

શબ્દાર્થ:—

एमेव–એ પ્રમાણે જ
सिहरिम्मिवि–શિખરીપર્વતને અંતે પણ
अडवीसं–અઠ્ઠાવીસ અન્તર્દ્વીપ છે
सव्वि छप्पण्ण–સર્વ મળીને છપ્પનદ્વીપ
एएसु–એ અન્તર્દ્વીપોમાં
जुअलरूवा–યુગલિક રૂપ
पलिअ असंखंस आउ–પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા આયુવાળા
णरा–મનુષ્યો (તિર્યંચો પણ)

गाथार्थ:—એ પ્રમાણે જ શિખરીપર્વતના બન્ને છેડે પણ ૨૮ દ્વીપ છે, જેથી સર્વમળીને ૫૬ અન્તર્દ્વીપ છે, અને છપ્પનઅન્તર્દ્વીપોમાં યુગલિકમનુષ્યો પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળા વસે છે [ગર્ભજતિર્યંચો પણ એવાજ વસે] ॥ ૨૪ ॥ ૨૧૮ ॥

विस्तरार्थ:—લઘુહિમવંતને છેડે જેવા ૨૮ અન્તરદ્વીપ કહ્યા તેવા જ ઉત્તરદિશામાં ઐરવતક્ષેત્રને અન્તે રહેલા શિખરી વર્ષધરપર્વતના બે છેડે પણ ૨૮ અન્તરદ્વીપ છે. જેથી સર્વ ૫૬ અન્તરદ્વીપોમાં યુગલિકમનુષ્યો અને યુગલિકતિર્યંચો પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળા વસે છે, તથા ભૂમિ કલ્પવૃક્ષ ઈત્યાદિ જે સ્વરૂપ હિમવંતક્ષેત્રાદિનું કહેવાયું છે, તે સર્વસ્વરૂપ અહિં પણ યથાયોગ્ય જાણવું. સમમૂર્ચ્છિમ

તિર્યંચપંચેન્દ્રિયો પણ આયુષ્યના તત્પ્રાયોગ્ય શુભઅધ્યવસાયે અન્તર્દ્વીપના મનુષ્યનું આયુષ્ય બાંધે છે અને અહિં ઉત્પન્ન થાય છે, અને તેથી હીન પણ તત્પ્રાયોગ્ય શુભઅધ્યવસાયે યુગલતિર્યંચનું જ આયુષ્ય બાંધી અહિં યુગલતિર્યંચમાં ઉત્પન્ન થાય છે, ગાથામાં જો કે યુગલતિર્યંચ કહ્યા નથી તો પણ ઉપલક્ષણથી ગ્રહણ કરવા. ।।૨૪।।૨૧૮।।

अवतरणः—હવે આ ગાથામાં અન્તરદ્વીપના યુગલિકોના શરીરની ઉંચાઇ પાંસળી આહારનું અન્તર અને અપત્યપાલના એ ચાર બાબત કહેવાય છે—

जोअणदसमंसतणू पिट्ठिकरंडाणमेसि चउसट्ठी ।
असणं च चउत्थाओ, गुणसीदिणवच्चपालणया ।।२५।।२१९।।

શબ્દાર્થઃ—

जोअणदसमअंस-એક યોજનનો દશમો ભાગ
तणू-શરીરની ઉંચાઈ
पिट्ठकरंडाणं-પૃષ્ઠકરંડકો, પાંસળીઓ
एसि-એ યુગલિકોને
चउसट्ठी-ચોસઠ
असणं च-વળી આહાર (નું અન્તર)
चउत्थाओ-ચતુર્થભક્તથી (એક દિવસને આંતરે)
गुणसीदिण-ઓગોન્યાસી (૭૯) દિવસ
अवच्चपालणया-અપત્યપાલના (સંતતિ પાલન)

ગાથાર્થઃ—એ યુગલિકોનું શરીર યોજનના દશમા ભાગ જેટલું [૮૦૦ ધનુષનું] ઉંચું હોય છે, એ મનુષ્યોને પાંસળીઓ ૬૪ હોય છે, એક દિવસને અન્તરે આહાર હોય છે. અને અપત્યપાલના ૭૯ દિવસ સુધી હોય છે. ।। ૨૫ ।। ૨૧૯ ।।

વિસ્તરાર્થ—ગાથાર્થવત્ સુગમ છે. વિશેષ એજ કે—એ ચારે બાબત યુગલિક મનુષ્યોને અંગે જ જાણવી, પરન્તુ યુગલતિર્યંચોને અંગે નહિં. કુરૂક્ષેત્રના યુગલતિર્યંચોને ઉત્કૃષ્ટ આહારાન્તર બે દિવસનું કહ્યું છે મનુષ્યોને ત્રણ દિવસનું કહ્યું છે, તે અનુસારે શેષ યુગલભૂમિઓમાં પણ યુગલતિર્યંચોને મનુષ્યની અપેક્ષાએ કંઈક ન્યૂન આહારાન્તર સંભવે પરંતુ સ્પષ્ટ કરેલું નથી માટે અહિં પણ કેટલું આહારાન્તર તે સ્પષ્ટ કહેવાય નહિં અને શેષ ત્રણ વાત તો યુગલતિર્યંચને માટે કુરૂક્ષેત્રમાં તેમજ બીજે પણ દર્શાવી નથી.

તથા ૭ આયુષ્ય શેષ રહે યુગલપ્રસવ હોવાથી અહિં ૭૯ દિવસ સુધી પુત્રપુત્રીનું રક્ષણકરી શેષ (૧૦૧ દિવસ લગભગ) આયુષ્યપૂર્ણ કરી માત-પિતા ભવનપતિ અથવા વ્યન્તરમાં જાય છે, અને ૭૯ દિવસ બાદ યુગલબાળકો યુવાન થઈ સ્વતંત્ર વિચરે છે. ।। ૨૫ ।। ૨૧૯ ।।

॥ ५६ अन्तरद्वीपनुं कोष्ठक ॥

અન્તર્દ્વીપ	જગતીથી દૂર	પૂર્વદ્વીપથી દૂર	દ્વીપ વિસ્તાર	જંબૂદ્વીપ તરફ જળથી ઉંચા	શિખાતટ તરફ જળથી ઉંચા	કાળ અને મનુષ્ય તિર્યંચ	પૃષ્ઠ કરંડક આહારાન્તર અપત્ય પાલન	શરીરની ઉંચાઈ	આયુષ્ય	દ્વીપ પરિધિ
પહેલા ૪ દ્વીપ	૩૦૦ યો.	૩૦૦ યો. (જગતીથી)	૩૦૦ યો.	૨॥ ૨૦/૯૫ યો	૨ ગાઉ	ત્રીજાઆરાના પર્યન્ત સરખો અને મનુષ્યો તથા તિર્યંચ યુગલિક	૬૪ પૃષ્ઠ કરંડક ૧ દિવસને અંતરે આહાર ૭૯ દિવસ અપત્ય પાલન	૧/૧૦ યોજન (અથવા ૮૦૦ ધનુષ)	પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ	૯૪૯ યો.
બીજા ૪ દ્વીપ	૪૦૦	૪૦૦ (પૂર્વ દ્વીપથી)	૪૦૦ યો.	યો. ભા. ૨॥—૯૦	૨ ગાઉ					૧૨૬૫
ત્રીજા ૪ દ્વીપ	૫૦૦	૫૦૦ ,,	૫૦૦ યો.	૩॥—૬૫	૨ ગાઉ					૧૫૮૧
ચોથા ૪ દ્વીપ	૬૦૦	૬૦૦ ,,	૬૦૦ યો.	૪॥—૪૦	૨ ગાઉ					૧૮૯૭
પાંચમા ૪ દ્વીપ	૭૦૦	૭૦૦ ,,	૭૦૦ યો.	૫॥—૧૫	૨ ગાઉ					૨૨૧૩
છઠ્ઠા ૪ દ્વીપ	૮૦૦	૮૦૦ ,,	૮૦૦ યો.	૫॥—૮૫	૨ ગાઉ					૨૫૨૯
સાતમા ૪ દ્વીપ	૯૦૦ યો.	૯૦૦ ,,	૯૦૦ યો.	૬॥—૬૦	૨ ગાઉ					૨૮૪૫યો.

अवतरणः—પૂર્વે ગાથાઓમાં કહેલા ૫૬ અન્તરદ્વીપઉપરાન્ત બીજા પણ ગૌતમદ્વીપ-આદિ દ્વીપો આ લવણસમુદ્રમાં છે તે આ બે ગાથાઓમાં કહેવાય છે—

पच्छिमदिसि सुत्थिअ लवणसामिणो गोअमुत्ति इगुदीवो
उभओवि जंबुलावण दु दु रवि दीवा य तेसिं च ॥२६॥२२०॥
जगइपरुप्परअंतरि, तहवित्थर बारजोअणसहस्सा ।
एमेव य पुव्वदिसिं, चंदचउक्कस्स चउदीवा ॥२७॥२२१॥

શબ્દાર્થઃ—

पच्छिमदिसि-પશ્ચિમદિશાએ	उभओवि-બન્ને બાજુએ પણ
सुत्थिअ-સુસ્થિત નામના	जंबुलावण-જંબૂદ્વીપના અને લવણસમુદ્રના
लवणसामिणो-લવણસમુદ્રના અધિપતિનો	
गोअमुत्ति-ગૌતમ એવા નામનો	दुदु रवि दीवा-બે બે સૂર્યદ્વીપ
इगु दीवो-એકદ્વીપ છે	तेसिं च-અને તે દ્વીપોનું

जगत (अंतरि)-જગતથી અન્તર	एमेव य-વળી એ પ્રમાણે
परुप्पर अंतर-પરસ્પર અન્તર	पुव्वदिसिं-પૂર્વદિશામાં
तह वित्थर-તથા વિસ્તાર	चंदचउक्कस्स-ચાર ચંદ્રના
बारजोअणसहस्सा-બારહજાર યોજન	चउदीवा-ચાદ્વીરપ

गाथार्थः—પશ્ચિમદિશામાં લવણસમુદ્રના અધિપતિ સુસ્થિતનામના દેવનો ગૌતમદ્વીપ નામનો એક દ્વીપ છે, અને તે ગૌતમદ્વીપની બે બાજુએ જંબૂદ્વીપના બે સૂર્યના બે દ્વીપ અને લવણસમુદ્રના બે સૂર્યના [ચાર સૂર્યમાંથી બે સૂર્યના] બે દ્વીપ છે, તથા તે પાંચે દ્વીપોનું જગતીથી અન્તર અને દ્વીપોનું પરસ્પર [દ્વીપથી દ્વીપનું] અન્તર તથા તથા વિસ્તાર બાર હજાર યોજન છે, અને એ પ્રમાણે જ પૂર્વદિશામાં ચાર ચંદ્રના ચાર દ્વીપ છે. ॥ ૨૬–૨૭ ॥ ૨૨૦–૨૨૧ ॥

विस्तरार्थः—હવે આ લવણસમુદ્રમાં ચંદ્રસૂર્યના આવાસ દ્વીપો છે તે કહેવાય છે—

॥ લવણસમુદ્રમાં ૨૪ ચંદ્રસૂર્યદ્વીપ તથા ૧ ગૌતમદ્વીપ ॥

લવણસમુદ્રનો અધિપતિ સુસ્થિત એ નામનો વ્યન્તરનિકાયનો મહર્દ્ધિક દેવ છે, તેની સુસ્થિતા નામની રાજધાની અસંખ્યદ્વીપસમુદ્ર વ્યતીત થયા બાદ બીજા લવણ-સમુદ્રમાં પશ્ચિમદિશામાં વિજયરાજધાની સરખી ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી છે, ત્યાં આ સુસ્થિતદેવ રહે છે, પરન્તુ જ્યારે પોતાના તાબાના લવણસમુદ્રના કોઇ કાર્યપ્રસંગે

અથવા બીજા કોઈ કારણે અહિં આવે ત્યારે આ ગૌતમદ્વીપના ઉપર ભૌમેય આવાસમાં આરામ લે છે, આ ક્રીડા આવાસ ૬૨॥ યોજન ઉંચો અને ૩૧॥ યોજન વિસ્તારવાળો છે, એમાં સુસ્થિતદેવને બેસવાયોગ્ય સિંહાસન નથી પરન્તુ શયનકરવાયોગ્ય શય્યા છે, સુસ્થિતદેવનું ૧ પલ્યોપમ આયુષ્ય છે. લવણસમુદ્ર અને લવણસમુદ્રમાં રહેલા દ્વીપપર્વતઆદિ પદાર્થો પ્રત્યે પણ એનું આધિપત્ય છે, નારદને અવિરતિ જાણીને દ્રૌપદીએ પોતાના નિવાસભુવનમાં આવતાં યોગ્યસત્કાર ન કર્યો ત્યારે કલેશપ્રિય નારદે ધાતકી ખંડની અપરકંકા નગરીના પદ્મોત્તરરાજા આગળ દ્રૌપદીની સુંદરતાનું વર્ણન કરતાં રાજાએ સ્વાધીનદેવદ્વારા દ્રૌપદીનું હરણ કર્યું, તે વખતે દ્રૌપદીની શોધમાં વ્યાકુળ થયેલા કૃષ્ણને ઐન્યોક્તિમાં નારદેજ દ્રૌપદીનું સ્થાન દર્શાવ્યું, જેથી અપરકંકા નગરીમાં જવાને લવણસમુદ્ર ઉલ્લંઘવા માટે કૃષ્ણે એજ सुस्थित દેવનું આરાધન કર્યું હતું, અને એજ દેવે લવણસમુદ્રમાં મોટી સડક સરખો સ્થલમાર્ગ કરી આપ્યો હતો, કે જે માર્ગે થઈને અપરકંકા નગરીમાં પાંડવો સહિત જઈ પદ્મોત્તરને જીતી દ્રૌપદીને પાછી લાવ્યા.

આ ગૌતમદ્વીપ જંબૂદ્વીપની જગતીથી ૧૨૦૦૦ યોજન દૂર સમુદ્રમાં મેરૂની પશ્ચિમદિશાએ એટલે જયંતદ્વારની સન્મુખ છે, અને એ દ્વીપની લંબાઈ પહોળાઈ પણ ૧૨૦૦૦ યોજન છે, અને સમવૃત્ત આકારનો છે, જેથી મૂળ વિસ્તાર અને ઉપરનો વિસ્તાર બન્ને સરખા છે. ॥ इति लवणाधिपतिसुस्थितदेवस्य गौतमद्वीप: ॥

તથા એજ ગૌતમદ્વીપને બે પડખે ઉત્તરદક્ષિણબાજુએ બે બે સૂર્યદ્વીપ છે, એમાં બે સૂર્યદ્વીપ જંબૂદ્વીપના બે સૂર્યના છે, અને બીજા બે દ્વીપ લવણસમુદ્રની શિખાના અભ્યન્તર ભાગે એટલે જંબૂદ્વીપતરફ ફરતા બે* અભ્યન્તર સૂર્યના છે, બે બે સૂર્યદ્વીપની વચ્ચે ગૌતમદ્વીપ આવેલો છે, અને એ ચારે દ્વીપો પણ ગૌતમદ્વીપસરખા જ જાણવા, જેથી જગતીથી ૧૨૦૦૦ યોજન દુર છે, અને ૧૨૦૦૦ યોજનના વિસ્તારવાળા છે, તથા પશ્ચિમદિશામાં એ પાંચે વક્ર પંક્તિએ પરસ્પર બારબાર હજાર યોજન દૂર રહેલા છે, પણ એક બીજાને અડીને નજીકમાં રહ્યા નથી.

એ સૂર્યદ્વીપોની ઉપર પણ પૂર્વે કહેલા ભૌમેય આવાસ (ભવન) સરખો એકેક ક્રીડા[1] પ્રાસાદ છે, વળી એમાં જંબૂદ્વીપના બે સૂર્યની મુખ્ય રાજધાનીઓ અસંખ્યદ્વીપસમુદ્ર વ્યતીત થયા બાદ બીજા જંબૂદ્વીપમાં છે, અને લવણ સૂર્યની બે રાજધાનીઓ એટલે જ દુર બીજા લવણસમુદ્રમાં પોત પોતાના દ્વીપની પશ્ચિમદિશાએ છે. ત્યાં અનેક જ્યોતિષી-

---

* ગૌતમદ્વીપને બે પડખે બે બે સૂર્યદ્વીપ સામાન્યથી કહ્યા છે, પરન્તુ એમાં જંબૂસૂર્યના દ્વીપ કઈ બાજુએ અને અભ્યન્તરલવણસૂર્યના દ્વીપ કઈ બાજુએ તે સ્થાનની સ્પષ્ટતા ઉપલબ્ધ થતી નથી. તેમજ પૂર્વદિશામાં ચાર ચંદ્રદ્વીપમાં પણ કયા ચંદ્રના દ્વીપ કઈ બાજૂએ છે, તેની સ્પષ્ટતા દેખાતી નથી, માટે તે સ્થાનનિયમ શ્રીબહુશ્રુતથી જાણવો.

૧. અર્થાત્ ગૌતમદ્વીપ ઉપર ભૌમેયવિહાર (ભવન) છે અને ચંદ્રસૂર્યદ્વીપો ઉપર પ્રાસાદ છે એ તફાવત છે.

દેવદેવીઓનું આધિપત્ય ભોગવે છે, જન્મ પણ ત્યાં છે, અને કાર્યપ્રસંગે અહિં આવે ત્યારે આકાશમાં ફરતા પોતાના સૂર્યવિમાનમાં સિંહાસન ઉપરપરિવાર સહિતબેસે છે, અને કોઈ વખત આ દ્વીપ ઉપરના પ્રાસાદમાં આવી શય્યામાં શયન કરે છે. પુનઃ આ દ્વીપ ઉપરનાસપાટ પ્રદેશોનાં હંમેશાં બીજા અનેક જ્યોતિષદેવદેવીઓ ફરે છે બેસે છે સૂએ છે, અને આનંદ કરતા વિચરે છે ॥ इति ४ सूर्यद्वीपाः ॥

તથા જે રીતે પશ્ચિમદિશામાં ચાર સૂર્યદ્વીપ કહ્યા તેવા જ મેરૂની પૂર્વદિશામાં એટલે વિજયદ્વારની સ્હામે જગતીથી ૧૨૦૦૦ યો. દૂર ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળા ૪ चंद्रद्वीप છે, એમાં પણ બે દ્વીપ જંબૂદ્વીપના બે ચંદ્રના છે, અને બીજા બે દ્વીપ લવણ સદ્રના શિખાની અભ્યન્તર ભાગે ફરના બે ચંદ્રના છે એ ચારે દ્વીપ પરસ્પર બારબારહજાર યોજન દુર રહેલા છે. તથા એ દ્વીપો ઉપરના ક્રીડાપ્રાસાદો તથા ચંદ્રા રાજધાનીઓ વગેરે સ્વરૂપ સર્વ સૂર્યવત કહેવું, વિશેષ કે એ ચંદ્રોની ચંદ્રા નામની રાજધાનીઓ બીજા જંબૂદ્વીપમાં તથા લવણસમુદ્રમાં પૂર્વદિશામાં જાણવી ॥ इति ४ चंद्रद्वीप ॥ ॥૨૬–૨૭॥ ૨૨૦–૨૨૧॥

अवतरण:—પૂર્વગાથામાં જંબૂદ્વીપ તરફ જેમ ચાર સૂર્યદ્વીપ અને ચાર ચંદ્રદ્વીપ કહ્યા તેમ ધાતકીખંડ તરફ પણ ૮ સૂર્યદ્વીપ અને ૮ ચંદ્રદ્વીપ છે તે આ ગાથામાં કહેવાય છે—

एवं चिअ बाहिरओ, दीवा अट्ठ पुव्वपच्छिमओ ।
दु दु लवण छ छ धायइ–संड ससीणं रवीणं च ॥२८॥२२२॥

શબ્દાર્થ:—

एवं चिअ–એ પ્રમાણેજ	दु दु–બે ચંદ્રદ્વીપ બે સૂર્યદ્વીપ
बाहिरओ–બહારભાગમાં	लवण–લવણસમુદ્રના
दीवा–ચંદ્રસૂર્યના દ્વીપ	छ छ–૬ ચંદ્રદ્વીપ ૬ સૂર્યદ્વીપ
अट्ठट्ठ–આઠ આઠ	धायइसंड–ધાતકીખંડ
पुव्व पच्छिमओ–પૂર્વે અને પશ્ચિમે	ससीणं रवीणं–ચંદ્રસૂર્યના

गाथार्थ:—એ પ્રમાણેજ લવણસમુદ્રની શિખાથી બહારના ભાગમાં પૂર્વદિશામાં બે દ્વીપ બાહ્યલવણચંદ્રના અને છ દ્વીપ ધાતકીખંડના અભ્યન્તરચંદ્રના, તથા પશ્ચિમ-દિશામાં બે દ્વીપ બાહ્યલવણસૂર્યના અને ૬ દ્વીપ અભ્યન્તરધાતકી સૂર્યના છે, સર્વ-મળી ૮ ચંદ્રદ્વીપ અને ૮ સૂર્યદ્વીપ છે. ॥ ૨૮ ॥ ૨૨૨ ॥

विस्तरार्थ:—લવણસમુદ્રની શિખાની બહાર લવણસમુદ્રના બે ચંદ્ર અને બે સૂર્ય ફરે છે, અને ધાતકીખંડમાં જે ૧૨ સૂર્ય અને ૧૨ ચંદ્ર છે તેમાંના ૬–૬ સૂર્યચંદ્ર

ધાતકીના મેરૂપર્વતની અભ્યન્તરબાજુએ લવણસમુદ્ર તરફ ફરે છે, અને બીજા ૬ સૂર્ય ૬ ચંદ્ર ધાતકીમેરૂની બહારના ભાગમાં કાળોદધિસમુદ્ર તરફ પણ ધાતકીખંડમાંજ ફરે છે, જેથી ૬ ચંદ્ર અને ૬ સૂર્ય અભ્યન્તરધાતકીના અને બીજા ૬-૬ બાહ્યધાતકીના ગણાય. ત્યાં લવણસમુદ્રના પર્યન્તે લવણસમુદ્રની જગતી ધાતકીખંડના અભ્યન્તરકિનારે આવેલી છે, ત્યાંથી ૧૨૦૦૦ યોજન દૂર પૂર્વદિશામાં ૮ ચંદ્રદ્વીપ આવેલા છે, તેમાં બે દ્વીપ બાહ્યલવણચંદ્રના અને ૬ દ્વીપ અભ્યન્તર ધાતકીચંદ્રના છે, અને સર્વરીતે પૂર્વોક્ત ચાર ચંદ્રદ્વીપ સરખા છે, તથા પશ્ચિમ દિશામાં પણ ધાતકીના અભ્યન્તરકિનારાથી ૧૨૦૦૦ યોજન દૂર લવણસમુદ્રમાં ૮ દ્વીપ છે, તેમાં ૨ દ્વીપ બાહ્યલવણસૂર્યના છે, અને ૬ દ્વીપ અભ્યન્તરધાતકી સૂર્યના છે.

તથા એ દ્વીપના તે તે ચંદ્રોની ચંદ્રાનામની રાજધાનીઓ તથા સૂર્યની સૂર્યાનામની રાજધાનીઓ પૂર્વે કહ્યા પ્રમાણે અસંખ્યદ્વીપસમુદ્ર વીત્યાબાદ બીજા લવણસમુદ્રમાં અને બીજા ધાતકીદ્વીપમાં પોતપોતાની દિશાઓમાં વિજયરાજધાની સરખી ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળી છે ॥ इति बाह्यवर्तिनः ८-८ चंद्रसूर्यद्वीपाः ॥

એ પ્રમાણે આ લવણસમુદ્રમાં ૧ ગૌતમદ્વીપ ૧૨ ચંદ્રદ્વીપ અને ૧૨ સૂર્યદ્વીપ મળીને ૨૫ દ્વીપ સરખા પ્રમાણવાળા અને શાશ્વતા છે. એ ઉપરાન્ત રત્નદ્વીપ વિગેરે બીજા દ્વીપો પણ સંભવે છે, પરન્તુ શાસ્ત્રોમાં સમુદ્રના અધિકાર પ્રસંગે તેવા દ્વીપોનું વર્ણન આવતું નથી, તેનું કારણ અશાશ્વત હોય અથવા તો એવા ક્ષુલ્લદ્વીપોમાં કંઈ જાણવા લાયક ન હોય તો તે કારણ પણ હોય, ઇત્યાદિ યથાયોગ્ય કારણ વિચારવું. ॥ ૨૮ ॥ ૨૨૨ ॥

अवतरणः—પૂર્વગાથાઓમા કહેલા ગૌતમદ્વીપ વિગેરે ૨૫ દ્વીપો જળ ઉપર કેટલા ઊંચા દેખાય છે? તેનું પ્રમાણ આ ગાથામાં કહેવાય છે.—

एए दीवा जलुवरि, बहिजोअण सड्ढअट्ठसीह तहा ।
भागावि अ चालीसा, मज्झे पुण कोसदुगमेव ॥२९॥२२३॥

શબ્દાર્થઃ—

ए ए दीवा–એ દ્વીપો
जलउवरि–જળ ઉપર
बहि–જંબૂદ્વીપ ધાતકીદ્વીપ તરફ
सड्ढ अट्ठसीइ–સાઢી અઠયાસી
भागावि अ–વળી ભાગ પણ
चालीसा–(પંચાણુઆ) ચાલીસ
मज्झ पुण–અને શિખાદિશિ તરફ
कोसदुगंएव–બે કોશ જ

गाथार्थः—એ દ્વીપો અભ્યન્તરદિશિએ [દ્વીદિશિએ] ૮૮॥ યોજન તથા ૪૦ પંચાણુઆભાગ જેટલા જળઉપર દેખાય છે, અને બહારની દિશિએ બે ગાઉજ દેખાય છે ॥ ૨૯ ॥ ૨૨૩ ॥

વિસ્તરાર્થ :—એ ૨૫ દ્વીપોની બહારનો તથા અંદરનો જળ ઉપર દેખાવ આ પ્રમાણે—

ગૌતમદ્વીપ આદિ ૨૫ દ્વીપોનો જળઉપર દેખાવ ॥

અહિં પૂર્વના સંકેત પ્રમાણે બાહ્યશબ્દથી અભ્યન્તરદિશિ અને મધ્ય વા અભ્યન્તરશબ્દથી બાહ્યદિશિ એ અર્થ છે. ત્યાં એ દ્વીપો બાહ્યદિશિએ એટલે જંબૂદ્વીપ તરફના દ્વીપો જંબૂદ્વીપ તરફ અને ધાતકી ખંડ તરફના દ્વીપો ધાતકી ખંડ તરફ જળથી કેટલા ઉંચા દેખાય છે તે દર્શાવવાનું છે, ત્યાં બન્ને દ્વીપના કિનારાથી ૧૨૦૦૦-૧૨૦૦૦ યોજન દૂર જતાં એ દ્વીપો આવે છે અને ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળા હોવાથી ૨૪૦૦૦ યોજનને અન્તે જળવૃદ્ધિ કેટલી ? તે જાણીને ત્યારબાદ દ્વીપદિશિનો દેખાવ જાણવો સુગમ હોવાથી પ્રથમ તે જળવૃદ્ધિ કાઢવાની ત્રિરાશિઆ પ્રમાણે—યોજને—વૃદ્ધિ તો યોજને—કેટલી ? ૯૫૦૦૦—૭૦૦— ૨૪૦૦૦

૭૦૦×૨૪øøø = ૧૬૮૦૦૦
૯૫øøø ૯૫

૯૫) ૧૬૮૦૦૦ (૧૭૬ યોજન
૯૫
૭૩૦
૬૬૫
૦૬૫૦
૫૭૦
૦૮૦ શેષ ભાગ.

= ૧૭૬ ૮૦/૯૫

૨) ૧૭૬ (૮૮ ૨) ૮૦ (૪૦
૧૭૬
૦૦૦

યો૦ ભા૦
=૮૮ —૪૦
+ ૦॥

દષ્ટિગોચર ૮૮॥—૪૦ દ્વીપદિશિ

(અભ્યન્તર દષ્ટિગોચર)

એ પ્રમાણે ૨૪૦૦૦ યોજનાન્તે ૧૭૬ ૮૦/૯૫ યોજન જળવૃદ્ધિ હોવાથી સમભૂમિથી એટલો ઉંચો જળમાં ડૂબેલો છે, અને બે ગાઉ બહાર છે, પુનઃ જેવો બહારના ભાગમાં બહાર દેખાય છે. એટલા જ અભ્યન્તર ભાગે પણ જળબહાર હોય છે, અને તે ઉપરાન્ત અભ્યન્તર દિશિમાં ૧૨૦૦૦ યોજન હઠીને પાછા આવવાથી ૧૭૬-૮૦નું અર્ધ ૮૮-૪૦ અધિક ખુલ્લો હોય, જેથી

સર્વે મળીને ૮૮॥ યોજન-૪૦ ભાગ દ્વીપ તરફ સર્વે દ્વીપો જળ બહાર ઊંચા દેખાય
યો. ભા.
છે. અર્થાત્ જંબૂદ્વીપ પાસેના ૯ દ્વીપ જંબૂદ્વીપ તરફ ૮૮॥—૪૦ ખુલ્લા છે, અને
યો. ભા.
ધાતકીખંડતરફના ૧૬ દ્વીપ ધાતકી તરફ ૮૮॥—૪૦ ખુલ્લા છે. આ પ્રમાણે બન્ને દ્વીપ તરફ સરખા દૃષ્ટિગોચર થવાનું કારણ કે—જેવું ગોતીર્થ અને જળવૃદ્ધિ જબૂદ્વીપથી શિખા સુધી છે, તેવું જગોતીર્થ અને જ ળવૃદ્ધિ ધાતકી ખંડથી પણ શિખા સુધી છે તથા બહાર ભાગે એટલે એ સર્વે દ્વીપો શિખા તરફ તો બે ગાઉ દૃષ્ટિગોચર છે તે સ્વાભાવિક છે, જેથી એ ઉંચાઈ ગણિતલબ્ધ નથી ॥

ગૌતમાદિ ૨૫ દ્વીપોની મૂળથી *અનુકત ઉંચાઈ

હવે એ ૨૫ દ્વીપો સમુદ્રની ભૂમિથી કેટલા ઉંચા છે? તે જો કે શાસ્ત્રમાં દર્શાવેલું નથી તો પણ અહિં વિશેષ અર્થ તરીકે કહેવાય છે તે ત્રિરાશિના ગણિતથી આ પ્રમાણે—

યોજને ગોતીર્થ તો યોજને કેટલું!

૯૫૦૦૦ — ૧૦૦૦ — ૧૨૦૦૦ $\frac{૧૨૦૦૦×૧\not{૦}\not{૦}\not{૦}}{૯૫\not{૦}\not{૦}\not{૦}} = \frac{૧૨૦૦૦}{૯૫}$

૯૫) ૧૨૦૦૦ (૧૨૬ યો. ભા.
૯૫ = ૧૨૬ - ૩૦ ગોતીર્થ. (૧૨૦૦૦ યો૦નું)
૨૫૦ +૮૮॥- ૪૦ દૃષ્ટિગોચર (,, ની)પૂર્વવત
૧૯૦ ૨૧૪॥- ૭૦ અભ્યન્તર ઉંચાઈ.
૦૬૦૦
૫૭૦
૩૦ શેષ ભાગ

યોજન ભાગ
એ પ્રમાણે ૨૧૪-૭૦ જેટલી ઉંચાઈ દ્વીપાદૃશિએ એટલે અભ્યન્તરભાગ છે, અને બાહ્ય ભાગે એટલે શિખાદિશિ તરફની ઉંચાઈ જાણવાને પ્રથમ જે ૧૨૦૦૦ યોજન અન્તરનું ગોતીર્થ તથા જળવૃદ્ધિ કહી છે તેને જ બમણી કરવી, કારણ કે દ્વીપના

* શાસ્ત્રમાં એ દીપો ભૂમિભાગથી કેટલા ઉંચા છે? તે કહ્યું નથી. માટે શાસ્ત્રમાં નહિ કહેલી ઉંચાઈ તે અહીં અનુક્ત ઉંચાઈ જાણવી.

પર્યન્તે જતાં દ્વીપવિસ્તારના બીજા ૧૨૦૦૦ યોજન અધિક વધે છે, જેથી દ્વીપથી ૨૪૦૦૦ યોજન દૂરનું ગોતીર્થ અને જળવૃદ્ધિ પ્રાપ્ત કરીને ત્યારબાદ ૦॥ યોજન દૃષ્ટિ ગોચર ઉમેરતાં બાહ્ય ઉંચાઈ આવે છે તે આ પ્રમાણે—

યોજને ગોતીર્થ તો યોજને કેટલા ?

૯૫૦૦૦—૧૦૦૦—૨૪૦૦૦

૨૪૦૦૦×૧ø ø ø=૨૪૦૦૦ / ૯૫ø ø = ૯૫

૯૫) ૨૪૦૦૦ (૨૫૨ યોજન ગોતીર્થ
૧૯૦
૫૦૦
૪૭૫
૨૫૦
૧૯૦
૬૦ શેષ ભાગ

યોજને વૃદ્ધિ તો યોજને કેટલી ?

૯૫૦૦૦–૭૦૦–૨૪૦૦૦

૭૦૦×૨૪૦૦૦=૧૬૮૦૦ / ૯૫૦૦૦ = ૯૫

૯૫) ૧૬૮૦૦ (૧૭૬ યોજન જળવૃદ્ધિ.
૯૫
૭૩૦
૬૬૫
૬૫૦
૫૭૦
૮૦ શેષ ભાગ

યો.	ભા.	
૨૫૨—	૬૦	ગોતીર્થજળ
૧૭૬—	૮૦	વૃદ્ધિજળ
૦॥		દ્રષ્ટિગોચર
* ૪૨૮॥–	૧૪૦	
+ ૧ ૦ ૦–	૯૫	[પંચાણું અંશનો ૧ યોજન કાઢી લઈ યોજનોમાં ઉમેરતાં]
૪૨૯॥—	૪૫	બાહ્યદિશિએ શિખાતરફ ૨૫ દ્વીપોની મૂળથી ઊંચાઈ.

---

* અથવા બીજીરીતે વિચારીએ તો ૯૫૦૦૦ યોજન ગયે ભૂમિથી ૧૭૦૦ યોજન ઉંચું જળ છે માટે યોજને ઊર્ધ્વજળ તો યોજને કેટલું ?

૯૫૦૦૦ ૧૭૦૦ ૨૪૦૦૦

૧૭૦૦×૨૪૦૦૦=૪૦૮૦૦ / ૯૫૦૦૦ = ૯૫

૯૫) ૪૦૮૦૦ (૪૨૯ યો.
૪૦૭૫૫
યો. ભા. ૦૦૦૪૫ શેષ ભાગ

એમાં ૦॥ યોજન દૃષ્ટિગોચરનો મેળવતાં એ રીતે પણ ૪૨૯॥–૪૫ બાહ્ય ઉંચાઈ આવે છે.

॥ लवणसमुद्रना गौतमद्वीप आदि ३१ द्वीपोनो यंत्र ॥

દ્વીપ	દિશા (જંબૂ મેરૂથી)	જગતીથી દૂર	પરસ્પર દૂર	વૃત્ત વિસ્તાર	જંબૂ॰ તરફ જળથી ઊંચા	શિખા તરફ જળથી ઊંચા	ઉપર શું છે?	અધિપતિ દેવ
૧ ગૌતમ દ્વીપ	પશ્ચિમે	(જંબૂ જગતીથી) ૧૨૦૦૦ યો.	૧૨૦૦૦યો.	૧૨૦૦૦યો.	યો. ભા. ૮૮—૪૦	૨ ગાઉ	સુસ્થિત દેવ-નો પ્રાસાદ	લવણસમુદ્રનો અધિ-પતિ સુસ્થિતદેવ
૪ ચંદ્ર દ્વીપ	પૂર્વે	,,	,,	,,	,,	,,	ચન્દ્રપ્રાસાદ	૨ જંબૂના ચન્દ્ર ૨ લવણના ચન્દ્ર
૪ સૂર્ય દ્વીપ	પશ્ચિમે	,,	,,	,,	,,	,,	સૂર્યપ્રાસાદ	૨ સૂ૰ જંબૂના ૨ સૂ૰ લવણના
૮ ચંદ્ર દ્વીપ	પૂર્વે	(ધાતકીથી ૧૨૦૦૦	,,	,,	,,	,,	ચન્દ્રપ્રાસાદ	૨ લવણચન્દ્ર ૬ ધાતકીચન્દ્ર
૮ સૂર્ય દ્વીપ	પશ્ચિમે	,,	,,	,,	,,	,,	સૂર્યપ્રાસાદ	૨ લવણસૂર્ય ૬ ધાતકીસૂર્ય
૩-૩ તીર્થ દ્વીપ	ઉત્તરે-૩ દક્ષિણે-૩	જંબૂ જગતીથી ૧૨ યો.	—	૧૨ યો.	સાધિક પા યો.	,,	તીર્થદેવના પ્રાસાદ	માગધ-વર દામ-પ્રભાસ

॥ लवणसमुद्रमां आवेला पदार्थोनुं संक्षिप्तकोष्टक ॥

	કેટલા	કયાંથી પ્રારંભીને કયાં સુધી	ઉંચાઈ	ઉંડાઇ	પહોળાઈ	કેટલે દૂર (જગતીથી)	જળથી ઉપર કેટલું પાણી ૪૦ યો. પર કેટલું	જળથી ઉપર કેટલું- ન શિખા પર કેટલું	મૂળ વિસ્તાર	ઉપર વિસ્તાર
ગોતીર્થ	૨	બે જગતીથી ૯૫૦૦૦ યો.	—	ક્રમશઃ ૧૦૦૦ યો.	૯૫૦૦૦યો.	પ્રારંભથી	—	—	—	—
જળવૃદ્ધિ	૨	જગતીથી ૯૫૦૦૦ યો.	ક્રમશઃ ૭૦૦ યો.	—	૯૫૦૦૦યો.	પ્રારંભથી	—	—	—	—
શિખા	૧	અતિ મધ્ય ભાગે (૧૦૦૦૦ યોજનમાં)	જળથી ૧૬૦૦૦ યો.	—	૧૦૦૦૦યો	૯૫૦૦૦ યો.	૧૬૦૦૦ યો.	૧૬૦૦૦ યો.	૧૦૦૦૦ યો.	૧૦૦૦૦ યો.
કળશ	૭૮૮૮	” (૧ લાખ યોજનમાં)	—	૧૦૦૦૦૦ યો.	૧ લાખ યો.	૯૫૦૦૦ યો. મુખવિસ્તારાએ	—	—	”	”
વેલંધરપર્વત	૮	———	૧૭૨૧	ઉંચાઈના ચોથા ભાગે	૧૦૨૨ યો.	૪૨૦૦૦ યો.	૯૬૯ ૪૦/૯૫	૯૬૩ ૭૭/૯૫	૧૦૨૨યો.	૪૨૪ યો.
અન્તરદ્વીપ	૫૬	જગતીથી ૮૪૦૦ યો.	ક્રમશઃ ભિન્નભિન્ન	—	૩૦૦ થી ૯૦૦ યો.	૩૦૦ થી ૯૦૦ યો.	૨॥ ૨૦/૯૫ થી ૬॥ ૬૦/૯૫ સુધી	૨ ગાઉ	—	—
ચંદ્રાદિદ્વીપ	૨૫	— —	”	—	૧૨૦૦૦	૧૨૦૦૦ યો.	૮૮ ૪૦/૯૫	૨ ગાઉ	૧૨૦૦૦ યો.	૧૨૦૦૦ યો.

યો. ભાગ
એ પ્રમાણે ગૌતમાદિ દ્વીપોની અભ્યન્તરઊંચાઈ ૨૧૪॥—૭૦ અને બાહ્ય

યો. ભાગ.
ઉંચાઈ ૪૨૯॥—૪૫ જાણવી ॥ ૨૯ ॥ ૨૨૩ ॥

अवतरणः—હવે એ ૨૫ દ્વીપો ઉપર સુસ્થિતદેવ તથા ચંદ્રસૂર્યના જે ક્રીડાપ્રાસાદ રહેલા છે તે પ્રાસાદોનું પ્રમાણ તથા લવણ સમુદ્રના જ્યોતિષી વિમાનોનું કંઈક સ્વરૂપ કહેવાય છે, અને તે સાથે આ લવણ સમુદ્રનો અધિકાર પણ સમાપ્ત કરાય છે–

कुलगिरिपासायसमा, पासाया एसु णिअणिअपहूणं ।
तह लावणजोइसिआ, दगफालिह उड्ढलेसागा ॥३०॥२२४॥

શબ્દાર્થ :—

कुलगिरिपासाय–વર્ષધરના પ્રાસાદો
समा–સરખા
एसु–એ દ્વીપો ઉપર
णिअणिअ–નિજ નિજ, પોતપોતાના
पहूणं–પ્રભુઓના, અધિપતિઓના

तह–તથા
लावणजोइसिआ–લવણ સમુદ્રના જ્યોતિષિઓ
दगफालिह–દકસ્ફટિક, જળસ્ફટિકરત્નના
उड्ढलेसागा–ઊર્ધ્વલેશ્યાવાળા, અધિક ઊર્ધ્વતેજવાળા.

गाथार्थः–એ દ્વીપો ઉપર પોતપોતાના અધિપતિદેવોના જે પ્રાસાદો છે તે કુલગિરિ ઉપરના પ્રાસાદો સરખા છે, તથા લવણ સમુદ્રના જ્યોતિષીઓ જળસ્ફટિકરત્નના અને અધિક ઊર્ધ્વતેજવાળા છે. ॥૩૦॥૨૨૪॥

દ્વીપો ઉપર દેવપ્રાસાદોનું પ્રમાણ.

विस्तरार्थः—લઘુહિમવંત આદિ ૬ વર્ષધરપર્વતો ઉપર સિદ્ધાયતન કૂટ સિવાયના કૂટો ઉપર જેવા દેવપ્રાસાદ છે તેવા જ અને તેટલા પ્રમાણવાળા આ ૨૫ દ્વીપ ઉપરના [1]પ્રાસાદો પણ છે, જેથી આ ૨૫ દેવ પ્રાસાદો ૬૨॥ યોજન ઉંચા અને ૩૧। યોજન વિસ્તારવાળા છે, અને એ સર્વે ક્રીડાગ્રહસરખા છે, સુસ્થિતના આવાસમાં એક દેવશય્યા છે, પોતાની રાજધાનીમાંથી સુસ્થિતદેવ જ્યારે અહિં આવે ત્યારે શયન ક્રીડા અથવા આરામ કરવાને માટે આ આવાસ ઉપયોગી છે, અને ચંદ્ર સૂર્યના પ્રાસાદોમાં દરેકમાં એકેક સપરિવાર સિંહાસન છે, અને તે તે ચંદ્ર સૂર્ય જ્યારે પોતાની બીજા જંબૂદ્વીપલવણસમુદ્રમાં રહેલી રાજધાનીમાંથી અહિં આવે ત્યારે કોઈ કોઈ વખતે પોતાના આ દ્વીપ ઉપરના પ્રાસાદમાં આવી સુખે બેસે છે, અને આરામ

૧. ગાથામાં સામાન્યથી ૨૫ માં પ્રાસાદ કહ્યા છે તો પણ ગૌતમદ્વીપમાં ભવન અને ૨૪ દ્વીપોમાં પ્રાસાદ છે એટલું વિશેષ જાણવું.

કરે છે. એ પ્રમાણે ૨૫ પ્રાસાદોમાંના ૧ પ્રાસાદમાં શય્યા અને ૨૪ પ્રાસાદમાં સિંહાસન જાણવાં.

લવણસમુદ્રનાં જ્યોતિષ વિમાનો જળસ્ફટિકનાં

તથા લવણસમુદ્રની શિખા ૧૬૦૦૦ યોજન ઉંચી છે, અને જ્યોતિષીઓ ૭૯૦ યોજન ઉંચે આકાશમાં ફરે છે, તો ૧૦૦૦૦ યોજન જેટલા વિસ્તારવાળી શિખામાં જળ હોવાથી તેટલો વિસ્તાર સર્વથા જ્યોતિષીઓ રહિત છે કે સહિત છે? અર્થાત્ લવણસમુદ્રના જ્યોતિષીઓ શિખાની આજુબાજુએ જ છે કે શિખાની અંદર પણ છે? અને જો શિખાની અંદર હોય તો જળમાં વિમાનો કેવી રીતે ચાલે? એ સર્વ શંકાઓના સમાધાન તરીકે આ ગાથામાં કહે છે કે–લવણસમુદ્રમાં ફરતાં જ્યોતિષ વિમાનો જળસ્ફટિક રત્નનાં છે, અને જળસ્ફટિકરત્ન જળમાં પોતાની જગ્યા કરી કરીને ચાલતું જાય એવા સ્વભાવવાળું હોય છે, માટે શિખાની અંદરનાં જ્યોતિષ-વિમાનો પણ શિખાના જળને ભેદીને કંઈ પણ નડતર વિના અસ્ખલિત પણે ફરે છે, અર્થાત્ શિખાની બહારનાં વિમાનો જેમ ખુલ્લાઆકાશમાં નિર્વિઘ્નપણે ફરે છે તેવી જ રીતે શિખાની અંદરનાં વિમાનો પણ જળની અંદર નિર્વિઘ્નપણે ગતિ કરે છે.

પ્રશ્નઃ—જો એ પ્રમાણે છે તો શિખાની અંદર ફરતાં જ્યોતિષવિમાનો જ જળસ્ફટિકરત્નનાં છે કે શિખાની બહાર ફરનારાં પણ તેવા જ રત્નનાં છે?

ઉત્તરઃ—લવણસમુદ્રમાં જેટલાં વિમાનો છે તેટલાં સર્વવિમાનો જળસ્ફટિકનાં છે, જો કે શિખાબહાર જળભેદ કરવાનો નથી તો પણ સ્વભાવથી જ સર્વવિમાનો જળસ્ફટિકનાં છે.

પ્રશ્નઃ—તો લવણસમુદ્રવત્ બીજા સમુદ્રોમાં જળસ્ફટિકનાં કે અન્યથા?

ઉત્તરઃ—કેવળ લવણસમુદ્રનાં જ સર્વવિમાનો જળસ્ફટિકમય છે, અને શેષ સર્વે દ્વીપસમુદ્રનાં વિમાનો સામાન્ય સ્ફટિકનાં છે.

જળસ્ફટિક વિમાનોનો અધિક ઊર્ધ્વપ્રકાશ

તથા એ વિમાનોનો ઊર્ધ્વપ્રકાશ ઘણો હોય છે, જેથી ચંદ્રસૂર્યનો પ્રકાશ શિખાના પર્યન્તભાગ સુધી પહોંચે છે, અને તેથી જે વખતે જંબૂદ્વીપમાં જે સ્થાને દિવસ હોય છે, તે જ સ્થાનની સન્મુખ રહેલા લવણસમુદ્રના પણ સંપૂર્ણ ક્ષેત્રમાં એટલે જંબૂદ્વીપના પર્યન્તથી ધાતકીખંડના પ્રારંભ સુધીમાં સર્વત્ર દિવસ હોય છે તે વખતે તેટલાક્ષેત્રમાં આવેલો શિખાનો ભાગ પણ તેટલા વિસ્તારમાં ૧૬૦૦૦ યોજન ઉંચાઈ સુધી સપ્રકાશ હોય છે, અને બાકીના બે ભાગમાં રાત્રિ હોવાથી અંધકાર હોય છે, શિખાની અંદર જળમાં ચંદ્રસૂર્ય ફરતા નથી પરન્તુ શિખાની બન્ને બાજુએ દ્વીપદિશિતરફ ખુલ્લા આકાશમાં ફરે છે, અને તેથી તેનો ઊર્ધ્વતીર્છો પ્રકાશ

ઠેઠ શિખાની ઉપર પહોંચે છે. જંબૂદ્વીપાદિ સર્વદ્વીપસમુદ્રના ચન્દ્રસૂર્યનો ઊર્ધ્વપ્રકાશ માત્ર ૧૦૦ યોજન સુધીજ હોય છે, અને આ લવણસમુદ્રના સૂર્યચંદ્રનો ઊર્ધ્વપ્રકાશ સાધિક ૮૦૦ યોજન જેટલો હોવાથી આ વિમાનોને અધિક ઊર્ધ્વલેશ્યાવાળાં (અધિક ઊર્ધ્વતેજવાળાં) કહ્યાં છે તે યથાર્થ છે. વળી જો એ વિમાનો એવાં ઊર્ધ્વતેજસ્વી ન હોય તો ૭૦૦ યોજન જેટલી શિખાનો ઊર્ધ્વભાગ સર્વત્ર સદાકાળ અપ્રકાશિત જ રહે.

॥ લવણસમુદ્રના સ્વરૂપનો ઉપસંહાર ॥

એ પ્રમાણે અહિં લવણસમુદ્રનું સ્વરૂપ હવે સમાપ્ત થયું, વિશેષવર્ણનના જિજ્ઞાસુઓએ અન્યશાસ્ત્રોમાંથી વિશેષવિસ્તાર જાણવા યોગ્ય છે, અને કિંચિત્ સંક્ષિપ્ત સંગ્રહ કહેવાય છે તે આ પ્રમાણેઃ—

॥ લવણસમુદ્રના પદાર્થોનો સંક્ષિપ્ત સંગ્રહ ॥

૫૬ અન્તર્દ્વીપ	૪ મોટા પાતાલકળશ	૪ ચન્દ્ર
૧ ગૌતમદ્વીપ	૭૮૮૪ લઘુ પાતાલકળશ	૪ સૂર્ય
૧૨ ચંદ્રદ્વીપ	[૭૮૮૮ પાતાલકળશ]	૧૩૨ નક્ષત્ર
૧૨ સૂર્યદ્વીપ	૪ વેલંધરપર્વત	૩૫૨ ગ્રહ
[૮૧ દ્વીપ]	૪ અનુવેલંધરપર્વત	૨૬૭૯૦૦ કો૦કો૦તારા
૬ તીર્થદ્વીપ	૧ ઉદકમાળા (શિખા)	૨ ગોતીર્થ
	૧૭૪૦૦૦ વેલંધરદેવ	

વળી એ ઉપરાન્ત ઉત્કૃષ્ટથી ૫૦૦ યોજન [ઉત્સેધાંગુલ] પ્રમાણના મત્સ્યાદિ જલચરો છે, તથા જગતીના વિવરોમાં થઈને જંબૂદ્વીપમાં પ્રવેશેલા જળમાં એ જ વિવરોમાં થઈને મત્સ્યો પણ વધુમાં વધુ ૯ યોજનદીર્ઘ કાયાવાળા પ્રવેશ કરે છે. આ લવણસમુદ્ર કાળોદધિસમુદ્ર અને સ્વયંભૂરમણસમુદ્રમાં મત્સ્ય ઘણી જાતિના અને ઘણા છે, શેષસમુદ્રોમાં મત્સ્યો છે પરન્તુ લવણાદિ ત્રણસમુદ્રની અપેક્ષાએ બહુ અલ્પ છે. તેમાં કાલોદધિમાં મોટામાં મોટા ૭૦૦ યોજનના મત્સ્ય અને સ્વયંભૂરમણમાં ૧૦૦૦ યોજનના મત્સ્ય છે, શેષ સમુદ્રોમાં ૭૦૦ થી ૧૦૦૦ ની અંદર મધ્યમપ્રમાણવાળા મત્સ્ય છે. એ રીતે આ લવણસમુદ્રનો અધિકાર સમાપ્ત થયો. ॥ ૩૦–૨૨૪ ॥

॥ इति द्वितीयो लवणसमुद्राधिकारः ॥

॥ अथ तृतीयो धातकीखंडाधिकारः ॥

अवतरणः—પૂર્વે લવણસમુદ્રનો અધિકાર સમાપ્ત થયો, અને હવે આ ત્રીજા અધિકારમાં धातकीखंड નામના બીજા દ્વીપનું વર્ણન કરવાનો પ્રસંગ છે, ત્યાં આ ધાતકીખંડદ્વીપ લવણસમુદ્રની ચારે બાજુ વલયાકારે વીંટાઈ રહ્યો છે, તે લવણસમુદ્રથી બમણો એટલે ૪૦૦૦૦૦ (ચારલાખ) યોજન પહોળો અને લંબાઈમાં આગળ કહેવાશે તેવા ત્રણ પરિધિઓ જેટલો પ્રારંભમાં મધ્યમાં અને પર્યન્તે વલયાકાર પરિધિવાળો છે, એટલે આરંભમાં ૧૫૮૧૧૩૯ (પંદરલાખ એકાસી હજાર અને એકસો ઓગણચાલીસ) યોજન પરિધિ આકારે લાંબો છે, અને પર્યન્તે ૪૧૧૦૯૬૧ (એકતાલીસલાખ દશહજાર નવસો એકસઠ) યોજન પરિધિ આકારે લાંબો છે, પરન્તુ સીધી લીટીએ લાંબો નથી. તથા આ ધાતકીખંડમાં ઉત્તરદક્ષિણદિશાએ ઉત્તરદક્ષિણ લાંબા બે મોટા ઈષુકાર પર્વતો આવેલા છે કે જેને લઈને લંબાઈમાં ધાતકીખંડના બે મોટા વિભાગ પડયા છે, જેમાંનો એક પૂર્વદિશા તરફનો વિભાગ તે पूर्वधातकीखंड અને પશ્ચિમદિશા તરફનો વિભાગ તે पश्चिमधातकीखंड એ નામે ઓળખાય છે, તેજ વાત આ ગાથામાં કહેવાય છે.—

जामुत्तरदीहेणं, दससयसमपिहुल पणसउच्चेणं ।
उसुयारगिरिजुगेणं, धायइसंडो दुहविभत्तो ॥१॥२२५॥

શબ્દાર્થઃ—

जाम उत्तर-દક્ષિણઉત્તર	उसुयारगिरि-ઇષુકાર પર્વત
दीहेणं-દીર્ઘ	जुगेणं-બે વડે
दससय (દસસો) હજાર યોજન	धायइसंडो-ધાતકીખંડ
समपिहुल-સરખો પહોળો	दुह-બે વિભાગે
पणस (य) उच्चेणं-પાંચસો યોજન ઉંચો	विभत्तो-વ્હેંચાયલો છે.

गाथार्थः—દક્ષિણઉત્તર દીર્ઘ, એકહજાર યોજન સર્વત્ર સરખા પહોળા અને પાંચસો યોજન (સર્વત્ર સરખા) ઉંચા એવા બે ઇષુકારપર્વતોવડે આ ધાતકીખંડ બે વિભાગમાં વહેંચાયેલો છે ॥ ૧ ॥ ૨૨૫ ॥

विस्तरार्थ;—જંબૂદ્વીપ તે પહેલો દ્વીપ, જંબૂદ્વીપને વીંટાયલા લવણસમુદ્રને વીંટાયલો આ घातकीखंड નામનો બીજો દ્વીપ છે. આ દ્વીપનું ધાતકીખંડ એવું નામ પડવાનું કારણ આ પ્રમાણે—

[गा० २१०, पृ० ३२८]

॥ धातकीखंडना २ इषुकार पर्वत ॥



॥ "ધાતકીખંડ" એ નામનું કારણ ॥

આ દ્વીપમાં સ્થાને સ્થાને ધાતકીવૃક્ષનાં (ધાવડીનાં) ઘણાં વન છે, તથા આ દ્વીપના અધિપતિ બે દેવો જંબૂવૃક્ષ સરખા ધાતકી અને મહાધાતકી નામના બે મહાવૃક્ષો ઉપર રહે છે, તેથી [જેમ જંબૂવૃક્ષના ઘણાં વન અને અનાદૃત દેવના નિવાસભૂત શાશ્વતજંબૂવૃક્ષ ઉપરથી પહેલા દ્વીપનું જંબૂદ્વીપ નામ થયેલું છે, તેમ અહિં પણ એ પૂર્વોક્ત કારણથી] घातकीखंड એવું નામ થયેલું છે. અથવા એ નામ ત્રણે કાળમાં એક સરખી રીતે વર્તતું શાશ્વત નામ છે.

॥ પૂર્વ ધાતકીખંડ અને પશ્ચિમ ધાતકીખંડ ॥ इषुकारपर्वत ॥

આ દ્વીપમાં ઉત્તરદિશાએ इषुकार पर्वत નામનો એક મોટો પર્વત છે, તે ઉત્તર-દક્ષિણ દીર્ઘ છે, ૧૦૦૦ યોજન પ્રારંભથી પર્યન્ત સુધી એક સરખો પહોળો છે, અને તેવીજ રીતે પ્રારંભથી પર્યન્ત સુધી ૫૦૦ યોજન એક સરખો ઉંચો છે, વળી એવોજ બીજો इषुकारपर्वत દક્ષિણદિશામાં પણ આવેલો છે. એમાં ઉત્તરદિશાનો ઇષુકારપર્વત લવણસમુદ્રની જગતીના અપરાજીતદ્વારથી પ્રારંભીને ધાતકીખંડની જગતીના અપરાજીત-દ્વારસુધી પહોંચેલો છે, અથવા લવણસમુદ્રના ઉત્તરપર્યન્તથી કાળોદધિસમુદ્રના ઉત્તર-પ્રારંભસુધી લાંબો છે, એટલે એ પર્વતનો એક છેડો લવણસમુદ્રને મળ્યો છે, અને બીજો છેડો કાલોદધિ સમુદ્રને મળ્યો છે. તેવી રીતે બીજા દક્ષિણઇષુકારનો એક છેડો લવણસમુદ્રના વિજયંતદ્વારે આવેલો છે, અને બીજો છેડો ધાતકીખંડના વિજયંતદ્વારે પહોંચ્યો છે. જેથી [ધાતકીખંડ ૪૦૦૦૦૦ યોજન પહોળો હોવાથી] એ બે પર્વતો પણ ૪૦૦૦૦૦ (ચાર લાખ) યોજન લાંબા છે. અને એ પ્રમાણે એ બે પર્વતો દ્વીપની વચ્ચે ઉત્તર દક્ષિણમાં આવવાથી ધાતકી ખંડના पूर्वधातकीखंड અને पश्चिमधातकी खंड એવા બે મોટા વિભાગ થયેલા છે. તથા इषु એટલે બાણના कार–આકાર સરખા દીર્ઘ હોવાથી इषुकार એવું નામ છે, એ દરેક ઈષુકાર ઉપર ચાર ચાર કૂટ–શિખર છે, તેમાંનું પહેલું સિદ્ધાયતન કૂટ કાલોદધિસમુદ્ર પાસે છે, ત્યારબાદ બીજું ત્રીજું ચોથું કૂટ લવણસમુદ્ર તરફ છે. ॥ ૧ ॥ ૨૨૫ ॥

॥ ધાતકી ખંડમાં ૧૨ વર્ષધરપર્વત, ૧૪ મહાક્ષેત્ર ॥

अवतरणः—પૂર્વે કહેલા પૂર્વધાતકી ખંડમાં અને પશ્ચિમ ધાતકી ખંડમાં દરેકમાં ૬–૬ વર્ષધરપર્વત અને ૭–૭ મહાક્ષેત્ર છે, અને તે ચક્રના (પૈડાના) આરા તથા આંતરા સરખા છે જેથી પર્વતો સરખી પહોળાઇવાળા અને ક્ષેત્રો વિષમ પહોળાઇવાળાં છે તે આ ગાથામાં કહેવાય છે—

खंडदुगे छ छ गिरिणो, सग सग वासा य अर विवररूवा ।
धुरि अंति समा गिरिणो, वासा पुण पिहुलपिहुलयरा ॥२॥२२६॥

શબ્દાર્થ:—

खंडदुगे–બન્ને વિભાગમાં
छ छ गिरिणो–છ છ વર્ષધર પર્વતો
सग सग वासा–સાત સાત ક્ષેત્ર
अर–ચક્રના આરા સરખા
विवररूवा–તથા આંતરા સરખા

धुरि अंति–પ્રારંભમાં અને અન્તે
समा गिरिणो–પર્વતો સરખા પહોળા
वासा पुण અને ક્ષેત્રો
पिहुलपिहुलयरा–અધિક અધિક પહોળાં છે,

ગાથાર્થ :—બન્ને ખંડમાં-વિભાગમાં ૬-૬ વર્ષધરપર્વતો ચક્રના આરા સરખા છે, અને ક્ષેત્રો ચક્રના વિવર (આરાના આંતરા) સરખા છે, તેથી પર્વતો પ્રારંભમાં અને અન્તે સરખા પહોળા છે, અને ક્ષેત્રો અધિક અધિક પહોળાઈવાળાં છે. ॥ ૨ ॥ ૨૨૬ ॥

विस्तरार्थ :—પૂર્વે કહ્યાપ્રમાણે ધાતકી ખંડના જે બે મોટા વિભાગ થયેલા છે તેમાં પહેલા વિભાગમાં એટલે પૂર્વધાતકી ખંડમાં અને બીજા વિભાગમાં એટલે પશ્ચિમ ધાતકી ખંડમાં જંબૂદ્વીપની પેઠે ૬-૬ વર્ષધરપર્વતો અને ૭-૭ મહાક્ષેત્રો આવેલાં છે, જેથી જંબૂદ્વીપમાં ૬ વર્ષધર છે, ત્યારે અહિં ૧૨ વર્ષધર છે, અને જંબૂદ્વીપમાં ૭ મહાક્ષેત્ર છે ત્યારે અહિં ૧૪ મહાક્ષેત્ર છે એ તફાવત છે.

॥ વર્ષધરો આરા સરખા અને ક્ષેત્રો વિવરસરખાં ॥

ધાતકીખંડ તે એક મહાન ચક્ર (રથના પૈડા) સરખો છે, જેમાં જંબૂદ્વીપસહિત લવણ સમુદ્ર તે ચક્રની નાભિ છે, અને કાલોદધિસમુદ્ર તે ચક્રનો પ્રધિ (લોખંડની વાટ સરખો) છે. એવા પ્રકારના એ ધાતકીદ્વીપ રૂપી મહાચક્રમાં ૧૨ વર્ષધર અને ૨ ઇષુકાર મળી ૧૪ પર્વતો આરા સરખાં છે. અને તે ચૌદ આરાના ૧૪ આંતરામાં મહાક્ષેત્ર રહ્યાં છે, માટે ક્ષેત્રો આરાના વિવરસરખાં (આંતરા સરખાં) છે. એ પ્રમાણે ૧૪ પર્વતો આરા સરખા હોવાથી પ્રારંભમાં એટલે લવણ સમુદ્ર પાસે જેટલા પહોળા છે, તેટલા જ પહોળા પર્યન્તે એટલે કાલોદધિસમુદ્ર પાસે પણ છે, અર્થાત્ એ ચૌદે પર્વતોનો એક છેડો લવણસમુદ્રને અડેલો છે, અને બીજો છેડો કાલોદધિસમુદ્રને અડેલો છે, જેથી ચૌદે પર્વતો ૪૦૦૦૦૦ (ચાર લાખ) યોજન લાંબા છે. એ પર્વતો પ્રારંભે અને પર્યન્તે કેટલા પહોળાં છે? તે આગળ ૧૦ મી ગાથામાં 'विक्खंभगुण धुवंके' એ ગાથાના વિસ્તરાર્થમાં કહેવાશે.

તથા ચૌદ આંતરામાં રહેલાં ૧૪ મહાક્ષેત્ર તે પણ ધાતકી ખંડની પહોળાઈ પ્રમાણે વર્ષધરપર્વતો જેટલાં જ ૪ લાખ યોજન લાંબાં છે, અને પહોળાઈમાં બહુ વિષમતા છે, કારણ કે લવણ સમુદ્ર પાસે ક્ષેત્રોની પહોળાઈ અલ્પ છે, ત્યાર બાદ ચક્રના વિવર-પ્રમાણે વધતી વધતી કાળોદધિસમુદ્ર પાસે ક્ષેત્રોની પહોળાઈ ઘણી જ વધી ગઈ છે. જેથી આગળ ૧૦-૧૧-૧૨ મી ગાથામાં કહેવાશે તેવી ગણિત રીતિ પ્રમાણે પ્રારંભની મધ્યની અને પર્યન્તની એમ ત્રણ પહોળાઈ જુદી જુદી દરેક ક્ષેત્રની કહેવાશે. ॥ ૨ ॥ ૪૨૬ ॥

अवतरणः—હવે આ ધાતકીખંડમાં જંબૂદ્વીપના પદાર્થ સરખા કયા કયા પદાર્થ છે તે કહેવાય છે—

दहकुंडुडत्तममेरुमुस्सयं वित्थरं वियड्ढाणं ।
वट्टगिरीणं च सुमेरुवज्जमिह जाण पुव्वसमं ॥३॥२२७॥

શબ્દાર્થ:—

दह (उंडत्तं)-દ્રહોની ઉંડાઈ	वट्टगिरीणं-વૃત્તગિરિઓનો
कुंड उंडत्तं-કુંડોની ઉંડાઈ	सुमेरुवज्जं-મેરૂપર્વત વર્જીને
अमेरुं-મેરૂ રહિત પર્વતોની	इह-અહિં ધાતકીખંડમાં
उस्सयं-ઉંચાઈ	जाण-જાણવું
वित्थरं वियड्ढाणं-વૈતાઢ્યોનો વિસ્તાર	पुव्वसमं-પૂર્વસમ, જંબૂદ્વીપ તુલ્ય

गाथार्थः દ્રહોની ઉંડાઈ, કુંડોની ઉંડાઈ, મેરૂવિના શેષપર્વતોની ઉંચાઈ, વૈતાઢ્યોનો વિસ્તાર, અને મેરૂસિવાય શેષવૃત્તઆકારવાળા પર્વતોનો વિસ્તાર એ સર્વ અહિં ધાતકીખંડમાં જંબૂદ્વીપના સરખું જાણવું [એ ૫ બાબત સરખી જાણવી] ॥ ૩ ॥ ૨૨૭ ॥

विस्तरार्थ : જંબૂદ્વીપમાં દ્રહોની અને કુંડોની જે ૧૦ યોજન ઉંડાઈ કહી છે તેટલીજ ઉંડાઈ ધાતકીખંડના દ્રહોની અને કુંડોની છે, પરન્તુ એ દ્રહોના અને કુંડોના વિસ્તાર વિગેરે તો બમણા છે.

તથા મેરૂવિના શેષ કુલગિરિ ગજદન્તવક્ષસ્કાર યમલગિરિ કંચનગિરિ અને વૈતાઢ્ય વિગેરેની જે ઉંચાઈ જંબૂદ્વીપમાં કહી છે તેજ ઉંચાઈ ધાતકીખંડમાં પણ છે.

તથા દીર્ઘવૈતાઢ્યોનો વિસ્તાર જંબૂદ્વીપમાં ૫૦ યોજન કહ્યો છે, તે પ્રમાણે જ ધાતકીખંડના ૬૮ દીર્ઘવૈતાઢ્યોનો વિસ્તાર પણ ૫૦ યોજન જ છે, પરન્તુ લંબાઈ જૂદી જૂદી છે, અને ઉંચાઈ તુલ્ય છે તે वट्टगिराणं એ પદથી કહેવાઈ છે. તથા મેરૂવિના શેષવૃત્તઆકારના પર્વતો જે વૃતવૈતાઢ્ય યમલગિરિ કંચનગિરિ આદિ છે તેના વિસ્તારપણ જંબૂદ્વીપમાં જે પ્રમાણે કહ્યા છે, તે પ્રમાણે જ ધાતકીખંડના વૃત્તવૈતાઢ્યાદિના પણ વિસ્તાર છે.

એ પ્રમાણે એ ૫ બાબતો જંબૂદ્વીપતુલ્ય જાણવી. અને જંબૂદ્વીપથી દ્વિગુણ પ્રમાણવાળા કયા કયા પદાર્થ છે તે ૬ઠ્ઠી ગાથામાં કહેવાશે. ॥ ૩ ॥ ૨૨૭ ॥.

॥ ધાતકીખંડના ૨ મેરૂપર્વત ॥

अवतरणः—હવે જંબૂદ્વીપના મેરૂપર્વતથી ધાતકીખંડના મેરૂપર્વતમાં જે જે બાબતનો તફાવત છે તે આ ગાથામાં કહેવાય છે—

मेरुदुगंपि तहच्चिय, णवरं सोमणसहिट्ठुवरि देसे ।
सग अडसहसऊणु–त्ति सहसपणसीइ उच्चत्तं ॥४॥२२८॥

શબ્દાર્થ:—

मेरुदुग वि-બે મેરૂપર્વત પણ	सग [सहस]-સાત હજાર યોજન
तहच्चिय-નિશ્ચય તેવાજ છે	अडसहस--અને આઠ હજાર યોજન
णवर -પરન્તુ વિશેષ એ છે કે	ऊणु-ઊણુ, ન્યૂન
सोमणस-સોમનસવનથી	त्ति-[સમાપ્તિસૂચક] ઇતિ.
हिट्ठउवरि देसे-હેઠે અને ઉપરના ભાગમાં	उच्चत्ते ઉંચાઈમાં
	सहसपणसीई- પંચાસી હજાર યોજન

गाथार्थः—ધાતકીખંડના બે મેરૂપર્વત પણ જંબૂદ્વીપના મેરૂ જેવાજ છે, પરન્તુ વિશેષ એ છે કે—સૌમનસવનની નીચેનો ભાગ સાત હજાર યોજન ઓછો છે, અને ઉપરનો ભાગ આઠ હજાર યોજન ઓછો છે, અને બન્ને મેરૂની ઉંચાઈ ૮૫૦૦૦ [પંચાસી હજાર] યોજન છે ॥ ૪ ॥ ૨૨૮ ॥

विस्तरार्थ:—જંબૂદ્વીપમાં એક જ મેરૂ પર્વત છે ત્યારે આ ધાતકીખંડમાં ૨ મેરૂપર્વત છે, કારણકે ૧ મેરૂ પૂર્વધાતકીખંડના અતિમધ્યભાગમાં છે, અને ૧ મેરૂ પશ્ચિમધાતકીખંડના અતિમધ્ય ભાગે છે. જેથી ક્ષેત્ર પર્વતો નદીઓ વિગેરેની જેટલી વ્યવસ્થા સંપૂર્ણ જંબૂદ્વીપમાં છે, તેટલી સર્વવ્યવસ્થા કેવળ એક પૂર્વધાતકીખંડમાં છે, અને તેવી જ સર્વવ્યવસ્થા પશ્ચિમધાતકીખંડમાં છે, જેથી આ દ્વીપમાં બે મેરૂપર્વત હોય તે પણ વાસ્તવિક છે.

તથા જંબૂદ્વીપના મેરૂથી આ બે મેરૂમાં જે તફાવત છે તે આ પ્રમાણે— જંબૂદ્વીપના મેરૂપર્વતમાં તેની સમભૂતલ પૃથ્વીથી [નીચેની ભૂમિથી] સૌમનસવન ૬૩૦૦૦ યોજન અને ભૂમિ અંદરના મૂળમાંથી ૬૪૦૦૦ યોજન ઉંચું છે, ત્યારે આ ધાતકીમેરૂનું સૌમનસવન તેથી ૭૦૦૦ યોજન ન્યૂન એટલે મૂળથી ૫૭૦૦૦ યોજન અને સમભૂમિથી ૫૬૦૦૦ યોજન ઉંચું છે- તથા જંબૂદ્વીપના મેરૂના સૌમનસવનથી ઉપરનું પંડકવન અથવા મેરૂનું શિખરતલ ૩૬૦૦૦ યોજન ઉંચું છે, ત્યારે આ ધાતકીમેરૂના સૌમનસવનથી પંડકવન આઠ હજાર ન્યૂન એટલે ૨૮૦૦૦ યોજન ઉપર છે.

એ પ્રમાણે નીચે ૭૦૦૦ અને ઉપર ૮૦૦૦ મળી ૧૫૦૦૦ યોજન ત્રુટવાનું કારણકે આગળની જ 'सहसपणसीई उच्चत्ते' = એ પદમાં ધાતકીના મેરૂ ૮૫૦૦૦ યો૦ ઉંચા કહ્યા છે, જેથી જંબૂદ્વીપના લાખ યોજન ઉંચા મેરૂથી આ મેરૂ ૧૫૦૦૦ યોજન નીચા છે; માટે એ ૧૫૦૦૦ યોજન તૂટ્યા છે. વળી અહિં ઉંચાઈ ન્યૂન હોવાના કારણથી જંબૂદ્વીપના મેરૂવત્ એક યોજને $\frac{1}{11}$ ભાગની હાનિ વૃદ્ધિ નહિ થાય, પરન્તુ આગળની ગાથાના વિસ્તરાર્થમાં દર્શાવ્યા પ્રમાણે $\frac{1}{10}$ ભાગની હાનિ વૃદ્ધિ થાય છે. શેષ ચારે વન વિગેરેનું સ્વરૂપ જંબૂદ્વીપવત્ જાણવું, અને વિસ્તારનો તફાવત આગળ કહેવાય છે. ॥ ૪ ॥ ૨૨૮ ॥

अवतरण :—પૂર્વગાથામાં કહેલાં એ મેરૂપર્વતનો મૂળ આદિ પાંચ સ્થાને વિસ્તાર કેટલો છે? તે આ ગાથામાં કહેવાય છે—

तह पणणवई चउणउअ अद्धचउणऊ अ अट्ठतीसा य ।
दसइं सयाइं कमेणं, पणठाणपिहुत्ति हिट्ठाओ ॥५॥२२९॥

શબ્દાર્થ :—

पणणवई [सया]-પંચાણુસો યોજન	दसइं सयाइं-દસ સો યોજન
चउणउअ-ચોરાણુસો યોજન	कमेणं-અનુક્રમે
अद्धचउणऊ-[અર્ધચોરાણુ] સાઢીત્રાણુસો યોજન	पणठाण-પાંચ સ્થાનની
	पिहुत्ति-પહોળાઈ
अट्ठतीसा-આડત્રીસસો યોજન	हिट्ठाओ-હેઠેથી પ્રારંભીને

गाथार्थ :—તથા મેરૂપર્વતની નીચેથી પ્રારંભીને પાંચસ્થાનોમાં અનુક્રમે ૯૫૦૦-૯૪૦૦-૯૩૫૦-૩૮૦૦-અને ૧૦૦૦ યોજનનો વિસ્તાર છે [અહિં सया એ પદ पणनवइ આદિ પાંચે અંક સાથે જોડવું]. ॥ ૫ ॥ ૨૨૯ ॥

विस्तरार्थ :—અહિં પાંચસ્થાન તે મેરૂપર્વતનું મૂળ, સમભૂમિ, નંદનવન, સૌમનસવન અને સર્વથી ઉપરનું પંડકવન અથવા શિખરતલ એ ઉપરા ઉપરી પાંચ સ્થાનોની ક્રમશઃ પહોળાઈ અનુક્રમે ૯૫૦૦ યોજનાદિ કહી તે આ પ્રમાણે—

૧ મેરૂનો મૂળનો વિસ્તાર	૯૫૦૦	૪ સૌમનસ સ્થાને	૩૮૦૦
૨ સમભૂમિસ્થાને	૯૪૦૦	૫ પંડકવને (શિખરતલે)	૧૦૦૦
૩ નંદનવને	૯૩૫૦		

'બે વિસ્તારનો વિશ્લેષ કરી ઉંચાઈ વડે ભાગતાં જે આવે તેટલી હાનિ ઉપર ચઢતાં હોય અને નીચે ઉતરતાં તેટલી વૃદ્ધિ હોય' એ ગણિત રીતિ પ્રમાણે મૂળના શિખરતલના નિયત વિસ્તારથી વચ્ચેના ત્રણ સ્થાનનો અથવા પાચે સ્થાનનો વિસ્તાર પ્રાપ્ત થાય તે આ પ્રમાણે—

[गा० २२६, पृ० ३३४]

॥ धातकीखंडना मेरुपर्वतनुं प्रमाण ॥



ધાતકીખંડના ૨ મેરૂ અને અર્ધપુષ્કરના ૨ મેરૂ એ ચાર મેરૂ તુલ્ય પ્રમાણુ અને સ્વરૂપવાળા છે.

૯૫૦૦ મૂળ વિસ્તારમાંથી

૧૦૦૦ શિખર વિસ્તાર બાદ જતાં

૮૫૦૦ ને ૮૫૦૦૦ની ઉંચાઈ એ ભાગી શકાય નહિ માટે દશીયા અંશ કરવાને

× ૧૦ દશવડે ગુણતાં

૮૫૦૦૦ દશીયા ભાગ આવ્યા તેને ૮૫૦૦૦ વડે ભાગતાં

૮૫૦૦૦)૮૫૦૦૦(૧ દશીયો ભાગ આવ્યો; જેથી સ્પષ્ટ થયું કે આ બે મેરૂમાં દરેક

૮૫૦૦૦ યોજનાદિકે એકેક દશીયો ભાગ એટલે $\frac{૧}{૧૦}$ યોજનાદિ ઘટે અને વધે

૦૦૦૦૦ તે ઉપરથી સમભૂમિસ્થાનનો વિસ્તાર આ પ્રમાણે—

મૂળભાગથી ૧૦૦૦ યોજન ઉપર જમીનની અંદર ચઢીએ ત્યારે સમભૂમિ ભાગ આવે છે, એટલે મેરૂપર્વત ભૂમિમાં ૧૦૦૦ યોજન ઉંડો છે, અને દરેક યોજને $\frac{૧}{૧૦}$ યોજન ઘટે છે તો $\frac{૧૦૦\not{૦}}{૧} \times \frac{૧}{૧\not{૦}}$ = ૧૦૦ યોજન ઘટતાં ૯૫૦૦ માથી ૧૦૦ બાદ કરતાં ૯૪૦૦ આવ્યા, જેથી સ્પષ્ટ થયું કે સમભૂમિસ્થાને મેરૂનો વિસ્તાર ૯૪૦૦ યોજન છે. ॥ इति सम भूमिमेरुविस्तार ॥

હવે સમભૂમિથી ઉપર ૫૦૦ યોજન ચઢતાં નંદનવન આવે છે માટે પાંચસોને દશે ભાગતાં અથવા $\frac{૧}{૧૦}$ વઢે ગુણતાં ૫૦ યોજન આવ્યા તેને સમભૂમિવિસ્તાર ૯૪૦૦માંથી બાદ કરતાં [૯૪૦૦–૫૦] ૯૩૫૦ યોજન જેટલો મેરૂનો બાહ્ય વિસ્તાર નંદનવનને સ્થાને છે. इति नंदनवने मेरुबाह्यविस्तारः ॥

(અભ્યન્તર વિસ્તાર નંદનવનના બે બાજુના ૫૦૦–૫૦૦ યોજન બાદ કરતાં ૯૨૫૦ યોજન આવે એ પણ અહિં [1]તફાવત ૩૫ જ છે.)

ત્યારબાદ સમભૂમિથી ૫૬૦૦૦ (મૂળથી ૫૭૦૦૦) યોજન એટલે નંદનવનથી ૫૫૫૦૦ (પંચાવનહજાર પાંચસો) યોજન ઉપર ચઢતાં સૌમનસવન આવે છે માટે ૫૬૦૦૦ ને ૧૦ વડે ભાગતાં ૫૬૦૦ યોજન આવ્યા તેને સમભૂમિવિસ્તારના ૯૪૦૦-માંથી બાદ કરતાં ૩૮૦૦ યોજન આવ્યા. જેથી સૌમનસવનમાં મેરૂનો બાહ્યવિસ્તાર ૩૮૦૦ યોજન છે. ॥ इति सौमनसवने मेरुबाह्यविस्तार ॥

[અભ્યન્તર વિસ્તાર નંદનવત્ ૧૦૦૦ બાદ કરતાં ૨૮૦૦ યોજન છે].

૧ અભ્યન્તરમેરૂનો વિસ્તાર જંબૂદ્વીપથી અહિં તફાવત ૩૫ છે, છતાં ગ્રંથમાં દર્શાવ્યો નથી તે ઉપલક્ષણથી જાણવો.

ત્યારબાદ સૌમનસવનથી ૨૮૦૦૦ યોજન ઉપર જતાં અથવા સમભૂમિથી ૮૪૦૦૦ યોજન ઉપર જતાં મેરૂપર્વતનું શિખરતલ અથવા પંડકવન આવે તેથી ૮૪૦૦૦ ને ૧૦ વડે ભાગતાં ૮૪૦૦ આવે, તેને સમભૂમિના ૯૪૦૦માંથી બાદ કરતાં ૧૦૦૦ યોજન શિખવિસ્તાર આવે. [અહિં અભ્યન્તરવિસ્તારનો અભાવ છે, કારણ કે મેરૂપર્વત સમાપ્ત થયો, અને ચૂલિકાવિસ્તાર તો જંબૂદ્વીપતુલ્ય ૧૨ યોજન હોવાથી પંડકવન પણ જંબૂદ્વીપવત્ ૪૯૪ યોજન ચક્રવાલવિસ્તારવાળું છે. ॥ इति शिखरविस्तारः ॥

એ પ્રમાણે ઉપર ચઢતાં જેમ નીચેના વિસ્તારમાંથી ઘટતો જાય છે, તેમ ઉપરથી નીચે ઉતરતાં ઉપરના વિસ્તારથી મેરૂપર્વત $\frac{૧}{૧૦}$ યોજન વધતો જાય છે, અને તે વૃદ્ધિને અનુસારે પણ નીચેના ચાર સ્થાનના વિસ્તાર પ્રાપ્ત થાય છે તે એક જ ઉદાહરણથી આ પ્રમાણે—

શિખરથી ૮૪૦૦૦ યોજન નીચે ઉતરતાં ભૂમિ આવે છે, માટે ૮૪૦૦૦ ને ૧૦ વડે ભાગતાં ૮૪૦૦ યોજન આવ્યા તેને શિખરના ૧૦૦૦ યોજન વધારતાં [૧૦૦૦+૮૪૦૦=] ૯૪૦૦ યોજન આવ્યા, જેથી સ્પષ્ટ થયું કે भूमिस्थाने मेरु ९४०० योजन-विस्तारवाळो છે. એ રીતે જ મૂળ ૧૦૦૦ યોજન ઉંડું હોવાથી [૧૦૦૦÷૧૦=૧૦૦+૯૪૦૦=] ૯૫૦૦ યોજન વિસ્તાર મૂળમાં છે. હવે અહિં કેટલાંક સ્થાનનો જંબૂદ્વીપની અપેક્ષાએ સ્પષ્ટ તફાવત આ પ્રમાણે—

		જંબૂદ્વીપમાં	ધાતકીખંડમાં
૧	મેરૂનો મૂળ વિસ્તાર	૧૦૦૯૦$\frac{૧૦}{૧૧}$ યો.	૯૫૦૦ યો.
૨	,, સમભૂમિ વિસ્તાર	૧૦૦૦૦ યો.	૯૪૦૦ યો.
૩	,, નંદનવને બાહ્ય વિ૦	૯૯૫૪$\frac{૬}{૧૧}$ યો.	૯૩૫૦ યો.
	,, ,, અભ્ય૦ વિ૦	૮૯૫૪$\frac{૬}{૧૧}$ યો.	૮૩૫૦ યો.
૪	,, સૌમનસે બાહ્ય વિ૦	૪૨૭૨$\frac{૮}{૧૧}$ યો.	૩૮૦૦ યો.
	,, ,, અભ્ય૦ વિ૦	૩૨૭૨$\frac{૮}{૧૧}$ યો.	૨૮૦૦ યો.
	,, શિખર વિસ્તાર	૧૦૦૦ યો.	૧૦૦૦ યો.
	,, મૂળથી સમભૂમિ	૧૦૦૦ યો. ઉંચે	૧૦૦૦ યો. ઉંચે
	,, સમભૂમિથી નંદનવન	૫૦૦ યો. ઉંચે	૫૦૦ યો. ઉંચે
	,, નંદનથી સૌમનસ	૬૨૫૦૦ યો. ઉંચે	૫૫૫૦૦ યો. ઉંચે
	સૌમ.થી પંડકશિખર)	૩૬૦૦૦ યો. ઉંચે	૨૮૦૦૦ યો. ઉંચે
	*ભદ્રશાલ	—	—

* ભદ્રશાલવનની લંબાઈ પહોળાઈ સંબંધિ તફાવત આગળ ૭ મી ગાથામાં જૂદો કહેવાશે.

એ રીતે મેરૂપર્વતના સંબંધમાં જે સમાનતા અને વિષમતા જંબૂદ્વીપની અપેક્ષાએ છે તે અહિં દર્શાવી. બીજી સમાનતાઓ આદિ સ્વતઃ જાણવી, ॥૫॥૨૨૯॥

अवतरणः—હવે જંબૂદ્વીપના પદાર્થોથી બમણાપ્રમાણવાળા કયા કયા પદાર્થો ધાતકીખંડમાં છે તે આ ગાથામાં દર્શાવાય છે.

णइकुंडदीववणमुह–दहदीहरसेलकमलवित्थारं ।
णइउंडत्तं च तहा, दहदीहत्तं च इह दुगुणं ॥६॥२३०॥

શબ્દાર્થઃ—

णइकुंडदीव-નદી કુંડ અને દ્વીપ	णइउंडत्त-નદીઓની ઉંડાઈ
वणमुह-વનમુખ	तहा-તથા
दह-દ્રહો	दहदीहत्तं-દ્રહોની લંબાઈ
दीहरसेल-દીર્ઘ પર્વતો	इह-આ ધાતકીખંડમાં
कमलवित्थारं-કમળનો વિસ્તાર	दुगुणं-દ્વિગુણ, બમણું

गाथार्थः—[वित्थारं એ પદ દરેક સાથે જોડવાથી] નદીઓના વિસ્તાર, કુંડના વિસ્તાર, દ્વીપોના વિસ્તાર, વનમુખના વિસ્તાર, દ્રહોના વિસ્તાર દીર્ઘપર્વતોના વિસ્તાર અને કમળોના વિસ્તાર, તથા નદીઓની ઊંડાઈ, અને દ્રહોની લંબાઈ તે અહિં ધાતકીખંડમાં એ સર્વ જંબૂદ્વીપથી બમણું બમણું જાણવું ॥ ૬ ॥ ૨૩૦ ॥

विस्तरार्थः—જંબૂદ્વીપની ગંગા સિંધુ આદિ જે ૯૦ મોટી નદીઓ છે, તેમાં વિસ્તાર આદિની અપેક્ષાએ ૬૮–૧૬–૪–૨ એ ચાર વિભાગ પડે છે. ત્યાં ચોત્રીસ વિજયની (સમાન વિસ્તારાદિવાળી) બે બે નદી ગણવાથી ૬૮, હિમવંત હૈરણ્યવંતની ૪, અને ૧૨ અન્તર્નદી મહાવિદેહની ગણવાથી ૧૬, હરિવર્ષ રમ્યકની ૪ અને મહાવિદેહની સીતા સીતોદા એ ૨, એ રીતે ૯૦ નદીઓ જંબૂદ્વીપમાં છે, તેવી જ ૯૦ નદીઓ પૂર્વ ધાતકી ખંડમાં બમણા વિસ્તારવાળી અને પશ્ચિમ ધાતકી ખંડમાં પણ એવી જ ૯૦ નદીઓ જંબૂદ્વીપથી બમણા વિસ્તારવાળી છે, તથા અહિં નદીઓનો વિસ્તાર કહેવા માત્રથી પણ ઉપલક્ષણથી નદીઓને અનુસરતો નદીઓની જિહ્વિકાનો વિસ્તાર, જીહ્વિકાની જાડાઇ, જીહ્વિકાની લંબાઈ, એ પણ દ્વિગુણ દ્વિગુણ જ જાણવું, તેમ જ મધ્યગિરિથી અન્તર પણ દ્વિગુણ દ્વિગુણ જાણવું. જેથી ૧૩૬–૩૨–૮–૪ એ ચાર સંખ્યાવાળી નદીઓમાં અનુક્રમે મૂળ વિસ્તાર ૧૨॥–૨૫–૫૦–૧૦૦ યોજન. અન્ય વિસ્તાર અનુક્રમે ૧૨૫–૨૫૦–૫૦૦–૧૦૦૦ યોજન, જીહ્વિકા વિસ્તાર ૧૨॥–૨૫–૫૦–૧૦૦ યોજન તથા જીહ્વિકાની જાડાઈ ૧–૨–૪–૮ ગાઉ, જીહ્વિકાની લંબાઈ ૧–૨–૪–૮ યોજન, તથા મધ્યગિરિ અન્તર ૦॥–૧–૨–૪ યોજન, એ પ્રમાણે દ્વિગુણ દ્વિગુણ વિસ્તારાદિ જાણવા ॥ इति १८० नदीविस्तारद्विगुणत्वम् ॥

તથા ગાથામાં કુંડમાત્ર કહેવાથી પણ કુંડનો વિસ્તાર અને કુંડના દ્વારનો વિસ્તાર પણ દ્વિગુણ જાણવો, તથા કુંડ તો નદીઓના જ છે માટે નદીઓની સંખ્યા પ્રમાણે કુંડના પણ ૧૬૮–૩૨–૮ અને ૪ એ ચાર સંખ્યા વિભાગમાં અનુક્રમે કુંડ વિસ્તાર ૧૨૦–૨૪૦–૪૮૦–૯૬૦ યોજન છે, અને કુંડવેદિકાના ત્રણ દ્વારનો વિસ્તાર ૧૨॥–૨૫–૫૦–૧૦૦ યોજન છે. ॥ इति १८० नदीविस्तार द्विगुणत्वम् ॥

તથા દ્વીપ તે કુંડની અંદરના છે માટે તેના પણ કુંડવત્ ૧૬૮–૩૨–૮–૪ એ ચાર સંખ્યાવિભાગમાં અનુક્રમે ૧૬–૩૨–૬૪–૧૨૮ યોજન વિસ્તાર છે. ॥ इति १८० द्वीपविस्तार द्विगुणत्वम् ॥

તથા જંબૂદ્વીપમાં મહાવિદેહની પૂર્વદિશામાં જગતી પાસેનાં ૨ મહાવન અને તેવી જ રીતે પશ્ચિમ દિશાનાં ૨ મહાવન મળી ૪ વનખંડ છે, અને ધાતકી ખંડમાં તેવા ૮ વનખંડ છે, તેનો વિસ્તાર દ્વિગુણ છે; એટલે જંબૂવનમુખનો ૨૯૨૨ યોજન વિસ્તાર નદીની પાસે છે, અને જઘન્યથી ૧ કળા વિસ્તાર નિષધ નીલવંત પાસે છે, ત્યારે અહિં ધાતકી ખંડના ૮ વનમુખનો દરેકનો ૫૮૪૪ યોજન વિસ્તાર ઉત્કૃષ્ટથી છે અને જઘન્યવિસ્તાર ૨ કળા છે, પરન્તુ અહિં ૪ વનમુખનો વિસ્તાર જંબૂદ્વીપવન મુખથી વિપરીત રીતે છે, કારણ કે ઉત્કૃષ્ટ વિસ્તાર નિષધનીલવંત પાસે અને જઘન્ય વિસ્તાર સીતાસીતોદા નદી પાસે છે, એ વિપરીતતાનું કારણ કે ધાતકી ખંડનો પ્રથમ પરિધિ લવણ સમુદ્રને વીંટાઈને વક્રતાવાળો છે માટે લવણ સમુદ્ર પાસેના ૪ વનમુખનો વિસ્તાર વિપરીત થયો છે, અને કાલોદધિ પાસેના (૨–૨) વનમુખનો ૪ વિસ્તાર જંબૂદ્વીપવત છે. પરંતુ વિપરીત નથી, કારણ કે ધાતકી ખંડનો અન્ત્ય પરિધિ ધાતકી ખંડને જ વીંટાઈને વક્રતાવાળો છે. એ પ્રમાણે ખંડના પરિધિવક્રતાના ભેદને અંગે એ તફાવત છે ॥ इति ८ वनमुख विस्तारद्विगुणत्वं, ४ वनमुखाना विपर्यस्तत्वं च ॥

તથા જંબૂદ્વીપનાં ૧૬ દ્રહોથી ધાતકી ખંડના ૩૨ દ્રહોનો વિસ્તાર બમણો છે. તથા લંબાઈ પણ બમણી છે જેથી ૨ પદ્મદ્રહ ૨ પુંડરીક દ્રહ અને ૨૦ કુરૂદ્રહ એ ૨૪ દ્રહો ૧૦૦૦ યોજન પહોળા અને ૨૦૦૦ યોજન લાંબા છે, તથા ૨ મહાપદ્મ અને ૨ મહાપુંડરીક એ ૪ દ્રહ ૨૦૦૦ યોજન વિસ્તૃત અને ૪૦૦૦ યોજન દીર્ઘ છે, તથા ૨ તિગિછી અને ૨ કેસરી એ ૪ દ્રહ ૪૦૦૦ યોજન વિસ્તૃત અને ૮૦૦૦ યોજન દીર્ઘ છે. ॥ इति ३२ द्रहविस्तार दैर्घ्य द्विगुणत्वम् ॥ દીર્ઘતા જો કે આ ગાથામાં જ આગળના પદમાં કહેવાની છે, તો પણ પ્રસંગતઃ અહિં જ કહી.

તથા દીર્ઘશૈલ–લાંબા પર્વતો જે ૧૨ વર્ષધર ૩૨ વક્ષસ્કાર ૬૮ વૈતાઢ્ય ૮ ગજદંતગિરિ એ સર્વેનો વિસ્તાર જંબૂદ્વીપ વર્ષધરાદિથી બમણો બમણો છે, અને લંબાઈ તો ક્ષેત્રને અનુસારે જુદી જુદી છે તે યથાસંભવ તે તે ક્ષેત્રને અનુસારે વિચારવી, જેમાં ૬ વર્ષધર અને ભરતૈરાવતવૈતાઢ્યની લંબાઈ તો ૪ લાખ યોજન છે, અને

શેષગિરિઓની ક્ષેત્રાનુસારે ૯ મી ગાથાના વિસ્તરાર્થ પ્રમાણે જાણવી ॥ इति दीर्घगिरि विस्तारद्विगुणत्वम ॥

તથા કમળોનો વિસ્તાર દ્વિગુણ છે, જેથી પદ્મસરોવર આદિ ૩૨ દ્રહોનાં દરેકમાં મુખ્ય કમળ અને ૬-૬ વલયનાં કમળોનો જુદો જુદો દ્વિગુણ વિસ્તાર સ્વતઃ જાણવો.

જેમાં પદ્મદ્રહ આદિ ૨૪ દ્રહનાં મુખ્ય કમળ ૨ યોજન વિસ્તૃત, મધ્ય ૪ દ્રહવર્તી મુખ્ય કમળોનો ૪ યોજન વિસ્તાર અને અભ્યન્તરવર્તી ૪ દ્રહના મુખ્ય કમળોનો ૮ યોજન વિસ્તાર છે ઉંચાઈ વિગેરે જુદી કહી નથી, પરન્તુ વિસ્તારથી અર્ધબાહલ્ય હોય એ નિયમ પ્રમાણે ઉંચાઈ પણ ૧-૨-૪ યોજન અનુક્રમે સંભવે છે. ॥ इति ३२ कमलविस्तारोच्चत्वयोर्द्विगुणत्वम ॥ વલયોમાં ક્રમશ: અર્ધાર્ધ ઉંચાઈ વિસ્તાર જાણવા. ॥ इति वलयवर्तिकमलमानम् ॥

તથા ઉપર કહેલા વિભાગ પ્રમાણે ૧૩૬-૩૨-૮-૪ નદીઓની ઉંડાઈ અનુક્રમે મૂળ સ્થાને ૦।-૦॥-૧-૨ યોજન અને પર્યન્તે ૨॥-૫-૧૦-૨૦ યોજન છે. ॥ इति १८० नदीनामुद्वेधे द्विगुणत्वम् ॥

તથા ઉપર કહેલા દ્રહોના વિસ્તાર પ્રસંગે જ ૨૪-૪-૪ દ્રહોમાં ક્રમશઃ ૨૦૦૦ -૪૦૦૦-૮૦૦૦ યોજન દીર્ઘતા-લંબાઈ કહેવાઈ ગઈ છે. ॥ इति ३२ द्रहाणां दीर्घत्वे द्वैगुण्यम् ॥

એ પ્રમાણે જે જે બાબતની દ્વિગુણતા ગાથામાં દર્શાવી તે મુખ્ય દ્વિગુણતાઓ છે, જેથી બીજી પણ અનેક દ્વિગુણતાઓ છે તે યથાસંભવ સ્વયં વિચારવી. ॥૬॥૨૩૦॥

॥ धातकाखंडना १२ वर्षधर पर्वतोनुं कोष्ठक ॥

૧૨ વર્ષધર પર્વત	પહોળાઈ	લંબાઈ	ઉંચાઈ	ઊંડાઈ	ઉપરના દ્રહની લંબાઈ	ઉપરના દ્રહની પહોળાઈ	દ્રહના મુખ્ય કમળની પહોળાઈ	દ્રહના મુખ્ય કમળની ઉંચાઈ	કર્ણિકા વિસ્તાર	કર્ણિકા ઉંચાઈ
૨ લઘુહિમવંત	યો. ક. ૨૧૦૫–૫	૪૦૦૦૦૦	૧૦૦	૨૫	૨૦૦૦	૧૦૦૦	૨ યો૦	૧	૧	૦॥
૨ શિખરી	,,	,,	,,	,,	,,	,,	,,	૧	૧	૦॥
૨ મહાહિમવંત	૮૪૨૧–૧	,,	૨૦૦	૫૦	૪૦૦૦	૨૦૦૦	૪ યો૦	૨	૨	૧
૨ રૂકિમપર્વત	,,	,,	,,	,,	,,	,,	,,	૨	૨	૧
૨ નિષધ	૩૩૬૮૪–૪	,,	૪૦૦	૧૦૦	૮૦૦૦	૮૦૦૦	૮ યો૦	૪	૪	૨
૨ નીલવંત	,,	,,	,,	,,	,,	,,	,,	૪	૪	૨
૨ ઇષુકાર	૧૦૦૦	,,	૫૦૦	૧૨૫	—	—	—	—	—	—

॥ धातकीखंडनी नदीओमां द्विगुणतानो संग्रह ॥

નદીઓ	જીહ્વિકાનો વિસ્તાર	જીહ્વિકા જાડાઈ	જીહ્વિકા લંબાઈ	નદીનો મૂળ વિસ્તાર	નદીની મૂળમાં ઊંડાઈ	ક્ષેત્રના મધ્યગિરિથી કેટલે દૂર	અન્ત્ય વિસ્તાર	અન્ત્ય ઊંડાઈ	નિર્ગમ કુંડનો વિસ્તાર	કુંડમાં દ્વીપ વિસ્તાર	કુંડનો દ્વાર વિસ્તાર
નદીઓ ૧૩૬ (મહાવિ૦ ૧૨૮, ભરતૈર૦ ૮)	યોજન ૧૨॥	યો. ૦।	યો. ૧	યો. ૧૨॥	યો. ૦।	યો. ૦॥	યો. ૧૨૫	યો. ૨॥	યો. ૧૨૦	યો. ૧૬	યો. ૧૨॥
૩૨ (૨૪ અન્તરનદી, ૮ હિમવંત હિરણ્ય૦ ની	૨૫	૦॥	૨	૨૫	૦॥	૧	૨૫૦	૫	૨૪૦	૩૨	૨૫
૮ (હરિ૦ રમ્યક-માંની)	૫૦	૧	૪	૫૦	૧	૨	૫૦૦	૧૦	૪૮૦	૬૪	૫૦
૪ (સીતા–સીતોદા	૧૦૦	૨	૮	૧૦૦	૨	૪	૧૦૦૦	૨૦	૯૬૦	૧૨૮	૧૦૦

अवतरणः—હવે આ ગાથામાં ભદ્રશાલવનની લંબાઈ પહોળાઈ દર્શાવાય છે.

इगलक्खु सत्तसहसा, अडसय गुणंसीइ भद्दसालवणं ।
पुव्वावरदीहं तं, जामुत्तरे अट्ठसीभइअं ॥७॥२३१॥

શબ્દાર્થ:—

इगलक्खु-એક લાખ
सत्तसहसा-સાત હજાર
अडसय-આઠસો
गुणसीइ-ઓગણાસી
भद्दसालवणं-ભદ્રશાલવન

पुव्वावर-પૂર્વે અને પશ્ચિમે
दीहं-દીર્ઘ, લાંબુ
तं-તે ભદ્રશાલવન અથવા તે લંબાઈ (ને)
जाम उत्तर-દક્ષિણમાં અને ઉત્તરમાં પહોળું
अट्ठसीभइअं-અઠ્ઠયાસીમા ભાગ જેટલું

ગાથાર્થ :—ભદ્રશાલવન એક લાખ સાત હજાર આઠસો એકોનાસી યોજન પૂર્વ દિશામાં અને પશ્ચિમ દિશામાં દીર્ઘ—છે, અને તેજ લંબાઈના અઠ્ઠયાસીમા ભાગ જેટલું દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં પહોળું છે. ॥૭॥૨૩૧॥

વિસ્તરાર્થ :—ધાતકી ખંડ ૪ લાખ યોજન પહોળો છે તેમાં પૂર્વે કહ્યા પ્રમાણે જબૂં. થી બમણા બે બાજુના બે વનમુખે ૧૧૬૮૮ યોજન રોકયા છે, તથા બમણા વિસ્તારવાળા આઠ વક્ષસ્કાર પર્વતોએ ૮૦૦૦ યોજન રોકયા છે, તથા બમણા વિસ્તારવાળી ૬ અન્તર નદીઓએ ૧૫૦૦ યોજન રોકયા છે, અને આગળ કહેવામાં આવશે તે ગણિતરીતિ પ્રમાણે ૧૬ વિજયોએ ૧૫૩૬૫૪ યોજન રોકયા છે, તેનો સર્વનો સર્વાળો કરી ધાતકી ખંડની ૪ લાખ પહોળાઈમાંની બાદ કરીએ,

૧૧૬૮૮	૪૦૦૦૦૦
૮૦૦૦	−૧૭૪૮૪૨
૧૫૦૦	૨૨૫૧૫૮
૧૫૩૬૫૪	૯૪૦૦
૧૭૪૮૪૨	૨) ૨૧૫૭૫૮
	૧૦૭૮૭૯ યોજન]

અને જે રકમ રહે તેમાંથી મેરૂની ૯૪૦૦ યોજન પહોળાઈ બાદ કરવી, ત્યારબાદ પૂર્વ પશ્ચિમ રૂપ બે દિશાએ ભાગતાં ગાથામાં કહ્યા પ્રમાણે ૧૦૭૮૭૯ યોજન પૂર્વમાં દીર્ઘ અને ૧૦૭૮૭૯ યોજન પશ્ચિમમાં દીર્ઘ ભદ્રશાલવન હોય છે.

તથા પહોળાઈ ૮૮મા ભાગે હોવાથી ૮૮ વડે ભાગાકાર કરવો તે આ પ્રમાણે–

```
૮૮)૧૦૭૮૩૯(૧૨૨૫
   ૮૮
   ---
   ૧૯૮        + ૧
   ૧૭૬      -----
   ---      ૧૨૨૬ યો.
   ૨૨૭
   ૧૭૬
   ---
   ૦૫૧૯
    ૪૪૦
   ---
   ૦૦૭૯=૧ લગભગ
```

અહિં ભાગાકારમાં ૧૨૨૫ યોજન આવે છે, પરન્તુ વધેલા ૭૯ શેષ તે ૮૮ થી ૯ ન્યૂન હોવાથી સંપૂર્ણ ૧ યોજન નથી પરન્તુ $\frac{૯}{૮૮}$ એટલે અઠ્ઠાસીયા ૯ અંશ ન્યૂન છે, તો પણ વ્યવહારથી અલ્પ ન્યૂનતા ન ગણતાં ૭૯ શેષનો એક સંપૂર્ણ યોજન ગણીને ૧૨૨૫માં ઉમેરતાં ૧૨૨૬ યોજન જેટલી પહોળાઈ ઉત્તર દિશામાં અને તેટલી જ દક્ષિણ દિશામાં પણ ગણવી.

અહિં તફાવત એ કે જંબૂદ્વીપના મેરૂના ભદ્રશાલવનની પૂર્વ અને પશ્ચિમ લંબાઈ ૨૨૦૦૦ (બાવીસ હજાર) યોજન છે, અને ઉત્તર દક્ષિણમાં ૮૮ મા ભાગની પહોળાઈ ૨૫૦ (અઢીસો) યોજન છે, ત્યારે ધાતકી ખંડના મેરૂના ભદ્રશાલવનની લંબાઈ પહોળાઈ ઉપર કહેવા પ્રમાણે છે. ॥ इति भद्रशालवनस्यायामपृथुत्वे ॥ ७ ॥ २३१ ॥

॥ ધાતકીખંડના ૮ ગજદંતગિરિની વિષમતા ॥

अवतरण :—હવે આ ગાથામાં ધાતકી ખંડના ૮ ગજદંતગિરિની જૂદી જૂદી ૪–૪ની લંબાઈ કહેવાય છે, [અને એથી થતું કુરૂક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ પણ અર્થમાં કહેવાશે]—

बहि गयदंता दीहा, पणलक्खूणसयरिसहस दुगुणट्ठा ।
इयरे तिलक्खछप्पन्न–सहस्स सयदुण्णि सगवीसा ॥८॥२३२॥

શબ્દાર્થ :—

बहि–મેરૂની બહારના
गयदंता–ગજદંત પર્વતો
दीहा–દીર્ઘ
पण लक्ख–પાંચ લાખ
ऊणसयरिसहस–એગુણોત્તર હજાર
दुग ऊण (स)ट्ठा બસો ઓગણ સાઠ
ईयरे–બીજા, મેરૂથી અભ્યન્તરના
तिलक्खछप्पणसहस्स–ત્રણલાખ છપ્પન હજાર
सय दुण्णि–બસો
सगवीसा–સત્તાવીસ

गाथार्थ :—મેરૂથી બહારના ચાર ગજદંતગિરિ પાંચ લાખ એગુણોત્તેર હજાર બસો સાઠ યોજન (૫૬૯૨૬૦ યો.) દીર્ઘ છે અને મેરૂથી અભ્યન્તરના ચાર ગજદંત

॥ पश्चिम धातकी महाविदेह तथा तेमां गजदंत विपर्यय अने वनमुख विपर्यय ॥२ ॥



પૂર્વધાતકીના તથા પશ્ચિમધાતકીના ગજદંત અને
વનમુખોનો પરસ્પર સ્વવિપર્યય એ ચિત્રથી [illegible]

સૂચના:- આ ચિત્રમાં વનમુખનો વર્ણ લીલો, નિલવંત વર્ણ લીલો અને નિષધનો વર્ણ લાલ સમજવો. તેમજ ગજદંતના વર્ણ ગ્રંથમાં વર્ણવ્યા પ્રમાણે વિચારવા.

ગિરિઓ ત્રણ લાખ છપ્પન હજાર બસો સત્તાવીસ (૩૫૬૨૨૭) યોજન દીર્ઘ છે ॥ ૮ ॥ ૨૩૨ ॥

विस्तरार्थ :—અહિં મેરૂપર્વતથી બહારના ગજદંતગિરિ તે પૂર્વધાતકી ખંડના મેરૂપર્વતથી પૂર્વ તરફના જે પહેલી અને સોળમી વિજય પાસે રહ્યા છે તે સૌમનસ અને માલ્યવંત એ બે, તથા પશ્ચિમ ધાતકી ખંડના મેરૂની પશ્ચિમના જે ત્યાંની મહાવિદેહની ૧૭ મી અને ૩૨મી વિજય પાસે રહેલા વિદ્યુત્પ્રભ અને ગંધમાદન એ બે મળી ચાર ગજદંતગિરિ બહારના એટલે કાળોદધિ–સમુદ્ર તરફના છે, તે ચારેની લંબાઈ ૫૬૯૨૬૦ યોજન છે, અને પૂર્વધાતકીમેરૂથી પશ્ચિમના વિદ્યુત્પ્રભ અને ગંધમાદન તથા પશ્ચિમ ધાતકીમેરૂથી પૂર્વના સૌમનસ અને માલ્યવંત એ જંબૂદ્વીપસન્મુખના ૪ ગજદંતગિરિની લંબાઇ ૩૫૬૨૨૭ યોજન છે. એ રીતે પૂર્વધાતકીમાં જે બે ગજદંત ઘણા દીર્ઘ છે તેજ બે ગજદંત પશ્ચિમધાતકીમાં ન્હાના–ટુંકા છે, અને પૂર્વધાતકીના જે બે ગજદંત ન્હાના છે, તેજ બે ગજદંત પશ્ચિમ ધાતકીમાં ઘણા મોટા છે. ॥ इति गजदंतगिरिदीर्घत्वम् ॥

એ પ્રમાણે ચાર ચાર ગજદંતોમાં પરસ્પર લંબાઈનો વિપર્યાસ હોવાનું કારણ એ છે કે કાળોદધિ સમુદ્ર તરફનો ધાતકી ખંડનો ગજદંતસ્થાને રહેલો પરિધિ ઘણો મોટો હોવાથી મહાવિદેહનો વિસ્તાર ઘણો છે, અને ત્યાં રહેલા એ ચાર પર્વતોએ પોતાની વક્રલંબાઈથી દરેકે દેશોન અર્ધવિસ્તાર જેટલું ક્ષેત્ર રોકયું છે, માટે અધિક દીર્ઘ છે, અને લવણ સમુદ્રનો ગજદંતને સ્થાને રહેલો ધાતકી ખંડનો પરિધિ ન્હાનો હોવાથી તેવા સ્થાને રહેલા તે ચાર ગજદંતો અલ્પ લંબાઈવાળા છે. ॥ इति ४ ४ गजदंतगिरिणां दीर्घत्वे विपर्यासहेतुः ॥

આ ગજદન્તગિરિઓની લંબાઈની ઉત્પત્તિ ગ્રંથોમાં અંકગણિતપૂર્વક દેખાતી નથી, માટે અહિં વિસ્તરાર્થમાં પણ તે અંકગણિત દર્શાવ્યું [1]નથી.

તથા અર્ધવર્તુલાકારે ભેગા થયેલા (પર્યન્ત ભાગ પરસ્પર સ્પર્શેલા નથી તો પણ દૂરથી ભેગા જેવા દેખાતા હોવાથી) બે ગજદંતગિરિઓની લંબાઈનો સરવાળો જે ૯૨૫૪૮૬ યોજન થાય છે તેજ કુરૂક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ છે, એટલે અર્ધલંબવર્તુલાકાર કુરૂક્ષેત્રનો એ અર્ધ અભ્યન્તરપરિધિ છે. બાહ્યપરિધિની વિવક્ષા ધનુઃપૃષ્ઠ કહેવાના પ્રસંગમાં હોઈ શકે નહિ. માટે ધનુઃપૃષ્ઠમાં સર્વત્ર અભ્યન્તરપરિધિજ ગણવા.

તથા એ ગજદંતગિરિઓ પહોળાઈમાં તો ૬ ઠ્ઠી ગાથામાં કહ્યા પ્રમાણે જંબૂગજદંતથી દ્વિગુણ હોવાથી વર્ષધરપર્વત પાસે ૧૦૦૦ યોજન પહોળા અને પર્યન્તે

૧. વિચારતાં સમજાય છે કે એ ગજદંતગિરિઓની બે વિષમ લંબાઈ અંકગણિતથી શોધી કાઢવી તે વિશેષ વિકટ છે, જો કે શોધવાની રીતિ તો હોય જ પરન્તુ એ વિકટ રીતિ આવા અર્થમાં ઉપયોગી નથી.

ખડ્ગની ધારા સરખા પાતળા છે, તેમજ ઉંચાઈમાં પણ પ્રારંભે ૪૦૦ યોજન અને પર્યન્તે ૫૦૦ યોજન હોવાથી અશ્વસ્કંધના (ઘોડાની ડોક સરખા) આકારવાળા છે- ॥ ૮ ॥ ૨૩૨ ॥

अवतरण :—વક્ષસ્કારપર્વત વિગેરેની લંબાઈ કેટલી ? તે આ ગાથામાં કહેવાય છે–

खित्ताणुमाणओ सेससेल–णइ–विजय–वणमुहायामो ।
चउलक्खदीहवासा, वासविजयवित्थरो उ इमो ॥९॥२३३॥

શબ્દાર્થ :—

खित्त अणुमाणओ–ક્ષેત્રને અનુસારે
सेस–કહેલા પર્વતોથી બાકી રહેલા
सेल णई विजय–પર્વત, તથા નદી, વિજયો
वणमुह–વનમુખની
आयाम–લંબાઈ
चउलक्खदीह–ચાર લાખ યોજન દીર્ઘ
वासा–ક્ષેત્રો
वास विजय–ક્ષેત્રોનો અને વિજયોનો
वित्थरो उ–વળી વિસ્તાર તે
इमो–આ પ્રમાણે

ગાથાર્થ :—શેષ, વક્ષસ્કાર પર્વતો નદીઓ વિજયો અને વનમુખોની લંબાઈ ક્ષેત્રના અનુસારે જાણવી, તથા સાતક્ષેત્રોની લંબાઈ ૪ લાખ યોજન છે અને ક્ષેત્રો તથા વિજયોનો વિસ્તાર આ પ્રમાણે [આગળની ગાથામાં કહેવાશે તે પ્રમાણે] જાણવો ॥ ૯ ॥ ૨૩૩ ॥

વિસ્તરાર્થ : ગાથામાં કહેલો सेसं શબ્દ सेल શબ્દની સાથે સંબંધવાળો છે. પરંતુ णई આદિ શબ્દની સાથે નહિ, તેથી પૂર્વે બીજી ગાથામાં ૧૨ વર્ષધરોની લંબાઈ અર્થાપત્તિથી કહી છે, ૮ ગજદંતની લંબાઈ આઠમી ગાથામાં કહેવાઈ, ૨ ભરતૈરાવત વૈતાઢ્યની લંબાઈ બીજી ગાથામાં અર્થાપત્તિથી જાણવી, અને ૩૨ વિજયવૈતાઢ્યોની લંબાઈ તેરમી ગાથામાં વિજયોની પહોળાઈ જેટલી અર્થાપત્તિથી જાણવી. જેથી એ સિવાયના શેષ ૩૨ વક્ષસ્કાર પર્વતો જ રહ્યા તે ૩૨ વક્ષસ્કારોની णई શબ્દથી ૨૪ અન્તર્નદીઓની તથા ૬૪ વિજયોની અને ૮ વનમુખોની લંબાઈ ક્ષેત્રના અનુસારે એટલે મહાવિદેહક્ષેત્રની પહોળાઈને અનુસારે જુદી જુદી જાણવી પરન્તુ અમુક યોજન કહી શકાય નહિ, કારણ કે મહાવિદેહનો વિસ્તાર પ્રારંભથી પર્યન્ત સુધી અધિક અધિક વધતો હોવાથી અનિયત છે, જેથી જે સ્થાને જે વક્ષસ્કાર અથવા અન્તર્નદી અથવા વિજય છે તે સ્થાને મહાવિદેહનો જેટલો વિસ્તાર હોય તેમાંથી ૧૦૦૦ યોજન સીતા અથવા સીતોદા નદીનો વિસ્તાર બાદ કરીને જે અંક આવે તેનું અર્ધ કરીએ તેટલી લંબાઈ તે સ્થાને રહેલાં વક્ષસ્કાર વિગેરેની હોય, અને એ પ્રમાણે પૂર્વધાતકીના મહાવિદેહમાં વક્ષસ્કારની લંબાઈ જુદી જુદી આઠ પ્રકારની આવે, બાર અન્તર્નદીઓની

॥ पूर्व धातकी महाविदेह अने गजदंत विपर्यय तथा वनमुख विपर्यय ॥ १ ॥

અહિં પૂર્વના બે ગજદંત અતિદીર્ઘ છે અને પશ્ચિમના
બે ગજદંત ટુંકા છે. તેમજ પૂર્વનાં બે વનમુખ અને પશ્ચિમનાં
બે વનમુખમાં પણ પ્રમાણનો વિપર્યય છે.



સૂચના:– આ ચિત્રમાં વનમુખનો વર્ણ લીલો, નિલવંત વર્ણ લીલો અને નિષધનો વર્ણ લાલ સમજવો. તેમજ
ગજદંતના વર્ણ ગ્રંથમાં વર્ણવ્યા પ્રમાણે વિચારવા.

લંબાઇ છ પ્રકારની જુદી જુદી આવે અને વિજયોની જુદી જુદી સોળ પ્રકારની લંબાઈ આવે, એ રીતે ભિન્ન ભિન્ન[1] લંબાઈઓ હોવાથી ગ્રંથકર્ત્તાએ કોઈ અંક ન કહેતાં 'खित्ताणुमाणओ=ક્ષેત્રને અનુસારે' એટલું જ કહ્યું છે તે યથાર્થ છે. મહાવિદેહના ત્રણ પ્રકારના વિસ્તાર આગળ ૧૧-૧૨ મી ગાથાના વિસ્તરાર્થ પ્રસંગે ૪૨૩૩૩૪-૮૦૫૧૯૪-૧૧૮૭૦૫૪ લગભગ છે તે કહેવાશે, તથા વક્ષસ્કારાદિવત્ ૪ વનમુખની લંબાઈ પણ બે પ્રકારની આવે. વળી એજ પદ્ધતિએ પશ્ચિમ ધાતકીખંડના મહાવિદેહમાં પણ પૂર્વધાતકીવત્ વક્ષસ્કારાદિની અનિયત લંબાઈઓ આઠ પ્રકારે ઇત્યાદિ તુલ્ય લંબાઇઓ જાણવી. ॥ ईति महाविदेहे वक्षस्कारादीनां दीर्घत्वम् ॥

તથા ધાતકીખંડના ૭-૭ મહાક્ષેત્રોની લંબાઈ ધાતકી ખંડની પહોળાઈમાં સંપૂર્ણ આવવાથી ૪૦૦૦૦૦ (ચાર લાખ) યોજન છે. અને એ ૧૪ મહાક્ષેત્રોનો તેમજ ૩૨-૩૨ વિજયોનો વિસ્તાર તો હવેની ૧૦ મી ગાથામાં કહેલી રીતિ પ્રમાણે ક્ષેત્રાંક અને ધ્રુવાંકના ગુણાકારથી પ્રાપ્ત થાય છે, અને તે અંકગણિત પૂર્વક ૧૧-૧૨ મી ગાથાના વિસ્તરાર્થમાં કહેવાશે. તો પણ અહિં સ્થાન ખાલી ન રહેવાના કારણથી કહેવાના છે કે—

ભરત-ઐરવતનો વિસ્તાર	— ૬૬૧૪-૧૨૯/૨૧૨ યોજન	આ પ્રારંભનો જ એટલે લવણ સમુદ્ર પાસેનો વિસ્તાર છે, જેથી શેષ મધ્યમવિસ્તાર અને અન્ત્ય વિસ્તાર આગળ કહેવાશે.
હિમવંત-હિરણ્યવંત,,	— ૨૬૪૫૮-૮૨/૨૧૨ યોજન	
હરિવર્ષ-રમ્યક ,,	—૧૦૫૮૩૨-૧૫૬/૨૧૨ યો.	
મહાવિદેહ ,,	—૪૨૩૩૩૪-૨૦૦/૨૧૨ યો.	

॥ ૯ ॥ ૨૩૩ ॥ એક વિજય વિસ્તાર ૯૬૦૩-૬/૧૬ યો. (પ્રત્યેક વિજયનો)

अवतरण :—ધાતકી ખંડમાં ભરતઐરવત આદિ મહાક્ષેત્રનો વિસ્તાર જાણવા માટે પૂર્વગાથામાં જે સૂચના કરી હતી તે સૂચના પ્રમાણે હવે આ ગાથામાં દરેક મહાક્ષેત્રનાં ક્ષેત્રાંક અને ધ્રુવાંક ઉપરથી ક્ષેત્રવિસ્તાર કેવી રીતે જાણી શકાય તે કહેવાય છે—

खित्तंकगुणधुवंके, दोसयबारूत्तरेहि पविभत्ते ।
सव्वत्थ वासवासो, हवेइ इह पुण इय धुवंका ॥१०॥२३४॥

---

૧. જો એ વક્ષસ્કારાદિકની લંબાઈ નિયત અંકથી જાણવી જ હોય તો તે વક્ષસ્કારાદિની પહોળાઈના મધ્યભાગ સુધીના (જંબૂદ્વીપ સહિત સ્હામી બાજુ સુધીના) વ્યાસની પરિધિ ગણીને ૯ મી ગાથા પ્રમાણે ગણિત કરી ૧૦૦૦ બાદ કરી તેનું અર્ધ કરવું, જેથી કેવળ મધ્યભાગની પણ નિર્ણીત લંબાઈ પ્રાપ્ત થશે.

શબ્દાર્થ :—

खित्तंक-ક્ષેત્રાંકવડે	सव्वत्थ-સર્વત્ર સર્વસ્થાને
गुण-ગુણેલા	वासवासो-ક્ષેત્રોનો વ્યાસ આવે
धुवंके-ધ્રુવાંકને	इहपुण-વળી નહિ
दोसयबारउत्तरेहि-બસો અધિક બાર વડે	इय धुवंका-ધ્રુવાંક આ પ્રમાણે
पविभत्ते ભાગ્યે છતે	

गाथार्थ :—ક્ષેત્રાંકવડે ગુણેલા ધ્રુવાંકને બસો બારવડે ભાગતાં સર્વસ્થાને (પ્રારંભે-મધ્યે-અને પર્યન્તે) ક્ષેત્રોના વિસ્તાર પ્રાપ્ત થાય, અને તેમાં ધ્રુવાંક તે આ પ્રમાણે (આગળની ગાથામાં કહેવાશે તે પ્રમાણે—) ॥ ૧૦ ॥ ૨૩૪ ॥

विस्तरार्थः—અહિં ક્ષેત્રસંબંધિવિસ્તાર જાણવા માટે જંબૂદ્વીપનાવર્ણન પ્રસંગે ૨૯મી ગાથામાં જે ૧-૪-૧૬ અને ૬૪ એ ચાર આંક દર્શાવ્યા છે છે क्षेत्रांक કહેવાય, અને હવે ૧૧-૧૨મી ગાથામાં જે ત્રણ પરિધિઓના અંક દર્શાવાશે તે ध्रुवांक કહેવાય એમાં જે ક્ષેત્રનો જે સ્થાને વિસ્તાર જાણવો હોય તે સ્થાનના પરિધિસાથે ગુણીને ૨૧૨ વડે ભાગતાં જે જવાબ આવે તે તે ક્ષેત્રના તે સ્થાનનો વિસ્તાર આવ્યો જાણવો. અહિં ૨૧૨ વડે ભાગવાનું કારણકે સમસ્ત ધાતકીખંડનો પરિધિ ક્ષેત્રાંક અને ગિરિઅંક વડે [૪+૧૬+૬૪+૧૨૮=૨૧૨ ક્ષેત્રાંક તથા ૮+૩૨+૬૪+૧૨૮=૧૬૮ ગિરિઅંક=૩૮૦ ખંડરૂપ અંકવડે] સંપૂર્ણ વહેંચાયલો છે.

ક્ષેત્રાંકની ઉત્પત્તિ (૨૧૨ ની)

ભરત ઐરવત ૧-૧ ખંડપ્રમાણનો છે માટે બે ભરત ઐરવતના જ ખંડ એજ ૪ ક્ષેત્રાંક, હિમ. હિરણ્ય. ક્ષેત્ર ચાર ચાર ખંડપ્રમાણનું છે, માટે બે હિમ. બે હિરણ્ય૦ના મલીને ૧૬ ખંડ એજ ૧૬ ક્ષેત્રાંક, તથા હરિવર્ષ રમ્યક્ ૧૬-૧૬ ખંડપ્રમાણનું હોવાથી બે હરિ. બે રમ્ય.ના મળીને ૬૪ ખંડ એજ ૬૪ ક્ષેત્રાંક અને મહાવિદેહ ૬૪ ખંડપ્રમાણનું છે, માટે બે મહાવિ.ના ૧૨૮ ખંડ તે ૧૨૮ ક્ષેત્રાંક ગણતાં,—

ભ. ઐ.	૪	અહિં સમજવાનું એ છે કે વર્ષધર પર્વતોથી રોકાયેલું જે શુદ્ધ
હિ. હિ.	૧૬	ક્ષેત્ર રહ્યું તેટલા ક્ષેત્રમાં આ ૨૧૨ ખંડ જેટલા વિસ્તારવાળાં ૧૪
હ. ર.	૬૪	ક્ષેત્રો સમાયલાં છે, માટે અહિં ક્ષેત્રાંક સર્વમળીને ૨૧૨ ગણાય
મહા.	૧૨૮	છે. ॥ इति क्षेत्रांक उत्पत्तिः ॥
	૨૧૨	

તથા અહિં ગિરિઅંકની ઉત્પત્તિનું પ્રયોજન નથી તોપણ દર્શાવાય છે કે લઘુ-હિમવંતગિરિ ૨ ખંડનો છે, અને શિખરી પર્વત પણ ૨ ખંડનો છે, અને તેવા બે બે હિમ. અને બે શિખરી હોવાથી એ ચાર પર્વતના ૮ ખંડ એજ ૮ ગિરિઅંક છે,

તથા આઠ આંક ખંડવાળા બે મહાહિમ. અને બે રૂકિમગિરિ હોવાથી એ ચાર પર્વતોના મળીને ૩૨ ખંડ એજ ૩૨ ગિરિઅંક, તથા બત્રીસ ખંડવાળા બે નિષધ અને બે નીલવંતપર્વત એ ચારેના મળી ૧૨૮ ખંડ તે ૧૨૮ ગિરિઅંક ગણાય. એ પ્રમાણે [૮+૩૨+૧૨૮=] ૧૬૮ गिरिअंक કહેવાય. ॥ इति गिरिअंक उत्पत्ति ॥

એ પ્રમાણે ૨૧૨ ક્ષેત્રખંડ અને ૧૬૮ ગિરિખંડ મળીને ૩૮૦ ખંડવડે ધાતકીખંડ વહેંચાયેલો છે. વળી અહિં ખંડનું પ્રમાણ તે જંબૂદ્વીપમાં જે રીતે ૧૯૦ ખંડ કહ્યા હતા તે રીતે જ જાણવું, જેથી જંબૂદ્વીપ ૧૯૦ ખંડ પ્રમાણનો છે, ત્યારે ધાતકીખંડ તેથી દ્વિગુણ ખંડવાળો એટલે ૩૮૦ ખંડવાળો છે, એ રીતે ધાતકીખંડની દ્વિગુણતા ખંડસંખ્યાવડે પણ યથાર્થ છે.

વળી આગળ પુષ્કરાર્ધદ્વીપ જે ધાતકીખંડને અનુસરતો છે તે પણ આ રીતે જ ૩૮૦ ખંડનો જાણવો, પરન્તુ ક્ષેત્રાંક અને ગિરિઅંક [૨૧૨ તથા ૧૬૮ એ] તુલ્ય હોવા છતાં વિસ્તારના યોજન અંક જુદા જુદા છે, તે પુષ્કરાર્ધદ્વીપના વર્ણનપ્રસંગે જ કહેવામાં આવશે. ॥ ૧૦ ॥ ૨૩૪ ॥

ક્ષેત્રોના વિસ્તારાદિ જાણવા માટે ધ્રુવાંક.

अवतरणः—પૂર્વ ગાથામાં કરેલી સૂચના પ્રમાણે આ ગાથામાં ધ્રુવાંક દર્શાવાય છે, [અને વિસ્તરાર્થમાં ૧૦મી ગાથામાં કહેલી ગણિતરીતિ પ્રમાણે ક્ષેત્રોના વિસ્તાર પણ અંકગણિત સહિત દર્શાવાય છે] તથા વનમુખાદિ ૫ પદાર્થોના વિષ્કંભ જાણવાની રીતિ પણ દર્શાવાય છે—

धुरि चउदसलक्खदुसहस–दो सगणउआ धुवं तहा मज्झे ।
दुसयअडुतरसतसट्ठिसहस छव्वीस लक्खा य ॥११॥२३५॥
गुणवीससयं बत्तीससहस गुणयाललक्खा धुवमन्ते ।
णइगिरिखिणमाणविसुद्धखित्तसोलंस पिहु विजया ॥१२॥२३६॥

શબ્દાર્થ:—

धुरि-પ્રારંભમાં
चउदसलक्खा-ચૌદલાખ
दुसहस-બે હજાર
दोसगणउआ-બસોસત્તાણું
धुवं-ધ્રુવાંક
मज्झे-મધ્યભાગમાં
दुसयअडउत्तर-બસોઅધિકઆઠ
सतसट्ठिउसहस-સડસઠહજાર
छव्वीसलक्खा-છવીસલાખ

गुणवंस सयं-એકસો ઓગણીસ	णइगिरिवणमाण-નદીગિરિવનના પ્રમાણથી
बत्तीसतहस-બત્રીસહજાર	विसुद्ध-બાદ કરેલું
गुणयाललक्ख-ઓગણચાલીસ લાખ	खित्तसोलंस-ક્ષેત્રના સોળમા ભાગ જેટલી
धुवअंते-પર્યન્તે ધ્રુવાંક	पिहु विजया-વિજયો પહોળી છે

गाथार्थ :—પ્રારંભનો ધ્રુવાંક ચૌદ લાખ બે હજાર બસો સત્તાણું [૧૪૦૨૨૯૭ [તથા મધ્યનો ધ્રુવાંક છવ્વીસ લાખ સડસઠ હજાર બસો આઠ (૨૬૬૭૨૦૮), તથા અન્ત્ય ધ્રુવાંક ઓગણ ચાલીસ લાખ બત્રીસ હજાર એકસો ઓગણીસ (૩૯૩૨૧૧૯) છે. તથા અન્તર્નદીઓ વક્ષસ્કાર પર્વતો વનમુખ મેરૂવન એ સર્વનો વિસ્તાર ક્ષેત્રમાંથી બાદ કરતાં (૪ લાખમાંથી બાદ કરતાં) બાકી રહે તેને સોળ વડે ભાગતાં વિજયની પહોળાઈ આવે. ॥ ૧૧ ॥–૧૨ ॥ ૨૩૫–૨૩૬ ॥

विस्तरार्थ :—અહિં જે અંક ગુણાકાર વિગેરેમાં વારંવાર ઉપયોગી થતો હોય તે ध्रुव= નિશ્ચિત અંક હોવાથી ध्रुवांक કહેવાય છે, એ પ્રમાણે અહિં ભરતાદિ સાત મહા-ક્ષેત્રોના મુખવિસ્તાર (લવણ સમુદ્ર પાસેનો પહેલો વિસ્તાર) જાણવાને ગાથામાં કહેલો પહેલો ૧૪૦૨૨૯૭ અંક જ વારંવાર ગુણાકારમાં લેવો પડે છે માટે મુખ વિસ્તાર જાણવા માટે એ ध्रुवांक છે. તેવી રીતે સાત મહાક્ષેત્રના મધ્ય વિસ્તાર જાણવા માટે મધ્ય અંક ૨૬૬૭૨૦૮ વારંવાર ઉપયોગી હોવાથી એ મધ્ય ધ્રુવાંક છે, તેમજ સાતેના પર્યન્ત વિસ્તાર જાણવામાં ૩૯૩૨૧૧૯ એ અંક વારંવાર (સાતવાર) ઉપયોગી હોવાથી એ પણ અન્તિમ ધ્રુવાંક કહેવાય છે.

॥ ૭ મહાક્ષેત્રના મુખવિસ્તાર ॥

હવે પૂર્વગાથામાં (૧૦ મી ગાથામાં) કહેલી ગણિત રીતિ પ્રમાણે—
૧ भरत ऐरवतનો ક્ષેત્રાંક, તેની સાથે

× ૧૪૦૨૨૯૭ મુખ ધ્રુવાંકને ગુણતા
– ૧૪૦૨૨૯૭ યોજન આવ્યા તેને
૨૧૨ વડે ભાગતા

= ૬૬૧૪ $\frac{૧૨૯}{૨૧૨}$ યોજન મુખ વિસ્તાર
ભ. ઐર. નો

```
૨૧૨ ) ૧૪૦૨૨૯૭ ( ૬૬૧૪
       ૧૨૭૨
       ----
        ૧૩૦૨
        ૧૨૭૨
        ----
        ૦૩૦૯
         ૨૧૨
        ----
        ૦૯૭૭
         ૮૪૮
        ----
         ૧૨૯ શેષ
```

૪ हिम, हिरण्य नां क्षेत्रांक साथे
× ૧૪૦૨૨૯૭ મુખધ્રુવાંકને ગુણતાં
૫૬૦૯૧૮૮ યોજન વડે ભાગતાં
૨૧૨ વડે ભાગતાં
= ૨૬૪૫૮ $\frac{૯૨}{૨૧૨}$ યોજન મુખવિસ્તાર આવ્યો.
હિમ. હિરણ્ય.નો

૨૧૨) ૫૬૦૯૧૮૮ (૨૬૪૫૮
૪૨૪
૧૩૬૯
૧૨૭૨
૦૯૭૧
૮૪૮
૧૨૩૮
૧૦૬૦
૧૭૮૮
૧૬૯૬
૦૦૯૨ શેષ.

---

૧૬ हरि. रम्यक क्षेत्रांक साथे
×૧૪૦૨૨૯૭ મુખધ્રુવાંકને ગણુતાં
૨૨૪૩૬૭૫૨ યો. આવ્યા તેને ૨૧૨
વડે ભાગતાં
= ૧૦૫૮૩૩$\frac{૧૫૬}{૨૧૨}$ યોજન મુખ વિસ્તાર
હરિ. રમ્યકનો

૨૧૨)૨૨૪૩૬૭૫૨(૧૦૫૮૩૩
૨૧૨૦
૧૨૩૬
૧૦૬૦
૧૭૬૭
૧૬૯૬
૦૭૧૫
૬૩૬
૦૭૯૨
૬૩૬
૧૫૬ શેષ

---

૬૪ महाविदेहના ક્ષેત્રાંક સાથે
×૧૪૦૨૨૯૭ મુખધ્રુવાંકને ગુણતાં
૮૯૭૪૭૦૦૮ યો. આવ્યા તેને ૨૧૨
વડે ભાગતાં
= ૪૨૩૩૩૪$\frac{૨૦૦}{૨૧૨}$ યોજન મુખવિસ્તાર
મહાવિદેહનો.

૨૧૨)૮૯૭૪૭૦૦૮(૪૨૩૩૩૪
૮૪૮
૪૯૪
૪૨૪
૭૦૭
૬૩૬
૦૭૧૦
૬૩૬
૧૦૪૮
૮૪૮
૨૦૦

૧ ભરત ઐર.ના ક્ષેત્રાંક સાથે
× ૨૬૬૭૨૦૮ ગિરિવર્જીત મધ્યપરિધિને
[મધ્યધ્રુવાંકને] ગુણતાં
૨૬૬૭૨૦૮ યોજન આવ્યાં તેને ૨૧૨
વડે ભાગતાં

=૧૨૫૮૧$\frac{૩૬}{૨૧૨}$ યોજન મધ્ય વિસ્તાર મ૦
एर०નો છે.

૨૧૨)૨૬૬૭૨૦૮(૧૨૫૮૧
૨૧૨
૫૪૭
૪૨૪
૧૨૩૨
૧૦૬૦
૧૭૨૦
૧૬૯૬
૦૨૪૮
૨૧૨
૩૬

---

૪ હિમ. હિર.ના ક્ષેત્રાંકવડે
×૨૬૬૭૨૦૮ મધ્યધ્રુવાંકને ગુણતાં
૧૦૬૬૮૮૩૨ યો. આપ્યા તેને ૨૧૨
વડે ભાગતાં

=૫૦૩૨૪$\frac{૪૪}{૨૧૨}$ યો. મધ્યવિસ્તાર હિમ.
હિર.નો

૨૧૨)૧૦૬૬૮૮૩૨(૫૦૩૨૪
૧૦૬૦
૦૬૮૮
૬૩૬
૫૨૩
૪૨૪
૯૯૨
૮૪૮
૪૪

---

૧૬ હરિ. રમ્યક્‌ના ક્ષેત્રાંકવડે
×૨૬૬૭૨૦૮ મધ્યધ્રુવાંકને ગુણતાં
૪૨૬૭૫૩૨૮ યોજન આવ્યા તેને ૨૧૨
વડે ભાગતાં

=૨૦૧૨૯૮$\frac{૧૫૨}{૨૧૨}$ યો. મધ્ય વિસ્તાર હરિ.
રમ્યકનો.

૨૧૨)૪૨૬૭૫૩૨૮(૨૦૧૨૯૮
૪૨૪
૨૭૫
૨૧૨
૬૩૩
૪૨૪
૨૦૩૨
૧૯૦૮
૧૮૪૮
૧૬૯૬
૧૫૨

---

૬૪ મહાવિ,ના ક્ષેત્રાંકવડે
×૨૬૬૭૨૦૮ મધ્યધ્રુવાંકને ગુણતાં
૧૭૦૭૦૧૩૧૨. યો. આવ્યા તેને ૨૧૨
વડે ભાગતાં
=૮૦૫૧૯૪$\frac{૧૮૪}{૨૧૨}$ યો મધ્યવિસ્તાર
મહાવિ.નો

```
૨૧૨)૧૭૦૭૦૧૩૧૨(૮૦૫૧૯૪
    ૧૬૯૬
    ----
      ૧૧૦૧
      ૧૦૬૦
      ----
        ૪૧૩
        ૨૧૨
        ----
        ૨૦૧૧
        ૧૯૦૮
        ----
         ૧૦૩૨
          ૮૪૮
         ----
          ૧૮૪
```

---

૧ ભ. ઐ. ના ક્ષેત્રાંકવડે
×૩૯૩૨૧૧૯ બાહ્યધ્રુવાંકને ગુણતાં
૩૯૩૨૧૧૯ યો. આવ્યા તેને ૨૧૨
વડે ભાગતાં
=૧૮૫૪૭$\frac{૧૫૫}{૨૧૨}$ યો. બાહ્ય (અન્ત્ય)
વિસ્તાર ભ. ઐ. નો

```
૨૧૨)૩૯૩૨૧૧૯(૧૮૫૪૭
    ૨૧૨
    ----
    ૧૮૧૨
    ૧૬૯૬
    ----
     ૧૧૬૧
     ૧૦૬૦
     ----
      ૧૦૧૧
       ૮૪૮
      ----
      ૧૬૩૯
      ૧૪૮૪
      ----
       ૧૫૫
```

---

૪ હિમ. હિર. ક્ષેત્રાંકને
× ૩૯૩૨૧૧૯ બાહ્યધ્રુવાંકે ગુણતાં
૧૫૭૨૮૪૭૬ યો. આવ્યા તેને
૨૧૨ વડે ભાગતાં
૭૪૧૯૦$\frac{૧૯૬}{૨૧૨}$ યો. બાહ્ય વિસ્તાર
હિમ. હિર. નો

```
૨૧૨) ૧૫૭૨૮૪૭૬ (૭૪૧૯૦
     ૧૪૮૪
     ----
      ૮૮૮
      ૮૪૮
      ----
       ૪૦૪
       ૨૧૨
       ----
       ૧૯૨૭
       ૧૯૦૮
       ----
        ૧૯૬
```

---

૧૬ હરિ. રમ્યકના ક્ષેત્રાંકને
× ૩૯૩૨૧૧૯ બાહ્યધ્રુવાંકે ગુણતાં
૬૨૯૧૩૯૦૪ યો. આવ્યા તેને
૨૧૨ વડે ભાગતાં
૨૯૬૭૬૩ $\frac{૧૪૮}{૨૧૨}$ યો. બાહ્ય વિસ્તાર
હરિ. રમ્યકનો.

```
212 ) ૬૨૯૧૩૯૦૪ ( ૨૯૬૭૬૩
      ૪૨૪
      ----
      ૨૦૫૧
      ૧૯૦૮
      ----
       ૧૪૩૩
       ૧૨૭૨
       ----
        ૧૬૧૯
        ૧૪૮૪
        ----
         ૧૩૫૦
         ૧૨૭૨
         ----
           ૭૮૪
           ૬૩૬
           ---
           ૧૪૮
```

---

૬૪ મહા વિ. ક્ષેત્રાંકને
× ૩૯૩૨૧૧૯ બાહ્યધ્રુવાંકે ગુણતાં
૨૫૧૬૫૫૬૧૬ યો. આવ્યા તેને
૨૧૨ વડે ભાગતાં
૧૧૮૭૦૫૪ $\frac{૧૬૮}{૨૧૨}$ યો. બાહ્ય વિસ્તાર
મહાવિદેહનો.

```
૨૧૨ )૨૫૧૬૫૫૬૧૬ (૧૧૮૭૦૫૪
      ૨૧૨
      ---
       ૩૯૬
       ૨૧૨
       ---
       ૧૮૪૫
       ૧૬૯૬
       ----
        ૧૪૯૫
        ૧૪૮૪
        ----
         ૧૧૬૧
         ૧૦૬૦
         ----
          ૧૦૧૬
           ૮૪૮
          ----
           ૧૬૮
```

એ પ્રમાણે સાતે મહાક્ષેત્રના આદિ મધ્ય અને અન્ત્ય વિસ્તાર જાણવા.

પ્રશ્ન :—ઉપરના દરેક ગુણાકારમાં ત્રણ ધ્રુવાંક દર્શાવ્યા, તે ધ્રુવાંકની ઉત્પત્તિ કેવી રીતે?

ઉત્તર :— ધાતકીખંડના આદિ મધ્ય અને અન્ત્ય એ ત્રણે પરિધિઓમાંથી પર્વતોનુ ક્ષેત્ર બાદ કરવાથી શેષ રહેલી પરિધિ જેટલી જગ્યામાં સાત મહાક્ષેત્રો પોતપોતાના અંક પ્રમાણે વિસ્તારવાળાં આવેલાં છે, માટે પર્વતોનું ક્ષેત્ર બાદ કરતાં બાકી રહેલું ક્ષેત્ર તેજ અહિં ધ્રુવાંક ગણાય છે તે આ પ્રમાણે—

॥ આદિમધ્ય અન્ત્ય ધ્રુવાંકની ઉત્પત્તિ ॥

ધાતકીખંડના ત્રણ પરિધિ છે, તેમાં લવણસમુદ્રપાસેનો એટલે લવણસમુદ્રનો અન્ત્યપરિધિ તેજ ધાતકીખંડનો અભ્યન્તરપરિધિ ૧૫૮૧૧૩૯ યોજન છે, મધ્યપરિધિ ૨૮૪૬૦૫૦ યોજન છે અને અન્ત્યપરિધિ ૪૧૧૦૯૬૧ યોજન છે. અહિં અન્ત્યપરિધિ અને અભ્યન્તર (આદિ) પરિધિના સર્વાળાને અર્ધ કરવાથી મધ્યમપરિધિ પ્રાપ્ત થાય છે, તે આ પ્રમાણે–

૧૫૮૧૧૩૯ આદિપરિધિમાં
+ ૪૧૧૦૯૬૧ અન્ત્યપરિધિ ઊમેરતાં
૫૬૯૨૧૦૦ નું અર્ધ કરવાને ૨ વડે ભાગતાં

૨) ૫૬૯૨૧૦૦
૨૮૪૬૦૫૦ મધ્યપરિધિ

હવે એ ત્રણે પરિધિઓરૂપ ધાતકીખંડ ૧૨ વર્ષધરપર્વત ૨ ઇષુકારપર્વત અને ૧૪ મહાક્ષેત્રોથી પૂરાયલો છે, તેમાં પણ ૧૪ પર્વતો સર્વત્ર સમવિસ્તારવાળા છે, જેથી એ પર્વતોના વિસ્તારને બાદ કરીએ તો ૧૪ મહાક્ષેત્રોએ રોકેલું ક્ષેત્ર પ્રાપ્ત થાય, માટે તે ૧૪ પર્વતોનો વિસ્તાર સર્વમળીને ૧૭૮૭૪૨ છે તે આ પ્રમાણે—

યો. ક.
૨૧૦૫—૫ લઘુહિમવંતપર્વત
૨૧૦૫—૫ શિખરીપર્વત
૮૪૨૧—૧ મહાહિંમવંતપર્વત
૮૪૨૧—૧ રૂક્મિપર્વત
૩૩૬૮૪—૪ નિષધપર્વત
૩૩૬૮૪—૪ નીલવંતપર્વત
૮૮૪૨૦–૨૦
+ ૧ ૦ $\frac{૧૯}{૧}$
૮૮૪૨૧—૧ પૂર્વધાતકીના કુલગિરિઓનો વિષ્કંભ

૮૮૪૨૧—૧ પૂર્વ ધા. કુલગિરિવિ.
૮૮૪૨૧—૧ પશ્ચિમ ધા. ,,
૧૭૬૮૪૨—૨
+ ૨૦૦૦ બે ઇષુકાર વિષ્કંભ
૧૭૮૮૪૨—૨ અહિં ૨ કળાને અલ્પ ગણી વર્જવાથી ધાતકીખંડનું ગિરિક્ષેત્ર ૧૭૮૮૪૨ યોજન સંપૂર્ણ ગણવું.

એ પ્રમાણે ગિરિક્ષેત્રને ત્રણે પરિધિમાંથી બાદ કરવાથી ધ્રુવાંક આવે તે આ પ્રમાણે–

૧૫૮૧૧૩૯ પ્રથમ પરિધિમાંથી
૧૭૮૮૪૨ ગિરિક્ષેત્ર બાદ કરતાં
૧૪૦૨૨૯૭ પહેલો ધ્રુવાંક
૪૧૧૦૯૬૧ અન્ત્ય પરિધિમાથી
૧૭૮૮૪૨ બાદ જતાં
૩૯૩૨૧૧૧ અન્ત્ય ધ્રુવાંક

૨૮૪૬૦૫૦ મધ્ય પરિધિમાંથી
૧૭૮૮૫૨ ગિરિક્ષેત્ર બાદ કરતાં
૨૬૬૭૨૦૮ મધ્ય ધ્રુવાંક
અહિં ધ્રુવાંક તે મહાક્ષેત્રો માટે શેષ રહેલી જગ્યા સૂચવે છે.

॥ પરિધિઓ માટે ત્રણ પ્રકારના વ્યાસ ॥

પરિધિની ઉત્પત્તિ પૂર્વે જંબૂદ્વીપના પ્રકરણમાં ૧૮૮ મી ગાથાના પૂર્વાર્ધમાં દર્શાવી છે તે પ્રમાણે વ્યાસના વર્ગને દશગુણો કરી વર્ગમૂળ કાઢતાં પરિધિ આવે છે, માટે પરિધિઓ વ્યાસઉપરથી જ પ્રાપ્ત થાય છે, જેથી અહિં પહેલો વ્યાસ લવણ-સમુદ્રના ચાર લાખ અને જંબૂદ્વીપના એક લાખ સહિત ૫૦૦૦૦૦ (પાંચ લાખ) યોજન ગણવો. તથા ધાતકીખંડના મધ્યભાગ સુધીના બે બાજુના બે બે લાખ અધિક ગણતાં ૯૦૦૦૦૦ (નવ લાખ) યોજનનો બીજો વ્યાસ ગણવો, અને ધાતકીના પર્યન્ત ભાગ સુધીના બે બાજૂના ચાર ચાર લાખ ગણી આઠ લાખ અધિક ગણવાથી (૫૦૦૦૦૦+૮૦૦૦૦૦=) ૧૩૦૦૦૦૦ (તેર લાખ) યોજનનો અન્ત્ય વ્યાસ (ત્રીજો વ્યાસ) ગણવો, અને તે ઉપરથી પરિધિ કાઢવા, અને તે આ ચાલુ અર્થમાં જ ત્રણે પરિધિ કહેવાઈ ગયા છે.

॥ મહાવિદેહની લંબાઈ ઉપરથી વિજયો વિગેરેની પહોળાઈ ॥

હવે જંબૂદ્વીપમાં ૧ લાખ યોજન જેટલી મહાવિદેહની મધ્ય લંબાઈ ઉપરથી જેમ વનમુખ તથા વિજયો વિગેરેના વિસ્તાર જાણવાનો ઉપાય ૧૯૫-૧૯૬ મી ગાથામાં અને વિસ્તરાર્થમાં દર્શાવ્યો હતો તે પ્રમાણે અહિં પણ વિજયો વિગેરેના વિસ્તાર દર્શાવાય છે—

મેરૂ પર્વત નીચે ભદ્રશાલવન ૨૨૫૧૫૮ યોજન દીર્ઘ છે. (મેરૂ સહિત).

સોલ વિજયોનો	સર્વવિસ્તાર	૧૫૩૬૫૪ યોજન છે.
આઠ વક્ષસ્કારનો	,,	૮૦૦૦ યોજન છે.
૬ અન્તર્નદીઓનો	,,	૧૫૦૦ યોજન.
બે વનમુખનો	,,	૧૧૬૮૮ યોજન.
		૪૦૦૦૦૦ યો. મહાવિ.ની લંબાઈ.

એ પાંચ પદાર્થોમાંથી જે પદાર્થનો વિસ્તાર જાણવો હોય તે પદાર્થથી ભિન્ન ચાર પદાર્થોના વિષ્કંભનો સર્વાળો કરી ચાર લાખમાંથી બાદ કરી તે પદાર્થની સંખ્યાએ ભાગતાં પ્રત્યેકનો વિસ્તાર આવી રહે તે અંકગણિતપૂર્વક આ પ્રમાણે—

ધારો કે પ્રત્યેક વિજયનો વિસ્તાર જાણવો છે, તો શેષ ચાર પદાર્થોનો વિસ્તાર [૨૨૫૧૫૮+૮૦૦૦+૧૫૦૦+૧૧૬૮૮=] ૨૪૬૩૪૬ છે તેને ૪૦૦૦૦૦માંથી બાદ કરતાં ૧૫૩૬૫૪ યોજન આવ્યા તેને સમશ્રેણીએ રહેલી ૧૬ વિજયવડે ભાગતાં દરેક વિજયનો વિસ્તાર ૯૬૦૩$\frac{૬}{૧૬}$ યોજન પ્રાપ્ત થયો. એ રીતે દરેક અન્તર્નદી ૨૫૦ યોજન પહોળી છે. દરેક વક્ષસ્કાર ૧૦૦૦ યોજન પહોળો છે, અને દરેક વનમુખ ૫૮૪૪ યોજન પહોળું છે. ॥ ૧૧-૧૨ ॥ ૨૩૫-૨૩૬ ॥

॥ धातकीखंडना १४ महाक्षेत्रोनो यंत्र ॥

	ક્ષેત્રાંક	આદિવિસ્તાર યોજન	મધ્યવિસ્તાર યોજન	અન્ત્યવિસ્તાર યોજન	લંબાઈ
૨ ભરત	૧	૬૬૧૪ ૧૨૯/૨૧૨	૧૨૫૮૧ ૩૬/૨૧૨	૧૮૫૪૭ ૧૫૫/૨૧૨	૪૦૦૦૦૦
૨ ઐરવત	૧	,,	,,	,,	,,
૨ હિમવંત	૪	૨૬૪૫૮ ૯૨/૨૧૨	૫૦૩૨૪ ૧૪૪/૨૧૨	૭૪૧૯૦ ૧૯૬/૨૧૨	૪૦૦૦૦૦
૨ હિરણ્યવંત	૪	,,	,,	,,	,,
૨ હરિવર્ષ	૧૬	૧૦૫૮૩૩ ૧૫૬/૨૧૨	૨૦૧૨૯૮ ૧૫૨/૨૧૨	૨૯૬૭૬૩ ૧૪૮/૨૧૨	૪૦૦૦૦૦
૨ રમ્યક	૧૬	,,	,,	,,	,,
૨ મહાવિદેહ	૬૪	૪૨૩૩૩૪ ૨૦૦/૨૧૨	૮૦૫૧૯૪ ૧૮૪/૨૧૨	૧૧૮૭૦૫૪ ૧૬૮/૨૧૨	૪૦૦૦૦૦

अवतरण:—હવે પૂર્વગાથાઓમાં કહેલી રીતિપ્રમાણે વિજયોનો જે વિસ્તાર પ્રાપ્ત થાય છે તે સ્પષ્ટરીતે આ ગાથામાં દર્શાવીને નદી આદિ પાંચે પદાર્થોને એકત્ર કરતાં ધાતકીખંડની પહોળાઈ સંપૂર્ણ થાય તે પણ દર્શાવાય છે—

णवसहसा छसय तिउत्तरा य छच्चेव सोल भाया य ।
विजयपिहुत्तंणइगिरि-वणविजयसमासि चउलक्खा ॥१३॥२३७॥

॥ घातकीखंडमां विजयादिकनो विष्कंभ जाणवानुं यंत्र ॥

વિષ્કંભ પદાર્થ (ઇષ્ટ પદાર્થ)	ઇષ્ટ પદાર્થ સિવાય શેષ પદાર્થોના વિષ્કંભ યોજન	એકત્ર કરવાથી	૪ લાખમાંથી બાદ કરતાં	પદાર્થ સંખ્યા (ભાજક)	ભાગવાથી આવેલ ઇષ્ટ પદાર્થનો વિષ્કંભ (એકનો)
મેરુસહિતભદ્ર૦ વન	૧૫૩૬૫૪–૮૦૦૦–૧૫૦૦–૧૧૬૮૮	૧૭૪૮૪૨	૨૨૫૧૫૮	૧	૨૨૫૧૫૮
વિજયોનો	૨૨૫૧૫૮–૮૦૦૦–૧૫૦૦–૧૧૬૮૮	૨૪૬૩૪૬	૧૫૩૬૫૪	૧૬	૯૬૦૩ ૬/૧૬
વક્ષસ્કારોનો	૨૨૫૧૫૮–૧૫૩૬૫૪–૧૫૦૦–૧૧૬૮૮	૩૯૨૦૦૦	૮૦૦૦	૮	૧૦૦૦
અન્તર નદીઓનો	૨૨૫૧૫૮–૧૫૩૬૫૪–૮૦૦૦–૧૧૬૮૮	૩૯૮૫૦૦	૧૫૦૦	૬	૨૫૦
બે વનમુખોનો	૨૨૫૧૫૮–૧૫૩૬૫૪–૮૦૦૦–૧૫૦૦	૩૮૮૩૧૨	૧૧૬૮૮	૨	૫૮૪૪
			૪૦૦૦૦૦ ધાતકીવિષ્કંભપૂર્ણ.		

શબ્દાર્થ:—

णवसहसा-નવ હજાર	विजयपिहुत्तं-વિજયની પહોળાઈ
छसय तिउत्तरा-છસો ત્રણ અધિક	णइगिरि-નદી ગિરિ
छच्चेव-છ જ,	वण-વનમુખ અને મેરૂવન
सोल भाया य-વળી સોલીયા ભાગ	विजयसमासि-વિજયને એકત્ર કરતાં
	चउलक्खा-ચાર લાખ યોજન થાય.

गाथार्थः—દરેક વિજયની પહોળાઈ નવહજાર છસો ત્રણ યોજન ઉપરાન્ત સોલીયા છ ભાગ (૯૬૦૩$\frac{6}{16}$ યો.) છે. તથા અન્તર્નદીઓ વક્ષસ્કારપર્વતો વનમુખ મેરૂવન અને વિજયો એ સર્વનો વિષ્કંભ એકત્ર કરવાથી ધાતકીખંડનો ૪ લાખ યોજન જેટલો વિસ્તાર સંપૂર્ણ થાય છે ॥ ૧૩ ॥ ૨૩૭ ॥

विस्तरार्थः—પૂર્વગાથાના વિસ્તરાર્થને પર્યન્તે દરેક વિજયનો વિસ્તાર કાઢવાની રીતિ દર્શાવી છે તે પ્રમાણે વિજયવિસ્તાર ૯૬૦૩$\frac{6}{16}$ યોજન છે, અને લંબાઈ તો મહાવિદેહનો અનિયત વિસ્તાર હોવાથી અનિયત એટલે લવણસમુદ્ર તરફની વિજયો ટુંકી છે અને તદનંતર બે બે વિજયોની જોડે અધિક અધિક દીર્ઘ થતાં યાવત્ કાળોદધિસમુદ્રપાસેની બે વિજયો ઘણી જ દીર્ઘ છે. એ ભાવાર્થ પ્રથમ કહેવાઈ ગયો છે.

તથા અન્તર્નદી આદિના વિસ્તારો એકત્ર કરવાથી ધાતકીખંડની ૪ લાખયોજન પહોળાઈ પૂર્ણ થાય છે તે પણ પૂર્વાનન્તર ગાથાર્થ પ્રસંગે દર્શાવ્યું છે. ॥૧૩॥૨૩૭॥

अवतरणः—હવે આ ગાથામાં વિજયોમાંની નગરીઓ તથા કુરૂક્ષેત્રોમાં બે બે મહાવૃક્ષો છે તે કહેવાય છે—

पुव्वं व पुरी अ तरु परमुत्तरकुरूसु धाइ महधाई ।
रुक्खा ते सुदंसण-पिअदंसणनामया देवा ॥१४॥२३८॥

શબ્દાર્થ—:

पुव्वं व-પૂર્વની પેઠે	रुक्खा-વૃક્ષો
पुरी-નગરીઓ	तेसु-તે વૃક્ષો ઉપર
तरू-મહાવૃક્ષો	सुदंसण-સુદર્શન નામે
परं-પરન્તુ	पिअदंसण-પ્રિયદર્શન
उत्तरकुरुसु-ઉત્તરકુરૂક્ષેત્રમાં	नामया-નામના
धाइ महधाई-ધાતકી મહાધાતકી નામના	देवा-દેવો

ગાથાર્થ:—અહિં ૩૨ વિજયની ૩૨ નગરીઓનાં નામ તથા મહાવૃક્ષોનાં નામ પણ જંબૂદ્વીપમાં કહ્યા પ્રમાણે જાણવાં, પરન્તુ તફાવત એ છે કે-પૂર્વધાતકીના ઉત્તરકુરૂક્ષેત્રમાં धातकीवृक्ष નામનું વૃક્ષ છે, અને પશ્ચિમધાતકીના ઉત્તરકુરૂમાં महाधातकीवृक्ष નામનું વૃક્ષ છે, અને એ બે વૃક્ષો ઉપર એટલે ધાતકીવૃક્ષઉપર સુદર્શન નામે દેવનું ભવનાદિ છે, અને મહાધાતકીવૃક્ષ ઉપર પ્રિયદર્શન નામે દેવનું ભવનાદિ છે. ॥૧૪॥૨૩૮॥

विस्तरार्थः—ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ કે-અહિં વિજયનગરીઓના નામની તથા માપની તુલ્યતા હોય પરન્તુ નદીથી અને વૈતાઢ્યથી દૂર કહી છે તે તુલ્યતા ન લેવી. તથા બે ઉત્તરકુરૂમાં ધાતકી મહાધાતકીવૃક્ષ એ બે જૂદા નામવાળાં છે, અને બે દેવકુરૂમાં બન્ને વૃક્ષ शाल्मलि (અથવા કૂટ શાલ્મલિ) એ એક જ નામવાળાં છે, અને તે બન્ને ઉપર સુવર્ણકુમારનિકાયના વેણુદેવ નામના જ બે દેવો છે, શેષ વન-કૂટ આદિ યથાસંભવ સર્વસ્વરૂપ જંબૂવૃક્ષને અનુસારે વિચારવું ॥૧૪॥૨૩૮॥

अवतरण:—૧૧-૧૨મી ગાથામાં જે ત્રણ ધ્રુવાંક કહ્યા છે, તે ધ્રુવાંક ઉપરથી જ ધાતકીખંડના આદિ મધ્ય અને અન્ત્ય એ ત્રણ પરિધિ કેવી રીતે પ્રાપ્ત થાય તે આ ગાથામાં દર્શાવાય છે, અને તે સાથે આ ધાતકીખંડનું પ્રકરણ પણ સમાપ્ત થાય છે.

धुवरासीसु अ मिलिआ, एगो लक्खो य अडसयरिसहसा
अट्ठसया बायाला, परिहितिगं धायईसंडे ॥१५॥२३९॥

શબ્દાર્થ:—

धुवरासीसु-ધ્રુવરાશિઓમાં
मिलिआ-મેળવતાં, મળ્યા છતા
एगो लक्खो-એક લાખ
अडसयरिसहसा-અઠયોત્તર હજાર
अट्ठसया बायाला-આઠસો બેંતાલીસ
परिहितिगं-ત્રણ પરિધિ
धायईसंडे-ધાતકીખંડમાં (ના) થાય.

गाथार्थः—ધ્રુવરાશિઓમાં એક લાખ અઠયોત્તરહજાર આઠસો બેંતાલીસ ઉમેરતાં ધાતકીખંડના ત્રણે પરિધિ આવે ॥ ૧૫ ॥ ૨૩૯ ॥

विस्तरार्थः—ધ્રુવાંકોની ઉત્પત્તિના પ્રસંગમાંજ ધાતુકીખંડના ત્રણ પરિધિ ૧૧-૧૨મી ગાથાના વિસ્તરાર્થમાં કહેવાઈ ગયા છે, માટે અહિં પુનઃ કહેવાશે નહિં; તો પણ સ્થાનશૂન્ય ન રહેવાના કારણથી અહિં યંત્રમાત્ર દર્શાવાય છે.

॥ धातकीखंडना ध्रुवांक उपरथी ३ परिधिनी प्राप्ति ॥

ધાતકીખંડના	ધ્રુવરાશિમાં	ક્ષેપ્યાંક ઉમેરતાં	પરિધિ
આદિ	૧૪૦૨૨૯૭	૧૭૮૮૪૨	૧૫૮૧૧૩૯ (આદિ પરિધિ)
મધ્ય	૨૬૬૭૨૦૮	૧૭૮૮૪૨	૨૮૪૬૦૫૦ (મધ્ય પરિધિ)
અન્ત્ય	૩૯૩૨૧૧૯	૧૭૮૮૪૨	૪૧૧૦૯૬૧ (અન્ત્ય પરિધિ)

પૂર્વે વિસ્તરાર્થમાં પરિધિ ઉપરથી ધ્રુવાંકની ઉત્પત્તિ દર્શાવી છે, અને અહિં ધ્રુવાંકથી પરિધિની ઉત્પત્તિ દર્શાવી, પરન્તુ સ્વરૂપતુલ્ય છે. તથા ૧૭૮૮૪૨ તે પર્વત-નિરુદ્ધ ક્ષેત્ર જાણવું, અને તે સવિસ્તર પૂર્વે દર્શાવ્યું છે. એ પ્રમાણે આ ધાતકી ખંડના પ્રકરણનો વિસ્તરાર્થ સમાપ્ત થયો. વળી આ પ્રકરણમાં જંબૂદ્વીપની અપેક્ષાએ જે જે તફાવતો દર્શાવ્યા છે તે તેટલા જ છે, એમ નહિં પરન્તુ તેને અનુસરતા બીજા પણ નાના નાના તફાવતો વિગેરે જે કંઈ વિચારવા યોગ્ય હોય તે સર્વ યથાસંભવ પોતાની મેળે વિચારવું ॥ ૧૫ ॥ ૨૩૯ ॥

॥ इति तृतीयो धातकीखंडाधिकारः ॥

॥ अथ चतुर्थः- कालोदसमुद्राधिकारः ॥

अवतरणः—પૂર્વગાથાઓમાં ત્રીજા અધિકાર તરીકે ધાતકીખંડનું વર્ણન સંક્ષેપમાં કહ્યા બાદ હવે તે ધાતકીખંડની આજુબાજુ વલયાકારે વીંટાયેલા कालोदसमुद्र નામના બીજા સમુદ્રનું સ્વરૂપ અહિં ચોથા અધિકારમાં કહેવાય છે—

कालोओ सव्वत्थवि, सहसुंडो वेलविरहिओ तत्थ ।
सुत्थिअसमकालमहाकालसुरा पुव्वपच्छिमओ ॥१॥२४०॥

શબ્દાર્થઃ—

कालोओ-કાલોદ સમુદ્ર
सव्वत्थ वि-સર્વસ્થાને પણ
सहस ऊंडो-હજારયોજન ઊંડો
वेलविरहिओ-વેલ રહિત
तत्थ-તે સમુદ્રમાં (ના)
सुत्थिअ सम-સુસ્થિત દેવ સરખા
काल महाकाल-કાલ અને મહાકાલ નામના
सुरा-બે દેવ
पुव्व पच्छिमओ-પૂર્વ પશ્ચિમમાં છે.

गाथार्थः—કાલોદધિસમુદ્ર સર્વસ્થાને ૧૦૦૦ યોજન ઊંડો છે, વેલ (શિખાદિ) રહિત છે, તથા પૂર્વદિશામાં સુસ્થિતદેવ સરખો કાલ નામનો દેવ રહે છે, અને પશ્ચિમ દિશામાં મહાકાલ નામનો દેવ રહે છે. ॥ ૧ ॥ ૨૪૦ ॥

विस्तरार्थः—આ સમુદ્રનું પાણી કાળા વર્ણનું હોવાથી અથવા કાલ અને મહાકાલ નામના બે દેવ અધિપતિ હોવાથી અથવા ત્રણે કાળમાં શાશ્વત નામ હોવાથી આ સમુદ્રનું कालोदधि અથવા કાલસમુદ્ર એવું નામ છે. વળી ધાતકીખંડના છેલ્લા કિનારાથી પ્રારંભીને સ્હામે પુષ્કરદ્વીપના કિનારા સુધી સર્વસ્થાને ૧૦૦૦ (હજાર) યોજન ઊંડો છે, જેથી કહેવાનું તાત્પર્ય એ છે કે લવણસમુદ્રવત્ આ સમુદ્રમાં ગોતીર્થ નથી (સમુદ્રની ભૂમિ અનુક્રમે નીચી થઈને અમુકસ્થાને ૧૦૦૦ યોજન ઊંડાઈ છે તેમ નથી.) વળી वेलविरहिओ-વેલ રહિત છે એમ કહેવાથી આ સમુદ્ર શિખા રહિત છે, જળવૃદ્ધિ જે ૭૦૦ યોજન લવણસમુદ્રમાં કહી હતી તેવી જળવૃદ્ધિ રહિત છે. તેમજ પાતાલ-કળશો પણ નથી, અને તેના અભાવે સમુદ્રની ભરતી ઓટ પણ નથી, તથા લવણ-સમુદ્રની શિખા અને વેલના અભાવે વેલંધર અનુવેલંધર દેવો પણ નથી તેમજ તેના

॥ कालोदधि समुद्रमां ५४ चंद्रद्वीप ५४ सूर्यद्वीप २ अधिपतिद्वीप ॥

[गा० २४१, पृ० ३६५]

ચિત્રમાં કાલોદધિસમુદ્રનું જળ શ્યામ હોવાથી શ્યામ વર્ણનું દર્શાવ્યું છે. સર્વે દ્વીપો જગતીથી ૧૨૦૦૦ યોજન દૂર અને ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળા છે.



નિવાસપર્વતો પણ નથી તથા લવણસમુદ્રમાં જેમ સમુદ્રના વાયરાઓથી મોટાં મોટાં મોજાં ઉછળે છે તેવાં ઉછળતાં પાણી નથી, પરન્તુ સ્થિર પાણી છે તથા ઉત્તમ મેઘથી વર્ષેલા વર્ષાદ જેવું સામાન્ય જળ સરખું અતિ સ્વાદિષ્ટ પાણી છે.

તથા સુસ્થિત લવણસમુદ્રના અધિપતિ સુસ્થિતદેવ સમ-સરખા બે દેવો કાલ અને મહાકાલ નામના આ સમુદ્રના અધિપતિ છે. ત્યાં પૂર્વતરફના અર્ધા કાલોદસમુદ્રનો અધિપતિ કાલદેવ નામનો દેવ છે. અને પશ્ચિમદિશાતરફના અર્ધા કાલોદસમુદ્રનો અધિપતિ મહાકાલ નામનો દેવ છે, એ પ્રમાણે કાલોદ સમુદ્રમાં પણ પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એ બે વિભાગ છે.

प्रश्नः—અહિં સમુદ્રમાં બે વિભાગ શાથી ? જેમ લવણુસમુદ્રમાં બે વિભાગ અધિપતિદેવને અંગે છે નહિં, અને એકજ દેવ આખા સમુદ્રનો અધિપતિ છે તેમ આ સમુદ્રનો અધિપતિ પણ એકજ દેવ હોય તો શું હરકત ?

उत्तरः—કાલોદસમુદ્રમાં બે વિભાગ હોવા જેવું કંઈ અવશ્ય કારણ દેખાતું નથી, અને ધાતકીખંડથી પ્રારંભીને સ્વયંભૂરમણુસમુદ્રસુધીના સર્વે દ્વીપો અને સમુદ્રોમાં બે બે અધિપતિ દેવો છે, તથા પુષ્કરદ્વીપ પછીના દ્વીપોમાં વર્ષધરો તથા ક્ષેત્રો ન હોવા છતાં પણ બે બે દેવ અધિપતિ છે, તેથી ક્ષેત્રાદિ વિશિષ્ટભેદને લીધેજ બે દેવ હોય એવો હેતુ નથી, પરન્તુ ક્ષેત્રાદિ વિભાગો હોય કે ન હોય તો પણ ધાતકીખંડથી પ્રારંભીને સર્વદ્વીપ સમુદ્રોના જગત્સ્વભાવેજ બે બે અધિપતિદેવ છે એમ માનવામાં વિરોધ નથી.

તથા કાલોદસમુદ્રના એ બે અધિપતિ દેવો એક પલ્યોપમના આયુષ્યવાળા વિજય-દેવ સરખા મહર્દ્ધિક છે, તેઓની રાજધાની અસંખ્યદ્વીપસમુદ્ર વીત્યાબાદ બીજા કાલોદસમુદ્રમાં વિજયરાજધાની સરખી પોતપોતાની દિશામાં છે. વળી એ બે દેવોના બે દ્વીપ સુસ્થિતના ગૌતમદ્વીપ સરખા ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળા અને ધાતકીખંડની જગતીથી ૧૨૦૦૦ યોજન દૂર છે, તે ઉપર એ દેવોનાં ભવન છે. વળી આ બે દ્વીપો સમુદ્રભૂમિથી ૧૦૦૦ યોજન ઉંચા જળમાં ડૂબેલા છે અને સર્વદિશાએ જળથી બે ગાઉ ઉંચા દેખાય છે, કારણ કે અહિં જળ સર્વત્ર સપાટ પ્રદેશવાળુ હોવાથી વૃદ્ધિના અભાવે અમુક દિશાએ જળથી અધિક ઉંચાઈ તથા બીજી દિશાએ ન્યૂન ઉંચાઈ એમ છે જ નહિં, એવા આ બે દ્વીપોના નામ તથા સ્વરૂપ દેખાતું નથી પરન્તુ સંભવિત રીતે ક્ષેત્રસમાસ લઘુવૃત્તિના આધારે લખ્યું છે તેનો પાઠ આ પ્રમાણે—

तत्र कालोदे सुस्थितलवणाधिपतिसमौ कालमहाकालाख्यौ सुरौ पूर्वापरदिशौ गौतमद्वीपसदृक्षद्वीपयोरधिवसतः

[=ત્યાં કાલોદસમુદ્રમાં અધિપતિ સુસ્થિતદેવ સરખા કાલ અને મહાકાલ નામના બે દેવ પૂર્વ દિશામાં અને પશ્ચિમ દિશામાં ગૌતમદ્વીપ સરખા બે *દ્વીપ ઉપર વસે છે.] ॥ ૧ ॥ ૨૪૦ ॥

अवतरण :—લવણુ સમુદ્રમાં જેમ ચંદ્ર સૂર્યના દ્વીપ કહ્યા છે, તેમ આ કાલોદ સમુદ્રમાં પણ ચંદ્ર સૂર્યના દ્વીપ છે તે આ ગાથામાં દર્શાવાય છે, અને તે સાથે કાલોદસમુદ્રનો આ ચોથો અધિકાર પણ સમાપ્ત થશે.

---

* શ્રી જીવાભિગમજીમાં તથા ક્ષેત્રલોકપ્રકાશ અને બૃહત્ક્ષેત્રસમાસમાં પણ એ બે અધિપતિદેવના દ્વીપની વાત જ કરી નથી, માટે સુસ્થિતની સમાનતા કહેવા માત્રથી જ એ દ્વીપ ઉપલક્ષણથી જાણુવા યોગ્ય ગણી વિવક્ષા કરી નથી અથવા તો બીજું કંઈ કારણુ હશે ? તે શ્રી બહુશ્રુતગમ્ય. એમ છતાં પણ ઉપરના વિસ્તરાર્થમાં બે દ્વીપ સ્પષ્ટ કહ્યા તે કેવળ લઘુક્ષેત્રસમાસની વૃત્તિના એ દર્શાવેલા પાઠ ઉપરથી જ તથા આ ક્ષેત્રસમાસનો બાળાવબોધ શ્રીઉદયસાગરજી વિરચિત છે અને હાલ એજ ભણુવા ભણાવવાના ઉપયોગ આવે છે તે બાલાવબોધમાં પણ " તેને રહેવા યોગ્ય પૂર્વ અને પશ્ચિમદિશાને વિષે ગૌતમદ્વીપ સરખા બે દ્વીપ છે." એમ લખેલું તથા જે " અઢીદ્વીપના નકશાનું વર્ણન " એ નામનો બાળાવબોધ ગ્રંથ પૂર્વાચાર્યરચિત છે તેમાં પણ બે દ્વીપ કહ્યા છે.

लवणम्मिव जहसंभव ससिरविदीवा इहंपि नायव्वा ।
णवरं समंतओ ते, कोसदुगुच्चा जलस्सुवरिं ॥१॥२४१॥

શબ્દાર્થઃ—

लवणंमिव-લવણુ સમુદ્રમાં છે તેમ	णवरं- પરન્તુ વિશેષ એ કે
जहसंभव-યથા સંભવ	समंतओ-સર્વ બાજુથી
ससिरविदीवा-ચન્દ્ર સૂર્યના દ્વીપ	ते-તે દ્વીપો
इहंपि-અહિં (કાલોદ સમુદ્રમાં) પણ	कोसदुगउच्च-બે ગાઉ ઉંચા
नायव्वा-જાણુવા	जलस्सउवरिं-જળની ઉપર

ગાથાર્થ :—જેમ લવણુ સમુદ્રમાં છે તેમ યથાસંભવ આ સમુદ્રમાં પણ ચંદ્ર સૂર્યના દ્વીપ જાણુવા, પરન્તુ તે સર્વે દ્વીપો જળથી ઉપર સર્વબાજુએ બે ગાઉ ઉંચા દેખાતા જાણુવા. ॥ ૨ ॥ ૨૪૧ ॥

વિસ્તરાર્થ :—લવણુસમુદ્રમાં જે રીતે દ્વીપથી ૧૨૦૦૦ યોજન દૂર ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળા પૂર્વપશ્ચિમમાં ચંદ્રસૂર્યના દ્વીપ કહ્યા છે તે રીતે અહિં કાલોદ સમુદ્રમાં પણ ચંદ્રસૂર્યના દ્વીપ છે તે આ પ્રમાણે—ધાતકીખંડની પૂર્વદિશામાં ધાતકીખંડની જગતીથી કાલોદસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન દૂર જઈએ ત્યાં ધાતકી ખંડના ૧૨ ચંદ્રના ૧૨ *દ્વીપ છે, તથા પશ્ચિમ દિશામાં ધાતકીખંડની જગતીથી સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન દૂર જઈએ ત્યાં ધાતકીખંડના ૧૨ સૂર્યના ૧૨ *સૂર્યદ્વીપ છે,

તથા કાલોદસમુદ્રની જગતીથી એટલે પૂર્વદિશામાં પુષ્કરદ્વીપના અભ્યન્તર કિનારાથી ૧૨૦૦૦ યોજન દૂર કાલોદસમુદ્રમાં આવીએ ત્યાં (પૂર્વદિશામાં) કાલોદ સમુદ્રના ૪૨ ચંદ્રના ૪૨ ચંદ્રદ્વીપ છે. અને કાલોદની પશ્ચિમ દિશાએ પુષ્કરદ્વીપના અભ્યન્તર કિનારાથી કાલોદસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન દૂર (પૂર્વતરફ) ખસતા આવીએ ત્યાં કાલોદ સમુદ્રના ૪૨ સૂર્યના ૪૨ સૂર્યદ્વીપ છે.

---

* અહિં શંકા થાય કે-ધાતકીખંડના ૧૨ ચંદ્ર ૧૨ સૂર્ય સર્વમળીને છે, તેમાં ૬ ચંદ્રના અને ૬ સૂર્યના ૬-૬ દ્વીપ તો લવણુસમુદ્રમાં કહ્યા છે તો આ કાલોદસમુદ્રમાં ધાતકીના શેષ ૬ ચંદ્ર ૬ સૂર્યના ૬-૬દ્વીપ હોવા જોઈએ તેને બદલે ૧૨ ચંદ્રદ્વીપ ૧૨ સૂર્યદ્વીપ કેવી રીતે ? **ઉત્તર** :-શ્રી જીવાભિગમજીમાં લવણુસમુદ્રના અધિકારમાં ધાતકીખંડના ચંદ્રસૂર્યનાદ્વીપ લવણુસમુદ્રમાં કહ્યા નથી, પરન્તુ કાલોદસમુદ્રમાં કહ્યા છે, પરન્તુ પ્રકરણોમાં લવણુસમુદ્રને વિષે ધાતકીના ૬-૬ ચંદ્રસૂર્યદ્વીપ લવણુસમુદ્રમાં કહ્યા છે, અને કાલોદસમુદ્રમાં ૧૨-૧૨ ચંદ્રસૂર્યના દ્વીપ કહ્યા છે, માટે શ્રી જીવાભિગમજી આદિમાં કહ્યા નથી અને ક્ષેત્રસમાસ પ્રકરણોમાં કહ્યા છે તેનું કારણ શ્રી બહુશ્રુત જાણે. વળી આગળ આગળના સર્વ દ્વીપોના ચંદ્રસૂર્યના દ્વીપ પોતપોતાના નામવાળા અગ્રસમુદ્રમાંજ કહ્યા છે. તે રીતે વિચારતાં ધાતકીખંડના અર્ધા ચંદ્રસૂર્યદ્વીપો પશ્ચાત્સમુદ્રમાં હોવા એ વિલક્ષણ છે, પરન્તુ પ્રકરણોમાં તેમજ કહેલું હોવાથી તે પણ માનવા યોગ્ય જ ગણાય. આવી બાબતમાં આપણે કંઈ પણ વિસંવાદિવિચાર ન કરી શકીએ.

એ પ્રમાણે કાલોદધિસમુદ્રમાં (૧૨+૧૨+૪૨+૪૨+૨=) ૧૧૦ દ્વીપ છે. તેમાં અધિપતિદેવોના બે દ્વીપ ઉપર બે ભવન છે, અને શેષ ૧૦૮ દ્વીપ ઉપર ૧૦૮ પ્રાસાદ છે, ઇત્યાદિ સ્વરૂપ લવણસમુદ્રવત્ જાણવું. તથા આ ૧૧૦ દ્વીપના અધિપતિ દેવોમાં ધાતકીખંડના ૨૪ ચંદ્રસૂર્યની ૨૪ રાજધાનીઓ અસંખ્યદ્વીપસમુદ્ર વ્યતીત થયા બાદ બીજા ધાતકીખંડમાં છે, અને કાળોદધિના ૮૪ ચંદ્રસૂર્યની ૮૪ રાજધાનીઓ તથા કાલ–મહાકાલની રાજધાની પણ એટલે જ દૂર બીજા કાલોદધિસમુદ્રમાં છે અને તે સર્વ રાજધાનીઓ પોતપોતાની અહિંની દિશિને અનુસારે તે તે દિશામાં વિજયરાજધાની સરખી છે.

એ પ્રમાણે હવેથી આવતા દરેક દ્વીપસમુદ્રના ચંદ્રસૂર્યના દ્વીપોમાં એ જ વ્યવસ્થા છે કે સમુદ્રના ચંદ્રસૂર્યદ્વીપો તેજ સમુદ્રમાં પર્યન્તે અને દ્વીપના (પશ્ચાત્દ્વીપના) ચંદ્રસૂર્યદ્વીપો અગ્રવર્તી સમુદ્રમાં પ્રારંભે–પહેલા હોય.

તથા ૧૧૦ દ્વીપો જળથી બે ગાઉ ઉંચા દૃષ્ટિગોચર થાય છે અને ૧૦૦૦ યોજન ઉંડા છે, જેથી ૧૦૦૦।। યોજન ઉંચા છે તથા કાલોદધિસમુદ્રનું જળ લવણસમુદ્રનું જળ લવણસમુદ્રવત્ ભૂમિના ઉતારવાળું તથા જળના ચઢાવવાળું નથી તેથી દરેક દ્વીપ સર્વ બાજુથી બે બે ગાઉ ઉંચા દેખાય છે. ॥ ૨ ॥ ૨૪૧ ॥

卐 इति चतुर्थः कालोदधिसमुद्राधिकारः 卐

५ अभ्यन्तरपुष्करार्धद्वीपाधिकार

अवतरणः—પૂર્વે કાલોદસમુદ્રનો ચોથો અધિકાર સમાપ્ત થયો, અને હવે અર્ધ-પુષ્કરદ્વીપ નામનો પાંચમો અધિકાર કહેવાય છે, ત્યાં પુષ્કરદ્વીપના મધ્યભાગમાં વલયાકારે માનુષોત્તરપર્વત આવેલો છે કે જેનાથી પુષ્કરદ્વીપના અભ્યન્તરપુષ્કરાર્ધ અને બાહ્યપુષ્કરાર્ધ એવા બે વિભાગ થયા છે, તે અભ્યન્તર પુષ્કરાર્ધને પર્યન્તે આવેલા માનુષોત્તરપર્વતનું સ્વરૂપ આ ગાથામાં કહેવાય છે–

पुक्खरदलबहिजगइव्व, संठिओ माणुसुत्तरो सेलो ।
वेलंधरगिरिमाणो, सीहणिसाई णिसढवन्नो ॥१॥२४२॥

શબ્દાર્થઃ—

पुक्खरदल-પુષ્કરદ્વીપના અર્ધભાગની	वेलंधरगिरि-વેલંધર પર્વતો સરખા
बहि-બહાર (બીજાઅર્ધમાં)	माणो-પ્રમાણવાળો
जगइव्व-જગતી સરખો	सीहणिसाई-સિંહનિષાદી આકાર
संठिओ-રહેલો છે	णिसढवण्णो-નિષધપર્વતના વર્ણવાળો
माणुसुत्तरोसेलो-માનુષોત્તર પર્વત	

ગાથાર્થ :—અર્ધપુષ્કરની બહાર જગતી સરખો માનુષોત્તરપર્વત રહેલો-આવેલો છે, તે વેલંધરપર્વત સરખા પ્રમાણવાળો સિંહનિષાદી આકારવાળો અને નિષધપર્વત સરખા વર્ણવાળો છે ॥ ૧ ॥ ૨૪૨ ॥

વિસ્તરાર્થ:—કાલોદસમુદ્રની સર્વબાજુએ વીંટાયલો વલયાકાર સરખો પુષ્કરદ્વીપ નામનો દ્વીપ છે, તે કાલોદસમુદ્રથી બમણો હોવાથી ૧૬૦૦૦૦૦ (સોલ લાખ) યોજન વિસ્તારવાળો છે, એ દ્વીપના વલયાકારમધ્યભાગમાં એટલે એ દ્વીપના આઠલાખ યોજનના બે વિભાગ થાય તેવા પહેલા વિભાગને પર્યન્તે અને બીજા વિભાગના પ્રારંભમાં માનુષોત્તરપર્વત નામનો પર્વત આવેલો છે. તે પણ દ્વીપવત્ વલયાકાર છે, જેથી એ પર્વત પુષ્કરદ્વીપના પહેલા અર્ધભાગથી બહાર ગણાય છે, કારણકે એનો વિસ્તાર બીજા અર્ધભાગમાં આવેલો છે, જેથી જંબૂદ્વીપતરફનો અથવા કાલોદસમુદ્રને સ્પર્શેલો પહેલો

પુષ્કરદ્વીપમધ્યવર્તિમાનુષોત્તરપર્વત.

અભ્યન્તર પુષ્કરાર્ધ સંપૂર્ણ ૮ લાખ યોજનનો છે, અને બીજો બાહ્યપુષ્કરાર્ધ દેશોન [માનુષોત્તરવિસ્તારના ૧૦૨૨ યોજન રહિત] આઠલાખ યોજનનો છે. એ પ્રમાણે અભ્યન્તરપુષ્કરાર્ધને વીંટાયલો એ પર્વત જાણે અભ્યન્તરપુષ્કરાર્ધદ્વીપની અથવા મનુષ્ય-ક્ષેત્રની [1]જગતી સરખો [કોટ સરખો] ન હોય! તેવો ભાસે છે, માટે ગાથામાં " जगइव्व=જગતી સરખો " કહ્યો છે.

માનુષોત્તર પર્વતનું પ્રમાણ અને સિંહનિષાદી આકાર. એ પર્વતનું પ્રમાણ લવણસમુદ્રમાં કહેલા આઠ વેલંધરપર્વત સરખું છે, એટલે મૂળમાં ૧૦૨૨ યોજન પહોળો ત્યારબાદ એક બાજુએજ ઘટતો ઘટતો શિખરતલે ૪૨૪ યોજન પહોળો છે. અને ૧૭૨૧ યોજન ઉંચો છે. અહિં પ્રમાણની સરખામણીમાં વેલંધરપર્વત સરખો કહ્યો, પરન્તુ આકારમાંતો सीहणिसाई=સિંહનિષાદી આકારવાળો છે, એટલે સિંહ જેમ આગળના બે પગ ઊભા રાખીને અને પાછલા બે પગ વાળી કુલા તળે દાબીને સંકોચીને બેસે તે વખતે પશ્ચાત્ભાગે નીચો અને અનુક્રમે આગળ મુખસ્થાને અતિ ઉંચો દેખાય તેવા આકારનો છે, જેથી આ પર્વત બહારની બાજુમાં મૂળથીજ ઘટતા ઘટતા વિસ્તારવાળો થઈ અભ્યન્તરભાગે ઉભી ભિત્તિસરખો જ ઉંચો રહી શિખરતલે ૪૨૪ યોજન માત્ર રહ્યો. જેથી ૧૦૨૨માંથી ૪૨૪ બાદ કરતાં ૫૯૮ યોજનનો ઘટાડો તે કેવળ બહારની બાજુમાંજ થયો, અને અભ્યન્તરબાજુમાં કંઈપણ વિસ્તાર ન ઘટવાથી ઉભી ભિંત સરખો ઉંચોજ રહ્યો.

અથવા આ પર્વતના આકારમાટે શાસ્ત્રમાં બીજું દ્રષ્ટાંત કહ્યું છે તે આ પ્રમાણે–પુષ્કરદ્વીપના અત્યંત મધ્યભાગે વલયાકારે સર્વબાજુ ફરતો એક પર્વત એવો કલ્પીએ કે જે મૂળમાં ૨૦૪૪ યોજન વિસ્તારવાળો હોય, અને શિખરતલે ૮૪૮ યોજન વિસ્તારવાળો હોય. એવો પર્વતકલ્પીને તેના અતિમધ્યભાગથી બે વિભાગ કરી અંદરના વિભાગને ઉઠાવી લઈ ગમે તે સ્થાને રદ કરી દઈએ તેથી જે બાહ્યઅર્ધ વિભાગ જેવા આકારનો બાકી રહ્યો છે તેવાજ આકારનો[2] એ માનુષોત્તર પર્વત છે.

તથા એ પર્વત નિષધપર્વત સરખો કહ્યો, તો પણ તપનીય સુવર્ણ સરખા રક્તવર્ણનો નહિ, પરન્તુ [3]જાબૂનંદ સુવર્ણમય એટલે કંઈક ઓછા રક્તવર્ણનો તથા मानुष એટલે મનુષ્યક્ષેત્રની उत्तर –ઉત્તરે એટલે પર્યન્તે આવેલો હોવાથી આનું मानुषोत्तरपर्वत એવું નામ છે.

---

૧. અથવા જંબૂદ્વીપને જેમ જગતી વીંટાયલી છે, તેમ મનુષ્યક્ષેત્રને આ પર્વત વીંટાયલો છે.

૨. બીજી રીતે અર્ધ યવના આકાર સરખો પણ માનુષોત્તરપર્વત કહ્યો છે.

૩. નિષધપર્વતને સર્વત્ર निसढो तवणिज्जमओ તથા सव्वतवणिज्जमए ઈત્યાદિ પાઠોથી તપનીય-સુવર્ણમય કહ્યો છે, છતાં આ સ્થાને નિષધતુલ્યવર્ણ કહેવા છતાં પણ જંબૂનદસુવર્ણ તુલ્યવર્ણ સરખો કહ્યો તે વિવક્ષા ભેદ છે, કારણ કે બન્ને વિવક્ષામાં રક્તવર્ણની તુલ્યતા છે, કેવળ અધિક અલ્પતાનો જ ભેદ અવિવક્ષિત છે.

તથા એ માનુષોત્તર પર્વતની ઉપર ચાર દિશામાં એકેક સિદ્ધાયતનકૂટ છે અને દરેક દિશામાં ત્રણ ત્રણ તે તે દેવનામવાળા દેવકૂટ છે, જેથી દરેક દિશામાં ૩ દેવકૂટ અને ૧ સિદ્ધકૂટ મળી ૪-૪ કૂટ છે, તથા વિદિશામાં પણ એકેક કૂટ છે. જેથી ૧૬ દેવકૂટ અને ૪ સિદ્ધકૂટ મળી ૨૦ કૂટ છે. તથા ૪ સિદ્ધકૂટ જો કે સિદ્ધાન્તોમાં સાક્ષાત્ કહ્યાં નથી તો પણ ચારણમુનિઓના ગતિવિષયના પ્રસંગે મુનિઓને માનુષોત્તરગિરિ ઉપર ચૈત્યવંદન કરતા કહ્યા છે માટે તે અનુમાનથી તેમ જ આ પ્રકરણમાં પણ આગળ કહેવાતી चउसुवि उसु आरेसु इक्किक नरनगम्मि चत्तारि એ ગાથાને અનુસારે ચાર દિશામાં ચાર જિનભવન હોવાનું સમજાય છે. વળી દિશામાં ત્રણ ત્રણ દેવકૂટ પણ કહ્યાં અને દિશામાં એકેક જિનભવનકૂટ પણ કહ્યું છે તો એ ચાર કેવી વ્યવસ્થાએ રહ્યાં છે તે સ્પષ્ટ કહેલું નથી, માટે [૧]યથાસંભવ વિચારવું તથા એ પર્વત ઉપર સુવર્ણ કુમાર દેવો, અંદરના ભાગમાં નીચે મનુષ્યો, અને બહારના ભાગમાં (સામાન્યથી) દેવો રહે છે.

॥ બે ઇષુકારથી પૂર્વપુષ્કરાર્ધ અને પશ્ચિમપુષ્કરાર્ધ ॥

તથા ધાતકીખંડના બે ઇષુકારની જ સમશ્રેણિમાં સીધી લીટીએ અહિં અભ્યન્તર પુષ્કરાર્ધમાં પણ બે ઇષુકારગિરિ રહ્યા છે, તે પણ સર્વાંશે ધાતકીખંડના ઇષુકાર સરખા જ છે. ત્યાં એ બે ઇષુકારનો દરેકનો એક છેડો કાલોદ સમુદ્રને સ્પર્શેલો છે, અને બીજો છેડો માનુષોત્તર પર્વતને સ્પર્શેલો છે જેથી કાલોદથી માનુષોત્તર સુધી ૮૦૦૦૦૦ આઠ લાખ યોજન લાંબા અને પૂર્વપશ્ચિમ ૨૦૦૦ યોજન પહોળા એ ઇષુકાર પર્વતો છે, અને તેથી પૂર્વતરફનો ભાગ તે पूर्वपुष्करार्ध અને પશ્ચિમ તરફનો ભાગ તે पश्चिम पुष्करार्ध કહેવાય છે. તથા એ દરેક ઇષુકાર ઉપર ચાર ચાર કૂટ છે, અને માનુષોત્તર તરફના છેલ્લા એકેક કૂટ ઉપર સિદ્ધાયતન (શાશ્વતચૈત્ય) છે, તથા શેષ કૂટો ઉપર દેવ પ્રાસાદો છે, અને એ બન્ને પર્વતો ૫૦૦-૫૦૦ યોજન ઉંચા છે.

એ ઇષુકાર પછી અનુક્રમે જે ભરતક્ષેત્રાદિ ક્ષેત્રો છે તેનો અનુક્રમ પણ લેશમાત્ર કહેવાય છે આ પ્રમાણે—

ચક્રના આરા સરખા ૧૨ વર્ષધરપર્વતો અને આંતરા સરખાં ૧૪ મહાક્ષેત્ર

ધાતકીખંડવત્ અહિં પણ ૧૨ વર્ષધરપર્વતો પુષ્કરાર્ધરૂપી ચક્રના (પૈડાના) આરા સરખા છે, જેથી ધાતકીખંડના વર્ષધરોથી બમણા વિસ્તારવાળા છે અને બમણી લંબાઈવાળા એટલે કાલોદથી માનુષોત્તર સુધી ૮૦૦૦૦૦ યોજન દીર્ઘ-લાંબા છે, તથા ૧૪ મહાક્ષેત્રોનો વિસ્તાર આગળ ૮ મી ગાથાના પર્યન્તે ક્ષેત્રાંક અને ધ્રુવાંકની

૧. ૪૨૪ યોજનમાંના મધ્યભાગે ૧૬ દેવકૂટ હોય અને બાહ્ય ભાગે ૪ સિદ્ધકૂટ હોય તો વીસે કૂટ ચાર મધ્યરૂચકકૂટના મતાન્તરીય સ્થાનવત્ વ્યવસ્થિત થઈ શકે છે.

ગણિત રીતિ પ્રમાણે વિસ્તરાર્થમાં કહેવાશે, અને લંબાઈ તો વર્ષધરવત્ કાલોદથી માનુષોત્તર સુધી ૮૦૦૦૦૦ યોજન છે, તથા આદિ મધ્ય અને અન્ત્ય સુધીમાં સર્વત્ર અધિક અધિક વિસ્તારવાળા છે.

તથા પૂર્વ પુષ્કરાર્ધમાં દક્ષિણ ઇષુકારથી પૂર્વદિશામાં પહેલું भरत क्षेत्र ત્યારબાદ ઉત્તર દિશામાં लघुहिमवंत पर्वत ત્યારબાદ हिमवंतक्षेत्र, ત્યારબાદ महाहिमवंत पर्वत, ત્યારબાદ हरिवर्षक्षेत्र ત્યારબાદ निषध पर्वत ત્યારબાદ महाविदेहक्षेत्र, ત્યારબાદ नीलवंत पर्वत, ત્યારબાદ रम्यकक्षेत्र ત્યારબાદ रुक्मिपर्वत ત્યારબાદ हिरण्यवंतक्षेत्र, ત્યારબાદ शिखरीपर्वत અને ત્યારબાદ ઉત્તરમા ऐरवतक्षेत्र, અને ત્યારબાદ ઉત્તરનો ઇષુકાર પર્વત એ પ્રમાણે પૂર્વપુષ્કરાર્ધમાં ક્ષેત્રપર્વતોનો અનુક્રમ છે. તથા પશ્ચિમપુષ્કરાર્ધમાં પણ દક્ષિણઇષુકારની પશ્ચિમે પહેલું ભરતક્ષેત્ર ત્યારબાદ પૂર્વાર્ધવત્ છેલ્લું ઐરવતક્ષેત્ર અને તેને અન્તે ઉત્તરનો ઇષુકારપર્વત છે. ॥ ૧ ॥ ૨૪૨ ॥

*अवतरण :—આ ગાથામાં પુષ્કરાર્ધદ્વીપના ક્ષેત્ર તથા પર્વતોનું સ્વરૂપ કહે છે.

जह खित्तनगाईणं संठाणो धाइए तहेव इहं ।
दुगुणो य भद्दसालो, मेरु सुयारा तहा चेव ॥२॥२४३॥

શબ્દાર્થ :—

जह—જે પ્રમાણે	दुगुणो य—વલી દ્વિગુણ (બમણું)
खित्तनगाईणं—ક્ષેત્ર તથા પર્વતોનો	भद्दसालो—ભદ્રશાલ વન
संठाणो—આકાર	मेरू—મેરૂપર્વત
धाइए—ધાતકી ખંડને વિષે	सुयारा—ઇષુકાર પર્વતો
तहेव —તે પ્રમાણે	तहा—તે પ્રમાણે
इहं—અહિં (પુષ્કરાર્ધક્ષેત્રમાં)	चेव—નિશ્ચયથી

ગાથાર્થ :—ધાતકી ખંડમાં જે પ્રમાણે ક્ષેત્રો તથા પર્વતોનો આકાર છે તે પ્રમાણે અહિં પુષ્કરાર્ધમાં જાણવો, પરંતુ ભદ્રશાલ વન બમણું જાણવું. તેમજ મેરૂ તથા ઇષુકાર પર્વતોનું પ્રમાણ ધાતકીખંડ માફક સમજવું ॥ ૨ ॥ ૨૪૩ ॥

विस्तरार्थ :—ધાતકીખંડના ૧૨ વર્ષધરપર્વતોનો આકાર ચક્રના આરા સરખો અને ૧૪ મહાક્ષેત્રોનો આકાર આંતરા સરખો જે પ્રમાણે પ્રથમ કહેવાયો છે તે પ્રમાણે આ પુષ્કરાર્ધક્ષેત્રમાં પણ ૧૨ વર્ષધરપર્વતોનો આકાર ચક્રના આરા સરખો અને ૧૪ મહાક્ષેત્રોનો આકાર આંતરા સરખો જાણવો. પરંતુ ધાતકી ખંડમાં જે વર્ષધર પર્વતોની તેમ જ મહાક્ષેત્રોની લંબાઈ ૪૦૦૦૦૦ (ચાર લાખ) યોજન પ્રમાણ છે તેના કરતાં અહિં દ્વિગુણ એટલે ૮૦૦૦૦૦ (આઠ લાખ) યોજન પ્રમાણ જાણવી. કારણ કે પુષ્કરાર્ધ તરફના કાલોદધિ સમુદ્રના કિનારાથી માનુષોત્તર પર્વત સુધીનો વિસ્તાર ૮૦૦૦૦૦ (આઠ

* ૩૬૬ મા પૃષ્ઠમાં નીચે અપાયેલ ૨૪૪ મી ગાથાનો સંબંધ ૩૯૭ માં પૃષ્ઠ સાથે જાણવો.

લાખ) યોજન પ્રમાણ છે માટે. એટલે કે ક્ષેત્રો તથા વર્ષધર પર્વતોનો આકાર ધાતકી-ખંડના વર્ષધરો તેમ જ ક્ષેત્રો સરખો સમજવો પરંતુ લંબાઈ દ્વિગુણ સમજવી. અને પહોળાઈ ગ્રંથકાર પોતે જ આગળ આઠમી ગાથામાં કહેશે.

વલી ધાતકીખંડના ભદ્રશાલ વનની અપેક્ષાએ પુષ્કરાર્ધનું ભદ્રશાલ વન લંબાઈમાં તેમ જ પહોળાઈમાં દ્વિગુણ સમજવું એટલે કે ધાતકીખંડના ભદ્રશાલ વનનો મેરૂની પૂર્વપશ્ચિમ દિશામાં ૧૦૭૮૭૯ (એક લાખ સાત હજાર આઠસેંને ઓગણ એંશી) યોજન વિસ્તાર છે. તેના કરતાં પુષ્કરાર્ધના ભદ્રશાલવનનો મેરૂની પૂર્વ–પશ્ચિમ દિશામાં વિસ્તાર તેનાથી બમણો એટલે ૨૧૫૭૫૮ (બે લાખ પનર હજાર સાતસે અઠાવન) યોજન પ્રમાણ થાય. અને ધાતકીખંડના ભદ્રશાલવન સંબંધી ઉત્તર–દક્ષિણ વિસ્તાર પ્રાપ્ત કરવા માટે પૂર્વ પશ્ચિમના વિસ્તારને જેમ અઠ્યાસીએ ભાગીએ છીએ તે પ્રમાણે પુષ્કરાર્ધના ભદ્રશાલ વન સંબંધી ઉત્તર દક્ષિણ વિસ્તાર પ્રાપ્ત કરવા માટે પૂર્વદિશાના વિસ્તારનો અઠ્યાસી વડે ભાગ કરતાં ૨૪૫૧$\frac{૭૦}{૮૮}$ જેટલો ઉત્તર દક્ષિણનો વિસ્તાર પ્રાપ્ત થાય.

તથા પુષ્કરાર્ધના બે મેરૂપર્વત તેમજ ઇષુકાર પર્વતોનો બિસ્તાર ધાતકીખંડના મેરૂ તથા ઇષુકાર પર્વતના વિસ્તાર તુલ્ય જાણવો ॥ ૨ ॥ ૨૪૩ ॥

अवतरण :—આ ગાથામા પુષ્કરાર્ધદ્વીપના ચાર બાહ્યગજંદતગિરિનું પ્રમાણ કહેવાય છે—

इह बाहिरगयदंता चउरो दीहत्ति वीससयसहसा
तेआलीससहस्सा, उणवीसहिआ सया दुण्णि ॥३॥२४४॥

શબ્દાર્થ:—

इह–અહિં અર્ધપુષ્કરદ્વીપમાં	वीससयसहसा–વીસલાખ
बाहिरगयदंता બાહ્યગજદંતગિરિ	तेआलीससहस्सा–તેંતાલીસહજાર
चउरो–ચાર	उणवीसअहिआ–ઓગણીસ અધિક
दीहत्ति–દીર્ઘપણે	सयादुन्नि–બસો

गाथार्थ:—અહિં અર્ધપુષ્કરદ્વીપમાં ચાર બાહ્યગજદન્તપર્વતો ૨૦૪૩૨૧૯ (વીસ-લાખ તેંતાલીસહજાર બસોઓગણીસ) યોજન દીર્ઘ છે. ॥ ૩ ॥ ૨૪૪ ॥

विस्तरार्थ:—ગાથાર્થવત્ સુગમ છે. વિશેષ એજ કે બાહ્ય એટલે માનુષોત્તરપર્વત તરફના બે ગજદંત પૂર્વાર્ધના અને ૨ ગજદંત પશ્ચિમાર્ધના એ ચાર બાહ્યગજદંત છે, તથા આ ચારે ગજદંતની પહોળાઈ ઉંચાઈ તો ચોથી ગાથાના વિસ્તરાર્થમાં કહેવાશે તે પ્રમાણે ચાર અભ્યન્તરગજદંત સરખી જ જાણવી ॥ ૩ ॥ ૨૪૪ ॥

अवतरण:—પૂર્વગાથામાં ચાર બાહ્ય ગજદંતોનું પ્રમાણ કહીને હવે આ ગાથામાં ચાર અભ્યન્તરગજદંતગિરિનું પ્રમાણ કહેવાય છે—

अब्भितरगयदंता, सोलसलक्खा य सहसछव्वीसा ।
सोलहिअं सयमेगं, दीहत्ते हुंति चउरोवि ॥४॥२४५

શબ્દાર્થ:—

अब्भितरगयदंता-અભ્યન્તર ગજદંતો	सयं एगं-એક સો
सोलसलक्खा-સોલ લાખ	दीहत्ते-દીર્ઘપણે
सहसछव्वीसा-છવીસ હજાર	हुंति-છે
सोल अहिअं-સોલ અધિક	चउरोवि-ચારે પણ

ગાથાર્થઃ—અર્ધપુષ્કરદ્વીપમાં ચારે અભ્યન્તરગજદન્તપર્વતો સોળલાખ છવીસહજાર એકસોસોલ યોજન દીર્ઘ છે. ॥ ૪ ॥ ૨૪૫ ॥

વિસ્તરાર્થ:—ગાથાર્થવત્ સુગમ છે. પરન્તુ વિશેષ એજ કે—અભ્યન્તર એટલે કાલોદધિસમુદ્રતરફના પૂર્વપુષ્કરાર્ધના બે અને પશ્ચિમપુષ્કરાર્ધના બે એ ચાર ગજદન્તગિરિ અભ્યન્તરગજદન્ત જાણવા, અને તે પૂર્વાર્ધમાં વિદ્યુત્પ્રભ તથા ગંધમાદન અને પશ્ચિમાર્ધમાં સોમનસ તથા માલ્યવંત એ ચાર અભ્યન્તરગજદન્તગિરિ છે, પૂર્વે કહેલા ચાર બાહ્યગજદંતથી આ ગજદંતો ન્યૂન પ્રમાણવાળા હોવાનું કારણ ધાતકીખંડના ગજદંતો પ્રસંગે દર્શાવ્યું છે તેજ કારણ અહિં જાણવું. અર્થાત્ આ ચાર ગજદંતોને સ્થાને મહાવિદેહનો વિસ્તાર ન્યૂન છે, અને પૂર્વે કહેલા બાહ્યગજદંતોને સ્થાને મહાવિદેહનો વિસ્તાર અધિક છે. વળી આ ચારે ગજદંતોની પહોળાઈ તો નિષધનીલવંતની પાસે ૨૦૦૦ (બેહજાર) યોજન છે, ઉંચાઈ ચારસો (૪૦૦) યોજન છે, અને ત્યારબાદ અનુક્રમે પહોળાઈમાં ઘટતા અને ઉંચાઈમાં વધતા વધતા મેરૂપર્વતની પાસે ૫૦૦ યોજન ઉંચા અને અંગુલના અસંખ્યાતમાભાગ જેટલા પાતળા છે ॥૪॥૨૪૫॥

અવતરણઃ—એ આઠ ગજદંતગિરિ સિવાયના શેષપર્વતો અને નદીઓ વિગેરેનું પ્રમાણ કેટલું? (લંબાઈ પહોળાઈ કેટલી?) તે આ ગાથામાં કહેવાય છે—

सेसा पमाणओ जह, जंबूदीवाउ धाइए भणिया ।
दुगुणा समा य ते तह धाइअसंडाउ इह णेया ॥५॥२४६॥

શબ્દાર્થ:—

सेसा-શેષ પદાર્થો	दुगुणा-બમણા
पमाणओ-પ્રમાણથી	समा य-અને સરખા
जंबूदीवाउ-જંબૂદ્વીપથી	ते तह-તે પદાર્થો તેવી રીતે
धाइए-ધાતકીખંડમાં	धाइअसंडाउ-ધાતકીખંડથી
भणिया-કહ્યા છે	इह णेया- અહિં પુષ્કરાર્ધમાંજાણવા

ગાથાર્થ :—શેષ પદાર્થોનું પ્રમાણ જંબૂદ્વીપથી જેમ ધાતકીખંડમાં બમણું અને સરખું કહ્યું હતું તેવી રીતે તે પદાર્થો અહિં પુષ્કરાર્ધમાં પણ ધાતકીખંડથી બમણા

અને સરખા જાણવા. [અર્થાત જંબૂદ્વીપથી ચાર ગુણા અને સરખા જાણવા.] ॥ ૫ ॥
॥ ૨૪૬ ॥

વિસ્તરાર્થ :—અહિં શેષપદાર્થો એટલે નદીઓ, નદીનોકુંડ નદીકુંડમાંનાદ્વીપો ઇત્યાદિ, તથા વર્ષધરપર્વતો, પર્વત ઉપરના દ્રહો, દ્રહમાંના કમળો, ઇત્યાદિ તથા વક્ષસ્કાર આદિ પર્વતો, ધાતકી ખંડથી બમણા પ્રમાણવાળા છે અને સરખા છે. એટલે પહોળાઈ લંબાઈ બમણી હોય તો તે પદાર્થોની ઉંચાઈ આદિ સમાન હોય ઇત્યાદિ વિશેષ ધાતકીખંડના પ્રકરણમાં છઠ્ઠી ગાથામાં કહેવાઈ ગયો છે તો પણ અહિં સ્થાન શૂન્ય ન રહેવા માટે અને અધિક સ્પષ્ટતા માટે સંક્ષેપમાં કહેવાય છે—

૧૮૦ નદી—અહિં અનુક્રમે ૧૩૬–૩૨–૮–૪ નદીઓના મૂળ વિસ્તાર ૨૫–૫૦–૧૦૦–૨૦૦ યોજન, પર્યન્ત વિસ્તાર ૨૫૦–૫૦૦–૧૦૦૦–૨૦૦૦ યોજન, કુંડવિસ્તાર ૨૪૦–૪૮૦–૯૬૦–૧૯૨૦ યોજન, દ્વીપવિસ્તાર ૩૨–૬૪–૧૨૮–૨૫૬ યોજન ઇત્યાદિ વિશેષ યંત્રને અનુસારે જાણવો તથા વર્ષધરપર્વતો દ્રહો અને કમળો આદિનું બમણું પ્રમાણ આ પ્રમાણે—

૪ કુલગિરિ (બે લઘુહિમવંત બે શિખરી) ૪૨૧૦$\frac{૧૦}{૧૯}$ યોજન વિસ્તારવાળા છે, એ ઉપરનાં પદ્મઆદિ ૪ દ્રહ ૨૦૦૦ યોજન વિસ્તારવાળા અને ૪૦૦૦ યોજન દીર્ઘ છે, એ દ્રહોમાં એકેક મુખ્ય કમળોનો વિસ્તાર ૪ યોજન અને ઉંચાઈ ૨ યોજન તથ. કર્ણિકાનો વિસ્તાર ૨ યોજન અને ઉંચી ૧ યોજન છે.

બીજા ૪ કુલગિરિ (બે મહાહિમ. બે રૂકિમ) ૧૬૮૪૨$\frac{૨}{૧૯}$ યોજન વિસ્તારવાળા છે, એ ઉપરનાં દ્રહો ૪૦૦૦ યોજન વિસ્તૃત અને ૮૦૦૦ યોજનદીર્ઘ છે, એમાં એકેક મુખ્ય કમળ ૮ યોજન વિસ્તારવાળું અને ૪ યોજન ઉંચું છે, અને કર્ણિકા ૪ યોજન વિસ્તૃત અને ૨ યોજન ઉંચી છે.

બીજા ૪ કુલગિરિ (બે નિષધ બે નીલવંત) ૬૭૩૬૮$\frac{૮}{૧૯}$ યોજન વિસ્તારવાળા છે, એ ઉપરના દ્રહો ૮૦૦૦ યોજન વિસ્તૃત અને ૧૬૦૦૦ યોજન દીર્ઘ છે, એમાંનું એકેક મુખ્ય કમળ ૧૬ યોજન વિસ્તૃત અને ૮ યોજન ઉંચું છે, અને કર્ણિકા ૮ યોજન વિસ્તૃત તથા ૪ યોજન ઉંચી છે. અહિં સર્વત્ર કમળની ઉંચાઈ કહી તે પુષ્પની જાડાઈ જાણવી. ॥ ૫ ॥ ૨૪૬ ॥

॥ पुष्करार्धना १२ वर्षधरपर्वतो अने २ इषुकारनो यन्त्र

૧૨ વર્ષધર ૨ ઈષુકાર	પહોળાઈ	લંબાઈ	ઊંચાઈ	ઊંડાઈ	દ્રહની		મુખ્ય કમળનો		કર્ણિકાનો	
					લંબાઈ	પહોળાઈ	વિસ્તાર	જાડાઈ	વિસ્તાર	જાડાઈ
૨ લઘુહિમ૦	૪૨૧૦ $\frac{૧}{૧૯}$	૮૦૦૦૦૦	૧૦૦	૨૫	૪૦૦૦	૨૦૦૦	૪	૨	૨	૧
૨ શિખરી	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
૨ મહાહિમ૦	૧૬૮૪૨ $\frac{૨}{૧૯}$	,,	૨૦૦	૫૦	૮૦૦૦	૪૦૦૦	૮	૪	૪	૨
૨ રૂકમી	,,	,,	,,	,,	,,	,,	,	,,	,,	,,
૨ નિષધ	૬૭૩૬૮ $\frac{૮}{૧૯}$	,,	૪૦૦	૧૦૦	૧૬૦૦૦	૮૦૦૦	૧૬	૮	૮	૪
૨ નીલવંત	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
૨ ઈષુકાર	૧૦૦૦	,,	૫૦૦	૧૨૫	...	...	...	...	...	...

॥ धातकीथी पुष्करार्धनी नदीआ संबंधी द्विगुणतानो यन्त्र ॥

૧૮૦ નદીઓ	જીહ્‌વિકા વિસ્તાર	જીહ્‌વિકા જાડાઈ	જીહ્‌વિકા લંબાઈ	નદીઓના મૂળ વિસ્તાર	મૂળ ઊંડાઈ	મધ્યગિરિ અન્તર	નદીઓના પર્યન્ત વિસ્તાર	૧૮૦ કુંડના વિસ્તાર	કુંડમાં દ્વીપના વિસ્તાર	કુંડના દ્વાર વિસ્તાર	નદીની પર્યન્ત ઊંડાઈ
૧૩૬	૨૫	૦॥	૨	૨૫	૦॥	૧	૨૫૦	૨૪૦	૩૨	૨૫	૫
૩૨	૫૦	૧	૪	૫૦	૧	૨	૫૦૦	૪૮૦	૬૪	૫૦	૧૦
૮	૧૦૦	૨	૮	૧૦૦	૨	૪	૧૦૦૦	૯૬૦	૧૨૮	૧૦૦	૨૦
૪	૨૦૦	૪	૧૬	૨૦૦	૪	૮	૨૦૦૦	૧૯૨૦	૨૫૬	૨૦૦	૪૦

अवतरण :—ધાતકીખંડવત્ અહિં પણ ૧૪ મહાક્ષેત્રોનો વિસ્તાર જાણવા માટે ધ્રુવાંક કહેવાય છે [કે જેને ક્ષેત્રાંક સાથે ગુણી ૨૧૨ વડે ભાગવા માત્રથી જ વિસ્તાર પ્રાપ્ત થાય છે]

अडसीलक्खा चउदस–सहसा तह णवसया य इगवीसा ।
अब्भिंतरधुवरासी, पुव्वुत्तविहीइ गणिअव्वो ॥६॥२४७॥
इगकोडितेरलक्खा, सहसा चउचत्त सगसय तियाला ।
पुक्खरवरदीवड्ढे, धुवरासी एस मज्झंमि ॥७॥२४८॥
एगा कोडि अडतीसलक्ख चउहत्तरी सहस्सा य ।
पंचसया पणसट्ठा, धुवरासी पुक्खरद्धंते ॥८॥२४९॥

શબ્દાર્થ :—

अब्भिंतर–અભ્યન્તર | पुव्वुत्तविहीइ–પૂર્વોક્ત વિધિએ

चउचत्त–ચુમાલીસ | एस–એ ધ્રુવાંક
तियाला–ત્રેંતાલીસ | मज्झंमि–મધ્યભાગનો

चउहत्तरी–ચુમ્મોત્તર | पुक्खरद्धंते–પુષ્કરાર્ધને અન્તે

ગાથાર્થ :—અઠ્યાસી લાખ ચૌદ હજાર નવસો એકવીસ [૮૮૧૪૯૨૧] એ અભ્યન્તર ધ્રુવાંકને પૂર્વે કહેલી [ધાતકીખંડમાં કહેલી] વિધિએ ક્ષેત્રાંક સાથે ગુણવો ॥ ૬ ॥ ૨૪૭ ॥

એકક્રોડ તેરલાખ ચુમ્માલીસહજાર સાતસો ત્રેંતાલીસ [૧૧૩૪૪૭૪૩] એ ધ્રુવાંક પુષ્કરાર્ધદ્વીપના મધ્ય ભાગનો છે ॥ ૭ ॥ ૨૪૮ ॥

તથા એકક્રોડ આઠત્રીસ લાખ ચુમ્મોતર હજાર પાંચસો પાંસઠ [૧૩૮૭૪૫૬૫] એ ધ્રુવાંક પુષ્કરાર્ધના પર્યન્તભાગનો છે ॥ ૮ ॥ ૨૪૯ ॥

વિસ્તરાર્થ :—ધાતકી ખંડમાં દર્શાવ્યા પ્રમાણે ઉપર ગાથાર્થમાં કહેલા ત્રણ ધ્રુવાંકને ક્ષેત્રાંક સાથે ગુણતાં ક્ષેત્રવિસ્તાર આવે છે, ત્યાં ક્ષેત્રાંક પ્રમાણે—ભરત ઐરવતનો ૧, હિમ. હિરણ્ય.નો ૪, હરિ. રમ્યકનો ૧૬, અને મહાવિ.નો ૬૪ ક્ષેત્રાંક છે માટે.

૧ ભ. ઐ. ક્ષેત્રાંકને
× ૮૮૧૪૯૨૧ આદિ ધ્રુવાંકે ગુણતાં
૮૮૧૪૯૨૧ ને ૨૧૨ વડે ભાગતાં
૪૧૫૭૯ ૧૭૩/૨૨૧ આદિ વિસ્તાર ભ. ઐ. નો

```
૨૧૨ ) ૮૮૧૪૯૩૧ ( ૪૧૫૭૯
      ૮૪૮
      ---
       ૩૩૪
       ૨૧૨
       ----
       ૧૨૨૯
       ૧૦૬૦
       ----
        ૧૬૯૨
        ૧૪૮૪
        ----
         ૨૦૮૧
         ૧૯૦૮
         ----
          ૧૭૩
```

૧ ભ. ઐ. ક્ષેત્રાંકને
× ૧૧૩૪૪૭૪૩ મધ્ય ધ્રુવાંકે ગણુતાં
૧૧૩૪૪૭૪૩ ને ૨૧૨ વડે ભાગતાં
૫૩૫૧૨ ૧૯૯/૨૧૨ મધ્યવિસ્તાર ભ. ઐર. નો.

૧ ભ. ઐ. ક્ષેત્રાંકને
× ૧૩૮૭૪૫૬૫ અન્ત્ય ધ્રુવાંકે ગુણતાં
૧૩૮૭૪૫૬૫ ને ૨૧૨ વડે ભાગતાં
૬૫૪૪૫ ૧૩/૨૧૨ અન્ત્યવિસ્તાર ભ. ઐર. નો.

૪ હિમ. હિરણ્ય.ના ક્ષેત્રાંકને
× ૮૮૧૪૯૨૧ આદિ ધ્રુવાંકે ગુણતાં
૩૫૨૫૯૬૮૪ ને ૨૧૨ વડે ભાગતાં
૧૬૬૩૧૯ ૫૬/૨૧૨ મધ્યવિસ્તાર હિ. હિ.નો

૪ હિ૦ હિ. ક્ષેત્રાંક
×૧૧૩૪૪૭૪૩ મધ્ય ધ્રુવાંક
૪૫૩૭૮૯૭૨÷૨૧૨
=૨૧૪૦૫૧ ૧૬૦/૨૧૨—હિ.હિ. મધ્યવિસ્તાર

૪ હિ. હિ. ક્ષેત્રાંક
× ૧૩૮૭૪૫૬૫ અન્ત્ય ધ્રુવાંક

૫૫૪૯૮૨૬૦÷૨૧૨
=૨૬૧૭૮૪$\frac{૫૨}{૨૧૨}$ હિ. હિ. અન્ત્યવિસ્તાર

૧૬ હરિ. રમ્યક ક્ષેત્રાંકને
×૧૧૩૪૪૭૪૩ મધ્યધ્રુવાંકે ગુણતાં

૧૮૧૫૧૫૮૮૮÷૨૧૨
=૮૫૬૨૦૭$\frac{૪}{૨૧૨}$ મધ્યવિસ્તાર
હરિ. રમ્યકનો

૧૬ હરિ. રમ્યક ક્ષેત્રાંકને
× ૮૮૧૪૯૨૧ આદ ધ્રુવાંકે ગુણતાં

૧૪૧૦૩૮૭૩૬÷૨૧૨
=૬૬૫૨૭૭$\frac{૧૨}{૨૧૨}$ હ.ર.આદિવિસ્તાર

૧૬ હ. ર. ક્ષેત્રાંક
× ૧૩૮૭૪૫૬૭ અન્ત્યધ્રુવાંકે ગુણતાં

૨૨૧૯૯૩૦૪૦÷૨૧૨
=૧૦૪૭૧૩૬$\frac{૨૦૮}{૨૧૨}$ અન્ત્યવિસ્તાર
હ. ર.નો

---

૬૪ મહાવિ. ક્ષેત્રાંક
×૮૮૧૪૯૨૧ આદિધ્રુવાંકે ગુણતાં

૫૬૪૧૫૪૯૪૪÷૨૧૨
=૨૬૬૧૧૦૮$\frac{૪૮}{૨૧૨}$ આદિવિસ્તાર
મહાવિ.નો

૬૪ મહા. ક્ષેત્રાંક
×૧૧૩૪૪૭૪૩ મધ્યધ્રુવાંકે ગુણતાં

૭૨૬૦૬૩૫૫૨÷૨૧૨
=૩૪૦૨૪૮૨૮$\frac{૧૬}{૨૧૨}$ મધ્યવિસ્તાર
મહાવિ.નો

---

૬૪ મહા. ક્ષેત્રાંક
×૧૩૮૭૪૫૬૭ અન્ત્યધ્રુવાંકે ગુણતાં

૮૮૭૯૭૨૧૬૦÷૨૧૨
=૪૧૮૮૫૪૭$\frac{૧૯૬}{૨૧૨}$ અન્ત્યવિસ્તાર
મહાવિ.નો

એ પ્રમાણે ૧૪ મહાક્ષેત્રોના આદિ વિસ્તાર કાલોદસમુદ્ર પાસે, મધ્યવિસ્તાર કાલોદ અને માનુષોત્તર એ બેથી ૪ લાખ યોજન દૂર મધ્યભાગે, અને પર્યન્તવિસ્તાર માનુષોત્તર પર્વત પાસે જાણવો. તેનો સંગ્રહ—

	આદિ વિ૦	મધ્ય વિ.	અન્ત્ય વિસ્તાર
२ भरत २ एर०	૪૧૫૭૯$\frac{૧૭૩}{૨૧૨}$	૫૩૫૧૨$\frac{૧૯૯}{૨૧૨}$	૬૫૪૪૬$\frac{૧૩}{૨૧૨}$
२ हिम० २ हिर०	૧૬૬૩૧૯$\frac{૫૫}{૨૧૨}$	૨૧૪૦૫૧$\frac{૧૬૦}{૨૧૨}$	૨૬૧૭૮૪$\frac{૫૨}{૨૧૨}$
२ हरि० २ रम्यक	૬૬૫૨૭૭$\frac{૧૨}{૨૧૨}$	૮૫૬૨૦૭$\frac{૪}{૨૧૨}$	૧૦૪૭૧૩૬$\frac{૨૦૮}{૨૧૨}$
२ महाविदेह	૨૬૬૧૧૦૮$\frac{૪૮}{૨૧૨}$	૩૪૨૪૮૨૮$\frac{૧૬}{૨૧૨}$	૪૧૮૮૫૪૭$\frac{૧૯૬}{૨૧૨}$

॥ ક્ષેત્રાંક અને ધ્રુવાંકની ઉત્પત્તિ ॥

અહિં ક્ષેત્રાંકની ૨૧૨ની ઉત્પત્તિ તથા પ્રસંગતઃ ૧૬૮ ગિરિઅંકની ઉત્પત્તિ ધાતકીખંડના વર્ણન પ્રસંગે ૧૦ મી ગાથામાં જ વિસ્તરાર્થમાં સ્પષ્ટ દર્શાવી છે ત્યાંથી જાણવી.

તથા ધ્રુવાંકની ઉત્પત્તિ આ પ્રમાણે—૨૯ લાખ યોજનના વ્યાસ પ્રમાણે કાલોદ-સમુદ્રનો છેલ્લો બાહ્યપરિધિ અથવા એજ પુષ્કરદ્વીપનો આદિપરિધિ ગણિતની રીતિએ ૯૧૭૦૬૦૫ (એકાણુલાખ સિત્તેર હજાર છસો પાંચ) યોજન છે, અને પુષ્કરાર્ધમાં ગિરિઅંક ઉપરથી ઉપજતું વર્ષધર પર્વતો વડે રોકાયલું ક્ષેત્ર ૩૫૫૬૮૪ યોજન જેટલું છે, તે આ પ્રમાણે—પાંચમી ગાથાના વિસ્તરાર્થમાં દર્શાવ્યા પ્રમાણે ૪ પર્વતો ૪૨૧૦$\frac{૧૦}{૧૯}$ યોજન વિસ્તારવાળા છે, બીજા ૪ પર્વતો ૧૬૮૪૨$\frac{૨}{૧૯}$ યો૦ વિસ્તારવાળા છે, અને ત્રીજા ચાર પર્વતો ૬૭૩૬૮$\frac{૮}{૧૯}$ યોજન વિસ્તારવાળા છે.

માટે ૪૨૧૦$\frac{૧૦}{૧૯}$×૪ =૧૬૮૪૨ યોજન [૨ હિમ૦ શિખરીએ રોકયા છે.]

૧૬૮૪૨$\frac{૨}{૧૯}$×૪ =૬૭૩૬૮$\frac{૮}{૧૯}$ યો૦ [મહાહિ૦ ૨ રૂકમીએ રોકયા છે.]

૬૭૩૬૮$\frac{૮}{૧૯}$×૪ =૨૬૯૪૭૩$\frac{૧૩}{૧૯}$ યો૦ [૨ નિષધ ૨ નીલવંતે રોકયા છે.]

૨૦૦૦ યો૦ [૨ ઈષુકારે રોકયા છે.]

એ પ્રમાણે પુષ્કરાર્ધમાં૩૫૫૬૮૪$\frac{૪}{૧૯}$ યોજન જેટલું ક્ષેત્ર ૧૪ મહાપર્વતોએ રોકેલું છે તેથી

૯૧૭૦૬૦૫ માંથી
૩૫૫૬૮૪* બાદ કરતાં
૮૮૧૪૯૨૧ યોજન જેટલો પરિધિ બાકી રહે તેટલામાં ૧૪ મહા-ક્ષેત્રોનો આદિ વિસ્તાર સમાયલો છે. ॥ ईति आदिध्रुवांकोत्पति ॥

તથા પુષ્કરાર્ધનો મધ્યપરિધિ ૩૭ લાખ યોજન વ્યાસના અનુસારે ગણિતરીતિ પ્રમાણે ૧૧૭૦૦૪૨૭ છે તેમાંથી ૩૫૫૬૮૪ ગિરિક્ષેત્ર બાદ કરતાં ૧૧૩૪૪૭૪૩ મધ્યધ્રુવાંક આવ્યો. ॥ इति मध्यध्रुवांकोत्पत्तिः ॥

તથા પુષ્કરાર્ધનો પર્યન્તપરિધિ એટલે અઢીદ્વીપ રૂપ મનુષ્યક્ષેત્રનો પરિધિ ૪૫ લાખ યોજન વ્યાસને અનુસારે ગણતાં ૧૪૨૩૦૨૪૯ યોજનનો છે, તેમાંથી ૩૫૫૬૮૪ યોજન જેટલું ગિરિક્ષેત્ર બાદ કરતાં ૧૩૮૭૪૫૬૫ અન્ત્યધ્રુવાંક આવે, ॥ इति अन्त्यध्रुवांक ॥ ॥ ૬–૭–૮ ॥ ૨૪૭–૨૪૮–૨૪૯ ॥

---

* અહીં $\frac{૪}{૧૯}$ યોજન એટલે ૪ કળાને અલ્પ ગણીને વર્જેલી છે.

॥ पुष्करार्धमां १४ महाक्षेत्रोनुं प्रमाण ॥

૧૪ મહાક્ષેત્ર	ક્ષેત્રાંક	આદિ વિસ્તાર	મધ્ય વિસ્તાર	અન્ત્ય વિસ્તાર	લંબાઈ
૨ ભરત	૧	૪૧૫૭૯ ૧૭૩/૨૧૨	૫૩૫૧૨ ૧૯૯/૨૧૨	૬૫૪૪૬ ૧૩/૨૧૨	૮૦૦૦૦૦
૨ ઐરવત	,,	,,	,,	,,	,,
૨ હિમવંત	૪	૧૬૬૩૧૯ ૫૬/૨૧૨	૨૧૪૦૫૧ ૧૬૦/૨૧૨	૨૬૧૭૮૪ ૫૨/૨૧૨	,,
૨ હિરણ્યવ	,,	,,	,,	,,	,,
૨ હરિવર્ષ	૧૬	૬૬૫૨૭૭ ૧૨/૨૧૨	૮૫૬૨૦૭ ૪/૨૧૨	૧૦૪૭૧૩૬ ૨૦૮/૨૧૨	,,
૨ રમ્યક	,,	,,	,,	,,	,,
૨ મહાવિદેહ	૬૪	૨૬૬૧૧૦૮ ૪૮/૨૧૨	૩૪૨૪૮૨૮ ૧૬/૨૧૨	૪૧૮૮૫૪૭ ૧૯૬/૨૧૨	,,

अवतरणः—હવે આ ગાથામાં મહાવિદેહની એકેક વિજયનો વિષ્કંભ-વિસ્તાર કેટલો ? તે કહેવાય છે—

गुणवीससहस, सगसय चउणउअ सवाय विजयविक्खंभो ।
तह इह बहिवहसलिला, पविस्संति अ णरणगस्साहो ॥१॥२५०॥

શબ્દાર્થ:—

गुणवीस सहस-ઓગણીસ હજાર

सगसय चउणउ-સાતસો ચોરાણુ

सवाय-સપાદ, ચોથા ભાગ સહિત

विजयविक्खंभो-વિજયનો વિષ્કંભ

बहिवह-બાહેર વહેતી (પ્રવાહવાળી)

सलिला-નદીઓ

पविस्संति-પ્રવેશે છે

णरनगस्स अहो-માનુષોત્તર પર્વતની નીચે

गाथार्थः—દરેક વિજયનો વિસ્તાર ઓગણીસ હજાર સાતસો ચોરાણુ યોજન ઉપરાન્ત ૫ યોજન સહિત [એટલે ૧૯૭૯૪¼ યોજન] છે. તથા અહિં પુષ્કરાર્ધમા બહારભાગે [માનુષોત્તર તરફ] વહેતીનદીઓ માનુષોત્તરની નીચે પ્રવેશ કરે છે ॥૯॥૨૫૦॥

વિસ્તરાર્થઃ—અહિં વિજયનો વિસ્તાર જાણવા માટે વિજયોના વિસ્તાર સિવાયના વનમુખ વિગેરે ચાર શેષ પદાર્થોનો એકત્ર વિસ્તાર પુષ્કરાર્ધના ૮ લાખ યોજનમાંથી બાદ કરી ૧૬ વડે ભાગાકાર કરવો. ત્યાં વનમુખાદિ ચારેનો વિસ્તાર આ પ્રમાણે—

ધાતકીખંડમાં કહેલા વિસ્તારથી બમણાવિસ્તાર પ્રમાણે અહિં પુષ્કરાર્ધમાં એક વનમુખની પહોળાઈ ૧૧૬૮૮ યોજન હોવાથી મહાવિદેહના પર્યન્તે રહેલાં બે વનમુખનો એકત્ર વિસ્તાર ૨૩૩૭૬ યોજન છે, તથા છ અન્તરનદીઓમાંની દરેક ૫૦૦ યોજનના વિસ્તારવાળી હોવાથી એકત્ર વિસ્તાર ૩૦૦૦ યોજન છે, તથા દરેક વક્ષસ્કારપર્વત ૨૦૦૦ યોજન પહોળો હોવાથી આઠ વક્ષસ્કારનો વિસ્તાર ૧૬૦૦૦ યોજન છે, તથા ભદ્રશાલવનની પૂર્વલંબાઈ ૨૧૫૭૫૮ યોજન છે, તેટલી જ લંબાઈ પશ્ચિમમાં છે, અને એ બેની વચ્ચે મેરૂપર્વતની જાડાઈ ૯૪૦૦ યોજન છે, જેથી ત્રણેનો એકત્ર-વિસ્તાર ૪૪૦૯૧૬ યોજન છે. એ પ્રમાણે—

૧ વનમુખ	૧૧૬૮૮	× ૨	= ૨૩૩૭૬ બે વનમુખનો વિસ્તાર
૧ અન્તરનદી	૫૦૦	× ૬	= ૩૦૦૦ છ અન્તરનદીનો એકત્રવિસ્તાર
૧ વક્ષસ્કાર	૨૦૦૦	× ૮	= ૧૬૦૦૦ આઠ વક્ષસ્કાર "
૧ ભદ્રશાલવન [એક દિશિએ]	૨૧૫૭૫૮	× ૨	= ૪૩૧૫૧૬ ભદ્રશાલની એકત્ર લંબાઈ
૧ મેરૂપર્વત	૯૪૦૦	× ૧	= ૯૪૦૦ એક મેરૂની જાડાઈ
			૪૮૩૨૯૨

(ભદ્રશાલવન + મેરૂપર્વત = ૪૪૦૯૧૬)

૮૦૦૦૦૦ પુષ્કરાર્ધ વિસ્તારમાંથી
૪૮૩૨૯૨ વનમુખાદિનો એકત્ર વિસ્તાર
——— બાદ કરતાં
૩૧૬૭૦૮ ને ૧૬ વિજયે ભાગતાં
=૧૯૭૯૪ $\frac{૪}{૧૬}$ યો. એક વિજયની પહોળાઈ પ્રાપ્ત થઈ.

૧૬) ૩૧૬૭૦૮ (૧૯૭૯૪
૧૬
૧૫૬
૧૪૪
૧૨૭
૧૧૨
૧૫૦
૧૪૪
૬૮
૬૪
૪ શેષ.

વળી એ રીતિ પ્રમાણે એ પાંચ પદાર્થોમાંના કોઈપણ પદાર્થનો વિસ્તાર જાણી શકાય છે તેના એક ઉદાહરણ તરીકે ધારો કે વક્ષસ્કાર પર્વતનો વિસ્તાર જાણવો હોય તો શેષ ચાર પદાર્થોનો એકત્ર વિસ્તાર [મેરૂ સહિત ભદ્રશાલવનના ૪૪૦૯૧૬+વિજયોના ૩૧૬૭૦૮+અન્તર્નદીઓના ૩૦૦૦+વનમુખના ૨૩૩૭૬=] ૭૮૪૦૦૦ આવ્યો તેને

૮ લાખમાંથી બાદ કરતાં ૧૬૦૦૦ રહે તેને આઠવડે ભાગતાં દરેક વક્ષસ્કારનો વિસ્તાર ૨૦૦૦ યોજન આવ્યો. इति विजयादीनां विष्कंभकरणम् ॥

॥ પુષ્કરાર્ધની નદીઓ કાલોદમાં અને માનુષોત્તરમાં લય પામે છે ॥

પુષ્કરાર્ધદ્વીપમાં જે મહાનદીઓ ૨૮ છે, તેમાંની અભ્યન્તર પ્રવાહવાળી એટલે કાલોદ સમુદ્ર તરફ વહેનારી ૧૪ નદીઓ કાલોદ સમુદ્રમાં મળી સમુદ્રના જળમાં મળી જાય છે, પરંતુ બાહ્યપ્રવાહવાળી એટલે માનુષોત્ત તરફ વહેનારી ૧૪ મહાનદીઓ માનુષોત્તર પર્વતની નીચે જ પ્રવેશી ત્યાં ને ત્યાંજ ભૂમિમાં વિલય પામે છે, પરન્તુ એ ૧૪ નો પ્રવાહ બાહ્યપુષ્કરાર્ધમાં નીકળતો નથી, માટે પર્વતની નીચે જ સર્વજળ ભૂમિમાં [1]સમાઈ જાય છે. ॥ ૯ ॥ ૨૫૦ ॥

अवतरण :— પુષ્કરાર્ધદ્વીપમાં બે મોટા કુંડ છે તે આ ગાથામાં કહેવાય છે—

पुक्खरदलपुव्वावर–खंडंतो सहसदुगापिहु दु कुंडा ।
भणिया तट्ठाणं पुण, बहुस्सुया चेह जाणंति ॥१०॥२५१॥

શબ્દાર્થ :—

पुक्खरदल–પુષ્કરાર્ધના	दु कुंडा–બે કુંડ છે
पुव्व अवर–પૂર્વ અને પશ્ચિમ	तट्ठाण–તેનું સ્થાન
खंड अंतो–ખંડની અંદર	बहुस्सुया–બહુશ્રુતો
सहस दुग पिहु–બે હજાર યોજન પહોળા	जाणंति–જાણે છે.

गाथार्थ :પુષ્કરાર્ધદ્વીપના પૂર્વભાગમાં અને પશ્ચિમભાગમાં બે હજાર યોજન પહોળા બે કુંડ શાસ્ત્રમાં કહ્યા છે, પરન્તુ તેનું સ્થાન તો નિશ્ચય બહુશ્રુતો જ જાણે ॥ ૧૦ ॥ ૨૫૧ ॥

विस्तरार्थ :—પૂર્વપુષ્કરાર્ધમાં કાલોદ સમુદ્રથી ૩૯૯૦૦૦ યોજન જઈએ તેમ જ માનુષોત્તરપર્વતથી પણ ૩૯૯૦૦૦ યોજન જતાં દ્વીપના બરાબર મધ્યભાગમાં ૨૦૦૦ યોજન લાંબો પહોળો અને ૧૦ યોજન ઉંડો તથા તળીયે અલ્પ વિસ્તારવાળો અને ઉપર ઉપર અનુક્રમે અધિક વિસ્તારવાળો એક મોટો *કુંડ છે, અને એવો જ બીજો કુંડ પશ્ચિમ પુષ્કરાર્ધમાં પણ છે, જેથી ૨ महाकुंड પુષ્કરાર્ધમાં પણ છે, પરન્તુ એ કુંડ કયા ક્ષેત્રમાં કયે સ્થાને હશે તે નિશ્ચય આ ગ્રંથકર્તાથી થઈ શકયો નથી, કારણ કે

૧. એ મહાનદીઓનું દરરોજ વહેતું જળ ૧૦૨૨ યોજન માત્ર અલ્પ વિસ્તારવાળી પર્વત ભૂમિમાં સમાઈ જાય તે પણ જગત્સ્વભાવે ભૂમિનો અતિશોષણ સ્વભાવ જ સંભવે છે.

॥ ५ पदार्थोना विष्कंभथी पुष्करार्धनी पूरायली पहोळाइ ८००००० ॥
(अथवा ८ लाख योजनमां पूरायला ५ पदार्थोना विष्कंभ)

૫ વિષ્કંભ પદાર્થ	ઇષ્ટ પદાર્થથી શેષ ૪ પદાર્થોના વિષ્કંભ	એકત્ર કરતાં	૮ લાખમાંથી બાદ કરતાં	ઇષ્ટ ભાગવાના ભાજક અંક	પ્રાપ્ત થયેલો એકેકનો વિષ્કંભ
૧ મેરૂ સહ વનનો	૩૧૬૭૦૮–૧૬૦૦૦—૩૦૦૦—૨૩૩૭૬	૩૫૯૦૮૪	૪૪૦૯૧૬	૧	૪૪૦૯૧૬
૧૬ વિજયોનો	૪૪૦૯૧૬–૧૬૦૦૦—૩૦૦૦—૨૩૩૭૬	૪૮૩૨૯૨	૩૧૬૭૦૮	૧૬	૧૯૭૯૪।
૮ વક્ષસ્કારનો	૪૪૦૯૧૬–૩૧૬૭૦૮–૩૦૦૦—૨૩૩૭૬	૭૮૪૦૦૦	૧૬૦૦૦	૮	૨૦૦૦
૬ અન્તરનદીઓ	૪૪૦૯૧૬–૩૧૬૭૦૮–૧૬૦૦૦–૨૩૩૭૬	૭૯૭૦૦૦	૩૦૦૦	૬	૫૦૦
૨ વનમુખનો	૪૪૦૯૧૬–૩૧૬૭૦૮–૧૬૦૦૦–૩૦૦૦	૭૭૬૬૨૪	૨૩૩૭૬ =૮૦૦૦૦૦	૨	૧૧૬૮૮

વર્તમાન સમયમાં વર્તતાં શાસ્ત્રોમાં પણ તેનું સ્થાન દર્શાવ્યું નથી, તેથી એ વાતનો નિશ્ચય 'શ્રી[1]બહુશ્રુત જાણે' એમ કહ્યું છે. ॥ ૧૦ ॥ ૨૫૧ ॥

अवतरण:—પૂર્વે ધાતકીખંડમાં જેમ ચાર મહાવૃક્ષ કુરૂક્ષેત્રમાં કહ્યા છે, તેમ અહિં પુષ્કરાર્ધમાં પણ કુરૂક્ષેત્રોમાં ચાર મહાવૃક્ષો છે તે આ ગાથામાં કહેવાય છે—

इह पउममहापउमा रुक्खा उत्तरकुरूसु पुव्वं व ।
तेसु वि वसंति देवा, पउमो तह पुंडरीओ अ ॥११॥२५२॥

શબ્દાર્થઃ—:

इह-અહિં પુષ્કરાર્ધમાં	तेसु वि-તે વૃક્ષો ઉપર પણ
पउम महापउमा-પદ્મ મહાપદ્મ	वसंति देवा-દેવો રહે છે
रुक्खां-વૃક્ષ	पउमो—પદ્મદેવ
पुव्वं व-પૂર્વવત્, જંબૂવૃક્ષવત્	पुंडरीओ-પુંડરીક દેવ

गाथार्थ:—અહિં પુષ્કરાર્ધમાં પણ બે ઉત્તરકુરૂક્ષેત્રમાં જંબૂવૃક્ષસરખાં પદ્મવૃક્ષ અને મહાપદ્મવૃક્ષ નામનાં બે વૃક્ષ છે, તેમાં પદ્મવૃક્ષઉપર પદ્મદેવ અને મહાપદ્મવૃક્ષઉપર મહાપદ્મદેવ રહે છે ॥ ૧૧ ॥ ૨૫૨ ॥

विस्तरार्थ:—જંબૂદ્વીપના ઉત્તરકુરૂક્ષેત્રમાં જેવું જંબૂવૃક્ષ છે, તેવાં ધાતકીખંડના બે ઉત્તરકુરૂક્ષેત્રમાં ધાતકી અને મહાધાતકી એ બે વૃક્ષ ધાતકીખંડના વર્ણનમાં કહેવાઈ ગયાં છે, અને અહિં પુષ્કરાર્ધના બે ઉત્તરકુરૂક્ષેત્રમાં એટલે પૂર્વપુષ્કરાર્ધના ઉત્તરકુરૂમાં पद्मवृक्षનામનું મહાવૃક્ષ જંબૂવૃક્ષસરખું છે, અને પશ્ચિમપુષ્કરાર્ધના ઉત્તરકુરૂમાં महापद्मवृक्ष નામનું વૃક્ષ જંબૂવૃક્ષસરખું છે, ત્યાં પદ્મવૃક્ષ ઉપર પદ્મદેવ પૂર્વપુષ્કરાર્ધનો અધિપતિ અને મહાપદ્મવૃક્ષઉપર પુંડરીક[1]દેવ પશ્ચિમપુષ્કરાર્ધનો અધિપતિ પૂર્વદિશાની શાખા ઉપરના ભવનમાં રહે છે. શેષ સર્વસ્વરૂપ ધાતકીઉત્તરકુરૂના બે વૃક્ષવત્ જાણવું. તથા અહિં બે દેવકુરૂમાં તો બે શાલ્મલિ વૃક્ષજ પૂર્વવત્ છે, અને તે ઉપર સુપર્ણકુમારના બે ભવનપતિદેવ વેણુદેવ નામના રહે છે. એ પ્રમાણે ૪ મહાવૃક્ષ છે. ॥ ૧૧ ॥ ૨૫૨ ॥

अवतरण:—અહિં પુષ્કરાર્ધદ્વીપ સુધીના ૨॥ દ્વીપમાં સર્વપર્વતોની સંખ્યા આ બે ગાથામાં કહેવાય છે—

---

* કુંડની ઉંડાઈ તથા આકાર અહિં ગાથામાં કહ્યો નથી, પરન્તુ બીજા ગ્રંથોમાં કહ્યો છે,

૧. શ્રી બહુશ્રુતોએજ કરેલા વર્તમાનમાં ઉપલબ્ધ શાસ્ત્રોમાં જો સ્થાનનિશ્ચય નથી કહ્યો તો "શ્રી બહુશ્રુતો જાણે" એમ કહેવું અનુચિત કેમ નહિં ? ઉત્તર :-શાસ્ત્રમાં સ્થાન ન કહેવા માત્રથી તે શાસ્ત્રકર્તાઓ સર્વે જાણતાજ નથી એમ ન માની શકાય માટે અહિં એ સ્થાનને જાણનારા એવા બહુશ્રુત ગ્રહણ કરવા.

* અહિં બે ઉત્તરકુરૂ માટે દ્વિવચનને બદલે બહુવચન પ્રયોગ છે, તે कुरू શબ્દ નિત્ય બહુવચનાન્ત હોવાથી છે.

૧. પુષ્કરાર્ધના બે બે અધિપતિ દેવો છે, અને એ રીતે આગળ આગળના સર્વ દ્વીપસમુદ્રના બે બે અધિપતિ દેવો હોય છે,

दो गुणहत्तरि पढमे अड लवणे बीअ दीवि तइअद्धे ।
पिहुपिहु पणसयचाला, इअ णरखित्ते सयलगिरिणो ॥१२॥२५३॥
तेरहसयसगवन्ना, ते पणमेरूहि विरहिआ सव्वे ।
उस्सेहपायकंदा, माणुससेलोऽवि एमेव ॥१३॥२५४॥

શબ્દાર્થ:—

दो गुणसत्तरि-બસો એગુણોત્તર
पढमे-પહેલા જંબૂદ્વીપમાં
अड लवणे-લવણસમુદ્રમાં આઠ
बीअदीवि-બીજા ધાતકીદ્વીપમાં
तइअध्धे-ત્રીજા દ્વીપના અર્ધમાં
पिहु पिहु-પૃથક્ પૃથક્ (જુદા જુદા)
पणसयचाला-પાંચસોચાલીસ
इअ-એ પ્રમાણે
णरखित्ते-નરક્ષેત્રમાં
सयलगिरिणो-સર્વ પર્વતો

तेरहसय-તેરસો
सगवन्ना-સત્તાવન
ते-તે (સર્વપર્વતો)
पणमेरुहिं-પાંચ મેરૂપર્વત
विरहिआ-રહિત
सव्वे-સર્વ, ૧૩૫૨ પર્વતો
उस्सेह-ઉત્સેધથી ઉચાઈથી
पायकंदा-ચોથાભાગ જેટલા કંદવાળા
माणुससेलो वि-માનુષોત્તરપર્વત પણ
एमेव-એવાજ પ્રકારનો છે

गाथार्थ: પહેલા જંબૂદ્વીપમાં ૨૬૯ પર્વતો છે, લવણસમુદ્રમાં ૮ પર્વતો છે, બીજા ધાતકીદ્વીપમાં તથા ત્રીજા પુષ્કરદ્વીપના અર્ધભાગમાં જૂદા જૂદા ૫૪૦૫૪૦ પર્વતો છે, એ પ્રમાણે મનુષ્યક્ષેત્રમાં સર્વપર્વતો ૧૩૫૭ તેરસોસત્તાવન છે. તેમાંથી પાંચ મેરૂ પર્વત વિના સર્વે ૧૩૫૨ પર્વતો પોતાની ઉંચાઈથી ચોથા ભાગ જેટલા ભૂમિમાં દટાયલા છે, અને માનુષોત્તર પર્વત પણ એ પ્રમાણે જ (ઉંચાઈથી ચોથા ભાગ જેટલો ભૂમિમાં) છે. ॥ ૧૨–૧૩ ॥ ૨૫૩–૨૫૪ ॥

विस्तरार्थ:—ગાથાર્થમાં અઢીદ્વીપરૂપ મનુષ્યક્ષેત્રના ૧૩૫૭ પર્વત કહ્યા તે આ પ્રમાણે—

जंबुद्वीपमां २६९;—૧ મેરૂ, ૬ વર્ષધર, ૪ ગજદન્ત, ૧૬ વક્ષસ્કાર, ૩૪ દીર્ઘ વૈતાઢ્ય, ૪ વૃત્તવૈતાઢ્ય, ૪ યમલગિરિ, ૨૦૦ કંચનગિરિ.

लवणसमुद्रमां ८;—૪ વેલંધરગિરિ, ૪ અનુવેલંધરગિરિ.

धातकीद्वीपमां ५४०; ૨ ઇષુકાર, ૨ મેરૂ, ૧૨ વર્ષધર, ૮ ગજદન્ત, ૩૨ વક્ષસ્કાર, ૬૮ દીર્ઘવૈતાઢ્ય, વૃત્ત વૈતાઢ્ય ૮ યમલગિરિ, ૪૦૦ કંચનગિરિ.

कालोदधिसमुद्र.—આ સમુદ્રમાં એક પણ પર્વત નથી.

पुष्करार्धद्वीपमां ५४०—ધાતકીદ્વીપવત્

એ પ્રમાણે ૨૬૯+૮+૫૪૦+૫૪૦=૧૩૫૭ પર્વતો થયા. એમાંથી પાંચ મેરૂ વિના

૧૩૫૨ પર્વતો ઉંચાઈના ચોથા* ભાગે ભૂમિમાં છે, અને તે ભૂમિમાં દટાયલો પર્વતનો ભાગ કંદ (ગિરિકંદ) કહેવાય તથા શાસ્ત્રોમાં એ પર્વતોની જે ઉંચાઈ ૧૦૦ યોજન આદિ કહી છે તે ઉંચાઈ ભૂમિથી જ ગણવી, પરન્તુ મૂળમાંથી (કંદમાંથી) નહિં, જેથી કંદ જૂદો ગણીને મૂળથી ૧૨૫ યોજન આદિ ઉંચાઈ ગણવી.

તથા પાંચે મેરૂ ભૂમિમાં ૧૦૦૦ યોજન ઊંડા દટાયલા છે, તે કંદ સહિત જ શાસ્ત્રોમાં મેરૂની ઉંચાઈ ગણી છે, જેમકે જંબૂદ્વીપનો મેરૂ ૧૦૦૦૦૦ યો. ઉંચો છે, તેમાં ૧૦૦૦ યોજન ભૂમિમાં અને ૯૯૦૦૦ યોજન ભૂમિ ઉપર છે. તથા શેષ ૪ મેરૂ ૮૫૦૦૦ યોજન ઉંચા કહ્યા છે તે ૧૦૦૦ યોજન ભૂમિમાં અને ૮૪૦૦૦ યોજન ભૂમિ ઉપર ઉંચા છે. એ રીતે મેરૂની ઉંચાઈ તથા ઊંડાઈ જૂદી રીતે છે.

તથા માનુષોત્તર પર્વત ૧૭૨૧ યોજન ઉંચો કહ્યો છે, તેનો ચોથો ભાગ ૪૩૦। ચારસો સવાત્રીસ યોજન ભૂમિમાં છે, જેથી મૂળથી ૨૧૫૧। એકવીસસો સવાએકાવન યોજન ઉંચો છે, માટે આ પર્વત ૧૩૫૨ પર્વત સરખો જાણવો ॥૧૨ ૧૩॥ ૨૫૩-૨૫૪॥

अवतरण :—હવે આ ગાથામાં પુષ્કરાર્ધદ્વીપના ૩ પરિધિ કહે છે—

धुवरासीसु तिलक्खा-पणपण सहस्स छसय चुलसीआ ।
मिलिआ हवंति कमसो, परिहितिगं पुक्खरद्धस्स ॥१४॥२५५॥

શબ્દાર્થ:—

धुवरासीसु-ધ્રુવરાશીઓમાં, ધ્રુવાંકોમાં	मिलिआ-મેળવતાં
तिलक्खा-ત્રણ લાખ	कमसो-અનુક્રમે
पणपण सहस्स-પંચાવન હજાર	परिहितिगं-ત્રણ પરિધિ
छ सय चुलसीआ-છસો ચોરાશી	पुक्खरद्धस्स-પુષ્કરાર્ધના

गाथार्थ :ધ્રુવાંકોમાં ત્રણ લાખ પંચાવન હજાર છસો ચોરાસી ૩૫૫૬૮૪ મેળવતાં પુષ્કરાર્ધના અનુક્રમે ત્રણ પરિધિ પ્રાપ્ત થાય છે ॥૧૪॥ ૨૫૫॥

विस्तरार्थ :—ધ્રુવાંક ત્રણ પ્રકારના પૂર્વે ૬-૭-૮ મી ગાથામાં કહ્યા છે, તેમાં તેમાં ૩૫૫૬૮૪ ઉમેરતાં ત્રણ પરિધિ થાય તે આ પ્રમાણે—

```
  ૮૮૧૪૯૨૧ પહેલા ધ્રુવાંકમાં
+  ૩૫૫૬૮૪ ક્ષેપ્યાંક ઉમેરતાં
  ------------
  ૯૧૭૦૬૦૫ આદિ પરિધિ

 ૧૧૩૪૪૭૪૩ મધ્ય ધ્રુવાંકમાં
+  ૩૫૫૬૮૪ ક્ષેપ્યાંક
  ------------
 ૧૧૭૦૦૪૨૭ મધ્ય પરિધિ

 ૧૩૮૭૪૫૬૫ અન્ત્ય ધ્રુવાંકમાં
+  ૩૫૫૬૮૪ ક્ષેપ્યાંક
  ------------
 ૧૪૨૩૦૨૪૯ અન્ત્ય પરિધિ
```

અહિં ક્ષેપ્યાંક ૩૫૫૬૮૪ તે બે ઇષુકાર અને ૧૨ વર્ષધરપર્વતોએ રોકેલું ક્ષેત્ર જાણવું, અને ધ્રુવાંક તે ૧૪ મહાક્ષેત્રોએ રોકેલું ક્ષેત્ર જાણવું, જેથી એ

* "उस्सेहचायकंदो-ઉંચાઈથી ચોથા ભાગનો કંદ" એ નિયમ ૨॥ દ્વીપના મેરૂ વિના સર્વ-પર્વતો માટે છે. અને જંબૂદ્વીપસંગ્રહણીમાં કહેલ समयखित्तम्मि मंदरविहूणा ઈત્યાદિ વચનથી, બહારના પર્વતો એ નિયમવાળા નથી.

એનો સરવાળો તે જ પુષ્કરાર્ધનો આદિ મધ્યમ અને અન્ત્ય પરિધિ સંપૂર્ણ છે, ચાલુ પ્રકરણમાં ક્ષેપ્યાંકરૂપ ગિરિઅંક અને ધ્રુવાંકરૂપ ક્ષેત્રાંકની ઉત્પત્તિ ૬-૭-૮ મી ગાથાના વિસ્તરાર્થમાં કહેવાઈ ગઈ છે ॥ ૧૪ ॥ ૨૫૫ ॥

॥ ध्रुवांक उपरथी पुष्करार्धना ३ परिधि ॥

પુષ્કરાર્ધના	ધ્રુવાંકમાં	ક્ષેપ્ય અંક	ઉમેરતાં આવેલ પરિધિ
આદિ	૮૮૧૪૯૨૧	૩૫૫૬૮૪	૯૧૭૦૬૦૫ (આદિ પરિધિ)
મધ્ય	૧૧૩૪૪૭૪૩	૩૫૫૬૮૪	૧૧૭૦૦૪૨૭ (મધ્ય પરિધિ)
અન્ત્ય	૧૩૮૭૪૫૬૧	૩૫૫૬૮૪	૧૪૨૩૦૨૪૯ (અન્ત્ય પરિધિ)

अवतरण : હવે અઢીદ્વીપની બહાર કયા કયા પદાર્થ ન હોય ! તે આ ગાથામાં કહીને પુષ્કરાર્ધદ્વીપનું સ્વરૂપ સમાપ્ત કરવામાં આવે છે.

णइदहघणथणियागणि–जिणाइ णरजम्ममरणकालाई ।
पणयाललक्खजोयण–णरखित्तं मुत्तु णो पु(प)रओ ॥१५॥२५६॥

શબ્દાર્થઃ—

णइ– નદીઓ
दह–દ્રહો
घण–મેઘ
थणिय–સ્તનિત, ગર્જના
अगणि–અગ્નિ
जिणआइ જિનેશ્વરઆદિ
णर–નર, મનુષ્યોનાં
जम्म मरण–જન્મ મરણ
कालआइ–કાળ આદિ
पणयाललक्ख–પીસ્તાલીસ લાખ
जोयण–યોજન
णरखित्तं–નરક્ષેત્ર, મનુષ્યક્ષેત્ર
मुत्तु–મૂકીને, છોડીને
णो पुरओ–આગળ નથી

ગાથાર્થઃ—નદીઓ, દ્રહો, મેઘ, ગર્જના, અગ્નિ, જિનેશ્વર વિગેરે મનુષ્યોનાં જન્મ મરણ અને કાળ વિગેરે એ પદાર્થો પીસ્તાલીસલાખ યોજનપ્રમાણું મનુષ્ય ક્ષેત્ર છોડીને આગળ [બહારના દ્વીપ સમુદ્રોમાં] નથી. ॥ ૧૫ ॥ ૨૫૬ ॥

॥ મનુષ્યક્ષેત્રની બહાર નહિ થનારા પદાર્થો ॥

विस्तरार्थः—અઢીદ્વીપમાં જેમ ગંગા સિંધુઆદિ મહાનદીઓ શાશ્વતી વર્તે છે, તેવી શાશ્વતી[1]નદીઓ તથા પદ્મદ્રહ આદિ શાશ્વતદ્રહો–સરોવરો તથા પુષ્કરાવર્તઆદિ [2]સ્વાભાવિકમેઘો, અને મેઘના અભાવે મેઘની સ્વાભાવિકગર્જના, વિજળીઓ, તથા [3]બાદર-અગ્નિ, તથા તીર્થંકર ચક્રવર્તી વાસુદેવ બળદેવઆદિ ઉત્તમપુરૂષો તથા કોઈપણ મનુષ્યનો-[4]જન્મ અથવા મનુષ્યનું [5]મરણ, અને સમય આવલિકા મુહૂર્ત દિવસ માસ અયન

---

૧. અશાશ્વતી નદીઓ હોવાનો નિષેધ સંભવે નહિં. તેમજ અશાશ્વતાં સરોવર આદિ જળાશયો સર્વથા ન હોય એમ પણ નહિં, પરન્તુ શાસ્ત્રમાં જે નદી સરોવર આદિનો નિષેધ છે તે અઢીદ્વીપમાં જે વ્યવસ્થાપૂર્વક શાશ્વતનદીઓ સરોવર આદિ કહ્યાં છે તેવી [વનવેદિકા ઈત્યાદિ] વ્યવસ્થાપૂર્વક શાશ્વતનદીસરોવરો ન હોય. અને જો સર્વથા નદી સરોવરાદિનો અભાવ માનીએ તો દ્વીપનું સ્વરૂપ જ અવ્યવહારૂ થાય છે, એટલું જ નહિં પરન્તુ ત્યાંના નિવાસી પશુપક્ષિઓ પાણી ક્યાં પીએ? તેમજ સર્વથા જળાશયોના અભાવે દ્વીન્દ્રિયાદિ વિકલેન્દ્રિયો અને સમ્મૂર્છિમપંચેન્દ્રિયોનો પણ અભાવ થાય, માટે અશાશ્વતસરોવરો પાણીનાં ઝરણો અને નાની નાની નદીઓ પણ હોય. તથા અસંખ્યાતમાદ્વીપે ઉત્તરદિશામાં અસંખ્ય યોજનનું માનસરોવર શાશ્વત છે. પરન્તુ અલ્પ હોવાથી અવિવક્ષિત છે.

૨. અહિં "સ્વાભાવિક" કહેવાનું કારણકે અઢીદ્વીપની બહાર અસુરાદિ દેવોએ વિકુર્વેલા મેઘ-ગર્જના અને વિજળીઓ વરસાદ એ સર્વ હોઈ શકે છે.

૩. "બાદર" એ કહેવાનું કારણકે સૂક્ષ્મ અગ્નિ તો ચૌદ રાજલોકમાં સર્વત્ર વ્યાપ્ત હોવાથી અઢીદ્વીપની બહાર પણ હોય છે.

૪–૫ અઢીદ્વીપની બહાર મનુષ્યોનું જવું આવવું છે, કારણકે વિદ્યાધરો અને ચારણમુનિઓ નંદીશ્વરદ્વીપ સુધી પણ જાય છે, પરન્તુ કોઈપણ મનુષ્યનું જન્મ મરણ તો સર્વથા નથી જ તે એટલે સુધી કે નંદીશ્વરદ્વીપે ગયેલા વિદ્યાધરો પોતાની સ્ત્રીઓ સાથે સંભોગ કરે પરન્તુ ત્યાં ગર્ભ તો ન જ રહે, તથા અહિંની શીઘ્ર પ્રસૂતિ થવાના અવસરવાળી ગર્ભવતી સ્ત્રીને કોઈ દેવ અપહરીને અઢીદ્વીપ બહાર મૂકે તો પણ ત્યાં તે સ્ત્રીને બાળકનો જન્મ ન જ થાય, કદાચ અવશ્ય જન્મ થવાનોજ હોય તો તે અપહરનાર દેવનું ચિત્ત પણ ફરી જાય, અથવા બીજો કોઈ દેવ પણ તે સ્ત્રીને અઢીદ્વીપની અંદર મૂકી દે. તેમજ કંઠપ્રાણ આવેલા અને અન્તર્મુહૂર્તમાં મૃત્યુ પામશે એવા સમાપ્તથયેલ આયુષ્યવાળા મનુષ્યને પણ કોઈ દેવ અપહરીને અઢીદ્વીપ બહાર મૂકે તો પણ મૃત્યુ ન થાય, કારણકે મૃત્યુકાળ પહેલાંજ અપહરનાર દેવનું ચિત્ત ફરતાં તે દેવ અથવા બીજો કોઈ પણ દેવ તેને મનુષ્યક્ષેત્રમાંજ લાવી મૂકે.

વર્ષ યુગ પલ્યોપમ સાગરોપમ અવસર્પિણી આદિ [1]કાળ વિગેરે પદાર્થો અઢી દ્વીપમાંજ છે, પરંતુ અઢી દ્વીપની બહાર નથી.

એ ઉપરાન્ત [कालाइ પદમાં કહેલા आइ=આદિ શબ્દથી] અઢીદ્વીપની બહાર વર્ષો (ભરતાદિ સરખાં ક્ષેત્રો) નથી, વર્ષધરસરખા પર્વતો નથી, ઘર નથી, ગામ નથી, નગરો નથી, ચતુર્વિધસંઘ નથી, ખાણો નથી, નિધિ નથી. ચંદ્રસૂર્યાદિજ્યોતિષીવિમાનોનાં ભ્રમણ નથી, ગ્રહણો નથી, ચંદ્રસૂર્યના પરિવેષ નથી. ઇન્દ્રધનુષ નથી, ગાંધર્વનગરાદિ [આકાશી ઉત્પાતસૂચક ચિન્હો] નથી, પરન્તુ સમુદ્રમાં દ્વીપો છે, તેમજ કોઈ કોઈ દ્વીપસમુદ્રમાં શાશ્વતપર્વતો પણ છે, પરન્તુ પર્વતો અલ્પ હોવાથી અહિં વિવક્ષા કરી નથી અને (અઢીદ્વીપ બહાર) દ્વીપો ઘણા હોવાથી ગાથામાં દ્વીપોનો અભાવ કહ્યો નથી. ॥

॥ इति पंचमोऽर्धपुष्करवरद्वीपाधिकारः ॥

---

૧. સમય આવલિ આદિ વ્યાવહારિકાળ ચંદ્રસૂર્યના ભ્રમણથી છે. અને ત્યાં ચંદ્રસૂર્યાદિ સર્વ-જ્યોતિશ્ચક્ર સ્થિર છે. માટે વ્યાવહરિક કાળ નથી, પરન્તુ વર્તનાલક્ષણવાળો નિશ્ચયકાળ તો છે જ.

॥ मानुषोत्तर पर्वत अने ते उपर ४ चैत्य तथा १६ देवकूट ॥

પર્વતની ઉંચાઇ ૧૭૨૧ યોજન.
મૂળ પહોળાઇ ૧૦૨૨ યોજન.
શિખર પહોળાઇ ૪૨૪ યોજન.

આકાર સિંહનિષાદી. (જંબૂદ્વીપ તરફ ઉભી ભીત સરખો અને બહાર ઉપરથી ગોતીર્થવત)



સૂચના:- આ ચિત્રમાં પર્વતનો વર્ણ લીલો છે તેને બદલે લાલવર્ણ સમજવો.

卐 अवशिष्ट प्रकीर्ण स्वरूपम् 卐

अवतरणः—અઢીદ્વીપરૂપ મનુષ્યક્ષેત્રનું વર્ણન સમાપ્ત થયું, અને હવે પૂર્વે કહેલા શાશ્વત ચૈત્યો ઉપરાન્ત અધિક શાશ્વત ચૈત્યો જે ઇષુકાર આદિ પર્વતો ઉપર મનુષ્યક્ષેત્રમાંજ છે, તેમજ પ્રસંગથી મનુષ્યક્ષેત્રની બહાર પણ જ્યાં જ્યાં પર્વતો ઉપર શાશ્વતચૈત્યો છે તે કહેવાના પ્રસંગમાં પ્રથમ આ ગાથામાં ઇષુકાર અને માનુષોત્તર પર્વત ઉપરનાં શાશ્વત ચૈત્ય કહેવાય છે—

चउसु वि उसुआरेसुं, इक्किकं णरणगम्मि चत्तारि ।
कूडोवरि जिणभवणा, कुलगिरिजिणभवणपरिमाणा ॥१॥२५७॥

શબ્દાર્થઃ—

उसुआरेसुं-ઇષુકાર પર્વતો ઉપર
इक्किकं-એકેક
णरनगम्मि-માનુષોત્તર પર્વત ઉપર
कूडोवरि-કૂટો ઉપર
परिमाणा-પ્રમાણવાળા

गाथार्थः—ચારે ઇષુકાર પર્વતો ઉપર એકેક જિનભવન છે, માનુષોત્તર પર્વત ઉપર ચાર કૂટ ઉપર જિનભવનો છે, એ સર્વે વર્ષધરપર્વતો ઉપરના જિનભવન સરખા પ્રમાણવાળા છે [એ ૮ જિનભવન કહ્યાં] ॥ ૧ ॥ ૨૫૭ ॥

विस्तरार्थः—ધાતકીખંડના બે ઇષુકાર પર્વતો કે જે ઉત્તરદક્ષિણ દીર્ઘ અને એક છેડે લવણસમુદ્રને તથા બીજે છેડે કાલોદધિસમુદ્રને સ્પર્શેલા છે, તે બે ઇષુકાર પર્વતો ઉપર ચાર ચાર કૂટ પૂર્વે કહ્યાં છે તેમાંના કાલોદસમુદ્ર પાસેના છેલ્લા એકેક સિદ્ધકૂટ ઉપર એકેક જિનભવન હોવાથી બે જિનભવન છે, તથા તેવી જ રીતે પુષ્કરાર્ધ દ્વીપમાં ઉત્તર દક્ષિણ દિશામાં જે બે ઇષુકાર ઉત્તર દક્ષિણ દીર્ઘ છે, તે ઉપર પણ છેલ્લું એકેક સિદ્ધકૂટ માનુષોત્તર પર્વતની પાસે છે તે ઉપર એકેક જિનભવન હોવાથી બે જિનભવન છે, જેથી ચાર ઇષુકારપર્વત ઉપર ૪ શાશ્વતજિનભવનો છે.

તથા માનુષોતર પર્વત ઉપર જે ચાર [1]વિદિશાએ ત્રણ ત્રણ કૂટ કહ્યાં છે તે

---

૧ શ્રી ઠાણાંગજી મૂળસૂત્રમાં તથા વૃત્તિમાં કહેલી ગાથાને વિષે એ ત્રણ કૂટ જો કે દિશામાં કહ્યાં છે, તો પણ વૃત્તિકર્તા શ્રીઅભયદેવસૂરિભગવાને દિશાનો અર્થ વિદિશા તરીકે કર્યો છે, પરન્તુ પૂર્વાદિ દિશા નહિ. જેથી અહિં વિદિશિમાં ત્રણ ત્રણ દેવ કૂટ કહ્યાં છે. અને દિશિમાં એકેક સિદ્ધકૂટ કહ્યું છે. સિદ્ધાન્તોમાં ચાર દિશાએ ચાર સિદ્ધકૂટ હોવાનો સ્પષ્ટ (જૂદો) પાઠ નથી, પરન્તુ ચારણમુનિઓના ગતિ વિષય ઉપરથી તથા આ ગાથા ઉપરથી અહિં સિદ્ધકૂટ હોવાનું અનુમાન થાય છે—ઈતિ ક્ષેત્રલોકભાવાર્થઃ

સિવાય ચાર દિશામાં એકેક સિદ્ધાયતનકૂટ (પર્વતની પહોળાઈના મધ્ય ભાગે છે. તે ઉપર એકેક જિનભવન છે. જેથી માનુષોત્તરગિરિ ઉપર ૪ શાશ્વત જિનભવનો છે.

એ આઠે જિનભવનો લઘુહિમવંત આદિ વર્ષધરપર્વત ઉપરના જિનભવન સરખાં છે, એટલે ૫૦ યોજન દીર્ઘ, ૨૫ યોજન પહોળા અને ૩૬ યોજન ઉંચાં છે. ॥ ૧ ॥ ૨૫૭ ॥

નંદીશ્વરદ્વીપમાં ૫૨, કુંડલદ્વીપમાં ૪, અને રૂચકદ્વીપમાં ૪ શાશ્વત જિનચૈત્યો.

अवतरण : તીર્ચ્છાલોકમાં ૨॥ દ્વીપમાં શાશ્વતચૈત્યો કહેવાના પ્રસંગમાં અઢી દ્વીપથી બહારના નંદીશ્વરદ્વીપ કુંડલદ્વીપ અને રૂચકદ્વીપમાં પણ પર્વતો ઉપર શાશ્વતચૈત્યો અનુક્રમે ૫૨-૪-૪ છે તે આ ગાથામાં કહેવાય છે—

तत्तो दुगुणपमाणा, चउदारा थुत्तवण्णिअसरूवे ।
णंदीसरि बावन्ना, चउ कुंडलि रूअगि चत्तारि ॥२॥२५८॥

શબ્દાર્થ :—

तत्तो-તે ૮ ચૈત્યોથી
दुगुणपमाणा-બમણા પ્રમાણના
चउदारा-ચાર દ્વારવાળાં
थुत्त-સ્તોત્રમાં
वण्णिअसरूवे-વર્ણવેલા સ્વરૂપવાળા
णंदीसरि बावन्ना-નંદીશ્વરદ્વીપમાં બાવન
चउकुंडलि-કુંડલદ્વીપમાં ચાર
रूअगि चत्तारि-રૂચકદ્વીપમાં ચાર

गाथार्थ :—તે ૮ ચૈત્યોથી બમણા પ્રમાણવાળાં અને ચાર ચાર દ્વારવાળાં ચૈત્યો સ્તોત્રમાં વર્ણવેલા સ્વરૂપવાળા નંદીશ્વરદ્વીપમાં ૫૨ (બાવન) છે, કુંડલદ્વીપમાં ૪ છે, અને રૂચકદ્વીપમાં પણ ૪ છે [એ ૬૦ ચૈત્યો કહ્યાં] ॥ ૨ ॥ ૨૫૮ ॥

विस्तरार्थ :—શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજીનું રચેલું "[1]શ્રીશાશ્વતચૈત્યસ્તવ" નામનું એકસ્તોત્ર છે, તેમાં સર્વે શાશ્વતચૈત્યોનાં સ્થાન પ્રમાણ દ્વાર પ્રતિમા સંખ્યા આદિ સવિસ્તર વર્ણન છે, તે સ્તોત્રમાં શાશ્વત જિનસ્તુતિને માટે વર્ણવેલા આઠમાં નંદીશ્વરદ્વીપમાં બાવન ચૈત્ય કહ્યાં છે, ૧૧ મા કુંડલદ્વીપમાં ૪ ચૈત્ય અને ૧૩મા રૂચકદ્વીપમાં પણ ૪ ચૈત્ય કહ્યાં છે, એ પ્રમાણે ત્રણ દ્વીપમાં મળીને ૬૦ ચૈત્ય કહ્યાં છે, તેનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે—

॥ ૮ માં નંદીશ્વરદ્વીપમાં (બાવન) શાશ્વત જિનચૈત્ય ॥

नंदी=સમૃદ્ધિ વડે ईसर=વૈભવવાળો-દીપતો જે દ્વીપ તે नंदीश्वरद्वीप તેના પૂર્વાર્ધનો અધિપતિ કૈલાસ દેવ અને પશ્ચિમાર્ધનો અધિપતિ હરિવાહન દેવ છે, એ દેવોની વિજયદેવ સરખી રાજધાની બીજા નંદીશ્વરદ્વીપમાં છે. આ દ્વીપની પહોળાઈ ૧૬૩૮૪૦૦૦૦૦ એકસો ત્રેસઠ ક્રોડ ચોરાસી લાખ યોજન છે, એ દ્વીપના અતિમધ્યભાગે ચારદિશામાં અંજનરત્નના શ્યામવર્ણી ૪ अंजनगिरि નામના ચાર પર્વતો ભૂમિથી ૮૪૦૦૦ યોજન ઉંચા અને ૧૦૦૦ યોજન ભૂમિમાં ઊંડા છે, તથા ૧૦ હજાર યો.

[1] જે સ્તોત્ર આ ગ્રન્થની સમાપ્તિ પછી પૃષ્ઠ ૪૩૧-૪૩૨ માં આપેલ છે.

दरेक अंजनगिरिनी चार दिशाए ४ वापिका वापिकाओमां ४ दधिमुखपर्वत अने वापीकाओना आंतरे आंतरे २-२ रतिकर पर्वत ए सर्वनी उपर एकेक चैत्य मळीने एक दिशामां १३ चैत्य गणतां चारे दिशामां ५२ जिनचैत्य.



ભૂમિસ્થાને વિસ્તારવાળા અને શિખર ઉપર ૧૦૦૦ યોજન વિસ્તારવાળા છે. [મતાન્તરે ભૂમિસ્થાને ૯૪૦૦ યોજન વિસ્તારવાળા પણ કહ્યાં છે.] એ દરેક અંજનગિરિ ઉપર એકેક જિનભવન છે. ॥ इति ४ अंजनगिरिजिनचैत्यानि ॥

એ દરેક અંજનગિરિની ચાર દિશાએ લાખ લાખ યોજન દૂર ગયે લાખ યોજનની લાંબી પહોળી [મતાન્તરે લાખયોજન લાંબી પચાસહજાર યોજન પહોળી], અને ૧૦ યોજન ઊંડી (મતાન્તરે ૧૦૦૦ યોજન ઉંડી) ચાર ચાર વાવડી મળીને ૧૬ વાવડી છે, તે દરેક વાવડીની પણ ચાર દિશાએ પાંચસો યોજન દૂર ગયે ૫૦૦ યોજન પહોળું અને ૧ લાખ યોજન લાંબુ એવું એકેક વન હોવાથી ૬૪ વન છે, તથા એ સોળ વાવડીમાં દરેકમાં મધ્યભાગે ઉજ્વળવર્ણનો, સ્ફટિક રત્નનો ૬૪૦૦૦ યોજન ઉંચો ૧૦૦૦ યોજન ભૂમિમાં ઊંડો, મૂળમાં તથા શિખરતળે ૧૦૦૦૦ (દશહજાર યોજન) લાંબો પહોળો વર્તુલ આકારનો ધાન્યના પાલા સરખો એકેક दधिमुखपर्वत હોવાથી સર્વ મળી ૧૬ दधिमुखपर्वत છે. તે દરેક ઉંપર પણ એકેક શાશ્વત જિનચૈત્ય હોવાથી ૧૬ ચૈત્ય દધિમુખ પર્વતોનાં ગણાય છે. ॥ इति दधिमुखपर्वतजिनचैत्यानि ॥

તથા દરેક અંજનગિરિને ફરતી ચાર વાવડીઓના ચાર આંતરામાં દરેકમાં બે બે રતિકર પર્વત હોવાથી ચારે અંજનગિરિને ફરતા સર્વ મળી ૩૨ रतिकर पर्वत છે, તે પદ્મરાગ મણિના (અથવા સુવર્ણના) છે, એ પર્વતોનું પ્રમાણ દેખાતું [1]નથી. એ દરેક ઉપર એકેક શાશ્વતજિનચૈત્ય હોવાથી ૩૨ જિનચૈત્ય છે. ॥ इति ३२ रतिकरगिरिजिनचैत्यानि ॥

એ પ્રમાણે (૪+૧૬+૩૨ મળી) ૫૨ (બાવન) જિનચૈત્યો નંદીશ્વરદ્વીપમાં કહેલા તે સર્વે ચૈત્યો सिंहनिषादी આકારનાં છે, એટલે એક બાજુ નીચાં અને બીજી બાજુ અનુક્રમે ઉંચા થતાં થતાં યાવત્ ૭૨ યોજન ઉંચા [2]થયેલાં છે. તથા પૂર્વે કહેલા ઇષુકારાદિ ઉપરના જિનચૈત્યોથી બમણા પ્રમાણવાળા હોવાથી ૧૦૦ યોજન દીર્ઘ, ૫૦ યોજન પહોળાં અને ૭૨ યોજન ઉંચાં છે.

॥ નંદીશ્વર દ્વીપમાં વિમાનસંક્ષેપ ॥

શ્રી જિનેશ્વરોના કલ્યાણક પ્રસંગે સૌધર્મઇન્દ્ર વિગેરે ઇન્દ્રો જે પાલકાદિ નામના લાખ યોજન પ્રમાણના પ્રયાણવિમાનમાં બેસીને આવે છે, તે વિમાનોને સર્વે ઇન્દ્રો અહિં નંદીશ્વરદ્વીપ ઉપર જ સંક્ષેપી ન્હાનાં બનાવીને ભરતાદિ ક્ષેત્રમાં આવે છે.

॥ નંદીશ્વરદ્વીપમાં ઇન્દ્રકૃત અટ્ઠાઈ મહોત્સવ ॥

દરેક વર્ષના પર્યુષણપૂર્વ, ત્રણ ચાતુર્માસિકપર્વ, તથા શ્રીસિદ્ધચક્રારાધનપર્વ એ પ્રસંગોમાં તથા શ્રી જિનેશ્વરનાં જન્માદિ કલ્યાણમહોત્સવ કરીને પાછા વળતી વખતે ઇંદ્રો

---

૧. શ્રી જીવાભિગમજીવૃત્તિમાં ૩૨ રતિકરો કહ્યા છે પણ ઉંચાઈ આદિ વક્તવ્યતા નથી.

૨. આ જિનભવનોમાં નીચાણ ભાગ કયાં અને ઉંચો ભાગ ક્યાં તે જો કે સ્પષ્ટ કહ્યું નથી પરન્તુ સિંહનિષાદીને અનુસારે વિચારતાં બેઠેલો સિંહ જેમ મુખ તરફ ઉંચો અને પુચ્છ તરફ નીચો હોય છે તેમ આ જિનભવનો અગ્રદ્વાર તરફ ઉંચા અને પશ્ચિમ ભિત્તિ તરફ નીચા હોય એમ સંભવે છે.

આ નંદીશ્વરદ્વીપમાં અટ્ઠાઈ મહોત્સવ કરે છે, ત્યાં પૂર્વદિશિના અંજનગિરિ ઉપર સૌધર્મઇન્દ્ર, અને ચાર દધિમુખપર્વત ઉપર એના જ ચાર લોકપાલ અટ્ઠાઈ મહોત્સવ કરે છે. ઉત્તરદિશિના અંજનગિરિ ઉપર, ઈશાન ઇન્દ્ર, અને ૪ દધિમુખપર્વતો ઉપર એના જ ચાર લોકપાળ અટ્ઠાઈમહોત્સવ કરે છે, દક્ષિણ અંજનગિરિ ઉપર ચમરેન્દ્ર, અને દક્ષિણના ચાર દધિમુખ ઉપર ચમરેન્દ્રના ચાર લોકપાલ અટ્ઠાઈ ઉત્સવ કરે છે, તથા પશ્ચિમ અંજનગિરિ ઉપર બલીન્દ્ર અને પશ્ચિમના ૪ દધિમુખ ઉપર એના લોકપાળ, અટ્ઠાઈ ઉત્સવ કરે છે.

॥ વિદિશાના ૪ રતિકર પર્વત અને ૧૬-૩૨ ઇન્દ્રાણીઓની રાજધાની ॥

વળી આ દ્વીપના અતિમધ્યભાગે ચાર વિદિશામાં ૪ रतिकरपर्वत છે. આંતરાના બે બે રતિકરોથી આ જૂદા રતિકર છે. તે સર્વ રત્નના બનેલા, ૧૦૦૦૦ (દશહજાર) યોજન ઉપરનીચે વિસ્તારવાળા, અને (૧૦૦૦) યોજન ઊંચા છે, તેથી ઝાલર [ઘંટ] સરખા છે. ૨૫૦ યોજન ભૂમિમાં દટાયલા છે, અને ગોળ આકારના છે. એ દરેક રતિકરથી લાખ લાખ યોજન દૂર લાખ લાખ યોજનના પ્રમાણવાળી રાજધાનીઓ ઇન્દ્રાણીઓની છે, તે આ પ્રમાણે—

અગ્નિખૂણાના રતિકરપર્વતની ચાર દિશાએ તથા નૈઋત્યકોણના રતિકરની ચાર દિશાએ મળી સૌધર્મેન્દ્રની આઠ ઇન્દ્રાણીઓની રાજધાનીઓ છે. તથા વાયવ્ય અને ઈશાનકોણના બે રતિકરપર્વતની ચાર ચાર દિશાએ ઈશાનેન્દ્રની ૮ ઇન્દ્રાણીઓની ૮ રાજધાનીઓ છે જેથી સર્વ મળી ૧૬ રાજધાનીઓ છે. એ દરેક રાજધાનીમાં એકેક જિનચૈત્ય છે તેથી ૧૬ જિનચૈત્યો ઇન્દ્રાણીની રાજધાનીઓમાં અધિક છે, વળી મતાન્તરે તો દરેક રતિકરની આઠે દિશામાં આઠ આઠ રાજધાનીઓ આઠ આઠ ઇન્દ્રાણીઓની ગણેલી હોવાથી દરેક ઇન્દ્રાણીની બે બે રાજધાની મળીને ૩૨ રાજધાનીઓ હોવાથી ૩૨ જિનચૈત્ય પણ અધિક ગણાય છે.

એ રીતે નંદીશ્વરદ્વીપમાં ૫૨ (બાવન) ચૈત્ય તો પ્રસિદ્ધજ છે. જેથી જૂદી જુદી અપેક્ષાએ તો ૨૦-૫૦ અને રાજધાનીનાં *૧૬-૩૨ અધિક એટલાં શાશ્વત જિનચૈત્યો છે.

॥ ૧૧ મા કુંડલદ્વીપમાં કુંડલગિરિ ઉપર ૪ જિનચૈત્ય ॥

એ નંદીશ્વરદ્વીપ ૮ મો છે, ત્યારબાદ ૯ મો અરૂણદ્વીપ, અને ૧૦ મો અરૂણોપપાતદ્વીપ, ત્યારબાદ ૧૧ મો આ कुंडलद्वीप છે. આ દ્વીપમાં અતિમધ્યભાગે વલયાકારે માનુષોત્તરપર્વત સરખો સિંહનિષાદી આકારવાળો कुंडलगिरिનામનો પર્વત છે, તે ૪૨૦૦૦ યોજન ઊંચો, અને ૧૦૦૦ યોજન ભૂમિમાં ઊંડો છે, તેની ઉપર અતિમધ્યભાગે ચાર દિશાએ ૪ જિનભવનો છે, તે નંદીશ્વરદ્વીપના સમાન છે. વળી અહિં લોકપાલની અગ્રમહિષીઓની ૩૨ રાજધાનીઓ છે તે આ પ્રમાણે—

એ વલયાકાર કુંડલગિરિના અભ્યન્તરભાગે નીચે ભૂમિઉપર ઉત્તરમાં અને દક્ષિણમાં ચાર ચાર પર્વત સોમ-યમ વૈશ્રમણ અને વરૂણપ્રભ નામના છે તે પૂર્વોક્ત રતિકર-

* શાશ્વતપ્રતિમાની ગણત્રી પ્રસંગે નંદીશ્વરનાં ૫૨+૧૬ મળી ૬૮ ચૈત્ય ગણ્યાં છે.

॥ ११ मा कुंडलद्वीपमां कुंडलगिरि उपर ४ जिन चैत्य अने अभ्यन्तर भागे नीचे लोकपालनी ३२ राजधानी ॥

અહિ દક્ષિણ દિશામાં ૪ લોકપાલના નામવાળા ચાર પર્વતોની દરેકની ચાર ચાર દિશાએ ૪-૪ રાજધાનીઓ મળી ૧૬ રાજધાની સૌધર્મેન્દ્રના ચાર લોકપાલની છે, એ રીતેજ ઉત્તરદિશામાં ઈશાનેન્દ્રના ચાર લોકપાલની ૧૬ રાજધાની છે.



કુંડલગિરિ ૪૨૦૦૦ યોજન ઉંચો ૧૦૦૦ યોજન ભૂમિમાં અને સિંહ નિષદન આકારે વલયાકાર છે.

સૂચના:- આ ચિત્રમાં પર્વતનો વર્ણ લીલો છે તેને બદલે લાલવર્ણ સમજવો.

॥ १३ मा रुचकद्वीपमां ४ जिन चैत्य अने ४० दिकुमारिका ॥

આ રૂચકગિરિ સિંહનિપાદી આકારનો છે, તે ૮૪૦૦૦ યોજન ઉંચો, ૧૦૦૨૨ યોજન મૂળ વિસ્તાર અને ૭૦૨૩ યોજન મધ્ય વિસ્તાર, તથા ૪૦૨૪ યોજન શિખર વિસ્તારવાળો છે, તે શિખર વિસ્તારના અહારના ચોથા હજારમાં ૪ ચૈત્ય ૩૬ દિકકુમારીકૂટ છે, અને દ્વીપના અભ્યન્તરાર્ધ ભાગમાં ૪ દિક્કુમારીકૂટ છે.



સૂચના:- આ ચિત્રમાં પર્વતનો વર્ણ લીલો છે તેને બદલે લાલવર્ણ સમજવો.

પર્વત સરખા છે, એમાં દક્ષિણદિશાના ૪ પર્વતની ચાર ચાર દિશાએ લાખ લાખ યોજન દૂર અને લાખ લાખ યોજન વિસ્તારવાળી ચાર ચાર રાજધાનીઓ છે તે સૌધર્મેન્દ્રના ચાર લોકપાળની એ ૧૬ રાજધાની છે, તેવી જ રીતે ઉત્તરદિશામાં ઈશાનેન્દ્રના ચાર લોકપાળની પણ ચાર ચાર રાજધાની હોવાથી ૧૬ રાજધાની છે, જેથી સર્વમળી ૩૨ રાજધાનીઓ છે, પરન્તુ અહિં જિનચૈત્યની વિવક્ષા મતાન્તરે પણ દેખાતી નથી, જેથી કુંડલદ્વીપમાં ૪ जिनचैत्य કહ્યાં છે.

॥ ૧૩ મા રૂચકદ્વીપમાં રૂચકગિરિ ઉપર ૪ જિનચૈત્ય ॥

૧૧ મા કુંડલદ્વીપ બાદ શંખદ્વીપ નામનો ૧૨મો દ્વીપ છે, અને ત્યારબાદ ૧૩મો कंचकद्वीप* નામનો દ્વીપ છે, તેના પણ અતિમધ્યભાગે માનુષોત્તર પર્વતસરખો रुचकगिरि નામનો વલયાકારપર્વત છે, તે ૮૪૦૦૦ યોજન ઊંચો, મૂળમાં ૧૦૦૨૨ (દશહજાર બાવીસ) યોજન વિસ્તારવાળો, અને મધ્યમાં ૭૦૨૩ (સાતહજાર ત્રેવીસ) યોજન વિસ્તારવાળો છે, અને શિખરતલે ૪૦૨૪ (ચારહજાર ચોવીસ) યોજન વિસ્તારવાળો છે, તેના ઉપર ચોથાહજારમાં એટલે બાહ્ય રૂચકાર્ધ તરફના ૧૦૨૪ યોજનના મધ્યભાગે ચાર દિશાએ ૪ जिनभवन છે તે, નંદીશ્વર દ્વીપના અંજનગિરિ ઉપરના ચૈત્ય સરખાં છે[1] ॥ इति ४ रुचकगिरिजिनचैत्यानि ॥

॥ રૂચકગિરિ ઉપર ૩૬ અને નીચે ૪ દિક્કુમારી ॥

એજ પર્વતઉપર ચોથાહજારમાં મધ્યભાગે ચાર દિશાએ જે ૪ જિનભવનો કહ્યાં છે, તે દરેક જિનભવનની બે બે પડખે ચાર ચાર કૂટ છે, જેથી સર્વમળી ૩૨ દિશિકૂટ છે, અને એજ પર્વતઉપર ચોથાહજારના મધ્યભાગે ચાર વિદિશામાં એકેક કૂટ હોવાથી ૪ વિદિશિકૂટ છે, તે સર્વમળી ૩૬ રૂચકકૂટ ઉપર ૩૬ દિક્કુમારી રહે છે કે જે દિક્કુમારીઓ શ્રીજિનેશ્વરના જન્મકલ્યાણકપ્રસંગે આવતી ૫૬ દિક્કુમારીઓમાંની છે, અને ઊર્ધ્વરૂચકની ગણાય છે, વળી એ પર્વતની નીચે અભ્યન્તરરૂચકાર્ધના મધ્યભાગે ૪ પર્વતો–કૂટઉપર ૪ દિક્કુમારી રહે છે, તે મધ્યરૂચકની ગણાય છે અથવા જંબૂપ્રજ્ઞપ્તિઅનુસારે તો પર્વતઉપર જ બીજા હજારમાં એ ચાર દિક્કુમારિકા કહી છે, તે આગળની (૪–૨૬૦ મી) ગાથામાં કહેવાશે.

॥ તીર્છાલોકના ૩ વલયાકાર પર્વતો ॥

એ પ્રમાણે આ તીર્છાલોકમાં માનુષોત્તરપર્વત, કુંડલગિરિ, અને રૂચકગિરિ એ ત્રણ પર્વતો વલયાકારે છે, અને બાકીના અનેક પર્વતોમાંના કેટલાક દીર્ઘ, કેટલાક પલ્યાકાર, કેટલાક ઝલ્લરી આકારના, કેટલાક ઉદસ્તગોપુચ્છાકાર, કેટલાક અશ્વસ્કંધ અથવા

---

* અરૂણદ્વીપથી ત્રિપ્રત્યવતાર ગણતાં ૧૮ મો રૂચકદ્વીપ ગણાય છે.

૧. કુંડલગિરિનાં ૪ અને રૂચકગિરિનાં ૪ ચૈત્ય મળી આઠે ચૈત્યને નંદીશ્વરચૈત્ય સરખાં કહ્યાં છે, જેથી આકાર સિંહનિષાદી કે અન્ય તેની સ્પષ્ટતા યથાસંભવ વિચારવી તથા એ ૬૦ ચૈત્યો ચાર ચાર દ્વારવાળાં છે, અને રાજધાની ચૈત્યો ત્રણ ત્રણ દ્વારવાળાં કારણકે એ ૬૦ ચૈત્યો સિવાયનાં ત્રણે લોકનાં શાશ્વતચૈત્યો ત્રણ ત્રણ દ્વારવાળાં જ કહ્યાં છે.

॥ ८ मा नंदीश्वरद्वीपमां चार दिशाए ४ अंजनगिरि ॥

[गा० २५८, पृ० ३९१]



સિંહનિષાદ આકારના, કેટલાક ગજદંતઆકારના છે અને કેટલાક [1]ડમરૂક આકારના પણ છે ॥ ૨ ॥ ૨૫૮ ॥

અવતરણ:—પૂર્વગાથામાં કુંડલગિરિ અને રૂચકગિરિ કહ્યા, તેમાં કુંડલગિરિથી રૂચકગિરિ કંઈક તફાવતવાળો છે, તે તફાવત આ ગાથામાં કહેવાય છે.

वहुसंखविप्पेरुअग–दीवि उच्चत्ति सहसचुलसीई ।
णरणगसमरुअगो पुण, वित्थरि सयठाणि सहसंको ॥३२५९॥

---

૧. ચમરેન્દ્ર અને બલીન્દ્રના ઉત્પાત પર્વતો ડમરૂક સરખા અથવા વજ્રસરખા નીચે ઉપર પહોળા અને અતિમધ્યમાં પાતળા છે માટે.

શબ્દાર્થ : —

बहुसंख–ઘણી સંખ્યાના	णरणगसम–માનુષોતર પર્વત સરખો
विगप्पे–વિકલ્પવાળા	रुअगो–રૂચકગિરિ
रुअगदीवि–રૂચકદ્વીપમાં	पुणवित्थरि–પરન્તુ વિસ્તારમાં
उच्चत्ति–ઉંચાઈમાં	सयठाणि–સોને સ્થાને
सहचुलसीई–ચોર્યાસીહજાર યોજન	सहसअंको–હજારનો અંક જાણવો.

गाणार्थ :—ઘણી સંખ્યાના વિકલ્પવાળા રૂચકદ્વીપમાં રૂચકગિરિ માનુષોતર પર્વત સરખો છે, પરન્તુ ઉંચાઈમાં ૮૪૦૦૦ યોજન ને, અને વિસ્તારમાં સોને સ્થાને હજાર અંકવાળો છે ॥ ૩ ॥ ૨૫૯ ॥

विस्तरार्थ :—પૂર્વગાથાના વિસ્તરાર્થમાં કુંડલગિરિ અને રૂચકગિરિનું વર્ણન સ્પષ્ટ રીતે કહેવાયું છે, તો પણ અહિં ગાથાને અનુસારે કિંચિત્ કહેવાય છે તે આ પ્રમાણે —રૂચકદ્વીપ ઘણી સંખ્યાના ભેદવાળો છે, એટલે જૂદી જૂદી રીતે વિચારતાં રૂચકદ્વીપ ૧૧મો, ૧૩મો૧૫, મો, ૧૮ મો, અને ૨૧ મો પણ ગણાય છે, તે આ રીતે—શ્રી દ્વીપ સાગર પ્રજ્ઞપ્તિની નિર્યુક્તિમાં કુંડલદ્વીપનો ૨૬૨૧૪૪૦૦૦૦૦ યોજન વિષ્કંભ કહ્યો છે, અને રૂચકદ્વીપનો ૧૦૪૮૫૭૬૦૦૦૦૦ વિષ્કંભ કહ્યો છે માટે જંબૂદ્વીપથી સ્થાન દ્વિગુણ વિચારતાં કુંડલદ્વીપ દશમો અને રૂચકદ્વીપ ૧૧ મો આવે છે. તથા શ્રીઅનુયોગદ્વારસૂત્રમાં અરૂણાવભાસદ્વીપ અને શંખવર દ્વીપ નહિ ગણીને (૮ મો નંદી, ૯ મો અરૂણ ગણીને) કુંડલદ્વીપ ૧૦ મો અને રૂચકદ્વીપને ૧૧ મો સૂચવ્યો છે, અને અનુયોગદ્વારચૂર્ણિમાં તથા સંગ્રહણીમાં ૮ મા નંદીશ્વરદ્વીપ બાદ ૯ મો અરૂણવર, ૧૦ અરૂણાવભાસ, ૧૧ મો કુંડલવર, ૧૨ મો શંખવર, અને ૧૩ મો રૂચકવરદ્વીપ કહ્યો છે.

તથા શ્રીબૃહત્સંગ્રહણીમાં દર્શાવેલા ક્રમ પ્રમાણે ત્રિપ્રત્યવતાર વિના રૂચકદ્વીપ ૧૩ મો થાય છે, પરન્તુ અરૂણથી માંડીને ત્રિપ્રત્યવતાર ગણતાં ૨૧ મો થાય છે, અને શ્રી જીવાભિગમજીસૂત્ર તથા વૃતિને અનુસારે આઠમા નંદીશ્વર દ્વીપ બાદ અરૂણદ્વીપ અને કુંડલદ્વીપ ત્રિપ્રત્યવતારી આવે છે, જેથી રૂચકદ્વીપ ૧૫ મો પણ ગણાય, તથા અરૂણોપપાતને ન ગણીને અને નંદીશ્વર પછી અરૂણ કુંડલ અને શંખદ્વીપના ત્રિપ્રત્યવતાર ગણીને ત્યારબાદ રૂચકદ્વીપ ગણતા ૧૮ મો રૂચકદ્વીપ આવે છે. એ પ્રમાણે જૂદી જૂદી રીતે રૂચકદ્વીપની અંક સંખ્યા શાસ્ત્રોમાં ગણેલી છે. માટે આ ગાથામાં बहुसंखविगप्पेरुअगदीवि કહ્યું છે.

એ રીતે અનેકસંખ્યાવાળા રૂચકદ્વીપમાં रुचकगिरि નામનો વલયાકાર પર્વત તે માનુષોતરપર્વતસરખો એટલે સિંહનિષાદી આકારવાળો છે. પરન્તુ માનુષોત્તરગિરિ ૧૭૨૧ યોજન ઉંચો છે, ત્યારે આ રૂચકપર્વત ૮૪૦૦૦ યોજન ઉંચો છે, તથા વિસ્તારમાં 'સો'ને સ્થાને 'હજાર' અંકવાળો છે. એટલે માનુષોત્તર પર્વત મૂળમાં (૧૦૨૨) દશ "સો" બાવીસ યોજન અને શિખરતલે (૪૨૪) ચાર 'સો' ચોવીસ યોજન છે, ત્યારે આ રૂચકગિરિ મૂળમાં દશ 'હજાર' બાવીસ યોજન

અને શિખરતલે ચાર 'હજાર' ચોવીસ યોજન વિસ્તારવાળો છે, એ રીતે 'સો' શબ્દને સ્થાને 'હજાર' શબ્દ જાણવો.

તથા કુંડલગિરિ પણ જો કે ઉંચાઈમાં ભિન્ન છે, એટલે ૪૨૦૦૦ યોજન ઉંચો છે, તો પણ આકાર અને વિસ્તારમાં માનુષોત્તરગિરિ સરખો હોવાથી ગ્રંથકર્તાએ કુંડલગિરિનો તફાવત દર્શાવ્યો નથી, નહિતર રૂચકગિરિના તફાવતની ગાથા જેવી કુંડલગિરિના તફાવતની ગાથા પણ કહેવી યોગ્ય હતી, પરન્તુ ઉંચાઈ માત્રનો જ અલગ [1]તફાવત હોવાથી કહી નથી. ॥ ૩ ॥ ૨૫૯ ॥

अवतरणः—રૂચકગિરિ ઉપર ૪ જિનચૈત્યો પૂર્વગાથામાં કહ્યાં છે, પરન્તુ તે ઉપરાન્ત ૪૦ દિશાકુમારી દેવીઓ પણ રહે છે તે આ ગાથામાં કહેવાય છે—

तस्स सिहरम्मि चउदिसि, बीअसहसिगिगु चउत्थि अट्ठट्ठा ।
विदिसि चऊइअ चत्ता, दिसिकुमरीकूड सहसंका ॥४॥२६०॥

શબ્દાર્થ :—

तस्स–તે રૂચકગિરિના
सिहरम्मि–શિખર ઉપર
चउदिसि–ચાર દિશાએ
बीअसहसि–બીજા હજારમાં
इगइगु–એકેક કૂટ છે.
चउत्थि–ચોથા હજારમાં
अट्ठअट्ठा–આઠ આઠ કૂટ છે
विदिसि चऊ–વિદિશામાં ચારકૂટ છે
इअ चत्ता–એ ચાલીસ
दिसिकुमरीकूड–દિશાકુમારીનાં કૂટ છે
सहसअंका–સહસ્રાંક કૂટ છે.

ગાથાર્થઃ—તે રૂચકગિરિના શિખરતલે બીજા હજારમાં ચારદિશાએ એકેક કૂટ છે, તથા ચોથા હજારમાં આઠ આઠ કૂટ છે, અને વિદિશામાં ચાર કૂટ છે, એ પ્રમાણે ચાલીસ દિશાકુમારીનાં ૪૦ કૂટ છે, અને તે સહસ્રાંકકૂટ છે. ॥ ૪ ॥ ૨૬૦ ॥

વિસ્તરાર્થઃ—બીજી ગાથાના વિસ્તરાર્થમાં આ ભાવાર્થ કહેવાઈ ગયો છે તો પણ આ ગાથાનું સ્થાન શૂન્ય ન રહેવાના કારણથી કિંચિત્ કહેવાય છે તે આ પ્રમાણે— રૂચકગિરિ ૪૦૨૪ યોજન શિખરતલે પહોળો છે, ત્યાં અભ્યન્તર ભાગના પહેલા ૧૦૦૦ યોજન છોડીને બીજા હજારના મધ્યભાગે એટલે પર્વતના અભ્યન્તરતટથી ૧૫૦૦ યો. દૂર ચારદિશામાં ચાર કૂટ છે તે ઉપર એકેક દિશાકુમારી દેવીનો નિવાસ છે તે મધ્ય એટલે પર્વત ઉપરના અભ્યન્તર ભાગમાં હોવાથી मध्यरूचकनी ૮ दिशाकुमारी કહેવાય છે, અથવા બીજા ગ્રંથોના અભિપ્રાયપ્રમાણે એ ચાર કૂટપર્વત ઉપર નથી પરન્તુ પર્વતની નીચે રૂચકદ્વીપના અભ્યન્તરઅર્ધમાં મધ્યભાગે ચારદિશામાં હોવાથી મધ્યરૂચકની કુમારી કહેવાય છે, એવો પણ અભિપ્રાય છે. ॥ इति ४ मध्यरुचक दिक्कुमारीकूटानि ॥

---

૧ અહિં તફાવતમાં આકાર ઉંચાઈ અને પહોળાઈ એ ત્રણ જ વિચારવાનાં છે, નહિતર બીજી રીતે વિચારતાં તો પર્વતો અને ચૈત્યોમાં પ્રમાણ વિગેરેના અનેક તફાવત છે, પરન્તુ તેવા તફાવતોની અહિં વિવક્ષા નથી. તથા ચૈત્યાદિનું સ્વરૂપ પૂર્વગાથાના વિસ્તરાર્થમાં કહેવાઈ ગયેલું હોવાથી હવે અહિં પુનઃ કહેવું યોગ્ય નથી માટે કહ્યું નથી.

તથા એજ રૂચકગિરિના ચોથાહજારમાં એટલે પહેલા ત્રણહજાર યોજન પછીના ૧૦૨૪ યોજનના મધ્યભાગે ચાર દિશામાં એકેક सिद्धकुट છે, અને તે सिद्धकूटની બે પડખે ચાર ચાર કૂટ છે તે ઉપર દિશાકુમારીના નિવાસ છે, તેથી पूर्वरूचकनी ૮ कुमारी दक्षिण रुचकनी ૮ कुमारी, पश्चिमरुचकनी ૮ कुमारी અને उतररूचकनी ૮ कुमारी એવા [1]નામથી પ્રસિદ્ધ છે. ॥ इति ३२ दिशिरूचकदिक्कुमारीकूटानि ॥

તથા એજ ચોથાહજારમાં અગ્નિકોણ આદિ વિદિશાઓમાં એકેક દિક્કુમારીકૂટ હોવાથી ૪ विदिशिरूचकदिक्कुमारी ગણાય છે. ॥ इति विदिशिरूचकदिकुमारीकुटानि ॥

એ પ્રમાણે રૂચકગિરિ ઉપર ૪૦ દિશાકુમારીકૂટ છે, તેમાં વિદિશિનાં ૪ કૂટ સહસ્રાંક છે એટલે હજાર યોજન ઉંચાં હજાર યોજન મૂળ વિસ્તારવાળાં, અને ૫૦૦ યોજન શિખરવિસ્તારવાળાં બલકૂટાદિ [2]સરખાં છે. એ રીતે રુચકપર્વતસંબંધિ કિંચિત્ સ્વરૂપ જાણવું. ॥ ૪ ॥ ૨૬૦ ॥

अवतरणः—હવે આ ક્ષેત્રસમાસપ્રકરણનો उपसंहार કરતાં આચાર્ય પર્યન્તમંગલ તરીકે આ ગ્રંથ રચવામાં શ્રીજિનેશ્વરાદિકનીજ કૃપા છે એમ પોતાની લઘુતાપૂર્વક આ ગાથામાં દર્શાવે છે—

इइ कइवयदीवोदहि–विआरलेसो मए विमइणावि ।
लिहिओ जिणगणहरगुरु–सुअसुअदेवीपसाएण ॥५॥२६१॥

શબ્દાર્થ:—

इइ–ઇતિ, એ પ્રમાણે
कइवयदीवोदहि–કેટલાક દ્વીપસમુદ્રનો
विआरलेसो–લેશ વિચાર
मए–મેં
विमइणा वि–મતિ રહિત એવાએ પણ
लिहिओ–લખ્યો
जिणगणहर–જિનેશ્વર ગુણધર
गुरु सुअ–ગુરૂ અને શ્રુતજ્ઞાન
सुअदेवी–શ્રુતદેવીના
पसाएण–પ્રસાદવડે

---

૧ દરેક દિક્કુમારીનાં જૂદાં જૂદાં નામ અને કાર્ય આ પ્રમાણે-

पूर्वरूचकनी ૮-નંદોતરા-નંદા-સુનંદા-નંદીવર્ધની-વિજયા-વૈજયન્તી-જયન્તી-અપરાજીતા શ્રી જિનેશ્વરના જન્મ સમયે પ્રભુની આગળ દર્પણ ધરી ગાયન કરતી ઉભી રહે છે.

दक्षिणरुचकनी ૮-સમાહારા સુપ્રદત્તા-સુપ્રબુદ્ધા યશોધરા-લક્ષ્મીવતી શેષવતી ચિત્રગુપ્તા વસુન્ધરા શ્રી જિનેશ્વર આગળ કળશમાં જળ ભરીને ગાયન કરતી ઉભી રહે છે.

पश्चिमरुचकनी ૮-ઈલાદેવી-સુરાદેવી પૃથ્વી પદ્માવતી-એકનાસા અનવમિકા-ભદ્રા – અશોકા શ્રી જિનેશ્વરની આગળ પંખા હલાવતી ગાયન કરતી ઉભી રહે છે.

उत्तररूचकनी ૮-અલંબુસા-મિશ્રકેશી પુંડરીકા-વારૂણી-હાસા સર્વપ્રભા-શ્રી-હ્રી એ જિનેશ્વરની આગળ પ્રભુને ચામર ઢાળતી ગાયન કરતી ઉભી રહે છે.

विदिशिरूचकनी ૪ ચિત્રા-ચિત્રકનકા-તેજા-સુદામિની દીપક ધરી ગાયન કરતી ઉભી રહે છે.

मध्यरुचकनी ૪-રૂપા રૂપાન્તિકા સુરૂપા-રૂપવતી પ્રભુની પ્રસૂતિકર્મ કરે છે

એ ૪ ઉપરાન્ત ઊર્ધ્વલોકની ૮ કુમારી ૮ નંદનકૂટ (મેરૂકૂટ), અને અધોલોકની ૮ કુમારી ચાર ગજદંતગિરિના કૂટ પ્રસંગે કહેવાઇ ગઈ છે, જેથી સર્વમળી ૫૬ दिक्कुमारी જાણવી.

૨. શેષકૂટોનું પ્રમાણ સ્પષ્ટ રીતે કહ્યું નથી, માટે શ્રીબહુશ્રુતથી જાણવું.

ગાથાર્થઃ—એ પ્રમાણે બુદ્ધિરહિત એવા પણ મેં કેટલાક દ્વીપસમુદ્રોનો લેશમાત્ર વિચાર શ્રી જિનેશ્વરની ગણધરની ગુરૂની શ્રુતની અને શ્રુતદેવીની કૃપાવડે લખ્યો ॥૫॥૨૬૧॥

વિસ્તરાર્થઃ સુગમ છે. વિશેષ એજ કે—કેટલાક દ્વીપસમુદ્ર એટલે વિશેષતઃ ૨॥ દ્વીપ ૨ સમુદ્ર અને અતિસંક્ષેપથી નંદીશ્વર કુંડલ રૂચકાદિનો લેશવિચાર દર્શાવ્યો છે. તથા विमइणावि એ પદવડે પોતાની લઘુતા દર્શાવી છે, અને जिणगणहर આદિ પદોવડે પોતાની લઘુતાપૂર્વક [1]પર્યન્તમંગલ પણ દર્શાવ્યું છે. તથા આ ગ્રંથકર્તાના ગુરૂ શ્રીજગત્શેખર અથવા જયશેખર આચાર્યની પાટે થયેલા श्रीवज्रसेनसूरि છે, કે જે પ્રથમ ગાથામાંજ નમસ્કૃત થયેલા છે ॥ ૫ ॥ ૨૬૧ ॥

अवतरणः—આ ગ્રંથમાં વિશેષતઃ ૨॥ દ્વીપ ૨ સમુદ્રના સ્વરૂપનો વિસ્તાર કહીને હવે બીજા બાકી રહેલા અસંખ્યાતા દ્વીપસમુદ્રના સ્વરૂપનો વિસ્તાર શી રીતે જાણવો? તે આ ગાથામાં કહેવાય છે—

सेसाण दीवाण तहोदहीणं, विआरवित्थारमणोरपारं ।
सया सुयाओ परिभावयंतु, सव्वंपि सव्वन्नुमइक्कचित्ता ॥६॥२६२॥

શબ્દાર્થઃ—

सेसाण—શેષ	सया सुयाओ—હંમેશાં શ્રુતજ્ઞાનથી
दीवाण—દ્વીપોના	परिभावयंतु—વિચારો
तहा उदहीणं—તથા સમુદ્રોના	सव्वंपि—સર્વ પણ
विआरवित्थारं—સ્વરૂપ વિસ્તારને	सव्वन्नुम (य)—સર્વજ્ઞ મતમાં
अणोरपारं—અનન્તપાર	इक्कचित्ता—એક ચિત્તવાળા

ગાથાર્થઃ—શેષદ્વીપો તથા સમુદ્રના પારાવાર રહિત (અપાર) વિચારના-સ્વરૂપના સર્વ વિસ્તારને સર્વજ્ઞમતમાં એકચિત્તવાળા થઈને હંમેશા શ્રુતને અનુસારે વિચારો ॥ ૬ ॥ ૨૬૨ ॥

વિસ્તરાર્થઃ—અહિં શેષ એટલે બાકીના અસંખ્યાતા દ્વીપસમુદ્રો છે, તેનું દરેકનું વિસ્તારથી સર્વસ્વરૂપ વિચારતાં અનન્તસ્વરૂપ છે, તે અનન્તસ્વરૂપને પોતાની મતિ-કલ્પનાથી નહિં પણ શ્રી સર્વજ્ઞભાષિતસિદ્ધાન્તને અનુસારે જ વિચારવું, વળી તે પણ સર્વજ્ઞમતમાં એકચિત્તવાળા થઈને એટલે શ્રી સર્વજ્ઞમત ઉપર દઢ શ્રદ્ધા રાખીને જ વિચારવું, અને જો શ્રદ્ધારહિત વિચારે તો આ દ્વીપસમુદ્રોનું જ નહિ પરન્તુ ચૌદ રાજલોકનું પણ સર્વસ્વરૂપ સામાન્યજ્ઞાનીઓ માટે તે વિચારી શકાય એવું જ નથી, કારણ કે કૂપના દેડકાને જેમ સમુદ્રની વાતો માનવા યોગ્ય ન હોય તેમ સર્વજ્ઞશ્રદ્ધા-

૧. શાસ્ત્રકર્તા ઉત્કૃષ્ટથી આદિમંગલ મધ્યમંગલ અને અન્ત્યમંગલ એ ત્રણ મંગલ ગ્રંથમાં કરે છે, કેટલાક લઘુગ્રંથોમાં કેવળ આદિમંગલજ સ્પષ્ટ હોય છે, અને આવશ્યકાદિ મહાશાસ્ત્રોમાં ત્રણ મંગલ સ્પષ્ટ હોય છે, તેમ આ ક્ષેત્રસમાસમાં સ્પષ્ટ રીતે આદિમંગલ અને પર્યન્તમંગલ એ બે મંગલ છે. અથવા ગ્રંથકર્તાએ કદાચ जिणगणहर આદિ પદોને અન્ત્યમંગલ કરવાના અભિપ્રાયથી ન કહ્યાં હોય છતાં ગર્ભિતરીતે પણ અન્ત્યમંગલ થયું છે, એમ કહેવામાં વિરોધ નથી.

રહિતને અથવા એ સર્વસ્વરૂપ સર્વજ્ઞકથિત છે એવી શ્રદ્ધારહિતને એ ક્ષેત્રોનું સ્વરૂપ માનવા યોગ્ય ન હોય, અને તે સાક્ષાત્ અનુભવાય છે કે વર્તમાનમાં ઘણા જૈનો પણ એવા છે કે પૂર્વોક્ત ક્ષેત્રસ્વરૂપને યથાર્થસ્વરૂપે માનતા નથી. માટે એ સ્વરૂપને શ્રદ્ધાથી અથવા બીજો અર્થ શ્રી લઘુક્ષેત્રસમાસવૃત્તિમાં કહ્યા છે તે આ પ્રમાણે—'સર્વજ્ઞમતમાં એકચિત-વાળા થઈને વિચારો' એટલે સર્વજ્ઞમતમાં એકચિતવાળા થવાથી અનુક્રમે (પરંપરાએ) કેવળજ્ઞાનપ્રાપ્ત થાય છે, અને તેથી સર્વપદાર્થો હાથમાં રહેલા મોટા આમળાની માફક સાક્ષાત્ દેખાય છે, માટે તેવી રીતે કેવળજ્ઞાનપ્રાપ્ત કરીને એ ક્ષેત્રનું સ્વરુપ વિચારો (એટલે સાક્ષાત્ જાણો સાક્ષાત્ દેખો અને) તેનું સ્વરૂપ બીજાની આગળ પ્રરૂપો-કહો, એ [1]ભાવાર્થ છે. ॥ ૬ ॥ ૨૬૨ ॥

અવતરણ :—હવે આ પ્રકરણની સમાપ્તિ કરતાં પ્રકરણકર્તા આચાર્ય પોતાનું નામ પ્રયોજન, અને ગ્રંથ પ્રત્યેની શુભેચ્છા દર્શાવે છે તે આ પ્રમાણે—

सूरीहिं जं रयणसेहरनामएहिं, अप्पत्थमेव रइयं णरखित्तविक्खं ।
संसोहिअं पयरणं सुअणेहि लोए, पावेउ तं कुसलरंगमइं पसिद्धिं॥७॥२६३॥

શબ્દાર્થ :—

सूरीहिं-આચાર્યે	संसोहिअं-શોધ્યું, શુદ્ધ કર્યું
जं-જે (આ પ્રકરણ)	पयरणं-આ પ્રકરણ
रयणसेहर-શ્રી રત્નશેખર	सुअणेहिं-સજ્જનોએ
नामएहिं-નામવાળા	लोए-લોકને વિષે
अप्प (अ)त्थं एव-પોતાને અર્થે જ	पावेउ-પામો
रइयं-રચેલું, રચ્યું	तं-તે પ્રકરણ
णरखित्त-મનુષ્યક્ષેત્રની	कुसलरंगमइं-કુશળ રંગની બુદ્ધિવાળું
विक्खं-વ્યાખ્યાવાળું	पसिद्धिं-પ્રસિદ્ધિને

ગાથાર્થ :—શ્રી રત્નશેખરસૂરિ નામનાઆચાર્યે આ જે મનુષ્યક્ષેત્રની વ્યાખ્યા-વાળું પ્રકરણ પોતાના આત્માને અર્થે જ રચ્યું, અને સુજનોએ (બીજા ઉતમજ્ઞાની આચાર્યાદિકે) શોધ્યું શુદ્ધ કર્યું, તે કુશલ રંગમતિવાળું આ પ્રકરણ લોકમાં સુજનો વડે પ્રસિદ્ધિને પામો ॥ ૭ ॥ ૨૬૩ ॥

---

૧. એ ભાવાર્થમાં પણ એવો સાર કાઢી શકાય છે કે-આ ક્ષેત્રોનું સ્વરૂપ દૃઢ શ્રદ્ધાવંત છદ્મસ્થ સત્ય માની શકે અથવા તો સર્વજ્ઞ પોતે સાક્ષાત્ જાણીદેખી શકે, પરંતુ સર્વજ્ઞમતની શ્રદ્ધારહિતને માટે તો બહુ વિષમ છે કારણ કે અમુક માઈલનાજ વિસ્તારવાળી આ દુનિયા-પૃથ્વી છે, એવા નિર્ણયવાળાને અને હિમાલયથી મોટા પર્વતો દેખ્યા ન હોય તેવાઓને તથા પાસીફિક, આટલાંટિક આદિ મહાસાગરોથી મોટા સમુદ્રો દેખ્યા ન હોય તેવાઓને હજારો યોજનના પર્વતો કરોડો યોજનના તથા અસંખ્ય યોજ-નોના દ્વીપસમુદ્રો કહીએ તો તે શી રીતે માને? એના મનમાં તો એ જ આવે કે એટલા મોટા પર્વતોને દ્વીપો તથા સમુદ્રો હોઇ શકે જ નહિં માટે ગ્રંથકર્તાએ આ ક્ષેત્રસ્વરૂપનો વિષય શ્રદ્ધા પૂર્વક સમજવા યોગ્ય કહ્યો છે.

વિસ્તરાર્થ :—શ્રી જયશેખર સૂરીશ્વરની પાટે થયેલા શ્રી વજ્રસેનસૂરિના શિષ્ય શ્રી रत्नशेखरसूरि આ પ્રકરણના કર્તા છે, આ પ્રકરણમાં ૨॥ દ્વીપ અને ૨ સમુદ્રનું જ વિશેષ સ્વરૂપ છે. પ્રકરણકર્તાએ આ ગ્રંથ પોતાની સ્મૃતિને અર્થે તથા કર્મનિર્જરાને અર્થે રચેલો છે, તે સ્વપ્રયોજન છે, તો પણ ક્ષેત્રનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસાવાળા જીવોને ક્ષેત્રનું જ્ઞાન થવાથી પરને અનુગ્રહબુદ્ધિ તથા ભણનાર વાંચનારને કર્મનિર્જરાનો લાભ એ પ્રયોજન પણ અન્તર્ગત રહેલું છે. પુનઃ આ પ્રકરણને પંડિત મુનિવરોએ જોઈ તપાસી શુદ્ધ કર્યું છે. તેથી આ પ્રકરણ કુશલ–કલ્યાણના રંગથી રંગાયલી મતિવાળું છે; (એટલે આ પ્રકરણ ભણવા વાંચવાની ઈચ્છાથી–બુદ્ધિથી જીવોનું કલ્યાણ થાય એવું છે), માટે એવું આ પ્રકરણ લોકને વિષે સજ્જનો વડે પ્રસિદ્ધિ પામો, અર્થાત્ સજ્જનો આ પ્રકરણની ઉપેક્ષા ન કરતાં બીજાને ભણાવવા ગણાવવા વડે પ્રસિદ્ધ કરશે. [આ ગાથામાં सुअणेहि એ પદ 'સંસોહિઅં' પદને અને 'પસિદ્ધિં પાવેઉ' એ બન્ને પદોને સંબંધવાળું છે.] ॥ ૭ ॥ ૨૬૩ ॥

इति पूज्यपाद जैनाचार्यैं १००८ श्रीमद्विजयमोहनसूरीश्वरप्रेरणातः सिनोरवास्तव्य-
श्रेष्ठिवर्यनानचन्द्रात्मजपंडितचंदुलालेन विहितो विस्तरार्थः समाप्तः ॥

॥ इति श्रीलघुक्षेत्रसमासविस्तरार्थः समाप्तः ॥

श्रीमद्देवेन्द्रसूरिशेखरसन्दृब्धः

॥ श्रीशाश्वतचैत्यस्तवः ॥

सिरिउसहवद्धमाणं चंदाणणवारिसेणजिणचंदं।
नमिउं सासयजिणभवणसंखपरिकित्तणं काहिं ॥ १ ॥
जोइवणेसु असंखा सगकोडि बिसयरिलक्खभवणेसु ।
चुलसीलक्ख सगनवइसहस्स तेवीसुवरिलाए ॥ २ ॥
बावन्ना नंदीसरम्मि चउचउर कुंडले रुयगे ।
इअ सट्ठी चउबारा तिदुवारा सेसजिणभवणा ॥ ३ ॥
पत्तेयं बारेसु अ मुहमंडव-रंगमंडवे तत्तो ।
मणिमयपीढं तदुवरि थूमे चउदिसिसु चउ पडिमा ॥ ४ ॥
तत्तो मणिपीढजुगे असोग-धम्मज्झओ अ पुक्खरिणी ।
पइभवणं पडिमाणं मज्झे अट्ठुत्तरसयं च ॥ ५ ॥
पडिमा पुण गुरुआओ पणधणुसय लहुय सत्तहत्थाओ ।
मणिपीढे देवच्छंदयम्मि सीहासणनिसन्ना ॥ ६ ॥
जिणपिट्ठे छत्तधरा पडिमा जिणभिमुहं दुन्नि चमरधरा ।
नागा भूआ जक्खा कुंडधरा जिणमुहा दो दो ॥ ७ ॥
सिरिवच्छनाभिचुच्चुअ पय-कर-केस-महि-जीअ-तालुरुणा ।
अंकमया नह अच्छी अंतो रत्ता तहा नासा ॥ ८ ॥
ताराइरोमराइ अच्छिदला केसभमुहरिट्ठमया ।
फलिहमया दसण वयरमय सीस विद्दुममया उट्ठा ॥ ९ ॥
कणगमयजाणुजंघा तणुजट्ठीनाससवण भालोरु ।
पलिअंकनिसण्णाणं इय पडिमाणं भवे वण्णो ॥ १० ॥
भवणवणकप्पजोइस उववायभिसेय तह अलंकारा ।
ववसायसुहम्मसहा मुहमंडवभाइ छक्कजुआ ॥ ११ ॥
तिदुआरा पत्तेअं तो पण समथूम सट्ठि बिंबेहिं ।
चेइयबिंबेहिं समं पइभवणं बिंब असीइसयं ॥ १२ ॥

जोयण सयं च पन्ना विसयरि दीहत्त पिहुलउच्चत्तं ।
वेमाणिय नंदीसर कुंडलरुअगे भवणमाणं ॥ १३ ॥
तीसकुलगिरिसु दस कुरु मेरुत्रण असीय वीस गयदंते ।
वक्खारेसुं असीइ चउ चउ इसुयार मणुयनगे ॥ १४ ॥
एयाइं असुरभवणट्ठियाइं पुव्वुत्तमाणअद्धाइं ।
दलिमित्तो नागाई नवसु वणेसु इओ अद्धं ॥ १५ ॥
दिग्गयगिरीसु चत्ता दहे असी कंचणेसु इगसहसो ।
सत्तरि महानईसुं सत्तरिसयं दीहवेयड्ढे ॥ १६ ॥
कुंडेसु तिसय असिया वीसं जमगेसु पंच चूलासु ।
इक्कारस सयसत्तरि जंबूपमुहेसु दस तरुसु ॥ १७ ॥
वट्टवियड्ढे बीसा कोसतयद्धं च दीहविच्थारा ।
चउदस धणु सयचालीस अहिय उच्चत्तणे सव्वो ॥ १८ ॥
अडदीवि विदिसि सोलस सुहुमीसाणग्गदेवनगरीसु ।
एयं बत्तीससया गुणसट्ठिजुआ तिरिअलोए ॥ १९ ॥
एवं तिहुयणमज्झे अडकोडी सत्तवण्ण लक्खा य ।
दो य सया बासिया सासयजिणभवण वंदामि ॥ २० ॥
सट्ठि लक्खा गुणनवइ कोडि तेरकोडि सय बिंबभवणेसु ।
तियसय विसति इगनवइ सहस्स लक्खतिगं तिरिए ॥ २१ ॥
एगं कोडिसयं खलु बावन्ना कोडि चउनवइ लक्खा ।
चउचत्तसहस्स सगसय सट्ठी वेमाणि बिंबाणि ॥ २२ ॥
पनरसकोडिसयाई दुचत्तकोडी उडवन्नलक्खा य ।
छत्तीस सहस असीआ तिहुयणबिंबाणि पणमामि ॥ २३ ॥
सिरिभरहनिवईपमुहेहि जाइं अन्नाइं ईत्थ विहियाइं ।
देविंदमुणिंदथुआइं दिंतु भवियाण सिद्धिसुहं ॥ २४ ॥

इति श्रीशाश्वतचैत्यस्तवः समाप्तः

श्रीरत्नशेखरसूरिकृत—

श्रीलघुक्षेत्रसमासप्रकरणम् ॥

वीरं जयसेहरपय—पइट्ठिअं पणमिऊण सुगुरुं च ।
मंदु त्ति ससरणट्ठा, खित्तविआराऽणुमुंछामि ॥१॥

तिरिएगरज्जुखित्ते, असंखदीवोदही ऊ ते सव्वे ।
उद्धारपलियपणवीस—कोडाकोडी समयतुल्ला ॥२॥

कुरुसगदिणाविअंगुल—रोमे सगवार विहिअअडखंडे ।
बावण्णसयं सहसा, सगणउई वीसलक्खाणू ॥३॥

ते थूला पल्लेवि हु, संखिज्जा चेव हुंति सव्वेऽवि ।
ते इक्किक असंखे, सुहुमे खंडे पकप्पेह ॥४॥

सुहुमाणुणिचियउस्से—हंगुलचउकोसपल्लि घणवट्टे ।
पइसमयमणुग्गह—निट्ठिअम्मि उद्धारपलिउ त्ति ॥५॥

पढमो जंबू बीओ, धायइसंडो अ पुक्खरो तइओ ।
वारुणिवरो चउत्थो, खीरवरो पंचमो दीवो ॥६॥

घयवरदीवो छट्ठो, इक्खुरसो सत्तमो अ अट्ठमओ ।
नंदीसरो अ अरुणो, नवमो इच्चाइअसंखिज्जा ॥७॥

सुपसत्थवत्थुणामा, तिपडोआरा तहाऽरुणाईया ।
इगणामेऽवि असंखा, जाव य सूरावभास त्ति ॥८॥

तत्तो देवे नागे, जक्खे भूए अ सयंभुरमणे य ।
एए पंच वि दीवा, इगेगणामा मुणेयव्वा ॥९॥

पढमे लवणो बीए, कालोदहि सेसएसु सव्वेसु ।
दीवसमणामया जा, सयंभुरमणोदही चरमो ॥१०॥

बीओ तइओ चरमो, उदगरसा पढमचउत्थपंचमगा ।
छट्ठोऽवि सणामरसा, ईक्खुरसा, सेसजलनिहिणो ॥११॥

जंबूदीवपमाणं—गुलजोअणलक्खवट्टविक्खंभो ।
लवणाईया सेसा, वलयाभा दुगुणदुगुणा य ॥१२॥

वयरामईहिं नियनिय—दीवोदहिमज्झगणियमूलाहिं ।
अट्ठुच्चाहिं बारस—चउमूलेउवरिरुंदाहिं ॥१३॥

वित्थारदुगविसेसो, उस्सेहविभत्तखओ चओ होई ।
इअ चूलागिरिकूडाइ—तुल्लविक्खंभकरणाहिं ॥१४॥

गाउदुगुच्चाइ तय—ट्ठभागरुंदाइ पउमवेईए ।
देसूणदुजोयणवरवणाइ परिमंडियसिराहिं ॥१५॥

वेईसमेण महया, गवक्खकडएण संपरित्ताहिं ।
अट्ठारसूणचउभत्त—परिहिदारंतराहिं च ॥१६॥

अट्ठुच्चचउसुवित्थर—दुपाससक्कोसकुड्डदाराहिं ।
पुव्वाइमहड्ढियदेव—दारविजयाइनामाहिं ॥१७॥

नाणामणिमयदेहलि—कवाडपरिघाइदारसोहाहिं ।
जगईहिं ते सव्वे, दीवोदहिणो परिक्खित्ता ॥ १८ ॥

वरतिणतोरणज्झयछत्त—वाविपासायसेलसिलवट्टे ।
वेइवणे वरमंडव—गिहासणेसु रमंति सुरा ॥ १९ ॥

इह अहिगारो जेसिं, सुराण देवीण ताणमुप्पत्ती।
नियदीवोदहिनामे, असंखइमेसनयरीसु ॥ २० ॥

जंबूदीवो छहिं कुल—गिरिहिं सत्तहिं तहेव वासेहिं ।
पुव्वावरदीहेहिं, परिछिन्नो ते इमे कमसो ॥ २१ ॥

हिमवंसिहरी महहिम—वरुप्पिनिसढो य नीलवंतो य ।
बाहिरओ दुदुगिरिणो, उभओ वि सवेइया सव्वे ॥ २२ ॥

भरहेरवय त्ति दुगं, दुगं च हेमवयरण्णवयरुवं ।
हरिवासरम्मयदुगं, मज्झि विदेहु त्ति सग वासा ॥ २३ ॥

दो दीहा चउ वट्टा, वेअड्ढा खित्तछक्कमज्झम्मि ।
मेरू विदेहमज्झे, पमाणमित्तो कुलगिरीणं ॥ २४ ॥

इगदोचउसयउच्चा, कणगमया कणगरायया कमसो ।
तवणिज्जसुवेरुलिया, बहिमज्झभिंतरा दो दो ॥ २५ ॥

दुग अड दुतीस अंका, लक्खगुणा कमेण नउअसयभइया ।
मूलोवरि समरूवं, वित्थारं बिंति जुअलतिगे ॥ २६ ॥

बावण्णहिओ सहसो, बारकला बाहिराण वित्थारो ।
मज्झिमगाण दसुत्तर-बायालसया दस कला य ॥ २७ ॥

अब्भितराण दुकला, सोलसहस्सडसया, सबायाला ।
चउचत्तसहस दोसय, दसुत्तरा दस कला सव्वे ॥२८॥

इगचउसोलसंका, पुव्वुत्तविहीइ खित्तजुअलतिगे ।
वित्थारं बिंति तहा, चउसट्ठिंको विदेहस्स ॥२९॥

पंचसया छव्वीसा, छच कला खित्तपढमजुअलम्मि ।
बीए इगवीससया, पणुत्तरा पंच य कला य ॥३०॥

चुलसीसय इगवीसा, इक्ककला तइयगे विदेहि पुणो ।
तित्तीससहस छसय, चुलसीया तह कला चउरो ॥३१॥

पणपन्नसहस सग सय, गुणणउआ नव कला सयलवासा ।
गिरिखित्तंकसमासे, जोअणलक्खं हवइ पुण्णं ॥३२॥

पन्नाससुद्ध बाहिर-खित्ते दलियम्मि दुसय अडतीसा ।
तिण्णि य कला य एसो, खंडचउक्कस्स विक्खंभो ॥३३॥

गिरिउवरि सवेइदहा, गिरिउच्चत्ताउ दसगुणा दीहा ।
दीहत्तअद्धरुंदा, सव्वे दसजोअणुव्वेहा ॥३४॥

बहि पउमपुंडरीया, मज्झे ते चेव हुंति महपुव्वा ।
तेगच्छिकेसरीया, अब्भितरिया कमेणेसुं ॥३५॥

सिरिलच्छी हिरिबुद्धी, धीकित्ती नामिया उ देवीओ ।
भवणवईओ पलिओ-वमाउ वरकमलनिलयाउ ॥३६॥

जलुवरि कोसदुगुच्चं, दहवित्थरपणसयंसवित्थारं ।
बाहल्लवित्थरद्धं, कमलं देवीण मूल्लिल्लं ॥३७॥

मूले कंदे नाले, तं वयरारिट्ठवेरुलिअरूवं ।
जंबुणयमज्झतवणि-ज्जबहिअदलं रत्त केसरीयं ॥३८॥

कमलद्धपायपिहुलुच्च-कणगमयकण्णिगोवरिं भवणं ।
अद्धेगकोसपिहुदीह-चउदसयचालधणुहुच्चं ॥३९॥

पच्छिमदिसि विणु धणुपण-सयउच्च ढाइज्जसय पिहुपवेसं ।
दारतिगं इह भवणे, मज्झे दहदेविसयणिज्जं ॥४०॥

ते मूलकमलद्धप्प-माणकमलाण अडहिअसएणं ।
परिखित्तं तब्भवणे-सु भूसणाईणि देवीणं ॥४१॥

मूलपउमाउ पुव्वि, महयरियाणं चउण्ह चउपउमा ।
अवराइ सत्त पउमा, अणिआहिवईण सत्तण्हं ॥४२॥

वायव्वाईसु तिसु सुरि-सामन्नसुराण चउसहसपउमा ।
अट्ठदसबारसहसा, अग्गेयाइसु तिपरिसाणं ॥४३॥

इअ बीअपरिक्खेवो, तइए चउसु वि दिसासु देवीणं ।
चउ चउ पउमसहस्सा, सोलसहस्साऽऽयरक्खाणं ॥४४॥

अभिओगाइतिवलए, दुतीसचत्ताडयाललक्खाइं ।
इगकोडिवीसलक्खा, [1]सड्ढा वीसं सयं सव्वे ॥४५॥

पुव्वावरमेरुमुहं, दुसु दारतिगं पि सदिसि दहमाणा ।
असिइभागपमाणं, सतोरणं निग्गयनईयं ॥४६॥

जामुत्तरदारदुगं, सेसेसु दहेसु ताण मेरुमुहा ।
सदिसि दहासियभागा, तयद्धमाणा य बाहिरिआ ॥४७॥

---

१ 'पण्णाससहस्स वीससयं' इति पाठान्तरम् ।

गंगा सिंधू रत्ता, रत्तवई बाहिरं नईचउक्कं ।
बहिदहपुव्वावरदार-वित्थरं वहइ गिरिसिहरे ॥४८॥

पंचसय गंतु नियगा-वत्तणकूडाउ बहिमुहं वलइ ।
पणसयतेवीसेहिं, साहियतिकलाहिं सिहराओ ॥४९॥

निवडइ मगरमुहोवम-वयरामयजिब्भियाइवयरतले ।
नियगे निवायकुंडे, मुत्तावलिसमप्पवाहेण ॥५०॥

दहदारवित्थराओ, वित्थरपन्नासभागजड्डाओ ।
जड्डत्ताओ चउगुण-दीहाओ सव्वजिब्भीओ ॥५१॥

कुंडंतो अडजोअण, पिहुलो जलउवरि कोसदुगमुच्चो ।
वेइजुओ नइदेवी-दीवो दहदेविसमभवणो ॥५२॥

जोअणसट्ठिपिहुत्ता, सवायछप्पिहुल वेइतिदुवारा ।
एए दसुंड कुंडा, एवं अन्ने वि नवरं ते ॥५३॥

एसिं वित्थारतिगं, पडुच्च समदुगुणचउगुणट्ठगुणा ।
चउसट्ठिसोलचउदो, कुंडा सव्वेऽवि इह नवई ॥५४॥

एअं च नइचउक्कं, कुंडाओ बहिदुवारपरिवूढं ।
सगसहसनइसमेअं, वेअड्डगिरिं पि भिंदेइ ॥५५॥

तत्तो बाहिरखित्त-द्ध मज्झओ वलइ पुव्वअवरमुहं ।
नइसत्तसहससहिअं जगइतलेणं उदहिमेइ ॥५६॥

धुरि कुंडदुवारसमा, पज्जंते दसगुणा य पिहुलत्ते ।
सव्वत्थ महनईओ, वित्थरपन्नासभागुंडा ॥५७॥

पञ्चक्खिचमहनईओ, सदारदिसि दहविसुद्धगिरिअद्धं ।
गंतूण सजिब्भीहिं, निअनिअकुंडेसु निवडंति ॥५८॥

निअजिब्भिअविउलत्ता, पणवीसंसेण मुत्तु मज्झगिरिं ।
जामसुहा पुव्वुदहिं, इअरा, अवरोअहिमुविंति ॥५९॥

हेमवइ रोहिअंसा रोहिआ गंगदुगुणपरिवारा ।
एरन्नवए सुवन्न-रुप्पकूलाओ ताण समा ॥६०॥

हरिवासे हरिकंता, हरिसलिला गंगचउगुणनईआ ।
एसिं समा रम्मयए, नरकंता नारिकंता य ॥६१॥

सीओआ सीआओ, महाविदेहम्मि तासु पत्तेयं ।
निवडइ पणलक्ख, दुतीससहस अडतीस नइसलिलं ॥६२॥

कुरुनइ चुलसीसहस्सा, छच्चेवंतरनईओ पइविजयं ।
दो दो महानईओ, चउदसहस्सा उ पत्तेयं ॥६३॥

अडसयरि महनईओ, बारस अंतरनईउ सेसाओ ।
परिअरनई चउद्द-सलक्खा छप्पन्नसहसा य ॥६४॥

एगारडनवकूडा, कुलगिरिजुअलत्तिगे वि पत्तेअं ।
इइ छप्पन्ना चउ चउ, वक्खारेसु त्ति चउसट्ठी ॥६५॥

सोमणसि गंधमायणि, सग सग विज्जुप्पभि मालवंति पुणो ।
अट्ठट्ठ सयल तीसं, अडनंदणि अट्ठ करिकूडा ॥६६॥

इअ पणसयउच्च छासट्ठि-सय कुडा तेसु दीहरगिरीणं ।
पुव्वसमुद्ददिसि अंतसिद्धकूडेसु जिणभवणा ॥६७॥

ते सिरिगिहाओ दोसय—गुणप्पमाणा तहेव तिदुवारा ।
नवरं अडवीसाहिअ—सयगुणदारप्पमाणमिहं ॥६८॥

पणवीसं कोससयं, समचउरसवित्थडा दुगुणमुच्चा ।
पासाया कूडेसु, पणसयउच्चेसु सेसेसु ॥६९॥

बलहरिसहहरिकूडा, नंदनवणि मालवंति विज्जुपभे ।
ईसाणुत्तरदाहिण—दिसासु सहसुच्च कणगमया ॥७०॥

वेअड्ढेसुवि नवनव, कूडा पणवीसकोस उच्चा ते ।
सव्वे तिसय छडुत्तर, एसुवि पुव्वंति जिणकूडा ॥७१॥

ताणुवरिं चेईहरा, दहदेवीभवणतुल्लपरिमाणा ।
सेसेसु अ पासाया, अद्धेगकोसं पिहुच्चत्ते ॥७२॥

गिरिकरिकूडाउच्च—त्तणाओ समअद्धमूलुवरि रुंदा ।
रयणमया नवरि विअड्ढमज्झिमा ति ति कणगरूवा ॥७३॥

जंबूणयरययमया, जगइसमा जंबुसामलीकूडा ।
अट्ठट्ठ तेसु दहदे—विगिहसमा चारु चेइहरा ॥७४॥

तेसि समोसहकूडा, चउतीसं चुल्लकुंडजुअलंतो ।
जंबूणएसु तेसु अ, वेअड्ढेसु व पासाया ॥७५॥

पंचसए पणवीसे, कूडा सव्वे वि जंबुदीवम्मि ।
ते पत्तेअं वरवण—जुआहि वेईहि परिक्खित्ता ॥७६॥

छसयरि कूडेसु तहा, चूला चउवणतरूसु जिणभवणा ।
भणिया जंबुद्दीवे, सदेवया सेसठाणेसु ॥७७॥

करिकूडकुंडनइदह–कुरुकंचणयमलसमविअड्ढेसु ।
जिणभवणविसंवाओ, जो तं जाणंति गीअत्था ॥ ७८ ॥

पुव्वावरजलहिंता, दसुच्चदसपिहुलमेहलचउक्का ।
पणवीसुच्चा पन्नासतीसदसजोअणपिहुत्ता ॥ ७९ ॥

वेईहिं परिक्खित्ता, सखयरपुरपन्नसट्ठिसेणिदुगा ।
सदिसिंदलोगपालो–वभोगिउवरिल्लमेहलया ॥ ८० ॥

दु दु खंडविहिअ भरहे–रवया दु दु गुरुगुहायरुप्पमया ।
दो दीहा वेअड्ढा, तहा दुतीसं च विजएसु ॥ ८१ ॥

नवरं ते विजयंता सखयरपणपन्नपुर दुसेणीआ ।
एवं खयरपुराइं, सगतीससयाइं चालाइं ॥ ८२ ॥

गिरिवित्थरदीहाओ, अडुच्च चउ पिहुपवेसदाराओ
बारसपिहुला अडु–च्चयाउ वेअड्ढदुगुहाओ ॥ ८३ ॥

तम्मज्झदुजोअणअंतराउ ति ति वित्थराओ दुनईओ ।
उम्मग्गनिमग्गाओ, कडगाउ महानइगयाओ ॥ ८४ ॥

इह पइभित्तिं गुणव–न्नमंडले लिहइ चक्कि दु दु समुहे ।
पणसयधणुहपमाणे, बारेगडजोअणुज्जोए ॥ ८५ ॥

सा तमिसगुहा जीए, चक्की पविसेइ मज्झखंडंतो ।
उसहं अंकिअ सो जीए वलइ सा खंडगपवाया ॥ ८६ ॥

कयमाल[१]–नट्टमालय[२]–सुराओ वड्ढइनिबद्धसलिलाओ ।
जा चक्की ता चिट्ठंति, ताओ उग्घडिअदाराओ ॥ ८७ ॥

बहिखंडंतो बारस–दीहा नव वित्थडा अउज्झपुरी ।
सा लवणा वेअड्ढा, चउदहिअसयं चिगारकला ॥ ८८ ॥

चक्किवसनइपवेसे, तित्थदुगं मागहो पभासो अ ।
ताणंतो वरदामो, इह सव्वे बिडुत्तरसयंत्ति ॥ ८९ ॥

भरहेरवए छछअर–मयावसप्पिणिउसप्पिणीरूवं ।
परिभमइ कालचक्कं, दुवालसारं सया वि कमा ॥ ९० ॥

सुसमसुसमा य सुसमा, सुसमदुसमा य दुसमसुसमा य ।
दुसमा य दुसमदुसमा, कमुक्कमा दुसु वि अरछक्कं ॥ ९१ ॥

पुव्वुत्तपल्लि समसय–अणुगहणा निट्ठिए हवइ पलिओ ।
दसकोडिकोडिपलिए–हिं सागरो होइ कालस्स ॥ ९२ ॥

सागरचउतिदुकोडा–कोडिमिए अरतिगे नराण कमा ।
आऊ तिदुइगपलिआ, तिदुइगकोसा तणुच्चत्तं ॥ ९३ ॥

तिदुइगदिणेहिं तुवरि–बयरामलमित्तु तेसिमाहारो ।
पिट्ठकरंडा दोसय, छप्पन्ना तद्दलं च दलं ॥ ९४ ॥

गुणवन्नदिणे तह पन–रपनरअहिए अवच्चपालणथा ।
अवि सयलजिआ जुअला, सुमणसुरूवा य सुरगइआ ॥ ९५ ॥

तेसि मत्तंग भिंगा, तुडिअंगा जोइ दीव चित्तंगा ।
चित्तरसा मणिअंगा, गेहागारा अणिअयक्खा ॥ ९६ ॥

पाणं भायण पिच्छण, रविपहदीवपहकुसुममाहारो ।
भूसण गिहवरथासण, कप्पदुमा दसविहा दिंति ॥ ९७ ॥

मणुआउसम गयाई, हयाइ चउरंसऽजाइ अट्ठंसा ।
गोमहिसुट्टखराई, पणंस साणाइ दसमंसा ॥ ९८ ॥

इच्चाइ तिरिच्छाण वि, पायं सव्वारएसु सारिच्छं ।
तइआरसेसि कुलगर–नयजिणधम्माइ उप्पत्ती ॥ ९९ ॥

कालदुगे तिचउत्था–रगेसु एगूणनवइपक्खेसु ।
सेसि गएसुं सिज्झंति, हुंति पढमंतिमजिणिंदा ॥ १०० ॥

बायालसहसवरिसू–णिगकोडाकोडिअयरमाणाए ।
तुरिए नराउ पुव्वा–ण कोडि तणु कोसचउरंसं ॥ १०१ ॥

वरिसेगवीससहस–प्पमाणपंचमरए सगकरुच्चा ।
तीसहियसयाउ नरा, तयंति धम्माइयाणंतो ॥ १०२ ॥

[सुअसूरिसंघधम्मो, पुव्वण्हे छिज्जिही अगणि सायं ।
निवविमलवाहणो सुह–मंमंति तद्धम्म मज्झण्हे ॥ १ ॥]

खारग्गिविसाईहिं, हाहाभूआकयाइ पुहवीए ।
खगबीयं विअड्ढाइसु, नराइबीयं बिलाईसु ॥ १०३ ॥

बहुमच्छचक्कवहनइ–चउक्कपासेसु नव नव बिलाइं ।
वेअड्ढोभयपासे, चउआल सयं बिलाणेवं ॥ १०४ ॥

पंचमसमछट्ठारे, दुकरुच्चा वीसवरिसआउ नरा ।
मच्छासिणो कुरूवा, कूरा बिलवासि कुगइगमा ॥ १०५ ॥

निल्लज्जा निव्वसणा, खरवयणा पिअसुआइठिइरहिया ।
थीओ छवरिसगब्भा, अइदुहपसवा बहुसुआ य ॥ १०६ ॥

इअ अरछक्केणऽवस-प्पिणि त्ति उस्सप्पिणी वि विवरीआ ।
वीसं सागरकोडा-कोडीओ कालचक्कंमि ॥ १०७ ॥

कुरुदुगि हरिरम्मयदुगि, हेमवएरन्नवइदुगि विदेहे ।
कमसो सयाऽवसप्पिणि, अरयचउक्काइसमकालो ॥ १०८ ॥

हेमवएरण्णवए[1], हरिवासे[2] रम्मए[3] अ रयणमया[4] ।
सद्दावइ[1] विअडावइ[2], गंधावइ[3] मालवंतक्खा[4] ॥ १०९ ॥

चउवट्टविअड्ढा साइ[1]अरुण[2]पउम[3]प्पभास[4]सुरवासा ।
मूलुवरि पिहुत्ते तह, उच्चत्ते जोयणसहस्सं ॥ ११० ॥

मेरू वट्टो सहस्स-कंदो लक्खूसिओ सहस्सुवरिं ।
दसगुण भूवि तं सनवइ, दसिगारंसं पिहुलमूले ॥ १११ ॥

पुढवुवलवयरसक्कर-मयकंदो उवरि जाव सोमणसं ।
फलिहंकरययकंचण-मओ य जंबूणओ सेसो ॥ ११२ ॥

तदुवरि चालीसुच्चा, वट्टा मूलुवरि बार चउ पिहुला ।
वेरुलिआ वरचूला, सिरिभवणपमाणचेइहरा ॥ ११३ ॥

चूलातलाउ चउसय, चउणवई वलयरूवविक्खंभं ।
बहुजलकुंडं पंडग-वणं च सिहरे सवेईअं ॥ ११४ ॥

पन्नासजोअणेहिं, चूलाओ चउदिसासु जिणभवणा ।
सविदिसि सक्कीसाणं चउवाविजुआ य पासाया ॥ ११५ ॥

कुलगिरिचेइहराणं, पासायाणं चिमे समट्ठगुणा ।
पणवीसरुंददुगुणा-यामाउ इमा उ वावीओ ॥ ११६ ॥

जिणहरबहिदिसि जोअण-पणसयदीहद्धपिहुल चउउचा ।
अद्धससिसमा चउरो, सिअकणयसिला सवेईआ ॥ ११७ ॥

सिलमाणद्धसहस्सं-समाणसीहासणेहि दोहि जुआ ।
सिल पंडुकंबला रत्त-कंबला पुव्वपच्छिमओ ॥ ११८ ॥

जामुत्तराउ ताओ, इगेगसीहासणाउ अइपुव्वा ।
चउसु वि तासु नियासण-दिसिभवजिणमज्जणं होई ॥ ११९ ॥

सिहरा छत्तीसेहिं, सहसेहिं मेहलाइ पंचसए ।
पिहुलं सोमणसवणं सिलविणु पंडगवणसरिच्छं ॥ १२० ॥

तब्बाहिरि विक्खंभो, बायालसयाइं दुसयरिजुआइं ।
अट्ठेगारसभागा, मज्झे तं चेव सहसूणं ॥ १२१ ॥

तत्तो सड्ढदुसट्ठी-सहस्सेहिं नंदणं पि तह चेव ।
नवरि भवणपासायं-तरट्ठदिसि कुमरिकूडा वि ॥ १२२ ॥

नवसहस नवसयाइं, चउपण्णा छच्चिगारभागा य ।
नंदणबहिविक्खंभो, सहसूणो होइ मज्झंमि ॥ १२३ ॥

तदहो पंचसएहिं, महिअलि तह चेव भद्दसालवणं ।
नवरमिह दिग्गय च्चिय, कूडा वणवित्थरं तु इमं ॥ १२४ ॥

बावीससहस्साइं, मेरूओ पुव्वओ अ पच्छिमओ ।
तं चाडसीविहत्तं, वणमाणं दाहिणुत्तरओ ॥ १२५ ॥

छव्वीससहस चउसय, पणहत्तरि गंतु कुरुनइपवाया ।
उभओ विणिग्गया गय-दंता मेरुम्मुहा चउरो ॥ १२६ ॥

अग्गेआइसु पयाहि–णेण सिअरत्तपीयनीलाभा ।
सोमणसविज्जुप्पह–गंधमायणमालवंतक्खा ॥ १२७ ॥

अहलोयवासिणीओ, दिसाकुमारीउ अट्ठ एएसिं ।
गयदंतगिरिवराणं, हिट्ठा चिट्ठंति भवणेसु ॥ १२८ ॥

धुरि अंते चउपणसय, उच्चत्ति पिहुत्ति पणसयाऽसिसमा ।
दीहत्ति इमे छकला, दुसय नवुत्तर सहसतीसं ॥ १२९ ॥

ताणं तो देवुत्तर–कुराउ चंदद्धसंठिआ उ दुवे ।
दससहसविसुद्धमहा–विदेहदलमाणपिहुलाओ ॥ १३० ॥

नइपूव्वावरकूले, कणगमया बलसमा गिरी दो दो ।
उत्तरकुराइ जमगा, विचित्तचित्ता य इअरीए ॥ १३१ ॥

नइवहदीहा पण पण हरया दुदुदारया इमे कमसो ।
निसहो[१] तह देवकुरू[२], सूरो[३] सुलसो[४] य विज्जुपभो[५] ॥ १३२ ॥

तह नीलवंत[१] उत्तर–कुरु[२] चंदे[३]रवय[४] मालवंतु[५] त्ति ।
पउमदहसमा नवरं, एएसु सुरा दहसनामा ॥ १३३ ॥

अडसय चउतीस जोअ–णाइं तह सेगसत्तभागाओ ।
इक्कारस य कलाओ गिरिजमलदहाणमंतरयं ॥ १३४ ॥

दहपुव्वावरदसजो–अणेहि दस दस विअड्ढकूडाणं ।
सोलसगुणप्पमाणा, कंचणगिरिणो दुसय[२००] सव्वे ॥ १३५ ॥

उत्तरकुरुपुव्वद्धे, जंबूणयजंबूपीढमंतेसु ।
कोसदुगुच्चं कमि व–ड्ढमाणु, चउवीसगुणं मज्झे ॥ १३६ ॥

पणसयवट्टपिहुत्तं, तं परिक्खित्तं च पउमवेईए ।
गाउदुगुचद्धपिहुत्त, चारु चउदार कलिआए ॥ १३७ ॥

तं मज्झे अडवित्थर, चउच्च मणिपीढिआइ जंबूतरू ।
मूले कंदे खंधे, वरवयरारिट्ठवेरू–लिए ॥ १३८ ॥

तस्स य साह[1]पसाहा[2], दला[3] य बिंटा[4] य पल्लवा[5] कमसो ।
सोवण्ण[1]जायरूवा[2], वेरुलि[3]तव[4]णिज्जजंबुणया[5] ॥ १३९ ॥

सो रययमयपवालो, रायय विडिमो य रयणपुप्फफलो ।
कोसदुगं उव्वेहे, थुडसाहाविडिमविक्खंभो ॥ १४० ॥

थुडसाहाविडिमदीह–त्ति गाऊए अट्ठपनरचउवीसं ।
साहा सिरिसमभवणा, तम्माणसचेइयं विडिमं ॥ १४१ ॥

पुव्विल्ल सिज्ज तिसु आ–सणाणि भवणेसु णाढिअसुरस्स ।
सा जंबु बारसवे–इआहिं कमसो परिक्खित्ता ॥ १४२ ॥

दहपउमाणं जं वि-त्थरं तु तमिहावि जंबुरुक्खाणं ।
नवरं महयरियाणं, ठाणे इह अग्गमहिसीओ ॥ १४३ ॥

कोसदुसएहिं जंबू, चउदिसिं पुव्वसालसमभवणा ।
विदिसासु सेसतिसमा, चउवाविजुया य पासाया ॥ १४४ ॥

साणंतरेसु अड जिण–कूडा तह सुरकुराइ अवरद्धे ।
राययपीढे सामलि–रुक्खो एमेव गरुलस्स ॥ १४५ ॥

बत्तीस सोल बारस, विजया वक्खार अंतरनईओ ।
मेरुवणाओ पुव्वा–वरासु कुलगिरिमहणयंता ॥ १४६ ॥

विजयाण पिहुत्ति सग–ट्ठभाग बारुत्तरा दुवीससया ।
सेलाणं पंचसए, सवेइनइ पन्नवीससयं ॥ १४७ ॥

सोलससहस्स पणसय, बाणउआ तह य दो कलाओ य ।
एएसिं सव्वेसिं, आयामो वणमुहाणं च ॥ १४८ ॥

गयदंतगिरिव्वुचा, वक्खारा ताणमंतरनईणं ।
विजयाणं च भिहाणा–ई मालवंता पयाहिणओ ॥ १४९ ॥

[१]चित्ते य [२]बंभकूडे, [३]नलिणीकूडे य [४]एगसेले य ।
[५]तिउडे [६]वेसमणे वि य, [७]अंजण[८]मायंजणे चेव ॥ १५० ॥

[९]अंकावइ, [१०]पम्हावइ, [११]आसीविस तह [१२]सुहावहे [१३]चंदे ।
[१४]सूरे [१५]नागे [१६]देवे, सोलस वक्खारगिरिनामा ॥ १५१ ॥

[१]गाहावइ, [२]दहवई, [३]वेगवई [४]तत्त [५]मत्त [६]उम्मत्ता ।
[७]खीरोय [८]सीयसोया, तह [९]अंतोवाहिणी चेव ॥ १५२ ॥

[१०]उम्मीमालिणि गंभी–[११]रमालिणी [१२]फेणमालिणी चेव ।
सव्वत्थ वि दसजोयण–उंडा कुंडुब्भवा एया ॥ १५३ ॥

[१]कच्छु [२]सुकच्छो य [३]महा–कच्छो [४]कच्छावई तहा ।
[५]आवत्तो [६]मंगलावत्तो, [७]पुक्खलो [८]पुक्खलावई ॥ १५४ ॥

[९]वच्छु [१०]सुवच्छो य [११]महा–वच्छो [१२]वच्छावई वि य ।
[१३]रम्मो य [१४]रम्मओ चेव, [१५]रमणी [१६]मंगलावई ॥ १५५ ॥

[१७]पम्हु [१८]सुपम्हो य [१९]महा-पम्हो [२०]पम्हावई तओ ।
[२१]संखो [२२]नलिणनामा य, [२३]कुमुओ [२४]नलिणावई ॥ १५६ ॥

[२५]वप्पु [२६]सुवप्पो य [२७]महा-[२८]वप्पोवप्पावई त्ति य ।
[२९]वग्गू तहा [३०]सुवग्गू य, [३१]गंधिलो [३२]गंधिलावई ॥ १५७ ॥

एए पुव्वावरगय-विअड्ढदलिय त्ति नइदिसि दलेसु ।
भरहद्धपुरिसमाओ, इमेहि नामेहि नयरीओ ॥ १५८ ॥

[१]खेमा [२]खेमपुरा वि अ, [३]अरिट्ठ [४]रिट्ठावई य नायव्वा ।
[५]खग्गी [६]मंजूसा वि य, [७]ओसहिपुरि [८]पुंडरिगिणी य ॥ १५९ ॥

[९]सुसीमा [१०]कुंडला चेव, [११]अवराइय [१२]पहंकरा ।
[१३]अंकावइ [१४]पम्हावइ, [१५]सुभा [१६]रयणसंचया ॥ १६० ॥

[१७]आसपुरा [१८]सीहपुरा, [१९]महापुरा चेव हवइ [२०]विजयपुरा ।
[२१]अवराइया य [२२]अवरा, [२३]असोगा तह [२४]वीयसोगा य ॥ १६१ ॥

[२५]विजया य [२६]वेजयंति, [२७]जयंति [२८]अपराजिया य बोधव्वा ।
[२९]चक्कपुरा [३०]खग्गपुरा, होइ [३१]अवज्झा [३२]अउज्झा य ॥ १६२ ॥

कुंडुब्भवा उ गंगा-सिंधूओ कच्छपम्हपमुहेसु ।
अट्ठट्ठसु विजएसुं सेसेसु य रत्त रत्तवई ॥ १६३ ॥

अविवक्खिऊण जगई, सवेइवणमुहचउक्कपिहुलत्तं ।
[२९००]गुणतीससय दुवीसा, नइंति गिरिअंति एगकला ॥ १६४ ॥

पणतिससहस चउसय, छडुत्तरा सयलविजयविक्खंभो ।
वणमुहदुगविक्खंभो, अडवन्नसया य चोयाला ॥ १६५ ॥

सगसय पन्नासा नइ-पिहुत्ति चउवन्नसहस मेरुवणे ।
गिरिवित्थरि चउसहसा, सव्वसमासो हवइ लक्खं ॥ १६६ ॥

जोयणसयदसगंते समधरणीओ अहो अहोगामा ।
बायालीससहसेहिं, गंतुं मेरुस्स पच्छिमओ ॥ १६७ ॥

चउ चउतीसं च जिणा, जहन्नमुक्कोसओ अ हुंति कमा ।
हरिचक्कबला चउरो, तीसं पत्तेअमिह दीवे ॥ १६८ ॥

ससिदुगरविदुगचारो, इह दीवे तेसिं चारखित्तं तु ।
पणसय दसुत्तराइं, इगसट्ठिभागा य अडयाला ॥ १६९ ॥

पनरस चुलसीइसयं, छप्पन्नऽडयालभागमाणाइं ।
ससिसूरमंडलाइं, तयंतराणिगिगहीणाइं ॥ १७० ॥

पणतीसजोअणे भा-गतीस चउरो अ भागसगभाया ।
अंतरमाणं ससिणो, रविणो पुण जोअणे दुन्नि ॥ १७१ ॥

दीवंतो असिअसए [१८०], पण पणसट्ठी य मंडला तेसिं ।
तीसहिअतिसय [३३०] लवणे, दसिगुणवीसं सयं कमसो ॥ १७२ ॥

ससिससि रविरवि अंतरि, मज्झे इगलक्खुतिसयसाठूणो ।
साहियदुसय [७२] रिपणचय [५], बहि लक्खो छसय साठहिओ ॥ १७३ ॥

साहियपणसहस-तिहु-त्तराइ ससिणो मुहुत्तगइ मज्झे ।
बावन्नहिआ सा बहि, पइमंडलपउणचउवुड्ढी ॥ १७४ ॥

जा ससिणो सा रविणो, अडसयरिसएण [१७८] ऽसीसएण [१८०] हिआ ।
किंचूणाणं अट्ठा-रसट्ठिभागाणमिह वुड्ढी ॥ १७५ ॥

मज्झे उदयत्थंतरि, चउणवइसहस्स पणसय छवीसा ।
बायालसट्ठिभागा, दिणं च अट्ठारसमुहुत्तं ॥ १७६ ॥

पइमंडल दिणहाणी, दुण्ह मुहुत्तेगसट्ठिभागाणं ।
अंते बारमुहुत्तं, दिणं निसा तस्स विवरीआ ॥ १७७ ॥

उदयत्थंतरि बाहिं, सहसा तेसट्ठि छसय तेसट्ठा ।
तह इगससिपरिवारे, रिक्खडवीसाऽडसीइ गहा ॥ १७८ ॥

छासट्ठिसहस नवसय, पणहत्तरि तारकोडीकोडीणं ।
सण्णंतरेण मुस्से-हंगुलमाणेण वा हुंति ॥ १७९ ॥

गहरिक्खतारगाणं, संखं ससिसंखसंगुणं काउं ।
इच्छिअदीवुदहिम्मि य, गहाइमाणं विआणेह ॥ १८० ॥

चउ चउ बारस बारस, लवणे तह धायइम्मि ससिसूरा ।
परओदहिदीवेसु य, तिगुणा पुव्विल्लसंजुत्ता ॥ १८१ ॥

नरखित्तं जा समसे-णिचारिणो सिग्घसिग्धतरगइणो ।
दिट्ठिपहमिंति खित्ता-णुमाणओ ते नराणेवं ॥ १८२ ॥

पणसय सत्तत्तीसा, चउतीससहस्स लक्खइगवीसा ।
पुक्खरदीवड्ढनरा, पुव्वेण ऽवरेण पिच्छंति ॥ १८३ ॥

नरखित्तबहिं ससिरवि-संखा करणंतरेहिं वा होइ ।
तह तत्थ य जोइसिआ, अचलद्धपमाणसुविमाणा ॥ १८४ ॥

जंबूपरिहि तिलक्खा, सोलसहसदुसय पउणअडवीसा ।
धणुअडवीससयंगुल-तेरससइढा समहिआ य ॥ १८५ ॥

सगसयनउआकोडी, लक्खाछप्पन्न चउणवइसहसा ।
सइढसयं पउणदुको-स सइढबासट्ठिकर गणियं ॥ १८६ ॥

वट्टपरिहिं[1] च गणिअं[2], अंतिमखंडाइ उसु[3] जिअं[4] च धणुं[5] ।
बाहुं[6] पयरं[7] च घणं[8], गणेह एएहिं करणेहिं ॥ १८७ ॥

विक्खंभवग्गदहगुण-मूलं वट्टस्स परिरओ होई ।
विक्खंभपायगुणिओ, परिरओ तस्स गणिअपयं ॥ १८८ ॥

ओगाहुउसू सुच्चिअ गुणवीसगुणो कला-उसू होई ।
विउसुपिहुत्ते चउगुण-उसुगुणिए मूलमिह जीवा ॥ १८९ ॥

उसुवग्गि छग्गुणि जीवा-वग्गजुए मूल होइ धणु पिट्ठं ।
धणुदुगविसेससेसं, दलिअं बाहादुगं होई ॥ १९० ॥

अंतिमखंडस्सुसुणा, जीवं संगुणिअचउहि भईऊणं ।
लद्धंमि वग्गिए दस-गुणंमि मूलं हवइ पयरो ॥ १९१ ॥

जीवावग्गाण दुगे, मिलिए दलिए य होइ जं मूलं ।
वेअड्ढाईण तयं, सपिहुत्तगुणं भवे पयरो ॥ १९२ ॥

एअं च पयरगणिअं, संववहारेण दंसिअं तेणं ।
किंचूणं होइ फलं, अहिअं पि हवइ सुहुमगणणा ॥ १९३ ॥

पयरो सोससेहगुणो, होइ घणो परिरयाइसव्वं वा ।
करणगणणालसेहिं, जंतगलिहिआउ दट्ठव्वं ॥ १९४ ॥

इति श्रीलघुक्षेत्रसमासप्रकरणे प्रथमो जंबूद्वीपाधिकारः

॥ अथ द्वितीयो लवणसमुद्राधिकारो भण्यते ॥

गोतित्थं लवणोभय, जोअणपणनवइसहस जा तत्थ ।
समभूतलाओ सगसय-जलवुड्ढी सहसमोगाहो ॥ १९५ ॥

तेरासिएण मज्झि-छरासिणा संगुणिज्ज अंतिमगं ।
तं पढमरासिभइयं, उव्वेहं मुणसु लवणजले ॥ १९६ ॥

हिट्ठुवरि सहसदसगं, पिहुला मूलाउ सतरसहसुच्चा ।
लवणसिहा सा तदुवरि, गाउदुगं वड्ढइ दुवेलं ॥ १९७ ॥

बहुमज्झे चउदिसि चउ, पायाला वयरकलससंठाणा ।
जोअणसहस्स जड्डा, तद्दसगुणहिट्ठुवरि रुंदा ॥ १९८ ॥

लक्खं च मज्झि पिहुला, जोअणलक्खं च भूमिमोगाढा ।
पुव्वाइसु वडवामुह-केजुवजूवेसराभिहाणा ॥ १९९ ॥

अन्ने लहुपायाला, सगसहसा अडसया सचुलसीआ ।
पुव्वुत्तसयंसपमा-णा तत्थ तत्थ प्पएसेसु ॥ २०० ॥

कालो अ महाकालो, वेलंब पभंजणो अ चउसु सुरा ।
पलिओवमाउणो तह, सेसेसु सुरा तयद्धाऊ ॥ २०१ ॥

सव्वेसिमहो-भागे वाऊ मज्झिल्लयम्मि जलवाऊ ।
केवलजलमुवरिल्ले, भागदुगे तत्थ सासुव्व ॥ २०२ ॥

बहवे उदारवाया, मुच्छंति खुहंति दुण्णिवाराओ ।
एगअहोरत्तंतो, तया तया वेलपरिवुड्ढो ॥ २०३ ॥

बायालसट्ठिदुसयरि-सहसा नागाण मज्झुवरि बाहिं ।
वेलं धरंतिकमसो, चउहत्तरु लक्खु ते सव्वे ॥ २०४ ॥

बायालसहस्सेहिं, पुव्वेसाणाइदिसिविदिसिलवणे ।
वेलंधराणुवेलं–धरराईणं गिरिसु वासा ॥ २०५ ॥

गोथूमे दगभासे, संखे दगसीमनामि दिसि सेले ।
गोथूभो सिवदेवो, संखो अ मणोसिलो राया ॥ २०६ ॥

ककोडे विज्जुपभे केलास रुणप्पहे विदिसिसेले ।
ककोडगु कद्दमओ, केलास रुणप्पहो सामी ॥ २०७ ॥

एए गिरिणी सव्वे, बावीसहिआ य दससया मूले ।
चउसय चउवीसहिआ, विच्छिन्ना हुंति सिहरतले ॥ २०८ ॥

सतरससय इगवीसो, उच्चत्ते ते सवेइआ सव्वे ।
कणगंकरययफालिह, दिसासु विदिसासु रयणमया ॥ २०९ ॥

नवगुणहत्तरिजोअण, बहि जलुवरि चत्त पणनवइभाया ।
एए मज्झे नवसय, तेसट्ठा भाग सगसयरि ॥ २१० ॥

हिमवंतंता विदिसी-साणाइगयासु चउसु दाढासु ।
सगसग अंतरदीवा, पढमचउक्कं च जगईओ ॥ २११ ॥

जोअणतिसएहिं तओ, सयसयबुड्ढी अ छसु चउक्केसु ।
अन्नुन्नजगइअंतरि, अंतरसमवित्थरा सव्वे ॥ २१२ ॥

पढमचउक्कुच्च बहिं, अड्ढाइअजोअणे य वीसंसा ।
सयरिंसवुड्ढि परओ, मज्झदिसिं सव्वि कोसदुगं ॥ २१३ ॥

सव्वे सवेइअंता, पढमचउक्कंमि तेसि नामाइं ।
एगोरुय आभासिय, वेसाणिय चेव लंगूले ॥ २१४ ॥

बीअचउक्के हयगय-गोसक्कुलिपुव्वकण्णनामाणो ।
आयंसमिंढगअओ-गोपुव्वमुहा य तइयंमि ॥ २१५ ॥

हयगयहरिवग्घमुहा, चउत्थए आसकण्णु हरिकण्णो ।
अकण्ण कण्णपावरणु दीवो पंचमचउक्कंमि ॥ २१६ ॥

उक्कमुहो मेहमुहो, विज्जुमुहो विज्जुदंत छट्ठम्मि ।
सत्तमगे दंतंता, घणलट्ठनिगूढसुद्धा य ॥ २१७ ॥

एमेव य सिहरम्मिवि, अडवीसं सव्वि हुंति छप्पन्ना ।
एएसु जुअलरूवा, पलिआसंखंसआउ नरा ॥ २१८ ॥

जोयणदसंमसतणू, पिट्ठकरंडाणमेसि चउसट्ठी ।
असणं च चउत्थाओ, गुणसीदिणवच्चपालणया ॥ २१९ ॥

पच्छिमदिसि सुत्थियलव-णसामिणो गोयमुत्ति इगुदीवो ।
उभओवि जंबुलावण, दु दु रवि दीवा य तेसिं च ॥ २२० ॥

जगइपरुप्परअंतरि, तह वित्थर बारजोयणसहस्सा ।
एमेव य पुव्वदिसिं, चंदचउक्कस्स चउदीवा ॥ २२१ ॥

एवं चिय बाहिरओ, दीवा अट्ठट्ठ पुव्वपच्छिमओ ।
दु दु लवण छ छ धायइ-संड ससीणं रवीणं च ॥ २२२ ॥

एए दीवा जलुवरि, बहिंजोयण सड्ढअट्ठसीइ तहा ।
भागावि य चालीसा, मज्झे पुण कोसदुगमेव ॥ २२३ ॥

कुलगिरिपासायसमा, पासाया एसु नियनियपहूणं ।
तह लावणजोइसिया, दगफालिह उड्ढलेसागा ॥ २२४ ॥

इति श्रीलवणसमुद्राधिकारो द्वितीयः

॥ अथ तृतीयधातकीखंडद्वीपाधिकारः ॥

जाम्रुत्तरदीहेणं, दससयसम पिहुलपणसयुच्चेणं ।
उसुयारगिरिदुगेणं, धायइसंडो दुहविहत्तो ॥ २२५ ॥

खंडदुगे छ छ गिरिणो, सग सग वासा य अरविवररूवा ।
धुरि अंति समा गिरिणो, वासा पुण पिहुलपिहुलयरा ॥ २२६ ॥

दहकुंडुडत्तममे–रुमुस्सयं वित्थरं वियड्ढाणं ।
वट्टगिरीणं च सुमे-रुवज्जमिह जाण पुव्वसमं ॥ २२७ ॥

मेरुदुगंपि तह च्चिय, नवरं सोमणसहिट्ठुवरिदेसे ।
सगअडसहस्सऊणुत्ति सहसपणसीइ उच्चत्ते ॥ २२८ ॥

૯૫૦૦ ૮૪૦૦ ૯૩૫૦ ૩૮૦૦
तह पणनवई चउणउ अ अद्धचउणऊ य अडतीसा य ।
૧૦૦૦
दस सयाइं कमेणं, पणठाण पिहुत्ति हिट्ठाओ ॥ २२९ ॥

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
नइकुंडदीववणमुह-दहदीहरसेलकमलवित्थारं ।
नइउंडत्तं च तहा, दहदीहत्तं च इह दुगुणं ॥ २३० ॥

इगलक्खु सत्तसहसा, अडसय गुणसीइ भद्दसालवणं ।
पुव्वावरदीहंतं, जाम्रुत्तर अट्ठसीभइयं ॥ २३१ ॥

बहिगयदंता दीहा, पणलक्खूणसयरिसहस दुगुणट्ठा ।
इयरे तिलक्ख छप्प-ण्णसहस सय दुन्नि सगवीसा ॥ २३२ ॥

૧ ૨ ૩ ૪
खित्ताणुमाणओ से-ससेलनईविजयवणमुहायामो ।
चउलक्खदीहवासा, वासविजयवित्थरो उ इमो ॥ २३३ ॥

खित्तंकगुणधुवंके, दोसयबारुत्तरेहिं पविभत्ते ।
सव्वत्थ वासवासो, हवेइ इह पुण इय धुवंका ॥ २३४ ॥

धुरि चउदलक्खदुसहस दोसगनउआ धुवं तहा मज्झे ।
दुसयअडुत्तरसतस-ट्ठिसहस छव्वीसलक्खा य ॥ २३५ ॥

गुणवीससयं बत्तीस-सहस गुणयाललक्ख धुवमंते ।
नइगिरिवणमाणविसु-द्धखित्तसोलंस पिहु विजया ॥ २३६ ॥

नवसहसा छसय तिहु-त्तरा य छच्चेव सोलभाया य ।
विजयपिहुत्त नइगिरि-वणविजयसमासि चउलक्खा ॥ २३७ ॥

पुव्वं व पुरी य तरू, परमुत्तरकुरुसु धाइ महधाई ।
रुक्खो तेसु सुदंसण-पियदंसणनामया देवा ॥ २३८ ॥

धुवरासीसु अ मिलिया, एगो लक्खो य अडसयरिसहसा ।
अट्ठसया बायाला, परिहितिगं धायईसंडे ॥ २३९ ॥

इति लघुक्षेत्रसमासप्रकरणे धातकीखण्डद्वीपाधिकारस्तृतीयः

॥ अथ चतुर्थः कालोदसमुद्राधिकारो भण्यते ॥

कालो ओ सव्वत्थ वि, सहस्संउडो वेलविरिहिओ तत्थ ।
सुत्थियसम कालमहा—कालसुरा पुव्वपच्छिमओ ॥ २४० ॥

लवणम्मिव जहसंभव, ससिरविदीवा इहं पि नायव्वा ।
नवरं समंतओ ते कोसदुगुच्चा जलस्सुवरिं ॥ २४१ ॥

[इति कालोदसमुद्राधिकारश्चतुर्थः]

॥ अथ पञ्चमः पुष्करवरद्वीपार्धाधिकारो भण्यते ॥

पुक्खरदलबहिजगइव्व संठिओ माणुसुत्तरो सेलो ।
वेलंधरगिरिमाणो, सीहनिसाई निसढवन्नो ॥ २४२ ॥

जह खित्तनगाईणं, संठाणो धाइए तहेव इहं ।
दुगुणो य भद्दसालो, मेरुसुयारा तहा चेव ॥ २४३ ॥

इह बाहिरगयदंता, चउरो दीहत्ति वीससयसहसा ।
तेयालीससहस्सा, उणवीसहिया सया दुन्नि ॥ २४४ ॥

अब्भितर गयदंता, सोलसलक्खा य सहसछव्वीसा ॥
सोलहिअं सयमेगं, दीहत्ते हुंति चउरो वि ॥ २४५ ॥

सेसा पमाणओ जह, जंबूदीवाउ धाइए भणिया ।
दुगुणा समा य ते तह, धायइसंडाउ इह नेया ॥ २४६ ॥

अडसीलक्खा चउदस-सहसा तह नवसया य इगवीसा ।
अब्भितरधुवरासी, पुव्वुत्तविहीइ गणियव्वो ॥ २४७ ॥

इगकोडीतेरलक्खा, सहसा चउचत्त सगसय तियाला ।
पुक्खरवरदीवड्ढे, धुवरासी एस मज्झंमि ॥ २४८ ॥

एगा कोडी अडती-सलक्ख चउहत्तरी सहस्सा य ।
पंचसया पणसट्ठा, धुवरासी पुक्खरद्धंते ॥ २४९ ॥

गुणवीससहस सगसय, चउणउ य सवाय विजयविक्खंभो ।
तह इह बहिवहसलिला, पविसंति य नरनगस्साहो ॥ २५० ॥

पुक्खरदलपुव्वावर-खंडंतो सहसदुगपिहु दु कुंडा ।
भणिया तट्ठाणं पुण, गीयत्था चेव जाणंति ॥ २५१ ॥

इह पउममहापउमा, रुक्खा उत्तरकुरूसु पुव्वं व ।
तेसु वि वसंति देवा, पउमो तह पुंडरीओअ ॥ २५२ ॥

दो गुणहत्तरि [२६९] पढमे अड [८] लवणे बीअदीवि तइयद्धे ।
पिहु पिहु पणसय [५४०] चाला, इअ नरखित्ते सयलगिरिणो ॥ २५३ ॥

तेरहसय सगवन्ना, ते पण मेरूहि विरहिया सव्वे ।
उस्सेहपायकंदा, माणुससेलो वि एमेव ॥ २५४ ॥

धुवरासीसु तिलक्खा, पणपन्न सहस्स छसय चुलसीया ।
मिलिया हवंति कमसो, परिहितिगं पुक्खरद्धस्स ॥ २५५ ॥

१ २ ३ ४ ५ ६ ७ ८ ९
नइदहघणथणियागणि–जिणाइनरजम्ममरणकालाई ।
पणयाललक्खजोयण–नरखित्तं मुत्तु नो पुरओ ॥ २५६ ॥

[इति लघुक्षेत्रसमासप्रकरणे पुष्करवरद्वीपार्धाधिकारः]

[अथेषुकारेषु जिनभवनान्याह]

चउसु वि उसुआरेसु, इक्किक्कं नरनगम्मि चत्तारि ।
कूडोवरि जिणभवणा, कुलगिरिजिणभवणपरिमाणा ॥ २५७ ॥

तत्तो दुगुणपमाणा, चउदारा थुत्तवण्णिअसरूवे ।
नंदिसरि बावन्ना, चउ कुंडलि रुअगि चत्तारि ॥ २५८ ॥

बहुसंखविगप्पे रुअ–गदीवि उच्चत्ति सहस चुलसीई ।
नरनगसमरुअगो पुण, वित्थरि सयठाणि सहसंको ॥ २५९ ॥

तस्स सिहरम्मि चउदिसि, बीयसहस्सिगिगु चउत्थि अट्ठट्ठ ।
विदिसि चऊ इअ चत्ता, दिसिकुमरिकूडसहसंका ॥ २६० ॥

इहकइवयदीवोदहि–वियारलेसो मए विमइणावि ।
लिहिओ जिणगणहरगुरु–सुअसुअदेवीपसाएणं ॥ २६१ ॥

सेसाण दीवाण तहोदहीणं, वियारवित्थारमणोरपारं ।
सया सुआओ परिभावयंतु, सव्वंपि सव्वन्नुमइक्कचित्ता ॥ २६२ ॥

सूरिहि जं रयणसेहरनामएहिं, अप्पत्थमेव रइयं नरखित्तविक्खं ।
संसोहियं पयरणं सुयणेहि लोए, पावेउ तं कुसलरंगमइं पसिद्धिं ॥ २६३ ॥

[इति इषुकारेषु जिनभवनानि]

[श्रीलघुक्षेत्रसमासप्रकरणं संपूर्णम्]

●卐●

શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૦	૧૭	ગજીબહેન મણિલાલ	ગજી. મણિ. જ્ઞાનમંદિર
૨૦	૧૮	ચં. જયં. જ્ઞાનમંદિર	ચંદનબહેન જયંતિલાલ
૨૨	૧૩	હ. શારદાબહેન	હ. સવિતાબહેન
૨૩	૧૭	ઘેલાભાઈ	ઘેલાભાઈ
૨૩	૨૦	પોપટલાલા	પોપટલાલ
૧	૧૩	ભુવનો	ભવનો
૩	૮	મુછામિ	મુંછામિ
૮	૮	સુક્ષ્મ	સૂક્ષ્મ
૧૦	૧૨	,,	,,
૧૧	૨૦	,,	,,
૧૧	૨૭	,,	,,
૧૨ જ્યાં જ્યાં સુક્ષ્મ છે ત્યાં			સૂક્ષ્મ વાંચવું
૧૪	૪	इरकुरसो	इक्खुरसो
૧૪	૧૬	ઉત્તર	ઉત્તમ
૧૬	૭	સુરાવભાસ	સૂરાવભાસ
૧૭	૧૪	,,	,,
૨૩	૩૦	विरकंभ	विक्खंभ
૨૪	૪	गवरक	गवक्ख
૩૦	૧	૭	૬
૩૦	૨૩	ઊંર્ધ્વ	ઉર્ધ્વ
૩૨	૧૪	બારશાખ	બારસાખ
૩૨	૩૩	પાન	પાનું
૩૬	૨૭	જૂદા જૂદા	જુદા જુદા
૩૭	૨૧	,,	,,
૩૮	૨	ણિસટ્ઠો	ણિસઢો
૪૨	૨૫	इगदाचउ	इगदोचउ
૪૨	૨૬	मज्जभिंतहा	मज्झभिंतरा
૪૫	૪	जुयल	जुअल
૪૮	૧૨	,,	,,
૪૮	૧૫	शित्तजुयल	खित्तजुअल
૪૮	૨૪	જુદાજુદા	જૂદાજૂદા
૫૦	૭	तह	तहा
૫૨	૬	लरकं	लक्खं
૫૨	૨૦	विलंभो	विक्खंभो
૬૩	૧૯	तवणिज्ञ	तवणिज्ज
૬૩	૨૨	,,	,,
૬૬	૧૦	ઍઇ	એક
૬૬	૧૫	ते	तं
૬૬	૧૮	,,	,,
૬૬	૧૬	परिरिक्तं	परिक्खित्तं
૬૮	૨૫	परिरुकेवो	परिक्खेवो
૬૮	૨૬	आयररकाणं	आयरक्खाणं
૬૯	૧૨	वीसलरका	वीसलक्खा
૬૯	૧૬	लरकाइं	लक्खाइं
૬૯	૧૭	,,	,,
૬૯	૧૮	,,	,,
૭૦	૧૨	सर्दिसिं	सदिसि
૭૧	૩	દિશમાં	દિશામાં
૭૧	૨	પશ્ચિમ	પશ્ચિમ
૭૩	૧૪	,,	,,
૭૪	૧૮	जिब्भियाइं	जिब्भियाई
૭૪	૧૮	समयवाहेण	समप्पवाहेण
૭૬	૪	कूठ	કૂટ
૭૬	૨૦	प्रनाल	પરનાળ
૭૯	૭	एघं	एवं
૮૦	૬	નિકળી	નીકળી
દરેક પાને જ્યાં જ્યાં નિકળી છે ત્યાં			નીકળી વાંચવું
૮૦	૧૪	તધા	તથા
૮૧	૧૯	૬	૧૬
૮૫	૨૯	पज्जते	पज्जंते
૯૧	૭	लरक	लक्ख
૯૪	૧૧	लरका	लक्खा
૯૫	૧૮	,,	,,
૯૭	૧૧	૨૫	૨૫૦
૧૦૦	૭	वरकारे	वक्खारे
૧૦૬	૧૯	પશ્ચિમ	પશ્ચિમ
૧૦૭	૧૧	ચમરધારી	ચામરધારી
૧૧૧	૨	ઐરાવત	ઐરવત

પાનું	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૧૧૨	૧૮	माज्झ	मज्झि
૧૧૪	૮	૩-૨	૩૬૨
૧૧૫	૨૮	ઐરાવત	ઐરવત
૧૧૭	૩	परिरिक्ख्तिा	परिक्खिता
૧૧૯	૨૪	સંળંધી	સંબંધી
,,	૨૫	,,	,,
૧૨૦	૬	હેવામાં	હોવામાં
૧૨૬	૨૨	લંભચોરસ	લંબચોરસ
૧૨૭	૧૨	विउयंता	विजयंता
૧૨૮	૨૫	उम्मग	उम्मग्ग
૧૨૮	૨૬	,,	,,
૧૩૧	૨૦-૨૧	લખે	આલેખે
૧૩૩	૫	સૂર્ષ	સૂર્ય
૧૪૩	૪	પજ્જોપમ	પલ્યોપમ
૧૪૯	૫	પાકશસ્ત્ર	પાકશાસ્ત્ર
૧૫૦	૨૧	गायाई	गयाई
૧૫૨	૧૨	સિદ્ધાંતાથી	સિદ્ધાંતોથી
૧૫૫	૩	कोठितणु	कोडितणु
૧૫૬	૨૧	वरिसेगत्तास	वरिसेगवीस
૧૫૭	૨૩	खगबीय	खगबीयं
૧૫૭	,,	वियड्ढइसु	वियड्ढाइसु
૧૬૭	૧૪	ગીજા	બીજા
૧૬૮	૧૫	मआअ	मओअ
૧૭૨	૧૩	ઉત્તમ	ઉત્તર
૧૭૩	૩	पण्णसं	पण्णास
૧૭૩	૫	પાસાંયા	પાસાયા
૧૭૪	૪	समअट्ठगुणा	समट्ठगुणा
૧૭૬	૨૬	સિહાસન	સિંહાસન
૧૭૯	૨૧	છંદ્રપ્રાસાદો	ઈંદ્રપ્રાસાદો
૧૭૯	૨૭	अट्ठगारस	अट्ठेगारस
૧૮૭	૩	છંદ્રનો	ઈંદ્રનો
૧૯૬	૫	दहसाणामा	दहसणामा
૧૯૬	૨૦	देवकरु	देवकुरु
૧૯૮	૧૫	कलाआ	कलाओ
૨૦૭	૧૯	आसर्णीण	आसणाणी
૨૦૭	૨૦	वेद्आहिं	वेइआहिं
૨૦૮	૧૫	तामिहावि	तमिहावि
૨૧૨	૨૦	पंचवीलल्यं	पणवीससय
૨૧૩	૩૨	सहस	सहस्स
૨૧૩	૩૩	आयामा	आयामो
૨૨૩	૩	आसहिपुरि	ओसहिपुरि
૨૨૩	૫	सुहा	सुभा
૨૨૩	૧૭	ચંદ્રપુરા	ચક્રપુરા
૨૨૭	૨૧	जायण	जोयण
૨૫૭	૨	૨	૪
૨૫૭	૫	૭૨	૪૨
૨૫૯	૨	गइणा	गइणो
૨૬૪	૯	घणुहव्वीस	घणुअव्वीस
૨૬૪	,,	तेहसड्ढा	तेरससड्ढा
૨૬૪	૨૭	छम्पन्न	छप्पन्न्
૨૭૪	૧૦	गुणंम्मि	गुणम्मि
૨૭૮	૭	हवे	हवइ
૨૮૫	૧૧	સમભૂનિની	સમભૂમિની
૨૮૫	૨૦	उव्वेह	उव्वेहं
૨૮૭	૨૯	दुवेल	दुवेलं
૨૯૩	૨૦	મોટામોટા	મોટીમોટી
૨૯૪	૧૪	चउमु	चउसु
૨૯૪	૨૦	गहाकाल	महाकाल
૨૯૬	૨૯	નિકળે છે	નીકળે છે
૨૯૮	૨	૪૨૦૦	૪૨૦૦૦
૨૯૯	૩	णुवेधर	णुवेलंधर
૩૦૦	૧૮	કેલસ	કૈલાસ
૩૦૩	૨	અગુણોત્તર	એગુણોત્તર
૩૦૮	૩૧	દકરે	દરેક
૩૦૯	૨	દાઢીઓ	દાઢાઓ
૩૦૮	૪	અન્તદ્વીપ	અન્તર્દ્વીપ
૩૧૩	૨૫	મણ	પણ
૩૧૩	૭	ભુવનમાં	ભવનમાં
,,	૧૧	,,	,,
૩૧૯	૧૩	ધાતકીદીપ	ધાતકીદ્વીપ

પાનું	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૩૧૯	૩૩	बहि	बहिं
,,	,,	अट्टसीह	अट्ठनीइ
,,	૨૮	मज्झ	मज्झे
૩૨૦	૭	જંબૂદ્રીપ	જંબૂદ્વીપ
૩૨૭	૧૪	૧૩૨ નક્ષત્ર	૧૧૨ નક્ષત્ર
૩૨૮	૧૫	पणसउच्चेण	पणसयुच्चेण
૩૨૮	૧૬	विभत्तो	विहत्तो
૩૩૦	૩	दपुकार	इषुकार
૩૩૦	૧૪	पश्चिम	पश्चिम
૩૩૪	૫	दसई	दस
,,	૭	,,	,,
૩૩૭	૫	શિખવિસ્તાર	શિખરવિસ્તાર
૩૩૯	૪	૧૬૮	૧૩૬
,,	૭	,,	,,
૩૪૦	૮	-યોજન	૮ યોજન
૩૪૧	૮	૮૦૦૦	૪૦૦૦
૩૪૨	૧	द्रिगुणता	द्विगुणता
૩૪૩	૩	गुणंसीइ	गुणसीइ
૩૪૩	૪	जामुत्तरं	जामुत्तर
૩૪૪	૨૦	ब्रवि	बहि
,,	,,	लरकण	लक्खण
,,	૨૧	तिलरक	तिलक्ख
૩૪૭	૮	વક્ષસ્કાસદિ	વક્ષસ્કારાદિ
૩૪૯	૨૦	चउदस	चउद
૩૪૯	૨૨	लक्खा	लक्ख
૩૪૯	૨૬	चउदस	चउद
૩૫૯	૨૨	ते	तेसु
૩૬૨	૫	विरहिआ	विरहिओ
૩૬૪	૩૨	ષણુ	પણુ
૩૬૯	૮	त्तउसुवि	चउसुवि
૩૭૦	૨૩	પુષ્કરાધમાં	પુષ્કરાર્ધમાં
૩૭૨	૨૫	धाइअ	धायइ
,,	૩૦	,,	,,
૩૭૩	૧૮	૧૬૮૪ ૨/૨૯	૧૬૮૪૨ ૨/૧૯
૩૭૫	૨	नदीआ	नदीओ
૩૭૫	૧૧	चडदस	चउदस
૩૭૬	૩	ધ્રુવાક	ધ્રુવાંક
૩૭૬	૭	આઢત્રીસ	આડત્રીસ
૩૮૧	૮	માનુષોત્ત	માનુષોત્તર
૩૮૧	૧૨	दुगा	दुग
,,	૧૩	चेह	चेव
૩૮૨	૧	વિષ્કમથી	વિષ્કંભથી
૩૮૪	૩	इअ	इग
,,	૭	मुणसत्तहि	मुणहत्तरि
૩૯૨	૧૧	જૂદા	જુદા
,,	૨૦	જિનચત્ય	જિનચૈત્ય
૩૯૪	૨	नंदीश्ररद्रीप	नंदीश्वरद्वीप
,,	૭	संखविप्पे	संखविगप्पे
૩૯૫	૮	માતુષોત્તર	માનુષોત્તર
૩૦૬	૮	અ૯ગ	અ૯પ
૪૦૦	૫	અર્ગે	અર્થે
૪૦૧	૨૦	थुमे	थुमे
,,	૧૫	छतथरा	छत्तधरा
,,	,,	जिणमिमुहं	जिणाभिमुहं
,,	૧૯	रिट्टभया	रिट्ठमया
,,	૨૪	मंडवभाइ	मंडवमाइ
૪·૨	૯	दीहवेपइ्ढे	दीहवेयइ्ढे
૪·૫	૨	साहाहि	सोहाहि
,,	૧૮	लकूखगुणा	लकूखगुणा
૪૦૭	૧૫	सोलसहस्सा	सोलससहस्सा
૪૦૮	૯	अिब्भिओ	जिब्भिओ
૪૦૮	૧૮	खित्तद्ध	खित्तद्ध
૪૨૦	૫	हरिन्चक्क	हरिचक्कि
૪૨૨	૧૦	लंडरसुणा	लंबस्सुगुणा

૧૪ રાજલોક